rya Samaj Foundation Chennai

આદિ શંકરાચાર્ય

સંપાદક : ગૌતમ પટેલ

પ્રકાશક : સંસ્કૃત સે[illegible] ...બાદ

ublic Domain. Gurukul Kangri Collec

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય

(સમગ્ર ગ્રંથાવલી)

ભાગ-૧ : સ્તોત્રો

સંપાદક : ગૌતમ પટેલ



પ્રકાશક :

સંસ્કૃત સેવા સમિતિ અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

RA
890
पटेल-आ
129354
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આદિ શંકરાચાર્ય

(સમગ્ર ગ્રંથાવલી) ભાગ-૧ : સ્તોત્રો

આદિ શંકરાચાર્યને ભારતમાં ભગવાન
કરના અવતાર તરીકે સન્માનવામાં આવે છે.
ારતની ભૂમિમાં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે જો મહાન
ભૂતિઓની ગણતરી કરવામાં આવે તો આદિ
કરાચાર્યનું નામ આદ્યસ્થાને જ આવે તેમાં કોઈ
કા નથી. આદિ શંકરાચાર્યની મહત્તા દર્શાવતા
હેવાયું છે કે તેમના સમાન સર્વવ્યાપી પ્રતિભા
રાવનાર વ્યક્તિ વારંવાર પૃથ્વી પર અવતરતી
થી. વિવેકાનંદે એમની બુદ્ધિને વિશ્વની આઠમી
જાયબી ગણાવી છે.

બુદ્ધિપ્રધાન લોકો માટે તત્ત્વજ્ઞાન હોય કે
ાગણીપ્રધાન આમ જનતા માટે સ્તોત્રો હોય,
ર્વ પ્રકારની રચનાઓમાં આદિ શંકરાચાર્યની
તિભા સમાન રીતે વિહરે છે. કોઈ પણ
ષયમાં એમની અપ્રતિહત ગતિ છે. તેમની
ચનાઓનું અધ્યયન આજે ભારતની ભૂમિમાં
દ્ધાપૂર્વક કરનારા અગણિત છે તો તેમના
ર્જનના પ્રદાનની પ્રાપ્તિ માટે જિજ્ઞાસાપૂર્વક
ધ્યયન કરનારા વિદેશી વિદ્વાનોની સંખ્યા પણ
ોછી નથી.

આદિ શંકરાચાર્યના સમગ્ર ગ્રંથોનું સંસ્કૃતમાં
કાશન થયું છે અને સંસ્કૃત જગતે તેનો ભરપૂર
ાભ ઉઠાવ્યો છે. પરંતુ અદ્યપર્યંત તેઓના સમગ્ર
થોનું સંપાદન અને અનુવાદ સાથે ગુજરાતીમાં
કાશન થયું નથી. આ ઊણપને પૂર્ણ કરવા માટે
સ્કૃત સેવા સમિતિએ સંકલ્પ કર્યો છે જેના
ળસ્વરૂપે આદિ શંકરાચાર્યની સમગ્ર
થાવલીનો પ્રથમ ભાગ- સ્તોત્રો- અહીં પ્રસિદ્ધ
વામાં આવે છે.

સંસ્કૃત ભાષા અને સાહિત્યના પ્રચાર-
સારની ઉમદા ભાવનાથી જૂનાગઢમાં દિવંગત
ી જયંતીભાઈ હિરજીભાઈ ભટ્ટે શ્રી
ોપાલકૃષ્ણ ટ્રસ્ટની સ્થાપના કરી છે. ટ્રસ્ટના
ત્યારના અધ્યક્ષ શ્રીમતી સરસ્વતીબહેન
યંતીભાઈ ભટ્ટે આ ગ્રંથાવલીના પ્રકાશન માટે
ાતબર રકમનું દાન આપ્યું છે. જેના પરિણામે
આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી ભાગ-૧ :
ોત્રો'નું પ્રકાશન સંસ્કૃત સેવા સમિતિ કરે છે.
ી આ ગ્રંથ વેચવા માટે નહિ પણ વિદ્વાનો
ને જિજ્ઞાસુઓમાં વહેંચવા માટે પ્રકાશિત કરવો
ી શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટની ભાવના અને રાહત
ાટે સંસ્કૃત સેવા સમિતિ ટ્રસ્ટીઓની જાહેરમાં
ાભાર માને છે.

- ગૌતમ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય

(સમગ્ર ગ્રંથાવલી)

ભાગ-૧ : સ્તોત્રો

पुस्तकालय
129354
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

સંપાદક : ડો. ગૌતમ પટેલ
પરામર્શક : પ્રા. જયાનંદ લ. દવે

R890,PAT-A
129354

: અનુવાદકો :
ડો. ભગવતીપ્રસાદ પંડ્યા
ડો. રમેશ બેટાઈ
પ્રા. રામપ્રસાદ સી. દવે
ડો. વસંત પરીખ
ડો. રાજેન્દ્ર નાણાવટી
ડો. હર્ષદેવ માધવ

: સંપાદન સહાય :
શ્રીમતી નીલમ પટેલ

: પ્રકાશક :

શ્રી
સંસ્કૃત સેવા સમિતિ
॥ विद्यापयीति सरस्वती नौमि नित्यम् ॥
अक्षय तृतीया - २०३९

સંસ્કૃત સેવા સમિતિ - અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Ādi Śaṅkarācārya
(12th Centenary Commemoration Volume)

●

© સંપાદક

RA
890
पटेल-आ

●

: સંપાદક :
ડૉ. ગૌતમ પટેલ

●

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯
(સૌજન્ય : શ્રી ગોપાકૃષ્ણ ટ્રસ્ટ, જૂનાગઢ)
પ્રત : ૧૦૦૦
મૂલ્ય : અમૂલ્ય : પ્રેમપૂર્વક પઠન

●

: મુદ્રક :
ગુજરાત ઑફસેટ
વટવા, અમદાવાદ.

: પ્રકાશક (પુનર્મુદ્રણ) :
સંસ્કૃત સેવા સમિતિ
'વાલમ', એલ-૧૧૧, સ્વાતંત્ર્ય સેનાની નગર,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૭૬૨૧૬૧૦

●

પુનર્મુદ્રણ : પ્રત : ૨૫૦
મૂલ્ય : રૂ. ૩૦૦-૦૦

●

આવરણ : શ્રી રજની વ્યાસ

●

: મુદ્રાસંયોજન :
પ્રમા દવે
પ્રતિકૃતિ
૭, શ્યામ ઍપાર્ટમેન્ટ્સ, વિશ્રામનગરની પાછળ,
ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨.
ફોન : (૦૭૯) ૭૪૮૭૬૧૮



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ

જૂનાગઢ



સ્વ. શ્રી જયંતિલાલ હીરજી ભટ્ટ
(તા. ૧૬-૮-૧૯૧૮ થી ૨૪-૧૨-૧૯૯૩)

શ્રીમતી સરસ્વતીબહેન જ. ભટ્ટ
(તા. ૧૩-૮-૧૯૨૧ થી ૬-૨-૨૦૦૨)

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।।

શ્રીમદ્ ભગવદ્ગીતા ૪-૩૮

નથી આ જગમાં અન્ય, પવિત્ર જ્ઞાનના સમું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકીય

આદિ શંકરાચાર્ય એ ભારતભૂમિમાં ઈતિહાસની આરસીમાં સ્પષ્ટ રીતે પ્રતિબિમ્બિત થનાર મહાનુભાવોની યાદીમાં પ્રથમ પંક્તિમાં સ્થાન પામનાર લોકપ્રિય વિભૂતિ છે. એમનાં નામ અને કામ એવાં તો અદ્દભુત છે કે એમને ભગવાન શંકરનો અવતાર માનવામાં આવ્યા. ભારતમાં જ કેમ ? જો વિશ્વના દસ મહાન મહાનુભાવોના નામ લેવામાં આવે તો તેમાંના પ્રથમ પાંચમાં એ સ્થાન પામે. વળી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ભારત અને ભારત બહાર જેના નામનો ડંકો વાગે છે તેવા મહાપુરુષોમાં તો તેમનું સ્થાન સહુ પ્રથમ જ આવે.

વેદાન્ત એ ભારતનું સુપ્રસિદ્ધ દર્શન કહેવાય અને તેમાંય કેવલાદ્વૈત વેદાન્ત(Absolute Monism)ના તેઓ પુરસ્કર્તા મનાયા છે. સામાન્ય મનુષ્યોમાં તો વેદાન્ત એટલે શંકરાચાર્ય એવું સમીકરણ થઈ ગયું છે. સુપ્રસિદ્ધ વિદેશી વિદ્વાન પૉલ ડોયસને તો સ્પષ્ટ કહેલું કે ભારતમાં પોતાને વેદાન્તી તરીકે ઓળખાવનારાઓમાં ૮૫% શંકરાચાર્યના મતના છે જ્યારે બાકીના ૧૫%માંથી રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, વલ્લભ વગેરેએ વહેંચી લેવાના છે.

આવા જગદ્દગુરુ આદિ શંકરાચાર્યની ૧૨મી શતાબ્દીની ઉજવણી ભારત સરકારે કરી તે નિમિત્તે ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી વિશ્વભરમાંથી નિબંધો એકત્ર કરીને Ādi Śaṅkarācārya નામનો ગ્રંથ અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવ્યો જેના સંપાદનનું કાર્ય મને સોંપવામાં આવ્યું હતું. આ ગ્રંથના પ્રકાશનમાં સર્વશ્રી પી. કે. લહેરી (અધિક મુખ્ય સચિવ) અને શ્રી કિરીટભાઈ શેલતે (માહિતી નિયામક) આરંભથી રસ લીધો હતો.

અંગ્રેજી ગ્રંથ વાંચીને પ્રસન્ન થયેલા આજના રાજ્યસભાના સદસ્ય અને તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડના અધ્યક્ષ માનનીયશ્રી બ્રહ્મકુમારભાઈ ભટ્ટ પ્રભાવિત થયા. તેઓશ્રી અને તેઓશ્રીનો સમગ્ર પરિવાર શંકરાચાર્યમય છે. તેઓએ અંગ્રેજી ગ્રંથની ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત કરવાનું સૂચન કર્યું અને યોગ્ય સહાય અપાવી જેના પરિણામે સંસ્કૃત સેવા સમિતિએ આદિ શંકરાચાર્ય (સંપાદકો ડૉ. ગૌતમ પટેલ અને ડૉ. ઊર્મિ સમીર શાહ) પ્રગટ કર્યું. આ પછી સેવા સમિતિના અધ્યક્ષ તરીકે મને આદિ શંકરાચાર્યના સઘળા ગ્રંથો મૂળ સાથે ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવાની મનીષા થઈ અને પ્રભુકૃપાથી જૂનાગઢના શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટના અધ્યક્ષા શ્રીમતી સરસ્વતીબહેન જયંતીભાઈ ભટ્ટને વિનંતી કરી. તેઓશ્રીએ તેમના ટ્રસ્ટની મિટીંગમાં મને ઉપસ્થિત રહેવાની સગવડ કરી આપી અને ચર્ચા વિચારણાને અંતે આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલીના પહેલા ભાગ તરીકે આદિ શંકરાચાર્યના સ્તોત્રો પ્રકાશિત કરવા માટે ઉપર્યુક્ત ટ્રસ્ટના વિદ્વાન ટ્રસ્ટીઓ દ્વારા લીલી ઝંડી મળી. પરિણામે આ ગ્રંથ સાકાર થયો. હું સહુથી પ્રથમ પૂજ્ય સરસ્વતીબહેનનો અને તેમના સમગ્ર ટ્રસ્ટી મંડળનો હૃદયથી આભાર માનું છું.

શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ ગુજરાતમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યની સેવા કરનાર ટ્રસ્ટોમાં સહુથી પ્રથમ હરોળમાં પ્રથમ સ્થાને સોહાય છે તે વાત અહીં આપેલા ડૉ. મિહિરભાઈ જોષીના ટ્રસ્ટના પરિચયના લેખ પરથી સહજમાં સમજાઈ જશે. આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ક્રાન્તદૃષ્ટિ મને સ્પર્શી ગઈ છે. તેઓએ આ ગ્રંથને વિદ્વાનો, સજ્જનો અને સંસ્થાઓને સંપૂર્ણપણે વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે. આ રીતે આ ટ્રસ્ટ અને તેના ટ્રસ્ટીઓ ધન્યવાદને પાત્ર છે કારણ સંસ્કૃત સેવા સમિતિના નામમાં રહેલ સંસ્કૃતની સેવા આનાથી વધુ સારી રીતે થઈ શકશે.

ગ્રંથની તૈયારી માટે સર્વશ્રી પ્રા. જયાનંદભાઈ દવે, ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા, ડૉ. રમેશ બેટાઈ, પ્રા. રામપ્રસાદ દવે, ડૉ. વસંત પરીખ, ડૉ. રાજેન્દ્ર નાણાવટી, ડૉ. હર્ષદેવ માધવ અને શ્રીમતી નીલમ પટેલની સેવાઓ લેવામાં આવી છે. તેમાં સતત રાતદિવસના પરિશ્રમથી આ ગ્રંથને શક્ય તેટલો સર્વાંગસુંદર બનાવવા માટે પરિશ્રમ કરનાર પ્રા. જયાનંદભાઈ દવેની પરામર્શક તરીકેની સેવાની હું સવિશેષ નોંધ લઉં છું અને તેમનો હૃદયથી આભાર માનું છું. તેઓ નાનામાં નાની બાબતની પણ મોટામાં મોટી ચિંતા સેવનારા વિદ્વાન છે. પરિણામે જે સિદ્ધિ મળે તે નાનીસૂની ન હોય તે સમજી શકાય તેમ છે. પ્રા. રવિન્દ્ર ખાંડવાળા તથા ચિ. પ્રા. ડૉ. જાગૃતિ પટેલના સહકારની સહર્ષ નોંધ લઉં છું.

અંતે પ્રકાશનમાં સ્નેહપૂર્વક સાથ આપનાર શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી સરસ્વતીબહેન અને ટ્રસ્ટીઓ તથા સહુ વિદ્વાનોનો હૃદયથી આભાર માનું છું અને આશા રાખું છું કે સરસ્વતીબહેનના વરદ હસ્તથી આરંભાયેલી આ ''આદિ શંકરાચાર્ય : સમગ્ર ગ્રંથાવલી'' જેમાં આવા ૧૨ ગ્રંથોના પ્રકાશનની ક્ષમતા છે તે વહેલામાં વહેલી તકે પૂર્ણ થશે. શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટનો સુંદર વિસ્તૃત પરિચય આપવા બદલ પ્રો. ડૉ. મિહિર જોષીનો અને શ્રી સ્વ. શ્રી પ્રભુલાલ દ્વિવેદીનો પરિચય લખી આપવા બદલ શ્રી વિનયકાન્ત દ્વિવેદીનો આભાર માનું છું. વળી સુંદર મુદ્રણકાર્ય કરી આપવા બદલ પ્રતિકૃતિના શ્રી મિલિન્દ દવે તથા શ્રી નૌશિલ શાહનો પણ હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

અંતમાં પરમકૃપાળુ પરમેશ્વર અને કરુણાવરુણાલય સદ્દગુરુને પ્રાર્થીને વિરમું છું કે સહુની શુભકામનાઓ એ પૂર્ણ કરે અને એ શુભ કામનો આરંભ સંસ્કૃત સેવા સમિતિની શુભ કામનાની પૂર્તિથી કરે.

- ડૉ. ગૌતમ પટેલ
પ્રમુખ
સંસ્કૃત સેવા સમિતિ

ચૈત્ર સુદ એકમ, ગુડી પડવો
ગુરુવાર, તા. ૧૮-૩-૧૯૯૯
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ अनुक्रमणिका ॥

• સ્વ. શ્રી જયંતિલાલ હીરજીભાઈ ભટ્ટ : પરિચય	ડૉ. મિહિરકુમાર જ. જોષી	૧
• સ્વ.શ્રી જયંતિલાલ ભટ્ટે રચેલાં ટ્રસ્ટો	ડૉ. મિહિરકુમાર જ. જોષી	૭
• ટ્રસ્ટોના પરિચયકારનો પરિચય	ડૉ. મિહિરકુમાર જ. જોષી	૧૦
• "જગદ્‌ગુરુ શંકરાચાર્ય" : સ્વ.પ્રભુલાલ દ્વિવેદીનું ઉત્તમ કોટિનું એક નાટ્યસર્જન	શ્રી વિનયકાંત પ્ર. દ્વિવેદી	૧૦
• મહામાનવ : આદિ શંકરાચાર્ય	શ્રીમતી નીલમ પટેલ	૧૪
• श्रीगणेशस्य प्रातःस्मरणम्	डॉ. गौतम पटेल	१
• प्रातःस्मरणस्तोत्रम्	डॉ. गौतम पटेल	२
• श्रीदेव्याः प्रातःस्मरणम्	डॉ. गौतम पटेल	३
• श्रीविष्णोः प्रातःस्मरणम्	डॉ. गौतम पटेल	४
• श्रीशिवस्य प्रातःस्मरणम्	डॉ. गौतम पटेल	५
• श्रीसूर्यस्य प्रातःस्मरणम्	डॉ. गौतम पटेल	७
• मनीषापञ्चकम्	डॉ. गौतम पटेल	८
• श्रीशिवमानसपूजा	डॉ. गौतम पटेल	१०
• शिवपञ्चाक्षरस्तोत्रम्	प्रा. आर. सी. दवे	१२
• काशीपञ्चकम्	डॉ. गौतम पटेल	१४
• मीनाक्षीपञ्चरत्नम्	डॉ. गौतम पटेल	१५
• लक्ष्मीनृसिंहपञ्चरत्नम्	डॉ. वसंत परीख	१७
• कौपीनपञ्चकम्	डॉ. गौतम पटेल	१९
• गणेशपञ्चरत्नम्	आचार्य जयानंद दवे	२०
• श्रीरामस्य प्रातःस्मरणम्	डॉ. गौतम पटेल	२३
• हनुमतपञ्चरत्नम्	डॉ. वसंत परीख	२५
• ललितापञ्चरत्नम्	डॉ. वसंत परीख	२७
• साधनपञ्चकम्	डॉ. गौतम पटेल	२९
• निर्वाणषट्कम्	डॉ. गौतम पटेल	३१
• षट्पदीस्तोत्रम्	डॉ. गौतम पटेल	३२
• श्रीकृष्णाष्टकम्	डॉ. वसंत परीख	३४
• जगन्नाथाष्टकम्	डॉ. गौतम पटेल	३७
• त्रिपुरसुन्दर्यष्टकम्	डॉ. हर्षदेव माधव	३९
• मीनाक्षीस्तोत्रम्	डॉ. गौतम पटेल	४२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

● भवान्यष्टकम्	डॉ. गौतम पटेल	४४
● यमुनाष्टकम् - १	डॉ. राजेन्द्र नाणावटी	४६
● गणेशभुजङ्गम्	आचार्य जयानंद दवे	४९
● शिवाष्टकम्	डॉ. गौतम पटेल	५१
● शिवनामावल्यष्टकम्	प्रा. आर. सी. दवे	५४
● अच्युताष्टकम्	डॉ. वसंत परीख	५६
● कृष्णाष्टकम्	डॉ. गौतम पटेल	५८
● गोविन्दाष्टकम्	डॉ. गौतम पटेल	६१
● पाण्डुरङ्गाष्टकम्	डॉ. वसंत परीख	६४
● अर्धनारीश्वरस्तोत्रम्	डॉ. राजेन्द्र नाणावटी	६७
● गुर्वष्टकम्	डॉ. गौतम पटेल	६९
● कालभैरवाष्टकम्	डॉ. गौतम पटेल	७१
● गङ्गाष्टकम्	डॉ. गौतम पटेल	७३
● यमुनाष्टकम् - २	डॉ. राजेन्द्र नाणावटी	७६
● नर्मदाष्टकम्	डॉ. राजेन्द्र नाणावटी	७९
● मणिकर्णिकाष्टकम्	डॉ. गौतम पटेल	८१
● परापूजा	डॉ. गौतम पटेल	८४
● श्रीदक्षिणामूर्त्यष्टकम्	डॉ. गौतम पटेल	८६
● नवरत्नमालिका	डॉ. वसंत परीख	८९
● भगवन्मानसपूजा	डॉ. गौतम पटेल	९३
● दशश्लोकीस्तुतिः	डॉ. रमेश बेटाई	९६
● धन्याष्टकम्	डॉ. गौतम पटेल	९९
● वेदसारशिवस्तोत्रम्	डॉ. रमेश बेटाई	१०२
● गौरीदशकम्	डॉ. वसंत परीख	१०५
● देव्यपराधक्षमापनस्तोत्रम्	डॉ. गौतम पटेल	१०८
● अन्नपूर्णाष्टकम्	डॉ. गौतम पटेल	१११
● उमामहेश्वरस्तोत्रम्	प्रा. आर. सी. दवे	११४
● श्रीगङ्गास्तोत्रम्	डॉ. गौतम पटेल	११७
● श्रीविष्णुभुजंगप्रयातस्तोत्रम्	डॉ. वसंत परीख	१२०
● श्रीशिवभुजङ्गप्रयातस्तोत्रम्	डॉ. गौतम पटेल	१२३
● शिवापराधक्षमापनस्तोत्रम्	डॉ. रमेश बेटाई	१२७
● कल्याणवृष्टिस्तवः	डॉ. वसंत परीख	१३२
● भवानीभुजङ्गम्	डॉ. वसंत परीख	१३६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• मन्त्रमातृकापुष्पमालास्तवः	डॉ. वसंत परीख	१४०
• लक्ष्मीनृसिंहकरुणारसस्तोत्रम्	डॉ. वसंत परीख	१४५
• कनकधारास्तोत्रम्	डॉ. हर्षदेव माधव	१५०
• दक्षिणामूर्तिस्तोत्रम्	डॉ. गौतम पटेल	१५४
• आनन्दलहरी	प्रा. आर. सी. दवे	१५८
• दक्षिणामूर्तिवर्णमालास्तोत्रम्	डॉ. रमेश बेटाई	१६३
• देवीभुजङ्गस्तोत्रम्	प्रा. आर. सी. दवे	१६९
• श्रीरामभुजङ्गप्रयातस्तोत्रम्	डॉ. वसंत परीख	१७५
• मोहमुद्गरः	डॉ. गौतम पटेल	१८२
• हरिस्तुतिः	डॉ. गौतम पटेल	१८८
• श्रीमृत्युजंयमानसिकपूजास्तोत्रम्	प्रा. आर. सी. दवे	१९९
• सुवर्णमालास्तुतिः	डॉ. रमेश बेटाई	२०८
• विष्णुपादादिकेशान्तस्तोत्रम्	डॉ. वसंत परीख	२१७
• देवीचतुःषष्ट्युपचारपूजास्तोत्रम्	डॉ. हर्षदेव माधव	२३४
• शिवानन्दलहरी	आचार्य जयानंद दवे	२४९
• सौन्दर्यलहरी	प्रा. आर. सी. दवे	२७४
• त्रिपुरसुन्दरीवेदपादस्तोत्रम्	डॉ. हर्षदेव माधव	३०१
• श्लोकानुक्रमणिका		३२१



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. શ્રી જયંતિલાલ હીરજીભાઈ ભટ્ટ : પરિચય

- ડૉ. મિહિરકુમાર જ. જોષી

સ્વ. શ્રી જયંતિલાલ હીરજીભાઈ ભટ્ટનો જન્મ ૧૬મી ઓગસ્ટ ૧૯૧૮ના રોજ સૌરાષ્ટ્રના એક નાનકડા ગામડામાં (ભેડાના પીપળીયા, જેતપૂર પાસે) એક ગરીબ પરંતુ સંસ્કારી બ્રાહ્મણ પરિવારમાં માતા મણિબેનની કૂખે થયો હતો. પિતાશ્રી હીરજીભાઈ જાદવજીભાઈ ભટ્ટ ગામડામાં પોલીસ-પટેલ હતા. તે વખતે હીરજીભાઈને માસિક રૂ.૧૦/-નું વેતન મળતું હતું, પરંતુ આટલી અલ્પ આવકમાં તેમણે ચાર પુત્રીઓ અને બે પુત્રો ધરાવતા પરિવારનું પેટ ભરવાનું હતું.

બાળપણથી જ જયંતિભાઈ અતિ તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. તેમની સમજ-શક્તિ અદ્‌ભુત હતી. તેઓના પિતાશ્રીના ધ્યાન ઉપર આ બાબત આવી અને બાળકોના અભ્યાસ માટે ગામડાની નોકરી છોડીને જૂનાગઢમાં આવીને વસ્યા. આ સમયે પોતાની આર્થિક સ્થિતિ અનુસાર હીરજીભાઈ વિશાળ મકાન ભાડે લઈ શકે તેમ નહોતા, એટલે રૂ.૧/-ના માસિક ભાડાવાળા એક ઓરડામાં સમગ્ર પરિવાર રહેવા લાગ્યો. હીરજીભાઈ પોતે વધારે ભણેલ ન હોવાથી છાત્રાલયોમાં રસોઈયા તરીકે નોકરી કરવા લાગ્યા અને પોતાના જ્યેષ્ઠ પુત્ર જયંતિલાલને અભ્યાસ માટે શાળામાં દાખલ કર્યા. આ જ સમયમાં બહેનોનાં લગ્ન થયાં, પરંતુ પરિવારની તકલીફો હળવી થઈ નહીં. મોટી એક બહેન પ્રસૂતિ બાદ માનસિક રીતે અસ્વસ્થ થતાં, તેના બાળક સાથે પિતાને ત્યાં આવી અને અન્ય એક બહેન વિધવા થતાં, તે પણ પોતાનાં બાળકો સાથે પિતાને ઘેર આવી. આમ, તે કપરા દિવસોમાં કુટુંબની ૧૫-૧૬ વ્યક્તિઓ એક જ છાપરા નીચે રહેતી હતી.

સતત આશરે છ વર્ષ સુધી રસોઈનું કામ કરતાં હીરજીભાઈની આંખોમાં ઝાંખપ આવવા લાગી. તે વખતે જયંતિભાઈ હજુ મેટ્રિક પણ પાસ થયા નહોતા. આમ છતાં તેમણે હિંમતથી પિતાજીને રસોઈનું કામ છોડવા સમજાવ્યા, અને તેમને ફરીથી પોલીસ-પટેલની ગામડાની નોકરી શરૂ કરાવી. આ સમયે પરિવારની આર્થિક કટોકટી હળવી કરવા શ્રી જયંતિભાઈ વિદ્યાભ્યાસની સાથે ખાનગી ટ્યુશનો કરીને થોડું-ઘણું કમાઈ લેતા. આમ છતાં તેઓ પરીક્ષામાં હંમેશાં પ્રથમ ક્રમે જ પાસ થતા. ૧૯૩૬માં તેઓ મેટ્રિક પાસ થયા, ત્યારબાદ જૂનાગઢની વિખ્યાત બહાઉદ્દીન કોલેજમાં જોડાયા. કોલેજકાળમાં પણ પોતાના પરિવારને મદદરૂપ થવા ટ્યુશનો ચાલુ રાખ્યાં. ૧૯૪૦માં તેઓ બી.એ. (ઓનર્સ) ગણિતશાસ્ત્ર સાથે પાસ થયા. તે વખતે જૂનાગઢની અનેક હાઈસ્કૂલોમાં શિક્ષકની નોકરી અંગે ઘણા પ્રસ્તાવો આવવા લાગ્યા, પરંતુ તેમનાં સાહસિક સ્વભાવ, આગળ વધવાની તમન્ના તથા વધુ વિદ્યાભ્યાસની અભિલાષાએ તેમને તે સ્વીકારતાં રોક્યા. તેઓ સંબંધીઓ તથા મિત્રો પાસેથી થોડી લોન લઈને આગળ અભ્યાસ માટે અમદાવાદ તથા પૂણે તરફ ચાલી નીકળ્યા.

આ સમય દરમ્યાન તેમની સગાઈ જૂનાગઢના એક ખાનદાન પરિવારના શ્રી મગનલાલ ચકુશંકર જોષીની નાની પુત્રી સરસ્વતીબહેન સાથે થઈ. સરસ્વતીબહેનથી મોટા ભાઈ ડૉ. વેણીશંકર સરકારી દવાખાનામાં ડોક્ટર હતા અને મોટાં બહેન શાંતાબહેન લગ્ન પછી જાપાનમાં સ્થાયી થયાં હતાં. સરસ્વતીબહેનના એક અન્ય મોટા ભાઈ મનહરલાલ પૂણેમાં વિદ્યાભ્યાસ કરતા હતા. શ્રી જયંતિભાઈ તથા શ્રી મનહરલાલ થોડો સમય પૂણેમાં અભ્યાસ દરમ્યાન સાથે રહ્યા હતા. સરસ્વતીબહેનથી નાના જનકરાય ત્યારે અભ્યાસ કરતા હતા. ૧૯૪૧ના ડીસેમ્બર માસમાં શ્રી જયંતિલાલભાઈનાં લગ્ન સરસ્વતીબહેન સાથે થયાં. સરસ્વતીબહેન અભ્યાસની દૃષ્ટિએ બહુ ભણેલાં નહોતાં, પરંતુ તેઓ ઊંડી સમજ ધરાવતાં હતાં. તેઓએ લગ્ન બાદ પતિના વિચારો સાથે એકરૂપતા સાધીને પોતાનાં બધાં ભોગ તથા બલિદાનો પતિનાં કાર્યને સિદ્ધ કરવા માટે આપ્યાં.

આ દરમ્યાન, શ્રી જયંતિભાઈએ એમ.એ.નો અને ૧૯૪૩માં એલએલ.બી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. કુદરતના અદ્‌ભુત સંકેતથી જયંતિભાઈને મુંબઈની એક વિખ્યાત આવકવેરાની સલાહ આપતી કંપનીમાં જોડાવાનો પ્રસ્તાવ મળ્યો. તેમણે તે સહર્ષ સ્વીકાર્યો. સતત ચાર વર્ષ સુધી ત્યાં ખંતપૂર્વક કાર્ય કર્યું અને બરાબર ૩૦ વર્ષની વયે પોતાનો આવકવેરા સલાહકારનો સ્વતંત્ર વ્યવસાય તા. ૧-૪-૧૯૪૯થી શરૂ કર્યો. પોતાના વ્યાવસાયિક જ્ઞાન તથા પરિશ્રમના કારણે પ્રગતિ કરતા ગયા અને સારી એવી કમાણી પણ કરતા ગયા, આમ છતાં તેમની જીવનશૈલી અત્યંત સાદી રહી હતી.

એક વખત તેઓ મુંબઈમાં આવકવેરાની કચેરીમાં પોતાના અસીલને લઈને કોઈ કેઈસ બાબત ગયા. પોતે તેમના સામાન્ય ધોતી-કુર્તાના ખાદીના પોશાકમાં પરિધાન થયેલ અને તેમના અસીલ સૂટ-ટાઈ પહેરીને આવેલ. જેવા જયંતિભાઈ કોઈ દક્ષિણ ભારતીય અધિકારી સમક્ષ કેઈસની દલીલ કરવા ઉપસ્થિત થયા કે અધિકારીએ અંગ્રેજીમાં કહ્યું કે, "શ્રીમાન, તમારા વકીલને બોલવા દો." આ સમયે સૂટ-ટાઈમાં સજ્જ થયેલ અસીલને એમ લાગ્યું કે અધિકારી કંઈ ગેરસમજ કરી રહ્યા છે, એટલે ઊભા થઈને કહ્યું, "માફ કરજો સાહેબ, આ જ મારા વકીલ છે અને હું અસીલ છું !" ત્યારબાદ જયંતિભાઈની તર્કબદ્ધ દલીલો સાંભળીને અધિકારી ખૂબ જ પ્રભાવિત થયા અને પોતે ઓળખવામાં કરેલ ભૂલ બદલ ક્ષમા માગી અને કહ્યું કે પોતે આવા સાદગીપૂર્ણ વકીલ ક્યારેય જોયા નથી !! જયંતિભાઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર ૨૦ વર્ષ સુધી મુંબઈમાં વકીલાત કરી. આ દરમ્યાન, તેમને તેમના જેવી જ વિચારસરણી ધરાવતા અન્ય વકીલ શ્રી મથુરાદાસ વણઝારાની મૈત્રીની હૂંફ સતત મળતી રહી. આ સમય દરમ્યાન નાનાભાઈ શ્રી ગિરજાશંકરને ભણાવીને જીવનમાં સ્વાશ્રયી બનાવ્યા અને પરિવારના અન્ય સભ્યોને મદદ કરી.

મનુસ્મૃતિની આજ્ઞા પ્રમાણે બરાબર ૫૦મા વર્ષે મુંબઈની ધીકતી કમાણી છોડીને તેઓએ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને પોતાના વતન જૂનાગઢ ભણી જયંતિભાઈએ પ્રયાણ કર્યું. જૂનાગઢ આવીને ત્યાંના ગાંધીગ્રામ વિસ્તારમાં પોતાનું અગાઉ મકાન બંધાવેલું, તેમાં રહેવું શરૂ કર્યું. પોતાની જીવનશૈલી અત્યંત સાદી હતી. તેમણે ઘરમાં સોફા-સેટ, ડાઈનીંગ ટેબલ, ફ્રીજ, ટેલિવિઝન, પંખા વગેરે વસાવ્યાં નહોતાં. પરંતુ પોતાના ઘરના વિશાળ ફળિયામાં સુંદર બગીચો બનાવ્યો હતો. ફૂલોના થોડા છોડો અને ફળોનાં વૃક્ષો વાવ્યાં હતાં. બગીચામાં દરરોજ પાણી પાવાનું, તેમ જ ખોદકામ કરવાનું તથા નિયમિત પક્ષીઓને ચણ નાખવાનાં કામ પોતે જાતે જ કરતા. તેમના ઘરની આસપાસ મોટાં ઘટાદાર પીપળનાં વૃક્ષો આવેલ છે, જે સમગ્ર વાતાવરણને નયનરમ્ય તથા સાત્ત્વિક બનાવે છે. આજે પણ જયંતિભાઈના ગાંધીગ્રામમાં આવેલ ઘર ''મણિભુવન''ને આસપાસના રહેવાસીઓ પ્રેમથી ''જયંતિદાદાના આશ્રમ'' તરીકે ઓળખે છે.

જયંતિભાઈ હંમેશાં પગપાળા જવાનું વધારે પસંદ કરતા. જ્યારે લાંબે અંતરે જવું હોય ત્યારે જનપરિવહનનાં સાધનો એટલે કે ટ્રેઈન કે બસમાં જ મુસાફરી કરવાનો આગ્રહ રાખતા અને તે પણ બીજા વર્ગની મુસાફરીમાં વધારે પ્રસન્નતા અનુભવતા. તેમને ક્યારેય ચાહ-કોફી કે પાન-તમાકુનું વ્યસન ન હતું, પરંતુ તેઓ તેને નફરત કરતા હતા. ભોજનની અંદર પણ તેઓ ખૂબ સાદગી રાખતા. તેઓ સાદા તથા સાત્ત્વિક ભોજનના આગ્રહી હતા. ભોજનમાં ઘણો સમય ત્રણ વસ્તુઓ જ લેતા. તેમને શાસ્ત્રીય સંગીતનો શોખ હતો. મુંબઈમાં સરસ્વતીબહેન સાથે ઘણાં સંગીત સંમેલનોમાં તેઓ હાજરી આપતા હતા. તેમણે પોતે સરસ્વતીબહેનને શાસ્ત્રીય સંગીતની સમજ આપી. પ્રસિદ્ધ નાટ્યકાર સ્વ. કવિશ્રી પ્રભુલાલ દ્વિવેદી સરસ્વતીબહેનના મામા થતા, એટલે ક્યારેક તેમની ભાંગવાડીમાં મુલાકાત લેતા અને નાટ્યશાસ્ત્ર અને સાહિત્યની ચર્ચાઓ કરતા. જયંતિભાઈને પ્રભુમાં અનન્ય શ્રદ્ધા હતી, પરંતુ તેઓની પ્રાર્થનાનો પ્રકાર અનેરો હતો. તેઓ ક્યારેય પરંપરાગત રીતે ભગવાનની પૂજા તથા આરતી વગેરે કરવામાં જડતાપૂર્વક માનતા નહિં, ક્યારેય તેમણે ખાસ તીર્થાટન જવાની કે ખાસ મંદિરે દર્શન કરવા જવાની ઈચ્છા વ્યક્ત કરી નહોતી. તેઓ દેવદર્શન કરવાના વિરોધી પણ નહોતા. નિષ્ઠાથી કામ કરવું, સમાજની સેવા કરવી, દુઃખી તેમજ જરૂરિયાતમંદોને સહાયતા આપવી, તેને જ તેઓ શ્રેષ્ઠ પૂજા માનતા અને તેથી તેઓ એક પ્રકારના કર્મયોગી હતા, તેમ કહી શકાય.

જૂનાગઢમાં તેમના નિવૃત્ત જીવન દરમ્યાન પણ તેમણે પ્રવૃત્તિઓ ચાલુ રાખી. અભ્યાસની દૃષ્ટિએ જયંતિભાઈ ગણિતશાસ્ત્રી હતા, વ્યવસાયે વકીલ હતા અને અભિરુચિની દૃષ્ટિએ સંસ્કૃતના અનુરાગી હતા. જયંતિભાઈએ સંસ્કૃતના પ્રાચીન ગ્રંથો, જેવા કે વ્યાસજીના મૂળ સંસ્કૃત ભાષામાં મહાભારત, વેદો, હરિવંશ, વાલ્મીકિ રામાયણ, શ્રીમદ્‌ભાગવત, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, બ્રાહ્મણગ્રંથો, તથા મનુસ્મૃતિ સર્વેનો મૂળ સંસ્કૃત ભાષામાં અભ્યાસ કર્યો. જયંતિભાઈ માનતા કે વિશ્વમાં ભારત જ એક એવો વિશાળ દેશ છે કે જેમાં અનેક ભાષાઓ બોલાતી હોવા છતાં બધા લોકોની નીતિ, ધર્મ, વ્યવહાર, કર્મકાંડ, લગ્ન વગેરે રીત-રસમો સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. ભારતના કોઈ પણ ખૂણે જઈએ તો લગ્નની શાસ્ત્રોક્ત વિધિ એક સમાન છે અને તે સંસ્કૃતમાં છે, જ્યારે રીત-રિવાજો સ્થાનિક અસર અનુસાર થોડા ભિન્ન રહે છે. ભારતના કોઈપણ ભાગના કોઈ પણ ગામડાં કે શહેરોમાં વસતો માનવી આજે પણ કાલિદાસ, વ્યાસજી, શંકરાચાર્ય તથા અન્ય આચાર્યો અને સંતોને પોતિકા જ ગણે છે. તેમના ઉપદેશો અને ગ્રંથોમાંથી જીવનની બધી પ્રેરણાઓ પ્રાપ્ત કરે છે અને તે મુજબ જીવન વ્યતીત કરવા પ્રયાસ કરે છે. ભારતની માતાઓ પણ પોતાનાં બાળકોને બાળવાર્તાઓ દ્વારા આ મહાપુરુષો તથા આચાર્યોના ઉપદેશોનું સિંચન કરે છે. જયંતિભાઈ માનતા કે આવું વિશ્વના ભાગ્યે જ કોઈ રાષ્ટ્રમાં બનતું હશે અને આમ સંસ્કૃત ભાષા બધાને એક સૂત્રે બાંધી રાખે છે, જેથી રાષ્ટ્રની એકતા તથા અખંડિતતાને ઊની આંચ આવવાની નથી.

જયંતિભાઈની સૌથી મોટી સિદ્ધિ મહર્ષિ પાણિનિના આઠ અધ્યાયવાળા વ્યાકરણના કઠીન સૂત્રોનો અભ્યાસ કરીને તેનો ગુજરાતીમાં સટીક અનુવાદ કરવાની છે. આશરે ૨૬૦૦ વર્ષ પૂર્વે લખાયેલા પાણિનિનાં આ સૂત્રો અંગે સંસ્કૃતના જર્મન વિદ્વાન પ્રોફેસર બ્લૂમફીલ્ડ જણાવે છે કે, ''Ashtadhyayi of Panini is the greatest memorial to the human intelligence.'' જયંતિભાઈ માનતા હતા કે આધુનિક સંસ્કૃતનાં શિક્ષણ માટેના કોઈપણ સારા પુસ્તકમાં દરેક પ્રકરણ સમજાવ્યા બાદ તેને લાગુ પડતાં પાણિનિનાં સૂત્રો છાપવાં, જેની મદદથી મોટા ભાગનાં પ્રકરણોના વિષયો માત્ર થોડી પંક્તિઓનાં સૂત્રોની મદદથી વિદ્યાર્થીને કાયમી ધોરણે યાદ રહી શકે તેમ સમજાવી શકાય છે. શ્રી જયંતિભાઈની ઈચ્છા પાણિનિના 'અષ્ટાધ્યાયી'ને પ્રકાશિત કરવાની હતી, પરંતુ તે પરિપૂર્ણ થાય તે પહેલાં તેમનો સ્વર્ગવાસ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલમાં ચલાલાના ડૉ. કિશોરચંદ્ર પાઠક આ ગ્રંથનું સંપાદન કરી રહ્યા છે અને આશરે ૭૦૦ પાનાંના ત્રણ ખંડોના રૂપમાં ટૂંક સમયમાં તે પ્રકાશિત થશે. રાજકોટના શ્રી જયાનંદભાઈ દવેના તથા મહામહોપાધ્યાય ડૉ. અરૂણોદય જાનીના સૂચનથી તેઓનો સંપર્ક કર્યો અને તેમણે પણ સ્વ. જયંતિભાઈના આ કાર્યની ખૂબ પ્રશંસા કરી છે.

૧૯૮૦ ના દાયકાની શરૂઆતમાં જૂનાગઢ જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ અને વંથલી, શાપૂર તેમ જ અનેક ગામોમાં પૂરનાં પાણી ફરી વળ્યાં. આ સમયે જયંતિભાઈ સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ હતા. તેમણે જૂનાગઢમાંથી રૂ.૧ લાખ તથા રાજકોટમાંથી રૂ.૧ લાખ ફંડ-ફાળા દ્વારા એકઠા કર્યા અને તેનાં વિતરણ માટે નાનાં નાનાં ગામડાંઓમાં કાદવ-કીચડ વચ્ચે ચાલતાં-ચાલતાં જઈને, ઘરે ઘરે ફરીને, જાન-માલની નુકશાનીનો પોતાની જાતે ક્યાસ કાઢીને બ્રહ્મસમાજના પરિવારોને સહાય કરી. તેવી જ રીતે દુષ્કાળના કપરા દિવસોમાં પાણી માટે ટળવળતાં લોકો તેમ જ ઘાસચારા માટે હિજરત કરતાં પશુધનને જોઈને તેમના હૃદયમાં ગ્લાનિ થતી. આ સમયે રેશનકાર્ડના આધારે ગરીબ વર્ગનાં લોકોને બજાર ભાવ કરતાં અડધા ભાવે પોતાના તરફથી અનાજનું વિતરણ કરતા. આ માટે સ્વયં અનાજનું વજન કરીને વિતરણ કરવાનું પસંદ કરતા. જયંતિભાઈનાં કાર્યોના વ્યાપને લક્ષમાં રાખીને રાજકારણીઓ તેમને વારંવાર રાજકારણના ક્ષેત્રમાં લાવવા પ્રયાસ કરતા, પરંતુ તેઓ હંમેશાં રાજકીય પ્રવૃત્તિઓથી સદાને માટે અળગા રહ્યા હતા.

સામાન્યતઃ, શ્રી જયંતિભાઈ ધીર-ગંભીર પ્રકૃતિના હતા, તેમ છતાં ક્યારેક હળવી મજાક પણ કરી લેતા. એક વખત જયંતિભાઈ તથા સરસ્વતીબહેન બપોરના દોઢેક વાગે ભોજન કરી રહ્યા હતા. ભોજનના અંતમાં ભાત લેતી વખતે જયંતિભાઈએ હળવી મજાક કરી. તેમણે સરસ્વતીબહેનને કહ્યું કે, ''મને ભાત આપો, મને જોઈએ તેટલા જ આપો, તેના કરતાં એક દાણો વધારે પણ નહીં અને ઓછો પણ નહીં !'' સરસ્વતીબહેન વિસ્મય સાથે બોલ્યાં કે, ''મને કેમ ખબર પડે કે તમારે કેટલા ભાત જોઈએ છે ? કોઈ માપ કહો તો ખબર પડે.'' જયંતિભાઈએ કહ્યું કે, ''સોપારી જેટલા.'' અહીં જયંતિભાઈએ શેક્સપીયરના ''મર્ચન્ટ ઑફ વેનીસ'' (''The Merchant of Venice'') ના એન્ટોનિયો અને શાયલોક વચ્ચે ''a pound of flesh'' ના વિવાદના અનુસંધાનમાં કદાચ આ મજાક કરી હશે !!

૧૯૭૫માં સરસ્વતીબહેનના મોટાભાઈ શ્રી મનહરલાલનાં પત્ની શ્રીમતી વિદ્દુલાબેનનું કેન્સરની બિમારીથી અવસાન થયું, ત્યારે લૌકિક ક્રિયા વખતે સમૂહ-ભોજનની રસોઈની તૈયારી કરવાની જવાબદારી તેમણે સ્વૈચ્છિક રીતે સ્વીકારી લીધી અને ચૂલા તૈયાર કરવાથી માંડીને ઢોકળાંનો આથો નાખવા સુધીની વસ્તુઓ ચોક્કસાઈથી પાર પાડી. ઢોકળાંનો આથો જે ચોક્કસાઈથી તેમણે નાખ્યો, તે જોઈને એક મિત્રે તેમની ચીવટની પ્રશંસા કરી, ત્યારે તેમણે હસતાં હસતાં કહ્યું કે, ''મેં એમ.એ. (ગણિતશાસ્ત્ર) ઉપરાંત એમ.એ. (ઢોકળાં) પણ કર્યું છે.'' વસ્તુ નાની હોય કે મોટી, પરંતુ દરેક બાબતમાં સઘળાં પાસાઓ આવરી લઈને, ખૂબ ઊંડાણથી અભ્યાસ કરીને તેનું હાર્દ સમજીને કાર્ય કરવાની તેમની આદત હતી, પછી તે ઢોકળાંનો આથો નાંખવાની વાત હોય કે પછી મોટરમાં કઈ સીટમાં બેસવું સૌથી સલામત ગણાયું, કે પછી જુના વખતમાં કુદરતી હાજતે ખેતરોમાં જવાના ફાયદા-ગેરફાયદાની ચર્ચા હોય, કે પછી ઉપનિષદ, મહાભારત કે અન્ય ગ્રંથોના તત્ત્વજ્ઞાનની વાત હોય કે કોઈ કાયદાકીય બાબત હોય, તેઓ ઊંડું વિચારીને મનન કરીને તાર્કિક દલીલો સાથે ચર્ચાઓ કરી શકતા. વર્ષો સુધી નિયમિતપણે તેમણે કલકત્તાથી બહાર પડતું સામયિક ''ધ મૉર્ડન રીવ્યુ'' વાંચ્યું. તેમાં પ્રસિદ્ધ થતા લેખોની ચર્ચા તેઓ સરસ્વતીબહેન સમક્ષ કરતા તે ઉપરાંત આપણા પૌરાણિક સંસ્કૃત ગ્રંથોની માહિતીઓ તથા તેના પ્રસંગો પણ સરસ્વતીબહેનને કહેતા.

શ્રી જયંતિભાઈ વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા હતા. તે તેમના પુસ્તક **''ઉપનિષદ્દનું તત્ત્વચિંતન''** ઉપરથી જોવા મળે છે. આ પુસ્તક તેમના સ્વર્ગવાસ બાદ પ્રકાશિત કરવામાં આવ્યું હતું. તેમણે પુસ્તકમાં તત્ત્વજ્ઞાનને સરળ રીતે સમજાવવા માટે વિજ્ઞાનનો ઉપયોગ કર્યો છે. તેઓ જ્ઞાન અને માહિતી વચ્ચેનો ભેદ પણ સમજાવતા. ઘણી વાર માનવી પાસે માહિતીઓનો ભંડાર હોય અને તેને ''જ્ઞાની'' ખપાવી દેવામાં આવે છે. તેઓ ક્યારેક આજના વિજ્ઞાનના સિદ્ધાંતોના સાતત્ય વિશે પોતાની ટિપ્પણી કરતા. તેઓ કહેતા કે વિજ્ઞાનમાં ક્યારેક એવું બને છે કે ગઈ કાલનું સત્ય આજે અસત્ય બને છે. જેવી રીતે ન્યૂટને પ્રકાશનો કણવાદ (The Corpuscular Theory of Light) આપ્યો, જે પ્રકાશની સાથે સંકળાયેલ વ્યતિકરણ (interference) અને વિવર્તન (diffraction) જેવી ઘટનાઓ સમજાવી ના શક્યો, ત્યારબાદ હાયગન નામના વૈજ્ઞાનિકે પ્રકાશનો તરંગવાદ (The Wave-Theory of Light) આપ્યો, જે આ સૈકાની શરૂઆતમાં આઈનસ્ટાઈન દ્વારા શોધાયેલ ફોટો-ઈલેક્ટ્રીસિટીની ઘટનાને સમજાવી શક્યો નહીં. આઈનસ્ટાઈનને આ ફોટો-ઈલેક્ટ્રીસિટીની ઘટનાની શોધને કારણે નોબેલ પારિતોષિક મળેલું, નહીં કે સાપેક્ષવાદના સિદ્ધાંત આપવા બદલ. આ સૈકાની શરૂઆતમાં ક્વોન્ટમ-વાદ (Quantum-Theory) અસ્તિત્વમાં આવ્યો અને પ્રકાશને એક પ્રકારના ક્વોન્ટમ કણો ફોટોનનો બનેલો ગણવામાં આવ્યો. પ્રકાશનો કોઈ પણ વાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે તે વખતે સત્ય હતો, પરંતુ નિત્ય નહોતો. માનવી સત્યની નજીક - સંપૂર્ણ જ્ઞાનની નજીક જવા પ્રયત્ન કરે છે, પરંતુ કોઈક વાત સમજ બહાર અધૂરી રહી જાય છે. શ્રી જયંતિભાઈ માનતા કે છીછરાં વૈશ્વિક જ્ઞાનને બદલે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા યત્નો કરવા જોઈએ, જે જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ બીજાં દુન્યવી જ્ઞાનો નિરર્થક બને છે. આ બાબતની દોરવણી ઉપનિષદો અને વેદોમાંથી મળે છે. શ્રીમદ્-ભગવદ્‌ગીતા નવમા અધ્યાયમાં આ જ્ઞાનનો મહિમા વર્ણવે છે :

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥
राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥

ઉપનિષદોમાં પણ આ વાત વર્ણવી છે. મુણ્ડકોપનિષદ્ જણાવે છે કે સમગ્ર જગત, કર્મ તથા તપ (જ્ઞાન) રૂપ જ છે. તેના ઉપર એક અમૃતરૂપ બ્રહ્મ છે. તેને જે સંપૂર્ણ પ્રાણીઓનાં અન્તઃકરણમાં ઉપસ્થિત છે એમ જાણે છે, તે આ લોકમાં અવિદ્યાની ગ્રંથિનું છેદન કરે છે. શાંકરભાષ્યમાં પ્રશ્ન કર્યો છે કે "શેને જાણીને આપણે આ બધું જાણી શકીએ છીએ ?" તેના ઉત્તરમાં જણાવેલ છે કે "સર્વેના કારણસ્વરૂપ આ પરમાત્માને જાણી લેતાં જ એ જ્ઞાન થઈ જાય છે કે આ વિશ્વ પુરુષ જ છે, તેનાથી ભિન્ન બીજું કાંઈ નથી" :

पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम् ।
एतद्यो वेद निहितं गुहायां सोऽविद्याग्रन्थिं विकिरतीह सोम्य ॥

(मुण्डकोपनिषद् - २ : १०)

"આ બ્રહ્મ પ્રકાશસ્વરૂપ, સર્વેના હૃદયમાં સ્થિત છે, ગુહાચર (બુદ્ધિમાં સંચાર કરનાર) નામવાળું તેમ જ મહત્પદ છે. આમાં ચાલનારા, પ્રયાણ કરવાવાળા તથા નિમેષોન્મેષ કરવાવાળા આ બધા સમર્પિત છે. તું આને સદસદ્રૂપ, પ્રાર્થના કરવા યોગ્ય, પ્રજાઓના વિજ્ઞાનથી ઉપર અને સર્વોત્કૃષ્ટ સમજ." શાંકરભાષ્યમાં જણાવેલ છે કે તે સદસત્સ્વરૂપ તારો આત્મા છે, કેમ કે તેના સિવાય કોઈ સત્ કે અસત્ - મૂર્ત કે અમૂર્ત કે સ્થૂળ કે સૂક્ષ્મ છે જ નહિં. તે જ નિત્ય હોવાથી પ્રાર્થનીય છે, તેમ જ પ્રજાઓના વિજ્ઞાનથી પર વ્યતિરિકત છે. તાત્પર્ય એ છે કે તે બ્રહ્મ લૌકિક વિજ્ઞાનનું અવિષય છે, તેમ જ સર્વે પદાર્થોમાં સર્વશ્રેષ્ઠ છે, કારણ કે બધા દોષોથી રહિત હોવાથી એક તે બ્રહ્મ જ સર્વમાં શ્રેષ્ઠ છે :

आविः संनिहितं गुहाचरं नाम महत्पदं त्रैतत्समर्पितम् ।
एजत्प्राणन्निमिषच्च यदेतज्ज्ञानथ सदसद्वरेण्यं परं विज्ञानाद्यद्वरिष्ठं प्रजानाम् ॥

(मुण्डकोपनिषद् - ३ : १)

પરમ જ્ઞાનની શ્રી જયંતિભાઈની વાત તેમના પુસ્તક "ઉપનિષદ્‌નું તત્ત્વચિંતન'માંથી ફલિત થાય છે, તેમ જ તેમનાં પ્રકાશિત થનારા બે પુસ્તકો "ગીતાદર્શન" અને "ઋગ્વેદના ચિંતન"માં પરાવર્તિત થાય છે.

સ્વ. શ્રી જયંતિભાઈ માનતા કે આપણું ભારતીય તત્ત્વચિંતન શ્રેષ્ઠ છે, તેમાં ઘણાં ગૂઢ રહસ્યોના ઉત્તરો સમાયેલા છે. આજે પણ પશ્ચિમના કેટલાક વૈજ્ઞાનિકો આ બાબતમાં ઊંડાણપૂર્વક વિચારી રહ્યા છે. મૂળભૂત કણોનો અભ્યાસ કરતા ઉચ્ચ કોટિના એક ભૌતિક વિજ્ઞાની ડૉ. ફ્રીત્જોફ કાપ્રા (Fritjof Capra)એ આ બાબત તેમના સુપ્રસિદ્ધ પુસ્તક "The Tao of Physics"માં વર્ણવેલ છે. ડૉ. કાપ્રાએ પ્રસ્તાવનામાં પોતાના જીવનનો એક અદ્‌ભુત પ્રસંગ વર્ણવેલ છે. તેઓ ઉનાળામાં બપોરના સમયે એક વખત સમુદ્ર-તટે બેઠા હતા, ત્યારે સમુદ્રનાં મોજાંઓ અને પોતાના શ્વાસોચ્છ્વાસનાં સ્પંદનોમાંથી અદ્‌ભુત અનુભૂતિ થઈ, તે તેમના શબ્દોમાં અહીં પ્રસ્તુત છે :

......Watching the waves rolling in and feeling the rhythm of my breathing, when I suddenly became aware of my whole environment as being engaged in a gigantic cosmic dance..... I knew also that the Earth's atmosphere was continually bombarded by showers of "Cosmic rays", particles of high energy undergoing multiple collisions as they penetrate the air. All this was familiar to me from my research in high-energy physics, but until that moment, I had only experienced it through graphs, diagrams and mathematical theories..... my former experiences came to life; I 'saw' cascades of energy coming down from outer space, in which particles were created and destroyed in rhythmic pulses; I 'saw' the atoms of the elements and those of my body participating in this cosmic dance of energy; I felt its rhythm and I 'heard' its sound, and at that moment I 'knew' that this was the DANCE OF SHIVA......

- Fritjof Capra

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વસ્તુથી આજનું વિજ્ઞાન અજ્ઞાત છે અને જે વસ્તુને અસંભવ ગણીને અવગણવામાં આવે, તે આવતી કાલે સંભવ બને છે અને તેને લગતા સિદ્ધાંતો શોધવા વિજ્ઞાન મચી પડે છે. આપણાં શાસ્ત્રોમાં અને પુરાણોમાં એવા અનેક પ્રસંગો મોજૂદ છે કે જેમાં એક વ્યક્તિ કે પદાર્થ કોઈ એક ક્ષણે એક જગ્યાએથી અદશ્ય બને છે અને તે જ ક્ષણે દૂર અન્યત્ર ઉપસ્થિત થાય છે. આપણા યોગીઓ આ વિદ્યાના જ્ઞાતા હતા. કેટલાક આજે પણ હોઈ શકે છે. તાજેતરમાં એક પ્રયોગ દરમ્યાન વૈજ્ઞાનિકોને આ બાબતની પ્રતીતિ થઈ. દક્ષિણ ઓસ્ટ્રેલિયાની ઈન્સબ્રુક યુનિવર્સીટીના વિજ્ઞાનિકોએ લેસર કિરણો વડે પ્રયોગ કર્યો અને તેમાં લેસર કિરણ (કે જે અનેક ફોટોન કણોનું બનેલ છે)ના ફોટોનને એક જગ્યાએથી ''અદશ્ય'' કરીને, તે જ ક્ષણે અન્ય જગ્યાએ ''ઉપસ્થિત'' કર્યા. આ પ્રયોગને ટેલિટ્રાન્સમીશન અથવા ટેલિટ્રાન્સફર એવું નામ આપ્યું. આ પ્રયોગને પ્રકાશશાસ્ત્ર અને ક્વોન્ટમ યંત્રશાસ્ત્રના અટપટા ગણિતીય સૂત્રો દ્વારા સમજવા પ્રયાસ થયો છે. આમ, અનેક બાબતો વિશ્વમાં છે કે જે આજે આપણે સમજી શકતા નથી, તેમ જ પૂરવાર કરી શકતા નથી, તે કદાચ ભવિષ્યમાં શક્ય બને.

શ્રી જયંતિભાઈને કોઈ સંતાન નહોતું, પરંતુ તેમના નાનાભાઈ શ્રી ગિરજાશંકરના પુત્રો ડૉ. હિમાંશુભાઈ (આંખના સર્જન), શ્રી હિતેનભાઈ (ન્યાયાધીશ) તથા શ્રી કેતનભાઈને પુત્રો સમાન પ્રેમ આપ્યો. આ ઉપરાંત, તેમના ભાણેજ શ્રી હરસુખભાઈની બન્ને પુત્રીઓ સ્મિતાબહેન તથા દીપ્તિબહેનને પોતાની પુત્રીઓ સમાન વાત્સલ્ય આપ્યું. તેમણે ગરીબ ઘરની ૧૪ કન્યાઓને પોતાના જ ઘરનાં આંગણામાં લગ્ન કરાવીને કન્યાદાન આપ્યું. આ સર્વ કન્યાઓને રૂ. ૧૦ હજાર સુધીનો કરિયાવર પણ આપ્યો.

સૌરાષ્ટ્રમાં સોમનાથ મહાદેવના જ્યોર્તિલિંગ પાસે વેરાવળ નજીક એક ગામડામાં તેઓની પોતાની ખેતીની ફ્લદ્રુપ જમીન હતી. તે જમીન વેચીને જયંતિભાઈ તે રકમ પોતાના ટ્રસ્ટમાં જમા કરવા ઈચ્છતા હતા. તેમણે જમીનની પૂરી રકમ ચેકથી લેવાનો આગ્રહ રાખ્યો, જેથી તે સમગ્ર રકમ પોતાના આરાધ્ય દેવ ભગવાન શ્રી ગોપાલકૃષ્ણનાં નામથી રચેલા ટ્રસ્ટમાં અર્પણ કરી શકાય. સદ્નસીબે ચેકથી સંપૂર્ણ રકમ આપનારા (કાળા નાણાં વગર) મળી ગયા. જ્યારે જમીન વેચી ત્યારે આશરે રૂ.૫૫ લાખ જેટલી રકમ મળી, આ રકમનો ચેક ભગવાન શ્રીકૃષ્ણનાં ચિત્ર સમક્ષ ધરીને તેમને સમર્પિત કરી. ક્યારેક એવું બનતું કે નાજુક તબિયત હોય અને ઉનાળાનો પ્રખર તાપ હોય અને ટ્રસ્ટનાં કામે બહાર જવાનું હોય, ત્યારે સરસ્વતીબહેન પતિપરાયણ ભાવે લાગણીથી તેમને પગપાળા જવાને બદલે રીક્ષા કરીને જવાની સલાહ આપતાં, જેથી કષ્ટ ઓછું પડે, ત્યારે જયંતિભાઈનો ઉત્તર રહેતો કે, ''મેં મારી સમગ્ર મિલ્કત શ્રી ગોપાલ-કૃષ્ણને અર્પણ કરી છે, તે મારો શેઠ છે અને હું ચાકર. શેઠ કદાચ રજા આપતો હોય તો પણ મારાથી તેનાં ધનનો દુર્વ્યય કરાય નહીં !!''

વ્યવસાયે જયંતિભાઈ પોતે વકીલ હતા, એટલે તેમણે પોતે રચેલાં જુદાં જુદાં પાંચ ટ્રસ્ટોનું આયોજન પણ સચોટ કરેલ. વળી તેઓ ગણિતશાસ્ત્રના અભ્યાસુ વિદ્યાર્થી હતા, એટલે ટ્રસ્ટોની મૂડી ઉત્તરોત્તર વધે અને સાથે ટ્રસ્ટો દ્વારા થતી પ્રવૃત્તિઓ માટે ખર્ચ કરવા મૂડી પણ વધે, તેવું તેમનું આયોજન હતું. આજે તેમનાં પાંચ ટ્રસ્ટો સંસ્કૃતના પ્રસાર તથા પ્રચાર, ગૌરક્ષા અને ગૌ-સેવા, માનવ-સેવા, વિદ્યોત્તેજન વગેરે ઉદ્દેશો સાથે કાર્ય કરે છે. આજે આ ટ્રસ્ટની અસ્કયામતો તથા મૂડીનો આંક ૧ કરોડ ને આંબવા જાય છે. ટ્રસ્ટોના ઉદ્દેશો તથા પરિચય અન્યત્ર આપેલ છે.

કુદરતનો ક્રમ હંમેશાં નિરાળો રહ્યો છે. ક્યારેક સદા નિર્વ્યસની વ્યક્તિને પણ કેન્સર જેવી ગંભીર બિમારીનો સામનો કરવો પડે છે. જયંતિભાઈને કેન્સર લાગુ પડ્યું. મોંનું કેન્સર હતું. ડોકટરના આગ્રહને વશ થઈને ઘરમાં પંખાઓ તથા દવા રાખવા ફ્રીઝ વસાવ્યું. મોંના કેન્સરના કારણે ખાવા-પીવામાં તકલીફ પડતી, સખત દુઃખાવો રહેતો, છતાં પણ પોતાનાં સામાન્ય કામકાજમાંથી જરા પણ વિચલિત થતા નહીં. તેઓ અડગ મનોબળ ધરાવતા હતા. તેમનાં મનોબળને દર્શાવતો એક પ્રસંગ છે : શ્રીમતી સરસ્વતીબહેનનાં ભત્રીજી ડૉ.ચંદ્રિકાબહેનના પતિ ડૉ. રાજેન્દ્રભાઈ દવે અમદાવાદના વિખ્યાત કેન્સર સર્જન છે. તેમની પાસે જયંતિભાઈ પોતાના કેન્સરનો ઉપચાર કરવા માટે ૧૯૯૩માં સપ્ટેમ્બર માસમાં સરસ્વતીબેનની સાથે ગયેલા. કેન્સરની સારવાર બાદ તેમને ખૂબ નબળાઈ લાગતી હતી, આથી ડૉ. રાજેન્દ્રભાઈએ તેઓને ટેકસીમાં જૂનાગઢ જવા સૂચન કર્યું. તેઓ મહાપરાણે તે સાથે સંમત થયા. રસ્તામાં સરસ્વતીબહેનને જણાવ્યું, પોતે બોલી શકતા નહોતા, એટલે સ્લેટમાં લખ્યું કે, ''ટેકસીમાં જવું તે મારા સિદ્ધાંત વિરૂદ્ધ છે.'' રાજકોટ રસ્તામાં સરસ્વતીબહેનના નાના ભાઈ જનકભાઈ જોષીને ઘરે એક દિવસ આરામ કરવા રહ્યા અને બીજા દિવસે ટેકસી છોડીને ટ્રેઈનમાં જૂનાગઢ જવાનો આગ્રહ રાખ્યો. ખૂબ નબળાઈ હોવા છતાં સ્ટેશને જઈ પ્લેટફોર્મ ઉપર લાંબું અંતર ચાલીને ટ્રેઈનમાં બીજા વર્ગની મુસાફરી કરી.

જયંતિભાઈએ સંસ્કૃત ભાષાના ઉત્થાન તેમ જ ગૌસેવા માટે તન, મન અને ધનથી પોતાની સમગ્ર શક્તિ ખર્ચી, પરસેવો પાડીને પગપાળા ચાલીને ચંપલો ઘસી નાંખ્યાં. આવે સમયે કેન્સરની બિમારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. તેમને આશંકા હતી કે તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસાન બાદ ટ્રસ્ટો કેવુંક કાર્ય કરશે ? ત્યારે એક દિવસ સરસ્વતીબેને તેમને વચન આપ્યું કે, "હું મારા જીવનની અંતિમ ક્ષણ સુધી આ ઘરમાં રહીશ અને ટ્રસ્ટોનું સંચાલન કરીશ અને તમારા ઉદ્દેશો પાર પાડીશ." ત્યારે જયંતિભાઈને પરમ સંતોષ થયો અને સરસ્વતીબહેનની પીઠ થાબડીને સ્લેટમાં લખ્યું કે, "મારી પત્ની પાસેથી મને આ જ અપેક્ષા હતી, હવે હું સંતુષ્ટ થયો છું." સરસ્વતીબહેને પોતાનું સંપૂર્ણ જીવન જયંતિભાઈ જેમ જ, એટલે કે તેમના ઉદ્દેશો સિદ્ધાંતો તથા આદર્શોને અનુસરવા ન્યોચ્છાવર કરી નાખ્યું. તેઓ હંમેશાં જયંતિભાઈની સાથે ને સાથે અર્ધાંગિની તરીકે રહ્યાં અને તેમને અનુસરતાં રહ્યાં. જયંતિભાઈએ એક વાર કબૂલ કરેલું કે તેમનાં કાર્યોની સફળતા સરસ્વતીબહેનના સાથ વગર સંભવિત નહોતી. જીવનના અંતિમ તબક્કામાં ગંભીર બિમારી છતાં પણ રાત્રિના બે વાગ્યા સુધી જયંતિભાઈ તેમનાં ટ્રસ્ટનાં કાર્યો કરતા રહેતા.

જયંતિભાઈ એક સારા વક્તા હતા. સરળ તથા સચોટ ભાષામાં પોતાની વાત રજૂ કરી શકતા. મહાભારતની વાતો તેમને ખૂબ પ્રિય હતી. તેઓની મહાભારત ઉપરની વાતો સાંભળવી, તે એક લ્હાવો હતો. તેઓ ગણિતજ્ઞ હતા, એટલે ગણિતની છાંટ ક્યારેક વાતોમાં આવતી. ગણિતમાં જૂદા જૂદા પ્રમેયો(theorems)ને સમજવા તથા પાકા કરવા જેમ દાખલાઓ ગણવામાં આવે છે અને દાખલા દ્વારા જ પ્રમેયની સમજ દૃઢ બને છે, તેમ મહાભારતના પ્રસંગોમાં રહેલો ઉપદેશ આપણા વેદો તથા ઉપનિષદોના તત્ત્વજ્ઞાનને દૃઢ કરે છે. પાણિનિના વ્યાકરણનો ગુજરાતીમાં સટીક અનુવાદ કરવા તથા તેનાં સૂત્રોને સમજવામાં તેમને કદાચ ગણિતના જ્ઞાનનો જ લાભ મળ્યો હશે.

૨૪મી ડીસેમ્બર ૧૯૯૩ના દિવસે વહેલી સવારના આ વિરલ પુરુષ સંસાર રૂપી માયામાંથી મુક્તિ મેળવીને અનંત-યાત્રાએ નીકળી પડ્યા. તેમનું જીવન એક સંસારી-સંત પુરુષ જેવું હતું. આજના યુગમાં ભવ્ય આધુનિક આશ્રમો, વિદેશી મોંઘીદાટ ગાડીઓ, સેલ્યુલર ફોનો, વિમાનોમાં વિદેશયાત્રાઓ, શિષ્યવૃંદો અને રાજકારણીઓથી ઘેરાયેલા કહેવાતા સંતો અને મહાત્માઓ જ્યારે ત્યાગ, અનાસક્તિ, મોહ-માયાનાં બંધનો તોડવાની વાતો કરે છે, ત્યારે કેટલાં છીછરાં લાગે છે !! જયંતિભાઈ આ સર્વે પ્રાપ્ત કરી શકાય તેટલું ધન કમાયા હોવા છતાં, કોઈ પણ જાતની સુખ-સાહ્યબી પ્રત્યે આસક્તિ દર્શાવ્યા વગર સર્વસ્વ સમાજને ટ્રસ્ટોના રૂપે તેમણે અર્પણ કર્યું. તેઓ મહાભારતમાં વિદુરનીતિમાં જણાવ્યા મુજબના વિદ્વાન પંડિત હતા. તેઓ કાર્ય કરવાનો પહેલાં નિશ્ચય કરતા, પછી ક્યારેય કાર્યને અધવચ્ચે અધૂરું છોડતા નહીં, તેઓ ક્યારેય સમયનો વ્યર્થ બગાડ કરતા નહીં અને હંમેશાં મનને સ્થિર અને વશમાં રાખતા, જે તેમનાં ટ્રસ્ટોની સ્થાપનાની પ્રક્રિયામાંથી જોઈ શકાય છે. વિદુરજીના શબ્દોમાં તે નીચે મુજબ છે :

निश्चित्य यः प्रक्रमते नान्तर्वसति कर्मणः ।
अवन्ध्यकालो वश्यात्मा स वै पण्डित उच्यते ॥
(विदुरनीति - १ : २९)

આજે સરસ્વતીબેન સ્વ. શ્રી જયંતિભાઈનાં સર્વે ટ્રસ્ટો સફળતા-પૂર્વક ચલાવી રહ્યા છે, સંચાલનમાં તેઓને ટ્રસ્ટીઓ સહાય કરી રહ્યા છે. આજે સ્વ. શ્રી જયંતિભાઈની ચિરવિદાયને પાંચ વર્ષ વીતી ગયાં, છતાં પણ આજે તેઓ લોકોને એટલા જ સાંભર્યા કરે છે. શાયર 'ગની' દહીંવાલાએ સાચે જ કહ્યું છે કે,

જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે 'ગની',
હોય ના વ્યક્તિ, ને એનું નામ બોલાયા કરે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ.શ્રી જયંતિલાલ ભટ્ટે રચેલાં ટ્રસ્ટો

સ્વ.શ્રી. જયંતિલાલ હીરજીભાઈ ભટ્ટે રચેલાં પાંચ ટ્રસ્ટોની વિગતો નીચે મુજબ છે :

(૧) શ્રીમતી મણિબહેન હીરજીભાઈ જાદવજી ભટ્ટ તથા સરસ્વતી જયંતિલાલ હીરજીભાઈ ભટ્ટ સ્મારક શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ : (રજીસ્ટ્રેશન નં. ઈ, ૯૭૫, જૂનાગઢ)

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ :-

(ક) સંસ્કૃત ભાષાનાં ઉત્થાન માટે યુનિવર્સીટીઓને તથા આ ક્ષેત્રમાં સુંદર કામ કરતી સૌરાષ્ટ્ર-કચ્છ અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લાની સંસ્થાઓને આર્થિક સહાય આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષામાં કાર્ય કરતી સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓને પણ આવરી લેવાઈ છે.

(ખ) ગૌ-સંવર્ધન-ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરતી સૌરાષ્ટ્ર-કચ્છની અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લાની, સંસ્થાઓને આર્થિક સહાય આપવામાં આવે છે.

(ગ) જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વગર, જૂનાગઢ જિલ્લાનાં તમામ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને ટ્રસ્ટે ઘડેલ ધારા-ધોરણ મુજબ પારિતોષિકો આપવામાં આવે છે. આ પારિતોષિકો ધોરણ ૧૦ થી કોલેજની કોઈ પણ વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. તેમાંથી જે વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે પાસ થયા હોય, તેમને તેમના મેળવેલ ગુણોની યોગ્યતા પ્રમાણે વધારાનાં પારિતોષિકો આપવામાં આવે છે.

ટ્રસ્ટીઓનાં નામો :-

(૧) શ્રીમતી સરસ્વતી જયંતિલાલ ભટ્ટ (પ્રમુખ)
(૨) ડૉ. કે. આઈ. શાહ
(૩) શ્રી ગિરજાશંકર હીરજીભાઈ ભટ્ટ (નિવૃત્ત)
(૪) શ્રીમતી ચંદ્રિકાબેન ગિરજાશંકર ભટ્ટ (નિવૃત્ત)
(૫) શ્રી જનકરાય મગનલાલ જોષી
(૬) શ્રી નવીનચંદ્ર રમણલાલ દવે
(૭) ડૉ. હિમાંશુ ગિરજાશંકર ભટ્ટ (નિવૃત્ત)
(૮) ડૉ. વિજય વેણીશંકર જોષી
(૯) શ્રી ભોગીલાલ ભૂતપરાય ભટ્ટ
(૧૦) ડૉ. મિહિર જનકરાય જોષી

મુખ્ય અનુદાનોની વિગતો :-

(૧) ૧૯૯૩-૯૪માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રૂા. ૧ લાખનું અનુદાન, જેનાં વાર્ષિક વ્યાજમાંથી એફ.વાય.બી.એ.થી એમ.એ. સંસ્કૃત વિષયના પાસ થનારા વિદ્યાર્થીઓને મેરીટ મુજબ રોકડ પારિતોષિકો.

(૨) ૧૯૯૪-૯૫માં સરદાર પટેલ યુનિવર્સિટીને રૂ. ૮૩૦૦૦/-નું અનુદાન સંસ્કૃતના વિદ્યાર્થીઓને પારિતોષિક માટે;

(૩) રૂ. ૧૦,૦૦૦ ગૌશાળા, (માણાવદર)ને ૧૯૯૪-૯૫માં;

(૪) રૂ. ૩૦,૦૦૦ પાંજરાપોળ, (બીલખા)ને ૧૯૯૪-૯૫માં;

(૫) રૂ. ૫૧,૦૦૦ ભૂતનાથ વિદ્યાપીઠ એજ્યૂકેશન ટ્રસ્ટ, (જૂનાગઢ)ને ૧૯૯૪-૯૫માં;

(૬) રૂ. ૨,૫૦,૦૦૦ સંસ્કૃત સાહિત્ય અકાદમી, (ગાંધીનગર)ને ગુજરાત રાજ્યમાં સંસ્કૃતના વિદ્વાનને વાર્ષિક રૂ. ૨૧,૦૦૦નો રોકડ એવોર્ડ, શાલ તથા સન્માનપત્ર આપવા માટે ૧૯૯૫-૯૬ માં અનુદાન આપેલ છે. સર્વ પ્રથમ એવોર્ડ ૧૯૯૫માં પ્રા. શ્રી જયાનંદભાઈ દવેને શિક્ષણમંત્રીશ્રીના હાથે અપાયો અને દ્વિતીય એવોર્ડ શ્રી કે. કા. શાસ્ત્રીને ૧૯૯૬માં મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનાયત થયો. ૧૯૯૭નો એવોર્ડ નામદાર રાજ્યપાલશ્રીના હસ્તે પ્રા. શ્રી જયંતભાઈ ઠાકરને આપવામાં આવ્યો.

(૭) રૂ. ૨,૧૦,૦૦૦નું ૧૯૯૫-૯૬માં અનુદાન શ્રી શારદાપીઠ (દ્વારકા)ને સંસ્કૃત પુસ્તકાલય માટે અપાયું.

(૮) રૂ. ૧,૦૦,૦૦૦નું અનુદાન વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીને સંસ્કૃત વિષયના તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક આપવા ૧૯૯૬-૯૭ આપવામાં આવ્યું.

(૯) રૂ. ૧,૦૦,૦૦૦નું અનુદાન ૧૯૯૬-૯૭માં ભાવનગર યુનિવર્સિટીને સંસ્કૃત વિષય માટે આપવામાં આવ્યું.

(૧૦) રૂ. ૧,૦૦,૦૦૦નું અનુદાન ૧૯૯૬-૯૭માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને સંસ્કૃત વિષય માટે આપવામાં આવ્યું.

(૧૧) રૂ. ૧૬,૦૦૦ નું અનુદાન ૧૯૯૬-૯૭માં જૂનાગઢની ગૌશાળાને આપ્યું.

(૧૨) મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ, જૂનાગઢને રૂા. ૫ લાખનું અનુદાન

(૧૩) કન્યા છાત્રાલય, ન.ના.રાવલ એજ્યુ. ટ્રસ્ટ, જૂનાગઢ, રૂા. ૫ લાખનું અનુદાન

(૧૪) અંબાજી (ગિરનાર)ના મંદિર માટે ધર્મશાળા બનાવવા રૂા. ૨ લાખનું અનુદાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૧૫) રાષ્ટ્રીય અંધજન મંડળની હોસ્પિટલ, જૂનાગઢમાં રૂા. ૨ લાખનું અનુદાન

(૧૬) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંસ્કૃત ભવનમાં વર્ગો બનાવવા માટે રૂા. ૫ લાખનું અનુદાન

★ સંસ્કૃત ભાષામાં પુસ્તકો છાપવા સહાય મળે છે, જે માટે ટ્રસ્ટનાં નિયત ફૉર્મ ભરવાનાં હોય છે.

★ પીએચ.ડી. થયેલ વિદ્વાનોને માટે લઘુ સંશોધન પ્રોજેક્ટ માટે ટ્રસ્ટના નિયત ફૉર્મમાં અરજી કરી શકાય છે.

છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૩૫ લાખથી વધારે રકમનાં અનુદાનો આ ટ્રસ્ટે કર્યાં છે. હાલમાં સરેરાશ લગભગ પાંચ લાખ રૂપિયાનાં અનુદાનો આ ટ્રસ્ટ પ્રતિવર્ષ કરે છે. મુખ્યત્વે માનવસેવા, સંસ્કૃત ભાષાના પ્રસાર તથા પ્રચાર અને ગૌસેવામાં અનુદાનો આપવામાં આવે છે.

(૨) શ્રીમતી સરસ્વતી જયંતિલાલ ભટ્ટ માનવસેવા ટ્રસ્ટ : (રજીસ્ટ્રેશન નં. ઈ. ૨૭૪૬ જૂનાગઢ)

(ક) સંસ્કૃત ભાષાનાં ઉત્થાનની પ્રવૃત્તિઓ ૧ - (ક) મુજબ;

(ખ) ગૌસંવર્ધનની પ્રવૃત્તિઓ - ૧ (ખ) મુજબ;

(ગ) સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને તબીબી સહાય કરવાનાં ક્ષેત્રોમાં સુંદર કામગીરી કરતી સૌરાષ્ટ્ર-કચ્છની અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લાની સંસ્થાઓને આર્થિક સહાય આપવામાં આવે છે.

ટ્રસ્ટીઓ :-

(૧) શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (પ્રમુખ)

(૨) શ્રી ગિરજાશંકર હીરજીભાઈ ભટ્ટ (નિવૃત્ત)

(૩) શ્રી જનકરાય મગનલાલ જોષી

(૪) ડૉ. હિમાંશુ ગિરજાશંકર ભટ્ટ (નિવૃત્ત)

(૫) ડૉ. કે. આઈ. શાહ

(૬) શ્રી ભોગીલાલ ભૂપતરાય ભટ્ટ

(૭) શ્રી લલિતકુમાર જેઠાલાલ રાવળ

(૮) (ખાલી)

(૯) શ્રી બિપિનભાઈ દાવડા

(૧૦) શ્રી કાંતિભાઈ અંબાશંકર વ્યાસ

છેલ્લાં ચાર વર્ષમાં આશરે રૂ. ૧ લાખથી વધારે રકમનાં અનુદાનો આપેલ છે.

(૩) શ્રીમતી સરસ્વતી જયંતિલાલ ભટ્ટ બ્રાહ્મણ મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ : (રજીસ્ટ્રેશન નં. એ. ૨૦૩૪, જૂનાગઢ)

(ક) જૂનાગઢ જિલ્લાની તદ્દન નિરાધાર તમામ બ્રાહ્મણ જ્ઞાતિઓની વિધવાબહેનોને સહાય આપવામાં આવે છે.

(ખ) શ્રી ઔદિચ્ય ખરેડી સમવાયની બ્રાહ્મણ જ્ઞાતિની તદ્દન નિરાધાર વિધવાબહેનોને ભારતના કોઈ પણ સ્થળે રહેતી હોય, તેને સહાય આપવામાં આવે છે.

(ગ) સૌરાષ્ટ્ર-કચ્છની અને ખાસ જૂનાગઢ જિલ્લાની જે સંસ્થાઓ કોઈ પણ બ્રાહ્મણ જ્ઞાતિની કન્યાઓને શૈક્ષણિક ક્ષેત્રમાં ઉપયોગી થવાની પ્રવૃત્તિઓ, જેવી કે કન્યા-છાત્રાલયો વગેરે સુંદર રીતે ચલાવતી હોય, તેને આર્થિક સહાય આપવામાં આવે છે.

ટ્રસ્ટીઓ :-

(૧) શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (પ્રમુખ)

(૨) શ્રી ગિરજાશંકર હીરજીભાઈ ભટ્ટ (નિવૃત્ત)

(૩) શ્રી ભોગીલાલ ભૂપતરાય ભટ્ટ

(૪) શ્રી લલિતકુમાર જેઠાલાલ રાવળ

(૫) શ્રી કાંતિલાલ અંબાશંકર વ્યાસ

(૬) ડૉ. હિમાંશુ ગિરજાશંકર ભટ્ટ (નિવૃત્ત)

(૭) શ્રી ભગુભાઈ ચંદે

(૮) શ્રી જનકરાય મગનલાલ જોષી

(૯) ડૉ. મિહિરભાઈ જનકરાય જોષી

(૧૦) શ્રી વિજયભાઈ મિશ્રાણી

છેલ્લાં ચાર વર્ષમાં આશરે રૂ. દોઢ લાખનાં અનુદાનો કર્યાં છે.

(૪) શ્રીમતી સરસ્વતી જયંતિલાલ ભટ્ટ બ્રહ્મસમાજ વિદ્યોત્તેજક ટ્રસ્ટ : (રજીસ્ટ્રેશન નં. એ. ૧૯૩૬ જૂનાગઢ)

(ક) જૂનાગઢ જિલ્લાના તમામ બ્રાહ્મણ જ્ઞાતિઓનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો કે જેઓ દર વર્ષે ઉનાળાની પરીક્ષાઓમાં ધોરણ ૧૦માં ૬૦% કે વધારે, ધોરણ ૧૨ની પરીક્ષામાં ૫૫% કે વધારે અને કોલેજની કોઈ પણ વિદ્યાશાખાની કોઈ પણ વર્ષની યુનિવર્સીટી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૪૮% કે વધારે માર્ક્સ મેળવ્યા હોય, તેવાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને બહુમાન અને સર્ટીફીકેટ સાથે તેજસ્વિતાનાં પ્રોત્સાહક ઈનામો આપવામાં આવે છે. સંસ્કૃત ભાષા સાથે પાસ થનારને વિશેષ ઈનામો આપવામાં આવે છે.

(ખ) તમામ બ્રાહ્મણ જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેજસ્વિતા માટે પ્રોત્સાહિત કરવાનાં ક્ષેત્રમાં સુંદર કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતી સૌરાષ્ટ્ર-કચ્છની અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લાની સંસ્થાઓને આર્થિક સહાય આપવામાં આવે છે.

ટ્રસ્ટીઓ :-

(૧) શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (પ્રમુખ)
(૨) શ્રી ગિરજાશંકર હીરજીભાઈ ભટ્ટ (નિવૃત્ત)
(૩) ડૉ. હિમાંશુ ગિરજાશંકર ભટ્ટ (નિવૃત્ત)
(૪) શ્રી જનકરાય મગનલાલ જોષી
(૫) શ્રી ભોગીલાલ ભૂપતરાય ભટ્ટ
(૬) શ્રી લલિતભાઈ જેઠાલાલ રાવળ
(૭) શ્રી પ્રવીણભાઈ લાલજીભાઈ વ્યાસ
(૮) શ્રી ગુલાબભાઈ ચિત્રે
(૯) શ્રી કૈલાસકુમાર નવીનચંદ્ર દવે
(૧૦) શ્રી કિશોરભાઈ કાંતિલાલ વ્યાસ

છેલ્લાં ચાર વર્ષમાં આશરે રૂ. ૩૦,૦૦૦નાં અનુદાનો તથા પારિતોષિકોનું વિતરણ કર્યું છે.

(૫) શ્રીમતી સરસ્વતી જયંતિલાલ ભટ્ટ ખરેડેશ્વર વિદ્યોત્તેજક ટ્રસ્ટ : (રજીસ્ટ્રેશન નં. એ. ૧૯૩૫ જૂનાગઢ)

(ક) ભારતના કોઈ પણ ખૂણે રહેતાં શ્રીઔદીચ્ય ખરેડી સમવાયની બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનો કે, જેઓ દર વર્ષે ઉનાળામાં લેવાયેલ ધો. ૧૦ ની પરીક્ષામાં ૬૦% કે વધારે, ધો. ૧૨ની પરીક્ષામાં ૪૮% કે વધારે અને કોઈ પણ વિદ્યાશાખાની કોલેજોના કોઈ પણ વર્ગની યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૪૮% કે વધારે માર્ક્સ મેળવ્યા હોય, તેવાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને બહુમાન અને સર્ટીફીકેટો સાથે તેજસ્વિતાનાં પ્રોત્સાહક ઈનામો આપવામાં આવે છે. સંસ્કૃત ભાષા સાથે પાસ થનારને વિશેષ પ્રોત્સાહન અપાય છે.

(ખ) ભારતના કોઈ પણ સ્થળે રહેતાં શ્રીઔદીચ્ય ખરેડી સમવાયની બ્રાહ્મણ જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેજસ્વિતામાં પ્રોત્સાહિત કરવાના ક્ષેત્રમાં તથા કેળવણીના ક્ષેત્રમાં, કન્યા-છાત્રાલયોમાં સુંદર કામ કરતી સંસ્થાઓને સહાય આપવામાં આવે છે.

ટ્રસ્ટીઓ :-

(૧) શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ (પ્રમુખ)
(૨) શ્રી ગિરજાશંકર હીરજીભાઈ ભટ્ટ (નિવૃત્ત)
(૩) ડૉ. હિમાંશુ ગિરજાશંકર ભટ્ટ (નિવૃત્ત)
(૪) શ્રી જનકરાય મગનલાલ જોષી
(૫) શ્રી નવીનચંદ્ર રમણલાલ દવે
(૬) શ્રી રવિકાંત ભાનુશંકર દવે
(૭) શ્રી કાંતિલાલ અંબાશંકર વ્યાસ
(૮) શ્રી મુકુંદભાઈ બી. દવે
(૯) શ્રી ભોગીલાલ ભૂપતરાય ભટ્ટ
(૧૦) શ્રી બળવંતરાય જગન્નાથભાઈ ભટ્ટ

છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ. ૩૫,૦૦૦થી વધારે રકમનાં અનુદાનો તથા રોકડ પારિતોષિકો વિદ્યાર્થીઓને આપેલ છે.

પાંચેય ટ્રસ્ટોનું સરનામું :-

''મણિભુવન'',
પ્રિન્સીપાલ બંગલા સામે,
ગાંધીગ્રામ,
જૂનાગઢ - ૩૬૨૦૦૧
ટે.નં. ૬૨૦૬૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ટ્રસ્ટોના પરિચયકારનો પરિચય

ડૉ. મિહિરકુમાર જનકરાય જોષી ભૌતિકશાસ્ત્રમાં અનુસ્નાતક અને પીએચ.ડી.ની પદવી ધરાવે છે. તેઓ શ્રીમતી સરસ્વતીબેન ભટ્ટના ભત્રીજા છે અને હાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનમાં અધ્યાપક છે. તેમણે ૨૨ જેટલાં સંશોધનપત્રો વિદેશનાં જર્નલોમાં લખેલ છે. ૧૬ જેટલા રાષ્ટ્રીય સેમીનારોમાં હાજરી આપેલ છે. ૨૫ જેટલા લોકભોગ્ય ભાષામાં વિજ્ઞાનના લેખો "વિજ્ઞાન દર્શન" નામના સામયિકમાં લખેલ છે. આશરે ૨૦ જેટલા રેડિયો-વાર્તાલાપો આપેલ છે અને આશરે ૧૦ જેટલાં "ઈન્ડીયન એક્સપ્રેસ"માં ચર્ચા પત્રો લખેલ છે. "ક્વેસ્ટ" નામના અંગ્રેજી સાહિત્યના સામયિકમાં અંગ્રેજી કવિતા લખેલ છે. ૧૯૯૫માં બ્રિટન તથા ફ્રાંસમાં સંશોધન અર્થે ચાર માસ માટે ગયેલા. ત્યાં ઓક્સફર્ડ તથા કેમ્બ્રિજ યુનિવર્સિટીઓના સંસ્કૃત વિભાગોની મુલાકાત લીધેલી. તેઓ સંસ્કૃતપ્રેમી છે. "મહાભારત અને વિજ્ઞાન" ઉપર લેખ લખેલ છે. તેમના માર્ગદર્શન નીચે એક વિદ્યાર્થીએ પીએચ.ડી. તથા ૪ વિદ્યાર્થીઓએ એમ.ફીલ. કરેલ છે. તેઓ ૩૮ વર્ષના છે અને રાજકોટ રહે છે. ૧૯૯૮માં જેરૂસલેમ (ઈઝરાયેલ)માં આંતરરાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપેલ. ગુજરાતી વિશ્વકોશમાં અધિકરણો લખવાનું નિમંત્રણ મળેલ છે.

સરનામું :-

ડૉ. મિહિર જ. જોષી,
ગવર્નમેન્ટ સર્વન્ટસ સોસાયટી,
એ. જી. ઓફિસ પાસે,
રેઈસ-કોર્સ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧



"જગદ્‌ગુરુ શંકરાચાર્ય" :
સ્વ.પ્રભુલાલ દ્વિવેદીનું ઉત્તમ કોટિનું એક નાટ્યસર્જન

- વિનયકાંત પ્રભુલાલ દ્વિવેદી

નાટકના બંધિયાર કોચલામાં પણ પૂર્ણ વિકાસ દર્શાવતું સાહિત્યસભર નાટ્યસર્જન એટલે સ્વ. નાટ્યકાર શ્રી પ્રભુલાલ દ્વિવેદીનું લખેલું "જગદ્‌ગુરુ શંકરાચાર્ય"

આદિ શંકરાચાર્યના જીવન-પ્રસંગો ઉપર ગુજરાતી સાહિત્યમાં કદાચ આ એક જ નાટ્યસર્જન થયું હશે, પરંતુ અન્ય ભાષાઓ-હિંદી, બંગાલી, તેલુગુ, કન્નડ ઈત્યાદિમાં આદિ ગુરુદેવના જીવન પર સર્જનો થયાં છે. આ નાટ્યસર્જન પાછળનું પ્રેરણાબળ કયું ? એક નવોસવો નાટ્યકાર લેખક કે જેનાં બે કે ત્રણ નાટકો જ તખ્તા ઉપર રજૂ થયાં છે, તે ૧૯૧૮-૧૯માં આવો ગહન વિષય હાથ પર લઈ, નાટકનો પ્લોટ રચીને નાટક લખે છે અને નાટક ટિકિટબારી પર નબળું, છતાં લેખકને યશ અને કીર્તિદાતા બને છે. આ બાબતમાં કવિશ્રીએ તેમની જીવનકથા "રંગદેવતાને ચરણે"માં એક નોંધ મૂકી છે. આ પુસ્તકના લેખક છે સ્વ. રતિલાલ ત્રિવેદી અને તે ૧૯૫૧માં ગાંડીવ સાહિત્ય મંદિરનું પ્રકાશન છે. નોંધ આ પ્રમાણે છે :

અમદાવાદમાં હું 'દેવી વત્સલા'નું રૂપાન્તર કરી રહ્યો હતો, તે વખતે જગન્નાથપુરી મઠના અધિષ્ઠાતા ગુરુવર્ય "શ્રીમદ્ શંકરાચાર્ય શ્રીમન મધુસૂદન સરસ્વતી" અમદાવાદમાં પધાર્યા હતા. એમના મુખ્ય શિષ્ય શ્રી વૈજનાથ સ્વામીના કેટલાક શિષ્યો નાટક કંપનીમાં હતા ને રોજ દર્શને જતા. ત્યાં તેમને સદ્‌ગુરુએ એક વાર આજ્ઞા કરી:

"તુમ્હારે યહાં પંડિત કૌન હૈ ? ઉનકો યહાં લે આવ."

બીજે દિવસે ભાઈ ગણપતરામ તથા બીજા કેટલાક મિત્રો સાથે હું ગુરુવર્યનાં દર્શને ગયો.

ગૌર વર્ણના, કાન્તિમાન, દેહલતાએ પડછંદ, ભસ્મચર્ચિત અંગ, મુખ ઉપર બ્રહ્મચર્યનાં તેજના પ્રતિભાધારી ગુરુવર્ય ધ્યાનસ્થ બેઠા હતા.

મેં જઈને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ગુરુએ મને પ્રેમથી પાસે બોલાવ્યો અને કહ્યું :

"નાટ્યકાર હો ?"

"મૈં નાટ્યકાર તો નહીં, ગુરુકૃપાસે થોડા કુછ લિખ સકતા હું."

ગુરુદેવ હસ્યા, થોડીક નાટકોની ચર્ચા કરી.

'તમારે ત્યાં કયા કયા નાટકો ભજવાય છે' એ જાણવા માગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં દાનવમોહિની, કુસુમાવતી, લક્ષ્મીવિજય વિગેરે નામો કહ્યાં. આ પરિચિત નામો સાંભળી ગુરુદેવ ખિન્ન થયા અને બોલ્યા : ''શિવ શિવ'' નાટક કિસકા હોના ચાહીએ ? કિસ લિયે હોના ચાહીએ ? જીસકે જીવનસે જનતાકો કુછ બોધ મિલે, ઉસકા નાટક હોના ચાહીએ. રામચંદ્રમહારાજ, કૃષ્ણમહારાજ, હરિશ્ચન્દ્ર મહારાજ....એૈસે પુણ્યશાળી પુરુષોંકા નાટક હોના ચાહીએ.''

હું નીચું મોં કરી સાંભળ્યે જતો હતો. સદ્‌ગુરુએ થોડોક વિચાર કરીને કહ્યું : ''અચ્છા, અપના ગુરુ-જગદ્‌ગુરુ શંકરાચાર્યકા કહીં નાટક હો રહા હય ? .....નહીં ? .....લિખો.''

હું મુંઝાયો. ક્યાં જગદ્‌ગુરુ શંકરાચાર્ય અને ક્યાં હું ?

મારો ક્ષોભ ગુરુદેવ પામી ગયા ને કહ્યું : ''વત્સ, લિખો શક્તિ મિલ જાયગી.''

પછી એમણે થોડાંક પુસ્તકો જોઈ જવા કહ્યું અને અનુકૂળ સમયે નાટક લખવાની આજ્ઞા કરી. એને વરદાન માની મેં આજ્ઞા માથે ચડાવી.

નાટક લખવાનું શરૂ કર્યું. પરંતુ આવા ગહન વિષય પર આ નાટક લખાય અને તખ્તે રજૂ ન થાય તો પણ લખ્યું નિરર્થક ગણાય. આ વિટંબણામાં એક વાર કવિશ્રીએ લક્ષ્મીકાંત નાટક સમાજના સુરતી સાહસિક મરદ એવા માલિકને વાત કરી, જે ''રંગદેવતાને ચરણે''માં નીચે મુજબ જણાવેલ છે :-

''વાડીભાઈ, હવે તો 'શંકરાચાર્ય' લખવાની ઈચ્છા થાય છે,'' મેં કહ્યું.

''તે લખી નાખો, મારા ભાઈ, આપણે ભજવશું.'' એમણે જવાબ આપ્યો.

'શંકરાચાર્ય'નાં જીવનચરિત્રને હું રંગભૂમિ પર ઉતારવા બેઠો. હિમાલયના ગૌરીશંકર શિખર પર ચઢવાની માણસ કલ્પના કરે, તેવી એ ધૂન હતી. મારી સાથે ગુરુકૃપા હતી, એટલે તેમના નામનો સહારો લઈ મેં હિંમત કરી.

સુરતના શહેરીઓને ખબર પડી કે કંપનીનો એક યુવાન કવિ ''આદ્ય ગુરુ શંકરાચાર્ય''ના જીવનને નાટકમાં વણી રહ્યો છે. સનાતની લોકોને આથી અપમાન લાગ્યું અને ઊહાપોહનું મોજું સુરતના વાતાવરણમાં ઘૂમવા માંડ્યું. વાડીભાઈને કાને પણ એ વાત આવી. હું જરા પણ નિરાશ થયો નહિ.

મને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે ધર્મઘેલા બાંધવોને સમજાવી શકીશ. મહાપુરુષોનાં જીવનચરિત્રોને યાદ કરીને રાચવું, અને એ ભૂતકાળ ઉપર મુસ્તાક બનીને નિષ્ક્રિય બનીને બેસી રહેવું, એ ગાંડપણ છે. પરંતુ તેમાંથી સાર શોધીને આવતી કાલનું જીવન ઘડવું, તે પ્રેરણા છે, ઔચિત્ય છે, કલા છે. નાટક પડવા આડા બેચાર દિવસો રહ્યા, એટલે સુરતના પાંચસાત પ્રતિષ્ઠિત માણસોનું પ્રતિનિધિમંડળ મને મળવા આવ્યું. એમણે એમની દલીલો કરી નાટક બંધ રાખવા સમજાવ્યું. મેં કહ્યું : ''શ્રીમદ્ શંકરાચાર્યે મને આજ્ઞા કરી છે કે મારે આદ્યગુરુના જીવનને નાટકમાં મઢવું.''

''કયા શંકરાચાર્ય ?''

''જગન્નાથપુરીના ગાદીપતિ.''

મેં બીજી પણ એક દલીલ કરી : ''બંગાળીમાં, તામિલમાં, તેલુગુમાં ગુરુવર્યનાં નાટકો ભજવાય છે. ગુજરાતીઓ ધર્મના પ્રવર્તકનો જીવનવિકાસ શા માટે સંતાડે છે ? ગુરુનું જીવન તો આરસી છે. સૌ કોઈને એ નિહાળવાનો અને સમજવાનો અધિકાર છે.'' એમને સંતોષ થયો. નાટક ભજવાયું. પ્રજાના ચોક્કસ વર્ગને તે ખૂબ જ ગમ્યું, પરંતુ તેને ટિકિટબારીની સફળતા સાંપડી નહિ, પણ મને ગુરુઆજ્ઞા પાળ્યાનો આનંદ થયો. એને જ મેં મારી સફળતા ગણી.

રંગભૂમિના ઈતિહાસની નોંધ માન્ય કરીએ તો ગુજરાતી રંગભૂમિને નિરનિરાળા ૭૦ મૌલિક નાટકોથી સમૃદ્ધ કરનાર, જેમને ભારતના સર્વશ્રેષ્ઠ નાટ્યકારનો ભારતના રાષ્ટ્રપતિનો એવોર્ડ ૧૯૬૧માં અર્પણ થયો, તેવા પ્રભુલાલ દ્વિવેદીનું મુંબઈના તખ્તે રજૂ થયેલું પ્રથમ ગુજરાતી નાટક, એટલે ''શંકરાચાર્ય''. તેની રજૂઆત ૧૯૧૮માં થઈ હતી અને તે સમયે શ્રી ભવાનીશંકર ઠાકર નામના કલાકારે શંકરાચાર્યની ભૂમિકા ભજવી હતી.

ત્યારબાદ વરસોનાં વહાણાં વાયાં, તે દરમ્યાન માલવપતિ, પૃથ્વીરાજ, અરુણોદય અતિસફળ નાટકો પ્રભુલાલ દ્વિવેદીની કલમે લખાયાં અને ભજવાયાં. રંગભૂમિ પર દ્વિવેદી-યુગનો આરંભ થઈ ચૂક્યો હતો. ૧૯૩૩માં પ્રભુલાલ દ્વિવેદીએ એ જ નાટક ફરીથી સુધારા વધારા સાથે લખ્યું, જેમાં વિશેષ પરિપક્વતા અને પ્રસંગોની જમાવટ અને ઉત્કટ ગીતસંગીત ઊમેરાયાં અને માસ્ટર ત્રિકમ નામના કલાકારે શંકરાચાર્યની ભૂમિકા કરી અને માસ્ટર અશરફખાન રાજા અમરુકની ભૂમિકામાં રજૂ થયો. પ્રયોગ સફળ રહ્યો.

૧૯૬૨માં કવિશ્રીનું અવસાન થયું ત્યારે, તેમની સ્મૃતિમાં ગુજરાતી તખ્તે મુંબઈમાં પ્રથમ રજૂ થયેલા નાટકને પુસ્તકરૂપે રજૂ કરવા મેં નિર્ણય લીધો અને શંકરાચાર્ય નાટકની પ્રથમ આવૃત્તિ ૧૯૬૪માં આકાર પામી.

આ સદીના છઠ્ઠા દાયકામાં આ જ વિષય પર ચલચિત્ર ઉતારવાની યોજના આકાર પામી અને ચલચિત્ર બન્યું, જેમાં શંકરાચાર્યની ભૂમિકા અભિ ભટ્ટાચાર્ય નામના કલાકારે ભજવી હતી, જેના કથાવિભાગમાં કવિશ્રીનું યોગદાન રહ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં એક પ્રસંગ મને યાદ આવે છે કે શંકરાચાર્યનું શૂટીંગ ચાલતું હતું ત્યારે, હું બાળવયે પિતાશ્રી સાથે ચિત્રપટ સામાહિકના તંત્રીશ્રી રતિલાલ શાહના આગ્રહથી શૂટીંગ જોવા ગયો હતો. ચલચિત્રના રંગઢંગ પ્રમાણે શૂટીંગ ચાલતું હતું. ત્યારે શંકરાચાર્યની ભૂમિકા કરતા વિખ્યાત બંગાળી નટ શ્રી અભિ ભટ્ટાચાર્યને પિતાશ્રીએ આ ચિત્રના નિર્માણ દરમ્યાન મદ્યપાન અને પરમાટીનો આહાર ન લેવા સૂચન કર્યું, જેથી ગુરુવર્યનો સૌમ્ય ચહેરો અને વાતાવરણની પવિત્રતા જળવાઈ રહે અને કલાકારે એ વાત માન્ય રાખી અને ચલચિત્ર બન્યું.

ત્યારબાદ સર્વદમન નામના દક્ષિણના કલાકારને આદિ શંકરાચાર્યમાં ભૂમિકા કરતા જોયો છે. સંસ્કૃત ભાષામાં દૂરદર્શન પર આ ચિત્રની રજૂઆત થઈ હતી.

બીજે પક્ષે નાટકમાં પ્રભુલાલ દ્વિવેદીએ સર્વ રંગ પૂર્યા હતા છતાં નાટક ભજવાયું નથી, એનું પ્રબળ કારણ એ જ કે બાળવયનો પ્રતિભાશાળી કલાકાર ગોત્યો છતાં મળ્યો નથી. આજના યુગમાં અને વર્તમાન સાંપ્રત સમાજપ્રવાહોમાં આવો કલાકાર દૃષ્ટિગોચર નથી થયો, અને આ નાટક ભજવવાની મારી ઈચ્છા પણ પૂર્ણ થઈ નથી.

૧૯૮૮માં આકાશવાણીના ડીરેક્ટર જનરલ અમૃતલાલ શિંદેનો દિલ્હીથી ફોન આવ્યો કે 'શંકરાચાર્ય' નાટકની સ્ક્રીપ્ટ સત્વરે મોકલો. આકાશવાણી તેના રાષ્ટ્રીય પ્રસારણમાં આ નાટક રજૂ કરવા માગે છે. ૨૫મી ઓગષ્ટ ૧૯૮૮માં 'શંકરાચાર્ય' આકાશવાણી પરથી રજૂ થયું, તેની આકાશવાણી તરફથી પ્રેસનોટ આ પ્રમાણે હતી :

સ્વ. પ્રભુલાલ દ્વિવેદીનું નાટક - ''જગદ્‌ગુરુ શંકરાચાર્ય''

નાટ્યમહર્ષિ સ્વ. પ્રભુલાલભાઈ દ્વિવેદીની પ્રાણવાન કલમે લખાયેલ નાટક ''જગદ્‌ગુરુ શંકરાચાર્ય'' તા. ૨૫ ઓગષ્ટે આકાશવાણી મુંબઈ ''એ'' પર રાત્રે ૯.૩૦ કલાકે અખિલ ભારતીય નાટ્ય-કાર્યક્રમોની શ્રેણીમાં રજૂ થશે, જેની ગુજરાતી રજૂઆત તેમના પુત્ર વિનયકાંત દ્વિવેદીએ કરેલ છે. પ્રસ્તુત નાટકમાં નાટ્ય-જગતના અગ્રણી કલાકારો સનત વ્યાસ, અરવિંદ વેકરિયા, શચી જોષી, મહેશ્વરી, મુકુંદ ગોરડીયા, મહેશ ભટ્ટ, પૂર્ણિમા મુન્સફ અને વિનયકાંત દ્વિવેદી ભાગ લેશે. ભારતની ૧૩ ભાષાઓનાં નાટકોમાં આ ગુજરાતી નાટકની પસંદગી થઈ છે.

આ નાટક ભારતની તેર જેટલી ભાષાઓમાં એક સાથે રજૂઆત પામ્યું, જેની સમીક્ષા 'મુંબઈ સમાચાર'માં તા. ૫-૯-'૮૮ના છપાઈ, જેમાં નાટકોના સમીક્ષક 'પ્રશાંત' આ નાટક વિશે લખે છે કે :

'નાટ્યમહર્ષિ સ્વ. પ્રભુલાલ દ્વિવેદીના 'આદિ શંકરાચાર્ય' (રેડિયો રૂપાંતર શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ તથા રજૂઆત શ્રી વિનયકાંત દ્વિવેદી) નામના એક કલાકના નાટકમાં ૨૪ જેટલા કલાકારોનો લેવાયેલો સાથ કદાચ વધુ પડતો લાગે. બીજું, શંકરાચાર્યના જીવન સાથે સંકળાયેલ એક દંતકથા કે શંકરને સન્યાસ લેવો'તો, તેથી માતા સાથે ન્હાવા ગયેલા, ત્યારે મગરમચ્છ એને ખેંચી જતો હતો, તે પોતાને સંન્યાસ ગ્રહણ કરવા દે તો મગર-ચૂડમાંથી મુકત થવાય ને માતાએ સંમતિ આપી. એના ઉપર લગીરે આશ્રય ન લેવાયો, તે ઉચિત હતું, તો કાપાલિકના પ્રસંગો નાટકને વધુ રસક્ષમ બનાવવા માટે હશે ? મંડનમિશ્ર સાથેની જીત બાદ એની પત્ની ભારતીના કામશાસ્ત્ર અંગે પૃચ્છા કરાયેલ પ્રશ્નોની વાત પણ ખૂબ જાણીતી છે, પણ એ માટે શંકરાચાર્યે મૃત શરીરમાં કરેલ પ્રવેશ પૂર્વે પોતાના શિષ્યોને શબનું રક્ષણ કરવાનું કાર્ય તેમ જ શબપ્રવેશ બાદ જૂના રાજાના અભિગમમાં આવેલ પરિવર્તન બાદની મહારાણીની વ્યથા અસરકારક હતી. પરંતુ સમસ્ત નાટકમાં જો કોઈ ઉત્તમોત્તમ, હૃદયંગમ, વેદનાને જાણે કે શબ્દ તથા ભાવના પ્રચુરતાથી રસેલ અંશ હોય તો તે શંકરની માતાનાં નારાયણદર્શન વખતમાં હતો. કરુણતાની પરાકાષ્ઠાનો ભાવ એમાં ભારોભાર હતો. તો એ પૂર્વે શંકરના આગમન માટે ઝૂરતી જનેતાની આરત પણ શ્રોતાઓને સ્પર્શ કરી ગઈ હશે. કાપાલિક નિર્દોષ કુમારિકાનાં બલિદાન માટે તલસે છે, ત્યારે આવી પહોંચેલ શંકરાચાર્ય એને બચાવીને 'ૐ નારાયણ' વગેરે બોલે ત્યારે, કાપાલિક કહે કે એનો (શંકરાચાર્યનો) પ્રભાવ ભય ઉપજાવે છે, ત્યારે કંઈક ચમત્કાર જેવું આજના યુગમાં લાગે જ. મંડનમિશ્ર તથા શંકરાચાર્ય વચ્ચેની શાસ્ત્રીય ચર્ચામાં પણ ભારે ઊંડાણ હતું, જો કે 'ભગવાન ચંદ્રશેખર'વાળું ચોથું દ્રશ્ય રેડિયો રૂપાંતરકારે અત્યંત ટૂંકું દ્રશ્ય આપવાને બદલે આગળ પાછળનાં દ્રશ્યો સાથે આમેજ કરી દીધું હોત તો વધુ સારું થાત. મૂળ નાટકમાં આપેલ દ્રશ્યોને પણ પરસ્પર સાંકળી લેવામાં ક્યારેક રૂપાંતરકારની કુનેહની જરૂર પડે છે. ક્યાંક જૂની રંગભૂમિના અવશેષરૂપ સામસામી બેતબાજી, પ્રસંગોચિતને જોરદાર પાર્શ્વનિનાદો. પણ કદાચ સહુથી વધુ તો નાટ્યમહર્ષિની આ કૃતિમાં અનેક વાર સંવાદોમાં વ્યક્ત થતાં રહેલ ગહન તત્ત્વજ્ઞાનને ઉચિત ભાષા તથા કલાકારોના સંઘકાર્યને લીધે પ્રતિભાદર્શક નાટક એકંદર શ્રવણક્ષમ રહ્યું. અ.ભ.ના કાર્યક્રમમાં રજૂ થવાનું શ્રેય અન્ય અનેક ગુજરાતી નાટકોને મળી શકે એમ છે, એની રાહ જોવી રહી.'

૧૯૯૬ના ફેબ્રુઆરી મહિનામાં કોઈક કૌટુંબિક કામ માટે મારા મોટા ભાઈ જનકભાઈ જોષીને ઘરે ઊતર્યો હતો. તેમના સુપુત્ર ડૉ. મિહિરે મહાભારતનાં પાત્રો પર રાજકોટના 'પ્રણવાનંદ સંસ્કૃત ભવન'માં ચાલતી વ્યાખ્યાનમાળામાં મને સાથે લઈ ગયા. અમારાં બેનશ્રી સરસ્વતીબેનનું 'ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ' સંસ્કૃત ભાષાના ઉત્કર્ષ માટે સક્રિય છે. રાતે બેઠાં બેઠાં સરસ્વતીબેન સાથે ચર્ચા થઈ અને મેં શંકરાચાર્યનો શિરમોર પ્રસંગ કહ્યો, તે અહીં પ્રસ્તુત છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શંકરાચાર્યે સંન્યાસ લીધો ત્યારે માને વચન આપ્યું હતું કે માના જીવનના અંતકાળ-સમયે જરૂરથી આવી જઈશ. સમગ્ર ભારતવર્ષની ભૂમિનું દેશાટન કરતાં કરતાં ગુરુદેવને માને આપેલું વચન યાદ આવ્યું અને એ કાળ હતો માનાં અવસાનનો. ગુરુજી જર્જરિત ઝૂંપડીમાં ખાટલા પર પડેલા માના રોગી નિર્બળ દેહને જૂએ છે. મોં પાસે કાન ધરે છે, તો શંકરના નામનો જાપ વહ્યે જાય છે. સંન્યાસીને માટે મા, બહેન કે પત્નીના કૌટુંબિક સંબંધો નિરર્થક ગણાય છે, એટલે શંકરાચાર્ય માને 'ક્ષમામયી' કહીને બોલાવે છે, ત્યારે મૃત્યુની આરાધના કરતી મા શંકરને કહે છે કે "તું મને આમ શા માટે બોલાવે છે ?" તે સમયનો સંવાદ આ પ્રકારનો છે :

શંકર : આ દેહ તમને આપેલા વચન મુજબ હાજર થયો છે, શું આજ્ઞા છે, ભગવતી ?

મા : તું મને ભગવતી, કલ્યાણમયી, પૃથ્વીસ્વરૂપ, આવાં સંબોધનોથી કેમ બોલાવે છે ? હું તારી મા, તું મારો દીકરો.

શંકર : હું ત્યાગી થયો ત્યારથી, ભગિની-ભકતોના કે માતા-પિતાના સંબંધો મેં ત્યજી દીધા છે.

મા : તો પછી આવ્યો શા માટે ?

શંકર : વચન પાળવા.

મા : આવ્યો એવો જ પાછો જા, બાપુ, મારે પરમહંસનું કામ નથી, મારે જગદ્ગુરુની જરૂર નથી, મારે તપસ્વી કે આચાર્યની અનુકંપા જોઈતી નથી, મારે જોઈએ છે અંતરના ઉમળકાથી બોલાવનાર મારો બાળ, મારો દીકરો.

શંકર : વારુ, કયા સંબોધનોથી બોલાવું તો આપ રાજી થાઓ ?

મા : સંસાર તજ્યો એ સાથે એય ભૂલી ગયો ? શંકર, કહે પિંડને નવ માસ કોણ નિભાવે છે ? મા. બાળક બોલતાં શીખે ત્યારે સૌથી પહેલા બોલ મુખમાં કયો આવે છે ? મા. બાળકના સુખ ખાતર અનેક કષ્ટો આનંદથી કોણ ઉઠાવે છે ? મા. અરે બદલાની જરાય આશા વિના સેવા કોણ બજાવે છે ? મા. બાળકના હજાર અવગુણ છૂપાવીને એક સદ્ગુણ આગળ કોણ લાવે છે ? મા. દારુણ દુઃખથી ઘેરાય ત્યારે વેદના વિસારવા માણસ કોને બોલાવે છે ? મા. જગતમાં ઓમકાર જેટલો જ પવિત્ર શબ્દ મા, એ બોલતાં તારો ધર્મ લાજતો હોય, તારી જિહ્વા અચકાતી હોય તો, -

શંકર : "નહીં અચકાય મા, માડી, જનેતા, જનની, જન્મદાત્રી, કહીને મા-દીકરો ગળે વળગે છે." પછી શંકર માને પૂછે છે કે, આવી હાલત કેમ થઈ ? ત્યારે મા કહે છે કે, બેટા, સંસાર સ્વાર્થી છે, તેનો ઉપદેશ તું આપતો હોઈશ, પણ અનુભવ તો હું કરૂં છું.

ઉપરોકત પ્રસંગ મારે મુખેથી સાંભળીને જનકભાઈ અને સરસ્વતીબેનની આંખો આંસુથી ઉભરાઈ ગઈ અને બહેને કહ્યું કે આ નાટક સંસ્કૃતમાં છાપવા વિચારી શકાય. આ નાટક ગુજરાતીમાં તો છપાયું છે, પણ સંસ્કૃત અને અંગ્રેજીમાં એકસાથે છપાય તો આ નાટકને આંતરરાષ્ટ્રીય ફલક મળે અને ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના વિદ્વાનો વિશ્વભરની નામાંકિત સંસ્થાઓમાં તેનો રસાસ્વાદ માણી શકે. ભવિષ્યમાં આવી યોજના સાકાર થાય તો સાહિત્યજગત માટે એક અપ્રતિમ ભેટ પૂરવાર થાય, તેમાં કોઈ શંકા નથી.

પરિચય :

નાટ્યકાર પ્રભુલાલ દયારામ દ્વિવેદી

સત્યના પૂજક જલારામ બાપાના વીરપુરમાં સરસ્વતીના પૂજક પ્રભુલાલભાઈનો જન્મ ૧૮૯૨માં ૧૫મી નવેમ્બરના ફુલબાઈની કૂખે થયો હતો. પિતા દયારામભાઈ વીરપુર રાજ્યના કારભારી હતા. પ્રભુલાલભાઈના દાદા પ્રેમજી હીરજીભાઈ વીરપુર રાજ્યના દીવાન હતા. જેતપુરની શાળામાં ચોથા ધોરણ સુધી અભ્યાસ અને સત્તર વર્ષની વયે કરાંચીની ખેત મનોડા વર્કશોપમાં મિકેનીકલ એન્જીનિયરનો ડીપ્લોમા મેળવ્યો. કરાંચીની લાઈબ્રેરીમાં હિંદી, ગુજરાતી, અંગ્રેજી તેમ જ સંસ્કૃત પુસ્તકોનું વાચન ખૂબ કર્યું. ૧૯૧૬માં "દેવી વત્સલા" નાટકથી તેમની નાટ્યયાત્રા શરૂ થઈ. મુંબઈમાં ૧૯૧૮માં સર્વપ્રથમ "શંકરાચાર્ય" નાટક ભજવાયું. તેઓનાં ૧૯૬૩ સુધીમાં ૫૫ જેટલાં નાટકો તખ્તા ઉપર ભજવાયાં. તેઓએ ૧૫ જેટલી હિન્દી ચલચિત્ર કથાઓ લખી હતી. આશરે ૧૫૯૯થી વધારે ગીતો લખેલ છે. તેમનાં નાટકોનાં ગીતો : "હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે," **એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી"** "સંપૂર્ણ જગતમાં ઈશ્વર એક જ, માનવ માત્ર અધુરાં", **"મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા"**, "ભારી બેડાં ને હું તો નાજુકડી નાર", વગેરે તેમનાં પ્રસિદ્ધ ગીતો છે. ૧૯૩૮માં રજૂ થયેલ **"વડિલોના વાંકે"**, કે ૧૯૪૬માં રજૂ થયેલ "ગાડાનો બેલ" આજે પણ લોકો સંભારે છે.

★ ૩૧મી જાન્યુઆરી ૧૯૬૨ના તેમનો સ્વર્ગવાસ થયો.

★ ૧૯૬૧માં તેમને ભારતના રાષ્ટ્રપતિનો શ્રેષ્ઠ એવોર્ડ મળ્યો.

શ્રી વિનયકાંત પ્રભુલાલ દ્વિવેદી :

સ્વ. શ્રી પ્રભુલાલ દ્વિવેદીના આ ૫૯ વર્ષીય પુત્ર શ્રી વિનયકાંત દ્વિવેદી અભ્યાસની દ્રષ્ટિએ એમ.એ., એલએલ.બી.ની પદવી ધરાવે છે અને છેલ્લાં ૧૯ વર્ષથી નાટ્ય-પ્રવૃતિઓ સાથે સંકળાયેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતમાં ૭ વર્ષ ''આકાશવાણી'માં અને ત્યારબાદ ૨૬ વર્ષ દેના બેંકમાં નોકરી કરી. તેમણે બે નાટકો ''સજોડે સંસાર''(૧૯૭૭)માં અને ''બાજી ચોપાટની, પાસા શકુનિના''(૧૯૮૨)માં તખ્તા ઉપર રજૂ કર્યાં હતાં. દૂરદર્શન ઉપરથી ''બોરસલ્લી'', તેમ જ ''પારિજાત'' નામના કાર્યક્રમો અને શ્રેણીઓ રજૂ કરી છે. તાજેતરમાં પ્રા. બકુલ રાવળ સાથે તેમણે જૂની રંગભૂમિનાં પ્રસિદ્ધ ગીતોનું સમીક્ષાત્મક પુસ્તક ''એ તખ્તાનાં ગીતો અનેરાં'' પ્રસિદ્ધ કર્યું છે.

સરનામું :-

શ્રી વિનયકાંત પ્રભુલાલ દ્વિવેદી,
૩૦૩, રોયલ પેલેસ કો. હા. સોસાયટી,
૧૦/૧૬, શાસ્ત્રીનગર, ચાર બંગલા માર્ગ,
અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮.



મહામાનવ : આદિ શંકરાચાર્ય

शंकरं शंकराचार्यं केशवं बादरायणम् ।
सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥

વિશ્વમાનવ-પરંપરા-પ્રસ્થાપક

આદિ શંકરાચાર્યને ભારતની જ નહિ, સમગ્ર વિશ્વની એક વિરલ વિભૂતિ ગણાવી શકાય. જો સમગ્ર જગતની કોઈ પણ સમયે જીવી ગયેલી ૧૦ કે ૧૨ વિભૂતિઓનાં નામોની ગણના કરવામાં આવે, તો આચાર્ય આદિ શંકરાચાર્યનું નામ અવશ્ય તેમાં સ્થાન પામે. તે શું શું હતા, તે ગણાવવું પણ અસંભવ નહિ તો અઘરું તો અવશ્ય છે.

ફક્ત ૩૨ વર્ષની નાની વયમાં પોતાનું અભૂતપૂર્વ કાર્ય ભારતની ભૂમિ ઉપર છેક બદરીનારાયણથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી પ્રસરાવી જનાર આદિ શંકરાચાર્ય મહાન **કર્મયોગી** હતા. પ્રસ્થાનત્રયી-ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા-ઉપર ભાષ્ય લખીને અદ્વૈત-કેવલાદ્વૈતવાદ-ની પ્રસ્થાપના કરનાર તે મહાનુભાવ **જ્ઞાનયોગી** હતા. ભક્તિભાવથી છલકાતાં પંચદેવોપાસનાનાં અનેક સ્તોત્રો રચીને આજે પણ ભક્તિની સરિતા વાચક-પાઠકના હૃદયમાં સદા વહેતી રાખનાર એ **भक्तियोगी** હતા. સર્વશાસ્ત્રોના જ્ઞાતા, વક્તા અને વાદવિવાદમાં પુરસ્કર્તા એવા આદિ શંકરાચાર્ય **शास्त्रयोगी** હતા. પ્રજામાત્રના હૃદયમાં ધર્મની ભાવનાને પ્રવાહિત કરવામાં સતત કાર્યશીલ એવા એ **ધર્મયોગી** હતા. સહુથી વિશેષ તો, તેમનું હૃદય બુદ્ધ કે મહાવીરની જેમ યજ્ઞની વેદી ઉપર કલ્પાંત કરતા પશુની ચીસથી નહિ પણ સંસારના પ્રત્યેક પ્રાણીને ત્રિવિધ તાપથી પીડાતો જોઈને દ્રવી ઊઠ્યું હતું. **न हि न हि रक्षति डुकृञ् करणे ।** કહીને તેમણે કહેવાતી વિદ્યાઉપાસના-ગોખણપટ્ટી કે ઉદરંભરી શાસ્ત્રપ્રવૃત્તિની ઠેકડી ઊડાડી અને 'માનવી, તારું સ્વર્ગ તો તારી પાસે છે, તારી અંદર છે, અરે તે પરમ તત્ત્વ તું છે, **'तत् त्वम् असि'**, એમ કહીને પ્રત્યેક માનવીને દુઃખમુક્ત કરવાની સમ્યક્ જ્ઞાનમય પ્રવૃત્તિ આચરનાર શંકરાચાર્યથી વધીને માનવ ઉપર કરુણા વરસાવનાર બીજો કોણ હોઈ શકે ? આથી તેમને **કરુણાયોગી** કહેવા યોગ્ય છે. **'पीड पराई जाणे रे'** એ કોટિમાં આવનાર અગ્રણીઓમાં એ સહુથી અગ્ર-હરોળમાં બિરાજે છે. આથી તો પરંપરાએ તેમને માનવમાત્ર ઉપર કરુણા કરનાર **करुणावरुणालय** માન્યા અને **शंकरं लोक-शंकरम्** ગણાવ્યા છે. એક શ્લોકમાં તેમની વારંવાર સ્તુતિ થાય છે :-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्मृतिश्रुतिपुराणानामालयं करुणालयम् ।
नमामि भगवत्पादं शंकरं लोक-शं-करम् ॥

આદિ શંકરાચાર્ય આજની પરિભાષામાં યુગપ્રવર્તક મહામાનવ હતા, **વિશ્વમાનવ** હતા. તેમના સિદ્ધાન્તો તેમની કંઠી બાંધે તેને જ મુક્તિ આપે, તેવી ભાવનાથી ક્યાંય વ્યક્ત થયા નથી. તેમના 'અદ્વૈતવાદ'માં 'બ્રહ્મ' સિવાય અન્ય કોઈનું કાંઈ પણ વસ્તુ કે પદાર્થનું-સજીવ કે નિર્જીવનું - બ્રહ્મથી ભિન્ન એવું અસ્તિત્વ જ નથી. પછી નાત, જાત, ધર્મ, વર્ણ, એકેયને અવકાશ ક્યાંથી હોય ? આત્મા તો સ્ત્રી કે પુરુષ પણ ન હોય, પછી તે હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર ક્યાંથી હોઈ શકે ? આમ, એમના કેવલાદ્વૈતના મતમાં માનવમાત્રને માટે દ્વાર ખુલ્લાં છે; આથી તો પરંપરા એમને **लोक-शं-करम्** (**लोक**-મનુષ્યમાત્રનું **शं**-કલ્યાણ **करम्**-કરનાર) સમગ્ર લોકનું-માનવમાત્રનું-કલ્યાણ કરનાર તરીકે નવાજે છે.

ભારતની દશા

આદિ શંકરાચાર્યના આગમન પૂર્વેની ભારતની પ્રજાની દશા તો ઈતિહાસની આરસીમાં પ્રતિબિંબિત પણ થઈ શકતી નથી. એક રીતે તો તે 'અંધકાર યુગ' જ હતો. દેશમાં અરાજકતા ઘર કરી ગઈ હતી. આખા દેશની દયા ખાનાર કોઈ ન હતું. અરે ! આ આખો દેશ મારો છે, એવું માનનાર પણ કોઈ ન હતું. સહુ કોઈ નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલા અને સ્વાર્થ સાધવામાં પડેલા હતા. રજવાડાંઓ માંહે માંહે લડતાં, કપાઈ મરતાં. પ્રજા રીબાતી, પીસાતી, રંજાડાતી પણ તેની કોઈને પડી ન હતી. ધર્મના નામે પાખંડ ચાલતો. શાસ્ત્રોનું સ્થાન પાખંડચરિતોએ લીધું. શુદ્ધ યજ્ઞયાગ કે તપયોગના સ્થાને જાદુ-ટોણા કે મંતર-જંતર ચાલતા. વિદ્વાન-સાચા વિદ્વાન-ની પ્રતિષ્ઠા થતી ન હતી અને કહેવાતા ધર્મગુરુઓ પ્રજાને પોતાનું પેટ ભરવા માટે અવળાં ચશ્માં પહેરાવતાં હતાં. યજ્ઞબલિ વ્યાપક હતો. ગરીબ પશુધન રહેંસાતું હતું. ભૂત-પ્રેત-પિશાચની વાતોની બોલબાલા હતી. સામાન્ય માનવીને પોતાનું અસ્તિત્વ શોધવું મુશ્કેલ બન્યું હતું. ધર્મના નામે ધતિંગ ચાલતાં હતાં. વર્ણાશ્રમની આદર્શ સમાજ વ્યવસ્થામાં એટલાં બધાં તો દૂષણો ભરાઈ ગયાં હતાં કે તેનું મૂળ શુદ્ધ સ્વરૂપ શોધવું મુશ્કેલ બન્યું હતું. ધર્મની બાબતમાં 'સાપ ગયા અને લીસોટા રહ્યા', જેવી દશા હતી. સત્યધર્મ કે સાચું તત્ત્વજ્ઞાન કેવળ ભૂતકાળની કલ્પના બની ગયું હતું. જ્યાં જુઓ ત્યાં વહેમ, પાખંડ, ધતિંગ અને ભ્રષ્ટાચાર વ્યાપી ગયાં હતાં. (આજની દશા આનાથી બહુ સારી તો નથી જ !) ધર્મ કેવળ બાહ્યાચારમાં છેલ્લા શ્વાસ લેતો હતો. શૈવ, વૈષ્ણવ, કાપાલિક, શાક્ત, સૌર, ગાણપત્ય જેવા અનેક સંપ્રદાયોમાં હિન્દુધર્મ વહેંચાઈ જવાથી એનું સાચું સ્વરૂપ દિવસે પણ દીવો લઈને શોધવા જવું પડે તેવી દશા હતી.

ક્યાં **तेन त्यक्तेन भुञ्जीथाः**ની વૈદિક ભાવના અને ક્યાં એ સમયની કેવળ પુરોહિતનું તરભાણું ભરવાની લોભપ્રધાન ધર્મવ્યવસ્થા ? વળી, ધર્મના નામે '**पञ्च मकार**'નું પ્રચલન. માંસ, મદ્ય કે મૈથુન-વ્યભિચારને પણ પ્રજાના કોઈક વર્ગમાં સમ્માન્ય, ધર્મમય સ્થાન મળી ગયું હતું. ''**परस्त्रीकण्ठलग्नस्य पुनर्जन्म न विद्यते** । - પારકાની સ્ત્રીના ગળે વળગે, તેનો પુનર્જન્મ થાય નહિ'', એવી અતિશૂદ્ર પ્રકારની મુક્તિવ્યાખ્યાઓ યોજાઈ. ''**ऋणं कृत्वा घृतं पिबेत्** । - દેવું કરીને પણ ઘી પીવું'', એવો જીવન-આદર્શ બની ગયો હતો. યોગના સ્થાને ભોગ, ત્યાગના સ્થાને સ્વાર્થ, ધર્મના સ્થાને ધતિંગ, જ્ઞાનના સ્થાને અજ્ઞાન, શ્રદ્ધાને સ્થાને અંધશ્રદ્ધા, કરુણાને સ્થાને ક્રૂરતા, પ્રેમના સ્થાને મોહ, કર્મયોગના સ્થાને જડતા, તપના સ્થાને વિલાસ, આમ, ''ખરાબ સિક્કા સારા સિક્કાઓને બજારમાંથી હાંકી કાઢે છે-Bad coins tend to drive away good coins from the market'', જેવો ગ્રેશામનો કાયદો સમાજનાં સર્વ ક્ષેત્રોમાં વ્યાપી ગયો હતો. શુદ્ધ, સાત્ત્વિક કે સત્ય કહી શકાય તેવું છાયારૂપે પણ મળવું મુશ્કેલ બન્યું હતું. આ બધાનું કારણ હતું, ભારતની વેદકાળની ભવ્ય પ્રાચીન પરંપરાને પ્રજા વિસરી ગઈ હતી અને એનું સ્થાન કહેવાતી 'ધાર્મિકતા'એ લઈ લીધું હતું. આથી ''જેનાથી ઐહિક ઉન્નતિ અને પારલૌકિક પરમ કલ્યાણની પ્રાપ્તિ તે ધર્મ''-**यतोऽभ्युदयः निःश्रेयससिद्धिः स धर्मः** । એવી ધર્મની સાચી વ્યાખ્યા અને તેનું અનુસરણ લુપ્ત થઈ ગયાં. પરિણામે, મનુષ્ય શરદઋતુની પુનમના ચંદ્રની જેમ પૂર્ણ છે, શુદ્ધ છે, બુદ્ધ છે, મુક્ત છે, નિરંજન છે, નિરાકાર છે, સદા સુખી છે, એવી વેદ કે ઉપનિષદના કાળની ભાવના વિસરાઈ ગઈ હતી અને 'હું દુ:ખી, અલ્પજ્ઞ, સદા પીડાતો, બંધાયેલો જીવું છું', આવી અલ્પમતિની ભાવના ઘર કરી ગઈ હતી. આથી 'મનુષ્ય માત્ર કેવળ દુ:ખનું જ પાત્ર' બની ગયો હતો, **सर्वं क्षणिकम्** માનીને દુ:ખી દુ:ખી થતો અને કેવળ કર્મથી જ બધું મળશે, એમ માની સારાં-નરસાં કર્મોની કરોળિયાની જાળ રચીને તેમાં જ તે ફસાઈ ગયો હતો. પ્રતિપળ દુ:ખી થતો હતો. આ સમયે લોકશંકર કરુણાલય શંકરાચાર્ય આવ્યા. એ માનવમાત્રના દુ:ખનો અંત આણવા આવ્યા. ભારતના ભવ્ય ભૂતકાળને પુનર્જીવિત કરવા આવ્યા. માણસને તેની જડતા કે આળસમાંથી ઉઠાડવા આવ્યા. તેના અજ્ઞાનને ઢંઢોળવા આવ્યા. અને એના સાચા સ્વરૂપનું જ્ઞાન આપવા આવ્યા. અને તેમણે જ્ઞાનનો સૂર્યોદય કર્યો. પરિણામે, સમગ્ર અજ્ઞાન, પાખંડ અને જડતાનો અંધકાર દૂર થઈ ગયો.

આદિ શંકરાચાર્યનું ભારતભૂમિમાં અવતરણ એવા સમયે થયું જ્યારે ભારતની પ્રજા **इतो भ्रष्टः, ततो भ्रष्टः** - Torn between two જેવી હતી. સમાજના હિતચિંતકો પણ દ્વિધામાં હતા. તેઓને પણ પ્રજાકલ્યાણનો-ક્ષણે ક્ષણે દુ:ખી થતા માનવના કલ્યાણનો-માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂઝતો ન હતો. પ્રાચીન પરંપરાઓ કાટ ખાઈ ગઈ હતી અને જે નવી ધાર્મિકતા જન્મી હતી, તે ખોખલી હતી. ભૌતિકતાના અતિરેકથી પીડાતી પ્રજાને અંધારામાં અટવાતી જોઈને સહુ કોઈ વિસામણમાં પડ્યા હતા. આવા દિશાન્ધકારના યુગમાં જાણે કેરલના એક ખૂણાના ગામમાં પ્રભાતના સૂર્યનો ઉદય થાય, તેમ આદિ શંકરાચાર્યનો જન્મ થયો.

શંકરાચાર્યનાં માતા-પિતા

'શંકરદિગ્વિજય' નામના અનેક ગ્રંથો રચાયા છે, જેમાં આદિ શંકરાચાર્યનાં માતા-પિતા વગેરેની માહિતી છે. કેરલના વૃષાદ્રિ પર્વત ઉપર પૂર્ણાનદીના પવિત્ર કાંઠે કાલટિ (કેટલાક 'કાલડી' પણ લખે છે) નામના ગામમાં વિદ્યાધિરાજ નામના પવિત્ર બ્રાહ્મણ નિવાસ કરતા હતા. તેમને પૂર્વપુણ્યના પ્રતાપે શિવગુરુ નામનો પુત્ર થયો. તે શિવગુરુ બુદ્ધિમાન, તેજસ્વી અને અનેક ગુણોથી યુક્ત હતો. વેદ, વેદાંગ અને સઘળાં શાસ્ત્રોનું અધ્યયન વિધિપૂર્વક ગુરુના ઘેર રહીને તેઓએ કર્યું. તેમની ઈચ્છા બ્રહ્મચર્ય આશ્રમમાંથી સીધો સંન્યાસ ધારણ કરવાની હતી, પરંતુ તેમના ગુરુનો આદેશ થયો કે તેઓએ ગૃહસ્થાશ્રમી થવું. શિવગુરુ પોતાના ઘરે પાછા ફર્યા.

શિવગુરુના પિતા વિદ્યાધિરાજે યોગ્ય તપાસ કરીને મઘપંડિત નામના એક પવિત્ર અને વિદ્વાન બ્રાહ્મણની કન્યા સતી સાથે શિવગુરુનું વિધિપૂર્વક લગ્ન કર્યું. તે બંને સતી અને શિવગુરુ સુંદર વસ્ત્રોથી સુસજ્જ રહેતાં. તેઓ સુંદર દંતપંક્તિ અને સુંદર અલંકારો તથા વિકસિત કમળ જેવાં રમણીય મુખને ધારણ કરતાં હતાં. લજ્જાપૂર્વક, હાસ્યયુક્ત મુખ જોઈ પરસ્પર આનંદ પામતાં હતાં અને ભગવાન શિવ તથા પાર્વતીની જેમ ઉત્તમ સુખ ભોગવતાં હતાં.

> तौ दम्पती सुवसनौ शुभदन्तपंक्ती
> संभूषितौ विकसिताम्बुजरम्यवक्त्रौ ।
> सव्रीडहासमुखवीक्षणसंप्रहृष्टौ
> देवाविवापतुरनुत्तमशर्मनित्यम् ॥

शंकरदिग्विजयम् २-३५

આ શિવગુરુ રૂપમાં કામદેવ સમાન, ક્ષમામાં પૃથ્વીરૂપ, વિદ્યામાં સર્વશ્રેષ્ઠ અને ધનવાનોમાં અગ્રણી હતા. આમ હોવા છતાં એ ગર્વ કરવાનું તો જાણતા જ નહતા. વિનયી અને સદાનમ્ર એવા શિવગુરુ વૃદ્ધ થયા, પણ સંતાનનું મુખ તેઓએ જોયું નહિ :-

> रूपेषु मारः क्षमया वसुंधरा
> विद्यासु वृद्धो धनिनां पुरःसरः ।
> गर्वानभिज्ञो विनयी सदा नतः
> स नोपलेभे तनयाननं जरन् ॥

शंकरदिग्विजयम् २-४०

દંપતીનું તપ, શિવની કૃપા

પતિ-પત્નીએ પરસ્પર ચર્ચા-વિચારણા કરીને, કલ્પવૃક્ષ સમાન ભગવાન શિવની આરાધના કરવાનો નિર્ણય કર્યો. શિવગુરુએ ભગવાન શિવને તપથી પ્રસન્ન કર્યા, પણ ઘણા સમયે, અત્યંત કઠોર પરિશ્રમ પછી તેઓ નિદ્રામાં હતા ત્યારે, ભગવાન શિવે દર્શન આપી તેની ઇચ્છા જાણી કહ્યું કે 'હું તને સર્વજ્ઞ અને સર્વગુણસંપન્ન, પણ અલ્પાયુષી-ઘણું ઓછું જીવનારો એક પુત્ર આપું કે તેથી ઊલટા ગુણવાળા લાંબું જીવનારા બહુ પુત્રો આપું ?'

ભગવાન શિવને ઉત્તરમાં શિવગુરુએ અલ્પજીવી પણ સર્વજ્ઞ અને પ્રસિદ્ધ કીર્તિવાળા પુત્રની પસંદગી કરી અને ભગવાને તે બંનેને ઘેર પાછા ફરવા જણાવ્યું અને તેઓની ઈચ્છા મુજબનો પુત્ર પ્રાપ્ત થશે, તેવું વરદાન આપ્યું :-

> देवोऽप्यपृच्छदथ तं द्विज विद्धि सत्यं
> सर्वज्ञमेकमपि सर्वगुणोपपन्नम् ।
> पुत्रं ददाम्यथ बहून् विपरीतकांस्ते
> भूर्यायुषस्तनुगुणानवदद् द्विजेशः ॥

शंकरदिग्विजयम् २-५२

> पुत्रोऽस्तु मे बहुगुणः प्रथितानुभावः
> सर्वज्ञतापदमितीरित आबभाषे ।
> दद्यामुदीरितपदं तनयं तपो मा-
> पूर्णे भविष्यसि गृहं द्विज गच्छ दारैः ॥

शंकरदिग्विजयम् २-५३

બંને પતિપત્ની સંતુષ્ટ થઈ પોતાનાં ઘરે પાછા પધાર્યા. યોગ્ય સમય વ્યતીત થતાં, એમને ત્યાં શુભ મુહૂર્તમાં એક અત્યંત તેજસ્વી બાળકનો જન્મ થયો. એ બાળકનું મુખ જોતાં જ એ अग्र्यम् शम् એટલે ઉત્તમ સુખ कुरुते પેદા કરતો હતો, તેથી તેના પિતાએ તે બાળકનું નામ રાખ્યું અથવા 'શંકર'ની કૃપાથી એનો જન્મ થયો હતો તેથી, તેનું નામ શંકર રાખવામાં આવ્યું :-

> यत्पश्यतां शिशुरसौ कुरुते शमग्र्चं
> तेनाकृतास्य जनकः किल शंकराख्याम् ।
> यद्वा चिराय किल शंकर-संप्रसादा-
> ज्जातस्ततो व्यधित शंकरनामधेयम् ॥

शंकरदिग्विजयम् २-८३

આ બાળક શંકર અનેક દિવ્યચિહ્નો અને ગુણોથી યુક્ત હતા. તે બાળકના માથા ઉપર ચંદ્રનું, લલાટમાં નેત્રનું અને બંને હાથ ઉપર ત્રિશૂલનું ચિહ્ન હતું. તેનો વર્ણ સ્ફટિક જેવો શ્વેત હતો. આથી લોકો તેને શંભુ કહેતા. તે બાળક કુશળ રાજનીતિવાળા રાજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યલક્ષ્મીની જેમ, વ્યસનથી મુકત એવા વિદ્વાનની વિદ્યાની જેમ, શરદઋતુના ચંદ્રની કાંતિની જેમ, પોતાનાં માતાપિતાના સંતોષની સાથે વધવા માંડ્યો.

> राज्यश्रीरिव नयकोविदस्य राज्ञो
> विद्येव व्यसनदवीयसो बुधस्य ।
> शुभ्रांशोश्छविरिव शारदस्य
> पित्रोः संतोषैः सह ववृधे तदीयमूर्तिः ॥

शंकरदिग्विजयम् २-९१

બાળક શંકરના પિતા તેની નાની ઉંમરમાં-ફક્ત ત્રણ વર્ષની વયે જ-મૃત્યુ પામ્યા. હવે બાળક શંકરના ઊછેરની સઘળી જવાબદારી માતા સતી ઉપર આવી. એક પરંપરામાં તેમનું નામ આર્યામ્બા પણ દર્શાવ્યું છે. માતાએ પ્રેમથી બાળકને ઊછેર્યો. પાંચેક વર્ષની વયે યોગ્ય રીતે ઉપનયન સંસ્કાર કરીને બાળક શંકરને ગુરુના ઘેર અભ્યાસ માટે મોકલવામાં આવ્યો. બાળક વયમાં નાનો પણ પ્રતિભામાં પહાડ જેવો ઊંચો. એ જોઈને ગુરુ તો આશ્ચર્યચકિત થયા. સહાધ્યયીઓનું તો તેની સાથે સહપઠન કરવાનું કોઈ ગજું જ ન હતું. ગુરુને થતું : 'આને હું શું ભણાવીશ ? આ તો બધું ભણીને આવ્યો છે.' અલ્પકાળમાં અનેક શાસ્ત્રોનું અધ્યયન બાળક શંકરે કરી લીધું. જાણે પૂર્વજન્મની વિદ્યા આપમેળે જ એને સ્ફુરતી હતી.

ગૃહિણી પર કૃપા

પરંપરામાં સર્વત્ર નોંધવામાં આવ્યું છે કે બાલ્યાવસ્થામાં અધ્યયન કરતી વખતે એક વાર બાળક શંકર કોઈક પૈસે-ટકે દરિદ્ર પણ ગુણોમાં સમૃદ્ધ એવી ગૃહિણીના ઘરે ભિક્ષા માટે ગયા. બાળકના મુખ પરનું તેજ જોઈને ગૃહિણી પ્રભાવિત થઈ. તેને બાળક ઉપર વરસી જવાની વૃત્તિ થઈ આવી. પણ એની દરિદ્રતા આડે આવી. ઘરમાં એવું કાંઈ જ ન મળ્યું કે જે ઉત્સાહપૂર્વક બાળક શંકરને આપી શકે. તેણીને એક આમળું મળી આવ્યું અને તેણીએ તે આમળું બાળક શંકરની ઝોળીમાં ભિક્ષારૂપે પીરસ્યું. પણ પોતે અકિંચન છે અને કાંઈ આપી શકતી નથી, તેનો વસવસો એ માતાના હૃદયમાં હતો. આથી ભિક્ષા પીરસતાં તેણીની આંખમાં આંસુ આવી ગયાં. આથી બાળક શંકરને કરુણા ઉપજી. તેઓએ તરત જ લક્ષ્મીજીની સ્તુતિ કરતું कनक-धारा-स्तोत्र ઉચ્ચાર્યું અને એ ગૃહિણીના ઘરમાં સોનાનાં આમળાંની વૃષ્ટિ થઈ. આજે પણ કાલટી નજીક svarnattam-સુવર્ણગૃહ તરીકે એ દેવીનું ઘર જળવાઈ રહેલું બતાવવામાં આવે છે. આવી હતી બાળક શંકરની 'પીડ પરાઈ' જાણવાની શકિત અને ભાંગવાની ભકિત !

'कनकधारास्तोत्र' આમ શંકરાચાર્યની પ્રથમ બાળપણની રચના, જે પરમ કરુણામાંથી વહી હતી અને એક દરિદ્ર માતાનું કલ્યાણ કરી ગઈ. આજે પણ પોતાના દારિદ્ર્યને દૂર કરવા ઇચ્છનારે ભકિતપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરવો રહ્યો.

બાળક શંકરની વાણી

બાળક શંકરની વાણી તો અદ્‌ભુત હતી. शङ्करदिग्विजयમાં માધવાચાર્ય લખે છે :

> विक्रीता मधुना निजा मधुरता दत्ता मुदा द्राक्षया
> क्षीरैः पात्रधियार्पिता युधिजिताल्लब्धा बलादिक्षुतः ।
> न्यस्ता चौरभयेन हन्त सुधया यस्मादतस्तद्गिरां
> माधुर्यस्य समृद्धिरद्‌भुततरा नान्यत्र सा वीक्ष्यते ॥

शंकरदिग्विजयम् ४-९१

"શંકરાચાર્યની વાણીને મધે પોતાની મધુરતા વેચાતી આપી, દ્રાક્ષે આનંદથી ભેટ આપી, દૂધે તેને પાત્ર માની તેમાં સ્થાપી. શેરડીની મધુરતા આ વાણીએ તેને હરાવીને બળપૂર્વક જીતી લીધી અને અમૃતે પોતાની મધુરતા કોઈ ચોરી જશે એ ડરથી શંકરાચાર્યની વાણીમાં તેને થાપણરૂપે મૂકી. આથી આ વાણીની માધુર્યની અત્યંત અદ્‌ભુત એવી સમૃદ્ધિ બીજે કયાંય જોવા મળતી નથી."

મગર-પ્રસંગ

આદિ શંકરાચાર્યના જીવનના જે અનેક સુપ્રસિદ્ધ પ્રસંગો છે, તેમાં મગરનો પ્રસંગ બહુ જ જાણીતો છે. કહે છે બાળક શંકરની તીવ્ર ઇચ્છા સંન્યાસ ધારણ કરવાની હતી, પરંતુ માતાની મમતા તેમાં મંજૂરીની મહોર મારતી ન હતી. એક વાર માતા અને પુત્ર નદીએ સ્નાન કરવા ગયાં, ત્યાં માતા કિનારા ઉપર હતી અને બાળક શંકર પાણીમાં. એ વખતે એક ભીમકાય મગરે બાળક શંકરનો પગ પકડ્યો. બાળકે ચીસ પાડી. માતાએ તે દિશામાં જોયું. બાળક મગરની પકડમાંથી છૂટવા પ્રયત્ન કરી રહ્યું હતું. પણ બધા પ્રયત્નો નિષ્ફળ જતા હતા અને મગર તેને ઊંડા પાણી તરફ ખેંચી જતો હતો. બાળકે માતા પાસે આજીજી કરી, 'જો તું મને સંન્યાસ લેવાની રજા આપે તો આ મગર મને જીવતો છોડે.'. મરતા બાળકને બચાવવા માટે માતાએ તરત અનુમતિ આપી અને કહે છે કે બાળકનો બચાવ થયો. આ પ્રસંગ બાળક શંકર ફક્ત આઠ વર્ષની ઉંમરના હતા ત્યારે બન્યો. આ અદ્‌ભુત પ્રસંગને પરિણામે બાળક શંકરને આટલી નાની-કાચી ઉંમરે સંન્યાસની દીક્ષા માટે અનુમતિ મળી. એના આનંદનો પાર ન રહ્યો.

સદ્‌ગુરુની પ્રાપ્તિ

માતાની મંજૂરી મળી. પણ હવે બાળક શંકરને યોગ્ય ગુરુની તલાશ હતી. તે કેરળમાં કયાંથી મળે ? આ આઠેક વર્ષના કુમળીવયના પણ પાકટ બુદ્ધિના બાળક શંકરે સાહસ કર્યું. હાથમાં દંડ લઈને નદી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાળાં, જંગલ કે રાજમાર્ગ ખૂંદતાં ખૂંદતાં તેઓ દક્ષિણમાં કેરળમાં છેક પૂર્ણાના કાંઠેથી આરંભી, ઉત્તરમાં નર્મદા સુધી પહોંચી ગયો. **पुण्या सर्वत्र नर्मदा**ના કિનારે આ દિવ્ય બાળકને તેની જિજ્ઞાસાની તૃપ્તિ કરે તેવા આદર્શ ગુરુ સ્વામી ગોવિંદપાદની પ્રાપ્તિ થઈ. બાળક શંકરે નમન કર્યું અને ગુરુ ગોવિંદપાદે પ્રશ્ન કર્યો-'તું કોણ છે ?' ઉત્તરમાં મેધાવી બાળક ગુરુને આશ્ચર્યચકિત કરતો હોય તેમ બોલ્યો :-

ના હું ભૂમિ છું કે ના જળ,
નથી હું તેજ કે નથી વાયુ.
નહિ વળી આકાશ કે તેનો ગુણ,
ઈન્દ્રિયો હું નથી કે નથી હું મન,
બસ, હવે બાકી રહેનાર એવો
કેવળ શિવ હું છું : **शिवः केवलोऽहम् ।**

ગુરુ રોમેરોમ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા. બાળક શંકરનો શિષ્યરૂપે સ્વીકાર કર્યો. આવા અભૂતપૂર્વ ગુરુ અને અદ્દભુત શિષ્યનો સમાગમ એવી ધન્ય ઘડીએ થયો કે પરિણામે સમગ્ર સંસાર ધન્ય બની ગયો. ગુરુસેવા, પ્રણિપાત અને પરિપ્રશ્ન દ્વારા બાળક શંકરે બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસેથી આમૂલ જ્ઞાનનું આકંઠ પાન કર્યું. ગુરુએ એમને પ્રાચીન ભારતીય વૈદિક પરંપરા અનુસાર સંન્યાસ-દીક્ષા આપી અને વેદ અને વેદાન્તના સારભૂત સિદ્ધાન્તોને વ્યક્ત કરતાં ચાર મહાવાક્યોનો ઉપદેશ કર્યો :-

(૧) **प्रज्ञानं ब्रह्म ।** - ઋગ્વેદના ઐતરેય ઉપનિષદનું આ વાક્ય જણાવે છે કે બ્રહ્મ એટલે વિશ્વમાં સર્વત્ર વ્યાપીને રહેલું પરમતત્ત્વ જ્ઞાનસ્વરૂપ છે. જેમ સૂર્ય પ્રકાશસ્વરૂપ કહેવાય, એટલે સૂર્ય અને પ્રકાશ એકબીજાથી જુદા નથી, એમ બ્રહ્મ અને જ્ઞાન એકબીજાથી ભિન્ન નથી.

(૨) **तत्त्वमसि ।** - સામવેદના છાંદોગ્ય ઉપનિષદનું આ વાક્ય છે. એમાં ગુરુ શિષ્યને કહી રહ્યા છે : **तत्** એટલે તે બ્રહ્મ, **त्वम्** એટલે તું અર્થાત્ જીવ, **असि**-છું. એટલે બીજા શબ્દોમાં, તે બ્રહ્મ અને આ જીવ બંને એક છે. તે બંનેમાં કોઈ ભેદ નથી.

(૩) **अहं ब्रह्मास्मि ।** - યજુર્વેદના બૃહદારણ્યક ઉપનિષદનું આ વાક્ય છે : 'હું બ્રહ્મ છું'. ઉપરનું **तत्त्वमसि** વાક્ય ગુરુ શિષ્યને કહે છે અને તેનું સ્વારસ્ય પામીને શિષ્યને જ્ઞાન થાય, એટલે એ કહે છે - 'હું બ્રહ્મ છું' અર્થાત્ આ જીવ શિવ છે, આત્મા પરમાત્મા છે. તે બ્રહ્મથી ભિન્ન નથી - **जीवो ब्रह्मैव नापरः ।**

(૪) **अयमात्मा ब्रह्म ।** - અથર્વવેદના માંડૂક્ય ઉપનિષદનું આ વાક્ય છે : આ આત્મા બ્રહ્મ છે. અહીં આત્મા અને બ્રહ્મનું, જીવ અને શિવનું અભિન્નત્વ સિદ્ધ થઈ ગયું છે, એમ સ્પષ્ટ દર્શાવાયું છે.

બાળક શંકરે આગળ જતાં આ ચાર મહાવાક્યોને પોતાના તત્ત્વજ્ઞાનના મંદિરના ચાર આધાર-સ્તંભો બનાવ્યા અને તેની ઉપર જ જાણે કે સમગ્ર વિચારધારાની ઈમારત ચણી.

નર્મદાનું પૂર : બાળક શંકરની સિદ્ધિ

માતા નર્મદાને કિનારે રહેતાં રહેતાં, માતા નર્મદા માટે બાળક શંકરના હૃદયમાં જે પ્રેમ જાગ્યો, તેના પરિણામે **नमामि देवी नर्मदे ।**ની ધ્રુવપંક્તિ ધરાવતું અદ્દભુત ગેય સ્તોત્ર 'નર્મદાષ્ટક' આપણને મળ્યું છે. અહીં જ કદાચ પોતાના પૂજ્ય ગુરુ ગોવિંદપાદાચાર્યની ભક્તિને મૂર્ત કરતાં **गुरु-अष्टक**ની રચના પણ તેઓએ કરી હશે. નર્મદાનો સુરમ્ય કિનારો કવિતાની પ્રેરણા આપવા માટે આજે પણ સક્ષમ છે.

એક વાર નર્મદામાં ભારે પૂર આવ્યું. એ વિફરી, ગાંડીતૂર બની કિનારાઓને ઉજાડતી, વૃક્ષોને વહાવતી, નાનાંમોટાં ઘરોને ઉખાડતી, ખેતરોને ડૂબાડતી, પ્રાણીઓને તાણી જતી, માણસોને **'त्राहि माम्' 'त्राहि माम्'** પોકારાવતી, જાણે કે સર્વનાશ વેરતી એ ધસમસી રહી હતી અને કિનારે ઊભેલા શંકરે એ જોયું. જોતજોતામાં આ ગાંડી થયેલી નદી જો અહીં છેક ધસી આવશે તો પોતાના ગુરુના આખા આશ્રમને પોતાની ગોદમાં સમાવી લેશે. આ પ્રસંગે, સમાધિમાં રહેલા ગુરુનું શું થશે ? - એવી ચિંતા અન્ય સહુ શિષ્યોને થવા માંડી. આ જોઈ યોગીઓના યોગી એવા શંકરાચાર્યે એક ઘડો અભિમંત્રિત કરીને ગુરુની ગુફાના દ્વાર આગળ મૂકી દીધો. અને પેલો ધસમસતો, સર્વનાશ વેરતો નર્મદાનો સઘળો પ્રવાહ ઘડામાં સમાઈ ગયો; અગસ્ત્યની અંજલિમાં જેમ સાગર સમાઈ ગયો હતો તેમ !

ગુરુદેવ સમાધિમાંથી જ્યારે જાગ્યા ત્યારે એમણે આ વાત જાણી; તરત તેમણે શંકરને કાશીમાં જવાની અને ભગવાન વિશ્વનાથનાં ચરણોમાં બેસીને ભાષ્ય લખવાની પ્રેરણા આપી. અહીં તેઓએ એક કથા કહી, જે તેમને હિમાલયમાં દેવયજ્ઞમાં પધારેલા મહર્ષિ વ્યાસે કહી હતી કે જે વ્યક્તિ નદીના અત્યંત ઊભરાયેલાં જલસમૂહને એક ઘડામાં ભરી દેશે, તે મારાં બ્રહ્મસૂત્રોનું યોગ્ય ભાષ્ય રચી શકશે :-

वत्सक शृणु समस्तविदेको
मत्समस्तव भविष्यति शिष्यः ॥
कुंभ एव सरितः सकलं यः
संहरिष्यति महोल्बणमम्भः ॥

शंकरदिग्विजयम् ५-१५८

"હે વત્સ ! સાંભળ. મારા જેવો એક સર્વજ્ઞ શિષ્ય તારો થશે, જે નદીનું અત્યંત ઊભરાયેલું સઘળું પાણી એક ઘડામાં સમાવી દેશે."

दुर्मतानि निरसिष्यति सोऽयं
शर्मदायि च करिष्यति भाष्यम् ।
कीर्तयिष्यति यशस्तव लोकः
कार्तिकेन्दुकरकौतुकि येन ॥

शंकरदिग्विजयम् ५-१५९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે તારો શિષ્ય (વિરોધીઓના) દુષ્ટ મતોનું નિરસન કરશે (સારહીન સાબિત કરશે, ખંડન કરશે) અને (સહુને) સુખ આપનારું ભાષ્ય રચશે. પરિણામે, કાર્તિક માસના ચંદ્રના કિરણ સમાન જેનું કૌતુક છે તેવા (અત્યંત પ્રકાશિત અને શ્વેત એવા) તમારા યશનું લોકો ગાન કરશે."

આ વાત કહ્યા પછી ગુરુએ આગળ ઊમેર્યું કે-

स त्वमुत्तम पुमानसि कश्चित्
तत्त्ववित्प्रवर नान्यसमानः ।
तद्यतस्व निरवद्यनिबन्धैः
सद्य एव जगदुद्धरणाय ॥

शंकरदिग्विजयम् ५-१६१

"હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ ! તેવો તું કોઈક ઉત્તમ પુરુષ છે. બીજા સામાન્ય માણસ જેવો નથી. આથી તું નિર્દોષ-પ્રશંસાપાત્ર ગ્રંથોની રચના કરીને તરત જ જગતનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કર."

ગુરુનો કેવો ભવ્ય આદેશ અને કેવા ઉત્તમ આશીર્વાદ ! -

गच्छ वत्स नगरं शशिमौलेः
स्वच्छदेवतटिनीकमनीयम् ।
तावता परमनुग्रहमाद्या
देवता तव करिष्यति तस्मिन् ॥

शंकरदिग्विजयम् ५-१६२

"હે વત્સ ! નિર્મળ એવી દેવોની નદી એટલે ગંગાથી ભગવાન શિવનું કાશીનગર રમણીય છે, ત્યાં તું જા. તેટલા માત્રથી (તારા ફક્ત ત્યાં જવાથી જ) ત્યાં રહેલા ભગવાન શિવ નામના આદિ દેવતા તારી ઉપર અનુગ્રહ કરશે."

કાશીગમન

પૂજ્ય ગુરુવર્યની આજ્ઞા થઈ. બાળક શંકરે થોડાક મિત્ર સંન્યાસીઓ સાથે નર્મદાના કિનારેથી કાશીની યાત્રા આરંભી. માર્ગમાં જ્યાં જ્યાં શક્ય હોય, ત્યાં સત્સંગ કરતા, ચર્ચા-વિચારણા કરતા. ગોષ્ઠીઓ રચાતી, પરિસંવાદો થતા, વાદવિવાદ સર્જાતા. વધુ તો શું ? -

मार्गे मार्गे निर्मलं ब्रह्मवृन्दं
वृन्दे वृन्दे तत्त्वचिन्तानुवादः ।
वादे वादे जायते तत्त्वबोधः
बोधे बोधे भासते चन्द्रचूडः ॥*

"માર્ગે માર્ગે-રસ્તે રસ્તે, નિર્મળ બ્રહ્મવેત્તાઓનો સમૂહ છે, સમૂહે સમૂહે તત્ત્વની ચર્ચાઓ થાય છે, ચર્ચા ચર્ચામાં તત્ત્વનો બોધ થાય છે અને બોધમાં ને બોધમાં ભગવાન શિવ પ્રકાશે છે."

*. રંભા-શુક સંવાદમાં પણ આ શ્લોક પ્રાપ્ત થાય છે. - સંપાદક

આ રીતે, બાળક શંકરની યાત્રા નર્મદાથી કાશી પહોંચી. કાશીમાં તેઓએ મણિકર્ણિકાક્ષેત્રમાં નિવાસ કર્યો. ગંગામાં સ્નાન અને નિત્ય વિશ્વેશ્વરનું દર્શન, એ ક્રમ અપનાવ્યો. અધ્યયન-અધ્યાપન તો હવે તેમનો શ્વાસોચ્છ્વાસ બની ગયું હતું.

ચાંડાલ-પ્રસંગ

એક વખતનો પ્રસંગ છે. બપોરનો સમય હતો. શિષ્યના સમૂહ સાથે શંકર ગંગાતટ ઉપર જઈ રહ્યા હતા. સામે ચાર ડાઘિયા કૂતરાઓથી ઘેરાયેલો કોઈક ચાંડાલ રસ્તામાં ઊભો હતો. આગળ જવાનો રસ્તો તેણે અને તેના કૂતરાઓએ રોકી રાખ્યો હતો. આથી શંકરે તેને એકથી વધુ વાર ખસી જવા કહ્યું. પણ ખસી જવાને બદલે પેલા ચાંડાલે ઉત્તર આપ્યો, "આપ અદ્વૈતવાદનો ઉપદેશ કરો છો. સ્વયં સંન્યાસી છો. અને મને ખસવાનું કહો છો. તમે અદ્વૈતનું તત્ત્વ પામ્યા હો તેવું જણાતું નથી. જ્યારે જગતના કણ-કણમાં બ્રહ્મતત્ત્વ વ્યાપ્ત હોય, ત્યારે કોણ કોને છોડીને ક્યાં જાય ? આપ પવિત્ર બ્રાહ્મણ અને હું અપવિત્ર ચાંડાલ છું, એવી આપની ભાવના જ દુરાગ્રહ છે !"

આ સાંભળી શંકરને આશ્ચર્ય થયું. તેમણે તે જ વખતે 'मनीषापञ्चक' નામના સ્તોત્રની રચના કરી, જેમાં સ્પષ્ટ કહ્યું કે જેનામાં સર્વત્ર બ્રહ્મવસી રહ્યું છે એ ભાવના દૃઢ થઈ ગઈ હોય, તે ચાંડાલ હોય કે બ્રાહ્મણ હોય, એ મારો ગુરુ છે :-

ब्रह्मैवाहमिदं जगच्च सकलं चिन्मात्रविस्तारितं
सर्वं चैतदविद्यया त्रिगुणयाशेषं मया कल्पितम् ।
इत्थं यस्य दृढा मतिः सुखतरे नित्ये परे निर्मले
चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम ॥

" 'હું બ્રહ્મ જ છું અને આ આખું જગત કેવળ ચૈતન્યનો વિસ્તાર છે. આ બધું ત્રણ ગુણવાળી અવિદ્યાને કારણે મેં કલ્પેલું છે' - આવી જેની મતિ અત્યંત સુખ આપનાર નિત્ય અને નિર્મળ એવા પરમતત્ત્વ વિશે દૃઢ હોય, તે ચાંડાલ હોય કે પછી બ્રાહ્મણ હોય એ મારો ગુરુ છે, એવી મારી ભાવના છે."

આ સાંભળી ચાંડાલનું રૂપ ત્યજીને ભગવાન શિવ ત્યાં પ્રગટ થયા. તેમણે શંકરાચાર્ય પ્રત્યે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી અને મહર્ષિ વ્યાસના બ્રહ્મસૂત્ર ઉપર અદ્વૈતવાદનું પ્રતિપાદન કરતા ભાષ્યની રચના કરવાની આજ્ઞા કરી.

ભજ ગોવિન્દમ્

કહે છે, કાશીની-વારાણસીની ગલીઓમાં સંન્યાસી શંકર ઘૂમતા હતા. કાશી એટલે વિદ્યાનું ધામ. ત્યાં તો ઘેર ઘેર પાઠશાળાઓ ચાલે. પંડિતોનોય તોટો નહિ અને વિદ્યાર્થીઓ એ જ પંડિતોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂડી. તેઓ વ્યાકરણ, ન્યાય, મીમાંસા વગેરે ભણાવે. એમાં એ યુગમાં છાપવાનાં સાધનો નહીં અને લખવા માટે પણ બહુ સુવિધા નહીં. આથી બધું ગોખવું જ પડે. ગોખેલું યાદ રાખવા રોજ રટણ કરવું પડે. જેમ કે ધાતુપાઠ યાદ રાખવો હોય તો **'डुकृञ् करणे'** **'डुकृञ् करणे'** એટલે કે कृ ધાતુ 'કરવું' એ અર્થમાં છે, આમ વારંવાર રટણ કરવું પડે. આ રટણ ૬ વર્ષનો બાળક પણ કરે અને ૬૦ વર્ષનો બુઢ્ઢો પણ ! કારણ ત્રિપાક્ષિકી વિદ્યા, પુનરાવર્તન ન કરો તો ત્રણ પક્ષમાં એટલે ૪૫ દિવસમાં બધું ભુલાઈ જાય.

આ જોઈને શંકરને દયા આવી. એમણે એ વૃદ્ધોને-ગોખણપટ્ટી કરતા ઘરડાઓને ઉદ્દેશીને કહ્યું-

भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते ।
प्राप्ते सन्निहिते मरणे न हि न हि रक्षति डुकृञ् करणे ॥

"હે મૂઢમતિ (મૂર્ખ) ! ગોવિંદને ભજ, ગોવિંદને ભજ, ગોવિંદને ભજ. જ્યારે મોત નજીક આવ્યું હોય ત્યારે તારી આ **डुकृञ् करणे** એવી ગોખણપટ્ટી તારું રક્ષણ કરી શકશે નહિ."

આ પ્રસંગે શુષ્ક વૈયાકરણી માટેની, શંકરના હૃદયમાં ઊભરાયેલી કરુણતાનું દર્શન થાય છે. પણ આવા મૂઢમતિ વૈયાકરણીઓ આજેય છે, પાઠશાળાઓમાં જ નહિ, યુનિવર્સિટીઓમાં પણ !

બદરિકાશ્રમ તરફ પ્રયાણ

પોતાના શિષ્યોની મંડળી સાથે હવે શંકરાચાર્ય કાશીથી બદરિકાશ્રમ પહોંચ્યા. ત્યાંના પૂજારીઓ પાસેથી જાણ્યું કે ચીનના રાજાના હુમલાઓથી કંટાળીને ભગવાનની મૂર્તિને તેઓએ નારદકુંડમાં નાખી દીધી છે. બાળક શંકર કે જેમની ઉંમર એ વખતે માંડ અગિયાર વર્ષની હતી, તેમણે નારદકુંડમાં ડૂબકી મારી. આ પૂર્વે તેમને અનેક વાર ચેતવવામાં આવ્યા હતા કે એમ કરવામાં જીવનું જોખમ છે, પણ શંકર જેનું નામ, સાહસ જેનું કામ ! 'ચેલન્જ'નો સ્વીકાર એ જ જેનું જીવન ! એક વાર ડૂબકી મારી અને ખંડિત મૂર્તિ હાથ લાગી, એ પાછી નારદકુંડમાં પધરાવીને ફરી ડૂબકી મારી. ફરી બીજી વાર પણ ખંડિત મૂર્તિ જ હાથ લાગી. આથી તેને પણ કુંડમાં ફરી પધરાવી અને ત્રીજી વાર ડૂબકી મારી. ત્રીજી વખત ભગવાનની મૂર્તિ બહાર લાવ્યા. આમ, ત્રણ ત્રણ વાર જીવના જોખમે પણ ભગવાનની મૂર્તિ બહાર લાવવા તેઓએ પ્રયત્ન કર્યા. આખરે આકાશવાણી થઈ કે, એ જ મૂર્તિની સેવા કળિયુગમાં થશે, એટલે બાળક શંકરે ત્યાં તે મૂર્તિની સ્થાપના કરી. તેની પૂજાવિધિ નિશ્ચિત કરી અને ત્યાં રાવત એટલે પૂજારી તરીકે નમ્બુદ્રી બ્રાહ્મણને નિયુક્ત કર્યા. એ પરંપરા આજ પણ વિદ્યમાન છે અને કેરળના એ બ્રાહ્મણો વંશપરંપરાથી ભગવાન બદરીનારાયણની પૂજા, આદિ શંકરાચાર્યે દર્શાવેલાં પદ્ધતિ અને અધિકારથી કરી રહ્યા છે. જીવનમાં આ બદરીનાથ ધામની એક વાર પણ યાત્રા કરવી, એવી મહેચ્છા પ્રત્યેક ભારતીયની હોય છે. કહોને, તે આ ફાની દુનિયા છોડી જાય ત્યાં સુધી હિમાલયમાં રહેલા ભગવાન બદરીનારાયણ તેની ગંગા-જમના જેવી મહાન ભુજાઓ પ્રસારીને તેને ભેટવા માટે સદા ઉત્સુક રહેતા હોય છે. પણ એ અનંત વૈભવવાળા હિમાલયના શિખર પર બિરાજતા ઈશ્વરનું દર્શન સહુને નસીબ થતું નથી. એવું સદ્ભાગ્ય તો પૂર્વ પુણ્ય વિના શક્ય ક્યાં છે ? આ તો કીડીએ ચંદ્રબિંબ ચૂમવાનું હોય, એના જેવી વાત થઈ. અસ્તુ.

આચાર્ય શંકર

બાળક શંકર યતિ બન્યા પછી બદરીનારાયણ પધાર્યા. ત્યાં એક વાર એક વૃદ્ધ બ્રાહ્મણે આવીને તેમની સાથે શાસ્ત્રાર્થ કર્યો. બ્રહ્મસૂત્રના એક સૂત્ર (૩-૧-૧) ઉપર ચર્ચા થઈ. પેલા વૃદ્ધ બ્રાહ્મણે સંતુષ્ટ થઈને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. એ બ્રહ્મસૂત્રના કર્તા ભગવાન બાદરાયણ એટલે મહર્ષિ વ્યાસ જ હતા. તેઓએ પ્રસન્ન થઈને અદ્વૈતવાદનો પ્રચાર કરવાનું કામ શંકરને સોંપ્યું. અને તેમનું આયુષ્ય જે કેવળ ૧૬ વર્ષનું હતું, તેને વધારીને બમણું એટલે બત્રીસ વર્ષનું કરી આપ્યું.

આ બદરિકાશ્રમ પાસે વ્યાસગુફા છે અને કહે છે ત્યાં ૧૧ વર્ષની વયે પહોંચેલા શંકરે પાંચ વર્ષ સુધી નિવાસ કર્યો અને ઉપનિષદો, બ્રહ્મસૂત્ર તથા ભગવદ્ગીતા ઉપર ભાષ્યો રચ્યાં. પરિણામે બદરિકાશ્રમમાં શંકર યતિ તરીકે પ્રવેશેલા, તેઓ શંકરાચાર્ય બની ગયા. ઉપર્યુક્ત ગ્રંથો 'પ્રસ્થાનત્રયી' તરીકે ઓળખાય છે અને એ 'પ્રસ્થાનત્રયી' ઉપર ભાષ્ય લખનાર આચાર્ય બની જાય, તેવી ભારતીય પરંપરા છે. આમ આચાર્યપદની પ્રાપ્તિ આદિ શંકરાચાર્યને બદરિકાશ્રમમાં થઈ. અહીં હિમાલય ઉપર આવેલા જોષી મઠમાં તેઓશ્રીએ જ્યોતિર્મઠની સ્થાપના કરી. આની નોંધ કોઈક કાલિદાસ નામના વિદ્વાને રચેલા શંકરવિજય નામના ગ્રંથના શ્લોકમાં છે કે-

गत्वैकादशवार्षिको बदरिकारण्ये सुपुण्याश्रमे
पञ्चाब्दान्तरकुण्ठया निजधिया भाष्याणि यः षोडशः ।
निर्माय प्रथयाञ्चकार बदरीनारायणार्चां तथा
श्रीज्योतिर्मठमाबबन्ध स गुरुः श्रीशङ्करो वन्द्यते ॥

પદ્મપાદનું સર્જન

બદરીનારાયણમાં આદિ શંકરાચાર્યનો વાસ હતો. તેઓની સાથે તેમના દૃઢભક્ત શિષ્ય સનન્દન છેક નર્મદાથી જ હતા. તેમને આચાર્યે એકથી વધુ વાર પોતાનાં ભાષ્યોનું અધ્યયન કરાવેલું. તેઓ હૃદયથી શંકરાચાર્યને ગુરુ માનીને તેમની સેવા કરતા હતા. એક વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
129354
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

અલકનંદા નદીને એક કાંઠે આચાર્ય શંકર બિરાજમાન હતા. બીજા કાંઠે પૂલ ઓળંગીને કોઈક કામ માટે સનન્દન પધારેલા. પૂલ ખાસ્સો દૂર હતો. કોઈક કારણે કરુણ સ્વરે આચાર્ય શ્રી શંકરાચાર્યે સનન્દનને બૂમ પાડી. તે સાંભળી તરત ગુરુ પાસે જવા માટે સનન્દન ઉત્સુક થઈ ગયો. પૂલ ઉપર થઈને જાય તો તે દૂર હોવાથી ઘણી વાર થઈ જાય તેવી પરિસ્થિતિ હતી. આથી પોતાના જીવની પણ પરવા કર્યા વિના આ ગુરુભક્ત સનન્દને સીધી ધસમસતા પ્રવાહવાળી અલકનંદા નદીમાં દોડવા માંડ્યું. સહુનાં આશ્ચર્ય સાથે તેઓ નદીમાં ડૂબી ન જાય માટે તેમના પ્રત્યેક પગલાં નીચે દેવોએ 'પદ્મ' એટલે કમળ ગોઠવી દીધાં અને તેઓ સહેજ પણ મુશ્કેલી વિના પોતાના સદ્દગુરુદેવની સેવામાં ઉપસ્થિત થઈ ગયા. તેમના પ્રત્યેક પાદ આગળ **પદ્મ** આવ્યાં આથી તેઓ **પદ્મપાદ** કહેવાયા. પાછળથી આ પદ્મપાદાચાર્ય જગન્નાથપુરીના ગોવર્ધનપીઠના પ્રથમ આચાર્ય બન્યા હતા.

કુમારિલ ભટ્ટ સાથે મેળાપ

કહે છે, છૂટા પડતી વખતે ભગવાન વ્યાસે જ શંકરાચાર્યને કુમારિલ ભટ્ટનો સંપર્ક કરવાનું સૂચવ્યું હતું. બદરિકાશ્રમમાંથી નીકળી કેદારનાથ વગેરે સ્થળોની યાત્રા બાદ, શંકરાચાર્ય ત્રિવેણીસંગમે પ્રયાગરાજ પાસે પહોંચ્યા. ત્યાં જાણ્યું કે કુમારિલ પ્રાયશ્ચિત્ત કરવા માટે અગ્નિપ્રવેશ કરી રહ્યા છે. આદિ શંકરાચાર્ય ત્યાં તરત પહોંચી ગયા. ધૂંધવાતા ફોતરાંનાં-ડાંગરનાં છોડાના-અગ્નિની વચમાં રહેલા કુમારિલે આદિ શંકરાચાર્યને જોયા અને શિષ્યો દ્વારા તેમની પૂજા કરાવી, કારણ તેઓએ તેમના વિશે પહેલાં ઘણું જાણ્યું હતું. તેથી તેમની પ્રત્યે માન હતું. ચરિત્રકાર અહીં સરસ કહે છે કે-

> उपात्तभिक्षः परितुष्टचित्तः
> प्रदर्शयामास सभाष्यमस्मै ।
> सर्वो निबन्धो ह्यमलोऽपि लोके
> शिष्टेक्षितः संचरणं प्रयाति ॥
>
> दृष्ट्वा भाष्यं हृष्टचेताः कुमारः
> प्रोचे वाचं शंकरं देशिकेन्द्रम् ।
> लोके त्वल्पो मत्सरग्रामशाली
> सर्वज्ञानो नाल्पभावस्य पात्रम् ॥
>
> शंकरदिग्विजयम् ७-८२

"ભિક્ષા ગ્રહણ કરી પ્રસન્ન થયેલા શંકરાચાર્યે પોતે રચેલ ભાષ્યસહિતનો નિબંધ તે કુમારિલ ભટ્ટને બતાવ્યો. કારણ કે કોઈ પણ ગ્રંથ નિર્મળ એટલે દોષરહિત હોય તો પણ વિદ્વાન લોક તેનું અવલોકન કરે તો તેનો લોકમાં પ્રચાર થાય છે.

એ ભાષ્ય જોઈને પ્રસન્નચિત્ત થયેલા કુમારિલે આચાર્ય શ્રીશંકરાચાર્યને આ પ્રમાણે કહ્યું : જગતમાં જે અલ્પ-નાનો માણસ હોય છે, તે માત્સર્યના સમૂહવાળો હોય છે-ઈર્ષ્યાથી પીડાતો હોય છે. સર્વજ્ઞ ક્યારેય અલ્પભાવનુ-ક્ષુદ્રતાનું પાત્ર બનતો નથી." આ અર્થાન્તરન્યાસમાં માધવે કહી છે ને ગાંઠે બાંધવા જેવી વાત !

કુમારિલ ભટ્ટે કહ્યું, "હે વિદ્વાન, મને આ તમારા ભાષ્યના પહેલા અધ્યાય ઉપર જ આઠ હજાર ઉત્તમ વાર્તિકો રચવાની સ્ફુરણા થાય છે. જો મેં અગ્નિમાં બળી મરવાની પ્રતિજ્ઞા ન લીધી હોત તો હું જરૂર આ આપના ભાષ્ય ઉપર વાર્તિકોની રચના કરત.' તેઓએ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં કહ્યું કે હિન્દુધર્મના સિદ્ધાંતો ઉપર બૌદ્ધો પ્રહાર કરતા હતા. તેમના મતનું ખંડન કરવા મેં તે ધર્મનું અધ્યયન તે ધર્મના જ્ઞાતા પાસે કર્યું. એક વાર આચાર્ય ધર્મપાલ વેદની નિંદા કઠોર શબ્દોમાં કરતા હતા. ત્યારે ત્યાં બેઠેલા મારી આંખમાંથી આંસુ પડી ગયું. આ જોઈને મને તેઓ 'હું બ્રાહ્મણ છું' તેમ ઓળખી ગયા અને મારો નાશ કરવા મને તેમના શિષ્યોએ એક ઊંચા મહેલમાંથી નીચે ફેંક્યો. મહેલ પરથી પડતાં હું બોલ્યો, 'જો શ્રુતિઓ પ્રમાણ હોય તો આ વિષમ સ્થળમાં પડવા છતાં હું જીવતો રહું. મારા જીવવાથી જ શ્રુતિઓનું પ્રમાણ સિદ્ધ થશે :-

> पतन् पतन् सौधतलादवादिषं
> यदि प्रमाणं श्रुतयो भवन्ति ।
> जीवेयमस्मिन् पतितोऽसमस्थले
> मज्जीवने तच्छ्रुतिमानतागतिः ॥
>
> शंकरदिग्विजयम् ७-९८

RA
890
પટેલ - ગ્ર

પણ આ વખતે મેં 'જો (यदि) શ્રુતિ પ્રમાણ હોય' એમ કહીને સહેજ શંકા કરી. આથી હું સમગ્ર દેહથી અક્ષત રહ્યો. શ્રુતિઓનું પ્રમાણ સિદ્ધ થયું. પણ મારી એક આંખ ફૂટી ગઈ.

જે એક અક્ષર પણ ભણાવે, તે ગુરુ કહેવાય, પછી શાસ્ત્રનો ઉપદેશ આપનારની બાબતમાં તો કહેવું જ શું ? મેં તે ગુરુ પાસેથી ભણીને એમના મતનું ખંડન કરવાનો અપરાધ કર્યો. આથી પ્રાયશ્ચિત્ત કરવાની ઈચ્છાથી મેં સ્વેચ્છાએ અગ્નિપ્રવેશ કર્યો છે."

શંકરાચાર્યે તેમનો અગ્નિ ઠારીને તેમને જીવાડવાની તૈયારી બતાવી. પણ કુમારિલ એકના બે ન થયા. પણ તેઓએ શંકરાચાર્યને મંડનમિશ્રને વાદમાં જીતીને શિષ્ય બનાવવાની સલાહ આપી.

કુમારિલ ભટ્ટના જીવન-પ્રસંગો

આ કુમારિલ ભટ્ટના જીવનના એક-બે પ્રસંગો જાણવા જેવા છે. એમના યુગમાં કર્ણાટકમાં સુધન્વા નામનો રાજા હતો. તેના રાજ્યમાં બૌદ્ધધર્મનું જોર પરંપરાથી હતું. તેની રાણી વૈદિક ધર્મમાં આસ્થા રાખનારી હતી. એક વાર પોતાના મહેલની બારીમાંથી જ જાણે પોતાના હૃદયની વ્યથાને વાચા આપતી હોય તેમ બોલી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

129354

किं करोमि क्व गच्छामि को वेदान् उद्धरिष्यति ।

"શું કરું ? ક્યાં જાઉં ? વેદોનો ઉદ્ધાર કોણ કરશે ?"

આ સાંભળી એ સમયે માર્ગ પરથી પસાર થતા કુમારિલ ભટ્ટે ખુમારીથી કહ્યું-

मा विषीद वरारोहे भट्टाचार्योऽस्ति भूतले ।

"હે સુંદરી, શોક કરીશ નહિ. આ પૃથ્વી પર ભટ્ટાચાર્ય વિદ્યમાન છે."

આ કુમારિલે એક વાર રાજા સુધન્વાને અનેક વિધર્મી વિચારકો, આચાર્યો કે પ્રચારકોની વચ્ચે સભામાં બેઠેલા જોઈને કહેલું-

मलिनैश्चेन्न संगस्ते नीचैः काककुलैः पिक ।
श्रुतिदूषकनिर्ह्लादैः श्लाघनीयस्तदा भवेः ॥

शंकरदिग्विजयम् १-६५

"હે કોયલ ! મલિન, નીચ અને કાનને દુઃખ ઉત્પન્ન કરે તેવા શબ્દોવાળા કાગડાની વચ્ચે ન હોત તો તું ખરેખર પ્રશંસાપાત્ર બનત." રાજાના પક્ષે આ શ્લોકનો અર્થ થાય કે "હે રાજન્ ! (તન અને મનથી) મલિન, નીચ એટલે નાસ્તિક અને શ્રુતિ એટલે વેદને દૂષિત કરનારી વાણીવાળા કાગડા જેવા આ લોકોથી તું ઘેરાયેલો ન હોત તો તું જીવનમાં પ્રશંસાપાત્ર બનત." માધવના 'શંકરદિગ્વિજય'માં નોંધ્યું છે કે કુમારિલની વાત સાંભળ્યા પછી, બૌદ્ધોની પરીક્ષા કરીને આખરે બૌદ્ધમત અસાર જણાતાં, રાજા સુધન્વાએ કુમારિલ ભટ્ટને અનુસરીને બૌદ્ધધર્મને પ્રયત્નપૂર્વક પોતાના પ્રદેશમાંથી દેશવટો આપ્યો.

મંડનમિશ્ર સાથે મિલન

કુમારિલ ભટ્ટ પાસેથી આદેશ પામીને શ્રીશંકરાચાર્ય નર્મદાના કિનારે આવેલી માહિષ્મતી નગરીમાં પહોંચ્યા. મધ્યાહ્નનો સમય હતો. તેઓએ મંડનમિશ્રના ઘરની દાસીઓને પ્રશ્ન કર્યો કે 'મંડનમિશ્રનું ઘર ક્યાં છે ?' અને ઉત્તરમાં દાસીઓએ જણાવ્યું-

स्वतः प्रमाणं परतः प्रमाणं कीरांगना यत्र गिरं गिरन्ति ।
द्वारस्थ-नीडान्तरसन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥

शंकरदिग्विजयम् ८-६

" 'વેદ સ્વતઃ પ્રમાણ છે કે પરતઃ પ્રમાણ છે', એમ જ્યાં બારણા પરના પાંજરામાં પૂરાયેલી મેનાઓ વાણી ઉચ્ચારતી હોય, તે પંડિત મંડનમિશ્રનું ઘર જાણજે."

फलप्रदं कर्म फलप्रदोऽजः कीरांगना यत्र गिरं गिरन्ति ।
द्वारस्थ-नीडान्तरसन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥

शंकरदिग्विजयम् ८-७

" 'કર્મ ફળ આપે છે કે બ્રહ્મા એટલે ઈશ્વર ફળ આપે છે ?' - એમ જ્યાં બારણા પરના પાંજરામાં પૂરાયેલી મેનાઓ વાણી ઉચ્ચારતી હોય, તેને પંડિત મંડનમિશ્રનું ઘર જાણજો."

जगद्-ध्रुवं स्यात् जगदध्रुवं स्यात् कीरांगना यत्र गिरं गिरन्ति ।
द्वारस्थ-नीडान्तर-सन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥

शंकरदिग्विजयम् ८-८

" 'જગત નિત્ય છે કે જગત અનિત્ય છે ?' - એમ જ્યાં બારણા પરના પાંજરામાં પૂરાયેલી મેનાઓ વાણી ઉચ્ચારતી હોય, તેને તમે પંડિત મંડનમિશ્રનું ઘર જાણજો."

ટૂંકમાં, જેના ઘરનાં મેના-પોપટ પણ વેદાન્તના ગહન સિદ્ધાન્તોની ચર્ચા કરતા હોય, તેવા છે પંડિત મંડનમિશ્ર. શંકરાચાર્ય મંડનમિશ્રના મહેલ પાસે પહોંચ્યા. દરવાજો બંધ હતો. દરવાન પાસેથી જાણ્યું કે મંડનમિશ્રના પિતાનું શ્રાદ્ધ હોવાથી, અયોગ્ય વ્યક્તિ ઘૂસી ન જાય, માટે દરવાજો બંધ છે. શંકરાચાર્યને તો આવા મહાન પંડિતને મળવાની તાલાવેલી લાગેલી હતી. તેઓ યોગનો આશ્રય લઈને આકાશમાર્ગે અંદર દાખલ થયા. (स योगशक्त्या व्योमाध्वनाऽवातर-दंगणान्तः । - शंकरदिग्विजयम् ८-९)

મંડનમિશ્રે પોતાને ત્યાં શ્રાદ્ધમાં મહર્ષિ જૈમિનિ અને ભગવાન વ્યાસને નિમંત્ર્યા હતા. ત્યાં જેના આગમનને શાસ્ત્રની સંમતિ નથી, એ સંન્યાસી વગર પરવાનગીએ અંદર આવેલો જોઈ, શ્રાદ્ધ-સમયે ગુસ્સો કરવો જોઈએ નહિ, એવી શાસ્ત્રની આજ્ઞા હોવા છતાં, મંડનમિશ્રને ગુસ્સો આવી ગયો. તેઓ અને શંકરાચાર્ય-એક ક્રોધે ભરાયેલ અને બીજા શાંત-વચ્ચે ગરમાગરમ શબ્દોની આપ-લે થઈ :-

कुतो मुण्ड्यागलान्मुण्डी पन्थास्ते पृच्छ्यते मया ।
किमाह पन्थास्त्वन्माता मुण्डेत्याह तथैव हि ॥

पन्थानं त्वमपृच्छस्त्वां पन्थाः प्रत्याह मण्डन ।
त्वन्मातेत्यत्र शब्दोऽयं न मां ब्रूयादपृच्छकम् ॥

अहो पीता किमु सुरा नैव श्वेता यतः स्मर ।
किं त्वं जानासि तद्वर्णमहं वर्णं भवान् रसः ॥

शंकरदिग्विजयम् ८-१६, १७, १८

મંડનમિશ્રે ગુસ્સામાં પૂછ્યું-'कुतो मुण्डी ?-આ મારા ઘરના દરવાજા બંધ હતા, છતાં મુંડ મુંડાયેલો-સંન્યાસી ક્યાંથી આવ્યો ?'

શંકરાચાર્યે શાંતિથી ઉત્તર આપ્યો-'आगलात् मुण्डी'-શંકરાચાર્યે कुतो मुण्डीનો અર્થ કર્યો 'મુંડન શરીરના કયા ભાગ સુધી થાય ?' એટલે કહ્યું, 'ગળા સુધી મુંડી.' (મુંડ મુંડાયેલ. એવું વિધાન છે કે સંન્યાસીએ ગળાથી ઉપરના એટલે દાઢી, મૂછ અને માથાના વાળ મુંડાવી નાખવા જોઈએ.)

આવા ઉત્તરથી મંડનમિશ્રનો ક્રોધ વધ્યો. તેમણે ફરીથી કહ્યું-'पन्थाः ते पृच्छ्यते मया-હું તારા માર્ગની બાબતમાં પ્રશ્ન કરું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરાચાર્યે વક્રતાથી અર્થ કર્યો કે તે તેમના માર્ગને એટલે રસ્તાને પ્રશ્ન કરી રહ્યા છે, એટલે સામો સવાલ કર્યો : 'किमाह पन्था:-માર્ગે શું જવાબ આપ્યો ?'

હવે ભભૂકી ઉઠેલા ક્રોધવાળા મંડનમિશ્ર તાડૂક્યા-'त्वन्माता मुण्डेत्याह-તારી મા મુંડી (માથું મુંડાયેલી-વિધવા) છે એમ કહ્યું.'

શંકરાચાર્યે બહુ જ સ્વસ્થતાથી ઉત્તર વાળ્યો-'तथैव हि। હા માર્ગે સાચું જ કહ્યું.' અને પછી થોડીક અર્થ કરવાની લઢણ બદલીને ઉમેર્યું કે - "(१) पन्थानं त्वमपृच्छ: (२) त्वां पन्था: प्रत्याह मण्डन, (३) त्वन् माता इति अत्र शब्द: अयम्। न मां ब्रूयाद् अपृच्छकम्। - (૧) તમે માર્ગને પૂછ્યું, (૨) હે મંડન ! માર્ગે તમને ઉત્તર આપ્યો, (૩) આથી 'તારી મા' એ શબ્દો તેણે મને-પ્રશ્ન નહિ કરનારને નહિ-પણ તમને કહ્યા. કારણ પ્રશ્ન તમે કરેલો. આથી તમારી મા મુંડી બની."

આ સાંભળી મંડને કહ્યું-'अहो पीता किमु सुरा-અરે ! શું તેં મદિરા પીધી છે ? (કારણ આવા ઉલટાસુલટી અર્થ તું કરી રહ્યો છે)

શંકરાચાર્યે ઉત્તર વાળ્યો-'नैव श्वेता, यत: स्मर-મદિરા पीता-પીળી નથી, ધોળી છે, યાદ કર. (અહીં શંકરાચાર્યે पीताનો અર્થ 'પીધેલી' લેવાને બદલે 'પીળી' એવો કર્યો.)

મંડનમિશ્રે તરત શંકરાચાર્યને દાવમાં લેવા કહ્યું-'किं त्वं जानासि तद् वर्णम्-શું તું મદિરાના રંગને (પણ) જાણે છે ? સંન્યાસી થઈને તેં મદિરાનો રંગ જોયો છે ? ટૂંકમાં, આ તને શોભતું નથી.' શંકરાચાર્યે ઘણી જ સ્વસ્થતાથી ઉત્તર વાળ્યો 'अहं वर्णम्, भवान् रसम्-હું તો તે મદિરાનો રંગ જાણું છું. આપ તેનો સ્વાદ જાણો છો. એટલે મેં તો જોઈ છે અને તમે તે પીધી છે.'

આવો એકબીજાના શબ્દો, અર્થો કે ભાવોને ચાતરતો વાર્તાલાપ લાંબો ચાલ્યો. આ સમયે મંડનમિશ્રને મહર્ષિ વ્યાસે શાંત પાડ્યા અને શંકરાચાર્યનું સ્વાગત કરવા સમજાવ્યા. મંડનમિશ્રે તેમનું સ્વાગત કર્યું. બદલામાં શંકરાચાર્યે શાસ્ત્રાર્થની ભિક્ષા માગી. પોતાને ગમતી ભિક્ષા આપવાનો પ્રસંગ આવ્યો, તેથી મંડનમિશ્રે પ્રસન્નતાથી સ્વીકાર કર્યો. અને બીજા દિવસથી શાસ્ત્રાર્થ કરવાનું નક્કી થયું. પણ મધ્યસ્થી કોણ બને ? બેમાંથી કોણ હાર્યું અને કોણ જીત્યું, તેનો નિર્ણય કોણ કરે ? મહર્ષિ જૈમિનિને શંકરાચાર્યે મધ્યસ્થી બનવા વિનંતી કરી, પણ તેમણે તેનો નમ્રતાથી અસ્વીકાર કરી મંડનમિશ્રની પત્ની સરસ્વતીનો અવતાર છે, માટે તેને મધ્યસ્થી બનાવવાનું સૂચન તેઓએ કર્યું. તે સૂચનનો સ્વીકાર થયો અને બીજા દિવસથી શાસ્ત્રાર્થનો પ્રારંભ થયો. આ શાસ્ત્રાર્થની વિગત ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ રીતે માધવના 'શંકરદિગ્વિજય'ના આઠમા સર્ગમાં અને સદાનન્દના 'શંકરદિગ્વિજય'ના છઠ્ઠા સર્ગમાં છે, જ્યારે આનંદગિરિએ અને ચિદ્દવિલાસે તેનો કેવળ નિર્દેશ જ કર્યો છે. આ બાબત ગંભીર શાસ્ત્રચર્ચાથી ભરપૂર હોવાથી અહીં વિગતે આપી નથી. જિજ્ઞાસુઓને તે તે ગ્રંથોમાં જોઈ લેવા વિનંતી છે.

આ શાસ્ત્રાર્થ ઘણા દિવસો સુધી ચાલ્યો. કોણ જીત્યું કે કોણ હાર્યું, એ નક્કી કરવું મુશ્કેલ બનતું ગયું. સવારમાં શાસ્ત્રાર્થનો આરંભ થાય. બપોરના મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતી પોતાના પતિને કહે, "આપ ભોજન કરવા પધારો" અને શંકરાચાર્યને કહે, 'હે સંન્યાસી ! આપ ભિક્ષા માટે પધારો.'

શાસ્ત્રાર્થના આરંભથી ઉભયભારતીએ બંનેના ગળામાં પુષ્પની માળા પહેરાવી હતી. અને જેના ગળાની માળા પહેલી કરમાઈ જાય, તેનો શાસ્ત્રાર્થમાં પરાજય થયો, એમ તેમણે નક્કી કર્યું હતું. એક દિવસ મંડનમિશ્રના ગળાની માળા કરમાઈ ગઈ :-

इत्थं यतिक्षितिपतेरनुमोद्य युक्तिं
मालां च मण्डनगले मलिनामवेक्ष्य।
भिक्षार्थमुच्चलतमद्य युवामितीमा-
वुत्तिष्ठतं पुनरुवाच यतीन्द्रमम्बा॥

शंकरदिग्विजयम् ८-१३२

"આમ, ઉભયભારતીએ યતીશ્વર શંકરાચાર્યની વાતને અનુમોદન આપ્યું અને મંડનમિશ્રના ગળામાં માળાને કરમાઈ ગયેલી જોઈને તે બંનેને ઉદ્દેશીને તેઓએ કહ્યું, 'હવે તમે બંને ભિક્ષા લેવા પધારો.' "

અર્થાત્ મંડનમિશ્ર હારી ગયા. એટલે તે શાસ્ત્રાર્થની શરત મુજબ, શંકરાચાર્યના શિષ્ય બન્યા, સંન્યાસી થયા. હવે પોતાના ગૃહસ્થી પતિ રહ્યા નથી, એટલે એમને પણ શંકરાચાર્યની જેમ ભિક્ષા લેવા પધારવાનું આમંત્રણ ઉભયભારતીએ આપ્યું. હવે પહેલાંની જેમ "ભોજન કરવા પધારો" એમ ન કહ્યું.

પોતાનું સર્વસ્વ લુંટાઈ જાય, સૌભાગ્ય ચાલ્યું જાય, પ્રાણનાથ પોતાના મટી સાધુ બની જાય, આ બધું જાણતાં હોવા છતાં ઉભયભારતીએ જે સત્ય પ્રત્યે પ્રેમ અને આદર દાખવ્યો, તેથી તે આજ ઈતિહાસના અમર પાત્રોમાંનાં એક બની ગયાં. કઈ સ્ત્રી આમ હાર સ્વીકારીને પોતાના પતિને સાધુ થવા દે ! આ ઉભયભારતીને પરંપરામાં સાક્ષાત્ સરસ્વતીનો અવતાર માનવામાં આવે છે.

પરકાયા-પ્રવેશ

આ પ્રસંગ આગળ વર્ણવાયો છે કે ઉભયભારતીએ પોતાના પતિ મંડનમિશ્રને પરાજિત ઘોષિત કર્યા, પરંતુ જ્યાં સુધી તેમની અર્ધાંગના જીતાય નહિં, ત્યાં સુધી શંકરાચાર્યનો વિજય સંપૂર્ણ ગણાય નહિં, આવી વાત આગળ કરીને ઉભયભારતીએ શંકરાચાર્યને શાસ્ત્રાર્થ માટે પડકાર્યા અને કહ્યું કે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



अपि तु त्वयाद्य न समग्रजितः
प्रथिताग्रणीर्मम पतिर्यदहम् ।
वपुरर्धमस्य न जिता मतिमा-
न्नपि मां विजित्य कुरु शिष्यमिमम् ॥

शंकरदिग्विजयम् ९-५६

"પણ હજુ સુધી વિદ્વાનોમાં અગ્રણી એવા મારા પતિને આપે સંપૂર્ણપણે જીતી લીધા નથી, કારણ કે તેના અર્ધ-શરીર સમાન હું જીતાઈ નથી. માટે હે મતિમાન ! મને પણ જીતીને પછી આપ મારા પતિને તમારા શિષ્ય બનાવો."

આચાર્ય જીવનમાં ક્યારેય પરાઙ્ગમુખ થાય તેમ ન હતા. તેમણે પડકાર ઝીલી લીધો અને પછી તો મેધાવી લલનાએ શંકરાચાર્યને મુશ્કેલીમાં મૂકવા માટે કામશાસ્ત્રના પ્રશ્નો પ્રસ્તુત કર્યા. જો આચાર્ય ઉત્તર આપે તો 'સંન્યાસીને આ ક્યાંથી આવડે છે ?' એમ પ્રશ્ન થાય અને જો આવડે છે તો 'સંન્યાસ અણિશુદ્ધ, પરિશુદ્ધ કે વિશુદ્ધ નથી', એવું આળ આવે. જો ઉત્તર ન આપે તો હાર કબૂલવી રહી. આવી શૃંગાપત્તિમાંથી માર્ગ કાઢવા આચાર્ય શંકરે એક માસનો સમય માગ્યો. એમણે અમરુક નામના રાજાના મૃતદેહમાં યોગમાર્ગે પ્રવેશ કર્યો. કામકલાનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું અને ઉભયભારતીએ, તેઓ પાછા પધાર્યા ત્યારે, તેમની સર્વોપરિતા સ્વીકારી.

મંડનમિશ્રને વિધિપૂર્વક સંન્યાસની દીક્ષા આપીને શંકરાચાર્યે સુરેશ્વરાચાર્ય બનાવ્યા. હવે પદ્મપાદ અને સુરેશ્વરાચાર્યની સાથે આચાર્ય શંકરે દક્ષિણની યાત્રા આરંભી. અનેક સ્થળે શાસ્ત્રાર્થ કરીને અદ્વૈતવાદનો વિજય-ડંકો વગાડ્યો.

આચાર્યની દક્ષિણયાત્રા

આચાર્ય શંકરને એમની દક્ષિણની યાત્રામાં કાપાલિકો સાથે સંઘર્ષ કરવો પડ્યો, કારણ એ લોકોએ સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, બલિપ્રથા, પંચમકાર-મત્સ્ય, માંસ, મૈથુન, મદ્ય અને મુદ્રા-ને પ્રચલિત કર્યા હતા. મદ્ય, માંસ અને રુધિર કપાલમાં ભરીને મહાભૈરવને નિવેદ્ય ધરાવતા હતા, તેથી તેઓ 'કાપાલિક' ગણાતા હતા. આવા અવૈદિક માર્ગનું આચાર્યે શ્રીશૈલમાં જઈ 'નિવાસ કરી' ખંડન કરવાનું શરૂ કર્યું. મલ્લિકાર્જુનમાં રહીને શંકરાચાર્યે ભગવાન મલ્લિકાર્જુન અને ભગવતી ભ્રમરામ્બાની પૂજાનો પ્રચાર શરૂ કર્યો. એક બાજુ ભક્તિ અને બીજી બાજુ શિષ્યોને અદ્વૈતનો ઉપદેશ આપી કાપાલિકોનું ખંડન અને વૈદિક માર્ગનું મંડન આરંભ્યું. લોકસમુદાય બહુ જ ઝડપથી આચાર્યના પરમ પાવન બુદ્ધિગમ્ય માર્ગ તરફ આકર્ષાયો. કાપાલિકોને પોતાનું સામ્રાજ્ય કડડભૂસ થતું જણાયું. તેઓએ શંકરાચાર્યનું કાસળ કાઢવાનો નિશ્ચય કર્યો.

ભૈરવ-પ્રસંગ

કાલભૈરવનો એક અનુયાયી આચાર્ય શંકરનો શિષ્ય બની ગયો. સેવાથી સહુને આશ્ચર્યચકિત કરી નાખીને છેક અંતરંગ સેવક બની ગયો. એક દિવસ શંકરાચાર્ય પાસે તેણે આવીને કહ્યું, "મેં તપથી ભૈરવને પ્રસન્ન કર્યા છે. તેઓએ મને જણાવ્યું કે 'જો તું કોઈ સર્વજ્ઞ પુરુષનું અથવા રાજાનું માથું અગ્નિમાં હોમીશ તો તને ઈચ્છેલું પ્રાપ્ત થશે.' "

तुष्टोऽब्रवीन् मां गिरिशः पुमर्थ-
मभीप्सितं प्राप्स्यसि मत्प्रियार्थम् ।
जुहोसि चेत् सर्वविदः शिरो वा
हुताशने भूमिपतेः शिरो वा ॥

शंकरदिग्विजयम् ११-११

"હું કોઈ રાજાનું મસ્તક મેળવી શકું તેમ નથી, આથી તમે મને તમારું મસ્તક આપો, જે હું અગ્નિમાં હોમીને ભૈરવને પ્રસન્ન કરીશ."

આદિ શંકરાચાર્યે તેને પોતાનું મસ્તક આપવાની હા પાડી અને જણાવ્યું કે પોતે જ્યારે એકાન્તમાં સમાધિ લગાવીને બેસે, ત્યારે તેણે તેમનું મસ્તક ઉતારી લેવું. પેલો કાપાલિક તો પ્રસન્ન થઈ ગયો. એક વાર શંકરાચાર્ય સમાધિમાં સ્થિત થયા, ત્યારે તે પોતાનો સ્વાર્થ સાધવા પહોંચી ગયો. બીજી બાજુ પદ્મપાદને આ વાતની જાણ થતાં તે દોડ્યા. તેઓ નૃસિંહ ભગવાનના ઉપાસક હતા અને જેમ નૃસિંહે ઉગ્રરૂપ ધારણ કરી હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો, તેમ તેમણે પેલો કાપાલિક આચાર્ય શંકર ઉપર પ્રહાર કરે તે પહેલાં જ તેનો નાશ કરી દીધો. આચાર્ય શંકર પોતાના શિષ્યની સાવધાની અને પરાક્રમને કારણે બચી ગયા.

હસ્તામલકની પ્રાપ્તિ

દક્ષિણયાત્રા દરમિયાન શંકરાચાર્ય એક વાર 'શ્રીવલિ' નામના અગ્રહારમાં પહોંચ્યા. 'અગ્રહાર' એટલે જ્યાં બ્રાહ્મણોની વસ્તીનું પ્રમાણ સવિશેષ હોય. આ અગ્રહારમાં ૨૦૦૦ અગ્નિહોત્રી બ્રાહ્મણો રહેતા હતા. તેમાં પ્રભાકર નામના એક સંપન્ન બ્રાહ્મણને ઘેર એક પુત્ર હતો. તે મૂર્ખ હતો. આથી પ્રભાકર દુઃખી દુઃખી રહેતા હતા. તેમણે શંકરાચાર્યની પાસે આવીને પોતાના પુત્રની મૂર્ખતા અને જડ વ્યવહારની ફરિયાદ કરી. શંકરાચાર્યે બાળકને તેના જડ વ્યવહારની બાબતમાં પ્રશ્ન કર્યો અને બાળકે ઉત્તર આપ્યો-

नाहं जडः किन्तु जडः प्रवर्तते
मत्संनिधानेन न संदिहे गुरो ।
षडूर्मिषड्भावविकारवर्जितं
सुखैकतानं परमस्मि तत्पदम् ॥

शंकरदिग्विजयम् १२-५५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હે ગુરુદેવ ! હું જડ નથી. પણ જે (દેહ વગેરે) જડ છે, તે મારા સામીપ્યને કારણે પ્રવૃત્તિ કરે છે. છ ઊર્મિઓ (શોક, મોહ, ક્ષુધા, પિપાસા, જરા અને મરણ) તથા છ ભાવવિકારો (જન્મ, અસ્તિત્વ, વધવું, ફેરફાર થવો, ક્ષય પામવો અને નષ્ટ થવું) વિનાનું અને કેવળ સુખસ્વરૂપ જે પદ છે, તે હું છું."

આ સાંભળીને શંકરાચાર્યને આ કોઈ ઉત્તમ કોટિનો જીવ છે, તેની ખાત્રી થઈ. તેમણે તેને તેના પિતા પાસેથી માગી લીધો; પોતાનો શિષ્ય બનાવ્યો અને તેનું નામ 'હસ્તામલક' રાખ્યું, જેને પાછળથી શૃંગેરી મઠના આચાર્ય તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યા.

તોટકાચાર્ય

આચાર્ય શંકર આ પછી શૃંગેરી પહોંચ્યા. આ સ્થાન મૈસુર રાજ્યમાં તુંગભદ્રા નદીના કિનારે આવેલું છે. અહીં રહીને શંકરાચાર્યે પોતાના સિદ્ધાન્તોનો સારો એવો પ્રચાર આરંભ્યો. અહીં ગિરિ નામનો એક નિષ્ઠાવાન અને ભક્ત શિષ્ય તેમને મળ્યો. તે નામથી ગિરિ એટલે પર્વત હતો, એટલું જ નહિ ગુણોમાં પણ ગિરિ એટલે પર્વત જેવો ઉચ્ચ જ હતો. તે ગુરુની સેવા ખૂબ પ્રેમથી કરતો હતો. અન્ય શિષ્યોની સરખામણીમાં એ ભણવામાં થોડો કાચો પડતો હતો.

એક વાર તુંગભદ્રા નદીએ આ ગિરિ નામનો શિષ્ય પોતાના ગુરુ શંકરાચાર્યનાં કૌપીન ધોવા ગયો. તેને આવતાં વાર થઈ. બીજી બાજુ ભણવા માટે આવીને બેઠેલા બુદ્ધિશાળી શિષ્યોને શંકરાચાર્યે એ આવે નહિ ત્યાં સુધી રોકાઈ જવા કહ્યું. આથી શિષ્યોને થયું કે અમારા ગુરુ પેલા મૂર્ખ માટે ખોટા આપણને સહુને બેસાડી રાખે છે. શંકરાચાર્ય તેઓના મનનો ભાવ જાણી ગયા. તેઓએ પોતાની અલૌકિક શક્તિથી પેલા ગિરિમાં અદ્‌ભુત વિદ્યાનો સંચાર કરી દીધો. હવે નદીએથી પાછા ફરેલા ગિરિએ તોટક છંદમાં મહાન સિદ્ધાન્તો બોલવા માંડ્યા. નવી રચના અને એ પણ આ મૂર્ખના મુખમાં. આથી બધા શિષ્યો અવાક્ થઈ ગયા. શંકરાચાર્યે તે ગિરિને 'તોટકાચાર્ય' એવું નામ આપ્યું અને પાછળથી તેઓને જ્યોતિર્મઠ (બદરીનારાયણ પાસે)ના અધ્યક્ષ બનાવ્યા.

વાર્તિકકાર સુરેશ્વરાચાર્ય

શૃંગેરીમાં રહીને શંકરાચાર્યે પોતાના શિષ્ય બનેલા મંડનમિશ્ર કે જે હવે સુરેશ્વરાચાર્ય બન્યા હતા, તેમને પોતાના ભાષ્યો ઉપર 'વાર્તિક' લખવાનું કહ્યું. જે ગ્રંથમાં મૂળ ગ્રંથમાં કહેવાયેલ, નહીં કહેવાયેલ કે અયોગ્ય રીતે કહેવાયેલ વાતોની ચર્ચા વિસ્તારથી કરવામાં આવે, તેને વાર્તિક કહેવામાં આવે છે :-

उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।
तं ग्रन्थं वार्तिकं प्राहुः वार्तिकज्ञा मनीषिणः ॥

આરંભમાં આ કામ સુરેશ્વરાચાર્યને સોંપાયેલું જાણી કેટલાક સંન્યાસી શિષ્યોએ એનો વિરોધ કર્યો, કારણ કે સુરેશ્વરાચાર્ય પહેલાં મંડનમિશ્ર તરીકે ગૃહસ્થી હતા. સુરેશ્વરાચાર્યે પોતાના ગુરુની આજ્ઞા અનુસાર પહેલાં 'નૈષ્કર્મ્યસિદ્ધિ' નામનો વેદાન્તનો અભૂતપૂર્વ ગ્રંથ રચ્યો, પોતાની પાત્રતા સિદ્ધ કરી અને વિરોધી શિષ્યોને સરસ ઉત્તર આપ્યો કે-

अहं गृही नात्र विचारणीयं
किं ते न पूर्वं मन एव हेतुः ।
बन्धे च मोक्षे च मनो विशुद्धो
गृही भवेद्वाप्युत मस्करी वा ॥

शंकरदिग्विजयम् १३-५७

"હું પહેલાં ગૃહસ્થાશ્રમી હતો એ વાત હમણાં વિચારવાની નથી. બંધ અને મોક્ષની બાબતમાં માણસનું મન જ કારણ છે. મન શુદ્ધ હોય તો પછી માણસ ગૃહસ્થાશ્રમી હોય કે સંન્યાસી; મુક્તિ મેળવવાની બાબતમાં કોઈ ફેર પડતો નથી."

આ પછી શંકરાચાર્યની આજ્ઞાથી સુરેશ્વરાચાર્ય શંકરાચાર્યનાં તૈત્તિરીય-ઉપનિષદ-ભાષ્ય અને બૃહદારણ્યક ઉપનિષદ-ભાષ્ય ઉપર વાર્તિકો લખ્યાં અને પરંપરામાં 'વાર્તિકકાર' તરીકે પ્રસિદ્ધ થયા.

બીજી બાજુ પદ્મપાદાચાર્યે પણ ગુરુની આજ્ઞાને માન આપીને બ્રહ્મસૂત્ર ઉપરના શંકરાચાર્યના શારીરક ભાષ્ય ઉપર ટીકા લખી, જેનો પૂર્વ ભાગ 'પંચપાદિકા' અને ઉત્તર ભાગ 'વૃત્તિ'ના નામથી પ્રસિદ્ધ છે.

કેરલયાત્રા, માતાની મુક્તિ

શૃંગેરીમઠની જવાબદારી સુરેશ્વરાચાર્યને સોંપીને શંકરાચાર્યે દક્ષિણમાં કેરલ પ્રદેશ તરફ પ્રયાણ કર્યું. અહીં બાળપણની સ્મૃતિઓ તાજી થઈ આવી. પોતાની માતા પાસે પહોંચ્યા. માતા હવે અતિવૃદ્ધ અને મોતની રાહ જોઈ રહી હતી. પોતાના પુત્રને આવેલો જોઈ તેનો હર્ષ અત્યંત વધી ગયો. આટલાં વર્ષે અને આવી મહાન સિદ્ધિ હાંસલ કરીને આવેલા પુત્રને જોતાં માતા ગાંડી ગાંડી થઈ ગઈ. તેના આનંદનો પાર ન રહ્યો. તેને હવે વધુ જીવવાની ઈચ્છા પણ ન હતી. માતાએ પોતાના બાળક પાસે સંસારમાંથી મુક્ત થવાનો ઉપદેશ માગ્યો. આરંભમાં શંકરાચાર્યે અદ્વૈતના સિદ્ધાન્તો દર્શાવ્યા, પણ માતાના મનમાં તે બહુ સ્થિર ન થઈ શક્યા. આથી ભગવાન શિવની શિવભુજંગપ્રયાત છંદમાં સ્તુતિ કરી. ભગવાન શિવના દૂતો માતાને લેવા ઉપસ્થિત થઈ ગયા. પણ તેઓનું હાથમાં ડમરુ અને ત્રિશૂલધારી સ્વરૂપ જોઈને માતા ડરી ગઈ. આથી શંકરાચાર્યે ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી અને માતાને તેમાં વર્ણવાયેલ પ્રભુનું રૂપ ખૂબ ગમી ગયું. તેમણે મરણ સમયે ભગવાન વિષ્ણુના અત્યંત સૌમ્ય અને આહ્લાદક સ્વરૂપનું ચિંતન કર્યું અને અંતે શાંતિથી આ દેહ છોડી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરાચાર્ય સંન્યાસી હતા. તેમનાથી અગ્નિને સ્પર્શ ન કરી શકાય. બીજી બાજુ પોતે સંન્યાસ લેતા પહેલાં માતાને વચન આપી ચૂક્યા હતા કે તે પોતે જ પોતાની માતાનો અગ્નિસંસ્કાર કરશે. આથી માતાનો અગ્નિસંસ્કાર જાતે કરવા તૈયાર થઈ ગયા. એક તો શંકરાચાર્યની અભૂતપૂર્વ કીર્તિથી જ જ્ઞાતિજનો બળેલાં તો હતાં. એમાં લોકશાસ્ત્ર વિરુદ્ધ એવી, માતાને અગ્નિદાહ દેવાની, શંકરાચાર્યની વાતનું બહાનું મળી ગયું, એટલે જ્ઞાતિજનોએ શંકરાચાર્યનો વિરોધ કર્યો. કોઈએ અગ્નિ પણ આપવાની ના પાડી દીધી. પણ આવી સ્થિતિમાં હાર માને તો શંકરાચાર્ય શેના ? તેમણે પોતે જ ઘરના આંગણામાં માતાની ચિતા રચી અને માતાના જમણા હાથનું મંથન કરી તેમાંથી અગ્નિ પેદા કર્યો અને માતાનો અગ્નિસંસ્કાર કર્યો. જુઓ ચરિત્રકાર લખે છે કે –

संचिन्त्य काष्ठानि सुशुष्कवन्ति
गृहोपकण्ठे धृततोयपात्रः ।
स दक्षिणे दोष्णि ममन्थ वह्निं
ददाह तां येन च संयताऽऽत्मा ॥

शंकरदिग्विजयम् १४-४८

પોતાના જ્ઞાતિબંધુઓનાં વર્તનથી વ્યગ્ર થયેલા શંકરાચાર્યે તેઓને શાપ આપ્યો કે હવેથી તેઓ વેદથી બહિષ્કૃત થશે, તેમને ઘેર સંન્યાસીઓ ભિક્ષા લેશે નહિ અને તેમનાં ઘરના સમીપમાં જ મુડદાં બાળવામાં આવશે.

આજે પણ એ બ્રાહ્મણો જ્યારે કોઈ મરી જાય ત્યારે પોતાના ઘરના આંગણામાં મૃતદેહનું એક નાનકડું અંગ કાપીને બાળે છે. આ પ્રસંગે અર્થાન્તરન્યાસ અલંકારમાં સ્વામી વિદ્યારણ્ય કહે છે કે :-

महत्सु धीपूर्वकृतापराधो
भवेत् पुनः कस्य सुखाय लोके ।

शंकरदिग्विजयम् १४-५१

''જાણી જોઈને મહાત્માઓનો કરેલો અપરાધ કોને જગતમાં સુખ આપનારો બને ? અર્થાત્ કોઈને નહિ.''

રાજા રાજશેખર સાથે મુલાકાત

કેરલના રાજા રાજશેખરને આચાર્ય શંકરની કીર્તિએ આકર્ષ્યા. તેઓ તેમને મળવા આવ્યા. આ રાજા સ્વયં કવિ હતા. તેઓએ વર્ષો પહેલાં ત્રણ સંસ્કૃત નાટકો લખેલાં. અને શંકરાચાર્ય જ્યારે નાના બાળક હતા ત્યારે તેમને વંચાવેલાં. શંકરાચાર્યે એ નાટકો વિશે પૃચ્છા કરી, તો જાણવા મળ્યું કે એ નાટકો તો અસાવધાનીમાં બળી ગયા છે. શંકરાચાર્યે પોતાની અભૂતપૂર્વ સ્મૃતિશક્તિથી એ નાટકો ફરી રાજાને લખાવ્યાં.

શંકરાચાર્યની આવી સ્મરણશક્તિનું એક અન્ય ઉદાહરણ પણ નોંધપાત્ર છે. તેમના શિષ્ય પદ્મપાદાચાર્યે તેમના બ્રહ્મસૂત્ર ભાષ્ય ઉપર 'પંચપાદિકા' નામનો ગ્રંથ રચીને તેમને વંચાવેલો. કોઈક કારણથી એ ગ્રંથ નાશ પામ્યો, એટલે એ દુઃખી થઈ ગયા. પરંતુ એક જ વખત એ ગ્રંથ સાંભળનાર શંકરાચાર્યે પોતાની અભૂતપૂર્વ સ્મરણશક્તિને કારણે એ આખો ગ્રંથ પોતાના પ્રિય શિષ્યને ફરીથી લખાવી દીધો અને એને ચિંતામુક્ત કરી દીધો. આવી કૉમ્પ્યુટર જેવી સ્મરણશક્તિ ધરાવનારા વિદ્વાનો આજે પણ ભારતભૂમિમાં જોવા મળ્યા છે. ડૉ. રાધાકૃષ્ણન, આચાર્ય રજનીશ કે સ્વામી ગંગેશ્વરાનંદજી મહારાજ આ વીસમી સદીમાં પણ વિદ્યમાન હતા, જેમની સ્મરણશક્તિ આચાર્ય શંકરના જેવી જ હતી.

આચાર્ય શંકર મંડળી સાથે કેરલની યાત્રા કરીને પછી શૃંગેરી પાછા ફરી ગયા. આ પછી તેઓએ સમગ્ર ભારતમાં દિગ્વિજય યાત્રા કરી, જેમાં અનંતશયન, અયોધ્યા, ઈન્દ્રપ્રસ્થ, ઉજ્જયિની, કર્ણાટક, કાંચી, કામરૂપ, કાશી, કુરુક્ષેત્ર, કેદાર, ગયા, ગોકર્ણ, ચિદમ્બર, જગન્નાથ, દ્વારિકા, પંઢરપુર, પ્રયાગ, બદરિકાશ્રમ, મથુરા, માયાપુરી, રામેશ્વર, વિદર્ભનગર, શ્રીપર્વત વગેરે સ્થળોએ એમની યાત્રા થઈ, એવાં વર્ણનો તેમના જુદાજુદા ચરિત્રગ્રંથોમાં મળે છે.

સર્વજ્ઞપીઠ પર આરોહણ

આ સહુ પ્રસંગોમાં આચાર્ય શંકરના કાશ્મીર દેશમાં સર્વજ્ઞપીઠ ઉપર આરોહણ કરવાનો પ્રસંગ ખાસ ઉલ્લેખનીય છે. કાશ્મીરમાં માતા શારદાનું મંદિર હતું. તેમાં જે સર્વજ્ઞ હોય તે જ પ્રવેશ કરી શકે. પણ દક્ષિણમાંથી કોઈ સર્વજ્ઞ હજુ સુધી આવ્યો ન હોવાથી દક્ષિણદ્વાર હંમેશ બંધ રહેતું હતું. શંકરાચાર્યે આ હકીકત જાણી અને દાક્ષિણાત્ય ઉપરના આ આળને દૂર કરવા માટે તેઓ સ્વયં શિષ્ય-મંડળી સાથે ત્યાં પહોંચ્યા. દક્ષિણનું દ્વાર ખોલવાની વાત આવી, એટલે કાશ્મીરના અનેક વિષયના પંડિતોએ તેમને જણાવ્યું કે આપ પહેલાં આપની સર્વજ્ઞતા સિદ્ધ કરો. શંકરાચાર્ય શાસ્ત્રાર્થ માટે તૈયાર થઈ ગયા અને ઉપસ્થિત રહેલા અનેક વિદ્વાનોનાં જુદાં જુદાં શાસ્ત્રોને સ્પર્શતા અનેક પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. સહુને સંતોષ થયો. તેઓ મંદિરમાં દાખલ થયા અને જેવા સર્વજ્ઞપીઠ ઉપર આરૂઢ થવા ગયા કે તરત આકાશવાણી થઈ કે ''આ પીઠ ઉપર બેસવા માટે કેવળ સર્વજ્ઞતા નહિં, પવિત્રતાનો પણ ગુણ જોઈએ. આપ સંન્યાસી છો અને મૃતદેહમાં પ્રવેશ કરીને કામિનીઓ સાથે આપે રમણ કર્યું છે. આથી આપને પવિત્રચરિત્ર બનવાનો અધિકાર કેવી રીતે મળી શકે ?''

શંકરાચાર્યે નિર્ભીક થઈને ઉત્તર આપ્યો કે ''મેં આ શરીર ધારણ કરીને આજ સુધી કોઈ પાપ કર્યું નથી. જે કામકલાનું રહસ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું શીખ્યો, તે આ દેહથી નહિ પણ અન્ય દેહથી શીખ્યો છું. આથી તે કૃત્યથી મારું આ શરીર સ્હેજ પણ લેપાયું નથી. આથી આ મારું શરીર જન્મથી જ પવિત્ર છે'' :-

नास्मिन् शरीरे कृतकिल्बिषोऽहं
जन्मप्रभृत्यम्ब न संदिहेऽहम् ।
विव्याद्धि देहान्तरसंश्रयाद्यन्
न तेन लिप्येत हि कर्मणाऽन्यः ॥

शंकरदिग्विजयम् १६-८६

શારદા દેવીને શંકરાચાર્યના આ ઉત્તરથી સંતોષ થયો અને શંકરાચાર્ય સર્વજ્ઞપીઠ ઉપર આરૂઢ થયા. આ તેમની અભૂતપૂર્વ સિદ્ધિ હતી.

આચાર્યનું તિરોધાન

આચાર્ય શંકરના તિરોધાન બાબત એકથી વધુ પરંપરાઓ છે. માધવના 'શંકરદિગ્વિજય' અનુસાર સર્વજ્ઞપીઠ ઉપર આરોહણ બાદ શંકરાચાર્યે પોતાના શિષ્યોને જુદી જુદી પીઠોનાં કાર્યનું નિરીક્ષણ કરવા માટે મોકલી આપ્યા અને પોતે બદરીનારાયણ પધાર્યા. ત્યાં દત્તાત્રય ગુફામાં દત્તાત્રય સાથે વાસ કર્યો અને ત્યાંથી કૈલાસપર્વત પર ગયા અને ત્યાં દેવતાઓએ આવીને તેમને લીલા સંકેલી લેવા વિનંતી કરી અને માધવના શબ્દોમાં કહીએ તો :-

इन्द्रोपेन्द्रप्रधानैस्त्रिदशपरिवृढैः स्तूयमानः प्रसूनै-
र्दिव्यैरभ्यर्च्यमानः सरसिरुहभुवा दत्तहस्तावलम्बः ।
आरुह्योक्षाणमग्र्यं प्रकटितसुजटाजूटचन्द्रावतंसः
शृण्वन्नालोकशब्दं समुदितमृषिभिर्धाम नैजं प्रतस्थे ॥

शंकरदिग्विजयम् १६-१०

''ઇન્દ્ર અને વિષ્ણુ વગેરે દેવતાઓથી સ્તુતિ કરાતા, દિવ્ય પુષ્પોથી પૂજાતા, જેઓએ જટાજૂટ અને ચંદ્રરૂપી મુગટ પ્રકટ કર્યા છે તેવા એ શંકરાચાર્ય, બ્રહ્માએ આપેલા હાથનો ટેકો લઈને, ઉત્તમ પોઠીયા ઉપર ચઢીને, ઋષિઓથી ઉચ્ચારાતી પોતાની સ્તુતિના શબ્દો સાંભળતાં, સ્વધામમાં પધારી ગયા.''

જેવો દૈવી આવિર્ભાવ, તેવું જ દૈવી તિરોધાન !

આદિ શંકરાચાર્યના જીવનને વર્ણવતા 'ચિદ્દવિલાસ' નામના ગ્રંથમાં તેઓએ સર્વજ્ઞપીઠ ઉપર કાંચીમાં અધિરોહણ કર્યું, એવી કથા છે. ક્યાંક એવી પરંપરા છે કે શંકરાચાર્યે કૈલાસમાં અધિરોહણ કર્યું. કેરલદેશમાં એક પ્રસિદ્ધિ એવી છે કે આદિ શંકરાચાર્યે ત્રિચૂરના મંદિરમાં પોતાનો દેહ ત્યજ્યો અને તે મંદિરના પ્રાંગણમાં જ તેઓને સમાધિ આપવામાં આવી. બીજી બાજુ કામકોટિપીઠની પરંપરા અનુસાર આદિ શંકરાચાર્યે પોતાનો દેહ કાંચીમાં ત્યજ્યો છે. આ વાત ગુરુરત્નમાલિકા ટીકા 'ગુરુપરંપરાસ્તોત્ર' અને આનંદગિરિના 'શંકરવિજય'માં લખી છે. આ સહુ મતોમાં, આચાર્ય શંકરે હિમાલયમાં કૈલાસ તરફ પ્રયાણ કર્યું, એ મત વધુ પ્રચલિત છે. વળી, કેટલાક તેઓના દેહોત્સર્ગની તિથિ વૈશાખ સુદ અગિયારસ, તો કેટલાક વૈશાખ સુદ પૂનમ, તો કેટલાક કારતક સુદ એકાદશી માને છે. ગમે તે હોય ફક્ત ૩૨ વર્ષની અલ્પાયુમાં વૈદિકધર્મની પુનઃપ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરી, અદ્વૈતવાદનો ડંકો વગાડી, સહુ વિરોધી મતોનું નિરસન કરી, સમગ્ર ભારતની અંદર પોતાના અજેય, અદ્વિતીય અને અભૂતપૂર્વ આધ્યાત્મિક સામ્રાજ્યને પ્રસ્થાપિત કરનાર આ મહાન આચાર્ય માટે કહી શકાય કે ભગવાન કૃષ્ણ પછી આ ભૂમિમાં આવી વિરલ વિભૂતિ કેવળ શંકરાચાર્ય છે, જેને માટે **न भूतो न भविष्यति** જેવું વિધાન કરતાં ગૌરવ અનુભવાય.

આદિ શંકરાચાર્યના ગ્રંથો

આદિ શંકરાચાર્યના અનેક ગ્રંથો મનાય છે, જેનું વર્ગીકરણ વિદ્વાનો ત્રણ વિભાગમાં કરે છે-(૧) ભાષ્યગ્રંથો, (૨) સ્તોત્રગ્રંથો, (૩) પ્રકરણગ્રંથો.

(૧) ભાષ્યગ્રંથો

(૧) બ્રહ્મસૂત્રભાષ્ય : બાદરાયણના બ્રહ્મસૂત્ર ઉપરનું શંકરાચાર્યનું ભાષ્ય અત્યંત પ્રસિદ્ધ છે. તેને માટે ભામતીકારે **भाष्यं प्रसन्नगम्भीरम्** કહ્યું છે, તે સર્વથા યોગ્ય છે.

(૨) ભગવદ્ગીતાભાષ્ય : ભગવદ્ગીતા ઉપર શંકરાચાર્યનું ભાષ્ય પણ પ્રસિદ્ધ છે. જ્ઞાનથી જ મોક્ષ થાય, એ સિદ્ધાન્તને અહીં પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.

(૩) ઉપનિષદ્ભાષ્ય : (૧) ઈશ, (૨) કેન, (૩) કઠ, (૪) પ્રશ્ન; (૫) મુંડક, (૬) માંડૂક્ય, (૭) તૈત્તિરીય, (૮) ઐતરેય, (૯) છાંદોગ્ય, (૧૦) બૃહદારણ્યક અને (૧૧) શ્વેતાશ્વતર, (૧૨) નૃસિંહતાપનીય, આ બાર ઉપનિષદો ઉપર તેઓનું ભાષ્ય પ્રસિદ્ધ છે. તેમાં કેન ઉપનિષદ ઉપર પદભાષ્ય અને વાક્યભાષ્ય, એમ બે પ્રકારનું ભાષ્ય મળે છે. આ બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા અને ઉપનિષદ્‌ને 'પ્રસ્થાનત્રયી' કહેવાય છે અને ભારતમાં એક માન્યતા એવી છે કે પ્રસ્થાનત્રયી ઉપર જ્યાં સુધી ભાષ્ય લખવામાં ન આવે, ત્યાં સુધી આચાર્ય પદવી પ્રાપ્ત ન થાય. ઉપર્યુક્ત ભાષ્યોમાંથી શ્વેતાશ્વતર ઉપનિષદ ઉપરનું ભાષ્ય આદિ શંકરાચાર્યનું હોવાની બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે.

(૪) માંડૂક્ય ઉપનિષદ ઉપર આદિ શંકરાચાર્યનું ભાષ્ય છે, પણ એ બાબતમાં કેટલાક વિદ્વાનો શંકા વ્યક્ત કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) વિષ્ણુસહસ્રનામ-ભાષ્ય.

(૬) સનત્સુજાતીય-ભાષ્ય.

(૭) લલિતાસહસ્ર-ભાષ્ય.

(૮) માંડૂક્યકારિકાભાષ્ય.

(૯) પાંતજલયોગભાષ્યવિવરણ.

આ ઉપરાંત બીજાં અનેક ભાષ્યો શંકરાચાર્યના નામે મળે છે, પણ એ બધાં જ આદિ શંકરાચાર્યના નહિ, પરંતુ તેમની ગાદી ઉપર આવનાર અન્ય શંકરાચાર્યોની રચના હોઈ શકે, એમ મનાય છે. આવી રચનાઓની સંખ્યા ઘણી મોટી છે.

(૨) સ્તોત્રગ્રંથો

આદિ શંકરાચાર્યના નામે અનેક સ્તોત્રો મળી આવે છે, તેમાંથી આનંદલહરી, ગોવિંદાષ્ટક, દક્ષિણામૂર્તિસ્તોત્ર, દશશ્લોકી, ચર્પટપંજરિકા, ષટ્પદી, મનીષાપંચક, દ્વાદશપંજરિકા, હરિમીડે સ્તોત્ર, સોપાનપંચક, કે શિવભુજંગપ્રયાત આદિ શંકરાચાર્યની રચના માનવામાં વિદ્વાનો મોટે ભાગે સહમત છે, જ્યારે બાકીનાં અનેક સ્તોત્રો અન્ય ગાદીપતિ શંકરાચાર્યનાં હશે, એવું મનાય છે. સ્તોત્રોની ભાષા, કલ્પના, ભાવ વગેરે એટલા બધા મધુર મનોહર અને આકર્ષક છે કે હજારો નહિ, લાખો લોકો આજે પણ તેને મોઢે કરી નિયમિત તેનો પાઠ કે ગાન કરે છે અને આનંદથી ઝૂમી ઊઠે છે.

(૩) પ્રકરણગ્રંથો

આદિ શંકરાચાર્યના નામે અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ, અદ્વૈતાનુભૂતિ, ઉપદેશસાહસ્રી, જીવન્મુક્તલહરી, કૌપીનપંચક, તત્ત્વબોધ, નિર્વાણમંજરી, બ્રહ્મજ્ઞાનાવલિમાલા, મણિરત્નમાલા, માયાપંચક, વિજ્ઞાનસુધા, વિવેકચૂડામણિ, શતશ્લોકી, સર્વવેદાન્ત-સિદ્ધાન્તસારસંગ્રહ જેવા અનેક પ્રકરણગ્રંથો મળી આવે છે. આ બધા જ આદિ શંકરાચાર્યના હોવાની બાબતમાં વિદ્વાનોમાં મતભેદ છે.

આ ઉપરાંત, સૌંદર્યલહરી, પ્રપંચસર જેવા તન્ત્રગ્રંથો પણ શંકરાચાર્યના નામે ચઢાવવામાં આવ્યા છે.

આમ, આદિ શંકરાચાર્યનું સર્જન પણ વિપુલ પ્રમાણમાં છે અને તેઓશ્રીની મહાનતાને કારણે પાછળથી અનેક ગ્રંથો તેઓના નામે ચઢાવી દેવામાં પણ આવ્યા છે.

આદિ શંકરાચાર્યનો સમય

આદિ શંકરાચાર્ય ભારતની ભૂમિમાં ક્યારે વિદ્યમાન હતા, એ બાબતમાં ઘણો મોટો વિવાદ છે. તેઓશ્રીએ સ્થાપેલા ચારે મઠોની પરંપરા તેઓને ઈ.સ.પૂર્વે થઈ ગયેલા જણાવે છે.

(૧) કામકોટિની પરંપરા અનુસાર, આદિ શંકરાચાર્યનો આવિર્ભાવ યુધિષ્ઠિર સંવત ૨૫૯૩માં અને તિરોધાન યુધિષ્ઠિર સંવત ૨૬૨૫માં થયું. આમ, તેઓ ઈ.સ.પૂર્વે ૫૦૮ થી ઈ.સ.પૂર્વે ૪૭૬ સુધી કુલ ૩૨ વર્ષ જીવ્યા હતા.

(૨) દ્વારકાની પરંપરા મુજબ, આદિ શંકરાચાર્યનો જન્મ કલિસંવત ૨૬૩૧માં થયો હતો. આમ, તેઓ પણ આચાર્યશ્રી ઈ.સ.પૂર્વે પાંચમી સદીમાં થઈ ગયા એમ માને છે.

(૩) 'કેરલોત્પત્તિ' નામના ગ્રંથ અનુસાર, આદિ શંકરાચાર્ય કલિવર્ષ ૩૫૦૧ એટલે ઈ.સ.પૂર્વે ૪૦૦માં વિદ્યમાન હતા.

(૪) બીજી બાજુ, આધુનિક વિદ્વાનો શંકરાચાર્યને અનેક દલીલોને આધારે, ઈ.સ. ૭૮૮થી ઈ.સ. ૮૨૦ દરમ્યાન ભારતની ભૂમિમાં વિદ્યમાન હતા, એવું સ્વીકારે છે, જ્યારે આચાર્યશ્રી બળદેવ ઉપાધ્યાયે, અનેક મતોની સમીક્ષા પછી, ભર્તૃહરિ ઈ.સ.ની ૭મી સદીના આરંભમાં, કુમારિલ ૭મી સદીના મધ્યભાગમાં અને આદિ શંકરાચાર્ય ૭મી સદીના અંતભાગમાં થઈ ગયા, એવો મત દર્શાવે છે.

બીજી બાજુ, હમણાં હમણાં શ્રી એસ. ડી. કુલકર્ણીએ શંકરાચાર્ય ઉપરના પોતાના ગ્રંથમાં અનેક દલીલો રજૂ કરીને આદિ શંકરાચાર્ય ઈ.સ.પૂર્વે પાંચમી સદીમાં થઈ ગયા, એ પરંપરાગત મતનું સમર્થન કરવાનો પ્રયત્ન કર્યો છે.

આદિ શંકરાચાર્યે સ્થાપેલા મઠો

પ્રાપ્ત માહિતી અનુસાર અને સામાન્ય માન્યતા મુજબ, આદિ શંકરાચાર્યે નીચે પ્રમાણે ભારતની ચાર દિશામાં ચાર મઠોની સ્થાપના કરી હતી અને વ્યવસ્થા કરી હતી :-

	આચાર્ય	વેદ	દિશા	મઠ
૧.	પદ્મપાદ	ઋગ્વેદ	પૂર્વ	ગોવર્ધનમઠ (જગન્નાથપુરી)
૨.	સુરેશ્વર	યજુર્વેદ	દક્ષિણ	શૃંગેરીમઠ (શૃંગેરી)
૩.	હસ્તામલક	સામવેદ	પશ્ચિમ	શારદામઠ (દ્વારિકા)
૪.	તોટક	અથર્વવેદ	ઉત્તર	જ્યોતિર્મઠ (બદ્રીનારાયણ પાસે)

આ ઉપરાંત, આચાર્ય બળદેવ ઉપાધ્યાય નોંધે છે તે મુજબ, આદિ શંકરાચાર્યે કાશીમાં સુમેરમઠની પણ સ્થાપના કરી હતી. મઠામ્નાયમાં આનું નામ પણ આવે છે. અહીં કાશી સમ્પ્રદાય હતો એવો ઉલ્લેખ પણ મળે છે. આ મઠ કાશીમાં, હાલના વારાણસીમાં, આજે ગણેશ મહોલ્લામાં વિદ્યમાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંચી કામકોટિ મઠ

ગોવર્ધન, શૃંગેરી, શારદા અને જ્યોતિર્મઠ ઉપરાંત, આદિ શંકરાચાર્યે એક મઠ કાશીમાં અને બીજો મઠ કાંચીમાં સ્થાપ્યો હતો, તેવી માન્યતા છે. બીજો અત્યંત પ્રસિદ્ધ મઠ જે કાંચીમાં છે, તે 'કામકોટિ પીઠ' તરીકે આજે પણ ભારતમાં અને ભારત બહાર અનેક અનુયાયીઓની ચાહના મેળવી રહ્યો છે.

આ કાંચી કામકોટિ મઠના આચાર્યની માન્યતા છે કે આદિ શંકરાચાર્યનો મુખ્ય મઠ તે આ કાંચી કામકોટિનો જ મઠ છે. તેઓ મુજબ આદિ શંકરાચાર્યે ચાર મઠોમાં ચાર શિષ્યોને નિયુક્ત કર્યા પછી, પોતાને માટે જે મઠ પસંદ કર્યો, તે આ મઠ છે. અને અહીં જ તેઓશ્રીએ જીવનની અંતિમ ક્ષણ સુધી નિવાસ કર્યો હોવાથી આ મઠ સહુથી વધુ મહત્ત્વનો છે.

આ મઠની વિગત આ મુજબ છે :-

૧. આમ્નાય : મૌલામ્નાય
૨. પીઠ : કામકોટિ
૩. મઠ : શારદા
૪. આચાર્ય : શંકર ભગવત્પાદ
૫. ક્ષેત્ર : સત્યવ્રત કાંચી
૬. તીર્થ : કમ્પાસર
૭. દેવ : એકાયુક્ત
૮. શક્તિ : કામકોટિ
૯. વેદ : ઋગ્વેદ
૧૦. સમ્પ્રદાય : મિથ્યાવાદ
૧૧. સંન્યાસી : ઈન્દ્ર, સરસ્વતી
૧૨. બ્રહ્મચારી : સત્ય બ્રહ્મચારી
૧૩. મહાવાક્ય : ૐ તત્ સત્

જેમ સૂર્ય પોતાનાં કિરણો ચારે દિશામાં પ્રસરાવે તેથી ચાર દિશાઓ પ્રકાશિત કરે, આથી એ ચાર દિશા સૂર્યનો ઉચ્છેદ કરે છે, તેમ ન કહી શકાય, તેવી રીતે આદિ શંકરાચાર્ય પોતે ચાર સ્થાનોમાં ચાર મઠોની સ્થાપના કરીને ચાર આચાર્યો નીમ્યા, તેનો અર્થ તેમના પોતાના નિવાસસ્થાન રૂપ કાંચીના કામકોટિ મઠનો ઉચ્છેદ થયો, એમ ન કહી શકાય. આવી દલીલ આ મઠના સમર્થકો કરે છે.

આદિ શંકરાચાર્યે સમગ્ર ભારતમાં પરિભ્રમણ કર્યું. અદ્વૈતવાદનો ઝંડો સર્વત્ર લહેરાયો, શાસ્ત્રાર્થમાં દિગ્વિજય કર્યો. ચાર દિશામાં ચાર મઠોની સ્થાપના કરીને ચાર જુદા જુદા આચાર્યો નિયુક્ત કર્યા પછી તેઓ અહીં કાંચીમાં આવીને શેષ જીવન વ્યતીત કરવા માટે સ્થાયી થયા. તેઓએ કાંચીમાં રહેલ કામાક્ષીની ઉગ્રકલાને પોતાની શક્તિથી આકર્ષીને મૃદુ અને મધુર બનાવી. આનો ઉલ્લેખ સદાશિવેન્દ્ર બ્રહ્મેન્દ્ર સરસ્વતીએ પોતાના 'गुरु-रत्न-मालिका' નામના ગ્રંથમાં કર્યો છે :-

प्रकृतिञ्च गुहाशयां महोग्रां स्वकृते चक्रवरे प्रवेश्य योऽग्रे ।
अकृताश्रितसौम्यमूर्तिमार्यां सुकृतं नस्स चिनोतु शङ्करार्यः ॥

અહીં જ આદિ શંકરાચાર્યે કામકોટિ પીઠની સ્થાપના કરી અને કામાક્ષીના મંદિરમાં શ્રીચક્રની પ્રતિષ્ઠા કરી. એક મત એવો પણ છે કે આદિ શંકરાચાર્યે અહીં કાંચીમાં જ સર્વજ્ઞપીઠની સ્થાપના કરી હતી. વળી, આ કાંચી નગરીના નિર્માણમાં પણ આદિ શંકરાચાર્યનું સવિશેષ યોગદાન રહેલું છે. એમ કહેવાય છે કે તે વખતના રાજાએ આચાર્ય શંકરની સૂચના અનુસાર, કામાક્ષીના મંદિરને નગરનું મધ્યબિંદુ ગણીને, શ્રીચક્રની રચના મુજબ આદર્શ નગરીનું નિર્માણ કર્યું હતું. આદિ શંકરાચાર્ય કૈલાસ ઉપરથી જે પાંચ લિંગ લાવ્યાં હતાં, તેમાં સહુથી ઉત્તમ એવા 'યોગલિંગ'ની સ્થાપના તેમણે અહીં કાંચીમાં કરી. અને સુરેશાચાર્યને તેની પૂજા માટે નિયુક્ત કર્યા :-

काञ्च्यां श्रीकामकोटौ तु योगलिङ्गमनुत्तमम् ।
प्रतिष्ठाप्य सुरेशार्यं पूजार्थं युयुजे गुरुः ॥

આ વાતનો નિર્દેશ 'માર્કંડેયપુરાણ' આનંદગિરિના 'શંકરવિજય' અને વ્યાસાચલના 'શંકરવિજય'માં સ્પષ્ટરૂપે પ્રાપ્ત થાય છે. 'નૈષધચરિત'ના કર્તા શ્રીહર્ષે પણ આ यस्यासौ जलदेवता स्फटिक-भूर्जागर्ति योगेश्वरः ॥ (નૈ.ચ. ૧૨.૩૮)માં કર્યો છે.

આ કાંચીપીઠની પરંપરા અનુસાર, ઈ.સ.પૂર્વે ૫૦૮થી ઈ.સ. ૪૭૬ સુધી આદિ શંકરાચાર્ય વિદ્યમાન હતા. તેમની પછી સુરેશ્વરાચાર્ય, સર્વજ્ઞાત્મા, સત્યબોધ વગેરે અનેક આચાર્યો થયા, તેમાં ૬૮મા આચાર્ય ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી હમણાં સુધી હતા. તેઓ પ્રકાંડ પંડિત અને પ્રજામાનસ ઉપર અદ્ભુત પ્રભાવ ધરાવતા હતા. તેઓ લગભગ ૧૦૦ વર્ષ સુધી જીવ્યા અને તેઓશ્રીના બ્રહ્મલીન થયા પછી આજ પરમપૂજ્ય શ્રી જયેન્દ્ર સરસ્વતી જગદ્ગુરુનું સ્થાન શોભાવી રહ્યા છે. તેઓશ્રીની પ્રતિભા વિરલ છે અને તેઓના માર્ગદર્શનમાં આજ આ પીઠ સહુપીઠોમાં અન્યતમ બની છે.

મહામાનવ : આદિ શંકરાચાર્ય

આમ, પંચાયતન-પૂજાની સ્થાપનાથી પણ આદિ શંકરાચાર્યે આપણા દેશની એકતાની ભાવનાને દૃઢ કરવામાં ઘણો જ અગત્યનો ફાળો આપ્યો છે. ભારતની ભાવાત્મક એકતાને સિદ્ધ કરવામાં અને પ્રત્યેક વ્યક્તિના આત્મગૌરવને પુનઃપ્રસ્થાપિત કરવામાં યુગપુરુષ, મહામાનવ આદિ શંકરાચાર્યના પેંગડામાં પગ નાખે તેવો કોઈ પણ મહાનુભાવ હજુ જન્મવાનો બાકી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આપણા આ યુગના એક પ્રખર બૌદ્ધિક, ચિંતક, એક વખતના ભારતના અમેરિકા ખાતેના રાજદૂત અને સુપ્રસિદ્ધ વકીલ એવા શ્રી નાની પાલખીવાલા લખે છે કે - Most historions are agreed that if a count were taken of the twelve greatest men, who ever lived in any country in any age, Adi Shankaracharya would undoubtedly be one of them. I would call him the "Universal Man". He deserved to be called "Universal Man" in more senses than one. First of all, his accomplishments were of highest order in a number of fields of mental and spiritual activity, each of which would have been enough to make him immortal.

- Nani Palkhiwala

- 'Adi Shankaracharya' (12th Centenary Commemoration Volume) Edited by Dr. Gautam Patel, Published by Directorate of Information, Govt. of Gujarat, Gandhinagar, 1992, Page No. 1.

વળી, શ્રી નાની પાલખીવાળાએ લાંબી ચર્ચાને અંતે નિષ્કર્ષ આપ્યો છે કે-

"હું જેને "અધ્યાત્મનું સામ્રાજ્ય-Empire of the Spirit" કહું છું તેની તેઓએ (આદિ શંકરાચાર્યે) સ્થાપના કરી હતી. અનેક યુગો આવ્યા અને ગયા, રાજ્યો સમૃદ્ધ થયાં અને નાશ પામ્યાં, પરંતુ આદિ શંકરાચાર્યનું "અધ્યાત્મનું સામ્રાજ્ય" હજુ તેવું ને તેવું જ રહ્યું છે અને જ્યાં સુધી આપણી જનતામાં આદિ શંકરાચાર્યનો 'સ્પીરિટ' રહેશે, ત્યાં સુધી આ દેશની મહાનતા માટે આશા બની રહેશે."[1]

- નાની પાલખીવાલા



૧. જુઓ : 'આદિ શંકરાચાર્ય' - સંપાદક-ગૌતમ વાડીલાલ પટેલ, ઊર્મિ સમીર શાહ, પ્રકાશક-સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ, ૧૯૯૫, પૃ.નં.૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય

(સમગ્ર ગ્રંથાવલી)

ભાગ-૧ : સ્તોત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ श्रीगणेशस्य प्रातःस्मरणम् ॥

प्रातः स्मरामि गणनाथमनाथबन्धुं
सिन्दूरपूरपरिशोभितगण्डयुग्मम् ।
उद्दण्डविघ्नपरिखण्डनचण्डदण्ड-
माखण्डलादिसुरनायकवृन्दवन्द्यम् ॥ १ ॥

अनाथ-बन्धुम् - અનાથના બંધુ, सिन्दूर-पूर-परिशोभित-गण्ड-युग्मम् - સિંદૂરના સમૂહથી પરિપૂર્ણ ગંડયુગલવાળા, उद्दण्ड-विघ्न-परिखण्डन-चण्ड-दण्डम् - ઉદ્દામ વિઘ્નોના નાશ માટે પ્રચંડ દંડસ્વરૂપ, आखण्डल-आदि-सुरनायक-वृन्द-वन्द्यम् - ઈન્દ્ર વગેરે દેવોના નાયકોના સમૂહથી વંદન કરવા યોગ્ય, गणनाथम् - ભગવાન ગણપતિનું, प्रातः - સવારના સમયે, स्मरामि - હું સ્મરણ કરું છું.

અનાથના બંધુ, સિંદૂરના સમૂહથી પરિપૂર્ણ ગંડયુગલવાળા, ઉદ્દામ વિઘ્નોના નાશ માટે પ્રચંડ દંડસ્વરૂપ, ઈન્દ્ર વગેરે દેવોના નાયકોના સમૂહથી વંદન કરવા યોગ્ય, ભગવાન ગણપતિનું સવારના સમયે હું સ્મરણ કરું છું. (૧)

प्रातर्नमामि चतुराननवन्द्यमान-
मिच्छानुकूलमखिलं च वरं ददानम् ।
तं तुन्दिलं द्विरसनाधिपयज्ञसूत्रं
पुत्रं विलासचतुरं शिवयोः शिवाय ॥ २ ॥

चतुर-आनन-वन्द्यमानम् - ચાર મુખવાળા બ્રહ્માથી વંદન કરાતા, च - અને, इच्छानुकूलम् - ઈચ્છાને અનુકૂળ, अखिलम् - સંપૂર્ણ, वरम् - વરદાન, ददानम् - આપનાર, तम् - તે, तुन्दिलम् - મોટા પેટવાળા, द्वि-रसनाधिप-यज्ञसूत्रम् - બે જીભવાળા(સાપ)ના સ્વામીરૂપી યજ્ઞોપવીતવાળા, विलास-चतुरम् - વિલાસમાં હોંશિયાર, शिवयोः - શિવ અને પાર્વતીના, पुत्रम् - પુત્રને, शिवाय - કલ્યાણ માટે, प्रातः - સવારના સમયે, नमामि - હું વંદન કરું છું.

ચાર મુખવાળા બ્રહ્માથી વંદન કરાતા અને (ભક્તોની) ઈચ્છાને અનુકૂળ સંપૂર્ણ વરદાન આપનાર, તે મોટા પેટવાળા, બે જીભવાળાના એટલે સાપના સ્વામીરૂપી યજ્ઞોપવીતવાળા, વિલાસમાં હોંશિયાર, ભગવાન શિવ અને પાર્વતીના પુત્રને (મારા) કલ્યાણ માટે હું વંદન કરું છું. (૨)

प्रातर्भजाम्यभयदं खलु भक्तशोक-
दावानलं गणविभुं वरकुञ्जरास्यम् ।
अज्ञानकाननविनाशनहव्यवाह-
मुत्साहवर्धनमहं सुतमीश्वरस्य ॥ ३ ॥

अभयदम् - અભયને આપનાર, खलु - ખરેખર, भक्त-शोक-दावानलम् - ભક્તોના શોકને બાળી નાંખનાર દાવાનળ, गणविभुम् - ગણોના સ્વામી, वर-कुञ्जर-आस्यम् - સુંદર હાથીના જેવાં મુખવાળા, अज्ञान-कानन-विनाशन-हव्यवाहम् - અજ્ઞાનરૂપી વનના વિનાશ માટે અગ્નિ સમાન, उत्साह-वर्धनम् - ઉત્સાહને વધારનાર, ईश्वरस्य - ભગવાન શિવના, सुतम् - સુપુત્રનું, प्रातः - સવારના સમયે, भजामि - હું ભજન કરું છું.

અભયને આપનાર, ખરેખર ભક્તોના શોકને બાળી નાખનાર દાવાનળ, ગણોના સ્વામી, સુંદર હાથીના જેવાં મુખવાળા, અજ્ઞાનરૂપી વનના વિનાશ માટે અગ્નિ સમાન, ઉત્સાહને વધારનાર, ભગવાન શિવના સુપુત્રનું સવારના સમયે હું ભજન કરું છું. (૩)

श्लोकत्रयमिदं पुण्यं सदा साम्राज्यदायकम् ।
प्रातरुत्थाय सततं यः पठेत्प्रयतः पुमान् ॥ ४ ॥

यः - જે, पुमान् - મનુષ્ય, प्रातः - સવારના, उत्थाय - ઊઠીને, प्रयतः - સંયમી ચિત્તવાળો બની, इदम् - આ પુણ્યમ્ - પવિત્ર, श्लोकत्रयम् - ત્રણ શ્લોકોનો, सततम् - નિત્ય पठेत् - પાઠ કરે છે તેને, सदा - હંમેશ, साम्राज्य-दायकम् - સામ્રાજ્યના આપનાર બને છે.

જે મનુષ્ય સવારના ઊઠીને સંયમી ચિત્તવાળો બની, આ પવિત્ર ત્રણ શ્લોકોનો નિત્ય પાઠ કરે છે, તેને તે હંમેશ સામ્રાજ્યના આપનાર બને છે. (૪)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
"श्रीगणेशस्य प्रातःस्मरणम्" संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
"શ્રીગણેશસ્ય પ્રાતઃસ્મરણમ્" સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ प्रातःस्मरणस्तोत्रम् ॥

प्रातःस्मरामि हृदि संस्फुरदात्मतत्त्वं
सच्चित्सुखं परमहंसगतिं तुरीयम् ।
यस्तु प्रजागरसुषुप्तमवैति नित्यं
तद्ब्रह्म निष्कलमहं न च भूतसङ्घः ॥ १ ॥

हृदि - હૃદયમાં संस्फुरत् - સ્ફુરણા પામતા, સ્ફુરતા आत्मतत्त्वम् - આત્મતત્ત્વનું प्रातः - સવારમાં, પ્રભાત સમયે स्मरामि - હું સ્મરણ કરું છું (એ તત્ત્વ) सत्-चित्-सुखम् - સત્ ચિત્ અને પરમ-हंस-गतिम् - પરમહંસોની ગતિ, અંતિમ આશ્રયસ્થાન तुरीयम् - તુરીય એટલે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એવી ત્રણે અવસ્થાઓથી પર એવું તુરીય અર્થાત્ ચતુર્થ અવસ્થારૂપ છે तु - વળી यः - જે प्रजागर-सुषुप्तम् - જાગ્રત અને સુષુપ્તિ નામની અવસ્થાઓને नित्यम् - હંમેશ, સદા अवैति - જાણે છે तद् - તે निष्कलम् - કલારહિત ब्रह्म - બ્રહ્મ, જગતનું પરમતત્ત્વ, જે સમગ્ર સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ છે अहम् - હું (છું) च - અને भूतसङ्घ - ભૂતોનો સમૂહ- પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ- આ પાંચભૂતો ગણાય છે, તેનાથી આ શરીર બનેલું છે न - નથી.

હૃદયમાં સ્ફુરણો પામતા આત્મતત્ત્વનું હું પ્રભાત સમયે સ્મરણ કરું છું, (એ તત્ત્વ) સત્, ચિત્ અને સુખરૂપ, પરમહંસોની ગતિ અને તુરીય (ત્રણે અવસ્થાઓથી પર) છે, વળી, જે જાગ્રત અને સુષુપ્તિને હંમેશ જાણે છે, તે નિષ્કલ બ્રહ્મ હું છું, (પાંચ) ભૂતોનો સમૂહ હું નથી. (૧)

प्रातर्भजामि मनसां वचसामगम्यं
वाचो विभान्ति निखिला यदनुग्रहेण ।
यन्नेति नेति वचनैर्निगमा अवोचं-
स्तं देवदेवमजमच्युतमाहुरग्रम् ॥ २ ॥

मनसाम् - મનને માટે वचसाम् - વાણી માટે अगम्यम् - અગમ્ય, પ્રાપ્ત ન કરી શકાય તેવા, મન કે વાણી જેના સુધી પહોંચી શકે નહીં તેવા તત્ત્વનું प्रातः - સવારમાં, પ્રભાત સમયે भजामि - હું ભજન કરું છું यद् - જેના अनुग्रहेण - અનુગ્રહથી, જેની કૃપાથી निखिला - સઘળી वाचः - વાણી विभान्ति - ભાસે છે, પ્રકાશે છે यत् - જેને नेति नेति - તે'આ નથી, આ નથી' એવા वचनैः - વચનોથી निगमाः-વેદો अवोचन् - કહે છે, વર્ણવે છે तम् - તે देवदेवम् - દેવોના પણ દેવ अच्युतम् - અચ્યુતને अग्रम् - (સહુના) અગ્રેસર, આદિ आहुः -કહેવામાં આવે છે.

મન અને વાણી માટે અગમ્ય એવા એ તત્ત્વનું હું પ્રભાત સમયે ભજન કરું છું, જેના અનુગ્રહથી સઘળી વાણી પ્રકાશે છે, જેને તે 'આ નથી, આ નથી' એવાં વચનોથી વેદો વર્ણવે છે, તે દેવોના પણ દેવ અચ્યુતને સહુના અગ્રેસર આદિ કહેવામાં આવે છે. (૨)

प्रार्तनमामि तमसः परमर्कवर्णं
पूर्णं सनातनपदं पुरुषोत्तमाख्यम् ।
यस्मिन्निदं जगदशेषमशेषमूर्तौ
रज्ज्वां भुजङ्गम इव प्रतिभासितं वै ॥ ३ ॥

तमसः - અંધકારથી परम् - પર, ભિન્ન अर्कवर्णम् - સૂર્ય સમાન વર્ણવાળા (એ તત્ત્વને) प्रातः - સવારમાં, પ્રભાત સમયે नमामि - હું વંદન કરું છું (એ તત્ત્વ) पुरुषोत्तमाख्यम् - 'પુરુષોત્તમ' નામનું पूर्णम् - પૂર્ણ सनातनपदम् - સનાતન પદ, નિત્યસ્થાનરૂપ (છે) यस्मिन् - જેના अशेषमूर्तौ - સંપૂર્ણ સ્વરૂપમાં इदम् - આ अशेषम् - આખું, કોઈપણ શેષ ન રહે તેમ जगत् - જગત वै - ચોક્કસ રીતે रज्ज्वाम् - રજ્જુમાં, દોરડીમાં भुजङ्गम् - સાપની इव - જેમ प्रतिभासितम् - ભાસે છે.

અંધકારથી પર, સૂર્યસમાન વર્ણવાળા (એ તત્ત્વને) પ્રભાત સમયે હું વંદન કરું છું, એ 'પુરુષોત્તમ' નામનું પૂર્ણ અને સનાતન પદ છે, જેના સંપૂર્ણ સ્વરૂપમાં આ આખું જગત, ચોક્કસ રીતે, રજ્જુમાં સાપની જેમ, ભાસે છે. (૩)

श्लोकत्रयमिदं पुण्यं
लोकत्रयविभूषणम् ।
प्रातःकाले पठेद्यस्तु
स गच्छेत्परमं पदम् ॥ ४ ॥

लोक-त्रय-विभूषणम् - ત્રણે લોકનાં આભૂષણરૂપ इदम् - આ श्लोकत्रयम् - ત્રણ શ્લોકોનો यः - જે प्रातः-काले - સવારના સમયે पठेत् - પાઠ કરે सः - તે परमम् - ઉત્તમ पदम् - સ્થાને गच्छेत् - જશે, પ્રયાણ કરશે, પ્રાપ્ત કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ श्रीदेव्या: प्रात:स्मरणम् ॥

चाञ्चल्यारुणलोचनाञ्चितकृपां चन्द्रार्कचूडामणिं
चारुस्मेरमुखां चराचरजगत्संरक्षणीं सत्पदाम् ।
चञ्चच्चम्पकनासिकाग्रविलसन्मुक्तामणीरञ्जितां
श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥ १ ॥

चाञ्चल्य-अरुण-लोचन-अञ्चित-कृपाम् - ચંચળ અને લાલ નેત્રમાં ભરેલી કૃપાવાળાં, चन्द्र-अर्क-चूडामणिम् - ચંદ્ર અને સૂર્યરૂપી મસ્તકનાં આભૂષણવાળાં, चारु-स्मेर-मुखाम् - સુંદર હસતાં મુખવાળાં, चर-अचर-जगत्-संरक्षणीम् - ચર અને અચર (સ્થાવર અને જંગમ) વિશ્વનું રક્ષણ કરનારાં, सत्पदाम् - સજ્જનો માટે વિશ્રામસ્થાન, સતનું વિશ્રામસ્થાન, चञ्चत्-चम्पक-नासिका-अग्र-विलसन्-मुक्तामणी-रञ्जिताम् - સુંદર ચંપાની કળી જેવી નાસિકાના અગ્રભાગમાં શોભતી મોતીની નથણીથી સુશોભિત, श्रीशैल-स्थल-वासिनीम् - શ્રીશૈલ પર્વત પર નિવાસ કરનારાં, भगवतीम् - ભગવતી, श्रीमातरम् - શ્રીમાતાનું भावये - હું સ્મરણ કરું છું.

ચંચળ અને લાલ નેત્રોમાં ભરેલી કૃપાવાળાં, ચંદ્ર અને સૂર્યરૂપી મસ્તકનાં આભૂષણવાળાં, સુંદર હસતાં મુખવાળાં, ચર અને અચર વિશ્વનું રક્ષણ કરનારાં, સજ્જનો માટે વિશ્રામનું સ્થાન, સુંદર ચંપાની કળી જેવી નાસિકાના અગ્રભાગમાં શોભતી મોતીની નથણીથી સુશાભિત, શ્રીશૈલ પર્વત પર નિવાસ કરનારાં, ભગવતી શ્રીમાતાનું હું સ્મરણ કરું છું. (૧)

कस्तूरीतिलकाञ्चितेन्दुविलसत्प्रोद्भासिभालस्थलीं
कर्पूरद्रवमिश्रचूर्णखदिरामोदोल्लसद्वीटिकाम् ।
लोलापाङ्गतरङ्गितैरधिकृपासारैर्नतानन्दिनीं
श्रीशैलस्थलवासिनीं भगवतीं श्रीमातरं भावये ॥ २ ॥

कस्तूरी-तिलक-अञ्चित-इन्दु-विलसत्-प्रोद्भासि-भाल-स्थलीम् - કસ્તૂરીનાં તિલકથી સુશોભિત, ચંદ્રના સમાન અત્યંત ઉજ્જવળ લલાટ સ્થળવાળાં, कर्पूर-द्रव-मिश्रचूर्ण-खदिरामोद-उल्लसद्-वीटिकाम् - કપૂરના રસથી મિશ્રિત ચૂના અને કાથાની સુવાસ ફેલાવતાં પાનનાં બીડાવાળાં लोल-अपाङ्ग-तरङ्गितैः - ચંચળ

ત્રણે લોકનાં આભૂણરૂપ આ ત્રણ શ્લોકોનો જે સવારના સમયે (દરરોજ) પાઠ કરે, તે ઉત્તમ પદ પ્રાપ્ત કરશે. (૪)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''प्रात:स्मरणस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''પ્રાત:સ્મરણસ્તોત્રમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેત્રોના ખૂણાઓથી તરંગિત થયેલા, अधिकृपासारैः - અત્યંત કૃપાના સારથી नत-आनन्दिनीम् - નમન કરનાર ભક્તોને આનંદ આપનારાં, श्रीशैल-स्थल... - વગેરે શ્લોક ૧ મુજબ.

કસ્તૂરીનાં તિલકથી સુશોભિત, ચંદ્રના સમાન અત્યંત ઉજ્જવળ લલાટ સ્થળવાળાં, કપૂરના રસથી મિશ્રિત ચૂના અને કાથાની સુવાસ ફેલાવતાં પાનનાં બીડાવાળાં, ચંચળ નેત્રોના ખૂણાઓથી તરંગિત થયેલા, અત્યંત કૃપાના સારથી, નમન કરનાર ભક્તોને આનંદ આપનારાં, શ્રીશૈલ પર્વત પર નિવાસ કરનારાં, ભગવતી શ્રીમાતાનું હું સ્મરણ કરું છું. (૨)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीदेव्याः प्रातःस्मरणम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીદેવ્યાઃ પ્રાતઃસ્મરણમ્'' સંપૂર્ણ.



॥ ॐ ॥

॥ श्रीविष्णोः प्रातःस्मरणम् ॥

प्रातः स्मरामि भवभीतिमहार्तिशान्त्यै
नारायणं गरुडवाहनमब्जनाभम् ।
ग्राहाभिभूतवरवारणमुक्तिहेतुं
चक्रायुधं तरुणवारिजपत्रनेत्रम् ॥ १ ॥

गरुडवाहनम् - ગરુડવાહન, अब्जनाभम् - કમળ સમાન નાભિવાળા, ग्राह-अभिभूत-वर-वारण-मुक्ति-हेतुम् - મગરથી અભિભૂત થયેલા, પરાજ્ય પામેલા શ્રેષ્ઠ હાથી-ગજેન્દ્રની મુક્તિનું કારણ, चक्रायुधम् - સુદર્શનચક્રરૂપી આયુધવાળા, तरुण-वारिज-पत्र-नेत्रम् - ખીલતાં કમળનાં પત્ર જેવાં નેત્રવાળા, नारायणम् - નારાયણનું, भवभीति-महार्ति-शान्त्यै - ભવની ભીતિરૂપી મહાન દુઃખની શાંતિ માટે, प्रातः - સવારના સમયે, स्मरामि - હું સ્મરણ કરું છું.

ગરુડવાહન, કમળ સમાન નાભિવાળા, મગરથી પરાજય પામેલા ગજેન્દ્રની મુક્તિનું કારણ, સુદર્શન ચક્રરૂપી આયુધવાળા, ખીલતાં કમળનાં પત્ર જેવાં નેત્રવાળા ભગવાન નારાયણ(વિષ્ણુ)નું ભવની ભીતિરૂપી મહાન દુઃખની શાંતિ માટે, સવારના સમયે, હું સ્મરણ કરું છું. (૧)

प्रातर्नमामि मनसा वचसा च मूर्ध्ना
पादारविन्दयुगलं परमस्य पुंसः ।
नारायणस्य नरकार्णवतारणस्य
पारायणप्रवणविप्रपरायणस्य ॥ २ ॥

पारायण-प्रवण-विप्र-परायणस्य - (વેદોના) પારાયણમાં લાગેલા બ્રાહ્મણના પરમ આશ્રયરૂપ, नरक-अर्णव-तारणस्य - નરકરૂપી સાગરમાંથી તારનાર, परमस्य - પરમ, શ્રેષ્ઠ, पुंसः - પુરુષના, પુરુષોત્તમના, नारायणस्य - નારાયણના, पादारविन्द-युगलम् - બંને ચરણકમલોને, मनसा - મનથી, वचसा - વાણીથી, च - અને, मूर्ध्ना - મસ્તકથી, प्रातः - સવારના સમયે, नमामि - હું પ્રણામ કરું છું.

વેદોના પારાયણમાં લાગેલા બ્રાહ્મણના પરમ આશ્રયરૂપ, નરકરૂપી સાગરમાંથી તારનાર, પરમ પુરુષોત્તમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા નારાયણનાં બંને ચરણકમલોને મનથી, વાણીથી અને મસ્તકથી સવારના સમયે હું પ્રણામ કરું છું. (૨)

प्रातर्भजामि भजतामभयङ्करं तं
प्राक्सर्वजन्मकृतपापभयापहत्यै ।
यो ग्राहवक्त्रपतिताङ्घ्रिगजेन्द्रघोर-
शोकप्रणाशनकरो धृतशङ्खचक्रः ॥ ३ ॥

यः - જે, ग्राह-वक्त्र-पतित-अङ्घ्रि-गजेन्द्र-घोर-शोक-प्रणाशन-करः - મગરનાં મુખમાં પડેલાં ચરણવાળા ગજેન્દ્રના ઘોર-ભયંકર શોકનો નાશ કરનાર, धृत-शङ्ख-चक्रः - શંખ અને ચક્રને ધારણ કરનાર, तम् - તે भजताम् - ભજન કરનારને એટલે ભક્તને, अभयङ्करम् - નિર્ભય બનાવનાર (વિષ્ણુનું), प्रातः - સવારના સમયે, भजामि - હું ભજન કરું છું.

જે મગરના મુખમાં પડેલા ચરણવાળા ગજેન્દ્રના ભયંકર શોકનો નાશ કરનાર છે અને શંખ તથા ચક્રને ધારણ કરનાર છે, તે ભક્તને નિર્ભય કરનાર ભગવાન વિષ્ણુનું સવારના સમયે હું ભજન કરું છું. (૩)

इति श्रीसत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीविष्णोः प्रातःस्मरणम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીવિષ્ણોઃ પ્રાતઃસ્મરણમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ श्रीशिवस्य प्रातःस्मरणम् ॥

प्रातः स्मरामि भवभीतिहरं सुरेशं
गङ्गाधरं वृषभवाहनमम्बिकेशम् ।
खट्वाङ्गशूलवरदाभयहस्तमीशं
संसाररोगहरमौषधमद्वितीयम् ॥ १ ॥

भव-भीति-हरम् - સંસારના ભયનો નાશ કરનાર, सुरेशम् - દેવોના સ્વામી, गङ्गाधरम् - ગંગાને ધારણ કરનાર, वृषभ-वाहनम् - વૃષભરૂપી વાહનવાળા, अम्बिकेशम् - અંબિકાના સ્વામી, खट्वाङ्ग-शूल-वरद-अभय-हस्तम् - ખટ્વાંગ (ખાટલાનો પાયો), ત્રિશૂલ, વરદાન અને અભયની મુદ્રાયુક્ત હાથવાળા, संसार-रोग-हरम् - સંસારના રોગનો નાશ કરવામાં, अद्वितीयम् - અદ્વિતીય, औषधम् - ઔષધ, એવા સમાન ભગવાન, શિવનું प्रातः - સવારના સમયે, स्मरामि - હું સ્મરણ કરું છું.

સંસારના ભયનો નાશ કરનાર, દેવોના સ્વામી, ગંગાને ધારણ કરનાર, વૃષભરૂપી વાહનવાળા, અંબિકાના સ્વામી, ખટ્વાંગ, ત્રિશૂલ, વરદાન અને અભયની મુદ્રાયુક્ત હાથવાળા, સંસારના રોગને હરવામાં અજોડ ઔષધ સમાન ભગવાન શિવનું સવારના સમયે હું સ્મરણ કરું છું. (૧)

प्रातर्नमामि गिरिशं गिरिजार्धदेहं
सर्गस्थितिप्रलयकारणमादिदेवम् ।
विश्वेश्वरं विजितविश्वमनोऽभिरामं
संसाररोगहरमौषधमद्वितीयम् ॥ २ ॥

गिरिजा-अर्धदेहम् - પાર્વતીરૂપી અર્ધદેહવાળા, सर्ग-स्थिति-प्रलय-कारणम् - સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ, आदि-देवम् - આદિ દેવ, विश्वेश्वरम् - વિશ્વના ઈશ્વર, विजित-विश्व-मनोऽभिरामम् - વિશ્વવિજયી અને મનોહર, संसार-रोग-हरम् - સંસારના રોગને હરવામાં, अद्वितीयम् - અદ્વિતીય, અજોડ औषधम् - ઔષધ, गिरिशम् - પર્વત પર રહેનાર, ભગવાન શિવને, प्रातः - સવારના સમયે, नमामि - હું પ્રણામ કરું છું.

પાર્વતીરૂપી અર્ધદેહવાળા, સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ, આદિ દેવ, વિશ્વવિજયી અને મનોહર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારના રોગને હરવામાં, અદ્વિતીય ઔષધ, એવા ભગવાન શિવને સવારના સમયે હું પ્રણામ કરું છું. (૨)

प्रातर्भजामि शिवमेकमनन्तमाद्यं
वेदान्तवेद्यमनघं पुरुषं महान्तम् ।
नामादिभेदरहितं षड्भावशून्यं
संसाररोगहरमौषधमद्वितीयम् ॥ ३ ॥

एकम् - એક, अनन्तम् - અનન્ત, आद्यम् - (જગતના) આદિ, वेदान्तवेद्यम् - વેદાન્તથી જાણવા યોગ્ય, अनघम् - નિષ્પાપ, પાપરહિત, महान्तम् पुरुषम् - મહાન પુરુષ, नामादि-भेद-रहितम् - નામ (રૂપ) વગેરે ભેદ વિનાના, षड्भाव-शून्यम् - છ ભાવોથી શૂન્ય जायते, अस्ति, वर्धते, विपरिणमते, अपक्षीयते અને, विनश्यति આ છ- 'ભાવવિકારો' ગણાય છે. ભાવ એટલે પદાર્થ તે જન્મે, અસ્તિત્વને પામે, વૃદ્ધિ પામે, જુદા જુદા પરિમાણને પ્રાપ્ત થાય, ઘસાય અને નાશ થાય. આમ છ ભાવવિકારો કહેવાય संसाररोग... - વગેરે શ્લોક ૧ મુજબ शिवम् - શિવનું प्रातः - સવારના સમયે भजामि - હું ભજન કરું છું.

એક, અનન્ત, આદિ, વેદાન્તથી જાણવા યોગ્ય, પાપરહિત, મહાન પુરુષ, નામ (રૂપ)વગેરે વિનાના, છ ભાવોથી શૂન્ય(રહિત), સંસારના રોગનો નાશ કરવામાં, અદ્વિતીય ઔષધ એવા ભગવાન શિવનું હું સવારના સમયે ભજન કરું છું. (૩)

प्रातः समुत्थाय शिवं विचिन्त्य
श्लोकत्रयं येऽनुदिनं पठन्ति ।
ते दुःखजातं बहुजन्मसञ्चितं
हित्वा पदं यान्ति तदेव शम्भोः ॥ ४ ॥

ये - જે લોકો प्रातः - સવારના, समुत्थाय - ઊઠીને, शिवम् - ભગવાન શિવનું, विचिन्त्य - ચિંતન કરીને, श्लोकत्रयम् - આ ત્રણ શ્લોકોનો, अनुदिनम् - દરરોજ, पठन्ति - પાઠ કરે છે, ते - તે, बहु-जन्म-सञ्चितम् - અનેક જન્મોથી એકઠાં થયેલાં, दुःखजातम् - દુઃખના સમૂહનો, हित्वा - નાશ કરીને, शम्भोः - ભગવાન શિવના, तदेव - તે જ, पदम् - સ્થાનમાં (કૈલાસમાં), यान्ति - જાય છે.

જે લોકો સવારના ઊઠીને, ભગવાન શિવનું ધ્યાન કરીને, આ ત્રણ શ્લોકોનો દરરોજ પાઠ કરે છે, તે અનેક જન્મોથી એકઠાં થયેલાં દુઃખના સમૂહનો નાશ કરીને, ભગવાન શિવનાં તે જ સ્થાન(કૈલાસ)માં જાય છે. (૪)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीशिवस्य प्रातःस्मरणम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીશિવસ્ય પ્રાતઃસ્મરણમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



॥ ॐ ॥

॥ श्रीसूर्यस्य प्रातःस्मरणम् ॥

प्रातः स्मरामि खलु तत्सवितुर्वरेण्यं
रूपं हि मण्डलमृचोऽथ तनुर्यजूंषि ।
सामानि यस्य किरणाः प्रभवादिहेतुं
ब्रह्माहरात्मकमलक्ष्यमचिन्त्यरूपम् ॥ १ ॥

प्रातः - સવારના સમયે, तत् - તે, सवितुः - સૂર્યદેવના, वरेण्यम् - વરણ કરવા યોગ્ય, પસંદ કરવા યોગ્ય, रूपम् - રૂપનું, स्मरामि - હું સ્મરણ કરું છું જેનું, मण्डलम् - મંડલ, ऋचः - ઋગ્વેદની ઋચાઓ છે, अथ - અને, तनुः - દેહ, यजूंषि - યજુર્વેદના મંત્રો છે, यस्य - જેના, किरणाः - કિરણો, सामानि - સામવેદના મંત્રો છે, प्रभवादिहेतुम् - જગતની ઉત્પત્તિ (સ્થિતિ લય) વગેરેનું, કારણ ब्रह्मा-अहरात्मकम् - બ્રહ્માનો દિવસ, अलक्ष्यम् - અલક્ષ્ય, अचिन्त्यरूपम् - અને અચિંત્યરૂપ, જેના રૂપનો વિચાર ન થઈ શકે તેવા છે.

સવારના સમયે, તે સૂર્યદેવનાં વરણ કરવા યોગ્ય રૂપનું હું સ્મરણ કરું છું, જેનું મંડલ ઋગ્વેદની ઋચાઓ અને દેહ યજુર્વેદના મંત્રો તથા જેનાં કિરણો સામવેદના મંત્રો છે, જે જગતની ઉત્પત્તિ (સ્થિતિ અને લય) વગેરેનું કારણ, બ્રહ્માનો દિવસ, અલક્ષ્ય અને અચિંત્યરૂપ છે. (૧)

प्रातर्नमामि तरणिं तनुवाङ्मनोभि-
र्ब्रह्मेन्द्रपूर्वकसुरैर्नुतमर्चितं च ।
वृष्टिप्रमोचनविनिग्रहहेतुभूतं
त्रैलोक्यपालनपरं त्रिगुणात्मकं च ॥ २ ॥

प्रातः - સવારના સમયે, तनु-वाङ्-मनोभिः - તન, વાણી અને મનથી, तरणिम् - ભગવાન સૂર્યને, नमामि - હું પ્રણામ કરું છું જે, ब्रह्मेन्द्र-पूर्वक-सुरैः - બ્રહ્મા ઈન્દ્ર વગેરેને આગળ કરી દેવો વડે, नुतम् - નમન કરાયેલ, च - અને, अर्चितम् - પૂજાયેલ છે, वृष्टि-प्रमोचन-विनिग्रह-हेतु-भूतम् - વરસાદ વરસાવવા અને રોકી રાખવાનું કારણ બનેલ, त्रैलोक्य-पालन-परम् - ત્રણે લોકના પાલનમાં લાગેલા, च - અને, त्रिगुणात्मकम् - ત્રણ ગુણરૂપ છે.

સવારના સમયે, તન, વાણી અને મનથી, ભગવાન સૂર્યને હું પ્રણામ કરું છું, જે બ્રહ્મા, ઈન્દ્ર વગેરેને આગળ કરી દેવો વડે નમન કરાયેલ અને પૂજાયેલ છે. વળી, જે વરસાદ વરસાવવા અને રોકી રાખવાનું કારણ, ત્રણે લોકના પાલનમાં લાગેલા અને ત્રણ ગુણરૂપ છે. (૨)

प्रातर्भजामि सवितारमनन्तशक्तिं
पापौघशत्रुभयरोगहरं परं च ।
तं सर्वलोककलनात्मककालमूर्तिं
गोकण्ठबन्धनविमोचनमादिदेवम् ॥ ३ ॥

अनन्त-शक्तिम् - અનન્ત શક્તિવાળા, पापौघ-शत्रु-भय-रोग-हरम् - પાપોના સમૂહ અને શત્રુના ભય તથા રોગને દૂર કરનાર, च - અને, परम् - સહુથી પર, શ્રેષ્ઠ, ઉત્તમ, तम् - તે सर्वलोक-कलनात्मक-काल-मूर्तिम् - સઘળા લોકોના કાળની ગણનાનું કારણ હોવાથી કાલસ્વરૂપ, गो-कण्ठ-बन्धन-विमोचनम् - ગાયોના કંઠના બંધનને છોડાવનાર (સૂર્યોદય થાય એટલે ગાયોનાં ગળામાંથી દોરડું કાઢીને એને છૂટ્ટી ફરવા દેવામાં આવે છે) आदि देवम् - આદિ દેવ, सवितारम् - ભગવાન સૂર્યનું, प्रातः - સવારના સમયે, भजामि - હું ભજન કરું છું.

અનન્ત શક્તિવાળા, પાપોનો સમૂહ અને શત્રુના ભય તથા રોગને દૂર કરનાર, અને સહુથી શ્રેષ્ઠ, સઘળા લોકોના કાળની ગણનાનું કારણ હોવાથી કાલસ્વરૂપ, ગાયોનાં કંઠનું બંધન છોડાવનાર આદિ દેવ ભગવાન સૂર્યનું સવારના સમયે હું ભજન કરું છું. (૩)

श्लोकत्रयमिदं भानोः प्रातःकाले पठेत्तु यः ।
स सर्वव्याधिनिर्मुक्तः परं सुखमवाप्नुयात् ॥ ४ ॥

इदम् - આ, भानोः - ભગવાન સૂર્યના, श्लोकत्रयम् - ત્રણ શ્લોકનો, यः - જે, प्रातः - સવારે, उत्थाय - ઊઠીને, पठेत् - પાઠ કરે છે, स - તે, सर्व-व्याधि-निर्मुक्तः - બધા જ રોગોથી મુક્ત થઈ, परम् - ઉત્તમ, सुखम् - સુખને, अवाप्नुयात् - પ્રાપ્ત કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન સૂર્યના આ ત્રણ શ્લોકનો, જે સવારે ઊઠીને પાઠ કરે છે, તે બધા જ રોગોથી મુક્ત થઈ ઉત્તમ સુખને પ્રાપ્ત કરશે. (૪)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीसूर्यस्य प्रातःस्मरणम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીસૂર્યસ્ય પ્રાત:સ્મરણમ્'' સંપૂર્ણ.



॥ ॐ ॥

॥ मनीषापञ्चकम् ॥

जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरा या संविदुज्जृम्भते
या ब्रह्मादिपिपीलिकान्ततनुषु प्रोता जगत्साक्षिणी ।
सैवाहं न च दृश्यवस्त्विति दृढप्रज्ञाऽपि यस्यास्ति चे-
ञ्चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम
॥ १ ॥

जाग्रत-स्वप्न-सुषुप्तिषु - જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ (નામની અવસ્થાઓ)માં यो - જે संवित् - ચૈતન્ય उद्-जृम्भते - સ્પષ્ટરૂપે પ્રગટ થાય છે. या - જે (ચૈતન્ય) जगत्-साक्षिणी - જગતની સાક્ષીરૂપ બની ब्रह्मादिपिपीलिकान्त-तनुषु - બ્રહ્માજીથી આરંભી છેક કીડી સુધીના દેહમાં प्रोता - વ્યાપીને રહેલ છે सा - તે अहम् - હું एव - જ છું च - અને यस्य - જેની-જેને માટે હું दृश्य-वस्तु - દેખાતા પદાર્થો न - નથી इति - એવી दृढप्रज्ञा - દૃઢ પ્રજ્ઞા अस्ति - છે स - તે चेत् - જો चाण्डालः - ચાંડાલ अस्तु - હોય द्विजः - બ્રાહ્મણ अस्तु - હોય તે (મારા) गुरुः - ગુરુ છે इति - એવી एषा - આ मम - મારી मनीषा - निश्चित મતિ છે.

'જાગ્રત, સ્વપ્ન (તેમ જ) સુષુપ્તિ (અવસ્થા)માં જે સ્પષ્ટપણે પ્રગટ થાય છે (અને) જગતની સાક્ષીરૂપ ચેતના જે બ્રહ્માજીથી માંડીને કીડી સુધીના સર્વ દેહમાં વ્યાપ્ત છે તે જ હું છું, અને દશ્ય પદાર્થ હું નથી' એવી દઢ પ્રજ્ઞા જે કોઈને પણ છે, તે, પછી ચંડાળ હોય કે બ્રાહ્મણ હોય, (મારા) ગુરુ છે એવી આ મારી નિશ્ચિત મતિ છે. (૧)

ब्रह्मैवाहमिदं जगच्च सकलं चिन्मात्रविस्तारितं
सर्वं चैतदविद्यया त्रिगुणयाऽशेषं मया कल्पितम् ।
इत्थं यस्य दृढा मतिः सुखतरे नित्ये परे निर्मले
चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम
॥ २ ॥

ब्रह्म-एव-अहम् - હું બ્રહ્મ જ છું इदम् - આ सकलम् - સઘળું જગત् - જગત चिन्मात्र-विस्तारितम् - માત્ર ચૈતન્યનો જ વિસ્તાર છે च - અને एतत् - આ सर्वत्र - બધું त्रिगुणया - ત્રિગુણમયી अविद्यया - અવિદ્યાથી मया - મેં कल्पितम् - કલ્પેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે इत्थम् - આવી રીતની यस्य - જેની दृढा - દૃઢ मतिः - મતિ (બુદ્ધિ, માન્યતા) सुखतरे - અત્યંત સુખમય नित्ये - નિત્ય परे - પરમ निर्मले - નિર્મળ (તત્ત્વ એવા બ્રહ્મ)માં છે स-तु - વગેરે શ્લોક ૧ મુજબ.

'હું બ્રહ્મ જ છું અને આ સકળ જગત માત્ર ચૈતન્યનો વિસ્તાર છે અને આ સર્વ કાંઈ (પ્રપંચ) ત્રિગુણાત્મિકા અવિદ્યા વડે મેં કલ્પેલ (આરોપિત કરેલ) છે.' આ પ્રમાણે જેની દૃઢ મતિ સુખસ્વરૂપ, નિત્ય, પરમ, નિર્મળ ચૈતન્યમાં છે, તે પછી ચંડાળ હોય કે બ્રાહ્મણ હોય પરંતુ (મારા) ગુરુજી છે એવી આ મારી દૃઢ મતિ છે. (૨)

शश्वन्नश्वरमेव विश्वमखिलं निश्चित्य वाचा गुरो-
र्नित्यं ब्रह्म निरन्तरं विमृशता निर्व्याजशान्तात्मना ।
भूतं भावि च दुष्कृतं प्रदहता संविन्मये पावके
प्रारब्धाय समर्पितं स्ववपुरित्येषा मनीषा मम ॥ ३ ॥

अखिलम् - અખિલ, સમગ્ર विश्वम् - વિશ્વ शश्वत् - સર્વદા नश्वरम् एव - નાશવંત જ છે ब्रह्म - બ્રહ્મ नित्यम् - નિત્ય છે એમ गुरोः - ગુરુદેવની वाचा - વાણી એટલે ઉપદેશથી निश्चित्य - નિશ્ચય કરીને निर्व्याज-शान्त-आत्माना - શુદ્ધ, શાંત ચિત્ત વડે निरन्तरम् - સતત यः - જે ब्रह्म - બ્રહ્મનો विमृशता - વિચાર કરતા કરતા અને भूतम् - ભૂતકાળના भावि - ભવિષ્યના दुष्कृतम् - ખરાબ કર્મોને संविन्मये - જ્ઞાનમય पावके - અગ્નિમાં प्रदहता - બાળતાં स्ववपुः - પોતાનો દેહ प्रारब्धाय - પ્રારબ્ધને समर्पितम् - સોંપી દીધો છે તે (મારા ગુરુદેવ છે) एषा - એવી मम મારી मनीषा - દૃઢ મતિ છે.

'અખિલ વિશ્વ સર્વદા નાશવંત જ છે અને બ્રહ્મ નિત્ય છે' (એવો) ગુરુના વચનથી નિશ્ચય કરીને જે શુદ્ધ, શાંત ચિત્ત વડે નિરંતર (બ્રહ્મનો) વિચાર કરે છે, જેણે ભૂતકાળના (સંચિત) અને ભવિષ્યના (આગામી સારાં અને) નરસાં કર્મોનું જ્ઞાનાગ્નિમાં દહન કર્યું છે તેમ જ પોતાનો દેહ (સ્થૂળ તેમ જ સૂક્ષ્મ) પ્રારબ્ધને સમર્પિત કર્યો છે (તે મારા ગુરુજી છે) એવી મારી દૃઢ મતિ છે. (૩)

या तिर्यङ्नरदेवताभिरहमित्यन्तः स्फुटा गृह्यते
यद्भासा हृदयाक्षदेहविषया भान्ति स्वतोऽचेतनाः ।
तां भास्यैः पिहितार्कमण्डलनिभां स्फूर्तिः सदा भावय-
न्योगी निर्वृतमानसो हि गुरुरित्येषा मनीषा मम ॥ ४ ॥

या - જે तिर्यङ्-नर-देवताभिः - પ્રાણી, મનુષ્ય અને દેવતાઓ દ્વારા अन्तः - અંતરમાં अहम् - 'હું' છું इति - એમ स्फुटा - સ્પષ્ટપણે गृह्यते - સ્વીકારાય છે यद् - જેના भासा - પ્રકાશથી પોતાની हृदय-अक्ष-देह-विषया - હૃદય (અંતઃકરણ)આંખ (વગેરે ઈન્દ્રિયો) દેહ અને વિષયો स्वयम् - પોતે अचेतनाः(अपि) - અચેતન (હોવા છતાં) भान्ति - પ્રકાશે છે ताम् - તે पिहित-अर्क-मण्डल-निभाम् - વાદળોથી ઢંકાયેલા સૂર્યના મંડલ સમા જે स्फूर्तिः - ચૈતન્યનું भावयन् - ધ્યાન કરતા (પરિણામે) निर्वृत-मानसः - સુખ-આનંદમય મનવાળા योगी - યોગી મારા गुरुः - ગુરુદેવ છે इति - એમ एषा - આવી मम - મારી मनीषा - દૃઢ મતિ છે.

પ્રાણી, મનુષ્ય અને દેવતાઓ વડે જેનું અંતરમાં 'હું' તરીકે સ્પષ્ટ ગ્રહણ થાય છે તથા જે પોતાના પ્રકાશથી સ્વયં અચેતન એવાં અંતઃકરણ, ચક્ષુ (જ્ઞાનેન્દ્રિયો), દેહ તેમ જ વિષયોને પ્રકાશિત કરે છે તે વાદળોથી આચ્છાદિત સૂર્યમંડળ સમાન ચૈતન્યનું સતત ધ્યાન કરતા (અને તે કારણે) જે મનમાં સ્વરૂપભૂત આનંદ માણી રહ્યા છે તેવા યોગી (મારા) ગુરુજી છે એવી મારી દૃઢ મતિ છે. (૪)

यत्सौख्याम्बुधिलेशलेशत इमे शक्रादयो निर्वृता
यच्चित्ते नितरां प्रशान्तकलने लब्ध्वा मुनिर्निर्वृतः ।
यस्मिन्नित्यसुखाम्बुधौ गलितधीर्ब्रह्मैव ब्रह्मवि-
द्यः कश्चित्स सुरेन्द्रवन्दितपदो नूनं मनीषा मम ॥ ५ ॥

यत् - જે सौख्य-अम्बुधि-लेश-लेशतः - સુખના સાગરના લેશનાય લેશથી इमे - આ इन्द्रादयः - ઈન્દ્ર વગેરે निर्वृताः - સુખી થાય છે. नितराम् - અત્યંત प्रशान्तकलने - ચલન રહિત-(શાંત થયેલા) चित्ते - ચિત્તમાં यत् - જેને लब्ध्वा - મેળવીને-પ્રાપ્ત કરીને मुनिः - મુનિ निर्वृतः - આનંદ મેળવે છે यस्मिन् - જે नित्य-सुख-अम्बुधौ - નિત્ય સુખના સાગરમાં गलितधीः - વિલીન થયેલી બુદ્ધિવાળા ब्रह्मविद् - બ્રહ્મને જાણનારા ब्रह्म-एव બ્રહ્મ જ છે (એમ માનનાર) यः - જે कश्चित् - કોઈ(પણ હોય તે) सुरेन्द्र-वन्दित-पदः - દેવરાજ ઈન્દ્ર વડે નમન કરાતા ચરણવાળા (મારા ગુરુદેવ છે) नूनम् - સાચેજ એવી मम - મારી मनीषा - દૃઢ મતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સુખસ્વરૂપ સમુદ્રના લેશનાયે લેશથી આ ઈન્દ્રાદિ દેવતાઓ સંતુષ્ટ થાય છે, અત્યંત ચલનરહિત ચિત્તમાં જેને પ્રાપ્ત કરીને મુનિ નિર્વૃત (સંતુષ્ટ) થાય છે, નિત્ય સુખસાગરમાં વિલીન બુદ્ધિવાળા જે છે, તે બ્રહ્મને જાણનારમાત્ર નહીં પરંતુ બ્રહ્મ જ છે; આ જે કોઈ પણ હોય તે, જેમના ચરણની દેવતાઓના રાજા ઈન્દ્ર વડે વંદના થાય છે (તે મારા ગુરુજી છે), ખરેખર એવી મારી દઢ મતિ છે. (૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''मनीषापंचकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''મનીષાપંચકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥
॥ श्रीशिवमानसपूजा ॥

रत्नैः कल्पितमासनं हिमजलैः स्नानं च दिव्याम्बरं
नानारत्नविभूषितं मृगमदामोदाङ्कितं चन्दनम् ।
जातीचम्पकबिल्वपत्ररचितं पुष्पं च धूपं तथा
दीपं देव दयानिधे पशुपते हृत्कल्पितं गृह्यताम् ॥ १ ॥

देव - હે દેવ ! दयानिधे - હે દયાના સાગર ! पशुपते - હે પશુપતિ ! रत्नैः - રત્નોથી, कल्पितम् - બનાવેલું, સજાવેલું, आसनम् - આસન, हिमजलैः - શીતળ જળથી, स्नानम् - સ્નાન, च - અને, नाना-रत्न-विभूषितम् - અનેક રત્નોથી સુશોભિત, दिव्याम्बरम् - દિવ્ય વસ્ત્ર, मृगमद-आमोद-अङ्कितम् - મૃગમદ એટલે કસ્તૂરીની સુવાસથી યુકત, चन्दनम् - ચંદન, जाती-चम्पक-बिल्वपत्र-रचितम् - જૂઈ, ચંપો અને બિલીપત્રથી રચિત, पुष्पम् - પુષ્પાંજલિ, च - અને, धूपम् - ધૂપ, तथा - તથા, दीपम् - દીવો (આ સઘળું), हृत्कल्पितम् - હૃદયમાં કલ્પેલું, મનમાં માનેલું, માનસિક પૂજા તરીકે તૈયાર કરેલું, गृह्यताम् - આપ તેનો સ્વીકાર કરો.

હે દેવ ! હે દયાના સાગર ! હે પશુપતિ ! રત્નોથી સજાવેલું આસન, શીતળ જળથી સ્નાન, અનેક રત્નોથી સુશોભિત દિવ્ય વસ્ત્ર, કસ્તૂરીની સુવાસથી યુકત ચંદન, જૂઈ, ચંપો અને બિલીપત્રથી રચિત પુષ્પાંજલિ તથા ધૂપ અને દીવો, આ સઘળું (મેં મારા) હૃદયમાં કલ્પેલું છે. (આપ તેનો) સ્વીકાર કરો. (૧)

सौवर्णे नवरत्नखण्डरचिते पात्रे घृतं पायसं
भक्ष्यं पञ्चविधं पयोदधियुतं रम्भाफलं पानकम् ।
शाकानामयुतं जलं रुचिकरं कर्पूरखण्डोज्ज्वलं
ताम्बूलं मनसा मया विरचितं भक्त्या प्रभो स्वीकुरु ॥ २ ॥

नव-रत्न-खण्ड-रचिते - નવીન રત્નોના ટૂકડાઓથી રચેલ, सौवर्णे - સુવર્ણના, पात्रे - પાત્રમાં, घृतम्-पायसम् - ઘીથી યુકત ખીર, पयोदधि-युतम् - દૂધ અને દહીં સાથે, पञ्चविधम् - પાંચ પ્રકારનું, भक्ष्यम् - ખાવાની વાનગીઓ, આહાર, रम्भा-फलम् - કેળું, पानकम् - શરબત, शाकानाम्-अयुतम् - અગણિત શાક, रुचिकरम् - રુચિકર, ગમી જાય તેવું, कर्पूर-खण्डोज्ज्वलम् - કપૂરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ટૂકડાથી સ્વચ્છ કરેલું, जलम् - જળ, ताम्बूलम् - પાન (આ બધું), मया - મેં, मनसा - મનથી, भक्त्या - ભક્તિપૂર્વક, विरचितम् - રચ્યું છે, प्रभो - હે પ્રભુ स्वीकुरु - આપ તેનો સ્વીકાર કરો.

નવીન રત્નોના ટૂકડાઓથી રચેલા સુવર્ણના પાત્રમાં ઘીથી યુક્ત ખીર, દૂધ અને દહીંની સાથે પાંચ પ્રકારની ખાવાની વાનગીઓ, કેળું, શરબત, અગણિત શાક, રુચિકર અને કપૂરના ટૂકડાથી સ્વચ્છ કરેલું જળ તથા પાન, (આ બધું) મેં મનથી ભક્તિપૂર્વક રચ્યું છે. હે પ્રભો ! આપ તેનો સ્વીકાર કરો. (૨)

छत्रं चामरयोर्युगं व्यजनकं चादर्शकं निर्मलं
वीणाभेरिमृदङ्गकाहलकला गीतं च नृत्यं तथा ।
साष्टाङ्गं प्रणतिः स्तुतिर्बहुविधा ह्येतत्समस्तं मया
सङ्कल्पेन समर्पितं तव विभो पूजां गृहाण प्रभो ॥ ३ ॥

छत्रम् - છત્રી, चामरयोः - ચામરની, युगम् - જોડી, व्यजनकम् - પંખો, निर्मलम् आदर्शकम् - નિર્મળ દર્પણ, वीणा-भेरि-मृदङ्ग-काहल-कला - વીણા, ભેરી, મૃદંગ, દુંદુભિનાં વાદ્ય, गीतम् - ગીત, च - અને, नृत्यम् - નૃત્ય, साष्टांगं प्रणतिः - આઠે અંગો સાથે પ્રણામ, એટલે સાષ્ટાંગ પ્રણામ. બે હાથ, બે પગ, બે ઘૂંટણ અને બે ખભા એમ કુલ આઠ અંગો જમીનને અડકાડીને પ્રણામ કરવા તેને 'સાષ્ટાંગ' પ્રણામ કહેવાય. बहुविधां - અનેક પ્રકારની, स्तुतिः - સ્તુતિ આ બધું, संकल्पेन - સંકલ્પથી, तव - આપને, समर्पितम् - અર્પણ કર્યું છે, प्रभो - હે પ્રભુ ! पूजाम् - (મારી આ) પૂજાનો, गृहाण - સ્વીકાર કરો.

છત્રી, ચામરની જોડી, પંખો, નિર્મળ દર્પણ, વીણા, ભેરી, મૃદંગ, દુંદુભિનાં વાદ્ય, ગીત અન નૃત્ય તથા સાષ્ટાંગ પ્રણામ, અનેક પ્રકારની સ્તુતિ, - આ બધું સંકલ્પથી આપને મેં અર્પણ કર્યું છે. હે પ્રભુ ! મારી આ પૂજાનો આપ સ્વીકાર કરો. (૩)

आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहं
पूजा ते विषयोपभोगरचना निद्रा समाधिस्थितिः ।
सञ्चारः पदयोः प्रदक्षिणविधिः स्तोत्राणि सर्वा गिरो
यद्यत्कर्म करोमि तत्तदखिलं शम्भो तवाराधनम् ॥ ४ ॥

शम्भो - હે ભગવાન શંભુ ! (મારો), आत्मा - આત્મા, त्वम् - આપ, मतिः - બુદ્ધિ, गिरिजा - પાર્વતી, प्राणाः - પ્રાણ, सहचराः - સહચરો, गृहम् - ઘર, शरीरम् - શરીર, विषयोपभोग-रचना - વિષયોના ઉપભોગની રચના, ते - તમારી, पूजा - પૂજા છે, निद्रा - ઊંઘ, समाधि-स्थितिः - સમાધિની સ્થિતિ, पदयोः संचारः - બંને પગથી ચાલવું, प्रदक्षिण-विधिः - (આપની) પ્રદક્ષિણાનો વિધિ, सर्वा गिरः - બધી જ વાણી (આપનાં) स्तोत्राणि - સ્તોત્રો છે, यद् यद् कर्म - જે જે કર્મ, करोमि - હું કરું છું, तत् तत् - તે, अखिलम् - સઘળાં કર્મો, तव - આપની, आराधनम् - આરાધના છે, પૂજા છે.

હે ભગવાન શંભુ ! મારો આત્મા તે આપ, મતિ એ પાર્વતી, પ્રાણ તે આપના સહચરો (ગણો), શરીર ઘર, વિષયોના ઉપભોગની રચના તે તમારી પૂજા, બંને પગથી ચાલવું તે આપની પ્રદક્ષિણાનો વિધિ, બધી જ વાણી તે આપનાં સ્તોત્રોઃ (આમ) જે જે કર્મ હું કરું છું, તે તે સઘળાં કર્મો આપની આરાધના છે. (૪)

करचरणकृतं वाक्कायजं कर्मजं वा
श्रवणनयनजं वा मानसं वापराधम् ।
विहितमविहितं वा सर्वमेतत्क्षमस्व
जय जय करुणाब्धे श्रीमहादेव शम्भो ॥ ५ ॥

कर-चरण-कृतम् - હાથ કે પગથી કરેલું, वाक् - વાણી, कायजम् - શરીરથી જન્મેલું, कर्मजम् - કર્મથી જન્મેલ, श्रवण-नयन-जम् - કાન કે આંખોથી ઉત્પન્ન થયેલા, वा - અથવા, मानसम् - માનસિક, अपराधम् - અપરાધ તે, विहितम् - (શાસ્ત્ર દ્વારા) વિહિત-દર્શાવાયેલ હોય, वा - અથવા, अविहितम् - (શાસ્ત્ર દ્વારા) અવિહિત હોય, एतत् - એ, सर्वम् - બધાને, क्षमस्व - માફ કરો, करुणाब्धे - હે કરુણાના સાગર ! श्री महादेव - હે શ્રીમહાદેવ ! शम्भो - હે ભગવાન શંભુ ! जय जय - આપનો જય થાવ, જય થાવ !

હાથથી કે પગથી, વાણીથી, શરીરથી, કર્મથી, કાન કે આંખથી ઉત્પન્ન થયેલા માનસિક અપરાધો વિહિત હોય કે અવિહિત, એ બધાને માફ કરો. હે કરુણાના સાગર ! હે શ્રીમહાદેવ ! હે ભગવાન શંભુ ! આપનો જય થાવ, જય થાવ ! (૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीशिवमानसपूजा'' संपूर्णम् ॥
આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીશિવમાનસપૂજા'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ शिवपञ्चाक्षरस्तोत्रम् ॥

नागेन्द्रहाराय त्रिलोचनाय
भस्माङ्गरागाय महेश्वराय ।
नित्याय शुद्धाय दिगम्बराय
तस्मै नकाराय नमः शिवाय ॥ १ ॥

नागेन्द्र-हाराय - ઉત્તમ સર્પોના હારવાળા, त्रिलोचनाय - ત્રણ નેત્રધારી, भस्म-अङ्ग-रागाय - ભસ્મનો અંગરાગ ધારણ કરનાર, महेश्वराय - મહેશ્વર, नित्याय - નિત્ય, शुद्धाय - શુદ્ધ, दिगम्बराय - દિશારૂપી વસ્ત્રવાળા, तस्मै - તે, नकाराय - 'न' સંજ્ઞાવાળા, शिवाय - શિવને, नमः - નમસ્કાર હો.

ઉત્તમ સર્પોના હારવાળા, ત્રણ નેત્રધારી, ભસ્મનો અંગરાગ ધારણ કરનાર, મહેશ્વર, નિત્ય, શુદ્ધ, દિશારૂપી વસ્ત્રવાળા તે 'न'- સંજ્ઞાવાળા શિવને નમસ્કાર હો ! (૧)

मन्दाकिनीसलिलचन्दनचर्चिताय
नन्दीश्वरप्रमथनाथमहेश्वराय ।
मन्दारमुख्यबहुपुष्पसुपूजिताय
तस्मै मकारमहिताय नमः शिवाय ॥ २ ॥

मन्दाकिनी - सलिल - चन्दन - चर्चिताय - સ્વર્ગગંગાના જળયુકત ચન્દનની અર્ચા પામેલ, नन्दीश्वर-प्रमथनाथ-महेश्वराय - નન્દીશ્વર તથા પ્રમથાદિ ગણોના ઈશ્વર, मन्दार-मुख्य-बहु-पुष्प-सुपूजिताय - મુખ્યત્વે મંદાર અને બીજાં અનેક પુષ્પોથી પૂજા પામેલ, म-कार-महिताय - 'મ' કાર સંજ્ઞાથી સમૃદ્ધ, तस्मै - તે, शिवाय શિવને, नमः - નમસ્કાર હો !

સ્વર્ગ-ગંગાનાં જળયુકત ચન્દનની અર્ચા પામેલ, નન્દીશ્વર તથા પ્રમથાદિ ગણોના ઈશ્વર, મુખ્યત્વે મંદાર અને બીજાં અનેક પુષ્પોથી પૂજા પામેલ, 'મ'કાર સંજ્ઞાથી સમૃદ્ધ તે શિવને નમસ્કાર હો. (૨)

शिवाय गौरीवदनाब्जवृन्द-
सूर्याय दक्षाध्वरनाशकाय ।
श्रीनीलकण्ठाय वृषध्वजाय
तस्मै शिकाराय नमः शिवाय ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिवाय - કલ્યાણમય, गौरी-वदन-अब्ज-वृन्द-सूर्याय - કમળવૃન્દ સમાં પાર્વતીના વદન માટે સૂર્ય, दक्ष-अध्वर-नाशकाय - દક્ષ-યજ્ઞના વિનાશક, श्रीनीलकण्ठाय - નીલકંઠ, वृष-ध्वजाय - વૃષભ-ચિહ્નધારી ધ્વજવાળા, शिकाराय - 'शि'-સંજ્ઞાવાળા, तस्मै - તે, शिवाय - શિવને, नमः - નમસ્કાર હો !

કલ્યાણકારક, કમળવૃન્દ સમાં પાર્વતીના મુખ માટે સૂર્ય સમાન, દક્ષ-યજ્ઞના વિનાશક, નીલકંઠ, વૃષભ-ચિહ્નધારી ધ્વજવાળા, 'શિ'-સંજ્ઞાવાળા તે શિવને નમસ્કાર હો ! (૩)

वसिष्ठकुम्भोद्भवगौतमार्य-
मुनीन्द्रदेवार्चितशेखराय ।
चन्द्रार्कवैश्वानरलोचनाय
तस्मै वकाराय नमः शिवाय ॥ ४ ॥

वसिष्ठ-कुम्भोद्भव-गौतमार्य-मुनीन्द्र-देव-अर्चित-शेखराय - વસિષ્ઠ, અગસ્ત્ય, ગૌતમ વગેરે મુનિશ્રેષ્ઠ અને દેવોથી પૂજિત મસ્તકવાળા, कुम्भोद्भव - અગસ્ત્ય, તેઓ ઘડામાંથી ઉત્પન્ન થયેલા, માટે અગસ્ત્યને કુંભોદ્‌ભવ કહે છે. चन्द्र-अर्क-वैश्वानर-लोचनाय - ચન્દ્ર, સૂર્ય અને અગ્નિરૂપી નેત્રધારી, तस्मै - તે, वकाराय 'व' - સંજ્ઞાસ્વરૂપ, शिवाय - શિવને, नमः - નમસ્કાર હો.

વસિષ્ઠ, અગસ્ત્ય, ગૌતમ વગેરે મુનિલોક અને દેવોથી પૂજિત મસ્તકવાળા, ચન્દ્ર, સૂર્ય અને અગ્નિરૂપી નેત્રધારી, તે 'વ'- સંજ્ઞાસ્વરૂપ શિવને નમસ્કાર હો. (૪)

यक्षस्वरूपाय जटाधराय
पिनाकहस्ताय सनातनाय ।
दिव्याय देवाय दिगम्बराय
तस्मै यकाराय नमः शिवाय ॥ ५ ॥

यक्ष-स्वरूपाय - યક્ષનું સ્વરૂપ ધારણ કરનાર, जटाधराय - જટાધારી, पिनाक-हस्ताय - પિનાક ધનુષ્યધારી, सनातनाय - સનાતન, दिव्याय - દિવ્ય, देवाय - દેવ, दिगम्बराय - દિશારૂપી વસ્ત્રધારી, तस्मै - તે, यकाराय 'य' - સંજ્ઞારૂપ, शिवाय - શિવને, नमः - નમસ્કાર હો !

યક્ષનું સ્વરૂપધારણ કરનાર, જટાધારી, હાથમાં પિનાક- ધનુષ્યધારી, સનાતન, દિવ્ય, દેવ, દિશારૂપી વસ્ત્રધારી, તે 'મ' - સંજ્ઞારૂપ શિવને નમસ્કાર હો ! (૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
"शिवपञ्चाक्षरस्तोत्रम्" संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
"શિવપઞ્ચાક્ષરસ્તોત્રમ્" સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ काशीपञ्चकम् ॥

मनो निवृत्तिः परमोपशान्तिः
सा तीर्थवर्या मणिकर्णिका च ।
ज्ञानप्रवाहा विमलादिगङ्गा
सा काशिकाहं निजबोधरूपा ॥ १ ॥

मनो - મનની निवृत्तिः - નિવૃત્તિ, परम-उपशान्ति - અત્યંત શાંતિ सा - તે तीर्थवर्या - તીર્થોમાં ઉત્તમ च - અને मणिकर्णिका - મણિકર્ણિકા ઘાટ. કાશી અત્યારની વારાણસીમાં (જેનું એક નામ બનારસ પણ છે ત્યાં) મણિકર્ણિકા નામનો ઘાટ છે. ત્યાં મરે તેની બધી ઈચ્છાઓ પૂરી થાય છે એમ મનાય છે. ज्ञानप्रवाहा - જ્ઞાનરૂપી પ્રવાહવાળી विमलादिगङ्गा - નિર્મળ આદિ ગંગારૂપ निजबोधरूपा - પોતાના આત્માના જ્ઞાનરૂપી सा - તે काशिका - કાશી अहम् - હું છું.

મનની નિવૃત્તિ, અત્યંત શાંતિ, મણિકર્ણિકાનો ઘાટ, જ્ઞાનપ્રવાહરૂપી નિર્મળ આદિ ગંગા અને પોતાના આત્માના જ્ઞાનરૂપી તે કાશી (નગરી) હું છું. (૧)

यस्यामिदं कल्पितमिन्द्रजालं
चराचरं भाति मनोविलासम् ।
सच्चित्सुखैका परमात्मरूपा
सा काशिकाहं निजबोधरूपा ॥ २ ॥

यस्याम् - જેમાં इदम् - આ चराचरम् - ચર અને અચર એટલે સ્થાવર અને જંગમ જગત मनोविलासम् - મનના વિલાસ જેવું कल्पित-इन्द्रजालम् - કલ્પિત માયાની જેમ भाति - ભાસે છે, सत्-चित्-सुख-एका - એક માત્ર સત્ ચિત અને સુખ અર્થાત્ આનંદમય परमात्म-रूपा - પરમાત્મા સ્વરૂપ निजबोध-रूपा - પોતાના આત્માના જ્ઞાનરૂપી सा - તે काशिका - કાશી अहम् - હું છું. (૨)

જેમાં આ સ્થાવર અને જંગમ જગત મનના વિલાસ જેવું કલ્પિત માયાની જેમ ભાસે છે, એકમાત્ર સત્ ચિત્ અને આનંદમય પરમાત્માસ્વરૂપ પોતાના આત્માના જ્ઞાનરૂપી કાશી હું છું. (૨)

कोशेषु पञ्चस्वधिराजमाना
बुद्धिर्भवानी प्रतिदेहगेहम् ।
साक्षी शिवः सर्वगतोऽन्तरात्मा
सा काशिकाहं निजबोधरूपा ॥ ३ ॥

पञ्चसु - પાંચ कोशेषु - કોશોમાં अधिराजमाना - સારી રીતે શોભતી, કાશીનો વિસ્તાર પાંચ કોશનો મનાય છે, બીજી બાજુ આ દેહરૂપી કાશીમાં અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય એવા પાંચ કોશો છે. सर्वगतः - સર્વત્ર રહેલા अन्तरात्मा - અંતરાત્મા એવા शिवः - ભગવાન શંકર साक्षी - સાક્ષી છે, દ્રષ્ટા છે, सा - તે निजबोधरूपा - પોતાના આત્માના જ્ઞાનરૂપી काशिका - કાશી अहम् - હું છું.

પાંચ કોશોમાં સારી રીતે શોભતી, પાર્વતીરૂપી બુદ્ધિ પ્રત્યેક દેહરૂપી ઘરમાં રહે છે. સર્વત્ર રહેલા અંતરાત્મા એવા શિવ (જ્યાં) સાક્ષી છે તે પોતાના આત્માના જ્ઞાનરૂપી કાશી હું છું. (૩)

काश्यां हि काशते काशी
काशी सर्वप्रकाशिका ।
सा काशी विदिता येन
तेन प्राप्ता हि काशिका ॥ ४ ॥

काश्याम् - કાશીમાં (દેહરૂપી નગરીમાં) काशी - કાશી प्रकाशते - પ્રકાશે છે. काशी - કાશી सर्वप्रकाशिका - સહુનો પ્રકાશ કરનારી છે. येन - જેણે सा - એ काशी - કાશી विदिता - જાણી લીધી છે तेन - તેણે काशिका - કાશી प्राप्ता - પ્રાપ્ત કરી લીધી છે.

કાશીમાં કાશી પ્રકાશે છે, કાશી સહુનો પ્રકાશ કરનારી છે. જેણે એ કાશી જાણી લીધી છે તેણે તે કાશી પ્રાપ્ત કરી લીધી છે (એમ સમજવું જોઈએ). (૪)

काशीक्षेत्रं शरीरं त्रिभुवनजननी व्यापिनी ज्ञानगङ्गा
भक्तिः श्रद्धा गयेयं निजगुरुचरणध्यानयोगः प्रयागः ।
विश्वेशोऽयं तुरीयं सकलजनमनःसाक्षिभूतोऽन्तरात्मा
देहे सर्वं मदीये यदि वसति पुनस्तीर्थमन्यत्किमस्ति ॥ ५ ॥

शरीरम् - (આ આપણું)શરીર काशीक्षेत्रम् - કાશીક્ષેત્ર છે, त्रिभुवनजननी - ત્રણે લોકને જન્મ આપનારી અને व्यापिनी - સર્વત્ર વ્યાપીને રહેલી ज्ञानगङ्गा - જ્ઞાનરૂપી ગંગા છે. इयम् - આ, भक्तिः - ભક્તિ અને श्रद्धा - શ્રદ્ધા गया - ગયાક્ષેત્ર છે, निज-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरु-चरण-ध्यान-योगः - પોતાના ગુરુદેવના ચરણનું ધ્યાન કરવાનો યોગ એ प्रयागः - પ્રયાગ છે. अयम् - આ सकल-जन-मनः-साक्षिभूतः - દરેક મનુષ્યના મનનો સાક્ષી બનેલો अन्तरात्मा - અંતરાત્મા तुरीयम् - ચતુર્થ-ત્રણે અવસ્થાઓથી પર विश्वेश - ભગવાન શિવ છે. આ सर्वत्र - બધું मदीये - મારા देहे - દેહમાં यदि - જો वसति - રહે છે पुनः - પછી अन्यत् - બીજું तीर्थम् - તીર્થ किम् - ક્યું-શું अस्ति - છે, હોઈ શકે, હશે ?

શરીર કાશીક્ષેત્ર છે, ત્રણે લોકને જન્મ આપનારી અને સર્વત્ર વ્યાપીને રહેલી જ્ઞાન ગંગા, ભક્તિ અને શ્રદ્ધા ગયાક્ષેત્ર, પોતાના ગુરુદેવના ચરણનું ધ્યાન કરવાનો યોગ એ પ્રયાગ, દરેક મનુષ્યના મનના સાક્ષી બનેલો અંતરાત્મા એ ચતુર્થ-ત્રણે અવસ્થાઓથી પર - ભગવાન શિવ આ બધું જો મારા દેહમાં રહે છે તો પછી બીજું કયું તીર્થ (આનાથી ભિન્ન) હશે ? (૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''काशीपञ्चकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''કાશીપઞ્ચકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ मीनाक्षीपञ्चरत्नम् ॥

उद्यद्भानुसहस्रकोटिसदृशां केयूरहारोज्ज्वलां
बिम्बोष्ठीं स्मितदन्तपङ्क्तिरुचिरां पीताम्बरालंकृताम् ।
विष्णुब्रह्मसुरेन्द्रसेवितपदां तत्त्वस्वरूपां शिवां
मीनाक्षीं प्रणतोऽस्मि संततमहं कारुण्यवारांनिधिम् ॥ १ ॥

उद्यत्-भानु-सहस्र-कोटि-सदृशाम् - ઉદય પામતા હજારો-કરોડો સૂર્ય સમાન केयूर-हार-उज्ज्वलाम् - કેયૂરના હાર જેવાં ઉજ્જ્વળ बिम्बोष्ठीम् - બિંબફળ જેવા (લાલચટક) હોઠવાળાં स्मित-दन्त-पङ्क्ति-रुचिराम् - હાસ્યયુક્ત દાંતોની હારમાળાથી સુંદર पीताम्बर-अलंकृताम् - પીતાંબરથી શોભતાં विष्णु-ब्रह्म-सुरेन्द्र-सेवित-पदाम् - વિષ્ણુ, બ્રહ્મા અને દેવરાજ ઈન્દ્ર દ્વારા સેવાતાં ચરણ(કમળ)વાળાં तत्त्वस्वरूपाम् - તત્ત્વસ્વરૂપ शिवाम् - કલ્યાણકારી અથવા ભગવાન શિવનાં પત્ની कारुण्य-वारां-निधिम् - કરુણાનાં સાગર એવાં मीनाक्षीम् - માતા મીનાક્ષીને अहम् - હું संततम् - સતત प्रणतः अस्मि - પ્રણામ કરું છું.

ઉદય પામતા હજારો-કરોડો સૂર્ય સમાન, કેયૂરના હાર જેવાં ઉજ્જ્વળ, બિંબફળ જેવા (લાલચટક) હોઠવાળાં, હાસ્યયુક્ત દાંતોની હારમાળાથી સુંદર લાગતાં, વિષ્ણુ, બ્રહ્મા અને દેવરાજ ઈન્દ્ર દ્વારા સેવાતાં ચરણ(કમળ)વાળાં, તત્ત્વસ્વરૂપ, કલ્યાણકારી, કરુણાના સાગર એવાં માતા મીનાક્ષીને હું સતત પ્રણામ કરું છું. (૧)

मुक्ताहारलसत्किरीटरुचिरां पूर्णेन्दुवक्त्रप्रभां
शिञ्जन्नूपुरकिङ्किणीमणिधरां पद्मप्रभाभासुराम् ।
सर्वाभीष्टफलप्रदां गिरिसुतां वाणीरमासेविताां
मीनाक्षीं प्रणतोऽस्मि संततमहं कारुण्यवारांनिधिम् ॥ २ ॥

मुक्ता-हार-लसत्-किरीट-रुचिराम् - મોતીના હારથી સોહાતા મુગટથી સુંદર કાંતિવાળાં पूर्णेन्दु-वक्त्र-प्रभाम् - પૂર્ણચંદ્ર જેવાં વદનની શોભાવાળાં शिञ्जन्-नूपुर-किङ्किणी-मणि-धराम् - રણકતી ઘુઘરીઓવાળાં મણિમય નુપૂરને ધારણ કરનારાં पद्म-प्रभा-भासुराम् - કમળની કાંતિ જેવાં તેજસ્વી सर्व-अभीष्ट-फल-प्रदाम् - સઘળાં ઈચ્છેલાં ફળને આપનારાં गिरिसुताम् - પર્વત(રાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમાલય)નાં પુત્રી वाणी-रमा-सेविताम् - સરસ્વતી અને લક્ષ્મીથી સેવાતાં कारुण्य... - વગેરે શ્લોક ૧ મુજબ.

મોતીની હારથી સોહાતા મુગટથી સુંદર કાંતિવાળાં, પૂર્ણચંદ્ર જેવાં વદનની શોભાવાળાં, રણકતી ઘુઘરીઓવાળાં મણિમય નૂપુરો ધારણ કરનારાં, કમળની કાંતિ જેવાં તેજસ્વી, સઘળાં ઈચ્છેલાં ફળને આપનારાં, પર્વતરાજ હિમાલયનાં પુત્રી, સરસ્વતી અને લક્ષ્મીથી સેવાતાં, કરુણાનાં સાગર એવાં માતા મીનાક્ષીને હું સતત પ્રણામ કરું છું. (૨)

श्रीविद्यां शिववामभागनिलयां ह्रींकारमन्त्रोज्ज्वलां
श्रीचक्राङ्कितबिन्दुमध्यवसतिं श्रीमत्सभानायकीम् ।
श्रीमत्षण्मुखविघ्नराजजननीं श्रीमज्जगन्मोहिनीं
मीनाक्षीं प्रणतोऽस्मि संततमहं कारुण्यवारांनिधिम् ॥ ३ ॥

श्रीविद्याम् - શ્રીવિદ્યારૂપ शिव-वाम-भाग-निलयाम् - ભગવાન શિવના ડાબા ભાગમાં વસતાં हींकार-मन्त्र-उज्ज्वलाम् - હીંકાર મંત્રથી ઉજ્જવળ श्री-चक्र-अंकित-बिन्दु-मध्य-वसतिम् - શ્રીચક્રમાં અંકિત બિન્દુની મધ્યમાં રહેનારાં श्रीमत्-सभा-नायकीम् - શ્રીયુક્ત સભાનાં નાયિકા श्रीमत्-षण्-मुख-विघ्नराज-जननीम् - શ્રી છમુખવાળા કાર્તિકેય અને વિઘ્નરાજ ગણપતિનાં માતા श्रीमत्-जगन्-मोहिनीम् - શ્રીયુક્ત જગતને મોહ પમાડનારાં कारुण्य... - વગેરે શ્લોક ૧ મુજબ.

શ્રીવિદ્યા-રૂપ, ભગવાન શિવના ડાબા ભાગમાં વસતાં, હીંકાર-મંત્રથી ઉજ્જવળ, શ્રીચક્રમાં અંકિત બિન્દુની મધ્યમાં રહેનારાં, શ્રીયુક્ત સભાનાં નાયિકા, શ્રી છમુખવાળા કાર્તિકેય અને વિઘ્નરાજ ગણપતિનાં માતા, શ્રીયુક્ત, જગતને મોહ પમાડનારાં કરુણાનાં સાગર એવાં માતા મીનાક્ષીને હું સતત પ્રણામ કરું છું. (૩)

श्रीमत्सुन्दरनायकीं भयहरां ज्ञानप्रदां निर्मलां
श्यामाभां कमलासनार्चितपदां नारायणस्यानुजाम् ।
वीणावेणुमृदङ्गवाद्यरसिकां नानाविधाडम्बिकां
मीनाक्षीं प्रणतोऽस्मि संततमहं कारुण्यवारांनिधिम् ॥ ४ ॥

श्रीमत्-सुन्दर-नायकीम् - શ્રીયુક્ત સુંદર નાયિકા भयहराम् - ભયને દૂર કરનારાં ज्ञानप्रदाम् - જ્ઞાન આપનારાં निर्मलाम् - નિર્મળ श्यामाभाम् - શ્યામ કાન્તિવાળાં कमल-आसन-अर्चित-पदाम् - કમળ જેમનું આસન છે તેવાં લક્ષ્મી વડે પૂજાયેલાં પદવાળાં नारायणस्य - નારાયણની अनुजाम् - પછી જન્મેલાં वीणा-वेणु-मृदङ्ग-वाद्य-रसिकाम् - વીણા, વાંસળી, મૃદંગ વગેરે વાદ્યોમાં રસવાળાં नाना-विध-आडम्बिकाम् - અનેક પ્રકારના આડંબરોવાળાં એવાં कारुण्य... - વગેરે શ્લોક ૧ મુજબ.

શ્રીયુક્ત સુંદર નાયિકા, ભયને દૂર કરનારાં, જ્ઞાન આપનારાં, નિર્મળ, શ્યામ કાંતિવાળાં, લક્ષ્મી વડે પૂજાયેલાં પદવાળાં, નારાયણની પછી જન્મેલાં (નાની બેન), વીણા, વાંસળી, મૃદંગ વગેરે વાદ્યોમાં રસ ધરાવનારાં, અનેક પ્રકારના આડંબરોવાળાં, કરુણાનાં સાગર એવાં માતા મીનાક્ષીને હું સતત પ્રણામ કરું છું. (૪)

नानायोगिमुनीन्द्रहृन्निवसतीं नानार्थसिद्धिप्रदां
नानापुष्पविराजिताङ्घ्रियुगलां नारायणेनार्चिताम् ।
नादब्रह्ममयीं परात्परतरां नानार्थतत्त्वात्मिकां
मीनाक्षीं प्रणतोऽस्मि संततमहं कारुण्यवारांनिधिम् ॥ ५ ॥

नाना-योगी-मुनीन्द्र-हृत्-निवसतीम् - વિવિધ યોગીઓ અને શ્રેષ્ઠ મુનિઓનાં હૃદયમાં નિવાસ કરનારાં नाना-अर्थ-सिद्धि-प्रदाम् - વિવિધ પ્રકારની ઈચ્છિત વસ્તુની સિદ્ધિ આપનારાં नाना-पुष्प-विराजित-अङ्घ्रि-युगलाम् - વિવિધ પ્રકારનાં પુષ્પોથી સુશોભિત ચરણયુગલવાળાં नारायणेन - નારાયણથી अर्चिताम् - પૂજાયેલાં नादब्रह्ममयीम् - નાદબ્રહ્મમયી परात् परतराम् - પરથી પણ અત્યંત પર नानार्थ-तत्त्वात्मिकाम् - વિવિધ અર્થપૂર્ણ તત્ત્વોથી સભર कारुण्य... - વગેરે શ્લોક ૧ મુજબ.

વિવિધ યોગીઓ અને શ્રેષ્ઠ મુનિઓનાં હૃદયમાં નિવાસ કરનારાં, વિવિધ પ્રકારની ઈચ્છિત વસ્તુની સિદ્ધિ આપનારાં, વિવિધ પ્રકારનાં પુષ્પોથી સુશોભિત ચરણયુગલવાળાં, નારાયણથી પૂજાયેલાં, નાદબ્રહ્મમયી, પરથી પણ અત્યંત પર, વિવિધ અર્થપૂર્ણ તત્ત્વોથી સભર કરુણાનાં સાગર એવાં માતા મીનાક્ષીને હું પ્રણામ કરું છું. (૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''मीनाक्षीपञ्चरत्नम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''મીનાક્ષીપંચરત્નમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



॥ ॐ ॥

॥ लक्ष्मीनृसिंहपञ्चरत्नम् ॥

त्वत्प्रभुजीवप्रियमिच्छसि चेन्नरहरिपूजां कुरु सततं
प्रतिबिम्बालंकृतिधृतिकुशलो बिम्बालंकृतिमातनुते ।
चेतोभृङ्ग भ्रमसि वृथा भवमरुभूमौ विरसायां
भज भज लक्ष्मीनरसिंहानघपदसरसिजमकरन्दम् ॥ १ ॥

चेत् - જો त्वत्प्रभु-जीव-प्रियं - તારા મહામૂલા જીવનું પ્રિય કરવા इच्छसि - ઈચ્છતો હો તો सततं - સતત नरहरि-पूजां - નૃસિંહભગવાનની પૂજા कुरु - કર प्रतिबिम्ब-अलंकृति-धृति-कुशलः (सः) - પ્રતિબિંબમાં અલંકારની શોભાને ધારવા કરવામાં કુશળ એવા તે ભગવાન बिम्बालंकृतिं - (ખરેખર તો) મૂળ બિંબની જ શોભા आतनुते - વધારે છે. चेतोभृङ्ग - હે ચિત્ત-ભ્રમર ! विरसायां - આ રસહીન भव-मरु-भूमौ - સંસારરૂપી રણમાં તું वृथा - નિરર્થક भ्रमसि - ભટકી રહ્યો છે. लक्ष्मीनरसिंह-अनघ-पद-सरसिज-मकरन्दं - श्रीलक्ष्मी-नरसिंहનાં નિષ્પાપ ચરણકમળનાં મધનું भज - સેવન કર भज - સેવન કર.

જો તું તારા મહામૂલા જીવનું પ્રિય કરવા ઈચ્છતો હો તો તું સતત નૃસિંહ ભગવાનની પૂજા કર. પ્રતિબિંબમાં (મૂળ) અલંકારની શોભાને સ્થિર રાખી (તે સાચું છે એમ) દેખાડવામાં કુશળ એવા તે પ્રભુ ખરેખર તો મૂળ બિંબની જ શોભા ફેલાવે છે. હે મન ભમરા ! આ રસહીન ભવરણમાં તું નિરર્થક ભટકી રહ્યો છે. તેથી શ્રી લક્ષ્મીનૃસિંહ પ્રભુના નિષ્પાપ ચરણકમળના મધનું જ સેવન કર, સેવન કર. (૧)

शुक्तौ रजतप्रतिभा जाता कटकाद्यर्थसमर्था चे-
द्दुःखमयी ते संसृतिरेषा निर्वृतिदाने निपुणा स्यात् ।
चेतोभृङ्ग भ्रमसि वृथा भवमरुभूमौ विरसायां
भज भज लक्ष्मीनरसिंहानघपदसरसिजमकरन्दम् ॥ २ ॥

शुक्तौ - છીપમાં जाता - થયેલી रजतप्रतिभा - રૂપાની પ્રતીતિ चेत् - તે कटक-आदि-अर्थसमर्था - કડાં વગેરે આ પદાર્થો બનાવવામાં સમર્થ બને તો જ તે - તારો एषा - આ दुःखमयी - દુઃખરૂપ संसृतिः - સંસાર निर्वृतिदाने - આનંદ આપવામાં निपुणा - નિપુણ, સમર્થ स्यात् - બની શકે. चेतोभृङ्ग......मकरन्दं - શ્લોક નં. ૧ પ્રમાણે.

છીપમાં થયેલી રજતની પ્રતીતિને કારણે જો તેમાંથી કડાં વગેરે આભૂષણો બનાવી શકાય તેમ હોય, તો જ આ દુઃખરૂપ સંસાર આનંદ આપવામાં નિપુણ છે, એમ કહી શકાય. (પણ ખરેખર છીપમાં રજતની ભ્રાંતિ જ થાય છે, તેથી તેમાંથી રૂપાનાં ઘરેણા ન બને. એ જ રીતે સંસાર, ખરેખર, દુઃખરૂપ છે. તેમાં સુખ લાગે તે ભ્રાંતિ છે. તેથી તેમાંથી આનંદ ન જ મળે.) હે મન-ભમરા ! આ રસહીન ભવરણમાં તું નિરર્થક ભટકી રહ્યો છે. તેથી શ્રીલક્ષ્મીનૃસિંહ-પ્રભુનાં નિષ્પાપ ચરણકમળનાં મધનું જ સેવન કર, સેવન કર ! (૨)

आकृतिसाम्याच्छाल्मलिकुसुमे स्थलनलिनत्वभ्रममकरोः
गन्धरसाविह किमु विद्येते विफलं भ्राम्यसि
भृशविरसेऽस्मिन् ।
चेतोभृङ्ग भ्रमसि वृथा भवमरुभूमौ विरसायां
भज भज लक्ष्मीनरसिंहानघपदसरसिजमकरन्दम् ॥ ३ ॥

आकृतिसाम्यात् - આકારની સમાનતાને લીધે शाल्मलि-कुसुमे - શાલ્મલિનાં પુષ્પમાં તને स्थल-नलिनत्व-भ्रमं - સ્થલ-કમળનો ભ્રમ अकरोः - થયો છે. किमु - પણ શું इह - અહીં - તેમાં गन्धरसौ - સુગંધ અને રસ विद्येते - છે ખરાં ? अस्मिन् - આવા भृशविरसे - તદ્દન રસહીન પુષ્પની પાછળ विफलं - તું નિરર્થક भ्राम्यसि - ભટકી રહ્યો છે. चेतोभृङ्ग......मकरन्दं - શ્લોક નં. ૧ પ્રમાણે.

આકાર-સામ્યને કારણે તને શાલ્મલિનાં પુષ્પમાં સ્થલકમલ છે, એવો ભ્રમ થયો છે. પણ, ખરેખર, શું તેમાં ગન્ધ અને રસ છે ખરા ? આવાં તદ્દન રસહીન(પુષ્પ)ની પાછળ તું નકામો ભટકી રહ્યો છે. હે મન-ભમરા ! આ રસહીન ભવરણમાં તું નિરર્થક ભટકી રહ્યો છે. તેથી શ્રીલક્ષ્મીનૃસિંહ-પ્રભુનાં ચરણકમલનાં મધનું જ સેવન કર, સેવન કર ! (૩)

स्रक्चन्दनवनितादीन्विषयान्सुखदान्मत्वा तत्र विहरसे
गन्धफलीसदृशा ननु तेऽमी भोगानन्तरदुःखकृतः स्युः ।
चेतोभृङ्ग भ्रमसि वृथा भवमरुभूमौ विरसायां
भज भज लक्ष्मीनरसिंहानघपदसरसिजमकरन्दम् ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्रक्-चन्दन-वनितादीन् - પુષ્પમાલા, ચન્દન, સ્ત્રી વગેરે विषयान् - વિષયોને सुखदान् - સુખદાયક मत्वा - માનીને तत्र - તેમાં विहरसे - તું વિહાર કરી રહ્યો છે. ननु - પણ, ખરેખર, તો अमी - આ વિષયો गन्धफलीसदृशाः - ગન્ધફળીના છોડ જેવા છે તે - ते भोगान्तरदुःखकृतः - તેમના ભોગના અંતે દુઃખકારક स्युः - (જ) બની રહે છે. चेतोभृङ्ग......मकरन्दं - શ્લો. ૧. પ્રમાણે. गन्धफली - એ પ્રિયંગુ, ચંપો કે એવા જ કોઈ છોડનું નામ છે. આકારમાં જ સુંદર એવા તેનું સેવન અંતે પીડાકારક બની રહે છે એવું મનાય છે.

પુષ્પમાલા, ચન્દન અને સ્ત્રી વગેરે વિષયોને સુખદાયક માનીને તેમાં તું વિહાર કરે છે. પણ, ખરેખર, તો આ બધા વિષયો, ગન્ધફલીના છોડ જેવા છે. તેઓ ભોગાન્તે દુઃખદાયક જ બની રહે છે. હે મન-ભમરા ! આ રસહીન ભવરણમાં તું નિરર્થક ભટકી રહ્યો છે. તેથી શ્રીલક્ષ્મીનૃસિંહ-પ્રભુનાં ચરણકમળનાં મધનું જ સેવન કર, સેવન કર ! (૪)

तव हितमेकं वचनं वक्ष्ये श्रृणु सुखकामो यदि सततं
स्वप्ने दृष्टं सकलं हि मृषा जाग्रति च स्मर तद्वदिति ।
चेतोभृङ्ग भ्रमसि वृथा भवमरुभूमौ विरसायां
भज भज लक्ष्मीनरसिंहानघपदसरसिजमकरन्दम् ॥ ५ ॥

तव - તારાં हितं - હિતનું एकं - એક वचनं - વચન वक्ष्ये - કહું છું श्रृणु - તે સાંભળ यदि - જો તું सुखकामः - સુખની ઈચ્છા રાખતો હો તો જેમ स्वप्ने - સ્વપ્નમાં दृष्टं - દેખાયેલું सकलं - સઘળું દશ્ય हि - ખરેખર તો मृषा - મિથ્યા જ છે, - ખોટું જ છે, इति - એમ तद्वद् - તે પ્રમાણે જ जाग्रति - જાગ્રત અવસ્થામાં દેખાતું જગત પણ મિથ્યા છે, એ તું, सततं - હંમેશાં स्मर - યાદ રાખ. चेतोभृङ्ग.....मकरन्दं - શ્લોક નં. ૧ પ્રમાણે.

તારાં હિતનું એક વચન કહું છું, તે તું સાંભળ, જો તને ખરેખર, સુખની ઈચ્છા હોય તો, જેમ સ્વપ્નમાં દેખાતું સઘળું દશ્ય, વાસ્તવમાં મિથ્યા છે, તે જ રીતે જાગ્રત અવસ્થામાં દેખાતું આ જગત પણ ખરેખર મિથ્યા છે, એમ તું સતત સ્મરણમાં રાખ. હે મન-ભમરા ! આ રસહીન ભવરણમાં તું નિરર્થક ભટકી રહ્યો છે. તેથી શ્રીલક્ષ્મી-નૃસિંહ-પ્રભુનાં ચરણકમળનાં મધનું જ સેવન કર, સેવન કર ! (૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''लक्ष्मीनृसिंहपञ्चरत्नम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''લક્ષ્મીનૃસિંહપંચરત્નમ્'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ कौपीनपञ्चकम् ॥

वेदान्तवाक्येषु सदा रमन्तो भिक्षान्नमात्रेण च तुष्टिमन्तः ।
अशोकवन्तः करुणैकवन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः
॥ १ ॥

सदा - હંમેશ वेदान्तवाक्येषु - ઉપનિષદોનાં વાક્યોમાં, વેદાન્ત એટલે ઉપનિષદ, रमन्तः - રમણ કરનારા, च - અને, भिक्षान्नमात्रेण - કેવળ ભિક્ષાનાં અન્નથી, तुष्टिमन्तः - સંતોષ પામનારા, अशोकवन्त - શોક વિનાના, करुणैकवन्तः - કેવળ કરુણાવાળા, कौपीनवन्तः - કૌપીન ધારણ કરનારા, खलु - ખરેખર, भाग्यवन्तः - ભાગ્યશાળી છે.

હંમેશ ઉપનિદનાં વાક્યોમાં રમણ કરનારા, કેવળ ભિક્ષાનાં અન્નથી સંતોષ પામનારા, શોક વિનાના, કેવળ કરુણાવાળા, કૌપીન ધારણ કરનારા, ખરેખર, ભાગ્યશાળી છે. (૧)

मूलं तरोः केवलमाश्रयन्तः पाणिद्वये भोक्तुममत्रयन्तः ।
कन्थामपि स्त्रीमिव कुत्सयन्तः कौपीनवन्तः खलु
भाग्यवन्तः ॥ २ ॥

केवलम् - ફક્ત, तरोः - વૃક્ષનાં, मूलम् - મૂળનો, आश्रयन्तः - આશ્રય કરનારા, पाणिद्वये - બે હાથને, भोक्तुम् - ભોજન માટે, अमत्र - પાત્ર, વાસણ, अमत्रयन्तः - પાત્ર બનાવનારા, कन्थाम् - ગોદડીને, अपि - પણ, स्त्रीम् इव - સ્ત્રીની જેમ, कुत्सयन्तः - વખોડી કાઢનારા, कौपीनवन्तः - વગેરે શ્લોક ૧ મુજબ.

ફક્ત વૃક્ષનાં મૂળનો આશ્રય કરનારા, બે હાથને ભોજન માટે પાત્ર બનાવનારા, ગોદડીને પણ સ્ત્રીની જેમ વખોડી કાઢનારા, કૌપીન ધારણ કરનારા, ખરેખર, ભાગ્યશાળી છે. (૨)

देहाभिमानं परिहृत्य दूरादात्मानमात्मन्यवलोकयन्तः ।
अहर्निशं ब्रह्मणि ये रमन्तः कौपीनवन्तः खलु भाग्यवन्तः
॥ ३ ॥

दूरात् - દૂરથી જ, देहाभिमानम् - દેહના અભિમાનને, परिहृत्य - છોડી દઈને, आत्मनि - પોતાના આત્મામાં, आत्मानम् - આત્માને, अवलोकयन्तः - જોનારા, ये - જેઓ, अहर्निशम् - રાતદિવસ, ब्रह्मणि - હૃદયમાં, रमन्तः - રમણ કરનારા છે, कौपीनवन्तः - વગેરે શ્લોક ૧ મુજબ.

દૂરથી જ દેહના અભિમાનને છોડી દઈને, પોતાના આત્મામાં જ આત્માને જોનારા, જેઓ રાત-દિવસ બ્રહ્મમાં રમણ કરનારા કૌપીન ધારણ કરનાર તેઓ ખરેખર, ભાગ્યશાળી છે. (૩)

स्वानन्दभावे परितुष्टिमन्तः स्वशान्तसर्वेन्द्रियवृत्तिमन्तः ।
नान्तं न मध्यं न बहिः स्मरन्तः कौपीनवन्तः खलु
भाग्यवन्तः ॥ ४ ॥

स्वानन्द-भावे - પોતાના (આત્માના) આનંદની ભાવનામાં, परितुष्टिमन्तः - ચારે બાજુથી સંતોષ પામનારા, स्व-शान्त-सर्वेन्द्रिय-वृत्तिमन्तः - સ્વયં શાંત કરેલી સઘળી ઈન્દ્રિયોની વૃત્તિવાળા, न अन्तम् - ન અંતમાં, न मध्यम् - ન મધ્યમાં, न बहिः - ન બહાર, स्मरन्तः - સ્મરણ કરનારા, कौपीनवन्तः - વગેરે શ્લોક ૧ મુજબ.

પોતાના આત્માના આનંદની ભાવનામાં ચારે બાજુથી સંતોષ પામનારા, સ્વયં શાંત કરેલી સઘળી ઈન્દ્રિયોની વૃત્તિવાળા, ન અંતમાં, ન મધ્યમાં કે ન બહાર (કોઈ પણ જાતનું) સ્મરણ કરનારા કૌપીન ધારણ કરનારા, ખરેખર, ભાગ્યવાળા છે. (૪)

पञ्चाक्षरं पावनमुच्चरन्तः पतिं पशूनां हृदि भावयन्तः ।
भिक्षाशना दिक्षु परिभ्रमन्तः कौपीनवन्तः खलु
भाग्यवन्तः ॥ ५ ॥

पावनम् - પવિત્ર, पञ्चाक्षरम् - પંચાક્ષરમંત્રનો. 'નમઃ શિવાય' એ 'પંચાક્ષર મંત્ર' કહેવાય છે. उच्चरन्तः - ઉચ્ચાર કરતા, पशूनाम् पतिम् - પશુઓના પતિ, ભગવાન શિવને, हृदि- હૃદયમાં, भावयन्तः - ભાવના કરનારા, भिक्षाशना - ભિક્ષાનું ભોજન કરનારા અને, दिक्षु - દિશાઓમાં, परिभ्रमन्तः - પરિભ્રમણ કરતા, कौपीनवन्तः - વગેરે શ્લોક ૧ મુજબ.

પવિત્ર ('નમઃ શિવાય' એવા) 'પંચાક્ષર મંત્ર'નો ઉચ્ચાર કરતા, ભગવાન શિવની હૃદયમાં ભાવના કરતા, ભિક્ષાનું ભોજન કરનારા અને દિશાઓમાં પરિભ્રમણ કરનારા, કૌપીન ધારણ કરનારા, ખરેખર, ભાગ્યશાળી છે. (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''कौपीनपञ्चकंस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''કૌપીનપઞ્ચકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ गणेशपञ्चरत्नम् ॥

मुदा करात्तमोदकं सदा विमुक्तिसाधकं
कलाधरावतंसकं विलासिलोकरक्षकम् ।
अनायकैकनायकं विनाशितेभदैत्यकं
नताशुभाशुनाशकं नमामि तं विनायकम् ॥ १ ॥

तं विनायकं (अहं) नमामि-તે વિનાયક (ભગવાન ગણેશ)ને હું પ્રણામ કરું છું. કેવા વિનાયક ? मुदा करात्तमोदकम् - જેમણે પ્રસન્નતાપૂર્વક હાથમાં મોદક (લાડુ) રાખ્યા છે; सदा विमुक्ति-साधकम् - વિશિષ્ટ મોક્ષને જે સદા સિદ્ધ કરી આપનાર રહ્યા છે; कलाधरावतंसकम् - જેમણે (મસ્તક પર) કલાધર (ચંદ્ર) અને અવતંસ (કાન માટેના અલંકાર) ધારણ કર્યાં છે; विलासिलोक-रक्षकम् - આનંદી લોકોના રક્ષક; अनायकैकनायकम् - જેમને કોઈ નાયક (નેતા, દોરનાર, રક્ષણકર્તા) મળ્યા નથી, એવા (ભક્તો)ના જે નેતા રહ્યા છે; विनाशितेभदैत्यकम् - જેમણે ગજાસુર (इभदैत्य)નો સંપૂર્ણ નાશ કર્યો છે; नताशुभाशुनाशकम्-नतानां प्रणतानां (भक्तानां) अशुभानां (पापानां) आशु (सत्वरं)नाशकम् - નમસ્કાર કરનાર (ભક્તો)નાં પાપોનો સત્વર નાશ કરનાર.

પ્રસન્નતાપૂર્વક હાથમાં લાડુ રાખનાર, વિશિષ્ટ મોક્ષને સદા સિદ્ધ કરી આપનાર, (મસ્તક પર) ચંદ્ર અને (કાનમાં) અવતંસ ધારણ કરનાર, આનંદી લોકોના રક્ષક, જેમને કોઈ નેતા મળ્યા નથી એવા(ભક્તો)ના નેતા, ગજાસુરનો સંપૂર્ણ નાશ કરનાર, અને નમસ્કાર કરનાર(ભક્તો)નાં પાપોનો જે સત્વર નાશ કરનાર, એવા (ભગવાન) શ્રીગણેશને હું પ્રણામ કરું છું. (૧)

नतेतरातिभीकरं नवोदितार्कभास्वरं
नमत्सुरारिनिर्जरं नताधिकापदुद्धरम् ।
सुरेश्वरं निधीश्वरं गजेश्वरं गणेश्वरं
महेश्वरं तमाश्रये परात्परं निरन्तरम् ॥ २ ॥

तं गणेश्वरं (अहं) निरन्तरं आश्रये - તે (ભગવાન) ગણેશનાં શરણમાં હું હંમેશાં રહું છું. કેવા ગણેશ ? नतेतरातिभीकरम् - नतेभ्यः प्रणतेभ्यः इतराः अन्याः, तेषां अतिभीकरं, अतिभयकरम् - પ્રણામ કરનાર(ભક્તો)થી બીજા, એટલે કે પ્રણામ ન કરનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय 129354 गुरुकुल कांगड़ी विश्वविद्यालय

(લોકો) માટે અતિશય ભયંકર, नवोदितार्कभास्वरम् - હમણાં (તાજા) ઊગેલા સૂર્ય (અર્ક) જેવા તેજસ્વી; नमत्सुरारिनिर्जरम् - પ્રણામ કરનાર (શરણે આવેલા) અસુરો માટે અમૃત સમાન; नताधिक-आपदुद्धरम् - પ્રણામ કરનાર-(ભક્તો)ને સર્વ દુઃખોમાંથી બચાવનાર, सुरेश्वरम् - સર્વશક્તિમાન દેવ; निधीश्वरम् - (સર્વ) ભંડારો (ખજાનાઓ)ના માલિક; गजेश्वरम् - ગજાસુરના વિનાશક; महेश्वरम् - મોટા દેવ; परात्परम् - મહાનથી પણ મહાન.

(પોતાને) પ્રણામ ન કરનાર (લોકો) માટે અતિશય ભયંકર, નવોદિત સૂર્ય સમાન તેજસ્વી, શરણે આવેલા અસુરો માટે અમૃત સમાન, પ્રણામ કરનાર(ભક્તો)ને સર્વ દુઃખોમાંથી બચાવનાર, સર્વશક્તિમાન દેવ, સર્વ ભંડારોના માલિક, ગજાસુરના વિનાશક, મહાનથી પણ મહાન એવા મહેશ્વર (ભગવાન) ગણેશનાં શરણમાં હું હંમેશાં રહું છું. (૨)

समस्तलोकशंकरं निरस्तदैत्यकुञ्जरं
दरेतरोदरं वरं वरेभवक्त्रमक्षरम् ।
कृपाकरं क्षमाकरं मुदाकरं यशस्करं
मनस्करं नमस्कृतां नमस्करोमि भास्वरम् ॥ ३ ॥

(तं गणेशं अहं) नमस्करोमि - તે (ભગવાન) ગણેશને હું નમસ્કાર કરું છું. કેવા ગણેશ ? समस्त-लोक-शं-करम् - સર્વ લોકોનું કલ્યાણ કરનાર (शं कल्याणं करोति असौ, शंकरः, तम् ।); निरस्त-दैत्य-कुञ्जरम् - ગજાસુરનો વિનાશ કરનાર; दरेत-रोदरम्-दरात् स्वल्पात् इतरं, अर्थात् विपुलं, उदरं यस्य सः, तम् - નાનકડા નહીં એવા, એટલે કે મોટા પેટવાળા; वरम् - શ્રેષ્ઠ, સર્વોત્તમ; वरेभवक्त्रम् - (वर+इभ+वक्त्रम्) હાથીનું સુંદર મુખ ધરાવનાર; अक्षरम् - અક્ષર, અમર, અવિનાશી; कृपाकरम् - કૃપા કરનાર; क्षमाकरम् - ક્ષમા કરનાર; मुदाकरम् - આનંદ આપનાર; यशस्करम् - યશ આપનાર; नमस्कृतां मनस्करम् - નમસ્કાર કરનાર (ભક્તો)નાં મનને સંપૂર્ણરીતે સ્વસ્થ કરનાર; भास्वरम् - તેજસ્વી.

સર્વ લોકોનું કલ્યાણ કરનાર, ગજાસુરનો વિનાશ કરનાર, મોટા પેટવાળા, હાથીનું સુંદર મુખ ધરાવનાર, નમસ્કાર કરનાર(ભક્તો)નાં મનને સંપૂર્ણરીતે સ્વસ્થ કરનાર, કૃપા અને ક્ષમા કરનાર, આનંદ અને યશ આપનાર, તેજસ્વી અને અમર એવા તે સર્વોત્તમ(ભગવાન ગણેશ)ને હું નમસ્કાર કરું છું. (૩)

अकिंचनार्तिमार्जनं चिरंतनोक्तिभाजनं
पुरारिपूर्वनन्दनं सुरारिगर्वचर्वणम् ।
प्रपञ्चनाशभीषणं धनंजयादिभूषणं
कपोलदानवारणं भजे पुराणवारणम् ॥ ४ ॥

तं पुराण-वारणं (अहं) भजे - તે પુરાતન ગજાનન (ગણેશ)ને હું ભજું છું. કેવા ગજાનન ? अकिंचनार्तिमार्जनम् - 'અકિંચનો', એટલે કે નિર્ધનોની 'આર્તિ', એટલે કે પીડાને મિટાવી નાખનાર; चिरंतनोक्तिभाजनम् - લાંબા સમય સુધી ટકી રહે તેવી અભિવ્યક્તિ-શક્તિની પાત્રતા ધરાવનાર; पुरारि-पूर्व-नन्दनम् - 'પુરારિ' એટલે કે ભગવાન શંકરના પ્રથમ પુત્ર; सुरारि-गर्व-चर्वणम् - અસુરોના ગર્વના વિનાશક; प्रपञ्च-नाश-भीषणम् - 'પ્રપંચ' એટલે કે આ આભાસી - માયારૂપી જગત, તેના નાશ માટે ભયંકર; धनञ्जयादि-भूषणम् - અગ્નિ વગેરે દ્વારા વિભૂષિત; कपोल-दान-वारणम् - 'કપોલ' એટલે કે ગંડસ્થલ, તેના પરથી 'દાન' એટલે કે મદ (વહાવતા) ગજસ્વરૂપ.

નિર્ધનોની પીડાને મિટાવી નાખનાર, લાંબા સમય સુધી ટકી રહે તેવી અભિવ્યક્તિશક્તિની પાત્રતા ધરાવનાર, ભગવાન શંકરના પ્રથમ પુત્ર, અસુરોના ગર્વના વિનાશક, માયારૂપ જગતના નાશ માટે ભયંકર, અગ્નિ વગેરે દ્વારા વિભૂષિત, ગંડસ્થલ પરથી મદ (વહાવતા) ગજસ્વરૂપ એવા પુરાતન (ભગવાન) ગજાનનને હું ભજું છું. (૪)

नितान्तकान्तदन्तकान्तिमन्तकान्तकात्मज-
मचिन्त्यरूपमन्तहीनमन्तरायकृन्तनम् ।
हृदन्तरे निरन्तरं वसन्तमेव योगिनां
तमेकदन्तमेव तं विचिन्तयामि संततम् ॥ ५ ॥

तं एकदन्तं एव संततं (अहं) विचिन्तयामि - તે 'એક' એટલે કે અજોડ, 'દંત' એટલે કે દંતૂશળવાળા(ગણેશ)નું હું સતત ચિંતન કરું છું. કેવા ગણેશ ? नितान्त-कान्त-दन्त-कान्तिम् - અત્યંત સુંદર દંતૂશળની કાંતિવાળા; अन्तकान्तकात्मजम् - અંતકોના 'અંતક' (યમ) એવા (ભગવાન શિવ)ના 'આત્મજ' એટલે કે પુત્ર; अचिन्त्य-रूपम् - જેમનું રૂપ ચિંતનથી પર છે; अन्त-हीनम् - અનંત; अन्तराय-कृन्तनम् - 'અંતરાય' એટલે કે વિઘ્નોનો નાશ કરનાર; योगिनां हृदन्तरे निरन्तरं वसन्तम् एव - યોગીઓનાં અંતઃકરણમાં નિરંતર વાસ કરનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત સુંદર દંતૂશળની કાંતિવાળા, અંતકોના અંતક એવા (ભગવાન શંકર)ના પુત્ર, ચિંતનથી પર એવું રૂપ ધરાવનાર, વિઘ્નોના વિનાશક, યોગીઓનાં અંતઃકરણમાં જ નિરંતર વાસ કરનાર, એવા અજોડ દંતૂશળવાળા તે અનંત (ગણેશ)નું હું સતત ચિંતન કરું છું. (૫)

महागणेशपञ्चरत्नमादरेण योऽन्वहं
प्रजल्पति प्रभातके हृदि स्मरन्गणेश्वरम् ।
अरोगतामदोषतां सुसाहितीं सुपुत्रतां
समाहितायुरष्टभूतिमभ्युपैति सोऽचिरात् ॥ ६ ॥

प्रभातके गणेश्वरं हृदि स्मरन् - વહેલી પરોઢે ભગવાન ગણેશને હૃદયમાં સ્મરતાં; महा-गणेश-पञ्चरत्नं यः अन्वहं आदरेण प्रजल्पति - રત્ન સમાન (આ ઉપર્યુક્ત) પાંચ શ્લોકોનું જે આદરપૂર્વક નિત્ય પઠન કરે છે; सः अचिरात् अभ्युपैति - તે વિના વિલંબે (આટલું) પ્રાપ્ત કરે છે; શું શું પ્રાપ્ત કરે છે ? अरोगताम् - નીરોગીપણું, તંદુરસ્તી, સ્વાસ્થ્ય; अदोषताम् - નિર્દોષતા, દોષમુક્તિ; सुसाहितीम् - સભ્યતા, સામાજિક પ્રતિષ્ઠા; सुपुत्रताम् - સુપુત્રોનો લાભ; समाहितायुः દીર્ઘ આયુ; अष्टभूतिम् - આઠેય પ્રકારની સિદ્ધિઓ.

(નોંધ : આઠ પ્રકારની સિદ્ધિઓનાં નામ આ પ્રમાણે છે :-

अणिमा लघिमा प्राप्तिः प्राकाम्यं महिमा तथा ।
ईशित्वं च वशित्वं च तथा कामावसायिता ॥)

વહેલી પરોઢે ભગવાન ગણેશને હૃદયમાં સ્મરતાં, રત્ન સમાન (આ) પાંચ શ્લોકોનું જે (ભક્ત) નિત્ય આદરપૂર્વક પઠન કરે છે, તે (આટલી વસ્તુઓ) વિના વિલંબે પામે છે : નીરોગિતા, નિર્દોષતા, પ્રતિષ્ઠા, સુપુત્ર-લાભ, દીર્ઘાયુષ્ય અને આઠેય પ્રકારની સિદ્ધિઓ. (૬)

(નોંધ :- આ સ્તોત્રમાં 'પંચચામર' છંદ પ્રયોજાયો છે, જેનું લક્ષણ આ પ્રમાણે છે :-

जरौ जरौ ततो जगौ च पञ्चचामरं वदेत् । એટલે કે તેમાં જ, ર, જ, ર, જ અને ગ ગણ મળીને પ્રત્યેક પંક્તિમાં કૂલ ૧૬ અક્ષરો હોય છે.)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''गणेशपञ्चरत्नम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''ગણેશપઞ્ચરત્નમ્'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

|| ॐ ||

|| श्रीरामस्य प्रातःस्मरणम् ||

प्रातः स्मरामि रघुनाथमुखारविन्दं
मन्दस्मितं मधुरभाषि विशालभालम् ।
कर्णावलम्बिचलकुण्डलशोभिगण्डं
कर्णान्तदीर्घनयनं नयनाभिरामम् ॥ १ ॥

मन्दस्मितम् - મંદ મંદ મુસ્કાનવાળા, मधुरभाषि - મધુર ભાષણયુક્ત, विशाल-भालम् - વિશાળ કપાળવાળા, कर्ण-अवलम्बि-चल-कुण्डल-शोभि-गण्डम् - કાન સુધી લટકતાં ચંચળ કુંડલોથી સુશોભિત ગંડસ્થળવાળા, कर्ण-अन्त-दीर्घ-नयनम् - કાન સુધી લાંબા નેત્રોવાળા, नयन-अभिरामम् - નેત્રોને ગમી જનાર, रघुनाथ-मुखारविन्दम् - રઘુનાથના-ભગવાન શ્રીરામનાં મુખકમળનું, प्रातः - સવારના સમયે, स्मरामि - હું સ્મરણ કરું છું.

મંદ મંદ મુસ્કાનવાળા, મધુર ભાષણયુક્ત, વિશાળ કપાળ-વાળા, કાન સુધી લટકતાં ચંચળ કુંડળોથી સુશોભિત ગંડસ્થળવાળા, કાન સુધી લાંબા નેત્રવાળા, નેત્રોને ગમી જનાર, રઘુનાથ-ભગવાન રામનાં મુખકમળનું સવારના સમયે હું ધ્યાન ધરું છું. (૧)

प्रातर्भजामि रघुनाथकरारविन्दं
रक्षोगणाय भयदं वरदं निजेभ्यः ।
यद्राजसंसदि विभज्य महेशचापं
सीताकरग्रहणमङ्गलमाप सद्यः ॥ २ ॥

रक्षोगणाय - રાક્ષસોના સમૂહને, भयदम् - ભય પમાડનાર, निजेभ्यः - પોતાનાં સ્વજનોને, वरदम् - વરદાન આપનાર, रघुनाथ-करारविन्दम् - રામનાં કરકમલનું, प्रातः - સવારના સમયે, भजामि - હું ભજન કરું છું, यद् - જેણે, राज-संसदि - રાજા(જનક)ના સભામાં, દરબારમાં, महेश-चापम् - ભગવાન શિવના ધનુષ્યને, विभज्य - તોડીને, सद्यः - તરત જ, सीता-कर-ग्रहण-मङ्गलम् - સીતાનાં પાણિગ્રહણરૂપી મંગલને, आप - પ્રાપ્ત થયા હતા, પ્રાપ્ત કર્યું હતું.

રાક્ષસોના સમૂહને ભય પમાડનાર અને પોતાનાં જનોને-સ્વજનોને વરદાન આપનાર રામનાં કરકમલનું સવારના સમયે હું ભજન કરું છું, જેણે રાજા(જનક)ની સભામાં ભગવાન શિવના ધનુષ્યને તોડીને તરત જ સીતાનાં પાણિગ્રહણરૂપી મંગલને પ્રાપ્ત કર્યું હતું. (૨)

प्रातर्नमामि रघुनाथपदारविन्दं
वज्राङ्कुशादिशुभरेखि सुखावहं मे ।
योगीन्द्रमानसमधुव्रतसेव्यमानं
शापापहं सपदि गौतमधर्मपत्न्याः ॥ ३ ॥

वज्र-अङ्कुश-आदि-शुभ-रेखि - વજ્ર, અંકુશ વગેરે શુભ રેખાઓવાળા, मे - મારે માટે, सुखावहम् - સુખ લાવનારા, योगीन्द्र-मानस-मधुव्रत-सेव्यमानम् - યોગીન્દ્રોના મનરૂપી ભમરાઓથી સેવાતા, सपदि - શીઘ્ર, તરત જ, गौतम-पत्न्याः - ગૌતમ ઋષિની પત્ની(અહલ્યા)ના, शापापहम् - શાપને દૂર કરનાર, रघुनाथ-पदारविन्दम् - ભગવાન શ્રીરામના ચરણકમળને, प्रातः - સવારના સમયે, नमामि - હું પ્રણામ કરું છું.

વજ્ર, અંકુશ વગેરે શુભ રેખાઓવાળાં, મારે માટે સુખ લાવનારાં, યોગીન્દ્રોના મનરૂપી ભમરાઓથી સેવાતાં ગૌતમ ઋષિની પત્નીના શાપને તરત જ દૂર કરનાર, ભગવાન શ્રીરામનાં ચરણકમળને સવારના સમયે હું પ્રણામ કરું છું. (૩)

प्रातर्वदामि वचसा रघुनाथनाम
वाग्दोषहारि सकलं शमलं निहन्ति ।
यत्पार्वती स्वपतिना सह भोक्तुकामा
प्रीत्या सहस्रहरिनामसमं जजाप ॥ ४ ॥

प्रातः - સવારના સમયે, रघुनाथ-नाम - ભગવાન રામનાં નામનું, वचसा - વાણીથી, वदामि - હું ઉચ્ચારણ કરું છું, वाग्दोषहारि - વાણીના દોષોનું હરણ કરનાર (જે), सकलम् - સઘળા, शमलं - પાપોનો, निहन्ति - નાશ કરે છે, यत् - જેનો, स्वपतिना - પોતાના પતિ સાથે, भोक्तुकामा - ભોગ ભોગવવાની ઈચ્છાવાળી, पार्वती - પાર્વતીએ, प्रीत्या - પ્રેમથી, सहस्रहरिनामसमम् - ભગવાનનાં એક હજાર નામો સાથે, जजाप - જપ કર્યો હતો.

સવારના સમયે ભગવાન રામનાં નામનું વાણીથી હું ઉચ્ચારણ કરું છું, જે વાણીના દોષોનું હરણ કરનાર છે અને સઘળા દોષોનો નાશ કરે છે. વળી, જેનો પોતાના પતિ સાથે ભોગ ભોગવવાની ઈચ્છાવાળી પાર્વતીએ, પ્રેમથી, ભગવાનનાં એક હજાર નામો સાથે જપ કર્યો હતો. (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रातः श्रये श्रुतिनुतां रघुनाथमूर्ति
नीलाम्बुजोत्पलसितेतररत्ननीलाम् ।
आमुक्तमौक्तिकविशेषविभूषणाढ्यां
ध्येयां समस्तमुनिभिर्जनमुक्तिहेतुम् ॥ ५ ॥

श्रुतिनुताम् - વેદ દ્વારા વંદન કરાયેલી, नील-अम्बुज-उत्पल-सितेतर-रत्न-नीलाम् - નીલકમળ અને શ્વેતકમળથી ભિન્ન રત્ન એટલે નીલમ જેવી નીલવર્ણની, आमुक्त-मौक्तिक-विशेष-विभूषणाढ्याम् - લટકતી મોતીઓની માળાઓથી વિશેષ રીતે વિભૂષિત, समस्त-मुनिभिः - સઘળા મુનિઓ વડે, ध्येयाम् - ધ્યાન કરવા યોગ્ય, जनमुक्तिहेतुम् - મનુષ્યોની મુક્તિનું કારણ એવી, रघुनाथ-मूर्तिम् - ભગવાન શ્રીરામની મૂર્તિનો, प्रातः - સવારના સમયે, श्रये - હું આશ્રય લઉં છું, શરણે જાઉં છું.

વેદ દ્વારા વંદન કરાયેલી, નીલકમળ અને શ્વેતકમળથી ભિન્ન એટલે નીલમ જેવી નીલવર્ણની, લટકતી મોતીઓની માળાઓથી વિશેષ રીતે વિભૂષિત, સઘળા મુનિઓ વડે ધ્યાન કરવા યોગ્ય, મનુષ્યોની મુક્તિનું કારણ એવી, શ્રીભગવાન રામની મૂર્તિનો હું આશ્રય લઉં છું. (હું તેને શરણે જાઉં છું.) (૫)

यः श्लोकपञ्चकमिदं प्रयतः पठेद्धि
नित्यं प्रभातसमये पुरुषः प्रबुद्धः ।
श्रीरामकिङ्करजनेषु स एव मुख्यो
भूत्वा प्रयाति हरिलोकमनन्यलभ्यम् ॥ ६ ॥

यः - જે, प्रातः - સવારના સમયે, प्रबुद्धः - જાગીને, प्रयतः - જિતેન્દ્રિય બની, इदम् - આ, श्लोकपञ्चकम् - પાંચ શ્લોકોનો, नित्यम् - દરરોજ, पठति - પાઠ કરે છે, से - તે, श्रीराम-किङ्कर-जनेषु - શ્રીરામનાં સેવકજનોમાં, मुख्य एव - મુખ્ય જ, भूत्वा - બનીને अनन्य-लभ्यम् - બીજાને માટે મેળવવા દુર્લભ એવા, हरिलोकम् - શ્રીહરિના લોકમાં, प्रयाति - પ્રયાણ કરે છે, જાય છે.

જે સવારના સમયે જાગીને જિતેન્દ્રિય બની, આ પાંચ શ્લોકોનો દરરોજ પાઠ કરે છે, તે શ્રીરામના સેવકોમાં મુખ્ય જ બનીને, બીજાને માટે મેળવવા દુર્લભ એવા શ્રીહરિના લોકમાં જાય છે. (૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीरामस्य प्रातःस्मरणम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીરામસ્ય પ્રાતઃસ્મરણમ્'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



॥ ॐ ॥

॥ हनुमत्पञ्चरत्नम् ॥

वीताखिलविषयेच्छं
जातानन्दाश्रुपुलकमत्यच्छम् ।
सीतापतिदूताद्यं
वातात्मजमद्य भावये हृद्यम् ॥ १ ॥

वीत-अखिल-विषयेच्छं - જેમની સર્વ વિષયેચ્છાઓ નાશ પામી છે, जात-आनन्द-अश्रुपुलकं - (શ્રીરામનાં દર્શન-શ્રવણ કે સ્મરણ માત્રથી) જેમનામાં આનંદનાં આંસુઓ અને રોમાંચ થયાં છે તે, अत्यच्छम् - અત્યંત પવિત્ર, નિર્મળ, सीतापति-दूताद्यं - જેઓ સીતાપતિ શ્રીરામના પ્રધાન દૂત हृद्यं - મનોહર वातात्मजं - પવનપુત્ર હનુમાનનું अद्य - આજે भावये - હું સ્મરણ કરું છું, સ્તવન કરું છું.

જેમની સકલ વિષયેચ્છાઓ નિર્મૂળ થઈ ગઈ છે, (શ્રીરામનાં શ્રવણ-સ્મરણ કે દર્શન માત્રથી) જેમની આંખોમાં આનંદાશ્રુ છલકાઈ ઊઠે છે, અને જેઓ સીતાપતિ શ્રીરામના મુખ્ય દૂત છે તેવા અતિશય પ્રિય પવનપુત્ર હનુમાનનું હું ભાવપૂર્વક સ્તવન કરું છું. (૧)

तरुणारुणमुखकमलं
करुणारसपूरपूरितापाङ्गम् ।
संजीवनमाशासे
मञ्जुलमहिमानमञ्जनाभाग्यम् ॥ २ ॥

तरुण-अरुण-मुखकमलं - જેમનું મુખકમલ બાલસૂર્ય સમાન દીપી રહ્યું છે. करुणारस-पूर-पूरित-अपाङ्गं - જેમનાં નેત્રોના ખૂણા કરુણા, રસના, પૂરથી ભરપૂર છે, संजीवनं - જેઓ જીવનદાતા, જીવનરક્ષક છે, मञ्जुलमहिमानं - જેમનો મહિમા ચારે તરફ રણક્યા કરે છે, અને अञ्जनाभाग्यम् - જેઓ માતા અંજનાનું સદ્ભાગ્ય બની રહ્યા છે તેવા (શ્રીહનુમાનની) आशासे - હું પ્રશંસા, સ્તુતિ કરું છું.

જેમનું મુખકમલ તેજસ્વી સૂર્ય સમાન દીપી રહ્યું છે, જેમનાં નેત્રોના ખૂણા કરુણાથી છલકાય છે, જેઓ જીવનરક્ષક છે અને જેમનો મહિમા મધુરતાથી ચારે તરફ રણકી રહ્યો છે એવા, માતા અંજનાનાં સદ્ભાગ્ય બની રહેલા શ્રીહનુમાનની હું સ્તુતિ કરું છું. (૨)

शम्बरवैरिशरातिग-
मम्बुजदलविपुललोचनोदारम् ।
कम्बुगलमनिलदिष्टं
बिम्बज्वलितोष्ठमेकमवलम्बे ॥ ३ ॥

शम्बर-वैरि-शरातिगं - શંબરાસુરના શત્રુ એવા પ્રદ્યુમ્ન એટલે કે કામદેવનાં બાણ જેમને સ્પર્શી શકતાં નથી, अम्बुज-दल-विपुल-लोचन-उदारं - જે કમલપત્ર સમાન વિશાળ નેત્રોથી ભવ્ય લાગે છે, कम्बुगलं - જેમની ડોક શંખાકાર છે, अनिलदिष्टं - જે (પિતા) વાયુનું સદ્ભાગ્ય છે. बिम्ब-ज्वलित-ओष्ठम् - જેમનો ઓષ્ઠ બિમ્બફળ સમાન લાલ છે. એવા एकं - એક માત્ર દેવ શ્રીહનુમાનનું, अवलम्बे - હું શરણ ગ્રહું છું.

કામનાં બાણથી અસ્પૃષ્ટ એવા આ હનુમાન કમળપત્ર સમાન નેત્રોથી ભવ્ય લાગે છે. એમની ડોક શંખાકાર છે. તેઓ વાયુદેવનું સદ્ભાગ્ય બની રહ્યા છે. એવા બિમ્બફળ સમ રતુંબડા ઓષ્ઠવાળા શ્રીહનુમાનને હું શરણે જાઉં છું. (૩)

નોંધ :- शम्बरवैरिशरातिगं - શ્રીકૃષ્ણને ત્યાં પુત્રરૂપે જન્મેલ પ્રદ્યુમ્ન ખરેખર તો કામદેવના જ અવતાર હતા. જન્મતાંની સાથે જ શંબર તેમનું હરણ કરી ગયો હતો અને તેમને દરિયામાં નાખી દીધા હતા. ત્યાં એક મોટું માછલું તેમને ગળી ગયું હતું. પણ માછીમાર પાસેથી એ માછલું શંબરાસુરના રસોડે જ પહોંચ્યું. તેનું પેટ ચીરતાં તેમાંથી આ કુમાર મળી આવ્યા. યુવાન થતાં પ્રદ્યુમ્ને શંબરનો વધ કર્યો હતો. આમ, અહીં લક્ષણાથી 'શંબરવૈરિ' - શબ્દ દ્વારા કામદેવ અભિપ્રેત છે. બાલ બ્રહ્મચારી હનુમાનને કામના, બાણો સ્પર્શી શકતાં નથી. તેઓ નિર્વિકાર છે, એવો ભાવ છે.

दूरीकृतसीतार्तिः
प्रकटीकृतरामवैभवस्फूर्तिः ।
दारितदशमुखकीर्तिः
पुरतो मम भातु हनुमतो मूर्तिः ॥ ४ ॥

दूरीकृत-सीतार्तिः - જેમણે સીતાનું દુઃખ દૂર કર્યું છે, प्रकटीकृत-राम-वैभव-स्फूर्तिः - જેમણે રામનાં ઐશ્વર્યની આભાને (જગતભરમાં) પ્રકટ કરી છે, दारित-दशमुखकीर्तिः - જેમણે દશાનન-રાવણની કીર્તિનો ધ્વંસ કર્યો છે, તેવા हनुमतः -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीहनुमानની, मूर्तिः - મૂર્તિ, मम - મારી, पुरतो - સામે, भातु - પ્રકાશી રહો !

જેમણે સીતાનાં સંકટને દૂર કર્યું અને રામનાં ઐશ્વર્યની આભાને વિશ્વભરમાં પ્રગટ કરી તથા સાથે સાથે રાવણની કીર્તિનો ધ્વંસ કરી નાખ્યો, એવા શ્રીહનુમાનનું પ્રકટસ્વરૂપ મારી સામે પ્રકાશી રહો ! (એવી પ્રાર્થના કરું છું.) (૪)

वानरनिकराध्यक्षं
दानवकुलकुमुदरविकरसदृक्षम् ।
दीनजनावनदीक्षं
पवनतपःपाकपुञ्जमद्राक्षम् ॥ ५ ॥

वानर-निकर-अध्यक्षं - વાનરજૂથના નેતા, दानवकुल - कुमुद - रविकर-सदृक्षम् - દાનવકુળરૂપી કુમુદ માટે સૂર્યકિરણ સમાન, दीनजन-अवन-दीक्षम् - દીનજનોની રક્ષા કરવાનું વ્રત ધારણ કરનાર, पवन-तपः-पाकपुञ्जम् - અને વાયુદેવનાં તપના પરિપાકના પુંજ.

વાનરજૂથના નેતા તથા દાનવકુળરૂપી કુમુદ-પોયણાંને કરમાવનાર સૂર્યકિરણ જેવા શ્રી હનુમાને દીનજનોની રક્ષા કરવાની દીક્ષા લીધી છે. વાયુદેવનાં તપના પરિપાકના પુંજ જેવા એ શ્રીહનુમાનનાં હું દર્શન કરું (એવી મારી પ્રાર્થના છે) ! (૫)

નોંધ :- કુમુદ - એટલે રાત્રે ખીલનાર શ્વેત કમળ, પોયણું - દિવસે સૂર્યનાં કિરણોથી તે કરમાઈ જાય છે.

एतत्पवनसुतस्य
स्तोत्रं यः पठति पञ्चरत्नाख्यम् ।
चिरमिह निखिलान्भोगा-
न्भुङ्क्त्वा श्रीरामभक्तिभाग्भवति ॥ ६ ॥

पवनसुतस्य - પવનપુત્રના, एतत् - આ, पञ्चरत्नाख्यं - 'पंचरत्न' નામના, स्तोत्रं - સ્તોત્રનો, यः - જે, पठति - પાઠ કરે છે, (તે) इह - આ લોકમાં, चिरं - લાંબા સમય સુધી, निखिलान् - સકળ भोगान् - ભોગોને, भुङ्क्त्वा - ભોગવીને, श्रीरामभक्तिभाक् - શ્રીરામની ભક્તિ પ્રાપ્ત કરનાર भवति - બને છે.

પવનપુત્ર હનુમાનનાં આ 'પંચરત્ન' નામનાં સ્તોત્રનો જે પાઠ કરે છે, તે આ લોકમાં સર્વ ભોગોને લાંબા સમય સુધી ભોગવીને ભગવાન શ્રીરામની ભક્તિને પ્રાપ્ત કરે છે. (૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''हनुमतपञ्चरत्नम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''હનુમતપઞ્ચરત્નમ્'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ ललितापञ्चरत्नम् ॥

प्रातः स्मरामि ललितावदनारविन्दं
बिम्बाधरं पृथुलमौक्तिकशोभिनासम् ।
आकर्णदीर्घनयनं मणिकुण्डलाढ्यं
मन्दस्मितं मृगमदोज्ज्वलफालदेशम् ॥ १ ॥

बिम्बाधरं - બિંબફળ જેવા અધરોષ્ઠવાળા, पृथुल-मौक्तिक-शोभि-नासं - વિશાળ મોતીથી શોભતા નાકવાળા, आकर्ण-दीर्घ-नयनं - છેક કાન સુધી ફેલાએલા નેત્રવાળા, मणि-कुण्डलाढ्यं - મણિમઢ્યા કુંડલથી શોભી રહેલા, मन्दस्मितं - મંદ સ્મિત કરી રહેલા, (અને) मृग-मदोज्ज्वल-फाल-देशम् - કસ્તૂરીના તિલકથી પ્રકાશિત ભાલપ્રદેશવાળા (એવા) ललिता-वदनारविन्दं - શ્રી લલિતાદેવીનાં વદનકમળને (હું), प्रातः - પ્રભાતે, स्मरामि - સ્મરું છું.

પ્રભાત સમયે ભગવતી લલિતાનાં વદનકમળનું હું સ્મરણ કરું છું. એમનો અધરોષ્ઠ (હોઠ) બિંબફળ જેવો રતુંબડો છે; એમની નાસિકા વિશાળ મોતીથી શોભી રહી છે, એનાં નેત્રો છેક કાન સુધી ફેલાયાં છે, મણિજડિત કુંડલથી તે ઝળહળી રહ્યું છે, મન્દ મન્દ સ્મિત વેરી રહ્યું છે અને તેમનું કપાળ કસ્તૂરીનાં તિલકથી સોહામણું લાગે છે. (૧)

प्रातर्भजामि ललिताभुजकल्पवल्लीं
रक्ताङ्गुलीयलसदङ्गुलिपल्लवाढ्याम् ।
माणिक्यहेमवलयाङ्गदशोभमानां
पुण्ड्रेक्षुचापकुसुमेषुसृणीर्दधानाम् ॥ २ ॥

रक्ताङ्गुलीयलसद्-अङ्गुलिपल्लवाढ्यां - લાલ વીંટીઓથી સોહતી આંગળીરૂપી ઉત્તમ કુંપળોવાળી, माणिक्य-हेमवलय-अङ्गद-शोभमानां - મણિજડેલા સુવર્ણકંકણ અને બાજુબંધથી શોભી રહેલી, पुण्ड्रेक्षुचाप-कुसुम-इषु-सृणीः-दधानाम् - લાલ શેરડીનું ધનુષ્ય, પુષ્પનાં બાણ અને અંકુશ ધારણ કરેલી, ललिता-भुज-कल्प-वल्लीं - લલિતાદેવીની ભુજારૂપી કલ્પલતાને (હું), प्रातः - પ્રભાતે, भजामि - ભજું છું, अङ्गद - બાજુબંધ, કડું, पुण्ड्रेक्षु-पुण्ड्र-इक्षु - રતુંબડા વર્ણની શેરડી, सृणीः - અંકુશ.

પ્રભાતકાળે ભગવતી લલિતાની ભુજા રૂપી કલ્પલતાનું હું ભક્તિભાવે સ્તવન કરું છું. તેની આંગળીરૂપી તેજસ્વી કુંપળો લાલ વીંટીઓથી દીપી રહી છે, તેના પર મણિજડિત સુવર્ણ કંકણ અને બાજુબંધ શોભી રહ્યાં છે, અને તેણે રતુંબડી શેરડીનું ધનુષ્ય, પુષ્પનાં બાણ અને અંકુશ ધારણ કર્યાં છે. (૨)

प्रातर्नमामि ललिताचरणारविन्दं
भक्तेष्टदाननिरतं भवसिन्धुपोतम् ॥
पद्मासनादिसुरनायकपूजनीयं
पद्माङ्कुशध्वजसुदर्शनलाञ्छनाढ्यम् ॥ ३ ॥

भक्त-इष्टदान-निरतं - ભક્તોને ઈચ્છિત વસ્તુનું દાન આપવામાં તત્પર, भव-सिन्धु-पोतं - સંસારસાગરમાં નાવ બની રહેલા, पद्मासनादि-सुर-नायक-पूजनीयं - બ્રહ્મા વગેરે અગ્રણી દેવો વડે પૂજવા યોગ્ય, (તથા) पद्म-अङ्कुश-ध्वज-सुदर्शन-लाञ्छनाढ्यं - રક્તકમળ, અંકુશ, ધ્વજ અને સુદર્શન ચક્રનાં ચિહ્નોથી યુક્ત, ललिता-चरणाविन्दं - લલિતાદેવીનાં ચરણકમળને प्रातः - પ્રભાતે, (હું) नमामि - વંદુ છું, पोतम् - નાવડું, पद्मासन - કમળના આસનવાળા બ્રહ્મા, पद्म - રક્ત કમળ.

ભક્તોને ઈચ્છિત ફળ આપવામાં તત્પર, સંસારરૂપી સાગરમાં નાવસમાન, બ્રહ્મા વગેરે દેવોના અગ્રણીથી પૂજવા યોગ્ય, પદ્મ (રક્તકમળ) અંકુશ, ધજા અને સુદર્શન ચક્રના ચિહ્નોથી શોભતાં લલિતાદેવીનાં ચરણકમળને પ્રભાતે હું વંદુ છું. (૩)

प्रातः स्तुवे परशिवां ललितां भवानीं
त्रय्यन्तवेद्यविभवां करुणानवद्याम् ।
विश्वस्य सृष्टिविलयस्थितिहेतुभूतां
विद्येश्वरीं निगमवाङ्मनसातिदूराम् ॥ ४ ॥

त्रय्यन्त-वेद्य-विभवां - વેદાંત વડે જેના વૈભવને જાણી શકાય છે, करुणानवद्या - જે કરુણામયી અને નિર્દોષ છે, विश्वस्य - સકલ વિશ્વના, सृष्टि-विलय-स्थिति-हेतु-भूतां - સૃષ્ટિનાં સર્જન, વિસર્જન અને સ્થિતિનું જે કારણ છે, विद्येश्वरी - જે વિદ્યાની સર્વોત્તમ દેવી છે (અને) निगमवाङ्मनसातिदूरां - જે વેદવાણી અને મનથી પણ ઉપર છે, (તેવી) परशिवां - પરમ કલ્યાણરૂપા, भवानीं - ભવ(શિવ)પત્ની, ललितां - લલિતા દેવીનું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું प्रातः - પ્રભાતે, स्तुवे - સ્તવન કરું છું. त्रय्यन्तवेद्यः - ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ - એ ત્રણેય વેદનો જેમાં નિચોડ છે તેને વેદાન્ત અથવા ઉપનિષદ્ - त्रय्यन्त - કહે છે. वेद्य - જાણી શકાય તેવી, આપ ભગવતી લલિતાનું સ્વરૂપ વેદાન્ત દ્વારા જ પામી શકાય તેમ છે.

વેદાન્ત વડે જાણી શકાય તેવા વૈભવવાળા, કરુણામયી અને નિર્દોષ, વિશ્વના સૃષ્ટિ, વિલય અને સ્થિતિના કારણરૂપ, વિદ્યાની ઈશ્વરી (ઉત્તમદેવી) અને વેદો, વાણી અને મનથી પણ અગોચર, પરમ કલ્યાણમયી લલિતા માતા ભવાનીની હું પ્રાત:કાળે સ્તુતિ કરું છું. (૪)

प्रातर्वदामि ललिते तव पुण्यनाम
कामेश्वरीति कमलेति महेश्वरीति ।
श्रीशाम्भवीति जगतां जननी परेति
वाग्देवतेति वचसा त्रिपुरेश्वरीति ॥ ५ ॥

(हे) ललिते - હે ભગવતી લલિતા ! कामेश्वरी इति - 'કામેશ્વરી', कमला इति - 'કમલા', महेश्वरी इति - 'મહેશ્વરી', श्रीशाम्भवी इति - 'શ્રીશાંભવી', जगतां जननी - 'જગત્‌જનની', परा इति - 'પરમસ્વરૂપા', वाग्देवता इति - 'વાગ્દેવી' (અને) त्रिपुरेश्वरी इति - 'ત્રિપુરેશ્વરી' - એવાં, तवः - આપનાં, पुण्यनाम - પવિત્ર નામોને હું, प्रातः - પ્રભાતે, वचसा - વાણી વડે, वदामि - ઉચ્ચારું છું.

હે ભગવતી લલિતા ! (પ્રતિદિન) પ્રભાતકાળે હું મારી વાણીથી, - આપનાં, 'કામેશ્વરી', 'કમલા', 'મહેશ્વરી', 'શ્રીશામ્ભવી', 'જગત્‌જનની', 'પરમસ્વરૂપા', 'વાગ્દેવતા' અને 'ત્રિપુરેશ્વરી'-એવાં પાવનકારી નામોનો ઉચ્ચાર કર્યા કરું છું. (૫)

यः श्लोकपञ्चकमिदं ललिताम्बिकायाः
सौभाग्यदं सुललितं पठति प्रभाते ।
तस्मै ददाति ललिता झटिति प्रसन्ना
विद्यां श्रियं विमलसौख्यमनन्तकीर्तिम् ॥ ६ ॥

यः (नरः) - જે મનુષ્ય અથવા ભક્ત, प्रभाते - પ્રભાત સમયે, इदं - આ सौभाग्यदं - સૌભાગ્યપ્રદ (અને) सुललितं - અતિશય લલિત, श्लोकपञ्चकं - પાંચ શ્લોકોના ગુચ્છનો, पठति - પાઠ કરે છે, तस्मै - તેને, ललिता - લલિતાદેવી, झटिति - તત્કાલ, प्रसन्ना - પ્રસન્ન થઈને, विद्यां - વિદ્યા, श्रियं - લક્ષ્મી, विमलसौख्यं - નિર્મળ સુખ અને अनन्तकीर्तिं - અનન્તકીર્તિ ददाति - આપે છે.

મા લલિતાના આ સૌભાગ્યપ્રદ અને અતિશય લલિત પાંચ શ્લોકોનો, જે કોઈ મનુષ્ય કે ભક્ત પ્રભાતે પાઠ કરે છે, તેના પર તત્કાળ પ્રસન્ન થઈને માતા લલિતા તેને વિદ્યા, લક્ષ્મી, નિર્મળ સુખ અને કદી પણ નાશ ન પામે તેવી કીર્તિનું દાન કરે છે. (૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''ललितापञ्चरत्नम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''લલિતાપઞ્ચરત્નમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ साधनपञ्चकम् ॥

वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठीयतां
तेनेशस्य विधीयतामपचितिः काम्ये मतिस्त्यज्यताम् ।
पापौघः परिधूयतां भवसुखे दोषोऽनुसन्धीयता-
मात्मेच्छा व्यवसीयतां निजगृहात्तूर्णं विनिर्गम्यताम् ॥ १ ॥

नित्यम् - હંમેશ, वेदः - વેદનું, अधीयताम् - અધ્યયન કરો, तद्-उदितम् - તેમાં દર્શાવેલ, कर्म - કર્મનું, વિધિવિધાનોનું स्वनुष्ठीयताम् - સારી રીતે અનુષ્ઠાન કરો, तेन - તેનાથી વડે, ईशस्य - ઈશ્વરની, अपचितिः - પૂજા, विधीयताम् - કરો, काम्ये - કામ્ય કર્મોમાંથી, मतिः - મતિને, બુદ્ધિને, મનને, त्यज्यताम् - ત્યજી દો, પાછી વાળો, पापौघः - પાપના સમૂહને, परिधूयताम् - છોડી દો, भवसुखे - સંસારના સુખમાં, दोषः - દોષનું, अनुसन्धीयताम् - અનુસંધાન કરો, आत्मेच्छा - આત્માને જાણવાની ઈચ્છા, જિજ્ઞાસા માટે, व्यवसीयताम् - વ્યવસાય કરો, યત્ન કરો, निजगृहात् - પોતાના ઘરમાંથી, तूर्णम् - શીઘ્ર विनिर्गम्यताम् - બહાર નીકળી પડો, ઘરનો ત્યાગ કરી સંન્યાસી બનો.

હંમેશ વેદનું અધ્યયન કરો, તેમાં દર્શાવેલા કર્મોનું સારી રીતે અનુષ્ઠાન કરો, તેનાથી ઈશ્વરની પૂજા કરો, કામ્ય કર્મોમાંથી મન પાછું વાળો, પાપના સમૂહને છોડી દો, સંસારનાં સુખમાં દોષનું અનુસંધાન કરો, આત્મજિજ્ઞાસા માટે યત્ન કરો, પોતાનાં ઘરમાંથી શીઘ્ર બહાર નીકળી પડો. (૧)

सङ्गः सत्सु विधीयतां भगवतो भक्तिर्दृढा धीयतां
शान्त्यादिः परिचीयतां दृढतरं कर्माशु सन्त्यज्यताम् ।
सद्विद्वानुपसर्प्यतां प्रतिदिनं तत्पादुका सेव्यतां
ब्रह्मैकाक्षरमर्थ्यतां श्रुतिशिरोवाक्यं समाकर्ण्यताम् ॥ २ ॥

सत्सु - સજ્જનોનો, सङ्गः - સંગ विधीयताम् - કરો, भगवतः - ભગવાનની, दृढा - દૃઢ, અવિચલ, भक्तिः - ભક્તિ, ભગવદ્ આસક્તિ, धीयताम् - ધારણ કરો, शान्त्यादिः - શમ-દમ વગેરે, परिचीयताम् - સારી રીતે કરો, कर्म - કર્મને, आशु - ઝડપથી, दृढतरम् - વધુ દૃઢતાપૂર્વક, सन्त्यज्यताम् - સારી રીતે ત્યજી દો, सद्-विद्वान् - સારા વિદ્વાનની, प्रतिदिनम् - દરરોજ उपसर्प्यताम् - નજીક જાવ, પાસે જાવ, तत्पादुकाम् - તેઓની ચરણપાદુકાનું, सेव्यताम् - સેવન કરો, તેમની પાસે રહો, ब्रह्म-एकाक्षरम् - એકાક્ષર બ્રહ્મને, अर्थ्यताम् - જાણવાની માગણી કરો, श्रुतिशिरः-वाक्यम् - શ્રુતિ એટલે વેદ અને શિર એટલે ઉત્તમાંગ, અર્થાત્ ઉપનિષદનું વાક્ય समाकर्ण्यताम् - સારી રીતે સાંભળો.

સજ્જનોનો સંગ કરો, ભગવાનની અવિચલ ભક્તિ ધારણ કરો, શમ-દમ વગેરેનો સારી રીતે પરિચય કરો, કર્મને ઝડપથી વધુ દૃઢતાપૂર્વક સારી રીતે ત્યજી દો, સારા વિદ્વાનની પાસે દરરોજ જાવ. તેઓની ચરણપાદુકાનું સેવન કરો. તેમની પાસેથી એકાક્ષર બ્રહ્મ(એટલે ૐ)ને જાણવાની માગણી કરો અને ઉપનિષદના ('तत्त्वमसि' વગેરે મહા) વાક્યને સારી રીતે સાંભળો. (૨)

वाक्यार्थश्च विचार्यतां श्रुतिशिरःपक्षः समाश्रीयतां
दुस्तर्कात्सुविरम्यतां श्रुतिमतस्तर्कोऽनुसन्धीयताम् ।
ब्रह्मैवास्मि विभाव्यतामहरहर्गर्वः परित्यज्यतां
देहेऽहम्मतिरुज्झ्यतां बुधजनैर्वादः परित्यज्यताम् ॥ ३ ॥

वाक्यार्थः - ઉપનિષદનાં વાક્યોના અર્થનો, विचार्यताम् - વિચાર કરો, श्रुतिशिरःपक्षः - ઉપનિષદના પક્ષનો समाश्रीयताम् - આશ્રય કરો, શરણ લો, दुस्तर्कात् - દુષ્ટ તર્કમાંથી सु-विरम्यताम् - સારી રીતે રોકાઈ જાવ, श्रुतिमतस्तर्कः - શ્રુતિને સમ્મત એવા તર્કનું, अनुसन्धीयताम् - અનુસંધાન કરો, ब्रह्म एव अस्मि - હું બ્રહ્મ જ છું એમ, विभाव्यताम् - એવી ભાવના કરો, अहरहः - દરરોજ, गर्वः - અભિમાનનો, परित्यज्यताम् - ત્યાગ કરો, देहे - દેહમાં, શરીરમાં, अहंमतिः - હું છું એવી ભાવના, અહંબુદ્ધિ, उज्झ्यहोताम् - ત્યજી દો, बुधजनैः - વિદ્વાનો સાથે, वादः - વાદ કરવાનું परित्यज्यताम् - ત્યજી દો.

ઉપનિષદોનાં (મહા)વાક્યોના અર્થનો વિચાર કરો, ઉપનિષદના પક્ષનો આશ્રય લ્યો, દુષ્ટ તર્કમાંથી રોકાઈ જાવ, શ્રુતિને સંમત એવા તર્કનું અનુસંધાન કરો. 'હું બ્રહ્મ જ છું', એવી ભાવના કરો, દરરોજ અભિમાનનો ત્યાગ કરો, શરીરમાં અહંબુદ્ધિનો ત્યાગ કરો અને વિદ્વાનો સાથે વાદ કરવાનું ત્યજી દો. (૩)

क्षुद्व्याधिश्च चिकित्स्यतां प्रतिदिनं भिक्षौषधं भुज्यतां
स्वाद्वन्नं न तु याच्यतां विधिवशात्प्राप्तेन सन्तुष्यताम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शीतोष्णादि विषह्यतां न तु वृथा वाक्यं समुच्चार्यता-
मौदासीन्यमभीप्स्यतां जनकृपानैष्ठुर्यमुत्सृज्यताम् ॥ ४ ॥

क्षुद्-व्याधिः - ભૂખરૂપી રોગની, प्रतिदिनम् - રોજ चिकित्स्यताम् - ચિકિત્સા કરો, દવા કરો (તે માટે), भिक्षौषधम् - ભિક્ષારૂપી ઔષધનું, भुज्यताम् - ભક્ષણ કરો, स्वाद्वन्नम् - સ્વાદિષ્ટ અન્નની न याच्यताम् - માગણી ન કરો, विधिवशात् - દૈવયોગે, प्राप्तेन - આવી મળે તેનાથી, सन्तुष्यताम् - સંતોષ પામો, शीतोष्णादि - ઠંડી, ગરમી વગેરે, विषह्यताम् - સહન કરો, तु - પરંતુ, वृथा - વ્યર્થ, वाक्यम् - વાક્ય न समुच्चार्यताम् - ઉચ્ચારશો નહિ, औदासीन्यम् - ઉદાસીનતાની, अभीप्स्यताम् - અભીપ્સા કરો, ઈચ્છા કરો, जनकृपा - માણસોની દયા, नैष्ठुर्यम् - નિષ્ઠુરતા, ક્રૂરતા, उत्सृज्यताम् - ત્યજી દો.

ભૂખરૂપી રોગની રોજ દવા કરો, (તે માટે) ભિક્ષારૂપી ઔષધનું ભક્ષણ કરો, સ્વાદિષ્ઠ અન્નની માગણી ન કરો, દૈવયોગે જે આવી મળે, તેનાથી સંતોષ પામો, ઠંડી, ગરમી વગેરે સહન કરો, પરંતુ વ્યર્થ વાક્ય ઉચ્ચારશો નહિ, ઉદાસીનતાની અભીપ્સા કરો, માણસની દયા કે ક્રૂરતાને ત્યજી દો. (માણસની દયાની માગણી કરો નહીં કે ક્રૂરતાથી ડરો નહીં.) (૪)

एकान्ते सुखमास्यतां परतरे चेतः समाधीयतां
पूर्णात्मा सुसमीक्ष्यतां जगदिदं तद्बाधितं दृश्यताम् ।
प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान्नाप्युत्तरैः श्लिष्यतां
प्रारब्धं त्विह भुज्यतामथ परब्रह्मात्मना स्थीयताम् ॥ ५ ॥

एकान्ते - એકાન્ત સ્થાનમાં, શાંત જગ્યામાં, सुखम् - સુખપૂર્વક, आस्यताम् - બેસો, परतरे - સર્વથી પર એવા બ્રહ્મમાં, चेतः - ચિત્ત, समाधीयताम् - લગાવી દો, સમાધિથી સ્થિર કરો, पूर्णात्मा - પૂર્ણ આત્માનું, सुसमीक्ष्यताम् - સારી રીતે દર્શન કરો, इदम् - આ, जगत् - જગત, तद्बाधितम् - તેનાથી બાધિત છે એમ, दृश्यताम् - સમજો, प्राक्कर्म - પૂર્વ જન્મોમાં કરેલાં કર્મોનો, સંચિત કર્મોનો, प्रविलाप्यताम् - નાશ કરો, चितिबलात् - જ્ઞાનનાં બળથી, उत्तरैः -પછીનાં એટલે ક્રિયમાણ કર્મોમાં, अपि - પણ, न श्लिष्यताम् - લિપ્ત થશો નહિ, प्रारब्धम् - પ્રારબ્ધ કર્મને, इह - અહીં જ, भुज्यताम् - ભોગવી લ્યો, अथ - પછી, पर-ब्रह्मात्मना - પરબ્રહ્મરૂપે, બ્રહ્મ સાથે એકાત્મતાનો ભાવ ધારણ કરીને, स्थीयताम् - રહો.

એકાન્તમાં સુખપૂર્વક બેસો, સર્વથી પર એવા બ્રહ્મમાં ચિત્તને સ્થિર કરો, પૂર્ણ આત્માનું સારી રીતે દર્શન કરો, આ જગત તેનાથી બાધિત છે એમ સમજો, સંચિત કર્મોનો નાશ કરો. જ્ઞાનનાં બળથી ક્રિયમાણ કર્મોમાં, પણ લિપ્ત થશો નહી. પ્રારબ્ધ કર્મને અહીં જ ભોગવી લ્યો પછી પરબ્રહ્મરૂપે રહો. (૫)

यः श्लोकपञ्चकमिदं पठते मनुष्यः
सञ्चिन्तयत्यनुदिनं स्थिरतामुपेत्य ।
तस्याशु संसृतिदवानलतीव्रघोर-
तापः प्रशान्तिमुपयाति चितिप्रसादात् ॥ ६ ॥

यः - જે, मनुष्यः - માણસ, इदम् - આ, श्लोकपञ्चकम् - પાંચ શ્લોકોનો, पठते - પાઠ કરે છે અને, स्थिरताम् - સ્થિરતા, उपेत्य - ધારણ કરી, अनुदिनम् - દરરોજ તેનું, सञ्चिन्तयति - ચિંતન-મનન કરે છે, तस्य - તેનો, संसृति-दवानल-तीव्र-घोर-तापः - સંસારના દાવાનળનો તીવ્ર અને ભયંકર તાપ, चिति-प्रसादात् - જ્ઞાનના પ્રસાદથી, आशु - શીઘ્ર प्रशान्तिम् - શાંતિને, उपयाति - પ્રાપ્ત થાય છે, શમી જાય છે.

જે માણસ આ પાંચ શ્લોકોનો પાઠ કરે છે અને સ્થિરતા ધારણ કરી દરરોજ તેનું ચિંતન-મનન કરે છે, તેના સંસારના દાવાનળનો તીવ્ર અને ભયંકર તાપ જ્ઞાનના પ્રસાદથી શાંતિને પ્રાપ્ત થાય છે, અર્થાત્ શમી જાય છે. (૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''साधनपञ्चकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''સાધનપઞ્ચકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ निर्वाणषट्कम् ॥

मनोबुद्ध्यहङ्कारचित्तानि नाहं
न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे
न च व्योम भूमिर्न तेजो न वायु-
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ १ ॥

अहं - હું मनो-बुद्धि-अहङ्कार-चित्तानि - મન, બુદ્ધિ, અહંકાર કે ચિત્ત न - નથી. च - અને श्रोत्र-जिह्वे - કાન અને જીભ न - નથી च - વળી घ्राण-नेत्रे - નાક કે આંખ व्योम - આકાશ न - નથી भूमिः - પૃથ્વી न - નથી तेजो - તેજ वायुः - વાયુ, પવન न - નથી (પરંતુ) चिदानन्दरूपः - જ્ઞાન અને આનંદસ્વરૂપ अहम् - હું शिवः - શિવ છું. अहम् - હું શિવ છું.

હું મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર નથી, (હું) કાન કે જીભ નથી અને (હું) નાસિકા કે નેત્ર નથી. વળી (હું) આકાશ, પૃથ્વી, અગ્નિ, વાયુ (કે જળ) પણ નથી. (પરંતુ) હું જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ શિવ છું, હું શિવ છું. (૧)

न च प्राणसञ्ज्ञो न वै पञ्चवायु-
र्न वा सप्तधातुर्न वा पञ्चकोशः ।
न वाक्पाणिपादं न चोपस्थपायू
चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ २ ॥

प्राण-संज्ञः - પ્રાણ નામનો (સમુદાય) न - (હું) નથી वै - વળી पञ्च-वायुः - (પ્રાણ, અપાન, વ્યાન, સમાન, અને ઉદાન નામના) પાંચ વાયુ न - નથી वा - અથવા सप्त-धातुः - સાત ધાતુ હું न - હું નથી वा - અથવા पञ्चकोशः - (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ) પાંચ કોશ નથી. वाक्-पाणि-पादम् - વાણી હાથ કે પગ न - નથી च - અને उपस्थ-पायूः - ઉપસ્થ (જનનેન્દ્રિય) અને પાયૂ (ગુદા) न - નથી चिदानन्दरूपः - વગેરે શ્લોક ૧ મુજબ.

(આ) પ્રાણ સમુદાય હું નથી, અને વળી પાંચ વાયુ, સપ્તધાતુ, પંચકોશ, વાણી, હાથ, પગ, ઉપસ્થ અને પાયૂ પણ હું નથી. હું ચિદાનંદરૂપ શિવ છું, હું શિવ છું. (૨)

न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभावः ।
न धर्मो न चार्थो न कामो न मोक्ष-
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ३ ॥

मे - મને राग-द्वेषौ - રાગ અને દ્વેષ न - નથી लोभ - मोहौ - લોભ અને મોહ न - નથી मदः - મદ न एव - નથી જ, मात्सर्यभावः - માત્સર્યનો ભાવ न एव - નથી જ. धर्मः - ધર્મ न - નથી च - અને अर्थः - અર્થ न - નથી कामः - કામ न - નથી मोक्षः - મોક્ષ न - નથી चिदानन्दरूपः - વગેરે શ્લોક ૧ મુજબ.

મને રાગ અને દ્વેષ નથી, મારે લોભમોહ નથી, મારામાં મદ નથી અને માત્સર્યભાવ પણ નથી. મારે માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પણ નથી. હું ચિદાનંદરૂપ શિવ છું, હું શિવ છું. (૩)

न पुण्यं न पापं न सौख्यं न दुःखं
न मन्त्रो न तीर्थं न वेदा न यज्ञाः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ४ ॥

(અને) पुण्यम् - પુણ્ય न - નથી, पापम् - પાપ न - નથી सौख्यम् - સુખ न - નથી दुःखम् - દુઃખ न - નથી (હું) मन्त्रः - મંત્ર न - નથી तीर्थम् - તીર્થ નથી वेदाः - વેદો न - નથી यज्ञाः - યજ્ઞો न - નથી अहम् - હું भोजनम् - ભોજન न - નથી भोक्ता - ભોક્તા न - નથી, चिदानन्दरूपः - વગેરે શ્લોક ૧ મુજબ.

મારે પુણ્ય નથી, પાપ નથી, સુખ નથી, દુઃખ નથી, મંત્ર નથી, તીર્થ નથી, વેદ નથી, યજ્ઞ નથી, હું ભોજન નથી, ભોજ્ય નથી અને ભોક્તા પણ નથી. હું તો ચિદાનંદરૂપ શિવ છું, હું શિવ છું. (૪)

न मे मृत्युशङ्का न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्य-
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ५ ॥

मे - મને मृत्युशङ्का - મૃત્યુની - મોતની શંકા न - નથી मे - મારામાં जातिभेदः - જાતિભેદ નથી मे - મારો (કોઈ) पिता - પિતા न - નથી माता - માતા (પણ) નથી जन्म - જન્મ न - (પણ) નથી. बन्धुः - બંધુ न - નથી मित्रम् - મિત્ર न - નથી गुरुः - ગુરુ કે शिष्यः - શિષ્ય न एव - નથી જ. चिदानन्दरूपः - વગેરે શ્લોક ૧ મુજબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને મૃત્યુનો ભય નથી, જાતિભેદ નથી, મારે પિતા નથી, મારે માતા નથી કે જન્મ પણ નથી, મારે બંધુ નથી, મિત્ર નથી, ગુરુ પણ નથી અને શિષ્ય પણ નથી. હું ચિદાનંદરૂપ શિવ છું, હું શિવ છું. (૫)

अहं निर्विकल्पो निराकाररूपो
विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणाम् ।
सदा मे समत्वं न मुक्तिर्न बन्ध-
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥ ६ ॥

अहम् - હું निर्विकल्पः - નિવિકલ્પ છું निराकार-रूपः - નિરાકારરૂપ છું. विभुः - વિભુ सर्वत्र - બધે રહેનાર અને सर्वेन्द्रियाणाम् - સઘળી ઈન્દ્રિયોમાં व्याप्यः - વ્યાપેલો છું. मे - મારામાં सदा - હંમેશ समत्वम् - સમત્વ છે, સમતાનો ભાવ છે. મને मुक्तिः - મુક્તિ न - નથી, बन्धः - બંધ (પણ) न - નથી चिदानन्दरूपः - વગેરે શ્લોક ૧ મુજબ.

હું નિર્વિકલ્પ છું, નિરાકારરૂપ છું, વિભુ છું, સર્વત્ર સર્વ ઈન્દ્રિયોમાં વ્યાપ્ત છું. મારામાં સદા સમત્વભાવ છે, મને મુક્તિ નથી કે બંધ નથી. હું ચિદાનંદરૂપ શિવ છું, હું શિવ છું. (૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''निर्वाणषट्कम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''નિર્વાણષટ્કમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ षट्पदीस्तोत्रम् ॥

अविनयमपनय विष्णो
दमय मनः शमय विषयमृगतृष्णाम् ।
भूतदयां विस्तारय
तारय संसारसागरतः ॥ १ ॥

विष्णो - હે ભગવાન વિષ્ણુ ! अविनयम् - (મારા) અવિનયને अपनय - દૂર કરો मनः - મનનું दमय - દમન કરો, વશમાં કરો विषय-मृगतृष्णाम् - (સંસારના) વિષયોની મૃગતૃષ્ણાને, ઝાંઝવાનાં જળ સમાન વિષયો માટેની તરસને शमय - શમાવો भूतदयाम् - પ્રાણીઓ પ્રત્યે દયાનો विस्तारय - (મારા મનમાં) વિસ્તાર કરો, વધારો संसार-सागरतः - સંસારરૂપી સાગરમાંથી तारय - તારો, (મારો) ઉદ્ધાર કરો, પાર ઉતારો !

હે ભગવાન વિષ્ણુ ! (મારા) અવિનયને દૂર કરો, મનને વશ કરો, વિષયોની મારી મૃગતૃષ્ણાને શમાવો, પ્રાણીઓ પ્રત્યે દયાનો વિસ્તાર કરો અને સંસારરૂપી સાગરમાંથી મારો ઉદ્ધાર કરો ! (૧)

दिव्यधुनीमकरन्दे
परिमलपरिभोगसच्चिदानन्दे ।
श्रीपतिपदारविन्दे
भवभयखेदच्छिदे वन्दे ॥ २ ॥

दिव्य-धुनी-मकरन्दे - દિવ્ય-દેવનદી ગંગારૂપી મકરંદવાળાં (મકરંદ=પુષ્પરસ) परिमल-परिभोग-सच्चिदानन्दे - પરિમલ-સુવાસરૂપી પરિભોગ ભોગવટાવાળા સચ્ચિદાનંદમય भव-भय-खेद-च्छिदे - સંસારના ભય અને ખેદનું છેદન કરનાર, કાપી નાખનાર, નાશ કરનાર श्रीपति-पदारविन्दे - શ્રી એટલે લક્ષ્મીના પતિ વિષ્ણુનાં ચરણકમળને वन्दे - હું વંદન કરું છું.

દિવ્યગંગારૂપી મકરંદવાળા, સુવાસરૂપી ભોગવટાથી યુક્ત સચ્ચિદાનંદમય, સંસારના ભય અને ખેદનો નાશ કરનારા, લક્ષ્મીના પતિ વિષ્ણુનાં ચરણકમળને હું વંદન કરું છું. (૨)

सत्यपि भेदापगमे
नाथ तवाहं न मामकीनस्त्वम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सामुद्रो हि तरङ्गः

क्वचन समुद्रो न तारङ्गः ॥ ३ ॥

(हे) नाथ - હે નાથ ! भेदापगमे सति अपि - ભેદ દૂર થાય તો પણ, જ્ઞાન થતાં (આત્મા અને પરમાત્મામાં એટલે મારા અને તમારામાં કોઈ ભેદ ન રહે છતાં) अहम् - હું तव - તમારો છું त्वम् - તમે मामकीन: - મારા न - નથી हि - કારણ કે तरङ्गः - તરંગ सामुद्रः - સમુદ્રનો હોય છે क्वचन - ક્યારેય समुद्रः - સમુદ્ર तारङ्गः - તરંગોનો न - હોતો નથી.

હે નાથ ! (જ્ઞાન થતાં) ભેદ દૂર થાય, છતાં હું તમારો છું, તમે મારા નથી, કારણ કે તરંગ સમુદ્રનો હોય છે, ક્યારેય સમુદ્ર તરંગોનો હોતો નથી. (૩)

उद्धृतनग नगभिदनुज

दनुजकुलामित्र मित्रशशिदृष्टे ।

दृष्टे भवति प्रभवति

न भवति किं भवतिरस्कार: ॥ ४ ॥

(हे) उद्धृतनग - (હે) (ગોવર્ધન) પર્વતને ધારણ કરનાર ! (हे) नग-भिद्-अनुज: - (હે) પર્વતોને ભેદી નાખનાર એટલે ઈન્દ્રના અનુજ, અર્થાત્ નાના ભાઈ (વામન ભગવાન ઈન્દ્રના નાનાભાઈ છે) दनुज-कुल-अमित्र - દાનવોનાં સમૂહોના કુળના અમિત્ર એટલે કે દુશ્મન मित्र-शशिदृष्टे - સૂર્ય અને ચંદ્રરૂપી નેત્રોવાળા प्रभवति - (જ્યારે) પ્રભાવશાળી भवति - આપનું दृष्टे - દર્શન થાય (ત્યારે) किम् - શું भव-तिरस्कार: - (આ) સંસારનો તિરસ્કાર એટલે નાશ न भवति - થતો નથી ? એટલે કે અવશ્ય થાય છે.

હે ગોવર્ધનને ધારણ કરનાર ! ઈન્દ્રના નાના ભાઈ ! દાનવોનાં સમૂહોનાં દુશ્મન ! સૂર્ય અને ચંદ્રરૂપી નેત્રોવાળા ! જ્યારે પ્રભાવશાળી એવા આપનું દર્શન થાય, ત્યારે શું સંસારનો નાશ થતો નથી ? (એટલે કે ચોક્કસ નાશ થાય છે.) (૪)

मत्स्यादिभिरवतारै-

रवतारवतावता सदा वसुधाम् ।

परमेश्वर परिपाल्यो

भवता भवतापभीतोऽहम् ॥ ५ ॥

मत्स्यादिभि: - મત્સ્ય (કૂર્મ, વરાહ, નૃસિંહ) વગેરે अवतारै: - અવતારોથી अवतारवता - અવતારવાન બનીને सदा - હંમેશ वसुधाम् - પૃથ્વીનું अवता - રક્ષણ કરનાર (हे) परमेश्वर - (હે) પરમેશ્વર भव-ताप-भीत: - સંસારના તાપથી ડરેલો अहम् - હું भवता - આપ વડે परिपाल्य: - રક્ષણ કરવા યોગ્ય છું.

મત્સ્ય વગેરે અવતારોથી અવતારવાન બનીને હંમેશ પૃથ્વીનું રક્ષણ કરનાર હે પરમેશ્વર ! સંસારના તાપથી ડરેલો હું આપ વડે રક્ષણ કરવા યોગ્ય છું. (આપ મારું રક્ષણ કરો.) (૫)

दामोदर गुणमन्दिर

सुन्दरवदनारविन्द गोविन्द ।

भवजलधिमथनमन्दर

परमं दरमपनय त्वं मे ॥ ६ ॥

(हे) दामोदर - હે દામોદર ! (हे) गुणमन्दिर - હે ગુણોનાં મંદિર, નિવાસસ્થાનરૂપ (हे) सुन्दर-वदन-अरविन्द - હે સુંદર મુખરૂપી કમળવાળા (हे) गोविन्द - હે ગોવિન્દ भव-जलधि-मथन-मन्दर - સંસારરૂપી સાગરનું મંથન કરવા માટે મંદરાચલરૂપ त्वम् - આપ मे - મારા परमम् - મહાન, ભયંકર दरम् - ભયને (સંસારના ભયને) अपनय - દૂર કરો.

હે દામોદર ! હે ગુણોના નિવાસસ્થાન ! હે સુંદર મુખકમળવાળા, હે ગોવિંદ ! હે સંસારરૂપી સાગરનું મંથન કરવા માટે મંદરાચલ ! આપ મારા (સંસારના) મહાન ભયને દૂર કરો. (૬)

नारायण करुणामय

शरणं करवाणि तावकौ चरणौ ।

इति षट्पदी मदीये

वदनसरोजे सदा वसतु ॥ ७ ॥

(हे) नारायण - હે નારાયણ ! (हे) करुणामय - હે કરુણામય ! तावकौ - આપનાં चरणौ - બંને ચરણોનું (હું) शरणं - શરણ करवाणि - ગ્રહણ કરું છું (આ સ્તોત્રરૂપી) षट्पदी - ષટ્પદી (છ પદો એટલે શ્લોકોનો બનેલો સમૂહ) मदीये - મારાં वदनसरोजे - મુખરૂપી કમળમાં सदा - સદૈવ, હંમેશ वसतु - વસો, નિવાસ કરો !

હે નારાયણ ! હે કરુણામય ! આપનાં બંને ચરણોનું હું શરણ ગ્રહણ કરું છું. (આ સ્તોત્રરૂપી) 'ષટ્પદી' મારાં મુખરૂપી કમળમાં હંમેશ નિવાસ કરો ! (૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''षट्पदीस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''ષટ્પદીસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ श्रीकृष्णाष्टकम् ॥

भजे व्रजैकमण्डनं समस्तपापखण्डनं
स्वभक्तचित्तरञ्जनं सदैव नन्दनन्दनम् ।
सुपिच्छगुच्छमस्तकं सुनादवेणुहस्तकं
अनङ्गरङ्गसागरं नमामि कृष्णनागरम् ॥ १ ॥

व्रजैक-मण्डनम् - વ્રજભૂમિની એકમાત્ર શોભારૂપ, समस्त-पाप-खण्डनम् - સઘળાં પાપોનો નાશ કરનાર, स्व-भक्त-चित्त-रञ्जनम् - પોતાના ભક્તોના ચિત્તને પ્રસન્ન કરનાર, नन्दनन्दनम् - નંદનંદનને भजे - હું ભજું છું, सुपिच्छ-गुच्छ-मस्तकम् - સુંદર મોરપીંછના મુગટવાળા, सुनाद-वेणु-हस्तकम् - હાથમાં મધુરનાદ-યુકત વાંસળીવાળા, अनङ्ग-रङ्गसागरम् - કામકલાના સાગર, कृष्णनागरम् - શ્રીકૃષ્ણચંદ્ર ભગવાનને, नमामि - હું વંદન કરું છું.

વ્રજભૂમિની એકમાત્ર શોભારૂપ, સઘળાં પાપોનો નાશ કરનાર, પોતાના ભક્તોનાં ચિત્તને પ્રસન્ન કરનાર, નંદનંદનને હું ભજું છું. સુંદર મોરપીંછના મુગટવાળા, હાથમાં મધુર નાદયુક્ત વાંસળીવાળા, કામકલાના સાગર શ્રીકૃષ્ણચંદ્ર ભગવાનને હું વંદન કરું છું. (૧)

मनोजगर्वमोचनं विशाललोललोचनं
विधूतगोपशोचनं नमामि पद्मलोचनम् ।
करारविन्दभूधरं स्मितावलोकसुन्दरं
महेन्द्रमानदारणं नमामि कृष्णवारणम् ॥ २ ॥

मनोज-गर्व-मोचनम् - કામદેવનો ગર્વ છોડાવનાર, विशाल-लोल-लोचनम् - વિશાળ ચંચળ નેત્રોવાળા, विधूत-गोप-शोचनम् - ગોવાળોના શોકને દૂર કરનાર, पद्मलोचनम् - કમળનેત્ર શ્રીકૃષ્ણને, नमामि - હું પ્રણામ કરું છું. करारविन्द-भूधरम् - કરકમલથી પર્વત (ગોવર્ધન) ધારણ કરનાર, स्मितावलोक-सुन्दरम् - સ્મિતપૂર્વકના કટાક્ષોથી સુંદર, महेन्द्र-मान-दारणम् - ઇન્દ્રનાં અભિમાનને ચીરી નાખનાર, कृष्णवारणम् - શ્રીકૃષ્ણરૂપી ગજરાજને नमामि - હું વંદન કરું છું.

કામદેવનો ગર્વ છોડાવનાર, વિશાળ ચંચળ નેત્રવાળા, ગોવાળોના શોકને દૂર કરનાર, કમળનેત્ર શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. કરકમલથી ગોવર્ધન પર્વતને ધારણ કરનાર, સ્મિત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વકના કટાક્ષોથી સુંદર, ઈન્દ્રનાં અભિમાનને ચીરી નાખનાર શ્રીકૃષ્ણરૂપી ગજરાજને હું વંદન કરું છું. (૨)

कदम्बसूनकुण्डलं सुचारुगण्डमण्डलं
व्रजाङ्गनैकवल्लभं नमामि कृष्णदुर्लभम् ।
यशोदया समोदया सगोपया सनन्दया
युतं सुखैकदायकं नमामि गोपनायकम् ॥ ३ ॥

कदम्ब-सून-कुण्डलम् - કદંબનાં પુષ્પનાં કુંડલવાળા, सुचारु-गण्ड-मण्डलम् - અત્યંત સુંદર ગંડસ્થળવાળા, व्रजाङ्गनैक-वल्लभम् - વ્રજની સુંદરીઓના એક માત્ર વલ્લભ (પ્રેમી), कृष्णदुर्लभम् - દુર્લભ એવા શ્રીકૃષ્ણને, नमामि - હું પ્રણામ કરું છું, सगोपया - ગોવાળો સહિત, सनन्दया - નંદજી સાથે, समोदया - આનંદયુક્ત, यशोदया - યશોદાથી, युतम् - યુક્ત, જોડાયેલા, સાથે રહેલા, सुखैक-दायकम् - સુખ જ આપનાર, गोपनायकम् - ગોવાળોના નાયક શ્રીકૃષ્ણને, नमामि - હું વંદન કરું છું.

કદંબનાં પુષ્પનાં કુંડળવાળા, સુંદર ગંડસ્થળવાળા, વ્રજની સુંદરીઓના એકમાત્ર વલ્લભ, દુર્લભ શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. ગોવાળોસહિત, નંદજીની સાથે, આનંદયુક્ત યશોદાની જોડે રહેલા, સુખ જ આપનાર, ગોવાળોના નાયક શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. (૩)

सदैव पादपङ्कजं मदीयमानसे निजं
दधानमुत्तमालकं नमामि नन्दबालकम् ।
समस्तदोषशोषणं समस्तलोकपोषणं
समस्तगोपमानसं नमामि नन्दलालसम् ॥ ४ ॥

निजम् - પોતાનાં पाद-पंकजम् - ચરણકમળને, सदैव - હંમેશ, मदीय-मानसे - મારા મનમાં, दधानम् - સ્થાપિત કરનાર, उत्तम-अलकम् - ઉત્તમ વાંકડિયા વાળવાળા, नन्द-बालकम् - નંદકુમારને नमामि - હું પ્રણામ કરું છું, समस्त-दोष-शोषणम् - સઘળા દોષોને શોષી લેનાર, દૂર કરનાર, समस्त-लोक-पोषणम् - સમસ્ત લોકનું પોષણ કરનાર, समस्त-गोप-मानसम् - બધા ગોવાળોના હૃદયરૂપ, नन्दलालसम् - નંદબાવાની લાલસારૂપ શ્રીકૃષ્ણને, नमामि - હું પ્રણામ કરું છું.

પોતાનાં ચરણકમળને હંમેશ મારા મનમાં સ્થાપિત કરનાર, ઉત્તમ વાંકડિયા વાળવાળા, નંદકુમારને હું પ્રણામ કરું છું. સઘળા દોષોને શોષી લેનાર, સમસ્ત લોકનું પોષણ કરનાર, બધા ગોવાળોના હૃદયરૂપ, નંદબાવાની લાલસારૂપ શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. (૪)

भुवो भरावतारकं भवाब्धिकर्णधारकं
यशोमतीकिशोरकं नमामि चित्तचोरकम् ।
दृगन्तकान्तभङ्गिनं सदासदालसङ्गिनं
दिने दिने नवं नवं नमामि नन्दसम्भवम् ॥ ५ ॥

भुवः - પૃથ્વીનો, भरावतारकम् - ભાર ઉતારનાર, भवाब्धि-कर्णधारकम् - સંસારરૂપી સાગરમાં (પાર ઉતારનાર) નાવિક, यशोमती-किशोरकम् - યશોદાના કુમાર, चित्त-चोरकम् - ચિતડાના ચોરને, नमामि - હું પ્રણામ કરું છું, दृगन्त-कान्त-भङ्गिनम् - નેત્રના ખૂણાને સુંદર રીતે નચાવનાર, સુંદર કટાક્ષોવાળા, सदासदालसङ्गिनम् - હંમેશ સુંદર આભૂષણ ધારણ કરનાર, दिने दिने - દિવસે દિવસે, नवं नवम् - નવાં નવાં સ્વરૂપવાળા, नन्द-संभवम् - નંદના કુમારને, नमामि - હું નમું છું.

પૃથ્વીનો ભાર ઉતારનાર, સંસારરૂપી સાગરમાં (પાર ઉતારનાર) નાવિક, યશોદાના કુમાર, ચિતડાના ચોરને હું પ્રણામ કરું છું. નેત્રના ખૂણાને સુંદર રીતે નચાવનાર, હંમેશ સુંદર આભૂષણ ધારણ કરનાર, દિવસે દિવસે નવાં નવાં સ્વરૂપવાળા નંદના કુમારને હું નમું છું. (૫)

गुणाकरं सुखाकरं कृपाकरं कृपापरं
सुरद्विषन्निकन्दनं नमामि गोपनन्दनम् ।
नवीनगोपनागरं नवीनकेलिलम्पटं
नमामि मेघसुन्दरं तडित्प्रभालसत्पटम् ॥ ६ ॥

गुणाकरम् - ગુણોની ખાણ, सुखाकरम् - સુખની ખાણ, कृपाकरम् - કૃપા કરનાર, कृपापरम् - કૃપામય, सुर-द्विषन्-निकन्दनम् - દેવોના દુશ્મનોનું નિકંદન કાઢનાર, नमामि - હું પ્રણામ કરું છું, नवीन-गोप-नागरम् - નગરમાં રહેનાર નવીન ગોપરૂપ, नवीन-केलि-लम्पटम् - નવીન કેલિ કરવામાં લાલસાવાળા, मेघसुन्दरम् - મેઘ જેવા સુંદર, तडित्-प्रभा-लसत्-पटम् - વીજળીની પ્રભા જેવાં વસ્ત્રોવાળા શ્રીકૃષ્ણને, नमामि - હું વંદન કરું છું.

ગુણોની ખાણ, સુખની ખાણ, કૃપા કરનાર, કૃપામય, દેવોના દુશ્મનોનું નિકંદન કાઢનાર, શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. નગરમાં રહેનાર નવીન ગોપરૂપ, નવીન કેલિ કરવામાં લાલસાવાળા, મેઘ જેવા સુંદર, વીજળીની પ્રભા જેવાં વસ્ત્રોવાળા શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

समस्तगोपनन्दनं हृदम्बुजैकमोदनं
नमामि कुञ्जमध्यगं प्रसन्नभानुशोभनम् ।
निकामकामदायकं दृगन्तचारुसायकं
रसालवेणुगायकं नमामि कुञ्जनायकम् ॥ ७ ॥

समस्त-गोप-नन्दनम् - સઘળા ગોવાળોને આનંદિત કરનાર, हृदम्बुजैक-मोदनम् - હૃદયરૂપી કમળને એકમાત્ર આનંદ આપનાર, कुञ्ज-मध्यगम् - કુંજની અંદર રહેનાર, प्रसन्न-भानु-शोभनम् - ઝળહળતા સૂર્ય સમાન શોભતા શ્રીકૃષ્ણને, नमामि - હું પ્રણામ કરું છું, निकाम-काम-दायकम् - કામનાઓને સારી રીતે આપનાર, પૂરી કરનાર, दृगन्त-चारु-सायकम् - નેત્રના ખૂણારૂપી સુંદર બાણવાળા, रसाल-वेणु-गायकम् - રસમય વેણુનું ગાન કરનાર, कुञ्जनायकम् - કુંજનાયકને, नमामि - હું વંદન કરું છું.

સઘળા ગોવાળોને આનંદિત કરનાર, હૃદયરૂપી કમળને એકમાત્ર આનંદ આપનાર, કુંજની અંદર રહેનાર, ઝળહળતા સૂર્ય સમાન શોભતા શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. કામનાઓને સારી રીતે પૂરી કરનાર, નેત્રના ખૂણારૂપી સુંદર બાણવાળા, રસમય વેણુનું ગાન કરનાર, કુંજનાયક શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. (૭)

विदग्धगोपिकामनोमनोज्ञतल्पशायिनं
नमामि कुञ्जकानने प्रवृद्धवह्निपायिनम् ।
किशोरकान्तिरञ्जितं दृगञ्जनं सुशोभितं
गजेन्द्रमोक्षकारिणं नमामि श्रीविहारिणम् ॥ ८ ॥

विदग्ध-गोपिका-मनो-मनोज्ञ-तल्प-शायिनम् - ચતુર ગોપીઓનાં મનરૂપી મનોહર પલંગ ઉપર શયન કરનાર, कुञ्जकानने - કુંજવનમાં, प्रवृद्ध-वह्नि-पायिनम् - વૃદ્ધિ પામતા અગ્નિનું પાન કરનાર શ્રીકૃષ્ણને, नमामि - હું પ્રણામ કરું છું, किशोरकान्तिरञ्जितम् - કિશોર અવસ્થાની કાન્તિથી સુશોભિત, दृगञ्जनं - નેત્રમાં અંજનવાળા, सुशोभितम् - સુંદર રીતે શોભતા, गजेन्द्र-मोक्षकारिणम् - ગજેન્દ્રનો મોક્ષ કરનાર, श्रीविहारिणम् - શ્રી-લક્ષ્મીની સાથે વિહાર કરનાર શ્રીકૃષ્ણને, नमामि - હું પ્રણામ કરું છું.

ચતુર ગોપીઓનાં મનરૂપી મનોહર પલંગ ઉપર શયન કરનાર, કુંજવનમાં વૃદ્ધિ પામતા અગ્નિનું પાન કરનાર, કૃષ્ણને હું વંદન કરું છું. કિશોર અવસ્થાની કાન્તિથી સુશોભિત, નેત્રમાં અંજનવાળા, સુંદર રીતે શોભતા, ગજેન્દ્રનો મોક્ષ કરનાર, શ્રી-લક્ષ્મીની સાથે વિહાર કરનાર શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. (૮)

यदा तदा यथा तथा तथैव कृष्णसत्कथा
मया सदैव गीयतां तथा कृपा विधीयताम् ।
प्रमाणिकाष्टकद्वयं जपत्यधीत्य यः पुमान्
भवेत्स नन्दनन्दने भवे भवे सुभक्तिमान् ॥ ९ ॥

यदा तदा - જ્યારે ત્યારે, કોઈપણ સમયે यथा तथा - જેમ તેમ, કોઈપણ પરિસ્થિતિમાં, सदैव - હંમેશ, कृष्णकथा - કૃષ્ણની કથા, मया - મારા વડે, गीयताम् - ગાવામાં આવે, હું ગાયા કરું, तथा - તેવી, कृपा - કૃપા, विधीयताम् - કરો, प्रमाणिकाष्टकद्वयम् - (૮+૮=) ૧૬ અક્ષરના પ્રમાણવાળા(શ્લોકના આ સ્તોત્ર)નો, अधीत्य - ભણીને जपति - પાઠ કરશે, स - તે, भवे भवे - જન્મોજન્મ, नन्दनन्दने - નંદનંદનમાં, सुभक्तिमान् - સારી ભક્તિવાળો, भवेत् - બનશે.

કોઈ પણ સમયે, કોઈ પણ પરિસ્થિતિમાં, હંમેશ, કૃષ્ણકથા, હું ગાયા કરું, એવી કૃપા (હે પ્રભુ !) મારા ઉપર કરો. (૮+૮=) ૧૬ અક્ષરના પ્રમાણવાળા(શ્લોકના આ સ્તોત્ર)નો, તેનો પાઠ કરશે, તે જન્મોજન્મ નંદનંદનમાં સારી ભક્તિવાળો બનશે.(૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीकृष्णाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીકૃષ્ણાષ્ટકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ जगन्नाथाष्टकम् ॥

कदाचित्कालिन्दीतटविपिनसंगीतकवरो
मुदा गोपीनारीवदनकमलास्वादमधुपः ।
रमाशंभुब्रह्मामरपतिगणेशार्चितपदो
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ॥ १ ॥

कदाचित् - કોઈ વાર कालिन्दी-तट-विपिन-संगीतक-वरः - યમુનાના કિનારાનાં વનમાં સંગીત ગાનારાઓમાં શ્રેષ્ઠ मुदा - આનંદથી गोपी-नारी-वदन-कमल-आस्वाद-मधुपः - ગોપીઓનાં મુખકમળનો આસ્વાદ માણનાર ભમરા સમા रमा-शंभु-ब्रह्मा-अमरपति-गणेश-अर्चित-पदः - લક્ષ્મી, શિવ, બ્રહ્મા, ઈન્દ્ર અને ગણપતિ દ્વારા પૂજાયેલ ચરણવાળા स्वामी जगन्नाथः - જગન્નાથ ભગવાન मे - મારા नयनपथगामी - નેત્રોના માર્ગમાં આવનારા भवतु - બની રહો.

ક્યારેક યમુનાના કિનારાનાં વનમાં સંગીત ગાનારાઓમાં શ્રેષ્ઠ, આનંદથી ગોપીઓનાં મુખકમળનો આસ્વાદ માણનાર ભમરા સમા; લક્ષ્મી, શિવ, બ્રહ્મા, ઈન્દ્ર અને ગણપતિ દ્વારા પૂજાયેલ ચરણવાળા જગન્નાથ ભગવાન મારાં નેત્રોના માર્ગમાં આવનારા બની રહો ! (એટલે કે મને દર્શન આપો) (૧)

भुजे सव्ये वेणुं शिरसि शिखिपिञ्छं कटितटे
दुकूलं नेत्रान्ते सहचरकटाक्षं विदधत् ।
सदा श्रीमद्वृन्दावनवसतिलीलापरिचयो
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ॥ २ ॥

सव्ये - ડાબા भुजे - હાથમાં वेणुम् - વાંસળી शिरसि - મસ્તક પર शिखिपिच्छम् - મોરપિચ્છ कटितटे - કમરમાં दुकूलम् - રેશમીવસ્ત્ર नेत्रान्ते - આંખના ખૂણામાં सहचर-कटाक्षम् - મિત્રો માટે કટાક્ષને विदधत् - ધારણ કરતા सदा - હંમેશ श्रीमद्-वृन्दावन-वसति-लीला-परिचयः - શ્રીવૃંદાવનમાં વાસ કરવાની લીલાથી પરિચિત स्वामी जगन्नाथः - ભગવાન જગન્નાથ मे - મારા વગેરે શ્લોક ૧ મુજબ.

ડાબા હાથમાં વાંસળી, મસ્તક પર મોરપિચ્છ, કમરમાં રેશમીવસ્ત્ર, અને આંખના ખૂણામાં મિત્રો માટે કટાક્ષને ધારણ કરતા, હંમેશ શ્રી વૃંદાવનમાં વાસ કરવાની લીલાથી પરિચિત એવા ભગવાન જગન્નાથ મારાં નેત્રોના માર્ગમાં આવનાર બની રહો ! (૨)

महाम्भोधेस्तीरे कनकरुचिरे नीलशिखरे
वसन्प्रासादान्तः सहजबलभद्रेण बलिना ।
सुभद्रामध्यस्थः सकलसुरसेवावसरदो
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ॥ ३ ॥

बलिना - બળવાન सहज-बलभद्रेण - (મોટા)ભાઈ બળરામજી સાથે महा-अम्भोधेः - મહાસાગરના तीरे - કિનારે कनकरुचिरे - સોના જેવા સુંદર नीलशिखरे - નીલશિખર પર આવેલા प्रासादान्तः - મહેલની અંદર वसन् - રહેતા सुभद्रा-मध्यस्थ - વચ્ચે સુભદ્રાજીવાળા सकल-सुर-सेवा-अवसर-दः - સર્વ દેવોને સેવાનો અવસર આપનાર स्वामी जगन्नाथ - વગેરે શ્લોક ૧ મુજબ.

બળવાન મોટાભાઈ બળરામજી સાથે, મહાસાગરના કિનારે સોના જેવા સુંદર નીલપર્વતનાં શિખર પર આવેલા મહેલની અંદર રહેતા, વચ્ચે સુભદ્રાજીવાળા અને સર્વ દેવોને સેવાનો અવસર આપનાર જગન્નાથજી ભગવાન મારાં નેત્રોના માર્ગમાં આવનાર બની રહો ! (૩)

कृपापारावारः सजलजलदश्रेणिरुचिरो
रमावाणीसोमस्फुरदमलपद्मोद्भवमुखैः ।
सुरेन्द्रैराराध्यः श्रुतिगणशिखागीतचरितो
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ॥ ४ ॥

कृपा-पारावारः - દયાના સાગર सजल-जलद-श्रेणि-रुचिरः - પાણીવાળાં વાદળાની હારમાળા જેવા સુંદર रमा-वाणी-सोम-स्फुरद्-अमल-पद्मोद्भव-मुखैः - લક્ષ્મી, સરસ્વતી, ચંદ્ર અને ખીલતાં કમળમાંથી જન્મેલા એટલે બ્રહ્માનાં મુખ વડે (તથા) सुरेन्द्रैः - ઈન્દ્ર દ્વારા आराध्यः - પૂજા કરવા યોગ્ય श्रुति-गण-शिखा-गीत-चरितः - વેદોના સમૂહના ઉત્તમભાગ એટલે કે ઉપનિષદો વડે ગવાયેલાં ચરિત્રવાળાં स्वामी जगन्नाथः - વગેરે શ્લોક ૧ મુજબ.

દયાના સાગર, પાણીવાળાં વાદળાની હારમાળા જેવા સુંદર, લક્ષ્મી, સરસ્વતી, ચંદ્ર અને ખીલતાં કમળમાંથી જન્મેલા એટલે બ્રહ્મા અને તેઓના મુખ વડે (તથા) ઈન્દ્ર દ્વારા પૂજા કરવા યોગ્ય, વેદોના સમૂહના ઉત્તમ ભાગ એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે ઉપનિષદો વડે ગવાયેલાં ચરિત્રવાળાં જગન્નાથ ભગવાન મારાં નેત્રોના માર્ગમાં આવનારા બની રહો ! (૪)

रथारूढो गच्छन्पथि मिलितभूदेवपटलैः
स्तुतिप्रादुर्भावं प्रतिपदमुपाकर्ण्य सदयः ।
दयासिन्धुर्बन्धुः सकलजगतां सिन्धुसुतया
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ।। ५ ।।

पथि - રસ્તામાં रथारूढः - રથમાં બેસીને गच्छन् - જતાં, પ્રયાણ કરતાં मिलित-भूदेव-पटलैः - મળેલા બ્રાહ્મણોના સમૂહ વડે स्तुति-प्रादुर्भावम् - ઉત્પન્ન થયેલી સ્તુતિને प्रतिपदम् - અક્ષરશઃ, પ્રત્યેક પદ અનુસાર उपाकर्ण्य - સાંભળીને सदयः - દયાવાન બનેલા, दयासिन्धुः - કરુણાના સાગર सिन्धु-सुतया - સાગરની દીકરી વડે એટલે કે લક્ષ્મી દ્વારા सकल-जगताम् - સઘળાં જગતના बन्धुः - બંધુ, સંબંધી, સગા स्वामी जगन्नाथ - વગેરે શ્લોક ૧ મુજબ.

રસ્તામાં, રથમાં બેસીને, પ્રયાણ કરતાં, મળેલા બ્રાહ્મણોના સમૂહ વડે થયેલી સ્તુતિને અક્ષરશઃ સાંભળીને દયાવાન બનેલા, કરુણાના સાગર, સાગરની પુત્રી એટલે કે લક્ષ્મી દ્વારા સઘળાં જગતના બંધુ એવા ભગવાન જગન્નાથ મારાં નેત્રોના માર્ગમાં આવનારા બની રહો ! (૫)

परब्रह्मापीडः कुवलयदलोत्फुल्लनयनो
निवासी नीलाद्रौ निहितचरणोऽनन्तशिरसि ।
रसानन्दो राधासरसवपुरालिङ्गनसुखो
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ।। ६ ।।

पर-ब्रह्म-आपीडः - પરબ્રહ્મરૂપી મસ્તકવાળા कुवलय-दल-उत्फुल्ल-नयनः - કમળનાં પત્ર સમાન ખીલેલાં નયનવાળા नीलाद्रौ - નીલપર્વત પર निवासी - રહેનારા अनन्त-शिरसि - શેષનાગના મસ્તક પર निहित-चरणः - પોતાનાં ચરણ પધરાવનારા रसानन्दः - રસરૂપી આનંદવાળા राधा-सरस-वपुः-आलिङ्गन-सुखः - રાધાના સુંદર દેહ સાથે આલિંગનનું સુખ માણનારા स्वामी जगन्नाथः - વગેરે શ્લોક ૧ મુજબ.

પરબ્રહ્મરૂપી મસ્તકવાળા, કમળનાં પત્ર સમાન ખીલેલાં નયનવાળા, નીલપર્વત પર રહેનારા, શેષનાગનાં મસ્તક પર પોતાનાં ચરણ પધરાવનારા, રસરૂપી આનંદવાળા, રાધાના સુંદર દેહ સાથે આલિંગનનું સુખ માણનારા, ભગવાન જગન્નાથ મારા નેત્રોના માર્ગમાં આવનારા બની રહો ! (૬)

न वै प्रार्थ्यं राज्यं न च कनकता भोगविभवे
न याचेऽहं रम्यां निखिलजनकाम्यां वरवधूम् ।
सदा काले काले प्रमथपतिना गीतचरितो
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ।। ७ ।।

मया - મારા વડે, राज्यम् - રાજ્યની न वै प्रार्थ्यम् - ઈચ્છા કરાતી નથી च - અને भोगविषये - વિષયોના ભોગની બાબતમાં कनकता - સોનું હોવાપણું, ધનવૈભવ न - (પ્રાર્થના કરાતી) નથી, अहम् - હું रम्याम् - રમણીય निखिल-जन-काम्याम् - સર્વ મનુષ્ય દ્વારા ઈચ્છાતી वरवधूम् - ઉત્તમ સ્ત્રીની न याचे - કામના કરતો નથી सदा - હંમેશ काले काले - યોગ્ય સમયે प्रमथपतिना - શિવ દ્વારા गीत-चरितः - ગવાયેલા-વર્ણવાયેલા ચરિત્રવાળા (प्रमथ - ગણ पति - સ્વામી એટલે શંકર ભગવાન) स्वामी जगन्नाथः - વગેરે શ્લોક ૧ મુજબ.

મારા વડે રાજ્યની ઈચ્છા કરાતી નથી અને વિષયોના ભોગની બાબતમાં સોનાની પ્રાર્થના (પણ કરાતી) નથી. રમણીય, સર્વ મનુષ્ય દ્વારા ઈચ્છાતી સુંદર વહુની કામના હું કરતો નથી, હંમેશ શિવ દ્વારા ગવાયેલા ચરિત્રવાળા, ભગવાન જગન્નાથ મારાં નેત્રોના માર્ગમાં આવનારા બની રહો ! (૭)

हर त्वं संसारं द्रुततरमसारं सुरपते
हर त्वं पापानां विततिमपरां यादवपते ।
अहो दीनानाथं निहितमचलं पातुमनिशं
जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ।। ८ ।।

सुरपते - હે દેવોના સ્વામી ! त्वम् - તમે असारम् - અસાર, સારહીન संसारम् - (મારા) સંસારને द्रुततरम् - એકદમ ઝડપથી हर - હરી લો यादवपते - હે યાદવોના સ્વામી ! पापानाम् - પાપોના अपराम् - બીજા विततिम् - વિસ્તારને, પરંપરાને त्वम् - તમે हर - હરી લો, દૂર કરો अहो - અહો दीनानाथम् - દીન અને અનાથ अचलम् - જડ निहितम् - (દુઃખમાં આવી) પડેલા એવા મારા નેત્રના માર્ગમાં આવનાર જગન્નાથ સ્વામી બની રહો. (મને દર્શન દો.)

હે દેવોના સ્વામી ! તમે અસાર, સંસારને એકદમ ઝડપથી હરી લો, હે યાદવોના સ્વામી ! પાપોના બીજા વિસ્તારને તમે હરી લો, અહીં દીન અને અનાથ તથા જડ (દુઃખમાં આવી) પડેલા એવા મારાં નેત્રના માર્ગમાં આવનાર ભગવાન જગન્નાથ બની રહો ! (૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''जगन्नाथाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''જગન્નાથાષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ त्रिपुरसुन्दर्यष्टकम् ॥

कदम्बवनचारिणीं मुनिकदम्बकादम्बिनीं
नितम्बजितभूधरां सुरनितम्बिनीसेविताम् ।
नवाम्बुरुहलोचनामभिनवाम्बुदश्यामलां
त्रिलोचनकुटुम्बिनीं त्रिपुरसुन्दरीमाश्रये ॥ १ ॥

कदम्ब-वन-चारिणीम् - કદંબનાં વનમાં ફરનારાં मुनि-कदम्ब-कादम्बिनीम् - મુનિરૂપી કદંબનાં વૃક્ષો(ને વિકસિત કરનાર) મેઘપંક્તિ સમાં नितम्ब-जित-भूधराम् - નિતંબપ્રદેશથી પવર્તોને જીતી લેનારાં सुरनितम्बिनी-सेविताम् - દેવોની સ્ત્રીઓ વડે સેવાતાં नवाम्बुरुह-लोचनाम् - તાજાં કમળસમાં લોચનોવાળાં अभिनव-अम्बुद-श्यामलाम् - નવા મેઘ સમાન શ્યામ વર્ણવાળાં त्रिलोचन-कुटिम्बिनीम् - ત્રિલોચન (ભગવાન શિવ)નાં પત્ની त्रिपुरसुन्दरीम् - ત્રિપુરસુંદરીનો आश्रये - હું આશ્રય લઉં છું.

કદંબનાં વનમાં ફરનારાં, મુનિરૂપી કદંબવૃક્ષો(ને વિકસિત કરનાર) મેઘપંક્તિ સમાં, નિતમ્બ-પ્રદેશથી પર્વતોને જીતી લેનારાં, દેવાંગનાઓથી સેવાતાં, તાજાં કમળ સમાં લોચનોવાળાં, નવા મેઘ સમાન શ્યામ વર્ણવાળાં, ત્રિલોચન (ભગવાન શિવ)નાં પત્ની એવાં ત્રિપુરસુન્દરીને શરણે હું જાઉં છું. (૧)

कदम्बवनवासिनीं कनकवल्लकीधारिणीं
महार्हमणिहारिणीं मुखसमुल्लसद्वारुणीम् ।
दयाविभवकारिणीं विशदलोचनाचारिणीं
त्रिलोचनकुटुम्बिनीं त्रिपुरसुन्दरीमाश्रये ॥ २ ॥

कदम्बवनवासिनीम् - કદંબ વનમાં વસનારાં कनकवल्लकीधारिणीम् - સોનાની વીણાને ધારણ કરનારાં महार्ह-मणि-हारिणीम् - મહામૂલ્યવાન મણિઓનો હાર પહેરનારાં मुख-समुल्लसद्-वारुणीम् - મુખમાં સોહાતી વારુણીવાળા (દિવ્ય મદિરાવાળા) दया-विभव-कारिणीम् - દયારૂપી વૈભવ કરનારાં विशदलोचनाचारिणी - નિર્મળ નેત્રોવાળાં चारिणीम् - (કલ્યાણ માટે), ફરનારાં त्रिलोचनकुटुम्बिनीम् - ત્રિલોચનનાં પત્ની એવાં त्रिपुरसुन्दरीम्-आश्रये - ત્રિપુરસુન્દરીનો હું આશ્રય લઉં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદંબનાં વનમાં વસનારા, સુવર્ણની વીણાને ધારણ કરનારાં, મહામૂલ્યવાન મણિઓનો હાર પહેરનારાં, મુખમાં સોહાતી વારુણી (દિવ્ય મદિરા)વાળા, દયારૂપી વૈભવ (ભક્તો પર) કરનારાં, સ્વચ્છ નેત્રવાળાં, (ભક્તોનું કલ્યાણ કરવા) ફરનારાં ત્રિલોચનનાં પત્ની એવાં ત્રિપુરસુન્દરીનો હું આશ્રય લઉં છું. (૨)

कदम्बवनशालया कुचभरोल्लसन्मालया
कुचोपमितशैलया गुरुकृपालसद्वेलया ।
मदारुणकपोलया मधुरगीतवाचालया
कयापि घननीलया कवचिता वयं लीलया ॥ ३ ॥

कदम्बवनशालया - કદંબનાં વનમાં શોભતાં कुचभरोल्लसत् मालया - ભરાવદાર સ્તનથી ઊછળથી માળાવાળાં कुचोपमित शैलया - સ્તનને લીધે પર્વતની ઉપમાવાળાં गुरुकृपालसद्वेलया - મોટી કૃપારૂપી ભરતીથી ઊછળતાં मदारुणकपोलया - મદ વડે લાલ રંગના ગાલવાળાં मधुरगीतवाचालया - મધુર ગીતો (ગાવાને લીધે) વાચાળ घनलीलया - મેઘની લીલાવાળા (જેવા શ્યામ એવાં) कयापि - કંઈક અવર્ણનીય એવાં लीलया - લીલા સ્વરૂપ દેવીથી वयम् - અમે कवचिता - સુરક્ષિત છીએ.

કદંબનાં વનમાં શોભતાં, ભરાવદાર સ્તનથી ઉછળતી માળાવાળાં, સ્તનને લીધે પર્વતની ઉપમાવાળાં (=પર્વત સમાં વક્ષ:સ્થળવાળાં), મોટી કૃપારૂપી ભરતીથી ઊછળતાં, મદ વડે લાલ રંગના ગાલવાળાં, મધુરગીતો (ગાવાને લીધે) વાચાળ (જણાતાં), મેઘ જેવાં શ્યામ, એવાં કંઈક અવર્ણનીય લીલાસ્વરૂપ ત્રિપુરસુન્દરીથી અમે કવચવાળાં (=સુરક્ષિત) છીએ. (૩)

कदम्बवनमध्यगां कनकमण्डलोपस्थितां
षडम्बुरुहवासिनीं सततसिद्धसौदामिनीम् ।
विडम्बितजपारुचिं विकचचन्द्रचूडामणिं
त्रिलोचनकुटुम्बिनीं त्रिपुरसुन्दरीमाश्रये ॥ ४ ॥

कदम्बवनमध्यगाम् - કદંબવનની વચ્ચે રહેલાં कनकमण्डलोपस्थिताम् - સુવર્ણપીઠ પર ઉપસ્થિત षडम्बुरुहवासिनीम् - છ કમળની સુગન્ધિવાળાં सततसिद्धसौदामिनीम् - સદાકાળ સિદ્ધ વીજળી સમાં विडम्बितजपारुचिम् - જાસૂદ પુષ્પની કાંતિની અવગણના કરનારાં विकचचन्द्रचूडामणिम् - ખીલેલા ચંદ્રને મુગટ-મણિ તરીકે ધારણ કરતાં.... (બાકીની પંક્તિ શ્લોક ૧-૨ની ચોથી પંક્તિ મુજબ)

કદંબવનની વચ્ચે રહેલાં, સુવર્ણની પીઠ પર ઉપસ્થિત, છ કમળની સુગન્ધિવાળાં, સદાકાળ સિદ્ધ (ચમકતી) વીજળી સમાં, જાસૂદ પુષ્પની કાંતિની અવગણના કરનારાં, ખીલેલા ચંદ્રને મુગટ-મણિ તરીકે ધારણ કરનારાં, ત્રિલોચન(શિવ)નાં પત્ની એવાં ત્રિપુરસુંદરીનો આશ્રય હું લઉં છું. (૪)

कुचाञ्चितविपञ्चिकां कुटिलकुन्तलालंकृतां
कुशेशयनिवासिनीं कुटिलचित्तविद्वेषिणीम् ।
मदारुणविलोचनां मनसिजारिसंमोहिनीं
मतङ्गमुनिकन्यकां मधुरभाषिणीमाश्रये ॥ ५ ॥

कुचाञ्चितविपञ्चिकाम् - સ્તન પર વીણાને ધારણ કરતાં कुटिलकुन्तलालङ्कृताम् - વાંકડિયા કેશથી શોભતાં कुशेशयनिवासिनीम् - કમળમાં વસનારાં कुटिलचित्तविद्वेषिणीम् - કુટિલ ચિત્તવાળાં(માણસો)નો દ્વેષ કરનારાં मदारुणविलोचननां- મદથી લાલ નેત્રોવાળાં मनसिजारिसंमोहिनीम् - કામદેવના શત્રુ(શિવ)ને મોહ ઉપજાવનારાં मधुरभाषिणीम् - મધુરભાષિણી એવાં मतङ्गमुनिकन्यकाम् - મતંગમુનિનાં પુત્રી, ત્રિપુરસુન્દરીનો आश्रये - હું આશ્રય લઉં છું.

સ્તન પર વીણાને ધારણ કરતાં, વાંકડિયા કેશથી શોભતાં, કમળમાં વસનારાં, કુટિલ ચિત્તવાળાં(માણસો)નો દ્વેષ કરનારાં, મદથી લાલ નેત્રોવાળાં, કામદેવના શત્રુ(=શિવ)ને મોહ ઉત્પન્ન કરનારાં, મધુરભાષિણી, મતંગમુનિનાં પુત્રી એવાં ત્રિપુરસુન્દરીનો હું આશ્રય લઉં છું. (૫)

स्मरेत्प्रथमपुष्पिणीं रुधिरबिन्दुनीलाम्बरां
गृहीतमधुपात्रिकां मदविघूर्णनेत्राञ्चलाम् ।
घनस्तनभरोन्नतां गलितचूलिकां श्यामलां
त्रिलोचनकुटुम्बिनीं त्रिपुरसुन्दरीमाश्रये ॥ ६ ॥

प्रथमपुष्पिणीम् - પ્રથમપુષ્પિણી, પુષ્પવાળાં रुधिर-बिन्दु-नीलाम्बराम् - લોહીનાં બિંદુઓવાળાં શ્યામવસ્ત્રવાળાં गृहितमधु-पात्रिकाम् - મદ્યપાત્રને ગ્રહણ કરનારાં मदविघूर्णनेत्रा-ञ्चलाम् - મદથી ઘેરાયેલાં નેત્રના છેડાવાળાં स्मरेत् - સ્મરણ કરવું घनस्तनभरोन्नताम् - ભરાવદાર સ્તનના ભારથી ઉન્નત गलित-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



चूलिकाम् - મસ્તકની કલગી ગળી પડી છે તેવાં શ્યામલાં - શ્યામળાં.... (બાકીની પંક્તિ શ્લોક ૧-૨ની ચોથી પંક્તિ મુજબ)

પ્રથમ પુષ્પવાળાં (પ્રથમ વખત રજોદર્શન થયું છે તેવાં) લોહીનાં બિન્દુઓવાળું શ્યામવસ્ત્ર ધારણ કરનારાં, મદ્યપાત્રને ગ્રહણ કરનારાં, મદને લીધે ઘેરાયેલ નેત્રોના છેડાંવાળાં, ભરાવદાર સ્તનના ભારથી ઉન્નત, જેમનાં મસ્તકની કલગી ગળી પડી છે તેવાં, શામળાં, ત્રિલોચન(શિવ)નાં પત્ની ત્રિપુરસુન્દરીનો હું આશ્રય લઉં છું. (૬)

सकुङ्कुमविलेपनामलकचुम्बिकस्तूरिकां
समन्दहसितेक्षणां सशरचापपाशाङ्कुशाम् ।
अशेषजनमोहिनीमरुणमाल्यभूषाम्बरां
जपाकुसुमभासुरां जपविधौ स्मराम्यम्बिकाम् ॥ ७ ॥

सकुङ्कुमविलेपनाम् - કેસરનાં વિલેપનથી યુક્ત अलकचुम्बिकस्तूरिकाम् - કેશમાં કસ્તૂરીને ધારણ કરનારાં समन्दहसितक्षणाम् - મંદમંદ હાસ્યયુક્ત દષ્ટિવાળાં सशरचापपाशाङ्कुशाम् - બાણ, ધનુષ્ય, પાશ અને અંકુશને ધારણ કરનારાં अशेषजनमोहिनीम् - સર્વ મનુષ્યોને મોહિત કરનારાં अरुणमाल्यभूषाम्वराम् - લાલ પુષ્પોની માળાવાળાં, આભૂષણો અને વસ્ત્રોવાળાં जपाकुसुमभासुराम् - જાસૂદનાં પુષ્પો જેવાં પ્રકાશતાં अम्बिकाम् - અંબિકાને जपविधौ - જપવિધિમાં स्मरामि - હું યાદ કરું છું.

કેસરનાં વિલેપનથી યુક્ત, કેશમાં કસ્તૂરીને ધારણ કરનારાં (શબ્દશ: વાળની લટોથી ચૂમાતી કસ્તૂરીવાળાં), મંદ મંદ હાસ્યથી યુક્ત દષ્ટિવાળાં, બાણ-ધનુષ્ય-પાશ અને અંકુશને ધારણ કરનારાં, સર્વ મનુષ્યોને મોહિત કરનારાં, લાલ (પુષ્પોની) માળા, આભૂષણો તથા (લાલ) વસ્ત્રોને ધારણ કરનારાં, જાસૂદનાં પુષ્પો જેવાં પ્રકાશતાં અંબિકા મા ત્રિપુરસુન્દરીનું હું જપવિધિમાં સ્મરણ કરું છું. (૭)

पुरंदरपुरन्ध्रिकाचिकुरबन्धसैरन्ध्रिकां
पितामहपतिव्रतापटुपटीरचर्चारताम् ।
मुकुन्दरमणीमणीलसदलंक्रियाकारिणीं
भजामि भुवनाम्बिकां सुरवधूटिकाचेटिकाम् ॥ ८ ॥

पुरन्दरपुरन्ध्रिकाम् - ઈન્દ્રનાં પટરાણી चिकुरबन्धसैरन्ध्रिकाम् - દાસીઓના સમૂહવાળાં पितामहपतिव्रताम् - પિતામહ(બ્રહ્મા)નાં પતિવ્રતા પત્ની पटुपटीरचर्चारताम् - સુંદર ચંદનની ચર્ચામાં રત मुकुन्दरमणीम् - વિષ્ણુનાં પત્ની मणिलसदलङ्क्रियाकारिणीम् - મણિઓથી પ્રકાશિત અલંકારો પહેરનારી सूरवधुटिकाचेटिकाम् - દેવોની પત્નીઓ જેમની દાસીઓ છે भुवनाम्बिकाम् - જગદંબાને भजामि - હું ભજું છું.

ઈન્દ્રનાં પટરાણી, દાસીઓનાં સમૂહવાળાં, પિતામહ -(બ્રહ્મા)નાં પતિવ્રતા પત્ની, સુંદર ચંદનની ચર્ચામાં રત, મુકુન્દ (વિષ્ણુ)નાં પત્ની, મણિઓથી પ્રકાશિત અલંકારો પહેરનારી, દેવોની પત્નીઓ જેમની દાસીઓ છે તેવાં જગદંબાને હું ભજું છું. (૮)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''त्रिपुरसुन्दर्यष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''ત્રિપુરસુન્દર્યષ્ટકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ मीनाक्षीस्तोत्रम् ॥

श्रीविद्ये शिववामभागनिलये श्रीराजराजार्चिते
श्रीनाथादिगुरुस्वरूपविभवे चिन्तामणीपीठिके ।
श्रीवाणिगिरजानुताङ्घ्रिकमले श्रीशांभवि श्रीशिवे
मध्याह्ने मलयध्वजाधिपसुते मां पाहि मीनाम्बिके ॥ १ ॥

श्रीविद्ये - હે શ્રીવિદ્યા ! शिव-वाम-भाग-निलये - ભગવાન શિવના વામભાગમાં લીન થયેલાં श्रीराजराजार्चिते - રાજાઓના પણ રાજાઓથી પૂજાયેલાં श्रीनाथादि-गुरु-स्वरूप-विभवे - શ્રીનાથ વગેરેના ગુરુસ્વરૂપના વૈભવ સમાન ! चिन्तामणीपीठिके - ચિન્તામણીની બાજઠવાળાં ! श्री-वाणी-गिरिजा-नुत-अङ्घ्रिकमले - લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી વડે નમન કરાયેલાં ચરણકમળવાળાં श्रीशांभवि - હે શ્રીશાંભવી ! श्रीशिवे - હે શ્રી કલ્યાણમયી ! मलयध्वजाधिपतिसुते - મલયધ્વજનાં સ્વામીની સુતા मीनाम्बिके - માતા મીનાક્ષી ! मध्याह्ने - બપોરના સમયે, મધ્યાહ્ને મામ્ - મારું पाहि - રક્ષણ કરો !

હે શ્રીવિદ્યા, હે ભગવાન શિવનાં વામભાગમાં લીન થયેલાં ! હે રાજાઓના પણ રાજાઓથી પૂજાયેલ ! હે શ્રીનાથ વગેરે ગુરુસ્વરૂપના વૈભવસમાન ! ચિંતામણિની બાજઠવાળાં, લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી વડે નમન કરાયેલાં ચરણકમળવાળાં, હે શાંભવી, હે શ્રીકલ્યાણમયી, હે મલયધ્વજના સ્વામીની સુતા ! હે માતા મીનાક્ષી ! મધ્યાહ્ને મારું રક્ષણ કરો ! (૧)

चक्रस्थेऽचपले चराचरजगन्नाथे जगत्पूजिते
आर्तालीवरदे नताभयकरे वक्षोजभारान्विते ।
विद्ये वेदकलापमौलिविदिते विद्युल्लताविग्रहे
मातः पूर्णसुधारसार्द्रहृदये मां पाहि मीनाम्बिके ॥ २ ॥

चक्रस्थे - શ્રીચક્રમાં રહેનારાં अचपले - ચંચળતા વિનાનાં, સ્થિર चराचर-जगन्नाथे - ચર અને અચર (સ્થાવર અને જંગમ) જગતનાં સ્વામિની जगत्पूजिते - સમગ્ર જગત વડે પૂજાયેલાં आर्ताली-वरदे - દુઃખીઓના સમૂહને વરદાન આપનારાં नत-अभय-करे - નમન કરનારને નિર્ભય કરનારાં वक्षोज-भारान्विते - સ્તનના ભારવાળાં विद्ये - વિદ્યા वेद-कलाप-मौलि-विदिते - વેદનોના સમૂહનાં મસ્તક સમાન ઉપનિષદો દ્વારા જાણી શકાય તેવાં विद्युल्लता-विग्रहे - વીજળી જેવા ઝળહળતા વિગ્રહ-સ્વરૂપવાળાં पूर्ण-सुधा-रसार्द्र-हृदये - પૂર્ણ અમૃતના રસથી આર્દ્ર હૃદયવાળાં मातः - માતા मीनाम्बिके - મીનાક્ષી मां पाहि - મારું રક્ષણ કરો !

શ્રીચક્રમાં રહેનારાં, ચંચળતા વિનાનાં, ચર અને અચરનાં સ્વામિની, સમગ્ર જગત વડે પૂજાયેલાં, દુઃખીઓના સમૂહને વરદાન આપનારાં, નમન કરનારને નિર્ભય કરનારાં, સ્તનના ભારવાળાં, વેદોના સમૂહનાં મસ્તક સમાન ઉપનિષદો દ્વારા જાણી શકાય તેવાં, વીજળી જેવા ઝળહળતા સ્વરૂપવાળાં, પૂર્ણ અમૃતના રસથી આર્દ્ર હૃદયવાળાં, હે માતા મીનાક્ષી ! મારું રક્ષણ કરો ! (૨)

कोटीराङ्गदरत्नकुण्डलधरे कोदण्डबाणाञ्चिते
कोकाकारकुचद्वयोपरिलसत्प्रालम्बहाराञ्चिते ।
शिञ्जन्नूपुरपादसारसमणीश्रीपादुकालंकृते
मद्दारिद्र्यभुजङ्गगारुडखगे मां पाहि मीनाम्बिके ॥ ३ ॥

कोटीर-अङ्गद-रत्न-कुण्डल-धरे - કેશનો ઝૂડો, બાજુબંધ અને રત્નનાં કુંડલ ધારણ કરનાર कोदण्ड-बाण-अञ्चिते - ધનુષ્ય અને બાણથી શોભતાં कोक-आकार-कुच-द्वय-उपरि-लसत्-प्रालम्ब-हार-अञ्चिके - કોક પક્ષીના જેવા આકારવાળાં બન્ને સ્તનોની ઉપર શોભતા લાંબા હારથી સોહાતાં शिञ्जन्-नूपुर-पाद-सारस-मणी-श्री-पादुका-अलंकृते - રણકતાં ઝાંઝરવાળાં ચરણ કમળ(સારસ=કમળ)ના મણિની શોભાથી અલંકૃત પાદુકાવાળાં मद्-दारिद्र्य-भुजङ्ग-गारुड-खगे - મારા દરિદ્રતારૂપી સાપને માટે ગરુડપક્ષી સમાં હે मीनाम्बिके - હે મીનામ્બિકા ! મામ્ પાહિ - મારું રક્ષણ કરો !

કેશનો ઝૂડો, બાજુબંધ અને રત્નનાં કુંડળ ધારણ કરનારી, ધનુષ્ય અને બાણથી શોભતાં, કોક પક્ષીના જેવા આકારવાળાં બન્ને સ્તનોની ઉપર શોભતા લાંબા હારથી સોહાતાં, રણકતાં ઝાંઝરવાળાં ચરણકમળના મણિની શોભાથી અલંકૃત પાદુકાવાળાં, મારા દરિદ્રતારૂપી સાપને માટે ગરુડપક્ષી સમાં, હે મીનામ્બિકા ! મારું રક્ષણ કરો ! (૩)

ब्रह्मेशाच्युतगीयमानचरिते प्रेतासनान्तस्थिते
पाशोदङ्कुशचापबाणकलिते बालेन्दुचूडाञ्चिते ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बाले बालकुरङ्गलोलनयने बालार्ककोट्युज्ज्वले
मुद्राराधितदैवते मुनिसुते मां पाहि मीनाम्बिके ॥ ४ ॥

ब्रह्म-ईश-अच्युत-गीयमान-चरिते - બ્રહ્મા, શિવ અને વિષ્ણુ દ્વારા ગવાતા ચરિત્રવાળાં प्रेत-आसन-अन्त-स्थिते - પ્રેતનાં આસનની અંદર રહેલાં पाशोदङ्कुश-चाप-बाण-कलिते - પાશ, અંકુશ, ધનુષ્ય અને બાણને ધારણ કરનારાં बाल-इन्दु-चूडा-अञ्चिते - બાલચંદ્રથી શોભતા મસ્તકવાળાં बाले - બાલા बाल-कुरङ्ग-लोल-नयने - નાનાં હરણાં જેવાં ચંચળ નેત્રોવાળાં बाल-अर्क-कोटि-उज्ज्वले - ઊગતા કરોડો સૂર્યો સમાન ઉજ્જવળ मुद्रा-आराधित-दैवते - મુદ્રાથી આરાધવામાં આવતાં દૈવતવાળાં मुनिसुते - મુનિનાં દીકરી मीनाम्बिके - હે માતા મીનાક્ષી ! मां - મારું पाहि - રક્ષણ કરો !

બ્રહ્મા, શિવ અને વિષ્ણુ દ્વારા ગવાતાં-વર્ણવાતાં ચરિત્રવાળાં, પ્રેતનાં આસનની અંદર રહેલાં, પાશ, અંકુશ, ધનુષ્ય અને બાણ ધારણ કરનારાં, બાલ ચંદ્રથી સજાવેલાં મસ્તકવાળાં, બાલા, નાનાં હરણાં જેવાં ચંચળ નેત્રોવાળાં, ઊગતા કરોડો સૂર્ય સમાન ઉજ્જવળ, મુદ્રાથી આરાધવામાં આવતાં દૈવતવાળાં, મુનિનાં દીકરી ! હે માતા મીનાક્ષી ! મારું રક્ષણ કરો. ! (૪)

गन्धर्वामरयक्षपन्नगनुते गङ्गाधरालिङ्गिते
गायत्रीगरुडासने कमलजे सुश्यामले सुस्थिते ।
खातीते खलदारुपावकशिखे खद्योतकोट्युज्ज्वले
मन्त्राराधितदैवते मुनिसुते मां पाहि मीनाम्बिके ॥ ५ ॥

गन्धर्व-अमर-यक्ष-पन्नग-नुते - ગાંધર્વ, દેવ, યક્ષ અને સર્પો વડે નમન કરાયેલાં गङ्गाधर-आलिङ्गिते - ગંગાધર એટલે ભગવાન શિવથી આલિંગાયેલાં गायत्री-गरुडासने - ગાયત્રી અને ગરુડરૂપી આસનવાળાં कमलजे - કમળમાં જન્મેલાં सुश्यामले - સુંદર શ્યામવર્ણવાળાં सुस्थिते - સારી રીતે રહેલાં खातीते-(ख-अतीत) બ્રહ્મથી પર खल-दारु-पावक-शिखे - ખલરૂપી લાકડાં માટે અગ્નિશિખા જેવાં खद्योत-कोटि-उज्ज्वले - કરોડો સૂર્ય જેવાં ઉજ્જવળ मन्त्र-आराधित-दैवते મંત્ર દ્વારા આરાધવામાં આવતાં દેવતાં मुनिसुते - મુનિનાં પુત્રી मीनाम्बिके - હે મીનાક્ષી દેવી ! मां - મારું पाहि - રક્ષણ કરો !

ગંધર્વ, દેવ, યક્ષ અને સર્પો વડે નમન કરાયેલાં, ભગવાન શિવથી આલિંગાયેલાં, ગાયત્રી અને ગરુડરૂપી આસનવાળાં, કમળમાં જન્મેલાં, અત્યંત સુંદર શ્યામ વર્ણવાળાં, સારી રીતે રહેલાં, બ્રહ્મથી પર, ખલરૂપી લાકડાં માટે અગ્નિશિખા જેવાં, કરોડો સૂર્યના જેવાં ઉજ્જવળ, મંત્ર દ્વારા આરાધવામાં આવતાં દેવતા, મુનિનાં પુત્રી એવાં હે મીનાક્ષી દેવી ! મારું રક્ષણ કરો ! (૫)

नादे नारदतुम्बुराद्यविनुते नादान्तनादात्मिके
नित्ये नीललतात्मिके निरुपमे नीवारशूकोपमे ।
कान्ते कामकले कदम्बनिलये कामेश्वराङ्कस्थिते
मद्विद्ये मदभीष्टकल्पलतिके मां पाहि मीनाम्बिके ॥ ६ ॥

नादे - હે નાદસ્વરૂપ ! नारद-तुम्बुरादि-अविनुते - નારદ, તુમ્બુર વગેરેથી નમન કરાયેલાં नादान्त-नादात्मिके - નાદના અંત સુધીના નાદનાં આત્મા नित्ये - નિત્ય नीललतात्मिके - નીલ લતામય निरुपमे - ઉપમારહિત नीवारशूकोपमे - નીવાર અને શુકની ઉપમા આપી શકાય તેવાં कान्ते - મનોહર, કમનીય, સુંદર कामकले - કામની કલા कदम्बनिलये - કદંબમાં રહેનારાં कामेश्वर-अङ्क-स्थिते - કામના ઈશ્વર એટલે ભગવાન શિવના ખોળામાં રહેલાં मद्-विद्ये - મારી વિદ્યા मद्-अभीष्ट-कल्प-लतिके - મેં ઈચ્છેલી વસ્તુઓ માટેની કલ્પલતા मीनाम्बिके - હે મીનાક્ષી માતા ! मां - મારું पाहि - રક્ષણ કરો. !

હે નાદસ્વરૂપ ! નારદ, તુમ્બુર વગેરેથી નમન કરાયેલાં, નાદના અંત સુધીના નાદનો આત્મા, નિત્ય, નીલલતામય, ઉપમારહિત, નીવાર અને શુકની ઉપમા આપી શકાય તેવાં, મનોહર, કામની કલા, કદંબમાં રહેનારાં, કામના ઈશ્વર એટલે ભગવાન શિવના ખોળામાં રહેલાં, મારી વિદ્યા, મેં ઈચ્છેલી વસ્તુઓ માટેની કલ્પલતા, એવી હે મીનાક્ષી માતા ! મારું રક્ષણ કરો ! (૬)

वीणानादनिमीलितार्धनयने विस्रस्तचूलीभरे
ताम्बूलारुणपल्लवाधरयुते ताटङ्कहारान्विते ।
श्यामे चन्द्रकलावतंसकलिते कस्तूरिकाफालिके
पूर्णे पूर्णकलाभिरामवदने मां पाहि मीनाम्बिके ॥ ७ ॥

वीणा-नाद-निमीलित-अर्ध-नयने - વીણાનો નાદ સાંભળીને અર્ધબીડ્યાં નયનોવાળાં विस्रस्त-चूली-भरे - વિખરાયેલા કેશપાશવાળાં, ताम्बूल-अरुण-पल्लव-अधर-युते - તાંબૂલ જેવા લાલ અધરપલ્લવથી યુકત ताटङ्क-हार-अन्विते - કર્ણાભરણ અને હારથી યુકત श्याम - શ્યામા चन्द्र-कला-अवतंस-कलिते - ચંદ્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાને મસ્તક પર ધારણ કરનારાં कस्तूरिका-फालिके - (વાળની) સેંથીમાં કસ્તૂરીવાળાં पूर्णे - पूर्ण पूर्ण-कला-अभिराम-वदने - પૂર્ણ કલાવાળા ચંદ્ર જેવા મનોહર વદનવાળાં मीनाम्बिके - मीनाक्षीदेवी माम् - મારું पाहि - રક્ષણ કરો !

વીણાનો નાદ સાંભળીને અર્ધબીડ્યાં નેત્રોવાળાં, વિખરાયેલા કેશવાળાં, તાંબૂલ (પાન) જેવા અધરપલ્લવથી શોભતાં, કર્ણાભરણ અને હારથી યુક્ત, ચંદ્રની કલાને મસ્તક પર ધારણ કરનારાં, (વાળની) સેંથીમાં કસ્તૂરીવાળાં, પૂર્ણ, પૂર્ણ કલાવાળા ચંદ્ર જેવાં મનોહર વદનવાળાં, મીનાક્ષીદેવી, મારું રક્ષણ કરો ! (૭)

शब्दब्रह्ममयी चराचरमयी ज्योतिर्मयी वाङ्मयी
नित्यानन्दमयी निरञ्जनमयी तत्त्वम्मयी चिन्मयी ।
तत्त्वातीतमयी परात्परमयी मायामयी श्रीमयी
सर्वैश्वर्यमयी सदाशिवमयी मां पाहि मीनाम्बिके ॥ ८ ॥

शब्द-ब्रह्ममयी - શબ્દબ્રહ્મમય चराचरमयी - ચર અને અચરમય ज्योतिर्मयी - જ્યોતિર્મય वाङ्मयी - વાણીથી યુક્ત नित्य-आनन्दमयी - હંમેશ આનંદમય तत्त्वम्मयी - તત્ત્વમય चिन्मयी - ચૈતન્યમય तत्त्वातीत-मय - તત્ત્વાતીતમય परात्परमयी - પરાત્પરમય मायामयी - માયામય श्रीमयी - લક્ષ્મીમય सर्व-ऐश्वर्य-मयी - સઘળાં ઐશ્વર્યમય सदा-शिव-मयी - હંમેશ શિવમય मीनाम्बिके - હે મીનાક્ષીદેવી माम् - મારું पाहि - રક્ષણ કરો !

શબ્દબ્રહ્મમય, ચર અને અચરમય, જ્યોતિર્મય, વાણીથી યુક્ત, હંમેશ આનંદમય, તત્ત્વમય, ચૈતન્યમય, તત્ત્વાતીત-મય, પરાત્પરમય, માયામય, લક્ષ્મીમય, સઘળાં ઐશ્વર્યમય, હંમેશ શિવમય એવાં હે મીનાક્ષીદેવી ! મારું રક્ષણ કરો ! (૮)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''मीनाक्षीस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''મીનાક્ષીસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ भवान्यष्टकम् ॥

न तातो न माता न बन्धुर्न दाता
न पुत्रो न पुत्री न भृत्यो न भर्ता ।
न जाया न विद्या न वृत्तिर्ममैव
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ १ ॥

भवानि - હે ભવાની ! तातः न - મારો કોઈ તાત, પિતા નથી, माता न - માતા નથી, बन्धुः न - ભાઈ નથી, न दाता - દાતા નથી, पुत्रः न - પુત્ર નથી, पुत्री न - પુત્રી નથી, भृत्यः न - કોઈ સેવક નથી, भर्ता न - માલિક નથી, जाया न - પત્ની નથી, विद्या न - વિદ્યા નથી, मम - મારી, वृत्तिः न एव - વૃત્તિ, આજીવિકા પણ નથી. પરંતુ, त्वम् - તું જ, गतिः - શરણ છું, त्वम् गतिः - તું જ, एका - એકલી જ મારું શરણ છે.

હે ભવાની ! (આ જગતમાં મારે કોઈ) બાપ નથી, માતા નથી, ભાઈ નથી, દાતા નથી, પુત્ર નથી, પુત્રી નથી, સેવક નથી, સ્વામી નથી, પત્ની નથી, વિદ્યા નથી કે મારી કોઈ આજીવિકા નથી. પરંતુ તું જ શરણ છું, તું જ એકલી મારું શરણ છે. (૧)

भवाब्धावपारे महादुःखभीरुः
पपात प्रकामी प्रलोभी प्रमत्तः ।
कुसंसारपाशप्रबद्धः सदाहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ २ ॥

महादुःखभीरुः - મહાન દુઃખથી ડરેલો, अपारे - અપાર, भवाब्धौ - ભવસાગરમાં, पपात - પડેલો છું, प्रकामी - અત્યંત કામી, प्रलोभी - પુષ્કળ લોભી, प्रमत्तः - અત્યંત પ્રમાદી, कुसंसार-पाश-प्रबद्धः - સંસારના દુષ્ટ પાશોથી સારી રીતે બંધાયેલો છું, त्वम्-गति - વગેરે શ્લોક ૧ મુજબ.

મહાન દુઃખથી ડરેલો હું આ અપાર ભવસાગરમાં પડેલો છું. અત્યંત કામી, પુષ્કળ લોભી અને ખૂબ પ્રમાદી છું. વળી, સંસારના દુષ્ટ પાશોથી સારી રીતે બંધાયેલો છું. હે ભવાની ! તું જ મારું શરણ, તું એકલી મારું શરણ છું. (૨)

न जानामि दानं न च ध्यानयोगं
न जानामि तन्त्रं न च स्तोत्रमन्त्रम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



न जानामि पूजां न च न्यासयोगं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ ३ ॥

दानम् - દાન, न जानामि - હું જાણતો નથી, च - અને, न ध्यानयोगम् - ધ્યાનયોગ જાણતો નથી, तन्त्रम् - તંત્રને, न जानामि - હું જાણતો નથી, च - અને, न स्तोत्रमन्त्रम् - સ્તોત્ર કે મંત્ર (જાણતો નથી), पूजाम् - પૂજાને, न जानामि - હું જાણતો નથી, च - અને, न न्यासयोगम् - ન્યાસ કરવાની ક્રિયા જાણતો નથી, તું त्वम् - વગેરે શ્લોક ૧ મુજબ.

હું દાન કે ધ્યાનયોગ જાણતો નથી, તંત્ર કે સ્તોત્ર યા મંત્ર જાણતો નથી, પૂજા કે ન્યાસ કરવાની ક્રિયા જાણતો નથી, હે ભવાની ! તું જ મારું શરણ છે, તું એક જ મારું શરણ છે.(૩)

न जानामि पुण्यं न जानामि तीर्थं
न जानामि मुक्तिं लयं वा कदाचित् ।
न जानामि भक्तिं व्रतं वापि मातर्
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ ४ ॥

पुण्यम् - પુણ્ય, न जानामि - હું જાણતો નથી, तीर्थम् - તીર્થ, न जानामि - હું જાણતો નથી, कदाचित् - ક્યારેય, मुक्तिम् - મુક્તિ, મોક્ષ, वा - કે, लयम् - લય, न जानामि - હું જાણતો નથી, भक्तिम् - ભક્તિ, वा - કે, व्रतम् - વ્રતને, अपि - પણ, मातर् - હે મા ! न जानामि - હું જાણતો નથી, त्वम् - વગેરે શ્લોક ૧ મુજબ.

હું પુણ્ય જાણતો નથી, હું તીર્થ જાણતો નથી, ક્યારેય મુક્તિ કે લય હું જાણતો નથી. હે મા ! ભક્તિ કે વ્રતને પણ હું જાણતો નથી. હે ભવાની ! તું શરણ છે, તું એક જ મારું શરણ છે. (૪)

कुकर्मी कुसङ्गी कुबुद्धिः कुदासः
कुलाचारहीनः कदाचारलीनः ।
कुदृष्टिः कुवाक्यप्रबन्धः सदाहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ ५ ॥

कुकर्मी - ખરાબ કર્મ કરનારો, कुसंगी - દુષ્ટ સંગવાળો, कुबुद्धिः - દુષ્ટ બુદ્ધિવાળો, कुदासः - ખરાબ સેવક, कुलाचार-हीनः - કુલાચાર વિનાનો, कदाचार-लीनः - દુરાચારમાં ખૂંપી ગયેલો, कुदृष्टिः - કુદષ્ટિવાળો, सदा - હંમેશ, कुवाक्य-प्रबन्धः - ખરાબ વાક્યો બોલવાવાળો, अहम् - હું છું, त्वम् - તું વગેરે શ્લોક ૧ મુજબ.

ખરાબ કર્મ કરનારો, દુષ્ટ સંગવાળો, કુબુદ્ધિ, ખરાબ સેવક, કુલાચાર વિનાનો, દુરાચારમાં ખૂંપી ગયેલો, કુદષ્ટિવાળો અને હંમેશ ખરાબ વાક્યો બોલનારો હું છું. હે ભવાની ! તું જ શરણ છે, તું જ એકલી મારું શરણ છે. (૫)

प्रजेशं रमेशं महेशं सुरेशं
दिनेशं निशीथेश्वरं वा कदाचित् ।
न जानामि चान्यत् सदाहं शरण्ये
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ ६ ॥

प्रजेशम् - પ્રજાના સ્વામી એટલે બ્રહ્મા, रमेशम् - રમા એટલે લક્ષ્મીના સ્વામી વિષ્ણુ, महेशम् - શિવ, सुरेशम् - ઈન્દ્ર, दिनेशम् - સૂર્ય, निशीथेश्वरम् - રાત્રિના સ્વામી ચન્દ્રને, कदाचित् - ક્યારેય, न जानामि - હું જાણતો નથી, शरण्ये - હે શરણ્ય, च - અને, अन्यत् - બીજા કોઈને, त्वम् - વગેરે શ્લોક ૧ મુજબ.

બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇન્દ્ર, સૂર્ય, ચંદ્ર કે બીજા કોઈ પણ દેવને હું ક્યારેય જાણતો નથી. માટે હે શરણ્ય ! શરણાગતને રક્ષણ આપનારી ! હે ભવાની ! તું ગતિ છે. તું જ મારી એકમાત્ર ગતિ છે. (૬)

विवादे विषादे प्रमादे प्रवासे
जले चानले पर्वते शत्रुमध्ये ।
अरण्ये शरण्ये सदा मां प्रपाहि
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ ७ ॥

विवादे - વિવાદમાં, विषादे - વિષાદમાં, શોકમાં, प्रमादे - પ્રમાદમાં, प्रवासे - પ્રવાસમાં, जले - જળમાં, अनले - અગ્નિમાં, पर्वते - પર્વત ઉપર, शत्रुमध्ये - શત્રુઓની વચમાં, अरण्ये - વનમાં, शरण्ये - હે શરણ આપનારી ! सदा - હંમેશ, माम - મારું, प्रपाहि - સારી રીતે રક્ષણ કરો, भवानि - હે ભવાની ! त्वम् - તું જ, एका - માત્ર, गतिः - મારી ગતિ છે.

વિવાદમાં, વિષાદમાં, પ્રમાદમાં, પ્રવાસમાં, જળમાં, અગ્નિમાં, પર્વત ઉપર, શત્રુની વચમાં કે અરણ્યમાં હે શરણ આપનારી ! સદા મારું સારી રીતે રક્ષણ કરો. હે ભવાની ! તું જ એક માત્ર મારી ગતિ છે, ગતિ છે. (૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनाथो दरिद्रो जरारोगयुक्तो
महाक्षीणदीनः सदा जाड्यवक्रः ।
विपत्तौ प्रविष्टः प्रणष्टः सदाहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ ८ ॥

अनाथः - અનાથ, दरिद्रः - દરિદ્ર, जरा-रोग-युक्तः - વૃદ્ધાવસ્થા અને રોગથી ઘેરાયેલો, महा-क्षीण-दीनः - અત્યંત ક્ષીણ અને દીન, सदा - હંમેશ, जाड्यवक्रः - જડ અને વાંકો, विपत्तौ - વિપત્તિમાં, प्रविष्टः - રહેલો प्रणष्टः - નાશ પામેલો सदा - હંમેશ, अहम् - હું છું, त्वम् - તું વગેરે શ્લોક ૧ મુજબ.

હું સદાય અનાથ, દરિદ્ર, વૃદ્ધાવસ્થા અને રોગથી ઘેરાયેલો, અત્યંત ક્ષીણ અને દીન, હંમેશ જડ અને વાંકો, વિપત્તિમાં રહેલો અને નાશ પામેલો છું: હે ભવાની ! તું શરણ છે, તું જ એકલી મારું શરણ છે. (૮)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''भवान्यष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''ભવાન્યષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ यमुनाष्टकम् - १ ॥

मुरारिकायकालिमाललामवारिधारिणी
तृणीकृतत्रिविष्टपा त्रिलोकशोकहारिणी ।
मनोनुकूलकूलकुञ्जपुञ्जधूतदुर्मदा
धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ १ ॥

मुरारि-काय-कालिमा-ललाम-वारि-धारिणी - કૃષ્ણની કાયાની કાલિમા સમાન સુંદર (રંગનાં) જળને ધારણ કરનારી तृणीकृत-त्रिविष्टपा - સ્વર્ગને પણ તૃણ સમાન કરી નાખનારી लोक-शोक-हारिणी - ત્રણે લોકના શોકને હરનારી मनोनुकूल-कूल-कुञ्ज-पुञ्ज-धूत-दुर्मदा - મનને અનુકૂળ એવી કાંઠાની કુંજોના સમૂહ વડે દુર્મદને ખંખેરી નાંખનાર, कलिन्द-नन्दिनी - કલિંદ પુત્રી એટલે યમુના नः - અમારા मनोमलम् - મનના મેલને सदा - હંમેશ धुनोतु - દૂર કરો.

કૃષ્ણની કાયાની કાલિમા સમાન સુંદર જળ ધારણ કરનારી, સ્વર્ગને પણ તૃણ સમાન કરનારી, ત્રણે લોકના શોકને હરનારી, મનને અનુકૂળ એવી કાંઠાની કુંજના સમુહ વડે દુર્મદને ખંખેરી નાખનાર કલિંદપુત્રી (યમુના) અમારાં મનના મેલને હંમેશ દૂર કરો ! (૧)

मलापहारिवारिपूरभूरिमण्डितामृता
भृशं प्रपातकप्रपञ्चनातिपण्डितानिशम् ।
सुनन्दनन्दनाङ्गसङ्गरागरञ्जिता हिता
धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ २ ॥

मल-अपहारि-वारि-पूर-भूरि-मण्डिता - મેલને દૂર કરનાર જળનાં પુષ્કળ પૂરથી સુશોભિત अमृता - અમૃતમયી भृशम् - વારંવાર प्रपातक-प्रपञ्चन-अतिपण्डिता - ભારે મોટાં પાતકોને ધોઈ નાખવામાં હંમેશાં અતિકુશળ अनिशम् - હંમેશ सुनन्द-नन्दनाङ्ग-सङ्ग-राग-रञ्जिता - નંદનંદન કૃષ્ણનાં સુંદર અંગના સંગના રંગથી રંગાયેલી हिता - હિતકારિણી कलिन्द... - વગેરે શ્લોક ૧ મુજબ.

મેલને દૂર કરનાર જળનાં પુષ્કળ પૂરથી સુશોભિત અમૃતમયી, વારંવાર ભારે મોટા પાતકોને ધોઈ નાંખવામાં અતિકુશળ, નંદનંદન શ્રીકૃષ્ણનાં સુંદર અંગના સંગના રંગથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગાયેલી, હિતકારિણી કલિંદપુત્રી (યમુના) અમારાં મનના મેલને હંમેશ દૂર કરો ! (૨)

लसत्तरङ्गसङ्गधूतभूतजातपातका
　　नवीनमाधुरीधुरीणभक्तिजातचातका ।
तटान्तवासदासहंससंवृताह्निकामदा
　　धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ ३ ॥

लसत्-तरङ्ग-सङ्ग-धूत-भूत-जात-पातका - વિલસતા તરંગોના સંપર્કથી પ્રાણીઓના સમુદાયનાં પાતકોને ધોનારી नवीन-माधुरी-धुरीण-भक्ति-जात-चातका - નવીન માધુરીમાં અગ્રણી એવી ભક્તિ જેમનામાં જન્મી છે તેવાં ચાતકોવાળી तटान्त-वास-दास-हंस-संवृता-अह्नि-कामदा - કાંઠે નિવાસ કરતા ભક્તરૂપી હંસોની અપ્રગટ ઈચ્છાઓને તરત સિદ્ધ કરી આપનારી दास - ભક્ત संवृत - અપ્રગટ अह्नि - તરત कलिन्द - વગેરે શ્લોક ૧ મુજબ.

વિલસતા તરંગોના સંપર્કથી પ્રાણીઓના સમુદાયના પાતકોને ધોનારી, નવીન માધુરીમાં અગ્રણી એવી ભક્તિ જેમનામાં જન્મી છે તેવા ચાતકોવાળી, કાંઠે નિવાસ કરતા ભક્તરૂપી હંસોની અપ્રગટ ઈચ્છાઓને તરત સિદ્ધ કરી આપનાર કલિન્દ પુત્રી (યમુના) અમારાં મનના મેલને હંમેશ દૂર કરો ! (૩)

विहाररासखेदभेदधीरतीरमारुता
　　गता गिरामगोचरे यदीयनीरचारुता ।
प्रवाहसाहचर्यपूतमेदिनीनदीनदा
　　धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ ४ ॥

विहार-रास-खेद-भेद-धीर-तीर-मारुता - વિહાર અને રાસના થાકને ભેદવામાં સમર્થ એવા કાંઠાના પવનવાળી यदीय-नीर-चारुता - જેનાં જળનું સૌંદર્ય गिराम् - વાણીની अगोचरे - મર્યાદાથી દૂર गता - ગયું છે. એટલે વાણી જેને વર્ણવી શકતી નથી તેવી प्रवाह-साहचर्य-पूत-मेदिनी-नदी-नदा - પ્રવાહનાં સાહચર્યથી પૃથ્વી, નદી અને નદને પવિત્ર કરનારી कलिन्द - વગેરે શ્લોક ૧ મુજબ.

વિહાર અને રાસનાં થાકને ભેદવામાં સમર્થ એવા કાંઠાના પવનવાળી, જેનાં જળનું સૌંદર્ય વાણીની મર્યાદાથી પર છે તેવી, પ્રવાહનાં સાહચર્યથી પૃથ્વી, નદી અને નદને પવિત્ર કરનારી, કલિંદ-પર્વતની પુત્રી (યમુના) અમારાં મનના મેલને હંમેશાં દૂર કરો ! (૪)

तरङ्गसङ्गसैकताञ्चितान्तरा सदासिता
　　शरन्निशाकरांशुमञ्जुमञ्जरीसभाजिता ।
भवार्चनाप्रचारुणाम्बुनाधुना विशारदा
　　धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ ५ ॥

तरङ्ग-सङ्ग-सैकत-अञ्चित-अन्तरा - તરંગના સંપર્કથી જેની રેતીના આંતરા વળાંકવાળા બન્યા છે તેવી सदा-असिता - સદા શ્યામ शरद्-निशाकर-अंशु-मञ्जु-मञ्जरी-सभाजिता - શરદચંદ્રનાં કિરણોની મધુર મંજરીથી સમ્માનિત भवार्चना-प्रचारुणा-अम्बुना-अधुना-विशारदा - જગતને પ્રસન્ન કરનાર અત્યંત સુંદર જળથી (પાપ ધોવામાં) કુશળ कलिन्द - વગેરે શ્લોક ૧ મુજબ.

તરંગના સંપર્કથી જેની રેતીના આંતરા વળાંકવાળા બન્યા છે તેવી, સદા શ્યામ, શરદચંદ્રનાં કિરણોની મધુર મંજરીથી સમ્માનિત, જગતને પ્રસન્ન કરનાર અત્યંત સુંદર જળથી (પાપ ધોવામાં) કુશળ એવી કલિંદપર્વતની પુત્રી (યમુના) અમારાં મનના મેલને હંમેશાં દૂર કરો ! (૫)

जलान्तकेलिकारिचारुराधिकाङ्गरागिणी
　　स्वभर्तुरन्यदुर्लभाङ्गताङ्गतांशभागिनी ।
स्वदत्तसुप्तसप्तसिन्धुभेदिनातिकोविदा
　　धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ ६ ॥

जलान्त-केलिकारि-चारु-राधिका-अङ्ग-रागिणी - જળની અંદર ક્રીડા કરતી સુંદર રાધિકાના અંગરાગવાળી स्वभर्तुः - પોતાના સ્વામીના अन्य-दुर्लभ-अङ्गता-अङ्गतांश-भागिनी - અન્યને માટે દુર્લભ એવાં અંગના અંશને ભોગવનારી स्वदत्त-सुप्त-सप्त-सिन्धु-भेदिन-अति-कोविदा - પોતે આપેલાં(જળ)થી સૂતેલા સાત સાગરોને ખળભળાવવામાં અતિકુશળ कलिन्दनन्दिनी - વગેરે શ્લોક ૧ મુજબ.

જળની અંદર ક્રીડા કરતી સુંદર રાધિકાના અંગરાગ-વાળી, પોતાના સ્વામીના અન્યને માટે દુર્લભ એવાં અંગના અંશને ભોગવનારી, પોતે આપેલાં(જળ)થી સૂતેલા સાત સાગરોને ખળભળાવવામાં અતિકુશળ, કલિંદપુત્રી (યમુના) અમારાં મનના મેલને હંમેશાં દૂર કરો ! (૬)

जलच्युताच्युताङ्गरागलम्पटालिशालिनी
　　विलोलराधिकाकचान्तचम्पकालिमालिनी ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सदावगाहनावतीर्णभर्तृभृत्यनारदा

धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ ७ ॥

जल-च्युत-अच्युत-अङ्गराग-लम्पट-अलि-शालिनी - પાણીમાં ખરેલા અચ્યુત એટલે શ્રીકૃષ્ણના અંગરાગથી લંપટ એવી સખીઓથી શોભતી, विलोल-राधिका-कचान्त-चम्पक-आलि-मालिनी - ચંચળ રાધિકાના કેશને છેડેથી સરેલા ચંપાનાં ફૂલોની માળાવાળી सदा-अवगाहन-अवतीर्ण-भर्तृ-भृत्य-नारदा - સ્વામી શ્રીકૃષ્ણના સેવક નારદ જ્યાં સદા સ્નાન કરવા ઊતરે છે તેવી कलिन्दनन्दिनी - વગેરે શ્લોક ૧ મુજબ.

પાણીમાં પડેલા અચ્યુતના અંગરાગની લંપટ એવી સખીઓથી શોભતી, ચંચળ રાધિકાના કેશના છેડેથી સરેલાં ચંપાનાં ફુલોની માળાવાળી, સ્વામી શ્રીકૃષ્ણના સેવક નારદ જ્યાં સદા સ્નાન કરવા ઊતરે છે તેવી, કલિંદનંદિની યમુના અમારાં મનના મેલને સદા દૂર કરો ! (૭)

सदैव नन्दिनन्दकेलिशालिकुञ्जमञ्जुला

तटोत्थफुल्लमल्लिकाकदम्बरेणुसूज्ज्वला ।

जलावगाहिनां नृणां भवाब्धिसिन्धुपारदा

धुनोतु नो मनोमलं कलिन्दनन्दिनी सदा ॥ ८ ॥

सदा एव - હંમેશાં नन्दि-नन्द-केलि-शालिकुञ्ज-मञ्जुला - નંદનંદનની ક્રીડાઓથી શોભતી કુંજેથી મધુર, तट-उत्थ-फुल्ल-मल्लिका-कदम्ब-रेणु-सु-उज्ज्वला - કિનારે ઉગેલા પ્રફુલ્લ મલ્લિકા અને કદંબોની પુષ્પરજથી અત્યંત ઉજ્જવળ जल-अवगाहिनाम् - જળમાં ડૂબકી મારનાર नृणाम् - મનુષ્યોને भव-अब्धि-सिन्धु-पारदा - સંસારરૂપી સાગરમાંથી પાર ઉતારનારી कलिन्दनन्दिनी - વગેરે શ્લોક ૧ મુજબ.

હંમેશાં નંદનંદનની ક્રીડાઓથી શોભતી કુંજેથી મધુર, કિનારે ઉગેલાં પ્રફુલ્લ મલ્લિકા અને કદંબની પુષ્પરજથી અત્યંત ઉજ્જવળ, જળમાં ડૂબકી મારનાર મનુષ્યોને સંસારરૂપી સાગરમાંથી પાર ઉતારનારી, કલિંદની પુત્રી (યમુના) અમારાં મનના મેલને સદા દૂર કરો ! (૮)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''यमुनाष्टकम्-१'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''યમુનાષ્ટકમ્-૧'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ गणेशभुजङ्गम् ॥

रणत्क्षुद्रघण्टानिनादाभिरामं
चलत्ताण्डवोद्दण्डवत्पद्मतालम् ।
लसत्तुन्दिलाङ्गोपरिव्यालहारं
गणाधीशमीशानसूनुं तमीडे ॥ १ ॥

ईशानसूनुं तं गणाधीशं ईडे - 'ઈશાન' એટલે કે ભગવાન શંકર, તેમના સુપુત્ર એવા તે ગણેશની હું સ્તુતિ કરું છું. કેવા ગણેશ ? रणत्-क्षुद्र-घण्टा-निनादाभिरामम् - ક્ષુદ્ર ઘંટના રણકતા ધ્વનિ જેવા પ્રસન્ન; चलत्-ताण्डवोद्दण्डवत्-पद्मतालम् - તાંડવ-નૃત્યની ઉદ્દંડ છતાં કમળ - સુકોમળ ગતિએ ચાલતા; लसत्तुन्दि-लाङ्गोपरि-व्याल-हारम् - મેદસ્વી શરીર પર સર્પના હારથી શોભતા.

ક્ષુદ્ર ઘંટના રણકતા ધ્વનિ જેવા પ્રસન્ન, તાંડવનૃત્યની ઉદ્દંડ છતાં કમળ-સુકોમળ ગતિએ ચાલતા અને મેદસ્વી શરીર પર સર્પના હારથી શોભતા, - ભગવાન શંકરના સુપુત્ર એવા તે ગણેશની હું સ્તુતિ કરું છું. (૧)

(નોંધ :- આ સ્તોત્રના ૧ થી ૬ શ્લોકોમાં, છેલ્લી ચોથી પંક્તિ - ''गणाधीशमीशानसूनुं तमीडे ।'' - એકસરખી છે.)

ध्वनिध्वंसवीणालयोल्लासिवक्त्रं
स्फुरच्छुण्डदण्डोल्लसद्बीजपूरम् ।
गलद्दर्पसौगन्ध्यलोलालिमालं
गणाधीशमीशानसूनुं तमीडे ॥ २ ॥

ध्वनि-ध्वंस-वीणालयोल्लासि-वक्त्रम् - ધીમા ધ્વનિવાળી વીણાના લય જેવા સુમધુર મુખવાળા; स्फुरच्छुण्ड-दण्डोल्लसद्-बीजपूरम् - સુપુષ્ટ સૂંઢના કારણે સ્પંદી રહેલા પ્રભાવક વીર્યનાં પૂરથી શોભતા; गलद्-दर्प-सौगन्ध्य-लोलालि-मालम् - (ગંડસ્થલ પરથી) ગળી રહેલા મદની સુગંધ માટે જેમની આસપાસ ભ્રમર સમૂહો ઘૂમી રહ્યા છે, એવા.

ધીમા ધ્વનિવાળી વીણાના લય જેવા સુમધુર મુખવાળા, સુપુષ્ટ સૂંઢના કારણે સ્પંદી રહેલા પ્રભાવક વીર્યનાં પૂરથી શોભતા, અને (ગંડસ્થલ પરથી) ગળી રહેલા મદની સુગંધ માટે આસપાસ ઘૂમતા ભ્રમરસમૂહોવાળા, એવા, ભગવાન શંકરના સુપુત્ર, તે ગણેશની હું સ્તુતિ કરું છું. (૨)

प्रकाशज्जपारक्तरत्नप्रसून -
प्रवालप्रभातारुणज्योतिरेकम् ।
प्रलम्बोदरं वक्रतुण्डैकदन्तं
गणाधीशमीशानसूनुं तमीडे ॥ ३ ॥

આ શ્લોકની પ્રથમ બે પંક્તિઓ મળીને એક સામાસિક શબ્દ બન્યો છે : प्रकाशज्जपा-रक्त-रत्न-प्रसून-प्रवाल-प्रभातारुण-ज्योतिः एकम् - પ્રકાશી રહેલા શ્રેષ્ઠ લાલ જપા-કુસુમના અંકુર જેવા પ્રભાત - સમયના અરુણની જે અજોડ જ્યોતિ-સ્વરૂપ છે; प्रलम्बोदरम् - ગોળમટોળ પેટવાળા; वक्र-तुण्डैकदन्तम् - વાંકા મુખ પર અનોખા દંતૂશળવાળા એવા.

પ્રકાશી રહેલા શ્રેષ્ઠ લાલ જપા-કુસુમના અંકુર જેવા પ્રભાત-સમયના અરુણના જે અજોડ જયોતિ-સ્વરૂપ છે; ગોળમટોળ પેટવાળા, અને વાંકા મુખ પર અનોખા દંતૂશળવાળા ભગવાન શંકરના સુપુત્ર તે ગણેશની હું સ્તુતિ કરું છું. (૩)

विचित्रस्फुरद्रत्नमालाकिरीटं
किरीटोल्लसच्चन्द्ररेखाविभूषम् ।
विभूषैकभूषं भवध्वंसहेतुं
गणाधीशमीशानसूनुं तमीडे ॥ ४ ॥

विचित्र-स्फुरद्रत्न-मालाकिरीटम् - રંગબેરંગી અને ઝગારા મારતી જડેલી રત્નમાલાથી યુક્ત મુગટવાળા; किरीटोल्लसत्-चन्द्र-रेखाविभूषम् - મુગટમાં પ્રકાશી રહેલી ચંદ્રરેખા વડે શોભતા; विभूषैकभूषम् - સર્વ વિભૂષણોના એકમાત્ર ભૂષણ સમા; भव-ध्वंस-हेतुम् - ભવના નાશના કારણરૂપ.

રંગબેરંગી અને ઝગારા મારતી રત્નમાલા જડેલા મુગટવાળા, (એ જ) મુગટમાં પ્રકાશી રહેલી ચંદ્રરેખા વડે શોભી રહેલા, સર્વ વિભૂષણોનાં એકમાત્ર ભૂષણ સમા, અને ભવના નાશના કારણરૂપ, - ભગવાન શંકરના સુપુત્ર તે ગણેશની હું સ્તુતિ કરું છું. (૪)

उदञ्चद्भुजावल्लरीदृश्यमूलो-
च्चलद्भ्रूलताविभ्रमभ्राजदक्षम् ।
मरुत्सुन्दरीचामरैः सेव्यमानं
गणाधीशमीशानसूनुं तमीडे ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દેવાંગનાઓ ગણેશની સેવા કેવી રીતે કરી રહી છે, તેનું વર્ણન છે : उदञ्चद्-भुजा-वल्लरी-दृश्यमूल-उच्चलद्-भ्रूलता विभ्रम-भ्राज-दक्षम् - ભુજલતાઓ ઊંચી થતાં એનાં મૂળ ભાગ દશ્ય બને (દેખાય) અને ચંચળ ભ્રૂલતાઓના વિભ્રમ વડે જેમની આંખો શોભી રહે, એવી રીતે; मरुत्सुन्दरी-चामरैः सेव्यमानम् - સુંદર દેવાંગનાઓ જેમને પંખો નાખીને સેવી રહી છે, - એવા.

ભુજલતાઓ ઊંચી થતાં એના મૂળ ભાગો દેખાય અને ચંચળ ભ્રૂલતાઓના વિભ્રમ વડે આંખો શોભી રહે, એવી રીતે દેવાંગનાઓ જેમને પંખો નાખીને સેવી રહી છે, એવા, - ભગવાન શંકરના સુપુત્ર તે ગણેશની હું સ્તુતિ કરું છું. (૫)

स्फुरन्निष्ठुरालोलपिङ्गाक्षितारं
कृपाकोमलोदारलीलावतारम् ।
कलाबिन्दुगं गीयते योगिवर्यै-
र्गणाधीशमीशानसूनुं तमीडे ॥ ६ ॥

स्फुरत्-निष्ठुरा-लोल-पिङ्गाक्षि-तारम् - જેમનો તીક્ષ્ણ, ચંચળ અને પીળો આંખનો ડોળો સ્પન્દી રહ્યો છે; कृपा-कोमलोदार-लीलावतारम् - કૃપા વડે કોમલ અને ઉદાર એવી પોતાની લીલાનું જે અવતરણ કરી રહ્યા છે; योगिवर्यैः (यः) कला-बिन्दु-गं - કલાની પરાકાષ્ઠા સધાય એ રીતે શ્રેષ્ઠ યોગીજનો જેમનું गीयते - પ્રશસ્તિગાન કરી રહ્યા છે એવા.

જેમનો તીક્ષ્ણ, ચંચળ અને પીળો આંખનો ડોળો સ્પન્દી રહ્યો છે, કૃપા વડે કોમલ અને ઉદાર એવી પોતાની લીલાનું અવતરણ કરનાર, અને કલાની પરાકાષ્ઠા સધાય એ રીતે શ્રેષ્ઠ યોગીજનો દ્વારા પ્રશસ્તિગાન કરાતા, એવા ભગવાન શંકરના તે ગણેશની હું સ્તુતિ કરું છું. (૬)

यमेकाक्षरं निर्मलं निर्विकल्पं
गुणातीतमानन्दमाकारशून्यम् ।
परं पारमोंकारमाम्नायगर्भं
वदन्ति प्रगल्भं पुराणं तमीडे ॥ ७ ॥

यं (मनीषिणः ईदृशं) वदन्ति, तं (अहं) ईडे । (મનીષીઓ) જેમનું (આવું) વર્ણન કરે છે, તે (ગણેશ)ની હું સ્તુતિ કરું છું. एकाक्षरम् - એક જ અક્ષરવાળા; निर्मलम् - નિર્મળ, પવિત્ર; निर्विकल्पम् - જ્ઞાતા-જ્ઞેય જેવા ભેદોને જેમાં સ્થાન નથી, તેવા નિર્વિકલ્પ; गुणातीतम् - સાંખ્યદર્શન - પ્રબોધિત સત્ત્વ-રજસ્-તમસ્ જેવા ગુણોથી પર, ગુણાતીત; आनन्दम् - આનન્દ-સ્વરૂપ; आकार-शून्यम् - કોઈ પણ પ્રકારના આકાર વિનાના, નિરાકાર; परं पारम् - સર્વ સીમાઓને અતિક્રમીને તેની પેલી પાર રહેલા; ओंकारम् - ઓંકાર-સ્વરૂપ; आम्नायगर्भम् - વેદોના સાર સર્વસ્વ; प्रगल्भम् - નિર્ભય, વિક્રાંત, સત્ત્વશીલ, પ્રગલ્ભ; पुराणम् - પ્રાચીન, પુરાતન.

(મનીષીઓ) જેમને એકાક્ષર, નિર્મળ, નિર્વિકલ્પ, ગુણાતીત, આનંદ-સ્વરૂપ, નિરાકાર, સર્વ સીમાઓને અતિક્રમીને તેની પેલી પાર રહેલા, ઓંકાર-સ્વરૂપ, વેદોના સારસર્વસ્વ અને પ્રગલ્ભ તથા પુરાતન, - (એવા શબ્દો વડે) વર્ણવે છે તે (ગણેશ)ની હું સ્તુતિ કરું છું. (૭)

(નોંધ :- આમ તો ભગવાન ગણેશ, સામાન્ય જનસમાજ અને ભક્તોની દૃષ્ટિએ, મહદંશે, સગુણ અને સાકાર જ છે, છતાં અહીં શ્રી શંકરાચાર્યે વેદાંતદર્શનની પરિભાષા પ્રયોજીને, તેમને નિર્ગુણ બ્રહ્મ તરીકે નિરૂપ્યા છે.)

चिदानन्दसान्द्राय शान्ताय तुभ्यं
नमो विश्वकर्त्रे च हर्त्रे च तुभ्यम् ।
नमोऽनन्तलीलाय कैवल्यभासे
नमो विश्वबीज प्रसीदेशसूनो ॥ ८ ॥

(हे) विश्वबीज ईशसूनो तुभ्यं नमः, प्रसीद । - હે વિશ્વનાં મૂળકારણરૂપ અને ભગવાન શંકરના સુપુત્ર (ગણેશ) ! આપને નમસ્કાર ! (હવે) પ્રસન્ન થાઓ ! चिदानन्द-सान्द्राय - ચિત્ (મૂળ જ્ઞાન) અને આનંદ વડે સુભગ; शान्ताय - સર્વદા શાંત, શાંતિ-સ્વરૂપ; विश्वकर्त्रे च हर्त्रे च - વિશ્વના સર્જક અને સંહારક; अनन्त-लीलाय - અનંત છે લીલાઓ જેમની, એવા; कैवल्य-भासे - મોક્ષના પ્રકાશ-સ્વરૂપ.

ચિદાનંદ વડે (હંમેશાં) સુભગ, (સર્વદા) શાંત, વિશ્વના સર્જક તેમજ સંહારક, અનંત લીલાઓવાળા અને મોક્ષના પ્રકાશસ્વરૂપ એવા હે વિશ્વબીજ શંકરપુત્ર (ગણેશ) ! આપને નમસ્કાર ! (હવે) આપ પ્રસન્ન થાઓ ! (૮)

इमं सुस्तवं प्रातरुत्थाय भक्त्या
पठेद्यस्तु मर्त्यो लभेत्सर्वकामान् ।
गणेशप्रसादेन सिध्यन्ति वाचो
गणेशे विभौ दुर्लभं किं प्रसन्ने ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सः मर्त्यः सर्वकामान् लभेत् । - તે મનુષ્ય પોતાની સર્વ કામનાઓને સિદ્ધ કરી શકશે. કોણ આ પ્રમાણે કરી શકશે ? यः प्रातः उत्थाय इम् सुस्तवं भक्त्या पठेत् । - જે (મનુષ્ય) પ્રભાતમાં ઊઠીને ભક્તિપૂર્વક આ પવિત્ર સ્તોત્રનું પઠન કરે, તે. गणेश-प्रसादेन वाचः सिध्यन्ति । - ગણેશની કૃપાથી (સર્વ) વાણી સફળ થાય છે; विभौ गणेशे प्रसन्ने किं दुर्लभम् ? - વિભુ (સર્વવ્યાપી) એવા ગણેશ પ્રસન્ન થાય, ત્યારે શું દુર્લભ રહે ? કશું જ નહીં, બધું જ સુલભ બની રહે !

જે મનુષ્ય પ્રભાતમાં ઊઠીને, આ સ્તોત્રનું ભક્તિપૂર્વક પઠન કરે, તે પોતાની સર્વ કામનાઓને સિદ્ધ કરી શકશે. ગણેશની કૃપાથી સર્વ વાણી સફળ થાય છે. વિભુ એવા ગણેશ પ્રસન્ન થાય ત્યારે શું દુર્લભ રહે ? (૯)

(નોંધ :- આ સ્તોત્રમાં 'ભુજંગપ્રયાત' છંદ પ્રયોજાયો છે, જેનું લક્ષણ આ પ્રમાણે છે :-

भुजंगप्रयातः चतुर्भिर्यकारैः । - એટલે કે તેમાં य, य, य, य, - ચાર य મળીને, તેની પ્રત્યેક પંક્તિમાં ૧૨ અક્ષરો હોય.)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''गणेशभुजङ्गम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''ગણેશભુજઙ્ગમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ शिवाष्टकम् ॥

तस्मै नमः परमकारणकारणाय
दीप्तोज्ज्वलज्ज्वलितपिङ्गललोचनाय ।
नागेन्द्रहारकृतकुण्डलभूषणाय
ब्रह्मेन्द्रविष्णुवरदाय नमः शिवाय ॥ १ ॥

परम-कारण-कारणाय - (જગતના) પરમ કારણનું પણ કારણ, तस्मै - તે, शिवाय - શિવને, नमः - પ્રણામ, दीप्त-उज्ज्वल-ज्ज्वलित-पिङ्गल-लोचनाय - અતિશય પ્રદીપ્ત ઉજ્જ્વળ અને પિંગલ (પીળા રંગના) નેત્રવાળા, नागेन्द्र-हार-कृत-कुण्डल-भूषणाय - નાગેન્દ્રના હારથી રચેલા કુંડલરૂપી આભૂષણવાળા, ब्रह्म-इन्द्र-विष्णु-वरदाय - બ્રહ્મા, ઈન્દ્ર અને વિષ્ણુને વરદાન આપનાર, शिवाय - ભગવાન શિવને नमः - નમસ્કાર.

પરમ કારણનું પણ કારણ એવા તે (શિવને) પ્રણામ ! અતિશય પ્રદીપ્ત ઉજ્જ્વળ અને પિંગલ નેત્રવાળા, નાગેન્દ્ર(મોટા નાગ)ના હારથી રચેલાં કુંડલરૂપી આભૂષણ-વાળા, બ્રહ્મા, ઈન્દ્ર અને વિષ્ણુને વરદાન આપનાર ભગવાન શિવને નમસ્કાર ! (૧)

श्रीमत्प्रसन्नशशिपन्नगभूषणाय
शैलेन्द्रजावदनचुम्बितलोचनाय ।
कैलासमन्दरमहेन्द्रनिकेतनाय
लोकत्रयार्तिहरणाय नमः शिवाय ॥ २ ॥

श्रीमत्-प्रसन्न-शशि-पन्नग-भूषणाय - શોભાથી યુક્ત અને નિર્મળ ચંદ્ર તથા સાપરૂપી આભૂષણવાળા, शैलेन्द्र-जा-वदन-चुम्बित-लोचनाय - શ્રેષ્ઠ પર્વત એટલે હિમાલયનાં પુત્રીનાં મુખથી ચુંબન કરાયેલા નેત્રવાળા, कैलास-मन्दर-महेन्द्र-निकेतनाय - કૈલાસ, મંદર અને મહેન્દ્ર પર્વતરૂપી નિવાસસ્થાનવાળા, लोकत्रय-आर्ति-हरणाय - ત્રણે લોકનાં દુઃખને હરી લેનાર, शिवाय - ભગવાન શિવને, नमः - પ્રણામ.

શોભાથી યુક્ત અને નિર્મળ ચંદ્ર તથા સાપરૂપી આભૂષણવાળા, શ્રેષ્ઠ પર્વત એટલે હિમાલયનાં પુત્રી પાર્વતીનાં મુખથી ચુંબન કરાયેલા નેત્રવાળા, કૈલાસ, મંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મહેન્દ્ર પર્વતરૂપી નિવાસસ્થાનવાળા, ત્રણે લોકનાં દુઃખોને હરી લેનાર ભગવાન શિવને પ્રણામ ! (૨)

पद्मावदातमणिकुण्डलगोवृषाय
कृष्णागरुप्रचुरचन्दनचर्चिताय ।
भस्मानुषक्तविकचोत्पलमल्लिकाय
नीलाब्जकण्ठसदृशाय नमः शिवाय ॥ ३ ॥

पद्मावदात-मणिकुण्डल-गो-वृषाय - પદ્મરાગ મણિનાં કુંડળોથી (ગો)કિરણોને વર્ષાવનાર, कृष्ण-अगरु-प्रचुर-चन्दन-चर्चिताय - કાલાગરુ અને પ્રચુર માત્રામાં ચંદનથી ચર્ચિત, भस्म-अनुषक्त-विकच-उत्पल-मल्लिकाय - ભસ્મ, ખીલેલ કમળ અને જૂઈથી સુશોભિત, नील-अब्ज-कण्ठ-सदृशाय - નીલકમળ સમાન કંઠવાળા, शिवाय - ભગવાન શિવને, नमः - નમસ્કાર.

પદ્મરાગ મણિનાં કુંડળોથી કિરણોને વર્ષાવનાર, કાલાગરુ અને પ્રચુર માત્રામાં ચંદનથી ચર્ચિત, ભસ્મ, ખીલેલ કમળ અને જૂઈથી સુશોભિત, નીલકમળ સમાન કંઠવાળા ભગવાન શિવને નમસ્કાર ! (૩)

लम्बत्सपिङ्गलजटामुकुटोत्कटाय
दंष्ट्राकरालविकटोत्कटभैरवाय ।
व्याघ्राजिनाम्बरधराय मनोहराय
त्रैलोक्यनाथनमिताय नमः शिवाय ॥ ४ ॥

लम्बत्सपिङ्गल-जटा-मुकुट-उत्कटाय - લટકતી પીળી જટાઓના મુગટથી ઉત્કટ (ઊંચા), दंष्ट्रा-कराल-विकट-उत्कट-भैरवाय - તીક્ષ્ણ દાઢોને કારણે અત્યંત વિકટ અને ભયાનક, व्याघ्राजिन-अम्बर-धराय - વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્રને ધારણ કરનાર, मनोहराय - મનોહર, त्रैलोक्य-नाथ-नमिताय - ત્રણે લોકના નાથ વડે નમન કરાતા, शिवाय - ભગવાન શિવને, नमः - નમસ્કાર

લટકતી પીળી જટાઓના સમૂહથી ઉત્કટ, તીક્ષ્ણ દાઢોને કારણે અત્યંત વિકટ અને ભયાનક, વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્રને ધારણ કરનાર, મનોહર, ત્રણે લોકના નાથ વડે નમન કરાતા ભગવાન શિવને નમસ્કાર ! (૪)

दक्षप्रजापतिमहामखनाशनाय
क्षिप्रं महात्रिपुरदानवघातनाय ।
ब्रह्मोर्जितोर्ध्वगकरोटिनिकृन्तनाय
योगाय योगनमिताय नमः शिवाय ॥ ५ ॥

दक्ष-प्रजापति-महा-मख-नाशकाय - દક્ષ પ્રજાપતિના મહાન યજ્ઞનો નાશ કરનાર, क्षिप्रम् - શીઘ્ર महात्रिपुर-दानव-घातकाय - મહાન ત્રિપુરાસુરને હણનાર, ब्रह्म-उर्जित-ऊर्ध्वग-करोटि-निकृन्तनाय - અભિમાની બ્રહ્માનાં ઊંચા મુખમાંથી (પાંચમા) મસ્તકનું છેદન કરનાર, योगाय - યોગસ્વરૂપ, योग-नमिताय - યોગ દ્વારા નમન કરાતા, शिवाय - ભગવાન શિવને, नमः - નમસ્કાર.

દક્ષ પ્રજાપતિના મહાન યજ્ઞનો નાશ કરનાર, મહાન ત્રિપુરાસુરને શીઘ્ર હણનાર, અભિમાની બ્રહ્માના ઊંચા મુખમાંથી (પાંચમા) મસ્તકનું છેદન કરનાર, યોગસ્વરૂપ અને યોગ દ્વારા નમન કરાતા ભગવાન શિવને નમસ્કાર ! (૫)

संसारसृष्टिघटनापरिवर्तनाय
रक्षःपिशाचगणसिद्धसमाकुलाय ।
सिद्धोरगग्रहगणेन्द्रनिषेविताय
शार्दूलचर्मवसनाय नमः शिवाय ॥ ६ ॥

संसार-सृष्टि-घटना-परिवर्तनाय - (પ્રલય સમયે) સંસારનાં સર્જનની ઘટનાનું પરિવર્તન કરનાર, रक्षः-पिशाच-गण-सिद्ध-समाकुलाय - રાક્ષસો, પિશાચોના સમૂહ અને સિદ્ધોથી ઘેરાયેલા, सिद्ध-उरग-ग्रह-गणेन्द्र-निषेविताय - સિદ્ધ, સર્પ, ગ્રહગણ તથા ઈન્દ્ર વગેરેથી સેવાતા, शार्दूल-चर्म-वसनाय - વાઘનાં ચર્મરૂપી વસ્ત્રવાળા, शिवाय - ભગવાન શિવને, नमः - નમસ્કાર.

(પ્રલય સમયે) સંસારનાં સર્જનની ઘટનાનું પરિવર્તન કરનાર, રાક્ષસો, પિશાચોના સમૂહ અને સિદ્ધોથી ઘેરાયેલા, સિદ્ધ, સર્પ, ગ્રહગણ તથા ઈન્દ્ર વગેરેથી સેવાતા, વાઘનાં ચર્મરૂપી વસ્ત્રવાળા ભગવાન શિવને નમસ્કાર ! (૬)

भस्माङ्गरागकृतरूपमनोहराय
सौम्यावदातवनमाश्रितमाश्रिताय ।
गौरीकटाक्षनयनार्धनिरीक्षणाय
गोक्षीरधारधवलाय नमः शिवाय ॥ ७ ॥

भस्म-अङ्गराग-कृत-रूप-मनोहराय - ભસ્મ ચોપડીને પોતાનાં રૂપને મનોહર બનાવનાર, सौम्य-अवदात-वनम्-आश्रितम्-आश्रिताय - સૌમ્ય અને શાંત તથા વનનો આશ્રય કરનાર માટે આશ્રયરૂપ, गौरी-कटाक्ष-नयन-अर्ध-निरीक्षणाय - ગૌરીના કટાક્ષને અધખીડ્યાં નયનોથી નિરખનાર, गो-क्षीर-धार-धवलाय - ગાયના દૂધની ધારા જેવા શ્વેત, शिवाय - ભગવાન શિવને, नमः - નમસ્કાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભસ્મ ચોપડીને પોતાનાં રૂપને મનોહર બનાવનાર, સૌમ્ય અને શાંત તથા વનનો આશ્રય કરનાર માટે આશ્રયરૂપ, ગૌરીના કટાક્ષોને અધબીડ્યાં નયનોથી નિરખનાર, ગાયનાં દૂધની ધારા જેવા શ્વેત ભગવાન શિવને નમસ્કાર. (૭)

आदित्यसोमवरुणानिलसेविताय
यज्ञाग्निहोत्रवरधूमनिकेतनाय ।
ऋक्सामवेदमुनिभिः स्तुतिसंयुताय
गोपाय गोपनमिताय नमः शिवाय ॥ ८ ॥

आदित्य-सोम-वरुण-अनिल-सेविताय - સૂર્ય, ચંદ્ર, વરુણ અને વાયુથી સેવાતા, यज्ञ-अग्निहोत्र-वर-धूम-निकेतनाय - યજ્ઞ અને અગ્નિહોત્રના સુંદર ધૂમાડાયુક્ત નિવાસસ્થાનવાળા, ऋक्-साम-वेदमुनिभिः - ઋચા અને સામ તથા વેદના મુનિઓ વડે, स्तुतिसंयुताय - સ્તુતિ કરાતા, गोप-नमिताय - નન્દી વડે નમન કરાયેલ, गोपाय - ગાયોનું રક્ષણ કરનાર, शिवाय - ભગવાન શિવને नमः - નમસ્કાર.

સૂર્ય, ચંદ્ર, વરુણ અને વાયુથી સેવાતા, યજ્ઞ અને અગ્નિ-હોત્રના સુંદર ધૂમાડાયુક્ત નિવાસસ્થાનવાળા, ઋચા, સામ તથા વેદના મુનિઓ વડે સ્તુતિ કરાતા, નન્દી વડે નમન કરાયેલ, ગાયોનું રક્ષણ કરનાર ભગવાન શિવને નમસ્કાર ! (૮)

शिवाष्टकमिदं पुण्यं यः पठेच्छिवसन्निधौ ।
शिवलोकमवाप्नोति शिवेन सह मोदते ॥ ९ ॥

यः - જે, इदम् - આ, पुण्यम् - પવિત્ર, शिवाष्टकम् - શિવાષ્ટકનો, शिव-सन्निधौ - ભગવાન શિવનાં સાંનિધ્યમાં, पठेत् - પાઠ કરે છે, सः - તે शिवलोकम् - શિવલોકને, अवाप्नोति - પ્રાપ્ત કરે છે અને, शिवेन - ભગવાન શિવની, सह - સાથે, मोदते - આનંદ કરે છે.

જે આ પવિત્ર 'શિવાષ્ટક'નો ભગવાન શિવનાં સાંનિધ્યમાં પાઠ કરે છે, તે શિવલોકને પ્રાપ્ત કરે છે અને ભગવાન શિવ સાથે આનંદ કરે છે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''शिवाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શિવાષ્ટકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



।। ॐ ।।

।। शिवनामावल्यष्टकम् ।।

हे चन्द्रचूड मदनान्तक शूलपाणे
स्थाणो गिरीश गिरिजेश महेश शंभो ।
भूतेश भीतभयसूदन मामनाथं
संसारदुःखगहनाज्जगदीश रक्ष ।। १ ।।

चन्द्रचूड - चन्द्रमौलि, मदनान्तक - કામદેવના નાશક, शूलपाणे - त्रिशूलधारी, स्थाणो - स्थिर, गिरीश - ગિરીશ, गिरिजेश - पार्वतीपति, महेश - મહેશ્વર, शंभो - કલ્યાણ કરનાર, भूतेश - પ્રાણીમાત્રના ઈશ્વર, भीत-भय-नाश - ભયભીતના ભયનો નાશ કરનાર, जगदीश - જગત્પતિ, अनाथम् - અનાથ એવા, माम् - મારી, संसार-दुःखगहनात् - સંસારનાં ભયંકર દુઃખથી, रक्ष - રક્ષા કરો.

હે ચન્દ્રમૌલિ, કામદેવના નાશક, ત્રિશૂલધારી, સ્થિર, ગિરીશ, પાર્વતીપતિ, મહેશ્વર, કલ્યાણ કરનાર, પ્રાણીમાત્રના ઈશ્વર, ભયભીતોના ભયનો નાશ કરનાર, જગત્પતિ, અનાથ એવા મારી, સંસારનાં ભયંકર દુઃખથી, રક્ષા કરો. (૧)

हे पार्वतीहृदयवल्लभ चन्द्रमौले
भूताधिप प्रमथनाथ गिरीशचाप ।
हे वामदेव भव रुद्र पिनाकपाणे
संसारदुःखगहनाज्जगदीश रक्ष ।। २ ।।

हे पार्वती-हृदयवल्लभ - પાર્વતીના પ્રાણપ્રિય, भूताधिप - ભૂતપતિ, प्रमथनाथ - ગણોના નાથ, गिरीश-चाप - હિમાલયરૂપી ધનુષ્યધારી, हे वामदेव - વામદેવ, भव - ભવ, रुद्र - રુદ્ર, पिनाकपाणे - પિનાકધારી, जगदीश - જગત્પતિ, संसार-दुःख-गहनात् - સંસારના ભયંકર દુઃખથી (મારી), रक्ष - રક્ષા કરો.

હે પાર્વતીના પ્રાણપ્રિય ચન્દ્રમૌલિ. ભૂતપતિ, ગણોના નાથ, હિમાલયરૂપી ધનુષ્યધારી, વામદેવ, ભવ, રુદ્ર, પિનાકધારી, જગત્પતિ, સંસારના ભયંકર દુઃખથી (મારી) રક્ષા કરો. (૨)

हे नीलकण्ठ वृषभध्वज पञ्चवक्त्र
लोकेश शेषवलय प्रमथेश शर्व ।
हे धूर्जटे पशुपते गिरिजापते मां
संसारदुःखगहनाज्जगदीश रक्ष ।। ३ ।।

हे नीलकण्ठ - હે નીલકંઠ, वृषभध्वज - વૃષભધ્વજ, पञ्चवक्त्र - પાંચ મુખધારી, लोकेश - લોકોના ઈશ, शेषवलय - શેષનાગના બાજુબંધવાળા, प्रमथेश - ગણોના પતિ, शर्व - (અસુર) સંહારક, हे धूर्जटे - જટાધારી, पशुपति - પશુપતિ, गिरिजाते - પાર્વતીપતિ, जगदीश - જગત્પતિ, संसार-दुःख-गहनात् - સંસારના ભયંકર દુઃખથી, माम् - મારી, रक्ष - રક્ષા કરો.

હે નીલકંઠ, વૃષભધ્વજ, પાંચ મુખવાળા, લોકોના ઈશ, શેષનાગના બાજુબંધવાળા, ગણોના પતિ, (અસુર) સંહારક, જટાધારી, પશુપતિ, પાર્વતીપતિ, જગત્પતિ, સંસારનાં ભયંકર દુઃખથી મારી રક્ષા કરો. (૩)

हे विश्वनाथ शिव शंकर देवदेव
गङ्गाधर प्रमथनायक नन्दिकेश ।
बाणेश्वरान्धकरिपो हर लोकनाथ
संसारदुःखगहनाज्जगदीश रक्ष ।। ४ ।।

हे विश्वनाथ - હે વિશ્વના નાથ, शिव - કલ્યાણસ્વરૂપ, शंकर - કલ્યાણ કરનાર, देवदेव - દેવાધિદેવ, गङ्गा-धर - ગંગાધર, प्रमथनायक - ગણોના નાયક, नन्दिकेश - નંદીના સ્વામી, बाणेश्वर - બાણાસુરના ઈશ્વર, अन्धक-रिपो - અન્ધકાસુરના શત્રુ, हर - પાપ હરવાવાળા, लोकनाथ - લોકોના નાથ, जगदीश - જગત્પતિ, संसार-दुःख-गहनात् - સંસારનાં ભયંકર દુઃખથી (મારી), रक्ष - રક્ષા કરો.

હે વિશ્વના નાથ, કલ્યાણસ્વરૂપ, કલ્યાણ કરનાર, દેવાધિદેવ, ગંગાધર, ગણોના નાયક, નંદીના સ્વામી, બાણાસુરના ઈશ્વર, અન્ધકાસુરના શત્રુ, પાપ હરવાવાળા, લોકોના નાથ, જગત્પતિ, સંસારનાં ભયંકર દુઃખથી (મારી) રક્ષા કરો. (૪)

वाराणसीपुरपते मणिकर्णिकेश
वीरेश दक्षमखकाल विभो गणेश ।
सर्वज्ञ सर्वहृदयैकनिवास नाथ
संसारदुःखगहनाज्जगदीश रक्ष ।। ५ ।।

वाराणसी-पुर-पते - કાશીપુરીના અધિપતિ, मणिकर्णिका-ईश - મણિકર્ણિકા ઘાટના સ્વામી, वीरेश - વીરોના પતિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दक्षमखकाल - દક્ષયજ્ઞના કાળસ્વરૂપ, विभो - પ્રભુ, गणेश - ગણોના પતિ, सर्वज्ञ - સર્વ જાણનાર, सर्व-हृदयैक-निवास - સર્વહૃદયમાં એક સ્વરૂપે રહેનાર, नाथ - સ્વામી, जगदीश - જગત્પતિ, संसारदुःखगहनात् - સંસારના ભયંકર દુઃખથી (મારી), रक्ष - રક્ષા કરો.

હે કાશીપુરીના પતિ, મણિકર્ણિકા ઘાટના સ્વામી, વીરોના પતિ, દક્ષ યજ્ઞના કાળસ્વરૂપ, પ્રભુ, ગણોના પતિ, સર્વ જાણનાર, સર્વહૃદયમાં એક સ્વરૂપે રહેનાર સ્વામી, જગત્પતિ, સંસારનાં ભયંકર દુઃખથી (મારી) રક્ષા કરો. (૫)

श्रीमन्महेश्वर कृपामय हे दयालो
हे व्योमकेश शितिकण्ठ गणाधिनाथ ।
भस्माङ्गराग नृकपालकलापमाल
संसारदुःखगहनाज्जगदीश रक्ष ॥ ६ ॥

श्रीमन् - શ્રીમાન, महेश्वर - મહેશ્વર, कृपामय - કૃપામય, हे दयालो - દયાળુ, हे व्योमकेश - આકાશરૂપી કેશવાળા, शितिकण्ठ - નીલકંઠ, गणाधिनाथ - ગણાધિપતિ, भस्माङ्गराग - ભસ્મના અંગરાગધારી, नृकपाल-कलाप-माल - નરમુંડના સમૂહની માળાધારક, जगदीश - જગત્પતિ, संसार-दुःख-गहनात् - સંસારનાં ભયંકર દુઃખથી (મારી), रक्ष - રક્ષા કરો.

શ્રીમાન, નરેશ્વર, કૃપામય, દયાળુ, આકાશરૂપી કેશવાળા, નીલકંઠ, ગણાધિપતિ, ભસ્મના અંગરાગધારી, નરમુંડના સમૂહની માળાનો ધારક જગત્પતિ, સંસારનાં ભયંકર દુઃખથી (મારી) રક્ષા કરો. (૬)

कैलासशैलविनिवास वृषाकपे हे
मृत्युंजय त्रिनयन त्रिजगन्निवास ।
नारायणप्रिय मदापह शक्तिनाथ
संसारदुःखगहनाज्जगदीश रक्ष ॥ ७ ॥

कैलास-शैल-विनिवास - હે કૈલાસ-પર્વત-વાસી, हे वृषाकपे - શ્રેષ્ઠ ધર્મસ્વરૂપ, मृत्युंजय - મૃત્યુંજય, त्रिनयन - ત્રણ નેત્રધારક, त्रिजगन्निवास - ત્રણ જગતના વાસી, नारायणप्रिय - નારાયણને વ્હાલા, मदापह - ગર્વનો નાશ કરનાર, शक्तिनाथ - શક્તિના સ્વામી, जगदीश - જગત્પતિ, संसार-दुःख-गहनात् - સંસારનાં ભયંકર દુઃખથી (મારી), रक्ष - રક્ષા કરો.

કૈલાસપર્વતવાસી, શ્રેષ્ઠ ધર્મસ્વરૂપ, મૃત્યુંજય, ત્રણ નેત્રધારક, ત્રણ જગતના વાસી, નારાયણને વહાલા, ગર્વનો નાશ કરનાર, શક્તિના સ્વામી, સંસારનાં ભયંકર દુઃખથી (મારી) રક્ષા કરો. (૭)

विश्वेश विश्वभवनाशक विश्वरूप
विश्वात्मक त्रिभुवनैकगुणाधिकेश ।
हे विश्वनाथ करुणामय दीनबन्धो
संसारदुःखगहनाज्जगदीश रक्ष ॥ ८ ॥

विश्वेश - વિશ્વના સ્વામી, विश्वभवनाशक - સકલ જન્મનાશક, विश्वरूप - અનેક રૂપધારી, विश्वात्मक - વિશ્વાત્મા, त्रिभुवन-एक-गुणाधिक-ईश - ત્રણેય ભુવનના ગુણોના એકમાત્ર સ્વામી, हे विश्वनाथ - વિશ્વનાથ, करुणामय - દયામય, दीनबन्धो - દીનબંધુ, जगदीश - જગદીશ, संसार-दुःख-गहनात् - સંસારનાં ભયંકર દુઃખથી (મારી), रक्ष - રક્ષા કરો.

વિશ્વના સ્વામી, સકલ જન્મનાશક, અનેક રૂપધારી, વિશ્વાત્મા, ત્રણેય ભુવનના ગુણોના એકમાત્ર સ્વામી, હે વિશ્વનાથ, દયામય, દીનબંધુ, જગદીશ, સંસારનાં ભયંકર દુઃખથી મારી રક્ષા કરો. (૮)

गौरीविलासभवनाय महेश्वराय
पञ्चाननाय शरणागतकल्पकाय ।
शर्वाय सर्वजगतामधिपाय तस्मै
दारिद्र्यदुःखदहनाय नमः शिवाय ॥ ९ ॥

गौरी - विलास - भवनाय - પાર્વતીના વિલાસના નિવાસરૂપ, महेश्वराय - મહેશ્વર, पञ्चाननाय - પાંચ મુખધારી, शरणागत-कल्पकाय - શરણાગતને શરણ આપવા સમર્થ, सर्व-जगताम् - સર્વ લોકોના, अधिपाय - અધિપતિ, दारिद्र्य-दुःख-दहनाय - દારિદ્ર્યરૂપી દુઃખને બાળી નાખનાર, तस्मै-ते शर्वाय - (આપ) સંહારક, शिवाय - શિવને, नमः - નમસ્કાર હો.

પાર્વતીના વિલાસના નિવાસરૂપ, મહેશ્વર, પાંચમુખધારી, શરણાગતને રક્ષણ આપવા સમર્થ, સર્વ લોકોના અધિપતિ, દારિદ્ર્ય રૂપી દુઃખને બાળનાર, (પાપ)સંહારક શિવને નમસ્કાર હો. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''शिवनामावल्यष्टकम्'' संपूर्णम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શિવનામાવલ્યષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ अच्युताष्टकम् ॥

अच्युतं केशवं रामनारायणं
कृष्णदामोदरं वासुदेवं हरिम् ।
श्रीधरं माधवं गोपिकावल्लभं
जानकीनायकं रामचन्द्रं भजे ॥ १ ॥

(શ્લોકમાં જેમ છે તેમ જ એક રીતે આ સ્તોત્રમાં શ્રીકૃષ્ણની નામમાળા છે. એટલે ભાષાન્તર વાંચતાં જ અર્થ સ્પષ્ટ થઈ જશે, તેથી અન્વય આવશ્યક નથી.)

અચ્યુત (સદા સર્વત્ર અવિચળ), કેશવ, રામ, નારાયણ, કૃષ્ણ, દામોદર, વાસુદેવ, હરિ, શ્રીધર (= લક્ષ્મીને ધારણ કરી રહેલા), માધવ અને વળી ગોપીઓના પ્રિયતમ તથા જાનકીપતિ શ્રીરામચન્દ્રજીને ભજું છું. (૧)

अच्युतं केशवं सत्यभामाधवं
माधवं श्रीधरं राधिकाराधितम् ।
इन्दिरामन्दिरं चेतसा सुन्दरं
देवकीनन्दनं नन्दजं संदधे ॥ २ ॥

અચ્યુત, કેશવ, સત્યભામાના પતિ, માધવ, પરમશોભાએ દીપતા (અથવા લક્ષ્મીને ધારણ કરી રહેલા), રાધિકાથી આરાધિત, લક્ષ્મીનું પાવન નિવાસસ્થાન, દેવકીના સુંદર લાડીલા પુત્ર, અને નન્દકુમાર(એવા શ્રીકૃષ્ણ)નું હું ચિત્તમાં ધ્યાન ધરું છું. (૨)

विष्णवे जिष्णवे शङ्खिने चक्रिणे
रुक्मिणीरागिणे जानकीजानये ।
वल्लवीवल्लभायार्चितायात्मने
कंसविध्वंसिने वंशिने ते नमः ॥ ३ ॥

वल्लवी - ગોપી. वल्लवी-वल्लभाय - ગોપીવલ્લભ.

સર્વવ્યાપક (વિષ્ણુ), વિજયી (જિષ્ણુ), શંખ ધારણ કરેલા, ચક્રધારી તથા રુક્મિણી પ્રત્યે અનુરાગી, અને વળી જાનકીવલ્લભ, ગોપીવલ્લભ, (સર્વ દ્વારા) પૂજિત, આત્મસ્વરૂપ એવા, કંસનો સંહાર કરનારા, બંસીધારી કૃષ્ણ, આપને નમસ્કાર ! (૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कृष्ण गोविन्द हे राम नारायण
श्रीपते वासुदेवाजित श्रीनिधे ।
अच्युतानन्त हे माधवाधोक्षज
द्वारकानायक द्रौपदीरक्षक ॥ ४ ॥

अधोक्षजः-अक्ष - ઈન્દ્રિય अक्षज - ઈન્દ્રિયોથી જાણી શકાય તે, अधः - તેવું જ્ઞાન જેની પાસે નીચું પડે છે - એટલે કે ઈન્દ્રિયોના જ્ઞાનનો જે વિષય નથી એવા ઈન્દ્રિયાતીત

હે કૃષ્ણ, હે ગોવિન્દ, હે રામ, હે નારાયણ, હે શ્રી (લક્ષ્મી)પતિ, વાસુદેવ, અજિત, શ્રીનિધિ (પરમ શોભાના ભંડાર), હે અચ્યુત, અનન્ત, હે માધવ, ઈન્દ્રિયોથી પર એવા હે દ્વારકાધીશ અને દ્રૌપદીના રક્ષક, આપને નમસ્કાર ! (૪)

राक्षसक्षोभितः सीतया शोभितो
दण्डकारण्यभूपुण्यताकारणम् ।
लक्ष्मणेनान्वितो वानरैः सेवितो-
ऽगस्त्यसंपूजितो राघवः पातु माम् ॥ ५ ॥

राक्षस-क्षोभितः - રાક્ષસોને ક્ષોભ પામનાર.

રાક્ષસોને ક્ષોભ પમાડનાર, સીતાથી શોભતા, દંડકારણ્યની (શાપિત) ભૂમિને પાવન કરવામાં હેતુરૂપ, લક્ષ્મણસહિત વાનરો દ્વારા સેવિત અને અગસ્ત્ય વડે પૂજિત શ્રીરાઘવ-રામચંદ્ર મારું રક્ષણ કરો ! (૫)

(નોંધ :- ઋષિના શાપથી દંડકારણ્ય ઉજ્જડ થઈ ગયું હતું, પણ ભગવાન શ્રી રામે ત્યાં વાસ કર્યો, તેથી તે ભૂમિ પાવન બની ગઈ.)

धेनुकारिष्टहानिष्टकृद्द्वेषिणां
केशिहा कंसहृद्वंशिकावादकः ।
पूतनाकोपकः सूरजाखेलनो
बालगोपालकः पातु मां सर्वदा ॥ ६ ॥

धेनुका-अरिष्ट-हा - ધેનુકાસુર અને અરિષ્ટનેમિ નામના અસુરનો નાશ કરનાર द्वेषिणां - દ્વેષ કરનારાઓને માટે अनिष्टकृद् - અનિષ્ટરૂપ, केशिहा - કેશી દૈત્યનો નાશ કરનાર, कंसहृद् - કંસને સંહારનાર, वंशिका-वादकः - બંસરીવાદક, पूतना-कोपकः - પૂતનાને કોપાવનાર, सूरजा-खेलनः - યમુના પર ખેલનાર बाल-गोपालकः - શ્રીબાલગોપાલ કૃષ્ણ मां - મારૂં सर्वदा - सर्वदा पातु - રક્ષણ કરો. सूरजा-खेलनः - सूर - દેવ, સૂર્યદેવ सूरजा - સૂર્યપુત્રી યમુના, તેના તટે ખેલનાર.

ધેનુકાસુર અને અરિષ્ટનેમિ જેવા અસુરોનો નાશ કરનારા, દ્વેષ કરનારાઓને માટે અનિષ્ટકારક, તથા કેશી દૈત્યને સંહારનારા, કંસનો વધ કરનારા, વેણુવાદક, પૂતનાને કોપ કરાવનાર અને યમુના તટ પર ક્રીડા કરતા શ્રીબાલગોપાલ કૃષ્ણ મારું હંમેશાં રક્ષણ કરો ! (૬)

विद्युदुद्योतवत्प्रस्फुरद्वाससं
प्रावृडम्भोदवत्प्रोल्लसद्विग्रहम् ।
वन्यया मालया शोभितोरःस्थलं
लोहिताङ्घ्रिद्वयं वारिजाक्षं भजे ॥ ७ ॥

विद्युत्-उद्योतवत् - વીજળીના ઝબકારાની જેમ प्रस्फुरद् - ચળકતા वाससं - વસ્ત્રવાળા, प्रावृद्-अम्भोदवत् - વર્ષાકાળના મેઘની જેમ प्रोल्लसद् - શોભતા विग्रहं - શરીરવાળા, वन्यया-मालया - વનમાળાથી શોભિત-उरःस्थलं - શોભતી છાતીવાળા, लोहित-अंघ्रिद्वयं - લાલ ચરણોવાળા, वारिज-अक्षं - કમળ સમાન નેત્રવાળા શ્રીકૃષ્ણને भजे - હું ભજું છું. अंघ्रि - ચરણ, वारिज - કમળ.

વીજળીના ઝબકારા જેવા ચળકતા વસ્ત્રવાળા, વર્ષાકાળના મેઘની જેમ શોભતા શરીરવાળા, વનમાળાથી શોભતી છાતીવાળા, લાલ ચરણોવાળા, કમળ સમાન નેત્રવાળા શ્રીકૃષ્ણને હું ભજું છું. (૭)

कुञ्चितैः कुन्तलैर्भ्राजमानाननं
रत्नमौलिं लसत्कुण्डलं गण्डयोः ।
हारकेयूरकं कङ्कणप्रोज्ज्वलं
किंकिणीमञ्जुलं श्यामलं तं भजे ॥ ८ ॥

कुञ्चितैः - વાંકડિયા, कुन्तलैः - કેશથી भ्राजमान-आननं - શોભતા મુખવાળા, रत्नमौलिं - રત્નજડિત મુકુટ ધારણ કરેલા, गण्डयोः - બન્ને ગાલ પર, लसत्कुण्डलं - કુંડલોથી પ્રકાશતા (કુંડલોનાં પડી રહેલા તેજથી પ્રકાશતા) हार-केयूरकं - હાર અને બાજુબંધ ધારણ કરેલા, कङ्कण-प्रोज्ज्वलं - કંકણોથી ઉજ્જ્વળ, किंकिणी-मञ्जुलं - (કમર પર) થતા ઘુઘરીના ઝણકારવાળા तं - તે श्यामलं - શ્યામસુંદરને भजे - હું ભજું છું.

વાંકડિયા કેશથી શોભતા મુખવાળા, રત્નજડિત મુકુટ ધારણ કરેલા, બન્ને ગાલ ઉપર કુંડળોથી પ્રકાશતા હાર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુબંધવાળા, કંકણોથી ઉજ્જવળ (કમર પર થતા) ઘુઘરીના ઝણકારવાળા અને શ્યામસુંદરને હું ભજું છું. (૮)

अच्युतस्याष्टकं यः पठेदिष्टदं
प्रेमतः प्रत्यहं पूरुषः सस्पृहम् ।
वृत्ततः सुन्दरं वेद्यविश्वंभरं
तस्य वश्यो हरिर्जायते सत्वरम् ॥ ९ ॥

यः - જે પૂરુષः - મનુષ્ય, इष्टदं - ઈચ્છિત ફળ આપનાર એવા इदं - આ अच्युतस्य - અચ્યુતના अष्टकं - અષ્ટકનો, प्रत्यहं - પ્રતિદિન, નિત્ય, प्रेमतः - પ્રેમપૂર્વક सस्पृहम् અને ભાવપૂર્વક वृत्ततः सुन्दरं - સુંદર છંદગાનથી पठेत् - પાઠ કરે છે, तस्य - તેને हरिः - હરિ सत्वरं - સત્વર वश्यः - વશ થાય છે.

આ 'અચ્યુતાષ્ટક' વિશ્વંભર પરમાત્માનાં સ્વરૂપનો બોધ કરાવે છે અને તે ઈષ્ટફળની પ્રાપ્તિ પણ કરાવે છે. જે મનુષ્ય સુંદર છંદમાં આ અષ્ટકનો પ્રતિદિન, પ્રેમથી, ભાવપૂર્વક પાઠ કરે છે, તેના પર હરિ સત્વરે પ્રસન્ન થાય છે. (૯)

''अच्युताष्टकम्'' संपूर्णम् ॥ ''અચ્યુતાષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥
॥ कृष्णाष्टकम् ॥

श्रियाश्लिष्टो विष्णुः स्थिरचरगुरुर्वेदविषयो
धियां साक्षी शुद्धो हरिरसुरहन्ताब्जनयनः ।
गदी शङ्खी चक्री विमलवनमाली स्थिररुचिः
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥ १ ॥

श्रिया-आश्लिष्टः - લક્ષ્મી વડે આલિંગન પામેલા, विष्णुः - સર્વ વ્યાપક - અથવા ભગવાન વિષ્ણુ, स्थिर-चर-गुरुः - સ્થાવર અને જંગમ સર્વમાં શ્રેષ્ઠ (પાઠાંતર - स्थिर-चर-वपुः - સ્થાવર અને જંગમ શરીરવાળા), वेदविषयः - વેદોના વિષય, धियां साक्षी - બુદ્ધિઓના સાક્ષી, शुद्धः - શુદ્ધ, हरिः - હરિ અથવા દુઃખહર્તા, असुर-हन्ता - અસુર-સંહારક, अब्ज-नयनः - કમળ સમાન નેત્રવાળા, गदी - ગદા ધારણ કરેલા, शङ्खी - શંખધારી, चक्री - ચક્રધારી, विमल-वन-माली - વિમલ વનમાલા પહેરેલા, स्थिर-रुचिः - સ્થિર કાંતિવાળા, शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ, (એવા) कृष्णः - શ્રીકૃષ્ણ, मम - મારા, अक्षि-विषयः - નેત્રનો વિષય भवतु - થાઓ !

લક્ષ્મી વડે આલિંગન પામેલા ભગવાન વિષ્ણુ, સ્થાવર અને જંગમ એવા સર્વમાં શ્રેષ્ઠ, વેદોના વિષય, બુદ્ધિઓના સાક્ષી, શુદ્ધ, દુઃખહર્તા, અસુર-સંહારક, કમળ સમાન નેત્રવાળા, ગદા ધારણ કરેલા, શંખધારી, ચક્રધારી, વિમલ વનમાલા પહેરેલા, સ્થિર કાંતિવાળા, શરણે જવા યોગ્ય, લોકનાથ એવા શ્રીકૃષ્ણ મારા નેત્રનો વિષય બની રહો ! (૧)

यतः सर्वं जातं वियदनिलमुख्यं जगदिदं
स्थितौ निःशेषं योऽवति निजसुखांशेन मधुहा ।
लये सर्वं स्वस्मिन्हरति कलया यस्तु स विभुः
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ॥ २ ॥

वियद्-अनिल-मुख्यं इदं सर्वं जगत् यतः जातं - આકાશ, વાયુ વગેરે મુખ્ય તત્ત્વોનું બનેલું આ સર્વ જગત જેમનાથી ઉત્પન્ન થયું છે, स्थितौ - એના સ્થિતિકાળે, निज-सुख-अंशेन - પોતાનાં સુખના અંશથી यः - જે (તે) निःशेषं - સંપૂર્ણ જગતનું अवति - રક્ષણ કરે છે. (તથા) लये - પ્રલય સમયે यः - જે कलया -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પોતાની કલા વડે स्वस्मिन् - પોતાનામાં જ (તે જગતનો) हरति - લય કરે છે, सः - તે मधुहा - મધુદૈત્યના સંહારક विभुः - વ્યાપક शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ (એવા) कृष्णः - શ્રીકૃષ્ણ मम - મારા अक्षि-विषयः - નેત્રનો વિષય भवतु - થાઓ !

આકાશ, વાયુ, (પૃથ્વી, જલ અને તેજ) જેવાં મુખ્ય ભૂતતત્ત્વોનું બનેલું આ સકલ જગત જેમનાથી ઉત્પન્ન થયું છે, સ્થિતિકાળે, પોતાના જ સુખ-આનંદરૂપી એક અંશથી જે તે સંપૂર્ણ જગતનું રક્ષણ કરે છે અને પ્રલયકાળે પોતાની કલાથી પોતાનામાં જ તેનો જે લય કરે છે, તે મધુદૈત્યના સંહારક, વિભુવર, શરણે જવા યોગ્ય એવા સર્વ લોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રનો વિષય બની રહો ! (૨)

असूनायम्यादौ यमनियममुख्यैः सुकरणै-
र्निरुद्धचेदं चित्तं हृदि विलयमानीय सकलम् ।
यमीड्यं पश्यन्ति प्रवरमतयो मायिनमसौ
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ।। ३ ।।

प्रवर-मतयः (योगिनः) - શ્રેષ્ઠ બુદ્ધિશાળી યોગીઓ, आदौ - સર્વપ્રથમ, यम-नियम-मुख्यैः - યમ, નિયમ, (આસન, ધ્યાન, ધારણા, પ્રત્યાહાર અને સમાધિ) જેવાં મુખ્ય सुकरणैः - સાધનો વડે असून् - પ્રાણોને आयम्य - વશ કરીને, એટલે કે પ્રાણાયામ કરીને, हृदि - હૃદયમાં इदं - આ (એટલે કે ઈન્દ્રિયો સહિતના) सकलं - સંપૂર્ણ चित्तं - ચિત્તનો विलयं - લય, आनीय - કરીને, यं - જે, ईड्यं - સ્તુતિ કરવા યોગ્ય છે એવા असौ - આ मायिनं - માયામોહક પ્રભુનો पश्यन्ति - સાક્ષાત્કાર કરે છે. (તે) शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ (એવા) कृष्णः - શ્રીકૃષ્ણ, मम - મારા अक्षि-विषयः - નેત્રનો વિષય भवतु - થાઓ !

શ્રેષ્ઠ બુદ્ધિમંત યોગીઓ સર્વપ્રથમ (યોગશાસ્ત્રમાં દર્શાવ્યા પ્રમાણે) યમ, નિયમ, (આસન, ધ્યાન, ધારણા, પ્રત્યાહાર અને સમાધિ) જેવાં મુખ્ય સાધનો વડે પ્રાણાયામ સિદ્ધ કરે છે. પછી, ઈન્દ્રિયો સાથેનાં સંપૂર્ણ ચિત્તનો નિરોધ કરી તેનો પોતાના હૃદયમાં લય કરે છે. તેનાથી સ્તુતિ કરવા યોગ્ય એવા આ માયામોહક ભગવાનનો સાક્ષાત્કાર કરે છે. શરણે જવા યોગ્ય એવા સર્વ લોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રના વિષય બની રહો. (૩)

पृथिव्यां तिष्ठन्यो यमयति महीं वेद न धरा
यमित्यादौ वेदो वदति जगतामीशममलम् ।
नियन्तारं ध्येयं मुनिसुरनृणां मोक्षदमसौ
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ।। ४ ।।

यः - જે पृथिव्यां - પૃથ્વીમાં तिष्ठन् - રહીને, महीं - પૃથ્વીને यमयति - વશમાં રાખે છે, (છતાં પણ) (यं - જેને) धरा - પૃથ્વી ને वेद - જાણી શકતાં નથી. इत्यादौ - આવા પ્રકારનાં વચનોથી यं - જેને वेदः - વેદ वदन्ति - વર્ણવે છે, અને વળી જે जगतां - સર્વલોકોના ईशं - સ્વામી છે, अमलं - વિશુદ્ધ સ્વરૂપવાળા છે, नियन्तारं - સર્વના નિયન્તા છે, ध्येयं - ધ્યાન કરવા યોગ્ય છે, તેવા असौ - આ પરમાત્મા मुनि-सुर-नृणां - મુનિઓ, દેવો અને મનુષ્યોને मोक्षदं - મોક્ષ આપનાર છે. शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ (એવા) कृष्णः - શ્રીકૃષ્ણ मम-મારા अक्षि-विषयः - નેત્રનો વિષય भवतु - થાઓ !

"પૃથ્વીમાં વસીને જે પૃથ્વીને વશમાં રાખે છે છતાં પણ પૃથ્વી (જેના મહિમાને) જાણી શકતી નથી," - આવા પ્રકારનાં વચનોથી વેદ જેમનું વર્ણન કરે છે, તે જગતના સ્વામી, વિશુદ્ધરૂપ, સર્વ-નિયન્તા, મુનિઓ, દેવો અને મનુષ્યો માટે ધ્યાન કરવા યોગ્ય, પરમાત્મા મોક્ષના દાતા છે. શરણે જવા યોગ્ય એવા, સર્વલોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રનો વિષય બની રહો ! (૪)

महेन्द्रादिर्देवो जयति दितिजान्यस्य बलतो
न कस्य स्वातन्त्र्यं क्वचिदपि कृतौ यत्कृतिमृते ।
बलारातेर्गर्वं परिहरति योऽसौ विजयिनः
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ।। ५ ।।

यस्य - જેના बलतः - બળથી महेन्द्रादिः - ઈન્દ્ર વગેરે देवो - દેવો दितिजान् - દૈત્યોને जयति - જીતી જાય છે, यत्-कृतिं - જેની ક્રિયા કે પ્રેરણા ऋते - વિના, कस्य (अपि) - કોઈ પણ પ્રાણીને क्वचिद् अपि - કોઈ પણ કાર્ય કરવાની स्वातन्त्र्यं - સ્વતંત્ર શક્તિ નથી, વળી જે बलारातेः - પોતે બળવાન શત્રુનો विजयिनः - (વિજેતા થયો છે, એવો) કોઈ પણ વિજેતાનો गर्वं - ગર્વ હરી લે છે. (પાઠાંતર : कवित्वादेः गर्वं - કવિત્વ વગેરે શક્તિથી પ્રતિપક્ષીનો પરાભવ કર્યો છે, એવા કોઈ પણ વિજેતાનો ગર્વ), दीतिजान् - કશ્યપ મુનિની પત્ની દીતિના પુત્રો તે દૈત્યો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈન્દ્ર વગેરે દેવો જેમનાં બળથી જ દૈત્યો પર વિજય મેળવે છે, જેમની ક્રિયા કે પ્રેરણા વિના કોઈ વ્યક્તિ કોઈ પણ કામ સ્વતંત્ર રીતે કરી શકતી નથી, એવા જે ભગવાન શ્રીકૃષ્ણ, વિજેતા એવા બળવાન શત્રુના ગર્વનું ખંડન કરી નાખે છે, એ શરણે જવા યોગ્ય એવા, સર્વલોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રનો વિષય બની રહો ! (૫)

विना यस्य ध्यानं व्रजति पशुतां सूकरमुखां
विना यस्य ज्ञानं जनिमृतिभयं याति जनता ।
विना यस्य स्मृत्या कृमिशतजनिं याति स विभुः
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ।। ६ ।।

यस्य - જેના ध्यानं - ધ્યાન विना - વિના (नरः - મનુષ્ય) सूकरमुखां - ભૂંડના જેવી पशुतां - પશુતાને व्रजति - પામે છે, यस्य - જેના ज्ञानं - જ્ઞાન विना - વિના जनता - મનુષ્યજાતિ जनि-मृति-भयं - જન્મ-મરણના ભયને याति - પામે છે, यस्य - જેના स्मृत्या - સ્મરણ विना - વિના (માનવ) कृमि-शत-जनिं - સેંકડો કીડાઓ રૂપે जनिं - જન્મ याति - પામે છે, सः - તે विभु - વ્યાપક शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ (એવા) कृष्णः - શ્રીકૃષ્ણ मम - મારા अक्षिविषयः - નેત્રનો વિષય भवतु - થાઓ !

જેનાં ધ્યાન વિના મનુષ્ય ભૂંડ વગેરે પ્રાણીઓ જેવી પશુતાને જ પામે છે, જેનાં જ્ઞાન વિના લોકોને જન્મ અને મરણનો ભય પીડ્યા કરે છે અને વળી જેનાં સ્મરણ વિના તેઓ સેંકડો કીડાઓની યોનિમાં જન્મ લીધા કરે છે, - તે વિભુવર, શરણે જવા યોગ્ય એવા, સર્વ લોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રનો વિષય બની રહો ! (૬)

नरातङ्कोट्टङ्कः शरणशरणो भ्रान्तिहरणो
घनश्यामो वामो व्रजशिशुवयस्योऽर्जुनसखः ।
स्वयंभूर्भूतानां जनक उचिताचारसुखदः
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ।। ७ ।।

नर-आतङ्क-उट्टङ्क - મનુષ્યોના ભયનો ઉચ્છેદ કરનાર, शरण-शरणः - શરણનું પણ શરણ, भ्रान्ति-हरणः - ભ્રાંતિ-ભ્રમ-મોહને દૂર કરનાર, घनश्यामः - મેઘ જેવા શ્યામ, वामः - અતિશય સુંદર, व्रज-शिशु-वयस्यः - વ્રજબાળના મિત્ર, अर्जुन-सखा - અર્જુનના સખા, स्वयंभूः - સ્વયંભૂ भूतानां - સર્વપ્રાણીઓના जनकः - પિતા, उचित-आचर-सुखदः - યોગ્ય આચરણ કરનારને સુખ આપનાર એવા, शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ, कृष्णः - શ્રીકૃષ્ણ मम - મારા अक्षि-विषयः - નેત્રનો વિષય भवतु - બનો !

જે પ્રભુ મનુષ્યોના ભયનો ઉચ્છેદ કરે છે, જે શરણનું પણ અંતિમ શરણ છે - અથવા શરણે આવેલાને આશ્રય આપે છે, જે મનુષ્યના ભ્રમ-મોહ-ખોટાં જ્ઞાનને હરે છે, તે ઘનશ્યામ, નિરતિશય સુંદર પ્રભુ અને વળી વ્રજશિશુઓના મિત્ર તથા અર્જુન-સખા છે, જે પોતે તો સ્વયંભૂ - સ્વયં પ્રગટયા છે, પણ પ્રાણીમાત્રના જનક છે, અને (સંસારમાં) જે સદાચારપૂર્વક જીવે છે તેને (પરમ) સુખ આપે છે તેવા, શરણે જવા યોગ્ય એવા, સર્વલોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રનો વિષય બની રહો ! (૭)

यदा धर्मग्लानिर्भवति जगतां क्षोभकरणी
तदा लोकस्वामी प्रकटितवपुः सेतुधृदजः ।
सतां धाता स्वच्छो निगमगणगीतो व्रजपतिः
शरण्यो लोकेशो मम भवतु कृष्णोऽक्षिविषयः ।। ८ ।।

यदा - જ્યારે, जगतां - જગતમાં क्षोभकरणी - ક્ષોભ કરનારી, ખળભળાટ મચાવનારી, धर्मग्लानिः - ધર્મગ્લાનિ भवति થાય છે, तदा - ત્યારે, लोकस्वामी - લોકોના સ્વામી એવા પરમાત્મા, अजः - અજન્મા હોવા છતાં प्रकटित-वपुः - દેહ ધારણ કરે છે અને सेतु-धृद् - ધર્મસેતુને ધારણ કરે છે. सतां - સજ્જનોના धाता - પાલક અને स्वच्छः નિર્મળ, निगमगणगीतः - વેદગણ વડે જેની સ્તુતિ થઈ રહી છે તેવા એ व्रजपतिः - વ્રજપતિ शरण्यः - શરણે જવા યોગ્ય, लोकेशः - લોકનાથ कृष्णः - શ્રીકૃષ્ણ मम - મારા अक्षि-विषयः - નેત્રોનો વિષય भवतु - બનો.

જ્યારે જગતમાં ક્ષોભ-ઉત્પાત મચાવી દે તેવી ધર્મહાનિ થાય છે, ત્યારે એ સકલ લોકોના સ્વામી પરમાત્મા પોતે અજન્મા હોવા છતાં પણ ધર્મસેતુને ટકાવી રાખવા માટે શરીર ધારણ કરે છે, (દેહધારી બની અવતરે છે.) આ પ્રભુ સજ્જનોના પાલક છે, નિર્મળ છે, વેદસમૂહ તેમનાં સ્તુતિગીતો ગાય છે. વ્રજાધીશ અને તે શરણે જવા યોગ્ય એવા, સર્વ લોકના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ મારાં નેત્રનો વિષય બની રહો ! (૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક પ્રતોમાં નીચેનો વધારાનો નીચેનો શ્લોક મળે છે -

इति हरिरखिलात्माराधितः शङ्करेण
श्रुतिविशदगुणोऽसौ मातृमोक्षार्थमाद्यः ।
यतिवरनिकटे श्रीयुक्त आविर्बभूव
स्वगुणवृत्त उदारः शङ्खचक्राब्जहस्तः ॥ ९ ॥

इति - આ રીતે, शंकरेण - શ્રીમદ્ શંકરાચાર્યે જ્યારે, अखिल-आत्मा - સર્વના આત્મા, श्रुति-विशद-गुणः - અને વેદોમાં નિરૂપિત નિર્મળ ગુણોવાળા असौ - આ आद्यः - આદિ हरिः - શ્રીકૃષ્ણ ભગવાનની मातृ-मोक्षार्थं - પોતાની માતાના મોક્ષાર્થે आराधितः - આરાધના કરી, ત્યારે, इति - એ સમયે, स्व-गण-वृतः - પોતાના પાર્ષદોથી વીંટળાએલ, शङ्ख-चक्र-अब्ज-हस्तः - હસ્તમાં શંખ, ચક્ર અને કમળને ધારણ કરનાર, श्रीयुक्तः - લક્ષ્મી સહિત उदारः - તે ઉદાર શ્રીકૃષ્ણ वरनिकटे - વરદાન આપવા માટે ત્યાં आविर्बभूव - પ્રકટ થયા હતા.

શ્રીશંકરાચાર્યે ,આ પ્રકારે જ્યારે, સર્વના આત્મા, વેદવર્ણિત નિર્મળ ગુણોવાળા આ આદિ પ્રભુની, પોતાની માતાના મોક્ષ માટે આરાધના કરી ત્યારે, પોતાના પાર્ષદોથી વીંટળાયેલ અને હાથમાં શંખ, ચક્ર તથા કમળ ધારણ કરેલા તે ઉદાર શ્રીકૃષ્ણ, તેમને વરદાન આપવા, લક્ષ્મી સહિત, ત્યાં પ્રકટ થયા ! (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''कृष्णाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''કૃષ્ણાષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ गोविन्दाष्टकम् ॥

सत्यं ज्ञानमनन्तं नित्यमनाकाशं परमाकाशं
गोष्ठप्राङ्गणरिङ्गणलोलमनायासं परमायासम् ।
मायाकल्पितनानाकारमनाकारं भुवनाकारं
क्ष्मामानाथमनाथं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ १ ॥

सत्यम् - સત્ય-સ્વરૂપ ज्ञानम् - જ્ઞાનમય अनन्तम् - અનંત नित्यम् - નિત્ય अनाकाशम् - આકાશથી પર परमाकाशम् - શ્રેષ્ઠ આકાશવાળા गोष्ठ-प्राङ्गण-रिङ्खण-लोलम् - ગમાણનાં આંગણામાં ભાંખોડિયા ભરતા ચંચળ अनायासम् - આયાસ-પ્રયત્નરહિત परमा-यासम् - ઉત્તમ પ્રયત્નવાળા माया-कल्पित-नाना-आकारम् - માયાથી કલ્પેલા અનેક આકારોવાળા अनाकारम् - આકારરહિત भुवनाकारम् - (ત્રણે) ભુવનોરૂપી આકારવાળા क्ष्मामानाथम् - પૃથ્વીના નાથ अनाथम् - જેનો કોઈ જ નાથ નથી તેવા परमानन्दम् - પરમાનંદ સ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

સત્યસ્વરૂપ, જ્ઞાનમય, અનંત, નિત્ય, આકાશથી પર, શ્રેષ્ઠ આકાશવાળા, ગમાણના આંગણામાં ભાખોડિયા ભરતા ચંચળ, પ્રયત્નરહિત, ઉત્તમ પ્રયત્નવાળા, માયાથી કલ્પેલા અનેક આકારોવાળા, આકારરહિત, પૃથ્વીના નાથ, જેનો કોઈ જ નાથ નથી તેવા, પરમાનંદ-સ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૧)

मृत्स्नामत्सीहेति यशोदाताडनशैशवसंत्रासं
व्यादितवक्त्रालोकितलोकालोकचतुर्दशलोकालिम् ।
लोकत्रयपुरमूलस्तम्भं लोकालोकमनालोकं
लोकेशं परमेशं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ २ ॥

इह - અહીં मृत्स्नाम् - માટી अत्सि - તું ખાય છે इति - એમ (કહીને) यशोदा-ताडन-शैशव-संत्रासम् - યશોદા મારવા માટે આવતાં બાળપણમાં સહજ એવા ગભરાટવાળા व्यादित-वक्त्र-आलोकित-लोका-अलोक-चतुर्दश-लोक-आलिम् - ઊઘાડેલાં મુખમાં દેખાતા લોક અને અલોક એવા ચૌદલોકના સમૂહવાળા लोक-त्रय-पुर-मूल-स्तम्भम् - ત્રણે લોકરૂપી નગરનાં મૂળ આધારભૂત સ્તંભ लोकेशम् - લોકના નાથ परमेशम् - પરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ परमानन्दम् - પરમાનંદ-સ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

'અહીં તું માટી ખાય છે?' એમ કહીને યશોદા મારવા માટે આવતાં બાળપણમાં સહજ એવા ગભરાટવાળા, ઊઘાડેલા મુખમાં દેખાતા લોક અને અલોક વગેરે ચૌદલોકના સમૂહવાળા, ત્રણે લોકરૂપી નગરના મૂળ આધારસ્તંભ, લોકના નાથ, પરમ ઈશ, પરમ આનંદ-સ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૨)

त्रैविष्टपरिपुवीरघ्नं क्षितिभारघ्नं भवरोगघ्नं
कैवल्यं नवनीताहारमनाहारं भुवनाहारम् ।
वैमल्यस्फुटचेतोवृत्तिविशेषाभासमनाभासं
शैवं केवलशान्तं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ३ ॥

त्रैविष्टप-रिपु-वीरघ्नम् - સ્વર્ગના દેવોના દુશ્મન એવા વીરોને મારનાર क्षिति-भार-घ्नं - પૃથ્વીના ભારનો નાશ કરનાર भव-रोग-ध्नम् - સંસારના રોગને હણનાર कैवल्यम् - મુક્તિરૂપ नवनीत-आहारम् - માખણ ખાનાર अनाहारम् - આહાર નહિ લેનાર भुवनाहारम् - (પ્રલયકાળે) ભુવનોનો આહાર કરનારા वैमल्य-स्फुट-चेतोवृत्ति-विशेष-आभासम् - નિર્મળ અને સ્પષ્ટ ચિત્તવૃત્તિમાં વિશેષરૂપે પ્રકાશિત થનાર अनाभासम् - ક્યાંય પ્રકાશિત નહિ થનાર शैवम् - કલ્યાણમય केवलशान्तम् - કેવળ શાંત परमानन्दम् - પરમ આનંદસ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

સ્વર્ગના દેવોના દુશ્મન એવા વીરોને મારનાર, પૃથ્વીના ભારનો નાશ કરનાર, સંસારના રોગને હણનાર, મુક્તિરૂપ, માખણ ખાનાર, આહાર નહિ લેનાર, (પ્રલય સમયે) ભુવનોનો આહાર કરનાર, નિર્મળ અને સ્પષ્ટ ચિત્તવૃત્તિમાં વિશેષરૂપે પ્રકાશિત થનાર, ક્યાંય પ્રકાશિત નહિ થનાર, કલ્યાણમય, કેવળ શાંત, પરમ-આનંદસ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૩)

गोपालं प्रभुलीलाविग्रहगोपालं कुलगोपालं
गोपीखेलनगोवर्धनधृतिलीलालालितगोपालम् ।
गोभिर्निगदितगोविन्दस्फुटनामानं बहुनामानं
गोधीगोचरदूरं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ४ ॥

गोपालम् - ગોવાળ प्रभुलीला-विग्रह-गोपालम् - લીલાથી દેહ ધારણ કરીને ગાયોનું રક્ષણ કરનાર પ્રભુ कुल-गोपालम् - કુળની પરંપરાના પાલક गोपी-खेलन-गोवर्धन-धृति-लीला-लालित-गोपालम् - ગોપીઓ સાથે રમનાર, ગોવર્ધનને ધારણ કરવાની લીલાથી ગોવાળોનું લાલન-પાલન કરનાર गोभिः - (વેદની) વાણીથી निगदित-गोविन्द-स्फुट-नामानम् - કહેવાયેલા 'ગોવિંદ' એવા સ્પષ્ટ નામવાળા बहुनामानम् - અનેક નામધારી गो-धी-गोचर-दूरम् - વાણી અને બુદ્ધિની મર્યાદાથી પર परमानन्दम् - પરમ આનંદસ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

(સ્વયં) ગોપાળ, લીલાથી દેહ ધારણ કરીને ગાયોનું રક્ષણ કરનાર પ્રભુ, કુળની પરંપરાના પાલક, ગોપીઓ સાથે રમનાર, ગોવર્ધનને ધારણ કરવાની લીલાથી ગોવાળોનું લાલન-પાલન કરનાર, (વેદની) વાણીથી કહેવાયેલા 'ગોવિંદ' એવાં સ્પષ્ટ નામવાળા, અનેક નામધારી, વાણી અને બુદ્ધિની મર્યાદાથી પર, પરમ આનંદસ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૪)

गोपीमण्डलगोष्ठीभेदं भेदावस्थमभेदामं
शश्वद्गोखुरनिर्धूतोद्गतधूलीधूसरसौभाग्यम् ।
श्रद्धाभक्तिगृहीतानन्दमचिन्त्यं चिन्तितसद्भावं
चिन्तामणिमहिमानं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ५ ॥

गोपी-मण्डन-गोष्ठी-भेदम् - ગોપીઓનાં મંડલમાં અનેક પ્રકારની ગોષ્ઠી કરનાર भेदावस्थम् - ભિન્ન ભિન્ન અવસ્થામાં રહેલા अभेदाभम् - છતાં ભેદરહિત આભાવાળા शश्वद्-गो-खुर-निर्धूतोद्गत-धूली-धूसर-सौभाग्यम् - સતત ગાયની ખરી વડે હલાવવાથી ઉપર ઊડેલી ધૂળથી ધૂસરિત થયેલા (મુખરૂપી) સૌભાગ્યવાળા श्रद्धा-भक्ति-गृहीत-आनन्दम् - શ્રદ્ધા અને ભક્તિથી પ્રાપ્ત થનાર આનંદવાળા अचिन्त्यम् - અચિંત્ય चिन्तित-सद्-भावम् - ચિંતિત સદ્ભાવવાળા चिन्तामणि-महिमानम् - ચિંતામણિ સમાન મહિમાવાળા परमानन्दम् - પરમ આનંદસ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

ગોપીઓનાં મંડલમાં અનેક પ્રકારની ગોષ્ઠી કરનાર, ભિન્ન ભિન્ન અવસ્થામાં રહેલા (છતાં) ભેદથી રહિત આભાવાળા, સતત ગાયની ખરી વડે હલાવવાથી ઉપર ઊડેલી ધૂળથી ધૂસરિત થયેલા (મુખરૂપી) સૌભાગ્યવાળા, શ્રદ્ધા અને ભક્તિથી પ્રાપ્ત થનાર આનંદવાળા, અચિંત્ય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંતિત સદ્ભાવવાળા (જેના અસ્તિત્વનું ચિંતન કરવામાં આવે છે તેવા) ચિંતામણિ સમાન મહિમાવાળા, પરમ આનંદસ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૫)

स्नानव्याकुलयोषिद्वस्त्रमुपादायागमुपारूढं
व्यादित्सन्तीरथ दिग्वस्त्रा दातुमुपाकर्षन्तं ताः ।
निर्धूतद्वयशोकविमोहं बुद्धं बुद्धेरन्तःस्थं
सत्तामात्रशरीरं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ६ ॥

स्नान-व्याकुल-योषिद्-वस्त्रम् - સ્નાન કરવામાં મગ્ન એવી ગોપીઓનાં વસ્ત્રોને उपादाय - લઈ अगम्-उपारूढम् - ઝાડ ઉપર ચઢી જનાર अथ - પછી व्यादित्सन्तीः - વસ્ત્રો પાછા મેળવવા ઈચ્છતી दिग्वस्त्राः - નગ્ન, દિશાઓરૂપી વસ્ત્રોવાળી ताः - તે વસ્ત્રોને दातुम् - આપવા માટે उपाकर्षन्तम् - પોતાની તરફ આકર્ષતા निर्धूत-द्वय-शोक-विमोहम् - શોક અને મોહ બંનેનો નાશ કરનાર बुद्धम्- બુદ્ધ, પ્રબુદ્ધ बुद्धेः - બુદ્ધિની अन्तस्थम् - અંદર રહેલા सत्तामात्र-शरीरम् - કેવળ અસ્તિત્વરૂપી શરીરવાળા परमानन्दम् - પરમ આનંદસ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

સ્નાન કરવામાં મગ્ન ગોપીઓનાં વસ્ત્રોને લઈને ઝાડ ઉપર ચઢી જનાર, પછી વસ્ત્રો પાછા મેળવવા ઈચ્છતી દિશાઓરૂપી વસ્ત્રોવાળી (નગ્ન) તે સ્ત્રીઓને વસ્ત્રો આપવા માટે પોતાની તરફ આકર્ષતા, શોક અને મોહ બંનેનો નાશ કરનાર, પ્રબુદ્ધ, બુદ્ધિની અંદર રહેલા, કેવળ અસ્તિત્વરૂપી શરીરવાળા, પરમ આનંદસ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૬)

कान्तं कारणकारणमादिमनादिं कालमनाभासं
कालिन्दीगतकालियशिरसि सुनृत्यन्तं मुहुरत्यन्तम् ।
कालं कालकलातीतं कलिताशेषं कलिदोषघ्नं
कालत्रयगतिहेतुं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ७ ॥

कान्तम् - કમનીય, સુંદર कारणकारणम् - કારણનું પણ કારણ आदिम् - સર્વના આદિ છતાં अनादिम् - સ્વયં અનાદિ, જેનો કોઈ આદિ નથી તેવા कालम् - કાળસ્વરૂપ अनाभासम् - આભાસરહિત कालिन्दी-गत-कालिय-शिरसि - કાલિન્દી એટલે યમુનામાં રહેલા કાલિયનાગના મસ્તક ઉપર सुनृत्यन्तम् - સારી રીતે નૃત્ય કરનાર, मुहुः - વારંવાર अत्यन्तम् - અંતરહિત कालम् - કાલસ્વરૂપ काल-कला-अतीतम् - કાલની કલાઓથી પર कलिताशेषम् - સંપૂર્ણ (જગતને) જાણનાર, સર્વજ્ઞ कलि-दोषघ्नम् - કળિયુગના દોષોનો નાશ કરનાર काल-त्रय-गति-हेतुम् - (ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા) ત્રણે પ્રકારના કાળની ગતિનું કારણ परमानन्दम् - પરમ આનંદસ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

કમનીય, કારણનું પણ કારણ, સર્વના આદિ, છતાં સ્વયં અનાદિ, યમુનામાં રહેલા કાલિય નાગના મસ્તક ઉપર વારંવાર સારી રીતે નૃત્ય કરનાર, અંતરહિત, કાલસ્વરૂપ, કાલની કલાઓથી પર, સર્વજ્ઞ, કળિયુગના દોષોનો નાશ કરનાર, ત્રણે પ્રકારના કાલની ગતિનું કારણ, પરમ આનંદસ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૭)

वृन्दावनभुवि वृन्दारकगणवृन्दाराधितवन्देऽहं
कुन्दाभामलमन्दस्मेरसुधानन्दं सुमहानन्दम् ।
वन्द्याशेषमहामुनिमानसवन्द्यानन्दपदद्वन्द्वं
वन्द्याशेषगुणाब्धिं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ८ ॥

वृन्दावन-भुवि - વૃંદાવનની ભૂમિમાં वृन्दारक-गण-वृन्दा-आराधित-वन्द्याया - વૃંદારક એટલે દેવોના સમૂહ વડે અને વૃન્દા(તુલસી)થી આરાધિત એવા કૃષ્ણને अहम् - હું वन्दे - વંદન કરું છું कुन्द-आभा-अमल-मन्द-स्मेर-सुधा-आनन्दम् - કુંદપુષ્પની નિર્મળ આભા જેવા મંદ મંદ મુસ્કાનમાં અમૃતરૂપી આનંદયુક્ત, सुमहानन्दम् - મહાન આનંદવાળા वन्द्य-अशेष-महा-मुनि-मानस-वन्द्य-आनन्द-पद-द्वन्द्वम् - વંદનીય એવા સઘળા મહાન મુનિઓનાં માનસ વડે વંદનીય આનંદમય ચરણયુગલવાળા वन्द्य-अशेष-गुण-अब्धिम् - વંદનીય-વંદન કરવા યોગ્ય સમગ્ર ગુણોના સાગર परमानन्दम् - પરમ આનંદસ્વરૂપ ભગવાન गोविन्दम् - ગોવિંદને प्रणमत - પ્રણામ કરો.

વૃંદાવનની ભૂમિમાં દેવોના સમૂહ અને તુલસીથી આરાધિત એવા શ્રીકૃષ્ણને હું પ્રણામ કરું છું. કુંદપુષ્પ (બટમોગરા)ની નિર્મળ આભા જેવા મંદ મંદ મુસ્કાનમાં રહેલાં અમૃતરૂપી આનંદયુક્ત, મહાન આનંદવાળા, વંદનીય એવા સઘળા મહાન ઋષિઓનાં માનસ વડે વંદનીય આનંદમય ચરણયુગલવાળા, વંદન કરવા યોગ્ય સમગ્ર ગુણોના સાગર, પરમ આનંદસ્વરૂપ ભગવાન ગોવિંદને પ્રણામ કરો. (૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गोविन्दाष्टकमेतदधीते गोविन्दार्पितचेता यो
गोविन्दाच्युत माधव विष्णो गोकुलनायक कृष्णेति ।
गोविन्दाङ्घ्रिसरोजध्यानसुधाजलधौतसमस्ताघो
गोविन्दं परमानन्दामृतमन्तस्थं स तमभ्येति ॥ ९ ॥

यः - જે गोविन्द-अर्पित-चेताः - ગોવિંદમાં ચિત્તને અર્પણ કરનાર एतत् - આ गोविन्दाष्टकम् - 'ગોવિંદાષ્ટક'નું अधीते - અધ્યયન કરે છે, પાઠ કરે છે અને गोविन्द - હે ગોવિન્દ ! अच्युत - હે અચ્યુત ! माधव - હે માધવ ! विष्णो - હે વિષ્ણુ ! गोकुलनायक - હે ગોકુળના નાયક ! कृष्ण - હે કૃષ્ણ ! इति - એમ (વારંવાર ઉચ્ચારે છે) તે गोविन्द-अंध्रि-सरोज-ध्यान-सुधा-जल-धौत-समस्त-अघः - ગોવિંદનાં ચરણકમળનાં ધ્યાનરૂપી અમૃતમય જળથી ધોવાઈ ગયેલાં સઘળાં પાપવાળો બની स - તે अन्तस्थम् - અંતરમાં રહેલાં अमृतम् - અમૃત परमानन्दम् - પરમ આનંદરૂપ ભગવાન तम् - તે गोविन्दम् - ગોવિન્દની अभ्येति - પાસે જાય છે.

જે ગોવિંદમાં ચિત્તને અર્પણ કરનાર (ભક્ત) આ 'ગોવિંદાષ્ટક'નો પાઠ કરે છે અને હે ગોવિંદ, હે અચ્યુત, હે માધવ, હે વિષ્ણુ, હે ગોકુલનાયક, હે કૃષ્ણ, એમ (વારંવાર ઉચ્ચારે છે), ગોવિંદનાં ચરણકમળનાં ધ્યાનરૂપી અમૃતમય જળથી ધોવાઈ ગયેલાં પાપવાળો બની, તે અંતરમાં રહેલા અમૃત, પરમ આનંદરૂપ તે ભગવાન ગોવિંદની પાસે જાય છે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''गोविन्दाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''ગોવિન્દાષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥
॥ पाण्डुरङ्गाष्टकम् ॥

महायोगपीठे तटे भीमरथ्या
वरं पुण्डरीकाय दातुं मुनीन्द्रैः ।
समागत्य तिष्ठन्तमानन्दकन्दं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ १ ॥

(મહારાષ્ટ્રનાં પંઢરપુરનાં પ્રસિદ્ધ કૃષ્ણમંદિરમાં વિરાજતા શ્રીકૃષ્ણ-વિઠ્ઠલેશના સ્વરૂપને 'પાંડુરંગ' નામે ભજવામાં આવે છે.)

महायोगपीठे - મહાન યોગીપીઠ રૂપ એવા भीमरथ्या - ભીમરથી નદીના तटे - કિનારે पुण्डरीकाय - પુંડરીકને वरं - વરદાન दातुं - આપવા मुनीन्द्रैः (સહ) - મુનિવરો સાથે समागत्य - પધારીને तिष्ठन्तं - ઊભેલા आनन्दकन्दम् - આનંદનું મૂળ એવા परब्रह्म-लिङ्गं - પરબ્રહ્મરૂપ पाण्डुरङ्गम् - શ્રીપાંડુરંગને भजे - હું ભજું છું.

ભીમરથી નદીના, મહાયોગપીઠ રૂપ તટ પર પુંડરીકને વરદાન આપવા માટે, મુનિવરો સાથે આવીને ઊભા રહી ગયેલા, આનન્દનાં મૂળ સ્રોત પરબ્રહ્મસ્વરૂપ એવા ભગવાન શ્રીપાંડુરંગને હું ભજું છું. (૧)

(નોંધ :- પુંડરીક ભગવાનનો પરમ ભક્ત તો હતો જ, પણ તે માતા, પિતાની પણ અનન્ય સેવા કરતો હતો. એની આવી સેવાથી ભગવાન પ્રસન્ન થઈ, એક વાર પુંડરીકને દર્શન આપી વરદાન આપવા સામે ચાલીને આવ્યા. ત્યારે પુંડરીક માતા-પિતાની સેવા કરી રહ્યો હતો, તેથી તેણે ભગવાનને થોડી વાર રાહ જોવા કહ્યું અને પ્રેમવશ પ્રભુ પુંડરીકે આપેલી એક ઈંટ ઉપર રાહ જોતા ઊભા રહ્યા, એવી કથા પ્રસિદ્ધ છે.)

तडिद्वाससं नीलमेघावभासं
रमामन्दिरं सुन्दरं चित्प्रकाशम् ।
वरं त्विष्टकायां समन्यस्तपादं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ २ ॥

तडिद्वाससं - વિદ્યુત જેવાં ઝળહળતાં પીતાંબર પહેરેલા, नीलमेघ-अवभासं - નીલ મેઘ જેવી કાંતિવાળા, सुन्दरं - સુંદર रमामन्दिरं - લક્ષ્મીનાં ગૃહમંદિર રૂપ અને चित्प्रकाशं - ચૈતન્યના અથવા જ્ઞાનના પ્રકાશવાળા, परं - શ્રેષ્ઠ तु - હોવા છતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ભક્ત પ્રત્યેના પ્રેમનાં કારણે) इष्टिकायां - ઈંટ ઉપર समन्यस्त-पादं - પગ મૂકી ઊભા રહેલા परब्रह्मलिङ्गं - પરબ્રહ્મસ્વરૂપ એવા पाण्डुरङ्गं - ભગવાન શ્રીપાંડુરંગને भजे - હું ભજું છું.

વિદ્યુત (સમાન ચમકતા) વસ્ત્રવાળા, નીલમેઘ જેવી કાંતિવાળા, સુંદર, લક્ષ્મીનાં ગૃહમંદિરરૂપ, ચૈતન્યના પ્રકાશવાળા, શ્રેષ્ઠ હોવા છતાં પણ (ભક્ત પ્રત્યેના પ્રેમનાં કારણે) ઈંટ ઉપર મૂકેલા પગવાળા પરબ્રહ્મસ્વરૂપ એવા ભગવાન પાંડુરંગને હું ભજું છું. (૨)

प्रमाणं भवाब्धेरिदं मामकानां
नितम्बः कराभ्यां धृतो येन तस्मात् ।
विधातुर्वसत्यै धृतो नाभिकोशः
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ ३ ॥

मामकानां - મારા ભક્તોના भवाब्धेः - ભવસાગરનું इदं - આ प्रमाणम् - પ્રમાણ છે, એમ સૂચવવા માગે છે, तस्मात् - તેથી येन - જેમણે कराभ्यां - બન્ને હાથ વડે नितम्बः - નિતમ્બ-પ્રદેશને धृतः - ધારણ કર્યો છે અને विधातुः - બ્રહ્માના वसत्यै - નિવાસ માટે જેમણે नाभिकोशः - નાભિકોશ धृतः - ધારણ કર્યો છે. તેવા परब्रह्म-लिङ्गं - પરબ્રહ્મસ્વરૂપ पाण्डुरंगं - ભગવાન શ્રીપાંડુરંગને भजे - હું ભજું છું.

''મારા ભક્તોના ભવસાગરનું આ પ્રમાણ, માપ છે,'' - એવું સૂચવવા માટે શ્રીપાંડુરંગે પોતાના બન્ને હાથ વડે નિતમ્બ પ્રદેશને ધારણ કર્યો છે તથા બ્રહ્માના નિવાસ માટે જ એમણે પોતાનો નાભિકોશ (નાભિમાં વિશાળ કમળ પ્રગટ કરી તેને) ધારણ કર્યો છે, એવા પરબ્રહ્મસ્વરૂપ ભગવાનશ્રી પાંડુરંગને હું ભજું છું. (૩)

स्फुरत्कौस्तुभालंकृतं कण्ठदेशे
श्रिया जुष्टकेयूरकं श्रीनिवासम् ।
शिवं शान्तमीड्यं वरं लोकपालं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ ४ ॥

कण्ठदेशे - કંઠમાં स्फुरत् - कौस्तुभ - अलंकृतम् - ઝળહળતા કૌસ્તુભ મણિથી શણગારાયેલા, जुष्टकेयूरकं - બાજુબંધ ધારણ કરેલા श्रिया - લક્ષ્મીથી સેવાતા, श्रीनिवासम् - અને લક્ષ્મીનું નિવાસસ્થાન એવા शिवं - કલ્યાણકારી, शान्तं - શાંત, ईड्यम् - પૂજનીય, वरं - શ્રેષ્ઠ, लोकपालं - લોકપાલ परब्रह्म-लिङ्गं - પરબ્રહ્મ-સ્વરૂપ पाण्डुरंगं - ભગવાન શ્રીપાંડુરંગને भजे - હું ભજું છું.

ઝળહળતા કૌસ્તુભ મણિથી શણગારાયેલા, બાજુબંધવાળા, લક્ષ્મીથી સેવાતા, લક્ષ્મીના સ્થાનરૂપ, કલ્યાણકારી, શાંત, પૂજનીય, શ્રેષ્ઠ લોકપાલ એવા પરબ્રહ્મસ્વરૂપ ભગવાન પાંડુરંગને હું ભજું છું. (૪)

शरच्चन्द्रबिम्बाननं चारुहासं
लसत्कुण्डलाक्रान्तगण्डस्थलान्तम् ।
जपारागबिम्बाधरं कञ्जनेत्रं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ ५ ॥

शरत्-चन्द्र-बिम्ब-आननं - શરદ ઋતુના (પૂર્ણ) ચન્દ્ર - બિમ્બ જેવું જેમનું વદન છે, चारुहासं - જે મધુર સ્મિત કરી રહ્યા છે, लसत्कुण्डल-आक्रान्त-गण्डस्थल-अन्तम् - ચળકતાં કુંડલોથી જેમના ગાલ દબાયેલા છે, जपाराग-बिम्ब-अधरं - જેમનો અધરોષ્ઠ જપાપુષ્પ અને બિમ્બફલ જેવો લાલ છે, कञ्जनेत्रं - જેમનાં નેત્ર કમળ સમાન છે તેવા परब्रह्मलिङ्गं - પરબ્રહ્મસ્વરૂપ पाण्डुरंगं - ભગવાન પાંડુરંગને भजे - હું ભજું છું.

શરદઋતુના પૂર્ણચંદ્ર જેવા વદનવાળા, મધુરસ્મિત-વાળા, ચળકતા કુંડલોથી દબાયેલા ગાલવાળા, જપાપુષ્પ અને બિંબફળ જેવા અધરોષ્ઠવાળા, કમળસમાન નેત્રવાળા, ભગવાન પાંડુરંગને હું ભજું છું. (૫)

किरीटोज्ज्वलत्सर्वदिक्प्रान्तभागं
सुरैरर्चितं दिव्यरत्नैरनर्घैः ।
त्रिभङ्गाकृतिं बर्हमाल्यावतंसं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ ६ ॥

किरीट-उज्ज्वलत्-सर्व-दिक्-प्रान्त-भागं - મુકુટ વડે સર્વ દિશાઓના છેડાઓને પ્રકાશિત કરી રહેલા, अनर्घैः - અત્યંત મૂલ્યવાન दिव्यरत्नैः - દિવ્ય રત્નોથી सुरैः - દેવો વડે अर्चितं - જેમનું અર્ચન થાય છે, त्रिभङ्गाकृतिं - ત્રિભંગ આકૃતિ-સ્વરૂપ વાળા અને बर्ह-माल्य-अवतंसं - મોરપીંછ અને પુષ્પમાળાઓથી અલંકૃત એવા परब्रह्मलिङ्गं - પરબ્રહ્મસ્વરૂપ पाण्डुरंगं - ભગવાન પાંડુરંગને भजे - હું ભજું છું.

મુકુટ વડે સર્વ દિશાઓના છેડાઓને પ્રકાશિત કરનાર, અત્યંત મૂલ્યવાન દિવ્ય રત્નોથી દેવો વડે અર્ચિત, ત્રિભંગ આકૃતિવાળા, મોરપીંછ અને પુષ્પમાળાઓથી અલંકૃત એવા પરબ્રહ્મસ્વરૂપ ભગવાન પાંડુરંગને હું ભજું છું. (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विभुं वेणुनादं चरन्तं दुरन्तं
स्वयं लीलया गोपवेषं दधानम् ।
गवां वृन्दकानन्ददं चारुहासं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ ७ ॥

विभुं - વ્યાપક वेणुनादं - બંસરીવાદન કરતાં કરતાં चरन्तं - વિહરતા, दुरन्तं - જેમનાં સ્વરૂપને જાણવું દુષ્કર છે એવા અથવા જેમને પામવા દુષ્કર છે એવા, लीलया - લીલા કરીને स्वयं - જાતે જ गोपवेषं - ગોપવેશને दधानं - ધારણ કરી રહેલા गवां - ગાયોનાં वृन्दक-आनन्दद - ધણને આનંદ આપતા અને चारुहासं - મધુરૂં સ્મિત કરતા એ परब्रह्म-लिङ्गं - પરબ્રહ્મસ્વરૂપ पाण्डुरङ्गं - ભગવાન પાંડુરંગને भजे - હું ભજું છું.

વ્યાપક, બંસરી બજાવનાર, વિહરતા, પામવા દુષ્કર, લીલાપૂર્વક જાતે જ ગોપવેશને ધારણ કરનાર, ગાયોના ધણને આનંદ આપનાર, મધુર સ્મિતવાળા એ પરબ્રહ્મસ્વરૂપ ભગવાન પાંડુરંગને હું ભજું છું. (૭)

अजं रुक्मिणीप्राणसंजीवनं तं
परं धाम कैवल्यमेकं तुरीयम् ।
प्रसन्नं प्रपन्नार्तिहरं देवदेवं
परब्रह्मलिङ्गं भजे पाण्डुरङ्गम् ॥ ८ ॥

अजं - અજન્મા, रुक्मिणी-प्राण-संजीवनं - રુક્મિણિના પ્રાણાધાર, तं - એવા તે परं - પરમ धाम - ધામ, कैवल्यं - કેવલ જ્ઞાનસ્વરૂપ एकं - એક અને तुरीयं - (સ્વપ્ન, સુષુપ્તિ અને જાગ્રત્ એ ત્રણેય અવસ્થાથી પર એવી) ચતુર્થ અવસ્થામાં જ જેનો સાક્ષાત્કાર થઈ શકે એવા, प्रसन्नं - પ્રસન્ન, प्रपन्न-आर्तिहरं - શરણે આવેલાનું દુઃખ હરનારા, देवदेवं - દેવાધિદેવ परब्रह्म-लिङ्गं - પરબ્રહ્મસ્વરૂપ पाण्डुरङ्गं - ભગવાન પાંડુરંગને भजे - હું ભજું છું.

અજન્મા રુક્મિણિના પ્રાણાધાર પરમ ધામ, કેવલ જ્ઞાનરૂપ, એક ચતુર્થ અવસ્થામાં જેનો સાક્ષાત્કાર થઈ શકે તેવા પ્રસન્ન શરણાગતના દુઃખ હરનારા, દેવાધિદેવ પરબ્રહ્મસ્વરૂપ ભગવાન પાંડુરંગને હું ભજું છું. (૮)

स्तवं पाण्डुरङ्गस्य वै पुण्यदं ये
पठन्त्येकचित्तेन भक्त्या च नित्यम् ।
भवाम्भोनिधिं ते वितीर्त्वान्तकाले
हरेरालयं शाश्वतं प्राप्नुवन्ति ॥ ९ ॥

पाण्डुरंगस्य - પાંડુરંગનાં (આ) पुण्यदं - પુણ્યદાયી स्तवं - સ્તોત્રનો, ये - જેઓ एकचित्तेन - એકચિત્તે नित्यं - નિત્ય पठन्ति - પાઠ કરે છે, ते - તેઓ भवाम्भोनिधिं - ભવસાગરને वितीर्त्वा - સારી રીતે પાર કરીને अन्तकाले - અંતકાળે हरेः - શ્રીહરિના शाश्वतं - શાશ્વત आलयं - ધામને प्राप्नुवन्ति - પામે છે.

ભગવાન પાંડુરંગનાં આ પુણ્યદાયી સ્તોત્રનો જેઓ એકચિત્ત થઈ નિત્ય પાઠ કરે છે, તેઓ ભવસાગર સારી રીતે પાર કરીને અંતકાળે શ્રીહરિના સનાતન ધામને પ્રાપ્ત કરે છે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''पाण्डुरङ्गाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''પાંડુરંગાષ્ટકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥
॥ अर्धनारीश्वरस्तोत्रम् ॥

चाम्पेयगौरार्धशरीरकायै
कर्पूरगौरार्धशरीरकाय ।
धम्मिल्लकायै च जटाधराय
नमः शिवायै च नमः शिवाय ॥ १ ॥

चाम्पेय-गौर-अर्ध-शरीरकायै - ચંપક જેવા ગૌર અર્ધ દેહવાળાંને कर्पूर-गौरार्ध-शरीर काय - કપૂર જેવા ગૌર અર્ધ દેહવાળાને धम्मिल्लकायै - કેશપાશવાળાંને च - અને जटाधराय - જટાધારીને शिवायै नमः - પાર્વતીને નમસ્કાર शिवाय नमः - શિવને નમસ્કાર અહીં એક વિશેષણ પાર્વતીને અને બીજું શિવને લાગુ પડે છે.

ચંપક (પુષ્પ) સમા ગૌર અર્ધ દેહવાળાં અને કપૂર જેવા ઊજળા અર્ધ દેહવાળા, કેશપાશધારિણી તેમ જ જટાધારી એવાં, પાર્વતીને નમસ્કાર ! તેમ જ શિવને અનુક્રમે નમસ્કાર ! (૧)

कस्तूरिकाकुङ्कुमचर्चितायै
चितारजःपुञ्जविचर्चिताय ।
कृतस्मरायै विकृतस्मराय
नमः शिवायै च नमः शिवाय ॥ २ ॥

कस्तूरिकाकुङ्कुम-चर्चितायै - કસ્તુરી (અને) કુંકુમનો લેપ કરેલાંને चिता-रजः-पुञ्ज-विचर्चिताय - ચિતાની ભસ્મનો પુંજ ચોળેલાને कृत-स्मरायै - કામને ઉત્પન્ન કરનાર विकृतस्मराय - કામને વિકૃત (=નષ્ટ) કરનારને.

કસ્તૂરી-કુંકુમનો લેપ કરેલાં અને ચિતાની ભસ્મના ઢગલા (શરીરે) ચોળેલા, કામને જન્માવનાર અને કામનો નાશ કરનાર એવાં, પાર્વતીને તેમ જ શિવને અનુક્રમે નમસ્કાર ! (૨)

झणत्क्वणत्कङ्कणनूपुरायै
पादाब्जराजत्फणिनूपुराय ।
हेमाङ्गदायै भुजगाङ्गदाय
नमः शिवायै च नमः शिवाय ॥ ३ ॥

झणत्-क्वणत्-कङ्कण-नूपुरायै - ખણકતાં તેમ જ રણઝણતાં કંકણો અને નૂપુરો વાળાંને पादाब्ज-राजत्-फणि-नूपुराय - ચરણકમળમાં શોભે છે જેનાં નાગરૂપી નૂપુરો એવા, हेमाङ्गदायै - સોનાના બાજુબંધ વાળાં भुजग-अङ्गदाय - સર્પના બાજુબંધવાળાને.

ખણકતાં કંકણો તેમ જ રણકતાં નૂપુરોવાળાં અને ચરણ-કમળમાં શોભતા નાગરૂપી નૂપુરોવાળા, સોનાના બાજુબંધવાળાં તથા સાપના બાજુબંધવાળા; પાર્વતીને તથા શિવને અનુક્રમે, નમસ્કાર ! (૩)

विशालनीलोत्पललोचनायै
विकासिपङ्केरुहलोचनाय ।
समेक्षणायै विषमेक्षणाय
नमः शिवायै च नमः शिवाय ॥ ४ ॥

विशाल-नीलोत्पल-लोचनायै - વિશાળ શ્યામકમળ જેવાં લોચનવાળાંને विकासि-पङ्केरुह-लोचनाय - ખીલેલાં રક્તકમળ જેવા લોચનવાળાને समेक्षणायै - સમ(બેકી-બે, સમભાવયુક્ત) દષ્ટિવાળાં (પ્રસન્ન)ને विषमेक्षणाय - વિષમ (અસમાન, એકી-ત્રણ, કઠોર) દષ્ટિવાળાને.

વિશાળ નીલકમળ જેવાં લોચનવાળાં તથા ખીલેલાં રક્તકમળ જેવાં લોચનવાળા, સમદષ્ટિવાળાં તથા વિષમ દષ્ટિવાળાં પાર્વતી-શિવને અનુક્રમે, નમસ્કાર ! (૪)

मन्दारमालाकलितालकायै
कपालमालाङ्कितकन्धराय ।
दिव्याम्बरायै च दिगम्बराय
नमः शिवायै च नमः शिवाय ॥ ५ ॥

मन्दार-माला-कलित-अलकायै - મન્દાર(પુષ્પો)ની માળાથી શોભતી, અલકલટોવાળાંને कपाल-माला-अङ्कित-कन्धराय - ખોપરીઓની માળાથી અંકાયેલી ડોકવાળાને दिव्याम्बरायै - દિવ્ય વસ્ત્રો ધારેલાંને दिगम्बराय - દિશારૂપી વસ્ત્ર ધારેલાને, દિગમ્બરને.

મન્દારમાળાથી શોભતી અલકલટોવાળાં અને દિવ્ય-વસ્ત્રધારિણી તથા ડોકે ખોપરીઓની માળા ધારણ કરતા અને દિગમ્બર એવાં શિવા-શિવને અનુક્રમે, નમસ્કાર ! (૫)

अम्भोधरश्यामलकुन्तलायै
तटित्प्रभाताम्रजटाधराय ।
निरीश्वरायै निखिलेश्वराय
नमः शिवायै च नमः शिवाय ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अम्भो-धर-श्यामल-कुन्तलाय - જળધર (મેઘ) જેવા શ્યામ કેશવાળાંને तडित्-प्रभा-ताम्र-जटाधराय - વીજળીનાં તેજ જેવી લાલ જટા ધારણ કરનારને निरीश्वरायै - જેના કોઈ માલિક નથી એવાં (જે પોતે ઈશ્વરરૂપ છે) निखिलेश्वराय - સકળ-(પદાર્થ)ના સ્વામીને.

મેઘશ્યામ કેશલટોવાળાં ઈશ્વરરૂપિણી તથા વિદ્યુત્પ્રભા સમી લાલ જટા ધારણ કરતા નિખિલના સ્વામી એવાં પાર્વતી તથા શિવને અનુક્રમે વંદન હો ! (૬)

प्रपञ्चसृष्टयुन्मुखलास्यकायै
समस्तसंहारकताण्डवाय ।
जगज्जनन्यै जगदेकपित्रे
नमः शिवायै च नमः शिवाय ॥ ७ ॥

प्रपञ्च-सृष्टि-उन्मुख-लास्यकायै - (સંસાર) પ્રપંચનું સર્જન કરવાનાં લક્ષ્યવાળું લાસ્ય (મધુર) નૃત્ય કરનારાંને समस्त-संहारक-ताण्डवाय - સમસ્ત(વિશ્વ)નાં સંહારકારી તાણ્ડવ નૃત્ય કરનારને जगद्-जनन्यै - જગતનાં જનનીને जगद्-एक-पित्रे - જગત્‌ના એકમાત્ર પિતાને.

સંસારસર્જનનાં લક્ષ્યવાળું લાસ્ય-નૃત્ય પ્રકટ કરતાં જગજ્જનનીને, તેમ જ સમસ્તનો સંહાર કરનાર તાંડવ-નૃત્યધારી એક માત્ર જગત્પિતા એવાં પાર્વતી અને શિવને અનુક્રમે પ્રણામ ! (૭)

प्रदीप्तरत्नोज्ज्वलकुण्डलायै
स्फुरन्महापन्नगभूषणाय ।
शिवान्वितायै च शिवान्विताय
नमः शिवायै च नमः शिवाय ॥ ८ ॥

प्रदीप्त-रत्न-उज्ज्वल-कुण्डलायै - તેજસ્વી રત્નોથી ઉજ્જ્વળ કુણ્ડલોવાળાંને स्फुरन्-महा-पन्नग-भूषणाय - લપકતા સર્પરાજરૂપી આભૂષણવાળાને शिव-अन्वितायै - શિવથી યુક્ત, શિવ સાથે સંયોજાયેલાંને शिवा-अन्विताय - શિવા સાથે યોજાયેલને.

દેદીપ્યમાન રત્નોથી ઉજ્જ્વળ કુણ્ડલો ધારણ કરતાં અને શિવ સાથે સંયોજાયેલાં પાર્વતીને તથા લપકતા નાગરાજરૂપી આભૂષણોવાળા અને શિવા સાથે સંયોજાયેલા શિવને અનુક્રમે, (મારાં પુનઃ પુનઃ) નમસ્કાર. (૮)

एतत्पठेदष्टकमिष्टदं यो
भक्त्या स मान्यो भुवि दीर्घजीवी ।
प्राप्नोति सौभाग्यमनन्तकालं
भूयात्सदा तस्य समस्तसिद्धिः ॥ ९ ॥

यः - જે एतत् - આ अष्टकम् - અષ્ટકનો भक्त्या - ભક્તિપૂર્વક पठेत् - પાઠ કરે स - તે भुवि - પૃથ્વી પર मान्यः - સમ્માનને પાત્ર दीर्घजीवी - લાંબું જીવનારો (થશે) અને अनन्त-कालम् - અનન્તકાળ સુધી सौभाग्यम् - સૌભાગ્યને प्राप्नोति - પ્રાપ્ત કરશે तस्य - તેને सदा - હંમેશાં समस्त-सिद्धि - સઘળી સિદ્ધિઓ भूयात् - પ્રાપ્ત થશે.

આ 'અષ્ટક'નો જે ભક્તિપૂર્વક પાઠ કરશે, તે આ પૃથ્વી પર સંમાનનીય અને દીર્ઘજીવી થઈ અનંતકાળ સુધી સૌભાગ્યને પ્રાપ્ત કરશે, અને તેને સદા સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''अर्धनारीश्वरस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''અર્ધનારીશ્વરસ્તોત્રમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ गुर्वष्टकम् ॥

शरीरं सुरूपं तथा वा कलत्रं
यशश्चारु चित्रं धनं मेरुतुल्यम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ १ ॥

सुरूपम् - સુડોળ शरीरम् - શરીર वा અથવા कलत्रम् - પત્ની चारु - રૂપાળી चित्रम् - અનેક પ્રકારની यशः - કીર્તિ मेरुतुल्यम् - મેરુ પર્વત સમાન धनम् - ધન હોય चेत् - પણ જો गुरोः - ગુરુદેવના अङ्घ्रि-पद्मे - ચરણકમળમાં मनः - મન, न लग्नम् - લાગ્યું ન હોય ततः किम् - તો શું ? અર્થાત્ એ બધું શું કામનું ?

સુડોળ રૂપવાળું શરીર અથવા રૂપાળી પત્ની, સુંદર અને અનેક પ્રકારની કીર્તિ કે મેરુ પર્વત સમાન ધન હોય, પણ જો ગુરુદેવનાં ચરણ-કમળમાં મન લાગ્યું ન હોય તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૧)

कलत्रं धनं पुत्रपौत्रादि सर्वं
गृहं बान्धवाः सर्वमेतद्धि जातम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ २ ॥

कलत्रम् - પત્ની धनम् - ધન सर्वम् - સઘળું पुत्र-पौत्रादि - પુત્રપૌત્ર વગેરે, गृहम् - ઘર बान्धवाः - સગાસંબંધીઓ, ભાઈઓ एतत् सर्वम् - આ બધું जातम् - જન્મેલું, પેદા થયેલું मनः - વગેરે શ્લોક ૧ મુજબ.

પત્ની, સઘળું ધન, પુત્રપૌત્ર, ઘર, સંબંધીઓ અને આ (જગતમાં) પેદા થયેલું બધું જ હોય, પરંતુ જો ગુરુદેવનાં ચરણકમળમાં મન લાગ્યું ન હોય તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૨)

षडङ्गादिवेदो मुखे शास्त्रविद्या
कवित्वादि गद्यं सुपद्यं करोति ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ३ ॥

षड्-अङ्गा-आदि-वेदः - છ અંગ વગેરે સાથેના વેદ, શિક્ષા, કલ્પ, નિરુકત, વ્યાકરણ, છંદ અને જ્યોતિષ-આ વેદનાં છ અંગો કહેવાય છે. मुखे - મુખમાં હોય, મોઢે હોય शास्त्रविद्या - શાસ્ત્રોની વિદ્યા कवित्व-आदि - કવિત્વ વગેરે गद्य - ગદ્ય અને सुपद्य - સારું પદ્ય करोति - કરે मनः - વગેરે શ્લોક ૧ મુજબ.

અંગો સહિત છ વેદો મોઢે હોય, શાસ્ત્રવિદ્યા જાણતો હોય, કવિત્વ હોય અને સુંદર પદ્ય અને ગદ્ય સહિત રચના કરતો હોય, પણ જો મન ગુરુનાં ચરણકમળમાં ન લાગ્યું હોય તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૩)

विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः
सदाचारवृत्तेषु मत्तो न चान्यः ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ४ ॥

विदेशेषु - વિદેશોમાં मान्यः - માન્યતા પામ્યો હોય स्वदेशेषु - પોતાના દેશમાં धन्यः - ધન્ય ધન્ય થયો હોય च - અને सदाचारवृत्तेषु - સદ્-આચારમય જીવનમાં मत्तः - મત્ત હોય, લાગેલો હોય, न अन्य :- તેના જેવો બીજો કોઈ હોય નહિ.

વિદેશોમાં માન્યતા પામ્યો હોય, પોતાના દેશમાં ધન્ય ધન્ય થયો હોય અને સદાચારમય જીવનમાં લાગેલો હોય, તેના જેવો બીજો કોઈ ન હોય, પણ જો મન ગુરુનાં ચરણકમળમાં લાગ્યું ન હોય તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૪)

क्षमामण्डले भूपभूपालवृन्दैः
सदा सेवितं यस्य पादारविन्दम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ५ ॥

क्षमा-मण्डले - પૃથ્વીનાં મંડલમાં भूप-भूपाल-वृन्दैः - રાજા અને પૃથ્વીના પાલકોના સમૂહ વડે यस्य - જેનું पादारविन्दम् - ચરણકમળ सदा - હંમેશાં सेवितम् - સેવવામાં આવ્યું હોય પણ मनः - વગેરે શ્લોક ૧ મુજબ.

પૃથ્વીનાં મંડલમાં રાજા અને પૃથ્વીના પાલકોના સમૂહ વડે જેનું ચરણકમળ હંમેશાં સેવવામાં આવ્યું હોય, પણ જો તેનું મન ગુરુના ચરણકમળમાં લાગ્યું ન હોય તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यशो मे गतं दिक्षु दानप्रतापा-
ज्जगद्वस्तु सर्वं करे यत्प्रसादात् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ६ ॥

दान-प्रतापात् - દાનના પ્રતાપથી मे - મારો यशः - યશ, કીર્તિ दिक्षु - (ચારે) દિશાઓમાં गतम् - ગઈ હોય, વ્યાપી હોય यत् - જેની प्रसादात् - કૃપાથી सर्व - બધી जगत्-वस्तु - જગતની વસ્તુ करे - હાથમાં આવી ગઈ હોય मनः - શ્લોક ૧ મુજબ.

દાનના પ્રતાપથી મારી કીર્તિ (ચારે) દિશાઓમાં ફેલાઈ ગઈ હોય અને જેની કૃપાથી સઘળી જગતની વસ્તુ મારા હાથમાં આવી ગઈ હોય, પણ તે ગુરુનાં ચરણકમળમાં જો મન લાગ્યું ન હોય તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૬)

न भोगे न योगे न वा वाजिराजौ
न कान्तामुखे नैव वित्तेषु चित्तम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ७ ॥

भोगे न - ભોગમાં નહીં योगे न - યોગમાં નહિ वा - અથવા वाजिराजौ न - ઘોડાઓની હારમાળામાં નહિ कान्तामुखे - પત્નીનાં મુખમાં वित्तेषु - ધનમાં चित्तम् - મન न एव - નહીં मनः - વગેરે શ્લોક ૧ મુજબ.

ભોગમાં નહીં, યોગમાં નહીં, ઘોડાઓની હારમાળામાં નહીં, પત્નીનાં મુખમાં કે ધનમાં ચિત્ત લાગ્યું હોય જ નહીં, પણ જો મન ગુરુનાં ચરણકમળમાં ન લાગ્યું તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૭)

अरण्ये न वा स्वस्य गेहे न कार्ये
न देहे मनो वर्तते मे त्वनर्घ्ये ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥ ८ ॥

अरण्ये-न - જંગલમાં નહીં स्वस्य - પોતાના गेहे - ઘરમાં कार्ये - કાર્યમાં ન देहे - દેહમાં નહીં मे - મારું मनः - મન तु - પણ अनर्घ्ये - અપવિત્ર વાતમાં ન वर्तते - લાગતું નથી मनः - વગેરે શ્લોક ૧ મુજબ.

જંગલમાં નહીં, પોતાનાં ઘરમાં કે કાર્યમાં નહીં, દેહમાં નહીં, તેમ જ મારું મન અપવિત્ર વાતમાં લાગતું નથી, છતાં જો મન ગુરુનાં ચરણકમળમાં ન લાગ્યું તો શું ? તો શું ? તો શું ? તો શું ? (૮)

गुरोरष्टकं यः पठेत्पुण्यदेही
यतिर्भूपतिर्ब्रह्मचारी च गेही ।
लभेद्वाञ्छितार्थं पदं ब्रह्मसंज्ञं
गुरोरुक्तवाक्ये मनो यस्य लग्नम् ॥ ९ ॥

यः - જે पुण्यदेही - પવિત્ર દેહવાળો यतिः - યતિ भूपतिः - રાજા ब्रह्मचारी - બ્રહ્મચારી गेही - ગૃહસ્થ गुरोः अष्टकम् - ગુરુનાં અષ્ટકનો पठेत् - પાઠ કરે અને गुरोः - ગુરુનાં उक्तवाक्ये - દ્વારા કહેવાયેલ વાક્યમાં यस्य - જેનું मनः - મન लग्नम् - લાગ્યું હોય स - તે ब्रह्मसंज्ञम् - બ્રહ્મ નામનું वाञ्छितार्थम् - જેની ઈચ્છા કરવામાં આવ્યું છે તેવું पदम् - સ્થાન लभेत् - प्राप्त કરશે.

જે પવિત્ર દેહવાળો યતિ, રાજા, બ્રહ્મચારી કે ગૃહસ્થી, ગુરુનાં 'અષ્ટક'નો પાઠ કરશે અને ગુરુએ કહેલાં વાક્યમાં જેનું મન લાગ્યું હશે, તે ઈચ્છેલા 'બ્રહ્મ' નામનાં સ્થાનને પ્રાપ્ત કરશે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ "गुर्वष्टकम्" संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં 'ગુર્વષ્ટકમ્' સંપૂર્ણ.



Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ कालभैरवाष्टकम् ॥

देवराजसेव्यमानपावनाङ्घ्रिपङ्कजं
व्यालयज्ञसूत्रमिन्दुशेखरं कृपाकरम् ।
नारदादियोगिवृन्दवन्दितं दिगम्बरं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ १ ॥

देवराज-सेव्यमान-पावन-आङ्घ्रि-पङ्कजम् - દેવરાજ ઈન્દ્ર દ્વારા સેવાતા પવિત્ર ચરણકમળવાળા व्याल-यज्ञसूत्रम् - સર્પરૂપી જનોઈવાળા इन्दुशेखरम् - મસ્તક પર ચંદ્રવાળા कृपाकरम् - કૃપા કરનાર नारद-आदि-योगिवृन्द-वन्दितम् - નારદજી વગેરે યોગીઓના સમૂહથી વંદન કરાયેલા दिगम्बरम् - દિશાઓરૂપી વસ્ત્રોવાળા काशिकापुर-अधिनाथ-कालभैरवम् - કાશીનગરના સ્વામી કાલભૈરવની भजे - હું સેવા કરું છું.

દેવરાજ ઈન્દ્ર દ્વારા સેવાતાં પવિત્ર ચરણકમળવાળા, સાપની જનોઈવાળા, મસ્તક પર ચંદ્રવાળા, કૃપા કરનાર, નારદજી વગેરે યોગીઓના સમૂહથી વંદન કરાયેલા, દિશાઓરૂપી વસ્ત્રોવાળા, કાશીનગરના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૧)

भानुकोटिभास्वरं भवाब्धितारकं परं
नीलकण्ठमीप्सितार्थदायकं त्रिलोचनम् ।
कालकालमम्बुजाक्षमक्षशूलमक्षरं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ २ ॥

भानु-कोटि-भास्वरम् - કરોડો સૂર્ય સમાન તેજસ્વી भवाब्धि-तारकम् - ભવસાગરમાંથી ઉગારનાર परम् - શ્રેષ્ઠ, ઉત્તમ नीलकण्ठम् - નીલકંઠ ईप्सित-अर्थ-दायकम् - ધારેલી-ઈચ્છેલી વસ્તુ આપનાર त्रिलोचनम् - ત્રિલોચન, ત્રણ આંખોવાળા कालकालम् - કાળના પણ કાળ अम्बुजाक्षम् - કમલનેત્ર अक्षशूलम् - રુદ્રાક્ષ અને શૂલને ધારણ કરનાર अक्षरम् - અક્ષર काशिकापुरा० - શ્લોક ૧ મુજબ.

કરોડો સૂર્ય સમાન તેજસ્વી, ભવસાગરમાંથી ઉગારનાર, શ્રેષ્ઠ, નીલકંઠ, ઈચ્છેલી વસ્તુ આપનાર, ત્રિલોચન, કાળના પણ કાળ, કમલનેત્ર, રુદ્રાક્ષ અને શૂલને ધારણ કરનાર, અક્ષર, એવા કાશીનગરના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૨)

शूलटङ्कपाशदण्डपाणिमादिकारणं
श्यामकायमादिदेवमक्षरं निरामयम् ।
भीमविक्रमं प्रभुं विचित्रताण्डवप्रियं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ ३ ॥

शूल-टङ्क-पाश-दण्ड-पाणिम् - ત્રિશૂલ, ટાંકણું, પાશ, અને દંડયુક્ત હાથવાળા, आदिकारणम् - (જગતનું) આદિ કારણ, श्याम-कायम् -શ્યામકાય, કાળા દેહવાળા आदि-देवम् - આદિ દેવ अक्षरम् - અક્ષર निरामयम् - નીરોગી भीम-विक्रमम् - ભયંકર પરાક્રમવાળા प्रभुम् - પ્રભુ विचित्र-ताण्डव-प्रियम् - અનેક પ્રકારનું તાંડવનૃત્ય જેને પ્રિય છે તેવા काशिकापुरा० - શ્લોક ૧ મુજબ.

ત્રિશૂલ, ટાંકણું, પાશ અને દંડયુક્ત હાથવાળા, (જગતનું) આદિ કારણ, શ્યામકાય, આદિ દેવ, અક્ષર, નીરોગી, ભયંકર પરાક્રમવાળા, પ્રભુ અને જેને અનેક પ્રકારનું તાંડવનૃત્ય પ્રિય છે તેવા, કાશીનગરના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૩)

भुक्तिमुक्तिदायकं प्रशस्तचारुविग्रहं
भक्तवत्सलं स्थिरं समस्तलोकविग्रहम् ।
निक्वणन्मनोज्ञहेमकिङ्किणीलसत्कटिं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ ४ ॥

भुक्ति-मुक्ति-दायकम् - ભોગ અને મોક્ષના દાતા प्रशस्त-चारु-विग्रहम् - પ્રશંસાપાત્ર સુંદર દેહવાળા भक्त-वत्सलम् - ભક્ત-વત્સલ स्थिरम् - સ્થિર, અચલ समस्त-लोक-विग्रहम् - સમસ્ત સંસારરૂપી શરીરવાળા, निक्वणन्-मनोज्ञ-हेम-किङ्किणी-लसत्-कटिम् - મધુર અવાજ રણકતી મનોહર એવી સોનાની ઘુઘરીઓથી શોભતી કટિવાળા काशिकापुरा० - વગેરે શ્લોક ૧ મુજબ.

ભોગ અને મોક્ષના દાતા, પ્રશંસાપાત્ર સુંદર દેહવાળા, ભક્તવત્સલ, અચલ, સમસ્ત સંસારરૂપી શરીરવાળા, મધુર રણકતી મનોહર એવી સોનાની ઘુઘરીઓથી શોભતી કટિવાળા, કાશીનગરીના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૪)

धर्मसेतुपालकं त्वधर्ममार्गनाशकं
कर्मपाशमोचकं सुशर्मदायकं विभुम् ।
स्वर्णवर्णकेशपाशशोभिताङ्गनिर्मलं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

धर्म-सेतु-पालकम् - ધર્મના સેતુના પાલક, तु - परंतु अधर्म-मार्ग-नाशकम् - અધર્મના માર્ગના વિનાશક कर्म-पाश-मोचकम् - કર્મનાં બંધન છોડાવનાર सुशर्म-दायकम् - સારું સુખ આપનાર विभुम् - વિભુ, સર્વવ્યાપક स्वर्ण-वर्ण-केशपाश-शोभित-अङ्ग-निर्मलम् - સોનાવર્ણી કેશસમૂહથી શોભતાં નિર્મળ અંગવાળા काशिकापुरा० - વગેરે શ્લોક ૧ મુજબ.

ધર્મના સેતુના પાલક, પરંતુ અધર્મના માર્ગના વિનાશક, કર્મનાં બંધન છોડાવનાર, સારું સુખ આપનાર, સર્વવ્યાપક, સોનાવર્ણી કેશસમૂહથી શોભતા, નિર્મળ અંગવાળા, કાશીનગરના સ્વામી કાલભૈરવને હું ભજું છું. (૫)

रत्नपादुकाप्रभाभिरामपादयुग्मकं
नित्यमद्वितीयमिष्टदैवतं निरञ्जनम् ।
मृत्युदर्पनाशनं करालदंष्ट्रभूषणं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ ६ ॥

रत्न-पादुका-प्रभा-अभिराम-पाद-युग्मकम् - રત્નજડિત પાદુકાની કાંતિથી શોભતાં બંને ચરણોવાળા नित्यम् - નિત્ય अद्वितीयम् - અદ્વિતીય इष्ट-दैवतम् - ઈષ્ટદેવ निरञ्जनम् - નિરંજન मृत्यु-दर्प-नाशनम् - મૃત્યુના દેવ યમરાજનાં અભિમાનનો નાશ કરનાર कराल-दंष्ट्र-भूषणम् - વિકરાળ દાઢોથી શોભતા काशिकापुरा०- વગેરે શ્લોક ૧ મુજબ.

રત્નજડિત પાદુકાની કાંતિથી શોભતાં બંને ચરણોવાળા, નિત્ય, અદ્વિતીય, ઈષ્ટદેવ, નિરંજન, મૃત્યુના દેવ યમરાજનાં અભિમાનનો નાશ કરનાર, વિકરાળ દાઢોથી શોભતાં કાશીનગરીના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૬)

अट्टहासभिन्नपद्मजाण्डकोशसंततिं
दृष्टिपातनष्टपापजालमुग्रशासनम् ।
अष्टसिद्धिदायकं कपालमालिकाधरं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ ७ ॥

अट्टहास-भिन्न-पद्मजा-अण्डकोश-संततिम् - કમળમાંથી જન્મેલાં અનેક બ્રહ્માંડોને અટ્ટહાસથી ભેદનાર दृष्टि-पात-नष्ट-पाप-जालम् - દૃષ્ટિપાતથી પાપના સમૂહનો નાશ કરનાર उग्र-शासनम् - ઉગ્ર શાસનવાળા अष्टसिद्धि-दायकम् - અણિમા, મહિમા વગેરે આઠ સિદ્ધિઓ આપનાર कपालमालिका-धरम् - કપાલ અને માળાને ધારણ કરનાર काशिकापुरा० - વગેરે શ્લોક ૧ મુજબ.

કમળમાંથી ઉત્પન્ન થયેલ અનેક બ્રહ્માંડોને અટ્ટહાસથી ભેદનાર, દૃષ્ટિપાતથી પાપના સમૂહનો નાશ કરનાર, ઉગ્ર શાસનવાળા, (અણિમા, મહિમા વગેરે) આઠ સિદ્ધિઓ આપનાર, કપાલ અને માળાને ધારણ કરનાર, કાશીનગરના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૭)

भूतसङ्घनायकं विशालकीर्तिदायकं
काशिवासिलोकपुण्यपापशोधकं विभुम् ।
नीतिमार्गकोविदं पुरातनं जगत्पतिं
काशिकापुराधिनाथकालभैरवं भजे ॥ ८ ॥

भूत-सङ्घ-नायकम् - ભૂતોના સમૂહના નેતા विशाल-कीर्ति-दायकम् - વિશાળ કીર્તિ આપનાર काशिवासि-लोक-पुण्य-पाप-शोधकम् - કાશીમાં નિવાસ કરનાર લોકોના પુણ્ય અને પાપનું શોધન કરનાર विभुम् - સર્વવ્યાપી नीति-मार्ग-कोविदम् - નીતિના માર્ગના નિષ્ણાત पुरातनम् - પુરાતન, પ્રાચીન जगत्पतिम् - જગતના માલિક काशिकापुरा० - વગેરે શ્લોક ૧ મુજબ.

ભૂતોના સમૂહના નેતા, વિશાળ કીર્તિના આપનાર, કાશીમાં નિવાસ કરનાર લોકોનાં પુણ્ય અને પાપનું શોધન કરનાર, સર્વવ્યાપી, નીતિના માર્ગના નિષ્ણાત, પુરાતન, જગતના માલિક, કાશીનગરના સ્વામી કાલભૈરવની હું સેવા કરું છું. (૮)

कालभैरवाष्टकं पठन्ति ये मनोहरं
ज्ञानमुक्तिसाधकं विचित्रपुण्यवर्धनम् ।
शोकमोहलोभदैन्यकोपतापनाशनं
ते प्रयान्ति कालभैरवाङ्घ्रिसंनिधिं ध्रुवम् ॥ ९ ॥

ये - જેઓ मनोहरम् - મનોહર, સુંદર ज्ञानमुक्ति-साधकम् - જ્ઞાન અને મુક્તિને સાધી આપનાર, સિદ્ધ કરનાર विचित्र-पुण्य-वर्धकम् - મનગમતાં પુણ્યને વધારનાર शोक-मोह-लोभ-दैन्य-कोप-तप-नाशनम् - શોક, મોહ, લોભ, દીનતા, ક્રોધ અને સંતાપનો નાશ કરનાર काल-भैरव-अष्टकम् - 'कालभैरवाष्टक'નો पठन्ति - પાઠ કરે છે ते - તેઓ काल-भैरव-अङ्घ्रि-संनिधिम् - કાલભૈરવનાં ચરણોની નજીક ध्रुवम् - ચોક્કસ प्रयान्ति - પ્રયાણ કરે છે, પહોંચી જાય છે.

જેઓ મનોહર, જ્ઞાન અને મુક્તિને સાધી આપનાર, મનગમતાં પુણ્યને વધારનાર, શોક, મોહ, લોભ, દીનતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધ અને સંતાપનો નાશ કરનાર, કાલભૈરવાષ્ટકનો પાઠ કરે છે તેઓ કાલભૈરવના ચરણોની નજીક ચોક્કસ પહોંચી જાય છે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''कालभैरवाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''કાલભૈરવાષ્ટકમ્'' સંપૂર્ણ.



॥ ॐ ॥

॥ गङ्गाष्टकम् ॥

भगवति भवलीलामौलिमाले तवाम्बः-
कणमणुपरिमाणं प्राणिनो ये स्पृशन्ति ।
अमरनगरनारीचामरग्राहिणीनां
विगतकलिकलङ्कातङ्कमङ्के लुठन्ति ॥ १ ॥

(હે) भगवति - હે માતા (હે) भव-लीला-मौलि-माले - હે ભગવાન શિવનાં મસ્તકની લીલાપૂર્વક બનેલી માળા ! ये - જે प्राणिनः - પ્રાણીઓ तव - તારા अम्भः - જળના અણુ-परिमाणम् - અણુ જેટલા कणम् - કણને, स्पृशन्ति - સ્પર્શે છે (તે - તેઓ) अमर-नगर-नारी-चामर-ग्राहिणीनाम् - દેવોની નગરીની ચામર ધારણ કરનારી નારીઓના विगत-कलि-कलङ्क-आतङ्कम् - દૂર થયેલા કળિયુગનાં કલંકના આતંકવાળા अङ्के - ખોળામાં लुठन्ति - આળોટે છે.

હે માતા ! હે ભગવાન શિવનાં મસ્તકની લીલાપૂર્વક રમત-માત્રમાં બની ગયેલી માળા ! જે પ્રાણીઓ તારાં જળના અણુ જેટલા કણનો, (નાનામાં નાનાં જળબિન્દુનો) સ્પર્શ કરે છે, તેઓ દેવોની નગરી (અમરાવતી)ની ચામર ધારણ કરનારી (સુંદર) સ્ત્રીઓનાં દૂર થયેલાં કળિયુગના કલંકરૂપી આતંક(ત્રાસ)વાળા ખોળામાં આળોટે છે. (૧)

ब्रह्माण्डं खण्डयन्ती हरशिरसि जटावल्लिमुल्लासयन्ती
स्वर्लोकादापतन्ती कनकगिरिगुहागण्डशैलात्स्खलन्ती ।
क्षोणीपृष्ठे लुठन्ती दुरितचयचमूनिर्भरं भर्त्सयन्ती
पाथोधिं पूरयन्ती सुरनगरसरित्पावनी नः पुनातु ॥ २ ॥

ब्रह्माण्डम् - બ્રહ્માંડના खण्डयन्ती - ટૂકડે ટૂકડા કરતી हरशिरसि - ભગવાન શિવના મસ્તક પર जटावल्लिम् - જટાની હારમાળાને उल्लासयन्ती - ઉલ્લાસિત કરતી, ફરફર ફરકાવતી स्वर्लोकात् - સ્વર્ગલોકમાંથી आपतन्ती - પડતી (પૃથ્વી પર) અવતરતી कनक-गिरि-गुहा-गण्ड-शैलात् - સોનાના પર્વત(મેરુપર્વત)ની ગુફા અને પર્વતામાળા પરથી स्खलन्ती - સ્ખલતી, ઢળતી, વહેતી क्षोणी-पृष्ठे - પૃથ્વીના તલ પર लुठन्ती - આળોટતી दुरित-चय-चमू-निर्भरं - પાપના સમૂહને સંપૂર્ણપણે भर्त्सयन्ती - તરછોડતી पाथोधिम् - સાગરને पूरयन्ती - ભરી દેતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पावनी- પવિત્ર એવી सुर-नगर-सरित् - દેવોની નગરીની નદી नः - આપણને पुनातु - પવિત્ર કરે !

બ્રહ્માંડના ટૂકડે ટૂકડા કરતી, ભગવાન શિવનાં મસ્તક પર જટાની હારમાળાને ફરફર ફરકાવતી, સ્વર્ગલોકમાંથી (પૃથ્વી પર) અવતરતી, મેરુપર્વતની ગુફા અને પર્વતમાળા પરથી વહેતી, પૃથ્વીનાં તલ ઉપર આળોટતી, પાપના સમૂહને સંપૂર્ણપણે તરછોડતી, સાગરને ભરી દેતી, પવિત્ર એવી દેવોની નદી (ગંગા) આપણને પવિત્ર કરો ! (૨)

मज्जन्मातङ्गकुम्भच्युतमदमदिरामोदमत्तालिजालं
स्नानैः सिद्धाङ्गनानां कुचयुगविगलत्कुङ्कुमासङ्गपिङ्गम् ।
सायं प्रातर्मुनीनां कुशकुसुमचयैश्छिन्नतीरस्थनीरं
पायान्नो गाङ्गमम्भः करिकरमकराक्रान्तरंहस्तरङ्गम् ॥ ३ ॥

मज्जन्-मातङ्ग-कुम्भ-च्युत-मद-मदिरा-आमोद-मत्त-अलिजालम् - સ્નાન કરતા હાથીઓનાં કુંભસ્થળ(લમણા)માંથી વહેતી મદરૂપી મદિરાની સુવાસથી મત્ત બનેલ ભમરાઓના સમૂહવાળું सिद्ध-अङ्गनानाम् - સિદ્ધોની સ્ત્રીઓનાં स्नानैः - સ્નાનથી, ન્હાવાથી, (તેઓનાં) कुच-युग-विगलत्-कुङ्कुम-आसङ्ग-पिङ्गम् - બંને સ્તનો પરથી ઝરતા કંકુના સંગને લીધે લાલ થયેલું सायम् - સાંજના प्रातः - સવારે मुनीनाम् - મુનિઓના कुश-कुसुम-चयैः - કુશ ઘાસ અને પુષ્પોના સમૂહથી छिन्न-तीरस्थ-नीरम् - છિન્ન-ભિન્ન થયેલા કિનારાના જળ(ભાગ)વાળું करि-कर-मकर-आक्रान्त-रंहः - હાથીની સૂંઢ અને મગર વડે આક્રાન્ત થયેલા વેગવાળું तरङ्गम् - તરંગોથી યુક્ત गाङ्गम् - ગંગાનું अम्भः - પાણી, જળ नः - અમારું पायात् - રક્ષણ કરો.

સ્નાન કરતા હાથીઓનાં કુંભસ્થળમાંથી વહેતી મદરૂપી મદિરાની સુવાસથી મત્ત બનેલા ભમરાઓના સમૂહવાળું, સિદ્ધોની સુંદરીઓનાં સ્નાનથી (તેઓનાં) સ્તનો પરથી ઝરતાં કંકુના સંગને કારણે લાલ બનેલું, સાંજના અને સવારના મુનિઓના કુશ ઘાસ અને પુષ્પોના સમૂહથી છિન્ન-ભિન્ન થયેલા કિનારાના જળભાગવાળું, હાથીની સૂંઢ અને મગર વડે આક્રાન્ત થયેલા (છવાયેલા) વેગવાળા તરંગોવાળું ગંગાનું જળ અમારું રક્ષણ કરો ! (૩)

आदावादिपितामहस्य नियमव्यापारपात्रे जलं
पश्चात्पन्नगशायिनो भगवतः पादोदकं पावनम् ।
भूयः शंभुजटाविभूषणमणिर्जह्नोर्महर्षेरियं
कन्या कल्मषनाशिनी भगवती भागीरथी पातु माम् ॥ ४ ॥

आदौ - પહેલાં, શરૂમાં, આરંભમાં आदि-पितामहस्य - આદિ-સહુ પ્રથમ એવા-પિતામહ-બ્રહ્માના नियम-व्यापार-पात्रे - નિયમોનો વ્યાપાર કરવાનું પાત્ર એટલે કમંડળમાં जलम् - જળરૂપ બનેલી, पश्चात् - પછી भगवतः - ભગવાન पन्नगशायिनः - સાપ ઉપર સૂનારા એટલે વિષ્ણુના पावनम् - પવિત્ર पादोदकम् - ચરણજળ થયેલી भूयः - ત્યારપછી, વળી, शंभु-जटा-विभूषण-मणिः - ભગવાન શિવની જટાના ભૂષણરૂપમણિ સમાન બનેલી जह्नोः - જહ્નુ महर्षेः - મહર્ષિની कन्या - કન્યા બનેલી इयम् - આ कल्मषनाशिनी - પાપનો નાશ કરનારી भगवती - ભગવતી भागीरथी - ભગીરથ રાજાની પુત્રી, ભાગીરથી ગંગા माम् - મારું पातु - રક્ષણ કરો.

આરંભમાં આદિ બ્રહ્માનાં કમંડળનું જળ બનેલી, પછી ભગવાન વિષ્ણુનાં પવિત્ર ચરણજળ થયેલી, ત્યારપછી, વળી, ભગવાન શિવની જટાના આભૂષણ-મણિ સમાન, જહ્નુની દીકરી, પાપનો નાશ કરનારી, ભગવતી ભાગીરથી મારું રક્ષણ કરો ! (૪)

शैलेन्द्रादवतारिणी निजजले मज्जज्जनोत्तारिणी
पारावारविहारिणी भवभयश्रेणीसमुत्सारिणी ।
शेषाङ्गैरनुकारिणी हरशिरोवल्लीदलाकारिणी
काशीप्रान्तविहारिणी विजयते गङ्गा मनोहारिणी ॥ ५ ॥

शैलेन्द्रात् - પર્વતોના ઈન્દ્ર એટલે હિમાલયમાંથી अवतारिणी - અવતરતી, નીચે વહેતી निजजले - પોતાનાં જળમાં मज्जन् - ડૂબકી મારનાર जनोत्तारिणी - મનુષ્યોને તારનારી पारावार-विहारिणी - સાગરમાં વિહાર કરનારી भव-भय-श्रेणी-समुत्सारिणी - સંસારના ભયની હારમાળાને દૂર કરનારી शेष-अङ्गैः - શેષ નારાયણનાં અંગોનું अनुकारिणी - અનુકરણ કરનારી, हर-शिरोवल्ली-दल-आकारिणी - શંકરનાં મસ્તકરૂપી વેલનાં પાંદડાં જેવી દેખાતી काशी-प्रान्त-विहारिणी - કાશીની નજીક વિહાર કરનારી मनोहारिणी - મનોહારી, મનનું હરણ કરે તેવી સુંદર गङ्गा - ગંગા विजयते - વિજય પામે છે.

હિમાલયમાંથી વહેતી, પોતાનાં જળમાં ડૂબકી મારનાર મનુષ્યોને તારનારી, સાગરમાં વિહરનારી, સંસારના ભયની હારમાળાને દૂર કરનારી, શેષનાં અંગોનું અનુકરણ કરનારી, શંકરનાં મસ્તકરૂપી વેલનાં પાંદડા જેવી દેખાતી, કાશીની નજીક વિહાર કરનારી, મનોહર ગંગા વિજય પામે છે. (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुतो वीची वीचिस्तव यदि गता लोचनपथं
त्वमापीता पीताम्बरपुरनिवासं वितरसि ।
त्वदुत्सङ्गे गङ्गे पतति यदि कायस्तनुभृतां
तदा मातः शातक्रतवपदलाभोऽप्यतिलघुः ॥ ६ ॥

यदि - જો तव - તારા वीचिः - મોજાં लोचनपथम् - નેત્રના માર્ગમાં गता - આવે તો कुतः - ક્યાં સંસારના वीची - મોજાં यदि - જો त्वम् - તારું आपीता - પાન કરવામાં આવે તો त्वम् - તું पीताम्बरपुरम् - પીતામ્બર ધારણ કરનાર ભગવાન વિષ્ણુનાં પુરને એટલે વૈકુંઠને वितरसि - આપે છે गङ्गे - હે ગંગા ! यदि - જો तनुभृताम् - દેહધારીનું कायः - શરીર त्वत् - તારા उत्सङ्गे - ખોળામાં (પાણીમાં) पतति - પડે છે तदा - ત્યારે शातक्रतव-पद-लाभः - શતક્રતુ એટલે ઈન્દ્રના પદનો, ઈન્દ્રાસનનો લાભ પણ मातः - હે માતા ! अतिलघुः - અત્યંત નાનો બની જાય છે.

જો તારા મોજાં નજરે પડે તો પછી તે (સંસારનાં) મોજાં જ ક્યાં રહે ? જો તારું આકંઠ પાન કર્યું હોય તો તું પીતામ્બરપુર-વૈકુંઠ આપે છે. હે ગંગા ! તારા ખોળામાં દેહધારીની કાયા પડે તો, હે માડી ! એની આગળ ઈન્દ્રના પદનો, એટલે કે ઈન્દ્રાસનનો લાભ પણ અત્યંત તુચ્છ બની જાય છે. (૬)

भगवति तव तीरे नीरमात्राशनोऽहं
विगतविषयतृष्णः कृष्णमाराधयामि ।
सकलकलुषभङ्गे स्वर्गसोपानसङ्गे
तरलतरतरङ्गे देवि गङ्गे प्रसीद ॥ ७ ॥

(हे) भगवति - હે માતા ! तव - તારા तीरे - કાંઠે, કિનારે अहम् - હું नीर-मात्र-अशनः - ફક્ત જળનું જ પાન કરનારો विगत-विषय-तृष्णः - વિષયોની તૃષ્ણા વિનાનો कृष्णम् - ભગવાન કૃષ્ણની आराधयामि - આરાધના કરું सकल-क्लुष-भङ्गे - સઘળાં પાપોનો નાશ કરનારી ! स्वर्ग-सोपान-सङ्गे - સ્વર્ગના પગથિયાથી યુક્ત तरल-तर-तरङ्गे - અત્યંત ચંચળ તરંગોવાળી ! देवि - હે દેવ ! गङ्गे - ગંગા प्रसीद - તું પ્રસન્ન થા !

હે માતા ! તારા કિનારે હું ફક્ત જળનું પાન કરનારો અને (સંસારના સઘળા) વિષયોની તૃષ્ણા વિનાનો બની, ભગવાન કૃષ્ણની આરાધના કરું છું. હે સઘળા પાપોનો નાશ કરનારી ! સ્વર્ગનાં પગથિયાથી યુક્ત ! અત્યંત ચંચળ તરંગોવાળી દેવી ગંગા (મા) ! તું પ્રસન્ન થા ! (૭)

मातर्जाह्नवि शंभुसङ्गमिलिते मौलौ निधायाञ्जलिं
त्वत्तीरे वपुषोऽवसानसमये नारायणाङ्घ्रिद्वयम् ।
सानन्दं स्मरतो भविष्यति मम प्राणप्रयाणोत्सवे
भूयाद्भक्तिरविच्युता हरिहराद्वैतात्मिका शाश्वती ॥ ८ ॥

मातर् जाह्नवि - હે માતા જાહ્નવી, ગંગા ! शंभुसङ्गमिलिते - ભગવાન શિવનાં અંગમાં મળેલી ! मौलौ - મસ્તકે निधाय-अञ्जलिम् - બે હાથ જોડીને, અંજલિ બાંધીને त्वत्-तीरे - તારા કાંઠે वपुषः - મારા દેહના अवसानसमये - અવસાન સમયે, વિનાશ વખતે सानन्दम् - આનંદપૂર્વક स्मरतः - સ્મરણ કરતા नारायणाङ्घ्रि-द्वयम् - ભગવાન નારાયણનાં બંને ચરણોનું સ્મરણ કરતાં એવા मम - મારા प्राणप्रयाणसमये - પ્રાણપ્રયાણ કરતા હોય ત્યારે भविष्यति - ભવિષ્યમાં हरिहराद्वैतात्मिका - હરિ અને હર બંનેમાં અદ્વૈત છે તેવી शाश्वती - શાશ્વત, કાયમી, હંમેશની अविच्युता - સ્ખલનરહિત, અવ્યભિચારિણી भक्तिः - ભક્તિ भूयात् - બની રહે.

હે માતા જાહ્નવી ! ભગવાન શિવના સંગમાં મળેલી ! મસ્તકે બંને હાથ જોડીને તારા તીરે મારા દેહના અવસાન સમયે આનંદપૂર્વક નારાયણના બંને ચરણોનું આનંદપૂર્વક સ્મરણ કરતા એવા મારા પ્રાણના પ્રયાણ કરતા હોય ત્યારે, ભવિષ્યમાં હરિ અને હર બંનેમાં અદ્વૈત છે તેવી ભાવનાવાળી, કાયમી, અવ્યભિચારિણી ભક્તિ બની રહે ! (૮)

गङ्गाष्टकमिदं पुण्यं यः पठेत्प्रयतो नरः ।
सर्वपापविनिर्मुक्तो विष्णुलोकं स गच्छति ॥ ९ ॥

इदम् - આ पुण्यम् - પવિત્ર गङ्गाष्टकम् - ગંગાષ્ટકનો यः - જે प्रयतः - સંયમી नरः - મનુષ્ય पठेत् - પાઠ કરે सः - તે सर्वपापविनिर्मुक्तः - સર્વ પાપોથી મુક્ત થઈ विष्णुलोकम् - વૈકુંઠમાં गच्छति - જાય છે.

આ પવિત્ર 'ગંગાષ્ટક'નો જે સંયમી મનુષ્ય પાઠ કરે છે, તે સર્વ પાપોમાંથી મુક્ત થઈને વૈકુંઠમાં જાય છે ! (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''गङ्गाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''ગંગાષ્ટકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ यमुनाष्टकम्-२ ॥

कृपापारावारां तपनतनयां तापशमनीं
मुरारिप्रेयस्यां भवभयदवां भक्तिवरदाम् ।
वियज्ज्वालोन्मुक्तां श्रियमपि सुखाप्तेः परिदिनं
सदा धीरो नूनं भजति यमुनां नित्यफलदाम् ॥ १ ॥

કૃપા-પારાવારામ્ - કૃપાનો સાગર તપન-તનયા - સૂર્યની પુત્રી તાપ-શમનીમ્ - તાપનું શમન કરનારી મુરારિ-પ્રેયસ્યામ્ - મુરારિ-શ્રીકૃષ્ણની પ્રિયતમા ભવ-ભય-દવામ્ - ભવના ભય-સંસારના ડર માટે દાવાનળ ભક્તિ-વરદામ્ - ભક્તિનું વરદાન આપનારી વિયદ્-જ્વાલ-ઉન્મુક્તામ્ - આકાશની જ્વાળા એટલે સૂર્યમાંથી છૂટી પડેલી-જન્મેલી શ્રિયમ્ - શોભાને અપિ - પણ પરિદિનમ્ - રોજ, આખો દિવસ સુખાપ્તેઃ - સુખ પ્રાપ્ત કરવા માટે નિત્ય-ફલદામ્ - હંમેશ ફળ આપનારી યમુનામ્ - યમુનાની નૂનમ્ - સાચે જ ધીરઃ - ડાહ્યો માણસ સદા - નિત્ય ભજતિ - સેવા કરે છે.

કૃપાનો સાગર, સૂર્યની પુત્રી, તાપનું શમન કરનારી, શ્રીકૃષ્ણની પ્રિયતમા, સંસારના ડર માટે દાવાનળ, ભક્તિનું વરદાન આપનારી, આકાશની જ્વાળાથી એટલે સૂર્યથી છૂટી પડેલી, અર્થાત્ જન્મેલી, શોભાને પણ દરરોજ સુખ પ્રાપ્ત કરવા માટે હંમેશ ફળ આપનારી યમુનાની સાચે જ ડાહ્યો માણસ નિત્ય સેવા કરે છે. (૧)

मधुवनचारिणि भास्करवाहिनि जाह्नविसङ्गिनि सिन्धुसुते
मधुरिपुभूषिणि माधवतोषिणि गोकुलभीतिविनाशकृते ।
जगदघमोचिनि मानसदायिनि केशवकेलिनिदानगते
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ २ ॥

મધુવન-ચારિણિ - હે મધુવનમાં સંચરનારી ભાસ્કર-વાહિની - સૂર્યમાંથી વહેતી જાહ્નવિ-સઙ્ગિનિ - ગંગાની સખી સિન્ધુ-સુતે - સિન્ધુની પુત્રી મધુ-રિપુ-ભૂષિણિ - મધુના રિપુ એટલે શ્રીકૃષ્ણને સુશોભિત કરનારી માધવ-તોષિણિ - માધવને સંતુષ્ટ કરનારી ગોકુલ-ભીતિ-વિનાશ-કૃતે - ગોકુળના ભયનો નાશ કરનારી જગદ્-અઘ-મોચિનિ - સંસારનાં પાપમાંથી મુક્ત કરનારી માનસદાયિની - મનમાં ઈચ્છેલું આપનારી કેશવ-કેલિ-નિદાન-ગતે - કેશવની ક્રીડાનું કારણ ભીતિ-નિવારિણી - ભયનું નિવારણ કરનારી, સંકટ-નાશિનિ - સંકટોનો નાશ કરનારી, યમુને - હે યમુના ! જય જય - તારો જય થાવ, જય થાવ મામ્ - મને પાવય - પવિત્ર કર.

મધુવનમાં સંચરનારી, સૂર્યમાંથી વહેલી, ગંગાની સખી, સિન્ધુની પુત્રી, મધુના રિપુ શ્રીકૃષ્ણને સુશોભિત કરનારી, માધવને સંતુષ્ટ કરનારી, ગોકુળના ભયનો નાશ કરનારી, સંસારનાં પાપમાંથી મુક્ત કરનારી, મનમાં ઈચ્છેલું આપનારી, કેશવની ક્રીડાનું કારણ બનેલી, ભયનું નિવારણ કરનારી, સંકટોનો નાશ કરનારી, હે યમુના ! તારો જય થાવ, જય થાવ, મને પવિત્ર કર ! (૨)

अयि मधुरे मधुमोदविलासिनि शैलविदारिणि वेगपरे
परिजनपालिनि दुष्टनिषूदिनि वाञ्छितकामविलासधरे ।
व्रजपुरवासिजनार्जितपातकहारिणि विश्वजनोद्धरिके
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ३ ॥

અયિ - હે મધુરે - મધુર મધુમોદ-વિલાસિનિ - મધુર આનંદથી વિલસતી શૈલ-વિદારિણિ - પર્વતોને ચીરનારી વેગપરે - વેગવાળી, વેગપરાયણ પરિજન-પાલિની - સેવકોનું પાલન કરનારી દુષ્ટ-નિષૂદિનિ - દુષ્ટોનો નાશ કરનારી વાઞ્છિત-કામ-વિલાસ-ધરે - ઈચ્છિત કામ વિલાસને ધારનારી, વ્રજ-પુર-વાસિ-જન-અર્જિત-પાતક-હારિણિ - વ્રજનાં નગરમાં રહેનાર મનુષ્યોએ કરેલાં પાપોને દૂર કરનારી વિશ્વ-જન-ઉદ્ધરિકે - સઘળા માનવોની ઉદ્ધારક ભીતિ-નિવારિણિ - વગેરે શ્લોક ૨ મુજબ.

હે મધુર ! મધુર આનંદોથી વિલસતી, પર્વતોને ચીરનારી, વેગવાળી, સેવકોનું પાલન કરનારી, દુષ્ટોનો નાશ કરનારી, ઈચ્છિત કામ વિલાસને ધારનારી, વ્રજનાં નગરમાં રહેનાર મનુષ્યોએ કરેલાં પાપોને દૂર કરનારી, સઘળા માનવોની ઉદ્ધારક, ભયનું નિવારણ કરનારી, સંકટોનો નાશ કરનારી, હે યમુના ! તારો જય થાવ, જય થાવ, મને પવિત્ર કર ! (૩)

अतिविपदाम्बुधिमग्नजनं भवतापशताकुलमानसकं
गतिमतिहीनमशेषभयाकुलमागतपादसरोजयुगम् ।
ऋणभयभीतिमनिष्कृतिपातककोटिशतायुतपुञ्जतरं
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अति-विपद-अम्बुधि-मग्न-जनम् - પુષ્કળ વિપત્તિઓના સાગરમાં ડૂબેલ માણસ એવા भव-ताप-शत-आकुल-मानसकम् - સંસારના સેંકડો તાપથી વ્યાકુળ મનવાળા गति-मति-हीनम् - ગતિ અને મતિ વિનાના अशेष-भय-आकुलम् - ભયથી સંપૂર્ણપણે વ્યાપ્ત आगत-पाद-सरोज-युगम् - બંને ચરણરૂપી કમળનાં શરણમાં આવેલ ऋण-भय-भीतिम् - (દેવ, પિતૃ અને ઋષિઓનાં ત્રણ પ્રકારનાં) ઋણ ભયથી ડરેલા अनिष्कृति-पातक-कोटि-शतायुत-पुञ्ज-तरम् - પ્રાયશ્ચિત્ત ન થઈ શકે તેવાં કરોડો અને અબજો પાપના પુંજથી યુક્ત એવા माम् - મને भीति-निवारिणि - હે ભયને દૂર કરનારી संकट-नाशिनि - સંકટોનો નાશ કરનારી पावय - પવિત્ર કર यमुने - હે યમુના ! जय जय - તારો જય થાવ, જય થાવ.

પુષ્કળ વિપત્તિઓના સાગરમાં ડૂબેલા માણસ એવા, સંસારના સેંકડો તાપથી વ્યાકુળ મનવાળા, ગતિ અને મતિ વિનાના, ભયથી સંપૂર્ણપણે વ્યાપ્ત, બંને ચરણરૂપી કમળનાં શરણમાં આવેલા, દેવોના ભયથી ડરેલા, પ્રાયશ્ચિત્ત ન થઈ શકે તેવાં કરોડો અને અબજો પાપના પુંજથી યુક્ત એવા મને, હે ભયને દૂર કરનારી અને સંકટોનો નાશ કરનારી પવિત્ર કર ! હે યમુના ! તારો જય થાવ, જય થાવ ! (૪)

नवजलदद्युतिकोटिलसत्तनुहेममयाभररञ्जितके
तडिदवहेलिपदाञ्चलचञ्चलशोभितपीतसुचेलधरे ।
मणिमयभूषणचित्रपटासनरञ्जितगञ्जितभानुकरे
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय
माम् ।। ५ ।।

नव-जलद-द्युति-कोटि-लसत्-तनु-हेम-मय-आभर-रञ्जितके - કરોડો નવા મેઘોનાં તેજથી શોભતા દેહ પરનાં સુવર્ણમય આભૂષણોથી શોભતી तडिद्-अवहेलि-पद-अञ्चल-चञ्चल-शोभित-पीत-सुचेल-धरे - વીજળીની અવહેલના કરતા ચંચળ પાલવથી શોભતાં પીળાં રેશમી વસ્ત્રને ધારનારી मणिमय-भूषण-चित्रपट-आसन-रञ्जित-गञ्जित-भानु-करे - મણિમય આભૂષણો અને રંગબેરંગી વસ્ત્રો તથા આસનોથી રંગાઈને સૂર્યનાં કિરણોને પણ કુંઠિત કરનારી भीतिनिवारिणी - વગેરે શ્લોક ૨ મુજબ.

કરોડો નવા મેઘોનાં તેજથી શોભતા દેહ પરનાં સુવર્ણમય આભૂષણોથી શોભતી, વીજળીની અવહેલના કરતા ચંચળ પાલવથી શોભતાં પીળાં રેશમી વસ્ત્રને ધારણ કરનારી, મણિમય આભૂષણો અને રંગબેરંગી વસ્ત્રો તથા આસનોથી રંગાઈને સૂર્યનાં કિરણોને પણ કુંઠિત કરનારી, ભયનું નિવારણ કરનારી, સંકટોનો નાશ કરનારી હે યમુના ! તારો જય થાવ, જય થાવ, મને પવિત્ર કર ! (૫)

शुभपुलिने मधुमत्तयदूद्भवरासमहोत्सवकेलिभरे
उच्चकुलाचलराजितमौक्तिकहारमयाभररोदसिके ।
नवमणिकोटिकभास्करकञ्चुकिशोभिततारकहारयुते
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय
माम् ।। ६ ।।

शुभ-पुलिने - પવિત્ર કાંઠાઓવાળી मधु-मत्त-यदु-उद्भव-रास-महोत्सव-केलि-भरे - મધુથી મત્ત બનેલા યદુકુળમાં જન્મેલા શ્રીકૃષ્ણની રાસ-મહોત્સવની ક્રીડાને ધારણ કરનારી उच्च-कुल-अचल-राजित-मौक्तिक-हारमय-आभर-रोदसिके - ઉચ્ચ કુલપર્વતો પર શોભતા મોતીના હારનાં આભરણોની જેમ આકાશ અને પૃથ્વીને સુશોભિત કરનારી, नव-मणि-कोटिक-भास्कर-कञ्चुकि-शोभित-तारक-हारयुते - નવા મણિઓના અગ્રભાગથી પ્રકાશિત કંચુકીમાં શોભતા પેંડલવાળા હારથી યુક્ત भीति-विनाशिनी - વગેરે શ્લોક ૨ મુજબ.

પવિત્ર કાંઠાઓવાળી, મધુથી મત્ત બનેલા યદુકુળમાં જન્મેલા શ્રીકૃષ્ણના રાસ-મહોત્સવની ક્રીડાને ધારણ કરનારી, ઉચ્ચ કુલપર્વતો પર શોભતા મોતીના હારનાં આભરણોની જેમ આકાશ અને પૃથ્વીને સુશોભિત કરનારી, નવા મણિઓના અગ્રભાગથી પ્રકાશિત કંચુકીમાં શોભતા પેંડલવાળા હારથી યુક્ત, ભયનું નિવારણ કરનારી, સંકટોનો નાશ કરનારી હે યમુના ! તારો જય થાવ, જય થાવ, મને પવિત્ર કર ! (૬)

करिवरमौक्तिकनासिकभूषणवातचमत्कृतचञ्चलके
मुखकमलामलसौरभचञ्चलमत्तमधुव्रतलोचनिके ।
मणिगणकुण्डललोलपरिस्फुरदाकुलगण्डयुगामलके
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय
माम् ।। ७ ।।

करिवर-मौक्तिक-नासिक-भूषण-वात-चमत्कृत-चञ्चलके - પવનથી ઝલમલ ચમકતાં નાસિકાનાં આભરણરૂપ ગજમૌક્તિકોવાળી मुख-कमल-अमल-सौरभ-चञ्चल-मत्त-मधुव्रत-लोचनिके - મુખકમળની નિર્મળ સુવાસથી ચંચળ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मत्त બનેલા ભમરાઓરૂપી નેત્રોવાળી मणि-गण-कुण्डल-लोल-परिस्फुरद्-आकुलगण्ड-युगामलके - મણિગણોનાં હાલતાં કુંડલની ચમકથી છવાયેલા નિર્મળ કપોલવાળી भीति-विनाशिनि - વગેરે શ્લોક ૨ મુજબ.

પવનથી ઝલમલ ચમકતાં નાસિકાનાં આભરણરૂપ ગજમૌક્તિકોવાળી, મુખકમળની નિર્મળ સુવાસથી ચંચળ અને મત્ત બનેલા ભમરાઓરૂપી નેત્રોવાળી, મણિગણોનાં હાલતાં કુંડળની ચમકથી છવાયેલા નિર્મળ કપોલવાળી, ભયનું નિવારણ કરનારી, સંકટોનો નાશ કરનારી, હે યમુના ! તારો જય થાવ, જય થાવ, મને પવિત્ર કર ! (૭)

कलरवनूपुरहेममयाचितपादसरोरुहसारुणिके
धिमिधिमिधिमिधिमितालविनोदितमानसमञ्जुलपादगते।
तव पदपङ्कजमाश्रितमानवचित्तसदाखिलतापहरे
जय यमुने जय भीतिनिवारिणि संकटनाशिनि पावय माम् ॥ ८ ॥

कलरव-नुपूर-हेममय-आचित-पाद-सरोरुह-सारुणिके - કલરવ કરતાં સોનાનાં નુપૂરથી છવાયેલાં ચરણકમળની લાલિમાથી યુક્ત धिमि-धिमि-धिमि-धिमि-ताल-विनोदित-मानस-मञ्जुल-पादगते - ધિમિ, ધિમિ, ધિમિ, ધિમિ એવા તાલથી મનને આનંદિત કરનાર મંજુલ ચરણ-ગતિવાળી तव - તારા पद-पङ्कजम् - ચરણકમળના आश्रित-मानव-चित्त-सदा-अखिल-ताप-हरे - આશ્રયે રહેલા માણસના ચિત્તનાં સદાય સઘળાં પાપોને દૂર કરનારી भीति विनाशिनि - વગેરે શ્લોક ૨ મુજબ.

કલરવ કરતાં સોનાનાં નુપૂરથી છવાયેલાં ચરણકમળની લાલિમાથી યુક્ત, ધિમિ, ધિમિ, ધિમિ, ધિમિ એવા તાલથી મનને આનંદિત કરનાર મંજુલ ચરણગતિવાળી, તારાં ચરણકમળના આશ્રયે રહેલા માણસનાં ચિત્તનાં સદાય સઘળાં પાપોને દૂર કરનારી, ભયનું નિવારણ કરનારી, સંકટોનો નાશ કરનારી, હે યમુના ! તારો જય થાવ, જય થાવ, મને પવિત્ર કર. (૮)

भवोत्तापाम्भोधौ निपतितजनो दुर्गतियुतो
यदि स्तौति प्रातः प्रतिदिनमनन्याश्रयतया ।
हयाह्लेषैः कामं करकुसुमपुञ्जै रविसुतां
सदा भोक्ता भोगान्मरणसमये याति हरिताम् ॥ ९ ॥

दुर्गति-युतः - દુર્ગતિ પામેલો भव-उत्ताप-अम्भोधौ - સંસારના સંતાપરૂપી સાગરમાં निपतित-जनः - પડેલો માણસ यदि - જો प्रतिदिनम् - દરરોજ प्रातः - સવારે अनन्य-मानसतया - અનન્ય મનથી रविसुतां - સૂર્યપુત્રી યમુનાની स्तौति - સ્તુતિ કરશે તો हयाह्लेषैः - ઘોડાના હણહણાટથી कामम् - સુખેથી करकुसुम-पुञ्जैः - હાથમાં ફુલોના ઢગલા સાથે अविरतम् - નિરંતર सदा - હંમેશાં भोगान् भोक्ता - ભોગોને ભોગવશે અને मरण-समये - મરણસમયે हरिताम् - હરિના રૂપને याति - પામશે.

દુર્ગતિ પામેલો, સંસારના સંતાપરૂપી સાગરમાં પડેલો માણસ જો દરરોજ સવારે અનન્ય મનથી સૂર્યપુત્રી યમુનાની સ્તુતિ કરશે તો ઘોડાના હણહણાટથી સુખેથી હાથમાં ફુલોના ઢગલા સાથે, હંમેશાં ભોગોને ભોગવશે અને મરણસમયે હરિના રૂપને પામશે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''यमुनाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''યમુનાષ્ટકમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ नर्मदाष्टकम् ॥

सबिन्दुसिन्धुसुस्खलत्तरङ्गभङ्गरञ्जितं
द्विषत्सु पापजातजातकारिवारिसंयुतम् ।
कृतान्तदूतकालभूतभीतिहारिवर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ १ ॥

सबिन्दु-सिन्धु-सुस्खलत्-तरङ्ग-भङ्ग-रञ्जितम् - બિંદુઓ સાથે સાગરના સુંદર ઉછળતા તરંગોથી શોભતું, द्विषत्सु-पाप-जात-जातक-अरिवारि-संयुतम् - શત્રુઓમાં રહેલાં મોટાં મોટા પાપોના શત્રુ એવાં જળથી યુક્ત, कृतान्त-दूत-कालभूत-भीति-हारि-वर्मन्दे - યમરાજાના દૂત કાળના દૂત, કાળ અને ભૂતના ડરને દૂર કરનાર, બખ્તર આપનાર, देवि - હે દેવિ, नर्मदे - નર્મદા ! त्वदीय-पाद-पङ्कजम् - તારાં ચરણકમળમાં, नमामि - હું પ્રણામ કરું છું.

બિંદુઓ સાથે સાગરના સુંદર ઉછળતા તરંગભંગોથી શોભતું, શત્રુઓમાં રહેલા મોટાં મોટાં પાપોના શત્રુ એવા જળથી યુક્ત, યમરાજના દૂત, કાળ અને ભૂત(પ્રેત)ના ભયને હરનાર, બખ્તર આપનાર હે દેવી નર્મદા ! તારા ચરણકમળમાં હું પ્રણામ કરું છું. (૧)

त्वदम्बुलीनदीनमीनदिव्यसंप्रदायकं
कलौ मलौघभारहारिसर्वतीर्थनायकम् ।
सुमच्छकच्छनक्रचक्रवाकचक्रशर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ २ ॥

त्वद्-अम्बु-लीन-दीन-मीन-दिव्य-सम्प्रदायकम् - તારાં જળમાં રહેલાં દીન માછલાંઓને પણ દિવ્ય ગતિ આપનાર, कलौ - કળિયુગમાં, मलौघ-भार-हारि-सर्व-तीर्थ-नायकम् - મળરૂપી પાપના ભારને હરણ કરવામાં સર્વ તીર્થોના નાયક, અગ્રેસર નેતા, सु-मच्छ-कच्छ-नक्र-चक्रवाक-चक्र-शर्मदे - સુંદર માછલાં, કાચબા, મગર અને ચક્રવાકના સમુહને સુખ આપનાર એવાં, દેવિ... - વગેરે શ્લોક ૧ મુજબ.

તારાં જળમાં રહેલાં દીન માછલાંઓને પણ દિવ્ય ગતિ આપનાર, કળિયુગમાં મલરૂપી પાપના ભારને હરનાર સર્વ તીર્થોમાં અગ્રેસર, સુંદર માછલાં, કાચબા, મગર અને ચક્રવાકના સમૂહને સુખ આપનાર એવી હે દેવી ! તારાં ચરણકમળને હું પ્રણામ કરું છું. (૨)

महागभीरनीरपूरपापधूतभूतलं
ध्वनत्समस्तपातकारिदारितापदाचलम् ।
जगल्लये महाभये मृकण्डुसूनुहर्म्यदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ ३ ॥

महा-गभीर-नीर-पूर-पाप-धूत-भूतलम् - અત્યંત ઊંડાં પાણીનાં પૂરથી પૃથ્વીનાં પાપને ધોઈ નાખનાર, ध्वनत्-समस्त-पातक-अरि-दारित-आपदा-अचलम् - ગર્જતાં બધાં જ પાપરૂપી દુશ્મનો અને આપત્તિના પર્વતોને ચીરી નાંખનાર, जगद्-लये - જગતના લય સમયે, महाभये - મહા ભયંકર એવા, मृकण्ड-सूनु-हर्म्यदे - માર્કંડેય ઋષિને નિવાસ આપનાર, હે દેવિ - શ્લોક ૧ મુજબ.

અત્યંત ઊંડાં પાણીનાં પૂરથી પૃથ્વીનાં પાપને ધોઈ નાખનાર, ગર્જતાં બધાં જ પાપરૂપી દુશ્મનો અને આપત્તિના પર્વતોને ચીરી નાખનાર, મહા ભયંકર એવા જગતના લય સમયે માર્કંડેય ઋષિને નિવાસ આપનાર, હે દેવી ! તારાં ચરણકમળમાં હું પ્રણામ કરું છું. (૩)

गतं तदैव मे भयं त्वदम्बु वीक्षितं यदा
मृकण्डुसूनुशौनकासुरारिसेवितं सदा ।
पुनर्भवाब्धिजन्मजं भवाब्धिदुःखवर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ ४ ॥

यदा - જ્યારે, त्वद्-अम्बु - તારાં જળનું, वीक्षितम् - દર્શન કર્યું, (तदा-ત્યારે), मे - મારો, भयम् - ભય, तदैव - ત્યારે જ, गतम् - ચાલ્યો ગયો, सदा - હંમેશાં, मृकण्ड-सूनु-शौनक-असुरारि-सेवितम् - મૃકંડુના પુત્ર માર્કંડેય ઋષિ, શૌનક, તેમજ અસુરોના દુશ્મન દેવો દ્વારા સેવાતાં, પૂજાતાં, पुनर्भव-अब्धि-जन्मजम् - ફરી સંસારના સાગરમાં જન્મવા માટે જન્મેલા, भव-अब्धि-दुःख-वर्मदे - સંસાર-સાગરનાં દુઃખથી (રક્ષણ માટે) કવચ આપનાર, देवि - વગેરે શ્લોક ૧ મુજબ.

માર્કંડેય ઋષિ, શૌનક તેમ જ દેવો દ્વારા સેવાતાં તારાં જળનું જ્યારે મેં દર્શન કર્યું, ત્યારે જ મારો ભય ચાલ્યો ગયો. સંસારના સાગરમાં ફરીથી જન્મવાથી જન્મેલા ભવસાગરનાં દુઃખથી રક્ષણનું કવચ આપનાર, હે દેવી નર્મદા ! હું તારાં ચરણકમળમાં પ્રણામ કરું છું. (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अलक्ष्यलक्षकिन्नरामरासुरादिपूजितं
सुलक्षनीरतीरधीरपक्षिलक्षकूजितम् ।
वसिष्ठशिष्टपिप्पलादिकर्दमादिशर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ ५ ॥

अलक्ष्य-लक्ष-किन्नर-अमर-असुर-आदि-पूजितम् - નજરે નહિ દેખાતા એવા લાખો કિન્નર, દેવ, અસુર વગેરેથી પૂજાયેલાં सुलक्ष-नीर-तीर-धीर-पक्षि-लक्ष-कूजितम् - સારી રીતે દેખાતા જળના કિનારા પરનાં લાખો ધીરજવાળાં પક્ષીઓનાં કૂજનથી યુક્ત, वसिष्ठ-शिष्ट-पिप्पल-आदि-कर्दमादि-शर्मदे - વસિષ્ઠ, શિષ્ટ, પિપ્પલ તથા કર્દમ વગેરેને સુખ આપનાર, देवि - વગેરે શ્લોક ૧ મુજબ.

નજરે નહિ દેખાતા એવા લાખો કિન્નર, દેવ, અસુર વગેરેથી પૂજાયેલાં, સારી રીતે દેખાતા જળના કિનારા પરનાં લાખો ધીરજવાળાં પક્ષીઓનાં કૂજનથી યુક્ત, વસિષ્ઠ, શિષ્ટ પિપ્પલ તથા કર્દમ વગેરેને સુખ આપનાર એવાં હે દેવી નર્મદા ! તારાં ચરણકમળને હું પ્રણામ કરું છું. (૫)

सनत्कुमारनाचिकेतकश्यपात्रिषट्पदै-
र्धृतं स्वकीयमानसेषु नारदादिषट्पदैः ।
रवीन्दुरन्तिदेवदेवराजकर्मशर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ ६ ॥

सनत्कुमार-नाचिकेत-कश्यप-अत्रि-षट्पदैः - સનત્કુમાર, નચિકેતા, કશ્યપ, અત્રિ રૂપી ભમરાઓથી અને, नारद-आदि-षट्पदैः - નારદ વગેરે ભમરાઓ વડે, स्वकीय-मानसेषु - પોતાનાં મનમાં, धृतम् - ધારણ કરાયેલ, रवि-इन्दु-रन्तिदेव-देवराज-कर्म-शर्मदे - સૂર્ય, ચંદ્ર, રંતિદેવ, દેવરાજ(ઈન્દ્ર)ને કર્મનું સુખ આપનાર देवि - વગેરે શ્લોક ૧ મુજબ.

સનત્કુમાર, નચિકેતા, કશ્યપ અને અત્રિરૂપી ભમરાઓથી અને નારદ વગેરે ભમરાઓ વડે પોતાનાં મનમાં ધારણ કરાયેલ, સૂર્ય, ચંદ્ર, રંતિદેવ અને દેવરાજને કર્મનું સુખ આપનારાં એવાં હે દેવી નર્મદા ! તમારાં ચરણકમળને હું પ્રણામ કરું છું. (૬)

अलक्षलक्षलक्षपापलक्षसारसायुधं
ततस्तु जीवजन्तुतन्तुभुक्तिमुक्तिदायकम् ।
विरिञ्चिविष्णुशंकरस्वकीयधामवर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ ७ ॥

अलक्ष-लक्ष-लक्ष-पाप-लक्ष-सारस-आयुधम् - પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ એવાં લાખો પાપરૂપી પક્ષીઓ(ના નાશ માટે) આયુધ સમાન, ततः - પછી, तु - પણ, जीव-जन्तु-तन्तु-भुक्ति-मुक्ति-दायकम् - જીવજંતુઓને ભોગ અને મોક્ષ આપનાર विरिञ्चि-विष्णु-शंकर-स्वकीय-धाम-वर्मदे - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને તેમનાં પોતાનાં ધામમાં-લોકમાં રક્ષણ આપનાર, देवि - વગેરે શ્લોક ૧ મુજબ.

પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ એવાં લાખો પાપરૂપી પક્ષીઓ(ના નાશ માટે) આયુધ સમાન, પછી પણ જીવ-જંતુઓને ભોગ અને મોક્ષ આપનાર, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને તેમનાં પોતાનાં ધામમાં રક્ષણ આપનાર હે દેવી નર્મદા ! હું આપનાં ચરણકમળમાં પ્રણામ કરું છું. (૭)

अहो मृतं स्वनं श्रुतं महेशिकेशजातटे
किरातसूतवाडवेषु पण्डिते शठे नटे ।
दुरन्तपापतापहारि सर्वजन्तुशर्मदे
त्वदीयपादपङ्कजं नमामि देवि नर्मदे ॥ ८ ॥

अहो - અહો, मृतम् - મર્યાનો, स्वनम् - શબ્દ, અવાજ, श्रुतम् - સાંભળ્યો, महेशि-केश-जा-तटे - ભગવાન શિવના જટામાં જન્મેલી ગંગાના તટ ઉપર किरात-सूत-वाडवेषु - કિરાત, સૂત, વાડવમાં पण्डिते - પંડિતમાં, शठे - શઠમાં, नटे - નટમાં दुरन्त-पाप-ताप-हारि - મુશ્કેલીએ અંત લાવી શકાય તેવાં અત્યંત કઠોર પાપ અને તાપનું હરણ કરનારી, सर्व-जन्तु-शर्मदे - સર્વ જીવને સુખ આપનારી, देवि - વગેરે શ્લોક ૧ મુજબ.

હે સર્વ જીવને સુખ આપનારી, શિવના કેશમાંથી જન્મેલી(ગંગાના), કાંઠે, કિરાત, સૂત, વાડવ, પંડિત, શઠ કે નટમાં તે અત્યંત કઠોર પાપરૂપી તાપને હરનાર, સર્વ જીવને સુખ આપનાર, તારાં હે દેવી નર્મદા ! ચરણકમળને હું પ્રણામ કરું છું. (૮)

इदं तु नर्मदाष्टकं त्रिकालमेव ये सदा
पठन्ति ते निरन्तरं न यान्ति दुर्गतिं कदा ।
सुलभ्यदेहदुर्लभं महेशधामगौरवं
पुनर्भवा नरा न वै विलोकयन्ति रौरवम् ॥ ९ ॥

ये - જે, नराः - મનુષ્યો, इदम् - આ नर्मदाष्टकम् - 'नर्मदाष्टक'नो, त्रिकालम् - ત્રણ કાળમાં, - સવાર, બપોર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજ - એમ ત્રણે કાળમાં, एवं - જ निरन्तम् - સતત, કોઈ પણ અંતરાય કે વિઘ્ન વિના, सदा - હંમેશ, पठन्ति - પાઠ કરે છે, તે - તેઓ, कदा - ક્યારેય, दुर्गतिम् - દુર્ગતિને, न यान्ति - પ્રાપ્ત થતા નથી, सुलभ्य-देह-दुर्लभम् - સહેલાઈથી મળતા દેહ માટે દુર્લભ, महेश-धाम-गौरवम् - મહેશ ભગવાનનાં ધામ એટલે કૈલાસનું ગૌરવ, पुनः भवा - ફરીથી જન્મનારા, नराः - મનુષ્યો, रौरवम् - રૌરવ નરકને, वै - ચોક્કસ, न विलोकयन्ति - જોતા નથી, રૌરવ નરકમાં પડતા નથી.

જે મનુષ્યો આ 'નર્મદાષ્ટક'નો હંમેશાં ત્રણે કાળમાં સતત પાઠ કરે છે, તેઓ ક્યારેય દુર્ગતિને પામતા નથી. સારી રીતે દેહ માટે દુર્લભ એવાં અને શિવનાં ધામનું ગૌરવ મેળવેલા મનુષ્યો ફરીથી રૌરવ નરકને જોતાં નથી. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''नर्मदाष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''નર્મદાષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ मणिकर्णिकाष्टकम् ॥

त्वत्तीरे मणिकर्णिके हरिहरौ सायुज्यमुक्तिप्रदौ
वादन्तौ कुरुतः परस्परमुभौ जन्तोः प्रयाणोत्सवे ।
मद्रूपो मनुजोऽयमस्तु हरिणा प्रोक्तः शिवस्तत्क्षणा-
तन्मध्याद्भृगुलाञ्छनो गरुडगः पीताम्बरो निर्गतः ॥ १ ॥

मणिकर्णिके - હે મણિકર્ણિકા ! त्वत् - તારા तीरे - તીર ઉપર, કિનારે हरिहरौ - હરિ એટલે વિષ્ણુ અને હર એટલે શિવ सायुज्य-मुक्ति-प्रदौ - સાયુજ્ય મુક્તિ આપનારા છે. સાયુજ્ય, સારૂપ્ય, સાંનિધ્ય અને સાલોક્ય-એમ ચાર પ્રકારની મુક્તિ પુરાણોમાં વર્ણવવામાં આવી છે. जन्तोः - જીવના, જંતુના प्रयाण-समये - પરલોકમાં જવાના સમયે वादन्तौ - વાજાં વગાડવાની ક્રિયા कुरुतः - કરે છે, વાજાં વગાડે છે अयम् - આ मनुजः - માણસ मद्रूपः - મારા સમાન રૂપવાળો अस्तु - થાવ, એમ शिवः - શિવને हरिणा - હરિએ, વિષ્ણુએ प्रोक्तः - કહ્યું तत्क्षणात् - તે જ ક્ષણે तन्मध्यात् - તેમાંથી भृगुलाञ्छनः - ભૃગુનાં ચરણચિહ્નવાળાં, ભૃગુએ દેવોની પરીક્ષા વખતે વિષ્ણુને છાતીમાં લાત મારી હતી. આનું ચિહ્ન હજુ પણ વિષ્ણુની છાતીમાં છે, તેથી વિષ્ણુ, 'ભૃગુલાંછન' કહેવાય છે. गरुडग :- ગરુડ ઉપર ગતિ કરનાર पीताम्बरः - પીતાંબર ધારણ કરનાર निर्गतः - બહાર આવ્યા.

હે મણિકર્ણિકા ! તારા કિનારે સાયુજ્યમુક્તિ આપનારા શિવ અને વિષ્ણુ પ્રાણીના મૃત્યુ- મહોત્સવમાં પરસ્પર બંને વાજાં વગાડે છે, 'આ માણસ મારાં સ્વરૂપનો થાય', એવું હરિએ શિવને કહ્યું, તે જ ક્ષણે તે સ્થાનમાંથી ભૃગુલાંછન, ગરુડગામી અને પીતાંબરધારી (વિષ્ણુ) બહાર નીકળી આવ્યા. (૧)

इन्द्राद्यास्त्रिदशाः पतन्ति नियतं भोगक्षये ये पुन-
र्जायन्ते मनुजास्ततोऽपि पशवः कीटाः पतङ्गादयः ।
ये मातर्मणिकर्णिके तव जले मज्जन्ति निष्कल्मषाः
सायुज्येऽपि किरीटकौस्तुभधरा नारायणाः स्युर्नराः ॥ २ ॥

भोगक्षये - ભોગોનો જ્યારે ક્ષય થાય ત્યારે इन्द्राद्याः - ઈન્દ્ર વગેરે त्रिदशाः - દેવો બાલ, કૌમાર અને યુવા, એમ ત્રણ જ દશા દેવોની હોય છે તેથી તેઓ त्रिदशाः - કહેવાય છે नियतम् -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોક્કસ पतन्ति - નીચે પડે છે, પૃથ્વી પર આવે છે पुनः - ફરી मनुजाः- મનુષ્ય તરીકે जायन्ते - જન્મે છે ततः अपि - ત્યાંથી પણ पशवः - પશુઓ कीटाः - કીડાઓ पतङ्गादयः - પક્ષીઓ વગેરેરૂપે જન્મે છે, પરંતુ मातर्-मणिकर्णिके - હે માતા મણિકર્ણિકા ! ये - જેઓ तव - તારા जले - જળમાં निमज्जन्ति - ડૂબકી મારે છે તે नराः - મનુષ્યો निष्कलम्षाः - નિષ્પાપ બની सायुज्ये - સાયુજ્ય મુક્તિમાં किरीट-कौस्तुभ-धराः - કિરીટ અને કૌસ્તુભમણિ ધારણ કરનારા नारायणाः - નારાયણ स्युः - બની જાય છે.

ભોગોનો જ્યારે ક્ષય થાય ત્યારે, ઈન્દ્ર વગેરે દેવો ચોક્કસ નીચે પડે છે અને ફરી મનુષ્ય વગેરે તરીકે જન્મે છે; ત્યાંથી પણ પશુઓ, કીડાઓ અને પક્ષીઓ (વગેરે રૂપે જન્મે છે); પરંતુ હે માતા મણિકર્ણિકા ! જેઓ તારાં જળમાં ડૂબકી મારે છે, તે મનુષ્યો નિષ્પાપ બની, સાયુજ્ય મુક્તિમાં કિરીટ (મુગટ) અને કૌસ્તુભ (મણિ) ધારણ કરનારા નારાયણ બની જાય છે. (૨)

काशी धन्यतमा विमुक्तनगरी सालंकृता गङ्गया
तत्रेयं मणिकर्णिका सुखकरी मुक्तिर्हि तत्किंकरी ।
स्वर्लोकस्तुलितः सहैव विबुधैः काश्या समं ब्रह्मणा
काशी क्षोणितले स्थिता गुरुतरा स्वर्गो लघुत्वं गतः ॥ ३ ॥

धन्यतमा - અત્યંત ધન્ય विमुक्ति-नगरी - મુક્તિ આપનારી નગરી काशी - કાશી નગરી गङ्गया - ગંગાથી सालंकृता - શણગારાયેલી છે तत्र - ત્યાં इयम् - આ मणिकर्णिका - મણિકર્ણિકા सुखकरी - સુખ આપનારી છે हि - કારણ કે मुक्तिः - મુક્તિ तत्-किंकरी - તેની દાસી છે विबुधैः - દેવતાઓની સહ - સાથે રહીને ब्रह्मणा - બ્રહ્માએ काश्या - કાશીની समम् - જોડે स्वर्लोकः - સ્વર્ગલોકને (ત્રાજવામાં) तुलितः - તોળ્યો ત્યારે गुरुतरा - વધુ વજનવાળી વધુ મહાન काशी - કાશી (ભારથી નમીને) क्षोणितले - પૃથ્વી પર (નીચે) स्थिता - આવી રહી स्वर्गः - સ્વર્ગલોક लघुत्वम् - હલકો गतः - થયો (તેથી ઉપર ગયો) !

અત્યંત ધન્ય એવી અને મુક્તિ આપનારી કાશીનગરી ગંગાથી શણગારાયેલી છે; ત્યાં આ મણિકર્ણિકા સુખ આપનારી છે, કારણ કે મુક્તિ તેની દાસી છે. દેવતાઓની સાથે રહીને, બ્રહ્માએ (એક વાર) કાશીની જોડે સ્વર્ગલોકને (ત્રાજવામાં) તોળ્યો. ત્યારે વધુ વજનવાળી- વધુ મહાન એવી કાશીનગરી (ભારથી નમીને) પૃથ્વી પર (નીચે) આવી રહી અને સ્વર્ગલોક હલકો થયો (તેથી ઉપર ગયો) ! (૩)

गङ्गतीरमनुत्तमं हि सकलं तत्रापि काश्युत्तमा
तस्यां सा मणिकर्णिकोत्तमतमा यत्रेश्वरो मुक्तिदः ।
देवानामपि दुर्लभं स्थलमिदं पापौघनाशक्षमं
पूर्वोपार्जितपुण्यपुञ्जगमकं पुण्यैर्जनैः प्राप्यते ॥ ४ ॥

सकलम् - સમગ્ર, આખો गंगातीरम् - ગંગાનો કાંઠો अनुत्तमम् - સહુથી શ્રેષ્ઠ છે, તેનાથી વધુ સારું બીજું કાંઈ નથી तत्र अपि - ત્યાં પણ काशी - કાશીનગરી उत्तमा - ઉત્તમ, શ્રેષ્ઠ છે तस्याम् - તેમાં सा - પેલી मणिकर्णिका - મણિકર્ણિકા उत्तमोत्तमा - ઉત્તમમાં ઉત્તમ છે यत्र - જ્યાં मुक्तिदः - મુક્તિ આપનાર ईश्वरः - ભગવાન શિવ વસે છે इदम् - આ सकलम् - સઘળું देवानाम् - દેવોને માટે પણ दुर्लभम् - દુર્લભ છે અને पापौघ-नाश-क्षमम् - પાપોના ધસમસતા પ્રવાહનો નાશ કરવા સમર્થ છે (એ) पूर्व-उपार्जित-पुण्य-पुञ्ज-गमकम् - પૂર્વ જન્મમાં પુણ્યના સમૂહથી પ્રાપ્ત થનાર અને पुण्यैः - પુણ્યવાળા, પુણ્યશાળી जनैः - માણસોથી प्राप्यते - પ્રાપ્ત કરી શકાય છે.

આખોય ગંગાનો કાંઠો સહુથી શ્રેષ્ઠ છે, ત્યાં પણ કાશી નગરી ઉત્તમ છે, તેમાં પેલી મણિકર્ણિકા ઉત્તમમાં ઉત્તમ છે, જ્યાં મુક્તિ આપનાર ભગવાન શિવ વસે છે. આ સઘળું દેવોને માટે પણ દુર્લભ છે અને પાપોના ધસમસતા પ્રવાહનો નાશ કરવા સમર્થ છે. એ પૂર્વ જન્મમાં પ્રાપ્ત કરેલા પુણ્યના સમૂહથી પ્રાપ્ત થનાર છે અને પુણ્યશાળી માણસોથી પ્રાપ્ત કરી શકાય છે. (૪)

दुःखाम्भोधिगतो हि जन्तुनिवहस्तेषां कथं निष्कृतिः
ज्ञात्वा तद्धि विरिञ्चिना विरचिता वाराणसी शर्मदा ।
लोकाः स्वर्गसुखास्ततोऽपि लघवो भोगान्तपातप्रदाः
काशी मुक्तिपुरी सदा शिवकरी धर्मार्थमोक्षप्रदा ॥ ५ ॥

जन्तु-निवहः - પ્રાણીઓનો-જીવનસમૂહ दुःख-अम्भोधि-गतः - દુઃખના સાગરમાં રહેલો છે तेषाम् - તેઓની निष्कृतिः - ઉદ્ધાર, મુક્તિ कथम् - કેવી રીતે થાય, એમ ज्ञात्वा - જાણીને, વિચારીને विरिञ्चिना - બ્રહ્માએ शर्मदा - સુખ આપનારી वाराणसी - વારાણસી, કાશીની विरचिता - રચના કરી लोकाः - ત્રણે લોક स्वर्गसुखाः - સ્વર્ગનું સુખ આપનાર છે ततः अपि - ત્યાંથી તે પણ लघवः - લઘુ, નાના भोगान्त-पात-प्रदाः - ભોગના અંતે પતનને આપનારા છે, પરંતુ काशी - કાશી मुक्तिपुरी - મુક્તિની નગરી અને सदा - હંમેશ सुखकरी - સુખી કરનારી धर्म-अर्थ-मोक्ष-प्रदा - ધર્મ, અર્થ અને મોક્ષ આપનારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવોનો સમૂહ દુઃખના સાગરમાં રહેલો-ડૂબેલો છે, તેઓની મુક્તિ કેવી રીતે થાય ? એમ વિચારીને બ્રહ્માએ સુખ આપનારી કાશીની રચના કરી. (ત્રણે) લોક સ્વર્ગનું સુખ આપનારા અને તે પણ નાના તથા ભોગના અંતે પતનને આપનારા છે, પરંતુ કાશી તો મુક્તિની નગરી, સદા સુખી કરનારી તથા ધર્મ, અર્થ અને મોક્ષ આપનારી છે. (૫)

एको वेणुधरो धराधरधरः श्रीवत्सभूषाधरो-
योऽप्येकः किल शंकरो विषधरो गङ्गाधरो माधवः ।
ये मातर्मणिकर्णिके तव जले मज्जन्ति ते मानवाः
रुद्रा वा हरयो भवन्ति बहवस्तेषां बहुत्वं कथम् ॥ ६ ॥

वेणुधरः - વેણુ-વાંસળીધારી धराधरधरः - પૃથ્વીને ધારણ કરનાર श्रीवत्सभूषा-धरः - શ્રીવત્સનાં ચિહ્નવાળા माधवः - કૃષ્ણ एकः - એક જ છે यः - જે शंकर - શંકર अपि - પણ किल - કહેવાય છે તે विषधरः - વિષને ધારણ કરનાર गंगाधरः - ગંગાધર પણ एक :- એક જ છે मातर् - હે માતા मणिकर्णिके - મણિકર્ણિકા ये - જે मानवाः - મનુષ્યો तव - તારાં जले - જળમાં मज्जन्ति - ડૂબકી મારે છે ते - તેઓ बहवः - અનેક रूद्राः - શંકરો वा - અથવા हरयः - વિષ્ણુઓ भवन्ति - બને છે (આશ્ચર્ય) तेषाम् - તેઓનું बहुत्वम् - અનેક હોવાપણું कथम् - કેવું ?

વાંસળીધારી, પૃથ્વીને ધારણ કરનાર, શ્રીવત્સનાં ચિહ્નવાળા, કૃષ્ણ એક જ છે, જે શંકર પણ કહેવાય છે, તે વિષને ધારણ કરનાર ગંગાધર પણ એક જ છે. હે માતા મણિકર્ણિકા ! જે મનુષ્યો તારાં જળમાં ડૂબકી મારે છે, તેઓ અનેક શંકરો અથવા વિષ્ણુઓ બને છેઃ (આશ્ચર્ય) તેઓનું અનેક હોવાપણું કેવું ! (૬)

त्वत्तीरे मरणं तु मङ्गलकरं देवैरपि श्लाघ्यते
शक्रस्तं मनुजं सहस्रनयनैर्द्रष्टुं सदा तत्परः ।
आयान्तं सविता सहस्रकिरणैः प्रत्युद्गतोऽभूत्सदा
पुण्योऽसौ वृषगोऽथवा गरुडगः किं मन्दिरं यास्यति ॥ ७ ॥

त्वत् - તારા तीरे - તીર ઉપર, કાંઠે मरणम् - મરણ, મરવું तु - પણ मङ्गलकरम् - મંગલ કરનારું છે देवैः - દેવતાઓ વડે अपि - પણ श्लाघ्यते - વખાણવામાં આવે છે. દેવો પણ પ્રશંસા કરે છે तम् - તે मनुजम् - મનુષ્યને सहस्रनयनैः - હજારો આંખોથી द्रष्टुम् - જોવા માટે शक्रः - ઈન્દ્ર सदा - હંમેશ तत्परः - તત્પર રહે છે, ઉત્સુક રહે છે आयान्तम् - આવતા (એવા તે મનુષ્ય માટે) सहस्र-किरणैः - હજાર કિરણોથી सविता - સૂર્ય सदा - હંમેશ प्रत्युद्गतः अभूत् - સામેથી સ્વાગત કરવા જાય છે असौ - આ पुण्यः - પુણ્યશાળી જીવ वृषगः - નંદી પર સવાર થઈને अथवा - અથવા गरुडगः - ગરુડ ઉપર બેસીને किं मन्दिरम् - કયા મંદિરમાં (કોના લોકમાં) यास्यति - જશે ? (એમ તે દેવો વિચારે છે.)

તારા તીરે મરવું પણ મંગલ કરનારું છે, એ દેવતાઓ વડે પણ વખાણવામાં આવે છે. તે મનુષ્યને હજાર આંખોથી જોવા માટે ઈન્દ્ર હંમેશ તત્પર રહે છે. (પૃથ્વી પરથી) આવતા (એવા તે મનુષ્ય માટે) હજાર કિરણોથી સૂર્ય સદા સ્વાગત કરવા સામેથી જાય છે, આ પુણ્યશાળી જીવ નંદી પર સવાર થઈને અથવા ગરુડ પર બેસીને કયાં મંદિરમાં (કોના લોકમાં) જશે ? (એમ તે દેવો વિચારે છે.) (૭)

मध्याह्ने मणिकर्णिकास्नपनजं पुण्यं न वक्तुं क्षमः
स्वीयैरब्दशतैश्चतुर्मुखधरो वेदार्थदीक्षागुरुः ।
योगाभ्यासबलेन चन्द्रशिखरस्तत्पुण्यपारंगत-
स्त्वत्तीरे प्रकरोति सुप्तपुरुषं नारायणं वा शिवम् ॥ ८ ॥

वेदार्थ-दीक्षा-गुरुः - વેદના અર્થ માટે દીક્ષાગુરુ चतुर्मुखधरः - ચાર મુખને ધારણ કરનાર, બ્રહ્મા स्वीयैः - પોતાનાં अब्दशतैः - સો વર્ષોમાં (પણ) मध्याह्ने - બપોરે मणिकर्णिका-स्नपन-जम् - મણિકર્ણિકારમાં નહાવાથી જન્મતા पुण्यम् - પુણ્યનું वक्तुम् - કહેવા, વર્ણન કરવા न क्षमः - શક્તિમાન નથી योगाभ्यास-बलेन - યોગના અભ્યાસના બળથી तत्-पुण्य-पारंगतः - તે પુણ્યની પાર ઊતરેલા चन्द्रशिखरः - ભગવાન શંકર त्वत्-तीरे - તારે તીરે सुप्तपुरुषम् - (મરણ સમયે) સૂઈ જનાર પુરુષને नारायणम् - નારાયણ वा - અથવા शिवम् - શિવ प्रकरोति - બનાવે છે.

વેદના અર્થ માટે દીક્ષાગુરુ એવા બ્રહ્મા, પોતાનાં સો વર્ષોમાં પણ બપોરે મણિકર્ણિકારમાં ન્હાવાથી જન્મતા પુણ્યને વર્ણવવા શક્તિમાન નથી. યોગના અભ્યાસનાં બળથી તે પુણ્યની પાર ઊતરેલા ભગવાન શંકર તારા તીરે (મરણ સમયે) સૂઈ જનાર પુરુષને નારાયણ અથવા શિવ બનાવે છે. (૮)

कृच्छ्रैः कोटिशतैः स्वपापनिधनं यच्चाश्वमेधैः फलं
तत्सर्वं मणिकर्णिकास्नपनजे पुण्ये प्रविष्टं भवेत् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्नात्वा स्तोत्रमिदं नरः पठति चेत्संसारपाथोनिधिं
तीर्त्वा पल्वलवत्प्रयाति सदनं तेजोमयं ब्रह्मणः ॥ ९ ॥

कृच्छ्रैः - મહામહેનતે कोटि-शतैः - સેંકડો કરોડો अश्वमेधैः - અશ્વમેધ યજ્ઞના फलैः - ફળથી यत् - જે स्वपाप-निधनम् - પોતાનાં પાપનો નાશ થાય છે तत् - તે सर्वम् - સઘળું मणिकर्णिका-स्नपन-जे - મણિકર્ણિકામાં સ્નાન કરવાથી ઉત્પન્ન થતા पुण्ये - પુણ્યમાં प्रविष्टम् भवेत् - પ્રવેશ કરી જાય, સમાઈ જાય नरः - માણસ इदम् - આ स्तोत्रम् - સ્તોત્રનો पठति - પાઠ કરે છે તો संसार-पाथोनिधिम् - સંસારરૂપી સાગરને पल्वल-वत् - ખાબોચિયાની જેમ तीर्त्वा - પાર કરીને, તરી જઈને ब्रह्मणः - બ્રહ્માના तेजोमयम् - તેજોમય सदनम् - લોકમાં, નિવાસમાં प्रयाति - જાય છે, પ્રયાણ કરે છે.

મહામહેનતે સેંકડો-કરોડો અશ્વમેધ યજ્ઞનાં ફળથી જે પોતાનાં પાપનો નાશ થાય છે, તે સઘળું મણિકર્ણિકામાં સ્નાન કરવાથી ઉત્પન્ન થતાં પુણ્યમાં સમાઈ જાય છે. જો અહીં સ્નાન કરીને (કોઈ) માણસ આ સ્તોત્રનો પાઠ કરે, તો તે સંસારરૂપી સાગરને ખાબોચિયાની જેમ તરી જઈને, બ્રહ્માના તેજોમય નિવાસસ્થાનમાં-બ્રહ્મલોકમાં પ્રયાણ કરે છે. (૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''मणिकर्णिकाष्टकम्'' संपूर्णम् ॥
આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''મણિકર્ણિકાષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥
॥। परापूजा ॥

अखण्डे सच्चिदानन्दे निर्विकल्पैकरूपिणि ।
स्थितेऽद्वितीयभावेऽस्मिन्कथं पूजा विधीयते ॥ १ ॥

अखण्डे - અખંડ, सच्चिदानन्दे - સચ્ચિદાનંદ निर्विकल्पैक-रूपिणि - નિર્વિકલ્પક અને એકરૂપ अस्मिन् - આ (બ્રહ્મ)માં अद्वितीय-भावे - અદ્વૈતભાવ જ્યારે, स्थिते - સ્થિર થઈ જાય ત્યારે कथम् - કેવી રીતે पूजा - પૂજા विधीयते - કરી શકાય ?

અખંડ, સચ્ચિદાનંદ, નિર્વિકલ્પક, એકરૂપ એવા આ બ્રહ્મમાં અદ્વૈતભાવ જ્યારે સ્થિર થઈ જાય, ત્યારે કેવી રીતે પૂજા કરી શકાય ? (૧)

पूर्णस्यावाहनं कुत्र सर्वाधारस्य चासनम् ।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुद्धस्याचमनं कुतः ॥ २ ॥

पूर्णस्य - પૂર્ણને आवाहनम् - આવાહન कुत्र - કેવું ? सर्वधारस्य - દરેકના આધારને आसनम् - આસન कुत्र - કેવું ? स्वच्छस्य - સ્વચ્છને पाद्यमर्घ्यम् - પાદ્ય અને અર્ઘ્ય च - અને शुद्धस्य - શુદ્ધને आचमनम् - આચમન कुतः - ક્યાંથી અપાય ?

પૂર્ણને આવાહન અને દરેકના આધારને આસન કેવું ? સ્વચ્છને પાદ્ય (પગ ધોવાનું જળ) અને અર્ઘ્ય તથા શુદ્ધને આચમન ક્યાંથી અપાય ? (૨)

निर्मलस्य कुतः स्नानं वस्त्रं विश्वोदरस्य च ।
अगोत्रस्य त्ववर्णस्य कुतस्तस्योपवीतकम् ॥ ३ ॥

निर्मलस्य - નિર્મળને स्नानम् - સ્નાન च - અને विश्वोदरस्य - સમગ્ર વિશ્વ જેના ઉદરમાં છે તેને वस्त्रम् - વસ્ત્ર कुतः - કેવું ? तस्य - તે अगोत्रस्य - ગોત્રરહિત अवर्णस्य - વર્ણ વિનાનાને यज्ञोपवीतकम् - યજ્ઞોપવીત कुतः - કેવું ?

નિર્મળને સ્નાન અને સમગ્ર વિશ્વ જેના ઉદરમાં છે, તેને વસ્ત્ર કેમ આપવું ? તે અગોત્ર અને અવર્ણને યજ્ઞોપવીત કેવું ? (૩)

निर्लेपस्य कुतो गन्धः पुष्पं निर्वासनस्य च ।
निर्विशेषस्य का भूषा कोऽलङ्कारो निराकृतेः ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निर्लेपस्य - निर्लेपने गन्धः - गन्ध कुतः - क्यांथी निर्वासनस्य - निर्वासनने पुष्पम् - पुष्प कुतः - क्यांथी निर्विशेषस्य - निर्विशेषने पूजा - पूजा का - केवी ? निराकृतेः - आकृति विनानानो अलंकारः - अलंकार कः - कयो ?

निर्लेपने गंध अने निर्वासनने पुष्प क्यांथी आपवुं ? निर्विशेषने पूजा केवी ? आकृति विनानाने अलंकार कयो ? (४)

निरञ्जनस्य किं धूपैर्दीपैर्वा सर्वसाक्षिणः ।
निजानन्दैकतृप्तस्य नैवेद्यं किं भवेदिह ॥ ५ ॥

निरञ्जनस्य - निरंजनने धूपैः - धूप (अने) सर्वसाक्षिणः - सर्वना-प्राणीमात्रना साक्षीने दीपैः - दीवानुं किम् - शुं (प्रयोजन) ? इह - अहीं निजानन्दैकतृप्तस्य - एकमात्र निजानंदथी तृप्तने माटे किं - शुं नैवेद्यम् - नैवेद्य भवेत् - बनी शके ?

निरंजनने धूप अने सर्वना साक्षीने दीवानुं शुं (प्रयोजन) ? अहीं एकमात्र निजानंदथी तृप्तने माटे शुं नैवेद्य बनी शके ? (५)

विश्वानन्दपितुस्तस्य किं ताम्बूलं प्रकल्प्यते ।
स्वयंप्रकाशचिद्रूपो योऽसावर्कादिभासकः ॥ ६ ॥

यः - जे असौ - आ अर्कादिभासकः - सूर्य वगेरेने प्रकाशित करनार स्वयंप्रकाशचिद्रूपः - स्वयंप्रकाश अने चित्स्वरूप विश्वानन्दपितुः - विश्वना आनंदना सर्जक छे तस्य - तेने माटे किम् - कयुं ताम्बूलम् - तांबूल, पान परिकल्प्यते - बनाववामां आवे ?

जे आ सूर्य वगेरेने प्रकाशित करनार, स्वयंप्रकाश अने चित्स्वरूप तथा विश्वना आनंदनो सर्जक छे, तेने माटे कयुं पान बनाववामां आवे ? (६)

प्रदक्षिणा ह्यनन्तस्य ह्यद्वयस्य कुतो नतिः ।
वेदवाक्यैरवेद्यस्य कुतः स्तोत्रं विधीयते ॥ ७ ॥

अनन्तस्य - अनन्तनी प्रदक्षिणा - प्रदक्षिणा अने अद्वयस्य - अद्वैतने नतिः - प्रणाम कुतः - केवा ? वेदवाक्यैः - वेदनां वाक्योथी एकवेद्यस्य - एकमात्र जाणी शकाय तेवा (ब्रह्मने) माटे स्तोत्रम् - स्तोत्र कुतः - क्यांथी विधीयते - रची शकाय ?

अनन्तनी प्रदक्षिणा अने अद्वैतने प्रणाम केवा ? वेदना वाक्योथी एकमात्र जाणी शकाय तेवा (ब्रह्मने) माटे स्तोत्र क्यांथी रची शकाय ? (७)

स्वयंप्रकाशमानस्य कुतो नीराजनं विभोः ।
अन्तर्बहिश्च पूर्णस्य कथमुद्वासनं भवेत् ॥ ८ ॥

स्वयंप्रकाशमानस्य - स्वयं प्रकाशमान अने विभोः - सर्वव्यापकनी नीराजनम् - आरती कुतः - केवी ? च - अने अन्तर् - अंदर अने बहिः - बहारथी पूर्णस्य - परिपूर्णनुं उद्वासनम् - विसर्जन कथम् - केवी रीते थाय ?

स्वयं प्रकाशमान अने सर्वव्यापकनी आरती केवी ? अने अंदर अने बहारथी परिपूर्णनुं विसर्जन केवी रीते थाय ? (८)

एवमेव परापूजा सर्वावस्थासु सर्वदा ।
एकबुद्ध्या तु देवेशे विधेया ब्रह्मवित्तमैः ॥ ९ ॥

ब्रह्मवित्तमैः - श्रेष्ठ ब्रह्मवेत्ताओए सर्वदा - हंमेश सर्वावस्थासु - सघळी अवस्थाओमां एवम् एव - आ ज रीते एकबुद्ध्या - एकत्वनी बुद्धिथी देवेशे - देवेशनी, सर्वोपरि देवनी परापूजा - परापूजा विधेया - करवी जोईए.

श्रेष्ठ ब्रह्मवेत्ताओए हंमेश सघळी अवस्थाओमां आ ज रीते एकत्व बुद्धिथी सर्वोपरि देवनी परापूजा करवी जोईए. (९)

आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहं
पूजा ते विषयोपभोगरचना निद्रा समाधिस्थितिः ।
सञ्चारः पदयोः प्रदक्षिणविधिः स्तोत्राणि सर्वा गिरो
यद्यत्कर्म करोमि तत्तदखिलं शम्भो तवाराधनम् ॥ १० ॥

आत्मा - मारो आत्मा त्वम् - आप मतिः - बुद्धि गिरिजा - माता पार्वती प्राणाः - प्राण सहचराः - (आपना) गणो शरीरम् - शरीर गृहम् - आपनुं निवासस्थान विषयोपभोगरचना- विषयनोना उपभोगनी रचना ते पूजा - आपनी पूजा निद्रा - ऊंघ समाधिस्थितिः - समाधिनी स्थिति पदयोः - मारां बंने चरणोनो संचारः - संचार, हलनचलन, हरवुं-फरवुं (ते आपनी) प्रदक्षिण-विधिः - प्रदक्षिणनो विधि सर्वा गिरः - मारी बधी ज वाणी स्तोत्राणि - आपना माटेनां स्तोत्रो यद् यद् - जे जे कर्म - कर्म करोमि - हुं करुं छुं तत् तत् - ते ते अखिलम् - संपूर्णपणे शम्भोः - हे भगवान शिव ! तव - आपनी आराधनम् - आराधना छे.

(हे प्रभु !) मारो आत्मा आप, मारी बुद्धि माता पार्वती, मारा प्राण आपना गणो, शरीर आपनुं निवास-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન, વિષયોના ઉપભોગની રચના તે આપની પૂજા, ઊંઘ એ સમાધિસ્થિતિ, બંને ચરણોનો સંચાર તે આપની પ્રદક્ષિણાનો વિધિ, મારી બધી જ વાણી તે આપના માટેનાં સ્તોત્રો છેઃ હું જે જે કર્મ કરું છું, તે તે સંપૂર્ણપણે હે ભગવાન શિવ ! આપની આરાધના છે. (૧૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''परापूजास्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''परापूजस्तोत्रम्'' સંપૂર્ણ.



॥ ॐ ॥

॥ श्रीदक्षिणामूर्त्यष्टकम् ॥

विश्वं दर्पणदृश्यमाननगरीतुल्यं निजान्तर्गतं
पश्यन्नात्मनि मायया बहिरिवोद्भूतं यथा निद्रया ।
यः साक्षात्कुरुते प्रबोधसमये स्वात्मानमेवाद्वयं
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ १ ॥

विश्वम् - વિશ્વને; दर्पण-दृश्यमान-नगरी-तुल्यम् - અરીસામાં દેખાતા નગરની જેમ; निज-अन्तर्गतम् - પોતાની અંદર રહેલું; यथा - જેમ; निद्रया - ઉંઘમાં થાય છે તેમ; आत्मनि - પોતાની જાતમાં; मायया - માયાથી; बहिः - બહાર; इव - જાણે કે; उद्भूतम् - ઉત્પન્ન થયું હોય; पश्यन् - જોઈને; यः - જે; प्रबोध-समये - જાગૃતના સમયમાં, જ્ઞાન દશામાં; अद्वयम् - અદ્વૈતનો - બ્રહ્મનો; साक्षात् कुरुते - સાક્ષાત્કાર કરે છે; तस्मै - એ श्रीगुरुमूर्तये श्रीगुरुमूर्ति રૂપ; श्रीदक्षिणामूर्तये - શ્રી દક્ષિણામૂર્તિને; इदम् - આ; नमः - નમસ્કાર.

વિશ્વને અરીસામાં દેખાતા નગરની જેમ પોતાની અંદર રહેલું, જેમ ઊંઘમાં થાય છે તેમ, પોતાની જાતમાં માયાથી જાણે કે બહાર ઉત્પન્ન થયું હોય તેવું જોઈને, જે જ્ઞાનદશામાં અદ્વૈત બ્રહ્મનો સાક્ષાત્કાર કરે છે એ શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૧)

बीजस्यान्तरिवाङ्कुरो जगदिदं प्राङ्निर्विकल्पं पुन-
र्मायाकल्पितदेशकालकलनावैचित्र्यचित्रीकृतम् ।
मायावीव विजृम्भयत्यपि महायोगीव यः स्वेच्छया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ २ ॥

बीजस्य - બીજના; अन्तर - અંદર રહેલા; अङ्कुरः - અંકુરની; इव - જેમ; प्राङ्निर्विकल्पम् - પહેલાં નિર્વિકલ્પક, કોઈ વિકલ્પો વિનાના; पुनः - ફરી; माया-कल्पित-देश-काल-कलना-वैचित्र्य-चित्रीकृतम् - માયાથી કલ્પેલા દેશ અને કાળની ગણનાથી વિચિત્ર રીતે ચિત્રિત થએલ; इत्थम् - આમ; यः - જે; मायावीव - માયાવીની જેમ; महायोगीव - મહાન યોગીની જેમ; स्वेच्छया - પોતાની ઈચ્છાથી; विजृम्भयति - વિસ્તારે છે; तस्मै - વગેરે શ્લોક ૧ની જેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજના અંદર રહેલા અંકુરની જેમ પહેલાં કોઈ વિકલ્પો વિનાના અને ફરી માયાથી કલ્પેલા દેશ અને કાળની ગણનાથી વિચિત્ર રીતે ચિત્રિત થએલા આ જગતને માયાવીની જેમ (અથવા) મહાન યોગીની જેમ જે પોતાની ઈચ્છાથી વિસ્તારે છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૨)

यस्यैव स्फुरणं सदात्मकमसत्कल्पार्थगं भासते
साक्षात्तत्त्वमसीति वेदवचसा यो बोधयत्याश्रितान् ।
यत्साक्षात्करणाद्भवेन्न पुनरावृत्तिर्भवाम्भोनिधौ
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ३ ॥

यस्य - જેનું; सद्-आत्मकम् - सत् જેનો આત્મા છે તેવું, સદાત્મક; स्फुरणम् - સ્ફુરણ; असत्-कल्पार्थकम् અસત્‌ના જેવું; भासते - ભાસે છે; यः - જે; साक्षात् - સાક્ષાત્ રીતે; तत्-त्वम्-असि - તે તું છે; इति - એવા; वेद-वचसा - વેદના વચનથી; आश्रितान् - આશ્રયે આવેલા શિષ્યોને; बोधयति - જ્ઞાન કરાવે છે; यत् - જેના; साक्षात्करणात् - સાક્ષાત્કારથી; भवाम्भोनिधौ - સંસારરૂપી સાગરમાં; पुनरावृत्तिः - પુનરાગમન; न भवेत् - થતું નથી; तस्मै - તે વગેરે શ્લોક ૧ જેમ.

જેનું સદાત્મક સ્ફુરણ અસત્‌ના જેવું ભાસે છે, જે સાક્ષાત્ રીતે 'તે તું છે'-એવા વેદના વચનથી, આશ્રયે આવેલા શિષ્યોને જ્ઞાન કરાવે છે, જેના સાક્ષાત્કારથી સંસારરૂપી સાગરમાં પુનરાગમન થતું નથી, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૩)

नानाच्छिद्रघटोदरस्थितमहादीपप्रभाभास्वरं
ज्ञानं यस्य तु चक्षुरादिकरणद्वारा बहिः स्पन्दते ।
जानामीति तमेव भान्तमनुभात्येतत्समस्तं जग-
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ४ ॥

यस्य - જેનું, नाना-छिद्र-घटोदर-स्थित-महादीप-प्रभा-भास्वरम् - અનેક છિદ્રો(કાણાંઓ)વાળા ઘડાની અંદર રહેલા મોટા દીવાની પ્રભા જેવું પ્રકાશિત, ज्ञानम् - જ્ઞાન, चक्षुरादि-करण-द्वारा - ચક્ષુ વગેરે ઈન્દ્રિયો દ્વારા, बहिः - બહાર, स्पन्दते - ફરકે છે तम् एव - તે તત્ત્વને જ, जानामि - હું જાણું છું, इति - એમ, भान्तम् - પ્રકાશ થતાં, एतत् - આ सर्वम् - સઘળું, जगत् - જગત, अनुभान्ति - પછી પ્રકાશિત થાય છે, तस्मै - તે વગેરે શ્લોક ૧ મુજબ.

જેનું અનેક છિદ્રોવાળા ઘડાની અંદર રહેલા મોટા દીવાની પ્રભા જેવું પ્રકાશિત થતું જ્ઞાન ચક્ષુ વગેરે ઈન્દ્રિયોથી બહાર ફરકે છે, 'તે તત્ત્વને હું જાણું છું'-એમ પ્રકાશ થતાં આ સઘળું જગત પછી પ્રકાશિત થાય છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૪)

देहं प्राणमपीन्द्रियाण्यपि चलां बुद्धिं च शून्यं विदुः
स्त्रीबालान्धजडोपमास्त्वहमिति भ्रान्त्या भृशं वादिनः ।
मायाशक्तिविलासकल्पितमहाव्यामोहसंहारिणे
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ५ ॥

देहम् - દેહ, प्राणम् - પ્રાણ, इन्द्रियाणि - ઈન્દ્રિયો, चलाम् - ચંચળ, बुद्धिम् - બુદ્ધિ, च - અને, शून्यम् - શૂન્યને 'હું છું' એમ, विदुः - જાણે છે અને, स्त्री-बाल-अन्ध-जडोपमासु - સ્ત્રી, બાળક, અંધ કે જડ વગેરે ઉપાધિઓમાં, भ्रान्त्या - ભ્રાંતિથી, अहम् - હું છું એમ, भृशम् - વારંવાર, वादिनः - કહેનારાના, माया-शक्ति-विलास-कल्पित-महा-मोह-संहारिणे - માયાની શક્તિના વિલાસથી કલ્પિત મહાન મોહનો નાશ કરનાર, तस्मै - વગેરે શ્લોક ૧ની જેમ.

દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, ચંચળ બુદ્ધિ અને શૂન્યને 'હું છું' એમ જે જાણે છે અને સ્ત્રી, બાળક, અંધ કે જડ વગેરે ઉપાધિઓમાં ભ્રાંતિથી 'હું સ્ત્રી છું, હું બાળક છું, હું અંધ છું કે હું જડ છું'-એમ વારંવાર કહેનારાઓના માયાની શક્તિના વિલાસથી કલ્પિત મહાન મોહનો નાશ કરનાર તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૫)

राहुग्रस्तदिवाकरेन्दुसदृशो मायासमाच्छादना-
त्सन्मात्रः करणोपसंहरणतो योऽभूत्सुषुप्तः पुमान् ।
प्रागस्वाप्समिति प्रबोधसमये यः प्रत्यभिज्ञायते
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ६ ॥

माया-समाच्छादनात् - માયાથી આચ્છાદન થવાથી; ઢંકાઈ જવાથી, राहु-ग्रस्त-दिवाकर-इन्दु-सदृशाः - રાહુથી ગ્રસવામાં આવેલા સૂર્ય અને ચંદ્રની જેમ; सन्मात्र - કેવળ સત્ સ્વરૂપે; करणोपसंहरणतः - ઈન્દ્રિયોના ઉપસંહારને કારણે; यः - જે, पुमान् - પુરુષ, सुषुप्तः - સુષુપ્તિમાં રહે છે, અને प्रबोध-समये - જ્યારે જાગે છે તે સમયે, प्राग्-પહેલાં, अस्वाप्सम् - હું સૂઈ ગયો હતો, इति - એમ, प्रत्यभिज्ञायते - જે જાણી શકાય છે, ઓળખી શકાય છે, तस्मै - તે વગેરે શ્લોક ૧ ની જેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયા વડે આચ્છાદન થવાથી, રાહુથી ગ્રસવામાં આવેલા સૂર્ય અને ચંદ્રની જેમ ઈન્દ્રિયોના ઉપસંહારને કારણે જે પુરુષ સુષુપ્તિમાં કેવળ સત્ સ્વરૂપે રહે છે અને જાગે છે ત્યારે, પહેલાં 'હું સૂઈ ગયો હતો' એમ જેની પ્રત્યભિજ્ઞા થાય છે (જેને ઓળખી શકાય છે), તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૬)

बाल्यादिष्वपि जाग्रदादिषु तथा सर्वास्ववस्थास्वपि
व्यावृत्तास्वनुवर्तमानमहमित्यन्तः स्फुरन्तं सदा ।
स्वात्मानं प्रकटीकरोति भजतां यो मुद्रया भद्रया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ७ ॥

बाल्यादिषु - બાલ્યાવસ્થા વગેરેમાં, अपि - વળી, जाग्रदादिषु - જાગ્રત વગેરે અવસ્થામાં, तथा - અને, सर्वासु - બધી, अवस्थासु - અવસ્થાઓમાં, अपि - પણ, व्यावृत्तासु - જ્યારે તે તે અવસ્થાઓ દૂર થાય ત્યારે, अनुवर्तमानः - સાથે રહેનાર, अहम् - 'હું', इति - એમ, अन्तः - અંદર, અંતરમાં, सदा - હંમેશ, स्फुरन्तम् - સ્ફુરિત થતાં, स्वात्मानम् - પોતાના આત્માને, भजताम् - ભજતાં એવા પોતાના શિષ્યોને માટે જે, भद्रया - કલ્યાણ, मुद्रया - મુદ્રાથી, प्रकटीकरोति - પ્રગટ કરે છે, तस्मै - તે વગેરે શ્લોક ૧ મુજબ.

બાલ્યાવસ્થા વગેરેમાં તથા જાગ્રત વગેરે અવસ્થામાં અને બધી અવસ્થાઓમાં પણ જ્યારે તે તે અવસ્થાઓ દૂર થાય છે, ત્યારે સાથે રહેનાર 'હું' એમ અંતરમાં સદા સ્ફુરિત થતાં, પોતાના આત્માને ભજતાં, શરણે આવેલા શિષ્યોને માટે જે કલ્યાણમુદ્રાથી પ્રગટ કરે છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને નમસ્કાર ! (૭)

विश्वं पश्यति कार्यकारणतया स्वस्वामिसंबन्धतः
शिष्याचार्यतया तथैव पितृपुत्राद्यात्मना भेदतः ।
स्वप्ने जाग्रति वा य एष पुरुषो मायापरिभ्रामित-
स्तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ८ ॥

माया-परिभ्रामितः - માયાથી ભમેલો, ભ્રમમાં પડેલો; यः - જે, एषः - આ, पुरुषः - પુરુષ, कार्य-कारण-तया - કાર્ય અને કારણ તરીકે, स्वस्वामि-सम्बन्धतः - પોતે અને પોતાના સ્વામી એવા સંબંધથી, तथा - અને, शिष्याचार्यतया - શિષ્ય અને આચાર્ય તરીકે, पितृ-पुत्राद्यात्मना - પિતા અને પુત્ર એ રીતે, विश्वम् - વિશ્વને, भेदतः - ભેદ રૂપે, पश्यति - જુએ છે, स्वप्ने - સ્વપ્નમાં કે, जाग्रति - જાગતો હોય ત્યારે, तस्मै - તે શ્લોક ૧ મુજબ.

માયાથી ભ્રમમાં પડેલો જે માણસ કાર્ય અને કારણ તરીકે પોતે અને પોતાના સ્વામી એવા સંબંધથી તથા શિષ્ય અને આચાર્ય તરીકે કે પિતા અને પુત્ર, એ રીતે સ્વપ્નમાં કે જાગતો હોય ત્યારે, વિશ્વને ભેદરૂપે જુએ છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૮)

भूरम्भांस्यनलोऽनिलोऽम्बरमहर्नाथो हिमांशुः पुमा-
नित्याभाति चराचरात्मकमिदं यस्यैव मूर्त्यष्टकम् ।
नान्यत्किंचन विद्यते विमृशतां यस्मात्परस्माद्विभो-
स्तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ९ ॥

भूः - પૃથ્વી, अम्भांसि - જળ, अनलः - અગ્નિ, अनिलः - પવન, अम्बरं - આકાશ, अहर्नाथः - સૂર્ય, हिमांशुः - ચંદ્ર, पुमान् - મનુષ્ય (યજ્ઞ કરનાર), इति - એમ, यस्य - જેનું, मूर्त्यष्टकम् - આઠ મૂર્તિવાળું, चराचरम् - ચર અને અચર (સ્થાવર અને જંગમ) રૂપ, इदम् - આ જગત, आभाति - દેખાય છે, ભાસે છે, विमृशतां - વિચારશીલ જ્ઞાનીઓને, यस्मात् परस्मात् विभोः - જે પરમ વ્યાપક તત્ત્વથી, अन्यः - બીજું, किञ्चन - કંઈ પણ, न - નથી, तस्मै - તે વગેરે શ્લોક ૧ મુજબ.

પૃથ્વી, જળ, અગ્નિ, પવન, આકાશ, સૂર્ય, ચંદ્ર અને મનુષ્ય, એમ જેનું આઠ મૂર્તિવાળું ચર અને અચર સ્વરૂપ આ જગત ભાસે છે, વિચારતાં જ્ઞાનીઓને માટે પર એવા જેનાથી ભિન્ન બીજું કાંઈ નથી, એવા શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર ! (૯)

सर्वात्मत्वमिति स्फुटीकृतमिदं यस्मादमुष्मिंस्तवे
तेनास्य श्रवणात्तदर्थमननाद्ध्यानाच्च संकीर्तनात् ।
सर्वात्मत्वमहाविभूतिसहितं स्यादीश्वरत्वं स्वतः
सिध्येत्तत्पुनरष्टधा परिणतं चैश्वर्यमव्याहतम् ॥ १० ॥

यस्मात् - જેથી; अमुस्मिन् - આ, स्तवे - સ્તોત્રમાં, इदम् - આ, सर्वात्मत्वम् - સર્વાત્મત્વ - બધું જ આત્મસ્વરૂપ છે એવું, स्फुटीकृतम् - સ્પષ્ટ કર્યું છે, तेन - તેનાથી, अस्य - આના, श्रवणः - શ્રવણ, तथा, तद् - અર્થ - मननात् તેના અર્થના મનનથી, ध्यानात् - ધ્યાનથી, च - અને, संकीर्तनात् - સંકીર્તનથી, स्वतः - આપોઆપ, सर्वात्मत्व-महाविभूतिमत्व-सहितम् -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વાત્મત્વ અને મહાન વિભૂતિમત્વ સહિત, ईश्वरत्वम् - ઈશ્વરત્વ, स्यात् - ઉત્પન્ન થશે, पुनः - વળી, तत् - તે, अष्टधा - આઠ રીતે, परिणतम् - પરિણત, अव्याहतम् - અવરોધ વગરનું વ્યાપ્ત, ऐश्वर्यम् - ઐશ્વર્ય - (ઈશ્વરનો ભાવ), सिद्धयेत् - સિદ્ધ થશે.

આ સ્તોત્રમાં આ સર્વાત્મત્વ સ્પષ્ટ કર્યું છે, તેથી આનાં શ્રવણ તથા તેના અર્થના મનનથી, ધ્યાનથી અને સંકીર્તનથી આપોઆપ સર્વાત્મત્વ અને મહાન વિભૂતિમત્વ સહિત ઈશ્વરત્વ ઉત્પન્ન થશે. વળી, તે આઠ રીતે વ્યાપ્ત, અવરોધ વગરનું ઐશ્વર્ય સિદ્ધ થશે. (૧૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीदक्षिणामूर्त्यष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીદક્ષિણામૂર્ત્યષ્ટકમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ नवरत्नमालिका ॥

हारनूपुरकिरीटकुण्डलविभूषितावयवशोभिनीं
कारणेशवरमौलिकोटिपरिकल्प्यमानपदपीठिकाम् ।
कालकालफणिपाशबाणधनुरङ्कुशामरुणमेखलां
फालभूतिलकलोचनां मनसि भावयामि परदेवताम् ॥ १ ॥

हारनूपुर-किरीट-कुण्डल-विभूषितावयव-शोभिनीम् - હાર, ઝાંઝર, મુગટ, કુંડલથી વિભૂષિત અવયવોથી શોભાયમાન, कारणेश-वर-मौलि-कोटि-परिकल्प्यमान-पद-पीठिकाम् - કારણેશ (જગત્ કારણ શિવ)નાં શ્રેષ્ઠ મસ્તકના અગ્રભાગથી રચાયેલ પાદ-પીઠવાળાં, काल-काल-फणिपाश-बाण-धनुरङ्कुशाम् - મહાકાલ સમા નાગ, પાશ, બાણ, ધનુષ્ય અને અંકુશવાળાં, अरुणमेखलाम् - રક્તવર્ણી મેખલાવાળાં, फाल-भू-तिलक-लोचनां - કપાલભૂમિ પર તિલક અને લોચનવાળાં, परदेवता - પરદેવનાં (મા ત્રિપુરસુંદરીનું) मनसा - મનથી, भावयामि - હું ધ્યાન ધરું છું.

હાર, નૂપુર, મુગટ અને કુંડલથી વિભૂષિત અંગોવાળાં, જગત-કારણ એવા શિવનાં શ્રેષ્ઠ મસ્તકનો અગ્રભાગ જેમની પાદપીઠ બની રહ્યો છે તેવાં, મહાકાલ સમા નાગ, પાશ, બાણ, ધનુષ્ય અને અંકુશને ધારણ કરી રહેલાં, રક્તવર્ણી મેખલાવાળાં, તથા ભાલપ્રદેશ પર સોહતાં તિલક અને લોચનવાળાં પરાદેવતા(મા ત્રિપુરસુંદરી)નું હું મનથી ધ્યાન ધરું છું. (૧)

गन्धसारघनसारचारुनवनागवल्लिरसवासिनीं
सान्ध्यरागमधुराधराभरणसुन्दराननशुचिस्मिताम् ।
मन्थरायतविलोचेनाममलबालचन्द्रकृतशेखरी-
मिन्दिरारमणसोदरीं मनसि भावयामि परदेवताम् ॥ २ ॥

गन्धसार-घनसार-चारु-नवनाग-वल्लि-रस-वासिनीम् - ચંદન અને કપૂરથી સુંદર નાગરવેલના રસથી સુવાસિત (મુખવાળાં), सान्ध्यराग-मधुर-अधर-आभरण-सुन्दर-आनन-शुचिस्मिताम् - સન્ધ્યાનાં રંગ સમા મધુર અધર એ જ આભરણથી સુંદર મુખ પર પવિત્ર સ્મિતવાળાં, मन्थर-आयत-विलोचनाम् - ધીમેથી ઊઘડતાં વિશાળ લોચનવાળાં, अमल-बाल-चन्द्र-कृत-शेखरीम् - મસ્તક પર નિર્મળ બાલચંદ્રવાળાં, इन्दिरा-रमण-सोदरीं લક્ષ્મીના પતિનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેન (સમાં) परदेवताम् - પરદેવતાનું, मनसि - મનમાં, भावयामि - ધ્યાન ધરું છું.

(મા ત્રિપુરસુન્દરીનું) મુખ, ચંદન અને કપૂરથી મધુર નાગરવેલના રસથી સુવાસિત છે, સન્ધ્યાના રંગ સમા સુંદર અધર પોતે જ જેનું આભૂષણ છે એવાં મુખ પર સ્મિત સોહે છે, એમનાં વિશાળ લોચન ધીમે ધીમે ઊઘડી રહ્યાં છે અને શીશ પર બાલચંદ્ર વિલસે છે. આવાં, લક્ષ્મીપતિ વિષ્ણુનાં બહેન સમોવડાં એ પરાદેવતાનું હું મનથી ધ્યાન કરું છું. (૨)

स्मेरचारुमुखमण्डलां विमलगण्डलम्बिमणिमण्डलां
हारदामपरिशोभमानकुचभारभीरुतनुमध्यमाम् ।
वीरगर्वहरनूपुरां विविधकारणेशवरपीठिकां
मारवैरिसहचारिणीं मनसि भावयामि परदेवताम् ॥ ३ ॥

स्मेर-चारु-मुख-मण्डलाम् - મંદ હાસ્યથી સુંદર મુખ મંડલવાળાં, विमल-गण्ड-लम्बि-मणि-मण्डलाम् - નિર્મલ ગાલ પર લટકતાં મણિની સેરવાળાં, हार-दाम-परिशोभमान-कुचभार-भीरु-तनु-मध्यमाम् - હાર અને માળાથી શોભતાં સ્તનના ભારથી - પાતળા મધ્યભાગ(કેડ)વાળાં, वीर-गर्व-हर-नूपुराम् - વીરોના ગર્વને હરી લેનાર ઝાંઝરોવાળાં, विविध-कारणेश-वर-पीठिकाम् - (રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા, ઈશ્વર એ) વિવિધ કારણેશ (દેવો) જેમની ઉત્તમ પીઠિકા(ના પાયા) છે તથા, मारवैरि-सहचारिणीं - કામદેવના શત્રુ એટલે શિવનાં સહચારિણી, परदेवताम् - પરદેવતાનું, मनसि - મનમાં, भावयामि - ધ્યાન ધરું છું.

(મા ત્રિપુરસુંન્દરીનું) મુખ મંદ સ્મિતથી સુંદર લાગે છે, એમના અમલ ગાલ પર મણિની સેર લટકે છે, હાર અને માળાથી નમેલાં સ્તન ભારે પાતળી કેડવાળાં, એમનાં નૂપુર વીરોના ગર્વને હરી લે છે, (રુદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને ઈશ્વર એ) જેમની બાજોઠના પાયા છે તેવા કામશત્રુનાં સહચારિણી પરદેવતાનું હું મનમાં ધ્યાન ધરું છું. (૩)

भूरिभारधरकुण्डलीन्द्रमणिबद्धभूवलयपीठिकां
वारिराशिमणिमेखलावलयवह्निमण्डलशरीरिणीम् ।
वारिसारवहकुण्डलां गगनशेखरीं च परमात्मिकां
चारुचन्द्ररविलोचनां मनसि भावयामि परदेवताम् ॥ ४ ॥

भूमिभार-धर-कुण्डलीन्द्र-मणि-बद्ध-भूवलय-पीठिकाम् - અત્યંત ભારને ધારણ કરનાર કુંડલી(નાગ)ના ઈન્દ્ર(= શેષનાગ)ના મણિઓથી બંધાયેલ પૃથ્વીરૂપી ગોળાકાર પીઠવાળાં, वारिराशि-मणिमेखला-वलय-वह्नि-मण्डल-शरीरिणीम् - સમુદ્ર રૂપી મણિમેખલાનાં વલયથી યુકત વહ્નિમંડળ રૂપી શરીરવાળાં, च - અને वारिसार-वह-कुण्डलाम् - મોતીમઢ્યાં કુંડળવાળાં, गगन-शेखरीम् - આકાશરૂપી મસ્તકવાળાં, परमात्मिकाम् - પરમેશ્વરી, चारु-चन्द्र-रविलोचनाम् - ચંદ્ર અને સૂર્ય રૂપી મનોહર નેત્રોવાળાં, परदेवताम् - પરદેવતાનું, मनसि મનમાં, भावयामि - ધ્યાન ધરું છું, कुण्डलीन्द्र - શેષનાગ.

(ભૂમિના) અત્યંત ભારને ધારણ કરનાર શેષનાગના મણિઓથી બંધાયેલ પૃથ્વીરૂપી ગોળાકાર પીઠવાળાં (મા) સમુદ્રરૂપી મણિમેખલાનાં વલયથી યુક્ત વહ્નિમંડળ રૂપી શરીરવાળાં છે. એમનાં કુંડલ મોતીથી મઢેલાં છે, અને આકાશ એમનો મુગટ છે. (અથવા તો એમનું મસ્તક છે.) ચંદ્ર અને સૂર્ય એ બન્ને એમનાં મનોહર નેત્રો છે. આવાં પરાદેવતા(ત્રિપુરસુન્દરી)નું હું મનમાં ધ્યાન ધરું છું. (૪)

कुण्डलत्रिविधकोणमण्डलविहारषड्दलसमुल्लस-
त्पुण्डरीकमुखभेदिनीं च प्रचण्डभानुभासमुज्ज्वलाम् ।
मण्डलेन्दुपरिवाहितामृततरङ्गिणीमरुणरूपिणीं
मण्डलान्तमणिदीपिकां मनसि भावयामि परदेवताम् ॥ ५ ॥

कुण्डल-त्रिविधकोण-मण्डल-विहार-षड्दल-समुल्लसत्-पुण्डरीक-मुख-भेदिनीम् - કુંડલિનીના ત્રિવિધ કોણનાં મંડળમાં વિહાર કરનાર (ઈડા રૂપે) છ પાંખડીઓમાં વિલસતાં પુંડરીક(ચક્ર)નાં મુખને (સુષુમ્ણા માર્ગે) ભેદતાં, અને प्रचण्ड-भानु-भासम्-उज्ज्वलाम् - પ્રચંડ સૂર્યનાં તેજથી ઝળહળતાં, मण्डलेन्दु-परिवाहित-अमृत-तरङ्गिणीम् - (સહસ્રાર-કમળનાં) મંડળમાં ઈન્દુ(પિંગલા)થી સ્રવતા અમૃતની તરંગિણી(નદી)સમાં, अरुणरूपिणीं - રક્તવર્ણા, मण्डल-अन्तमणि-दीपिकाम् - (સહસ્રારનાં) મંડળમાં મણિદીપિકા સમાં, परदेवताम् - પરદેવતાને, मनसि - મનમાં, भावयामि - ધ્યાન ધરું છું.

(માતા ત્રિપુરસુન્દરી) કુંડલિની શક્તિના ત્રિવિધ કોણનાં મંડળમાં (ઈડા રૂપે) વિહાર કરનાર ષટ્દલથી વિલસતાં પુંડરીક (વિશુદ્ધ ચક્ર)નાં મુખને (સુષુમ્ણા માર્ગે) ભેદીને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચંડ સૂર્યનાં તેજથી ઝળહળી રહ્યાં છે, વળી, તેઓ (સહસ્રાર-કમળનાં) મંડળમાં ઈન્દુ (ચન્દ્ર-પિંગલા નાડીમાં)થી સ્રવતાં અમૃતની સરિતા સમાન છે. તેઓ રકતવર્ણા લાગે છે. આવાં મંડલમાં મણિદીપિકા સમાં એ પરા દેવતાનું હું મનથી ધ્યાન ધરું છું. (૫)

નોંધ :- અહીં કુંડલિની-યોગનો સંદર્ભ છે. મૂલાધાર-ચક્રને ભેદતાં કુંડલિની શક્તિ ઈડા, પિંગલા અને વચ્ચે રહેલી સુષુમ્ણા નાડીમાંથી વહેતી, શેષ ચક્રોનું ભેદન કરતી, આગળ ચાલે છે. ઈડા એ સૂર્ય-નાડી છે. અને પિંગલા ચંદ્ર-નાડી, સૂર્ય જેવા પ્રચંડ તેજથી તે ચમકે છે અને અત્યંત ઉત્તમ છે. તે સમયે સહસ્રાર-ચક્રમાંથી અમૃત ઝરે છે અને તેને શાંત પાડે છે અને અંતે સહસ્રારને ભેદી તે બ્રહ્મરન્ધ્રમાં પરમશિવનું સાયુજ્ય પામે છે.

वारणाननमयूरवाहमुखदाहवारणपयोधरां
चारणादिसुरसुन्दरीचिकुरशेखरीकृतपदाम्बुजाम् ।
कारणाधिपतिपञ्चकप्रकृतिकारणप्रथममातृकां
वारणान्तमुखपारणां मनसि भावयामि परदेवताम् ॥ ६ ॥

वारणानन-मयूर-वाह-मुख-दाह-वारण-पयोधराम् - ગણપતિ અને કાર્તિકેયનાં મુખના (ક્ષુધા રૂપી) દાહને દૂર કરતાં સ્તનવાળાં, चारणादि - सुरसुन्दरी - चिकुर-शेखरी कृत-पदाम्बुजाम् - ચારણ વગેરે અને દેવાંગનાઓનાં કેશકલાપે જેમનાં ચરણકમળ સ્પર્શે છે તેવાં, कारणाधिपति-पञ्चकप्रकृति-कारण-प्रथममातृकाम् - કારણાધિપતિ(શિવ)ની પાંચ પ્રકૃતિનાં કારણરૂપ પ્રથમ માતૃકા એવાં, वारणान्तमुखपारणां - હાથીના જેવાં (अन्त=) સુંદર મુખવાળા ગણપતિનાં મુખ માટે પારણાં સમાન, परदेवताम् - પરદેવતાનું, मनसि - મનમાં, भावयामि - ધ્યાન ધરું છું.

ગણપતિ અને કાર્તિકેયનાં મુખના(સુધા રૂપી) દાહને દૂર કરતાં સ્તનવાળાં માના ચરણકમલ ચારણ વગેરે તથા દેવાંગનાઓના કેશકલાપને સ્પર્શે છે. કારણાધિપતિ(શિવ)ની પાંચ પ્રકૃતિનાં કારણરૂપ અને હાથીના જેવાં સુંદર મુખવાળા ગણપતિનાં મુખ માટે પારણાં સમાન, પ્રથમમાતૃકા એવાં પરાદેવતાનું હું મનમાં ધ્યાન ધરું છું. (૬)

पद्मकान्तिपदपाणिपल्लवपयोधराननसरोरुहां
पद्मरागमणिमेखलावलयनीविशोभितनितम्बिनीम् ।
पद्मसंभवसदाशिवान्तमयपञ्चरत्नपदपीठिकां
पद्मिनीं प्रणवरूपिणीं मनसि भावयामि परदेवताम् ॥ ७ ॥

पद्मकान्ति-पदपाणि-पल्लव-पयोधर-आनन-सरोरुहाम् - કમળની કાન્તિવાળાં, ચરણ અને પાણિપલ્લવવાળાં અને પયોધર તથા મુખરૂપી કમળોવાળાં, पद्मराग-मणि-मेखला-वलय-नीवि-शोभित-नितम्बिनीम् - પદ્મરાગ મણિની મેખલાથી વીંટાયેલ નીવીથી શોભતાં નિતંબવાળાં, पद्मसंभव-सदा-शिवान्तमय-पञ्चरत्न-पदपीठिकाम् - બ્રહ્માથી સદાશિવ સુધીનાં પંચરત્નોની પાદ-પીઠિકાવાળાં, (પંચરત્ન એટલે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને પરમશિવ), पद्मिनीं - પદ્મિની, प्रणवरूपिणीम् - ૐકારરૂપિણી, परदेवताम् - પરદેવતાનું मनसि - મનમાં, भावयामि - ધ્યાન ધરું છું.

(મા ત્રિપુરાસુન્દરીનાં) ચરણ અને પાણિપલ્લવ કમળની કાંતિ ધરી રહ્યાં છે, તેમનાં સ્તન અને મુખ પણ કમળ સમાન છે. તેમના નિતંબ પદ્મરાગ મણિની મેખલાથી વીંટળાયેલ નીવીથી શોભી રહ્યા છે. કમળમાંથી ઉત્પન્ન એવા બ્રહ્માથી માંડીને સદાશિવ સુધીનાં પંચરત્નો એમની પાદપીઠિકા છે. આવાં પદ્મિની અને ૐકારરૂપી પરાદેવતાનું હું મનમાં ધ્યાન ધરું છું. (૭)

आगमप्रणवपीठिकाममलवर्णमङ्गलशरीरिणीं
आगमावयशोभिनीमखिलवेदसारकृतशेखरीम् ।
मूलमन्त्रमुखमण्डलां मुदितनादबिन्दुनवयौवनां
मातृकां त्रिपुरसुन्दरीं मनसि भावयामि परदेवताम् ॥ ८ ॥

आगम-प्रणव-पीठिकाम् - આગમ અને ૐકારની પીઠિકા, अमलवर्ण-मङ्गल-शरीरिणीम् - નિર્મળ (શ્વેત) વર્ણ અને મંગળ શરીરવાળાં, आगम-अवयव-शोभिनीम् - (તન્ત્ર) આગમનાં અવયવોથી શોભતાં, अखिल-वेदसार-कृत-शेखरीम् - સમસ્ત વેદોના સારને મુગટ રૂપે ધારણ કરતાં, मूल-मन्त्र-मुख-मण्डलाम् - મૂલમન્ત્રરૂપી મુખમંડળવાળાં, मुदित-नाद-बिन्दु-नव-यौवनाम् - પ્રસન્ન નાદ અને બિંદુ રૂપી નવયૌવનવાળાં, मातृकाम् - માતૃકા એવાં પરદેવતાં - પરદેવતા એવાં त्रिपुरसुन्दरीम् - ત્રિપુરસુન્દરીનું मनसि - મનમાં भावयामि - ધ્યાન ધરું છું.

આગમ અને ૐકાર એ મા ત્રિપુરસુન્દરીની પીઠિકા છે. એમની કાયા નિર્મળ વર્ણથી મંગલમયી છે. (તન્ત્ર) આગમરૂપી અવયવોથી તેઓ શોભી રહ્યાં છે. તેમણે સકલ વેદોના સારને મુગટ રૂપે ધારણ કર્યો છે. મૂલમંત્ર એમનું મુખમંડળ છે અને પ્રસન્ન નાદ અને બિંદુને લીધે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સદા) નવયૌવનમંડિત છે. આવાં માતૃકા ત્રિપુરસુંદરી પરાદેવતાનું હું મનમાં ધ્યાન ધરું છું. (૮)

कालिकातिमिरकुन्तलान्तघनभृङ्गमङ्गलविराजिनीं
चूलिकाशिखरमालिकावलयमल्लिकासुरभिसौरभाम् ।
वालिकामधुरगण्डमण्डलमनोहराननसरोरुहां
कालिकामखिलनायिकां मनसि भावयामि परदेवताम्
॥ ९ ॥

कालिका-तिमिर-कुन्तलान्त-घन-भृङ्ग-मण्डल-विराजिनीम् - કાલિકાના કૃષ્ણવર્ણા કેશની અંદર ગાઢ રીતે ભ્રમર-સમૂહથી શોભતાં, चूलिका-शिखर-मालिका-वलय-मल्लिका-सुरभि-सौरभाम् - કેશપાશના અગ્ર ભાગ પરની માળાઓના વલયમાં ગૂંથેલ મલ્લિકાની સુગંધથી મઘમઘતાં, वालिका-मधुर-गण्ड-मण्डल-मनोहर-आनन-सरोरुहाम् - વાળીથી સુંદર લાગતા કપોલ પ્રદેશથી મનોહર વદનકમળવાળાં, अखिल-नायिकाम् અખિલ (બ્રહ્માંડ)ની નાયિકા परदेवताम् - પરદેવતા એવાં, कालिकाम् - કાલિકાનું मनसि - મનમાં भावयामि - ધ્યાન ધરું છું.

મા (ત્રિપુરસુન્દરી) કાલિકા કૃષ્ણવર્ણા કેશની અંદર રહેલા ગાઢ ભ્રમરવૃંદથી સોહી રહ્યાં છે. એમના કેશપાશના અગ્રભાગે ઝૂલતી માળાઓની સેરમાં ગૂંથેલા મોગરાની સુગંધનો પમરાટ તેઓ ફેલાવી રહ્યાં છે. (કાનની) વાળીથી શોભતા ગાલને લીધે એમનું વદન-કમળ મનોહર લાગે છે. આવાં અખિલ(બ્રહ્માંડ)નાં નાયિકા પરદેવતા(ત્રિપુરસુન્દરી)નું હું મનમાં ધ્યાન ધરું છું. (૯)

नित्यमेव नियमेन जल्पतां
भुक्तिमुक्तिफलदामभीष्टदाम् ।
शंकरेण रचितां सदा जपे-
न्नामरत्ननवरत्नमालिकाम् ॥ १० ॥

नित्यमेव - રોજે રોજ, नियमेन - નિયમપૂર્વક, जल्पताम् - પાઠ કરનારાઓ માટે, भुक्ति-मुक्ति-फलदाम् - ભુક્તિ અને મુક્તિ રૂપી ફળ આપનારાં अभीष्टदाम् - ઈષ્ટ વર દેનાર शंकरेण रचितां - શંકરે રચેલ, नामरत्न-नवरत्न-मालिकाम् - નામરૂપી રત્નવાળા 'નવરત્નમાલિકા' (સ્તોત્ર)ને सदा - હંમેશાં जपेत् - જાપ કરવો.

રોજે રોજ નિયમપૂર્વક પાઠ કરનારને, ભુક્તિ (ભોગ) અને મુક્તિરૂપી ફળ આપનાર, ઈચ્છિત વર દેનાર, શ્રીશંકરે રચેલાં આ નામરૂપી રત્નવાળા 'નવરત્નમાલિકા' સ્તોત્રનો હંમેશાં જાપ કરવો. (૧૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''नवरत्नमालिका'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''નવરત્નમાલિકા'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

।। ॐ ।।

।। भगवन्मानसपूजा ।।

हृदम्भोजे कृष्णः सजलजलदश्यामलतनुः
सरोजाक्षः स्रग्वी मुकुटकटकाद्याभरणवान् ।
शरद्राकानाथप्रतिमवदनः श्रीमुरलिकां
वहन्ध्येयो गोपीगणपरिवृतः कुङ्कुमचितः ।। १ ।।

सजल-जलद-श्यामल-तनुः - જળવાળાં વાદળના જેવા શ્યામ દેહવાળા सरोजाक्षः - કમળ જેવી આંખોવાળા स्रग्वी - (વૈજયન્તી)માળા ધારણ કરનાર मुकुट-कटक-आदि-आभरण-वान् - મુગટ, કટક વગેરે આભૂષણોવાળા शरद्राका-नाथ-प्रतिम-वदनः - શરદઋતુના રાત્રિના નાથ એટલે ચંદ્રનાં જેવા વદનવાળા श्रीमुरलिकाम् - સુંદર મોરલીને वहन् - ધારણ કરનાર गोपीगण-परिवृतः - ગોપીઓના સમૂહથી ઘેરાયેલા અને कुङ्कुम-चितः - કંકુથી શણગારાયેલા कृष्णः - શ્રીકૃષ્ણનું हृद्-अम्भोजे - હૃદયકમળમાં ध्येयः - ધ્યાન ધરવું જોઈએ.

જળવાળા વાદળના જેવા શ્યામ દેહવાળા, કમળ જેવી આંખોવાળા, (વૈજયન્તી)માળા ધારણ કરનાર, મુગટ, કટક વગેરે આભૂષણોવાળા, શરદઋતુના ચંદ્ર જેવાં વદનવાળા, સુંદર મોરલીને ધારણ કરનાર, ગોપીઓના સમૂહથી ઘેરાયેલા અને કંકુથી શણગારાયેલા શ્રીકૃષ્ણનું હૃદયકમળમાં ધ્યાન ધરવું જોઈએ. (૧)

पयोम्भोधेर्द्वीपान्मम हृदयमायाहि भगव-
न्मणिव्रातभ्राजत्कनकवरपीठं भज हरे ।
सुचिह्नौ ते पादौ यदुकुलज नेनेज्मि सुजलै-
र्गृहाणेदं दूर्वाफलजलवदर्घ्यं मुररिपो ।। २ ।।

भगवन् - હે ભગવાન ! આપ पयोम्भोधेः - સાગરના द्वीपात् - દ્વીપમાંથી, બેટમાંથી मम - મારા हृदयम् - હૃદયમાં आयाहि - પધારો हरे - હે શ્રીહરિ ! मणि-व्रात-भ्राजत्-कनक-वर-पीठम् - મણિઓના સમૂહથી ઝળહળતા સોનાની સુંદર પીઠનો भज - સ્વીકાર કરો, આસન ગ્રહણ કરો यदुकुलज - હે યદુકુળમાં જન્મેલા ते - તમારાં सुचिह्नौ - (ધ્વજ, અંકુશ, ઊર્ધ્વરેખા વગેરે) સુંદર ચિહ્નોવાળાં पादौ - બંને ચરણોને सुजलैः - સુંદર જળથી नेनेज्मि - હું પખાળું, સ્નાન કરાવું मुररिपो - હે મુર નામના અસુરના દુશ્મન ! इदम् - આ दुर्वा-फल-जल-वद् - दुर्वा એટલે દાભ, ફળ અને જળવાળું अर्घ्यम् - અર્ઘ્યનો गृहाण - આપ સ્વીકાર કરો.

હે ભગવન્ ! આપ સાગરના દ્વીપમાંથી મારા હૃદયમાં પધારો, હે શ્રીહરિ ! મણિઓના સમૂહથી ઝળહળતાં સોનાની સુંદર પીઠ ઉપર આસન ગ્રહણ કરો, હે યદુકુળમાં જન્મેલા ! તમારાં (ધ્વજ, અંકુશ, ઊર્ધ્વરેખા વગેરે) સુંદર ચિહ્નોવાળાં બંને ચરણોને સુંદર જળથી હું પખાળું, હે મુર નામના અસુરના દુશ્મન ! આ દાભ, ફળ અને જળથી યુક્ત અર્ઘ્યનો આપ સ્વીકાર કરો. (૨)

त्वमाचामोपेन्द्र त्रिदशसरिदम्भोऽतिशिशिरं
भजस्वेमं पञ्चामृतफलरसाप्लावमघहन् ।
द्युनद्याः कालिन्द्या अपि कनककुम्भास्थितमिदं
जलं तेन स्नानं कुरु कुरु कुरुष्वाचमनकम् ।। ३ ।।

उपेन्द्र - હે ઉપેન્દ્ર ! त्वम् - આપ अति-शिशिरम् - અત્યંત ઠંડાં त्रिदश-सरिद्-अम्भः - દેવોની નદી એટલે ગંગાનાં જળનું आचाम - આચમન કરો अघहन् - હે પાપનો નાશ કરનારા ! इमम् - આ पञ्चामृत-फल-रसाप्लावम् - પંચામૃત અને ફળના રસના સ્નાનદ્રવ્યનો भज - આપ સ્વીકાર કરો अपि - વળી इदम् - આ द्युनद्याः - સ્વર્ગની નદી कलिन्द्याः - કાલિન્દીનું कनक-कुम्भ-स्थितम् - સોનાના ઘડામાં ભરેલું जलम् - જળ છે तेन - તેનાથી स्नानम् - સ્નાન कुरु - કરો (અને) आचमनकम् - આચમન कुरुष्व - કરો.

હે ઉપેન્દ્ર ! આપ અત્યંત ઠંડાં, ગંગાનાં જળનું આચમન કરો. હે પાપનો નાશ કરનારા ! આ પંચામૃત અને ફળના રસનાં સ્નાન-દ્રવ્યનો આપ સ્વીકાર કરો. વળી, સ્વર્ગની નદી કાલિન્દી(યમુના)નું જળ ઘડામાં ભરેલું છે, તેનાથી સ્નાન કરો અને આચમન કરો. (૩)

तटिद्वर्णे वस्त्रे भज विजयकान्ताधिहरण
प्रलम्बारिभ्रातर्मृदुलमुपवीतं कुरु गले ।
ललाटे पाटीरं मृगमदयुतं धारय हरे
गृहाणेदं माल्यं शतदलतुलस्यादिरचितम् ।। ४ ।।

विजय-कान्ता-अधिहरण - વિજયરૂપી સુંદર સ્ત્રીનું હરણ કરનાર तटिद्-वर्णे - વીજળી જેવા રંગનાં वस्त्रे - (અંગવસ્ત્ર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપવસ્ત્ર એમ) બે વસ્ત્રોને भज - ધારણ કરો प्रलम्ब-अरि-भ्रातर् - પ્રલંબાસુરના દુશ્મન એટલે મારનાર, એવા બળદેવના ભાઈ ! मृदुलम् - કોમળ उपवीतम् - જનોઈને गले - ગળામાં हरे - હે હરિ ! कुरु - ધારણ કરો ललाटे - કપાળમાં मृगमदयुतम् - કસ્તૂરીથી યુક્ત पाटीरम् - ચંદન धारय - ધારણ કરો અને शतदल-तुलस्यादि-रचितम् - સેંકડો તુલસીપત્રથી બનાવેલી इदम् - આ माल्यम् - માળાને ધારણ કરો.

વિજયરૂપી સુંદર સ્ત્રીનું હરણ કરનાર, વીજળી જેવા રંગનાં બે વસ્ત્રોને ધારણ કરો, પ્રલંબાસુરને મારનાર બળદેવના ભાઈ કોમળ જનોઈને ગળામાં ધારણ કરો, હે હરિ કપાળમાં કસ્તૂરીયુક્ત ચંદન ધારણ કરો અને સેંકડો તુલસીપત્રથી બનાવેલી આ માળાને ધારણ કરો. (૪)

दशाङ्गं धूपं सद्वरद चरणाग्रेऽर्पितमिदं
मुखं दीपेनेन्दुप्रभविरजसं देव कलये ।
इमौ पाणी वाणीपतिनुत सकर्पूररजसा
विशोध्याग्रे दत्तं सलिलमिदमाचाम नृहरे ॥ ५ ॥

सद्वरद - હે સારા આશીર્વાદ આપનારા ! इदम् - આ दशाङ्गम् - દશાંગ धूपम् - ધૂપ चरणाग्रे - આપનાં ચરણોની સમક્ષ अर्पितम् - અર્પણ કર્યું છે देव - હે દેવ ! दीपेन - દીવાની इन्दु-प्रभ-विजरसम् - ચંદ્રકાંતિ સમાન નિર્મળ मुखम् - આપનું મુખ कलये - હું જોઈ રહ્યો છું. वाणीपतिनुत - હે વાણીના પતિ દ્વારા પ્રણામ કરાયેલા ! इमौ - આ બે पाणी - મારા હાથથી હું પ્રણામ કરું છું सकर्पूररजसा - કપૂરની રજથી विशोध्य - શુદ્ધ કરીને इदम् - આ सलिलम् - જળ अग्रे - (આપની) આગળ दत्तम् - આપ્યું છે, પધરાવ્યું છે नृहरे - હે નરસિંહ ભગવાન ! आचाम - આચમન કરો.

હે સારા વરદાન આપનારા ! આ દશાંગ ધૂપ આપનાં ચરણોની સમક્ષ અર્પણ કર્યો છે. હે દેવ ! આપના ચંદ્રની કાંતિ સમાન નિર્મળ મુખને હું જોઈ રહ્યો છું. હે વાણીના પતિ દ્વારા પ્રણામ કરાયેલા ! આ બે મારા હાથથી હું પ્રણામ કરું છું. કપૂરની રજથી શુદ્ધ કરીને આ જળ આપની આગળ પધરાવ્યું છે. હે નરસિંહ ! આપ તેનું આચમન કરો.(૫)

सदा तृप्तान्नं षड्रसवदखिलव्यञ्जनयुतं
सुवर्णामत्रे गोघृतचषकयुक्ते स्थितमिदम् ।
यशोदासूनो तत्परमदययाशान सखिभिः
प्रसादं वाञ्छद्भिः सह तदनु नीरं पिब विभो ॥ ६ ॥

सदा तृप्त - હે હંમેશ તૃપ્ત રહેનારા ! षड्रसवद्-अखिल-व्यञ्जन-युतम् - છ રસોવાળું અને સઘળા મસાલાઓથી યુક્ત इदम् - આ अन्नम् - અન્ન, ભોજન गोघृतचषयुक्ते - ગાયનાં ઘીથી ભરેલા પ્યાલાઓ सुवर्णाम्-अत्रे - સોનાની થાળીમાં स्थितम् - પધરાવ્યું છે यशोदासूनो - હે યશોદાના પુત્ર ! तत् - તેનું परमदयया - અત્યંત કૃપા કરી सखिभिः - મિત્રો સાથે अशान - ભોજન કરો विभो - હે વિભુ ! प्रसादं - પ્રસાદની वाञ्छद्भिः - આકાંક્ષા કરનારાઓની सह - સાથે तद्-अनु - ત્યારબાદ नीरम् - જળનું पिब - પાન કરો.

હે હંમેશ તૃપ્ત રહેનારા ! છ રસો અને સઘળા મસાલાઓથી યુક્ત આ ભોજન ગાયનાં ઘીથી ભરેલા પ્યાલાઓવાળી સુવર્ણની થાળીમાં પધરાવ્યું છે. હે યશોદાના પુત્ર ! તેનું અત્યંત કૃપા કરી મિત્રો સાથે ભોજન કરો. હે વિભુ ! પ્રસાદની આકાંક્ષા કરનારાઓ તમારા(મિત્રો)ની સાથે ત્યારબાદ જળનું પાન કરો. (૬)

सचूर्णं ताम्बूलं मुखरुचिकरं भक्षय हरे
फलं स्वादु प्रीत्या परिमलवदास्वादय चिरम् ।
सपर्यापर्याप्त्यै कनकमणिजातं स्थितमिदं
प्रदीपैरारार्तिं जलधितनयाश्लिष्ट रचये ॥ ७ ॥

हरे - હે હરિ ! मुख-रुचि-करम् - મુખને રુચિકર, ગમી જાય તેવો सचूर्णम् - ચૂર્ણથી યુક્ત ताम्बूलम् - પાન भक्षय - આપ ભક્ષણ કરો परिमलवद् - સુવાસવાળા, સુવાસિત स्वादु - સ્વાદિષ્ટ फलम् - ફળ चिरम् - લાંબો સમય प्रीत्या - પ્રેમથી आस्वादय - સ્વાદ માણો जलधि-तनया-आश्लिष्ट - હે સાગરની પુત્રી એટલે લક્ષ્મી દ્વારા આલિંગન અપાયેલ ! सपर्या-पर्याप्त्यै - આપની આ પૂજાની પૂર્ણાહુતિ માટે इदम् - આ कनकमणिजातम् - સોના અને મણિથી યુક્ત (દક્ષિણા અહીં મૂકું છું) અને प्रदीपैः - પ્રગટાવેલા દીપકોથી आरार्तिम् - આરતી रचये - હું કરું છું.

હે હરિ ! મુખને રુચિકર (ગમી જાય) તેવાં ચૂર્ણથી યુક્ત પાનનું આપ ભક્ષણ કરો. સુવાસિત સ્વાદિષ્ટ ફળનો લાંબો સમય સુધી પ્રેમથી સ્વાદ માણો. હે સાગરની પુત્રી એટલે લક્ષ્મી દ્વારા આલિંગન અપાયેલા ! આપની આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂજાની પૂર્ણાહુતિ માટે આ સોના અને મણિથી યુક્ત (દક્ષિણા અહીં મૂકું છું) તથા પ્રગટાવેલા દીપકોથી હું આપની આરતી કરું છું. (૭)

विजातीयैः पुष्पैरतिसुरभिभिर्बिल्वतुलसी-
युतैश्चेमं पुष्पाञ्जलिमजित ते मूर्ध्नि निदधे ।
तव प्रादक्षिण्यक्रमणमघविध्वंसि रचितं
चतुर्वारं विष्णो जनिपथगतेश्चान्तविदुषा ॥ ८ ॥

अजित - હે અજિત ! बिल्व-तुलसी-युतैः - બિલીપત્ર અને તુલસીથી યુક્ત विजातीयैः - જુદી જુદી જાતનાં अति-सुरभिभिः - અત્યંત સુવાસિત पुष्पैः - પુષ્પોથી इमम् - આ पुष्पाञ्जलिम् - પુષ્પાંજલિ ते - આપનાં मूर्धि - મસ્તકે निदधे - હું મૂકું છું, પધરાવું છું विष्णो - હે વિષ્ણુ ! जनिपथगतेः - જન્મ અને મરણના માર્ગમાં રહેલા માણસોની ગતિના अन्तविदुषा - અંતને જાણનાર अघ-विध्वंसि - પાપનો નાશ કરનાર प्रादक्षिण्यम् - પ્રદક્ષિણા चतुर्वारम् - ચાર વખત रचितम् - કરવામાં આવી છે.

હે અજિત ! બિલીપત્ર અને તુલસીથી યુક્ત જુદી જુદી જાતનાં અત્યંત સુવાસિત પુષ્પોથી આ પુષ્પાંજલિ આપનાં મસ્તકે પધરાવું છું. હે વિષ્ણુ ! જન્મ અને મરણના માર્ગમાં રહેલા માણસોની ગતિના અંતને જાણનાર, પાપનો નાશ કરનાર, આપની પ્રદક્ષિણા મારા વડે ચાર વાર કરવામાં આવી છે. (૮)

नमस्कारोऽष्टाङ्गः सकलदुरितध्वंसनपटुः
कृतं नृत्यं गीतं स्तुतिरपि रमाकान्त त इयम् ।
तव प्रीत्यै भूयादहमपि च दासस्तव विभो
कृतं छिद्रं पूर्णं कुरु कुरु नमस्तेऽस्तु भगवन् ॥ ९ ॥

रमाकान्त - હે લક્ષ્મીના પતિ ! सकल-दुरित-ध्वंसन-पटुः - સઘળાં પાપોનો નાશ કરવા સમર્થ એવા अष्टाङ्गः - આઠ અંગ સાથે नमस्कारः - તમને નમસ્કાર કર્યા, વળી नृत्यम् - નૃત્ય અને गीतम् - ગીત कृतम् - કર્યા, ગાયા ते - તમો इयम् - આ स्तुतिः - સ્તુતિ કરી तव प्रीत्यै - આ બધું તમને પ્રસન્ન કરનારું भूयात् - બની રહે अहम् - હું अपि - પણ तव - તમારો दासः - દાસ છું छिद्रम् - છિદ્રને पूर्णम् - પૂર્ણ कुरु - કરો भगवन् - હે ભગવાન ! ते - તમને नमः - નમસ્કાર.

હે લક્ષ્મીના પતિ ! સઘળાં પાપોનો નાશ કરવા સમર્થ, મેં આઠ અંગ સાથેના નમસ્કાર કર્યા. વળી, નૃત્ય કર્યું અને ગીત ગાયું, આ સ્તુતિ કરી. (આ બધું) તમને પ્રસન્ન કરનારું બની રહે ! હું પણ તમારો દાસ છું. છિદ્રને પૂર્ણ કરો, પૂર્ણ કરો, હે ભગવન ! તમને નમસ્કાર ! (૯)

सदा सेव्यः कृष्णः सजलघननीलः करतले
दधानो दध्यन्नं तदनु नवनीतं मुरलिकाम् ।
कदाचित्कान्तानां कुचकलशपत्रालिरचना-
समासक्तः स्निग्धैः सह शिशुविहारं विरचयन् ॥ १० ॥

सजल-घन-नीलः - જળવાળાં વાદળ જેવા નીલરંગના करतले - હથેળીમાં दध्यन्नम् - દહીં અને અન્ન, દહીં-મિશ્રિત અન્ન दधानः - ધારણ કરતા तद् - તે अनु - પછી नवनीतम् - માખણને ધારણ કરનાર मुरलिकाम् - મોરલીને ધારણ કરનાર कदाचित् - કોઈક વાર कान्तायाः - પ્રિયાનાં कुच-कलश-पत्रावलि-रचना-समासक्तः - કલશ જેવાં વક્ષઃસ્થળ ઉપર પત્રાવલિની રચનામાં લાગેલા स्निग्धैः - સ્નેહીઓ सह - સાથે शिशु-विहारम् - બાલક્રીડાઓ विरचयन् - રચતા कृष्णः - શ્રીકૃષ્ણનું सदा - હંમેશ सेव्यः - સેવન કરવું જોઈએ. (૧૦)

જળવાળાં વાદળ જેવા નીલરંગના, હથેળીમાં દહીં-મિશ્રિત અન્ન અને તે પછી માખણ તથા મોરલીને ધારણ કરનારા, કોઈક વાર પ્રિયાનાં કલશ જેવાં વક્ષઃસ્થળ ઉપર પત્રાવલિની રચનામાં લાગેલા (તો કોઈક વાર) સ્નેહીઓ સાથે બાળક્રીડાઓ રચતા શ્રીકૃષ્ણનું હંમેશ સેવન કરવું જોઈએ. (૧૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''भगवन्मानसपूजा'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''ભગવન્માનસપૂજા'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



॥ ॐ ॥

॥ दशश्लोकीस्तुतिः ॥

साम्बो नः कुलदैवतं पशुपते साम्ब त्वदीया वयं
साम्बं स्तौमि सुरासुरोरगगणाः साम्बेन संतारिताः ।
साम्बायास्तु नमो मया विरचितं साम्बात्परं नो भजे
साम्बस्यानुचरोऽस्म्यहं मम रतिः साम्बे परब्रह्मणि ॥ १ ॥

साम्बः नः कुलदैवतम् - श्री साम्ब (साम्ब એટલે અંબા અર્થાત્ માતા પાર્વતી સાથે જે રહે છે તે) એ અમારાં કુલદેવતા છે; (હે) पशुपते साम्ब त्वदीयाः वयम् - હે સામ્બ ! અમે આપના જ છીએ साम्बं स्तोमि - હું શ્રી સામ્બની સ્તુતિ કરું છું; सुर-असुर-उरग-गणाः - સુર, અસુર અને સર્પગણો (તમામ); साम्बेन संतारिताः - સામ્બથી તારવામાં આવ્યા; साम्बाय मया विरचितं नमः अस्तु - મેં રચેલ સ્તોત્ર શ્રી સામ્બને નમસ્કાર કરનારું થાય; साम्बात् परं नो भजे - સામ્બ કરતાં પર તરીકે હું અન્ય કોઈને ભજતો નથી; अहं साम्बस्य अनुचरः अस्मि - હું શ્રી સામ્બનો સેવક છું; मम रतिः साम्बे परब्रह्मणि - મારી પ્રીતિ પરબ્રહ્મ એવા સામ્બમાં હોજો.

શ્રી સામ્બ એ અમારાં કુલદેવતા છે; હે પશુપતિ સામ્બ ! અમે આપનાં જ છીએ. હું શ્રી સામ્બની સ્તુતિ કરું છું; સુર-અસુર-સર્પ ગણોને તમામને શ્રી સામ્બે તાર્યા; સામ્બને મારા મેં કરેલા નમસ્કાર હો ! સામ્બથી (જુદા અને) ઉચ્ચ તરીકે હું કોઈને ભજતો નથી. હું શ્રી સામ્બનો સેવક છું, મારી પ્રીતિ સામ્બ પરબ્રહ્મમાં રહેલી છે. (૧)

विष्णवाद्याश्च पुरत्रयं सुरगणा जेतुं न शक्ताः स्वयं
यं शंभुं भगवन्वयं तु पशवोऽस्माकं त्वमेवेश्वरः ।
स्वस्वस्थाननियोजिताः सुमनसः स्वस्था बभूवुस्तत-
स्तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ २ ॥

विष्णु-आद्याः - વિષ્ણુ વગેરે; सुरगणाः - દેવગણો; पुरत्रयं जेतुं न शक्ताः - પુરત્રયને જીતી લેવા સમર્થ નહોતા; यं शंभुं (प्राप्ताः) - જે શંભુને (આશ્રયે ગયા હતા); वयं तु पशवः - અમે તો (પામર) પશુઓ છીએ; त्वं एव अस्माकं ईश्वरः - આપ જ અમારા ઈશ્વર છો; स्वस्वस्थान-नियोजिताः - પોતપોતાને સ્થાને નિયુક્ત કરવામાં આવેલા; सुमनसः - દેવો; ततः - તે પછી જ स्वस्थाः बभूवुः - સ્વસ્થ (અને સ્થિર) થયા; तस्मिन् साम्बे परब्रह्मणि - તે સામ્બ પરબ્રહ્મમાં; मे हृदयं सुखेन रमताम् - મારું હૃદય સુખપૂર્વક રમણ કરો, રત થાવ !

વિષ્ણુ વગેરે દેવગણો સ્વયં પુરત્રયને જીતવા સમર્થ નહોતા. ત્યારે તો (આપ) ભગવાન શંભુને (આશ્રયે ગયા હતા.) અમે તો જગતના (પામર) પશુ સમાન છીએ; અમારા ઈશ્વર તો આપ જ છો; તે પછી (આપના દ્વારા) પોતપોતાનાં સ્થાને નિયુક્ત કરવામાં આવેલા તે સ્વસ્થ (અને સ્થિર) થયા. આ સામ્બ પરબ્રહ્મમાં મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૨)

क्षोणी यस्य रथो रथाङ्गयुगलं चन्द्रार्कबिम्बद्वयं
कोदण्डः कनकाचलो हरिरभूद्बाणो विधिः सारथिः ।
तूणीरो जलधिर्हयाः श्रुतिचयो मौर्वी भुजंगाधिप-
स्तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ३ ॥

क्षोणी यस्य रथः - પૃથ્વી એ જેમનો રથ છે; रथाङ्गयुगलं - રથનાં બે પૈડાં; चन्द्रार्कबिम्बद्वयं - ચન્દ્ર અને સૂર્યનાં બે બિમ્બ છે; यस्य कनकाचलः कोदण्डं - કનકાચલ એટલે મેરુ એ જેનું ધનુષ્ય છે; हरिः बाणः अभूत् - હરિ જેનું બાણ બન્યા છે; विधिः सारथिः - વિધિ (= બ્રહ્મા) જેના સારથિ બન્યા છે; तूणीरः जलधिः - જેનું ભાથું સમુદ્ર છે; हयाः श्रुतिवचः - વેદવચનો, વેદવિધાનો જેના અશ્વ બન્યા છે; भुजंगाधिपः मौर्वी - શેષનાગ જેની (બાણની) પણછ બન્યા છે; तस्मिन् मे - વગેરે શ્લોક ૨ મુજબ.

પૃથ્વી જેનો રથ છે, રથનાં બે પૈડાં ચન્દ્ર અને સૂર્યનાં બિમ્બ છે, કનકાચલ એટલે મેરુ જેનું ધનુષ્ય છે, હરિ બાણ અને બ્રહ્માજી સારથિ બન્યા છે; સમુદ્ર જેનું ભાથું બન્યો છે, શ્રુતિવિધાનો જેના અશ્વો બન્યા છે અને સર્પોના અધિપતિ (શેષનાગ) જેમના ધનુષ્યની પણછ છે, તે સામ્બ પરબ્રહ્મમાં મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૩)

येनापादितमङ्गजाङ्गभसितं दिव्याङ्गरागैः समं
येन स्वीकृतमब्जसंभवशिरः सौवर्णपात्रैः समम् ।
येनाङ्गीकृतमच्युतस्य नयनं पूजारविन्दैः समं
तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ४ ॥

येन आपादितं - જેમણે પ્રાપ્ત કર્યો છે; अङ्गज-अङ्गभसितं - (કામદેવ બળ્યો. અંગરહિત થયો એટલે અનંગ કહેવાયો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તે હતો. તેના અંગ એટલે દેહની ભસ્મ એવા અર્થ અભિપ્રેત છે) અંગમાંથી જન્મેલ દેહની ભસ્મ; दिव्य-अंगरागैः समं - દિવ્ય અંગરાગ સમો; अब्जसंभवशिरः येन स्वीकृतं - જેમણે (કમલયોનિ) બ્રહ્માનું શિર સ્વીકાર્યું છે; सौवर्णपात्रे - સુવર્ણપાત્રો; समं - સાથે; पूजारविन्दैः समं - પૂજાના કમળ સાથે; अच्युतस्य नयनं अंगीकृतं - વિષ્ણુનું નેત્ર ધારણ કર્યું છે, સ્વીકાર્યું છે; तस्मिन् मे हृदयं... - વગેરે શ્લોક ૨ મુજબ.

જેમણે દિવ્ય (કામદેવના) અંગમાંથી જન્મેલ ભસ્મનો દિવ્ય લેપ કર્યો છે; જેમણે કમલયોનિ (બ્રહ્માજીનું) મસ્તક સુવર્ણના પાત્રોની સાથે સ્વીકાર્યું છે; અને વળી જેમણે પૂજા-કમલની સાથે અચ્યુતનું (= વિષ્ણુનું) નેત્ર અંગીકાર કર્યું છે, તે સામ્બ પરબ્રહ્મમાં મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૪)

गोविन्दादधिकं न दैवतमिति प्रोच्चार्य हस्तावुभा-
वुद्धृत्याथ शिवस्य संनिधिगतो व्यासो मुनीनां वरः ।
यस्य स्तम्भितपाणिरानतिकृता नन्दीश्वरेणाभव-
त्तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ५ ॥

''गोविन्दात् अधिकं न दैवतं'' इति - ગોવિંદ કરતાં ઉચ્ચતર કોઈ દેવ નથી, એ પ્રમાણે; प्रोच्चार्य - મોટા અવાજે બોલીને, જાહેર કરીને; हस्तौ उभौ उद्धृत्य - બંને હાથ ઊંચા કરીને; मुनीनां वरः व्यासः - મુનિજનોમાં શ્રેષ્ઠ વ્યાસ; शिवस्य संनिधिं गतः - શિવના નિકટવર્તી બન્યા; आनतिकृता नन्दीश्वरेण - વંદન કરતા નંદીશ્વર શિવજીએ; स्तम्भितपाणिः अभवत् - હાથ સ્થિર કરી દીધો; तस्मिन् मे हृदयं - વગેરે શ્લોક ૨ મુજબ.

''ગોવિન્દ કરતાં વધારે મોટા કોઈ દેવ નથી'', એ પ્રમાણે મોટા અવાજે જાહેર કરીને મુનિઓમાં સર્વશ્રેષ્ઠ વ્યાસ બંને હાથ ઊંચા કરીને શિવજીના નિકટવર્તી બન્યા ત્યારે, નમન કરતા નંદીશ્વરે તેમના હાથને સ્થિર કરી દીધા. એ શ્રી સામ્બ પરબ્રહ્મમાં મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૫)

आकाशश्चिकुरायते दशदिशाभोगो दुकूलायते
शीतांशुः प्रसवायते स्थिरतरानन्दः स्वरूपायते ।
वेदान्तो निलयायते सुविनयो यस्य स्वभावायते
तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ६ ॥

आकाशः चिकुरायते - જેમને માટે (સમગ્ર) આકાશ (મસ્તકની) વાળની જટા બને છે; दशदिशाभोगः दुकूलायते - દસ દિશાનો વિસ્તાર વસ્ત્રની ગરજ સારે છે; शीतांशुः प्रसवायते - ચન્દ્ર પ્રસવરૂપ બને છે; स्थिरतर-आनन्दः અતિસ્થિર આનંદ સ્વરૂપ બની રહે છે, જે સ્વયં આનંદસ્વરૂપ છે; वेदान्तः निलयायते - વેદાન્ત જેમના નિવાસરૂપ છે; જે વેદાન્તમાં અભિવ્યકત છે; यस्य सुविनय स्वभावायते - જેમનો સુવિનય એ જ સ્વભાવરૂપ છે; तस्मिन् मे - વગેરે શ્લોક ૨ મુજબ.

જેમને માટે (વિશાળ) આકાશ એ (મસ્તકના) વાળની ગરજ સારે છે; દશ દિશાઓનો વિસ્તાર વસ્ત્ર બની રહે છે; ચન્દ્ર પ્રસવરૂપ બને છે; (સ્થિર) અત્યન્ત સ્થિર આનંદ જેમનું સ્વરૂપ બની રહે છે; વેદાન્ત જેમના નિવાસ રૂપ છે; સુવિનય એ જ જેમનો સ્વભાવ છે, તે સામ્બ પરબ્રહ્મમાં મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૬)

विष्णुर्यस्य सहस्रनामनियमादम्भोरुहाण्यर्चय-
न्नेकोनोपचितेषु नेत्रकमलं नैजं पदाब्जद्वये ।
संपूज्यासुरसंहतिं विदलयंस्त्रैलोक्यपालोऽभव-
त्तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ७ ॥

सहस्रनामनियमात् - સહસ્ર નામના ઉચ્ચારણના નિયમે કરીને; यस्य - જેમનાં ચરણે; अम्भोरुहाणि अर्चयत् - કમલોથી અર્ચન કરતાં; एकोनोपचितेषु - આમાં એક ઓછું પડતાં; नैजं नेत्रकमलं पदाब्जद्वये (अर्पयत्) - પોતાનું નેત્રકમળ જેમણે તેમનાં ચરણદ્વય ઉપર (અર્પણ કર્યું); संपूज्य - (એ પ્રમાણે) પૂજા કરીને; असुरसंहतिं विदलयन् - અસુરોના વિશાળ સમૂહનો ધ્વંસ કરીને त्रैलोक्यपालः - ત્રિલોકના નાથ अभवत् - બન્યા; तस्मिन् मे - વગેરે શ્લોક ૨ મુજબ.

વિષ્ણુએ હજાર નામનું રટણ કરવાના નિયમે કરીને જેમને (એટલી જ સંખ્યામાં) કમળો અર્પણ કરતાં, જ્યારે એક ઓછું પડ્યું ત્યારે, પોતાનું નેત્રકમળ તેમનાં ચરણકમળે અર્પી દીધું; (આ પછી) તેઓ અસુરોના વિશાળ સમૂહનો ધ્વંસ કરતાં ત્રિલોકના પાલક તરીકે ઓળખાયા, એ સામ્બ પરબ્રહ્મમાં મારું હૃદય (સદાય) સુખપૂર્વક રમણ કરો ! (૭)

शौरिं सत्यगिरं वराहवपुषं पादाम्बुजादर्शने
चक्रे यो दयया समस्तजगतां नाथं शिरोदर्शने ।
मिथ्यावाचमपूज्यमेव सततं हंसस्वरूपं विधिं
तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पादाम्बुजादर्शने - ચરણકમળનાં દર્શનના અભાવે; सत्यगिरं शौरिं - સત્યવાચી વિષ્ણુને; वराहवपुषं - વરાહદેહધારી चक्रे - બનાવ્યા; शिरोदर्शने - મસ્તકનાં દર્શનને કારણે; दयया - દયા લાવીને; समस्तजगतां नाथं - સમગ્ર જગતના નાથ; विधिं - વિધિને, બ્રહ્માને; मिथ्यावाचं - મિથ્યાવાચી; सततं हंसस्वरूपं - સતત હંસસ્વરૂપ અને अपूज्यं एव चक्रे - અપૂજ્ય જ બનાવ્યા; तस्मिन् मे हृदयं - વગેરે શ્લોક ૨ મુજબ.

જેમણે સત્યવાચી વિષ્ણુને તેમણે ચરણકમલનાં દર્શન ન કર્યાં, તેથી વરાહરૂપધારી અને મસ્તકનાં દર્શન કર્યાં, તેથી સમગ્ર જગતના નાથ બનાવ્યા; બ્રહ્માને મિથ્યાવાચી તરીકે સતત હંસસ્વરૂપ અને અપૂજ્ય બનાવ્યા, તે શ્રી સામ્બ પર-બ્રહ્મમાં (સદાય) મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૮)

यस्यासन्धरणीजलाग्निपवनव्योमार्कचन्द्रादयो
विख्यातास्तनवोऽष्टधा परिणता नान्यततो वर्तते ।
ओंकारार्थविवेचनी श्रुतिरियं चाचष्ट तुर्यं शिवं
तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ ९ ॥

यस्य आसन् - જેમનાં હતાં; विख्याताः तनवः - વિખ્યાત દેહો; अष्टधा परिणताः - આઠ ભાગમાં વહેંચાયેલા હતા; धरणी - जल - अग्नि - पवन - व्योम - अर्क - चन्द्रादयः - પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચન્દ્ર વગેરે. ततः अन्यत् न वर्तते - તેનાથી બીજો વ્યવહાર નથી, અર્થાત્, જેમનાં બાહ્ય સ્વરૂપો આઠ જ છે; ओंकारार्थविवेचनी - ઓમ્કારના અર્થનું વિવેચન કરનારી; इयं श्रुतिः शिवं तुर्यं आचष्टे - આ શ્રુતિ (પણ) શિવને સર્વશ્રેષ્ઠ તરીકે નિરૂપે છે; तस्मिन् मे हृदयं - વગેરે શ્લોક ૨ મુજબ.

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચન્દ્ર વગેરે જેમનાં આઠ (બાહ્ય) રૂપ પામેલાં શરીરો છે, જેનાથી જુદો કોઈ વ્યવહાર નથી; (અને) ઓમ્કારના અર્થનું વિશ્લેષણ કરનારી આ શ્રુતિ જે શિવજીને સર્વશ્રેષ્ઠ તરીકે સિદ્ધ કરે છે, તે શ્રી સામ્બ પરબ્રહ્મ એવા શિવમાં સદાય મારું હૃદય સુખપૂર્વક રમણ કરો ! (૯)

विष्णुब्रह्मसुराधिपप्रभृतयः सर्वेऽपि देवा यदा
संभूताज्जलधेर्विषात्परिभवं प्राप्तास्तदा सत्वरम् ।
तानार्ताञ्शरणागतानिति सुरान्योऽरक्षदर्धक्षणा-
त्तस्मिन्मे हृदयं सुखेन रमतां साम्बे परब्रह्मणि ॥ १० ॥

विष्णु-ब्रह्म-सुराधिप-प्रभृतयः - વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે; सर्वे अपि देवाः - બધા જ દેવો; यदा - જ્યારે; जलधेः संभूतात् विषात् परिभवं प्राप्ताः - સમુદ્રમાંથી (સમુદ્રમંથનના સમયે) પ્રાપ્ત કાળકૂટ વિષથી હાર્યા, મૂંઝાયા, ડરી ગયા; तदा - તે સમયે; तान् आर्तान् शरणागतान् - તેઓ અતિવ્યથિત અને શરણાગત બનેલા; सुरान् अर्धक्षणात् अरक्षत् - દેવોને ક્ષણાર્ધ માત્રમાં જેમણે (વિષપાન કરીને) બચાવી લીધા; तस्मिन् मे हृदयं - વગેરે શ્લોક ૨ મુજબ.

વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે બધા જ દેવો જ્યારે (સમુદ્રમંથનના સમયે) સમુદ્રમાંથી નીકળેલા કાળકૂટ વિષથી એકદમ ડરી ગયા, તે સમયે તે તમામ દેવોને શરણાગત ગણીને તરત જ જેમણે (વિષપાન કરીને) ક્ષણાર્ધમાં બચાવી લીધા, તે શ્રી સામ્બ પરબ્રહ્મમાં સદાય મારું મન સુખપૂર્વક રમણ કરો. (૧૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''दशश्लोकीस्तुतिः'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''દશશ્લોકીસ્તુતિઃ'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

|| ॐ ||

|| धन्याष्टकम् ||

तज्ज्ञानं प्रशमकरं यदिन्द्रियाणां
तज्ज्ञेयं यदुपनिषत्सु निश्चितार्थम् ।
ते धन्या भुवि परमार्थनिश्चितेहाः
शेषास्तु भ्रमनिलये परिभ्रमन्ति ॥ १ ॥

यद् - જે, इन्द्रियाणाम् - ઈન્દ્રિયોનું, प्रशमकरम् - પ્રશમન કરનાર છે, तद् - તે, ज्ञानम् - જ્ઞાન છે, यद् - જે, उपनिषत्सु - ઉપનિષદોમાં, निश्चतार्थम् - નિશ્ચિત થયેલ અર્થવાળું છે, तद् - તે, ज्ञेयम् - જ્ઞેય જાણવાની વસ્તુ છે, भुवि - પૃથ્વી ઉપર, परमार्थ-निश्चितेहा - પરમ તત્ત્વને જાણવા માટે જેની ઈચ્છા નિશ્ચિત છે, ते - તેઓ, धन्याः - ધન્ય છે, शेषाः - બાકીના, भ्रमनिलये - ભ્રમણાના નિવાસમાં, ભૂલભૂલામણીમાં, परिभ्रामन्ति - ભમી રહ્યા છે.

જે ઈન્દ્રિયોનું પ્રશમન કરનાર છે તે (જ સાચું) જ્ઞાન છે. જે ઉપનિષદોમાં નિશ્ચિત થયેલ અર્થવાળું છે, તે જ્ઞેય છે. પૃથ્વી ઉપર પરમ તત્ત્વને જાણવા માટે જેની ઈચ્છા નિશ્ચિત છે, તેઓ ધન્ય છે, બાકીનાં (સંસારની) ભૂલભૂલામણીમાં ભમી રહ્યા છે. (૧)

आदौ विजित्य विषयान्मदमोहराग-
द्वेषादिशत्रुगणमाहृतयोगराज्याः ।
ज्ञात्वामृतं समनुभूतपरात्मविद्या-
कान्तासुखा बत गृहे विचरन्ति धन्याः ॥ २ ॥

आदौ - પ્રથમ, विषयान् - (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ) વિષયોને (તથા), मद-मोह-राग-द्वेष-आदि-शत्रु-गणम् - મદ, મોહ, રાગ, દ્વેષ વગેરે (આંતરિક) શત્રુઓના સમૂહને, विजित्य - જીતીને, आहत-योगराज्याः - યોગના રાજ્યને પ્રાપ્ત કરનારા, अमृतम् - અમરપદને, ज्ञात्वा - જાણીને, समनुभूत-पर-आत्मविद्या-कान्ता-सुखाः - પર એવી આત્મવિદ્યારૂપી કાન્તાનાં સુખને અનુભવનારા યોગીઓ, गृहे - ઘરમાં, विचरन्ति - વિચરણ કરે છે (તેઓ), बत - અહો ! धन्याः - ધન્ય છે.

પ્રથમ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ) વિષયોને (તથા) પછી મદ, મોહ, રાગ, દ્વેષ વગેરે (આંતરિક) શત્રુઓના સમૂહને જીતીને, યોગનાં રાજ્યને પ્રાપ્ત કરનારા, અમરપદને જાણીને પર એવી આત્મવિદ્યારૂપી કાન્તાનાં સુખને અનુભવનારા યોગીઓ ઘરમાં વિચરણ કરે છે. અહો ! તે ધન્ય છે ! (૨)

त्यक्त्वा गृहे रतिमधोगतिहेतुभूता-
मात्मेच्छयोपनिषदर्थरसं पिबन्तः ।
वीतस्पृहा विषयभोगपदे विरक्ता
धन्याश्चरन्ति विजनेषु विरक्तसङ्गाः ॥ ३ ॥

अधोगति-हेतुभूताम् - અધોગતિનું કારણ બનેલી, गृहे - ઘર માટેની, रतिम् - રતિને, પ્રીતિને, મોહને, त्यक्त्वा - ત્યજીને, आत्मेच्छया - આત્માને (જાણવાની) ઈચ્છાથી, उपनिषदर्थरसम् पिबन्तः- ઉપનિષદના અર્થના રસનું પાન કરનારા, वीतस्पृहा - ઈચ્છા વિનાના, विषय-भोग-पदे - વિષયોના ભોગના સ્થાનમાં, विरक्ताः - વિરક્ત બનેલા (જે યોગીઓ), विरक्तसङ्गाः - સંગમાં આસક્તિ વિનાના બની, विजनेषु - નિર્જન સ્થાનોમાં, विचरन्ति - વિચરે છે, धन्याः - (તેઓ) ધન્ય છે.

અધોગતિનું કારણ બનેલી ઘર માટેની પ્રીતિને ત્યજીને આત્મા (જાણવાની) ઈચ્છાથી ઉપનિષદના અર્થના રસનું પાન કરનારા, (કોઈ પણ પ્રકારની) ઈચ્છા વિનાના, વિષયોના ભોગના સ્થાનોમાં વિરક્ત બનેલા જે યોગીઓ સંગમાં આસક્તિ વિનાના બની નિર્જન સ્થાનોમાં વિચરે છે તેઓ ધન્ય છે. (૩)

त्यक्त्वा ममाहमिति बन्धकरे पदे द्वे
मानावमानसदृशाः समदर्शिनश्च ।
कर्तारमन्यमवगम्य तदर्पितानि
कुर्वन्ति कर्मपरिपाकफलानि धन्याः ॥ ४ ॥

मम-अहम् - હું અને મારું, इति - એવા, बन्धकरे - (સંસારમાં) બંધ પેદા કરનારાં, द्वे पदे - બે પદોને, त्यक्त्वा - ત્યજીને, मानावमान-सदृशाः - માન અને અપમાનમાં સમાન, समदर्शिनः - સમદર્શીઓ, कर्तारम् - (સંસારના) કર્તાને, अवगम्य - જાણીને, कर्म-परिपाकफलानि - કર્મનાં પરિપાકરૂપે ફળને, तद् अर्पितानि - તે(ઈશ્વર)ને અર્પણ, कुर्वन्ति - કરે છે તે, धन्याः - ધન્ય છે.

'હું' અને 'મારું' એવા (સંસારમાં) બંધ પેદા કરનારાં બે પદોને ત્યજીને, માન અને અપમાનમાં સમાન, સમદર્શીઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સંસારના) કર્તાને જાણીને કર્મનાં પરિપાકરૂપે ફળને તે (ઈશ્વર)ને અર્પણ કરે છે, તે ધન્ય છે. (૪)

त्यक्त्वैषणात्रयमवेक्षितमोक्षमार्गा
भैक्षामृतेन परिकल्पितदेहयात्राः ।
ज्योतिः परात्परतरं परमात्मसंज्ञं
धन्या द्विजा रहसि हृद्यवलोकयन्ति ॥ ५ ॥

एषणात्रयम् - (લોકૈષણા, પુત્રૈષણા તથા વિત્તૈષણા, એ) ત્રણે એષણાઓને, त्यक्त्वा - ત્યજીને, अवेक्षित-मोक्षमार्गाः - મોક્ષના માર્ગને જોનારા, भैक्षामृतेन - ભિક્ષારૂપી અમૃતથી, परिकल्पित-देह-यात्राः - શરીરયાત્રાનો નિર્વાહ કરનારા, ये - જે, द्विजाः - બ્રાહ્મણો, हृदि - હૃદયમાં, परात्परतरम् - પરથી પણ અત્યંત પર એવી, परमात्मसंज्ञम् - 'પરમાત્મા' નામની, ज्योतिः - જ્યોતિનું, अवलोकयन्ति - દર્શન કરે છે (તે), धन्याः - ધન્ય છે.

ત્રણે પ્રકારની એષણાઓને ત્યજીને, મોક્ષના માર્ગને જોનારા, ભિક્ષારૂપી અમૃતથી શરીરયાત્રાનો નિર્વાહ કરનારા જે, બ્રાહ્મણો હૃદયમાં, પરથી પણ અત્યંત પર એવી 'પરમાત્મા' નામની જ્યોતિનું દર્શન કરે છે, તે ધન્ય છે. (૫)

नासन्न सन्न सदसन्न महन्न चाणु
न स्त्री पुमान्न च नपुंसकमेकबीजम् ।
यैर्ब्रह्म तत्समनुपासितमेकचित्ता
धन्या विरेजुरितरे भवपाशबद्धाः ॥ ६ ॥

न असत् - ન અસત્, सन् न - ન સત્, न सद् असत् - ન સત્-અસત્, न महत् - ન મહત્, મોટું, च - અને, न अणु - ન અણુ, न स्त्री - ન સ્ત્રી, નારી, न पुमान् - ન પુરુષ, નર, न नपुंसकम् - ન નપુંસક, एकबीजम् - (સંસારનું) એકમાત્ર બીજ એવું, ब्रह्म यैः - જેઓએ, समुपासितम् - ઉપાસ્યું છે, બ્રહ્મની ઉપાસના કરી છે તેવા, एकचित्ता - એકાગ્ર ચિત્તવાળા, विरेजुः - પ્રકાશે છે તેવા તે, धन्याः - ધન્ય છે, इतरे - બીજા, भवपाशबद्धाः - સંસારના પાશથી બંધાયેલા છે.

ન અસત્, ન સત્, ન સત્-અસત્, ન મહાન, ન અણુ, ન નારી, ન નર, ન નપુંસક, (સંસારનું) એકમાત્ર બીજ એવું બ્રહ્મ જેણે ઉપાસ્યું છે, તેવા જે એકાગ્ર ચિત્તવાળા પ્રકાશે છે, તે ધન્ય છે. બીજા સંસારના પાશથી બંધાયેલા છે.

अज्ञानपङ्कपरिमग्नमपेतसारं
दुःखालयं मरणजन्मजरावसक्तम् ।
संसारबन्धनमनित्यमवेक्ष्य धन्या
ज्ञानासिना तदवशीर्य विनिश्चयन्ति ॥ ७ ॥

अज्ञान-पङ्क-परिमग्नम् - અજ્ઞાનના કાદવમાં ખૂંપેલા, अपेतसारम् - સાર વિનાના, दुःखालयम् - દુઃખોના નિવાસરૂપ, मरण-जन्म-जरावसक्तम् - જન્મ, મરણ અને ઘડપણથી જોડાયેલા, संसारबन्धनम् - સંસારનાં બંધનને, अनित्यम् - અનિત્ય, अवेक्ष्य - જોઈને, ज्ञानासिना - જ્ઞાનરૂપી તલવારથી, तद्-अवशीर्य - તેને કાપીને, विनिश्चयन्ति - (પોતાના સાચા સ્વરૂપનો) નિશ્ચય કરે છે તે, धन्याः - ધન્ય છે.

અજ્ઞાનના કાદવમાં ખૂંપેલા, સાર વિનાના, દુઃખોના નિવાસરૂપ, જન્મ, મરણ અને ઘડપણથી જોડાયેલા સંસારનાં બંધનને અનિત્ય જોઈને, જ્ઞાનરૂપી તલવારથી તેને કાપીને, (પોતાનાં સ્વરૂપનો), જેઓ નિશ્ચય કરે છે તેઓ ધન્ય છે. (૭)

शान्तैरनन्यमतिभिर्मधुरस्वभावै-
रेकत्वनिश्चितमनोभिरपेतमोहैः ।
साकं वनेषु विजितात्मपदस्वरूपं
शास्त्रेषु सम्यगनिशं विमृशन्ति धन्याः ॥ ८ ॥

शान्तैः - શાન્ત, अनन्य-मतिभिः - અનન્ય મતિવાળા, બીજે મનને નહિ આપનારા, मधुर-स्वभावैः - મધુર સ્વભાવવાળા, एकत्व-निश्चितमनोभिः - એકત્વ દ્વારા મનને સ્થિર કરનારા, अपेत-मोहैः - મોહ વિનાના, साकम् - સાથે, वनेषु - વનમાં રહીને, विजितात्म-पदस्वरूपम् - વશ કરેલા આત્માનાં સ્થળ અને સ્વરૂપની, शास्त्रेषु - શાસ્ત્રોમાં, सम्यग् - સારી રીતે, अनिशम् - સતત, विमृशन्ति - જેઓ ચર્ચા કરે છે તે, धन्याः - ધન્ય છે.

શાન્ત, અનન્ય મતિવાળા, મધુર સ્વભાવના, એકત્વ દ્વારા (પોતાનાં) મનને સ્થિર કરનાર, મોહ વિનાના, (મહાનુભાવો) સાથે વનમાં, રહીને વશ કરેલા આત્માનાં સ્થાન અને સ્વરૂપની શાસ્ત્રોમાં સારી રીતે સતત જેઓ ચર્ચા કરે છે, તેઓ ધન્ય છે. (૮)

अहिमिव जनयोगं सर्वदा वर्जयेद्यः
कुणपमिव सुनारीं त्यक्तुकामो विरागी ।
विषमिव विषयान्यो मन्यमानो दुरन्तान्
जयति परमहंसो मुक्तिभावं समेति ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यः - જે, जनयोगम् - માણસોનો સંયોગ, अहिम् - સાપની, इव - જેમ, सर्वदा - સદા, वर्जयेत् - ત્યજી દે (જેમ કોઈ સાપનો સહવાસ છોડી દે, તેમ માણસોનો સંયોગ પણ ત્યજી દે), सुनारीम् - સુંદર, સ્ત્રીને कुणप इव - મડદાંની જેમ, विरागी - વૈરાગી બની, त्यक्तुकामः - છોડી દેવાની ઈચ્છા રાખે છે, दुरन्तान् - દુસ્ત્યજ, विषयान् - વિષયોને, विषम्-इव - ઝેર જેવા, मन्यमानः - માનતો, परमहंसः - પરમહંસ, સંન્યાસી, जयति - વિજય પામે છે, मुक्तिभावम् - મુક્તિના ભાવને, મુક્તિને, समेति - પ્રાપ્ત કરે છે.

માણસોનો સંયોગ સાપની જેમ જે સર્વથા ત્યજી દે છે, સુંદર સ્ત્રીને મડદાંની જેમ વૈરાગી બની છોડવાની ઈચ્છા રાખે છે, તે દુસ્ત્યજ વિષયોને ઝેર જેવા માનતો પરમહંસ વિજય પામે છે અને મુક્તિ મેળવે છે. (૯)

सम्पूर्णं जगदेव नन्दनवनं सर्वेऽपि कल्पद्रुमा
गाङ्गं वारि समस्तवारिनिवहाः पुण्याः समस्ताः क्रियाः ।
वाचः प्राकृतसंस्कृताः श्रुतिशिरो वाराणसी मेदिनी
सर्वावस्थितिरस्य वस्तुविषया दृष्टे परब्रह्मणि ॥ १० ॥

परब्रह्मणि - પરબ્રહ્મનો, दृष्टे - જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે, अस्य - તે(માણસ)ને માટે, सम्पूर्णम् - આખુંય, जगद् - જગત, नन्दनवनम् - નંદનવન, सर्वेऽपि - બધા જ લોકો, कल्पद्रुमाः - કલ્પવૃક્ષ, समस्तवारिनिवहाः - સઘળાં પાણીના સમૂહો, गाङ्गंवारि - ગંગાનું જળ, समस्ताः - સઘળી, क्रियाः - ક્રિયાઓ, पुण्याः - પવિત્ર, प्राकृतसंस्कृताः - પ્રાકૃત કે સંસ્કૃત, वाचः - વાણી, श्रुतिशिरः - ઉપનિષદ, શ્રુતિ-વેદનું મસ્તક, मेदिनी - પૃથ્વી, वाराणसी - વારાણસી, કાશી, એટલે કે મુક્તિનું ક્ષેત્ર અને, सर्वावस्थितिः દરેક પ્રકારની સ્થિતિ, वस्तुविषया - પરમતત્ત્વને વિષય કરનારી બની જાય છે.

પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય ત્યારે, તે(માણસ)ને માટે આખુંય જગત નંદનવન, બધા જ લોકો કલ્પવૃક્ષ, સઘળાં પાણીના સમૂહો ગંગાજળ, સઘળી ક્રિયાઓ પવિત્ર, પ્રાકૃત કે સંસ્કૃત વાણી ઉપનિષદ્, પૃથ્વી વારાણસી અને દરેક સ્થિતિ પરમતત્ત્વને વિષય કરનારી બની જાય છે. (૧૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''धन्याष्टकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''ધન્યાષ્ટકમ્'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ वेदसारशिवस्तोत्रम् ॥

पशूनां पतिं पापनाशं परेशं
गजेन्द्रस्य कृत्तिं वसानं वरेण्यम् ।
जटाजूटमध्ये स्फुरद्गाङ्गवारिं
महादेवमेकं स्मरामि स्मरारिम् ॥ १ ॥

पशूनां पतिं - પશુઓના સ્વામી; पापनाशं - પાપોના નાશક; परेशं - પરમેશ્વર; गजेन्द्रस्य कृत्तिं वसानं - ગજેન્દ્રના ચર્મને ધારણ કરનાર; वरेण्यम् - સર્વશ્રેષ્ઠ; जटा-जूट-मध्ये - જેમની જટાજૂટની મધ્યેથી; स्फुरद्-गाङ्ग-वारिं - ગંગાનાં જળ વહી રહ્યાં છે એવા; एकं - અદ્વિતીય; महादेवं - મહાદેવને; स्मरारिम् - કામદેવના શત્રુને; स्मरामि - હું સ્મરું છું.

પશુઓના સ્વામી; પાપોના નાશક; સમ્પન્ન; ગજેન્દ્રના ચર્મને ધારણ કરનાર; સર્વશ્રેષ્ઠ; જેમના જટાજૂટ વચ્ચેથી ગંગાનાં જળ વહી રહ્યાં છે એવા, કામદેવના શત્રુ, અદ્વિતીય મહાદેવનું હું સ્મરણ કરું છું. (૧)

महेशं सुरेशं सुरारातिनाशं
विभुं विश्वनाथं विभूत्यङ्गभूषम् ।
विरूपाक्षमिन्द्वर्कवह्नित्रिनेत्रं
सदानन्दमीडे प्रभुं पञ्चवक्त्रम् ॥ २ ॥

महेशं - મહેશ; सुरेशं - સુરેશ; सुर-अराति-नाशं - દેવોના શત્રુઓના નાશક; विभुं - વિશાળ, વિશ્વવ્યાપક; विश्वनाथं - જગત સમગ્રના નાથ; विभूति-अंग-भूषं - અંગ પર ભસ્મલેપથી શોભતા; विरूपाक्षं - વિરૂપાક્ષ; इन्दु-अर्क-वह्नित्रिनेत्रं - ચંદ્ર, સૂર્ય અને અગ્નિ રૂપી ત્રણ નેત્રો ધરાવનાર; पंचवक्त्रं - પંચમુખ; सदानन्दं - નિત્ય આનંદસ્વરૂપ, प्रभुं ईडे - પ્રભુની હું સ્તુતિ કરું છું.

મહેશ, સુરેશ, દેવોના શત્રુઓનો નાશ કરનાર, વિભુ, વિશ્વસમગ્રના નાથ, અંગ પરના ભસ્મલેપથી શોભતા; વિરૂપાક્ષ, ચન્દ્ર, સૂર્ય અને અગ્નિરૂપી ત્રણ નેત્રો ધારણ કરતા, પંચમુખ, નિત્ય-આનન્દ-સ્વરૂપ એવા પ્રભુની હું સ્તુતિ કરું છું. (૨)

गिरीशं गणेशं गले नीलवर्णं
गवेन्द्राधिरूढं गुणातीतरूपम् ।
भवं भास्वरं भस्मना भूषिताङ्गं
भवानीकलत्रं भजे पञ्चवक्त्रम् ॥ ३ ॥

गिरीशं - વાણીના સ્વામી; गणेशं - ગણોના અધિપતિ; गले नीलवर्णं - ગળે નીલકંઠ; गवेन्द्राधिरूढं - શ્રેષ્ઠ બળદ (નંદી) પર આરૂઢ; गुणातीतरूपं - સર્વ ગુણોથી પર એવું સ્વરૂપ ધરાવનાર; भवं - શિવને; भास्वरं - તેજથી પ્રકાશમાન; भस्मना भूषिताङ्गम् - ભસ્મલેપથી અંગોને સુશોભિત કરનારા; भवानीकलत्रं - ભવાનીના પતિ; पञ्चवक्त्रं भजे - પંચમુખ(શિવ)ને હું ભજું છું.

વાણીના સ્વામી, ગણોના અધિપતિ, ગળે નીલકંઠ, શ્રેષ્ઠ બળદ-નંદી પર આરૂઢ, સર્વ ગુણોથી પર એવા રૂપધારી, તેજથી પ્રકાશમાન, ભસ્મના લેપથી અંગોને સુશોભિત કરનારા, ભવાનીના સ્વામી, પંચમુખ (ભગવાન) શિવની હું સ્તુતિ કરું છું. (૩)

शिवाकान्त शंभो शशाङ्कार्धमौले
महेशान शूलिञ्जटाजूटधारिन् ।
त्वमेको जगद्व्यापको विश्वरूपः
प्रसीद प्रसीद प्रभो पूर्णरूप ॥ ४ ॥

शिवाकान्त - શિવાના (= પાર્વતીના) પ્રિય પતિ; शंभो - હે શંભુ; शशांकार्ध-मौले - હે અર્ધચન્દ્રને મસ્તક પર ધારણ કરનાર; महेशान - મહાન ઈશ; शूलिन् - હે શૂલ ધારણ કરનાર; जटाजूट-धारिन् - હે જટાજૂટના ધારણ કરનાર; त्वं एकः जगद्व्यापकः - આપ એક જ જગતમાં વ્યાપેલા છો; विश्वरूपः - વિશ્વ આખું આપનું રૂપ છે; पूर्णरूप - હે પૂર્ણરૂપ; प्रभो-હે પ્રભુ, प्रसीद - (તમે) પ્રસન્ન થાઓ, કૃપા કરો.

હે શિવાના પ્રિય સ્વામી ! હે શંભુ ! હે મસ્તક પર અર્ધ ચન્દ્રને ધારણ કરનાર ! હે મહાન્ ઈશ ! ત્રિશૂલ અને જટાજૂટને ધારણ કરનાર ! આપ એક જ સમગ્ર જગતમાં વ્યાપેલા છો, વિશ્વરૂપ છો ! હે પૂર્ણરૂપ પ્રભુ ! આપ પ્રસન્ન થાઓ ! પ્રસન્ન થાઓ ! (૪)

परात्मानमेकं जगद्बीजमाद्यं
निरीहं निराकारमोंकारवेद्यम् ।
यतो जायते पाल्यते येन विश्वं
तमीशं भजे लीयते यत्र विश्वम् ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परात्मानं एकं - એક જ પરમાત્મા; जगद्बीजं आद्यं - વિશ્વના આદ્ય બીજ; निरीहं - ઈચ્છારહિત, નિષ્કામ, निराकारम् - આકારરહિત, નિરાકાર, ओंकारवेद्यम् - ઓંકાર વડે જાણી શકાય, પામી શકાય એવા, यतः - જેમાંથી; जायते - ઉદ્‌ભવે છે; येन विश्वं पाल्यते - જેના થકી વિશ્વનું પાલન કરવામાં આવે છે; यत्र विश्वं लीयते - જ્યાં વિશ્વનો લય થાય છે; तं ईशं भजे - એ ઈશ્વરની સ્તુતિ કરું છું.

આપ જ એક માત્ર પરમ આત્મા છો; આપ જ આ વિશ્વના આદ્યબીજ છો ! આપ નિષ્કામ, નિરાકાર છો, આપ ઓંકાર વડે પામી શકાય તેવા છો; જેના થકી જગતનો ઉદ્‌ભવ થાય છે, જેનાથી (તેનું) પાલન કરવામાં આવે છે, જેનામાં આખરે વિશ્વનો લય થાય છે, તે ઈશ્વરની હું સ્તુતિ કરું છું. (૫)

न भूमिर्न चापो न वह्निर्न वायु-
र्न चाकाशमास्ते न तन्द्रा न निद्रा ।
न चोष्णं न शीतं न देशो न वेषो
न यस्यास्ति मूर्तिस्त्रिमूर्तिं तमीडे ॥ ६ ॥

यतः भूमिः, आपः, वह्निः, वायुः, आकाशं च न - જેના વિના ભૂમિ, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સંભવતાં નથી; न उष्णं न च शीतं - જે નથી ઉષ્ણ, નથી શીત; न देशो न वेषः - જેને કોઈ દેશ કે વેષ નથી; यस्य मूर्तिः न च अस्ति - જેની કોઈ મૂર્તિ (= સાકારતા) નથી; त्रिमूर्तिः - છતાં જે ત્રિમૂર્તિ છે; तं शिवम् अहम् ईडे - તે શિવની હું સ્તુતિ કરું છું.

(જેના વિના) કોઈ ભૂમિ નથી, જળ નથી, અગ્નિ નથી, વાયુ નથી, આકાશ નથી, જે સ્વયં ઉષ્ણ નથી કે શીત નથી, જેનો કોઈ દેશ નથી કે વેશ નથી, જે કોઈ મૂર્તિ નથી એવા ત્રિમૂર્તિરૂપ શિવની હું સ્તુતિ કરું છું. (૬)

अजं शाश्वतं कारणं कारणानां
शिवं केवलं भासकं भासकानाम् ।
तुरीयं तमः पारमाद्यन्तहीनं
प्रपद्ये परं पावनं द्वैतहीनम् ॥ ७ ॥

अजं, शाश्वतं, कारणानां कारणं (अस्ति) - જે અજન્મા અને શાશ્વત છે, કારણોનું પણ કારણ છે; शिवं केवलम् - જે કેવળ કલ્યાણ કરનારા છે; भासकं भासकानाम् - જે તેજસ્વીઓમાં પણ તેજ રૂપે પ્રકાશે છે; तुरीयम् - સર્વશ્રેષ્ઠ છે; तमः पारं यत् - જે (તમામ) અંધકારની પેલે પાર છે, आद्यन्तहीनं - જેને આદિ અને અન્ત નથી; द्वैतहीनम् - જે દ્વૈત વિનાનું અર્થાત્ અદ્વૈત છે; परं पावनं - પરમ પાવન છે. प्रपद्ये - હું શરણે જાઉં છું.

જે અજન્મા અને શાશ્વત છે; તમામ કારણોનું કારણ છે; જે કેવળ કલ્યાણ કરનારા છે અને તેજસ્વીઓમાં તેજ રૂપે પ્રકાશે છે; જે સર્વશ્રેષ્ઠ છે, (તમામ) અંધકારની પેલે પાર છે; જેને આદિ અને અન્ત નથી, તે દ્વૈત વિનાના (= અદ્વૈત), પરમપાવન શિવ ભગવાનનાં હું શરણે જાઉં છું. (૭)

नमस्ते नमस्ते विभो विश्वमूर्ते
नमस्ते नमस्ते चिदानन्दमूर्ते ।
नमस्ते नमस्ते तपोयोगगम्य
नमस्ते नमस्ते श्रुतिज्ञानगम्य ॥ ८ ॥

(हे) विभो (हे) विश्वमूर्ते - હે પ્રભુ ! હે વિ મૂર્તિ ! नमस्ते नमस्ते - આપને ફરી ફરી નમસ્કાર; चिदानन्दमूर्ते - હે ચિદાનન્દ-સ્વરૂપ; तपो-योग-गम्य - તપ અને યોગથી સ ; श्रुति-ज्ञान-गम्य - હે શ્રુતિના જ્ઞાનથી ગમ્ય !

હે વિભુ ! હે વિશ્વમૂર્તિ ! હે ચિ નન્દ-સ્વરૂપ ! આપને ફરી ફરી નમસ્કાર ! તપ અને યો ી પામી શકાય તેવા હે દેવ ! આપને (મારા) પ્રણામ ! શ્રુતિના (ઊંડા) જ્ઞાનથી જ પામી શકાય એવા આપને ફરી ફરી વંદન ! (૮)

प्रभो शूलपाणे विभो विश्वनाथ
महादेव शंभो महेश त्रिनेत्र
शिवाकान्त शान्त स्मरारे पुरारे
त्वदन्यो वरेण्यो न मान्यो न : ॥ ९ ॥

शूलपाणे - હે ત્રિશૂલધારી ! હે .थ - હે જગતના નાથ; महादेव - હે મહાદેવ; शंभो महे त्रिनेत्र - હે શંભુ, હે મહેશ, હે ત્રિનેત્ર; शिवाकान्त - શિવા (= પાર્વતીના) પ્રિય સ્વામી; शान्त - શાન્ત; स्मरारे - હે કા દેવના શત્રુ; पुरारे - હે દાનવોનાં નગરોના નાશક; त्वदन्य; - ાપ સિવાય કોઈ અન્ય દેવ; वरेण्यः - (માનવ માટે) પસંદગી વા યોગ્ય; न मान्यः - માન્ય નથી; न गण्यः - ગણનાપાત્ર .

હે પ્રભુ ! હે ત્રિશૂલધારી ! વિભુ ! હે વિશ્વનાથ ! હે મહાદેવ ! હે શંભુ ! હે મહેશ ત્રિનેત્ર ! હે ગૌરીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિય સ્વામી ! હે શાન્ત અને કામદેવના શત્રુ ! હે ત્રિપુરારિ ! (મારા માટે) આપના સિવાય અન્ય કોઈ શ્રેષ્ઠ નથી, માન્ય નથી, ગણનાપાત્ર નથી ! (૯)

शंभो महेश करुणामय शूलपाणे
गौरीपते पशुपते पशुपाशनाशिन् ।
काशीपते करुणया जगदेतदेक-
स्त्वं हंसि पासि विदधासि महेश्वरोऽसि ॥ १० ॥

महेश - મહાદેવ; (हे) करुणामय - કરુણાથી સભર ભર્યા; शूलपाणे - હે હાથમાં ત્રિશૂલ ધારણ કરનાર; गौरीपते - હે ગૌરીના સ્વામી; पशुपाशनाशिन् - હે પશુઓના પાશના નાશ કરનાર; काशीपते - હે કાશીપતિ ! करुणया - કરુણાથી, जगत् एतत् - एकः त्वं - આ જગત સમગ્રમાં અજોડ આપ; हंसि - તમે નાશ કરો છો, पासि - પાલન કરો છો, विदधासि - જન્મ આપો છો; महेश्वरः असि - આપ મહેશ્વર છો.

હે શંભુ ! હે મહેશ ! હે કરુણામય ! હે હાથમાં ત્રિશૂલ ધારણ કરનાર ! હે ગૌરીપતિ ! હે પશુપતિ ! હે પ્રાણીઓના પાશનો નાશ કરનાર ! હે કાશીપતિ ! આપ આપની કરુણાથી, એકલા હાથે જ (= સ્વયમેવ) આ જગતનો નાશ કરો છો, તેનું પાલન કરો છો, સર્જન કરો છો ! (તેથી જ) આપ મહેશ્વર છો ! (૧૦)

त्वत्तो जगद्भवति देव भव स्मरारे
त्वय्येव तिष्ठति जगन्मृड विश्वनाथ ।
त्वय्येव गच्छति लयं जगदेतदीश
लिङ्गात्मके हर चराचरविश्वरूपिन् ॥ ११ ॥

(हे) देव (हे) हेस्मरारे (हे) भव - હે દેવ, કામદેવના શત્રુ, ભવ; त्वत्तः एव जगद् भवति - આપ થકી જ જગત ઉદ્‌ભવે છે; त्वय्येव तिष्ठति - આપનામાં જ સ્થિર છે; जगन्मृड - હે જગત પર દયા કરનાર; विश्वनाथ - હે વિશ્વના સ્વામી; त्वय्येव लयं गच्छति - આપનામાં જ લય પામે છે; लिंगात्मके - હે લિંગસ્વરૂપ; हर - હે હર; चराचरविश्वरूपिन् - ચર અને અચર વિશ્વરૂપ.

હે દેવ ! હે ભવ ! હે કામરિપુ ! આપના થકી જ આ જગતનું સર્જન થાય છે; આપનામાં જ તેની સ્થિરતા છે; હે જગતના રક્ષણહાર ! હે વિશ્વનાથ ! હે ઈશ્વર ! આ જગત આપનામાં જ લય પામે છે. હે લિંગસ્વરૂપ ! હે હર ! હે ચરાચર વિશ્વરૂપ ! (આપને મારાં શતશઃ વંદન !) (૧૧)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''वेदसारशिवस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''વેદસારશિવસ્તોત્રમ્'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ गौरीदशकम् ॥

लीलालब्धस्थापितलुप्ताखिललोकां
लोकातीतैर्योगिभिरन्तश्चिरमृग्याम् ।
बालादित्यश्रेणिसमानद्युतिपुञ्जां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ १ ॥

लीला-लब्ध-स्थापित-लुप्त-अखिल-लोकां - લીલા માત્રથી જે અખિલ સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, સ્થિર રાખે છે અને પછી તેનો લય કરે છે તેવાં, लोकातीतैः - લોકાતીત એવાં, योगिभिः - યોગીઓ, अन्तश्चिरमृग्यां - હૃદયમાં જેમની લાંબા સમય સુધી (ધ્યાન દ્વારા) શોધ કરે છે એવાં, અને बालादित्य-श्रेणि-समान-द्युति-पुञ्जां - પ્રભાતની સૂર્યમાલા સમાન તેજપુંજવાળાં, अम्बुरुहाक्षीं - કમળ સમાન નેત્રોવાળાં, अम्बां - માતા, गौरीं - ગોરીનું अहं - હું, ईडे - સ્તવન કરું છું.

જે લીલા માત્રથી અખિલ સૃષ્ટિનું નિર્માણ, સ્થાપન અને તેનો લય કરે છે, લોકાતીત યોગીઓ પોતાના હૃદયમાં (ધ્યાન ધરી) જેમની દીર્ઘકાળ સુધી શોધ કરે છે એવાં સૂર્યમાલા સમાન તેજપુંજથી દીપતાં કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૧)

प्रत्याहारध्यानसमाधिस्थितिभाजां
नित्यं चित्ते निर्वृतिकाष्ठां कलयन्तीम् ।
सत्यज्ञानानन्दमयीं तां तनुरूपां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ २ ॥

प्रत्याहार-ध्यान-समाधि-स्थितिभाजां - પ્રત્યાહાર, ધ્યાન અને અંતે સમાધિની સ્થિતિએ પહોંચેલા યોગીઓના, चित्ते - ચિત્તમાં, नित्यं - નિત્ય, निर्वृति-काष्ठां - આનંદની પરાકાષ્ઠા, कलयन्तीं - ઉત્પન્ન કરતાં, सत्य-ज्ञान-आनन्दमयीं - સત્ય, જ્ઞાન અને આનંદમયી, तां - તે, तनु-रूपां - સુકોમલ સ્વરૂપવાળાં, अम्बुरुहाक्षी - કમલ સમાન નેત્રોવાળાં, अम्बां - માતા, गौरीं - ગૌરીનું, अहं - હું, ईडे - સ્તવન કરું છું.

જે માતા, પ્રત્યાહાર, ધ્યાન અને અંતે સમાધિની સ્થિતિએ પહોંચેલા યોગીઓના ચિત્તમાં નિત્ય આનંદની પરાકાષ્ઠા ઉત્પન્ન કરે છે એવાં, સત્ય, જ્ઞાન અને આનંદમયી તે સુકોમલસ્વરૂપા, કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૨)

(પ્રત્યાહાર, ધ્યાન, અને સમાધિ - એ પતંજલિ મુનિએ પ્રબોધેલા અષ્ટાંગયોગનાં ત્રણ મહત્ત્વનાં અંગો છે. પ્રત્યાહાર એટલે ધ્યાન દરમિયાન ચિત્ત ચંચળ થઈ જાય અને જૂદા જૂદા વિષયો તરફ આકર્ષાય, ત્યારે તેને જે તે વિષયમાંથી પાછું ખેંચી લેવાની સભાનતા).

चन्द्रापीडानन्दितमन्दस्मितवक्त्रां
चन्द्रापीडालंकृतनीलालकभाराम् ।
इन्द्रोपेन्द्राद्यर्चितपादाम्बुजयुग्मां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ३ ॥

चन्द्रापीड-आनन्दित-मन्द-स्मित-वक्त्रां - પોતાના મંદ મંદ સ્મિતથી શોભતાં વદન વડે ભગવાન શિવને જે આનન્દ પમાડે છે, चन्द्रापीड-अलंकृत-नील-अलक-भारां - જેનો નીલ અંબોડો ચન્દ્રની વેણીથી અલંકૃત બન્યો છે, इन्द्रोपेन्द्राद्यर्चित-पादाम्बुज-युग्मां - ઈન્દ્ર, ઉપેન્દ્ર વગેરે દેવો જેમનાં બન્ને ચરણકમલની પૂજા કરે છે, તે अम्बुरुहाक्षीं - કમલ સમાન નેત્રોવાળાં, अम्बां - માતા, गौरीं - ગૌરીનું, अहं - હું, ईडे - સ્તવન કરું છું.

પોતાનાં મન્દ મન્દ સ્મિતથી શોભતાં વદનથી જે ભગવાન શિવને આનંદ પમાડે છે, અને જેના અંબોડે ચન્દ્રની વેણીનો શણગાર સોહે છે, તથા ઈન્દ્ર, ઉપેન્દ્ર (વિષ્ણુ) વગેરે દેવો જેમનાં બન્ને ચરણકમળની પૂજા કરે છે, તે કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૩)

નોંધ :- चन्द्रापीडं - એ શિવનું નામ છે તથા चन्द्रापीड - ચન્દ્રનું બંધન - વેણી, એમ બે અર્થો થાય છે. उपेन्द्र - શ્રીકૃષ્ણનું એક નામ છે તથા ભગવાન વિષ્ણુને પણ ઉપેન્દ્ર કહે છે, કારણ કે ઈન્દ્રની માતા અદિતિના ઉદરથી ભગવાન વિષ્ણુ વામનરૂપે અવતર્યા હતા, એટલે તેઓ ઈન્દ્રથી નાના, પછીથી અવતર્યા હોઈ ઉપેન્દ્ર કહેવાયા).

आदिक्षान्तामक्षरमूर्त्या विलसन्तीं
भूते भूते भूतकदम्बप्रसवित्रीम् ।
शब्दब्रह्मानन्दमयीं तां तडिदाभां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आदिक्षान्तां - 'अ'थी मांडीने 'क्ष' सुधीनी संपूर्ण वर्णमाला एवां, अक्षरमूर्त्या - पोताना अक्षर स्वरूपथी, विलसन्तीं - विलसी, रहेलां, भूते भूते - प्राणीमात्रमां, भूत-कदम्ब-प्रसवित्रीं - पंचभूतना समूहने सर्जतां, शब्द-ब्रह्म-आनन्दमयीं - शब्दब्रह्मरूपे आनन्दमयी एवां, तां - ते, तडिदाभां - विद्युत् जेवां प्रभावाळां, अम्बुरुहाक्षीं - कमलसमान नेत्रोवाळां, अम्बां - माता, गौरी - गौरीनुं, अहं - हुं ईडे - स्तवन करुं छुं.

'अ' थी मांडीने 'क्ष' सुधीनी संपूर्ण वर्णमालावाळां जे, पोताना अक्षरस्वरूपे विलसी रही छे, प्राणीमात्रमां पंचभूतना समूहनुं सर्जन करी रह्यां छे अने शब्दब्रह्मरूपे आनन्दमयी छे, तेवां विद्युत् समान प्रकाशतां कमलनेत्रा माता गौरीनुं हुं स्तवन करुं छुं. (४)

मूलाधारादुत्थितवीथ्या विधिरन्ध्रं
सौरं चान्द्रं व्याप्य विहारज्वलिताङ्गीम् ।
येयं सूक्ष्मात्सूक्ष्मतनुस्तां सुखरूपां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ५ ॥

(कुंडलिनी शक्तिरूपे जे मा) मूलाधारात् - मूलाधार चक्रमांथी, उत्थित-वीथ्या - उत्थान पामीने उपरना मार्गे (अन्य चक्रोने भेदतां आगळ वधीने), सौरं - सूर्यमयी ईडा अने चान्द्रं - चन्द्रमयी पींगला नाडीमां, व्याप्य - व्यापीने, विधिरन्ध्रं - ब्रह्मरंध्रमां, विहार-ज्वलिताङ्गीं - पहोंचतां सुधीनो विहार करवाथी प्रदीप्त अंगोवाळां लागे छे, अने या - जे, इयम् - आवुं तेमनुं सूक्ष्मात् - सूक्ष्मथी पण, सूक्ष्मतनुः - सूक्ष्म एवुं स्वरूप धारण करे छे तेवां, सुखरूपां - सुखस्वरूपिणी, अम्बु-रुहाक्षीं - कमल समान नेत्रोवाळां, अम्बां - माता गौरी - गौरीनुं अहं - हुं, ईडे - स्तवन करुं छुं.

(कुंडलिनी शक्तिरूपे) जे (माता) मूलाधार-चक्रमांथी उत्थान पामीने पछी (अन्य चक्रोने भेदतां उपरना) मार्गे आगळ वधी, ईडा अने पिंगला नाडीओने व्यापी वळीने छेक ब्रह्मरन्ध्रमां पहोंचे छे, ते माता आवा विहारने लीधे प्रदीप्त अंगोवाळां लागे छे, अने आम आवुं सूक्ष्मथी पण सूक्ष्म स्वरूप धारण करे छे तेवां सुखस्वरूपिणी, कमलनेत्रा माता गौरीनुं हुं स्तवन करुं छुं. (५)

नोंध :- अहीं तंत्रशास्त्र निरूपित योगनो संदर्भ छे. त्रिपुरसुन्दरी मा भगवती महाशक्ति रूपे प्रत्येक देहमां अधोभागे स्थित मूलाधार चक्रमां कुंडलिनी रूपे रहेलां छे अने साधनाना के कृपाना प्रतापे ते पराशक्ति जाग्रत बनी मणिपुर, स्वाधिष्ठान, अनाहत, विशुद्धि अने आज्ञाचक्रनो भेद करतां फूंफाडा मारतां आगळ वधे छे, अने ए समये ते सूर्य नाडी ईडा अने चन्द्र नाडी पिंगलाने व्यापतां, मध्यस्थित सूषुम्णानाडीना मार्गे, अंते, मस्तकनां टोच पर - तालुमां - स्थित सहस्रचक्र एवा ब्रह्मरन्ध्रमां बिराजता परमशिवनुं सायुज्य पामे छे. आ ऊर्ध्वगतिथी ते विद्युत्‌नी जेम चमके छे - अने पछी अमृतवर्षा द्वारा परमसुखदात्री बनी रहे छे.

नित्यः शुद्धो निष्कल एको जगदीशः
साक्षी यस्याः सर्गविधौ संहरणे च ।
विश्वत्राणक्रीडनलोलां शिवपत्नीं
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ६ ॥

यस्याः - जे (माता)ना, सर्गविधौ - सृष्टिसर्जन, च - अने, संहरणे - संहारकार्यमां, नित्यः - नित्य, शुद्धः - शुद्ध, निष्कलः - निष्कल अने एकः - एकमात्र एवां जगदीशः - भगवान शिव, साक्षी - साक्षी बने छे, एवां विश्व-त्राण-क्रीडन-लोलां - विश्वना रक्षणनी क्रीडामां व्यस्त, शिवपत्नीं - शिवपत्नी, अम्बुरुहाक्षीं - कमल समान नेत्रोवाळां, अम्बां - माता, गौरीं - गौरीनुं, अहं - हुं ईडे - स्तवन करुं छुं.

जे माता (शक्तिरूपे) ज्यारे आ सृष्टिनुं सर्जन अने विसर्जन करतां होय छे, त्यारे नित्य, शुद्ध, निष्कल अने एकमात्र देव एवा भगवान शिव तेना साक्षी बनी रहे छे. विश्वनी रक्षणनी क्रीडामां सदा व्यस्त एवां ए शिवपत्नी कमलनेत्रा माता गौरीनुं हुं स्तवन करुं छुं. (६)

यस्याः कुक्षौ लीनमखण्डं जगदण्डं
भूयो भूयः प्रादुरभूदुत्थितमेव ।
पत्या सार्धं तां रजताद्रौ विहरन्तीं
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ७ ॥

यस्याः - जेमनी, कुक्षौ - कुक्षिमां, अखण्डं - अखंड, जगदण्डं - ब्रह्मांड, लीनं - लय पामे छे अने पाछुं, भूयः भूयः - फरी फरीने, प्रादुरभूत् - उत्पन्न थाय छे, उत्थितम् एव - उत्थान पामे ज छे, पत्या - पतिनी, सार्धं - साथे रजताद्रौ - रजत-गिरिमां, विहरन्तीं - विहरतां, तां - ते, अम्बुरुहाक्षीं - कमल समान नेत्रवाळां, अम्बां - माता, गौरीं - गौरीनुं, अहं - हुं, ईडे - स्तवन करुं छुं.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમની કુક્ષિમાં અખંડ બ્રહ્માંડ લય પામે છે અને પાછું ફરી ફરીને ઉત્થાન પામીને ઉત્પન્ન થયા જ કરે છે એવાં પતિની સાથે રજતગિરિમાં (કૈલાસમાં) વિહાર કરતાં કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૭)

यस्यामोतं प्रोतमशेषं मणिमाला-
सूत्रे यद्वत्क्वापि चरं चाप्यचरं च ।
तामध्यात्मज्ञानपदव्या गमनीयां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ८ ॥

मणिमालासूत्रे - મણિમાલાની સેર, यद्वत् - ની જેમ, यस्यां - જેમનામાં, क्वापि - સર્વ चरं - ચર, च - અને, अचरं - અચર, अपि - પણ (આ જગત), अशेषं - સંપૂર્ણરીતે, ओतं प्रोतं - ઓતપ્રોત છે, सा - તે, अध्यात्म-ज्ञान-पदव्या - અધ્યાત્મજ્ઞાનના માર્ગ વડે, गमनीयां - પામી શકાય તેવાં, अम्बुरुहाक्षीं - કમલ સમાન નેત્રોવાળાં, अम्बां - માતા, गौरीं - ગૌરીનું, अहं - હું, ईडे - સ્તવન કરું છું.

જેમ મણિમાલાની સેરમાં મોતીઓ પરોવાયેલાં હોય છે, તેમ જેમનામાં આ ચર-અચર અશેષ વિશ્વ ઓતપ્રોત છે, આ જે અધ્યાત્મજ્ઞાનના માર્ગ વડે પામી શકાય છે તેવાં કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૮)

नानाकारैः शक्तिकदम्बैर्भुवनानि
व्याप्य स्वैरं क्रीडति येयं स्वयमेका ।
कल्याणीं तां कल्पलतामानतिभाजां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ ९ ॥

नानाकारैः - અનેક સ્વરૂપોવાળાં, शक्तिकदम्बैः - પોતાના શક્તિપુંજથી, भुवनानि - ભુવનોમાં, व्याप्य - વ્યાપી વળીને, या - જે, इयं - આ માતા, स्वयं - પોતે, एका - એકલાં જ, क्रीडति - ક્રીડા કરી રહ્યાં છે, અને જે आनतिभाजां - નમન કરી રહેલા ભક્તોને માટે, कल्पलतां - કલ્પલતા છે, तां - તે, कल्याणीं - કલ્યાણી, अम्बुरुहाक्षीं - કમલ સમાન નેત્રોવાળાં, अम्बां - માતા, गौरीं - ગૌરીનું, अहं - હું, ईडे - સ્તવન કરું છું.

સર્વ ભુવનોમાં વ્યાપી વળીને જે આ માતા પોતાના શક્તિપુંજથી અનેક સ્વરૂપો ધારણ કરી પોતે એકલાં જ સ્વેચ્છાથી ક્રીડા કરી રહ્યાં છે, નમન કરી રહેલા ભક્તોને માટે જે સાક્ષાત્ કલ્પલતા છે એવાં એ કલ્યાણી કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૯)

आशापाशक्लेशविनाशं विदधानां
पादाम्भोजध्यानपराणां पुरुषाणाम् ।
ईशामीशार्धाङ्गहरां तामभिरामां
गौरीमम्बाम्बुरुहाक्षीमहमीडे ॥ १० ॥

पादाम्भोज-ध्यान-पराणां - ચરણકમલોના ધ્યાનમાં મગ્ન બનેલા, पुरुषाणां - પુરુષોના, आशा-पाश-क्लेश-विनाशं - આશાપાશથી ઉપજતાં દુઃખોનો વિનાશ, विदधानां - કરતાં, ईशां - જગન્નિયંત્રી અને ईशार्धाङ्गहरां - શિવનાં અર્ધા અંગનું ગ્રહણ કરી રહેલાં, तां - તે, अभिरामां - અતિ સુંદર એવાં, अम्बुरुहाक्षीं - કમલ સમાન નેત્રોવાળાં, अम्बां - માતા, गौरीं - ગૌરીનું, अहं - હું ઈડે - સ્તવન કરું છું.

જગન્નિયંત્રી આ માતા તેમનાં ચરણ-કમલોનાં ધ્યાનમાં નિમગ્ન એવા પુરુષોના આશાપાશથી ઉપજતાં દુઃખોનો વિનાશ કરે છે, શિવના અર્ધદેહને ગ્રહણ કરવાથી તે અત્યંત મનોહર લાગે છેઃ તેવાં કમલનેત્રા માતા ગૌરીનું હું સ્તવન કરું છું. (૧૦)

प्रातःकाले भावविशुद्धः प्रणिधाना-
द्भक्त्या नित्यं जल्पति गौरीदशकं यः ।
वाचां सिद्धिं संपदमग्र्यां शिवभक्तिं
तस्यावश्यं पर्वतपुत्री विदधाति ॥ ११ ॥

प्रातःकाले - પ્રભાત સમયે, भावविशुद्धः - શુદ્ધભાવથી, प्रणिधानात् - ધ્યાન અને, भक्त्या - ભક્તિપૂર્વક, यः - જે મનુષ્ય, नित्यं - હંમેશાં, गौरीदशकं - આ 'ગૌરીદશક' સ્તોત્રનો, जल्पति - પાઠ કરે છે, तस्य - તેને, पर्वतपुत्री - પર્વતપુત્રી ગૌરી, वाचां - વાણીની सिद्धिं - સિદ્ધિ, संपत् - સંપત્તિ અને अग्र्याम् - ઉત્તમ પ્રકારની, शिवभक्तिं - શિવભક્તિનું, अवश्यं - અવશ્ય, ददाति - દાન કરે છે.

પ્રાતઃકાળે વિશુદ્ધ ભાવથી ધ્યાન અને ભક્તિપૂર્વક જે મનુષ્ય આ 'ગૌરીદશક' સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે, તેને પર્વતપુત્રી ગૌરી વાણીની સિદ્ધિ, સંપત્તિ અને ઉત્તમ શિવભક્તિનું અવશ્ય દાન કરે છે. (૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''गौरीदशकम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''ગૌરીદશકમ્'' સંપૂર્ણ.



॥ ॐ ॥

॥ देव्यपराधक्षमापनस्तोत्रम् ॥

न मन्त्रं नो यन्त्रं तदपि च न जाने स्तुतिमहो
न चाह्वानं ध्यानं तदपि च न जाने स्तुतिकथाः ।
न जाने मुद्रास्ते तदपि च न जाने विलपनं
परं जाने मातस्त्वदनुसरणं क्लेशहरणम् ॥ १ ॥

मातः - હે માતા ! न मंत्र - મંત્ર જાણતો નથી नो यन्त्रम् - યંત્ર જાણતો નથી तदपि - વળી अहो - અરેરે ! स्तुतिम् - સ્તુતિ પણ न जाने - હું જાણતો નથી न आह्वानम् - આવાહન જાણતો નથી ध्यानम् - ધ્યાન च - અને स्तुतिकथा - સ્તુતિ કે કથા न जाने - હું જાણતો નથી ते - તારી मुद्राः - મુદ્રાઓ न जाने - જાણતો નથી च - અને विलपनम् - વિલાપ કરવાનું न जाने - જાણતો નથી परम् - પરંતુ तव - તારું अनुसरणम् - અનુસરણ क्लेशहरणम् - કલેશને હરી લેનાર છે તે जाने - હું જાણું છું.

હે માતા ! હું મંત્ર જાણતો નથી, યંત્ર જાણતો નથી. વળી અરેરે ! તારી સ્તુતિ પણ જાણતો નથી. તારું આવાહન જાણતો કે ધ્યાન અને સ્તુતિ કે કથા જાણતો નથી. તારી મુદ્રાઓ જાણતો નથી અને વિલાપ કરવાનું જાણતો નથી. પરંતુ તારું અનુસરણ કલેશને દૂર કરનારું છે તે હું જાણું છું. (૧)

विधेरज्ञानेन द्रविणविरहेणालसतया
विधेयाशक्यत्वात्तव चरणयोर्या च्युतिरभूत् ।
तदेतत्क्षन्तव्यं जननि सकलोद्धारिणि शिवे
कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ॥ २ ॥

सकल-उद्धारिणि - હે સહુનો ઉદ્ધાર કરનારી जननि - મા ! विधेः - વિધિના अज्ञानेन - અજ્ઞાનને કારણે द्रविण-विरहेण - દ્રવ્યના અભાવમાં आलसतया - આળસથી विधेयाशक्यत्वात् - વિધેયની (કર્તવ્ય કાર્યની) અશક્યતાને લીધે तव - તારા चरणयोः - ચરણોમાંથી या - જે च्युतिः - મારું પતન થયું, એટલે તારા ચરણોની સેવા કરવામાં જે ચૂક થઈ, સ્ખલન થયું तद्-एतत् - એ તેની क्षन्तव्यम् - તારે માફી આપવી જોઈએ शिवे - હે કલ્યાણકારી ! कुपुत्रः - ખરાબ દીકરો जायेत - થાય क्वचिदपि - કયારેય પણ कुमाता - ખરાબ માતા न भवति - થતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે સહુનો ઉદ્ધાર કરનારી મા, વિધિના અજ્ઞાનને કારણે, દ્રવ્યના અભાવમાં, આળસથી, વિધેયની અશક્યતાને કારણે તારા ચરણોની સેવા કરવામાં જે ચૂક થઈ તેની તારે માફી આપવી જોઈએ. હે કલ્યાણકારી ! કદાચ દીકરો કપાતર થાય પણ માવતર કમાવતર ન થાય. (૨)

पृथिव्यां पुत्रास्ते जननि बहवः सन्ति सरलाः
परं तेषां मध्ये विरलतरलोऽहं तव सुतः ।
मदीयोऽयं त्यागः समुचितमिदं नो तव शिवे
कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ।। ३ ।।

जननि - હે મા ! पृथिव्याम् - પૃથ્વી પર ते - તારા बहवः - અનેક सरलाः - સરળ, સીધાસાદા पुत्राः - દીકરાઓ सन्ति - છે परम् - પરંતુ तेषाम् - તેઓની मध्ये - વચમાં अहम् - હું तव - તારો विरल-तरलः - વિરલ અને ચંચળ सुतः - દીકરો છું अयम् - આ मदीयः - મારો त्यागः - ત્યાગ शिवे - હે કલ્યાણ કરનારી तव - તારે માટે न समुचितः - યોગ્ય નથી कुपुत्रः - દીકરો ખરાબ जायेत - થાય क्वचिदपि - ક્યારેય कुमाता - માતા ખરાબ न भवति - થતી નથી.

હે મા ! પૃથ્વી પર તારા અનેક સીધાસાદા પુત્રો છે પરંતુ તેઓની વચમાં હું તારો વિરલ અને ચંચળ દીકરો છું આ મારો ત્યાગ હે કલ્યાણ કરનારી ! તારે માટે યોગ્ય નથી. દીકરો ખરાબ થાય, ક્યારેય માતા ખરાબ થતી નથી. (૩)

जगन्मातर्मातस्तव चरणसेवा न रचिता
न वा दत्तं देवि द्रविणमपि भूयस्तव मया ।
तथापि त्वं स्नेहं मयि निरुपमं यत्प्रकुरुषे
कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ।। ४ ।।

जगन्मातर् - હે જગતની માતા ! मातर् - હે મા ! तव - તારા चरणसेवा - ચરણોની સેવા - સેવા न रचिता - કરી નથી वा - અથવા देवि - હે દેવી ! भूयः - પુષ્કળ द्रविणम् - સંપત્તિ, ધન अपि - પણ न दत्तम् - તને સમર્પિત કરી નથી तथापि - તો પણ त्वम् - તું मयि - મારા પ્રત્યે निरुपमम् - ઉપમા આપી ન શકાય, સરખામણી ન કરી શકાય તેવો स्नेहम् - પ્રેમ यत् - જે प्रकुरुषे - કરે છે (કારણ) कुपुत्रः... - વગેરે શ્લોક ૨ મુજબ.

હે જગતની માતા ! હે મા ! તારા ચરણોની સેવા મેં કરી નથી અથવા હે દેવી પુષ્કળ ધન સંપત્તિ પણ તને સમર્પિત કરી નથી, તો પણ તું મારા ઉપર સરખામણી ન કરી શકાય તેવો પ્રેમ કરે છે કારણ દીકરો ખરાબ થાય પણ માતા કુમાતા થતી નથી. (૪)

परित्यक्ता देवा विविधविधिसेवाकुलतया
मया पञ्चाशीतेरधिकमपनीते तु वयसि ।
इदानीं चेन्मातस्तव यदि कृपा नापि भविता
निरालम्बो लम्बोदरजननि कं यामि शरणम् ।। ५ ।।

मया - મેં पञ्चाशीते - પંચ્યાસીથી अधिकम् - વધુ वयसि - ઉંમર अपनीते - પસાર થઈ ત્યારે विविध-विधि-सेवा-आकुलतया - અનેક પ્રકારની વિધિઓવાળી સેવાથી અકળાઈને देवा - દેવોને परित्यक्ता - ત્યજી દીધા इदानीम् - હવે येत् - જો यदि - કદાચ तव - તારી कृपा - કૃપા, દયા अपि - પણ न भविता - થાય નહિ તો लम्बोदर-जननि - હે ભગવાન લાંબા પેટવાળા એટલે ગણપતિની માતા ! निरालम्बः - આધાર વિનાનો હું कम् - કોની शरणम् - શરણમાં यामि - જાઉં ?

મેં મારી પંચ્યાસીથી વધુ ઉંમર પસાર થઈ ત્યારે અનેક પ્રકારની વિધિઓવાળી સેવાથી અકળાઈને દેવોને ત્યજી દીધા હવે જો કદાચ તારી દયા પણ થાય નહિ તો હે ભગવાન ગણપતિની માતા ! આધાર વિનાનો હું કોની શરણમાં જાઉં ? (૫)

श्वपाको जल्पाको भवति मधुपाकोपमगिरा
निरातङ्को रङ्को विहरति चिरं कोटिकनकैः ।
तवापर्णे कर्णे विशति मनुवर्णे फलमिदं
जनः को जानीते जननि जपनीयं जपविधौ ।। ६ ।।

अपर्णे - હે માતા અપર્ણા ! હે મા પાર્વતી ! तव - તારા मनुवर्णे - મન્ત્રના અક્ષરો कर्णे - કાનમાં विशति - દાખલ થાય છે ત્યારે श्वपाकः - ચાંડાલ પણ मधुपाकोपमगिरा - મીઠાઈ જેવી મીઠી વાણીવાળો जल्पाकः - બહુ બોલનારો સારો વક્તા भवति - બને છે रङ्क - ગરીબ પણ कोटिकनकैः - કરોડોના સોના સાથે निरातङ्कः - નિર્ભય થઈ विहरति - વિચરે છે, લહેર કરે છે जननि - હે માતા ! जपविधौ - તારા મંત્રના જપના વિધિમાં जपनीयम् - જપ કરવાથી પ્રાપ્ત થતું फलम् - ફળને कः - કોણ जानीते - જાણે છે.

હે માતા અપર્ણા ! તારા મન્ત્રના અક્ષરો કાનમાં દાખલ થાય છે ત્યારે ચાંડાલ પણ મીઠાઈ જેવી મધુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણીવાળો સારો વક્તા બની જાય છે, ગરીબ પણ કરોડોના સોના સાથે નિર્ભય થઈ વિહાર કરે છે. હે માતા ! તારા મંત્રના જપના વિધિમાં જપ કરવાથી પ્રાપ્ત થતા ફળને કોણ જાણે છે ? (૬)

चिताभस्मालेपो गरलमशनं दिक्पटधरो
जटाधारी कण्ठे भुजगपतिहारी पशुपतिः ।
कपाली भूतेशो भजति जगदीशैकपदवीं
भवानि त्वत्पाणिग्रहणपरिपाटीफलमिदम् ॥ ७ ॥

चिता-भस्मालेपः - ચિતાની ભસ્મનો લેપ કરનાર गरलम् - ઝેર अशनम् - ખાનાર दिग्पटधरः - દિશાઓરૂપી વસ્ત્ર પહેરનારા એટલે દિગંબર कपाली-जटाधारी - જટા ધારણ કરનાર कण्ठे - ગળામાં भुजग-पति-हारी - સર્પોના સ્વામીની માળાવાળા पशुपतिः - પશુઓના પતિ कपाली - (હાથમાં) ખપ્પરવાળા भूतेशः - પ્રાણીઓના સ્વામી શંકર जगदीशैक-पदवीम् - જગતના એક માત્ર ઈશ્વર તરીકેની પદવીને भजति - પ્રાપ્ત થાય છે भवानि - હે માતા ભવાની ! इदम् - આ त्वत्-पाणिग्रहण-परिपाटी-फलम् - તારો હાથ પકડવાનું, તમારી સાથે પરણવાનું પરિણામ છે.

ચિતાની ભસ્મનો લેપ કરનાર, ઝેર ખાનાર, દિગંબર, જટા ધારણ કરનાર, ગળામાં સાપોના સ્વામીની માળાવાળા, પશુઓના પતિ, ખપ્પરવાળા, પ્રાણીઓના સ્વામી એવા શંકર જગતના એક માત્ર ઈશ્વર તરીકેની પદવીને પ્રાપ્ત થાય છે, હે માતા ભવાની ! આ તારી સાથે પરણવાનું પરિણામ છે. (૭)

न मोक्षस्याकाङ्क्षा भवविभववाञ्छापि च न मे
न विज्ञानापेक्षा शशिमुखि सुखेच्छापि न पुनः ।
अतस्त्वां संयाचे जननि जननं यातु मम वै
मृडानी रुद्राणी शिव शिव भवानीति जपतः ॥ ८ ॥

मे - મને मोक्षस्य - મોક્ષની आकांक्षा - ઈચ્છા न - નથી च - અને भव-विभव-वाञ्छा - સંસારના વૈભવોની લાલસા अपि - પણ न - નથી विज्ञानापेक्षा - વિજ્ઞાનની અપેક્ષા न - નથી शशिमुखि - હે ચંદ્ર સમાન મુખવાળી पुनः - વળી सुखेच्छा - સુખની ઈચ્છા अपि - પણ न - નથી अतः - માટે त्वाम् - તારી પાસે जननि - હે મા ! संयाचे - યાચના કરું છું કે मम - મારું जननम् - જીવન वै - ચોક્કસ રીતે मृडानी - મૃડાણી रुद्राणी - રુદ્રાણી शिव - शिव भवानी - भवानी इति - એમ जपतः - જપ કરતાં કરતાં यातु - પસાર થઈ જાય.

મને મોક્ષની ઈચ્છા નથી અને સંસારના વૈભવોની લાલસા પણ નથી, વિજ્ઞાનની અપેક્ષા નથી, હે ચંદ્ર સમાન મુખવાળી ! વળી મને સુખની ઈચ્છા પણ નથી. માટે તારી પાસે હે મા ! હું યાચના કરું છું કે મારું જીવન ચોક્કસ રીતે 'મૃડાણી, રુદ્રાણી, શિવ, શિવ, ભવાની' એમ જપ કરતાં કરતાં પસાર થાય. (૮)

नाराधितासि विधिना विविधोपचारैः
किं रुक्षचिन्तनपरैर्न कृतं वचोभिः ।
श्यामे त्वमेव यदि किञ्चन मय्यनाथे
धत्से कृपामुचितमम्ब परं तवैव ॥ ९ ॥

विधिना - વિધિપૂર્વકના विविधोपचारैः - વિવિધ ઉપચારોથી न आराधिता असि - મેં તારી આરાધના કરી નથી વળી रुक्ष-चिन्तन-परैः - નિરસ ચિંતનમાં લાગેલી वचोभिः - વાણીથી किम् - શું न कृतम् - કર્યું નથી ? (એટલે બધું જ ખોટું કર્યું છે) श्यामे - હે શ્યામા ! यदि - જો त्वम् - તું एव - જ अनाथे - અનાથ એવા मयि - મારા ઉપર किञ्चन - કાંઈક कृपाम् - કૃપા धत्से - ધારણ કરે છે તો (हे) अम्ब - હે મા ! तव - તારા માટે परम् - અત્યંત उचितम् - યોગ્ય एव - જ છે.

વિધિપૂર્વકના વિવિધ ઉપચારોથી મેં તારી આરાધના કરી નથી, નિરસ ચિંતનમાં લાગેલી વાણીથી મેં શું નથી કર્યું ? (એટલે બધું જ ખોટું કર્યું છે) હે શ્યામા ! જો તું જ અનાથ એવા મારી ઉપર કાંઈક કૃપા ધારણ કરે છે તો હે મા ! તારા માટે તે અત્યંત યોગ્ય જ છે. (૯)

आपत्सु मग्नः स्मरणं त्वदीयं
करोमि दुर्गे करुणार्णवे शिवे ।
नैतच्छठत्वं मम भावयेथाः
क्षुधातृषार्ता जननीं स्मरन्ति ॥ १० ॥

दुर्गे - હે મા દુર્ગા ! करुणार्णवे - હે કરુણાની સાગર ! आपत्सु - આપત્તિમાં मग्नः - ડૂબી ગયેલો હું त्वदीयम् - તારું જ स्मरणम् - સ્મરણ करोमि - કરું છું एतत् - આ मम - મારી शठत्वम् - શઠતા છે એમ न भावयेथाः - તું માનીશ નહિ क्षुधा-तृषा-आर्ताः - ભૂખ અને તરસથી પીડાતા (બાળકો) जननीम् - માતાનું स्मरन्ति - સ્મરણ કરે છે. માને યાદ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મા દુર્ગા ! હે કરુણાની સાગર ! આપત્તિમાં ડૂબી ગયેલો હું તારું જ સ્મરણ કરું છું. આ મારી શઠતા છે એમ તું માનીશ નહિ (કારણ) ભૂખ અને તરસથી પીડાતા બાળકો (પોતાની) માતાને યાદ કરે છે. (૧૦)

जगदम्ब विचित्रमत्र किं परिपूर्णा करुणास्ति चेन्मयि ।
अपराधपरम्परावृतं न हि माता समुपेक्षते सुतम् ॥ ११ ॥

जगदम्ब - હે જગતની મા ! चेत् - જો मयि - મારા પ્રત્યે तव - તારી परिपूर्णा - સંપૂર્ણ करुणा - કરુણા, દયા अस्ति - છે अत्र - તો અહીં તેમાં किम् - શું विचित्रम् - આશ્ચર્ય ? (અર્થાત્ તે કોઈ આશ્ચર્યની વાત નથી) हि - કારણકે अपराध-परंपरा-आवृत्तम् - અપરાધોની પરંપરાથી ઘેરાયેલા सुतम् - બાળકની माता - મા न समुपेक्षते - ઉપેક્ષા કરતી નથી.

હે જગતની મા ! જો મારા પ્રત્યે સંપૂર્ણ દયા તારામાં છે તેમાં શું આશ્ચર્ય ? કારણ અપરાધોની પરંપરાથી ઘેરાયેલા (પોતાના) બાળકની મા (ક્યારેય) ઉપેક્ષા કરતી નથી. (૧૧)

मत्समः पातकी नास्ति पापघ्नी त्वत्समा न हि ।
एवं ज्ञात्वा महादेवि यथायोग्यं तथा कुरु ॥ १२ ॥

मत्समः - મારા જેવો पातकीः - પાપી न अस्ति - (બીજો કોઈ) નથી पापघ्नी - પાપનો નાશ કરનાર त्वत् - તારા જેવું બીજું કોઈ न - નથી एवम् - આમ ज्ञात्वा - જાણીને महादेवि - હે મહાન દેવી ! यथा - જે योग्यम् - યોગ્ય હોય तथा - તેમ कुरु - કર.

મારા જેવો પાપી (બીજો કોઈ) નથી, પાપનો નાશ કરનાર તારા જેવું (બીજું કોઈ) નથી. આમ જાણીને હે મહાન દેવી ! જે યોગ્ય હોય તેમ કર. (૧૨)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''देव्यपराधक्षमापनस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''દેવ્યપરાધક્ષમાપનસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ अन्नपूर्णाष्टकम् ॥

नित्यान्दकरी वराभयकरी सौन्दर्यरत्नाकरी
निर्धूताखिलदोषपावनकरी प्रत्यक्षमाहेश्वरी ।
प्रालेयाचलवंशपावनकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ १ ॥

नित्य-आनन्द-करी - નિત્ય આનંદ સર્જતા वर-अभय-करी - વરદાન અને અભય આપનારાં सौन्दर्य-रत्नाकरी - સૌંદર્યનાં સાગર निर्धूत-अखिल-दोष-पावन-करी - સંપૂર્ણ દોષોને દૂર કરી પવિત્ર કરનારાં प्रत्यक्ष-माहेश्वरी - સાક્ષાત્ શિવનાં પત્ની काशीपुर-अधीश्वरी - કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી कृपा-अवलंबन-करी - કૃપાનું અવલંબન કરનારાં माता-अन्नपूर्णेश्वरी - માતા અન્નપૂર્ણા भिक्षां देहि - તમે મને ભિક્ષા આપો !

નિત્ય આનંદ સર્જનારાં, વરદાન અને અભય આપનારાં, સૌંદર્યનાં સાગર, સંપૂર્ણ દોષોને દૂર કરી પવિત્ર કરનારાં, સાક્ષાત્ શિવનાં પત્ની, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં માતા ! અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૧)

नानारत्नविचित्रभूषणकरी हेमाम्बराडम्बरी
मुक्ताहारविडम्बमानविलसद्वक्षोजकुम्भान्तरी ।
काश्मीरागरुवासिताङ्गरुचिरे काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ २ ॥

नाना-रत्न-विचित्र-भूषण-करी - અનેક પ્રકારનાં રત્નોથી વિચિત્ર આભૂણોવાળાં हेम-अम्बर-आडम्बरी - સોનેરી વસ્ત્રોના ઠાઠવાળાં मुक्ताहार-विडम्बमान-विलसद्-वक्षोज-कुम्भान्तरी - મોતીનો હાર ધારણ કરવાથી શોભતાં કુંભ સમા વક્ષઃસ્થળના મધ્યભાગવાળી काश्मीर-अगरु-वासित-अङ्ग-रुचिरे - કેસર-અગરુની સુવાસથી સુંદર અંગોવાળી काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

અનેક પ્રકારનાં રત્નોથી વિચિત્ર આભૂષણોવાળાં, સોનેરી વસ્ત્રોના ઠાઠવાળાં, મોતીનો હાર ધારણ કરવાથી શોભતાં કુંભ સમા વક્ષઃસ્થળના મધ્યભાગવાળાં, કેસર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અગરુની સુવાસથી સુંદર અંગોવાળાં કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારી માતા ! અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૨)

योगानन्दकरी रिपुक्षयकरी धर्मैकनिष्ठाकरी
चन्द्रार्कानलभासमानलहरी त्रैलोक्यरक्षाकरी ।
सर्वैश्वर्यकरी तपःफलकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ३ ॥

योग-आनन्द-करी - યોગનો આનંદ ઉત્પન્ન કરનારાં रिपु-क्षय-करी - દુશ્મનનો નાશ કરનારાં धर्मैक-निष्ठा-करी - માત્ર ધર્મમાં જ દઢ નિષ્ઠા પેદા કરનારાં चन्द्र-अर्क-अनल-भासमान-लहरी - ચંદ્ર, સૂર્ય અને અગ્નિમાં પ્રકાશિત થનાર તેજની લહરીવાળાં त्रैलोक्य-रक्षा-करी - ત્રણે લોકનું રક્ષણ કરનારાં सर्व-ऐश्वर्य-करी - સર્વ પ્રકારનાં ઐશ્વર્યનું સર્જન કરનારાં तपःफल-करी - તપનું ફળ આપનારાં काशीपुर... - વગેરે શ્લોક ૧ મુજબ.

યોગનો આનંદ ઉત્પન્ન કરનારાં, દુશ્મનનો નાશ કરનારાં, માત્ર ધર્મમાં જ દઢ નિષ્ઠા પેદા કરનારાં, ચંદ્ર, સૂર્ય અગ્નિમાં પ્રકાશિત થનાર તેજની લહરીવાળાં, ત્રણે લોકનું રક્ષણ કરનારાં, સર્વ પ્રકારના ઐશ્વર્યનું સર્જન કરનારાં, તપનું ફળ આપનારાં, કાશીનગરની અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં માતા-અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૩)

कैलासाचलकन्दरालयकरी गौरी ह्युमाशांकरी
कौमारी निगमार्थगोचरकरी ह्योंकारबीजाक्षरी ।
मोक्षद्वारकवाटपाटनकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ४ ॥

कैलास-अचल-कन्दरा-आलय-करी - કૈલાસ પર્વતની ગુફાઓને નિવાસસ્થાન બનાવનારાં गौरी - ગૌરી हि-उमा-शांकरी - ઉમા, શિવનાં પત્ની कौमारी-निगम-अर्थ-गोचर-करी - કુમારી, વેદના અર્થોને ઈન્દ્રિયગમ્ય કરનારાં ओंकार-बीज-अक्षरी - ૐકારરૂપી બીજાક્ષરરૂપ मोक्ष-द्वार-कपाट-पाटन-करी - મોક્ષના દરવાજાનાં બારણાં ખોલી નાંખનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

કૈલાસ પર્વતની ગુફાઓને (પોતાનું) નિવાસસ્થાન બનાવનારાં, ગૌરી, ઉમા, શિવનાં પત્ની, કુમારી, વેદના અર્થોને ઈન્દ્રિયગમ્ય કરનારાં, ૐકારરૂપી બીજાક્ષરવાળાં, મોક્ષના દરવાજાનાં બારણા ખોલી નાંખનારાં, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં, માતા ! અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૪)

दृश्यादृश्यविभूतिवाहनकरी ब्रह्माण्डभाण्डोदरी
लीलानाटकसूत्रखेलनकरी विज्ञानदीपाङ्कुरी ।
श्रीविश्वेशमनःप्रसादनकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ५ ॥

दृश्य-अदृश्य-विभूति-वाहन-करी - દશ્ય અને અદશ્ય વિભૂતિઓનું વહન કરનારાં ब्रह्माण्ड-भाण्डोदरी - બ્રહ્માંડરૂપી ભાંડ જેના ઉદરમાં રહેલું છે તેવાં लीला-नाटक-सूत्र-खेलन-करी - (સંસારરૂપી) લીલાનાં નાટકની ક્રીડાનાં સૂત્રધાર विज्ञान-दीप-अङ्कुरी - વિજ્ઞાનરૂપી દીવાના અંકુર સમાન श्री-विश्वेश-मनःप्रसादन-करी - श्रीविश्वेश-વિશ્વના ઈશ-ભગવાન શંકરનાં મનને પ્રસન્ન કરનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

દશ્ય અને અદશ્ય વિભૂતિઓનું વહન કરનારાં, બ્રહ્માંડરૂપી ભાંડ જેના ઉદરમાં રહેલું છે તેવાં, (સંસારરૂપી) લીલા નાટકની ક્રીડાનાં સૂત્રધાર, વિજ્ઞાનરૂપી દીવાના અંકુર સમાન શ્રીવિશ્વેશના મનને પ્રસન્ન કરનારાં કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં માતા ! અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૫)

आदिक्षान्तसमस्तवर्णनकरी शंभुप्रिया शांकरी
काश्मीरत्रिपुरेश्वरी त्रिनयनी विश्वेश्वरी शर्वरी ।
स्वर्गद्वारकवाटपाटनकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ६ ॥

आ-दिक्षान्त-समस्त-वर्णन-करी - દિક્ષાન્ત સુધી સઘળું વર્ણન કરનારાં शंभुप्रिया - ભગવાન શિવનાં પ્રિયા शांकरी - શંકરનાં પ્રિય પત્ની काश्मीर-त्रिपुरेश्वरी - કાશ્મીર અને ત્રણે નગરોનાં સ્વામિની विश्वेश्वरी - વિશ્વનાં માલિક शर्वरी - રાત્રિ स्वर्गद्वार-कपाट-पाटन-करी - સ્વર્ગના દરવાજાનાં બારણાંને ખોલી નાંખનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

દિક્ષાન્ત સુધી સઘળું વર્ણન કરનારાં, ભગવાન શિવનાં પ્રિયા, શંકરનાં પ્રિયપત્ની, કાશ્મીર અને ત્રણે નગરોનાં સ્વામિની, વિશ્વનાં માલિક, રાત્રિ, સ્વર્ગનાં દરવાજાનાં બારણાંને ખોલી નાંખનારાં, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃપાનું અવલંબન કરનારાં માતા અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૬)

उर्वीसर्वजनेश्वरी जयकरी माता कृपासागरी
वेणीनीलसमानकुन्तलधरी नित्यान्नदानेश्वरी ।
साक्षान्मोक्षकरी सदा शुभकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ७ ॥

उर्वी-सर्व-जनेश्वरी - પૃથ્વીના સર્વ મનુષ્યનાં સ્વામિની जयकरी - જય કરનારાં माता - માતા कृपासागरी - કૃપાનાં સાગર वेणी-नील-समान-कुन्तल-धरी - વેણીમાં શ્યામ વાંકડિયા કેશને ધારણ કરનારાં नित्य-अन्न-दानेश्वरी - હંમેશ અન્નનાં દાનેશ્વરી साक्षात् - પ્રત્યક્ષ मोक्षकरी - મોક્ષ આપનારાં सदा - સદા शुभकरी - શુભ કરનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

પૃથ્વીના સર્વ મનુષ્યનાં સ્વામિની, જય કરનારાં, માતા કૃપાનાં સાગર, વેણીમાં શ્યામ વાંકડિયા કેશને ધારણ કરનારાં, હંમેશ અન્નનાં દાનેશ્વરી, પ્રત્યક્ષ મોક્ષ આપનારાં, સદા શુભ કરનારાં, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં માતા અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૭)

देवी सर्वविचित्ररत्नरचिता दाक्षायणी सुन्दरी
वामा स्वादुपयोधरा प्रियकरी सौभाग्यसाहेश्वरी ।
भक्ताभीष्टकरी सदा शुभकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ८ ॥

देवी - દેવી सर्व-विचित्र-रत्न-रचिता - સર્વ પ્રકારનાં વિચિત્ર રત્નોથી શણગારાયેલાં दाक्षायणी - દાક્ષાયણી, દક્ષપુત્રી सुन्दरी - રૂપાળાં वामा - સુંદર स्वादुपयोधरा - સ્વાદિષ્ટ પયોધરોવાળાં प्रियकरी - પ્રિય કરનારાં सौभाग्य-माहेश्वरी - સૌભાગ્યનાં મહાન સ્વામિની भक्त-अभीष्ट-करी - ભક્તોનું ધારેલું આપનારાં सदा - હંમેશ शुभकरी - શુભ કરનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

દેવી, સર્વ પ્રકારનાં વિચિત્ર રત્નોથી શણગારાયેલાં, દક્ષપુત્રી, રૂપાળાં, સુંદરી, સ્વાદિષ્ટ પયોધરોવાળાં, પ્રિય કરનારાં, સૌભાગ્યનાં મહાન સ્વામિની, ભક્તોનું ધારેલું આપનારાં, સદા શુભ કરનારાં, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં માતા અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૮)

चन्द्रार्कानलकोटिकोटिसदृशी चन्द्रांशुबिम्बाधरी
चन्द्रार्काग्निसमानकुण्डलधरी चन्द्रार्कवर्णेश्वरी ।
मालापुस्तकपाशसाङ्कुशधरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ ९ ॥

चन्द्र-अर्क-अनल-कोटि-कोटि-सदृशी - કરોડો કરોડો ચંદ્ર સૂર્ય અને અગ્નિ સમાન चन्द्रांशुबिम्बाधरी - ચંદ્રનાં કિરણોનાં બિંબને ધારણ કરનારાં चन्द्र-अर्क-अग्नि-समान-कुण्डल-धरी - ચંદ્ર, સૂર્ય અને અગ્નિ સમાન (તેજસ્વી) કુંડલોને ધારણ કરનારાં चन्द्र-अर्क-वर्णेश्वरी - ચંદ્ર અને સૂર્યના વર્ણનાં સ્વામિની माला-पुस्तक-पाश-साङ्कुश-धरी - માળા, પુસ્તક, પાશ અને અંકુશને ધારણ કરનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

કરોડો કરોડો ચંદ્ર, સૂર્ય અને અગ્નિ જેવાં, ચંદ્રનાં કિરણોનાં બિંબને ધારણ કરનારાં, ચંદ્ર, સૂર્ય અને અગ્નિ સમાન (તેજસ્વી) કુંડલોને ધારણ કરનારાં, ચંદ્ર અને સૂર્યના વર્ણનાં સ્વામિની, માળા, પુસ્તક, પાશ અને અંકુશને ધારણ કરનારાં, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનું અવલંબન કરનારાં માતા-અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૯)

क्षत्रत्राणकरी महाभयहरी माता कृपासागरी
सर्वानन्दकरी सदा शिवकरी विश्वेश्वरी श्रीधरी ।
दक्षाक्रन्दकरी निरामयकरी काशीपुराधीश्वरी
भिक्षां देहि कृपावलम्बनकरी मातान्नपूर्णेश्वरी ॥ १० ॥

क्षत्र-त्राण-करी - ક્ષત્રિયનું રક્ષણ કરનારાં महाभयहरी - મહાન ભયને હરી લેનારાં माता - માતા कृपासागरी - કૃપાનાં સાગર सर्वाननिन्दकरी - બધો આનંદ આપનારાં सदा - હંમેશ शिवकरी - કલ્યાણ કરનારાં विश्वेश्वरी - વિશ્વનાં સ્વામિની श्रीधरी - લક્ષ્મીને ધારણ કરનારાં दक्ष-आक्रन्द-करी - દક્ષને આક્રંદ કરાવનારાં निरामय-करी - નિરોગી બનાવનારાં काशीपुरा... - વગેરે શ્લોક ૧ મુજબ.

ક્ષત્રિયનું રક્ષણ કરનારાં, મહાન ભયને હરી લેનારાં, માતા કૃપાનાં સાગર, બધાં આનંદ આપનારાં, હંમેશ કલ્યાણ કરનારાં, વિશ્વનાં સ્વામિની, લક્ષ્મીને ધારણ કરનારાં, દક્ષને આક્રંદ કરાવનારાં, નિરોગી બનાવનારાં, કાશીનગરનાં અધિષ્ઠાત્રી દેવી, કૃપાનાં અવલંબન કરનારાં માતા અન્નપૂર્ણા તમે મને ભિક્ષા આપો ! (૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्नपूर्णे सदापूर्णे शंकरप्राणवल्लभे ।
ज्ञानवैराग्यसिद्ध्यर्थं भिक्षां देहि च पार्वति ॥ ११ ॥

अन्नपूर्णे - હે અન્નપૂર્ણા ! सदापूर्णे - હંમેશ પરિપૂર્ણ शंकरप्राणवल्लभे - હે શંકરનાં પ્રાણપ્યારાં पार्वति - હે માતા ! પાર્વતી ! ज्ञान-वैराग्य-सिद्धि-अर्थम् - જ્ઞાન અને વૈરાગ્યની સિદ્ધિ માટે भिक्षाम् - ભિક્ષા देहि - આપો !

હે અન્નપૂર્ણા, હે સદા પરિપૂર્ણ, હે શંકર ભગવાનનાં પ્રાણપ્યારાં, હે માતા પાર્વતી ! જ્ઞાન અને વૈરાગ્યની સિદ્ધિ માટે ભિક્ષા આપો ! (૧૧)

माता च पार्वतीदेवी पिता देवो महेश्वरः ।
बान्धवाः शिवभक्ताश्च स्वदेशो भुवनत्रयम् ॥ १२ ॥

पार्वतीदेवी - પાર્વતી દેવી माता - માતા (છે) च - અને महेश्वरः - મહેશ્વર देवः - દેવ શંકર पिता - પિતા (છે) च - અને शिवभक्ताः - શંકરના ભક્તો बान्धवाः - સ્વજનો (છે) भुवनत्रयम् - ત્રણે લોક स्वदेशः - મારો દેશ (છે).

પાર્વતી દેવી મારાં માતા છે, મહેશ્વર દેવ શંકર પિતા છે, અને શંકરના ભક્તો સ્વજનો છે, તથા ત્રણે લોક (મારો) દેશ છે. (૧૨)

इति ''अन्नपूर्णाष्टकम्'' संपूर्णम् ॥ ''अन्नपूर्णाष्टकम्'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ उमामहेश्वरस्तोत्रम् ॥

नमः शिवाभ्यां नवयौवनाभ्यां
परस्पराश्लिष्टवपुर्धराभ्याम् ।
नगेन्द्रकन्यावृषकेतनाभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ १ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, नव-यौवनाभ्याम् - નવ-યૌવનવાળાં, परस्पर-आश्लिष्ट-वपुर्धराभ्याम् - પરસ્પર આશ્લિષ્ટ શરીરધારી, नगेन्द्र-कन्या-वृष-केतनाभ्याम् - હિમાલય પુત્રી અને વૃષભધ્વજ, शंकरपार्वतीभ्याम् - શંકરપાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો.

કલ્યાણકારક, નવ યૌવનવાળાં, પરસ્પર આશ્લિષ્ટ શરીરધારી, એવાં હિમાલયપુત્રી અને વૃષભધ્વજ શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૧)

नमः शिवाभ्यां सरसोत्सवाभ्यां
नमस्कृताभीष्टवरप्रदाभ्याम् ।
नारायणेनार्चितपादुकाभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ २ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, सरस-उत्सवाभ्याम् - રસોત્સવ સ્વરૂપ, नमस्कृत-अभीष्ट-वरप्रदाभ्याम् - નમન કરનારને ઈષ્ટ, વરપ્રદાયી, नारायणेन - નારાયણથી, अर्चित-पादुकाभ्याम् - પૂજિત પાદુકાધારી, शंकर-पार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, રસોત્સવ-સ્વરૂપ, નમન કરનારને ઈષ્ટ વરપ્રદાયી, નારાયણથી પૂજિત પાદુકાધારી શંકરપાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૨)

नमः शिवाभ्यां वृषवाहनाभ्यां
विरिञ्चिविष्णिवन्द्रसुपूजिताभ्याम् ।
विभूतिपाटीरविलेपनाभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ३ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, वृष-वाहनाभ्याम् - વૃષભના વાહનવાળાં, विरिञ्चि-विष्णु-इन्द्र-सुपूजिताभ्याम् - બ્રહ્મા, વિષ્ણુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઈન્દ્રથી સારી રીતે પૂજિત, विभूतिपाटीर - विलेपनाभ्याम् - ભસ્મ અને ચન્દનના વિલેપનધારી, शंकरपार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, વૃષભનાં વાહનવાળા, બ્રહ્મા, વિષ્ણુ અને ઈન્દ્રથી સારી રીતે પૂજિત, ભસ્મ અને ચન્દનના વિલેપન-ધારી, એવાં શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૩)

नमः शिवाभ्यां जगदीश्वराभ्यां
जगत्पतिभ्यां जयविग्रहाभ्याम् ।
जम्भारिमुख्यैरभिवन्दिताभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ४ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, जगद्-ईश्वराभ्याम् - જગદીશ્વર, जगत्पतिभ्याम् - જગત્પતિ, जयविग्रहाभ्याम् - મૂર્તિમાન જય સ્વરૂપ, जम्भारि-मुख्यैः - ઈન્દ્ર વગેરેથી, अभिवन्दिताभ्याम् - અભિવંદિત, शंकरपार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, જગદીશ્વર, જગત્પતિ, મૂર્તિમાન જય-સ્વરૂપ, ઈન્દ્ર વગેરેથી અભિવંદિત એવાં શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૪)

नमः शिवाभ्यां परमौषधाभ्यां
पञ्चाक्षरीपिञ्जररञ्जिताभ्याम् ।
प्रपञ्चसृष्टिस्थितिसंहृताभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ५ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, परम-औषधाभ्याम् - પરમ ઔષધસ્વરૂપ, पञ्चाक्षरी-पिञ्जर-रञ्जिताभ्याम् - શિવ-પંચાક્ષર મંત્રનાં પિંજરથી પ્રસન્ન, प्रपञ्च-सृष्टि-स्थिति-संहराभ्याम् - સર્જન, સ્થિતિ અને સંહારનો પ્રપંચ રચતાં, शंकरपार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો.

કલ્યાણકારક, પરમ ઔષધસ્વરૂપ, શિવપંચાક્ષરના મંત્રનાં પિંજરથી પ્રસન્ન, સર્જન, સ્થિતિ અને સંહારનો પ્રપંચ રચતાં એવાં શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૫)

नमः शिवाभ्यामतिसुन्दराभ्या-
मत्यन्तमासक्तहृदम्बुजाभ्याम् ।
अशेषलोकैकहितंकराभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ६ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક अति-सुन्दराभ्याम् - અતિસુંદર अत्यन्तम् - અત્યંત आसक्त-हृद्-अम्बुजाभ्याम् - (પરસ્પર) આસક્ત હૃદયકમળવાળાં अशेष-लोक-एक-हितकराभ्याम् - સારાયે લોકના એકમાત્ર હિતકારક शंकर-पार्वतीभ्याम् - શંકર-પાર્વતીને नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, અતિસુંદર, અત્યંત (પરસ્પર) આસક્ત હૃદય-કમળવાળાં, સારાયે લોકના એકમાત્ર હિતકારક, શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૬)

नमः शिवाभ्यां कलिनाशनाभ्यां
कङ्कालकल्याणवपुर्धराभ्याम् ।
कैलासशैलस्थितदेवताभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ७ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, कलिनाशनाभ्याम् - કલિયુગ (ના ત્રાસ)નો નાશ કરનાર, कङ्काल-कल्याण-वपुर्धराभ्याम् - અસ્થિપિંજર અને કલ્યાણમય શરીરધારી, कैलास-शैल-स्थित-देवताभ्याम् - કૈલાસ પર્વત ઉપર સ્થિત દેવતા, शंकर-पार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, કલિયુગ(ના ત્રાસ)નો નાશ કરનાર, અસ્થિ-પિંજર અને કલ્યાણમય શરીરધારી, કૈલાસ-પર્વત ઉપર સ્થિત દેવતા એવાં શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૭)

नमः शिवाभ्यामशुभापहाभ्या-
मशेषलोकैकविशेषिताभ्याम् ।
अकुण्ठिताभ्यां स्मृतिसंभृताभ्यां
नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ८ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, अशुभ-अपहाभ्याम् - અશુભને હરનાર, अशेष-लोकैक-विशेषिताभ्याम् - સમગ્ર લોક દ્વારા એક માત્ર પ્રશંસા પામેલ, अकुण्ठिता-भ्याम् - અવરોધ-રહિત, स्मृति-संभृताभ्याम् - સ્મરણ કરે તેને સમૃદ્ધ કરનાર, शंकर-पार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, અશુભને હરનાર, સમગ્ર લોક દ્વારા એકમાત્ર પ્રશંસા પામેલ, અવરોધ રહિત, સ્મરણ કરે તેને સમૃદ્ધ કરનાર, શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૮)

नमः शिवाभ्यां रथवाहनाभ्यां
रवीन्दुवैश्वानरलोचनाभ्याम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

राकाशशाङ्काभमुखाम्बुजाभ्यां

नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ९ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, रथ-वाहनाभ्याम् - રથવાહન યુક્ત, रवि-इन्दु-वैश्वानर-लोचनाभ्याम् - સૂર્ય, ચન્દ્ર અને અગ્નિનાં નેત્રધારી, राका-शशाङ्काभ-मुखाम्बुजाभ्याम् - પૂનમના ચન્દ્ર જેવાં મુખકમળધારી, शंकरपार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, રથવાહનયુક્ત, સૂર્ય-ચન્દ્ર અને અગ્નિનાં નેત્રધારી, પૂનમના ચન્દ્ર જેવાં મુખકમળધારી શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૯)

नमः शिवाभ्यां जटिलंधराभ्यां

जरामृतिभ्यां च विवर्जिताभ्याम् ।

जनार्दनाब्जोद्भवपूजिताभ्यां

नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ १० ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, जटिलंधराभ्याम् - જટાધારી, च - અને, जरा-मृतिभ्याम् - જન્મ અને મરણથી, विवर्जिताभ्याम् - રહિત, जनार्दन - अब्जोद्भव-पूजिताभ्याम् - વિષ્ણુ અને બ્રહ્માથી પૂજિત, शंकरपार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, જટાધારી, જન્મ અને મરણથી રહિત, વિષ્ણુ અને બ્રહ્માથી પૂજિત, શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૧૦)

नमः शिवाभ्यां विषमेक्षणाभ्यां

बिल्वच्छदामल्लिकदामभृद्भ्याम् ।

शोभावतीशान्तवतीश्वराभ्यां

नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ ११ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, विषमेक्षणाभ्याम् - ત્રણ આંખવાળા, बिल्वच्छदा-मल्लिक-दामभृद्भ्याम् - બિલીપત્ર અને જુઈની માળાધારી, शोभावती-शान्तवती-ईश्वराभ्याम् - શોભામયી અને શાંતિમયી પાર્વતીના સ્વામી, शंकर-पार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, ત્રણ આંખવાળા, બિલીપત્ર અને જુઈની માળાધારી, શોભામયી અને શાંતિમયી પાર્વતીના સ્વામી શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૧૧)

नमः शिवाभ्यां पशुपालकाभ्यां

जगत्त्रयीरक्षणबद्धहृद्भ्याम् ।

समस्तदेवासुरपूजिताभ्यां

नमो नमः शंकरपार्वतीभ्याम् ॥ १२ ॥

शिवाभ्याम् - કલ્યાણકારક, पशुपालकाभ्याम् - પશુપાલક, जगत्-त्रयी-रक्षण-बद्ध-हृद्भ्याम् - ત્રણેય જગતનાં રક્ષણમાં પ્રવૃત્ત હૃદયવાળાં, समस्त-देव-असुर-पूजिताभ्याम् - સર્વ દેવો અને અસુરોથી પૂજિત, शंकर-पार्वतीभ्याम् - શંકર-પાર્વતીને, नमः नमः नमः - વારંવાર નમસ્કાર હો !

કલ્યાણકારક, પશુપાલક, ત્રણેય જગતનાં રક્ષણમાં પ્રવૃત્ત હૃદયવાળાં, સર્વે દેવો અને અસુરોથી પૂજિત શંકર-પાર્વતીને વારંવાર નમસ્કાર હો ! (૧૨)

स्तोत्रं त्रिसंध्यं शिवपार्वतीभ्यां

भक्त्या पठेद्द्वादशकं नरो यः ।

स सर्वसौभाग्यफलानि भुङ्क्ते

शतायुरन्ते शिवलोकमेति ॥ १३ ॥

शंकर-पार्वतीभ्याम् - શંકર અને પાર્વતીનું, द्वादशकम् - બાર શ્લોકોના, स्तोत्रम् - સ્તોત્રનો, त्रिसंध्यम् - ત્રણ સંધ્યા સમયે, भक्त्या - ભક્તિપુરઃસર, च - જે, नरः - માણસ, पठेत् - પાઠ કરે છે, सः - તે, शतायुः - સો વર્ષ, सर्व-सौभाग्य-फलानि - સર્વ સૌભાગ્યનું ફળ ભોગવશે, अन्ते - અંતમાં, शिवलोकम् - શિવલોકને, एति - પામશે.

શંકર અને પાર્વતીના બાર શ્લોકોનાં (આ) સ્તોત્રનો ત્રણ સંધ્યા સમયે ભક્તિપુરઃસર જે માણસ પાઠ કરશે, તે સો વર્ષ (નો થઈને) સર્વ સૌભાગ્યનું ફળ ભોગવશે (અને) અંતે શિવલોકને પામશે. (૧૩)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''उमामहेश्वरस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''ઉમામહેશ્વરસ્તોત્રમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥
॥ श्रीगङ्गास्तोत्रम् ॥

देवि सुरेश्वरि भगवति गङ्गे त्रिभुवनतारिणि तरलतरङ्गे।
शङ्करमौलिविहारिणि विमले मम मतिरास्तां तव पदकमले ॥ १ ॥

देवि - હે દેવિ ! सुरेश्वरि - હે દેવોની ઈશ્વરી ! भगवति - હે ભગવતી ! गङ्गे - હે ગંગા ! त्रिभुवनतारिणि - ત્રણે લોકને તારનારી शङ्कर-मौलि-विहारिणि - ભગવાન શંકરનાં મસ્તક પર વિચરનારી ! विमले - નિર્મળ तव - તારાં पदकमले - ચરણકમલમાં मम - મારી मतिः - મતિ, બુદ્ધિ आस्ताम् - લાગેલી રહે.

હે દેવી ! હે દેવોની ઈશ્વરી ! હે ભગવતી ગંગા ! હે ત્રણે લોકને તારનારી ! ભગવાન શંકરનાં મસ્તક પર વિચરનારી, હે નિર્મળ ! તારાં ચરણકમળમાં મારી મતિ લાગેલી રહે ! (૧)

भागीरथि सुखदायिनि मात-
स्तव जलमहिमा निगमे ख्यातः ।
नाहं जाने तव महिमानं
पाहि कृपामयि मामज्ञानम् ॥ २ ॥

भागीरथि - હે ભાગીરથી ! सुखदायिनि - સુખ આપનારી मातर् - માતા ! तव - તારાં जलमहिमा - જળનો મહિમા निगमे - વેદમાં ख्यातः - પ્રસિદ્ધ છે, વર્ણવાયો છે अहं - હું तव - તારા महिमानम् - મહિમાને न जाने - જાણતો નથી कृपामयि - હે કૃપાવાળી ! माम् - મુજ अज्ञानम् - અજ્ઞાનીનું पाहि - રક્ષણ કર.

હે ભાગીરથી ! સુખ આપનારી માતા ! તારાં જળનો મહિમા વેદમાં વર્ણવાયો છે. હું તારા મહિમાને જાણતો નથી. હે કૃપાવાળી ! મુજ અજ્ઞાનીનું રક્ષણ કર. (૨)

हरिपदपाद्यतरङ्गिणि गङ्गे हिमविधुमुक्ताधवलतरङ्गे।
दूरीकुरु मम दुष्कृतिभारं कुरु कृपया भवसागरपारम् ॥ ३ ॥

हरिपदपाद्य-तरङ्गिणि - શ્રીવિષ્ણુનાં ચરણનાં ચરણોદક-માંથી ઉદ્‌ભવેલી નદી, गङ्गे - હે ગંગા हिम-विधु-मुक्ता-धवल-तरङ्गे - હિમ, ચંદ્ર અને મોતી જેવા શ્વેત તરંગોવાળી मम - મારા दुष्कृति-भारम् - દુષ્ટ કર્મોના ભારને दूरीकुरु - દૂર કર कृपया - કૃપા કરી माम् - મને भवसागरपारम् - સંસારરૂપી સાગરમાંથી પાર कुरु - કર.

હે શ્રી વિષ્ણુનાં ચરણનાં ચરણોદકમાંથી ઉદ્‌ભવેલી નદી ! હે ગંગા ! હે હિમ, ચંદ્ર અને મોતી જેવા શ્વેત તરંગોવાળી ! મારાં દુષ્ટ કર્મોના ભારને દૂર કર; કૃપા કરી મને સંસારરૂપી સાગરમાંથી પાર કર. (૩)

तव जलममलं येन निपीतं परमपदं खलु तेन गृहीतम्।
मातर्गङ्गे त्वयि यो भक्तः किल तं द्रष्टुं न यमः शक्तः ॥ ४ ॥

येन - જેણે तव - તારાં अमलम् - નિર્મળ जलम् - જળનું निपीतम् - પાન કર્યું खलु - ખરેખર तेन - તેણે परमपदम् - પરમપદ गृहीतम् - ગ્રહણ કર્યું, પ્રાપ્ત કર્યું मातर् गङ्गे - હે મા ગંગા ! त्वयि - તારો यः - જે भक्तः - ભક્ત છે किल - કહેવાય છે કે तम् - તેને द्रष्टुं - જોવા માટે यमः - યમરાજ (પણ) न शक्तः - શક્તિમાન નથી.

જેણે તારાં નિર્મળ જળનું પાન કર્યું, ખરેખર, તેણે પરમ પદ પ્રાપ્ત કર્યું. હે મા ગંગા ! જે તારો ભક્ત છે, કહેવાય છે કે, તેની સામે જોવા માટે તો યમરાજ (પણ) શક્તિમાન નથી. (૪)

पतितोद्धारिणि जाह्नवि गङ्गे खण्डितगिरिवरमण्डितभङ्गे।
भीष्मजननि हे मुनिवरकन्ये पतितनिवारिणि त्रिभुवन-धन्ये ॥ ५ ॥

पतितोद्धारिणि - હે પતિતોનો ઉદ્ધાર કરનારી जाह्नवि - જહ્નુ ઋષિની કન્યા गङ्गे - ગંગા खण्डित-गिरिवर-मण्डित-भङ्गे - પર્વતરાજ(હિમાલય)ને ખંડિત કરી શોભતા તરંગોવાળી भीष्म-जननि - ભીષ્મની જનેતા हे मुनिवर-कन्ये - શ્રેષ્ઠ મુનિની પુત્રી पतित-निवारिणि - પતિતપાવની ! त्रिभुवनधन्ये - ત્રણે લોકમાં ધન્ય !

હે પતિતનો ઉદ્ધાર કરનારી ! જહ્નુ ઋષિની કન્યા ! ગંગા ! પર્વતરાજ હિમાલય(હિમાલય)ને ખંડિત કરી શોભતા તરંગોવાળી ! ભીષ્મની જનેતા ! શ્રેષ્ઠ મુનિની પુત્રી ! પતિત-પાવની ! (માટે) ત્રણે લોકમાં ધન્ય ! (તું જ છે). (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कल्पलतामिव फलदां लोके
प्रणमति यस्त्वां न पतति शोके ।
पारावारविहारिणि गङ्गे
विमुखयुवतिकृततरलापाङ्गे ॥ ६ ॥

लोके - સંસારમાં कल्पलताम् - કલ્પલતા इव - જેમ फलदाम् - ફળ આપનારી છું यः - જે त्वाम् - તને प्रणमति - પ્રણામ કરે છે તે शोके - શોકમાં न पतति - પડતો નથી पारावार-विहारिणि - સમુદ્ર તરફ વિહાર કરનારી ! गङ्गे - ગંગા विमुख-युवति-कृत-तरल-अपाङ्गे - સામે રહેલી (પાર્વતીરૂપી) સુંદરી તરફ કરેલા ચંચળ તરંગોરૂપી નેત્રના ખૂણાવાળી તું છે.

હે સમુદ્ર તરફ વિહાર કરનારી ! સામે રહેલી (પાર્વતીરૂપી) સુંદરી તરફ કરેલા ચંચળ તરંગોરૂપી કટાક્ષવાળી ગંગા ! કલ્પલતા સમાન ફળ આપનારી એવી તને જે પ્રણામ કરે છે તે શોકમાં પડતો નથી. (૬)

तव चेन्मातः स्रोतः स्नातः
पुनरपि जठरे सोऽपि न जातः ।
नरकनिवारिणि जाह्नवि गङ्गे
कलुषविनाशिनि महिमोत्तुङ्गे ॥ ७ ॥

मातः - હે માતા चेत् - જો કોઈ तव - તારા स्रोतःस्नातः - પ્રવાહમાં સ્નાન કરે છે स - તે अपि - પણ पुनः अपि - ફરીથી जठरे - માનાં જઠરમાંથી न जातः - જન્મતો નથી, તેને બીજી વાર માતાના ગર્ભમાં આવવું પડતું નથી नरक-निवारिणि - હે નરકને દૂર કરનારી ! जाह्नवि - જાહ્નવી ! गङ्गे - ગંગા ! कलुषविनाशिनि - પાપનો નાશ કરનારી ! महिमोतुङ्गे - ઘણા ઊંચા મહિમાવાળી (તું છે).

હે નરકને દૂર કરનારી ! જાહ્નવી ! ગંગા ! પાપનો નાશ કરનારી અને ઘણા ઊંચા મહિમાવાળી ! હે માતા ! જો કોઈ તારા પ્રવાહમાં સ્નાન કરે છે, તો તે પણ, માતાનાં જઠરમાંથી ફરી જન્મતો નથી. (૭)

पुनरसदङ्गे पुण्यतरङ्गे जय जय जाह्नवि करुणापाङ्गे ।
इन्द्रमुकुटमणिराजितचरणे सुखदे शुभदे भृत्यशरण्ये ॥ ८ ॥

पुनः - વળી मम - મારા असद्-अङ्गे - અપવિત્ર અંગો માટે पुण्य-तरङ्गे - પવિત્ર તરંગોવાળી ! जाह्नवि - હે જાહ્નવી करुणापाङ्गे - કરુણાથી પૂર્ણ નેત્રના ખૂણાઓવાળી ! जय जय - તારો જય થાવ, જય થાવ इन्द्र-मुकुट-मणि-राजित-चरणे - ઈન્દ્રના મુગટના મણિથી શોભતાં ચરણોવાળી ! सुखदे - સુખ આપનારી शुभदे - શુભ પ્રદાન કરનારી भृत्यशरणे - સેવકોનું શરણ (તું જ છે).

વળી, (મારાં) અપવિત્ર અંગો માટે પવિત્ર તરંગોવાળી ! જાહ્નવી ! કરુણાથી પૂર્ણ નેત્રના કટાક્ષોવાળી, તારો જય થાવ, જય થાવ ! ઈન્દ્રના મુગટના મણિથી શોભતાં ચરણોવાળી ! સુખ આપનારી ! શુભ પ્રદાન કરનારી અને સેવકોનું શરણ (તું જ છે) ! (૮)

रोगं शोकं तापं पापं हर मे भगवति कुमतिकलापम् ।
त्रिभुवनसारे वसुधाहारे त्वमसि गतिर्मम खलु संसारे ॥ ९ ॥

भगवति - હે ભગવતિ ! मे - મારા रोगम् - રોગ शोकम् - શોક तापम् - તાપ पापम् - પાપ कुमति-कलापम् - દુર્બુદ્ધિના સમૂહને हर - હરી લે त्रिभुवन-सारे - ત્રણે લોકના સારરૂપ ! वसुधा-हारे - પૃથ્વીના હારરૂપ ! खलु - ખરેખર संसारे - સંસારમાં मम - મારી गतिः - ગતિ, શરણ त्वम् - તું असि - છે.

હે ભગવતિ ! મારાં રોગ, શોક, તાપ, પાપ અને દુર્બુદ્ધિના સમૂહને હરી લે. ત્રણે લોકના સારરૂપ ! પૃથ્વીના હારરૂપ ! ખરેખર, આ સંસારમાં મારી ગતિ તું (જ) છે. (૯)

अलकानन्दे परमानन्दे कुरु करुणामयि कातरवन्द्ये ।
तव तटनिकटे यस्य निवासः खलु वैकुण्ठे तस्य निवासः ॥ १० ॥

अलकानन्दे - અલકાનગરીને આનંદ આપનારી ! परमानन्दे - પરમ આનંદમયી ! अयि - હે कातर-वन्द्ये - ભયભીતોથી વંદન કરાયેલી करुणाम् - કરુણા, દયા कुरु - કર यस्य - જેનો तव - તારા तट-निकटे - તીરની નજીક निवासः - નિવાસ હોય છે खलु - ખરે જ तस्य - તેનો वैकुण्ठे - વૈકુંઠમાં वासः - વાસ થાય છે.

અલકાનગરીને આનંદ આપનારી ! પરમ આનંદમયી ! હે ભયભીતોથી વંદન કરાયેલી ! કરુણા કર. જેનો તારા તીરની નજીક નિવાસ હોય છે, ખરે જ, તેનો વૈકુંઠમાં વાસ થાય છે. (૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वरमिह नीरे कमठो मीनः किं वा तीरे शरटः क्षीणः ।
अथवा श्वपचो मलिनो दीनस्तव न हि दूरे नृपतिकुलीनः
॥ ११ ॥

इह - અહીં नीरे - તારાં જળમાં कमठः - કાચબો मीन - માછલી किं-वा - અથવા क्षीणः - નાની शरटः - ટેકરી થવું अथवा - અથવા मलिनः - મલિન, મેલો-ઘેલો दीन - દીન श्वपचः - ચાંડાલ થવું वरम् - વધુ સારું પણ तव - તારાથી दूरः - દૂર नृपतिकुलीनः - કુલીન રાજા થવું न वरम् - સારું નથી.

અહીં તારાં જળમાં કાચબો, માછલી, નાની ટેકરી અથવા મેલો-ઘેલો દીન ચાંડાલ થવું સારું, પણ તારાથી દૂર રહી કુલીન રાજા થવું પણ સારું નથી. (૧૧)

भो भुवनेश्वरि पुण्ये धन्ये देवि द्रवमयि मुनिवरकन्ये ।
गङ्गास्तवमिममलं नित्यं पठति नरो यः स जयति सत्यम्
॥ १२ ॥

भो - હે भुवनेश्वरि - ભુવનોની સ્વામિની ! पुण्ये - પવિત્ર धन्ये - ધન્ય देवि - દેવી ! द्रवमयि - જળમયી मुनिवर-कन्ये - શ્રેષ્ઠ મુનિની કન્યા ! यः - જે नरः - મનુષ્ય इमम् - આ विमलम् - નિર્મળ गंगास्तवम् - ગંગાના સ્તોત્ર नित्यम् - નિત્ય पठति - પાઠ કરે છે स - તે सत्यम् - સાચે જ जयति - વિજય પામે છે.

હે ભુવનોની સ્વામિની ! પવિત્ર, ધન્ય, દેવિ ! જળમયી ! શ્રેષ્ઠ મુનિની કન્યા ! જે મનુષ્ય આ નિર્મળ ગંગાનાં સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે, તે સાચે જ વિજય પામે છે. (૧૨)

येषां हृदये गङ्गाभक्तिस्तेषां भवति सदा सुखमुक्तिः ।
मधुराकान्तापज्झटिकाभिः परमानन्दकलितललिताभिः
॥ १३ ॥

येषाम् - જેઓના हृदये - હૃદયમાં गङ्गाभक्तिः - ગંગાની ભક્તિ છે तेषाम् - તેઓને सदा - સદૈવ હંમેશ सुखमुक्तिः - સુખ અને મુક્તિ મળે છે परमानन्द-कलित-ललिताभिः - પરમ આનંદમય લલિત मधुराकान्तापज्झटिकाभिः - મધુર અને રમણીય નાની નાની ઘંટડીઓ યુક્ત હોય (તેવી આ સ્તુતિ છે).

જેઓનાં હૃદયમાં ગંગાની ભક્તિ છે, તેઓને સદૈવ સુખ અને મુક્તિ મળે છે. પરમ આનંદમય અને સુલલિત મધુર અને રમણીય નાની નાની ઘંટડીઓથી યુક્ત હોય તેવી આ સ્તુતિ છે. (૧૩)

गङ्गास्तोत्रमिदं भवसारं
वाञ्छितफलदं विमलं सारम् ।
शङ्करसेवकशङ्कररचितं
पठति सुखी स्तव इति च समाप्तः ॥ १४ ॥

इदम् - આ गङ्गास्तोत्रम् - 'ગંગાસ્તોત્ર' भवसारम् - સંસારના સારરૂપ विमलम् - નિર્મળ सारम् - (સર્વના) સારભૂત છે તે शङ्करसेवकशङ्कररचितम् - ભગવાન શંકરના સેવક - ભક્ત શ્રી - શંકરાચાર્યે રચ્યું છે पठति - જે પાઠ કરે છે सुखी - તે સુખી થાય છે इति - એમ स्तवः - સ્તોત્ર समाप्तः - પૂર્ણ થયું.

આ 'ગંગાસ્તોત્ર' સંસારના સારરૂપ, નિર્મળ અને (સર્વના) સારભૂત છે, તે ભગવાન શંકરના સેવક-ભક્ત શ્રીશંકરાચાર્યે રચ્યું છે, જે તેનો પાઠ કરે છે, તે સુખી થાય છે. આમ, આ સ્તોત્ર પૂર્ણ થયું. (૧૪)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''श्रीगङ्गास्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''श्रीगङ्गास्तोत्रम्'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ श्रीविष्णुभुजंगप्रयातस्तोत्रम् ॥

चिदंशं विभुं निर्मलं निर्विकल्पं
निरीहं निराकारमोंकारगम्यम् ।
गुणातीतमव्यक्तमेकं तुरीयं
परं ब्रह्म यं वेद तस्मै नमस्ते ॥ १ ॥

चिदंशं - ચિદંશ, विभुं - વિભુ, निर्मलं - નિર્મલ, निर्विकल्पं - નિર્વિકલ્પ, निरीह - નિષ્કામ, निराकारं - નિરાકાર ॐकारगम्यं - ॐકારના જપથી પામી શકાય તેવા, गुणातीतं - ત્રિગુણાતીત, अव्यक्तम् - અવ્યક્ત, एकं - એકમેવ અને तुरीयं - સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાથી પર એવી ચતુર્થ અવસ્થાવાળા તથા परं - પરમ ब्रह्म - બ્રહ્મરૂપે यं - જેને वेद - સહુ જાણે છે, तस्मै - તે વિષ્ણુ ભગવાનને नमस्ते - નમસ્કાર છે !

ચિદંશ, વિભુ, નિર્મલ, નિર્વિકલ્પ, નિષ્કામ, નિરાકાર, ॐકાર વડે પામી શકાય તેવા, ત્રિગુણાતીત, અવ્યક્ત, એકમેવ, તુરીય (ચતુર્થ અવસ્થામાં સ્થિત) અને પરબ્રહ્મરૂપે જે ઓળખાય છે, તે ભગવાન વિષ્ણુને નમસ્કાર છે ! (૧)

विशुद्धं शिवं शान्तमाद्यन्तशून्यं
जगज्जीवनं ज्योतिरानन्दरूपम् ।
अदिग्देशकालव्यवच्छेदनीयं
त्रयी वक्ति यं वेद तस्मै नमस्ते ॥ २ ॥

त्रयी - ત્રણેય વેદ यं - જેનું विशुद्धं - વિશુદ્ધ शिवं - કલ્યાણમય शान्तं - શાન્ત, आदि-अन्त-शून्यं - આદિ અને અંત રહિત जगज्जीवनं - જગતના પ્રાણરૂપ, ज्योतिः - જ્યોતિસ્વરૂપ, आनन्दरूपं - આનન્દરૂપ, अदिग्देशकालव्यवच्छेदनीयं - દિશા અને કાલથી અવિભાજ્ય એમ वक्ति - વર્ણવે છે - એ રીતે वेद - સહુ જેને ઓળખે છે तस्मै - તે ભગવાન વિષ્ણુને नमस्ते - નમસ્કાર છે !

ત્રણેય વેદ જેમનું ''વિશુદ્ધ, કલ્યાણમય, શાન્ત-અનાદિ, અનંત, જગતના પ્રાણ, જ્યોતિ, આનંદમય, અને દેશકાળથી અવિભાજ્ય,'' એમ વર્ણન કરે છે અને એ રીતે જે ઓળખાય છે, તે વિષ્ણુ ભગવાનને નમસ્કાર છે ! (૨)

महायोगपीठे परिभ्राजमाने
धरण्यादितत्त्वात्मके शक्तियुक्ते ।
गुणाहस्करे वह्निबिम्बार्धमध्ये
समासीनमोंकर्णिकेऽष्टाक्षराब्जे ॥ ३ ॥

धरणि-आदि-तत्त्वात्मके - પૃથ્વી (જળ) વગેરે પંચતત્ત્વ રૂપ शक्तियुक्ते - શક્તિયુક્ત महायोगपीठे - મહાયોગપીઠમાં परिभ्राजमाने - પ્રકાશી રહેલા અને गुण-अहस्करे - ગુણરૂપી સૂર્ય તથા वह्नि-बिम्बार्धमध्ये - અગ્નિબિમ્બના અર્ધભાગની વચ્ચે રહેલા તેમ જ अष्टाक्षराब्जे - અષ્ટાક્ષરમંત્રરૂપી કમળના ॐकर्णिके - અંતસ્તત્ત્વ એવા ॐકારમાં समासीनं - બિરાજતા (વિષ્ણુભગવાનને નમસ્કાર છે !) अहस्कर - દિવાકર, સૂર્ય, अष्टाक्षर - આઠ અક્ષરનો 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ મંત્ર.

ભગવાન વિષ્ણુ, પૃથ્વી, જળ વગેરે પંચતત્ત્વમય, શક્તિયુક્ત એવી મહાયોગપીઠમાં પ્રકાશી રહ્યા છે. તેઓ ગુણોરૂપી સૂર્ય અને દિવ્ય અગ્નિજ્યોતિના અર્ધભાગની મધ્યમાં વસે છે, તથા અષ્ટાક્ષરમંત્રરૂપી કમળનાં અંતસ્તત્ત્વ એવા ॐકારમાં વિરાજે છે. તેમને નમસ્કાર છે ! (૩)

समानोदितानेकसूर्येन्दुकोटि-
प्रभापूरतुल्यद्युतिं दुर्निरीक्षम् ।
न शीतं न चोष्णं सुवर्णावदात-
प्रसन्नं सदानन्दसंवित्स्वरूपम् ॥ ४ ॥

समान-उदित-अनेक-सूर्येन्दुकोटि-प्रभापूर-तुल्य-द्युतिं - એકસાથે ઉદય પામતા અનેક સૂર્યચન્દ્રનાં કરોડો તેજનાં પૂર જેવી કાંતિવાળા અને તેથી दुर्निरीक्षं - દુર્નિરીક્ષ્ય અને (છતાં) न शीतं - જે શીતળ પણ નથી च - કે न - નથી उष्णं - ઉષ્ણ પણ, જે सुवर्ण-अवदातप्रसन्नं - સુવર્ણ સમાન ઉજ્જ્વળ પ્રસન્ન કરે તેવા પ્રકાશવાળા છે सदा - સર્વદા आनन्द-संवित्-स्वरूपम् - આનંદ અને જ્ઞાનસ્વરૂપ વિષ્ણુ ભગવાનને નમસ્કાર છે !

એકસાથે ઉદય પામેલા અનેક સૂર્ય ચંદ્રનાં કરોડો તેજ પુંજના કારણે, જેમની સામે દૃષ્ટિ માંડી શકાતી નથી તેવા, પ્રોજ્જ્વલ છે, તો બીજી બાજુ જેમનું તેજ શીતળ પણ નથી અને ઉષ્ણ પણ નથી, પરંતુ સુવર્ણની જેમ ઉજ્જ્વળ અને પ્રસન્ન કરી દે તેવું છે, તેવા આનન્દ અને જ્ઞાનસ્વરૂપ વિષ્ણુભગવાનને નમસ્કાર છે ! (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुनासापुटं सुन्दरभ्रूललाटं
किरीटोचिताकुञ्चितस्निग्धकेशम् ।
स्फुरत्पुण्डरीकाभिरामायताक्षं
समुत्फुल्लरत्नप्रसूनावतंसम् ॥ ५ ॥

सुनासा-पुटं - સોહામણી નાસિકાવાળું भ्रूललाटं - सुन्दर ભ્રમરથી શોભતા લલાટવાળાં किरीटोचित-आकुञ्चित-स्निग्ध-केशम् - મુકુટ દ્વારા આકુંચિત યોગ્ય રીતે સુંવાળા કેશવાળું, स्फुरत्पुण्डरीक-अभिराम-आयताक्षं - ખીલેલાં કમળ શા સુચારુ દીર્ઘ નેત્રવાળું અને समुत्फुल्ल-रत्न-प्रसून-अवतंसम् - પૂર્ણ ખીલેલાં રત્ન-પુષ્પનાં કર્ણફૂલ-વાળું (શ્રી વિષ્ણુનું મુખ શોભે છે. તેવા ભગવાનને નમસ્કાર છે !)

સોહામણી નાસિકાવાળું, સુન્દર ભ્રમરથી શોભતા લલાટવાળું, મુકુટ દ્વારા આકુંચિત યોગ્ય રીતે સુંવાળા કેશવાળું, ખીલેલાં કમળ શા સુચારુ દીર્ઘ નેત્રવાળું અને પૂર્ણ ખીલેલાં રત્ન-પુષ્પનાં કર્ણફૂલવાળું શ્રી વિષ્ણુનું મુખ શોભે છે (તેવા ભગવાનને નમસ્કાર છે !) (૫)

लसत्कुण्डलामृष्टगण्डस्थलान्तं
जपारागचोराधरं चारुहासम् ।
अलिव्याकुलामोदिमन्दारमालं
महोरस्फुरत्कौस्तुभोदारहारम् ॥ ६ ॥

लसत्-कुण्डल-आमृष्ट-गण्ड-स्थलान्तं - ચળકતાં કુંડલોના સ્પર્શથી શોભતાં ગંડસ્થળવાળું, जपा-राग-चोर-अधरं - જપા-પુષ્પના રંગને ચોરનાર રતુંબડા અધરોષ્ઠવાળું અને चारुहासं - મોહક સ્મિતથી શોભતું, अलि-व्याकुल-आमोदि-मन्दार-मालं - ભમરાઓથી ડોલતી, સુગંધી મંદારમાલાવાળું તથા महोर-स्फुरत्-कौस्तुभ-उदार-हारम् - વિશાળ વક્ષઃસ્થળ પર ઝૂલતા મહાન કૌસ્તમણિના હારવાળું (શ્રી વિષ્ણુનું સ્વરૂપ સોહે છે, એવા એમને નમસ્કાર છે !)

ચળકતાં કુંડલોના સ્પર્શથી શોભતા ગંડસ્થળવાળું, જપાપુષ્પના રંગને ચોરનાર રતુંબડા અધરોષ્ઠવાળું, મોહક સ્મિતથી શોભતું, ભમરાઓથી ડોલતી સુગંધી મંદારમાલાવાળું તથા વિશાળ વક્ષઃસ્થળ પર ઝૂલતા મહાન કૌસ્તુભમણિના હારવાળું શ્રી વિષ્ણુનું સ્વરૂપ સોહે છે. (એવા ભગવાનને નમસ્કાર છે !) (૬)

सुरत्नाङ्गदैरन्वितं बाहुदण्डै-
श्चतुर्भिश्चलत्कङ्कणालंकृताग्रैः ।
उदारोदरालंकृतं पीतवस्त्रं
पदद्वन्द्वनिर्धूतपद्माभिरामम् ॥ ७ ॥

सुरत्नाङ्गदैः - સુંદર રત્નોના બાજુબંધવાળા, चलत्कङ्कण-अलंकृताग्रैः - કાંડા પર સરકતાં કંકણોવાળા चतुर्भिः - ચાર बाहुदण्डैः - બાહુદંડથી अन्वितं - યુક્ત એવું, તથા उदार-उदर-अलंकृतं - વિશાળ ઉદર પર શોભતા पीतवस्त्रं - પીતાંબરવાળું, અને पद-द्वन्द्व-निर्धूत-पद्म-अभिरामम् - બન્ને ચરણોથી કમલની શોભાને ઝાંખી પાડતું, સુંદર એવું (શ્રી વિષ્ણુનું સ્વરૂપ છે.)

સુંદર રત્નોના બાજુબંધવાળા, કાંડા પર સરકતાં કંકણો-વાળા, ચાર બાહુદંડથી યુક્ત એવું, વિશાળ ઉદર પર શોભતા પીતાંબરવાળું અને બન્ને ચરણોથી કમલની શોભાને ઝાંખું પાડતું એવું શ્રી વિષ્ણુનું સ્વરૂપ છે. (૭)

स्वभक्तेषु संदर्शिताकारमेवं
सदा भावयन्संनिरुद्धेन्द्रियाश्वः ।
दुरापं नरो याति संसारपारं
परस्मै परेभ्योऽपि तस्मै नमस्ते ॥ ८ ॥

एवं - આ પ્રમાણે स्वभक्तेषु - પોતાના ભક્તોને संदर्शित-आकारं - નિજસ્વરૂપનું દર્શન કરાવતા વિષ્ણુનું निरुद्ध-इन्द्रिय-अश्वः - ઈન્દ્રિયરૂપી અશ્વને અંકુશમાં રાખીને જે नरः - મનુષ્ય सदा - હંમેશાં भावयन् - ધ્યાન ધરે છે તે दुरापं - દુર્ગમ એવા संसार-पारं - સંસારની પાર याति - ઊતરી જાય છે. આવા परभ्यः - પરમથી પણ परस्मै - પરમ એવા વિષ્ણુ છે तस्मै - તેમને नमस्ते - નમસ્કાર છે !

આ પ્રમાણે, પોતાના ભક્તોને નિજસ્વરૂપનું દર્શન કરાવતા શ્રીવિષ્ણુનું જે મનુષ્ય પોતાના ઈન્દ્રિયોરૂપી અશ્વને અંકુશમાં રાખીને સદા ધ્યાન ધરે છે, તે આ દુર્ગમ સંસારને પાર કરી જાય છે. પરાત્પર એવા તે શ્રીવિષ્ણુ ભગવાનને નમસ્કાર છે ! (૮)

श्रिया शातकुम्भद्युतिस्निग्धकान्त्या
धरण्या च दूर्वादलश्यामलाङ्ग्या ।
कलत्रद्वयेनामुना तोषिताय
त्रिलोकीगृहस्थाय विष्णो नमस्ते ॥ ९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शातकुम्भ-द्युति-स्निग्ध-कान्त्या - શાતકુંભ એટલે સોના જેવી સ્નિગ્ધ કાન્તિવાળી श्रिया - લક્ષ્મીથી दूर्वा-दल-श्यामल-अङ्गया - દૂર્વાદળના જેવા શ્યામલ અંગવાળી ધરિણ્યા - ધરણીથી યુક્ત (માટે) अमुना - આ कलत्र-द्वयेन - બે બે પત્નીઓથી तोषिताय - સંતોષ પમાડાયેલા त्रिलोकी गृहस्थाय - ત્રણે લોકના ગૃહસ્થી विष्णो - હે ભગવાન વિષ્ણુ नमस्ते - આપને નમસ્કાર.

સોનાના જેવી સ્નિગ્ધ કાન્તિવાળી લક્ષ્મીથી અને દૂર્વાદળના જેવા શ્યામલ અંગવાળી ધરણીથી યુક્ત (માટે) આ બે બે પત્નીઓથી સંતોષ પમાડાયેલા ત્રણે લોકના ગૃહસ્થી હે ભગવાન વિષ્ણુ ! આપને નમસ્કાર. (૯)

शरीरं कलत्रं सुतं बन्धुवर्गं
वयस्यं धनं सद्म भृत्यं भुवं च ।
समस्तं परित्यज्य हा कष्टमेको
गमिष्यामि दुःखेन दूरं किलाहम् ॥ १० ॥

शरीरं - આ શરીર, कलत्रं - પત્ની, सुतं - પુત્ર, बन्धुवर्गं - સ્વજનો, वयस्यं - મિત્ર, धनं - ધન, सद्म - ઘર, भृत्यं - સેવકો च - અને भुवं - આ પૃથ્વી એ समस्तं - સઘળું परित्यज्य - છોડીને हा - અરેરે ! अहं - હું दुःखेन - દુઃખ સાથે किल - ખરેખર दूरं - બહુ દૂર गमिष्यामि - ચાલ્યો જઈશ, कष्टम् - તે ભારે કષ્ટદાયક છે.

(મૃત્યુ કાળે) આ શરીર, પત્ની, પુત્ર, સ્વજનો, મિત્રો, ધન, ઘર, સેવકો અને આ પૃથ્વી પણ એ સઘળું છોડીને, ખરેખર, હું ખૂબ દૂર દુઃખ સાથે ચાલ્યો જઈશ. અરેરે, આ કેટલું કષ્ટદાયક છે ! (૧૦)

जरेयं पिशाचीव हा जीवतो मे
वसामत्ति रक्तं च मांसं बलं च ।
अहो देव सीदामि दीनानुकम्पि-
न्किमद्यापि हन्त त्वयोदासितव्यम् ॥ ११ ॥

(हे) दीनानुकम्पिन् - દીનજન પર અનુકંપા કરનારા ! देव - પ્રભુ जीवतः - આ જીવી રહેલા મારા वसा - ચરબી, रक्तं - રુધિર, च - અને मासं - માંસ च - તથા बलं - બળને પણ, इयं - આ जरा - વૃદ્ધાવસ્થા पिशाची - પિશાચણીની इव - જેમ अत्ति - આરોગી જાય છે. सीदामि - હું હવે નાશ પામતો જાઉં છું. हन्त - અરેરે ! किं - શું अद्यापि - હજુ પણ त्वया - આપ उदासितव्यम् - મારા પ્રત્યે ઉદાસીન રહેશો ?

હે દીન પર અનુકંપા કરનારા પ્રભુ ! મારાં ચરબી, રુધિર, માંસ અને બળનું પણ આ વૃદ્ધાવસ્થા પિશાચણીની જેમ ભક્ષણ કરી રહી છે. હવે તો હું નાશ પામતો જાઉં છું. અરેરે ! હજુ પણ શું આપ મારા પ્રત્યે ઉદાસીન રહેશો ? (૧૧)

कफव्याहतोष्णोल्बणश्वासवेग-
व्यथाविस्फुरत्सर्वमर्मास्थिबन्धाम् ।
विचिन्त्याहमन्त्यामसंख्यामवस्थां
बिभेमि प्रभो किं करोमि प्रसीद ॥ १२ ॥

कफ-व्याहत-उष्ण-उल्बण-श्वासवेग-व्यथा-विस्फुरत्सर्वमर्मास्थि-बन्धां - કફનાં આક્રમણથી થતા ઉષ્ણ અને પ્રબલ પીડાકારક શ્વાસ-વેગની વ્યથાથી મારાં મર્મસ્થાનો અને હાડકાના સર્વ સાંધાઓ ખખડી ઊઠયા છે, આવી अन्त्यां - અંત સમયની असंख्यां - કલ્પી ન શકાય તેવી अवस्थां - અવસ્થાનો વિચાર કરીને अहं - હું बिभेमि - ભય પામું છું. प्रभो - હે પ્રભુ ! किं - શું करोमि - કરું ? प्रसीद - પ્રસન્ન થાઓ !

કફના પ્રહારથી અત્યંત ઉષ્ણ અને પ્રબળતાથી ઊછળતા મારાં શ્વાસના વેગની પીડાથી મારાં મર્મસ્થાનો અને હાડકાના સર્વ સાંધાઓ પણ ખળભળી ગયા છે. અંત સમયની અકલ્પ્ય અવસ્થાનો વિચાર કરતાં જ હું ભયથી થથરી ઊઠું છું. હે પ્રભુ ! હું શું કરું ? પ્રસન્ન થાઓ ! (૧૨)

लपन्नच्युतानन्त गोविन्द विष्णो
मुरारे हरे नाथ नारायणेति ।
यथानुस्मरिष्यामि भक्त्या भवन्तं
तथा मे दयाशील देव प्रसीद ॥ १३ ॥

अच्युत - હે અચ્યુત, अनन्त - અનન્ત, गोविन्द - ગોવિન્દ, विष्णो - હે વિષ્ણુ हरे - હરિ, नाथ - નાથ, नारायण - નારાયણ એમ આપનાં નામને लपन् - જપતાં જપતાં भक्त्या - ભક્તિથી भवन्तं - આપનું જ यथा - જે રીતે स्मरिष्यामि - સ્મરણ કરી શકું, तथा - તે રીતે (हे) दयाशील - દયાળુ ! देव - પ્રભુ ! આપ मे - મારા પર प्रसीद - પ્રસન્ન થાઓ !

હે, અચ્યુત ! અનન્ત, ગોવિન્દ, વિષ્ણુ, હરિ, નાથ, નારાયણ - એમ આપનાં નામોનું જ રટણ કરતાં કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને (અંતકાળે) જે રીતે આપનું જ સ્મરણ થાય, એ રીતે હે દયાશીલ પ્રભુ ! આપ મારા પર પ્રસન્ન થાઓ ! (૧૩)

भुजङ्गप्रयातं पठेद्यस्तु भक्त्या
समाधाय चित्ते भवन्तं मुरारे ।
स मोहं विहायाशु युष्मत्प्रसादा-
त्समाश्रित्य योगं व्रजत्यच्युतं त्वाम् ॥ १४ ॥

(हे) मुरारे - હે મુરારિ ! यः - જે મનુષ્ય तु - ખરેખર भवन्तं - આપનું चित्ते - ચિત્તમાં समाधाय - ધ્યાન ધરીને भक्त्या - ભક્તિપૂર્વક भुजङ्गप्रयातं - આ 'ભુજંગપ્રયાત' સ્તોત્રનો पठेत् - પાઠ કરે છે. सः - તે आशु - ઝડપથી मोह - મોહને विहाय - તજીને युष्मत्प्रसादात् - આપની કૃપાથી योग - યોગનો समाश्रित्य - આશ્રય કરીને अच्युतं - અચ્યુત એવા त्वां - આપને व्रजति - પામે છે.

હે મુરારિ ! ખરેખર, જે મનુષ્ય ચિત્તમાં આપનું ધ્યાન ધરીને ભક્તિભાવે આ 'ભુજંગપ્રયાત' સ્તોત્રનો પાઠ કરે છે, તે ઝડપથી મોહમુક્ત થાય છે અને આપની કૃપાથી યોગનો આશ્રય કરીને, અચ્યુત એવા આપને પામે છે. (૧૪)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीविष्णुभुजङ्गप्रयातस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીવિષ્ણુભુજંગપ્રયાતસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ श्रीशिवभुजङ्गप्रयातस्तोत्रम् ॥

गलद्दानगण्डं मिलद्भृङ्गषण्डं
चलच्चारुशुण्डं जगत्त्राणशौण्डम् ।
लसद्दन्तकाण्डं विपद्भङ्गचण्डं
शिवप्रेमपिण्डं भजे वक्रतुण्डम् ॥ १ ॥

गलद - ગળતા, ઝરતા दान - મદયુક્ત गण्डम् - ગંડસ્થળવાળા, मिलद् - મળતા એકત્ર થતા भृङ्गषण्डम् - ભમરાઓવાળા, चलत् - ચાલતી, હાલતી चारु - સુંદર शुण्डम् - સૂંઢવાળા जगत् - સંસારના त्राण - રક્ષણમાં शौण्डम् - કુશળ, लसत् - શોભતા दन्तकाण्डम् - દાંતવાળા, विपद्-भङ्ग-चण्डम् - પ્રચંડ વિપત્તિઓને ભાંગી નાંખનાર शिव-प्रेम-पिण्डम् - ભગવાન શિવના પ્રેમના પિંડરૂપ वक्रतुण्डम् - ભગવાન ગણપતિને भजे - હું ભજું છું.

ઝરતા મદયુક્ત ગંડસ્થળવાળા, એકત્ર થતા ભમરાઓવાળા, હાલતી સુંદર સૂંઢવાળા, સંસારના રક્ષણમાં કુશળ, શોભતા દાંતવાળા, પ્રચંડ વિપત્તિઓને ભાંગી નાંખનાર ભગવાન શિવના પ્રેમના પિંડરૂપ એ ભગવાન ગણપતિને ભજું છું. (૧)

अनाद्यन्तमाद्यं परं तत्त्वमर्थं
चिदाकारमेकं तुरीयं त्वमेयम् ।
हरिब्रह्ममृग्यं परब्रह्मरूपं
मनोवागतीतं महः शैवमीडे ॥ २ ॥

अनादि-अन्तम् - આદિ અને અંતરહિત आद्यम् - સર્વના અનાદિ परम् - પરમ तत्त्वम् - તત્ત્વરૂપ, अर्थम् - અર્થ-પદાર્થસ્વરૂપ, चिदाकारम् - ચિત્ સ્વરૂપ, एकम् - એક, અદ્વિતીય, तुरीयम् - તુરીય तु - પરંતુ अमेयम् - માપી ન શકાય તેવા हरि-ब्रह्म-मृग्यम् - હરિ એટલે વિષ્ણુ અને બ્રહ્માથી શોધતા परब्रह्मरूपम् - પરબ્રહ્મરૂપ, मनोवाग्-अतीतम् - મન અને વાણીથી પર એવા शैवम् - કલ્યાણમય महः - તેજની ईडे - હું સ્તુતિ કરું છું. (૨)

આદિ તથા અંતથી રહિત, સર્વનું આદિ, પરમ તત્ત્વરૂપ, પદાર્થસ્વરૂપ, ચિત્સ્વરૂપ, એક, તુરીય, ન માપી શકાય તેવા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષ્ણુ અને બ્રહ્માથી શોધાતા, પરબ્રહ્મરૂપ તથા મન અને વાણીથી પર કલ્યાણમય તેજની હું સ્તુતિ કરું છું. (૨)

स्वशक्त्यादिशक्त्यन्तसिंहासनस्थं
मनोहारिसर्वाङ्गरत्नोरुभूषम् ।
जटाहीन्दुगङ्गास्थिशश्यार्कमौलिं
पराशक्तिमित्रं नुमः पञ्चवक्त्रम् ॥ ३ ॥

स्वशक्त्या - પોતાની શક્તિ એવી आदिशक्ति-अन्तसिंहासन-स्थम् - આદિ શક્તિ સાથે સિંહાસન ઉપર બિરાજમાન, मनोहारि - સુંદર, મનનું હરણ કરે તેવા, सर्व-अङ्ग-रत्नादि-भूषणम् - દરેક અંગ પર રત્ન વગેરેના આભૂષણોવાળા, जटा-अहि-इन्दु-गङ्गा-अस्थि-शशी-अर्क-मौलिम् - જટા, સાપ, ચંદ્ર, ગંગા, અસ્થિ અને સૂર્ય તથા ચંદ્ર(રૂપી નેત્રો)ને મસ્તક ઉપર ધારણ કરનારા, परम् - પર शक्तिमित्रम् - શક્તિના મિત્ર पञ्चवक्त्रम् - પાંચ મુખવાળા શંકરને नुमः - અમે પ્રણામ કરીએ છીએ. (૩)

પોતાની શક્તિ એવી આદિ શક્તિની સાથે સિંહાસન પર બિરાજમાન, રત્ન વગેરે અલંકારને ધારણ કરનારા, જટા, સર્પ, ચન્દ્ર, ગંગા, અસ્થિ અને સૂર્યચન્દ્ર(રૂપી નેત્રો)ને મસ્તક પર રાખનારા, પર, અને શક્તિના મિત્ર, પાંચ મુખવાળા શંકરને અમે પ્રણામ કરીએ છીએ ! (૩)

शिवेशानतत्पूरुषाघोरवामा-
दिभिः ब्रह्मभिर्हृन्मुखैः षड्भिरङ्गैः ।
अनौपम्य षट्त्रिंशतं तत्त्वविद्या-
मतीतं परं त्वां कथं वेत्ति को वा ॥ ४ ॥

शिव-ईशान-तत्पूरुष-अघोर-वाम-आदिभिः - શિવ-ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ વગેરે નામોથી ब्रह्मभिः - બ્રહ્મા વડે हृन्मुखैः - હૃદય જેમાં મુખ્ય છે તેવાં षड्भिः - છ, अङ्गैः - અંગો વડે (ધ્યાન કરાય છે) अनौपम्य - હે ઉપમાથી પર षट्-त्रिंशतम् -છત્રીસ तत्त्वविद्याम् - તત્ત્વોરૂપી વિદ્યાથી अतीतम् - પર त्वाम् - આપને कः - કોણ कथं - કેવી રીતે वेत्ति - જાણી શકે ? (૪)

(હે શંભો !) શિવ, ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ વગેરે નામોથી બ્રહ્મા વગેરે વડે હૃદય જેમાં મુખ્ય છે એવાં છ અંગોને વિષે જેમનું ધ્યાન કરાય છે અને હે ઉપમાથી પર ! છત્રીસ તત્ત્વોરૂપી વિદ્યાથી પર એવા આપને કોઈ પણ માણસ કેવી રીતે જાણી શકે ? (૪)

प्रवालप्रवाहप्रभाशोणमर्धं
मरुत्वन्मणिश्रीमहःश्याममर्धम् ।
गुणस्यूतमेतद्वपुः शैवमन्तः
स्मरामि स्मरापत्तिसंपत्तिहेतोः ॥ ५ ॥

प्रवाल-प्रवाह-प्रभा-शोणम् - પ્રવાલના પ્રવાહની કાન્તિ જેવા લાલ अर्धम् - અર્ધા અંગને (અને) मरुत्वन् - દેદીપ્યમાન - मणिश्री - મણિની કાન્તિ જેવા महः - તેજસ્વી श्यामम् - કાળા अर्धम् - અર્ધા અંગને गुणस्यूतम् - ગુણ એટલે દોરીથી પરોવાયેલ હોય તેમ एकम् - એક वपुः - દેહને ધારણ કરનારા स्मर - કામદેવ - आपत्ति - વિનાશરૂપી सम्पत्ति - સંપત્તિના हेतुम् - કારણરૂપ अन्तः - અંતઃકરણમાં स्मरामि - હું સ્મરણ કરું છું. (૫)

પ્રવાલના પ્રવાહની કાન્તિ જેવા લાલ અર્ધા અંગને તેમ જ દેદીપ્યમાન નીલમણિની કાન્તિસમાન કાળા એવા અર્ધા અંગને જેમ એક દોરીમાં પરોવેલું હોય તેમ એક દેહને ધારણ કરતા અને કામદેવના નાશરૂપી સંપત્તિના કારણભૂત એવા શંકરનું હું અન્તઃકરણમાં સ્મરણ કરું છું. (૫)

स्वसेवासमायातदेवासुरेन्द्रा-
नमन्मौलिमन्दारमालाभिषक्तम् ।
नमस्यामि शंभो पदाम्भोरुहं ते
भवाम्भोधिपोतं भवानीविभाव्यम् ॥ ६ ॥

स्व - આપની સેવા - समायात - સેવા માટે આવેલા દેવ-અસુર-इन्द्र-आनमन् - દેવ, અસુર અને ઈન્દ્રના નમન કરતાં मौलि - મસ્તકના મુગટ પરની मन्दार - मालाभिः - મંદાર પુષ્પની માળાઓથી अभिषिक्तम् - અભિષેક કરાયેલા, भव-अम्भोधि-पोतम् - સંસાર રૂપી સાગર તરવા માટે નાવરૂપ भवानीविभाव्यम् - પાર્વતી દ્વારા સેવાતાં हे शम्भो - હે ભગવાન શિવ ते - તમારા पदाम्भोरुहम् - ચરણકમળને नमस्यामि - હું પ્રણામ કરું છું. (૬)

હે શંભો ! આપની સેવાને માટે આવેલા દેવ, અસુર અને ઈન્દ્રના નમન કરતાં મસ્તકોના મુકુટોની મન્દારમાલાઓથી અભિષેક કરાયેલા, સંસારરૂપી સાગરને તરવા માટેની નાવરૂપ અને પાર્વતી દ્વારા સેવાતાં આપનાં ચરણ કમળને હું પ્રણામ કરું છું. (૬)

जगन्नाथ मन्नाथ गौरीसनाथ
प्रपन्नानुकम्पिन्विपन्नार्तिहारिन् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महःस्तोममूर्ते समस्तैकबन्धो
नमस्ते नमस्ते पुनस्ते नमोऽस्तु ॥ ७ ॥

जगन्नाथ - હે જગતના સ્વામી मन्नाथ - મારા નાથ, गौरी सनाथ - ગૌરીથી જોડાયેલા प्रपन्न-अनुकम्पिन् - શરણાગત ઉપર દયા કરનાર विपन्न-आर्ति-हारिन् - દુઃખીઓના દુઃખોનો નાશ કરનાર महःस्तोम-मूर्ते - તેજના સમુદાયરૂપ મૂર્તિવાળા समस्त-एक-बन्धो - સમસ્ત(જીવો)ના એક બંધુરૂપ नमस्ते - આપને નમસ્કાર.

હે જગતના સ્વામી ! હે મારા નાથ ! હે ગૌરીથી જોડાયેલા ! હે શરણાગત પર દયા કરનાર ! હે દુઃખીઓના દુઃખોનો નાશ કરનાર ! હે તેજના સમુદાયરૂપ મૂર્તિવાળા ! હે સમસ્ત(જીવો)ના એક બન્ધુરૂપ ! આપને મારા નમસ્કાર હો ! નમસ્કાર હો ! અને વળી પણ આપને મારા નમસ્કાર હો ! (૭)

महादेव देवेश देवादिदेव
स्मरारे पुरारे यमारे हरेति ।
ब्रुवाणः स्मरिष्यामि भक्त्या भवन्तं
ततो मे दयाशील देव प्रसीद ॥ ८ ॥

हे महादेव - હે મહાદેવ ! देवेश - દેવોના ઈશ देव-आदि-देव - દેવોના આદિ દેવ, स्मर-अरे - કામના શત્રુ पुर-अरे - ત્રિપુરાસુરના શત્રુ यम-अरे - યમના દુશ્મન हरे - (દુઃખોનું) હરણ કરનાર इति - એ પ્રમાણે ब्रुवाणः - બોલતો હું भक्त्या - ભક્તિથી स्मरिष्यामि - હું સ્મરણ કરીશ. दयाशील - દયાળુ देव-देव प्रसीद - મારા ઉપર પ્રસન્ન થાવ.

"હે મહાદેવ ! હે દેવોના ઈશ ! હે દેવોના આદિ દેવ ! હે કામના શત્રુ ! હે ત્રિપુરાસુરના શત્રુ ! હે યમના દુશ્મન ! હે (દુઃખોનું) હરણ કરનાર !" એ પ્રમાણે બોલતો હું ભક્તિથી આપનું સ્મરણ કરીશ માટે હે દયાળુ દેવ ! આપ મારા પર પ્રસન્ન થાઓ ! (૮)

विरूपाक्ष विश्वेश विश्वादिदेव
त्रयीमूल शंभो शिव त्र्यम्बक त्वम् ।
प्रसीद स्मर त्राहि पश्याव पुष्य
क्षमस्वाप्नुहीति क्षमा हि क्षिपामः ॥ ९ ॥

विरूपाक्ष - વિરૂપ નેત્રવાળા, विश्वेश - વિશ્વપતિ विद्यादि-केश - વિદ્યા વગેરેના સ્વામી त्रयीमूल - વેદોના મૂળરૂપ प्रसीद - આપ પ્રસન્ન થાઓ स्मर - સ્મરણ રાખો, અમને યાદ કરો. त्राहि - રક્ષણ કરો पश्य - જુઓ अव - રક્ષા કરો पुष्य - પોષણ કરો क्षमस्व - ક્ષમા કરો आप्नुहि - સમીપ આવો इति - એમ (બોલતાં બોલતાં) क्षपां - રાત્રિઓ क्षिपामः - ગાળીએ, પસાર કરીએ.

"હે વિરૂપ નેત્રવાળા ! હે વિશ્વપતિ ! હે વિદ્યા વગેરેના સ્વામી ! હે વેદોના મૂળરૂપ ! હે શંભો ! હે શિવ ! હે ત્ર્યમ્બક-ત્રણ નેત્રવાળા ! આપ (અમારા પર) પ્રસન્ન થાઓ ! અમારું સ્મરણ રાખો, અમારી રક્ષા કરો, (અમારી તરફ) કૃપાદૃષ્ટિ રાખો, અમારું સંરક્ષણ કરો, અમારું પોષણ કરો, (અમારા અપરાધ) ક્ષમા કરો, અમારી સમીપમાં આવો." એ પ્રમાણે (બોલતાં બોલતાં) અમે રાત્રિઓ ગાળીએ (અર્થાત્ અમારો સમય વ્યતીત કરીએ). (૯)

त्वदन्यः शरण्यः प्रपन्नस्य नेति
प्रसीद स्मरन्नेव हन्यास्तु दैन्यम् ।
न चित्ते भवेद्भक्तवात्सल्यहानि-
स्ततो मे दयालो सदा संनिधेहि ॥ १० ॥

त्वदन्यः - આપના સિવાય प्रपन्नस्य - શરણે આવેલાનું शरण्यः - શરણ આપનાર, રક્ષણ કરનાર न - નથી प्रसीद - પ્રસન્ન થાવ स्मरन् एव - સ્મરણ કરતાં જ दैन्यम् - દીનતાનો हन्यास्तु - નાશ કરો चित्ते - હૃદયમાં भक्त-वात्सल्य-हानिः - ભક્તપરનું વાત્સલ્ય न हानिः - નાશ થતું નથી ततः - માટે दयालो - હે દયાળુ, मे - મારા પર દયાં - દયા संनिधेहि - લાવો.

આપના સિવાય શરણે આવેલાનું રક્ષણ કરનાર બીજો કોઈ પણ નથી અને તેથી આપ પ્રસન્ન થાઓ અને સ્મરણ કરતાં જ દીનતાનો નાશ કરો. આપના હૃદયમાંથી ભક્તપરનું વાત્સલ્ય નાશ થતું નથી માટે હે દયાળુ ! મારા પર દયા લાવો. (૧૦)

अयं दानकालस्त्वहं दानपात्रं
भवान्नाथ दाता त्वदन्यं न याचे ।
भवद्भक्तिमेव स्थिरां देहि मह्यं
कृपाशील शंभो कृतार्थोऽस्मि तस्मात् ॥ ११ ॥

अयं - આ दानकालः - દાનનો સમય છે अहम् - હું दानपात्रम् - દાનનું પાત્ર છું नाथ - હે નાથ ! भवान् - આપ दाता - દાન આપનાર છો त्वद् अन्यम् - આપના સિવાય અન્યની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न याचे - હું માંગતો નથી કૃપાશીલ - કૃપાળુ शम्भो - શંભુ भवद् - આપની स्थिराम् - સ્થિર, અવિચળ भक्तिम् - ભક્તિ देहि - આપો तस्मात् - તેથી कृतार्थः अस्मि - હું કૃતાર્થ થઈશ.

હે નાથ ! આ દાનનો સમય છે, હું દાન આપવા યોગ્યપાત્ર છું, હે નાથ ! આપ દાન આપનાર છો અને તેથી આપના સિવાય અન્યની પાસે હું માંગતો નથી, માટે હે કૃપાળુ ! હે શંભો ! આપ આપની અવિચળ એવી ભક્તિ મને આપો અને તેથી જ હું કૃતાર્થ થઈશ. (૧૧)

पशुं वेत्सि चेन्मां तमेवाधिरूढः
कलङ्कीति वा मूर्ध्नि धत्से तमेव ।
द्विजिह्वः पुनः सोऽपि ते कण्ठभूषा
त्वदङ्गीकृताः शर्व सर्वेऽपि धन्याः ॥ १२ ॥

चेत् - જો माम् - મને पशुम् - પશુ, પશુસમાન वेत्सि - જાણતા હો, માનતા હો તો त्वम् - તમે एव - જ એની ઉપર अधिरूढः - બેસો છો कलङ्की - કલંકવાળો (ચંદ્ર) इति - એમ માનતા હો તો त्वम् - તમે एव - જ मूर्ध्नि - મસ્તક પર धत्से - ધારણ કરો છો. द्विजिह्वः - બે જીભવાળો (સાપ), બે મોઢે બોલનારો માનતા હો તો सः - તે अपि - પણ ते - તમારા कण्ठ-भूषा - કંઠની શોભા છે शर्व - હે શર્વ ! त्वद् - તમારા વડે अङ्गीकृता - સ્વીકારાયેલા બધા सर्वे - બધા अपि - જ धन्याः - ધન્ય છે.

હે પ્રભો ! તમે જો મને પશુસમાન માનતા હો તો તમે પોતે જ તેની ઉપર બેસો છો, મને જો કલંકવાળો માનતા હો તો તેવા કલંકવાળા(ચન્દ્ર)ને તો આપ જ મસ્તક પર ધારણ કરો છો અને મને જો બે મોઢે બોલનારો માનતા હો તો તેવો બે જીભવાળો સર્પ તો તમારા કંઠની શોભા છે માટે હે શર્વ ! ખરેખર તમારા વડે સ્વીકારાયેલા બધા જ ધન્ય છે. (૧૨)

न शक्नोमि कर्तुं परद्रोहलेशं
कथं प्रीयसे त्वं न जाने गिरीश ।
तथाहि प्रसन्नोऽपि कस्यापि कान्ता-
सुतद्रोहिणो वा पितृद्रोहिणो वा ॥ १३ ॥

गिरीश - હે ગિરીશ परद्रोह-लेशम् - પરકાનો લેશ માત્ર દ્રોહ કરવા न शक्नोमि - હું શક્તિમાન નથી. कथम् - કેમ त्वं - તમે न प्रीयसे - પ્રસન્ન થતા નથી तदा - ત્યારે कस्यापि - કોઈ પણ कान्ता-सुत-द्रोहिणः - પત્ની અને પુત્રનો દ્રોહ કરનાર पितृ-द्रोहिणः - પિતાનો દ્રોહ કરનાર ઉપર प्रसन्नः असि - આપ પ્રસન્ન રહો છો.

હે ગિરીશ ! પારકાનો લેશમાત્ર પણ દ્રોહ કરવા હું શક્તિમાન નથી તમે કેમ પ્રસન્ન થતા નથી તે પણ હું જાણતો નથી ? અને (જો આપ દ્રોહરહિત એવા મારા પર પ્રસન્ન નહિ થાઓ) તો પછી કાન્તા તેમજ પુત્રનો દ્રોહ કરનાર કે માતાપિતાનો દ્રોહ કરનારના પર આપ પ્રસન્ન રહો છો (શું ? કદી નહિ, તો આપ મારા પર અવશ્ય પ્રસન્ન થાઓ !) (૧૩)

स्तुतिं ध्यानमर्चां यथावद्विधातुं
भजन्नप्यजानन्महेशावलम्बे ।
त्रसन्तं सुतं त्रातुमग्रे मृकण्डो-
र्यमप्राणनिर्वापणं त्वत्पदाब्जम् ॥ १४ ॥

महेश - હે મહેશ ! भजन् - ભજન કરતો अपि - છતાં પણ આપનાં स्तुतिम् - સ્તુતિ, ध्यानम् - ધ્યાન अर्चाम् - પૂજા વિધિ यथावद् - યોગ્ય રીતે विधातुम् - કરવાનું વિધિપૂર્વક કરવાનું न जानन् - નહીં જાણતો હું ऋषिना त्रसन्तम् - ત્રાસ પામતા सुतम् - પુત્રને, માર્કંડેય ઋષિને त्रातुम् - રક્ષણ કરવા માટે, ઉદ્ધારવા માટે यम-प्राण-निर्वापणम् - યમરાજાના પ્રાણોનો નાશ કરવા સમર્થ त्वत् - આપના पदाब्जम् - ચરણકમળનો अवलम्बे - હું આશ્રય લઉં છું.

હે મહેશ ! આપનું ભજન કરતો છતાં પણ આપનાં સ્તુતિ, ધ્યાન કે પૂજા વિધિપૂર્વક કરવાનું નહિ જાણતો એવો હું (મૃકંડુ ઋષિના ત્રાસ પામેલા) પુત્ર(માર્કંડેય)નું રક્ષણ કરવા માટે યમના પ્રાણનો પણ વિનાશ કરવાને સમર્થ એવાં આપનાં ચરણકમળનો આશ્રય લઉં છું. (૧૪)

अकण्ठेकलङ्कादनङ्गेभुजङ्गा-
दपाणौकपालादभालेनलाक्षात् ।
अमौलौशशाङ्कादवामेकलत्रा-
दहं देवमन्यं न मन्ये न मन्ये ॥ १५ ॥

अकण्ठे कलङ्कात् - કંઠમાં કલંક વિનાના अनङ्गे-भुजङ्गात् - શરીર પર સાપ વિનાના अपाणौ कपालात् - હાથમાં કપાલ વિનાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अभाले अनलाक्षात् - કપાળમાં અગ્નિરૂપી નેત્ર વિનાના अमौलौ - शशाङ्कात् - મસ્તક પર ચંદ્રવિનાના अवामे-कलत्रात् - વામભાગમાં સ્ત્રી વિનાના એવા अन्यम् - બીજા देवम् - દેવને न मन्ये - હું માનતો નથી. न मन्ये - હું માનતો નથી. (૧૫)

કંઠમાં કલંક વિનાના, શરીરે સાપ રહિત, હાથમાં કપાલ વિનાના, કપાળમાં અગ્નિરૂપી નેત્ર વિનાના, મસ્તક પર ચંદ્ર વિનાના વામભાગમાં સ્ત્રી વિનાના એવા બીજા (કોઈ) દેવને હું માનતો નથી, માનતો નથી. (અર્થાત્ આ બધું જેની પાસે છે તેવા કેવળ આપને જ હું માનું છું.) (૧૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''शिवभुजंगप्रयातस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''शिवभुजंगप्रयातस्तोत्रम्'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ शिवापराधक्षमापनस्तोत्रम् ॥

आदौ कर्म प्रसङ्गात्कलयति कलुषं मातृकुक्षौ स्थितं मां
विण्मूत्रामेध्यमध्ये कथयति नितरां जाठरो जातवेदाः ।
यद्यद्वै तत्र दुःखं व्यथयति नितरां शक्यते केन वक्तुं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव
शंभो ॥ १ ॥

आदौ - પહેલાં, શરૂઆતમાં, જન્મપૂર્વે; कर्मप्रसंगात् - કર્મને યોગે, કર્મના વિપાકે; मातृकुक्षौ स्थितं मां - માના ગર્ભમાં રહેલા મને; कलुषं कलयति - તરફડતા મને; विण्मूत्र-अमेध्यमध्ये - મૂત્ર અને વિષ્ઠાની ગંદકી વચ્ચે; जातवेदाः - અગ્નિ; जाठरः - જઠરનો એટલે કે જઠરાગ્નિ; मां - મને, नितरां कलुषं कथयति - મને વિષમ રીતે વ્યથા કરતો હતો; यद्यत् दुःखं - ત્યાં જે કોઈ દુઃખ; तत्र व्यथयति - ત્યાં વ્યથા કરતું હતું; (तत्) नितरां केन वक्तुं शक्यते - તે પૂરેપૂરું કોણ વર્ણવી શકે ?; शिव शिव - અરેરે; शिव - હે શિવ ભગવાન; श्री महादेव शंभो - હે શ્રી મહાદેવ, હે શંભુ; (सः) मे अपराधः क्षन्तव्यः - મારા તે અપરાધને ક્ષમા કરજો.

(જન્મ પૂર્વે) પહેલાં જ કર્મોને યોગે માના ઉદરમાં રહેલા અને તરફડતા મને વિષ્ઠા અને મૂત્ર સમી ગંદકીની વચ્ચે સતત જઠરાગ્નિ પીડા કરતો હતો; ત્યારે ત્યાં વ્યથા કરનારાં જે કોઈ (અકથ્ય) દુઃખો હતાં, તે કોને માટે વર્ણવવાં શક્ય છે ? તેથી જ તો અરેરે, હે કલ્યાણ કરનારા શિવ ! હે મહાદેવ ! મારા અપરાધને ક્ષમા કરજો ! (૧)

बाल्ये दुःखातिरेकान्मललुलितवपुः स्तन्यपाने पिपासु-
र्नो शक्तश्चेन्द्रियेभ्यो भवमलजनिता जन्तवो मां तुदन्ति ।
नानारोगातिदुःखाद्रुदितपरवशः शंकरं न स्मरामि
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव
शंभो ॥ २ ॥

बाल्ये - બાળપણમાં; दुःखातिरेकात् - દુઃખના અતિરેકને કારણે; मल-लुलित-वपुः - મળથી શરીર ખરડાવા છતાં; स्तन्यपाने पिपासुः - સ્તનપાનની મને પિપાસા રહેતી; इन्द्रियेभ्यः न शक्तः - ઈન્દ્રિયોમાં શક્તિ ન હોવાને કારણે; भव-मल-जनिताः जन्तवः - ભવના મળથી જન્મેલાં જંતુઓ; मां तुदन्ति - મને પીડા કરતાં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाना-रोग-अतिदुःखात् - જુદા જુદા રોગોનાં અતિશય દુઃખોથી; रुदित- परवशः - રુદન કરતો પરવશ એવો હું; शंकरं न स्मरामि - શંકરનું સ્મરણ ન કરતો; (हे) श्रीमहादेव शंभो - હે શ્રી મહાદેવ, હે શંભુ; વગેરે શ્લોક ૧ મુજબ.

દુઃખના અતિરેકને લીધે શૈશવ કાળમાં મારું શરીર (અનેક) મળોથી ખરડાયેલું (= લિપ્ત) રહેતું, (માતાના) સ્તનપાનનો હું પિપાસુ રહેતો. ઈન્દ્રિયોથી હું શક્તિશાળી નહોતો ત્યારે સંસારના મળથી જન્મેલાં જંતુઓ મને સતત કરડતાં હતાં. જુદા જુદા રોગોનાં અતિશય દુઃખને કારણે પરવશ એવો હું શંકરનું સ્મરણ ન કરતો. અરેરે! હે કલ્યાણકર્તા શિવજી! શ્રી મહાદેવ! હે શંભુ! મારા અપરાધની ક્ષમા કરશો! (૨)

प्रौढोऽहं यौवनस्थो विषयविषधरैः पञ्चभिर्मर्मसंधौ
दष्टो नष्टो विवेकः सुतधनयुवतिस्वादसौख्ये निषण्णः ।
शैवे चिन्ताविहीनं मम हृदयमहो मानगर्वाधिरूढं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शंभो ॥ ३ ॥

यौवनस्थः प्रौढः अहं - યુવાનીમાં આવતાં (કંઈક) શાણો થયેલો હું; पंचभिः विषयविषधरैः - પાંચ વિષયોરૂપી સર્પોથી; मर्मसन्धौ दष्टः - મર્મસંધિઓના ડંખ અનુભવતો થયો; (मम) विवेकः नष्टः - મારો વિવેક નાશ પામ્યો; सुत-धन-युवति-स्वाद-सौख्ये-निषण्णः - પુત્ર, ધન, યુવતી(= પત્ની)ને ભોગવવાના સ્વાદના સુખમાં ડૂબી ગયો; अहो - અરેરે; मान-गर्वाधिरूढं मम हृदयं - મારું હૃદય માન અને ગર્વથી વ્યાપી ગયું; शैवे - કલ્યાણમાં; चिन्ताविहीनम् - ચિંતા વિનાનું; क्षन्तव्यो मेऽपराधः - શ્લોક ૧ મુજબ.

હું યુવાન અને કૈંક શાણો થયો ત્યાં તો પાંચ વિષયો રૂપી વિષધરો (= સર્પો) મને મર્મોના સંધિએ ડંખ મારવા લાગ્યા. મારો વિવેક (= સારા-નરસાનો ભેદ કરવાની માનસિક શક્તિ) નાશ પામ્યો. હું પુત્ર, ધન, યુવતી (= પત્ની) વગેરેને ભોગવવાના સુખમાં ડૂબી ગયો. ખરેખર, માન અને ગૌરવ મારા પર સવાર થઈ ગયાં અને મારા કલ્યાણની ચિન્તા મેં છોડી દીધી. અરેરે! હે કલ્યાણકર્તા શિવજી! હે શ્રી મહાદેવ! હે શંભુ! મારા અપરાધની ક્ષમા કરજો! (૩)

वार्धक्ये चेन्द्रियाणां विकलगतिमतश्चाधिदैवादितापैः
प्राप्ते रोगैर्वियोगैर्व्यसनकृशतनोर्ज्ञप्तिहीनं च दीनम् ।
मिथ्यामोहाभिलाषैर्भ्रमति मम मनो धूर्जटेर्ध्यानशून्यं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शंभो ॥ ४ ॥

(अपि) च वार्धक्ये અને વળી ઘડપણમાં; आधिदैवादि-तापैः प्राप्तैः रोगैः - આધિદૈવ વગેરેના તાપથી રોગો થઈ આવતાં; विकल-गतिम् - વિકલાંગ ગતિવાળો થતાં; अतः - તેથી; व्यसन-कृश-तनोः - વ્યસનોથી શરીર કૃશ થતાં; ज्ञप्ति-हीनं-दीनं च - (ઈન્દ્રિયોના) સંયમ વિનાનો અને દીન; मिथ्या-मोहाभिलाषैः - મિથ્યા મોહ અને અભિલાષાઓને કારણે; मम मनः धूर्जटेः ध्यानशून्यं (जातं) - મારું મન શિવજીના ધ્યાન વિનાનું, શૂન્ય. क्षन्तव्यो मेऽपराधः... શ્લોક ૧ મુજબ.

વળી, વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયોની ગતિ વિકળવાળો થતાં, તેથી આધિદૈવાદિ તાપ (મને વ્યાપી વળ્યા). રોગો, વિયોગો, વ્યસનો વગેરેને કારણે મારું શરીર ક્ષીણ અને સ્વસ્થતા વિનાનું બની ગયું. ભગવાન શિવના ધ્યાન વિનાનું મારું મન મિથ્યા, મોહ અને અભિલાષાઓમાં મગ્ન બની ગયું. અરેરે! હે કલ્યાણકર્તા શિવ! શ્રી મહાદેવ! હે શંભુ! મારા અપરાધોની ક્ષમા કરશો! (૪)

स्नात्वा प्रत्यूषकाले स्नपनविधिविधौ नाहृतं गाङ्गतोयं
पूजार्थं वा कदाचिद्बहुतरगहनेऽखण्डबिल्वीदलं वा ।
नानीता पद्ममाला सरसि विकसिता गन्धपुष्पैस्त्वदर्थं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शंभो ॥ ५ ॥

प्रत्यूष-काले - પ્રભાતના સમયે; स्नात्वा - સ્નાન કરીને; स्नपन-विधि-विधौ - સ્નાનના વિધિની ક્રિયાઓમાં; पूजार्थं वा कदाचित् - અથવા તો પૂજાને માટે કદી પણ; बहुतरगहने - વિશેષ સૂક્ષ્મ (વિધિઓમાં;) अखण्ड-बिल्वी-दलं वा - અખંડ બિલ્વફળ ન લઈ આવ્યો. त्वदर्थं - આપને માટે; गन्धपुष्पैः विकसिता पद्ममाला न आनीता - ગન્ધપુષ્પોથી સુશોભિત પદ્મમાળા ન લઈ આવ્યો. क्षन्तव्यो मेऽपराधः... શ્લોક ૧ મુજબ.

પ્રભાતના સમયે સ્નાન કરીને પૂજા-અર્ચાનો વિધિ કરતાં, મેં ગંગાનું (પવિત્ર) જળ ઉપયોગમાં ન લીધું. અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કદી પણ પૂજાને માટે અત્યન્ત ગહન વનમાંથી અખંડ બિલ્વદળ ન લઈ આવ્યો. વળી, આપને માટે સરોવરમાં ખીલેલાં ગંધપુષ્પોથી સુશોભિત પદ્મમાળા ન લઈ આવ્યો. હે કલ્યાણકર્તા શિવ ! શ્રી મહાદેવ ! હે શંભુ ! મારા (આ) અપરાધની ક્ષમા કરશો ! (૫)

दुग्धैर्मध्वाज्ययुक्तैर्दधिगुडसहितैः स्नापितं नैव लिङ्गं
नो लिप्तं चन्दनाद्यैः कनकविरचितैः पूजितं न प्रसूनैः ।
धूपैः कर्पूरदीपैर्विविधरसयुतैर्नैव भक्ष्योपहारैः
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शंभो ॥ ६ ॥

मधु-आज्य-युक्तैः दधि-गुड-सहितैः દહીં અને ગોળ સહિતનાં મધ અને ઘૃતયુક્ત; दुग्धैः - દૂધની ધારાથી; लिङ्गं नैव स्नापितं - આપના લિંગને કદી પણ સ્નાન ન કરાવ્યું; (अपि च लिङ्गं) चन्दनाद्यैः नो लिप्तं - (અને વળી આપના લિંગ પર) ચન્દનાદિનો લેપ ન કર્યો; कनक-विरचितैः प्रसूनैः न पूजितं - સુવર્ણનાં બનેલાં પુષ્પોથી તેની પૂજા ન કરી; (અથવા) धूपैः कर्पूर-दीपैः અથવા ધૂપ અને કપૂરના દીવાઓથી; विविध रसयुतैः भक्ष्योपहारैः - વિવિધ રસભર્યા ભક્ષ્ય ઉપહારોથી (આપની પૂજા ન કરી); क्षन्तव्योमेऽपराधः...શ્લોક ૧ મુજબ.

(આપના) લિંગને મધ તથા ઘૃતયુક્ત દૂધથી અને દહીં તથા ગોળ સહિતનું સ્નાન કદી પણ ન કરાવ્યું; ન ચન્દન વગેરેનો લેપ કર્યો; સુવર્ણમય પુષ્પોથી તેની પૂજા ન કરી. વળી, ધૂપ, કપૂરના દીવાઓ અને વિવિધ રસોથી ભર્યાં ભક્ષ્યનો ઉપહાર ન ધર્યો. અરેરે ! હે કલ્યાણદાતા શિવજી ! હે શ્રીમહાદેવ ! હે શંભુ ! મારા આ અપરાધની ક્ષમા કરશો ! (૬)

नो शक्यं स्मार्तकर्म प्रतिपदगहने प्रत्यवायाकुलाढ्ये
श्रौते वार्ता कथं मे द्विजकुलविहिते ब्रह्ममार्गानुसारे ।
तत्त्वेऽज्ञाते विचारे श्रवणमननयोः किं निदिध्यासितव्यं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शंभो ॥ ७ ॥

प्रतिपदगहने (संसारे) - પ્રત્યેક ડગલે અથવા ક્ષણે ગહન (એવા સંસારમાં); प्रत्यवाय-आकुलाढ्ये - અનેક અવરોધોના સમૂહથી ભરેલા; नो शक्यं - શક્ય ન હોય; स्मार्त-कर्म - સ્માર્ત કર્મ; સ્મૃતિમાં કહેલું કર્મ, ब्रह्म-मार्गानुसारे द्विजकुलविहिते - બ્રહ્મમાર્ગનું અનુસરણ કરવામાં બ્રાહ્મણોનાં કુળો માટે નિયત કરવામાં આવેલ; श्रौते वार्ता कथं मे - શ્રૌતકર્મ એટલે કે વેદોક્ત કર્મની તો વાત જ કેમ કરવી ? तत्त्वे अज्ञाते - તત્ત્વ અજ્ઞાત હોય ત્યારે; श्रवण-मननयोः શ્રવણ અને મનનનો વિચાર (મુશ્કેલ હોય ત્યારે); किं निदिध्यासितव्यं - નિદિધ્યાસન શેનું કરવું ? क्षन्तव्यो मेऽपराधः... શ્લોક ૧ મુજબ.

બ્રહ્મમાર્ગનું અનુસરણ કરવામાં, દ્વિજોના કુળ માટે નિયત કરવામાં આવેલ સ્માર્તકર્મ પણ જ્યાં અવરોધોના સમૂહથી ભરેલા પ્રત્યેક પગલે ગહન (સંસારમાં) શક્ય ન હોય, ત્યાં શ્રૌતકર્મ કરવાની તો વાત જ ક્યાં રહી ? તત્ત્વજ્ઞાનના વિચારોનો અભાવ હોય ત્યાં શ્રવણ અને મનન તથા નિદિધ્યાસન કેમ કરવું ? અરેરે ! હે કલ્યાણ કરનારા પ્રભુ ! શ્રી મહાદેવ ! હે શંભુ, મારા અપરાધની ક્ષમા કરશો ! (૭)

ध्यात्वा चित्ते शिवाख्यं प्रचुरतरधनं नैव दत्तं द्विजेभ्यो
हव्यं ते लक्षसंख्यैर्हुतवहवदने नार्पितं बीजमन्त्रैः ।
नो तप्तं गाङ्गतीरे व्रतजपनियमै रुद्रजाप्यं न जप्तं
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शंभो ॥ ८ ॥

शिव-आख्यं प्रचुरतर-धनं - અત્યંત સમૃદ્ધ એવું શિવ નામનું ધન; चित्ते ध्यात्वा - તેનું ચિત્તમાં ધ્યાન કરીને; द्विजेभ्यः न एव दत्तं - દ્વિજોને ન જ આપ્યું; लक्षसंख्यैः ते हव्यं - આપના નામે એકાગ્ર બની લાખોની સંખ્યામાં હવ્ય; बीजमन्त्रैः न अर्पितं - બીજમન્ત્રો સાથે આપને અર્પણ ન કર્યું; गाङ्ग-तीरे तप्तं न - ગંગાના તીરે તપ ન કર્યું; व्रत-जप-नियमैः रुद्र-जाप्यं न जप्तं - વ્રત અને જળના નિયમો સહિત રુદ્રનો જપ ન કર્યો.

મેં શિવ નામના ભારે ધનનું ચિત્તમાં ધ્યાન ધરીને, તે કદી પણ દ્વિજોને આપ્યું નથી. વળી, બીજમન્ત્રો સાથે આપને, લાખોની સંખ્યામાં અગ્નિના મુખ દ્વારા આહુતિઓ અર્પણ કરી નથી. આ ઉપરાન્ત, વ્રત તથા જપના નિયમો સહિત મેં ગંગાના કિનારે રુદ્રજાપ જપ્યો નથી. અરેરે ! હે કલ્યાણદાયી શિવ ! હે શ્રી મહાદેવ ! હે શંભુ ! મારા આ અપરાધની ક્ષમા કરશો ! (૮)

नग्नो निःसंगशुद्धस्त्रिगुणविरहितो ध्वस्तमोहान्धकारो
नासाग्रन्यस्तदृष्टिर्विदितभवगुणो नैव दृष्टः कदाचित् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उन्मन्यावस्थया त्वां विगतगतिमतिः शंकरं न स्मरामि
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव
शंभो ॥ ९ ॥

नग्नः - વસ્ત્રોનાં બંધનથી મુક્ત; निःसंग-शुद्ध - સર્વથા સંગરહિત અને પવિત્ર; त्रिगुण-विरहितः - ત્રિગુણાતીત, ત્રણેય ગુણોથી પર; ध्वस्तमोह-अन्धकारः - જેનો મોહરૂપી અંધકાર નાશ પામ્યો છે તેવો; नासाग्र-न्यस्त-दृष्टिः - નાકના અગ્રભાગે દષ્ટિ સ્થિર રાખેલા; विदित-भव-गुणः - ભવના ગુણોને જાણનારા; कदाचित् न दृष्टः - કદી પણ જોયા નહીં, કદી પણ આરાધ્યા નહીં; उन्मनी-अवस्थया - ઉન્મની અવસ્થામાં રહેલા મેં; विगत-गति-मतिः - (અન્યથા) ગતિ અને મતિ વિસ્મરીને; शंकरं न स्मरामि - મેં શંકરનું સ્મરણ ન કર્યું. ઉન્મની એ યોગની વિશિષ્ટ અવસ્થા છે.

નગ્ન, નિઃસંગ, ત્રિગુણાતીત, મોહ રૂપી અંધકારનો નાશ કરનાર તેવા, નાકના અગ્રભાગે (સ્થિર) દષ્ટિ રાખીને (યોગરત એવા) શિવને મેં ભવના ગુણો જાણવા છતાં કદી પણ સ્મર્યા નથી. ઉન્મની અવસ્થામાં, ગતિ અને મતિ વિનાના મેં આપ શંકરનું સ્મરણ કર્યું નથી. અરેરે ! હે કલ્યાણના દાતા ! શિવ ભગવાન ! હે શ્રી મહાદેવ ! હે શંભુ ! મારા આ અપરાધની ક્ષમા કરજો ! (૯)

स्थित्वा स्थाने सरोजे प्रणवमयमरुत्कुम्भिते सूक्ष्ममार्गे
शान्ते स्वान्ते प्रलीने प्रकटितविभवे दिव्यरूपे शिवाख्ये ।
लिङ्गाग्रे ब्रह्मवाक्ये सकलतनुगतं शंकरं न स्मरामि
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव
शंभो ॥ १० ॥

सरोजे स्थाने स्थित्वा - કમલાસન સ્થાને સ્થિર રહીને; प्रणव-मय-मरुत्कुम्भिते सूक्ष्ममार्गे - ૐકારમય મરુતથી કુંભિત સૂક્ષ્મમાર્ગે સ્થિર રહીને; शान्तेस्वान्ते प्रलीने - શાન્ત એવા અન્તઃકરણમાં પૂરેપૂરા લીન; प्रकटित-विभवे शिवाख्ये दिव्यरूपे - વૈભવ પ્રકટિત કરી દેનારા શિવનામક દિવ્ય રૂપમાં; लिङ्गाग्रे ब्रह्म-वाक्ये શિવલિંગ રૂપે અગ્ર બ્રહ્મવાક્યમાં; सकल-तनु-गतं - સમગ્ર તનુ રહેલ; शंकरं न स्मरामि - શંકરને મેં યાદ કર્યા નથી.

કમલાસનમાં સ્થિર રહીને, ઓમ્કાર-રૂપ વાયુથી કુંભિત સૂક્ષ્મ માર્ગે સ્થિર થઈ, શાન્ત એવા અન્તઃકરણમાં પૂરા લીન થઈને, શિવ-નામક દિવ્યરૂપમાં એકાગ્ર થતાં, બ્રહ્મવાક્યમાં જેનો સમગ્ર દેહ રહેલ છે, તેવા શંકરનું મેં સ્મરણ કર્યું નથી. અરેરે ! હે કલ્યાણના દાતા ! શિવ ભગવાન ! હે મહાદેવ ! હે શંભુ ! મારા અપરાધની ક્ષમા કરશો ! (૧૦)

हृद्यं वेदान्तवेद्यं हृदयसरसिजे दीप्तमुद्यत्प्रकाशं
सत्यं शान्तस्वरूपं सकलमुनिमनःपद्मषण्डैकवेद्यम् ।
जाग्रत्स्वप्ने सुषुप्तौ त्रिगुणविरहितं शंकरं न स्मरामि
क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव
शंभो ॥ ११ ॥

हृद्यं - પ્રસન્નકર; वेदान्त-वेद्यं - વેદાન્તથી જ જાણી શકાય તેવું; दीप्त-उद्यत्-प्रकाशं - દીપ્ત ચમકતા પ્રકાશરૂપ; हृदय-सरसिजे - હૃદયરૂપી કમળમાં; सत्यं - સત્ય; शान्त-स्वरूपं - શાન્તસ્વરૂપ; सकल-मुनिजन-मनः-पद्मैक - वेद्यम् - તમામ મુનિઓનાં મનરૂપ પદ્મથી જ જાણી શકાય તેવું; जाग्रत्-स्वप्ने - જાગૃતિ અને સ્વપ્નમાં; सुषुप्तौ - સુષુપ્તિની દશામાં; त्रिगुण-विरहितं - ત્રિગુણાતીત; शंकरं न स्मरामि - શંકરને મેં સ્મર્યા નથી.

પ્રસન્નકર, વેદાન્તમાત્રથી જાણી શકાય તેવા, હૃદયરૂપી કમળમાં ખીલી ઊઠેલા દીપ્તપ્રકાશને ધારણ કરનાર, સત્યરૂપ, તથા સર્વથા શાન્તમુનિઓના મનરૂપ પદ્મ માત્રથી વેદ્ય એવા, જાગૃતિ સ્વપ્ન અને સુષુપ્તિમાં ત્રિગુણવિરહિત શંકરને મેં યાદ કર્યા નથી. અરેરે ! હે કલ્યાણના દાતા ! શિવ ભગવાન ! હે શ્રી મહાદેવ ! હે શંભુ ! મારા (આ) અપરાધની ક્ષમા કરશો ! (૧૧)

चन्द्रोद्भासितशेखरे स्मरहरे गङ्गाधरे शंकरे
सर्पैर्भूषितकण्ठकर्णविवरे नेत्रोत्थवैश्वानरे ।
दन्तित्वक्कृतसुन्दराम्बरधरे त्रैलोक्यसारे हरे
मोक्षार्थं कुरु चित्तवृत्तिममलामन्यैस्तु किं कर्मभिः ॥ १२ ॥

चन्द्र-उद्भासित-शेखरे - ચન્દ્રથી ઉદ્‌ભાસિત મસ્તકવાળા એવા; स्मरहरे - કામદેવનો નાશ કરનાર; गंगाधरे - ગંગાને ધારણ કરનાર; शं-करे - કલ્યાણ કરનાર; सर्पैः-भूषित-कर्ण-कण्ठ-विवरे - જેમનો કંઠ અને કર્ણપ્રદેશ સર્પોથી શોભાયમાન છે; नेत्रोत्थ-वैश्वानरे - જેમનાં નેત્રોમાંથી અગ્નિ પ્રગટે છે; दन्ति-त्वक्-कृत-सुन्दर-अम्बरधरे - હાથીની ત્વચામાંથી બનાવેલ સુંદર વસ્ત્રને ધારણ કરનાર; त्रैलोक्य-सारे हरे - ત્રણેય લોકના સારરૂપ અથવા તત્ત્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવ પ્રતિ; चित्तवृत्तिं - તારા ચિત્તની વૃત્તિને; मोक्षार्थं - મોક્ષને માટે; अमलांकुरु - સર્વથા નિર્મળ બનાવી દે; अन्यैः कर्मभिः किम् - અન્ય કર્મોથી શું ?

ચંદ્રથી ઉદ્ભાષિત મસ્તકવાળા કામદેવનો નાશ કરનારા, ગંગાને મસ્તક પર ધારણ કરનારા, કલ્યાણ કરનારા, સર્પોથી શોભાયમાન કંઠ અને કર્ણપ્રદેશવાળા, નેત્રમાંથી પ્રકટ થતા અગ્નિવાળા, હસ્તીચર્મનું સુંદર વસ્ત્ર ધારણ કરનારા, ત્રણેય લોકના સારરૂપ (= પરમ તત્ત્વરૂપ) હર પ્રત્યે મોક્ષ(પ્રાપ્તિ)ને માટે તારી (સમગ્ર) ચિત્તવૃત્તિને નિર્મળ બનાવ. અન્ય કર્મોનો અર્થ શો ? (૧૨)

किं यानेन धनेन वाजिकरिभिः प्राप्तेन राज्येन किं
किं वा पुत्रकलत्रमित्रपशुभिर्देहेन गेहेन किम् ।
ज्ञात्वैतत्क्षणभङ्गुरं सपदि रे त्याज्यं मनो दूरतः
स्वात्मार्थं गुरुवाक्यतो भज भज श्रीपार्वतीवल्लभम् ॥ १३ ॥

यानेन - વાહનથી; धनेन - ધનથી; वाजि-करिभिः - ઘોડા અને હાથીથી; प्राप्तेन - આ બધું પ્રાપ્ત કરીને; राज्येन - રાજ્ય (પણ) પ્રાપ્ત કરીને; किं - શો લાભ ? पुत्र-कलत्र-मित्र-पशुभिः - પુત્ર, પત્ની, મિત્ર કે પશુઓથી; किं - શો લાભ ? देहेन गेहेन किम् - દેહ અને ઘરથી શો લાભ ?; एतत् - આ બધું, क्षणभङ्गुरम् - ક્ષણભંગુર, ज्ञात्वा - જાણીને, सपदि - તરત, दूरतः - દૂરથી, त्याज्यम् - ત્યજી દેવું, गुरुवाक्यतः - ગુરુનાં વચનોને અનુસરીને, ગુરુના ઉપદેશો અનુસાર; स्वात्मार्थं - આત્માના ઉત્કર્ષ માટે; श्रीपार्वती-वल्लभम् - પાર્વતીના પ્રિય સ્વામીને; भज - ભજ.

વાહનો, ધન, અશ્વો અને હાથીઓ, કે પછી રાજ્યની (પણ) પ્રાપ્તિનો અર્થ શો (શો લાભ) ? (એવી જ રીતે) પુત્ર, પત્ની, પશુઓ, દેહ અને (માલિકીના) આવાસથી પણ શું ? હવે તો, આ બધું ક્ષણભંગુર છે એ કારણે, મનને આ તમામથી દૂર રાખવું ઘટે. સ્વાત્માના ઉદ્ધારને માટે ગુરુવચનોનું અનુસરણ કરીને પાર્વતીના પ્રિય સ્વામીને ભજો. (૧૩)

पौरोहित्यं रजनिचरितं ग्रामणीत्वं नियोगो
माठापत्यं ह्यनृतवचनं साक्षिवादः परान्नम् ।
ब्रह्मद्वेषः खलजनरतिः प्राणिनां निर्दयत्वं
मा भूदेवं मम पशुपते जन्मजन्मान्तरेषु ॥ १४ ॥

पौरोहित्यं - પુરોહિતકર્મ, रजनिचरितं - રાત્રિવિહાર, ग्रामणीत्वं - ગ્રામણીત્વ, नियोगः - નિયોગ; माठापत्यं - મઠનું આધિપત્ય; अनृतवचनं - જૂઠાં વચનો; साक्षिवादः - સાક્ષીવાદ; परान्नं - પારકાનું અન્ન; ब्रह्मद्वेषः - બ્રાહ્મણોનો દ્વેષ; खल-जन-रतिः - દુષ્ટ જનોની પ્રીતિ, દુષ્ટજનો સાથે પ્રીતિભાવ; प्राणिनां निर्दयत्वं - પ્રાણીઓ પ્રત્યે નિર્દયતા; पशुपते - હે પશુપતિ ! શિવ ભગવાન ! एवं - આ બધું; जन्म-जन्मान्तरेषु - જનમોજનમ, અનેક જન્મોમાં; मम मा भूत् - મને ન થાવ.

હે પશુપતિ ! પૌરોહિત્ય, રાત્રિવિહાર (રાત્રના સમયે રખડવું), ગ્રામણીત્વ (ગામડિયા જેવું વર્તન), નિયોગ (અન્ય સ્ત્રી સાથેનો સંબંધ), મઠનું આધિપત્ય, જૂઠાં વચનો, સાક્ષીવાદ (= ખોટું સાક્ષ્ય કરવાની વૃત્તિ), પારકાનું અન્ન-ગ્રહણ, પ્રાણીઓ પ્રત્યે નિર્દયતા, - (આ બધું) અનેકાનેક જન્મોમાં પણ (આપની કૃપાથી) મને ન થાવ ! (૧૪)

आयुर्नश्यति पश्यतां प्रतिदिनं याति क्षयं यौवनं
प्रत्यायान्ति गताः पुनर्न दिवसाः कालो जगद्भक्षकः ।
लक्ष्मीस्तोयतरङ्गभङ्गचपला विद्युच्चलं जीवितं
तस्मान्मां शरणागतं करुणया त्वं रक्ष रक्षाधुना ॥ १५ ॥

पश्यतां - જોતજોતામાં, તરત જ; आयुः नश्यति - આયુષ્ય ક્ષીણ થતું જાય છે; प्रतिदिनं यौवनं क्षयं याति - રોજે રોજ યુવાની ક્ષીણ થતી જાય છે; गताः दिवसाः - વીતી ગયેલા દિવસો; पुनः न प्रत्यायान्ति - ફરી પાછા આવતા નથી; कालः जगद्भक्षकः - કાળ સતત જગતનું ભક્ષણ કર્યા કરે છે; लक्ष्मीः - સમૃદ્ધિ; तोय-तरंग-भंग-चपला - પાણીનાં મોજાં સમી ચંચળ છે; जीवितं विद्युच्चलं - જીવિત વીજળી સમું ચંચળ છે; अधुना - તેથી હવે તો; शरणागतं मां - આપના શરણાગત બનેલા મારું; रक्ष रक्ष - રક્ષણ કરો, રક્ષણ કરો.

(માનવનાં) જોતજોતામાં રોજેરોજ આયુષ્ય ક્ષીણ થતું જાય છે, યૌવન નાશ પામતું જાય છે, ગયેલા દિવસો ફરી પાછા આવતા નથી, કાળ જગત (આખાનું સતત) ભક્ષણ કરી રહ્યો છે, લક્ષ્મી જલતરંગોના (સતત) મોજાં જેવી ચપળ છે, જીવન વિજળી સમું ચંચળ છે. તેથી જ હે શિવભગવાન્ ! આપના શરણાગત એવા મારું, ખરે જ, કરુણાપૂર્વક રક્ષણ કરો ! (૧૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''शिवापराधक्षमापनस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શિવાપરાધક્ષમાપનસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ कल्याणवृष्टिस्तवः ॥

कल्याणवृष्टिभिरिवामृतपूरिताभि-
र्लक्ष्मीस्वयंवरणमङ्गलदीपिकाभिः ।
सेवाभिरम्ब तव पादसरोजमूले
नाकारि किं मनसि भाग्यवतां जनानाम् ॥ १ ॥

(हे) अम्ब - હે માતા ! तव - આપનાં, पाद-सरोज-मूले - ચરણકમળમાં, (કરેલી) लक्ष्मी-स्वयंवरण-मङ्गल-दीपिकाभिः - લક્ષ્મીના સ્વયંવરમાં પ્રગટાવેલી મંગલ દીપમાલા જેવી, अमृत-पूरिताभिः - અમૃતથી છલકતી હોય તેવી અને कल्याण-वृष्टिभिः - કલ્યાણની વર્ષા કરતી, सेवाभिः - સેવાથી, भाग्यवतां - ભાગ્યશાળી, जनानां - મનુષ્યો માટે, मनसि - મનમાં, किं न अकारि - આપ શું નથી કરતાં ?

હે માતા ! લક્ષ્મીના સ્વયંવરમાં પ્રગટાવેલી મંગલ-દીપમાલા શી, અમૃતથી છલકતી હોય તેવી અને કલ્યાણની વર્ષા, આપનાં ચરણકમળની સેવા કરનારા સુભાગી મનુષ્યોના મનનાં કયા મનોરથ આપ પૂરા નથી કરતાં ? (૧)

एतावदेव जननि स्पृहणीयमास्ते
त्वद्वन्दनेषु सलिलस्थगिते च नेत्रे ।
सांनिध्यमुद्यदरुणायुतसोदरस्य
त्वद्विग्रहस्य परया सुधयाप्लुतस्य ॥ २ ॥

(हे) जननि - હે મા ! एतावद् एव - આટલી જ, स्पृहणीयं - ઇચ્છા, आस्ते - છે કે (અમારા), सलिल-स्थगित-नेत्रे - આંસુભર્યાં નેત્રો સાથે, त्वद्वन्दनेषु - આપને કરેલા પ્રણામોથી, उद्यद्-अरुण-अयुत-सोदरस्य - પ્રકાશિત હજારો સૂર્યની કાંતિ ધારણ કરતા અને, परया - ઉત્કૃષ્ટ, सुधया - સુધાથી, आप्लुतस्य - રસિત, त्वद्विग्रहस्य - આપનાં સ્વરૂપ (શરીર-મૂર્તિ)નું, सान्निध्यम् - સાન્નિધ્ય અમને પ્રાપ્ત થાઓ !

હે મા ! અમારી તો આટલી જ ઈચ્છા છે કે, અશ્રુભર્યાં નેત્રો સાથે આપને વંદન કરી રહેલાં અમને, હજારો સૂર્યની કાંતિ ધારણ કરતાં અને અમૃતરસિત આપનાં સ્વરૂપનું (આપના શરીર કે આપની મૂર્તિનું) સાન્નિધ્ય પ્રાપ્ત થાઓ ! (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ईशत्वनामकलुषाः कति वा न सन्ति
ब्रह्मादयः प्रतिभवं प्रलयाभिभूताः ।
एकः स एव जननि स्थिरसिद्धिरास्ते
यः पादयोस्तव सकृत्प्रणतिं करोति ॥ ३ ॥

ईशत्वनामकलुषाः - ઈશત્વ-દેવત્વ નામથી કલુષિત હોય, कति - એવા કેટલા, न वा सन्ति - (દેવો) (દેવોમાં પણ સંપૂર્ણ દોષરહિત કેટલા ? કોઈ નહીં.), ब्रह्मादयः - બ્રહ્મા વગેરે દેવો પણ, प्रतिभव - પ્રત્યેક ભવમાં, प्रलयाभिभूताः - પ્રલયનો ભોગ બને છે, (હે) जननि - હે માતા ! यः - જે મનુષ્ય, तव - તારાં, पादयोः - ચરણોમાં, सकृत् - કેવળ એક વાર પણ, प्रणति - પ્રણામ, करोति - કરે છે, स एव - માત્ર તે જ ભક્ત, स्थिर-सिद्धिः - સિદ્ધિમાં સ્થિર થઈને, आस्ते - ટકી રહે છે.

નામમાત્રના (કહેવાતા) ઈશત્વ એટલે દેવત્વથી કલુષિત એવા કેટકેટલા બ્રહ્મા વગેરે દેવો નથી કે જે પ્રત્યેક સર્જન પછી પ્રલયના સમયે હાર પામે છે (એટલે દેવ હોવા છતાં પ્રલય સમયે તેમનો લય થઈ જાય છે) હે જનની ! જે આપના ચરણમાં એક વાર પણ પ્રણામ કરે છે તે સ્થિરસિદ્ધિને પામે છે. (અર્થાત્ પ્રલય વખતે પણ એનો લય થતો નથી.) (૩)

लब्ध्वा सकृत्त्रिपुरसुन्दरि तावकीनं
कारुण्यकन्दलितकान्तिभरं कटाक्षम् ।
कंदर्पकोटिसुभगास्त्वयि भक्तिभाजः
संमोहयन्ति तरुणीर्भुवनत्रयेऽपि ॥ ४ ॥

(હે) त्रिपुरसुन्दरि - હે ત્રિપુરસુન્દરી ! तावकीनं - આપના कारुण्य-कन्दलित-कान्ति-भरं - કરુણાથી ખીલી ઊઠેલી કાન્તિથી ભરપૂર, कटाक्षं - કટાક્ષને, लब्ध्वा - પામીને, त्वयि - આપના, भक्तिभाजः - ભક્તો, कन्दर्पकोटिसुभगाः - કરોડો કામદેવનું સૌંદર્ય પામે છે અને, भुवनत्रयेऽपि - ત્રણેય લોકમાં (રહેલી કોઈ પણ), तरुणीः - તરુણીને, संमोहयन्ति - મોહ પમાડે છે.

ત્રિપુરસુંદરી ! કરુણાથી ખીલી ઊઠતી કાન્તિથી ભર્યા ભર્યા આપના કટાક્ષને પામીને આપના ભક્તો કરોડો કામદેવનું સૌંદર્ય મેળવે છે, અને ત્રણેય લોકની કોઈપણ યુવતીને મોહિત કરી શકે છે. (૪)

ह्रींकारमेव तव नाम गृणन्ति वेदा
मातस्त्रिकोणनिलये त्रिपुरे त्रिनेत्रे ।
त्वत्संस्मृतौ यमभटाभिभवं विहाय
दीव्यन्ति नन्दनवने सह लोकपालैः ॥ ५ ॥

(હે) त्रिपुरे - હે ત્રિપુરા ! त्रिनेत्रे - હે ત્રિનેત્રા, त्रिकोणनिलये - ત્રિકોણમાં વાસ કરતાં, मातः - માતા, वेदाः - વેદો, तव - આપનું, ह्रींकार - ह्रीं - એ બીજમંત્રરૂપ, एव - જ, नाम - નામ, गृणन्ति - જપ્યા કરે છે, त्वत्संस्मृतौ - આપનું સ્મરણ કરનારા (ભક્તો), यमभटाभिभवं - યમદૂતોના આક્રમણથી, विहाय - બચીને, लोकपालैः - લોકપાલો, सह - સાથે, नन्दनवने - નંદનવનમાં, दीव्यन्ति - આનંદ કરે છે, लोकपालाः - દિશાઓના સ્વામી એવા દેવોને લોકપાલ કહે છે. લોકપાલ આઠ છે - ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈઋત, વરુણ, મરુત્, કુબેર અને ઈશ (રુદ્ર).

હે ત્રિપુરસુન્દરી ! હે ત્રિનેત્રા ! અને ત્રિકોણમાં વસનારાં માતા ! વેદો આપના હ્રીંકારરૂપી બીજમંત્રનો જ જપ કરે છે. આપનું સ્મરણ કરનારા ભક્તો યમદૂતોના આક્રમણથી બચી જાય છે અને લોકપાલો સાથે સ્વર્ગના નન્દનવનમાં આનંદ કરે છે. (૫)

નોંધ :- ત્રિકોણનિલયે - તંત્રશાસ્ત્ર અનુસાર શિવતત્ત્વનું હાર્દ બિંદુ, નાદ અને કલા - એ ત્રણ તત્ત્વોનો બનેલ મૂળ ત્રિકોણ છે, તેમાં ભગવતી ત્રિપુરસુન્દરી શક્તિરૂપે સદા નિવાસ કરે છે.

हन्तुः पुरामधिगलं परिपीयमानः
क्रूरः कथं न भविता गरलस्य वेगः ।
नाश्वासनाय यदि मातरिदं तवार्धं
देहस्य शश्वदमृताप्लुतशीतलस्य ॥ ६ ॥

(હે) मातर् - હે માતા, यदि - જો, शश्वत् - નિરંતર, अमृताप्लुत-शीतलस्य - અમૃતરસિત શીતલ એવા, तव - આપના, देहस्य - દેહના, अर्ध - અર્ધભાગનો સંયોગ, आश्वासनायं - આશ્વાસન માટે, न - ન હોત તો, पुराम् हन्तुः - ત્રિપુરનો વિનાશ કરનાર (ભગવાન શિવ)ને, परिपीयमानः - પીધેલા અને, अधिगलं - ગળામાં જ રોકી રાખેલા, गरलस्य - વિષનો, वेगः - વેગ, कथं - શી રીતે, क्रूरः - ક્રૂર, न - ન, भविता - બન્યો હોત.

હે માતા ! નિરંતર અમૃતથી રસિત હોવાથી શીતલ એવા આપના દેહના અર્ધભાગના સંયોગનું આશ્વાસન ન મળ્યું હોત તો ત્રિપુરનો સંહાર કરનારા ભગવાન શિવે જેનું પાન કરીને ગળામાં જ રોકી રાખ્યું હતું, તે વિષનો વેગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને માટે કઈ રીતે ક્રૂર ન બન્યો હોત ? (અર્થાત્ એ વેગ કેવળ આપના દેહના સંગથી જ સહ્ય બન્યો.) (૬)

सर्वज्ञतां सदसि वाक्पटुतां प्रसूते
देवि त्वदङ्घ्रिसरसीरुहयोः प्रणामः ।
किं च स्फुरन्मुकुटमुज्ज्वलमातपत्रं
द्वे चामरे च महतीं वसुधां ददाति ॥ ७ ॥

(हे) देवि - હે દેવી, त्वदङ्घ्रि-सरसीरुहयोः - આપનાં, બન્ને ચરણકમલોમાં કરેલા, प्रणामः - પ્રણામ, सर्वज्ञतां - સર્વજ્ઞતા, (અને) सदसि - સભામાં, वाक्पटुतां - વાણીની કુશળતા, प्रसूते - ઉત્પન્ન કરે છે. च - અને किं - વળી, स्फुरन्मुकुटं - ચળકતો મુગટ તથા उज्ज्वलं - ઉજ્જ્વળ आतपत्रं - છત્ર, તથા द्वे, - બે चामरे - ચામર, च અને, महतीं - વિશાળ, वसुधां - પૃથ્વી, ददाति, - આપે છે.

હે દેવી ! આપનાં ચરણકમળોમાં કરેલા પ્રણામ માત્રથી, આપનો ભક્ત સર્વજ્ઞતા તથા સભામાં વાણીની કુશળતા પ્રાપ્ત કરે છે, એટલું જ નહીં, એ ઉપરાંત, ચળકતો મુગટ, ઉજ્જ્વલ છત્ર, બે ચામર સહિત વિશાળ પૃથ્વીનો પણ ઉપહાર પામે છે. (૭)

कल्पद्रुमैरभिमतप्रतिपादनेषु
कारुण्यवारिधिभिरम्ब भवत्कटाक्षैः ।
आलोकय त्रिपुरसुन्दरि मामनाथं
त्वय्येव भक्तिभरितं त्वयि बद्धतृष्णम् ॥ ८ ॥

(हे) त्रिपुरसुन्दरि - ત્રિપુરસુન્દરી ! अनाथ - અનાથ અને त्वयि - માત્ર તમારામાં, एव - જ, भक्तिभरितं - ભક્તિથી ડુબેલા અને त्वयि - તમારામાં (જ), बद्धतृष्णं - સર્વ કામનાઓ વડે બંધાએલા એવા, माम् - મને, આપ (હે) अम्ब - હે માતા ! अभिमत-प्रतिपादनेषु - ઈચ્છિત ફળ આપનાર, कल्पद्रुमैः - કલ્પવૃક્ષરૂપી અને कारुण्य-वारिधिभिः - કરુણાના સાગર રૂપી, कटाक्षैः - નેત્રકટાક્ષથી, आलोकय - જૂઓ.

હે ત્રિપુરસુન્દરી ! હું તો અનાથ છું, પણ માત્ર તમારી જ ભક્તિમાં ડૂબેલો છું અને મારી સર્વ કામનાઓ માત્ર તમારામાં જ લાગી રહી છે. એ મા ! આવા મને આપ આપના, ઈચ્છિત ફળ આપનાર કલ્પવૃક્ષરૂપી અને કરુણાના સાગર બનેલા નેત્રકટાક્ષથી (એક વાર) જૂઓ. (૮)

हन्तेतरेष्वपि मनांसि निधाय चान्ये
भक्तिं वहन्ति किल पामरदैवतेषु ।
त्वामेव देवि मनसा समनुस्मरामि
त्वामेव नौमि शरणं जननि त्वमेव ॥ ९ ॥

हन्त - અરેરે ! अन्ये - કેટલાક (અજ્ઞાનીઓ), इतरेषु अपि - બીજા સાથે, पामर-दैवतेषु - પામર દેવતાઓમાં, मनांसि - મન રાખીને, किल च - ખરેખર એમની, भक्ति - ભક્તિ, वहन्ति - કરી રહ્યા છે ! देवि - પણ હે દેવી ! હું તો, मनसा - મારા મનથી, त्वां - તમને, एव - જ समनुस्मरामि - સારી રીતે સ્મરું છું. त्वां - તમને, एव - જ नौमि - વંદું છું, (हे) जननि - હે જનની ! त्वं - તમે एव - જ शरणं - મારું શરણ છો.

અરેરે ! કેટલાક (અજ્ઞાનીઓ), તમારા સિવાયના અન્ય પામર દેવોમાં મન રાખી એમની ભક્તિ કર્યા કરે છે ! પણ હે દેવી, હું તો મારા મનમાં તમારું જ સારી રીતે સ્મરણ કરું છું, તમને જ વંદુ છું અને હે મા ! તમે જ મારું શરણ છો. (૯)

लक्ष्येषु सत्स्वपि कटाक्षनिरीक्षणाना-
मालोकय त्रिपुरसन्दरि मां कदाचित् ।
नूनं मया तु सदृशः करुणैकपात्रं
जातो जनिष्यति जनो न च जायते वा ॥ १० ॥

(हे) त्रिपुरसुन्दरि - હે ત્રિપુરસુંદરી ! कटाक्ष-निरीक्षणानां - આપના નેત્રકટાક્ષોથી નિરખવા માટે, लक्ष्येषु - લક્ષ્યો, सत्सु - હોવા, अपि - છતાં પણ मां - મારી તરફ પણ, कदाचित् - કોઈ વાર, आलोकय - દૃષ્ટિ કરો. नूनं - સાચે, तु - જ, मया - મારા, सदृशः - જેવો करुणैकपात्रः - તમારી કરુણાનું પાત્ર બની શકે તેવો जनः - મનુષ્ય, न - ન તો जातः - ભૂતકાળમાં જન્મ્યો છે, वा - કે जायते - વર્તમાનમાં જન્મેલા, वा - કે હવે પછી, जनिष्यति - જન્મશે.

હે ત્રિપુરસુન્દરી ! હું માનું છું કે આપના નેત્રકટાક્ષોથી નિરખવા યોગ્ય અનેક લક્ષ્યો (પદાર્થો) છે, પણ કોઈ વાર મારા તરફ પણ દૃષ્ટિ કરો : હું ખરું કહું છું કે તમારી કરુણાનું પાત્ર બનવા યોગ્ય મારા જેવો બીજો કોઈ મનુષ્ય ભૂતકાળમાં જન્મ્યો નહોતો, વર્તમાનમાં પણ જન્મ્યો નથી અને ભવિષ્યમાં પણ જન્મશે નહીં. (૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ह्रींह्रीमिति प्रतिदिनं जपतां तवाख्यां
किं नाम दुर्लभमिह त्रिपुराधिवासे ।
मालाकिरीटमदवारणमाननीया
तान्सेवते वसुमती स्वयमेव लक्ष्मीः ॥ ११ ॥

(हे) त्रिपुराधिवासे - હે ત્રિપુરવાસિની ! ह्रीं ह्रीं इति - ह्रीं ह्रीं એવો, तव - તમારો, आख्यां - મંત્ર, प्रतिदिनं - પ્રતિદિન, जपतां - જપી રહેલા ભક્ત માટે, इह - આ લોકમાં, नाम - ખરેખર, किं - શું, दुर्लभम् - દુર્લભ છે ? माला-किरीट-मदवारण-माननीया - માલા, મુકુટ અને મદઝરતા હાથીના વાહનથી સન્માનનીયા, वसुमती - ઐશ્વર્યયુક્ત, लक्ष्मीः - લક્ષ્મી, स्वयं - પોતે, एव - પણ, तान् - તે ભક્તોનું, सेवते - સેવન કરે છે.

હે ત્રિપુરવાસિની ! હ્રીં હ્રીં એવો તમારો મંત્ર પ્રતિદિન જપી રહેલા ભક્તને આ લોકમાં ખરેખર શું દુર્લભ છે ? અરે, માલા, મુકુટ અને મદઝરતા હાથીથી સન્માનનીયા ઐશ્વર્ય-યુક્તા લક્ષ્મી પોતે પણ તે ભક્તોનું સેવન કરે છે. (૧૧)

संपत्कराणि सकलेन्द्रियनन्दनानि
साम्राज्यदाननिरतानि सरोरुहाक्षि ।
त्वद्वन्दनानि दुरिताहरणोद्यतानि
मामेव मातरनिशं कलयन्तु नान्यम् ॥ १२ ॥

(हे) सरोरुहाक्षि - હે કમળ સમાન નેત્રોવાળાં મા ! संपत्कराणि - સંપત્તિ આપનારાં, सकलेन्द्रिय-नन्दनानि - સકલ ઈન્દ્રિયોને આનંદ પમાડનારાં, साम्राज्य-दान-निरतानि - સામ્રાજ્યનું દાન આપવા તત્પર અને दुरितारोहणोद्यतानि - પાપમાંથી ઉદ્ધાર કરવા ઉત્સુક, त्वद्वन्दनानि - તમને કરેલા પ્રણામ, (हे) मातः હે માતા ! अनिशं - સતત, मां - મને, एव - જ, कलयन्तु - અંગીકૃત કરે, न - નહીં કે अन्यम् - બીજા કોઈને.

હે કમલ સમાન નેત્રોવાળાં મા ! સંપત્તિ આપનારાં, સકલ ઈન્દ્રિયોને આનંદ પમાડનારાં, સામ્રાજ્યનું દાન આપવામાં તત્પર અને પાપમાંથી ઉદ્ધાર કરવામાં ઉત્સુક એવાં તમને કરાયેલા પ્રણામ માત્ર મારો જ અંગીકાર કરો, નહીં કે અન્યનો. (૧૨)

कल्पोपसंहृतिषु कल्पितताण्डवस्य
देवस्य खण्डपरशोः परभैरवस्य ।
पाशाङ्कुशेक्षुशरासनपुष्पबाणा
सा साक्षिणी विजयते तव मूर्तिरेका ॥ १३ ॥

कल्पोपसंहतिषु - યુગસંહાર-સમયે, कल्पित-ताण्डवस्य - તાંડવ-નૃત્ય કરી રહેલા, परभैरवस्य - મહાન ભૈરવ એવા देवस्य - ભગવાન, खण्डपरशोः - મહાદેવનું, साक्षिणी - સાક્ષી બનેલું, सा - તે, तव - તારું, पाश-अंकुश-इक्षु-शरासन-पुष्पबाणा - પાશ, અંકુશ, શેરડીનું ધનુષ્ય અને પુષ્પબાણોવાળું, एका - એક માત્ર, मूर्तिः - સ્વરૂપ, विजयते - વિજય પામે છે.

યુગ-સંહાર સમયે જ્યારે મહાભૈરવ એવા ભગવાન મહાદેવે તાંડવ નૃત્ય કર્યું, ત્યારે પાશ, અંકુશ, શેરડીનું ધનુષ્ય અને પુષ્પ બાણ ધારણ કરેલાં આપ એકલાં જ તેના સાક્ષી હતાં. આપનું એ સાક્ષીરૂપ સ્વરૂપ વિજય પામે છે. (૧૩)

लग्नं सदा भवतु मातरिदं तवार्धं
तेजः परं बहुलकुङ्कुमपङ्कशोणम् ।
भास्वत्किरीटममृतांशुकलावतंसं
मध्ये त्रिकोणनिलयं परमामृतार्द्रम् ॥ १४ ॥

(हे) मातर् - હે માતા ! भास्वत्किरीटं - ઝળહળતા મુગટવાળું, अमृतांशु-कलावतंसं - શશિકલાનાં કર્ણફૂલવાળું, बहुलकुङ्कुमपङ्कशोणं - પ્રચુર કુમકુમના લેપથી રક્તવર્ણ બનેલું, परं - પરમ, तेजः - તેજસ્વી, इदं - એવું આ, तव - તમારું, अर्धम् - અર્ધાંગ, परमामृतार्द्रम् - પરમ અમૃતથી સદા આર્દ્ર અર્ધાંગ, त्रिकोणनिलयं - ત્રિકોણ નિવાસની, मध्ये - મધ્યમાં, सदा - હંમેશાં लग्नं - જોડાયેલું, भवतु - રહે !

હે માતા ! ઝળહળતા મુગટ અને શશિકલાનાં કર્ણફૂલ-વાળું, પ્રચુર કુમકુમના લેપથી લાલ લાગતું અને અત્યંત તેજસ્વી પરમ અમૃતથી આર્દ્ર એવું આપનું અર્ધાંગ ત્રિકોણ, નિવાસની વચ્ચે હંમેશાં જોડાયેલું રહો ! (૧૪)

ह्रींकारमेव तव नाम तदेव रूपं
त्वन्नाम दुर्लभमिह त्रिपुरे गृणन्ति ।
त्वत्तेजसा परिणतं वियदादिभूतं
सौख्यं तनोति सरसीरुहसंभवादेः ॥ १५ ॥

ह्रीं-कारं હ્રીંકાર, एव - એ જ, तव - તમારું નામ છે અને तदेव - તે જ તમારું, रूपं - સ્વરૂપ છે. હે (त्रिपुरे) - હે ત્રિપુરા ! दुर्लभं - દુર્લભ એવું, त्वन्नाम - તમારું નામ, इह - આ લોકમાં, गृणन्ति - (સહુ) જપી રહ્યા છે. त्वत्-तेजसा - તમારાં તેજથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वियदादिभूतं - આકાશ વગેરે પંચભૂતો, परिणतं - નિપજ્યાં છે. આવું આપનું નામ सरसीरुहसंभवादेः - કમલયોનિ-બ્રહ્મા વગેરેને सौरव्यं - સુખ, तनोति - આપી રહ્યું છે.

હ્રીંકાર એ જ આપનું નામ છે અને એ જ આપનું સ્વરૂપ છે. હે ત્રિપુરા ! આપનાં આ દુર્લભ નામનો સહુ જપ કરે છે. આપનાં તેજથી આકાશાદિ પંચમહાભૂત નિપજયાં છે. આપનું આ નામ કમલયોનિ બ્રહ્મા વગેરેને સુખ આપી રહ્યું છે. (૧૫)

ह्लींकारत्रयसंपुटेन महता मन्त्रेण संदीपितं
स्तोत्रं यः प्रतिवासरं तव पुरो मातर्जपेन्मन्त्रवित् ।
तस्य क्षोणिभुजो भवन्ति वशगा लक्ष्मीश्चिरस्थायिनी
वाणी निर्मलसूक्तिभारभरिता जागर्ति दीर्घं वयः ॥ १६ ॥

(हे) मातः હે માતા ! यः - જે, मन्त्रवित् - મંત્રનો જાણકાર, મનુષ્ય, ह्लींकार-त्रयसंपुटेन - ત્રણ હ્રીંકારના સંપુટ યુકત એવા, महता मन्त्रेण - મહામંત્રથી, संदीपितं - પ્રદીપ્ત, स्तोत्रं - આ સ્તોત્રનો, तव - આપની, पुरः આગળ, प्रतिवासरं - પ્રત્યેક દિવસે, जपेत् - જપ કરે છે, तस्य - તેને, क्षोणिभुजः - રાજાઓ, वशगाः - વશવર્તી भवन्ति - બને છે, लक्ष्मीः - લક્ષ્મી, चिर-स्थायिनी - તેને ત્યાં લક્ષ્મી સદા વાસ કરે છે, निर्मल-सूक्ति-भार-भरिता - નિર્મળ સૂક્તિઓથી સમૃદ્ધ વાણી जागर्ति - જાગ્રત બને છે અને दीर्घं - દીર્ઘ, वयः - આયુષ્ય.

હે મા ! મંત્રવિદ્ જે કોઈ મનુષ્ય ત્રણ હ્રીંકારના સંપુટથી યુક્ત મહામંત્રથી પ્રદીપ્ત એવાં આ સ્તોત્રનો પ્રત્યેક દિવસે આપની સન્મુખ જપ કરે છે, રાજાઓ તેને વશ થઈ જાય છે, લક્ષ્મી તેને ત્યાં ચિરકાળ વાસ કરે છે, નિર્મળ સૂક્તિઓથી સમૃદ્ધ એવી તેની વાણી જાગ્રત રહે છે તથા તેને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય છે. (૧૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ "कल्याणवृष्टिस्तवः" संपूर्णः ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં "કલ્યાણવૃષ્ટિસ્તવ:" સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ भवानीभुजङ्गम् ॥

षडाधारपङ्केरुहान्तर्विराज-
त्सुषुम्णान्तरालेऽतितेजोल्लसन्तीम् ।
सुधामण्डलं द्रावयन्तीं पिबन्तीं
सुधामूर्तिमीडे चिदानन्दरूपाम् ॥ १ ॥

षडाधार-पङ्केरुह-अन्तर्विराजत् - सुषुम्णान्तराले - (મૂલાધાર વગેરે) ષટ્ચક્ર રૂપી કમલની અંદર વિરાજતી સુષુમ્ણા નાડીની મધ્યમાં, अतितेजोल्लसन्तीं - અતિશય તેજથી ઝળહળતાં અને सुधा-मण्डलं - સુધા (અમૃત) મંડળને, द्रावयन्तीं - દ્રવિત કરતાં અને એ ઝરી રહેલાં અમૃતનું, पिबन्तीं - પાન કરતાં, चिदानन्दरूपां - ચિદાનન્દરૂપા, सुधामूर्तिम् - સુધામૂર્તિનું, ईडे - હું સ્તવન કરું છું.

મૂલાધાર વગેરે ષટ્ચક્ર રૂપી કમલની અંદર વિરાજતી સુષુમ્ણા નાડીની મધ્યમાં અતિશય તેજથી ઝળહળતાં અને સુધામંડળને દ્રવિત કરતાં અને એ ઝરી રહેલા અમૃતનું પાન કરતાં ચિદાનન્દરૂપા સુધામૂર્તિનું હું સ્તવન કરું છું. (૧)

ज्वलत्कोटिबालार्कभासारुणाङ्गीं
सुलावण्यशृङ्गारशोभाभिरामाम् ।
महापद्मकिञ्जल्कमध्ये विराज-
त्त्रिकोणे निषण्णां भजे श्रीभवानीम् ॥ २ ॥

ज्वलत्कोटि-बालार्क-भासारुणाङ्गीं - પ્રજ્જ્વલિત કરોડો બાલ સૂર્યોની પ્રભાથી અરુણ અંગોવાળી, सुलावण्य-शृङ्गार-शोभाभिरामां - અત્યંત લાવણ્યભર્યાં શૃંગારની શોભાથી મનોહર લાગતાં, महापद्म-किञ्जल्क-मध्ये - મહાપદ્મના કેસરની મધ્યમાં, विराजत्त्रिकोणे - વિરાજતા ત્રિકોણમાં, निषण्णां - નિવાસ કરતાં, श्रीभवानीं - શ્રી ભવાનીનું, भजे - હું સ્તવન કરું છું.

પ્રજ્જ્વલિત કરોડો બાલસૂર્યોની પ્રભાથી અરુણવર્ણા અંગોવાળાં અને અત્યંત લાવણ્યમય શૃંગારની શોભાથી મનોહર લાગતાં એવાં મહાપદ્મના કેસરની મધ્યમાં વિરાજતા ત્રિકોણમાં નિવાસ કરતાં, શ્રીભવાનીનું હું સ્તવન કરું છું. (૨)

क्वणत्किङ्किणीनूपुरोद्भासिरत्न-
प्रभालीढलाक्षार्द्रपादाब्जयुग्मम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अजेशाच्युताद्यैः सुरैः सेव्यमानं
महादेवि मन्मूर्ध्नि ते भावयामि ॥ ३ ॥

क्वणत्-किङ्किणी-नूपुर-उद्भासि-रत्नप्रभालीढ-लाक्षार्द्र-पादाब्ज-युग्मं - રણકતી ઘુઘરીવાળાં નૂપુરમાં ચળકતાં રત્નની કાંતિના લેપથી જાણે કે અળતાથી રંગ્યાં હોય એવાં બંને ચરણકમળ છે. (હે) महादेवि - હે મહાદેવી ! अजेश-अच्युताद्यैः - બ્રહ્મા, શિવ, વિષ્ણુ વગેરે सुरैः - દેવો, सेव्यमानं - તેનું સેવન કરે છે એવાં, ते - તમારાં તે(ચરણકમળો)ને, मन्मूर्ध्नि - હું મારા મસ્તક વડે, भावयामि - નમન કરીને ભજું છું.

હે મહાદેવી ! આપનાં બન્ને ચરણકમળ રણકતી ઘુઘરીવાળાં નૂપુરમાં ચળકતાં રત્નોની કાંતિના લેપથી જાણે કે અળતાથી રંગ્યા હોય તેવાં શોભે છે. બ્રહ્મા, શિવ, વિષ્ણુ વગેરે દેવો જેમની સેવા કરે છે એવાં એ ચરણકમળને હું મારા મસ્તકથી નમન કરીને ભજું છું. (૩)

सुशोणाम्बराबद्धनीवीविराज-
न्महारत्नकाञ्चीकलापं नितम्बम् ।
स्फुरद्दक्षिणावर्तनाभिं च तिस्रो
वलीरम्ब ते रोमराजिं भजेऽहम् ॥ ४ ॥

सुशोण-अम्बराबद्ध-नीवी-विराजत्-महारत्न-काञ्ची-कलापं - સુંદર લાલ રેશમી વસ્ત્ર પર બાંધેલી નીવીથી શોભતી, મૂલ્યવાન રત્નો મઢેલી કટિમેખલાવાળો, ते - તમારો, नितम्बं - નિતમ્બ છે, च - અને, स्फुरद्दक्षिणावर्तनाभिं - સુંદર વમળ જેવી તમારી નાભિ શોભી રહી છે, વળી तिस्रः - ત્રણ वलीः - વલિઓ ઉદર પર સોહે છે અને તમારી, रोमराजिं - રોમરાજિ, રૂંવાટીની હાર પણ શોભી રહી છે, (હે) अम्ब - મા ! આ સર્વને, अहम् - હું, भजे - ભજું છું.

સુંદર લાલ રેશમી વસ્ત્ર પર બાંધેલી નીવીથી શોભતી, મૂલ્યવાન રત્નો મઢેલી કટિમેખલાવાળો તમારો નિતંબ છે, અને વળી સુંદર વમળ જેવી આપની નાભિ છે; તથા ત્રણ વલિઓથી આપનું ઉદર અને એવી જ સુંદર રોમરાજી છે. હે મા ! આ સર્વને હું ભજું છું. (૪)

लसद्वृत्तमुत्तुङ्गमाणिक्यकुम्भो-
पमश्रि स्तनद्वन्द्वमम्बाम्बुजाक्षि ।
भजे दुग्धपूर्णाभिरामं तवेदं
महाहारदीप्तं सदा प्रस्नुतास्यम् ॥ ५ ॥

लसद्-वृत्तं - સોહામણા ગોળાકારવાળાં, उत्तुङ्ग-माणिक्य-कुम्भोपमश्रि - અને ઉન્નત મણિવાળા કુંભ જેવી શોભા ધરાવતાં, दुग्ध-पूर्णाभिराम् - પયથી પૂર્ણ હોઈ મનોહર લાગતાં અને महाहार-दीप्तं - મૂલ્યવાન હારથી દીપતાં તથા सदा - હંમેશ, प्रस्नुतास्यं - આર્દ્ર અગ્રભાગવાળાં, इदं - આ, स्तनद्वन्द्वं - બન્ને સ્તનોને, (હે) अम्बुजाक्षि - કમલ સમાન નેત્રોવાળાં માતા ! भजे - હું ભજું છું.

હે કમલનેત્રા મા ! સોહામણા ગોળાકારવાળાં, અને ઉન્નત મણિમઢ્યા કુંભની શોભા ધારણ કરતાં, પય(દૂધ)થી પૂર્ણ હોવાથી મનોહર લાગતાં તથા મૂલ્યવાન હારથી દીપતાં અને સદા આર્દ્ર અગ્રભાગવાળાં આપનાં બન્ને સ્તનોને હું ભજું છું. (૫)

शिरीषप्रसूनोल्लसद्बाहुदण्डै-
र्ज्वलद्बाणकोदण्डपाशाङ्कुशैश्च ।
चलत्कङ्कणोदारकेयूरभूषो-
ज्ज्वलद्भिर्लसन्तीं भजे श्रीभवानीम् ॥ ६ ॥

ज्वलद्-बाण-कोदण्ड-पाश-अङ्कुशैः - બાણ, ધનુષ્ય, પાશ અને અંકુશથી ઉજ્જ્વલ લાગતા, च - તથા चलत्कङ्कण-उदार-केयूर-भूषोज्ज्वलद्भिः - રણકતાં કંકણ અને ચમકતાં કડાં જેવાં આભૂષણોથી શોભતા એવા, शिरीष-प्रसूनोल्लसद्बाहुदण्डैः - શિરીષ પુષ્પોથી સોહતા બાહુદંડથી, लसन्तीं - પ્રકાશતા, श्रीभवानीं - શ્રી મા ભવાનીને, भजे - હું ભજું છું.

બાહુ-દંડ શિરીષ પુષ્પો જેવા શોભાયમાન છે. બાણ, ધનુષ્ય, પાશ અને અંકુશથી તે ચમકી રહ્યા છે અને તેના પર રણકતાં કંકણ અને સુંદર કડાંના આભૂષણ સોહી રહ્યાં છે. આવા બાહુથી પ્રકાશતાં તે મા શ્રીભવાનીને હું ભજું છું. (૬)

शरत्पूर्णचन्द्रप्रभापूर्णबिम्बा-
धरस्मेरवक्त्रारविन्दां सुशान्ताम् ।
सुरत्नावलीहारताटङ्कशोभां
महासुप्रसन्नां भजे श्रीभवानीम् ॥ ७ ॥

शरत्पूर्णचन्द्र-प्रभापूर्ण-बिम्बाधर-स्मेरवक्त्र-अरविन्दां - શરદ-ઋતુના પૂર્ણ ખીલેલા ચન્દ્રની પ્રભા જેવા, અને બિમ્બફળ સમાન અધરોષ્ઠથી, સ્મિતપૂર્વક શોભતા મુખારવિન્દવાળાં, सुशान्तां - પ્રશાંત, सु-रत्नावली-हार-ताटङ्क-शोभां - સુંદર રત્નમાળા, હાર અને કર્ણફૂલથી સોહતાં અને महा-सुप्रसन्नां - અત્યંત પ્રસન્ન એવાં, श्रीभवानीं - મા શ્રીભવાનીને भजे - હું ભજું છું. (ताटङ्क - કાનનું આભૂષણ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનું મુખારવિંદ શરદઋતુના પૂર્ણ ચન્દ્ર જેવું છે અને બિંબ ફળ જેવા એમના અધરોષ્ઠ સ્મિત કરી રહ્યા છે. એમણે ધારણ કરેલા, રત્નમાલા, હાર અને કર્ણફૂલ જેવા અલંકારોથી તેઓ ખૂબ મનોહર લાગે છે. આવાં પ્રશાન્ત અને અતિપ્રસન્ન શ્રીભવાનીને હું ભજું છું. (૭)

सुनासापुटं सुन्दरभ्रूललाटं
तवौष्ठश्रियं दानदक्षं कटाक्षम् ।
ललाटे लसद्गन्धकस्तूरिभूषं
स्फुरच्छ्रीमुखाम्भोजमीडेऽहमम्ब ॥ ८ ॥

सु-नासा-पुटं - હે મા ! તમારી નાસિકા સુંદર લાગે છે. सुन्दरभ्रूललाटं - વળી, તમારા નેત્રોની ભ્રમરો અને કપાળ પણ સુંદર છે. અને तव - તમારા औष्ठश्रियं - હોઠની શોભા પણ એ સહુથી દીપી ઊઠી છે. તથા ललाटे - તમારા લલાટમાં, लसत्-गन्ध-कस्तूरि-भूषं - સૌરભવંતી કસ્તૂરીનો શણગાર ચમકી રહ્યો છે. स्फुरत्-श्री-मुखाम्भोजं - આવાં પ્રકારનાં સૌંદર્યથી અલંકૃત એવાં તમારા મુખકમળને, (हे) अम्ब - હે મા ! अहं - હું, ईडे - સ્તવું છું !

હે મા ! તમારાં મુખ ઉપર, સુંદર નાસિકા છે, નેત્રોની ભ્રમરથી કપાળ શોભી રહ્યું છે, અને હોઠની શોભા તો દીપી ઊઠી છે; વળી, લલાટ પર સુગંધી કસ્તૂરીનો (તિલક રૂપી) શણગાર પણ ચમકી રહ્યો છેઃ આવા પ્રકારનાં સૌંદર્યથી અલંકૃત એવાં તમારા મુખકમળનું હું સ્તવન કરું છું. (૮)

चलत्कुन्तलान्तर्भ्रमद्भृङ्गवृन्दं
घनस्निग्धधम्मिल्लभूषोज्ज्वलं ते ।
स्फुरन्मौलिमाणिक्यबद्धेन्दुरेखा-
विलासोल्लसद्दिव्यमूर्धानमीडे ॥ ९ ॥

चलत्-कुन्तल-अन्तः-भ्रमद्-भृङ्ग-वृन्दं - જેમના ફરકતા કેશની વચ્ચે ભ્રમરવૃંદ ઘુમી રહ્યું છે એવો તે - તમારો, घनस्निग्धधम्मिल्लभूषोज्ज्वलं - ગાઢ, સ્નિગ્ધ અંબોડો જેમનો મનોરમ શણગાર બની રહ્યો છે, અને स्फुरन्मौलि-माणिक्य-बद्धेन्दुरेखा-विलासोल्लसद्-दिव्य-मूर्धानं - જે ચળકતા મુગટના મણિઓ વચ્ચે ગૂંથાયેલી શશિકલાના વિલાસથી પ્રોજ્જ્વલ બની રહ્યું છે, એવું તમારું દિવ્ય શીશ છે. હું તેને ईडे - સ્તવું છું.

(હે મા !) તમારા દિવ્ય મસ્તક પર ફરકતા કેશ વચ્ચે ઘુમી રહેલાં ભ્રમરવૃંદવાળો અંબોડો અનેક આભૂષણોથી પ્રોજ્જ્વળ બની રહ્યો છે. વળી, તેના પરના મુકુટના મણિઓ વચ્ચે શશિકલા ગૂંથાઈ છે, તેથી તે અત્યંત ઝળહળી રહ્યું છે, તમારાં આવાં શીશની હું સ્તુતિ કરું છું. (૯)

इति श्रीभवानि स्वरूपं तवेदं
प्रपञ्चात्परं चातिसूक्ष्मं प्रसन्नम् ।
स्फुरत्वम्ब डिम्भस्य ते हृत्सरोजे
सदा वाङ्मयं सर्वतेजोमयं च ॥ १० ॥

(हे) - હે श्रीभवानि - શ્રી ભવાની ! इति - આ પ્રમાણે, तव - તમારું, इदं - આ, स्वरूपं - સ્વરૂપ, प्रपञ्चात् - સંસારથી, परं - પર, च - અને अतिसूक्ष्मं - અત્યંત સૂક્ષ્મ અને, प्रसन्नं - પ્રસન્ન છે, च - વળી, તે, वाङ्मयं - શબ્દરૂપ અને सर्वतेजोमयं - સર્વ પ્રકારે તેજોમય છે તે સ્વરૂપ, डिम्भस्य - બાળક એવા, मे - મારા, हृत्सरोजे - હૃદયકમળમાં, सदा - હંમેશાં, अम्ब - હે મા ! स्फुरतु - સ્ફૂરતું રહો !

હે મા શ્રીભવાની ! આ પ્રમાણે તમારું આ સ્વરૂપ સંસારથી પર અને અતિસૂક્ષ્મ તથા પ્રસન્ન રહેનારું છે. વળી, શબ્દરૂપ એવું તે સર્વ રીતે તેજોમય છે. આવું આ સ્વરૂપ બાળક એવા મારા હૃદયકમળમાં હંમેશાં સ્ફૂર્યા કરો ! (૧૦)

गणेशाभिमुख्याखिलैः शक्तिवृन्दै-
र्वृतां वै स्फुरच्चक्रराजोल्लसन्तीम् ।
परां राजराजेश्वरि त्रैपुरि त्वां
शिवाङ्कोपरिस्थां शिवां भावयामि ॥ ११ ॥

गणेशाभिमुख्य-अखिलैः - ગણેશ જેમાં મુખ્ય છે તેવા અખિલ शक्तिवृन्दैः - શક્તિરૂપ દેવસમૂહોથી વીંટળાયેલાં स्फुरच्चक्रराजोल्लसन्तीं - ચક્રવર્તિ સ્વામિની હોય તેમ પ્રકાશતી, राजराजेश्वरि - હે રાજરાજેશ્વરી ! त्रिपुरे - ત્રિપુરા, शिवाङ्कोपरिस्थाम् - શિવની ગોદમાં બેઠેલાં परां - પરા શક્તિ, शिवां - શિવા એવાં, त्वाम् - તમારું, भावयामि - હું અર્ચન કરું છું.

હે રાજરાજેશ્વરી ત્રિપુરા ! ગણેશ જેમાં મુખ્ય છે તેવા શક્તિરૂપી દેવોથી વીંટળાયેલાં તમે જાણે કે ચક્રવર્તિ સ્વામિની હોય તેવાં લાગો છો. શિવના અંકની ઉપર બિરાજતાં હે પરાશક્તિ શિવા ! હું તમારું અર્ચન કરું છું ! (૧૧)

त्वमर्कस्त्वमिन्दुस्त्वमग्निस्त्वमाप-
स्त्वमाकाशभूवायवस्त्वं महत्त्वम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्वदन्यो न कश्चित्प्रपञ्चोऽस्ति सर्वं
त्वमानन्दसंवित्सरूपां भजेऽहम् ॥ १२ ॥

त्वं - તમે, अर्कः - સૂર્ય છો, त्वं - તમે, इन्दुः - ચન્દ્ર છો; त्वं - તમે, अग्निः - અગ્નિ છો, त्वं - તમે, आपः - જળ છો, त्वं - તમે, आकाश-भू-वायवः - આકાશ, પૃથ્વી અને વાયુ છો, त्वं - તમે, महत्त्वं - મહત્ તત્ત્વ છો. त्वदन्यो - તમારા સિવાય બીજો કોઈ, प्रपञ्चः - સંસાર-સૃષ્ટિસર્ગ नास्ति - નથી, सर्वं - તમે, જ સર્વ કાંઈ છો त्वं - તમે, आनन्द संवित् स्वरूपां - તમે (જ) આનંદ અને જ્ઞાન સ્વરૂપા છો. આવાં તમને अहं - હું, भजे - ભજું છું.

હે મા ! તમે સૂર્ય છો, તમે ચંદ્ર છો, તમે અગ્નિ છો અને તમે જ જળ છો. તમે આકાશ, પૃથ્વી અને વાયુ છો અને તમે જ મહત્-તત્ત્વ છો. આ સઘળો સૃષ્ટિપ્રપંચ (સર્જન વ્યાપાર) તમારાથી જૂદો નથી. (તમે જ સર્વ કાંઈ છો). તમે આનંદ અને જ્ઞાનસ્વરૂપા છો. આવાં (પરમશક્તિ રૂપા) તમને હું ભજું છું. (૧૨)

श्रुतीनामगम्ये सुवेदागमज्ञा
महिम्नो न जानन्ति पारं तवाम्ब ।
स्तुतिं कर्तुमिच्छामि ते त्वं भवानि
श्रमस्वेदमत्र प्रमुग्धः किलाहम् ॥ १३ ॥

(હે માતા !) श्रुतीनां - શ્રુતિઓ માટે, अगम्ये - અગમ્ય, એવાં તમે सुवेदागमज्ञा - વેદ અને આગમોના જ્ઞાતાઓ પણ, अम्ब - હે માતા ! तव - તમારા, महिम्नः - મહિમાનો, पारं - પાર, न - નથી जानन्ति - પામી શકતા, अत्र - અને અહીં (હે) भवानि - હે ભવાની ! श्रमस्वेदं - (તમને જાણવાનો અશક્ય) શ્રમ કરીને પરસેવો (વળી જાય એવી ચેષ્ટા કરતો) હું, त्वं - તમે આવાં મહાન છો છતાં, (તે) તમારી स्तुतिं - સ્તુતિ, कर्तुं - કરવાની, इच्छामि - ઇચ્છા કરું છું. किल - ખરેખર, अहं - હું, प्रमुग्धः - મહામૂઢ છું.

હે શ્રુતિઓ માટે પણ અગમ્યા માતા ! વેદ અને આગમના જાણકારો પણ તમારા મહિમાનો પાર પામી શક્યા નથી અને આવાં તમને જાણવાનો મેં પરસેવો પડે તેટલો પરિશ્રમ કર્યો ! અને તમારી સ્તુતિ કરવાની ઈચ્છા રાખીઃ હે ભવાની ! હું ખરેખર મહામૂઢ છું. (૧૩)

गुरुस्त्वं शिवस्त्वं च शक्तिस्त्वमेव
त्वमेवासि माता पिता च त्वमेव ।
त्वमेवासि विद्या त्वमेवासि बन्धु-
र्गतिर्मे मतिर्देवि सर्वं त्वमेव ॥ १४ ॥

त्वं - તમે, गुरुः - ગુરુ છો, त्वं - તમે, शिवः - શિવ છો, च - અને, त्वं - તમે, एव - જ, शक्तिः - શક્તિ છો. त्वं - તમે, एव - જ, माता - માતા, असि - છો, च - અને, पिता - પિતા પણ, त्वं - તમે, एव - જ છો, त्वं - તું एव - જ, विद्या - વિદ્યા, असि - છો, त्वं - તમે, एव - જ, बन्धुः - બન્ધુ असि - છો. (હે) देवि - હે દેવી ! मे - મારી, गतिः - ગતિ અને, मतिः - મતિ એ, सर्वं - સર્વ કાંઈ त्वं - તમે, एव - જ છો.

તમે ગુરુ છો, શિવ પણ તમે છો અને શક્તિ પણ તમે જ છો, તમે જ માતા છો અને પિતા પણ તમે જ છો, તમે જ વિદ્યા છો અને તમે જ બન્ધું છો. હે દેવી ! તમે જ મારી ગતિ, મતિ અને સર્વ કાંઈ કેવળ તમે જ છો.

शरण्ये वरेण्ये सुकारुण्यमूर्ते
हिरण्योदराद्यैरगण्ये सुपुण्ये ।
भवारण्यभीतेश्च मां पाहि भद्रे
नमस्ते नमस्ते नमस्ते भवानि ॥ १५ ॥

(હે) शरण्ये - હે શરણયોગ્ય અને वरेण्ये - શ્રેષ્ઠ, सुकारुण्यमूर्ते મહાન કરુણામૂર્તિ મા ! हिरण्योदराद्यैः - હિરણ્યગર્ભ આદિ દેવો પણ अगण्ये - જેનો પાર પામી શકતા નથી તેવાં, भद्रे - હે કલ્યાણી ! भवारण्य-भीतेः - આ ભવારણ્યના ભયમાંથી, मां - મારું पाहि - રક્ષણ કરો. (હે) भवानि - ભવાની ! नमस्ते - તમને નમસ્કાર, नमस्ते - તમને નમસ્કાર, नमस्ते - નમસ્કાર છે !

હે શરણ પામવા યોગ્ય અને શ્રેષ્ઠ મહાન કરુણામૂર્તિ માતા ! હિરણ્યગર્ભ આદિ દેવો પણ જેનો પાર પામી શકતા નથી એવાં હે કલ્યાણી ! આ ભવરૂપી જંગલના ભયમાં મારું રક્ષણ કરો. હે ભવાનિ ! તમને નમસ્કાર છે, નમસ્કાર છે, અને વળી નમસ્કાર છે ! (૧૫)

इतीमां महच्छ्रीभवानीभुजङ्गं
स्तुतिं यः पठेद्भक्तियुक्तश्च तस्मै ।
स्वकीयं पदं शाश्वतं वेदसारं
श्रियं चाष्टसिद्धिं भवानी ददाति ॥ १६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति - આ પ્રમાણે (ઉપર કરેલ), महत्-श्री-भवानी भुजङ्गम् - 'ભવાનીભુજંગ' એવા આ મહાસ્તોત્ર રૂપે કરેલી, इमां - આ સ્તુતિનો, यः - જે મનુષ્ય, भक्तियुक्तः - ભક્તિભાવે पठेत् - પાઠ કરે છે, तस्मै - તેને, भवानी - શ્રીભવાની, स्वकीयं - પોતાનું, शाश्वतं - શાશ્વત, पदं - પદ, वेदसारं - વેદજ્ઞાન, श्रियः - લક્ષ્મી, च - અને, अष्टसिद्धिं - અષ્ટસિદ્ધિ ददाति - આપે છે.

આ પ્રમાણે, 'ભવાનીભુજંગ' સ્તોત્ર એવાં આ મહાસ્તોત્રથી જે મનુષ્ય ભક્તિભાવથી માતાની સ્તુતિ કરે છે, તેને શ્રીભવાની પોતાનું શાશ્વતપદ, વેદજ્ઞાન, લક્ષ્મી અને અષ્ટસિદ્ધિ આપે છે. (૧૬)

भवानी भवानी भवानी त्रिवार-
मुदारं मुदा सर्वदा ये जपन्ति ।
न शोकं न मोहं न पापं न भीतिः
कदाचित्कथंचित्कुतश्चिज्जनानाम् ॥ १७ ॥

भवानी भवानी भवानी - 'ભવાની, ભવાની, ભવાની' એમ त्रिवारं - ત્રણ વાર, उदारं - આ પવિત્ર નામનો, ये - જે મનુષ્યો सर्वदा - નિત્ય, मुदा - આનંદપૂર્વક, जपन्ति - જપ કરે છે, તેવા जनानां - મનુષ્યોને, कदाचित् - અને કોઈ પણ પરિબળથી, शोकं - શોક, न - થતો નથી, न - કે નથી થતો मोहः - મોહ, पापं - પાપ પણ, न - નથી લાગતું કે, न - નથી લાગતો, भीतिः - ભય.

જે મનુષ્યો 'ભવાની, ભવાની, ભવાની' એમ ત્રણ વાર આ પવિત્ર નામનો નિત્ય આનંદપૂર્વક જપ કરે છે, તેવા મનુષ્યોને કદિ પણ, કોઈ પણ રીતે કે કોઈ પણ પરિબળથી શોક થતો નથી કે નથી થતો મોહ પણ, એમને નથી લાગતું પાપ કે ભય પણ લાગતો નથી. (૧૭)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''भवानीभुजङ्गम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''ભવાનીભુજઙ્ગમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ मन्त्रमातृकापुष्पमालास्तवः ॥

कल्लोलोल्लसितामृताब्धिलहरीमध्ये विराजन्मणि-
द्वीपे कल्पकवाटिकापरिवृते कादम्बवाटयुज्ज्वले ।
रत्नस्तम्भसहस्रनिर्मितसभामध्ये विमानोत्तमे
चिन्तारत्नविनिर्मितं जननि ते सिंहासनं भावये ॥ १ ॥

कल्लोल-उल्लसित-अमृत-अब्धि-लहरी-मध्ये - તરંગોથી ઊછળતા અમૃતસાગરની લહરો વચ્ચે, कल्पक-वाटिका-परिवृत्ते - કલ્પવૃક્ષોની વાટિકાથી આવૃત, कदम्ब-वाटि-उज्ज्वले - કદંબનાં ઉદ્યાનોથી ઉજ્જ્વલ, मणिद्वीपे - મણિદ્વીપમાં, रत्नस्तम्भसहस्र-निर्मित-सभामध्ये - રત્નજડ્યા હજારો સ્તંભોથી નિર્મિત સભાની મધ્યે, विमानोत्तमे - ઉત્તમ મહાલયમાં विराजत् - વિરાજતાં તે - તમારા, सिंहासनं - સિંહાસનનું, हे जननि - હે માતા ! भावये - હું ધ્યાન ધરું છું.

હે જનની ! તરંગોથી ઊછળતા અમૃતસાગરની લહરો વચ્ચે, કલ્પવૃક્ષોની વાટિકાથી વીંટળાયેલાં અને કદંબવૃક્ષોનાં ઉદ્યાનોથી ઉજ્જ્વલ એવાં મણિદ્વીપમાં રત્નજડ્યા હજારો સ્તંભોથી નિર્મિત સભાની મધ્યમાં આવેલા ઉત્તમ મહાલયમાં વિરાજતાં ચિન્તામણિથી વિરચિત આપનાં સિંહાસનનું હું ધ્યાન ધરું છું. (૧)

एणाङ्कानलभानुमण्डललसच्छ्रीचक्रमध्ये स्थितां
बालार्कद्युतिभासुरां करतलैः पाशाङ्कुशौ बिभ्रतीम् ।
चापं बाणमपि प्रसन्नवदनां कौसुम्भवस्त्रान्वितां
तां त्वां चन्द्रकलावतंसमुकुटां चारुस्मितां भावये ॥ २ ॥

एणाङ्क-अनल-भानुमण्डल-लसत्-श्रीचक्रमध्ये - ચંદ્ર, અગ્નિ અને સૂર્યમંડલથી શોભતાં શ્રીચક્રની મધ્યમાં स्थितां - બિરાજતાં, बालार्क-द्युति-भासुरां - બાલ સૂર્યની કાન્તિ જેવાં ઉજ્જ્વલ, करतले - (ચારેય) હાથમાં પાશ-अङ्कुशौ - પાશ, અંકુશ, चापं - ધનુષ્ય बाणमपि - અને બાણને પણ बिभ्रतीं - ધારણ કરતાં, कौसुम्भवस्त्रान्वितां - કસુંબલવસ્ત્ર ધારણ કરતાં, चन्द्रकला-अवतंस-मुकुटां - ચન્દ્રકલારૂપી આભૂષણથી યુક્ત મુગટવાળા, चारु-स्मितां - મનોહર સ્મિતવાળાં प्रसन्न-वदनां - પ્રસન્ન વદનવાળાં तां त्वां - એવાં તમારું भावये - ધ્યાન ધરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હે માતા !) આપ ચંદ્ર, અગ્નિ અને સૂર્યમંડલથી શોભતા શ્રીચક્રની મધ્યે બિરાજી રહ્યાં છો અને બાલ સૂર્યની કાંતિ જેવાં ઉજ્જવલ લાગો છો. આપે આપના (ચારેય) હાથમાં પાશ, અંકુશ, ધનુષ્ય અને બાણને પણ ધારણ કર્યાં છે. આપે કસુંબલ વસ્ત્ર પહેર્યાં છે અને ચન્દ્રકલારૂપી આભૂષણવાળો મુગટ ધર્યો છે. એવાં સુચારુ સ્મિત અને પ્રસન્ન વદનવાળા આપનું હું ધ્યાન ધરું છું. (૨)

ईशानादिपदं शिवैकफलदं रत्नासनं ते शुभं
पाद्यं कुङ्कुमचन्दनादिभरितैरर्घ्यं सरत्नाक्षतैः ।
शुद्धैराचमनीयकं तव जलैर्भक्त्या मया कल्पितं
कारुण्यामृतवारिधे तदखिलं संतुष्टये कल्पताम् ॥ ३ ॥

ईशानादिपदम् - ઈશાન (શિવ) વગેરે દેવોના પાયાવાળું शिवैक-फलदम् - કેવલ કલ્યાણરૂપી ફળ આપનારું, ते - આપનું शुभं - શુભ रत्नासनम् - રત્નજડિત આસન છે (એમ હું મનમાં કલ્પું છું). कुङ्कुमचन्दनादि-भरितैः - કુંકુમ, ચંદન વગેરેથી સભર पाद्यम् - પાદ્ય છે. रत्नाक्षतैः - રત્ન સહિત અક્ષતથી अर्घ्यं - અર્ધ્ય છે. અને शुद्धैः - શુદ્ધ जलैः - જળથી तव - આપના માટે आचमनीयम् - આચમન भक्त्या - ભક્તિભાવે मया कल्पितम् - હું કલ્પું છું હે कारुण्य-अमृत-वारिधे - હે કરુણામૃતના સાગર એવાં માતા ! तदखिलं - આ બધું તે - આપના संतुष्टये - સંતોષ માટે कल्पताम् - સ્વીકારો.

(હે મા ! હું આપની માનસપૂજા કરુ છું અને એ રીતે) ઈશાન (શિવ) વગેરે દેવો રૂપી પાયાવાળું તથા કેવલ કલ્યાણરૂપી ફળ આપનારું એવું આપનું શુભ રત્નજડિત આસન હું કલ્પું છું. વળી, કલ્પું છું કે કુંકુમ-ચંદન વગેરેથી સભર એવું આપનું પાદ્ય છે. રત્ન સહિત અક્ષત(ચોખા)નો અર્ધ્ય છે. અને શુદ્ધ જળથી હું ભક્તિભાવે આપના માટેનું આચમન કલ્પું છું. હે કરુણાના સાગર એવાં માતા ! આ સર્વ કાંઈ, સંતોષ માટે સ્વીકારો. (૩)

लक्ष्ये योगिजनस्य रक्षितजगज्जाले विशालेक्षणे
प्रालेयाम्बुपटीरकुङ्कुमलसत्कर्पूरमिश्रोदकैः ।
गोक्षीरैरपि नारिकेलसलिलैः शुद्धोदकैर्मन्त्रितैः
स्नानं देवि धिया मयैतदखिलं संतुष्टये कल्पताम् ॥ ४ ॥

योगिजनस्य - (હે) યોગીજનોનું लक्ष्ये - લક્ષ્ય ! रक्षित-जगज्जाले - (સકલ) જગતનાં રક્ષક ! विशालेक्षणे - વિશાલાક્ષી ! प्रालेय-अम्बु-पटीर-कुङ्कुम-लसत्-कर्पूरमिश्र-उदकैः - હિમજલ, ચંદન અને કંકુથી શોભતાં કપૂરમિશ્રિત જલ વડે, गोक्षीरैः - ગાયનાં દૂધથી, नारिकेलसलिलैः - શ્રીફલ-જળથી, मंत्रितैः शुद्ध-उदकैः - સમંત્ર શુદ્ધ જળથી, मया - મેં एतद् - આ अखिलं - સંપૂર્ણ स्नानं - સ્નાન हे देवि - હે દેવી ! धिया - માનસિક રીતે (આપ્યું છે તે) संतुष्टये - સંતોષપૂર્વક कल्पताम् - સ્વીકારો.

હે યોગીજનોનું લક્ષ્ય એવાં મા ! હે સકલ જગતનું પાલન કરનારાં ! હે વિશાલાક્ષી ! હિમજલ, ચંદન અને કંકુથી શોભતાં કપૂરમિશ્રિતજળથી, ગાયનાં દૂધથી, શ્રીફળ-જળથી અને મંત્રપૂત -શુદ્ધ જળથી હું આપને માનસિક સ્નાન કરાવું છું. તે હે દેવી ! આપ સંતુષ્ટ થઈને સ્વીકારો. (૪)

ह्रींकाराङ्कितमन्त्रलक्षिततनो हेमाचलात्संचितै
रत्नैरुज्ज्वलमुत्तरीयसहितं कौसुम्भवर्णांशुकम् ।
मुक्तासंततियज्ञसूत्रममलं सौवर्णतन्तूद्भवं
दत्तं देवि धिया मयैतदखिलं संतुष्टये कल्पताम् ॥ ५ ॥

ह्रींकार-अङ्कित-मन्त्र-लक्षित-तनो देवि - હ્રીંકારથી અંકિત મંત્ર વડે ઉદ્દિષ્ટ કાયાવાળાં હે દેવી ! हिमाचलात् - હિમાલયમાંથી सञ्चितैः - એકત્ર કરાયેલાં रत्नैः - રત્નોથી उज्ज्वलं - ઉજ્જવળ, उत्तरीय-सहितं - ઉત્તરીય વસ્ત્ર સાથે कौसुम्भवर्ण-अंशुकं - કસુંબલ વર્ણનું વસ્ત્ર, अमलं - નિર્મળ, सौवर्ण-तन्तूद्भवं - સુવર્ણતારથી રચિત, मुक्ता-सन्तति-यज्ञसूत्रं - મોતીની માળાનું યજ્ઞોપવીત मया - મેં धिया - મનથી दत्तं - અર્પેલું एतद् अखिलं - એ સર્વ सन्तुष्टये - સંતોષપૂર્વક कल्पताम् - સ્વીકારો.

હ્રીંકારથી અંકિત મંત્ર વડે ઉદ્દિષ્ટ કાયાવાળાં હે દેવી ! હિમાલયમાંથી એકત્ર કરાયેલાં રત્નોથી ઉજ્જવળ એવું ઉત્તરીય વસ્ત્ર તથા (બીજું) કસુંબલ રંગનું વસ્ત્ર અને સુવર્ણતારથી રચિત, મોતીઓની માળાઓથી ગૂંથાયેલું નિર્મળ યજ્ઞોપવીત, આ સઘળું હું મારાં મનથી આપને સમર્પું છું, તેનો આપ સંતોષપૂર્વક સ્વીકાર કરો. (૫)

हंसैरप्यतिलोभनीयगमने हारावलीमुज्ज्वलां
हिन्दोलद्युतिहीरपूरिततरे हेमाङ्गदे कङ्कणे ।
मञ्जीरौ मणिकुण्डले मुकुटमप्यर्धेन्दुचूडामणिं
नासामौक्तिकमङ्गुलीयकटकौ काञ्चीमपि स्वीकुरु ॥ ६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हंसैः अपि अतिलोभनीय-गमने - હે હંસોને માટે પણ અત્યન્ત લોભાવનાર ગતિવાળાં (માતા) ! उज्ज्वलाम् - ઉજ્જ્વલ हारावलीम् - અનેક માળાઓ, हिन्दोल-द्युति-हीर-पूरित-तरे - હિંડોળાના ચમકારા મારતા હીરામઢ્યા हेमाङ्गद - સોનાના બાજુબંધ कङ्कणे - અને કંકણ, मञ्जीरौ - નૂપુરો, मणिकुण्डले - મણિજડિત કુંડલ, मुकुटं - મુગટ अपि - અને अर्धेन्दु-चूडामणिं - બાલચંદ્રરૂપી ચૂડામણિ, नासा-मौक्तिकं - નાકમાં મોતીની નથ, अङ्गुलीय-कटकौ - વીંટી અને કડાં काञ्चीम् अपि - અને મેખલા स्वीकुरु - સ્વીકાર કરો.

હે હંસોને માટે પણ અત્યંત લોભાવનાર ગતિવાળાં માતા ! અનેક ઉજ્જવલ હાર, હિંડોળાના (ચાલવાથી) ઝગારા મારતા હીરામઢ્યાં સુવર્ણ બાજુબંધ અને કંકણ, નૂપુરો, મણિજડિત કુંડલો, મુગટ તથા બાલચંદ્રરૂપી ચૂડામણિ, નાકમાં મોતીની નથ, વીંટી અને કડાં તથા મેખલા(આ સર્વ)નો સ્વીકાર કરો. (૬)

सर्वाङ्गे घनसारकुङ्कुमघनश्रीगन्धपङ्काङ्कितं
कस्तूरीतिलकं च फालफलके गोरोचनापत्रकम् ।
गण्डादर्शनमण्डले नयनयोर्दिव्याञ्जनं तेऽञ्चितं
कण्ठाब्जे मृगनाभिपङ्कममलं त्वत्प्रीतये कल्पताम् ॥ ७ ॥

सर्वाङ्गे - અંગે અંગમાં घनसार-कुङ्कुम-घनश्रीगन्ध-पङ्काङ्कितम् - કપૂર, કંકુ અને ઘાટા ચંદનના લેપનો અંગરાગ, फालफलके - ભાલપ્રદેશમાં कस्तूरी-तिलकं - કસ્તૂરીનું તિલક, गण्डादर्शनमण्डले - ગાલ રૂપી ગોલાકાર દર્પણ ઉપર गोरोचना-पत्रकम् - ગોરોચનની પત્રરેખા, ते - આપનાં नयनयोः - બન્ને નેત્રોમાં दिव्याञ्जनम् - દિવ્ય અંજન अग्नि-अञ्चितम् - આંજેલું છે. कण्ठाब्जे - કમળ શા કંઠમાં अमलं - નિર્મળ, मृगनाभि-पङ्कम् - કસ્તૂરીનો લેપ છે. (તે બધું) त्वत्प्रीतये - આપની પ્રસન્નતા માટે कल्पताम् - સ્વીકારો.

(હે દેવી !) અંગેઅંગમાં કપૂર, કંકુ અને ઘાટા ચંદનના લેપનો અંગરાગ; ભાલપ્રદેશે કસ્તૂરીનું તિલક; ગાલરૂપી સુગોળ દર્પણ ઉપર ગોરોચનની પત્રરેખા; અને આપનાં બન્ને નયનોમાં આંજેલું દિવ્ય કાજલ; તથા કમળ શા કંઠે નિર્મલ કસ્તૂરીલેપ - (મારાં મનથી આપને સમર્પિત કરાયેલ આ બધું) આપની પ્રસન્નતા માટે સ્વીકારો. (૭)

कह्लारोत्पलमल्लिकामरुवकैः सौवर्णपङ्केरुहै-
र्जातीचम्पकमालतीबकुलकैर्मन्दारकुन्दादिभिः ।
केतक्या करवीरकैर्बहुविधैः क्लृप्ताः स्रजो मालिकाः
संकल्पेन समर्पयामि वरदे संतुष्टये गृह्यताम् ॥ ८ ॥

कल्हार-उत्पल-मल्लिका-मरुवकैः - શ્વેતકમલ, નીલકમલ, ચમેલી અને મરવો, सौवर्ण-पङ्केरुहैः - સુવર્ણકમલ जाती-चम्पक-मालती-बकुलकैः - જૂઈ, ચંપો, માલતી, બોરસલી, मन्दार-कुन्दादिभिः - મન્દાર અને મોગરો केतक्या - કેવડો, बहुविधैः-करवीरकैः - જાત જાતનાં કરેણપુષ્પોથી, क्लृप्ताः - તૈયાર કરેલ, स्रजः - સેર मालिकाः - માળાઓ हे वरदे - હે વરદાયિની ! सङ्कल्पेन समर्पयामि - માનસિક રીતે, સમર્પણ કરું છું ते संतुष्टये - સંતોષ માટે, गृह्यताम् - સ્વીકારો.

હે વરદાયિની (માતા) ! શ્વેતકમલ અને નીલકમલ, ચમેલી અને મરવાનાં ફૂલ, સોનકમલ, જૂઈ, ચંપો, માલતી, બોરસલી, મંદાર, મોગરો, કેવડો અને જાતજાતનાં કરેણ પુષ્પોની ગૂંથેલી સેરવાળી માળાઓ, - આ બધું માનસિક સંકલ્પથી આપના સંતોષ માટે સમર્પિત કરું છું, એનો સ્વીકાર કરો. (૮)

हन्तारं मदनस्य नन्दयसि यैरङ्गैरनङ्गोज्ज्वलै-
र्यैर्भृङ्गावलिनीलकुन्तलभरैर्बध्नासि तस्याशयम् ।
तानीमानि तवाम्ब कोमलतराण्यामोदलीलागृहा-
ण्यामोदाय दशाङ्गगुग्गुलुघृतैर्धूपैरहं धूपये ॥ ९ ॥

यैः अनङ्गोज्ज्वलैः अङ्गैः - અનંગથી પણ ઊજળાં જે અંગો વડે मदनस्य हन्तारं - અનંગના સંહારક(શિવ)ને नन्दयसि - આનંદિત કરો છો. यैः - જે, भृङ्गावलि-नील-कुन्तल-भरैः - ભ્રમરવૃન્દ સમાન નીલ વાંકડિયા કેશપાશથી तस्य आशयं - તે (શિવ)ના મનને, बध्नासि - બાંધો છો. हे अम्ब - હે મા ! तानि इमानि - તે આ, तव - આપના कोमलतराणि - અતિશય કોમળ, आमोद-लीलागृहाणि - સુગંધનાં લીલાગૃહ સમાન (કેશને) दशाङ्ग-गुग्गुलु-घृतैः धूपैः - દશાંગ, ગુગળ અને ઘીવાળા ધૂપોથી आमोदाय - સુગંધ માટે अहं धूपये - (તેમનો) હું ધૂપ કરું છું.

અનંગથી પણ ઊજળાં જે અંગો વડે આપ અનંગના સંહારક એવા શિવને આનંદ પમાડો છો, અને જે ભ્રમરવૃંદ સમાન નીલ વાંકડિયા કેશપાશથી તે શિવનાં ચિત્તને બાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લો છો, તે આપના આ કેશ અતિશય સુકુમાર એવા સુગંધનાં લીલાગૃહ છે. તેમને સુવાસિત કરવા હું દશાંગ, ગુગળ અને ઘીનો ધૂપ કરું છું. (૯)

लक्ष्मीमुज्ज्वलयामि रत्ननिवहोद्भास्वत्तरे मन्दिरे
मालारूपविलम्बितैर्मणिमयस्तम्भेषु संभावितैः ।
चित्रैर्हाटकपुत्रिकाकरधृतैर्गव्यैर्घृतैर्वर्धितै-
र्दिव्यैर्दीपगणैर्धिया गिरिसुते संतुष्टये कल्पताम् ॥ १० ॥

रत्ननिवह-उद्भास्वत्तरे - રત્નોના સમૂહથી અત્યન્ત ઝળહળતાં, मन्दिरे - મંદિરમાં, (હું) लक्ष्मीम् उज्ज्वलयामि - શોભાને વધારું છું. मणिमयस्तम्भेषु - (તે મંદિરના) મણિમય થાંભલા ઉપર संभावितैः - કલ્પિત, मालारूप-विलम्बितैः - સાંકળરૂપે લટકતા चित्रैः - અદ્દ્ભુત हाटकपुत्रिका-करधृतैः - સોનાની પુતળીઓના હાથમાં ધારણ કરાયેલા (અને) गव्यैः घृतैः वर्धितैः - ગાયનાં ઘીથી ભરેલા. दिव्यैः दीपगणैः- દિવ્ય દીપગણોથી हे गिरिसुते - હે પર્વતપુત્રી ! धिया - માનસિક રીતે सन्तुष्टये कल्पताम् - આપના સંતોષ માટે સ્વીકારો.

રત્નસમૂહોથી અત્યંત ઝળહળતાં મંદિરની શોભામાં (માનસિક શણગાર વડે) હું વૃદ્ધિ કરું છું: (આ મંદિરના) મણિમય સ્થંભો પરથી કલ્પિત સાંકળરૂપે (નીચે) લટકતી સુવર્ણપુતળીઓના હાથમાં ધારણ કરાયેલ અને ગાયનું ઘી પૂરેલા અદ્ભુત દિવ્ય દીપસમૂહો હું મનથી (કલ્પી) સમર્પું છું. તો હે ગિરિસુતા ! આપ સંતોષપૂર્વક તેમને ગ્રહણ કરો. (૧૦)

ह्रींकारेश्वरि तप्तहाटककृतैः स्थालीसहस्रैर्भृतं
दिव्यान्नं घृतसूपशाकभरितं चित्रान्नभेदं तथा ।
दुग्धान्नं मधुशर्करादधियुतं माणिक्यपात्रे स्थितं
माषापूपसहस्रमम्ब सफलं नैवेद्यमावेदये ॥ ११ ॥

हे ह्रींकारेश्वरि ! - હે હ્રીંકારેશ્વરી ! तप्त-हाटक-कृतैः - તપાવેલ સોનાની બનાવેલી स्थालीसहस्रैःभृतं - હજારો થાળીઓમાં ભરેલાં दिव्यान्नम् - દિવ્ય અન્ન, (અને) घृत-सूप-शाक-भरितम् - ઘી, દાળ અને શાકથી ભરેલ चित्रान्नभेदम् - વિવિધ પ્રકારનાં અન્ન, (અને), माणिक्यपात्रे स्थितम् - મણિમય પાત્રમાં રહેલું मधु-शर्करा-दधियुतम् - મધ, સાકર અને દહીં મેળવેલું दुग्धान्नम् - દુગ્ધાન્ન, (પંચામૃત), (અને) माषापूप-सहस्रम् - અડદના હજારો વડાં, हे अम्ब, હે મા सफलं - ફળ સાથે नैवेद्यम् - નૈવેદ્યરૂપે आवेदये - હું અર્પણ કરું છું.

હે હ્રીંકારેશ્વરી ! તપ્તકાંચનની હજારો થાળીઓમાં દિવ્ય અન્ન સજાવીને ભર્યું છે. તેમાં ઘી, દાળ અને શાકથી ભરપૂર જાત જાતની ખાદ્ય સામગ્રી છે. વળી, માણેકમઢ્યાં પાત્રોમાં મધ, સાકર અને દહીંથી મિશ્રિત (પંચામૃત રૂપે) દુગ્ધાન્ન રાખ્યું છે, તથા અડદનાં હજારો વડાં છે. ફળની સાથે આ બધું નૈવેદ્યરૂપે હે અમ્બા ! હું આપને અર્પણ કરું છું. (૧૧)

सच्छायैर्वरकेतकीदलरुचा ताम्बूलवल्लीदलैः
पूगैर्भूरिगुणैः सुगन्धिमधुरैः कर्पूरखण्डोज्ज्वलैः ।
मुक्ताचूर्णविराजितैर्बहुविधैर्वक्त्राम्बुजामोदनैः
पूर्णा रत्नकलाचिका तव मुदे न्यस्ता पुरस्तादुमे ॥ १२ ॥

केतकीदलरुचा - કેવડિયાની કાન્તિ सच्छायैः - સુંદર શોભાવાળાં, पूगैः-સોપારી (અને) भूरि-गुणैः - અનેક ગુણ યુક્ત, सुगन्धि-मधुरैः - સુગંધમધુર, कर्पूर-खण्डोज्ज्वलैः - કપૂરના ટુકડાથી શોભતા, मुक्ताचूर्ण-विराजितैः - મોતીનાં ચૂર્ણથી ચમકતાં, बहुविधैः - અનેક પ્રકારના वक्त्राम्बुजामोदनैः - મુખકમળને સુવાસિત કરતાં ताम्बूल-वल्लीदलैः - નાગરવેલનાં પાનથી पूर्णा - પૂર્ણ ભરેલું, रत्न-कलाचिकाः - રત્નમય તાંબૂલપાત્ર हे उमे - હે ઉમા ! तव मुदे - આપના આનંદ ખાતર पुरस्ताद् - આપની સમીપે न्यस्ता - મૂકેલ છે.

હે ઉમા ! કેવડિયાની કાંતિથી સોહામણાં, સોપારી અને બહુવિધ ગુણોવાળાં સુગન્ધમધુર કપૂરના ટૂકડાથી મઘમઘતાં, મુક્તાચૂર્ણથી ચમકતાં અને મુખકમળને સુગંધથી ભરી દેતાં અનેક પ્રકારનાં નાગરવેલનાં પાનથી ભરેલાં રત્નજડિત તાંબુલપાત્રો આપની પ્રસન્નતા માટે આપની સમીપે મૂકયાં છે. (તે સ્વીકારો.) (૧૨)

कन्याभिः कमनीयकान्तिभिरलंकारामलारार्तिका-
पात्रे मौक्तिकचित्रपङ्क्तिविलसत्कर्पूरदीपालिभिः ।
तत्तत्तालमृदङ्गगीतसहितं नृत्यत्पदाम्भोरुहं
मन्त्राराधनपूर्वकं सुविहितं नीराजनं गृह्यताम् ॥ १३ ॥

अलङ्कार-अमल-आरार्तिकापात्रे - અલંકારોથી ઉજ્જ્વલ આરતીનાં પાત્રમાં मौक्तिक-चित्रपङ्क्तिविलसत्-कर्पूर-दीपालिभिः - મોતીની સુંદર હારથી શોભતી કપૂરની દીપમાલા વડે (અને) तत्तत्तालमृदङ्ग-गीत-सहितम् - તે તે તાલ, મૃદંગ અને ગીત સહિત, नृत्यत्पदाम्भोरुहम् - નર્તન કરતાં ચરણકમળો સાથે मन्त्र-आराधन-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पूर्वकम् - મંત્રારાધનાપૂર્વક कमनीय-कान्तिभिः कन्याभिः - રમણીય કાન્તિવાળી કન્યાઓ દ્વારા सुविहितम् - વિધિપૂર્વક કરાયેલ नीराजनं - આરતીનો गृह्यताम् - સ્વીકાર કરો.

(હે મા!) અલંકારોથી ઉજ્જવલ આરતી-પાત્રોમાં મોતીની રમણીય હારથી શોભતી કપૂરની દીપમાલાઓ છે. કમનીય સૌન્દર્યવાળી કન્યાઓ, અનુરૂપ જે, તે તાલ, મૃદંગ અને ગીત સાથે અને નર્તન કરતાં ચરણકમળો દ્વારા મંત્રારાધનપૂર્વક તથા વિધિપૂર્વક એ આરતી ઊતારી રહી છે, આપ એનો સ્વીકાર કરો. (૧૩)

लक्ष्मीर्मौक्तिकलक्षकल्पितसितच्छत्रं तु धत्ते रसा-
दिन्द्राणी च रतिश्च चामरवरे धत्ते स्वयं भारती ।
वीणामेणविलोचनाः सुमनसां नृत्यन्ति तद्रागव-
द्भावैराङ्गिकसात्त्विकैः स्फुटरसं मातस्तदाकर्ण्यताम् ॥ १४ ॥

मौक्तिक-लक्ष-कल्पित-सितच्छत्रम् लक्ष्मीः रसाद् आधत्ते - લાખો મોતીથી યુક્ત શ્વેત છત્ર, લક્ષ્મી, પ્રેમપૂર્વક ધારણ કરે છે. इन्द्रणी च रतिः च चामरवरे - ઈન્દ્રાણી અને રતિ, ઉત્તમ ચામરો (ઢોળે છે.) स्वयं भारती वीणां धत्ते - સરસ્વતી સ્વયં વીણા ધારણ કરે છે (વગાડે છે) सुमनसाम् एण-विलोचनाः नृत्यन्ति - દેવોની મૃગલોચની અંગનાઓ નૃત્ય કરે છે. एणः - મૃગ (અને) आङ्गिक सात्त्विकैः रागवद् स्फुटरसं तद् हे मातः आकर्ण्यताम् - આંગિક અને સાત્ત્વિક ભાવોથી રાગવાળું અને રસભીનું (ગીત) હે मातः હે મા! आकर्ण्यताम् - સાંભળો.

હે મા! (આપના ઉપર) લક્ષ્મી લાખો મોતીથી શોભતું શ્વેત છત્ર પ્રેમપૂર્વક ધરી રહી છે. ઈન્દ્રાણી અને રતિ આપને ચામર ઢોળી રહ્યાં છે. સરસ્વતી પોતે જ આપની સમક્ષ વીણાવાદન કરે છે. દેવોની મૃગલોચના અંગનાઓ અનુરૂપ રાગના સૂરે આંગિક અને સાત્ત્વિક ભાવો સાથે નૃત્ય કરી રહી છે. હે મા! આપ તે રસભીનું ગીત (પણ) સાંભળો. (૧૪)

ह्रींकारत्रयसंपुटेन मनुनोपास्ये त्रयीमौलिभि-
र्वाक्यैर्लक्ष्यतनो तव स्तुतिविधौ को वा क्षमेताम्बिके ।
सल्लापाः स्तुतयः प्रदक्षिणशतं संचार एवास्तु ते
संवेशो नमसः सहस्रमखिलां त्वत्प्रीतये कल्पताम् ॥ १५ ॥

ह्रींकार-त्रय-संपुटेन - ત્રણ હ્રીંકારના સંપુટયુક્ત, मनुना - મંત્ર વડે उपास्ये - ઉપાસનાયોગ્ય, त्रयी-मौलिभिः वाक्यैः - ત્રણેય વેદનાં ઉત્તમ વાક્યોનું लक्ष्यतनो - લક્ષ્ય બનનાર સ્વરૂપવાળાં હે अम्बिके - હે મા! तव स्तुतिविधौ - આપની સ્તુતિ કરવામા, कः वा क्षमेत - કોણ સમર્થ છે ? संलापाः ते स्तुतयः - અમારાં સંભાષણ આપની સ્તુતિ છે. संचारः - (અને) અમારો સંચાર, ते - આપની, प्रदक्षिणशतम् - સેંકડો પ્રદક્ષિણા, एव - જ अस्तु - બની રહો! (આપને કરેલા) संवेशः - અમારો વિશ્રામ, नमसः सहस्रम् - હજારો પ્રણામ છે. (અને) (एतद्) अखिलम् (આ) બધું त्वत्प्रीतये - આપની પ્રસન્નતા માટે कल्पताम् - સ્વીકારો.

ત્રણ હ્રીંકારના સંપુટવાળા મંત્ર વડે ઉપાસવા યોગ્ય અને ત્રણેય વેદનાં સર્વોત્તમ વાક્યોનું લક્ષ્ય બની રહેલાં સ્વરૂપવાળાં હે મા! આપની સ્તુતિ કરવા કોણ સમર્થ છે? (તેથી જ) અમારાં સંભાષણો જ આપની સ્તુતિ છે, અમારો સંચાર એ જ આપની સેંકડો પ્રદક્ષિણા બની રહો! અમારો વિશ્રામ જ આપને કરેલા હજારો પ્રણામ છે. હે મા! આ બધું જ આપ પ્રસન્નતાપૂર્વક સ્વીકારો. (૧૫)

श्रीमन्त्राक्षरमालया गिरिसुतां यः पूजयेच्चेतसा
संध्यासु प्रतिवासरं सुनियतस्तस्यामलं स्यान्मनः ।
चित्ताम्भोरुहमण्डपे गिरिसुता नृत्तं विधत्ते रसा-
द्वाणी वक्त्रसरोरुहे जलधिजा गेहे जगन्मङ्गला ॥ १६ ॥

चेतसा - (પોતાનાં) ચિત્ત વડે श्रीमन्त्राक्षरमालया - શ્રીમંત્રોની અક્ષરમાળા વડે गिरिसुताम् - પર્વતનાં પુત્રી (પાર્વતી)ને, संध्यासु - ત્રણેય સંધ્યાઓના સમયે प्रतिवासरम् - દરરોજ, यः - જે सुनियतः - સંયમપૂર્વક पूजयेत् - પૂજશે, तस्य मनः - તેનું મન, अमलं स्यात् - નિર્મલ થશે. (તેનાં) चित्त-अम्भोरुह-मण्डपे - ચિત્ત કમળરૂપી મંડપમાં, गिरिसुता - પાર્વતી रसात् - રસપૂર્વક नृत्तं विधत्ते - નૃત્ય કરે છે. वक्त्रसरोरुहे - (તેનાં) વદનકમળમાં वाणी - વાણી गेहं - ઘરમાં जगन्मङ्गला - જગતનું મંગલ કરનારાં, जलधिजा - લક્ષ્મી (નિવાસ) કરે છે. जलधिजा - લક્ષ્મી સમુદ્રમાંથી ઉત્પન્ન થઈ છે, તેથી તેને જલધિની પુત્રી કહે છે. जगन्मंगला - આ સમાસ વાણી અને લક્ષ્મી બન્નેને લાગુ પાડી શકાય.

જે કોઈ, પ્રતિદિન, ત્રણેય સંધ્યાઓના સમયે સંયમપૂર્વક અને એકાગ્ર ચિત્તે શ્રીમંત્રોની અક્ષરમાલા (એવાં આ સ્તોત્ર) વડે ગિરિસુતા પાર્વતીને પૂજે છે, તેનું મન નિર્મળ બને છે, તેનાં ચિત્તકમલરૂપી મંડપમાં શૈલપુત્રી પાર્વતી રસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વક નૃત્ય કરે છે, તેનાં મુખકમળમાં (મંગલ) વાણી અને ઘરમાં જગતનું મંગલ કરનારી લક્ષ્મી નિવાસ કરે છે. (૧૬)

इति गिरिवरपुत्रीपादराजीवभूषा
भुवनममलयन्ती सूक्तिसौरभ्यसारैः ।
शिवपदमकरन्दस्यन्दिनीयं निबद्धा
मदयतु कविभृङ्गान्मातृकापुष्पमाला ॥ १७ ॥

इति - આ પ્રમાણે ગિરિવરપુત્રી-પાદ-રાજીવભૂષા - પાર્વતીનાં ચરણકમલના અલંકારરૂપ (અને) सूक्ति-सौरभ्य-सारैः - સુગંધ સભર સૂક્તિઓના સારવાળી भुवनम् - ત્રણેય ભુવનને अमलयन्ती- પવિત્ર કરતી, (તથા) शिवपद- मकरन्द-स्यन्दिनी - શિવનાં ચરણની મધુ-સરિતા, निबद्धा - રચેલી, इयम् - આ मातृकापुष्पमाला - માતૃકા પુષ્પમાલા कविभृङ्गान् - कवि - ભ્રમરોને मदयतु - આનંદ આપો.

આ પ્રમાણે, પાર્વતીનાં ચરણકમલના અલંકારરૂપ અને સુગંધ -સભર સૂક્તિઓના સારવાળી, તથા ત્રણેય ભુવનને પવિત્ર કરતી, શિવચરણની મધુસરિતા એવી (શ્રી આદિ શંકરાચાર્યે) રચેલી આ 'માતૃકાપુષ્પમાલા' કવિભ્રમરોને આનંદ આપો. (૧૭)

इति ''मन्त्रमातृकापुष्पमालास्तवः'' संपूर्णः ॥
''મન્ત્રમાતૃકાપુષ્પમાલાસ્તવઃ'' સંપૂર્ણ.



॥ ॐ ॥

॥ लक्ष्मीनृसिंहकरुणारसस्तोत्रम् ॥

श्रीमतत्पयोनिधिनिकेतनचक्रपाणे
भोगीन्द्रभोगमणिराजितपुण्यमूर्ते ।
योगीश शाश्वत शरण्य भवाब्धिपोत
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १ ॥

(હે) श्रीमत्पयोनिधि-निकेतन-चक्रपाणे - લક્ષ્મીની સાથે હે ક્ષીરસાગર નિવાસી ચક્રપાણિ ! भोगीन्द्र-भोग-मणि-राजित-पुण्यमूर्ते - શેષનાગની ફેણના મણિથી પ્રકાશિત મંગલમૂર્તિ ! योगीश - યોગીશ ! शाश्वत - સદાકાળ ! शरण्य - શરણે થવા યોગ્ય ! भवाब्धि-पोत - સંસાર-સાગરમાં નૌકારૂપ ! लक्ष्मीनृसिंह - શ્રીલક્ષ્મીનૃસિંહ-પ્રભુ ! मम - મને करावलम्बम् - (આપના) હસ્તનો આધાર देहि - આપો !

લક્ષ્મીની સાથે ક્ષીરસાગરમાં નિવાસ કરતા હે ચક્રપાણિ ! શેષનાગની ફેણ પર રહેલા મણિથી પ્રકાશિત મંગલમૂર્તિ ! યોગીશ, ! સદાકાળ શરણે જવા યોગ્ય અને સંસાર સાગરમાં નૌકારૂપ શ્રીલક્ષ્મીનૃસિંહ-પ્રભુ ! મને આપના હસ્તનો આધાર આપો ! (૧)

ब्रह्मेन्द्ररुद्रमरुदर्ककिरीटकोटि-
संघट्टिताङ्घ्रिकमलामलकान्तिकान्त ।
लक्ष्मीलसत्कुचसरोरुहराजहंस
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ २ ॥

ब्रह्मा-इन्द्र-रुद्र-मरुत्-अर्क-किरीट-कोटि-संघट्टित-अङ्घ्रिकमल-अमल-कान्ति-कान्त - બ્રહ્મા, ઈન્દ્ર, રુદ્ર, મરુત્ અને સૂર્ય(વગેરે દેવો)ના મુકુટોના અગ્ર ભાગ વડે સેવાતાં નિર્મલ ચરણકમલની પ્રભાથી શોભતા હે પ્રભુ ! અને लक्ष्मी-लसत् - कुच-सरोरुह-राजहंस - લક્ષ્મીનાં સુંદર સ્તનકમલના હે રાજહંસ ! लक्ष्मीनृसिंह - હે લક્ષ્મી-નૃસિંહપ્રભુ ! मम - મને करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

બ્રહ્મા, ઈન્દ્ર, રુદ્ર, મરુત્, અને સૂર્ય વગેરે દેવોના મુકુટ આપનાં નિર્મળ ચરણકમલનું સેવન કરે છે, તેથી તેની પ્રભાથી દીપી રહેલા હે પ્રિય પ્રભુ ! અને લક્ષ્મીનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્તનકમળમાં રમતા રાજહંસ ! હે શ્રીલક્ષ્મીનૃસિંહ, દેવ ! મને આપના હસ્તનો ટેકો આપો ! (૨)

संसारदावदहनाकरभीकरोरु-
ज्वालावलीभिरतिदग्धतनूरुहस्य ।
त्वत्पादपद्मसरसीरुहमागतस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ३ ॥

संसार-दाव-दहन-आकर-भीकर-उरु-ज्वाला-वलीभिः - સંસારરૂપી દાવાનળની ઘુમરીઓ વડે ભય પમાડતી પ્રચંડ જ્વાલાઓથી अतिदग्ध-तनू-रुहस्य - જેનાં શરીરના રૂંવાડા દાઝી ગયા છે અને તેથી त्वत्पाद-पद्म-सरसीरुहं - જે આપનાં ચરણકમલરૂપી સરોજના (શરણે) आगतस्य - આવ્યો છે એવા मम - મને लक्ष्मीनृसिंह - હે શ્રી લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

સંસારરૂપી દાવાનળની આગઝરતી ઘુમરીઓની ભય પમાડતી જ્વાલાઓથી મારાં શરીરનું રૂંવેરૂંવું બળી રહ્યું છે. એની શાંતિ માટે હું આપનાં ચરણકમળ રૂપી સરોજનાં શરણે આવ્યો છું. હે શ્રીનૃસિંહપ્રભુ ! મને આપના હાથનો ટેકો આપો ! (૩)

संसारजालपतितस्य जगन्निवास
सर्वेन्द्रियार्थबडिशाग्रझषोपमस्य ।
प्रोत्कम्पितप्रचुरतालुकमस्तकस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ४ ॥

जगन्निवास - હે જગતનિવાસ ! संसार-जाल-पतितस्य - સંસારરૂપી જાળમાં ફસાયેલો હું सर्वेन्द्रियार्थ-बडिशाग्र-झष-उपमस्य - સર્વ ઈન્દ્રિયોના અર્થો(વિષયો)રૂપી ગલની અણીમાં ફસાયેલાં માછલાં જેવો છું, प्रोत्कम्पित-प्रचुर-तालुक-मस्तकस्य - તાળવું અને મસ્તક અત્યંત તડફડે છે. मम - આવા મને लक्ष्मी-नृसिंह - હે શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હાથનો ટેકો देहि - આપો !

હે જગન્નિવાસ ! ઈન્દ્રિયોના વિષયોરૂપી ગલ(કાંટા)ની અણીમાં ફસાયેલા માછલાં જેવો હું આ સંસારની જાળમાં ફસાયો છું અને તેથી મારું તાળવું અને મસ્તક અત્યંત તડફડે છે. આવા મને હે શ્રીલક્ષ્મીનૃસિંહપ્રભુ ! આપના હસ્તનો ટેકો આપો ! (૪)

संसारकूपमतिघोरमगाधमूलं
संप्राप्य दुःखशतसर्पसमाकुलस्य ।
दीनस्य देव कृपया पदमागतस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ५ ॥

अतिघोरं - અત્યંત ભયંકર અને अगाधमूलं - અગાધ તળિયાવાળા संसारकूपं - ભવકૂપમાં संप्राप्य - પડીને (ને પામીને) दुःख-शत-सर्प-समाकुलस्य - સેંકડો દુઃખરૂપી સર્પોથી હું વ્યાકુલ થઈ રહેલો છું. दीनस्य - દીન બની पदे - આપનાં ચરણોમાં आगतस्य - આવેલા मम - મને कृपया - કૃપા કરીને लक्ष्मी-नृसिंह - હે શ્રીલક્ષ્મીનૃસિંહ ! देव પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો.

અતિ ભયંકર અને અગાધ તળિયાવાળા સંસારકૂપમાં પડીને હું સેંકડો દુઃખરૂપી સર્પોથી વ્યાકુલ થઈ રહ્યો છું, તેથી દીન એવો હું આપનાં ચરણના શરણે આવ્યો છું. હે શ્રીલક્ષ્મીનૃસિંહ દેવ ! કૃપા કરી મને આપના હસ્તનો ટેકો આપો ! (૫)

संसारभीकरकरीन्द्रकराभिघात-
निष्पीड्यमानवपुषः सकलार्तिनाश ।
प्राणप्रयाणभवभीतिसमाकुलस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ६ ॥

संसार-भी-कर-करीन्द्र-कराभिघात-निष्पीड्यमान-वपुषः - સંસારરૂપી ભયપ્રદ ગજેન્દ્રની સૂંઢના પ્રહારથી પીડાતા દેહવાળા અને प्राण-प्रयाण-भव-भीति-समाकुलस्य - પ્રાણના પ્રયાણ સમયે સંસારભયથી વ્યાકુલ બની ઊઠેલા मम - મને (હે) सकल-आर्तिनाश - સકલ દુઃખોનો નાશ કરનાર ! लक्ष्मीनृसिंह - શ્રીલક્ષ્મી-નૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

હે સકલ દુઃખોના નાશ કરનાર શ્રીલક્ષ્મીપ્રભુ, સંસારરૂપી ભયપ્રદ ગજેન્દ્રની સૂંઢના પ્રહારથી પીડાતા દેહવાળા અને પ્રાણપ્રયાણ સમયે સંસારભયથી વ્યાકુલ બની ઊઠેલા મને આપના હસ્તનો ટેકો આપો ! (૬)

संसारसर्पविषदिग्धमहोग्रतीव्र-
दंष्ट्राग्रकोटिपरिदष्टविनष्टमूर्तेः ।
नागारिवाहन सुधाब्धिनिवास शौरे
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संसार-सर्प-विष-दिग्ध-महोग्र-तीव्रदंष्ट्राग्र-कोटि-परिदष्ट-विनष्ट-मूर्तेः - સંસારરૂપી સર્પની વિષદાહ ભરેલી પ્રચંડ અને અતિ ઉગ્ર એવી દાઢના અગ્ર ભાગથી દંશ પામતા નષ્ટ થઈ રહેલા શરીરવાળા એવા मम - મને (हे) नाग-अरि-वाहन - ગરુડવાહન, सुधाब्धिनिवास - સુધાસાગરમાં નિવાસ કરનાર लक्ष्मीनृसिंह - શ્રીલક્ષ્મીનૃસિંહ शौरे - વિષ્ણુ करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો ! नाग-अरि - નાગોનો શત્રુ, ગરુડ.

સંસારરૂપી સર્પની દાહક વિષની ભરેલી પ્રચંડ અને અતિ ઉગ્ર એવી કરોડો દાઢથી મારું શરીર નષ્ટ થઈ રહ્યું છે. એ સમયે હે ગરુડવાહન, સુધાસાગરવાસી શ્રીલક્ષ્મીનૃસિંહ વિષ્ણુ ભગવાન ! મને આપના હસ્તનો ટેકો આપો ! (૭)

संसारवृक्षमघबीजमनन्तकर्म-
शाखायुतं करणपत्रमनङ्गपुष्पम् ।
आरुह्य दुःखफलितं चकितं दयालो
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ८ ॥

अघबीजं - પાપરૂપી બીજવાળા अनन्त-कर्म-शाखायुतं - અનન્ત કર્મો રૂપી શાખાઓવાળા, करण-पत्रं - ઈન્દ્રિઓરૂપી પાંદડાવાળા अनङ्गपुष्पं - કામરૂપી પુષ્પવાળા અને दुःखफलितं - દુઃખરૂપી ફળવાળા આ चकितं - આશ્ચર્યકારક संसारवृक्षं - સંસારવૃક્ષ પર आरुह्य - ચડીને लक्ष्मीनृसिंह - હે શ્રીલક્ષ્મી-નૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

આ સંસારવૃક્ષનું બીજ પાપ છે, તેને અનન્ત કર્મોરૂપી શાખાઓ છે, ઈન્દ્રિયો તેનાં પાંદડા છે, કામ તેનું પુષ્પ છે અને દુઃખ તેનું ફળ છે. આવાં અદ્‌ભુત વૃક્ષ પર હું ચડી ગયો છું (અને ફસાયો છું ત્યારે) હે શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! મને આપના હસ્તનો ટેકો આપો ! (૮)

संसारसागरविशालकरालकाल-
नक्रग्रहग्रसितनिग्रहविग्रहस्य ।
व्यग्रस्य रागनिचयोर्मिनिपीडितस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ९ ॥

संसार-सागर-विशाल-कराल-काल-नक्र-ग्रह-ग्रसित-निग्रह-विग्रहस्य - સંસારસાગરમાં વિશાળ અને ભયંકર કાળરૂપી મગર અને ઝૂડના કોળિયાની પકડમાં આવેલા શરીરવાળા અને તેથી વ્યગ્ર બનેલા તથા राग-निचय-ऊर्मि-निपीडितस्य - રાગસમૂહરૂપી મોજાંઓથી પીડાતા मम - મને लक्ष्मीनृसिंह - હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

આ સંસાર-સાગરમાં વિશાળ અને ભયંકર કાળરૂપી મગર અને ઝૂડનો હું કોળિયો બની ગયો છું, તેમની પકડમાં ફસાયેલા શરીરવાળા રાગરૂપી મોજાઓ મને પીડી રહ્યા છે. આવા મને હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! આપના હસ્તનો ટેકો આપો ! (૯)

संसारसागरनिमज्जनमुह्यमानं
दीनं विलोकय विभो करुणानिधे माम् ।
प्रह्लादखेदपरिहारपरावतार
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १० ॥

(हे) विभो - હે વિભુ ! करुणानिधे - કરુણાના ભંડાર संसारसागर-निमज्जन - मुह्यमानम् - સંસાર-સાગરમાં ડુબકાં ખાવાથી મોહ પામેલા અને दीनं - દીન એવા माम् - મારી સામે विलोकय - દૃષ્ટિ કરો प्रह्लाद-खेद-परिहार-परावतार - પ્રહ્‌લાદના કષ્ટનું નિવારણ કરવા (નૃસિંહરૂપી) પરમ અવતાર લેનાર ! लक्ष्मीनृसिंह - લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! मम - મને करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

હે વિભુ ! હે કરુણાના ભંડાર ! સંસાર સાગરમાં ડુબકાં ખાવાથી મોહ પામેલા અને દીન એવા મારી સામે દૃષ્ટિ કરો. પ્રહ્‌લાદના કષ્ટનું નિવારણ કરવા (નૃસિંહરૂપી) પરમ અવતાર લેનાર ! હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! આપના હસ્તનો ટેકો આપો. (૧૦)

संसारघोरगहने चरतो मुरारे
मारोग्रभीकरमृगप्रचुरार्दितस्य ।
आर्तस्य मत्सरनिदाघसुदुःखितस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ११ ॥

(हे) मुरारे - હે મુરારિ ! संसार-घोर-गहने - સંસારરૂપી ઘોર વનમાં चरतः - આથડી રહેલા, मार-उग्र-भीकर-मृग-प्रचुर-आर्दितस्य - કામરૂપી ઉગ્ર અને ભયપ્રદ પશુથી અત્યંત પીડાતા आर्त - દુઃખી અને मत्सर-निदाघ-सु-दुःखितस्य - મત્સરરૂપી ગ્રીષ્મ-તાપથી અત્યંત વ્યથા પામી રહેલા मम - મને, लक्ष्मी-नृसिंह - શ્રી લક્ષ્મી-નૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મુરારિ ! આ સંસારરૂપી ઘોર વનમાં આથડી રહેલા, કામરૂપી ઉગ્ર અને ભયપ્રદ પશુથી અત્યંત પીડાતા, દુઃખી અને મત્સરરૂપી ગ્રીષ્મતાપથી અત્યંત વ્યથા પામી રહેલા મને હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! આપના હસ્તનો ટેકો આપો. (૧૧)

बद्ध्वा गले यमभटा बहु तर्जयन्तः
कर्षन्ति यत्र भवपाशशतैर्युतं माम् ।
एकाकिनं परवशं चकितं दयालो
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १२ ॥

यमभटाः - યમદૂતો, भव-पाश-शतैः - સેંકડો ભવપાશથી युतं - બંધાયેલા गले - ગળામાં बद्ध्वा - (ફાંસાથી) બાંધીને बहु - અત્યંત तर्जयन्तः - પીડા આપતા कर्षन्ति - ખેંચી રહ્યા છે (હે) दयालो - દયાળુ ! (હું) एकाकिनं - સાવ એકલા પડી ગયેલા परवशं - પરવશ અને चकितं - દિઙ્મૂઢ, माम् - આવા મને लक्ष्मी-नृसिंह - હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! करावलम्बं - હાથનો ટેકો देहि - આપો !

હું (પ્રથમથી જ) સેંકડો ભવપાશમાં ફસાયેલો છું અને હવે યમદૂતો મને ગળામાં ફાંસો નાખી અત્યંત પીડા આપીને ખેંચી રહ્યા છે. હે દયાળુ ! હું સાવ એકલો પડી ગયો છું, અને દિઙ્મૂઢ બની ગયો છું. હે શ્રી લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! આવા મને આપના હસ્તનો ટેકો આપો ! (૧૨)

लक्ष्मीपते कमलनाभ सुरेश विष्णो
यज्ञेश यज्ञ मधुसूदन विश्वरूप ।
ब्रह्मण्य केशव जनार्दन वासुदेव
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १३ ॥

(હે) लक्ष्मीपते - લક્ષ્મીપતિ ! कमलनाभ - કમલનાભ ! (= જેની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું છે તેવા, અથવા કમળ સમી નાભિવાળા વિષ્ણુ) ! सुरेश - સુરેશ (= દેવાધિપતિ)! विष्णो - વિષ્ણુ ! यज्ञेश - યજ્ઞપતિ ! यज्ञ - યજ્ઞ (સ્વરૂપ) ! मधुसूदन - મધુસૂદન ! विश्वरूप - વિશ્વરૂપ ! ब्रह्मण्य - બ્રહ્મણ્ય (બ્રહ્માને હિતકારી બ્રહ્મરૂપ) ! केशव - કેશવ ! जनार्दन - જનાર્દન, वासुदेव - વાસુદેવ ! लक्ष्मीनृसिंह - શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! मम - મને करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

હે લક્ષ્મીપતિ ! પદ્મનાભ ! સુરેશ ! વિષ્ણુ ! યજ્ઞપતિ ! યજ્ઞનારાયણ ! મધુસૂદન ! વિશ્વરૂપ ! બ્રહ્મણ્ય ! કેશવ ! જનાર્દન ! હે વાસુદેવ ! હે શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! મને આપના હસ્તનો ટેકો આપો ! (૧૩)

एकेन चक्रमपरेण करेण शङ्ख-
मन्येन सिन्धुतनयामवलम्ब्य तिष्ठन् ।
वामेतरेण वरदाभयपद्मचिह्नं
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १४ ॥

एकेन - આપના એક करेण - હાથથી चक्रं - સુદર્શન ચક્રને अपरेण - બીજા (હાથ)થી शङ्खं - પાંચજન્ય શંખને अन्येन - ત્રીજા હાથથી આપ सिन्धुतनयां - સાગરપુત્રી લક્ષ્મીને अवलम्ब्य - ગ્રહીને અને वामेतरेण - (ચોથા) જમણા હાથમાં वरद-अभय-पद्मचिह्नम् - વરદાન આપતાં અને અભય આપતાં પદ્મને ધારણ કરતાં तिष्ठन् - ઊભેલા लक्ष्मीनृसिंह - હે શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! - (આવા ચતુર્ભુજ સ્વરૂપે) मम - મને આપ करावलम्बं - આપના હાથનો ટેકો देहि - આપો !

એક હાથથી સુદર્શન ચક્ર, બીજાથી (પાંચજન્ય) શંખ, ત્રીજાથી સાગરની પુત્રીને ગ્રહીને ઊભેલા અને જમણા હાથથી વરદાન અને અભય આપતાં પદ્મને ધારણ કરનાર હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! મને આપના હસ્તનો ટેકો આપો. (૧૪)

अन्धस्य मे हृतविवेकमहाधनस्य
चोरैर्महाबलिभिरिन्द्रियनामधेयैः ।
मोहान्धकारकुहरे विनिपातितस्य
लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १५ ॥

महा-बलिभिः - મહાબળવાન એવા इन्द्रिय-नामधेयैः - 'ઈન્દ્રિય' નામના चोरैः - ચોરોએ हत-विवेक-महाधनस्य - વિવેકરૂપી મહાધન લૂંટી લીધું છે તેવા अन्धस्य - અંધ બનેલા અને તેથી मोह-अन्धकार-कुहरे - મોહરૂપી અંધકારની ગુફામાં विनिपातितस्य પડેલા मम - મને लक्ष्मीनृसिंह - હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

મહાબળવાન ઈન્દ્રિય નામના ચોરો વડે લુંટાયેલા વિવેકરૂપી મહાન ધનવાળા, અંધ અને મોહરૂપી અંધકારની ગુફામાં પડેલા મને હે લક્ષ્મીનૃસિંહ પ્રભુ ! આપના હસ્તનો ટેકો આપો. (૧૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रह्लादनारदपराशरपुण्डरीक-

व्यासादिभागवतपुंगवहृन्निवास ।

भक्तानुरक्तपरिपालनपारिजात

लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १६ ॥

प्रह्लाद......व्यासादि भागवत-पुंगव-हृन्निवास - હે પ્રહ્લાદ, નારદ, પરાશર, પુંડરીક અને વ્યાસ વગેરે ભાગવતપુરુષોનાં હૃદયમાં વસતા અને भक्तानुरक्त-परिपालन-पारिजात - ભક્તોનું પ્રેમપૂર્વક પાલન કરવામાં પારિજાત (એટલે કલ્પવૃક્ષ સમાન) એવા लक्ष्मी-नृसिंह - શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! मम - મને करावलम्बं - આપના હસ્તનો ટેકો देहि - આપો !

હે પ્રભુ ! આપ પ્રહ્લાદ, નારદ, પરાશર, પુંડરીક અને વ્યાસ વગેરે શ્રેષ્ઠ ભાગવત પુરુષોનાં હૃદયમાં વસો છો. વળી, આપ આપના ભક્તો પ્રત્યે પ્રેમ દર્શાવી એમનું પાલન કરવામાં પારિજાત સમાન છો. હે શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુ ! મને આપ આપના હસ્તનો ટેકો આપો ! (૧૬)

लक्ष्मीनृसिंहचरणाब्जमधुव्रतेन

स्तोत्रं कृतं शुभकरं भुवि शंकरेण ।

ये तत्पठन्ति मनुजा हरिभक्तियुक्ता-

स्ते यान्ति तत्पदसरोजमखण्डरूपम् ॥ १७ ॥

लक्ष्मी-नृसिंह-चरण-अब्ज-मधुव्रतेन - શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા शंकरेण - શંકરાચાર્યે भुवि - આ જગતમાં शुभकरं - કલ્યાણકારી એવું स्तोत्रं - આ સ્તોત્ર कृतं - રચ્યું છે. हरिभक्तियुक्ताः - હરિભક્તિમાં મગ્ન ये - જે मनुजाः - મનુષ્યો तत् - તેનો पठन्ति - પાઠ કરે છે, ते - તેઓ तत्पदसरोजं - તે પ્રભુનાં ચરણકમળને, अखण्डम् - સમગ્ર સ્વરૂપે यान्ति - પામે છે.

શ્રીલક્ષ્મીનૃસિંહ પ્રભુનાં ચરણકમળમાં રત એવા ભમરારૂપી શ્રીશંકરાચાર્યે આ જગતમાં કલ્યાણકારી એવું આ સ્તોત્ર રચ્યું છે. જે મનુષ્યો હરિભક્તિમાં મગ્ન થઈ તેનું પઠન કરે છે, તેઓ અખંડ સ્વરૂપ એવાં તેમનાં ચરણકમળને પામે છે. (૧૭)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य

श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य

श्रीमच्छंकरभगवतः कृतौ

''लक्ष्मीनृसिंहकरुणारसस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય

શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય

શ્રી શંકરાચાર્યની રચનામાં

''लक्ष्मीनृसिंहकरुणारसस्तोत्रम्'' સંપૂર્ણ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ कनकधारास्तोत्रम् ॥

अङ्गं हरेः पुलकभूषणमाश्रयन्ती
भृङ्गाङ्गनेव मुकुलाभरणं तमालम् ।
अङ्गीकृताखिलविभूतिरपाङ्गलीला
माङ्गल्यदास्तु मम मङ्गलदेवतायाः ॥ १ ॥

मुकुलाभरणम् - કળીઓનાં આભૂષણવાળાં तमालम् - તમાલ(સમા નીલ) पुलकभूषणम् - રોમાંચરૂપી આભૂષણવાળાં हरेः अङ्गं - હરિનાં અંગનો भृङ्गाङ्गना इव - ભ્રમરી માફક आश्रयन्तीम् - આશ્રય લેતી अङ्गीकृत-अखिलविभूतिम् - સમગ્ર વિભૂતિનો અંગીકાર કરનાર मम - મારી मङ्गलदेवताया - મંગલ દેવતાની अपाङ्गलीला - અપાંગ-નેત્રકટાક્ષની લીલા माङ्गल्यदा - મંગલકારક अस्तु - હો !

કળીઓનાં આભૂષણવાળાં, તમાલ (સમા નીલ), રોમાંચરૂપી આભૂષણવાળાં શ્રીહરિનાં અંગનો ભમરી માફક આશ્રય લેતી, સમગ્ર વિભૂતિ (શોભા, સમૃદ્ધિ)નો અંગીકાર કરનારાં, મારાં મંગલદેવતાની અપાંગલીલા (નેત્રકટાક્ષ) મંગલકારક હો ! (૧)

मुग्धा मुहुर्विदधती वदने मुरारेः
प्रेमत्रपाप्रणिहितानि गतागतानि ।
मालादृशोर्मधुकरीव महोत्पले या
सा मे श्रियं दिशतु सागरसंभवायाः ॥ २ ॥

मुग्धा - મુગ્ધા मुरारेः - મુરારિનાં वदने - મુખ ઉપર प्रेम-त्रपा-प्रणिहितानि - પ્રેમની લજ્જાથી ઠેરવેલ गत-आगतानि - જતી અને પાછી ફરતી मुहुः - વારંવાર महोत्पले - મહોત્પલ પર मधुकरी इव - ભમરી સમા सागर-सम्भवायाः - સાગર-સંભવા(લક્ષ્મી)ની मालादृशः - માળા સમી દૃષ્ટિ मे - મને श्रियं - લક્ષ્મી दिशतु - આપો !

જે મુગ્ધા મુરારિનાં મુખ પર પ્રેમની લજ્જાથી ઠેરવેલ, જતી અને પાછી ફરતી દૃષ્ટિ વારંવાર કરે છે, તે મહોત્પલ (મોટાં ભૂરાં કમળ) પર ભમરી સમાં, સાગરસંભવા (=લક્ષ્મી) માળા સમી દૃષ્ટિ મને લક્ષ્મી આપો ! (૨)

विश्वामरेन्द्रपदविभ्रमदानदक्ष-
मानन्दहेतुरधिकं मुरविद्विषोऽपि ।
ईषन्निषीदतु मयि क्षणमीक्षणार्द्ध-
मिन्दीवरोदरसहोदरमिन्दिरायाः ॥ ३ ॥

विश्व-अमरेन्द्र-पद-दान-दक्षं - વિશ્વમાં અમરેન્દ્ર(ઈન્દ્ર)નું પદ આપવામાં કુશળ मुर-विद्विषः-अपि-आनन्द-हेतुः - મુરરિપુ (=વિષ્ણુ)ને પણ અત્યન્ત આનંદનું કારણ विभ्रम-दान-दक्ष - વિભ્રમનું દાન કરવામાં ચતુર इन्दीवर-उदर-सहोदरायाः - ઈન્દીવર (ભૂરાં કમળ)ના પેટના સહોદર (=અતિશય કોમળ) इन्दिरायाः - લક્ષ્મીના ईक्षणार्धम् - દૃષ્ટિનો અડધો ભાગ (અલપઝલપ દૃષ્ટિ) मयि - મારા પર क्षणम् - ક્ષણ વાર निषीदतु - પડો !

વિશ્વમાં અમરેન્દ્ર (ઈન્દ્ર)નું પદ આપવામાં દક્ષ તથા મુરરિપુ (વિષ્ણુ)ને પણ અત્યંત આનંદના હેતુરૂપ, વિભ્રમ (=વિલાસમાં કટાક્ષો)નું દાન કરવામાં ચતુર, ઈન્દીવર (ભૂરાં કમળ)નાં પેટના સહોદર (અત્યંત કોમળ) લક્ષ્મીની અડધી દૃષ્ટિનો અડધો ભાગ (અલપઝલપ દૃષ્ટિ) ક્ષણ વાર મારા પર પડો ! (૩)

आमीलिताक्षमधिगम्य मुदा मुकुन्द-
मानन्दकन्दमनिमेषमनङ्गतन्त्रम् ।
आकेकरस्थितकनीनिकपक्ष्मनेत्रं
भूत्यै भवेन्मम भुजंगशयाङ्गनायाः ॥ ४ ॥

मुकुन्दम् - શ્રીહરિની પાસે मुदा - આનંદથી अधिगम्य - જઈને आमीलिताक्षम् - સહેજ બંધ આંખોવાળું आनन्दकन्दम् - આનંદનાં કંદરૂપ अनिमेषम् - અનિમેષ अनङ्गतन्त्रम् - અનંગનાં તંત્રરૂપ आकेकर-स्थित-कनीनिक-पक्ष्मनेत्रम् - અર્ધ નિમીલિત કીકીવાળી પાંપણોયુક્ત भुजङ्गशय-अङ्गनायाः - શેષશાયી (વિષ્ણુ)ની અંગના मम - મારી भूत्यै - સમૃદ્ધિ માટે भवेत् - થાય.

શ્રીહરિની પાસે આનંદથી જઈને, સહેજ બંધ આંખોવાળું, આનંદના કંદરૂપ અનિમેષ, અનંગનાં તંત્રરૂપ, અર્ધનિમીલિત કીકીવાલી પાંપણોથી યુક્ત શેષશાયી(વિષ્ણુ)ની અંગના મને સમૃદ્ધિ માટે થાય (મને સમૃદ્ધિ આપે) ! (૪)

बाह्वन्तरे मधुजितः श्रितकौस्तुभे या
हारावलीव हरिनीलमयी विभाति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कामप्रदा भगवतोऽपि कटाक्षमाला
कल्याणमावहतु ते कमलालयायाः ॥ ५ ॥

मधुजितः - મધુરિપુના बाह्वन्तरे-श्रित - બે બાહુઓ વચ્ચે રહેલા कौस्तुभे - કૌસ્તુભ(મણિ) પર हरिनीलमयी - હરિની નીલમયી हारावली इव - હારમાળા માફક विभाति - શોભે છે कमल-आलयायाः - કમળમાં નિવાસ કરનારાં લક્ષ્મીની कटाक्ष-माला - કટાક્ષોની માળા मे - મારા માટે कल्याणम्-आवहतु - કલ્યાણ લઈ આવો !

મધુરિપુની બે બાજુઓ વચ્ચે રહેલા કૌસ્તુભ પર જાણે હરિની નીલમયી હરાવાલી માફક શોભે છે (તે), ભગવાનની કામનાઓને પણ પૂર્ણ કરનારી, કમલાલયા (કમળમાં નિવાસ કરનારાં=લક્ષ્મી)ની કટાક્ષમાળા મારા માટે કલ્યાણ લઈ આવો ! (૫)

कालाम्बुदालिललितोरसि कैटभारे-
र्धाराधरे स्फुरति यत्तडिदङ्गनेव ।
मातुः समस्तजगतां महनीयमूर्ति-
र्भद्राणि मे दिशतु भार्गवनन्दनायाः ॥ ६ ॥

कैटभारेः - કૈટભના દુશ્મનના कालाम्बुदालि-ललित-उरसि - કાળા મેઘના સમૂહ જેવાં લલિત વક્ષ:સ્થળ પર જે धाराधरे - મેઘમાં तडिद्-अङ्गना इव - વિદ્યુત્-અંગના સમી स्फुरति - સ્ફુરે છે (તે) भार्गव-नन्दनायाः - ભાર્ગવ-પુત્રીની समस्तजगतां - સમસ્ત જગતની महनीय-मूर्तिः - મહનીય મૂર્તિ मे - મને भद्राणि - અનેક કલ્યાણ दिशतु - બતાવો, અહીં આપો !

કૈટભના દુશ્મન(=વિષ્ણુ)ના કાળા મેઘોનાં સમૂહ જેવાં લલિત વક્ષ:સ્થળ પર જે મેઘમાં વિદ્યુત્-અંગના સમી સ્ફુરે છે, તે ભાર્ગવ-પુત્રી (=લક્ષ્મી) એવાં સમસ્ત જગતનાં માતાની મહનીય મૂર્તિ મને અનેક કલ્યાણં આપો ! (૬)

प्राप्तं पदं प्रथमतः खलु यत्प्रभावा-
न्माङ्गल्यभाजि मधुमाथिनि मन्मथेन ।
मय्यापतेत्तदिह मन्थरमीक्षणार्धं
मन्दालसं च मकरालयकन्यकायाः ॥ ७ ॥

मधु-माथिनि - મધુરિપુ(=વિષ્ણુનાં હૃદય)માં मन्मथेन - મન્મથને લીધે प्रभावात् - પ્રભાવને લીધે प्रथमतः पदं प्राप्तम् - સૌપ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું यत् - જે (કે તે) माङ्गल्यभाजि - મંગળ વસ્તુઓનાં પાત્રરૂપ मकरालय-कन्यकायाः - સમુદ્રની કન્યાની मन्थरम् - મંથર, ધીમી मन्द-अलसं च - મંદ અને અલસ ईक्षणार्धम् - અર્ધનિમીલિત દૃષ્ટિ मयि - મારા પર इह - અહીં आपतेत् - આવી પડો !

મધુરિપુ(ના હૃદય)માં જેણે મન્મથને (=કામાભિલાષથી) લીધે પ્રભાવપૂર્વક સૌપ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. તે મંગળ-વસ્તુઓનાં પાત્રરૂપ કરાલય(=સમુદ્ર)ની કન્યા(=લક્ષ્મી)ની મન્થર અર્ધ-નિમીલિત મંદ અને અલસ દૃષ્ટિ મારા પર અહીં પડો ! (૭)

दद्याद्दयानुपवनो द्रविणाम्बुधारा-
मस्मिन्नकिंचनविहंगशिशौ विषण्णे ।
दुष्कर्मघर्ममपनीय चिराय दूरं
नारायणप्रणयिनीनयनाम्बुवाहः ॥ ८ ॥

दयानुपवनः - દયારૂપી પવનથી પ્રેરાયેલ नारायण-प्रणयिनी - નારાયણનાં પ્રણયિની એવાં (લક્ષ્મી)નાં नयन-अम्बुवाहः - નયનજળરૂપી મેઘ दुष्कर्म-घर्मम् - દુષ્કર્મરૂપી ગરમીને चिराय - લાંબો સમય अपनीय - દૂર કરીને अस्मिन् - આ विषण्णे - વિષણ્ણ अकिञ्चन - ગરીબ विहंगशिशोः - વિહંગના શિશુ (પક્ષીના બચ્ચા) પર द्रविण-अम्बुधारां - દ્રવ્યરૂપી જળની ધારા दद्यात् - આપો કે વરસાવો !

દયારૂપી પવનથી પ્રેરાયેલ, નારાયણ પ્રણયિની એવાં (માતા) લક્ષ્મીનાં નયન-જળરૂપી મેઘ દુષ્કર્મરૂપી ગરમી(ઘામ)ને લાંબા સમય માટે દૂર કરીને, આ અકિંચન, વિષણ્ણ વિહંગ-શિશુ પર દ્રવ્યરૂપી જળની ધારા વરસાવો (આપો) ! (૮)

इष्टाविशिष्टमतयोऽपि यया दयार्द्र-
दृष्ट्या त्रिविष्टपपदं सुलभं लभन्ते ।
दृष्टिः प्रहृष्टकमलोदरदीप्तिरिष्टां
पुष्टिं कृषीष्ट मम पुष्करविष्टरायाः ॥ ९ ॥

यया - જે दयार्द्र-दृष्ट्या - દયાર્દ્ર દૃષ્ટિથી इष्टाविशिष्ट-मतयः - ઈષ્ટ (યજ્ઞ વગેરે કાર્યોથી) વિશિષ્ટ મતિવાળા अपि - પણ सुलभम् - સરળતાથી त्रिविष्टप-पदं - સ્વર્ગનું સ્થાન लभन्ते - મેળવે છે पुष्कर-विष्टरायाः - કમળનાં આસનવાળાંનાં प्रहृष्ट-कमल-उदरदीप्तिः - પ્રસન્ન, કમળના અંદરના ભાગની દીપ્તિવાળી दृष्टिः - દૃષ્ટિ मम - મને इष्टां पुष्टिं - ઈચ્છિત પુષ્ટિ कृषीष्ट - આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે દયાર્દ્ર દૃષ્ટિથી ઈષ્ટા(યજ્ઞ વગેરે કાર્યોથી)થી વિશિષ્ટ મતિવાળા પણ સ્વર્ગનું સ્થાન સરળતાથી મેળવે છે, તે કમલા-સનાની પ્રસન્ન (પ્રફુલ્લ), કમળના અંદરના ભાગ (કમળકોષ) ની દીપ્તિવાળી દૃષ્ટિ ઈચ્છિત પુષ્ટિ મને આપો ! (૯)

गीर्देवतेति गरुडध्वजसुन्दरीति
शाकंभरीति शशिशेखरवल्लभेति ।
सृष्टिस्थितिप्रलयकेलिषु संस्थितायै
तस्यै नमस्त्रिभुवनैकगुरोस्तरुण्यै ॥ १० ॥

गीर्देवता-इति - વાણીની દેવી એમ गरुडध्वजसुन्दरी इति - ગરુડધ્વજ(વિષ્ણુ)નાં ભામિની એમ शाकंभरी इति - શાકંભરી એમ, शशिशेखरवल्लभा इति - શિવની વલ્લભા એમ, (સંબોધાતાં) सृष्टि-स्थिति-प्रलयसिद्धिषु - સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયની સિદ્ધિઓમાં संस्थितायै - રહેનારાં त्रिभुवनैक गुरोः तरुण्यै - ત્રિભુવનના નાથનાં તરુણી (પ્રિયતમા) એવી तस्यै - તે(લક્ષ્મી)ને नमः - નમસ્કાર હો !

ગીર્દેવતા (વાણીની દેવી), ગરુડધ્વજ(વિષ્ણુ)નાં ભામિની, શાકંભરી, શશિશેખર ચંદ્ર જેમનાં મસ્તકે વિરાજે છે તેમનાં (શિવ)નાં વલ્લભા એમ, (સંબોધાતાં) સૃષ્ટિ-સ્થિતિ અને પ્રલયની સિદ્ધિઓમાં રહેનારાં ત્રિભુવનના નાથનાં તરુણી (પ્રિયા) એવાં તે (લક્ષ્મી)ને નમસ્કાર હો ! (૧૦)

श्रुत्यै नमोऽस्तु शुभकर्मफलप्रसूत्यै
रत्यै नमोऽस्तु रमणीयगुणार्णवायै ।
शक्त्यै नमोऽस्तु शतपत्रनिकेतनायै
पुष्ट्यै नमोऽस्तु पुरुषोत्तमवल्लभायै ॥ ११ ॥

शुभकर्मफलप्रसूत्यै - સારા કર્મોના ફળ આપનારી श्रुत्यै नमः - શ્રુતિને નમન હો ! रमणीयगुणार्णवाय - રમણીય ગુણોના સાગર रत्यै - રતિને नमः अस्तु - નમસ્કાર હો ! शतपत्र-निकेतनायै - જેનું કમળમાં નિવાસસ્થાન છે તેવી शक्त्यै - શક્તિને नमोऽस्तु - નમસ્કાર હો ! पुरुषोत्तम-वल्लभायै - પુરુષોત્તમની વલ્લભા એવી पुष्ट्यै - પુષ્ટિને नमोऽस्तु - નમન હો.

સારા કર્મોનાં ફળ આપનારી શ્રુતિને નમન હો, રમણીય ગુણોના સાગર એવી રતિને નમન હો, શતપત્ર (કમળ) જેનું નિવાસસ્થાન છે તે શક્તિને વંદન હો, પુરુષોત્તમની વલ્લભા એવી પુષ્ટિને નમસ્કાર હો ! (૧૧)

नमोऽस्तु नालीकनिभाननायै
नमोऽस्तु दुग्धोदधिजन्मभूम्यै ।
नमोऽस्तु सोमामृतसोदरायै
नमोऽस्तु नारायणवल्लभायै ॥ १२ ॥

नालीकनिभ-आननायै - કમળ સમાં મુખવાળી (લક્ષ્મી)ને નમસ્કાર હો दुग्धोदधिजन्मभूत्यै - ક્ષીરસમુદ્રમાં જન્મ લેનારી ભૂતિ (=સમૃદ્ધિરૂપ લક્ષ્મી)ને नमोऽस्तु - નમસ્કાર હો सोम-अमृत-सोदरायैः नमः अस्तु - ચંદ્ર અને અમૃતની સહોદરા (=બહેન)ને નમસ્કાર હો नारायण-वल्लभायै - નારાયણની પ્રિયતમાને नमोऽस्तु - નમસ્કાર હો.

કમળસમાં મુખવાળી(લક્ષ્મી)ને નમસ્કાર હો, ક્ષીરસમુદ્રમાં જન્મ લેનારી ભૂતિ (=સમૃદ્ધિરૂપ લક્ષ્મી)ને નમન હો, સોમ અને અમૃતની સહોદરાને પ્રણામ હો, નારાયણની વલ્લભાને નમસ્કાર હો ! (૧૨)

संपत्कराणि सकलेन्द्रियनन्दनानि
साम्राज्यदानविभवानि सरोरुहाक्षि ।
त्वद्वन्दनानि दुरिताहरणोद्यतानि
मामेव मातरनिशं कलयन्तु नान्ये ॥ १३ ॥

सम्पत्-कराणि - સંપત્તિ આપનારાં सकलेन्द्रिय-नन्दनानि - સમગ્ર ઈન્દ્રિયોને આનંદપ્રદ साम्राज्यदानविभवानि - સામ્રાજ્ય-દાનના વૈભવવવાળાં दुरिताहरणोद्यतानि - પાપોને હરવા માટે ઉદ્યત त्वद्-वन्दनानि - તમને કરેલાં વંદનો હે सरोरुहाक्षि - હે કમળસમી આંખોવાળી अनिशम् - હંમેશ माम् एव - મને જ कलयन्तु - પ્રેરણા આપો न अन्ये - બીજાને નહિ.

સંપત્તિ આપનારાં, સમગ્ર ઈન્દ્રિયોને આનંદપ્રદ, સામ્રાજ્ય-દાનના વૈભવવાળાં, પાપોને હરવા માટે ઉદ્યત તમને કરેલાં વંદનો હે સરોરુહાક્ષિ (કમળસમક્ષ આંખોવાળાં) ! હંમેશ મને જ પ્રેરણા આપો, અન્યને નહિ. (૧૩)

यत्कटाक्षसमुपासनाविधिः
सेवकस्य सकलार्थसंपदः ।
संतनोति वचनाङ्गमानसै-
स्त्वां मुरारिहृदयेश्वरीं भजे ॥ १४ ॥

यत्-कटाक्ष-समुपासना-विधिः - જેમના કટાક્ષની ઉપાસના કરવાનો વિધિ सेवकस्य - સેવકને सकलार्थसंपदः -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકલ અર્થો રૂપ સમૃદ્ધિ सन्तनोति - આપે છે, તેવી मुरारि-हृदयेश्वरीम् - મુરારિનાં હૃદયેશ્વરીને હું वचन-अङ्ग-मानसैः - વચન, અંગ અને મનથી भजे - ભજું છું.

જેમનાં કટાક્ષની ઉપાસના કરવાનો વિધિ સેવકને સકલ અર્થો રૂપી સંપત્તિ આપે છે, તેવાં મુરારિનાં હૃદયેશ્વરીને હું વચન, અંગ અને મનથી ભજું છું. (૧૪)

सरसिजनिलये सरोजहस्ते
धवलतमांशुकगन्धमाल्यशोभे ।
भगवति हरिवल्लभे मनोज्ञे
त्रिभुवनभूतिकरि प्रसीद मह्यम् ॥ १५ ॥

सरसिजनिलये - કમળમાં નિવાસ કરનારાં सरोजहस्ते - કમલહસ્તા धवलतम-अंशुक-गन्ध-माल्यशोभे - અત્યંત ધવલ રેશમી વસ્ત્રો, ગંધ અને માળાથી શોભાયમાન मनोज्ञे - મનોજ્ઞ हरि-वल्लभे - હરિનાં વલ્લભા त्रिभुवन-भूतिकरि - ત્રણેય ભુવનોમાં સમૃદ્ધિ આપનારાં मह्यम् - મારા માટે (મારા પર) प्रसीद - પ્રસન્ન થાઓ.

હે કમળમાં નિવાસવાળાં ! કમલહસ્તા ! અત્યંત ધવલ રેશમી વસ્ત્રો, ગંધ અને માળાથી શોભાયમાન ! મનોજ્ઞ ! હરિવલ્લભા ! ત્રણેય ભુવનોમાં સમૃદ્ધિ આપનારાં ભગવતી ! મારા પર પ્રસન્ન થાઓ ! (૧૫)

दिग्धस्तिभिः कनककुम्भमुखावसृष्ट-
स्वर्वाहिनीविमलचारुजलप्लुताङ्गीम् ।
प्रातर्नमामि जगतां जननीमशेष-
लोकाधिनाथगृहिणीममृताब्धिपुत्रीम् ॥ १६ ॥

दिग्धस्तिभिः - દિશાઓના હાથીઓ વડે कनककुम्भमुखा-वसृष्टः - સુવર્ણકુંભથી વહાવેલાં स्वर्वाहिनी-विमलचारुज-लप्लुताङ्गीम् - દેવનદીનાં નિર્મળ, સુંદર જળથી ભીંજાયેલ અંગોવાળાં लोकाधिनाथगृहिणीम् - લોકાધિનાથનાં ગૃહિણી अमृताब्धिपुत्रीम् - અમૃતસમુદ્ર (ક્ષીરસાગર)નાં પુત્રી जगतां जननीम् - જગજ્જનનીને प्रातः - સવારે नमामि - નમું છું.

દિશાઓના હાથીઓ વડે સુવર્ણકુંભથી વહાવેલાં, દેવનદીનાં નિર્મળ સુંદર જળથી ભીંજાયેલ અંગોવાળાં લોકાધિરાજનાં ગૃહિણી, અમૃતસમુદ્ર(ક્ષીરસાગર)નાં પુત્રી અને જગતનાં જનનીને હું પ્રાતઃકાળે વંદન કરું છું. (૧૬)

कमले कमलाक्षवल्लभे त्वं
करुणापूरतरङ्गितैरपाङ्गैः ।
अवलोकय मामकिंचनानां
प्रथमं पात्रमकृत्रिमं दयायाः ॥ १७ ॥

कमले - હે કમલા ! कमलाक्षवल्लभे - કમલાક્ષ (=કમળ જેવી આંખોવાળા, વિષ્ણુ)નાં વલ્લભા करुणापूरतरङ्गितैः अपाङ्गैः - કરુણાનાં પૂરથી તરંગિત અપાંગોથી अकिञ्चनानां - અકિંચનો (ગરીબો)માં प्रथमं - સૌપ્રથમ माम् - મને दयायाः अकृत्रिमं पात्रं - દયાનું સ્વાભાવિક પાત્ર अवलोक्य - નિહાળ.

હે કમલા ! કમલાક્ષ(વિષ્ણુ)નાં વલ્લભા ! તમે કરુણાનાં પૂરથી તરંગિત અપાંગો (આંખના ખૂણાથી)થી અકિંચનોમાં સૌપ્રથમ એવા મને તમારી દયાનું સ્વાભાવિક પાત્ર ગણીને નિહાળો. (૧૭)

स्तुवन्ति ये स्तुतिभिरमीभिरन्वहं
त्रयोमयीं त्रिभुवनमातरं रमाम् ।
गुणाधिका गुरुतरभाग्यभाजिनो
भवन्ति ते भुवि बुधभाविताशयाः ॥ १८ ॥

ये - જેઓ स्तुतिभिः - સ્તુતિઓથી अन्वहम् - રોજે રોજ त्रिभुवनमातरम् - ત્રણેય ભુવનોનાં માતા त्रयीमयीम् - ત્રણ વેદમયી स्तुवन्ति - સ્તવે છે ते - તેઓ गुरुतर-भाग्य-भाजिनः - વધારે મોટા ભાગ્યનાં પાત્ર બનીને થઈને भुवि बुधभाविताशयाः - પૃથ્વી પરના બુદ્ધિમાનોમાં આદરપાત્ર भवन्ति - થાય છે.

જે આ સ્તુતિઓથી રોજેરોજ ત્રિભુવનનાં માતા, ત્રયી (ત્રણેય વેદો)મયી, રમા(=લક્ષ્મી)ને સ્તવે છે, તેઓ વધારે મોટા ભાગ્યનાં પાત્ર થઈને, પૃથ્વી પરના બુદ્ધિમાનોમાં આદરપાત્ર થાય છે. (૧૮)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''कनकधारास्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''કનકધારાસ્તોત્રમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

|| ॐ ||

|| दक्षिणामूर्तिस्तोत्रम् ||

उपासकानां यदुपासनीय-
मुपात्तवासं वटशाखिमूले ।
तद्धाम दाक्षिण्यजुषा स्वमूर्त्या
जागर्तु चित्ते मम बोधरूपम् ॥ १ ॥

यद् - જે उपासकानाम् - ઉપાસકો માટે उपासनीयम् - ઉપાસના કરવા યોગ્ય, वटशाखिमूले - વટવૃક્ષની શાખાની નીચે उपात्तवासम् - નિવાસ કરીને રહેલું છે તે बोधरूपम् - જ્ઞાનસ્વરૂપ तद् - તે धाम - તેજ दाक्षिण्यजुषा - દાક્ષિણ્યથી યુક્ત એવા स्वमूर्त्या - પોતાનાં સ્વરૂપથી, પોતાની મૂર્તિથી मम - મારાં चित्ते - ચિત્તમાં जागर्तु - જાગો, પ્રકાશિત થાઓ !

ઉપાસકો માટે જે ઉપાસના કરવા યોગ્ય, વટવૃક્ષની શાખા નીચે નિવાસ કરીને રહેલ, જ્ઞાનસ્વરૂપ, તે તેજ દાક્ષિણ્યથી યુક્ત એવી પોતાની મૂર્તિથી મારાં ચિત્તમાં પ્રકાશિત થાઓ ! (૧)

अद्राक्षमक्षीणदयानिधान-
माचार्यमाद्यं वटमूलभागे ।
मौनेन मन्दस्मितभूषितेन
महर्षिलोकस्य तमो नुदन्तम् ॥ २ ॥

वटमूल-भागे - વડનાં મૂળમાં मन्द-स्मित-विभूषितेन - મંદ સ્મિતથી શોભતા मौनेन - મૌનથી महर्षिलोकस्य - મહર્ષિ લોકના तमः - અંધકારને नुदन्तम् - દૂર કરતા अक्षीण-दया-निधानम् - ક્ષીણ ન થાય તેવી દયાના નિધાનરૂપ आद्यम् - આદિ आचार्यम् - આચાર્યને अद्राक्षम् - મેં જોયા, મેં દર્શન કર્યાં.

વડનાં મૂલમાં નિવાસ કરી રહેલા, મંદસ્મિતથી વિભૂષિત એવાં મૌનથી, મહર્ષિ લોકના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતા, અક્ષીણ દયાના નિધાન એવા આચાર્યનાં મેં દર્શન કર્યાં. (૨)

विद्राविताशेषतमोगणेन
मुद्राविशेषेण मुहुर्मुनीनाम् ।
निरस्य मायां दयया विधत्ते
देवो महांस्तत्त्वमसीति बोधम् ॥ ३ ॥

मुद्राविशेषेण - વિશિષ્ટ મુદ્રાથી विद्रावित-अशेष-तमोगणेन - સંપૂર્ણ તમોગુણને દૂર ભગાડીને मुहुः - વારંવાર मुनीनाम् - મુનિઓની मायाम् - માયાને निरस्य - દૂર કરીને महान् - મહાન देवः- દેવ दयया - દયાથી तत्त्वमसि इति - 'તે તું છે' એમ बोधम् - જ્ઞાન विधत्ते - આપે છે.

વિશિષ્ટ મુદ્રાથી સંપૂર્ણ તમોગુણને દૂર ભગાડીને, વારંવાર મુનિઓની માયાને દૂર કરી, મહાન દેવ, દયાથી, 'તે તું છે'- એમ જ્ઞાન આપે છે. (૩)

अपारकारुण्यसुधातरङ्गै-
रपाङ्गपातैरवलोकयन्तम् ।
कठोरसंसारनिदाघतप्ता-
न्मुनीनहं नौमि गुरुं गुरूणाम् ॥ ४ ॥

कठोर-संसार-निदाघतप्तान् - કઠોર સંસારરૂપી ઉનાળાના તાપથી તપેલા मुनीन् - મુનિઓને अपार-कारुण्य-सुधा-तरङ्गैः - અપાર કરુણારૂપી અમૃતના તરંગોથી યુક્ત એવા अपाङ्ग-पातैः - કટાક્ષ-પાતોથી अवलोकयन्तम् - અવલોકન કરતા, જોતા गुरूणाम् - ગુરુઓના गुरुम् - ગુરુને अहं - હું नौमि - પ્રણામ કરું છું.

કઠોર સંસારરૂપી ઉનાળાના તાપથી તપેલા મુનિઓને, અપાર કરુણારૂપી અમૃતના તરંગોથી યુક્ત એવા કટાક્ષપાતોથી જોતા ગુરુઓના ગુરુને, હું પ્રણામ કરું છું. (૪)

ममाद्यदेवो वटमूलवासी
कृपाविशेषात्कृतसंनिधानः ।
ओंकाररूपामुपदिश्य विद्या-
माविद्यध्वान्तमपाकरोतु ॥ ५ ॥

वट-मूल-वासी - વડની નીચે વાસ કરનાર कृपा-विशेषात्-कृत-संनिधानः - વિશેષ કૃપાથી નિકટ આવેલા आद्यदेवः - આદ્ય દેવ (ગુરુદેવ) ओंकार रूपाम् - ૐકારરૂપી विद्याम् - વિદ્યાનો उपदिश्य - ઉપદેશ કરીને मम - મારા आविद्य-ध्वान्तम् (आ + अविद्य) - ચારેબાજુથી અવિદ્યાના અંધકારને अपाकरोतु - દૂર કરો.

વડની નીચે વાસ કરનાર, વિશેષ કૃપાથી નિકટ આવેલા સદ્‌ગુરુદેવ ૐકારરૂપી વિદ્યાનો ઉપદેશ કરીને મારા અવિદ્યાના અંધકારને દૂર કરે ! (૫)

कलाभिरिन्दोरिव कल्पिताङ्गं
मुक्ताकलापैरिव बद्धमूर्तिम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आलोकये देशिकमप्रमेय-

मनाद्यविद्यातिमिरप्रभातम् ॥ ६ ॥

इन्दोः - ચંદ્રની कलाभिः - કલાઓથી इव - જાણે કે कल्पित-अङ्गम् - રચેલાં અંગોવાળા मुक्ता-कलापैः - મોતીઓના સમૂહથી इव - જાણે કે बद्धमूर्तिम् - મૂર્તિ રચી હોય તેવા अप्रमेय - માપી ન શકાય તેવા, અપ્રમેય अनादि-अविद्या-तिमिर-प्रभातम् - અનાદિ એવી અવિદ્યારૂપી અંધકાર માટે પ્રભાત જેવા देशिकम् - ગુરુદેવના હું आलोकये - દર્શન કરી રહ્યો છું.

ચંદ્રની કલાઓથી જાણે કે રચેલાં અંગોવાળા, મોતીઓના સમૂહથી જાણે કે રચેલી મૂર્તિવાળા, માપી ન શકાય તેવા, અનાદિ એવી અવિદ્યારૂપી અંધાર માટે પ્રભાત જેવા સદ્‌ગુરુદેવના હું દર્શન કરું છું. (૬)

स्वदक्षजानुस्थितवामपादं

पादोदरालंकृतयोगपट्टम् ।

अपस्मृतेराहितपादमङ्गे

प्रणौमि देवं प्रणिधानवन्तम् ॥ ७ ॥

स्व-दक्ष-जानु-स्थित-वाम-पादम् - પોતાનાં જમણાં ઢીંચણ પર રહેલા ડાબા પગવાળા पाद-उदर-अलंकृत-योगपट्टम् - ચરણ અને ઉદર પર શોભતા યોગપટ્ટવાળા अपस्मृतेः - (ભક્તોનાં હૃદયમાં) વિસ્મરણ થતાં अङ्गे - ખોળામાં आहितपादम् - પોતાનાં ચરણ સ્થાપનાર, प्रणिधानवन्तम् - ધ્યાનવાળા देवम् - દેવને प्रणौमि - હું પ્રણામ કરું છું.

પોતાનાં જમણાં ઢીંચણ પર રહેલા ડાબા પગવાળા, ચરણ અને ઉદર પર શોભતા યોગપટ્ટવાળા, (ભક્તોનાં હૃદયમાં) વિસ્મરણ થતાં, ખોળામાં પોતાનાં ચરણ સ્થાપનાર, ધ્યાનવાળા, દેવને હું પ્રણામ કરું છું. (૭)

तत्त्वार्थमन्तेवसतामृषीणां

युवापि यः सन्नुपदेष्टुमीष्टे ।

प्रणौमि तं प्राक्तनपुण्यजालै -

राचार्यमाश्चर्यगुणाधिवासम् ॥ ८ ॥

यः - જે युवा अपि सन् - યુવા હોવા છતાં तत्त्वार्थम् - તત્ત્વજ્ઞાન મેળવવા માટે अन्तेवसताम् - નજીક રહેતાં मुनीनाम् - (પોતાનાથી વૃદ્ધ) મુનિઓને उपदेष्टुम् - ઉપદેશ કરવા इष्टे - ઈચ્છે છે तम् - તે आश्चर्य-गुणाधिवासम् - આશ્ચર્યકારક ગુણોના નિવાસરૂપ आचार्यम् - આચાર્યને प्राक्तन-पुण्य-जालैः - પૂર્વ જન્મનાં પુણ્યના સમૂહને કારણે प्रणौमि - હું પ્રણામ કરું છું.

જે યુવાન હોવા છતાં, તત્ત્વજ્ઞાન મેળવવા માટે, નજીક રહેતાં (પોતાનાથી વૃદ્ધ) મુનિઓને ઉપદેશ કરવા ઈચ્છે છે, તે આશ્ચર્યકારણ ગુણોના નિવાસરૂપ આચાર્યને પૂર્વજન્મનાં પુણ્યના સમૂહને કારણે હું પ્રણામ કરું છું. (૮)

एकेन मुद्रां परशुं करेण

करेण चान्येन मृगं दधानः ।

स्वजानुविन्यस्तकरः पुरस्ता-

दाचार्यचूडामणिराविरस्तु ॥ ९ ॥

एकेन - એક करेण - હાથથી परशुम् - પરશુ मुद्राम् - મુદ્રાને च - અને अन्येन - બીજા करेण - હાથથી मृगम् - મૃગને ધારણ કરનાર पुरस्तात् - મારી આગળ स्व-जानु-विन्यस्त-करः - પોતાનાં ઢીંચણ ઉપર મૂકેલ હાથવાળા आचार्य-चूडामणिः - શ્રેષ્ઠ આચાર્ય आविः अस्तु - પ્રગટ થાઓ !

એક હાથની પરશુ મુદ્રા અને બીજા હાથથી મૃગને ધારણ કરનાર, પોતાના ઢીંચણ ઉપર મૂકેલ હાથવાળા શ્રેષ્ઠ આચાર્ય મારી આગળ પ્રગટ થાઓ ! (૯)

आलेपवन्तं मदनाङ्गभूत्या

शार्दूलकृत्त्या परिधानवन्तम् ।

आलोकये कंचन देशिकेन्द्र-

मज्ञानवाराकरवाडवाग्निम् ॥ १० ॥

मदन-अङ्ग-भूत्या - કામદેવનાં અંગની ભસ્મથી आलेप-वन्तम् - (શરીરે) લેપવાળા शार्दूल-कृत्त्या - વાઘનાં ચર્મથી परिधानवन्तम् - વસ્ત્રવાળા अज्ञान-वाराकर-वाडव-अग्निम् - અજ્ઞાનરૂપી સાગરના વાડવાગ્નિ એવા कंचन - કોઈક અદ્‌ભુત देशिकेन्द्रम् - શ્રેષ્ઠ ગુરુના आलोकये - હું દર્શન કરું છું.

કામદેવના દેહની ભસ્મથી (શરીરે) લેપવાળા, વ્યાઘ્રચર્મરૂપી વસ્ત્રવાળા, અજ્ઞાનરૂપી સાગરના વડવાગ્નિ સમા કોઈક અદ્‌ભુત ગુરુશ્રેષ્ઠનાં હું દર્શન કરું છું. (૧૦)

चारुस्थितं सोमकलावतंसं

वीणाधरं व्यक्तजटाकलापम् ।

उपासते केचन योगिनस्त्वा-

मुपात्तनादानुभवप्रमोदम् ॥ ११ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चारु-स्थितम् - સારી રીતે બિરાજમાન सोम-कला-अवतंसम् - ચંદ્રની કલાને મસ્તક પર ધારણ કરનાર वीणाधरम् - વીણાને ધારણ કરનાર व्यक्त-जटा-कलापम् - સ્પષ્ટ દેખાતા જટાના સમૂહવાળા उपात्त-नाद-अनुभव-प्रमोदम् - પ્રાપ્ત કરેલા નાદના અનુભવથી આનંદિત એવા त्वाम् - તમારી केचन - કેટલાક योगिनः - યોગીઓ उपासते - ઉપાસના કરે છે.

સારી રીતે બિરાજમાન, ચંદ્રની કલાને મસ્તક પર ધારણ કરનાર, વીણાધારી, સ્પષ્ટ દેખાતા જટાના સમૂહવાળા, પ્રાપ્ત કરેલા નાદના અનુભવથી આનંદિત એવા તમારી કેટલાક યોગીઓ ઉપાસના કરે છે. (૧૧)

उपासते यं मुनयः शुकाद्या
निराशिषो निर्ममताधिवासाः ।
तं दक्षिणामूर्तितनुं महेश-
मुपास्महे मोहमहार्तिशान्त्यै ॥ १२ ॥

यम् - જેની निराशिषः - આશા વિનાના निर्ममता-अधिवासाः - મમતા વિના રહેનારા शुक-आद्याः - શુકદેવજી વગેરે मुनयः - મુનિઓ उपासते - ઉપાસના કરે છે तम् - તે दक्षिणा-मूर्ति-तनुम् - દક્ષિણામૂર્તિનો દેહ ધારણ કરનાર महेशम् - મહેશની-મહાદેવની मोह-महा-आर्ति-शान्त्यै - મોહરૂપી મહાન પીડાની શાન્તિ માટે उपास्महे - અમે ઉપાસના કરીએ છીએ.

આશા વિનાના, મમતા વિના રહેનારા શુકદેવજી વગેરે મુનિઓ જેની ઉપાસના કરે છે, તે દક્ષિણામૂર્તિનો દેહ ધારણ કરનાર મહાદેવની, મોહરૂપી મહાન પીડાની શાંતિ માટે, અમે ઉપાસના કરીએ છીએ. (૧૨)

कान्त्या निन्दितकुन्दकंदलवपुर्न्यग्रोधमूले वस-
न्कारुण्यामृतवारिभिर्मुनिजनं संभावयन्वीक्षितैः ।
मोहध्वान्तविभेदनं विरचयन्बोधेन तत्तादृशा
देवस्तत्त्वमसीति बोधयतु मां मुद्रावता पाणिना ॥ १३ ॥

कान्त्या - (પોતાની) કાંતિથી निन्दित-कुन्द-कंदल-वपुः - મોગરાની ડાળીને પણ નિંદે એટલે કે પરાજિત કરે તેવા શ્વેત દેહવાળા न्यग्रोध-मूले-वसन् - ન્યગ્રોધવૃક્ષની નીચે વાસ કરતા कारुण्य-अमृत-वारिभिः - કરુણાનાં અમૃતરૂપી જળથી वीक्षितैः - નેત્રોથી નિહાળીને मुनिजनम् - મુનિજનોની संभावयन् - સંભાવના કરતા, સત્કારતા तत् - તે तादृशाः - તેવા बोधेन - જ્ઞાનથી मोह-ध्वान्त-विभेदनम् - મોહરૂપી અંધકારનું ભેદન विरचयन् - સારી રીતે કરતા देवः - દેવ, સદ્‌ગુરુદેવ माम् - મને तत्-त्वम्-असि - તે તું છે इति - એમ मुद्रावता - મુદ્રાયુક્ત पाणिना - હાથથી बोधयतु - ઉપદેશ આપે !

પોતાની કાંતિથી મોગરાની કળીને પણ નિંદે એટલે કે, પરાજિત કરે તેવા શ્વેત દેહવાળા, ન્યગ્રોધવૃક્ષની નીચે વાસ કરતા, કરુણાનાં અમૃતરૂપી જળ(સમા) નેત્રોથી નિહાળીને મુનિજનોને સત્કારતા, તેવા (પ્રકારના અદ્‌ભુત) જ્ઞાનથી મોહરૂપી અંધકારનું સારી રીતે ભેદન કરતા (સદ્‌ગુરુ) દેવ મને 'તે તું છે'- એમ મુદ્રાયુક્ત હાથથી ઉપદેશ આપે ! (૧૩)

अगौरनेत्रैरललाटनेत्रै-
रशान्तवेषैरभुजंगभूषैः ।
अबोधमुद्रैरनपास्तनिद्रै-
रपूरकामैरमरैरलं नः ॥ १४ ॥

अगौर-नेत्रैः - ગૌર નહિ એવાં એટલે શ્યામ નેત્રોવાળા अललाटनेत्रै - કપાળમાં નેત્ર વિનાના अशान्तवेशैः - શાંત નહિ એવા વેષવાળા अबोधमुद्रैः - જ્ઞાનરહિત મુદ્રાવાળા अन्-अपास्त-निद्रैः - જેની નિદ્રા દૂર નથી થઈ તેવા, એટલે ઊંઘતા अ-पूर-कामैः - કામનાઓ પૂરી નહિ કરવાવાળા अमरैः - દેવોથી नः - અમારે માટે अलम् - રહેવા દો અર્થાત્ અમને આવા દેવોની જરૂર નથી. અમે આવા દેવોથી ધરાઈ ગયા છીએ.

ગૌર નેત્ર વિનાના, લલાટમાં નેત્રહીન, અશાંત વેષવાળા, જ્ઞાનમુદ્રા વિનાના, નિદ્રાથી દૂર નહીં રહેનારા, કામના પૂરી નહિ કરનારા એવા દેવોથી બસ ! (અમારે એવા દેવોનું કંઈ કામ નથી). (૧૪)

दैवतानि कति सन्ति चावनौ
नैव तानि मनसो मतानि मे ।
दीक्षितं जडधियामनुग्रहे
दक्षिणाभिमुखमेव दैवतम् ॥ १५ ॥

च - અને अवनौ - પૃથ્વી ઉપર कति - કેટકેટલા दैवतानि - દેવતાઓ सन्ति - છે ? तानि - તે સહુ मे - મારા मनसः - મન વડે नैव मतानि - ક્યારેય માન્ય રખાયા નથી जडधियाम् - જડ બુદ્ધિના લોકોના अनुग्रहे - અનુગ્રહમાં, કૃપા કરવા માટે दीक्षितम् - દીક્ષિત, વ્રત ધારણ કરનાર दक्षिणाभि-मुखम् - દક્ષિણામૂર્તિ एव - જ दैवतम् - મારા દેવ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પૃથ્વી ઉપર કેટકેટલા દેવતાઓ છે ? તે સહુ મારા મનથી ક્યારેય માન્ય રખાયા નથી. જડ બુદ્ધિના લોક પર અનુગ્રહ કરવા દીક્ષિત એવા દક્ષિણામૂર્તિ જ મારા તો દેવ છે. (૧૫)

मुदिताय मुग्धशशिनावतंसिने
भसितावलेपरमणीयमूर्तये ।
जगदिन्द्रजालरचनापटीयसे
महसे नमोऽस्तु वटमूलवासिने ॥ १६ ॥

मुदिताय - આનંદિત, મુદિત મુગ્ધ-शशिना - બાલચંદ્રથી अवतंसिने - મસ્તકને વિભૂષિત કરનાર भसित-अवलेप-रमणीय-मूर्तये - ભસ્મના લેપથી સુંદર લાગતા દેહવાળા जगद्-इन्द्रजाल-रचना-पटीयसे - જગતની માયાજાળની રચનામાં ચતુર, હોંશિયાર, શક્તિમાન वटमूल-वासिने - વડની નીચે વાસ કરનાર महसे - તેજને नमः अस्तु - નમસ્કાર !

આનંદિત, બાલચંદ્રથી મસ્તકને વિભૂષિત કરનાર, ભસ્મના લેપથી સુંદર લાગતા દેહવાળા, જગતની માયાજાળ રચવામાં શક્તિમાન, વડની નીચે વાસ કરનાર તેજને નમસ્કાર ! (૧૬)

व्यालम्बिनीभिः परितो जटाभिः
कलावशेषेण कलाधरेण ।
पश्यल्ललाटेन मुखेन्दुना च
प्रकाशसे चेतसि निर्मलानाम् ॥ १७ ॥

परितः - ચારેબાજુથી व्यालम्बिनीभिः - લટકતી जटाभिः - જટાઓથી कलावशेषेण - કલા બાકી રહી છે તેવા (બીજના) कलाधरेण - ચંદ્રથી मुखेन्दुना - મુખરૂપી ચંદ્ર દ્વારા ललाटेन - લલાટમાં पश्यन् - જોતાં निर्मलानाम् - નિર્મળ લોકોના चेतसि - ચિત્તમાં प्रकाशसे - આપ પ્રકાશો છો.

ચારેબાજુથી લટકતી જટાઓથી, કલા બાકી રહી છે તેવા (બીજના) ચંદ્રથી, મુખરૂપી ચંદ્ર દ્વારા લલાટમાં જોતાં, નિર્મળ લોકોના ચિત્તમાં આપ પ્રકાશો છો. (૧૭)

उपासकानां त्वमुमासहायः
पूर्णेन्दुभावं प्रकटीकरोषि ।
यदद्य ते दर्शनमात्रतो मे
द्रवत्यहो मानसचन्द्रकान्तः ॥ १८ ॥

उमासहायः - ઉમાની સાથે, સહિત, સહાયવાળા त्वम् - આપ उपासकानाम् - ઉપાસકો માટે पूर्णेन्दु-भावम् - પૂર્ણચંદ્રનો ભાવ प्रकटीकरोषि - પ્રગટ કરો છો यद् - જે अद्य - આજ ते - તમારા दर्शनमात्रतः - ફક્ત દર્શનથી मे - મારો मानसचन्द्रकान्तः - મનરૂપી ચંદ્રકાન્ત મણિ अहो - અહો ! આશ્ચર્યની વાત છે કે द्रवति - દ્રવે છે.

ઉમાની સાથે આપ ઉપાસકો માટે પૂર્ણચંદ્રનો ભાવ પ્રગટ કરો છો. જે આજે તમારાં ફક્ત દર્શનથી મારો મનરૂપી ચંદ્રકાન્તમણિ અહો ! દ્રવે છે. (૧૮)

यस्ते प्रसन्नामनुसंदधानो
मूर्तिं मुदा मुग्धशशाङ्कमौलेः ।
ऐश्वर्यमायुर्लभते च विद्या-
मन्ते च वेदान्तमहारहस्यम् ॥ १९ ॥

यः - જે ते - તમારી मुग्ध-शशाङ्क-मौलेः - મુગ્ધ શિવની प्रसन्नाम् - પ્રસન્ન એવી मूर्तिम् - મૂર્તિનું मुदा - આનંદથી अनु-संदधानः - ધ્યાન ધરનારો છે તે ऐश्वर्यम् - ઐશ્વર્ય आयुः - આયુષ્ય च - અને विद्याम् - વિદ્યા लभते - પ્રાપ્ત કરે છે च - અને अन्ते - જીવનના અંતભાગમાં वेदान्त-महा-रहस्यम् - વેદાન્તના મહાન રહસ્યને પ્રાપ્ત કરે છે.

જે આપની, મુગ્ધ શિવની, પ્રસન્ન મૂર્તિનું આનંદથી ધ્યાન ધરનારો છે, તે ઐશ્વર્ય, આયુષ્ય અને વિદ્યાને પ્રાપ્ત કરે છે અને અંતે વેદાન્તના મહાન રહસ્યને પામે છે. (૧૯)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''दक्षिणामूर्तिस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''दक्षिणामूर्तिस्तोत्रम्'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ आनन्दलहरी ॥

भवानि स्तोतुं त्वां प्रभवति चतुर्भिर्न वदनैः
प्रजानामीशानस्त्रिपुरमथनः पञ्चभिरपि ।
न षड्भिः सेनानीर्दशशतमुखैरप्यहिपति-
स्तदान्येषां केषां कथय कथमस्मिन्नवसरः ॥ १ ॥

હે भवानि - હે પાર્વતી ! प्रजानाम् ईशानः - બ્રહ્મા चतुर्भिः - ચાર त्रिपुरमथनः - શંકર पञ्चभिः - પાંચ सेनानी - કાર્તિકેય સ્વામી षड्भिः - છ અને अहिपतिः - શેષનાગ दश-शत-मुखैः - હજારો મુખથી अपि - પણ त्वाम् - આપની स्तोतुम् - સ્તુતિ કરવા न प्रभवति - શક્તિમાન નથી तदा - તો अन्येषां - બીજા केषाम् - કોનો कथम् - કેવી રીતે अस्मिन् - આ (વિષય)માં अवसरः - પ્રસંગ (હોય) इति - એ कथय - કહો.

હે પાર્વતી ! બ્રહ્મા ચાર, શંકર પાંચ, કાર્તિકેય સ્વામી છ અને શેષનાગ હજાર મુખથી પણ આપની સ્તુતિ કરવા શક્તિમાન નથી તો બીજા કોને કેવી રીતે (વિષય)માં પ્રસંગ (હોય), એ કહો. (૧)

घृतक्षीरद्राक्षामधुमधुरिमा कैरपि पदै-
र्विशिष्यानाख्येयो भवति रसनामात्रविषयः ।
तथा ते सौन्दर्यं परमशिवदृङ्मात्रविषयः
कथंकारं ब्रूमः सकलनिगमागोचरगुणे ॥ २ ॥

હે सकल-निगम-अगोचर-गुणे - સકલ શાસ્ત્રોથી પણ જેમનાં ગુણો પૂરેપૂરા પામી શકાતા નથી એવાં (હે પાર્વતી) ! धृत-क्षीर-द्राक्षा-मधु-मधुरिमा - ઘી, દૂધ, દ્રાક્ષ અને મધનું માધુર્ય कैः अपि - કેટલાંક पदैः - પદોથી विशिष्य - વિશેષ વર્ણવીને अनाख्येयः - (આગળ) કહી શકાતું નથી (એટલે) रसना-मात्र-विषयः - કેવળ જીભનો વિષય भवति - બને છે तथा - તેવી રીતે परम-शिव-दृङ्मात्र-विषयः - કેવળ શિવની આંખનો વિષય (એવું) તે આપનાં सोन्दर्यम् - સૌંન્દર્યને कथंकारम् - કેવી રીતે ? ब्रूमः - વર્ણવીએ.

હે સકલ શાસ્ત્રોથી પણ જેમનાં ગુણો પૂરેપૂરા પામી શકાતા નથી એવાં (હે પાર્વતી) ! ઘી, દૂધ, દ્રાક્ષ અને મધનું માધુર્ય કેટલાંક પદોથી વિશેષ વર્ણવીને (આગળ) કહી શકાતું નથી, (એટલે) કેવળ જીભનો વિષય બને છે તેવી રીતે કેવળ શિવની આંખનો વિષય (એવાં) આપનાં સૌંન્દર્યને અમે કેવી રીતે વર્ણવીએ ? (૨)

मुखे ते ताम्बूलं नयनयुगले कज्जलकला
ललाटे काश्मीरं विलसति गले मौक्तिकलता ।
स्फुरत्काञ्ची शाटी पृथुकटितटे हाटकमयी
भजामि त्वां गौरीं नगपतिकिशोरीमविरतम् ॥ ३ ॥

ते - આપના मुखे - મુખમાં ताम्बूलम् - પાન नयन-युगले - બે નયનમાં कज्जल-कला - સુંદર કાજળ ललाटे - ભાલ-પ્રદેશમાં काश्मीरम् - કેસર विलसति - ચમકતા गले - ગરદનમાં मौक्तिक-लता - મોતીની માળા पृथु-कटि-तटे - વિશાળ કટિપ્રદેશ પર हाटकमयी - સુવર્ણની स्फुरन्-काञ्ची - ચમકતી મેખલાયુક્ત शाटी - સાડી (આવા) नगपति - किशोरी - પર્વતરાજ-પુત્રી गौरी - પાર્વતી त्वाम् - આપને अविरतम् - સતત भजामि - ભજું છું.

આપના મુખમાં પાન, બે નયનમાં સુંદર કાજળ, ભાલ-પ્રદેશમાં કેસર, ચમકતી ગરદનમાં મોતીની માળા, વિશાળ કટિ-તટ પર સુવર્ણની ચમકતી મેખલાયુક્ત સાડી : આવાં પર્વતરાજપુત્રી પાર્વતી ! આપને હું સતત ભજું છું. (૩)

विराजन्मन्दारद्रुमकुसुमहारस्तनतटी-
नदद्वीणानादश्रवणविलसत्कुण्डलगुणा ।
नताङ्गी मातङ्गी रुचिरगतिभङ्गी भगवती
सती शंभोरम्भोरुहचटुलचक्षुर्विजयते ॥ ४ ॥

विराजन्-मन्दार-द्रुम-कुसुम-हार-स्तन-तटी-नदद्-वीणा-नाद-श्रवण-विलसत्-कुण्डलगुणा - અનેરી શોભા આપતા મન્દાર-વૃક્ષનાં પુષ્પની માળાથી યુકત સ્તનપ્રદેશ ઉપરથી નીકળતા વીણાના સૂર સાંભળીને કાનના કુંડળ ઝૂમી રહ્યાં છે તેવાં नताङ्गी - નમેલાં અંગોવાળાં रुचिर-गति-भङ्गी - સુંદર ચાલની અનેક ભંગી બતાવતાં अम्भोरुह-चटुल-चक्षुः - કમળ સમાન ચંચળ ચક્ષુ ધરાવતાં भगवती - પૂજનીય शम्भोः - શંકરનાં सती - પત્ની मातंगी - માતંગી વિજય પામે છે.

(અનેરી) શોભા આપતા મન્દારવૃક્ષનાં પુષ્પની માળાથી યુકત સ્તનપ્રદેશ ઉપરથી નીકળતા વીણાના સૂર સાંભળીને કાનના કુંડળ ઝૂમી રહ્યા છે તેવાં, નમેલાં અંગોવાળાં, સુંદર ચાલની અનેક ભંગી બતાવતાં, કમળ સમાન ચંચળ ચક્ષુ ધરાવતાં શંકરનાં પૂજનીય પત્ની માતંગી વિજય પામે છે. (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नवीनार्कभ्राजन्मणिकनकभूषापरिकरै-
वृताङ्गी सारङ्गीरुचिरनयनाङ्गीकृतशिवा ।
तटित्पीता पीताम्बरललितमञ्जीरसुभगा
ममापर्णा पूर्णा निरवधिसुखैरस्तु सुमुखी ॥ ५ ॥

नवीना-अर्क-भ्राजन्-मणि-कनक-भूषा-परिकरैः - બાળ-સૂર્યના જેવા ચમકતાં મણિ અને સોનાના વિવિધ અલંકારો वृताङ्गी - ધારણ કરેલ सारङ्गी-रुचिर-नयना - હરિણી શી સુંદર નયનવાળાં अङ्गीकृत-शिवा - શિવથી સ્વીકારાયેલાં तडित् पीता - વીજળી શાં પીળાં पीताम्बर-ललित-मञ्जीर-सुभगा - પીતાંબર અને સુંદર નૂપુરથી શોભતાં सुमुखी - સુંદર મુખવાળાં अपर्णा - પાર્વતી मम - મને निरवधि-सुखैः - અનંતકાળ સુધી સુખથી पूर्णा - પૂર્ણ કરનારાં अस्तु - થાઓ !

બાળસૂર્યના જેવા ચમકતાં મણિ અને સોનાના વિવિધ અલંકારો ધારણ કરેલ, હરિણી શાં સુંદર નયનવાળાં, શિવથી સ્વીકારાયેલાં, વીજળી શાં પીળાં પીતાંબર અને સુંદર નૂપુરથી શોભતાં, સુંદર મુખવાળાં પાર્વતી મને અનંતકાળ સુધી સુખથી પૂર્ણ કરનારાં થાઓ ! (૫)

हिमाद्रेः संभूता सुललितकरैः पल्लवयुता
सुपुष्पा मुक्ताभिर्भ्रमरकलिता चालकभरैः ।
कृतस्थाणुस्थाना कुचफलनता सूक्तिसरसा
रुजां हन्त्री गन्त्री विलसति चिदानन्दलतिका ॥ ६ ॥

हिमाद्रेः संभूता - હિમાલયથી ઉત્પન્ન થયેલ सुललित-करैः - સુંદર હાથથી (જાણે) पल्लव-युता - કુંપળયુકત मुक्ताभिः - મોતીઓથી (જાણે) सुपुष्पा - સુંદર પુષ્પવાળી च - અને अलकभरैः - કેશના સમૂહથી (જાણે) भ्रमर-कलिता - ભ્રમરયુકત कृत-स्थाणु-स्थाना - (સ્થાણુ) શિવના (હૃદયમાં) સ્થાન પામેલ कुच-फल-नता - સ્તનરૂપી ફળથી નમેલ सूक्ति-सरसा - સારાં વચનો રૂપી રસવાળાં रुजाम् - રોગોનો हन्त्री - નાશ કરતાં गन्त्री - હાલતી ચાલતાં चिद्-आनन्द लतिका - જ્ઞાન અને આનંદરૂપી લતા (પાર્વતી) विलसति - શોભે છે.

હિમાલયથી ઉત્પન્ન, સુંદર હાથથી (જાણે) કુંપળયુક્ત, મોતીઓથી (જાણે) સુંદર પુષ્પવાળાં અને કેશના સમૂહથી (જાણે) ભ્રમરયુક્ત, (સ્થાણુ) શિવના હૃદયમાં સ્થાન પામેલ, સ્તનરૂપી ફળથી નમેલ, સારાં વચનો રૂપી રસવાળાં, રોગોનો નાશ કરતાં, હાલતાં ચાલતાં જ્ઞાન અને આનંદરૂપી લતા (એવાં પાર્વતી) શોભે છે. (૬)

सपर्णामाकीर्णां कतिपयगुणैः सादरमिह
श्रयन्त्यन्ये वल्लीं मम तु मतिरेवं विलसति ।
अपर्णैका सेव्या जगति सकलैर्यत्परिवृतः
पुराणोऽपि स्थाणुः फलति किल कैवल्यपदवीम् ॥ ७ ॥

अन्ये - બીજા (લોકો) सादरम् - આદરપૂર્વક इह - અહીં कतिपयगुणैः - કેટલાક ગુણોથી आकीर्णाम् - યુક્ત सपर्णाम् - પર્ણો ધારણ કરનારી वल्लीम् - લતાનો श्रयन्ति - આશરો લે છે तु - પણ मम - મારી मतिः - બુદ્ધિ एवम् - એવું विलसति - સ્પષ્ટપણે કહે છે (કે) जगति - જગતમાં एका - કેવળ अपर्णा - અપર્ણા (પાર્વતી, પર્ણ વિનાની)ને सकलैः - બધાએ सेव्या - સેવવાં જોઈએ. यत् - જેનાથી परिवृतः - વીંટળાયેલા पुराणः - પુરાણ स्थाणु - શિવ-સૂકું વૃક્ષ अपि - પણ कैवल्य-पदवीम् - મોક્ષપદવીનું फलति - ફળ આપે છે.

બીજા લોકો આદરપૂર્વક અહીં કેટલાક ગુણોથી યુક્ત, પર્ણો (પાંદડા) ધારણ કરનારી લતાનો આશ્રય લે છે, પણ મારી બુદ્ધિ એવું સ્પષ્ટપણે કહે છે કે જગતમાં કેવળ અપર્ણા (પાર્વતી, પર્ણ વિનાની)ને બધાએ સેવવાં જોઈએ, જેનાથી વીંટળાયેલા પુરાણા શિવ (સ્થાણુ, શિવ) પણ મોક્ષપદવીનું ફળ આપે છે. (૭)

विधात्री धर्माणां त्वमसि सकलाम्नायजननी
त्वमर्थानां मूलं धनदनमनीयाङ्घ्रिकमले ।
त्वमादिः कामानां जननि कृतकन्दर्पविजये
सतां मुक्तेर्बीजं त्वमसि परमब्रह्ममहिषी ॥ ८ ॥

हे जननि - હે મા ! सकल-आम्नाय-जनजी - સકલ શ્રુતિગ્રંથોને ઉત્પન્ન કરનાર त्वम् - આપ धर्माणाम् - ધર્મોના विधात्री - વિધાયક असि - છો हे धनद-नमनीय-अङ्घ्रि-कमले - હે કુબેરથી ચરણકમલે નમન પામતાં (મા) ! त्वम् - આપ अर्थानाम् - (સર્વે) અર્થોનું मूलम् - મૂળ (છો) हे कृत-कन्दर्प-विजये - હે કામદેવ ઉપર વિજય પ્રાપ્ત કરનાર ! त्वम् - આપ कामानाम् - (સર્વ) કામોનો आदिः - આદિ (છો) परब्रह्ममहिषी - હે પરબ્રહ્મના પટરાણી त्वम् - આપ सताम् - સત્પુરુષોના મોક્ષનું बीजम् - બીજ त्वम् - આપ असि - છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હે મા ! સકલ શ્રુતિગ્રંથોને ઉત્પન્ન કરનાર આપ ધર્મોનાં વિધાયક છો. હે કુબેરથી ચરણકમલે નમન પામતાં (મા) ! આપ (સર્વે) અર્થોનાં મૂળ છો. હે કામદેવ ઉપર વિજય પ્રાપ્ત કરનાર ! આપ સર્વ કામોનાં આદિ (છો) પરબ્રહ્મના પટરાણી એવાં આપ સત્પુરુષોના મોક્ષનાં બીજ છો. (૮)

प्रभूता भक्तिस्ते यदपि न ममालोलमनस-
स्त्वया तु श्रीमत्या सदयमवलोक्योऽहमधुना ।
पयोदः पानीयं दिशति मधुरं चातकमुखे
भृशं शङ्के कैर्वा विधिभिरनुनीता मम मतिः ॥ ९ ॥

यदपि - જો કે अलोल-मनसः - ચંચળ મનવાળા (એવા) मम - મારી ते - આપના ઉપરની भक्तिः - ભક્તિ प्रभुता - બહુ न - નથી तु - છતાં પણ श्रीमत्या - શ્રીમતી (એવાં) त्वया - આપે अहम् - મને सदयम् - દયાપૂર્વક पानीयम् - પાણી चातक-मुखे - ચાતકનાં મુખમાં दिशति - મૂકે છે वा - અને भृशम् - ઘણી બધી शङ्के - શંકા (થાય છે કે) कैः विधिभिः - કયા વિધિઓ વડે मम - મારી मतिः - બુદ્ધિ अनुनीता - (આપના તરફ) ઢળી.

જો કે ચંચળ મનવાળા (એવા) મારી આપનાં ઉપરની ભક્તિ બહુ નથી, છતાં પણ શ્રીમતી એવાં આપે મારા પ્રતિ દયાપૂર્વક જોવું જોઈએ, (જેવી રીતે) વાદળ ચાતકના મુખમાં પાણી મૂકે છે, અને મને ઘણી બધી શંકા (થાય છે કે) કયા વિધિઓ વડે મારી બુદ્ધિ (આપના તરફ) ઢળી ? (૯)

कृपापाङ्गालोकं वितर तरसा साधुचरिते
न ते युक्तोपेक्षा मयि शरणदीक्षामुपगते ।
न चेदिष्टं दद्यादनुपदमहो कल्पलतिका
विशेषः सामान्यैः कथमितरवल्लीपरिकरैः ॥ १० ॥

साधुचरिते - સુંદર ચરિત્રવાળાં મા ! कृपापाङ्ग-आलोकम् - કૃપાકટાક્ષનું (મારા ઉપર) तरसा - એકદમ वितर - વિતરણ કરો मयि - હું शरणदीक्षाम् - શરણ રૂપી દીક્ષા માટે उपगते - આવ્યો છું ત્યારે ते - આપને उपेक्षा - ઉપેક્ષા કરવી युक्ता - યોગ્ય न - નથી चेत् - જો अहो - ખરે कल्पलतिका - કલ્પલતા पदे पदे - પદે પદે इष्टम् - ઈષ્ટ न - ન दद्यात् - આપે (તો) सामान्यः - સામાન્ય इतर-वल्ली-परिकरैः - બીજી જુદી જુદી લતાઓથી कथम् - કેવી રીતે विशेषः - વિશિષ્ટ (ગણાય) ?

હે સાધુ ચરિત્રવાળાં (મા) ! (આપ) કૃપાકટાક્ષનું (મારા ઉપર) એકદમ વિતરણ કરો. શરણદીક્ષા માટે હું આવ્યો છું ત્યારે આપે ઉપેક્ષા કરવી યોગ્ય નથી. જો ખરે કલ્પલતા પદે પદે ઈષ્ટ (ફળ) ન આપે (તો) સામાન્ય બીજી જુદી જુદી લતાઓથી (એ) કેવી રીતે વિશિષ્ટ ગણાય ? (૧૦)

महान्तं विश्वासं तव चरणपङ्केरुहयुगे
निधायान्यन्नैवाश्रितमिह मया दैवतमुमे ।
तथापि त्वच्चेतो यदि मयि न जायेत सदयं
निरालम्बो लम्बोदरजननि कं यामि शरणम् ॥ ११ ॥

હે उमे - હે ઉમા ! लम्बोदरजननि - હે ગણેશનાં માતા ! तव - આપનાં चरण-पङ्केरुह-युगे - બે ચરણકમળમાં महान्तम् - મોટો विश्वासम् - વિશ્વાસ निधाय - મૂકીને इह - અહીં अन्यत् - બીજા दैवतम् - દેવતાઓનો मया - મેં नैव आश्रितम् - કદી આશરો લીધો નથી तथापि - તો પણ यदि - જો त्वत्-चेतः - આપનું ચિત્ત मयि - મારા પ્રત્યે सदयम् - દયાપૂર્ણ न - ન जायेत - થાય (તો) निरालम्बः - નિરાધાર (હું) कं - કોને शरणम् - શરણે यामि - જાઉં ?

હે ઉમા ! હે ગણેશનાં માતા ! આપનાં બે ચરણકમળમાં મોટો વિશ્વાસ મૂકીને અહીં બીજા દેવતાઓનો મેં કદી આશરો લીધો નથી, તો પણ જો આપનું ચિત્ત મારા પ્રત્યે દયાપૂર્ણ ન થાય, (તો) નિરાધાર હું કોને શરણે જાઉં ? (૧૧)

अयः स्पर्शे लग्नं सपदि लभते हेमपदवीं
यथा रथ्यापाथः शुचि भवति गङ्गौघमिलितम् ।
तथा तत्तत्पापैरतिमलिनमन्तर्मम यदि
त्वयि प्रेम्णा सक्तं कथमिव न जायेत विमलम् ॥ १२ ॥

(પારસમણિનો) स्पर्शे - સ્પર્શ लग्नम् - પામતાં अयः - લોખંડ सपदि - તરત જ हेमपदवीम् - સુવર્ણની પદવી लभते - પામે છે, यथा - જેવી રીતે रथ्या-पाथः - શેરીનું પાણી गङ्गा-ओघ-मिलितम् - ગંગાપ્રવાહ સાથે ભળતાં शुचि - પવિત્ર भवति - થાય છે तथा - તેવી રીતે यदि - જો तत् तत् - તે તે पापैः - પાપોથી अत्यंत-मलिनम् - અત્યંત મેલું त्वयि - આપના ઉપરના प्रेम्णा - પ્રેમમાં आसक्तम् - આસક્ત मम - મારું अन्तः - મન कथमिव - કેમ विमलम् - સ્વચ્છ न - ન जायेत - થાય ?

(પારસમણિનો) સ્પર્શ પામતાં લોખંડ તરત જ સુવર્ણની પદવી પામે છે, જેવી રીતે શેરીનું પાણી ગંગાપ્રવાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ભળતાં પવિત્ર થાય છે. તેવી રીતે તે તે પાપોથી અત્યંત મેલું (અને) આપના ઉપરના પ્રેમમાં આસક્ત મારું મન કેમ સ્વચ્છ ન થાય ? (૧૨)

त्वदन्यस्मादिच्छाविषयफललाभे न नियम-
स्त्वमज्ञानामिच्छाधिकमपि समर्था वितरणे ।
इति प्राहुः प्राञ्चः कमलभवनाद्यास्त्वयि मन-
स्त्वदासक्तं नक्तंदिवमुचितमीशानि कुरु तत् ॥ १३ ॥

हे इशानि - હે પાર્વતી ! त्वद् अन्यस्मात् - આપનાથી બીજાં (દેવદેવીઓ વિષે) इच्छा-विषय-फल-लाभे - ઇચ્છા પ્રમાણે વિષયના ફળના લાભ બાબત नियमः - (કોઈ) નિયમ न - નથી. त्वम् - આપ अज्ञानाम् - અજ્ઞાનીઓને इच्छा-अधिकम् अपि - ઈચ્છાથી પણ અધિક वितरणे - આપવા समर्था - શક્તિમાન (છો) इति - એમ त्वयि - આપ વિષે प्राञ्चः - પુરાણા कमल-भवनाद्याः - બ્રહ્મા વગેરે (દેવો) प्राहुः - કહે છે नक्तम् - રાત दिवम् - દિન मनः - (મારું) મન त्वद्-आसक्तम् - આપનામાં આસક્ત છે (હવે) उचितम् - યોગ્ય (હોય) तत् - તે कुरु - કરો.

હે પાર્વતી ! આપનાથી બીજાં (દેવદેવીઓ વિષે) ઈચ્છા પ્રમાણે વિષયના ફળના લાભ બાબત (કોઈ) નિયમ નથી. આપ (તો) અજ્ઞાનીઓને ઈચ્છાથી પણ અધિક ફળ આપવા શક્તિમાન છો, એમ આપ વિષે પુરાણા બ્રહ્મા વગેરે (દેવો) કહે છે. રાત-દિન (મારું) મન આપનામાં આસક્ત છે : (હવે) યોગ્ય (હોય) તે કરો (૧૩)

स्फुरन्नानारत्नस्फटिकमयभित्तिप्रतिफल-
त्वदाकारं चञ्चच्छशधरकलासौधशिखरम् ।
मुकुन्दब्रह्मेन्द्रप्रभृतिपरिवारं विजयते
तवागारं रम्यं त्रिभुवनमहाराजगृहिणि ॥ १४ ॥

हे त्रिभुवन-महाराज-गृहिणि - હે ત્રિભુવનના સ્વામીનાં પત્ની ! स्फुरत्-नाना-रत्न-स्फटिकमय-भित्ति-प्रतिफलत्-त्वद् - आकारम् - ચમકતાં જુદાં જુદાં રત્નજડિત સ્ફટિકની ભીંતમાં પ્રતિબિંબ ઝીલતા આપના શરીરવાળું चञ्चत् शशधर-कला-सौध-शिखरम् - ચમકતા ચન્દ્રની કલાયુક્ત મહેલના શિખરવાળું मुकुन्द-ब्रह्मा-इन्द्र-प्रभृति-परिवारम् - મુકુન્દ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે (દેવોના) પરિવારવાળું तव - આપનું रम्यम् - સુંદર आगारम् - ગૃહ विजयते - વિજય પામે છે.

હે ત્રિભુવનના સ્વામીનાં પત્ની ! ચમકતાં જુદાં જુદાં રત્નજડિત સ્ફટિકની ભીંતમાં પ્રતિબિંબ ઝીલતા આપના શરીરવાળું, ચન્દ્રની કલાયુક્ત મહેલના શિખરવાળું અને મુકુંદ, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે (દેવોના) પરિવારવાળું આપનું સુંદર ગૃહ વિજય પામે છે. (૧૪)

निवासः कैलासे विधिशतमखाद्याः स्तुतिकराः
कुटुम्बं त्रैलोक्यं कृतकरपुटः सिद्धिनिकरः ।
महेशः प्राणेशस्तदवनिधराधीशतनये
न ते सौभाग्यस्य क्वचिदपि मनागस्ति तुलना ॥ १५ ॥

हे अवनि-धरा-अधीश-तनये - હે પર્વતરાજપુત્રી ! कैलासे - કૈલાસમાં निवासः - નિવાસ विधि-शतमख-आद्याः - બ્રહ્મા, ઈન્દ્ર વગેરે (દેવતાઓ) स्तुतिकराः - સ્તુતિ કરનારા कुटुम्बम् त्रैलोक्यम् - આખું જગત કુટુંબ कृत-कर-पुटः - હાથ જોડી ઊભેલ सिद्धि-निकरः - અનેક સિદ્ધિઓ प्राणेशः - પતિ महेशः - શિવ ते - આપનાં सौभाग्यस्य - સૌભાગ્યની क्वचिदपि - ક્યાંય પણ मनाक् - થોડી (યે) तुलना - સરખામણી न अस्ति - થઈ શકે તેમ નથી.

હે પર્વતરાજપુત્રી ! કૈલાસમાં નિવાસ; બ્રહ્મા, ઈન્દ્ર વગેરે (દેવતાઓ) સ્તુતિ કરનારા; આખું જગત કુટુંબ; હાથ જોડી ઊભેલ અનેક સિદ્ધિઓ અને પતિ શિવ : આપનાં સૌભાગ્યની ક્યાંય પણ થોડીયે સરખામણી થઈ શકે તેમ નથી. (૧૫)

वृषो वृद्धो यानं विषमशनमाशा निवसनं
श्मशानं क्रीडाभूर्भुजगनिवहो भूषणविधिः ।
समग्रा सामग्री जगति विदितैव स्मररिपो-
र्यदेतस्यैश्वर्यं तव जननि सौभाग्यमहिमा ॥ १६ ॥

हे जननि - હે મા ! वृद्धः - વૃદ્ધ वृषः - વૃષભ यानम् - વાહન विषम् - વિષ अशनम् - ખોરાક आशाः निवसनम् - દિશાઓ વસ્ત્ર श्मशानम् - સ્મશાન क्रीडाभूः - વિહારભૂમિ भूषण-विधिः - અલંકાર બાબત भुजग-निवहः - અનેક સાપ स्मररिपोः - કામદેવના શત્રુ(શિવ)ની समग्रा - સારીયે सामग्री - સામગ્રી जगति - જગતમાં विदिता एव - જાણીતી જ (છે) यद् - (છતાં) एतस्य - એમનું જે ऐश्वर्यम् - ઐશ્વર્ય (છે તે) तव - આપનાં सौभाग्यमहिमा - સૌભાગ્યનો મહિમા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મા ! વાહન વૃષભ, ઝેર ખોરાક, દિશાઓ વસ્ત્ર, શ્મશાન વિહારભૂમિ, અલંકારવિધિ અનેક સાપની, કામદેવના શત્રુ (શિવ)ની સારીયે સામગ્રી જગતમાં જાણીતી જ છે, (છતાં) એમનું જે ઐશ્વર્ય છે તે આપનાં સૌભાગ્યનો મહિમા છે. (૧૬)

अशेषब्रह्माण्डप्रलयविधिनैसर्गिकमतिः
श्मशानेष्वासीनः कृतभसितलेपः पशुपतिः ।
दधौ कण्ठे हालाहलमखिलभूगोलकृपया
भवत्याः संगत्याः फलमिति च कल्याणि कलये ॥ १७ ॥

अशेष-ब्रह्मांड-प्रलय-विधि-नैसर्गिक-मतिः - સમગ્ર બ્રહ્માંડનો પ્રલય કરવાની સ્વાભાવિક બુદ્ધિ, श्मशानेषु - શ્મશાનોમાં आसीनः - નિવાસ कृत-भसित-लेपः - શરીરે ભસ્મ ચોળવાની पशु-पति - પશુઓના પતિ એ (શિવે) अखिल-भूगोल-कृपया - સારાયે ભૂમંડળ પર કૃપા કરવા कण्ठे - કંઠમાં हालाहलम् - હળાહળ ઝેર दधौ - ધારણ કર્યું (તે) हे कल्याणि - હે કલ્યામણયી મા ! भवत्याः - આપની संगत्याः - સંગતિનું फलम् - ફળ (છે) इति - એમ कलये - હું માનું છું.

સમગ્ર બ્રહ્માંડનો પ્રલય કરવાની સ્વાભાવિક બુદ્ધિ, શ્મશાનોમાં નિવાસ, શરીરે ભસ્મ ચોળવાનું, પશુઓના પતિ એ (શિવે) સારાયે ભૂમંડળ પર કૃપા કરવા કંઠમાં હળાહળ ઝેર ધારણ કર્યું, તે આપની સંગતિનું ફળ (છે), એમ હું માનું છું. (૧૭)

त्वदीयं सौन्दर्यं निरतिशयमालोक्य परया
भियैवासीद्गङ्गा जलमयतनुः शैलतनये ।
तदेतस्यास्तस्माद्वदनकमलं वीक्ष्य कृपया
प्रतिष्ठामातन्वन्निजशिरसि वासेन गिरिशः ॥ १८ ॥

हे शैलतनये - હે પર્વતપુત્રી ! त्वदीयम् - આપનું निरतिशयम् - અસાધારણ सौन्दर्यम् - સૌંદર્ય आलोक्य - જોઈને परया - ભારે भिया - ભયથી एव - જ गङ्गा - ગંગા जलमय-तनुः - જલમય શરીરવાળાં आसीत् - થયાં तस्मात् - તેથી एतस्याः - તેમના तद् - તે वदनकमलम् - મુખકમળ તરફ कृपया - દયાપૂર્વક वीक्ष्य - જોઈને गिरिशः - મહાદેવે निज-शिरसि - પોતાના મસ્તક પર वासेन - નિવાસ (આપીને) प्रतिष्ठाम् - (તેમની) પ્રતિષ્ઠા आतन्वन् - વધારી.

હે પર્વતપુત્રી ! આપનું અસાધારણ સૌન્દર્ય જોઈને ભારે ભયથી ગંગા જળમય શરીરવાળાં થયાં, તેથી તેમના તે મુખકમળને કૃપાપૂર્વક જોઈને મહાદેવ પોતાના મસ્તક પર નિવાસ (આપીને) તેમની પ્રતિષ્ઠા વધારી. (૧૮)

विशालश्रीखण्डद्रवमृगमदाकीर्णघुसृण-
प्रसूनव्यामिश्रं भगवति तवाभ्यङ्गसलिलम् ।
समादाय स्रष्टा चलितपदपांसून्निजकरैः
समाधत्ते सृष्टिं विबुधपुरपङ्केरुहदृशाम् ॥ १९ ॥

हे भगवति - હે મા ! तव - આપના विशाल-श्रीखण्ड-द्रव-मृगमद-आकीर्ण-घुसृण-प्रसून-व्यामिश्रम् - ઘસીને તૈયાર કરાયેલા ઘાટા ચન્દન, કસ્તુરીયુક્ત અને સુગંધિત પુષ્પોથી મિશ્રિત अभ्यङ्ग-सलिलम् - સ્નાનજળ તથા - અને निजकरैः - પોતાના હાથથી चलित-पद-पांसून् - (આપ) ચાલ્યા ત્યાંની ચરણરજ समादाय - લઈને स्रष्टा - બ્રહ્મા विबुध-पुर-पङ्केरुह-दृशाम् - અમરાપુરની કમલનયની (દેવાંગનાઓ)ની सृष्टिम् - સૃષ્ટિ समाधत्ते - રચે છે.

હે મા ! આપના ઘસીને તૈયાર કરાયેલાં ચન્દન (ને) કસ્તુરીયુક્ત (તથા) સુગન્ધિત પુષ્પોથી મિશ્રિત સ્નાનજળ અને પોતાના હાથથી (આપ) ચાલ્યા ત્યાંની ચરણરજ લઈને બ્રહ્મા અમરાપુરની કમલનયની(દેવાંગનાઓ)ની સૃષ્ટિ રચે છે. (૧૯)

वसन्ते सानन्दे कुसुमितलताभिः परिवृते
स्फुरन्नानापद्मे सरसि कलहंसालिसुभगे ॥
सखीभिः खेलन्तीं मलयपवनान्दोलितजले
स्मरेद्यस्त्वां तस्य ज्वरजनितपीडापसरति ॥ २० ॥

वसन्ते - વસંતઋતુમાં सानन्दे - આનંદ સહિત कुसुमित-लताभिः - પુષ્પયુક્ત લતાઓથી परिवृते - વીંટળાયેલાં स्फुरत्-नाना-पद्मे - વિવિધ કમળોથી શોભતા कलहंस-आलि-सुभगे - કલરવકરતા હંસોની હારથી સુંદર લાગતા मलय-पवन-आन्दोलित-जले - મલય પવનને લીધે તરંગિત જળવાળા सरसि - સરોવરમાં सखीभिः - સખીઓ સાથે खेलन्तीम् - ક્રીડા કરતાં त्वाम् - આપનું यद् - જે स्मरेत् - સ્મરણ કરે तस्य - તેની ज्वर-जनित-पीडा - તાવથી ઉત્પન્ન થતી પીડા अपसरति - દૂર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
129354
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

વસન્તઋતુમાં પુષ્પયુક્ત લતાઓથી વીંટળાયેલા, વિવિધ કમળથી શોભતા, કલરવ કરતા હંસોની હારથી સુંદર લાગતા, મલયપવનને લીધે તરંગિત જળવાળા, સરોવરમાં સખીઓ સાથે આનન્દ સહિત ક્રીડા કરતાં આપનું જે સ્મરણ કરે, તેની તાવથી ઉત્પન્ન થતી પીડા દૂર થાય છે. (૨૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''आनन्दलहरी'' संपूर्णा ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''આનંદલહરી'' સંપૂર્ણ.



॥ श्रीः ॥

॥ दक्षिणामूर्तिवर्णमालास्तोत्रम् ॥

ओमित्येतद्यस्य बुधैर्नाम गृहीतं
यद्भासेदं भाति समस्तं वियदादि ।
यस्याज्ञातः स्वस्वपदस्था विधिमुख्या-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ १ ॥

ओम् इति एतत् यस्य - ॐ - એ પ્રમાણેનું જેમનું; नाम - નામ; बुधैः गृहीतं - જ્ઞાની જનો સતત જેનું રટણ કરે છે; इदं समस्तं वियत् आदि - આ સમસ્ત આકાશ વગેરે; यद्भासा भाति - જેનાં તેજથી પ્રકાશે છે; विधिमुख्याः - વિધિ વગેરે, બ્રહ્મા જેમાં અગ્રેસર છે તે દેવો; यस्य आज्ञातः - જેની આજ્ઞાથી; स्वस्व-पदस्थाः - પોતપોતાનાં સ્થાને સ્થિર છે; तं प्रत्यञ्चं कलयामि - તે દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું.

ૐ એ પ્રમાણેનું જેમનું નામ જ્ઞાનીજનો સતત રટ્યા કરે છે, જેમના પરમ પ્રકાશથી આ સમસ્ત આકાશાદિ તેજોમય ભાસે છે, વિધિ (બ્રહ્મા) વગેરે મુખ્ય દેવો જેમની આજ્ઞાથી પોતપોતાનાં સ્થાને સ્થિર રહેલા છે, તે, અત્યન્ત પૂજનીય શ્રી દક્ષિણવક્ત્રને (= શિવજીને) હું વંદું છું. (૧)

नम्राङ्गाणां भक्तिमतां यः पुरुषार्था-
न्दत्त्वा क्षिप्रं हन्ति च तत्सर्वविपत्तीः ।
पादाम्भोजाधस्तनितापस्मृतिमीशं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ २ ॥

नम्राङ्गाणां - નમેલાં અંગોવાળા; भक्तिमतां - ભક્તિભર્યાં; यः पुरुषार्थान् दत्त्वा - પુરુષાર્થનું દાન આપીને; तत्सर्वविपत्तीः क्षिप्रं हन्ति - તેમની તમામ આફતો તત્ક્ષણ દૂર કરી દે છે; पादाम्भोज-अधस्तनि-तापस्मृतिं ईशं - જેનાં ચરણકમલના (સ્પર્શમાત્રથી) તમામ તાપોની સ્મૃતિ નીચી પડી જાય છે તે ઈશને વગેરે શ્લોક ૧ મુજબ.

નમેલાં અંગોવાળા, ભક્તિભર્યાં જનોને (જે ઈશ્વર) પુરુષાર્થનું દાન આપીને તરત જ તમામ આફતોનો નાશ કરે છે; ચરણ-કમલે (નતમસ્તક) જનોની (સંસારના) તાપની સ્મૃતિ પણ દૂર કરી દે છે, તે ઈશને, પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मोहध्वस्त्यै वैणिकवैयासिकिमुख्याः
संविन्मुद्रापुस्तकवीणाक्षगुणान्यम् ।
हस्ताम्भोजैर्बिभ्रतमाराधितवन्त-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ ३ ॥

मोहध्वस्त्यै - મોહનો ધ્વંસ કરવા માટે; वैणिकवैयासिकि-मुख्या - નારદ અને વ્યાસપુત્ર શુકદેવ વગેરે અગ્રેસરો, हस्ताम्भोजैः - હસ્તકમલો વડે; संविन्मुद्रापुस्तक-वीणाक्षगुणान् - જ્ઞાન, મુદ્રા, પુસ્તક, વીણા અને અક્ષરસૂત્ર ધારણ કરનારાઓ, यम् - જેની आराधितवन्तः - આરાધના કરે છે, तम् - તે વગેરે શ્લોક ૧ મુજબ.

મોહનો નાશ થાય તે માટે નારદ, શુકદેવ: વગેરે અગ્રેસરો, હસ્તકમલો વડે જ્ઞાન, મુદ્રા, પુસ્તક, વીણા અને અક્ષસૂત્ર ધારણ કરનાર (જેની) ઉપાસના કરે છે, તે પરમેશ્વર દક્ષિણવક્ત્ર (શિવજીને) હું વંદન કરું છું. (૩)

भद्रारूढं भद्रदमाराधयितॄणां
भक्तिश्रद्धापूर्वकमीशं प्रणमन्ति ।
आदित्या यं वाञ्छितसिद्ध्यै करुणाब्धिं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ ४ ॥

भद्रारूढं - ભદ્રાનન્દી પર આરૂઢ; आराधयितॄणां भद्रदं - આરાધન કરનારાઓનું કલ્યાણ કરનારા; ईशं भक्तिश्रद्धापूर्वकं प्रणमन्ति - ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક સૌ વંદન કરે છે તે ઈશ્વરને; आदित्याः - સૌ દેવો; करुणाब्धिं यं वाञ्छितसिद्ध्यै (प्रणमन्ति) - કરુણાસાગર એવા જેમને વાંછિત સિદ્ધિ માટે પ્રણામ કરે છે; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

જેને સૌ દેવો વાંછેલી સિદ્ધિ માટે ભદ્ર નન્દી પર આરૂઢ, આરાધના કરનારાં જનોનું ભલું કરનારા જે ઈશને ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરે છે, તે કરુણાના સાગર એવા પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૪)

गर्भान्तःस्थाः प्राणिन एते भवपाश-
च्छेदे दक्षं निश्चितवन्तः शरणं यम् ।
आराध्याङ्घ्रिप्रस्फुरदम्भोरुहयुग्मं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ ५ ॥

गर्भान्तःस्थाः - ગર્ભની અંદર રહેલા; एते प्राणिनः - આ જીવો; भवपाशच्छेदे - સંસારના પાશના છેદન માટે; यं दक्षं शरणं निश्चितवन्तः - જેને સમર્થ શરણ તરીકે નિશ્ચિત ગણે છે; अङ्घ्रि-प्रस्फुरत् - अम्भोरुहयुग्मं - ખીલતાં બે ચરણકમળવાળા; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

ગર્ભમાં રહેલા (આ સૌ) જીવો, પોતાના સંસારના પાશના છેદન માટે જેને નિશ્ચિત રીતે સમર્થ શરણ ગણે છે, તેવા ખીલતાં બે ચરણકમળવાળા આરાધ્યદેવ એવા પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૫)

वक्त्रं धन्याः संसृतिवार्धेरतिमात्रा-
द्भीताः सन्तः पूर्णशशाङ्कद्युतिं यस्य ।
सेवन्तेऽध्यासीनमनन्तं वटमूलं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ ६ ॥

अतिमात्रात् भीताः - અત્યંત ડરી ગયેલા; वक्त्रं यस्य - જેના મુખને; संसृतिवार्धेः - સંસાર વધવાથી; धन्याः - ધન્ય, सन्तः - સંતો, यस्य पूर्णशशाङ्कद्युतिं - જેની પૂર્ણચન્દ્ર સમી તેજસ્વિતાને; सेवन्ते - સેવે છે; अनन्त - અનન્ત; वटमूलं अध्यासीनं - વટવૃક્ષની નીચે બિરાજે છે; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

સંસાર વધી જવાથી અત્યંત ડરેલા ધન્યવાદને પાત્ર એવા સંતો જેના પૂર્ણ ચંદ્રની કાન્તિ જેવા મુખનું સેવન કરે છે તે અનંત વટવૃક્ષ નીચે બિરાજમાન પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું નમું છું. (૬)

तेजःस्तोमैरङ्गदसंघट्टितभास्व-
न्माणिक्योत्थैर्भासितविश्वो रुचिरैर्यः ।
तेजोमूर्तिं खानिलतेजःप्रमुखाब्धिं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ ७ ॥

तेजस्तोमैः रुचिरैः - તેજના રુચિર સમૂહોથી; अङ्गद - संघट्टित-भास्वत्-माणिक्योत्थैः - બાજુબંધમાં ધારણ કરેલા ચમકતા માણિક્યથી ઉદ્‌ભવેલા; यः तेजोमूर्तिः - તેજની સાક્ષાત્ મૂર્તિ સમાન; ख-अनिल-तेजः-प्रमुख-अब्धिं - આકાશ, વાયુ, તેજ વગેરેથી અન્વિત=સભર ભર્યા સાગર; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

જે બાજુબંધમાં ધારણ કરેલા ચમકતા માણિક્યમાંથી ઉદ્‌ભવેલા તેજના રુચિર સમૂહરૂપ (પ્રવાહોથી) વિશ્વને પ્રકાશિત કરનાર, આકાશ, વાયુ અને તેજ જેમાં મુખ્ય છે તેવા સાગર સમા તે પરમેશ્વર દક્ષિણવક્ત્રને નમું છું. (૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दध्याज्यादिद्रव्यककर्माण्यखिलानि
त्यक्त्वा काङ्क्षां कर्मफलेष्वत्र करोति ।
यज्जिज्ञासां रूपफलार्थी क्षितिदेव-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ ८ ॥

दधि-आज्यादि-द्रव्यक-कर्माणि-अखिलानि - દધિ, ધૃત વગેરે દ્રવ્યોથી કરવામાં આવતાં તમામ કર્મો; अत्र - અહીં; कर्मफलेषु एव कांक्षां त्यक्त्वा करोति - કર્મફલની આકાંક્ષા તજીને કરે છે; यज्जिज्ञासां रूपफलार्थी क्षितिदेवः - જેની રૂપફલાર્થી ક્ષિતિદેવ જિજ્ઞાસા કરે છે; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

રૂપના ફળથી ઈચ્છાવાળા ક્ષતિદેવ, દધિ, ધૃત, વગેરે દ્રવ્યોવાળા સઘળા કર્મો ત્યજીને કર્મ ફળની આકાંક્ષા તજીને જેની જિજ્ઞાસા કરે છે તે પરમેશ્વર દક્ષિણવક્ત્ર દેવને વંદન કરું છું. (૮)

क्षिप्रं लोके यं भजमानः पृथुपुण्यः
प्रध्वस्ताधिः प्रोज्झितसंसृत्यखिलार्तिः ।
प्रत्यग्भूतं ब्रह्म परं सन्रमते य-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ ९ ॥

क्षिप्रं - તરત જ; लोके यं भजमानः - જગતમાં જેને ભજનાર; पृथुपुण्यः - ભારે પુણ્યવાન; प्रध्वस्ताधिः - આધિ = માનસિક વેદનાને દૂર કરનાર; प्रोज्झित-संसृत्याखिलार्तिः - સમગ્ર સાંસારિક વેદનાનો ત્યજી દેનાર છે; प्रत्यगभूतं - પ્રગટ परं ब्रह्म - પરબ્રહ્મ; सन् - રૂપ થયેલ रमते - રમણ કરે છે, આનંદ પામે છે; तम्-ते - વગેરે શ્લોક ૧ મુજબ.

જેને જગતમાં ભજનાર, ભારે પુણ્યવાળો, તરત માનસિક વેદનાને દૂર કરનારો, સંસારના સઘળા દુઃખોને ત્યજી દેનારો બની પ્રગટ પરબ્રહ્મરૂપ થઈ આનંદ પામે છે, તે પરમેશ્વર દક્ષિણવક્ત્ર દેવને હું વંદન કરું છું. (૯)

णानेत्येवं यन्मनुमध्यस्थितवर्णा-
न्भक्ताः काले वर्णगृहीत्यै प्रजपन्तः ।
मोदन्ते संप्राप्तसमस्तश्रुतितन्त्राः-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ १० ॥

णान् इत्येवं - ણાન્ એ પ્રમાણે; यन्-मध्यस्थित-वर्णान् - જેમને મનુષ્યોની વચ્ચે રહેલા વર્ણોને; वर्णगृहीत्यै - વર્ણોના ગ્રહણ માટે, વર્ણોના જ્ઞાન માટે; काले भक्ताः प्रजपन्तः - ભક્તો સમયે સમયે જપ કરે છે; संप्राप्त-समस्त-श्रुति-तन्त्राः - તમામ શ્રુતિતન્ત્રને પ્રાપ્ત કરીને; मोदन्ते - આનંદ મનાવે છે; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

'ણાન્' એ પ્રમાણે ભક્તો જે મનુષ્યની વચ્ચે રહેલા વર્ણોનો યોગ્ય વર્ણગ્રહણ માટે જાપ કરે છે, તે સમગ્ર શ્રુતિતન્ત્રના જ્ઞાતા બની (જેની કૃપાથી) આનંદ મનાવે છે, તે પરમેશ્વર દક્ષિણવક્ત્ર દેવની સ્તુતિ હું કરું છું. (૧૦)

मूर्तिश्छायानिर्जितमन्दाकिनिकुन्द-
प्रालेयाम्भोराशिसुधाभूतिसुरेभा ।
यस्याभ्राभा हासविधौ दक्षशिरोधि-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ ११ ॥

मूर्ति-श्छाया-निर्जित-मन्दाकिनि-कुन्द-प्रालेय-अम्भोराशि-सुधा-मूतिसुरेभा - મૂર્તિની કાન્તિથી મંદાકિની, કુન્દપુષ્પ, પ્રલય સમયના જળના સમૂહ, અમૃત અને ભસ્મની શોભાને જીતી લેનાર यस्य - એવા यस्य - જેની अभ्रामा - વાદળ જેવી કાંતિ हासविधौ - હાસ્યની વિધિમાં दक्षशिरोधि - દક્ષના શિરનો રોધ કરનારી છે तम् - તે प्रत्यञ्चम् - પરમેશ્વરના दक्षिणवक्रम् - દક્ષિણવક્ત્રને कलयामि - હું નમું છું.

મૂર્તિની કાંતિથી મંદાકિની, કુન્દપુષ્પ, પ્રલયના સમયના જળના સમૂહ, અમૃત અને ભસ્મની શોભાને જીતી લેનાર એવા જેની વાદળ જેવી કાંતિ હાસ્યની વિધિમાં દક્ષના શિરનો રોધ કરનારી છે તે પરમેશ્વરના દક્ષિણવક્ત્રને હું નમું છું. (૧૧)

तप्तस्वर्णच्छायजटाजूटकटाह-
प्रोद्यद्वीचीवल्लिविराजत्सुरसिन्धुम् ।
नित्यं सूक्ष्मं नित्यनिरस्ताखिलदोषं
तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ १२ ॥

तप्त-स्वर्ण-छाय-जटाजूट-कराट-प्रोद्यद्-वीची-वल्लि-विराजत्-सुरसिन्धुम् - તપાવેલા સોનાની છાયા જેવી (પીળી) જટાઓના સમૂહમાં ઉછળતા તરંગોના સમૂહથીશોભતી દેવનદી ગંગાવાળા नित्यम् - नित्य सूक्ष्मम् - सूक्ष्म नित्य-निरस्त-अखिल-दोषम् - સમસ્ત દોષોનું કાયમ માટે નિરસન કરનાર तम् - તે... વગેરે શ્લોક ૧ મુજબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાવેલા સોનાની છાયા જેવી (પીળી) જટાઓના સમૂહમાં ઉછળતા તરંગોના સમૂહથી શોભતી દેવનદી ગંગાવાળા, નિત્ય, સૂક્ષ્મ, સમસ્ત દોષોનું નિરસન કરનાર તે પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૧૨)

येन ज्ञातेनैव समस्तं विदितं स्या-
द्यस्मादन्यद्वस्तु जगत्यां शशशृङ्गम् ।
यं प्राप्तानां नास्ति परं प्राप्यमनादिं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ १३ ॥

येन ज्ञातेन एव - જેને જાણતાંની સાથે જ; समस्तं (जगत्) विदितं स्यात् - સમગ્ર જગત વિદિત થઈ જાય; यस्मात् (विना) - જેના વિના; जगत्यां अन्यद् वस्तु - જગતમાં અન્ય સર્વ વસ્તુ; शश-शृङ्गं (इव) - સસલાના શીંગડા જેવું, અસંભવ સમું; यं अनादिं प्राप्तानां - જે અનાદિને પ્રાપ્ત કરી લે તેને; अन्यत् परं प्राप्यं नास्ति - બીજું કંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

જેને જાણ્યા પછી જ તરત સમગ્ર જગત જ્ઞાત થઈ જાય; જેના સિવાય (કોઈપણ અન્ય) વસ્તુ આ જગતમાં સસલાનાં શીંગડા જેવી (= અસંભવ) બની રહે; અનાદિ એવા જેને પ્રાપ્ત કર્યા પછી અન્ય કંઈ જ પ્રાપ્ય ન રહે (= બધું જ સુપ્રાપ્ત બની રહે), તે પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૧૩)

मत्तो मारो यस्य ललाटाक्षिभवाग्नि-
स्फूर्जत्कीलप्रोषितभस्मीकृतदेहः ।
तद्भस्मासीद्यस्य सुजातः पटवास-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ १४ ॥

मत्तः मारः - મદમસ્ત માર (= કામદેવ); ललाटाक्षिभवाग्नि-स्फूर्जत् - જેમના લલાટ પરના (તૃતીય) નેત્રમાં રહેલા અગ્નિના સ્ફુરણથી; प्रोषित - તેના પર મોકલાયેલા અગ્નિથી; भस्मीकृत-देहः - દેહે ભસ્મ થઈ ગયો; અને तद्भस्म आसीत् - તે ભસ્મ બની ગયું; सुजातः पटवासः - સુંદર એવું પટવસ્ત્ર; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

મદમસ્ત કામદેવ જેમના લલાટ પરના (તૃતીય) નેત્રમાં રહેલા અગ્નિના પ્રેષણથી દેહે ભસ્મીભૂત થઈ ગયો; (અને) જેમના માટે (એ જ) ભસ્મ સુંદર પટવસ્ત્ર બની ગયું, તે પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૧૪)

ह्यम्भोराशौ संसृतिरूपे लुठतां त-
त्पारं गन्तुं यत्पदभक्तिर्दृढनौका ।
सर्वाराध्यं सर्वगमानन्दपयोधिं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ १५ ॥

हि - ખરેખર; यत्पदभक्तिः - જેમનાં ચરણોની ભક્તિ; संसृतिरूपे लुठतां - સંસારરૂપી સાગરમાં અથડાતા કૂટાતા; तत्पारं गन्तुं - તેની પેલી પાર જવા માટે; दृढनौका - દૃઢ અથવા મજબૂત એવી નૌકા (બની); सर्वाराध्यं - સૌ જનો વડે આરાધ્ય; सर्वगं - સર્વત્ર ગમનશીલ; आनन्दपयोधिं - આનંદસાગર; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

ખરેખર, જેમનાં ચરણોની ભક્તિ સંસરણશીલ એવા સંસારસાગરમાં અથડાતાં - કૂટાતાં જનોને (તરીને) પેલી પાર જવાની દૃઢ નૌકા બની; (જે) સૌને માટે આરાધ્ય અને સર્વત્ર ગમનશીલ આનન્દસાગર બન્યા, તે પરમેશ્વર દક્ષિણવક્ત્ર દેવને હું વંદન કરું છું. (૧૫)

मेधावी स्यादिन्दुवतंसं धृतवीणं
कर्पूराभं पुस्तकहस्तं कमलाक्षम् ।
चित्ते ध्यायन्यस्य वपुर्द्राङ्निमिषार्धं
तं प्रत्यञ्चं दक्षिणवक्त्रं कलयामि ॥ १६ ॥

मेधावी स्यात् - તે ખરેખર જ બુદ્ધિશાળી હશે; इन्दुवतंसं - અર્ધચન્દ્રને ધારણ કરનાર, धृतवीणं - વીણાના ધારક; कर्पूराभं - કપૂરના જેવી આભા ધરાવતા (= શ્વેત); पुस्तकहस्तं - હાથમાં પુસ્તક લીધેલા; कमलाक्षं - કમલ સમાં (સુંદર અને વિશાળ) નયનોને ધારણ કરનાર; यस्य वपुः चित्ते ध्यायन् - જેમના દેહનું ચિત્તમાં ધ્યાન કરનાર; द्राक् निमिषार्धं - તત્ક્ષણ; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

અર્ધ ચન્દ્રને ધારણ કરનાર, વીણાના ધારક, કર્પૂર સમા શ્વેત, હાથમાં પુસ્તક ધારણ કરેલા, કમલ સમાં (સુંદર) જેમનાં નયનો છે, એવા જેમના દેહનું અર્ધક્ષણ માટે પણ જે ધ્યાન કરે છે, તે, ખરેખર, તરત જ, મહાબુદ્ધિશાળી બની જાય છે. તેવા પરમેશ્વર દક્ષિણવક્ત્ર દેવને હું ભાવભર્યાં વંદન કરું છું. (૧૬)

धाम्नां धाम प्रौढरुचीनां परमं य-
त्सूर्यादीनां यस्य स हेतुर्जगदादेः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एतावान्यो यस्य न सर्वेश्वरमीड्यं
तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ १७ ॥

यत् - જે ધામ્નામ્ - ધામોનું ધામઃ - (પરમ) ધામ પૌઢ-रुचानीम् - પૌઢ રુચિઓ ધરાવનારાઓમાં परमम् - શ્રેષ્ઠ, ઉત્તમ सूर्यादीनाम् - સૂર્ય આદિના અને जगद्-आदेः - જગત વગેરેના स - તે हेतुः - હેતુરૂપ છે एतावान् - આવા પ્રકારના यस्य - જેની सर्वेश्वरम् - સર્વેશ્વરની इडयम् - પૂજનીયતા, મહત્તામાં न - કોઈ શંકા નથી तम् - વગેરે શ્લોક ૧ મુજબ.

ધામોનાં પરમ ધાન; પ્રૌઢ રુચિઓ ધરાવનારાઓમાં શ્રેષ્ઠ; સૂર્ય આદિ અને જગતના (આદ્ય) હેતુરૂપ જે છે, આવા પ્રકારના સર્વેશ્વરની મહત્તામાં કોઈ શંકા જ નથી. તે પરમેશ્વર દક્ષિણવક્ત્ર દેવને હું વંદન કરું છું. (૧૭)

प्रत्याहारप्राणनिरोधादिसमर्थै-
र्भक्तैर्दान्तैः संयतचित्तैर्यतमानैः ।
स्वात्मत्वेन ज्ञायत एव त्वरया य-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ १८ ॥

प्रत्याहार - ઈન્દ્રિયોને વશમાં લેવી; प्राणनिरोध - પ્રાણનો નિરોધ; શ્વાસ રૂંધવો તે; आदिसमर्थैः - વગેરે ક્રિયાઓ કરવામાં સમર્થ भक्तैः - ભક્તો વડે; दान्त - સંયમી; संयतचित्तैः - સંયમી ચિત્તવાળા; यतमानैः - (યોગક્રિયાઓ કરવામાં) પ્રયત્નશીલ; यः स्वात्मत्वेन एव त्वरया ज्ञायते - જેનું જ્ઞાન, જેનો સાક્ષાત્કાર સ્વાત્મભાવે જ વિના વિલંબે થઈ શકે; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

ઈન્દ્રિયોનો સંયમ (પ્રત્યાહાર) વગેરે કરવામાં, પ્રાણ વગેરેની સ્વવશતા સિદ્ધ કરવામાં સમર્થ ભક્તો સ્વવશ અને સંયમી ચિત્તવાળા બની (યોગક્રિયા કરવામાં) પ્રયત્નશીલ બની જેનો સાક્ષાત્કાર સ્વાત્મભાવે જ વિના વિલંબે કરી શકે, તે પરમેશ્વર એવા દક્ષિણવક્ત્ર દેવને હું વંદન કરું છું. (૧૮)

ज्ञांशीभूतान्प्राणिन एतान्फलदाता
चित्तान्तःस्थः प्रेरयति स्वे सकलेऽपि ।
कृत्ये देवः प्राक्तनकर्मानुसरः स-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ १९ ॥

ज्ञांशीभूतान् प्राणिनः - 'ज्ञ'ના અંશ રૂપે રહેલાં (જે તમામ) પ્રાણીઓ; एतान् फलदाता - એના ફળદાતા; सकलेऽपि स्वे - પોતાનાં સૌ કોઈને; चित्तान्तःस्थः - ચિત્તમાં અન્તર્ગત રહેલ; सः देवः स्वे सकले - તે દેવ તમામને પોતપોતાના કર્તવ્યમાં प्रेरयति - પ્રેરે છે; प्राक्तनकर्मानुसरः - પૂર્વ જન્મોનાં કર્મોને અનુસરીને; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

જે 'ज्ञ'ના અંશરૂપ (તમામ) પ્રાણીઓ છે, તેમના જે ફલદાતા છે; ચિત્તના અન્તરતમમાં સ્થિર રહેલા જે પોતાના સૌ કોઈને પ્રેરણાદાતા બને છે; જે દેવ (માનવોને માટે) કૃત્યોની બાબતમાં પૂર્વે કરેલાં કર્માનુસારી છે, તે પરમેશ્વર શ્રી દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૧૯)

प्रज्ञामात्रं प्रापितसंविन्निजभक्तं
प्राणाक्षादेः प्रेरयितारं प्रणवार्थम् ।
प्राहुः प्राज्ञा यं विदितानुश्रवतत्त्वा-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ २० ॥

प्रज्ञामात्रम् - કેવળ જ્ઞાનસ્વરૂપ प्रापित-संवित्-निज-भक्तम् - પોતાના ભક્તોને જ્ઞાન પ્રાપ્ત કરાવનાર प्राण-अक्षादेः - પ્રાણ અને આંખ (વગેરે ઈન્દ્રિયો)ના प्रेरयितारम् - પ્રેરણા આપનાર विदित-अनुश्रवत्वात् - વેદને (अनुश्रवः - વેદ) જાણવાને કારણે प्राज्ञः - વિદ્વાનો यम् - જેને प्रणवार्थम् - ૐકારનો અર્થ प्राहुः - કરે છે तम् - વગેરે શ્લોક ૧ મુજબ.

કેવળ જ્ઞાનસ્વરૂપ, પોતાના ભક્તોને જ્ઞાન પ્રાપ્ત કરાવનાર, પ્રાણ અને આંખ (વગેરે ઈન્દ્રિયો)ને પ્રેરણા આપનાર, વેદને જાણવાને કારણે વિદ્વાનો જેને ૐકારનો (સાચો) અર્થ કહે છે તે પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૨૦)

यस्याज्ञानादेव नृणां संसृतिबोधो
यस्य ज्ञानादेव विमोक्षो भवतीति ।
स्पष्टं ब्रूते वेदशिरो देशिकमाद्यं
तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ २१ ॥

यस्य अज्ञानादेव - જેના અજ્ઞાનને કારણે જ; नृणां संसृतिबोधः - મનુષ્યોને (મર્ત્ય એવા આ) સંસારનો બોધ થાય છે; यस्य ज्ञानात् एव विमोक्षः भवति - જેના જ્ઞાનને યોગે જ (માનવ સંસારમાંથી) મુક્ત થાય છે; इति - એ પ્રમાણે; वेदशिरो - શ્રુતિવચનો જેને; आद्यं देशिकं - શ્રેષ્ઠ અધ્યાત્મગુરુ તરીકે; स्पष्टं ब्रूते - સ્પષ્ટ શબ્દોમાં કહે છે; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

જેના અજ્ઞાનને લીધે જ જગતના લોકોને સાંસારિકતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતીતિ (અને આસક્તિ) થાય છે, જેના જ્ઞાનમાત્રથી (સંસારનાં બંધનથી માનવ) મુક્ત થાય છે, સર્વોત્તમ શ્રુતિવચનો તેમને સ્પષ્ટ રીતે શ્રેષ્ઠ ગુરુ કહે છે, તે પરમેશ્વર દક્ષિણવક્ત્રને મારાં વંદનો. (૨૧)

छन्नेऽविद्यारूपपटेनैव च विश्वं
यत्राध्यस्तं जीवपरेशत्वमपीदम् ।
भानोर्भानुष्वम्बुदवदस्ताखिलभेदं
तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ २२ ॥

छन्ने - ભેદાઈ જતાં, દૂર થઈ જતાં; अविद्या रूप-पटेन एव - અવિદ્યારૂપ આવરણ યા અવરોધ વડે જ; यत्र विश्वं अध्यस्तं - જ્યાં જગત અધ્યાસરૂપ, ભ્રાન્તિરૂપ છે, जीव-परेशत्वं इदं - જીવનું પરમાત્મરૂપ છે; भानोः भानुषु - સૂર્યનાં કિરણોમાં; अम्बुदवत् - વાદળનો લય થાય તેમ; अस्ताखिलभेदं - તમામ ભેદોનો અસ્ત થાય. तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

અવિદ્યારૂપ આવરણ છિન્ન થતાં (= નાશ પામતાં), જ્યાં આ વિશ્વ (= જગત) અધ્યાસરૂપ-ભ્રાન્તિરૂપ છે અને પરમાત્મામાં તેનો લય થાય છે (તેની પ્રતીતિ થઈ જાય છે), સૂર્યનાં કિરણોમાં (= તેજમાં) વાદળની માફક સર્વ ભેદો એક થઈ જાય છે, તે પરમેશ્વર શ્રી દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૨૨)

स्वापस्वप्नौ जाग्रदवस्थापि न यत्र
प्राणश्चेतः सर्वगतो यः सकलात्मा ।
कूटस्थो यः केवलसच्चित्सुस्वरूप-
स्तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ २३ ॥

स्वाप - निद्रा; स्वप्नौ - સ્વપ્નાવસ્થા; जाग्रद् अवस्थापि यत्र - જાગૃતિની અવસ્થા પણ જ્યાં, न - નથી; प्राणश्चेतः सर्वगतः - જે પ્રાણનો પ્રાણ છે, सर्वगतः - સર્વવ્યાપી છે; कूटस्थः - સર્વથા સ્થિર છે; केवल सच्चित्सुखरूपः - કેવલ, સત્, ચિત્ અને સુખરૂપ છે; तं - વગેરે શ્લોક ૧ મુજબ.

નિદ્રા અને સ્વપ્નની માફક જ્યાં જાગ્રતાવસ્થા પણ નથી; જે પ્રાણનો પણ પ્રાણ છે, જે સકલ અને સર્વગત આત્મસ્વરૂપ છે, તે પરમેશ્વર શ્રી દક્ષિણવક્ત્રને હું વંદન કરું છું. (૨૩)

हा हेत्येवं विस्मयमीयुर्मुनिमुख्या
ज्ञाते यस्मिन्स्वात्मतयानात्मविमोहः ।
प्रत्यग्भूते ब्रह्मणि यातः कथमित्थं
तं प्रत्यञ्चं दक्षिणवक्रं कलयामि ॥ २४ ॥

हा हा इत्येवं - ''હા હા''-એ પ્રમાણે; मुनिमुख्याः મુખ્ય અથવા અગ્રગામી મુનિઓ; विस्मयं ईयुः - વિસ્મયને પામ્યા છે; यस्मिन् स्वात्मतया अनात्मविमोहः - જેનામાં સ્વાત્મતાને કારણે અનાત્મનો મોહ રહેતો નથી; ब्रह्मणि प्रत्यग्भूते - બ્રહ્મનો આ રીતે સાક્ષાત્કાર થતાં; कथं इत्थं - જીવની શી ગતિ થાય છે, તે દાખવનારા; तं प्रत्यञ्चं - વગેરે શ્લોક ૧ મુજબ.

''હા હા !''-એ પ્રમાણે શ્રેષ્ઠ મુનિઓ (જેમના સાક્ષાત્કારથી) વિસ્મયરત બને છે, જેનું જ્ઞાન થતાં (જીવ) આત્માથી આત્માનું જ્ઞાન પામી અનાત્મ બાબત મોહમુક્ત થઈ જાય છે (અને) બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં (જીવ) કઈ ગતિ પામે છે, તે ગ્રહણ કરે છે, આવા પરમેશ્વર દક્ષિણવક્ત્રને હું નમસ્કાર કરું છું. (૨૪)

यैषा रम्यैर्मत्तमयूराभिधवृत्ते-
रादौ क्लृप्ता यन्मनुवर्णैर्मुनिभङ्गी ।
तामेवैतां दक्षिणवक्त्रः कृपयासा-
वूरीकुर्याद्देशिकसम्राट् परमात्मा ॥ २५ ॥

या एषा - જે આ; मत्तमयूराभिधवृत्तैः - મત્તમયૂર નામના છંદમાં; रम्यैः - રમ્ય છંદો; રમ્ય સ્વરૂપે; आदौ क्लृप्ता - આદિકાળમાં કલ્પેલ છે, પ્રાચીન કાળમાં વર્ણવેલ છે; मनुवर्णैः मुनिभङ्गी - માનવના વર્ણોમાં મુનિઓએ રચી છે; तां एव एतां असौ कृपया ऊरीकुर्यात् - તે જ આ સ્તુતિને કૃપાપૂર્વક હૃદયમાં સ્થાન આપે; देशिकसम्राट् परमात्मा - ઉપદેશકોમાં શ્રેષ્ઠ, સર્વશ્રેષ્ઠ.

જે આ મત્તમયૂર નામના છંદની રમ્ય પંક્તિઓ માનવના વર્ણો અનુસાર મુનિઓની અભિવ્યક્તિમાં પ્રાચીન-કાળમાં કલ્પેલી છે, તે રચનાના ગુરુઓમાં શ્રેષ્ઠ એવા શ્રી દક્ષિણવક્ત્ર પરમાત્મા કૃપા કરીને સ્વીકાર કરો. (૨૫)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीदक्षिणामूर्तिवर्णमालास्तोत्रम्'' संपूर्णम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્ય
શ્રીગોવિન્દભગવત્પૂજ્યપાદના શિષ્ય
શ્રીશંકરાચાર્યની રચનામાં
''શ્રીદક્ષિણામૂર્તિવર્ણમાલાસ્તોત્રમ્'' સમાપ્ત થયું.

વિશેષ નોંધ :- આ આખા સ્તોત્રની એ વિશેષતા છે કે જો દરેક શ્લોકનો પહેલો બ્લેક કરેલો અક્ષર લઈએ તો ॐ नमो भगवते दक्षिणामूर्तये मह्यं मेधा प्रज्ञां प्रयच्छ स्वाहा એવું વાક્ય બને છે.



॥ ॐ ॥

॥ देवीभुजङ्गस्तोत्रम् ॥

विरिञ्च्यादिभिः पञ्चभिर्लोकपालैः
समूढे महानन्दपीठे निषण्णम् ।
धनुर्बाणपाशाङ्कुशप्रोतहस्तं
महस्त्रैपुरं शंकराद्वैतमव्यात् ॥ १ ॥

विरञ्च्यादिभिः - બ્રહ્મા વગેરે पञ्चभिः लौकापालैः - પાંચ લોકપાલોથી समूढे - વહન કરાતી महानन्दपीठे - મહાન આનંદપીઠ પર निषण्णम् - બેઠેલ धनुः-बाण-पाश-अंकुश-प्रोतहस्तम् - ધનુષ્ય, બાણ, પાશ અને અંકુશ હાથમાં ધારણ કરેલ त्रैपुरम् - ત્રિપુરારિનું शङ्कर-अद्वैतम् - શંકર સાથે અદ્વૈત પામેલ महः - તેજ अव्यात् - રક્ષણ કરો.

બ્રહ્મા વગેરે પાંચ લોકપાલોથી વહન કરાતી મહાન આનંદપીઠ પર બેઠેલ (અને) ધનુષ્ય, બાણ, પાશ અને અંકુશ હાથમાં ધારણ કરેલ ત્રિપુરારિ શંકર સાથે અદ્વૈત પામેલ તેજ (એટલે દેવી પાર્વતી અમારું) રક્ષણ કરો. (૧)

यदन्नादिभिः पञ्चभिः कोशजालैः
शिरःपक्षपुच्छात्मकैरन्तरन्तः ।
निगूढे महायोगपीठे निषण्णं
पुरारेरथान्तःपुरं नौमि नित्यम् ॥ २ ॥

यद् - જે अन्नादिभिः - अन्न વગેરે पञ्चभिः - પાંચ शिरः-पक्ष-पुच्छात्मकैः - મસ્તક, બે પડખા, પૂંછડી અને આત્મા (એવાં પાંચ) कोशजालैः - કોશસમૂહની अन्तः अन्तः - સાવ અંદર निगूढे - ગૂઢ महायोगपीठे - મહા યોગપીઠમાં निषण्णम् - બિરાજમાન पुरारेः - મહાદેવના अन्तःपुरम् - પત્નીને अथ - હવે नित्यम् - હંમેશ नौमि - પ્રણામ કરું છું.

અન્ન વગેરે મસ્તક, બે પડખા, પૂંછડી અને આત્મા (એવા પાંચ) કોશસમૂહની સાવ અંદર ગૂઢ યોગપીઠમાં જે બિરાજમાન છે તે મહાદેવનાં પત્નીને હવે હંમેશ પ્રણામ કરું છું. (૨)

(સંદર્ભ – स वा एष पुरुषोऽन्नरसमयः येनेदमेव शिरः अयम् दक्षिणः पक्षः अयमुत्तरपक्षः अयमात्मा इदं पुच्छं प्रतिष्ठा)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विरिञ्च्यादिरूपैः प्रपञ्चे विहृत्य
स्वतन्त्रा यदा स्वात्मविश्रान्तिरेषा ।
तदा मानमातृप्रमेयातिरिक्तं
परानन्दमीडे भवानि त्वदीयम् ॥ ३ ॥

हे भवानि - हे ભવાની ! विरञ्चादिरूपैः - બ્રહ્મા વગેરે દેવો રૂપે प्रपंचे - પ્રપંચમાં विहृत्य - વિહાર કરીને यदा - જ્યારે एषा - આ स्वतंत्रा - સ્વતંત્ર स्वात्मविश्रान्तिः - નિજાત્મામાં વિશ્રાંતિ (પામે છે) तदा - ત્યારે प्रमाण-मातृ-प्रमेय-अति-रिक्तम् - પ્રમાણ, પ્રમાતા અને પ્રમેયથી ભિન્ન त्वदीयम् - આપના परानन्द - પરમાનંદની ईडे - હું સ્તુતિ કરું છું.

હે ભવાની ! બ્રહ્મા વગેરે દેવો રૂપે પ્રપંચમાં વિહાર કરીને જ્યારે આ સ્વતંત્ર નિજાત્મામાં વિશ્રાંતિ પામે છે ત્યારે, પ્રમાણ, પ્રમાતા અને પ્રમેયથી ભિન્ન આપના પરમાનંદની હું સ્તુતિ કરું છું. (૩)

विनोदाय चैतन्यमेकं विभज्य
द्विधा देवि जीवः शिवश्चेति नाम्ना ।
शिवस्यापि जीवत्वमापादयन्ती
पुनर्जीवमेनं शिवं वा करोषि ॥ ४ ॥

हे देवि - હે દેવી ! विनोदाय - વિનોદ માટે एकम् - એક चैतन्यम् - ચૈતન્યને जीवः - જીવ च - અને शिवः - શિવ इति - એમ नाम्ना - નામથી द्विधा - બે ભાગમાં विभज्य - વહેંચીને शिवस्य - શિવનું अपि - પણ जीवत्वम् - જીવત્વ आपादयन्ती - પ્રાપ્ત કરાવતાં या - અને पुनः - ફરી एनम् - એ जीवम् - જીવને शिवम् - શિવ करोषि - બનાવો છો.

હે દેવી ! વિનોદ માટે એક ચૈતન્યને, જીવ અને શિવ, એમ નામથી બે ભાગમાં વહેંચીને, શિવનું પણ જીવત્વ પ્રાપ્ત કરાવતાં તમે ફરી એ જીવને શિવ બનાવો છો. (૪)

समाकुञ्च्य मूलं हृदि न्यस्य वायुं
मनो भ्रूबिलं प्रापयित्वा निवृत्ताः ।
ततः सच्चिदानन्दरूपे पदे ते
भवन्त्यम्ब जीवाः शिवत्वेन केचित् ॥ ५ ॥

हे अम्ब - હે મા ! केचित् - કેટલાક जीवाः - જીવો मूलम् - મૂલાધારને समाकुञ्च्य - સંકોચીને हृदि - હૃદયમાં वायुम् - વાયુ ઉપર न्यस्य - કાબૂ મેળવીને मनः - મનને भ्रूबिलम् - ભવાંના સ્થાનમાં प्रापयित्वा - પહોંચાડીને निवृत्ताः - આનંદ પામી ततः - પછી ते આપના सच्चिदानन्दरूपे - સચ્ચિદાનંદ રૂપ पदे - પદમાં शिवत्वेन - શિવત્વ भवन्ति - પામે છે.

હે મા ! કેટલાક જીવો મૂલાધારને સંકોચી હૃદયમાં વાયુ ઉપર કાબૂ મેળવી મનને ભવાંના સ્થાનમાં પહોંચાડીને આનંદ પામી આપનાં સચ્ચિદાનંદરૂપ પદમાં શિવત્વ પામે છે. (૫)

शरीरेऽतिकष्टे रिपौ पुत्रवर्गे
सदाभीतिमूले कलत्रे धने वा ।
न कश्चिद्विरज्यत्यहो देवि चित्रं
कथं त्वत्कटाक्षं विना तत्त्वबोधः ॥ ६ ॥

हे देवि - હે દેવી ! अतिकष्टे - અતિકષ્ટદાયક शरीरे - શરીર रिपौ - દુશ્મન (અને) मित्रवर्गे - મિત્રો અને सदा-भीति-मूले - સદાય ભયનાં મૂળ कलत्रे - પત્ની वा - કે धने - ધનથી कश्चिद् - કોઈ विरज्यति - વૈરાગ્ય પામતો न - નથી इति - એ अहो - ખરેખર चित्रम् - આશ્ચર્યકારક (છે) પણ ખરેખર त्वत्-कटाक्षम् - આપના (કૃપા) કટાક્ષ विना - વિના कथम् - કેવી રીતે ? तत्त्वबोधः - તત્ત્વનો બોધ (થાય.)

હે દેવી ! અતિકષ્ટદાયક શરીર, શત્રુ, સદાય ભયનાં મૂળ એવાં પત્ની કે ધનથી કોઈ વૈરાગ્ય પામતો નથી, એ ખરેખર આશ્ચર્યકારક (છે, પણ) આપના (કૃપા) કટાક્ષ વિના કેવી રીતે તત્ત્વનો બોધ થાય ? (૬)

शरीरे धनेऽपत्यवर्गे कलत्रे
विरक्तस्य सद्देशिकादिष्टबुद्धेः ।
यदाकस्मिकं ज्योतिरानन्दरूपं
समाधौ भवेत्तत्त्वमस्यम्ब सत्यम् ॥ ७ ॥

सद् - देशिक-आदिष्ट-बुद्धेः - સદ્‌ગુરુની આદેશયુક્ત બુદ્ધિથી शरीर - શરીર धने - ધન अपत्य-वर्गे संतानादि (તથા) कलत्रे - પત્નીથી विरक्ताय - વિરક્તને समाधौ - સમાધિમાં यद् - જે आकस्मिकम् - એકાએક आनन्दरूपम् - આનંદરૂપ ज्योतिः - પ્રકાશ भवेत् - (દેખાય) છે तत् - તે सत्यम् - સાચે त्वम् - આપ असि - છો.

સદ્‌ગુરુની આદેશયુક્ત બુદ્ધિથી શરીર, ધન, સંતાનાદિ (તથા) પત્નીથી વિરક્તને સમાધિમાં જે એકાએક આનંદરૂપ પ્રકાશ (દેખાય) છે, તે સાચે આપ છો. (૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मृषान्यो मृषान्यः परो मिश्रमेनं
परः प्राकृतं चापरो बुद्धिमात्रम् ।
प्रपञ्चं मिमीते मुनीनां गणोऽयं
तदेतत्त्वमेवेति न त्वां जहीमः ॥ ८ ॥

मुनीनाम् - મુનિઓનો अयं गणः - આ સમૂહ प्रपञ्चम् - જગતને मृषा - ખોટો, अन्यः - બીજો अमृषा - સત્ય परम् - બીજા एनम् - આને मिश्रम् - સત્યાસત્ય परः - બીજા प्राकृतम् - પ્રકૃતિનો વિલાસ च - અને अपरः - બીજા बुद्धिमात्रम् - માત્ર બુદ્ધિ मिमीते - માપે છે (ગણે છે) तद् - તે एतत् - આ त्वम् - આપ एव - જ (છો) इति - એટલે त्वाम् - આપને न जहीमः - અમે છોડતાં નથી.

મુનિઓના આ ગણ જગતને ખોટો, બીજા સત્ય, (વળી) બીજા એને સત્યાસત્ય, બીજા (કોઈ) પ્રકૃતિનો વિલાસ અને બીજા (કેટલાક) માત્ર બુદ્ધિ (એમ) માપે છે - ગણે છે, તે એ આપ જ છો. એટલે અમે આપને છોડતાં નથી. (૮)

निवृत्तिः प्रतिष्ठा च विद्या च शान्ति-
स्तथा शान्त्यतीतेति पञ्चीकृताभिः ।
कलाभिः परे पञ्चविंशात्मिकाभि-
स्त्वमेकैव सेव्या शिवाभिन्नरूपा ॥ ९ ॥

निवृत्तिः - આનંદ प्रतिष्ठा - પ્રતિષ્ઠા च - અને विद्या - વિદ્યા च - અને शांतिः - શાંતિ तथा शान्त्यतीता - શાન્ત્યતીત એટલે કે શાંતિથી પર इति पञ्चीकृताभिः - પંચીકૃત कलाभिः - કલાઓથી परे - બીજા पञ्चविंशत्कलाभिः - પચીસ કલાઓથી शिवाभिन्नरूपा - શિવ સાથે એકત્વ પામેલ त्वम् - આપ एकः - એક एव - જ सेव्या - સેવનીય (છો).

આનંદ, પ્રતિષ્ઠા, વિદ્યા, શાંતિ અને શાન્ત્યતીતા એટલે કે શાંતિથી પર એમ, પંચીકૃત કલાઓથી (તો) બીજા (માને છે) પચીસ કલાઓથી શિવ સાથે એકત્વ પામેલ આપ જ સેવનીય છો. (૯)

अगाधेऽत्र संसारपङ्के निमग्नं
कलत्रादिभारेण खिन्नं नितान्तम् ।
महामोहपाशौघबद्धं चिरान्मां
समुद्धर्तुमम्ब त्वमेकैव शक्ता ॥ १० ॥

हे अम्ब - હે મા ! चिरात् - લાંબા સમયથી अगाधे - અગાધ संसारपङ्के - સંસારરૂપી કાદવમાં अत्र - અહીં निमग्नम् - ડૂબેલા कलत्र-आदि-भारेण - પત્ની વગેરે ભારથી खिन्नम् - ખેદ પામેલ महा-मोह-पाश-ओघ-बद्धम् - મહામોહના પાશના સમૂહમાં બંધાયેલ माम् समुद्धर्तुम् - મારો ઉદ્ધાર કરવા त्वम् - આપ एका - એક एव - જ शक्ता - શક્તિમાન (છો.)

હે મા ! લાંબા સમયથી અગાધ સંસારરૂપી કાદવમાં અહીં ડૂબેલા, પત્ની વગેરે ભારથી ખેદ પામેલ, મહામોહના પાશના સમૂહમાં બંધાયેલ મારો ઉદ્ધાર કરવા આપ એક જ શક્તિમાન (છો). (૧૦)

समारभ्य मूलं गतो ब्रह्मचक्रं
भवद्दिव्यचक्रेश्वरीधामभाजः ।
महासिद्धिसंघातकल्पद्रुमाभा-
नवाप्याम्ब नादानुपास्ते च योगी ॥ ११ ॥

हे अम्ब - હે મા ! मूलम् - મૂલાધારથી समारभ्य - આરંભીને ब्रह्मचक्रम् - સહસ્રાર બ્રહ્મચક્રને गतः - પહોંચેલ भवद्-दिव्य-चक्रेश्वरी-धाम-भाजः - આપનાં દિવ્ય ચક્રેશ્વરીનાં તેજયુકત महासिद्धि-संघात-कल्पद्रुमाभान् - મહા સિદ્ધિઓના સમૂહરૂપ च - અને કલ્પવૃક્ષ જેવા नादान् - નાદોને अवाप्य - મેળવીને योगी - યોગી उपास्ते - ઉપાસના કરે છે.

હે મા ! મૂલાધારથી આરંભીને, સહસ્રાર બ્રહ્મચક્રને પહોંચેલ આપનાં દિવ્ય ચક્રેશ્વરીનાં તેજયુક્ત મહાસિદ્ધિઓના સમૂહરૂપ અને કલ્પવૃક્ષ જેવા નાદોને મેળવીને યોગી ઉપાસના કરે છે. (૧૧)

गणेशैर्ग्रहैरम्ब नक्षत्रपङ्क्त्या
तथा योगिनीराशिपीठैरभिन्नम् ।
महाकालमात्मानमामृश्य लोकं
विधत्से कृतिं वा स्थितिं वा महेशि ॥ १२ ॥

हे महेशि - હે મહાદેવપત્ની (મા) ! गणेशैः - ગણાધિપતિ ग्रहैः - ગ્રહે नक्षत्र-पङ्क्त्या - નક્ષત્રના સમૂહ तथा - અને योगिनी-राशि-पीठेः - યોગિની તથા રાશિઓના સમૂહના સ્વામીથી अभिन्नं - અભિન્ન आत्मानम् - પોતાને महाकालम् - મહાકાલ आमृश्य - ગણીને लोकम् - લોકનું कृतिम् - સર્જન અને स्थितिम् - પાલન विधत्से - કરો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મહાદેવપત્ની (મા) ! ગણાધિપતિ, ગ્રહો, નક્ષત્રોના સમૂહ તથા યોગિની અને રાશિઓના સમૂહના સ્વામીથી અભિન્ન પોતાને મહાકાળ ગણીને આપ અપર લોકનું સર્જન અને પાલન કરો છો. (૧૨)

लसत्तारहारामतिस्वच्छचेलां
वहन्तीं करे पुस्तकं चाक्षमालाम् ।
शरच्चन्द्रकोटिप्रभाभासुरां त्वां
सकृद्भावयन्भारतीवल्लभः स्यात् ॥ १३ ॥

लसत्-तार-हाराम् - ઝળહળતા તારા સમાન હારવાળાં अतिस्वच्छ-चेलाम् - અતિ સ્વચ્છ વસ્ત્રધારિણી करे - હાથમાં पुस्तकम् - પુસ્તક અને अक्षमालाम् - रुद्राक्षमाला वहन्ती - ધારણ કરતાં शरद् - चन्द्र कोटि - भासुराम् - શરદઋતુના ચન્દ્રથી દેદીપ્યમાન त्वाम् - આપનું सकृत् - એક જ વાર भावयन् - ધ્યાન કરનાર भारती-वल्लभः - સરસ્વતીને વહાલો स्यात् - થાય.

ઝળહળતા તારા સમાન હારવાળાં, અતિસ્વચ્છ વસ્ત્રધારિણી, હાથમાં પુસ્તક અને રુદ્રાક્ષમાલા ધારણ કરતાં, શરદઋતુના ચન્દ્રથી દેદીપ્યમાન એવાં આપનું એક વાર ધ્યાન કરનાર સરસ્વતીને વહાલો થાય. (૧૩)

समुद्यत्सहस्रार्कबिम्बाभवक्त्रां
स्वभासैव सिन्दूरिताजाण्डकोटिम् ।
धनुर्बाणपाशाङ्कुशान्धारयन्तीं
स्मरन्तः स्मरं वापि संमोहयेयुः ॥ १४ ॥

समुद्यत्-सहस्र-अर्क-बिम्ब-आभ-वक्त्राम् - ઊગતા હજારો સૂર્ય જેવા મુખધારી स्वभासा - પોતાનાં તેજથી एव - જ सिन्दूरित-अजा-अण्ड-कोटिम् - કરોડો બ્રહ્માંડને સિન્દૂર જેવા લાલ બનાવતાં, धनुः-बाण-पाश-अङ्कुशान् - ધનુષ્ય, બાણ, પાશ અને અંકુશને धारयन्तीम् - ધારણ કરતાં (આપનું) स्मरन्तः - સ્મરણ કરતા (ભક્તો) स्मरम् - કામદેવને वापि - પણ संमोहयेयुः - મોહ પમાડે.

ઊગતા હજારો સૂર્ય જેવા મુખધારી, પોતાનાં તેજથી જ કરોડો બ્રહ્માંડને સિન્દૂર જેવા લાલ બનાવતાં, ધનુષ્ય, બાણ, પાશ અને અંકુશને ધારણ કરતાં (આપનું) સ્મરણ કરતાં (ભક્તો) કામદેવને પણ મોહ પમાડે. (૧૪)

मणिस्यूतताटङ्कशोणास्यबिम्बां
हरित्पट्टवस्त्रां त्वगुल्लासिभूषाम् ।
हृदा भावयंस्तप्तहेमप्रभां त्वां
श्रियो नाशयत्यम्ब चाञ्चल्यभावम् ॥ १५ ॥

हे अम्ब - મા ! मणि-स्यूत-ताटङ्क-शोण-आस्य-बिम्बाम् - મણિજડેલ કર્ણાભરણની ઝાંય પડતા લાલ મુખવાળાં हरित् पट्टवस्त्राम् - લીલાં વસ્ત્રધારી त्वक्-उल्लासि-भूषाम् - ત્વચાના તેજથી અલંકારોને શોભાવતાં, तप्त-हेम-प्रभाम् - તપેલા સુવર્ણની કાંતિધારી त्वाम् - આપનું हृदा - હૃદયથી भावयन् - ધ્યાન કરતો (સાધક) श्रियः - લક્ષ્મીના चांचल्यभावम् - ચંચળતાના ભાવનો नाशयति - નાશ કરે છે.

હે મા ! મણિ જડેલ કર્ણાભરણની ઝાંય પડતા લાલ મુખવાળાં, લીલાં વસ્ત્રધારી, ત્વચાનાં તેજથી અલંકારોને શોભાવતાં, તપેલાં સુવર્ણની કાંતિયુક્ત એવાં આપનું હૃદયથી ધ્યાન કરતો સાધક લક્ષ્મીના ચંચળતાના ભાવનો નાશ કરે છે. (એની પાસે લક્ષ્મી સ્થિર થાય છે.) (૧૫)

महामन्त्रराजान्तबीजं पराख्यं
स्वतो न्यस्तबिन्दुं स्वयं न्यस्तहार्दम् ।
भवद्वक्त्रवक्षोजगुह्याभिधानं
स्वरूपं सकृद्भावयेत्स त्वमेव ॥ १६ ॥

पराख्यम् - પરમ महामंत्र-राज-अन्त-बीजम् - મહામંત્રરાજનું અંત્ય બીજ (क्लीं), स्वतः - પોતાની મેળે व्यस्त-बिन्दुम् - બિન્દુયુક્ત स्वयम् - પોતામાં (સાધનાનું) न्यस्त-हार्दम् - (સાધનાનું) હાર્દ સમાયેલ છે તેવું भवद्-वक्त्र-वक्षोज-गुह्य-अभिधानम् - આપનાં મુખ, સ્તન અને ગુહ્યનાં નામયુક્ત स्वरूप - સ્વરૂપનું सकृत् - એક વાર भावयेत् - ધ્યાન કરે स - તે त्वम् - આપ(નાં સ્વરૂપ) एव - જ (થઈ જાય છે.)

પરમ મહામંત્રરાજના અંત્ય બીજ (**क्लीं**) - પોતાની મેળે બિન્દુયુક્ત અને પોતામાં (સાધનાનું) હાર્દ સમાયેલ છે તેવું આપનાં મુખ, સ્તન અને ગુહ્યનાં નામયુક્ત સ્વરૂપનું એક વાર ધ્યાન કરે, તે આપ(નાં સ્વરૂપ) જ (થઈ જાય છે). (૧૬)

तथान्ये विकल्पेषु निर्विण्णचित्ता-
स्तदेकं समाधाय बिन्दुत्रयं ते ।
परानन्दसंधानसिन्धौ निमग्नाः
पुनर्गर्भरन्ध्रं न पश्यन्ति धीराः ॥ १७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तथा - અને अन्ये - બીજા विकल्पेषु - વિકલ્પ - અન્ય ઉપાયોમાં निर्विण्ण-चेताः - નિર્વેદ પામેલાં ચિત્તવાળા तद् - આ एकम् - એક તે આપનાં बिन्दुत्रयम् - ત્રણ બિન્દુઓનું समाधाय - ધ્યાન કરીને परः-आनन्द-सन्धान-सिंधौ - પરમ આનંદના ધ્યાન-સમુદ્રમાં निमग्नः - નિમગ્ન (ડૂબેલા) धीराः - ધીર પુરુષો पुनः - ફરી गर्भरन्ध्रम् - ગર્ભાશયને न पश्यन्ति - જોતા નથી.

અને બીજા (સાધકો) અન્ય ઉપાયોમાં નિર્વેદ પામેલા ચિત્તવાળા આ એક આપનાં ત્રણ બિંદુઓનું ધ્યાન કરીને પરમ આનંદના ધ્યાનસમુદ્રમાં નિમગ્ન (ડૂબેલા) ધીર પુરુષો ફરી ગર્ભાશયને જોતા નથી. (૧૭)

(ત્રણ બિન્દુઓ : पर, अपर, परावर)

त्वदुन्मेषलीलानुबन्धाधिकारा-
न्विरिञ्च्यादिकांस्त्वद्गुणाम्भोधिबिन्दून् ।
भजन्तस्तितीर्षन्ति संसारसिन्धुं
शिवे तावकीना सुसंभावनेयम् ॥ १८ ॥

हे शिवे - હે કલ્યાણી ! त्वद्-उन्मेष-लीला-अनुबन्ध-अधिकारान् - આપનાં તેજનો લીલાનુસાર અધિકાર ભોગવતા त्वद्-गुण-अम्भोधि-बिन्दून् - આપના ગુણસાગરનાં બિન્દુઓમાં विरञ्चि-आदिकान् - બ્રહ્મા વગેરે (દેવોને) भजन्तः - ભજનારા संसार-सिन्धुम् - સંસારસાગરને तितीर्षन्ति - તરવાની ઈચ્છા રાખે इयम् - તે तावकीनां - આપનું સંભાવના - મોટું સન્માન છે.

હે કલ્યાણી ! આપનાં તેજનો લીલાનુસાર અધિકાર ભોગવતા, (અને) આપના ગુણસાગરના બિન્દુ સમા બ્રહ્મા વગેરે (દેવતાઓ)ને ભજનારા સંસારસાગરને તરવાની ઈચ્છા રાખે, તે આપનું મોટું સન્માન છે. (૧૮)

कदा वा भवत्पादपोतेन तूर्णं
भवाम्भोधिमुत्तीर्य पूर्णान्तरङ्गः ।
निमज्जन्तमेनं दुराशाविषाब्धौ
समालोक्य लोकं कथं पर्युदासे ॥ १९ ॥

भवत्-पाद-पोतेन - આપનાં ચરણની નૌકાથી भवाम्भोधिम् - ભવસાગરને उत्तीर्य - પાર કરી पूर्ण-अन्तरङ्गः - છલોછલ ભરાયેલ અંતરયુક્ત (હું) दुराशा-विष-अब्धौ - મલિન આશારૂપી વિષમય સાગરમાં निमज्जन्तम् - ડૂબતા एनम् - આ लोकम् - લોકને समालोक्य - જોઈને कदा - ક્યારે वा - અને कथम् - કેવી રીતે पर्युदासे - ઉદાસીન થઈશ ?

આપનાં ચરણની નૌકાથી ભવસાગરને પાર કરી, છલોછલ (ભક્તિથી) ભરાયેલ અંતરયુક્ત (હું) મલિન આશારૂપી વિષમય સાગરમાં ડૂબતા આ લોકને જોઈ, ક્યારે અને કેવી રીતે ઉદાસીન થઈશ ? (૧૯)

कदा वा हृषीकाणि साम्यं भजेयुः
कदा वा न शत्रुर्न मित्रं भवानि ।
कदा वा दुराशाविषूचीविलोपः
कदा वा मनो मे समूलं विनश्येत् ॥ २० ॥

हे भवानि - હે પાર્વતી ! वा - અને कदा - ક્યારે हृषीकाणि - ઇન્દ્રિયો साम्यम् - સમતા भजेयुः - પ્રાપ્ત કરશે वा - અને कदा - ક્યારે न शत्रुः - ન શત્રુ न मित्रम् - ન મિત્ર (એવી સ્થિતિ થશે) वा - અને कदा - ક્યારે दुराशा-विषूची-विलापः - દુરાશારૂપી વિષૂચી (કોલેરા)નો નાશ થશે वा - અને कदा - ક્યારે मे - મારું मनः - મન समूलम् - સમૂળું विनश्येत् - નાશ પામશે ?

હે પાર્વતી ! ક્યારે ઈન્દ્રિયો સમતા પ્રાપ્ત કરશે, એ ક્યારે ન શત્રુ, ન મિત્ર (એવી મારી સ્થિતિ થશે), અને ક્યારે દુરાશારૂપી વિષૂચી(કોલેરા)નો નાશ થશે અને ક્યારે મારું મન સમૂળું નાશ પામશે ? (૨૦)

नमोवाकमाशास्महे देवि युष्म-
त्पदाम्भोजयुग्माय तिग्माय गौरि ।
विरिञ्च्यादिभास्वत्किरीटप्रतोली-
प्रदीपायमानप्रभाभास्वराय ॥ २१ ॥

हे गौरि - હે પાર્વતી ! हे देवि - હે દેવી ! विरञ्चि-आदि-भास्वत्-किरीट-प्रतोली-प्रदीपायमान-प्रभा-भास्कराय - બ્રહ્માદિના ચમકતા મુગટમાર્ગ માટે પ્રદીપ સમા પ્રકાશમાન तिग्माय - પૂર્ણ युष्मत्-पद-अम्भोज-युग्माय - આપનાં બે ચરણકમળનાં नमो-वाकम् - નમનયુકત વાણીથી आशास्महे - અમે પ્રાર્થીએ છીએ.

હે પાર્વતી ! બ્રહ્માદિના ચમકતા મુગટમાર્ગ માટે પ્રદીપ સમા પ્રકાશમાન અને પૂર્ણ આપનાં બે ચરણકમળમાં નમનયુક્ત વાણીથી અમે પ્રાર્થીએ છીએ. (૨૧)

कचे चन्द्ररेखं कुचे तारहारं
करे स्वादुचापं शरे षट्पदौघम् ।
स्मरामि स्मरारेरभिप्रायमेकं
मदाघूर्णनेत्रं मदीयं निधानम् ॥ २२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कचे - કેશમાં चन्द्रेखम् - चन्द्ररेखा कुचे - સ્તન પર तारहारम् - વિશાળ હાર करे - હાથમાં स्वादु-चापम् - શેરડીનું ધનુષ્ય शरे - બાણમાં षट्पद्-ओघम् - ભ્રમરસમૂહ मद-आघूर्ण-नेत्रम् - મદથી ચંચળ નેત્રવાળા स्मरारेः - મહાદેવનાં एकम् - એક अभिप्रायम् - લક્ષ્ય मदीयम् - મારા માટે निधानम् - ભંડારસ્વરૂપ स्मरामि - (આપનું) હું સ્મરણ કરું છું.

કેશમાં ચન્દ્રરેખા, સ્તન પર વિશાળ હાર, હાથમાં શેરડીનું ધનુષ્ય, બાણ પર ભ્રમરસમૂહ, મદથી ચંચળ નેત્રવાળા મહાદેવનાં એક લક્ષ્ય (અને) મારા માટે ભંડારસ્વરૂપ એવાં (આપનું) હું સ્મરણ કરું છું. (૨૨)

शरेष्वेव नासा धनुष्वेव जिह्वा
जपापाटले लोचने ते स्वरूपे ।
त्वगेषा भवच्चन्द्रखण्डे श्रवो मे
गुणे ते मनोवृत्तिरम्ब त्वयि स्यात् ॥ २३ ॥

हे अम्ब - હે મા ! ते - આપનાં शरेसु - બાણમાં एव - જ नासा - મારી નાસિકા धनुषि - ધનુષ્યમાં एव - જ जिह्वा - જીભ जपा-पाटले - જાસુદ જેવા રક્તવર્ણા ते - આપનાં स्वरूपे - સ્વરૂપમાં लोचने - આંખ भवत्-चन्द्र-खण्डे - આપના બાલ ચન્દ્રમાં एषा त्वग् - આ ત્વચા ते गुणे - આપના ગુણમાં મારા श्रवः - કાન (અને) त्वयि - આપનામાં मनोवृत्तिः - મનોવૃત્તિ स्यात् - થાઓ.

હે મા ! આપનાં બાણમાં (મારી) નાસિકા, ધનુષ્યમાં જ જીભ, જાસુદ જેવા રક્તવર્ણા આપના સ્વરૂપમાં આંખ, આપના બાલચન્દ્રમાં આ ત્વચા, આપના ગુણમાં મારા કાન (અને) આપનામાં (મારી) મનોવૃત્તિ થાઓ ! (૨૩)

जगत्कर्मधीरान्वचोधूतकीरान्
कुचन्यस्तहारान्कृपासिन्धुपुरान् ।
भवाम्भोधिपारान्महापापदूरान्
भजे वेदसाराञ्शिवप्रेमदारान् ॥ २४ ॥

जगत्कर्म-धीरात् - જગતના કર્મમાં ધીર वचो-धूत-कीरान् - વાણીમાં પોપટની વાણીને પરાસ્ત કરનાર कुच-न्यस्त-हारान् - સ્તન પર હારધારી कृपा-सिन्धु-पूरान् - કૃપાના સાગરથી પૂર भवाम्बोधि-पारात् - ભવસાગરને પાર કરાવનાર महा-पाप-दूरान् - મહાપાપને દૂર કરનાર वेदसारान् - વેદના સારરૂપ शिव-प्रेमदारान् - શિવનાં પ્રેમસ્વરૂપ પત્ની(પાર્વતી)ને भजे - હું ભજું છું.

જગતના કર્મમાં ધીર, વાણીમાં પોપટની વાણીને પરાસ્ત કરનાર, સ્તન પર હારધારી, કૃપાના સાગરનાં પૂર, ભવસાગરને પાર કરાવનાર, મહાપાપને દૂર કરનાર, વેદના સારરૂપ, શિવનાં પ્રેમસ્વરૂપ પત્ની(પાર્વતી)ને હું ભજું છું. (૨૪)

सुधासिन्धुसारे चिदानन्दनीरे
समुत्फुल्लनीपे सुरत्नान्तरीपे ।
मणिव्यूहसाले स्थिते हैमशाले
मनोजारिवामे निषण्णं मनो मे ॥ २५ ॥

सुधा-सिन्धु-सारे - અમૃતના સાગરના સારરૂપ चिदानन्द-नीरे - જ્ઞાન અને આનંદરૂપી જળમાં समुत्फुल्लनीपे - ખીલેલાં કદંબવૃક્ષ જેવા सुरत्नान्तरीपे - સુંદર રત્નોરૂપી બેટવાળા, (अन्तरीप = બેટ), मणिव्यूह-साले - મણિજડિત દીવાલવાળા हैमशाले - સુવર્ણશાળામાં मनोजारिवामे - મહાદેવ પદવીમાં બેઠેલ मे (મારું) मनः - મન निषण्णम् - લાગેલું છે.

અમૃતના સાગરના સારરૂપ, જ્ઞાન અને આનંદનાં જળમાં, ખીલેલાં કદંબવૃક્ષ જેવા, સુંદર રત્નોરૂપી બેટવાળા, મણિજડિત દીવાલવાળી, સુવર્ણશાળામાં બેઠેલાં મહાદેવની પત્નીમાં મારું મન લાગેલું છે. (૨૫)

दृगन्ते विलोला सुगन्धीषुमाला
प्रपञ्चेन्द्रजाला विपत्तिसिन्धुकूला ।
मुनिस्वान्तशाला नमल्लोकपाला
हृदि प्रेमलोलामृतस्वादुलीला ॥ २६ ॥

दृगन्ते- આંખને છેડે विलोला - ચંચળ सुगन्धी-इषुमाला - સુગંધી બાણવાળાં प्रपञ्च-इन्द्रजाला - જગતરૂપી ઈન્દ્રજાળવાળાં विपत्-सिन्धुकूला - દુઃખસાગરના કિનારારૂપ मुनि-स्वान्त-शाला - મુનિઓનાં અંતરમાં નિવાસ કરતાં नमत्-लोकपाला - જેમને લોકપાલો નમન કરે છે તેવા हृदि - હૃદયમાં प्रेमलोला - પ્રેમથી ઊછળતા अमृत-स्वादु-लीला - અમૃતસમાન ચરિત્રવાળા (આપ છો).

આંખને છેડે ચંચળ, સુગંધી બાણવાળાં, જગતરૂપી ઈન્દ્રજાળવાળાં, દુઃખસાગરના કિનારારૂપ, મુનિઓનાં અંતરમાં નિવાસ કરતાં, લોકપાલોથી નમન કરાતાં, પ્રેમથી ઊછળતાં, અમૃત સમાન ચરિત્રવાળાં (આપ છો). (૨૬)

जगज्जालमेतत्त्वयैवाम्ब सृष्टं
त्वमेवाद्य यासीन्द्रियैरर्थजालम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्वमेकैव कर्त्री त्वमेकैव भोक्त्री
न मे पुण्यपापे न मे बन्धमोक्षौ ॥ २७ ॥

हे अम्ब - હે મા ! एतद् - આ जगज्जालम् - જગજંજાળ त्वया - આપ एव - જ सृष्टम् - સર્જો છો. त्वम् - આપ एव - જ इन्द्रियैः - ઈન્દ્રિયો વડે अर्थजालम् - વિષયમાં त्वम् - આપ एव - જ अद्य - આજે यासि - ગતિ કરો છો त्वम् - આપ एका - એક एव - જ સર્જનાર અને त्वम् - આપ एका - એક एव - જ भोक्त्री - ભોગવનાર છો (અને) मे - મારે पुण्यपापे - પુણ્ય કે પાપ न - નથી मे - મારે बन्धमोक्षौ - બન્ધ કે મોક્ષ न - નથી.

હે મા ! આ જગજંજાળ આપ જ સર્જો છો અને આપ જ ઈન્દ્રિયો વડે વિષયમાં ગતિ કરો છો. આપ જ સર્જનાર અને આપ જ ભોગવનાર છો અને મારે પુણ્ય કે પાપ, બન્ધ કે મોક્ષ નથી. (૨૭)

इति प्रेमभारेण किञ्चिन्मयोक्तं
न बुध्वैव तत्त्वं मदीयं त्वदीयम् ।
विनोदाय बालस्य मौर्ख्यं हि मात-
स्तदेतत्प्रलापस्तुतिं मे गृहाण ॥ २८ ॥

हे मातः - હે મા ! इति - આ प्रेम-भारेण - પ્રેમસભર (હૃદયે) मया - મે किञ्चित् - કાંઈ उक्तम् - કહ્યું त्वदीयम् - આપનું तत्त्वम् - તત્ત્વ न - ન बुध्वा - જાણતા विनोदाय - વિનોદ માટે बालस्य - બાળક એવા मदीयम् - મારી मौर्ख्यम् - મૂર્ખતા (છે) तद् - તે एतत् - આ मे - મારો प्रलाप - स्तुतिम् - સ્તુતિપ્રલાપ (આપ) गृहाण - સ્વીકારો.

હે મા ! આ પ્રેમસભર (હૃદયે) મેં કાંઈ કહ્યું (તે) આપનું તત્ત્વ ન જાણતા, વિનોદ માટે બાળક એવા મારી મૂર્ખતા (છે), તે આ મારો સ્તુતિપ્રલાપ (આપ) સ્વીકારો.

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''देवीभुजंगस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રીગોવિન્દ ભગવત્પૂજ્યપાદના શિષ્ય
શ્રીશંકરાચાર્ય ભગવાનની કૃતિ ''દેવીભુજંગસ્તોત્રમ્'' સમાપ્ત થયું.

॥ ॐ ॥

॥ श्रीरामभुजङ्गप्रयातस्तोत्रम् ॥

विशुद्धं परं सच्चिदानन्दरूपं
गुणाधारमाधारहीनं वरेण्यम् ।
महान्तं विभान्तं गुहान्तं गुणान्तं
सुखान्तं स्वयं धाम रामं प्रपद्ये ॥ १ ॥

विशुद्धं - વિશુદ્ધ, परं - પરમ, सच्चिदानन्दरूपं - સચ્ચિદાનંદ -સ્વરૂપ, गुणाधारं - ગુણોનો આધાર, आधारहीनं - આધાર-રહિત, वरेण्यं - શ્રેષ્ઠ, महान्तं - મહાન, विभान्तं - પ્રકાશમાન, गुहान्तं - (હૃદય)ગુફામાં રહેલા गुणान्तं - ગુણોની પાર રહેલા, सुखान्तं - છેવટનાં સુખરૂપ, स्वयं - સ્વ-સ્વરૂપ धाम - પરમ ધામ, (એવા), रामं - શ્રીરામને प्रपद्ये - હું શરણે જાઉં છું.

વિશુદ્ધ, પરમ તત્ત્વ, સચ્ચિદાનંદ-રૂપ, સકલગુણોના આધાર પરંતુ પોતે સર્વ આધારથી સ્વતંત્ર, શ્રેષ્ઠ, મહાન, પ્રકાશમાન, (હૃદય)ગુહામાં વાસ કરી રહેલા, જેમાં તમામ ગુણોનો અંત આવે છે તેવાં આત્યન્તિક સુખરૂપ સ્વરૂપમાં સ્થિત એવા પરમ આશ્રય શ્રીરામનાં શરણે હું જાઉં છું. (૧)

शिवं नित्यमेकं विभुं तारकाख्यं
सुखाकारमाकारशून्यं सुमान्यम् ।
महेशं कलेशं सुरेशं परेशं
नरेशं निरीशं महीशं प्रपद्ये ॥ २ ॥

शिवं - કલ્યાણરૂપ, नित्यं - નિત્ય, एकं - એક, विभुं - વિભુ, तारकाख्यं - 'તારક' સંજ્ઞાથી ઓળખાતા, सुखाकारं - સુખાકાર છતાં आकारशून्यं - આકારરહિત, सुमान्यं - સુમાન્ય, महेशं - મહેશ, कलेशं - કલાના ઈશ, सुरेशं - દેવોના સ્વામી, परेशं - પરમ ઈશ, नरेशं - નરોના અધિપતિ, निरीशं - સ્વતંત્ર, महीशं - સકલ પૃથ્વીના ઈશ (એવા શ્રીરામને) प्रपद्ये - હું શરણે જાઉં છું.

કલ્યાણરૂપ, નિત્ય, એકમાત્ર, વિભુ. 'તારક' નામે ઓળખાતાં, સુખાકાર છતાં નિરાકાર, સુમાન્ય, મહેશ, કલાના સ્વામી, સુરેશ, પરેશ, નરેશ, સ્વાધીન અને સકલ પૃથ્વીના ઈશ(એવા શ્રીરામ)નાં શરણે હું જાઉં છું. (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदावर्णयत्कर्णमूलेऽन्तकाले
शिवो राम रामेति रामेति काश्याम् ।
तदेकं परं तारकब्रह्मरूपं
भजेऽहं भजेऽहं भजेऽहं भजेऽहम् ॥ ३ ॥

काश्यां - કાશીમાં अन्तकाले - અંતકાલે, कर्णमूले - કાનમાં, शिवः - શિવ, राम - રામ, राम-इति - રામ રામ-इति - અને રામ એમ यद् - જેનો आवर्णयत् - ઉચ્ચાર કરે છે, तद् - તે एकं - એકમાત્ર तारक-ब्रह्म-रूपं - 'તારક' બ્રહ્મરૂપ (શ્રી રામને) भजेऽहं - હું ભજું છું, भजेऽहं - ભજું છું. भजेऽहं - ભજું છું.

કાશીનગરીમાં (મનુષ્યના) અંતકાલ સમયે (એના) કાનમાં શિવ, "રામ, રામ, રામ" એવો જેમનાં નામનો ઉચ્ચાર કરે છે, તે એકમાત્ર 'તારક' બ્રહ્મરૂપ (શ્રી રામ)ને હું ભજું છું, ભજું છું, ભજું છું. ભજું છું. (૩)

महारत्नपीठे शुभे कल्पमूले
सुखासीनमादित्यकोटिप्रकाशम् ।
सदा जानकीलक्ष्मणोपेतमेकं
सदा रामचन्द्रं भजेऽहं भजेऽहम् ॥ ४ ॥

कल्पमूले - કલ્પવૃક્ષની નીચે, शुभे - મંગલ महा-रत्न-पीठे - મહારત્નપીઠ પર सुखासीनं - સુખપૂર્વક બિરાજેલા, आदित्य-कोटि-प्रकाशं - કરોડો સૂર્ય સમાન તેજસ્વી અને सदा - હંમેશાં जानकी-लक्ष्मण-उपेतम् - સીતા અને લક્ષ્મણની સાથે જ રહેતા, એવા रामचन्द्रं - રામચન્દ્રને सदा - નિત્ય भजेऽहं - હું ભજું છું, भजेऽहं - ભજું છું.

કલ્પવૃક્ષની નીચે મંગલમયી મહાનરત્નપીઠ પર સુખેથી બિરાજેલા, કરોડો સૂર્ય સમાન તેજસ્વી અને હંમેશાં સીતા અને લક્ષ્મણની સાથે જ રહેતા શ્રીરામચન્દ્રને હું સદાયે ભજું છું, ભજું છું, (૪)

क्वणद्रत्नमञ्जीरपादारविन्दं
लसन्मेखलाचारुपीताम्बराढ्यम् ।
महारत्नहारोल्लसत्कौस्तुभाङ्गं
नदच्चञ्चरीमञ्जरीलोलमालम् ॥ ५ ॥

क्वणद्-रत्न-मञ्जीर-पाद-अरविन्दं - જેમનાં ચરણકમળ પર રત્નમઢ્યા નૂપુર રણકે છે, लसत्-मेखला-चारु-पीताम्बर-आढ्यं - જેઓ ચળકતી મેખલાથી સુંદર લાગતાં પીતામ્બરથી શોભી રહ્યા છે, महारत्नहार-उल्लसत्-कौस्तुभाङ्गं - મહાન રત્નહાર અને કૌસ્તુભમણિથી જેમનું શ્રીઅંગ દીપી રહ્યું છે અને नदत्-चञ्चरी-मञ्जरी-लोलमालम् - ભમરાથી ગૂંજતી મંજરીઓની માળાઓ જેમનાં અંગ પર ફરફરી રહી છે (તેવા શ્રીરામચંદ્રને હું ભજું છું.) चञ्चरिन् - ભમરો.

(શ્રીરામના) ચરણકમળમાં રત્નમઢ્યાં નૂપુર રણકે છે. ઝળહળતી મેખલાથી સોહતું પીતાંબર એમણે ધારણ કર્યું છે. એમનાં શ્રીઅંગ પર મહાન રત્નહાર અને કૌસ્તુભમણિ દીપી રહ્યા છે. અને જેમનાં અંગ પર ભ્રમરવૃંદથી ગુંજતી મંજરીની માળા ફરકી રહી છે (એવા શ્રીરામચંદ્રને હું ભજું છું). (૫)

लसच्चन्द्रिकास्मेरशोणाधराभं
समुद्यत्पतङ्गेन्दुकोटिप्रकाशम् ।
नमद्ब्रह्मरुद्रादिकोटीररत्न-
स्फुरत्कान्तिनीराजनाराधिताङ्घ्रिम् ॥ ६ ॥

लसत्-चन्द्रिका-स्मेर-शोणाधराभं - ચન્દ્રિકા સ્મિતથી જેમનો રતુંબડો અધર સોહે છે, समुद्यत्-पतङ्ग-इन्दु-कोटि-प्रकाशं - કરોડો સૂર્ય અને ચંદ્રના જેવો પ્રકાશ જેઓ ફેલાવી રહ્યા છે, नमत्-ब्रह्म-रुद्र-आदि-कोटीर-रत्न-स्फुरत्-कान्ति-नीराजन-आराधित-अङ्घ्रिम् - નમન કરી રહેલા બ્રહ્મા, રુદ્ર ઇત્યાદિ દેવોના મુગટનાં રત્નોની કાંતિ આરતી બની જેમનાં ચરણની આરાધના કરી રહી છે (તે શ્રીરામચન્દ્રને હું ભજું છું.)

ચન્દ્રિકા સ્મિતથી જેમનો રતુંબડો અધર સોહે છે, જેઓ કરોડો સૂર્ય અને ચંદ્રના પ્રકાશ જેવા તેજે ઝળહળે છે, અને નમન કરી રહેલા બ્રહ્મા, રુદ્ર વગેરે દેવોના મુગટનાં રત્નોની કાંતિ આરતી બની જેમનાં ચરણની આરાધના કરે છે (તે શ્રીરામચન્દ્રને હું ભજું છું). (૬)

पुरः प्राञ्जलीनाञ्जनेयादिभक्ता-
न्स्वचिन्मुद्रया भद्रया बोधयन्तम् ।
भजेऽहं भजेऽहं सदा रामचन्द्रं
त्वदन्यं न मन्ये न मन्ये न मन्ये ॥ ७ ॥

पुरः - સામે प्राञ्जलीनाञ्जनेयादिभक्तान् - હાથ જોડી (ઊભા) રહેલા હનુમાન વગેરે ભકતોને જેઓ, भद्रया - (પોતાની) ભદ્રા એવી स्वचिन्मुद्रया - ચિદ્‌મુદ્રાથી बोधयन्तं - જ્ઞાન આપી રહ્યા છે તેવા रामचन्द्रं - રામચંદ્રને सदा - સદાયે भजेऽहं - હું ભજું છું, भजेऽहं - ભજું છું. त्वदन्यं - આપનાથી બીજા કોઈને न मन्ये - હું માનતો નથી. न मन्ये - માનતો નથી. न मन्ये - માનતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે બન્ને હાથ જોડી ઊભા રહેલા હનુમાન વગેરે ભક્તોને પોતાની કલ્યાણદાયિની (ભદ્રા) ચિદ્મુદ્રાથી જ્ઞાનનો બોધ કરી રહેલા રામચંદ્રને હું સદાકાળ ભજું છું, ભજું છું અને (હે રામ !) આપના સિવાય અન્ય કોઈને હું માનતો નથી, માનતો નથી, માનતો નથી. (૭)

यदा मत्समीपं कृतान्तः समेत्य
प्रचण्डप्रकोपैर्भटैर्भीषयेन्माम् ।
तदाविष्करोषि त्वदीयं स्वरूपं
सदापत्प्रणाशं सकोदण्डबाणम् ॥ ८ ॥

यदा - જ્યારે, मत्समीपं - મારી સામે, समेत्य - આવીને कृतान्तः - યમરાજ, તેના प्रचण्डप्रकोपैः - પ્રચંડ કોપ કરી રહેલા भटैः - દૂતો વડે माम् - મને भीषयेत् - ડરાવે तदा - ત્યારે सदा-आपत्प्रणाशं - હંમેશાં આપત્તિનો નાશ કરનાર (અથવા સજ્જનોની આપત્તિનો નાશ કરનાર) स-कोदण्ड-बाणं - ધનુષ્ય અને બાણ ધારણ કરેલું त्वदीयं - આપનું स्वरूपं - સ્વરૂપ आविष्करोषि - પ્રગટ કરજો.

(હે રામ !) મારી સામે આવીને જ્યારે યમરાજા પોતાના પ્રચંડ કોપ કરનાર દૂતો વડે મને ડરાવવા, લાગે ત્યારે સદાયે આપત્તિનો નાશ કરનારું, ધનુષ્ય-બાણ ધારણ કરેલું આપનું રૂપ પ્રગટ કરજો. (૮)

निजे मानसे मन्दिरे संनिधेहि
प्रसीद प्रसीद प्रभो रामचन्द्र ।
ससौमित्रिणा कैकयीनन्दनेन
स्वशक्त्यानुभक्त्या च संसेव्यमान ॥ ९ ॥

स्वशक्त्या - મારી શક્તિ च અને अनुभक्त्या - ભક્તિ મુજબ संसेव्यमान - હું જેમની સેવા કરું છું તેવા प्रभो - હે પ્રભુ ! रामचन्द्र - રામચન્દ્ર ! प्रसीद प्रसीद - પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! અને स-सौमित्रिणा - લક્ષ્મણ સાથે તથા कैकयी-नन्दनेन - ભરત સાથે આપ निजे - નિજ मानसे मन्दिरे - મારાં માનસ મંદિરમાં संनिधेहि - આવી વસો.

મારી પોતાની શક્તિ અને ભક્તિ અનુસાર, હું આપની સેવા કરું છું. હે પ્રભુ ! હે શ્રીરામચંદ્ર ! આપ મારા પર પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ અને મારાં મનમંદિરમાં લક્ષ્મણ અને ભરત સાથે આવીને વસો ! (૯)

स्वभक्ताग्रगण्यैः कपीशैर्महीशै-
रनीकैरनेकैश्च राम प्रसीद ।
नमस्ते नमोऽस्त्वीश राम प्रसीद
प्रशाधि प्रशाधि प्रकाशं प्रभो माम् ॥ १० ॥

हे राम - હે રામ ! स्वभक्ताग्रगण्यैः - આપના અગ્રગણ્ય ભક્તો જેવાં કે कपीशैः - વાનરેન્દ્રો, महीशैः - ભૂપતિઓ, च अनेकैः - અને અનેક अनीकैः - સૈન્યો સહિત प्रसीद - આપ પ્રસન્ન થાઓ ! हे ईश - હે ઈશ ! नमस्ते - આપને નમસ્કાર છે ! नमोऽस्तु - નમસ્કાર હો ! हे राम - હે રામ ! प्रसीद - પ્રસન્ન થાઓ ! हे प्रभो - હે પ્રભુ ! मां - મને प्रकाशं - જ્ઞાનપ્રકાશનો प्रशाधि प्रशाधि - બોધ આપો, બોધ આપો !

હે રામ ! વાનરરાજો, ભૂપતિઓ તથા એવાં અનેક સૈન્યો સહિતના આપના અગ્રગણ્ય ભક્તોની સાથે આપ મારા પર પ્રસન્ન થાઓ ! હે રામ ! આપને નમસ્કાર છે ! નમસ્કાર હો ! પ્રસન્ન થાઓ ! હે પ્રભુ ! મને જ્ઞાનપ્રકાશનો બોધ આપો, બોધ આપો ! (૧૦)

त्वमेवासि दैवं परं मे यदेकं
सुचैतन्यमेतत्त्वदन्यं न मन्ये ।
यतोऽभूदमेयं वियद्वायुतेजो-
जलोर्व्यादिकार्यं चरं चाचरं च ॥ ११ ॥

त्वम् एव - આપ જ मे - મારું परं - પરમ दैवं - ભાગ્ય असि - છો. एतद् - આ वियद्-वायु-तेजः-जल-उर्वी-आदिकार्यं - આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી (રૂપી પાંચ ભૂત) વગેરે સૃષ્ટિ, चरं च अचरं च - ચર અને અચર (એ સકલ વિશ્વ) यतः જેમનાથી अभूत् - ઉત્પન્ન થયું છે જે એવાં यद् - જે एकं - એક માત્ર सुचैतन्यं - સુચૈતન્ય રૂપ આપ છો. त्वदन्यं - આપનાથી અન્ય કોઈને न मन्ये - હું માનતો નથી.

આપ જ મારું પરમ ભાગ્ય છો. આ આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી (રૂપી પાંચ ભૂત) વગેરે ચર અને અચર સૃષ્ટિ જેમનાથી ઉત્પન્ન થઈ છે, એવા એક માત્ર સુચૈતન્ય સ્વરૂપ આપ જ છો. આપના સિવાય બીજા કોઈને હું માનતો નથી. (૧૧)

नमः सच्चिदानन्दरूपाय तस्मै
नमो देवदेवाय रामाय तुभ्यम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नमो जानकीजीवितेशाय तुभ्यं
नमः पुण्डरीकायतताक्षाय तुभ्यम् ॥ १२ ॥

सच्चिदानन्दरूपाय - સચ્ચિદાનંદરૂપ એવા तस्मै - તેમને नमः - નમસ્કાર ! देवदेवाय - દેવોના પણ દેવ એવા रामाय - રામને तुभ्यं - આપને नमः - નમસ્કાર ! जानकीजीवितेशाय - જાનકીના પ્રાણનાથ એવા तुभ्यं - આપને नमः - નમસ્કાર ! पुण्डरीक-आयत-अक्षाय - કમલ સમાન વિશાળ નેત્રોવાળા એવા तुभ्यं - આપને नमः - નમસ્કાર !

તે સચ્ચિદાનંદ રૂપ(રામ)ને નમસ્કાર છે ! દેવોના પણ દેવ એવા આપ શ્રી રામને નમસ્કાર ! જાનકીના પ્રાણનાથ એવા આપને નમસ્કાર છે ! કમલ સમાન વિશાલ નેત્રવાળા આપને નમસ્કાર છે ! (૧૨)

नमो भक्तियुक्तानुरक्ताय तुभ्यं
नमः पुण्यपुञ्जैकलभ्याय तुभ्यम् ।
नमो वेदवेद्याय चाद्याय पुंसे
नमः सुन्दरायेन्दिरावल्लभाय ॥ १३ ॥

भक्तियुक्त-अनुरक्ताय - ભક્તો પ્રત્યે અનુરાગવાળા तुभ्यं - આપને नमः - નમસ્કાર ! पुण्यपुञ्जैक-लभ्याय - એક માત્ર પુણ્યસંચયથી પ્રાપ્ત થઈ શકે એવા तुभ्यं - આપને नमः - નમસ્કાર ! वेद-वेद्याय - વેદોવડે જાણી શકાય એવા च - અને आद्याय पुंसे - આદ્યપુરુષને नमः - નમસ્કાર ! सुन्दराय - સુંદર इन्दिरा-वल्लभाय - લક્ષ્મીપતિને नमः - નમસ્કાર છે !

ભક્તો પ્રત્યે અનુરાગવાળા આપને નમસ્કાર છે ! એક માત્ર પુણ્ય સંચયથી જ પ્રાપ્ત થઈ શકે એવા આપને નમસ્કાર ! વેદો વડે જાણી શકાય એવા અને આદિપુરુષ એવા (આપ)ને નમસ્કાર ! સુંદર લક્ષ્મીપતિને નમસ્કાર ! (૧૩)

नमो विश्वकर्त्रे नमो विश्वहर्त्रे
नमो विश्वभोक्त्रे नमो विश्वमात्रे ।
नमो विश्वनेत्रे नमो विश्वजेत्रे
नमो विश्वपित्रे नमो विश्वमात्रे ॥ १४ ॥

विश्वकर्त्रे - વિશ્વકર્તાને नमः - નમસ્કાર ! विश्वहर्त्रे - વિશ્વહર્તાને नमः - નમસ્કાર ! विश्वभोक्त्रे - વિશ્વભોક્તાને नमः - નમસ્કાર ! विश्वमात्रे - વિશ્વના માપનારને नमः - નમસ્કાર ! विश्वनेत्रे - વિશ્વના નેતાને नमः - નમસ્કાર ! विश्वजेत्रे - વિશ્વવિજેતાને नमः - નમસ્કાર ! विश्वपित्रे - વિશ્વપિતાને नमः - નમસ્કાર ! विश्वमात्रे - વિશ્વનાં માતાને नमः - નમસ્કાર !

વિશ્વકર્તાને નમસ્કાર છે ! વિશ્વહર્તાને નમસ્કાર ! વિશ્વભોક્તાને નમસ્કાર ! વિશ્વનાં માપનારને નમસ્કાર ! વિશ્વનેતાને નમસ્કાર ! વિશ્વજેતાને નમસ્કાર ! વિશ્વપિતાને નમસ્કાર ! વિશ્વમાતાને નમસ્કાર ! (૧૪)

नमस्ते नमस्ते समस्तप्रपञ्च-
प्रभोगप्रयोगप्रमाणप्रवीण ।
मदीयं मनस्त्वत्पदद्वन्द्वसेवां
विधातुं प्रवृत्तं सुचैतन्यसिद्ध्यै ॥ १५ ॥

(हे) समस्त-प्रपञ्च-प्रभोग-प्रयोग-प्रमाण-प्रवीण - હે સકલ પ્રપંચ(સંસાર)નાં ભોગ, પ્રયોગ, અને પ્રમાણમાં પ્રવીણ (શ્રી રામ)! नमस्ते नमस्ते - આપને નમસ્કાર, આપને નમસ્કાર ! सुचैतन्य-सिद्ध्यै - સુચૈતન્યની સિદ્ધિ માટે मदीयं - મારું मनः - મન त्वत्पद-द्वन्द्व-सेवां - આપનાં ચરણદ્વયની સેવા विधातुं - કરવા માટે प्रवृत्तं - પ્રવૃત્ત થયું છે.

હે સકલ સંસારનાં ભોગ, પ્રયોગ અને પ્રમાણમાં પ્રવીણ (શ્રીરામ) ! આપને નમસ્કાર છે, નમસ્કાર છે ! સુચૈતન્યની સિદ્ધિ માટે મારું મન આપનાં બન્ને ચરણોની સેવા કરવા માટે પ્રવૃત્ત થયું છે. (૧૫)

शिलापि त्वदङ्घ्रिक्षमासङ्गिरेणु-
प्रसादाद्धि चैतन्यमाधत्त राम ।
नरस्त्वत्पदद्वन्द्वसेवाविधाना-
त्सुचैतन्यमेतीति किं चित्रमत्र ॥ १६ ॥

(हे) राम - હે રામ ! त्वद्-अङ्घ्रि-क्षमा-सङ्गि-रेणु-प्रसादात् हि - આપનાં ક્ષમાશીલ ચરણની રજના સંસર્ગની કૃપાથી, ખરેખર, शिलापि - શિલા પણ चैतन्यं - ચૈતન્ય आधत्त - પામી, તો પછી त्वत्पद-द्वन्द्व-सेवा-विधानात् - આપનાં ચરણદ્વયની સેવા કરવાથી नरः - મનુષ્ય सुचैतन्यं - સુચૈતન્ય एति - પામે इति - એમાં अत्र - અહીં (આ લોકમાં) किं - શું चित्रम् - આશ્ચર્ય છે !

હે રામ ! આપનાં ક્ષમાશીલ ચરણની રજના સંસર્ગની કૃપાથી, ખરેખર, શિલા પણ પણ જો ચેતનવતી બની ગઈ, તો પછી આપનાં બન્ને ચરણોની સેવા કરવાથી આ લોકમાં મનુષ્ય સુચૈતન્યને પામે, તેમાં શી નવાઈ ? (૧૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पवित्रं चरित्रं विचित्रं त्वदीयं
नरा ये स्मरन्त्यन्वहं रामचन्द्र ।
भवन्तं भवान्तं भरन्तं भजन्तो
लभन्ते कृतान्तं न पश्यन्त्यतोऽन्ते ॥ १७ ॥

હે रामचन्द्र - હે રામચંદ્ર ! ये नराः - જે મનુષ્યો त्वदीयं - આપનાં विचित्र - અદ્‌ભુત અને पवित्र - પવિત્ર चरित्र - ચરિત્રનુ अन्वहं - પ્રતિદિન स्मरन्ति - સ્મરણ કરે છે, તેઓ, भरन्तं - भर्ता એવા भवन्तं - આપને भजन्तः - ભજતાં ભજતાં भवान्तं - સંસારનો પાર लभन्ते - પામે છે अतः - અને તેથી अन्ते - અંત સમયે कृतान्त - યમને न पश्यन्ति - જોતા નથી.

હે રામચંદ્ર ! જે મનુષ્યો પ્રતિદિન આપનાં અદ્‌ભુત અને પવિત્ર ચરિત્રનું સ્મરણ કરે છે, તેઓ ભર્તા એવા આપને ભજતાં રહીને સંસારને પાર કરી જાય છે અને એટલે જ અંતકાળે એમને યમનાં દર્શન કરવા પડતાં નથી. (૧૭)

स पुण्यः स गण्यः शरण्यो ममायं
नरो वेद यो देवचूडामणिं त्वाम् ।
सदाकारमेकं चिदानन्दरूपं
मनोवागगम्यं परं धाम राम ॥ १८ ॥

(हे) राम - હે રામ ! यः - જે नरः - મનુષ્ય त्वाम् - આપને, देवचूडामणिं - સર્વ દેવોના ચૂડામણિ રૂપે તથા सदाकारं - સત્સ્વરૂપે, एकं - એક માત્ર तत्त्वं - તત્ત્વરૂપે, चिदानन्दरूपं - ચિદાનન્દ રૂપ અને मनोवाक्-अगम्यं - મન અને વાણીથી પામી ન શકાય તેવા परं धाम - પરમ ધામ રૂપે वेद - જાણે છે, सः - તે पुण्यः - પુણ્ય છે. सः - તે गण्यः - ગણનાયોગ્ય છે અને अयं - એ मम - મારા માટે शरण्यं - શરણે જવા યોગ્ય છે.

હે રામ ! આપ સર્વદેવના ચૂડામણિ છો, સત્સ્વરૂપ અને એક માત્ર તત્ત્વ છો, ચિદાનન્દરૂપ છો, મન અને વાણીથી અગમ્ય છો, અને પરમ ધામ છો, એ રીતે જે મનુષ્ય આપને જાણે છેઃ તે ખરેખર, પુણ્યવાન છે, ગણનાયોગ્ય છે અને મારા માટે શરણે જવા યોગ્ય છે. (૧૮)

प्रचण्डप्रतापप्रभावाभिभूत-
प्रभूतारिवीर प्रभो रामचन्द्र ।
बलं ते कथं वर्ण्यतेऽतीव बाल्ये
यतोऽखण्डि चण्डीशकोदण्डदण्डम् ॥ १९ ॥

(हे) प्रभो रामचन्द्र - હે પ્રભુ રામચંદ્ર ! प्रचण्ड-प्रताप-प्रभाव-अभिभूत-प्रभूत-अरि-वीर - પ્રચંડ પ્રતાપના પ્રભાવથી શત્રુસમૂહને હરાવનાર હે વીર ! ते - આપનું अतीव - અતિશય बलं - બળ कथं - શી રીતે वर्ण्यते - વર્ણવી શકાય ? यतः - કારણ કે આપે बाल्ये - શિશુ વયમાં પણ चण्डीश-कोदण्ड-दण्डं - શિવધનુષ્યના દંડને अखण्डि - તોડી નાખ્યો હતો ! चण्डीश - ચંડી-પાર્વતીના પતિ - શિવ.

હે પ્રભુ રામચંદ્ર ! પ્રચંડ પ્રતાપના પ્રભાવથી શત્રુસમૂહને હરાવનાર હે વીર ! આપનાં અતિશય બળનું શી રીતે વર્ણન થઈ શકે ? કારણ કે આપે શિશુવયમાં પણ શિવ-ધનુષ્યના દંડને તોડી નાખ્યો હતો. (૧૯)

दशग्रीवमुग्रं सपुत्रं समित्रं
सरिद्दुर्गमध्यस्थरक्षोगणेशम् ।
भवन्तं विना राम वीरो नरो वा-
सुरो वामरो वा जयेत्कस्त्रिलोक्याम् ॥ २० ॥

(हे) राम - હે રામ ! सरित्-दुर्ग-मध्यस्थ-रक्षोगण-ईशं - જળરૂપી કિલ્લાની વચ્ચે રહેલા રાક્ષસગણના અધિપતિ उग्रं - ઉગ્ર दशग्रीवं - રાવણને, सपुत्रं - પુત્રસહિત અને समित्रं - મિત્રો સહિત भवन्तं विना - આપના વિના, त्रिलोक्याम् - ત્રણેય લોકમાં, બીજો कः - કોણ ? धीरः - વીર वा કે नरः - મનુષ્ય, सुरः - સુર (અથવા वाऽसुरः - અસુર) वा - અથવા તો अमरः वा - દેવ जयेत् - જીતી શકે ?

હે રામ ! જળરૂપી કિલ્લાની વચ્ચે રહેલા ઉગ્ર રાક્ષસરાજ રાવણને પુત્ર અને મિત્રસહિત ત્રણેય લોકમાં આપના વિના બીજો કોણ, વીર, માનવ, દેવ કે અસુર જીતી શકે ? (૨૦)

सदा राम रामेति रामामृतं ते
सदाराममानन्दनिष्यन्दकन्दम् ।
पिबन्तं नमन्तं सुदन्तं हसन्तं
हनूमन्तमन्तर्भजे तं नितान्तम् ॥ २१ ॥

सदा-सदा राम राम इति - 'રામ રામ' એમ ते - આપનાં रामामृतं - રામનામ રૂપી અમૃત કે જે सद्-आरामं - સજ્જનોનાં ઉદ્યાન સમા અને आनन्द-निष्यन्द-कन्दम् - આનંદ-ઝરતું ફળ છે, તેનું पिबन्तं - પાન કરી રહેલા, नमन्तं - નમન કરી રહેલા, सुदन्तं - સુંદર દાંતવાળા અને हसन्तं - હસતા हनूमन्तं - હનુમાનને अन्तः - મારા અંતરમાં હું नितान्त - નિતાન્ત भजे - ભજું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સજ્જનોનાં ઉદ્યાન અને આનંદ-ઝરતાં ફળ સમાન 'રામ, રામ' એવાં રામનામ રૂપી અમૃતનું સદા પાન કરી રહેલા, આપને નમન કરી રહેલા, સુંદર દાંતવાળા અને હસતા હનુમાનને મારા અંતરમાં હું નિતાન્ત ભજું છું. (૨૧)

सदा राम रामेति रामामृतं ते
सदाराममानन्दनिष्यन्दकन्दम् ।
पिबन्नन्वहं नन्वहं नैव मृत्यो-
र्बिभेमि प्रसादादसादात्तवैव ॥ २२ ॥

सद्-आरामं - સજ્જનોનાં ઉદ્યાન અને आनन्द-निष्यन्द-कन्दं - આનંદ-ઝરતાં ફળ સમાન सदा - सदा राम राम इति - 'રામ, રામ' એમ ते - આપનાં रामामृतं - રામનામરૂપી અમૃતનું पिबन् - પાન કરતો नु अहं - હું, तव एव - આપની જ प्रसादात् - કૃપાને असादात् - પામીને मृत्योः - મૃત્યથી न एव बिभेमि - ભય પામતો નથી.

સજ્જનોનાં ઉદ્યાન અને આનંદ-ઝરતાં ફળ સમાન 'રામ, રામ' એવાં રામનામ રૂપી અમૃતનું સદા પાન કરતો હું આપની જ કૃપા પામીને મૃત્યુથી ડરતો નથી. (૨૨)

असीतासमेतैरकोदण्डभूषै-
रसौमित्रिवन्द्यैरचण्डप्रतापैः ।
अलङ्केशकालैरसुग्रीवमित्रै-
ररामाभिधेयैरलं दैवतैर्नः ॥ २३ ॥

असीतासमेतैः - જેમાં સીતા સહિત(રામ-પરિવાર)નો ઉલ્લેખ ન હોય, अकोदण्डभूषैः - ધનુષ્યથી વિભૂષિત ન હોય असौमित्रि-वन्द्यैः - લક્ષ્મણના પ્રણામનો ઉલ્લેખ ન હોય, अचण्डप्रतापैः - આપના પ્રચંડપ્રતાપનો નિર્દેશ ન હોય, अलङ्केशकालैः - રાવણના કાળરૂપે આપનો ઉલ્લેખ ન હોય, असुग्रीवमित्रैः - સુગ્રીવ જેવા આપના મિત્રો ન હોય અને अरामाभिधेयैः - 'રામ' નામ ન હોય તેવા दैवतैः - દેવોનું नः - અમને अलम् - પ્રયોજન નથી.

સીતા સમેત ન હોય તેવા, ધનુષ્યથી વિભૂષિત ન હોય તેવા, લક્ષ્મણ દ્વારા પ્રણામ ન કરાતા, પ્રચંડ પ્રતાપ વિનાના, રાવણનો કાળ ન હોય તેવા, રામ એવું નામ જેનું ન હોય તેવા દેવોનું અમને (કોઈ) પ્રયોજન નથી. (૨૩)

अवीरासनस्थैरचिन्मुद्रिकाढ्यै-
रभक्ताञ्जनेयादितत्त्वप्रकाशैः ।
अमन्दारमूलैरमन्दारमालै-
ररामाभिधेयैरलं दैवतैर्नः ॥ २४ ॥

अवीरासनस्थैः - વીરાસનમાં બેઠેલા આપના ઉલ્લેખ વિનાના, अचिन्मुद्रिकाढ्यैः - ચિન્મુદ્રાથી શોભતા આપના ઉલ્લેખ વિનાના, अभक्ताञ्जनेयादितत्त्वप्रकाशैः - હનુમાન વગેરે ભક્તોને તત્ત્વનો બોધ આપતા આપના ઉલ્લેખ વિનાના, अमन्दारमूलैः - મન્દારવૃક્ષ નીચે બિરાજેલા આપના ઉલ્લેખ વિનાના, अमन्दारमालैः - મન્દારમાલા વિનાના અને अरामाभिधेयैः - 'રામ'નામ વિનાના दैवतैः - દેવોનું नः - અમને अलम् - પ્રયોજન નથી.

વીરાસનમાં નહીં બેઠેલા, ચિન્મુદ્રાથી નહિ શોભતા, હનુમાન વગેરે ભક્તોને તત્ત્વનો બોધ નહીં આપતા, મન્દારવૃક્ષના મૂળમાં ન હોય તેવા, મંદારમાળા વિનાના દેવોનું અમને (કોઈ) પ્રયોજન નથી. (૨૪)

असिन्धुप्रकोपैरवन्द्यप्रतापै-
रबन्धुप्रयाणैरमन्दस्मिताढ्यैः ।
अदण्डप्रवासैरखण्डप्रबोधै-
ररामाभिधेयैरलं दैवतैर्नः ॥ २५ ॥

असिन्धुप्रकोपैः - જેમાં સાગર પર અતિશય ક્રોધ કરી રહેલા આપનો ઉલ્લેખ ન હોય, अवन्द्यप्रतापैः - આપના પ્રતાપની વંદના ન હોય, अबन्धुप्रयाणैः - બન્ધુ (લક્ષ્મણ) સાથેનાં આપનાં (વન)પ્રયાણનો ઉલ્લેખ ન હોય, अमन्दस्मिताढ्यैः - મન્દ સ્મિતથી શોભતા આપનો ઉલ્લેખ ન હોય अदण्डप्रवासैः - દંડકારણ્યમાં આપના પ્રવાસનો ઉલ્લેખ ન હોય, अखण्ड-प्रबोधैः - આપનાં જ્ઞાનદાનનો ઉલ્લેખ ન હોય અને अरामाभिधेयैः - 'રામ' નામનો ઉલ્લેખ ન હોય, એવા दैवतैः - દેવોનું नः - અમને अलम् - પ્રયોજન નથી.

સાગર ઉપર અતિશય કોપ નહીં કરનારા, પ્રતાપની વંદના ન હોય તેવા, સાથમાં (લક્ષ્મણરૂપી) બંધુના પ્રયાણ વિનાના, મંદ સ્મિતથી શોભતા ન હોય તેવા, દંડકારણ્યમાં પ્રવાસ ન હોય તેવા, જ્ઞાનના દાનનો ઉલ્લેખ ન હોય તેવા 'રામ'ના નામ વિનાના દેવોનું અમને (કોઈ) પ્રયોજન નથી. (૨૫)

हरे राम सीतापते रावणारे
खरारे मुरारेऽसुरारे परेति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लपन्तं नयन्तं सदा कालमेवं
समालोकयालोकयाशेषबन्धो ॥ २६ ॥

(हे) अशेषबन्धो - હે સર્વના બંધુ (શ્રી રામ) ! हरे - હે હરિ ! राम, - હે રામ ! सीतापते - હે સીતાપતિ ! रावणारे - હે રાવણના શત્રુ ! खरारे - હે ખરના શત્રુ ! मुरारे - હે મુરારિ (મુરના શત્રુ) ! असुरारे - હે અસુરોના શત્રુ ! पर - હે પરમાત્મા ! इति - આમ (આપનાં નામોનો) लपन्तं - જપ કરતા અને एवं - એ રીતે सदा कालं - સદાયે કાલ नयन्तं - વીતાવતા समालोकय - (મારી) સામે બરાબર જૂઓ आलोकय - જૂઓ.

હે સર્વકોઈના બન્ધુ (શ્રી રામ) ! હરિ ! રામ ! સીતાપતિ ! રાવણના શત્રુ ! ખરના શત્રુ ! મુરારિ (મુરના શત્રુ) ! અસુરોના શત્રુ ! અને પરમાત્મા ! - એવાં આપનાં નામોનો જપ કરતાં કરતાં એ જ રીતે, કાળને વીતાવતાં મારી સામે આપ બરાબર જુઓ, જુઓ ! (૨૬)

नमस्ते सुमित्रासुपुत्राभिवन्द्य
नमस्ते सदा कैकयीनन्दनेड्य ।
नमस्ते सदा वानराधीशवन्द्य
नमस्ते नमस्ते सदा रामचन्द्र ॥ २७ ॥

सुमित्रा-सुपुत्र-अभिवन्द्य - સુમિત્રાના સુપુત્ર લક્ષ્મણથી વંદન કરાતા તે - આપને नमः - નમસ્કાર છે ! सदा - સદાયે कैक्यी-नन्दन-ईड्य - કૈકેયીના પુત્ર ભરતથી પૂજાતા તે - આપને नमः - નમસ્કાર છે ! सदा - હંમેશાં वानराधीश-वन्द्य - વાનરરાજ(સુગ્રીવ)થી વંદન કરાતા તે - આપને नमः - નમસ્કાર છે ! रामचन्द्र - હે રામચંદ્ર ! नमस्ते नमस्ते - આપને નમસ્કાર, નમસ્કાર !

સુમિત્રાના સુપુત્ર લક્ષ્મણથી વંદન કરાતા આપને નમસ્કાર છે ! કૈકેયીપુત્ર ભરતથી સદા પૂજાતા આપને નમન છે ! હંમેશાં વાનરરાજ વડે વંદન કરાતા આપને નમસ્કાર છે ! હે રામચંદ્ર ! આપને નમસ્કાર છે નમસ્કાર છે ! (૨૭)

प्रसीद प्रसीद प्रचण्डप्रताप
प्रसीद प्रसीद प्रचण्डारिकाल ।
प्रसीद प्रसीद प्रपन्नानुकम्पिन्
प्रसीद प्रसीद प्रभो रामचन्द्र ॥ २८ ॥

प्रचण्डप्रताप - હે પ્રચંડ પ્રતાપી, प्रसीद प्रसीद - પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! प्रचण्डारिकाल - હે શત્રુઓના પ્રચંડ કાળ, प्रसीद प्रसीद - પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! प्रपन्नानुकम्पिन् - શરણે આવેલા પ્રત્યે અનુકંપા દર્શાવનાર (હે રામ) ! प्रसीद प्रसीद - પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! हे प्रभो रामचन्द्र ! - હે પ્રભુ રામચન્દ્ર प्रसीद प्रसीद - પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ !

હે પ્રચંડ પ્રતાપશીલ (પ્રભુ) ! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! હે શત્રુઓ માટે પ્રચંડ કાળરૂપ ! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! હે શરણે આવેલા પ્રત્યે અનુકંપા દર્શાવનાર ! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! હે પ્રભુ ! હે રામચન્દ્ર ! પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ ! (૨૮)

भुजङ्गप्रयातं परं वेदसारं
मुदा रामचन्द्रस्य भक्त्या च नित्यम् ।
पठन्सन्ततं चिन्तयन्स्वान्तरङ्गे
स एव स्वयं रामचन्द्रः स धन्यः ॥ २९ ॥

परं वेदसारं - વેદોના પરમ સારરૂપ એવાં रामचन्द्रस्य - રામચન્દ્રના भुजङ्गप्रयातं - આ 'ભુજંગપ્રયાત' સ્તોત્રનો (જે) मुदा - આનંદથી च - અને भक्त्या - ભક્તિપૂર્વક नित्यं - નિત્ય पठन् - પાઠ કરે છે, અને स्वान्तरङ्गे - પોતાનાં અંતઃકરણમાં सततं - સતત चिन्तयन् - તેનું ચિંતન કરે છે सः - તે स्वयं एव - પોતે જ रामचन्द्रः - રામચન્દ્ર-રૂપ છે. सः - તે धन्यः - ધન્ય છે.

વેદોના પરમસાર-રૂપ એવા, આ રામચન્દ્રના 'ભુજંગપ્રયાત' સ્તોત્રનો જે આનંદ અને ભક્તિથી નિત્ય પાઠ કરે છે અને પોતાનાં અંતઃકરણમાં તેનું ચિંતન કરે છે, તે પોતે જ રામચન્દ્રરૂપ બને છે. તે ધન્ય છે. (૨૯)

इति श्रीमतपरमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीरामभुजङ्गप्रयातस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીરામભુજંગપ્રયાતસ્તોત્રમ્'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ मोहमुद्गरः ॥

भज गोविन्दं भज गोविन्दं
भज गोविन्दं मूढमते ।
संप्राप्ते संनिहिते काले
न हि न हि रक्षति डुकृञ्करणे ॥ १ ॥

मूढमते - હે મૂઢ મતિવાળા ! હે મૂર્ખ બુદ્ધિવાળા મનુષ્ય ! गोविन्दम् - ગોવિંદનું, भज - ભજન કર, गोविन्दम्- ગોવિંદનું भज - ભજન કર, काले - મૃત્યુકાળ, संनिहिते - અત્યંત નજીક, संप्राप्ते - આવશે ત્યારે, डुकृञ् करणे - कृ-ધાતુ કરણના અર્થમાં છે, એવી ગોખણપટ્ટી, नहि नहि रक्षति - (તારું) રક્ષણ નહિ કરે, નહિ કરે.

હે મૂઢ મતિવાળા ! ગોવિંદનું ભજન કર, ગોવિંદનું ભજન કર. મૃત્યુકાળ અત્યંત નજીક આવશે, ત્યારે कृ-ધાતુ કરણના અર્થમાં છે, એવી ગોખણપટ્ટી તારું રક્ષણ નહિ કરે, નહિ કરે. (૧)

मूढ जहीहि धनागमतृष्णां
कुरु सद्बुद्धिं मनसि वितृष्णाम् ।
यल्लभसे निजकर्मोपात्तं
वित्तं तेन विनोदय चित्तम् ॥ २ ॥

मूढ - હે મૂઢ ! धन-आगम-तृष्णाम् - ધન પ્રાપ્ત થવાની લાલસાને, जहीहि - ત્યજી દહે, मनसि - મનમાં, वितृष्णाम् - લાલચ વિનાની, सद्बुद्धिम् - સદ્બુદ્ધિ, कुरु - કર, यद् - જે, निज-कर्म-उपात्तम् - પોતાનાં કર્મોથી પ્રાપ્ત થયેલ, वित्तम् - ધન लभसे - તું મેળવે, तेन - તેનાથી, चित्तम् - તારાં ચિત્તને विनोदय - આનંદ આપ.

હે મૂઢ ! ધન આવવાની-પ્રાપ્ત કરવાની લાલસા ત્યજી દે. મનમાં લાલચ વિનાની સદ્બુદ્ધિ કર. જે પોતાનાં કર્મોથી પ્રાપ્ત થયેલ ધન તું મેળવે, તેનાથી તારાં ચિત્તને આનંદ આપ. (૨)

नारीस्तनभरनाभीदेशं
दृष्ट्वा मा गा मोहावेशम् ।
एतन्मांसवसादिविकारं
मनसि विचिन्तय वारं वारम् ॥ ३ ॥

नारी-स्तन-भर-नाभी-देशम् - સ્ત્રીનાં સ્તનોથી ભરેલા નાભિદેશને, दृष्ट्वा - જોઈને, मोहवशम् - મોહને વશ, मा गाः - થઈશ નહિ, एतत् - આ मांस-वसादि-विकारम् - આ માંસ અને ચરબીનો વિકાર છે, એમ, मनसि - મનમાં, वारम् वारम् - વારંવાર, विचिन्तय - સારી રીતે વિચારજે.

તું સ્ત્રીનાં સ્તનોથી ભરેલા નાભિદેશને જોઈને મોહને વશ થઈશ નહિ. આ માંસ અને ચરબીનો વિકાર છે, એમ મનમાં વારંવાર સારી રીતે વિચારજે.

नलिनीदलगतजलमतितरलं
तद्वज्जीवितमतिशयचपलम् ।
विद्धि व्याध्यभिमानग्रस्तं
लोकं शोकहतं च समस्तम् ॥ ४ ॥

नलिनी-दल-गत-जलम् - કમલિનીનાં પાન ઉપર રહેલું જળ, अति-तरलम् - અત્યંત ચંચળ છે, तद् वत् - તેની જેમ, जीवितम् - જીવન, अतिशय-चपलम् - અત્યંત ચંચળ છે, નાશવંત છે, समस्तम् - સઘળા, સંપૂર્ણ, लोकम् - સંસારને, સઘળા લોકોને, व्याधि-अभिमान-ग्रस्तम् - રોગ અને અભિમાનથી ગ્રસ્ત च અને, शोकहतम् - શોકથી મરેલો, હણાયેલો विद्धि - જાણજે.

કમલિનીનાં પાન ઉપર રહેલું જળ અત્યંત ચંચળ છે, તેમ (માનવીનું) જીવન અત્યંત નાશવંત છે. સંપૂર્ણ સંસારને રોગ અને અભિમાનથી ગ્રસ્ત અને શોકથી હણાયેલો તું જાણજે. (૪)

यावद्वित्तोपार्जनसक्त-
स्तावन्निजपरिवारो सक्तः ।
पश्चाज्जीवति जर्जरदेहे
वार्त्तां कोऽपि न पृच्छति गेहे ॥ ५ ॥

यावत् - જ્યાં સુધી (માણસ), वित्त-उपार्जन-सक्तः - ધન કમાવામાં લાગેલો છે, तावत् - ત્યાં સુધી, निजपरिवारः - તેનો પોતાનો પરિવાર, सक्तः - તેનામાં પ્રેમ રાખે છે, पश्चात् - પછી, जर्जरदेहे - ઘરડા થયેલા, જર્જરિત થયેલા દેહથી, जीवति - જીવે છે ત્યારે, गेहे - ઘરમાં कः - કોઈ, वार्ताम् - ખબર-અંતર (પણ), अपिः - પણ, न पृच्छति - પૂછતું નથી.

જ્યાં સુધી (માણસ) ધન કમાવામાં લાગેલો છે, ત્યાં સુધી તેનો પોતાનો પરિવાર તેનામાં પ્રેમ રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી, જર્જરિત થયેલા દેહથી જીવે છે ત્યારે, ઘરમાં કોઈ ખબર-અંતર પણ પૂછતું નથી ! (૫)

यावत्पवनो निवसति देहे
तावत्पृच्छति कुशलं गेहे ।
गतवति वायौ देहापाये
भार्या बिभ्यति तस्मिन्काये ॥ ६ ॥

यावत् - જ્યાં સુધી, देहे - દેહમાં, શરીરમાં, पवनः - વાયુ, પ્રાણ, निवसति - રહે છે, तावत् - ત્યાં સુધી, गेहे - ઘરમાં, कुशलं - કુશળ, પ્રશ્ન, पृच्छति - પૂછે છે, वायौ - જ્યારે વાયુ, गतवति - ચાલ્યો જાય, देहापाये - દેહ પડી જાય ત્યારે तस्मिन् - તે, काये - શરીરમાં-શરીર જોઈને, भार्या बिभ्यति - (તેની જ) પત્ની (પણ) ડર પામે છે !

જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે છે, ત્યાં સુધી ઘરમાં (સહુ) કુશળ પ્રશ્ન પૂછે છે. જ્યારે વાયુ ચાલ્યો જાય છે અને દેહ પડી જાય છે, ત્યારે તે શરીર જોઈને તેની પત્ની (પણ) ડર પામે છે ! (૬)

बालस्तावत्क्रीडासक्त-
स्तरुणस्तावत्तरुणीसक्तः ।
वृद्धस्तावच्चिन्तासक्तः
परे ब्रह्मणि कोऽपि न सक्तः ॥ ७ ॥

बालः - (માણસ) બાળક, तावत् - હોય ત્યાં સુધી क्रीडासक्तः - રમવામાં લાગેલો હોય છે, तरुणः - યુવાન, तावत् - હોય ત્યાં સુધી, तरुणी-सक्तः - યુવતીમાં આસક્ત રહે છે, वृद्धः - ઘરડો, तावत् - હોય ત્યારે, चिन्तासक्तः - ચિંતામાં ડૂબેલો રહે છે, कः अपि - કોઈ પણ (માણસ), परे ब्रह्मणि - પરબ્રહ્મમાં, न सक्तः - લાગલો-લીન હોતો નથી.

માણસ બાળક હોય, ત્યારે રમતમાં લાગેલો હોય છે. યુવાન હોય, ત્યાં સુધી યુવતીમાં આસક્ત રહે છે. ઘરડો હોય, ત્યારે ચિંતામાં ડૂબેલો રહે છેઃ કોઈ પણ (માણસ) પરબ્રહ્મમાં લીન હોતો નથી. (૭)

का ते कान्ता कस्ते पुत्रः
संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं कः कुत आयात-
स्तत्त्वं चिन्तय यदिदं भ्रान्तः ॥ ८ ॥

ते - તારી, कान्ता - વહાલી પત્ની, को - કોણ છે ? ते - તારો, पुत्रः - દીકરો, कः - કોણ છે ? अयम् - આ, संसारः - સંસાર, अतीव - અત્યંત, विचित्रः - વિચિત્ર છે, त्वम् - તું, कस्य - કોનો છે ? कुतः - ક્યાંથી, आयातः - આવ્યો છું, यद् - જેથી, इदम् - આ, भ्रान्तिः - ભ્રમણામાં પડેલ એવો તું, तत्त्वम् - તત્ત્વ છે, તેનું, चिन्तय - ચિંતન કર.

તારી વહાલી પત્ની કોણ છે ? તારો દીકરો કોણ છે ? આ સંસાર અત્યંત વિચિત્ર છે. તું કોનો છે ? ક્યાંથી આવ્યો છું ? જેથી આ ભ્રમણામાં પડેલો એવો તું તત્ત્વનું ચિંતન કર. (૮)

सत्सङ्गत्वे निःसङ्गत्वं
निःसङ्गत्वे निर्मोहत्वम् ।
निर्मोहत्वे निश्चलितत्वं
निश्चलितत्वे जीवन्मुक्तिः ॥ ९ ॥

सत्सङ्गत्वे - જ્યારે સત્સંગ થાય ત્યારે, निःसङ्गत्वम् - સંગરહિત થવાય, निःसङ्गत्वे - સંગરહિત થવાય ત્યારે, निर्मोहत्वम् - મોહ વિનાના થવાય, निर्मोहत्वे - મોહરહિત થવાય ત્યારે, निश्चलितत्वम् - નિશ્ચલ-સ્થિર એવું (બ્રહ્મ) તત્ત્વ પ્રાપ્ત થાય અને निश्चलित्वे - સ્થિર તત્ત્વ પ્રાપ્ત થાય ત્યારે जीवन्मुक्तिः - જીવન્મુક્તિ મળે.

જ્યારે સત્સંગ થાય, ત્યારે સંગરહિત થવાય; સંગરહિત થવાય, ત્યારે મોહ વિનાના થવાય; મોહરહિત થવાય, ત્યારે સ્થિર તત્ત્વ પ્રાપ્ત થાય અને સ્થિર તત્ત્વ પ્રાપ્ત થાય, ત્યારે જીવન્મુક્તિ મળે. (૯)

वयसि गते कः कामविकारः
शुष्के नीरे कः कासारः ।
क्षीणे वित्ते कः परिवारो
ज्ञाते तत्त्वे कः संसारः ॥ १० ॥

वयसि - ઉંમર, गते - ચાલી જાય પછી, कामविकारः - કામનો વિકાર, कः - કેવો ? नीरे शुष्के - પાણી સૂકાઈ જાય પછી, कः कासारः - તળાવ કેવું ? તળાવ ક્યાંથી રહે ? वित्ते क्षीणे - ધન ક્ષીણ થઈ જાય, ઓછું થઈ જાય, ઘસાઈ જાય ત્યારે कः परिवारः - પરિવાર કેવો ? तत्त्वे - પરમ તત્ત્વ ज्ञाते - જ્યારે જાણી લેવાય પછી, कः संसारः - સંસાર કેવો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંમર ચાલી જાય, પછી કામનો વિકાર કેવો ? પાણી સૂકાઈ જાય, પછી તળાવ કેવું ? ધન ક્ષીણ થઈ જાય, પછી પરિવાર કેવો ? પરમતત્ત્વ જાણી લેવાય, પછી સંસાર કેવો ? (૧૦)

मा कुरु धनजनयौवनगर्वं
हरति निमेषात्कालः सर्वम् ।
मायामयमिदमखिलं हित्वा
ब्रह्मपदं त्वं प्रविश विदित्वा ॥ ११ ॥

धन-जन-यौवन-गर्वम् - ધન, માણસ કે યુવાનીનું અભિમાન, मा कुरु - કરીશ નહિ, कालः - કાળ, निमेषात् - આંખના પલકારામાં, सर्वम् - બધું જ, हरति - હરી લે છે, माया-मयम् - માયામય, इदम् - આ, अखिलम् - સઘળું, हित्वा - ત્યજીને, ब्रह्मपदम् - બ્રહ્મના સ્થાનને, विदित्वा - જાણીને, त्वम् - તું, प्रविश - પ્રવેશ કર.

ધન, માણસ કે યુવાનીનું અભિમાન કરીશ નહિ. કાળ આંખના પલકારામાં બધું જ હરી લે છે. માયામય આ સઘળું ત્યજીને, બ્રહ્મ-સ્થાનને જાણીને તું તેમાં પ્રવેશ કર. (૧૧)

दिनयामिन्यौ सायं प्रातः
शिशिरवसन्तौ पुनरायातः ।
कालः क्रीडति गच्छत्यायु-
स्तदपि न मुञ्चत्याशावायुः ॥ १२ ॥

दिन-यामिन्यौ - દિવસ અને રાત, सायम् - સાંજ, प्रातः - સવાર, शिशिर-वसन्तौ - શિશિરઋતુ અને વસંતઋતુ, पुनः - ફરી, आयातः - આવે છે, कालः - કાળ, क्रीडति - રમત રમે છે, आयुः - આયુષ્ય, गच्छति - ચાલ્યું જાય છે, तद् - તો, अपि - પણ (મનુષ્ય) आशावायुः - આશાનો વાયુ, न मुञ्चति - છોડતો નથી.

દિવસ અને રાત, સવાર અને સાંજ, શિશિર અને વસંત (જાય છે અને) ફરી આવે છે, કાળ રમત રમે છે, આયુષ્ય ચાલ્યું જાય છે, તો પણ (મનુષ્ય) આશાનો વાયુ છોડતો નથી. (૧૨)

का ते कान्ताधनगतचिन्ता
वातुल किं तव नास्ति नियन्ता ।
त्रिजगति सज्जनसंगतिरेका
भवति भवार्णवतरणे नौका ॥ १३ ॥

ते - તારી, कान्ता-धन-गत-चिन्ता - પત્ની કે ધન માટેની ચિંતા, का - કેવી ? वातुल - હે વાયડા, किम् - શું, तव - તારો કોઈ, नियन्ता - નિયામક, न अस्ति - નથી, त्रिजगति - ત્રણે લોકમાં, एका - એકલી, सज्जनसंगतिः - સજ્જનની સંગતિ, भव-अर्णव-तरणे - સંસાર-સાગર તરવા માટે, नौका - વહાણ, भवति - બને છે.

હે વાયડા ! તારી પત્ની કે ધન માટેની ચિંતા કેવી ? શું તારો કોઈ નિયામક નથી ? ત્રણે લોકમાં એકલી સજ્જનની સંગતિ સંસાર-સાગર તરવા માટે વહાણ બને છે. (૧૩)

जटिली मुण्डी लुञ्चितकेशः
काषायाम्बरबहुकृतवेषः ।
पश्यन्नपि च न पश्यति मूढो
ह्युदरनिमित्तं बहुकृतवेषः ॥ १४ ॥

जटिली - જટાવાળો, मुण्डी - માથું મુંડાવેલો, लुञ्चित-केशः - વાળનો લોચ કરનારો, ખેંચી કાઢનારો, काषाय-अम्बर-बहु-कृत-वेषः - ભગવાં વસ્ત્રોથી અનેક જાતનો વેષ રચનારો, मूढः - મૂર્ખ માણસ, पश्यन् - જોતો, अपि - છતાં પણ, न पश्यति - જોતો નથી, हि - કારણ કે, उदर-निमित्तम् - પેટ ભરવા માટે, बहुकृतवेषः - તેણે અનેક જાતના વેષ ધારણ કર્યા છે.

જટાવાળો, માથું મુંડાવેલો, વાળનો લોચ કરનારો, ભગવાં વસ્ત્રોથી અનેક જાતનો વેષ રચનારો મૂર્ખ માણસ જોતો હોવા છતાં જોતો નથી, કારણ કે પેટ ભરવા માટે તેણે અનેક જાતના વેષ ધારણ કર્યા છે. (૧૪)

अङ्गं गलितं पलितं मुण्डं
दशनविहीनं जातं तुण्डम् ।
वृद्धो याति गृहीत्वा दण्डं
तदपि न मुञ्चत्याशापिण्डम् ॥ १५ ॥

अङ्गम् - અંગ, गलितम् - ગળી ગયું, मुण्डम् - માથે, पलितम् - પળિયાં આવ્યાં, માથું ધોળું થઈ ગયું, तुण्डम् - મુખ, दशनविहीनम् - દાંત વિનાનું, जातम् - થઈ ગયું, वृद्धः - ઘરડો માણસ, दण्डम् - લાકડી, गृहीत्वा - લઈને, याति - જાય છે, ચાલે છે, तद् - તો, अपि - પણ, आशापिण्डम् - આશાનો પિંડ, न मुञ्चति - છોડતો નથી.

અંગ ગળી ગયું, માથે પળિયાં આવ્યાં, મુખ દાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનાનું થયું, ઘરડો માણસ લાકડી લઈને ચાલે છે, તો પણ આશાનો પિંડ છોડતો નથી. (૧૫)

अग्रे वह्निः पृष्ठे भानू
रात्रौ चुबुकसमर्पितजानुः ।
करतलभिक्षस्तरुतलवास-
स्तदपि न मुञ्चत्याशापाशः ॥ १६ ॥

अग्रे - આગળ, वह्निः - અગ્નિ, पृष्ठे - પાછળ, भानुः - સૂર્ય, रात्रौ - રાત્રે, चुबुक-समर्पित-जानुः - ઘૂંટણ દાઢીએ અડકાડીને સૂઈ જવું, ટૂંટિયું વાળીને સૂવું, करतलभिक्षः - હથેળીમાં ભિક્ષા માગી ખાવું, तरुतलवासः - ઝાડ નીચે રહેવું, तद् - તો, अपि - પણ, आशापाशः - આશાનો પાશ, આશાનું બંધન, न मुञ्चति - (માણસ) છોડતો નથી.

આગળ અગ્નિ, પાછળ સૂર્ય, રાત્રે ટૂંટિયું વાળીને સૂવું, હથેળીમાં ભિક્ષા (માગી ખાવું) ઝાડ નીચે રહેવું, તો પણ આશાનું બંધન (માણસ) છોડતો નથી. (૧૬)

कुरुते गङ्गासागरगमनं
व्रतपरिपालनमथवा दानम् ।
ज्ञानविहीनः सर्वमतेन
मुक्तिं न भजति जन्मशतेन ॥ १७ ॥

गङ्गासागरगमनम् - ગંગા-સાગર-ગમન (જવું), व्रत-परिपालनम् - વ્રતનું પાલન, અથવા दानम् कुरुते - દાન કરે છે, सर्व-मतेन - દરેક મત અનુસાર, ज्ञान-विहीनः - જ્ઞાન વિનાનો માણસ, जन्मशतेन - સો જન્મે (પણ), मुक्तिं - મોક્ષ न भजति - મેળવતો નથી.

(માણસ) ગંગાસાગર-ગમન, વ્રતનું પરિપાલન અથવા દાન કરે છે, (પરંતુ) દરેક મત અનુસાર, જ્ઞાન વિનાનો (માણસ) સો જન્મે પણ મોક્ષ મેળવતો નથી. (૧૭)

सुरमन्दिरतरुमूलनिवासः
शय्या भूतलमजिनं वासः ।
सर्वपरिग्रहभोगत्यागः
कस्य सुखं न करोति विरागः ॥ १८ ॥

सुर-मन्दिर-तरु-मूल-निवासः - દેવોનાં મંદિરનાં ઝાડની નીચે રહેવું, भूतलम् - પૃથ્વી તલ, જમીન शय्या - પથારી કરવી, अजिनम् - મૃગચર્મ, वासः - પહેરવાનું વસ્ત્ર, सर्व-परिग्रह-भोग-त्यागः - સઘળા પરિગ્રહ (સ્વીકારવું) અને ભોગોનો ત્યાગ (આવો), विरागः - વૈરાગ્ય, कस्य - કોને, सुखम् - સુખી, न करोति - નથી કરતો (અર્થાત્ સહુને સુખી કરે છે !)

દેવનાં મંદિરનાં ઝાડની નીચે સૂઈ રહેવું, જમીન પર પથારી કરવી, મૃગચર્મનું વસ્ત્ર પહેરવું, સઘળા પરિગ્રહ અને ભોગોનો ત્યાગ કરવોઃ (આવો) વૈરાગ્ય કોને સુખી નથી કરતો ? (અર્થાત્ સહુને સુખી કરે છે.) (૧૮)

योगरतो वा भोगरतो वा
संगरतो वा संगविहीनः ।
यस्य ब्रह्मणि रमते चित्तं
नन्दति नन्दति नन्दत्येव ॥ १९ ॥

योगरतः - યોગમાં રત હોય, પ્રેમવાળો હોય, वा - અથવા, भोगरतः - ભોગ ભોગવવામાં લાગેલો હોય, संगरतः - સંગમાં રત હોય, वा - અથવા, संगविहीनः - સંગરહિત હોય, यस्य - જે(માણસ)નું, चित्तम् - ચિત્ત, મન, ब्रह्मणि - પરબ્રહ્મમાં, रमते - રમણ કરતું હોય, नन्दति - તે આનંદ પામે છે, नन्दति - આનંદ પામે છે, एव - ચોક્કસ, नन्दति - આનંદ જ પામે છે.

યોગમાં પ્રેમવાળો હોય કે ભોગ ભોગવવામાં લાગેલો હોય, સંગમાં રત હોય અથવા સંગરહિત હોય, જે(માણસ)નું મન પરબ્રહ્મમાં રમણ કરતું હોય, તે આનંદ પામે છે, આનંદ પામે છે અને ચોક્કસ આનંદ (જ) પામે છે. (૧૯)

भगवद्गीता किंचिदधीता
गङ्गाजललवकणिका पीता ।
सकृदपि येन मुरारिसमर्चा
क्रियते तस्य यमेन न चर्चा ॥ २० ॥

येन - જેણે, જેના વડે, भगवद्गीता - ભગવદ્ગીતાનું किञ्चित् - કાંઈક, થોડુંઘણું, अधीता - અધ્યયન કર્યું હોય, गङ्गा-जल-लव-कणिका - ગંગાજળનાં એકાદ બિન્દુનું, पीता - પાન કર્યું હોય, सकृद् - એક વાર अपि - પણ, येन - જેણે, मुरारि-समर्चा - મુરારિની-ભગવાન કૃષ્ણની સારી રીતે પૂજા, क्रियते - કરી હોય, तस्य - તેની, यमेन - યમદેવ વડે, चर्चा - ચર્ચા (પણ) न क्रियते - થઈ શકતી નથી.

જેણે ભગવદ્ગીતાનું કાંઈક (થોડું ઘણું પણ) અધ્યયન કર્યું હોય, ગંગાજળનાં એકાદ બિંદુનું પાન કર્યું હોય, એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર પણ જેણે ભગવાન કૃષ્ણની સારી રીતે પૂજા કરી હોય, તેની યમદેવ વડે ચર્ચા (પણ) થઈ શકતી નથી. (૨૦)

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननीजठरे शयनम् ।
इह संसारे बहुदुस्तारे
कृपयापारे पाहि मुरारे ॥ २१ ॥

पुनः - વારંવાર, अपि - પણ, जननम् - જન્મ લેવાનો, पुनः - ફરીથી, વારંવાર, अपि - પણ મરણ પામવાનું, पुनः - ફરીથી, વારંવાર, अपि - પણ, जननीजठरे - માતાનાં ઉદરમાં, शयनम् - સૂવાનું, इह - આ, बहुदुस्तारे - બહુ મહેનતથી પણ જલદી તરી ન શકાય તેવા, अपारे - અપાર, પામી ન શકાય તેવા, संसारे - સંસારમાં, मुरारे - હે ભગવાન મુરારિ ! कृपया - કૃપા કરી, पाहि - અમારો ઉદ્ધાર કરો.

ફરી ફરીને પણ જન્મ લેવાનો, વારંવાર મરણ પામવાનું, ફરીથી પણ માતાનાં ઉદરમાં સૂવાનું, અહીં બહુ મહેનતથી પણ જલદી ન તરી શકાય તેવા આ અપાર સંસારમાં હે મુરારિ ! કૃપા કરી અમારો ઉદ્ધાર કરો. (૨૧)

रथ्याकर्पटविरचितकन्थः
पुण्यापुण्यविवर्जितपन्थः ।
योगी योगनियोजितचित्तो
रमते बालोन्मत्तवदेव ॥ २२ ॥

रथ्या-कर्पट-विरचित-कन्थः - રસ્તામાં પડેલા ચીંથરાથી રચેલી કંથા(ગોદડી)વાળો, पुण्य-अपुण्य-विवर्जित-पन्थः - પુણ્ય કે પાપ વિનાના માર્ગવાળો, योग-नियोजित-चित्तः - યોગમાં જોડેલા ચિત્તવાળો, योगीः - યોગી, बाल-उन्मत्त-वत् - બાળક અને ગાંડાની જેમ, रमते - રમણ કરે છે, આનંદ કરે છે, एव - જ.

રસ્તામાં પડેલા ચીંથરાથી રચેલી કંથાવાળો, પુણ્ય કે પાપ વિનાના માર્ગવાળો, યોગમાં જોડેલા ચિત્તવાળો યોગી બાળક કે ગાંડાની જેમ રમણ કરે છે જ. (૨૨)

कस्त्वं कोऽहं कुत आयातः
का मे जननी को मे तातः ।
इति परिभावय सर्वमसारं
विश्वं त्यक्त्वा स्वप्नविचारम् ॥ २३ ॥

त्वम् - તું, कः - કોણ, अहम् - હું, कः - કોણ, कुतः - ક્યાંથી, आयातः - આવ્યો છું, मे - મારી, जननी - માતા, का - કોણ છે, मे - મારા, तातः - પિતા, कः - કોણ છે, इति - એમ, स्वप्न-विचारम् - સ્વપ્નના જેવો, विश्वम् - સંસાર, त्यक्त्वा - ત્યજીને, सर्वम् - બધું, असारम् - સારરહિત છે, इति - એમ, परिभावय - વિચાર.

તું કોણ ? હું કોણ ? ક્યાંથી આવ્યો છું ? મારી માતા કોણ છે ? મારા પિતા કોણ છે ? સ્વપ્ન જેવા સંસારને ત્યજીને આ બધું અસાર છે, એમ વિચાર. (૨૩)

त्वयि मयि चान्यत्रैको विष्णु-
र्व्यर्थं कुप्यसि मय्यसहिष्णुः ।
सर्वस्मिन्नपि पश्यात्मानं
सर्वत्रोत्सृज भेदाज्ञानम् ॥ २४ ॥

त्वयि - તારામાં, च - અને, मयि - મારામાં, अन्यत्र - બીજે (પણ), एकः - એક જ, विष्णुः - વિષ્ણુ ભગવાન (રહેલા છે), असहिष्णुः - અસહિષ્ણુ-સહન નહિ કરનારો એવો તું, मयि - મારી ઉપર, व्यर्थम् - નકામો, कुप्यसि - ગુસ્સે થાય છે, सर्वस्मिन् - બધામાં, अपि - પણ, आत्मानम् - પોતાની જાતને, पश्य - તું જો, सर्वत्र - બધે, भेद-अज्ञानम् - ભેદથી જન્મતા અજ્ઞાનનો, उत्सृज - ત્યાગ કર, છોડી દે.

તારામાં અને મારામાં તથા બીજે (પણ) એક જ ભગવાન વિષ્ણુ છે. અસહિષ્ણુ એવો તું, મારી ઉપર નકામો ગુસ્સે થાય છે. બધામાં પણ પોતાની જાતને તું જો. બધે ભેદથી જન્મતા અજ્ઞાનનો ત્યાગ કર. (૨૪)

शत्रौ मित्रे पुत्रे बन्धौ
मा कुरु यत्नं विग्रहसन्धौ ।
भव समचित्तः सर्वत्र त्वं
वाञ्छस्यचिराद्यदि विष्णुत्वम् ॥ २५ ॥

यदि - જો, इदम् - તું, अचिरात् - વિના વિલંબે, विष्णुत्वम् - વિષ્ણુત્વ, વિષ્ણુ હોવાપણું, वाञ्छसि - ઈચ્છતો હોય તો, शत्रौ - શત્રુમાં, मित्रे - મિત્રમાં, पुत्रे - પુત્રમાં, बन्धौ - બંધુમાં, विग्रहसन्धौ - યુદ્ધમાં કે સંધિમાં, यत्नम् - પ્રયત્ન, मा कुरु - કરીશ નહિ, सर्वत्र - બધે, समचित्तः - સમાન ચિત્તવાળો, એકસરખી વૃત્તિવાળો, भव - બનજે, થજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તું વિના વિલંબે વિષ્ણુત્વ ઈચ્છતો હોય, તો શત્રુમાં, મિત્રમાં, પુત્રમાં, બંધુમાં, યુદ્ધમાં કે સંધિમાં કોઈ પ્રયત્ન કરીશ નહિ, બધે સમાન ચિત્તવાળો બનજે. (૨૫)

कामं क्रोधं लोभं मोहं
त्यक्त्वात्मानं भावय कोऽहम् ।
आत्मज्ञानविहीना मूढा-
स्ते पच्यन्ते नरकनिगूढाः ॥ २६ ॥

कामम् - કામ, क्रोधम् - ક્રોધ, लोभम् - લોભ, मोहम् - મોહ, त्यक्त्वा - ત્યજીને, છોડી દઈને, अहम् - હું, कः - કોણ છું ? એમ, आत्मानम् - આત્મા વિશે, भावय - ભાવના કર, વિચાર કર, (યે-જે), आत्म-ज्ञान-विहीनाः - આત્મજ્ઞાન વિનાના, मूढाः - મૂઢ લોકો (છે), ते - તેઓ, नरकनिगूढाः - નરકમાં ડૂબેલા, पच्यन्ते - રંધાય છે.

કામ, ક્રોધ, લોભ, મોહ ત્યજીને 'હું કોણ છું' એમ આત્મા વિશે ભાવના કર, વિચાર કર(જે), આત્મજ્ઞાન વિનાના મૂઢ લોકો (છે), તેઓ નરકમાં ડૂબેલા રંધાય છે. (૨૬)

गेयं गीतानामसहस्रं
ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसङ्गे चित्तं
देयं दीनजनाय च वित्तम् ॥ २७ ॥

गीता-नामसहस्रम् - શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને શ્રીવિષ્ણુ, સહસ્રનામ गेयम् - ગાવાં જોઈએ, પાઠ કરવો જોઈએ, अजस्रम् - વારંવાર, श्रीपति-रूपम् - શ્રી એટલે લક્ષ્મીના પતિ વિષ્ણુના રૂપનું, ध्येयम् - ધ્યાન ધરવું જોઈએ, सज्जन-सङ्गे - સજ્જનના સંગમાં, चित्तम् - ચિત્તને, नेयम् - દોરી જવું જોઈએ, च - અને दीनजनाय - દીનજનને, वित्तम् - ધન, देयम् - આપવું જોઈએ.

'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' અને 'શ્રીવિષ્ણુસહસ્રનામ'નો પાઠ કરવો જોઈએ. વારંવાર વિષ્ણુનાં રૂપનું ધ્યાન ધરવું જોઈએ. સજ્જનના સંગમાં ચિત્તને દોરવું જોઈએ અને દીનજનને ધન આપવું જોઈએ. (૨૭)

सुखतः क्रियते रामाभोगः
पश्चाद्धन्त शरीरे रोगः ।
यद्यपि लोके मरणं शरणं
तदपि न मुञ्चति पापाचरणम् ॥ २८ ॥

रामाभोगः - સ્ત્રીનો ઉપભોગ, सुखतः - સુખેથી, क्रियते - કરવામાં આવે છે, हन्त - અરેરે ! पश्चात् - પાછળથી, शरीरे - શરીરમાં, रोगः - રોગ (થાય છે)! यद्यपि - જો કે, लोके - સંસારમાં, मरणम् - મોત (એ જ) शरणम् - શરણ છે, तदपि - તો પણ, पापाचरणम् - પાપનું આચરણ (માણસ), न त्यजति - છોડતો નથી.

સ્ત્રીનો ઉપભોગ સુખેથી કરવામાં આવે છે, પરંતુ અરેરે ! પાછળથી શરીરમાં રોગ થાય છે. જો કે સંસારમાં મોત (એ જ) શરણ છે, તો પણ પાપનું આચરણ (માણસ) છોડતો નથી. (૨૮)

अर्थमनर्थं भावय नित्यं
नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः
सर्वत्रैषा विहिता रीतिः ॥ २९ ॥

नित्यम् - હંમેશ, अर्थम् - ધનને, अनर्थम् - અનર્થ છે, भावय - વિચાર, માન, सत्यम् - સાચે જ, ततः - તેમાંથી, सुखलेशः - સહેજ પણ સુખ, नास्ति - નથી, धनभाजाम् - ધનવાનોને, पुत्राद् - પુત્રથી, अपि - પણ, भीतिः - ડર (રહે છે), एषा - આ रीतिः - રીત, सर्वत्र - બધે, विहिता -કહેલી છે.

હંમેશ ધનને અનર્થ માનજે; સાચે જ તેમાંથી સહેજ પણ સુખ નથી. ધનવાનોને (પોતાના) પુત્રથી પણ ભય રહે છે: આ રીત બધે કહેલી છે. (૨૯)

प्राणायामं प्रत्याहारं
नित्यानित्यविवेकविचारम् ।
जाप्यसमेतसमाधिविधानं
कुर्ववधानं महदवधानम् ॥ ३० ॥

प्राणायामम् - પ્રાણાયામ, प्रत्याहारम् - પ્રત્યાહાર, नित्य-अनित्य-विवेक-विचारम् - નિત્ય અને અનિત્યના વિવેકનો વિચાર, जाप्य-समेत-समाधि-विधानम् - જપ કરવા યોગ્ય સહિતનું સમાધિનું વિધાન, महद् - મોટું, अवधानम् - ધ્યાન (આ બધાનું), अवधानम् - ધ્યાન, कुरु - કર.

પ્રાણાયામ, પ્રત્યાહાર, નિત્ય અને અનિત્યના વિવેકનો વિચાર, જપ કરવા યોગ્ય સહિતનું સમાધિનું વિધાન અને મોટું ધ્યાન, - આ બધાનું તું ધ્યાન ધરજે. (૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुचरणाम्बुजनिर्भरभक्तः
संसारादचिराद्भव मुक्तः ।
सेन्द्रियमानसनियमादेवं
द्रक्ष्यसि निजहृदयस्थं देवम् ॥ ३१ ॥

गुरु-चरण-अम्बुज-निर्भर-भक्तः - સદ્‌ગુરુદેવનાં ચરણ કમળનો દઢ ભક્ત (બની), संसारात् - સંસારમાંથી, अचिरात् - શીઘ્ર, જલ્દી, मुक्तः - મુક્ત, भव - થા, एवम् - આમ, सेन्द्रिय-मानस-नियमात् - ઈન્દ્રિયો સાથે મનનું નિયમન કરવાથી, વશ કરવાથી, निज-हृदय-स्थम् - પોતાનાં હૃદયમાં રહેલા, देवम् - ઈશ્વરને, द्रक्ष्यसि - તું જોઈશ.

સદ્‌ગુરુદેવનાં ચરણકમળનો ભક્ત બની, તું સંસારમાંથી શીઘ્ર મુક્ત થા. આમ, ઈન્દ્રિયો સાથે મનનું નિયમન કરવાથી પોતાનાં હૃદયમાં રહેલા ઈશ્વરને તું જોઈશ. (૩૧)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ "मोहमुद्गरः" संपूर्णः ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં "મોહમુદ્‌ગર" સંપૂર્ણ.



॥ ॐ ॥
॥ हरिस्तुतिः ॥

स्तोष्ये भक्त्या विष्णुमनादिं जगदादिं
यस्मिन्नेतत्संसृतिचक्रं भ्रमतीत्थम् ।
यस्मिन्दृष्टे नश्यति तत्संसृतिचक्रं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १ ॥

यस्मिन् - જેઓમાં एतत् - આ संसृति-चक्रम् - સંસારનું ચક્ર इत्थम् - આ રીતે भ्रमति - ભમે છે, ગોળગોળ ફરે છે, તેવા जगदादिम् - જગતના આદિ अनादिम् - જેનો કોઈ આદિ નથી તેવા, અનાદિ विष्णुम् - ભગવાન વિષ્ણુની ભક્તિપૂર્વક स्तोष्ये - હું સ્તુતિ કરીશ यस्मिन् - જેઓનું दृष्टे - દર્શન થવાથી तत् - તે संस्कृति-चक्रम् - સંસારનું ચક્ર नश्यति - નાશ પામે છે तं - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - હરિની ईडे - હું સ્તુતિ કરું છું.

જેઓમાં આ સંસારનું ચક્ર આ રીતે ભમે છે તેવા જગતના આદિ અને (સ્વયં) અનાદિ ભગવાન વિષ્ણુની હું ભક્તિપૂર્વક સ્તુતિ કરીશ. જેઓનું દર્શન થવાથી તે સંસારનું ચક્ર નાશ પામે છે, સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર તે શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧)

यस्यैकांशादित्थमशेषं जगदेत-
त्प्रादुर्भूतं येन पिनद्धं पुनरित्थम् ।
येन व्याप्तं येन विबुद्धं सुखदुःखै-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २ ॥

यस्य - જેના एकांशात् - એક અંશમાંથી इत्थम् - આ રીતે एतत् - આ अशेषं - સંપૂર્ણ जगत् - જગત, સંસાર प्रादुर्भूतम् - ઉત્પન્ન થયું છે; येन - જેનાથી पुनः - વળી इत्थम् - આ રીતે पिनद्धम् - બંધાયેલું છે, જકડાયેલું છે येन - જેના વડે व्याप्तम् - વ્યાપ્ત છે येन - જેનાથી सुखदुःखै - સુખ અને દુઃખોથી विबुद्धम् - જાગૃત કરાય છે, અનુભવાય છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

જેના એક અંશમાંથી આ રીતે સંપૂર્ણ જગત ઉત્પન્ન થયું છે, જેનાથી વળી આ રીતે બંધાયેલું છે, જેના વડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાપ્ત છે, જેનાથી સુખ અને દુ:ખની બાબતમાં જાગૃત છે (સુખદુ:ખો અનુભવે છે), સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર તે શ્રી હરિની હું સ્તુતિ કરું છું. (૨)

सर्वज्ञो यो यश्च हि सर्वः सकलो यो
यश्चानन्दोऽनन्तगुणो यो गुणधामा ।
यश्चाव्यक्तो व्यस्तसमस्तः सदसद्य-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३ ॥

यः - જે सर्वज्ञः - સર્વજ્ઞ (છે), બધું જાણે (છે) च - અને यः - જે सर्वः - બધું (છે) यः - જે सकलः - સકલ છે, સઘળી કળાઓથી યુક્ત (છે) च - અને यः - જે आनन्दः - આનંદરૂપ अनन्तगुणः - અનંત ગુણવાળા (છે) यः - જે गुणधामा - ગુણોનું ધામ, નિવાસસ્થાન છે च - અને यः - જે अव्यक्तः - અવ્યક્ત, વ્યક્ત નહિ થયેલ, નજરે નહિ દેખાતા व्यस्त-समस्त - દરેક (કાર્ય)માં વ્યસ્ત છે यः - જે सद्-असद् - સત્ અને અસત્ બંને છે तं - તે संसार-ध्वान्त-विनाशं - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

જે સર્વજ્ઞ અને સર્વ તથા સઘળી કળાઓથી યુક્ત છે અને જે આનંદરૂપ, અનંતગુણોવાળા અને જે ગુણોના નિવાસસ્થાન છે અને જે અવ્યક્ત દરેકમાં વ્યસ્ત છે, અને જે સત્-અસત્ બંને છે, સંસારના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર તે શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩)

यस्मादन्यन्नास्त्यपि नैवं परमार्थं
दृश्यादन्यो निर्विषयज्ञानमयत्वात् ।
ज्ञातृज्ञानज्ञेयविहीनोऽपि सदा ज्ञ-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ४ ॥

यस्मात् - જેઓથી अन्यत् - બીજુ, ભિન્ન જુદું (કાંઈ જ) अपि - પણ नास्ति - નથી परमार्थम् - બીજો કોઈ અર્થ નથી नैव - પણ निर्विषयज्ञानमयत्वात् - નિર્વિષયજ્ઞાનમય હોવાથી, તે કોઈના વિષય બનતા નથી, પણ સ્વયં કેવળ જ્ઞાનમય, જ્ઞાનસ્વરૂપ જ છે માટે જે दृश्यात् - જે કાંઈ દેખાય છે તેનાથી अन्यः - ભિન્ન છે ज्ञातृ-ज्ञान-ज्ञेय-विहीनः - જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એવા ભેદોથી રહિત જાણનાર, જાણવાનું હોય તે અને જાણવા યોગ્ય પદાર્થ વિનાના હોવા अपि - છતાં सदा - હંમેશ ज्ञः - જ્ઞાતા છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

જેઓથી બીજું કાંઈ પણ જુદું નથી, અન્ય કોઈ પરમાર્થ નથી, નિર્વિષય જ્ઞાનસ્વરૂપ હોવાથી જે કાંઈ દેખાય છે તેનાથી તે ભિન્ન છે, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એવા ભેદોથી રહિત હોવા છતાં જે સર્વદા જ્ઞાતા છે, સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર તે શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૪)

आचार्येभ्यो लब्धसुसूक्ष्माच्युततत्त्वा
वैराग्येणाभ्यासबलाच्चैव द्रढिम्ना ।
भक्त्यैकाग्र्यध्यानपरा यं विदुरीशं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ५ ॥

आचार्येभ्यः - (પોતાના) ગુરુ-આચાર્ય પાસેથી लब्ध-सुसूक्ष्म-अच्युत-तत्त्वा - અત્યંત સૂક્ષ્મ અને અચ્યુત-સ્થિર તત્ત્વને પ્રાપ્ત કરનારાઓ वैराग्येण - વૈરાગ્યથી अभ्यासबलात् - અભ્યાસના બળથી च - અને द्रढिम्ना - દૃઢતાથી भक्त्यैकाग्र्यध्यानपरा - ભક્તિ-એકાગ્રતા અને ધ્યાનમાં રત રહેનારાઓ यम् - જે ईशम् - ઈશ્વરને विदुः - જાણે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

આચાર્યો પાસેથી વૈરાગ્ય અને અભ્યાસના બળથી, જેણે અત્યંત સૂક્ષ્મ અને અવિચલ તત્ત્વને જાણ્યું છે, ભક્તિ અને એકાગ્રતાથી ધ્યાનપરાયણ લોકો જે ઈશને જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર હરિની હું સ્તુતિ કરું છું. (૫)

प्राणानायम्योमिति चित्तं हृदि रुध्वा
नान्यत्स्मृत्वा तत्पुनरत्रैव विलाप्य ।
क्षीणे चित्ते भादृशिरस्मीति विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ६ ॥

प्राणान् - પ્રાણોને (ઈન્દ્રિયોને) आयम्य - વશ કરીને ॐ इति - ॐ એમ ઉચ્ચાર કરીને चित्तम् - ચિત્તને हृदि - હૃદયમાં रुध्वा - રોકી રાખીને अन्यत - બીજું કાંઈ न स्मृत्वा - યાદ ન કરીને पुनः - ફરીથી तत् - તે ચિત્તને अत्र एव - અહીં જ ઈશ્વરમાં विलाप्य - વિલીન કરીને चित्ते क्षीणे - ચિત્ત જ્યારે ક્ષીણ થાય ત્યારે भादृशि - સ્વયંપ્રકાશ अस्मि - હું છું इति - એમ यम् - જેને (યોગીઓ) विदुः - જાણે છે तम् - વગેરે શ્લોક ૧ મુજબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણોને વશ કરી, 'ૐ' ઉચ્ચાર કરી, ચિત્ત હૃદયમાં રોકી, બીજું સ્મરણ ન કરી, ફરીથી તે ચિત્તને અહીં ઈશ્વરમાં વિલીન કરીને ચિત્ત જ્યારે ક્ષીણ થાય ત્યારે 'સ્વયંપ્રકાશ હું છું' એમ જેને યોગીઓ જાણે છે તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર હરિની હું સ્તુતિ કરું છું. (૫)

यं ब्रह्माख्यं देवमनन्यं परिपूर्णं
हृत्स्थं भक्तैर्लभ्यमजं सूक्ष्ममतर्क्यम् ।
ध्यात्वात्मस्थं ब्रह्मविदो यं विदुरीशं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ७ ॥

यम् - જે ब्रह्माख्यम् - બ્રહ્મ નામના देवम् - દેવ अनन्यम् - અનન્ય परिपूर्णम् - પરિપૂર્ણ, ચારેબાજુથી સંપૂર્ણ हृत्स्थम् - હૃદયમાં રહેલા भक्तैः - ભક્તો દ્વારા लभ्यम् - પ્રાપ્ત કરવા યોગ્ય अजम् - અજ, અજન્મા सूक्ष्मम् - સૂક્ષ્મ अतर्क्यम् - તર્કથી પર જે માટે કોઈ તર્ક થઈ શકે નહિ તેવા છે, आत्मस्थम् - આત્મામાં રહેનાર ईशम् - ઈશ્વરને ब्रह्मविदः - બ્રહ્મને જાણનારાઓ, બ્રહ્મજ્ઞાનીઓ ध्यात्वा - ધ્યાન કરીને विदुः - જાણે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

જે બ્રહ્મ નામના દેવ, અનન્ય, પરિપૂર્ણ, હૃદયમાં રહેલા ભક્તો દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય, અજ, સૂક્ષ્મ, તર્કથી પર અને આત્મામાં રહેલા ઈશ્વરને બ્રહ્મજ્ઞાનીઓ ધ્યાન કરીને જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૭)

मात्रातीतं स्वात्मविकासात्मविबोधं
ज्ञेयातीतं ज्ञानमयं हृद्युपलभ्य ।
भावग्राह्यानन्दमनन्यं च विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ८ ॥

मात्रातीतम् - માત્રા એટલે ઈન્દ્રિયોથી પર स्वात्म-विकास-आत्म-विबोधम् - પોતાનાં ચિત્તમાં વિકાસશીલ આત્મજ્ઞાનવાળા ज्ञेय-अतीतम् - જ્ઞેયથી અતીત, પર ज्ञानमयम् - જ્ઞાનમય हृदि - હૃદયમાં उपलभ्य - પ્રાપ્ત કરીને भाव-ग्राह्य-आनन्दम् - ભાવથી ગ્રાહ્ય અને આનન્દરૂપ च - અને यम् - જે अनन्यम् - અનન્યને विदुः - જાણે છે तं - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

ઈન્દ્રિયોથી પર, પોતાનાં ચિત્તમાં વિકાસ પામતા આત્મજ્ઞાનવાળા, જ્ઞેય પદાર્થથી પર, જ્ઞાનમય, ભાવભક્તિથી ગ્રાહ્ય આનંદરૂપ છે અને અનન્ય એવા પરમાત્માને જે જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિનું હું ધ્યાન ધરું છું. (૮)

यद्यद्वेद्यं वस्तुसतत्त्वं विषयाख्यं
तत्तद्ब्रह्मैवेति विदित्वा तदहं च ।
ध्यायन्त्येवं यं सनकाद्या मुनयोऽजं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ९ ॥

यद्-यद् - જે, જે वेद्यम् - જાણવા યોગ્ય विषयाख्यम् - વિષયો (શબ્દ, સ્પર્શ વગેરે) નામનો वस्तुसतत्त्वम् - તત્ત્વમય વસ્તુ-પદાર્થ तत्-तत् - તે, તે ब्रह्म - બ્રહ્મ एव - જ (છે) इति - એમ જાણીને च - અને तद्-अहम् - તે હું (જ છું) एवम् - એમ (માનીને) सनकाद्या - સનક વગેરે मुनयः - મુનિઓ यम् - જે अजम् - અજન્માનું ध्यायन्ति - ધ્યાન કરે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

જે, જે જાણવા યોગ્ય, વિષય નામનો વસ્તુતત્ત્વમય પદાર્થ છે, તે, તે બ્રહ્મ જ છે અને તે હું જ છું, એમ (માનીને) સનક વગેરે મુનિઓ જે અજન્માનું ધ્યાન કરે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૯)

यद्यद्वेद्यं तत्तदहं नेति विहाय
स्वात्मज्योतिर्ज्ञानमयानन्दमवाप्य ।
तस्मिन्नस्मीत्यात्मविदो यं विदुरीशं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १० ॥

यद्-यद् - જે, જે वेद्यम् - જાણવા યોગ્ય तत्-तत् - તે, તે अहम् - હું છું न इति - 'નથી' એવો ભાવ विहाय - ત્યજીને स्वात्मज्योतिः ज्ञानमयम् - આત્મજ્યોતિ અને જ્ઞાનમય आनन्दम् - આનંદને अवाप्य - મેળવીને, પ્રાપ્ત કરીને तस्मिन्- તે (કે) अस्मिन् - આ यम् - જે ईशम् - ઈશ્વરને आत्मविदो - આત્માને જાણનારા विदुः - જાણે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે, જે જાણવા યોગ્ય હોય તે, તે હું છું, 'નથી' એવો ભાવ ત્યજીને, આત્મજ્યોતિ અને જ્ઞાનમય આનંદને મેળવીને તે આ જે ઈશ્વરને, આત્માને જાણનારાઓ જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૦)

हित्वाहित्वा दृश्यमशेषं सविकल्पं
मत्वा शिष्टं भादृशिमात्रं गगनाभम् ।
त्यक्त्वा देहं यं प्रविशन्त्यच्युतभक्ता-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ११ ॥

सविकल्पम् - વિકલ્પોવાળું दृश्यम् - દેખાતું વિશ્વ अशेषम् - સંપૂર્ણપણે हित्वाहित्वा - વારંવાર ત્યજીને शिष्टम् - બાકી જે રહે છે તે गगनाभम् - આકાશ જેવું भा दृशिमात्रम् - પ્રકાશમય કેવલ દશ્ય છે એમ मत्वा - માનીને देहम् त्यक्त्वा - દેહ ત્યજીને अच्युत-भक्ताः - અચ્યુતના ભક્તો यम् - જેમાં प्रविशन्ति - પ્રવેશ કરે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

(અનેક) વિકલ્પોવાળું, આ (નજરે) દેખાતું જગત સંપૂર્ણપણે વારંવાર ત્યજીને, બાકી જે રહે છે તે આકાશ જેવું પ્રકાશમય કેવળ દશ્ય છે, એમ માનીને દેહ ત્યજી અચ્યુતના ભક્તો જેમાં પ્રવેશ કરે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૧)

सर्वत्रास्ते सर्वशरीरी न च सर्वः
सर्वं वेत्त्येवेह न यं वेत्ति च सर्वः ।
सर्वत्रान्तर्यामितयेत्थं यमयन्य-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १२ ॥

सर्वशरीरी - બધાનો આત્મા, શરીર એટલે દેહ અને શરીરમાં રહે તે શરીરી, એટલે આત્મા (એવા એ) सर्वत्र - બધે आस्ते - રહે છે च - છતાં सर्वः - તે બધું न - નથી सर्वम् - બધું वेत्ति-एव - જાણે જ છે च - અને इह - અહીં यं - જેને सर्वः - બધા न वेत्ति - જાણતા નથી सर्वत्र-अन्तर्यामितया - બધે અંતરર્યામી તરીકે यः - જે इत्थम् - આમ यमयन् - બધાનું નિયમન કરે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

બધાનો આત્મા એવો એ સર્વત્ર રહે છે, છતાં એ સર્વ નથી, (જે) બધું જ જાણે છે અને અહીં જેને બધા જાણતા નથી, બધે અંતરર્યામી તરીકે (રહી) જે આમ બધાનું નિયમન કરે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૨)

सर्वं दृष्ट्वा स्वात्मनि युक्त्या जगदेत-
द्दृष्ट्वात्मानं चैवमजं सर्वजनेषु ।
सर्वात्मैकोऽस्मीति विदुर्यं जनहृत्स्थं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १३ ॥

एतद् - આ सर्वम् - સઘળું जगत् - જગત आत्मनि - આત્મામાં युक्त्या - યુક્તિથી दृष्ट्वा - જોઈને च - અને एवम् - આ રીતે अजम् - અજ, અજન્મા એવા आत्मानम् - આત્માને सर्वजनेषु - સર્વ મનુષ્યમાં दृष्ट्वा - જોઈને जनहृत्स्थं - મનુષ્યનાં હૃદયમાં રહેલો सर्वात्मा-एकः - બધાનો આત્મા એક જ, તે अस्मि - હું છું એમ यम् - જેને જાણે છે तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

આ સઘળું જગત (પોતાના) આત્મામાં યુક્તિથી જોઈને અને એ રીતે અજન્મા એવા આત્માને દરેક મનુષ્યમાં જોઈને, હૃદયમાં રહેલો બધાનો આત્મા એક જ છે તે હું છું, એમ જેને જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૩)

सर्वत्रैकः पश्यति जिघ्रत्यथ भुङ्क्ते
स्प्रष्टा श्रोता बुध्यति चेत्याहुरिमं यम् ।
साक्षी चास्ते कर्तृषु पश्यन्निति चान्ये
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १४ ॥

सर्वत्र - બધે एकः - એક જ पश्यति - જુએ છે जिघ्रति - સૂંઘે છે अथ - અને भुंक्ते - ભોજન કરે છે (જે) स्प्रष्टा - સ્પર્શનાર, श्रोता - સાંભળનાર (છે) च - અને बुध्यति - જાગે છે इमम् - એમ જેને માટે आहुः - (વિદ્વાનો) કહે છે च - વળી कर्तृषु - કર્તાઓમાં पश्यन् - જોતો એ સાક્ષી - સાક્ષી आस्ते - છે इति - એમ अन्ये - બીજાઓ (પણ કહે છે) तम् - તે संसार-ध्वान्त-विनाशम् - સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર हरिम् - શ્રીહરિની ईडे - હું સ્તુતિ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધે તે એક જ જુએ છે, સૂંઘે છે અને ભોજન કરે છે; સ્પર્શનાર, શ્રોતા જે છે અને જે જાગે છે, એમ જેને માટે વિદ્વાનો કહે છે; વળી, કર્તાઓમાં જોતો સાક્ષી છે, એમ બીજાઓ (પણ જેને કહે છે), તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૪)

पश्यञ्शृण्वन्नत्र विजानन्रसयन्सं-
जिघ्रद्बिभ्रद्देहमिमं जीवतयेत्थम् ।
इत्यात्मानं यं विदुरीशं विषयज्ञं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १५ ॥

पश्यन् - જોતો शृण्वन् - સાંભળતો विजानन् - જાણતો रसयन् - રસ માણતો संजिघ्रत् - સારી રીતે સૂંઘતો इत्थम् - આમ जीवतया - જીવ તરીકે इमम् - આ देहम् - દેહને बिभ्रत् - ધારણ કરતો (તે છે) इति - એમ विषयज्ञम् - (સંસારના) વિષયોને જાણનાર ईशम् - ઈશ્વર એવા आत्मानम् - આત્માને यं - જે જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જોતો, સાંભળતો, જાણતો, રસ માણતો, સારી રીતે સૂંઘતો, આમ જીવ તરીકે આ દેહને ધારણ કરતો, તે છે એમ સંસારના વિષયોને જાણનાર ઈશ્વર એવા આત્માને જે જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૫)

जाग्रद्दृष्ट्वा स्थूलपदार्थानथ मायां
दृष्ट्वा स्वप्नेऽथापि सुषुप्तौ सुखनिद्राम् ।
इत्यात्मानं वीक्ष्य मुदास्ते च तुरीये
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १६ ॥

अथ - હવે जाग्रत् - જાગતાં, જાગૃત અવસ્થામાં स्थूलपदार्थान् - સ્થૂલ પદાર્થોને मायाम् - માયા તરીકે दृष्ट्वा - જોઈને स्वप्ने - સ્વપ્નમાં अपि - પણ માયા તરીકે दृष्ट्वा - જોઈને अथ - પછી सुषुप्तौ - સુષુપ્તિમાં सुखनिद्राम् - સુખમય નિદ્રા (જોઈને) तुरीये - તુરીયાવસ્થામાં आत्मानम् - આત્માને वीक्ष्य - જોઈને, અનુભવીને જે मुदा - આનંદથી आस्ते - રહે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

હવે, જાગૃત અવસ્થામાં સ્થૂલ પદાર્થોને અને સ્વપ્નમાં પણ (તે સહુને) માયા તરીકે જોઈને, સુષુપ્તિમાં સુખમય નિદ્રા નિહાળીને તુરીયાવસ્થામાં આત્માને અનુભવીને, જે આનંદથી રહે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૬)

पश्यञ्शुद्धोऽप्यक्षर एको गुणभेदा-
न्नानाकारान्स्फटिकवद्भाति विचित्रः ।
भिन्नश्छिन्नश्चायमजः कर्मफलैर्य-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १७ ॥

शुद्धः - શુદ્ધ, પવિત્ર अपि - હોવા છતાં एकः - એક अक्षरः - અક્ષર-નાશ નહિ પામનાર, નિત્ય એવો આત્મા गुणभेदात् - ગુણોના ભેદને કારણે स्फटिकवत् - સ્ફટિકની જેમ नानाकारान् - અનેક આકારોમાં विचित्रः - વિચિત્ર હોય તેમ અનેક રીતનો હોય તેમ भाति - ભાસે છે यः - જે अयम् - આ अजः - અજ, અજન્મા, આત્મા कर्मफलैः - કર્મનાં ફળને કારણે भिन्नः - જુદો छिन्नः - ટૂકડા થયો હોય તેવો (भाति - ભાસે છે) तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

પવિત્ર હોવા છતાં એક, અક્ષર, એવો આત્મા, ગુણોના ભેદને કારણે, સ્ફટિકની જેમ, અનેક આકારોમાં વિચિત્ર હોય તેમ ભાસે છે; જે આ અજ આત્મા કર્મના ફળને કારણે જુદો જુદો કે છિન્નભિન્ન થયેલો ભાસે છે તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રી હરિની હું સ્તુતિ કરું છું. (૧૭)

ब्रह्मा विष्णू रुद्रहुताशौ रविचन्द्रा-
विन्द्रो वायुर्यज्ञ इतीत्थं परिकल्प्य ।
एकं सन्तं यं बहुधाहुर्मतिभेदा-
त्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १८ ॥

ब्रह्मा - બ્રહ્મા विष्णुः - વિષ્ણુ रुद्रहुताशौ - શંકર અને અગ્નિ रविचन्द्रौ - સૂર્ય અને ચંદ્ર इन्द्रः - ઈન્દ્ર वायु - વાયુ यज्ञः - યજ્ઞ इति - એમ इत्थम् - આ રીતે परिकल्प्य - કલ્પનાઓ કરીને मतिभेदात् - મતિના ભેદને કારણે, માન્યતાની ભિન્નતાને કારણે एकम् - એક सन्तम् - હોવા છતાં यम् - જેને बहुधा - અનેક રીતે आहुः - વર્ણવે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, વાયુ, યજ્ઞ, એમ આ રીતે કલ્પનાઓ કરીને, મતિના-માન્યતાના ભેદને કારણે, એક એવા તેને અનેક રીતે ઓળખાવે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्यं ज्ञानं शुद्धमनन्तं व्यतिरिक्तं
शान्तं गूढं निष्कलमानन्दमनन्यम् ।
इत्याहादौ यं वरुणोऽसौ भृगवेऽजं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ १९ ॥

सत्यम् - સત્ય ज्ञानम् - જ્ઞાન शुद्धम् - શુદ્ધ अनन्तम् - અનંત व्यतिरिक्तम् - ભિન્ન, સર્વથી જુદો शान्तम् - શાન્ત गूढम् - ગૂઢ निष्कलम् - નિષ્કલ, સંપૂર્ણ आनन्दम् - આનંદ अनन्यम् - અનન્ય इति - એ પ્રકારે आदौ - ઉપનિષદમાં, પૂર્વે असौ - આ यम् - જે अजम् - અજને માટે वरुणः - વરુણદેવે भृगवे - ભૃગુ-ઋષિને आह - કહ્યું હતું तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

સત્ય, જ્ઞાન, શુદ્ધ, અનંત, ભિન્ન, શાંત, ગૂઢ, નિષ્કલ, આનંદ, અનન્ય, એ પ્રકારે પૂર્વે (ઉપનિષદમાં) જે આ અજન્માને માટે વરુણદેવે ભૃગુઋષિને કહ્યું હતું, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૧૯)

कोशानेतान्पञ्च रसादीनतिहाय
ब्रह्मास्मीति स्वात्मनि निश्चित्य दृशिस्थम् ।
पित्रा शिष्टो वेद भृगुर्यं यजुरन्ते
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २० ॥

एतान् - આ पञ्चकोशान् - પાંચ કોશોને અને रसादीन् - રસ વગેરેને अतिहाय - ત્યજીને ब्रह्म अस्मि इति - 'હું બ્રહ્મ છું' એમ स्वात्मनि - પોતાની અંદર दृशिस्थम् - જોનારમાં, આત્મામાં निश्चित्य - નિશ્ચય કરીને यम् - જેને पित्रा - પિતા દ્વારા शिष्टः - ઉપદેશ આપવામાં આવ્યો છે તેવા भृगुः - ભૃગુ-ઋષિએ वेद - જાણ્યા અને अन्ते - છેવટે यजुः - જેનું પૂજન કર્યું तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

આ (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એવા) પાંચ કોશોને અને રસ વગેરેને ત્યજીને, 'હું બ્રહ્મ છું' એમ પોતાની અંદર આત્મામાં નિશ્ચય કરીને, જેને પિતા દ્વારા ઉપદેશ આપવામાં આવ્યો છે તેવા ભૃગુઋષિએ જાણ્યા અને છેવટે જેનું પૂજન કર્યું, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૦)

येनाविष्टो यस्य च शक्त्या यदधीनः
क्षेत्रज्ञोऽयं कारयिता जन्तुषु कर्तुः ।
कर्ता भोक्तात्मात्र हि यच्छक्त्यधिरूढ-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २१ ॥

येन - જેના વડે आविष्टः - ઘેરાયેલ, વ્યાપ્ત च - અને यस्य - જેની शक्त्या - શક્તિથી यद्-अधीनः - જેને આધીન રહી अयम् - આ क्षेत्रज्ञः - ક્ષત્રને જાણનારો એટલે આત્મા जन्तुषु - જન્તુઓમાં कर्तुः - કર્તા અને कारयिता - કરાવનારો (બને છે) यत् यत् - જેની शक्त्यधिरूढः - શક્તિમાં અધિરૂઢ થઈને अत्र - અહીં, આ સંસારમાં कर्ता - કર્તા भोक्ता - ભોક્તા तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જેનાથી વ્યાપ્ત અને જેની શક્તિથી અધીન રહીને, આ આત્મા જન્તુઓમાં કર્તા અને કારયિતા બને છે, જેની શક્તિમાં આરૂઢ થઈને અહીં આ સંસારમાં કર્તા ભોક્તા (વગેરે) સિદ્ધ થાય છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૧)

सृष्ट्वा सर्वं स्वात्मतयैवेत्थमतर्क्यं
व्याप्याथान्तः कृत्स्नमिदं सृष्टमशेषम् ।
सच्च त्यच्चाभूत्परमात्मा स य एक-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २२ ॥

इत्थम् - આ રીતે अतर्क्यम् - જેની કલ્પના ન કરી શકાય તેવું सर्वम् - આ સઘળું (વિશ્વ) आत्मतया - પોતાના આત્મારૂપે सृष्ट्वा - સર્જીને अथ - પછી अन्तः - અંદર વ્યાપીને इदम् - આ कृत्स्नम् - સઘળું अशेषम् - સંપૂર્ણપણે सृष्टम् - ઉત્પન્ન કર્યું सत्-सत् च - અને त्यत् - ત્યત્ તરીકે स - તે एकः - એક જ परमात्मा - પરમાત્મા अभूत् - બની રહ્યો तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

આ રીતે, જેની કલ્પના ન કરી શકાય તેવું આ સઘળું વિશ્વ પોતાના આત્મારૂપે સર્જીને, પછી અંદર વ્યાપીને, આ સઘળું સંપૂર્ણપણે ઉત્પન્ન કર્યું, સત્ અને ત્યત્ તરીકે એક જ પરમાત્મા બની રહ્યો, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૨)

वेदान्तैश्चाध्यात्मिकशास्त्रैश्च पुराणैः
शास्त्रैश्चान्यैः सात्वततन्त्रैश्च यमीशम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दृष्ट्वाथान्तश्चेतसि बुद्ध्वा विविशुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २३ ॥

वेदान्तैः:- વેદાન્ત એટલે ઉપનિષદોએ च - અને आध्यात्मिक-शास्त्रैः - આધ્યાત્મિક શાસ્ત્રોએ च - અને पुराणैः - પુરાણોએ च - અને अन्यैः - બીજાં शास्त्रैः - શાસ્ત્રોએ च - તથા सात्वततन्त्रैः - સાત્વતતંત્રોએ यम् - જે ईशम् - ઈશ્વરને अन्तः-चेतसि - ચિત્તની અંદર दृष्ट्वा - જોઈને અને यम् - જેની અંદર बुद्ध्वा - જાણીને विविशुः - પ્રવેશ કર્યો છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

ઉપનિષદો અને આધ્યાત્મિક શાસ્ત્રો તથા પુરાણો અને બીજાં શાસ્ત્રોએ તેમ જ સાત્વત-તંત્રોએ જે ઈશ્વરને ચિત્તની અંદર જોઈને અને જેની અંદર જાણીને પ્રવેશ કર્યો છે, તે સંસારના (અજ્ઞાન-રૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૩)

श्रद्धाभक्तिध्यानशमाद्यैर्यतमानै-
र्ज्ञातुं शक्यो देव इहैवाशु य ईशः ।
दुर्विज्ञेयो जन्मशतैश्चापि विना तै-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २४ ॥

यतमानैः - પ્રયત્ન કરનારાઓ વડે श्रद्धा-भक्ति-ध्यान-शमाद्यैः - શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન, શમ વગેરે દ્વારા यः - જે ईश - ઈશ્વર देव - દેવ इह एव - અહીં જ ज्ञातुम् - જાણવો शक्यः - શક્ય છે च - અને तैः - તે विना - વિના जन्मशतैः - સેંકડો જન્મોથી अपि - પણ दुर्विज्ञेयः - જે જાણી શકાય તેમ નથી तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

પ્રયત્ન કરનારાઓ વડે, શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન, શમ વગેરે દ્વારા, જે ઈશ્વર, દેવ અહીં જ જાણવો શક્ય છે અને તે વિના સેંકડો જન્મોથી પણ જે જાણી શકાય તેમ નથી, તે સંસારના (અજ્ઞાન-રૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૪)

यस्यातर्क्यं स्वात्मविभूतेः परमार्थं
सर्वं खल्वित्यत्र निरुक्तं श्रुतिविद्भिः ।
तज्जातित्वादब्धितरङ्गाभमभिन्नं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २५ ॥

आत्मविभूतेः - સ્વયંપ્રકાશ यस्य - એવા જે (પરમાત્મા)નું परमार्थम् - પરમ અર્થ (સાચું સ્વરૂપ) अतर्क्यम् - તર્કથી-કલ્પનાથી પર છે અને श्रुतिविद्भिः - વેદને જાણનારાઓ વડે જેનું सर्वं खलु (ब्रह्म) - 'આ બધું બ્રહ્મ છે' इति - એમ अत्र - અહીં આલોકમાં વર્ણન કરવામાં આવ્યું છે तत् - તે जातित्वात् - તે જાતના હોવાથી अब्धि-तरङ्ग-आभम् - સાગર અને તરંગની જેમ अभिन्नम् - અભિન્ન એકરૂપ છે તેવા संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

સ્વયંપ્રકાશ એ જે(પરમાત્મા)નું સાચું સ્વરૂપ કલ્પનાથી પર છે અને વેદને જાણનારાઓ વડે જેનું 'આ બધું બ્રહ્મ છે', એમ અહીં આ લોકમાં વર્ણન કરવામાં આવ્યું છે, તે જાતના હોવાથી સાગર અને તરંગની જેમ જે એકરૂપ છે, તેવા સંસારના અંધકારનો વિનાશ કરનાર હરિની હું સ્તુતિ કરું છું. (૨૫)

दृष्ट्वा गीतास्वक्षरतत्त्वं विधिनाजं
भक्त्या गुर्व्या लभ्य हृदिस्थं दृशिमात्रम् ।
ध्यात्वा तस्मिन्नस्म्यहमित्यत्र विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २६ ॥

विधिना - વિધિપૂર્વક, વિધિ વડે अजम् - અજ अक्षर-तत्त्वम् - અક્ષર તત્ત્વને गीतासु - ગીતામાં दृष्ट्वा - જોઈને, જાણીને हृदिस्थम् - હૃદયમાં રહેલા दृशिमात्रम् - કેવળ દ્રષ્ટા એવા આત્માને गुर्व्या - ગુરુ, મહાન भक्त्या - ભક્તિથી लभ्य - મેળવીને, આત્મસાત્ કરીને तस्मिन् - તેમાં अहम् - હું अस्मि - છું इति - એમ ध्यात्वा - ધ્યાન કરીને अत्र - આ સંસારમાં यम् - જેને विदुः - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

વિધિપૂર્વક અજ અક્ષર તત્ત્વને ગીતામાં જોઈને, હૃદયમાં રહેલા કેવળ દ્રષ્ટા એવા આત્માને મહાન ભક્તિથી આત્મસાત્ કરીને, તેમાં 'હું છું' એમ ધ્યાન કરીને, આ સંસારમાં જેને જાણે છે તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૬)

क्षेत्रज्ञत्वं प्राप्य विभुः पञ्चमुखैर्यो
भुङ्क्तेऽजस्रं भोग्यपदार्थान्प्रकृतिस्थः ।
क्षेत्रे क्षेत्रेऽप्स्विन्दुवदेको बहुधास्ते
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २७ ॥

यः - જે विभुः - સર્વવ્યાપી પરમાત્મા पञ्चमुखैः - પાંચ મુખોથી क्षेत्रज्ञत्वम् - ક્ષેત્રજ્ઞત્વને प्राप्यः - પ્રાપ્ત કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकृतिस्थ: - પ્રકૃતિમાં રહીને अजस्रम् - વારંવાર भोग्यपदार्थान् - ભોગ્ય પદાર્થોને भुंक्ते - ભોગવે છે अप्सु - જળમાં इन्दुवद् - ચંદ્રની જેમ बहुधा य: - અનેક રૂપે જે क्षेत्रे क्षेत्रे - દરેક ક્ષેત્રમા, શરીરમાં आस्ते - રહેલો છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જે સર્વવ્યાપી પરમાત્મા પાંચ મુખોથી ક્ષેત્રતત્વને પ્રાપ્ત કરીને, પ્રવૃત્તિમાં રહી વારંવાર ભોગ્યપદાર્થોને ભોગવે છે, જળમાં ચંદ્રની જેમ જે અનેકરૂપે દરેક ક્ષેત્રમાં-શરીરમાં રહેલો છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૭)

युक्त्यालोड्य व्यासवचांस्यत्र हि लभ्य:
क्षेत्रक्षेत्रज्ञान्तरविद्भिः पुरुषाख्य: ।
योऽहं सोऽसौ सोऽस्म्यहमेवेति विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २८ ॥

व्यासवचांसि - વ્યાસનાં વચનો (બ્રહ્મસૂત્ર વગેરે) युक्त्या - યુક્તિપૂર્વક आलोड्य - વલોવીને, મંથન કરીને य: - જે पुरुषाख्य: - પુરુષ તરીકે પ્રસિદ્ધ (એવા ઈશ્વર) क्षेत्र-क्षेत्रज्ञान्तर-विद्भि: - ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો ભેદ જાણનાર દ્વારા लभ्य: - મેળવવા શક્ય છે. य: - જે अहम् - હું છું स: - તે असौ - આ છે स: - તે अहम् - હું एव - જ अस्मि - છું इति - એમ यम् - જેને (વિદ્વાનો) विदु: - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

મહર્ષિ વ્યાસનાં વચનોનું યુક્તિપૂર્વક આલોકન કરીને, જે પુરુષ તરીકે પ્રસિદ્ધ એવા ઈશ્વરને ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો ભેદ જાણનાર દ્વારા મેળવવા શક્ય છે અને 'હું છું' તે આ છે તે જ હું છું, એમ જેને વિદ્વાનો જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૮)

एकीकृत्यानेकशरीरस्थमिमं ज्ञं
यं विज्ञायेहैव स एवाशु भवन्ति ।
यस्मिंल्लीना नेह पुनर्जन्म लभन्ते
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ २९ ॥

अनेक-शरीर-स्थम् - અનેક શરીરોમાં રહેલા यम् - જે ज्ञम् - જ્ઞાતાને एकीकृत्य - એક કરીને विज्ञाय - જાણીને इह - અહીં एव - જ स - તે एव - જ भवन्ति - બની જાય છે यस्मिन् - જેની અંદર लीना: - લીન થયેલા, એકાકાર બનેલા इह - આ સંસારમાં पुनर्जन्म - ફરી જન્મ न लभन्ते - પ્રાપ્ત કરતા નથી तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

અનેક શરીરોમાં રહેલા જે જ્ઞાતાને એક કરીને, જાણીને, અહીં જ તેને જાણનારાઓ તે (જ્ઞાનરૂપ) બની જાય છે, જેની અંદર એકાકાર બનેલા (સાધકો) આ સંસારમાં ફરી જન્મ પામતા નથી, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૨૯)

द्वन्द्वैकत्वं यच्च मधुब्राह्मणवाक्यैः
कृत्वा शक्रोपासनमासाद्य विभूत्या ।
योऽसौ सोऽहं सोऽस्म्यहमेवेति विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३० ॥

मधुब्राह्मण-वाक्यै: - મધુબ્રાહ્મણનાં વાક્યોથી यत् - જે द्वन्द्व-एकत्वम् - દ્વન્દ્વનું એકત્વ, એકપણું कृत्वा - સિદ્ધ કરીને च - અને विभूत्या - ઐશ્વર્યથી शक्रोपासनम् - ઈન્દ્રની પૂજા आसाद्य - પ્રાપ્ત કરીને य: - જે असौ - આ स: - તે अहम् - હું स: - તે अहम् - હું अस्मि - છું इति - એમ यम् - જેને विदु: - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

મધુબ્રાહ્મણનાં વાક્યોથી જે દ્વન્દ્વનું એકત્વ સિદ્ધ કરીને અને ઐશ્વર્યથી ઈન્દ્રની પૂજા પ્રાપ્ત કરીને, જે આ, 'તે હું' 'તે હું જ છું', એમ જેને જાણે છે, તે સંસારના અંધકારનો નાશ કરનાર હરિની હું સ્તુતિ કરું છું.(૩૦)

योऽयं देहे चेष्टयितान्त:करणस्थ:
सूर्ये चासौ तापयिता सोऽस्म्यहमेव ।
इत्यात्मैक्योपासनया यं विदुरीशं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३१ ॥

अयं - આ देहे - દેહમાં य: - જે अन्त:-करणस्थ: - અંત:કરણમાં રહીને चेष्टयिता - ચેષ્ટાઓ કરાવે છે च - અને असौ - આ सूर्ये - સૂર્યમાં રહીને तापयिता - (સહુને) તપાવે છે स: - તે, अहम् - હું अस्मि - છું एव - જ इति - એમ यम् - જે ईशम् - ઈશ્વરને आत्मैक्योपासनया - આત્માનાં ઐક્યની ઉપાસનાથી विदु: - (વિદ્વાનો) જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

આ દેહમાં જે અંત:કરણમાં રહીને ચેષ્ટાઓ કરાવે છે અને આ સૂર્યમાં રહીને (સહુને) તપાવે છે, તે હું છું જ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ જે ઈશ્વરને આત્માનાં ઐક્યની ઉપાસનાથી જાણે છે, તે સંસારના (અજ્ઞાન-રૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૧)

विज्ञानांशो यस्य सतः शक्त्यधिरूढो
बुद्धिर्बुध्यत्यत्र बहिर्बोध्यपदार्थान् ।
नैवान्तःस्थं बुध्यति यं बोधयितारं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३२ ॥

यस्य - જે सतः - અસ્તિત્વ ધરાવનાર (આત્માનો) विज्ञानांशः - વિજ્ઞાનનો અંશ शक्त्यधिरूढः - શક્તિમાં રહેલા છે बुद्धिः - બુદ્ધિ बर्हिः - બહારના बोध्यपदार्थान् - જાણવા યોગ્ય પદાર્થોને बुध्यति - જાણે છે પણ यम् - જે अन्तःस्थम् - અંતરમાં રહેલા बोधयितारम् - બોધ કરાવનારને न बुध्यति - જાણતો નથી तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જે અસ્તિત્વ ધરાવનાર આત્માનો વિજ્ઞાનનો અંશ શક્તિમાં આરૂઢ થયેલો છે, બુદ્ધિ બહારના જાણવા યોગ્ય પદાર્થોને જાણે છે, પણ જે અંતરમાં રહેલા બોધ કરાવનાર(આત્મા)ને જાણતો નથી, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૨)

कोऽयं देहे देव इतीत्थं सुविचार्य
ज्ञाता श्रोता मन्तयिता चैष हि देवः ।
इत्यालोच्य ज्ञांश इहास्मीति विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३३ ॥

अयम् - આ देहे-દેહમાં कः - ક્યો देवः - દેવ (રહેલો છે) इति - એમ इत्थम् - આ રીતે विचार्य - વિચારીને ज्ञाता - જાણનાર, श्रोता - સાંભળનાર मन्तयिता - માનનાર च - અને एष - આ देव हि - દેવ જ છે इति - એમ आलोच्य - આલોચના કરીને ज्ञा+अंशः - અંશ જાણનાર, આત્મારૂપી અંશ इह - આ સંસારમાં अस्मि - હું જ છું इति - એમ यम् - જેને (જ્ઞાનીઓ) विदुः - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

'આ દેહમાં કયો દેવ રહેલો છે ?' એમ આ રીતે વિચારીને જાણનાર, સાંભળનાર અને માનનાર 'આ દેવ જ છે' એમ આલોચના કરીને જાણનાર આત્મારૂપી અંશ 'તે હું જ છું' એમ જેના વિશે (જ્ઞાનીઓ) જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૩)

को ह्येवान्यादात्मनि न स्यादयमेष
ह्येवानन्दः प्राणिति चापानिति चेति ।
इत्यस्तित्वं वक्त्युपपत्त्या श्रुतिरेषा
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३४ ॥

एष - આ आनन्दः - આનંદરૂપ આત્મા आत्मनि - શરીરમાં न स्याद् - ન હોત તો कः - કોણ वा-अन्यात् - શ્વાસ લેત ? જીવત ? हि - કારણ आनन्दः - આનંદરૂપ આત્મા જ प्राणिति - પ્રાણરૂપે ક્રિયા કરે છે, જીવ છે अपानिति - અપાનરૂપે ક્રિયા કરે છે इति - એ પ્રમાણે एषा - આ श्रुति - શ્રુતિ વેદ उपपत्त्या- ઉપપત્તિ વડે, યુક્તિપૂર્વક अस्तित्वम् - આત્માના અસ્તિત્વને वक्ति - કહે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જો આ (આનંદરૂપ) આત્મા શરીરમાં ન હોત તો કોણ શ્વાસ લેત ? કારણ કે આનંદરૂપ આત્મા જ પ્રાણરૂપે જીવે છે અને અપાનરૂપે ક્રિયા કરે છે; એ પ્રમાણે આ શ્રુતિ યુક્તિપૂર્વક જે આત્માના અસ્તિત્વને કહે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૪)

प्राणो वाहं वाक्छ्रवणादीनि मनो वा
बुद्धिर्वाहं व्यस्त उताहोऽपि समस्तः ।
इत्यालोच्य ज्ञप्तिरिहास्मीति विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३५ ॥

अहम् - હું प्राणः - પ્રાણ છું वा - અથવા वाक्- श्रवणादीनि - વાણી, શ્રવણ વગેરે वा - અથવા मनः - મન वा - અથવા बुद्धिः - બુદ્ધિ व्यस्त - ભિન્ન, જુદો જુદો કે समस्तः - સંપૂર્ણ अपि - પણ હું છું इति - એમ आलोच्य - આલોચના કરીને, વિચારીને यम् - જેને इह - અહીં આ સંસારમાં ज्ञप्तिः - જ્ઞાન अस्मि - હું છું એમ विदुः - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

હું પ્રાણ છું અથવા વાણી, શ્રવણ (કાન) વગેરે (ઈન્દ્રિયો) છું, અથવા મન છું અથવા બુદ્ધિ છું, અથવા ભિન્ન છું કે સંપૂર્ણ પણ છું, એમ આલોચના કરીને, જેને આ સંસારમાં જ્ઞાન હું છું, એમ (વિદ્વાનો) જાણે છે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૫)

नाहं प्राणो नैव शरीरं न मनोऽहं
नाहं बुद्धिर्नाहमहंकारधियौ च ।
योऽत्र ज्ञांशः सोऽस्म्यहमेवेति विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३६ ॥

अहम् - હું प्राणः - પ્રાણ न - નથી शरीरम् - શરીર न एव - નથી જ मनः - મન न - નથી अहम् - હું बुद्धिः - બુદ્ધિ न - નથી अहंकारधियौ - અહંકારની ભાવનામાં यः - જે अत्र - અહીં ज्ञ-अंशः - જ્ઞાનનો અંશ છે स - તે अहम् - હું अस्मि - છું इति - એમ यम् - જેને विदुः - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

હું પ્રાણ નથી, શરીર નથી જ, મન નથી, હું બુદ્ધિ નથી, પણ અહંકારની ભાવનામાં જે જ્ઞાનનો અંશ છે, તે હું છું, એમ જેને જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૬)

सत्तामात्रं केवलविज्ञानमजं स-
त्सूक्ष्मं नित्यं तत्त्वमसीत्यात्मसुताय ।
साम्नामन्ते प्राह पिता यं विभुमाद्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३७ ॥

सत्तामात्रम् - ફક્ત સત્તા-અસ્તિત્વ સ્વરૂપ केवल-विज्ञानम् - કેવળ વિજ્ઞાનમય अजम् - અજ, અજન્મા सत् - અસ્તિત્વ ધરાવનાર नित्यम् - નિત્ય त्वम् - તું असि - છે इति - એમ आत्मसुताय - પોતાના પુત્રને साम्नाम् - ઉપદેશના अन्ते - છેલ્લે पिता - પિતાએ प्राह - કહ્યું, અને यम् - જે विभुम् - સર્વવ્યાપી आद्यम् - આદિ છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

સત્તામાત્ર, કેવળ વિજ્ઞાનમય, અજન્મા, અસ્તિત્વ ધરાવનાર, નિત્ય 'તે તું છે', એમ પોતાના પુત્રને ઉપદેશના અંતે પિતાએ કહ્યું અને જે સર્વવ્યાપી તથા આદિ છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૭)

मूर्तामूर्ते पूर्वमपोह्याथ समाधौ
दृश्यं सर्वं नेति च नेतीति विहाय ।
चैतन्यांशे स्वात्मनि सन्तं च विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३८ ॥

मूर्तामूर्ते - મૂર્ત કે અમૂર્તને (રૂપવાળું કે રૂપ વિનાનું) पूर्वम् - પહેલાં अपोह्य - દૂર કરીને अथ - પછી समाधौ - સમાધિમાં सर्वम् - સઘળું दृश्यम् - દેખાય છે તેને न इति न इति - 'નથી, નથી', એમ विहाय - ત્યજી દઈને चैतन्यांशे - ચૈતન્યના અંશરૂપ એવા स्वात्मनि - પોતાના આત્માની અંદર सन्तम् - રહેલા यम् - જેને विदुः - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

મૂર્ત કે અમૂર્તને પહેલાં દૂર કરીને, પછી સમાધિમાં સઘળું દેખાય છે તેને 'નથી, નથી', એમ કહીને, ત્યજી દઈને ચૈતન્યના અંશરૂપ એવા પોતાના આત્માની અંદર રહેલા જેને જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૮)

ओतं प्रोतं यत्र च सर्वं गगनान्तं
योऽस्थूलानण्वादिषु सिद्धोऽक्षरसंज्ञः ।
ज्ञातातोऽन्यो नेत्युपलभ्यो न च वेद्य-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ३९ ॥

यत्र - જેનામાં गगनान्तम् - આકાશ સુધીનું सर्वम् - સઘળું ओतं प्रोतम् - ઓતપ્રોત થયેલું છે यः - જે अक्षरसंज्ञः - અક્ષરનામે स्थूलानण्वादिषु - સ્થૂળથી અણુ વગેરે સુધી सिद्धः - સિદ્ધ છે, રહેલો છે ज्ञातातः - જે જણાયેલું છે તેનાથી अन्यः - ભિન્ન, જુદો છે न उपलभ्यः - જે મેળવી શકાય તેમ નથી च - અને न वेद्यः - જાણી શકાય તેમ નથી तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જેનામાં આકાશ સુધીનું સઘળું ઓતપ્રોત થયેલું છે, જે અક્ષર-નામે સ્થૂળથી અણુ સુધી રહેલો છે, જે જણાયેલું છે તેનાથી જુદો છે, જે મેળવી શકાય તેમ નથી અને જે જાણી શકાય તેમ નથી, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૩૯)

तावत्सर्वं सत्यमिवाभाति यदेत-
द्यावत्सोऽस्मीत्यात्मनि यो ज्ञो न हि दृष्टः ।
दृष्टे यस्मिन्सर्वमसत्यं भवतीदं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ४० ॥

यद् - આ एतत् - બધું तावत् - ત્યાં સુધી જ सत्यम् - સાચું इव - જાણે કે છે એમ आभाति - ભાસે છે यावत् - જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી सः - તે अस्मि - હું છું એમ आत्मनि - પોતાની અંદર यः - જે ज्ञः - જ્ઞાતા છે न हि दृष्टः - તેને જોયો નથી यस्मिन् - જેને दृष्टे - જોવાથી इदम् - આ सर्वम् - સઘળું असत्यम् - મિથ્યા भवति - બની જાય છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

આ બધું ત્યાં સુધી જ જાણે કે સાચું છે એમ ભાસે છે, જ્યાં સુધી 'તે હું છું' એમ પોતાની અંદર જે જ્ઞાતા છે તેને જોયો નથી; જેને જોવાથી આ સઘળું મિથ્યા બની જાય છે, તે સંસારના (અજ્ઞાન-રૂપી) અંધકરનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૪૦)

रागामुक्तं लोहयुतं हेम यथाग्नौ
योगाष्टाङ्गैरुज्ज्वलितज्ञानमयाग्नौ ।
दग्ध्वात्मानं ज्ञं परिशिष्टं च विदुर्यं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ४१ ॥

यथा - જેમ लोहयुतम् - લોખંડ વગેરે મલિનતાથી યુકત, લોઢા (વગેરે)વાળું हेम - સોનું अग्नौ - અગ્નિમાં (નાખવાથી) શુદ્ધ થાય તેમ रागामुक्तम् - રાગથી રહિત થયેલું મન योग-अष्ट-अंगैः - યોગના આઠ અંગોથી उज्ज्वलित-ज्ञानमयाग्नौ - ઉજ્જવળ કરેલા જ્ઞાનમય અગ્નિમાં दग्ध्वा - બાળીને परिशिष्टम् - બાકી રહેલા, બચેલા यम् - જે ज्ञम् - જ્ઞાનરૂપ आत्मानम् - આત્માને विदुः - જાણે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જેમ લોખંડથી યુક્ત સોનું અગ્નિમાં નાખવાથી શુદ્ધ થાય છે, તેમ રાગથી રહિત થયેલા મનને યોગનાં આઠ અંગોથી ઉજ્જવળ કરેલા જ્ઞાનમય અગ્નિમાં બાળીને બાકી રહેલા જે જ્ઞાનરૂપ આત્માને જાણે છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૪૧)

यं विज्ञानज्योतिषमाद्यं सुविभान्तं
हृद्यर्केन्द्वग्न्योकसमीड्यं तडिदाभम् ।
भक्त्याराध्येहैव विशन्त्यात्मनि सन्तं
तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ४२ ॥

यम् - જે विज्ञान-ज्योतिषम् - વિજ્ઞાનરૂપ પ્રકાશવાળા आद्यम् - આદિ, સહુપ્રથમ सुविभान्तम् - સારી રીતે પ્રકાશતા हृदि - હૃદયમાં अर्क-इन्दु-अग्नि-ओकसम् - સૂર્ય, ચંદ્ર અને અગ્નિના નિવાસસ્થાનવાળા ईड्य - સ્તુતિ કરવા યોગ્ય तडिदाभम् - વીજળીના જેવા (આત્માને) भक्त्या - ભક્તિથી आराध्य - આરાધીને इह - અહીં एव - જ सन्तम् - રહેલા आत्मनि - આત્મામાં विशन्ति - (લોકો) પ્રવેશ કરે છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જે વિજ્ઞાનરૂપ પ્રકાશવાળા, આદિ, સારી રીતે પ્રકાશતા, હૃદયમાં સૂર્ય, ચંદ્ર અને અગ્નિના નિવાસસ્થાનવાળા, સ્તુતિ કરવા યોગ્ય, વીજળીના જેવા (આત્માને) ભક્તિથી આરાધીને અહીં જ રહેલા આત્મામાં (લોકો) પ્રવેશ કરે છે. તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૪૨)

पायाद्भक्तं स्वात्मनि सन्तं पुरुषं यो
भक्त्या स्तौतीत्याङ्गिरसं विष्णुरिमं माम् ।
इत्यात्मानं स्वात्मनि संहृत्य सदैक-
स्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥ ४३ ॥

यद् - જે विष्णुः - વ્યાપક स्वात्मनि - પોતાના આત્મામાં सन्तम् - રહેલા इमम् - આ आङ्गिरसम् - અંગોના સારરૂપ भक्तम् पुरुषम् - ભક્તરૂપી પુરુષની भक्त्या - ભક્તિથી स्तौति - સ્તુતિ કરે છે स माम् - મારું पायात् - રક્ષણ કરે इति - એમ आत्मानम् - આત્માને आत्मनि - આત્મામાં संहृत्य - એક કરીને सदा - સદા જે एकः - એક જ છે तम् - તે संसार... - વગેરે શ્લોક ૧ મુજબ.

જે વ્યાપક પોતાના આત્મામાં જ રહેલાં આ અંગોના સારરૂપ ભક્તરૂપી પુરુષની ભક્તિથી સ્તુતિ કરે છે, તે મારું રક્ષણ કરે, એમ આત્માને આત્મામાં એક કરીને જે સદા એક જ છે, તે સંસારના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરનાર શ્રીહરિની હું સ્તુતિ કરું છું. (૪૩)

इत्थं स्तोत्रं भक्तजनेड्यं
भवभीतिध्वान्तार्काभं भगवद्त्पादीयमिदं यः ।
विष्णोर्लोकं पठति शृणोति व्रजति
ज्ञो ज्ञानं ज्ञेयं स्वात्मनि चाप्नोति मनुष्यः ॥ ४४ ॥

भक्त-जन-ईड्यम् - ભક્તજનો વડે સ્તુતિ કરવા યોગ્ય भव-भीति-ध्वान्त-अर्क-आभम् - સંસારના ભયરૂપી અંધકાર(ના નાશ)માટે સૂર્ય સમાન भगवत्पादीयम् - ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરનાર इदम् - આ સ્તોત્રનું यः - જે पठति - પાઠ કરે છે शृणोति - સાંભળે છે તે विष्णुलोकम् - વિષ્ણુલોકમાં, વૈકુંઠમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

व्रजति - જાય છે અથવા मनुष्यः - માણસ ज्ञानम् - જ્ઞાની ज्ञेयम् - જ્ઞેયને स्वात्मनि - પોતાના આત્મામાં आप्नोति - પ્રાપ્ત કરે છે.

ભક્તજનો વડે સ્તુતિ કરવા યોગ્ય સંસારના ભવરૂપી અંધકારના નાશ માટે સૂર્ય સમાન ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરનાર આ સ્તોત્રનો જે પાઠ કરે છે, જે સાંભળે છે તે વિષ્ણુલોકમાં, વૈકુંઠમાં જાય છે અથવા માણસ જ્ઞાની જ્ઞેયને પોતાના આત્મામાં પ્રાપ્ત કરે છે.

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''हरिस्तुतिः'' संपूर्णा ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''હરિસ્તુતિઃ'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ श्रीमृत्युंजयमानसिकपूजास्तोत्रम् ॥

कैलासे कमनीयरत्नखचिते कल्पद्रुमूले स्थितं
कर्पूरस्फटिकेन्दुसुन्दरतनुं कात्यायनीसेवितम् ।
गङ्गातुङ्गतरङ्गरञ्जितजटाभारं कृपासागरं
कण्ठालंकृतशेषभूषणममुं मृत्युंजयं भावये ॥ १ ॥

कमनीय-रत्न-खचिते - સુંદર રત્નોથી જડેલ, कैलासे - કૈલાસમાં, कल्पद्रुमूले - કલ્પવૃક્ષના મૂળમાં, स्थितम् - બેઠેલ, कर्पूरस्फटिकेन्दु-सुन्दर-तनुम् - કપૂર, સ્ફટિક અને ચન્દ્ર જેવા સુંદર શરીરધારી, कात्यायनी-सेवितम् - પાર્વતીથી સેવાયેલા, गङ्गा-तुङ्ग-तरङ्ग-रञ्जित-जटाभारम् - ગંગાનાં ઊંચાં ઉછળતાં મોજાંથી ધવલ જટાવાળા, कृपासागरम् - કૃપાના સાગર, कण्ठ-अलंकृत-शेष-भूषणम् - કંઠમાં શેષનાગના અલંકારવાળા, अमुम् - આ, मृत्युंजयम् - મૃત્યુંજયનું, भावये - ધ્યાન ધરું છું.

સુંદર રત્નોથી જડેલ, કૈલાસમાં કલ્પવૃક્ષના મૂળમાં બેઠેલ, કપૂર, સ્ફટિક અને ચન્દ્ર જેવા સુંદર શરીરધારી, પાર્વતીથી સેવાયેલા, ગંગાનાં ઊંચાં ઉછળતાં મોજાંથી ધવલ જટાવાળા (અને) કૃપાના સાગર આ મૃત્યુંજયનું હું ધ્યાન ધરું છું. (૧)

आगत्य मृत्युंजय चन्द्रमौले
व्याघ्राजिनालंकृतशूलपाणे ।
स्वभक्तसंरक्षणकामधेनो
प्रसीद विश्वेश्वर पार्वतीश ॥ २ ॥

(हे) मृत्युंजय - હે મૃત્યુને જીતનાર, चन्द्रमौले - મસ્તકમાં ચન્દ્રધારી, व्याघ्राजिनालंकृत - વ્યાઘ્રચર્મથી શોભતા, शूलपाणे - ત્રિશુલધારી, स्वभक्त-संरक्षण-कामधेनो - પોતાના ભક્તોના રક્ષણ માટે કામધેનુ સમાન, विश्वेश्वर - વિશ્વનાથ, पार्वतीश - પાર્વતીપતિ, आगत्य - આવીને, प्रसीद - પ્રસન્ન થાઓ.

હે મૃત્યુંજય, મસ્તકમાં ચન્દ્રધારી, વ્યાઘ્રચર્મથી શોભતા, ત્રિશૂલધારી, પોતાના ભક્તોના રક્ષણ માટે કામધેનુ સમાન, વિશ્વનાથ, પાર્વતીપતિ, (આપ અહીં) આવીને પ્રસન્ન થાઓ. (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भास्वन्मौक्तिकतोरणे मरकतस्तम्भायुतालंकृते
सौधे धूपसुवासिते मणिमये माणिक्यदीपाञ्चिते ।
ब्रह्मेन्द्रामरयोगिपुंगवगणैर्युक्ते च कल्पद्रुमैः
श्रीमृत्युंजय सुस्थिरो भव विभो माणिक्यसिंहासने ॥ ३ ॥

भास्वन् - मौक्तिक-तोरणे - ચમકતાં મોતીનાં તોરણોવાળા, मरकत-स्तम्भायुता-अलंकृते (પોતાનાં પ્રતિબિંબ સાથે) મરકત મણિના હજારો થાંભલાઓથી શોભતા, मणिमये - મણિમય, माणिक्यदीप-अञ्चिते - માણેકના દીવાથી રમણીય, ब्रह्मा-इन्द्र-अमर-योगि-पुङ्गवगणैः - બ્રહ્મા, ઈન્દ્ર અને શ્રેષ્ઠ યોગીઓના સમૂહ સાથે, कल्पद्रुमैः च - અને કલ્પવૃક્ષોથી, युक्ते - યુક્ત, धूप-सुवासिते - ધૂપથી સુવાસિત, सौधे - મહાલયમાં, श्रीमृत्युंजय - હે મૃત્યુને જીતનાર, माणिक्यसिंहासने - માણેકનાં સિંહાસન પર, सुस्थिरः - સારી રીતે સ્થિર, भव - થાઓ.

ચમકતાં મોતીનાં તોરણોવાળાં (પોતાનાં પ્રતિબિંબને લીધે) મરકત મણિના હજારો થાંભલાઓથી શોભતા, મણિમય માણેકના દીવાથી રમણીય, બ્રહ્મા, ઈન્દ્ર અને શ્રેષ્ઠ યોગીઓના સમૂહ સાથે, કલ્પવૃક્ષોથી યુક્ત અને મહાલયમાં, ધૂપથી સુવાસિત, હે મૃત્યુંજય દેવ, માણેકનાં સિંહાસન પર સારી રીતે સ્થિર થાઓ. (૩)

मन्दारमल्लीकरवीरमाधवी-
पुंनागनीलोत्पलचम्पकान्वितैः ।
कर्पूरपाटीरसुवासितैर्जले
राधत्स्व मृत्युंजय पाद्यमुत्तमम् ॥ ४ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! मन्दार - मल्ली - करवीर - माधवी - पुंनाग - नीलोत्पल - चम्पक - अन्वितैः - મંદાર, જુઈ, કરેણ, માધવી, નાગકેસર, નીલકમલ અને ચંમ્પકથી યુક્ત; कर्पूर-पाटीर-सुवासितैः - કપૂર અને ચંદનથી સુગંધિત, जलैः - જળથી, उत्तमम् - ઉત્તમ, पाद्यम् - પાદ્યનો, आधत्स्व - સ્વીકાર કરો.

હે મૃત્યુંજય ! મંદાર, જુઈ, કરેણ, માધવી, નાગકેસર, નીલકમલ અને ચંપાથી યુક્ત, (અને) કપૂર તથા ચન્દનથી સુગંધિત જળરૂપ ઉત્તમ પાદ્યનો સ્વીકાર કરો. (૪)

सुगन्धपुष्पप्रकरैः सुवासितै-
र्वियन्नदीशीतलवारिभिः शुभैः ।
त्रिलोकनाथार्तिहरार्घ्यमादरा-
द्गृहाण मृत्युंजय सर्ववन्दित ॥ ५ ॥

हे त्रिलोक-नाथ-आर्ति-हर - હે ત્રણ લોકનાં દુઃખને હરવાવાળા, मृत्युंजय - મૃત્યુંજય, सर्व-वन्दित - સર્વની વંદના પામેલ, सुगन्ध-पुष्प-प्रकरैः - સુગંધી પુષ્પોના સમૂહથી, सुवासितैः - સુવાસિત, शुभैः - મંગલમય, वियन्नदी-शीतल-वारिभिः - આકાશગંગાનાં શીતલ જલથી યુક્ત, अर्घ्यम् - અર્ધ્યનો, आदरात् - આદરપૂર્વક, गृहाण - સ્વીકાર કરો.

હે ત્રણ લોકના દુઃખને હરવાવાળા (અને) સર્વની વંદના પામેલ મૃત્યુંજય ! સુગંધી પુષ્પોના સમૂહથી સુવાસિત, મંગલમય (અને) આકાશગંગાનાં શીતલ જલથી યુક્ત અને આદરપૂર્વક (અપાયેલા) અર્ધ્યનો સ્વીકાર કરો. (૫)

हिमाम्बुवासितैस्तोयैः शीतलैरतिपावनैः ।
मृत्युंजय महादेव शुद्धाचमनमाचर ॥ ६ ॥

हे मृत्युंजय - મૃત્યુંજય ! महादेव - મહાદેવ ! हिमाम्बु-वासितैः - હિમાલયના સુગંધિત, अतिपावनैः - અતિપવિત્ર, शीतलैः - ઠંડા तोयैः - જળ વડે, शुद्धाचमनम् - શુદ્ધ આચમન, आचर - કરો !

હે મૃત્યુંજય મહાદેવ ! હિમાલયનાં સુગંધિત અતિપવિત્ર ઠંડાં જળ વડે શુદ્ધ આચમન કરો. (૬)

गुडदधिसहितं मधुप्रकीर्णं
सुघृतसमन्वितधेनुदुग्धयुक्तम् ।
शुभकर मधुपर्कमाहर त्वं
त्रिनयन मृत्युहर त्रिलोकवन्द्य ॥ ७ ॥

हे शुभकर - હે શુભ કરવાવાળા ! त्रिनयन - ત્રિનેત્ર ! मृत्युहर - મૃત્યુને હરનાર, त्रिलोकवन्द्य - ત્રણ લોકથી વંદિત ! गुड-दधि-सहितम् - ગોળ અને દહીંથી યુક્ત, मधु-प्रकीर्णम् - મધ સાથેનો, सु-धृत-समन्वित-धेनु-दुग्ध-युक्तम् - સારા ઘી સાથે ગાયના દૂધવાળા, मधुपर्कम् - મધુપર્કનો, त्वम् - આપ, आहर - સ્વીકાર કરો.

હે શુભ કરવાવાળા, ત્રિનેત્ર, મૃત્યુને હરનાર, ત્રણે લોકથી વંદિત ! ગોળ અને દહીંથી યુક્ત (તથા) મધ સાથેના સારા ઘી અને ગાયના દૂધવાળા મધુપર્કનો આપ સ્વીકાર કરો. (૭)

पञ्चास्त्र शान्त पञ्चास्य पञ्चपातकसंहर ।
पञ्चामृतस्नानमिदं कुरु मृत्युंजय प्रभो ॥ ८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे पञ्चास्त्र - હે પાંચ અસ્ત્ર ધારણ કરનાર ! शान्त - શાંત पञ्चास्य - પાંચ મુખધારી ! पञ्च-पातक-संहर - પાંચ પાપનો સંહાર કરનાર ! मृत्युंजय - હે મૃત્યુંજય ! प्रभो - હે પ્રભુ ! इदम् - આ पञ्चामृत स्नानम् - આ પંચામૃત સ્નાન, कुरु - સ્વીકારો.

હે પાંચ અસ્ત્ર ધારણ કરનાર, શાંત, પાંચ મુખધારી, પાંચ પાપનો સંહાર કરનાર, મૃત્યુંજય પ્રભુ ! આ પંચામૃત સ્નાન સ્વીકારો. (૮)

[પાંચ પાપ : (૧) બ્રહ્મહત્યા, (૨) સુરાપાન, (૩) સુવર્ણની ચોરી (૪) ગુરુપત્ની સાથે દુર્વ્યવહાર અને (૫) આ ચારેયની સોબત.]

जगत्त्रयीख्यात समस्ततीर्थ-
समाहृतैः कल्मषहारिभिश्च ।
स्नानं सुतोयैः समुदाचर त्वं
मृत्युंजयानन्तगुणाभिराम ।। ९ ।।

हे जगत्त्रयी-ख्यात - હે ત્રણેય જગતમાં પ્રસિદ્ધ, मृत्युंजय - મૃત્યુંજય ! अनन्त-गुण-अभिराम - અનંત ગુણોથી સુંદર, कल्मष-हारिभिः - પાપહારક, च - અને, समस्त-तीर्थ-समाहृतैः - સર્વ તીર્થોમાંથી લાવેલ, सुतोयैः - સરસ જળથી, त्वम् - આપ, स्नान - સ્નાન, समुदाचर - સારી રીતે કરો.

હે ત્રણ જગતમાં પ્રસિદ્ધ મૃત્યુંજય ! અનંત ગુણોથી સુંદર પાપહારક અને સર્વતીર્થોમાંથી લાવેલ સરસ જળથી આપ સારી રીતે સ્નાન કરો. (૯)

आनीतेनातिशुभ्रेण कौशेयेनामरद्रुमात् ।
मार्जयामि जटाभारं शिव मृत्युंजय प्रभो ।। १० ।।

हे शिव - હે શિવ ! मृत्युंजय - મૃત્યુંજય ! प्रभो - પ્રભુ, अमर-द्रुमात् - કલ્પવૃક્ષથી, आनीतेन - લાવેલ, अतिशुभ्रेण - અતિ સફેદ, कौशेयेन - રેશમી વસ્ત્રથી, जटाभारम् - જટાને, मार्जयामि - સંવારું છું.

હે શિવ ! મૃત્યુંજય ! પ્રભુ ! કલ્પવૃક્ષથી લાવેલા અતિ સફેદ રેશમી વસ્ત્રથી જટાને હું સંવારું છું. (૧૦)

नानाहेमविचित्राणि चीरचीनाम्बराणि च ।
विविधानि च दिव्यानि मृत्युंजय सुधारय ।। ११ ।।

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! विविधानि - અનેક જાતના, दिव्यानि - દિવ્ય, नाना-हेम-विचित्राणि - અનેક સોનાના તારથી સજાવેલા, चीर-चीन-अम्बराणि - ચીન દેશના રેશમી વસ્ત્રો, सुधारय - ધારણ કરો.

હે મૃત્યુંજય ! અનેક જાતનાં દિવ્ય અને અનેક સોનાના તારથી સજાવેલાં (ચિત્રવિચિત્ર) ચીન દેશનાં રેશમી વસ્ત્રો ધારણ કરો. (૧૧)

विशुद्धमुक्ताफलजालरम्यं
मनोहरं काञ्चनहेमसूत्रम् ।
यज्ञोपवीतं परमं पवित्र-
माधत्स्व मृत्युंजय भक्तिगम्य ।। १२ ।।

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! भक्तिगम्य - (કેવળ) ભક્તિથી પ્રાપ્ય, विशुद्ध-मुक्ताफल-जाल-रम्यम् - શુદ્ધ મોતીના સમૂહથી સુંદર, काञ्चन-हेमसूत्रम् - સોનાના તારવાળું, मनोहरम् - મનોહારી, परमम् - પરમ, पवित्रम् - પવિત્ર, यज्ञोपवीतम् - જનોઈ, आधत्स्व - ધારણ કરો.

હે (કેવળ) ભક્તિથી પ્રાપ્ય મૃત્યુંજય ! શુદ્ધ મોતીના સમૂહથી સુંદર, સોનાના તારવાળું, મનોહારી, પરમ પવિત્ર જનોઈ (આપ) ધારણ કરો. (૧૨)

श्रीगन्धं घनसारकुङ्कुमयुतं कस्तूरिकापूरितं
कालेयेन हिमाम्बुना विरचितं मन्दारसंवासितम् ।
दिव्यं देवमनोहरं मणिमये पात्रे समारोपितं
सर्वाङ्गेषु विलेपयामि सततं मृत्युंजय श्रीविभो ।। १३ ।।

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! श्रीविभो - પ્રભુ ! दिव्य - દિવ્ય, देवमनोहरम् - દેવને પણ મનોહર, मणिमये - મણિમય, पात्रे - પાત્રમાં, समारोपितम् - મૂકેલ, घनसार-कुङ्कुम-युतम् - કપૂર અને કંકુથી યુક્ત, कस्तुरीक-आपूरितम् - કસ્તુરી ભેળવેલ, कालेयेन - કાળા અગરુ, हिमाम्बुना - અને હિમજળથી, विरचितम् - તૈયાર કરેલ, मन्दार-संवासितम् - મંદારથી સુવાસિત, श्रीगन्धम् - ચન્દનનું, सर्वाङ्गेषु - સર્વ અંગોમાં, विलपयामि - વિલેપન કરું છું.

હે મૃત્યુંજય પ્રભુ ! દિવ્ય ! દેવોને પણ મનોહર, મણિમય પાત્રમાં મૂકેલ, કપૂર અને કંકુથી યુક્ત, કસ્તુરી ભેળવેલ, કાળા અગરુ અને હિમજળથી તૈયાર કરેલ, મંદારથી સુવાસિત ચન્દનનું સર્વ અંગોમાં હું સતત વિલેપન કરું છું. (૧૩)

अक्षतैर्धवलैर्दिव्यैः सम्यक्तिलसमन्वितैः ।
मृत्युंजय महादेव पूजयामि वृषध्वज ।। १४ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! महादेव - મહાદેવ ! वृषध्वज - વૃષભધ્વજ ! सम्यक् - સારી રીતે तिल-समन्वितैः - તલયુક્ત, दिव्यैः - દિવ્ય, धवलैः - શ્વેત, अक्षतैः - ચોખાથી, पूजयामि - પૂજન કરું છું.

હે મૃત્યુંજય મહાદેવ ! વૃષભધ્વજ ! સારી રીતે તલયુક્ત દિવ્ય શ્વેત ચોખાથી હું આપનું પૂજન કરું છું. (૧૪)

चम्पकपङ्कजकुरबक-
कुन्दैः करवीरमल्लिकाकुसुमैः ।
विस्तारय निजमुकुटं
मृत्युंजय पुण्डरीकनयनाप्त ॥ १५ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! पुण्डरीक-नयन - કમળ નયન, आप्त - જીવના અત્યંત નજીકના સગા ! चम्पक-पंकज-कुरबक-कुन्दैः - ચંપો, કમળ, કુરવક મોગરો, करवीर-मल्लिका-कुसुमैः - કરેણ માલતી વગેરે પુષ્પોથી, निज-मुकुटम् - પોતાના મુગટને, विस्तारय - વિસ્તારીને શોભાવો.

હે મૃત્યુંજય ! કમલનયન ! જીવના અત્યંત નજીકના સગા ! ચંપો, કમળ, કુરબક, મોગરો, કરેણ, માલતી વગેરે પુષ્પોથી પોતાના મુગટને વિસ્તારીને શોભાવો ! (૧૫)

माणिक्यपादुकाद्वन्द्वे मौनिहृत्पद्ममन्दिरे ।
पादौ सत्पद्मसदृशौ मृत्युंजय निवेशय ॥ १६ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! मौनि-हृत्-पद्म-मन्दिरे - મુનિઓનાં હૃદયકમળનાં મંદિર સમાન माणिक्य-पादुका-द्वन्द्वे - માણેકની બે પાદુકા ઉપર सत्पद्म-सदृशौ - ઉત્તમ કમળ સમાં पादौ - બંને ચરણ निवशय - મૂકો.

હે મૃત્યુંજય ! મુનિઓનાં હૃદયકમળનાં મંદિર સમાન માણેકની બે પાદુકા પર ઉત્તમ કમળ સમાં (આપનાં) બંને ચરણ મૂકો. (૧૬)

माणिक्यकेयूरकिरीटहारैः
काञ्चीमणिस्थापितकुण्डलैश्च ।
मञ्जीरमुख्याभरणैर्मनोज्ञै-
रङ्गानि मृत्युंजय भूषयामि ॥ १७ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! माणिकय-केयूर-किरीट-हारैः - માણેકના બાજુબંધ, મુગટ અને હારથી काञ्चीमणि-स्थापित-कुण्डलैः - મેખલા અને મણિયુક્ત કુંડળથી च - તથા मनोज्ञैः - મનોહર मञ्जीर-मुख्य-आभरणैः - નૂપુર વગેરે આભૂષણોથી अंगानि - અંગોને भूषयामि - અલંકૃત કરું છું.

હે મૃત્યુંજય ! માણેકના બાજુબંધ, મુગટ અને હારથી, મેખલા અને મણિયુક્ત કુંડળથી તથા મનોહર નૂપુર વગેરે આભૂષણોથી અંગોને હું અલંકૃત કરું છું. (૧૭)

गजवदनस्कन्दधृते-
नातिस्वच्छेन चामरयुगेन ।
गलदलकाननपद्मं
मृत्युंजय भावयामि हृत्पद्मे ॥ १८ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! गजवदन-स्कन्द-धृतेन - ગણેશ અને કાર્તિકેયે ધારણ કરેલ, अतिस्वच्छेन - અતિસ્વચ્છ, चामर-युगेन - બે ચામર (ઢોળાતાં), गलद्-अलक-आनन-पद्मम् - (ગંગા) જળ ટપકી રહેલ વાંકડિયા કેશ યુક્ત મુખકમલવાળા (આપનું), हृत्पद्मे - હૃદયકમળમાં, भावयामि - ભાવપૂર્વક ધ્યાન કરું છું.

હે મૃત્યુંજય ! ગણેશ અને કાર્તિકેયે ધારણ કરેલ, અતિસ્વચ્છ બે ચામર (ઢોળાતાં અને ગંગા)જળ ટપકી રહેલ વાંકડિયા કેશયુક્ત મુખકમળવાળા હૃદયકમળમાં આપનું ભાવપૂર્વક હું ધ્યાન ધરું છું. (૧૮)

मुक्तातपत्रं शशिकोटिशुभ्रं
शुभप्रदं काञ्चनदण्डयुक्तम् ।
माणिक्यसंस्थापितहेमकुम्भं
सुरेश मृत्युंजय तेऽर्पयामि ॥ १९ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! सुरेश - દેવાધિદેવ ! शुभप्रदम् - શુભદાયક, काञ्चनदण्डयुक्तम् - સોનાના દંડવાળું, शशि-कोटि-शुभ्रम् - કરોડો ચન્દ્ર જેવું શ્વેત, माणिक्य-स्थापित-हेम-कुम्भम् - માણેક-જડેલ સોનાના કુંભયુક્ત, मुक्ता-आतपत्रम् - મોતીનું છત્ર, તે આપને; अर्पयामि - અર્પણ કરું છું.

હે મૃત્યુંજય ! દેવાધિદેવ ! શુભદાયક, સોનાના દંડવાળું, કરોડો ચન્દ્ર જેવું સફેદ, માણેક જડેલ સોનાના કુંભ યુક્ત મોતીનું છત્ર આપને અર્પણ કરું છું. (૧૯)

मणिमुकुरे निष्पटले
त्रिजगद्गाढान्धकारसप्ताश्वे ।
कंदर्पकोटिसदृशं
मृत्युंजय पश्य वदनमात्मीयम् ॥ २० ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! निष्पटले - આવરણ વિનાના, त्रिजगद्-गाढ-अन्धकार-सप्ताश्वे - ત્રણ જગતનો ગાઢ અંધકાર દૂર કરવા માટે સૂર્ય સમાન, मणि-मुकुरे - મણિયુક્ત અરીસામાં, कन्दर्प-कोटि-सदृशम् - કરોડો કામદેવ સમાન, आत्मीयम् - આપનું, वदनम् - મુખ, पश्य - જુઓ.

હે મૃત્યુંજય ! આવરણ વિનાના, ત્રણ જગતનો ગાઢ અંધકાર દૂર કરવા માટે સૂર્ય સમાન, મણિયુક્ત, અરીસામાં, કરોડો કામદેવ સમાન આપનું મુખ જુઓ. (૨૦)

कर्पूरचूर्णं कपिलाज्यपूतं
दास्यामि कालेयसमन्वितैश्च ।
समुद्भवं पावनगन्धधूपितं
मृत्युंजयाङ्गं परिकल्पयामि ॥ २१ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! कालेय-समन्वितैः - કાળાં અગરુ ચન્દનથી યુક્ત, पावन-गन्ध-धूपितम् - પવિત્ર ગન્ધથી ધૂપિત, कपिला-आज्य-पूतम् - કપિલા ગાયનાં ઘીથી પવિત્ર, कर्पूर-चूर्णम् - કપૂરના ભૂકાથી, समुद्भवम् - સારી રીતે તૈયાર કરેલ, अङ्गम् - અંગરાગનું, परिकल्पयामि - વિલેપન કરું છું.

હે મૃત્યુંજય ! કાળા અગરુ ચન્દનથી યુક્ત, પવિત્ર ગન્ધથી ધૂપિત, કપિલા ગાયનાં ઘીથી પવિત્ર કપૂરના ભૂકાથી સારી રીતે તૈયાર કરેલ અંગરાગનું હું વિલેપન કરું છું. (૨૧)

वर्तित्रयोपेतमखण्डदीप्त्या
तमोहरं बाह्यमथान्तरं च ।
साज्यं समस्तामरवर्गहृद्यं
सुरेश मृत्युंजय वंशदीपम् ॥ २२ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! सुरेश - દેવાધિદેવ ! अखण्डदीप्त्या - અખંડતેજથી, बाह्यम् - બહારના, च - અને, आन्तरम् - અંદરના, तमोहरम् - અંધકાર હરનાર, वर्ति-त्रय-उपेतम् - ત્રણ વાટવાળા, साज्यम् - ઘીથી યુક્ત, समस्त अमर-वर्ग-हृद्यम् - સમસ્ત દેવગણને આનંદ આપનાર, वंशदीपम् - વાંસમાં મૂકેલા દીવાને (સ્વીકારો).

હે મૃત્યુંજય ! દેવાધિદેવ ! અખંડ તેજથી બહારના અને અંદરના અંધકારને હરનાર, ત્રણ વાટવાળા, ઘીથી યુક્ત, સમસ્ત દેવગણને આનંદ આપનાર, વાંસમાં મૂકેલા દીવાને (સ્વીકારો). (૨૨)

राजान्नं मधुरान्वितं च मृदुलं माणिक्यपात्रे स्थितं
हिङ्गूजीरकसन्मरीचिमिलितैः शाकैरनेकैः शुभैः ।
शाकं सम्यगपूपसूपसहितं सद्यो घृतेनाप्लुतं
श्रीमृत्युंजय पार्वतीप्रिय विभो सापोशनं भुज्यताम् ॥ २३ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! पार्वतीप्रिय - પાર્વતીપતિ ! विभो - પ્રભુ ! हिङ्गूजीरक-सन्मरीचि-मिलितैः - હિંગ, જીરું અને શ્રેષ્ઠ મરીથી યુક્ત, अनेकैः - અનેક, शुभैः - સારાં, शाकैः - શાક સાથે, माणिक्यपात्रे - માણેક્નાં પાત્રમા, स्थितम् - રહેલ, मृदुल - કોમળ, च - અને, मधुरान्वितम् - મધયુક્ત, राजान्नं - રાજવી અન્ન, अपूप-सूप-सहितम् - વડા અને ઓસામણ સાથે, सद्यः - તાજાં, घृतेन - ઘીથી, सम्यक् - સારી રીતે, आप्लुतम् - વઘારેલ, शाकम् - શાક, सापोशनम् - અપોષણ સાથે, भुज्यताम् - જમો.

હે મૃત્યુંજય ! પાર્વતીપતિ પ્રભુ ! હિંગ, જીરું, અને શ્રેષ્ઠ મરીથી યુક્ત અનેક સારાં શાકો સાથે માણેકનાં પાત્રમાં રહેલ, કોમળ અને મધુયુક્ત રાજવી અન્ન (અને) વડાં તથા ઓસામણ સાથે, તાજાં ઘીમાં સારી રીતે વઘારેલ શાક, અપોષણ સાથે, (આપ) જમો. (૨૩)

कूश्माण्डवार्ताकपटोलिकानां
फलानि रम्याणि च कारवल्ल्या ।
सुपाकयुक्तानि ससौरभाणि
श्रीकण्ठ मृत्युंजय भक्षयेश ॥ २४ ॥

हे श्रीकण्ठ - સુંદર કંઠવાળા ! मृत्युंजय - મૃત્યુંજય ! इश - મહેશ ! कारवल्ल्या - કારેલા સાથે रम्याणि - મધુર, फलानि - ફળો, कूश्माण्ड-वार्ताक-पटोलिकानाम् - કોળાં, રીંગણ અને પરવરનાં, सुपाक-युक्तानि - સારી રીતે પકવેલાં, ससौरभाणि - સુગંધી, फलानि - શાક, भक्षय - જમો.

હે સુંદર કંઠવાળા, મૃત્યુંજય ! મહેશ ! કારેલા સાથે મધુર ફળો કોળુ, રીંગણ અને પરવરનાં સારી રીતે પકવેલાં સુગંધી શાક (આપ) જમો. (૨૪)

शीतलं मधुरं स्वच्छं पावनं वासितं लघु ।
मध्ये स्वीकुरु पानीयं शिव मृत्युंजय प्रभो ॥ २५ ॥

हे शिव - હે શિવ ! मृत्युंजय - મૃત્યુંજય ! प्रभो - પ્રભુ ! शीतलम् - ઠંડું, मधुरम् - મધુર, स्वच्छम् - સ્વચ્છ, पावनम् - પવિત્ર, लघु - હળવું, पानीयम् - પાણીનો, मध्ये - ભોજનની મધ્યમાં, स्वीकुरु - સ્વીકાર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે શિવ ! મૃત્યુંજય ! પ્રભુ ! ઠંડાં, મધુર, સ્વચ્છ, પવિત્ર સુવાસિત અને હળવાં જળનો (ભોજનની) મધ્યમાં સ્વીકાર કરો. (૨૫)

शर्करामिलितं स्निग्धं दुग्धान्नं गोघृतान्वितम् ।
कदलीफलसंमिश्रं भुज्यतां मृत्युसंहर ॥ २६ ॥

હે मृत्युसंहर - હે મૃત્યુને હરી લેનાર ! शर्करामिलितम् - સાકર-સંમિશ્રિત, गोघृतान्वितम् - ગાયનાં ઘીથી યુક્ત, स्निग्धम् - ચીકાશવાળું, कदलीफलसंमिश्रम् - કેળાં મેળવેલ, दुग्धान्नम् - દૂધપાક, भुज्यताम् - જમો.

હે મૃત્યુને હરી લેનાર ! સાકર-સંમિશ્રિત, ગાયનાં ઘીથી યુક્ત ચીકાશવાળું, કેળાં-મેળવેલ દૂધપાક (આપ) જમો. (૨૬)

केवलमतिमाधुर्यं
दुग्धैः स्निग्धैश्च शर्करामिलितैः ।
एलामरीचिमिलितं
मृत्युंजय देव भुङ्क्ष्व परमान्नम् ॥ २७ ॥

હે मृत्युंजय - હે મૃત્યુંજય ! देव - દેવ ! शर्करामिलितैः - સાકરથી મિશ્રિત, स्निग्धः - (કઢવાને લીધે) ચીકાશવાળું, दुग्धैः - દૂધથી, केवलम् - ખૂબ જ, अतिमाधुर्यम् - અતિમધુર, एला-मरीचि-मिलितम् - એલાયચી તથા મરી નાખેલ, परमान्नम् - ઉત્તમ અન્ન, भुङ्क्ष्व - જમો.

હે મૃત્યુંજય દેવ ! સાકરથી મિશ્રિત, (સારી રીતે કઢવાને લીધે) ચીકાશયુક્ત, દૂધથી ખૂબ જ અતિમધુર અને એલાયચી તથા મરી નાખેલ ઉત્તમ અન્ન (આપ) જમો. (૨૭)

रम्भाचूतकपित्थकण्टकफलैर्द्राक्षारसस्वादुम-
त्खर्जूरैर्मधुरेक्षुखण्डशकलैः सन्नारिकेलाम्बुभिः ।
कर्पूरेण सुवासितैर्गुडजलैर्माधुर्ययुक्तैर्विभो
श्रीमृत्युंजय पूरय त्रिभुवनाधारं विशालोदरम् ॥ २८ ॥

હે मृत्युंजय विभो - હે મૃત્યુંજય પ્રભુ ! रम्भा-चूत-कपित्थ-कण्टक-फलैः - કેળાં, કેરી, કોઠાં અને ફણસનાં ફળો વડે; द्राक्षारस-स्वादुमत्-खर्जूरैः - દ્રાક્ષના રસ અને સ્વાદિષ્ઠ ખજૂર વડે, मधुर-इक्षु-खण्ड-शकलैः - મીઠી શેરડીના ટુકડા વડે, सन्नारिकेल - अम्बुभिः - સારાં નાળિયેરનાં પાણી વડે, कर्पूरेण - કપૂરથી, सुवासित - સુવાસિત, माधुर्ययुक्तैः - મધુર, गुडजलैः - ગોળનાં પાણીથી, त्रिभुवनाधारम् - ત્રણ ભુવનના આધારરૂપ, विशाल-उदरम् - વિશાળ ઉદરને, पूरय - તૃપ્ત કરો.

હે મૃત્યુંજય પ્રભુ ! કેળાં, કેરી, કોઠાં અને ફણસનાં ફળો વડે, દ્રાક્ષના રસ અને સ્વાદિષ્ઠ ખજૂર તથા મીઠી શેરડીના ટુકડા (તથા) ઉત્તમ નાળિયેરનાં જળ (અને) કપૂરથી સુવાસિત, મધુર ગોળનાં જળથી, ત્રણ ભુવનના આધારરૂપ વિશાળ ઉદરને (આપ) તૃપ્ત કરો. (૨૮)

मनोज्ञरम्भावनखण्डखण्डिता-
न्रुचिप्रदान्सर्षपजीरकांश्च ।
ससौरभान्सैन्धवसेवितांश्च
गृहाण मृत्युंजय लोकवन्द्य ॥ २९ ॥

लोकवन्द्य - લોકવંદનીય, हे मृत्युंजय - હે મૃત્યુંજય ! ससौरभान् - સુગંધિત, सैन्धवसेवितान् - સિન્ધાલુણ નાખેલાં, रुचिप्रदान् - રુચિપ્રદ, सर्षपजीरकान् - સરસવ એને જીરાંવાળાં, मनोज्ञरम्भा-वन-खण्ड-खण्डितान् - સુંદર કેળાંઓના ટુકડાઓનો, ग्रहाण - સ્વીકાર કરો.

હે ત્રિલોકવંદનીય મૃત્યુંજય ! સુગંધિ સિન્ધાલુણ નાખેલાં, રુચિપ્રદ, સરસવ અને જીરાંવાળાં સુંદર કેળાના ટુકડાઓનો (આપ) સ્વીકાર કરો. (૨૯)

हिङ्गूजीरकसहितं
विमलामलकं कपित्थमतिमधुरम् ।
बिसखण्डाँल्लवणयुता-
न्मृत्युंजय तेऽर्पयामि जगदीश ॥ ३० ॥

હે मृत्युंजय - હે મૃત્યુંજય ! जगदीश - જગદીશ ! हिङ्गूजीरकसहितम् - હીંગ અને જીરાયુક્ત, विमल-आमलकम् - સ્વચ્છ આમળાં, अतिमधुरम् - અતિમધુર, कपित्थम् - કોઠાં, लवणयुतान् - મીઠાવાળા, बिस-खण्डान् - કમળનાળના ટુકડાને, ते - આપને, अर्पयामि - અર્પણ કરું છું.

હે જગદીશ ! મૃત્યુંજય ! હીંગ અને જીરાયુક્ત સ્વચ્છ આમળાં, અતિમધુર કોઠાં, મીઠાવાળા કમળનાળના ટુકડા હું આપને અર્પણ કરું છું. (૩૦)

एलाशुण्ठीसहितं
दध्यन्नं चारुहेमपात्रस्थम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अमृतप्रतिनिधिमाढ्यं
मृत्युंजय भुज्यतां त्रिलोकेश ॥ ३१ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! त्रिलोकेश - ત્રિલોકાધિપતિ ! एला-शुण्ठी-सहितम् - એલાયચી અને સૂંઠથી યુક્ત, चारु-हेम-पात्र-स्थम् સુંદર સુવર્ણપાત્રમાં રહેલ, अमृत-प्रतिनिधिम् - અમૃતતુલ્ય, आढ्यम् - જામેલું, दध्यन्नम् - દહીં, भुज्यताम् - જમો.

હે ત્રિલોકાધિપતિ મૃત્યુંજય ! એલાયચી અને સૂંઠથી યુક્ત, સુંદર સુવર્ણપાત્રમાં રહેલ, અમૃતતુલ્ય, જામેલું દહીં જમો. (૩૧)

जम्बीरनीराञ्चितशृङ्गबेरं
मनोहरानम्लशलाटुखण्डान् ।
मृदूपदंशान्सहसोपभुङ्क्ष्व
मृत्युंजय श्रीकरुणासमुद्र ॥ ३२ ॥

करुणासमुद्र - દયાસાગર, हे मृत्युंजय - હે મૃત્યુંજય ! जम्बीरनीर-अंचित-शृङ्गबेरं - આદુયુક્ત અને જમ્બીરના રસ યુક્ત, मनोहरान् - મનોહારી, अम्ल-शलाटु-खण्डान् - ખાટાં બિલ્લાનાં પતીકાં, मृदु-उपदंशान् - મૃદુ (સારી રીતે) પીસેલી ચટણીને, सहसा - જલદી, उपभुङ्क्ष्व - આરોગો.

હે દયાસાગર મૃત્યુંજય ! આદુ અને જમ્બીરના (મોટું લીંબું) રસયુક્ત, મનોહારી, ખાટાં બિલ્લાનાં પતીકાં (તથા) મૃદુ (સારી રીતે) પીસેલી ચટણીને જલદી (આપ) આરોગો. (૩૨)

नागररामठयुक्तं
सुललितजम्बीरनीरसंपूर्णम् ।
मथितं सैन्धवसहितं
पिब हर मृत्युंजय क्रतुध्वंसिन् ॥ ३३ ॥

हर मृत्युंजय - હે હર ! મહાદેવ ! મૃત્યુંજય ! क्रतुध्वंसिन् - યજ્ઞના વિધ્વંસક, नागर-रामठ-युक्तम् - સૂંઠ અને હિંગથી યુક્ત, सुललित-जम्बीर-नीर-संपूर्णम् સુંદર લીંબુના રસથી પૂર્ણ, सैन्धव-सहितम् - સિન્ધાલુણ નાખેલું, मथितम् - બરાબર વલોવેલ પેય, पिष - પીઓ.

હે હર મૃત્યુંજય અને યજ્ઞના વિધ્વંસક ! સૂંઠ અને હિંગથી યુક્ત, સુંદર લીંબુના રસથી પૂર્ણ, સિન્ધાલુણ નાખેલ (અને) બરાબર વલોવેલ પેય (આપ) પીઓ. (૩૩)

मन्दारहेमाम्बुजगन्धयुक्तै-
र्मन्दाकिनीनिर्मलपुण्यतोयैः ।
गृहाण मृत्युंजय पूर्णकाम
श्रीमत्परापोशनमभ्रकेश ॥ ३४ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! पूर्णकाम - પૂર્ણકામ ! श्रीमत् - શ્રીમાન, अभ्रकेश - આકાશ શા કેશવાળા, मन्दार-हेम-अम्बुज-गन्ध-युक्तैः - મંદાર અને સુવર્ણકમળની સુગંધવાળા, मन्दाकिनी - निर्मल-पुण्य-तोयैः - ગંગાનાં નિર્મળ પવિત્ર પાણીથી, परापोशन - ભોજનાંત જળ, गृहाण - સ્વીકારો

હે પૂર્ણકામ, શ્રીમાન્ અને આકાશ શા કેશવાળા, મૃત્યુંજય ! મંદાર અને સુવર્ણકમળની સુગંધવાળાં ગંગાનાં નિર્મળ પવિત્ર પાણીથી ભોજનાંત જળ (આપ) સ્વીકારો. (૩૪)

गगनधुनीविमलजलै-
र्मृत्युंजय पद्मरागपात्रगतैः ।
मृगमदचन्दनपूर्णं
प्रक्षालय चारु हस्तपदयुग्मम् ॥ ३५ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! पद्मराग - पात्र-गतैः - પદ્મ રાગ મણિજડિત પાત્રમાં રહેલ गगनधुनी-विमल-जलैः - ગંગાના વિમળ જળથી કસ્તુરી અને ચન્દનના લેપવાળા, हस्त-पाद-युग्मम् - (આપના) બંને હાથ અને બંને પગ, प्रक्षालय - ધુઓ.

હે મૃત્યુંજય, પદ્મરાગમણિ-જડિત પાત્રમાં રહેલ ગંગાનાં નિર્મળ જળથી, કસ્તુરી અને ચન્દનના લેપવાળા (આપના) બંને હાથ અને બંને પગ ધુઓ. (૩૫)

पुंनागमल्लिकाकुन्दवासितैर्जाह्नवीजलैः ।
मृत्युंजय महादेव पुनराचमनं कुरु ॥ ३६ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! મહાદેવ - મહાદેવ ! पुंनाग-मल्लिका-कुन्द-वासितैः - નાગકેસર, જુઈ તથા મોગરાથી સુવાસિત; जाह्नवी-जलैः - ગંગાજળથી, पुनः - ફરી, आचमनम् - આચમન કરો.

હે મૃત્યુંજય મહાદેવ ! નાગકેસર, જુઈ અને મોગરાથી સુવાસિત ગંગાજળથી ફરી આચમન કરો. (૩૬)

मौक्तिकचूर्णसमेतै-
र्मृगमदघनसारवासितैः पूगैः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पर्णैः स्वर्णसमानै-

मृत्युंजय तेऽर्पयामि ताम्बूलम् ॥ ३७ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! मौक्तिक-चूर्ण-समेतैः - મોતીની ભસ્મયુક્ત, मृगमद-घनसार-वासितैः - કસ્તૂરી અને કપૂરથી સુવાસિત, पुगैः - સોપારી, स्वर्णसमानैः - સોનેરી, पर्णैः - પાન સાથે, ताम्बूलम् - તામ્બૂલ, ते - આપને, अर्पयामि - હું અર્પણ કરું છું.

હે મૃત્યુંજય, મોતીની ભસ્મયુક્ત, કસ્તૂરી અને કપૂરથી સુવાસિત, સોપારી (અને) પાન સાથે તામ્બૂલ આપને હું અર્પણ કરું છું. (૩૭)

नीराजनं निर्मलदीप्तिमद्भि-

र्दीपाङ्कुरैरुज्ज्वलमुच्छ्रितैश्च ।

घण्टानिनादेन समर्पयामि

मृत्युंजयाय त्रिपुरान्तकाय ॥ ३८ ॥

निर्मल-दीप्तिद्भिः - નિર્મળ તેજવાળી, उच्छ्रितैः - ઊંચી, दीपाङ्कुरैः - દીપ-કલિકાઓ, उज्ज्वल - ઉજ્જ્વળ, नीराजनम् - આરતી, घण्टानिनादेन - ઘંટાના અવાજ સાથે, त्रिपुरान्तकाय - ત્રિપુરારિ, मृत्युंजयाय - મૃત્યુંજયને, समर्पयामि - સમર્પિત કરું છું.

નિર્મળ તેજવાળા, ઊંચી દીપ-કલિકાઓ વડે ઉજ્જ્વળ આરતી ઘંટાના અવાજ સાથે ત્રિપુરારિ મૃત્યુંજયને હું સમર્પિત કરું છું. (૩૮)

विरिञ्चिमुख्यामरवृन्दवन्दिते

सरोजमत्स्याङ्कितचक्रचिह्निते ।

ददामि मृत्युंजय पादपङ्कजे

फणीन्द्रभूषे पुनरर्घ्यमीश्वर ॥ ३९ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! ईश्वर - ઈશ્વર ! विरञ्चि-मुख्य-अमर-वृन्द-वन्दिते - જેમાં બ્રહ્મા મુખ્ય છે તે દેવગણથી વંદિત, सरोज-मत्स्य-अङ्कित-चक्र-चिह्निते - કમળ, મત્સ્ય અને ચક્રનાં ચિહ્નવાળા, फणीन्द्र-भूषे - ઉત્તમ નાગોથી અલંકૃત, पादपङ्कजे - ચરણકમળમાં पुनः ફરી, अर्घ्यम् - અર્ધ્ય, ददामि - આપું છું.

હે મૃત્યુંજય ઈશ્વર ! જેમાં બ્રહ્મા મુખ્ય છે તે દેવગણથી વંદિત, કમળ, મત્સ્ય અને ચક્રનાં ચિહ્નવાળા ઉત્તમ નાગોથી અલંકૃત (આપનાં) ચરણકમળમાં ફરી અર્ધ્ય આપું છું. (૩૯)

पुनांगनीलोत्पलकुन्दजाती-

मन्दारमल्लीकरवीरपङ्कजैः ।

पुष्पाञ्जलिं बिल्वदलैस्तुलस्या

मृत्युंजयाङ्घ्रौ विनिवेशयामि ॥ ४० ॥

पुनांग-नीलोत्पल-कुन्द-जाती-मन्दार-मल्ली-करवीर-पङ्कजैः - નાગકેસર, નીલકમળ, મોગરો, જુઈ, મંદાર, મલ્લિકા, કરેણ અને કમળ વડે, बिल्वदलैः - બિલીપત્ર વડે, तुलस्या - તુલસી સાથે, मृत्युंजयाङ्घ्रौ - મૃત્યુંજયનાં ચરણમાં, पुष्पाञ्जलिम् - પુષ્પાંજલિ, विनिवेशयामि - ધરું છું.

નાગકેસર, નીલકમળ, મોગરો, જુઈ, મંદાર, મલ્લિકા, કરેણ અને કમળ(નાં પુષ્પો)થી તથા બિલીપત્ર અને તુલસી સાથે મૃત્યુંજયનાં ચરણમાં હું પુષ્પાંજલિ ધરું છું. (૪૦)

पदे पदे सर्वतमोनिकृन्तनं

पदे पदे सर्वशुभप्रदायकम् ।

प्रदक्षिणं भक्तियुतेन चेतसा

करोमि मृत्युंजय रक्ष रक्ष माम् ॥ ४१ ॥

हे मृत्युंजय - હે મૃત્યુંજય ! पदे पदे - પગલે ને પગલે, सर्व-तमोनिकृन्तनम् - સર્વ અંધકાર દૂર કરનાર, पदे पदे - પગલે ને પગલે, सर्व-शुभ-प्रदायकम् - સર્વ શુભ વિતરણ કરનારી, भक्तियुतेन - ભક્તિયુક્ત, चेतसा - ચિત્તથી, प्रदक्षिणाम् - પ્રદક્ષિણા, करोमि - કરું છું, माम् - મારી, रक्ष - રક્ષા કરો, रक्ष - રક્ષા કરો.

હે મૃત્યુંજય ! પગલે ને પગલે સર્વ અંધકાર દૂર કરનારી, પગલે ને પગલે સર્વ શુભ વિતરણ કરનારી, પ્રદક્ષિણા હું ભક્તિયુક્ત ચિત્તથી કરું છું : મારી રક્ષા કરો રક્ષા કરો. (૪૧)

नमो गौरीशाय स्फटिकधवलाङ्गाय च नमो

नमो लोकेशाय स्तुतविबुधलोकाय च नमः ।

नमः श्रीकण्ठाय क्षपितपुरदैत्याय च नमो

नमः फालाक्षाय स्मरमदविनाशाय च नमः ॥ ४२ ॥

गौरीशाय - પાર્વતીપતિને, नमः - નમસ્કાર હો ! स्फटिक-धवल - अङ्गाय - સ્ફટિક જેવા શ્વેત અંગવાળાને, नमः - નમસ્કાર હો ! लोकेशाय - (ચૌદ) લોકના અધિપતિને, नमः - નમસ્કાર હો ! स्तुत-विबुध-लोकाय - દેવગણથી પ્રાર્થના કરાતા (શિવને), नमः - નમસ્કાર હો ! श्रीकण्ठाय - સુંદર કંઠવાળાને, नमः - નમસ્કાર હો ! ત્રિપુરાસુરનો નાશ કરનારને, नमः - નમસ્કાર હો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

फालाक्षाय શિવને, नमः નમસ્કાર હો, च - અને, स्मर-मद-विनाशाय કામદેવના મદના વિનાશકને, नमः - નમસ્કાર હો !

પાર્વતીપતિને નમસ્કાર હો ! સ્ફટિક જેવા શ્વેત અંગવાળાને નમસ્કાર હો ! (ચૌદ) લોકના અધિપતિને નમસ્કાર હો ! દેવગણથી પ્રાર્થના કરાતા (શિવને) નમસ્કાર હો ! સુંદર કંઠવાળાને નમસ્કાર હો ! ત્રિપુરાસુરના વિનાશકને નમસ્કાર હો ! શિવને નમસ્કાર હો ! અને કામદેવના મદના વિનાશકને નમસ્કાર હો ! (૪૨)

संसारे जनितापरोगसहिते तापत्रयाक्रन्दिते
नित्यं पुत्रकलत्रवित्तविलसत्पाशैर्निबद्धं दृढम् ।
गर्वान्धं बहुपापवर्गसहितं कारुण्यदृष्ट्या विभो
श्रीमृत्युंजय पार्वतीप्रिय सदा मां पाहि सर्वेश्वर ॥ ४३ ॥

विभो - પ્રભુ, मृत्युंजय - મૃત્યુંજય ! पार्वतीप्रिय - પાર્વતીના પ્રિય ! सर्वेश्वर - સર્વના ઈશ્વર, जनिता-अपरोग-सहिते - જન્મરૂપી રોગથી યુક્ત, ताप-त्रय-आक्रन्दिते - ત્રિવિધ તાપથી દુઃખી, संसारे - સંસારમાં, पुत्र-कलत्र-वित्त-विलसत्-पाशैः - પુત્ર, પત્ની અને ધનના રૂડા લાગતા પાશોથી, नित्यम् - નિત્ય, दृढम् - સજ્જડ, निबद्धम् - બંધાયેલા, बहु-पाप-वर्ग-सहितम् - અનેક પ્રકારના પાપથી મુક્ત, गर्वान्धम् - ગર્વથી અંધ, माम् - મારું, कारुण्य-दृष्ट्या - કરુણામય દૃષ્ટિથી, सदा - સદા, पाहि - રક્ષણ કરો.

હે પ્રભુ ! મૃત્યુંજય ! પાર્વતીના પ્રિય સર્વેશ્વર ! જન્મરૂપી રોગથી યુક્ત અને ત્રિવિધ તાપથી દુઃખી સંસારમાં પુત્ર, પત્ની અને ધનના રૂડા લાગતા પાશોથી નિત્ય સજ્જડ બંધાયેલા, અનેક પ્રકારનાં પાપથી યુક્ત, ગર્વથી અંધ, એવો હું છું, મારું કરુણામય દૃષ્ટિથી સદા રક્ષણ કરો. (૪૩)

सौधे रत्नमये नवोत्पलदलाकीर्णे च तल्पान्तरे
कौशेयेन मनोहरेण धवलेनाच्छादिते सर्वशः ।
कर्पूराञ्चितदीपदीप्तिमिलिते रम्योपधानद्वये
पार्वत्याः करपद्मलालितपदं मृत्युंजयं भावये ॥ ४४ ॥

रत्नमये - રત્નમય सौधे - મહેલમાં नवोत्पल-दल-आकीर्णे - તાજાં કમળની પાંખડી વેરેલ, सर्वशः - બધી બાજુથી, धवलेन - શ્વેત, कौशेयन - રેશમી વસ્ત્રથી, आच्छादिते - આચ્છાદિત, कर्पूर-अञ्चित-दीप-दीप्ति-मिलिते - કપૂરના દીવાનું અજવાળું પ્રસરી રહ્યું છે તેવા, रम्योपधानद्वये - સુંદર બે ઓશિકાવાળી, तल्पान्तरे - પથારીમાં, पार्वत्याः - પાર્વતીના, करपद्म-लालित-पदम् - કરકમળથી દબાતા ચરણવાળા, मृत्युंजयम् - મૃત્યુંજયનું, भावये - હું ધ્યાન ધરું છું.

રત્નમય મહેલમાં, તાજાં કમળની પાંખડી વેરેલ, બધી બાજુથી શ્વેત, રેશમી વસ્ત્રથી આચ્છાદિત, કપૂરના દીવાનું અજવાળું જેમાં પ્રસરી રહ્યું છે તેવી અને સુંદર બે ઓશિકાવાળી પથારીમાં, પાર્વતીનાં કરકમળથી દબાતા ચરણવાળા મૃત્યુંજયનું હું ધ્યાન ધરું છું. (૪૪)

चतुश्चत्वारिंशद्विलसदुपचारैरभिमतै-
र्मनःपद्मे भक्त्या बहिरपि च पूजां शुभकरीम् ।
करोति प्रत्यूषे निशि दिवसमध्येऽपि च पुमा-
न्प्रयाति श्रीमृत्युंजयपदमनेकाद्भुतपदम् ॥ ४५ ॥

अभिमतैः - (શાસ્ત્ર)સંમત, चतुश्चत्वारिंशद्-विलसद्-उपचारैः - ચુમ્માળીસ સુંદર ઉપચારોથી, भक्त्या - ભક્તિપુરઃસર, मनःपद्मे - મનરૂપી કમળમાં, बहिः अपि च - અને બહાર પણ, शुभकरीम् - મંગલકારક, पूजाम् - પૂજા, प्रत्यूषे - સવારે, निशि - રાતે, च - અને, दिवसमध्ये - બપોરે, च - (જે), करोति - કરે છે, अनेक-अद्भुत-पदम् - અનેક રીતે આશ્ચર્યકારક, श्रीमृत्युंजय-पदम् - શ્રીમૃત્યુંજયનાં ચરણને, प्रयाति - પામે છે.

(શાસ્ત્ર)સંમત ચુમ્માળીસ સુંદર ઉપચારોથી, ભક્તિપુરઃસર, મનરૂપી કમળમાં અને બહાર પણ મંગલકારક પૂજા સવારે, રાતે અને બપોરે (જે) કરે છે, (તે) અનેક રીતે આશ્ચર્યકારક શ્રીમૃત્યુંજયનાં ચરણને પામે છે. (૪૫)

प्रातर्लिङ्गमुमापतेरहरहः संदर्शनात्स्वर्गदं
मध्याह्ने हयमेधतुल्यफलदं सायंतने मोक्षदम् ।
भानोरस्तमये प्रदोषसमये पञ्चाक्षराराधनं
तत्कालत्रयतुल्यमिष्टफलदं सद्योऽनवद्यं दृढम् ॥ ४६ ॥

प्रातः - સવારે, अहरहः - દરરોજ, उमापतेः लिङ्गम् - શિવલિંગનાં દર્શન, स्वर्गदम् - સ્વર્ગ આપનાર, मध्याह्ने - બપોરે, हयमेधतुल्य-फलदम् - અશ્વમેધયજ્ઞ જેટલું ફળ આપનાર, सायंतने - સાયંકાળે, मोक्षदम् - મોક્ષ આપનાર (છે), भानोः अस्तसमये - સૂર્યાસ્ત સમયે, प्रदोषसमये - પ્રદોષકાળે, पञ्चाक्षरः - आराधन - શિવપંચાક્ષર (ॐ नमः शिवाय એ મંત્રનો) જાપ, सद्यः - તરત, दृढम् - નક્કી, अनवद्यम् - સર્વદોષહીન, तत्काल-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



त्रयतुल्यम् - ત્રણેય કાળે જેટલું જ, इष्ट-फलदम् - ઇચ્છિત ફળ આપનાર (છે).

સવારે દરરોજ શિવલિંગનાં દર્શન સ્વર્ગ આપનાર, બપોરે અશ્વમેધયજ્ઞ જેટલું ફળ આપનાર, સાયંકાળે મોક્ષ આપનાર (છે); સૂર્યાસ્ત સમયે (અને) પ્રદોષકાળે શિવપંચાક્ષર મંત્રનો જાપ નક્કી સર્વદોષહીન, ત્રણેય કાળે (મળતાં ફળ) જેટલું જ ઈચ્છિત ફળ આપનાર છે. (૪૬)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''श्रीमृत्युंजयमानसिकपूजास्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''શ્રીમૃત્યુંજયમાનસિકપૂજાસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ सुवर्णमालास्तुतिः ॥

अथ कथमपि मद्रसनां त्वद्गुण-
लेशैर्विशोधयामि विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १ ॥

कथमपि - ગમે તેમ કરીને, કોઈ પણ રીતે; मद्रसनां - મારી જિહ્વાને; त्वद्-गुण-लेशैः - આપના ગુણોનું અલ્પ પણ ગાન કરીને; विभो - હે વિભુ ! विशोधयामि - પવિત્ર કરું છું, વિશુદ્ધ કરું છું, સંસ્કારું છું; साम्ब सदाशिव - હે સામ્બ ! હે સદાય કલ્યાણદાતા, હે શિવજી ! तव-चरण-युगं - આપનાં બે ચરણો; मे शरणं - મારું શરણ બનો.

હે વિભુ ! કોઈ પણ પ્રયત્ને હું મારી જિહ્વાને આપના ગુણોનું અલ્પ પણ ગાન ધરીને પવિત્ર કરું છું. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ બનો ! (= બની રહો !) (૧)

आखण्डलमदखण्डनपण्डित
तण्डुप्रिय चण्डीश विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ २ ॥

आखण्डल-मद-खण्डन-पण्डित - ઈન્દ્રના મદના ખંડનમાં નિષ્ણાત યા કુશળ; तण्डु-प्रिय - તંડુ(લ)પ્રિય; चण्डीश - ચંડીના સ્વામી.

ઈન્દ્રના મદના ખંડનમાં નિષ્ણાત હે તંડુ(લ)પ્રિય ! હે ચંડીશ ! હે વિભુ ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણયુગલ એ જ મારું શરણ બનો ! (૨)

इभचर्माम्बर शम्बररिपुवपु-
रपहरणोज्ज्वलनयन विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३ ॥

इभ-चर्म-अम्बर - હે હસ્તિચર્મના વસ્ત્રના ધારણ કરનાર; शम्बर-रिपु-वपु-अपहरण-उज्ज्वलनयन - શમ્બરના શત્રુ (ઈન્દ્રના) દેહના અપહરણમાં ઉજ્જવલ નયનધારી; हे विभो - હે વિભુ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે હસ્તિચર્મના વસ્ત્રના ધારક ! હે શમ્બરના શત્રુના (= ઈન્દ્રના) દેહના અપહરણમાં ઉજ્જવલ નયનધારી ! હે વિભુ ! હે સામ્બ ! હે સદાશિવ ! હે શંભુ ! શંકર ! આપનાં ચરણયુગલ એ જ મારું શરણ હો ! (૩)

ईश गिरीश नरेश परेश म-
हेश बिलेशयभूषण भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ४ ॥

હે ઈશ-બિલેશય-ભૂષણ - બિલેશય(એટલે સાપનું)-ભૂષણ !

હે ઈશ્વર ! ગિરીશ ! નરેશ ! પરેશ ! મહેશ ! બિલેશય-ભૂષણ ! હે વિભુ ! સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણયુગલ એ જ મારું શરણ રહો ! (૪)

उमया दिव्यसुमङ्गलविग्रह-
यालिङ्गितवामाङ्ग विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ५ ॥

उमया - ઉમા વડે, પાર્વતી વડે; दिव्य-सुमंगल-विग्रहया - દિવ્ય અને અતિમંગલ દેહથી; आलिङ्गित-वाम - ડાબા અંગે (ગાઢ) આલિંગન પામનાર !

હે વિભુ ! દિવ્ય અને અતિમંગલ દેહથી ઉમા વડે ડાબા અંગે આલિંગન પામેલા હે વિભુ ! હે સામ્બ ! સદાશિવ ! શંકર ! શંભુ ! આપનાં બે ચરણો એ જ મારું શરણ બનો ! (૫)

ऊरीकुरु मामज्ञमनाथं
दूरीकुरु मे दुरितं भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ६ ॥

मां - મને; ऊरीकुरु - અપનાવો; હૃદયે સ્થાપો, મને સ્વીકારો, મને અપનાવો; दुरितम् - પાપ; दूरीकुरु - દૂર કરો.

મને અજ્ઞાની અને અનાથને અપનાવો અને મારાં પાપોને દૂર કરો. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૬)

ऋषिवरमानसहंस चराचर-
जननस्थितिलयकारण भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ७ ॥

હે ऋषि-वर-मानस-हंस - હે શ્રેષ્ઠ ઋષિઓનાં માનસના હંસ ! चराचर-जनन-स्थिति-लय-कारण - ચર અને અચર સમગ્ર સૃષ્ટિનાં જન્મ, સ્થિતિ અને લયનાં કારણ.

હે શ્રેષ્ઠ ઋષિઓનાં મનના માનસહંસ ! હે સમગ્ર ચરાચર સૃષ્ટિનાં જન્મ, સ્થિતિ અને લયનાં કારણ ! હે સામ્બ ! સદાશિવ ! શંકર ! શંભુ ! આપનાં ચરણદ્વય એ જ મારું શરણ હો ! (૭)

ऋक्षाधीशकिरीट महोक्षा-
रूढ विधृतरुद्राक्ष विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ८ ॥

ऋक्षाधीश - રીંછોના અધીશ, महोक्षारूढ - મોટા બળદ પર આરૂઢ, નંદી પર સવારી કરનાર; विधृत-रुद्राक्ष - રુદ્રાક્ષની માળા ધારણ કરનાર.

હે રીંછોના સ્વામી, કિરીટ, હે મોટા નન્દી પર સવારી કરનાર ! હે રુદ્રાક્ષની માળા ધારણ કરનાર ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ બનો ! (૮)

लृवर्णद्वन्द्वमवृन्तसुकुसुममि-
वाङ्घ्रौ तवार्पयामि विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ९ ॥

लृवर्णद्वन्द्वं - લૃવર્ણના જોડકા જેવા; લૃ એ અક્ષર જેમ વાંકોચૂંકો છે તેમ વાંકાચૂંકા જણાતાં પુષ્પના જોડકાં अवृन्त - ડીંટા વિનાના; सुकुसुमं इव - સુંદર કુસુમની માફક; तव अङ्घ्रौ - આપનાં ચરણો પર; अर्पयामि - અર્પણ કરું છું. साम्ब सदाशिव-...

જાણે લૃ વર્ણના જોડકા જેવા, ડીંટા વિનાના, સુંદર કુસુમને હું આપનાં ચરણો પર અર્પણ કરું છું. હે વિભુ ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ હો ! (૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एकं सदिति श्रुत्या त्वमेव
सदसीत्युपास्महे मृड भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १० ॥

'एकं सत्' - એક જ સત્ છે; इति श्रुत्या - એ શ્રુતિવચન અનુસાર; त्वं एव सत् असि - આપ જ (એ) સત્ છો, इति - એમ સમજી; हे मृड - હે કૃપા કરનાર, હે દયાળુ ! उपास्महे - અમે ઉપાસના કરીએ છીએ.

'એકં સત્' એ શ્રુતિ વચન અનુસાર, આપ જ એ સત્ છો, એમ સમજી, હે કૃપાળુ ! અમે આપની ઉપાસના કરીએ છીએ. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ મારું શરણ રહો ! (૧૦)

ऐक्यं निजभक्तेभ्यो वितरसि
विश्वंभरोऽत्र साक्षी भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ११ ॥

ऐक्यं - એકતા, એકરૂપતા; निजभक्तेभ्यः આપના ભક્તો સાથે, ભક્તો પ્રતિ; वितरसि - આપ વહેંચી આપો છો; (त्वमेव) अत्र - (આપ જ) આ જગતમાં; विश्वंभरः - વિશ્વના પાલનહાર; साक्षी - સૌના જીવનના સાક્ષી.

નિજ ભક્તો પ્રત્યે અથવા સાથે આપ (આપનું) ઐક્ય વહેંચી આપો છો; અહીં આ જગતમાં આપ વિશ્વના પાલનકર્તા અને (સહુના જીવનના) સાક્ષી છો ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ હો ! (૧૧)

ओमिति तव निर्देष्ट्री माया-
स्माकं मृडोपकर्त्री भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १२ ॥

ओम् इति - 'ઓમ્' એ શબ્દ જ બ્રહ્મ, એ તો; तव निर्देष्ट्री माया - આપનો નિર્દેશ આપનારી (આપની) માયા છે. अस्माकं मृडोपकर्त्री - અમારું કલ્યાણ અને અમારા પર ઉપકાર કરનાર છે.

'ઓમ્' એ શબ્દબ્રહ્મ એ તો આપનો જ નિર્દેશ કરનારી, (આપની જ) માયા છે, તે તો અમારા માટે કલ્યાણદાયી અને ઉપકાર કરનાર છે. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ જ મારું શરણ રહો ! (૧૨)

औदास्यं स्फुटयति विषयेषु दि-
गम्बरता च तवैव विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १३ ॥

दिगम्बरता तव - આપ દિગંબર છો એ વાત; तवैव - આપનું જ; विषयेषु - સાંસારિક વિષયો બાબત; औदास्यं स्फुटयति - ઉદાસીનતાને સ્પષ્ટ કરે છે, ઉદાસીનતાનું પ્રમાણ છે.

હે વિભુ ! આપ દિગમ્બર છો એ હકીકત (તમામ સાંસારિક) વિષયોની બાબતમાં આપની ઉદાસીનતાના પ્રમાણરૂપ છે. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ જ મારુ શરણ હો ! (૧૩)

अन्तःकरणविशुद्धिं भक्तिं
च त्वयि सतीं प्रदेहि विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १४ ॥

अन्तःकरण-विशुद्धिं भक्तिं त्वयि सतीं - અન્તઃકરણની પૂર્ણ શુદ્ધિ અને ભક્તિ આપ પ્રત્યે તથા સતી પ્રત્યે; प्रदेहि - અમને આપો.

હે વિભુ ! આપ અમને આપના પ્રત્યે તથા સતી પ્રત્યે અમારાં અન્તઃકરણની પૂર્ણ શુદ્ધિ અને ભક્તિ આપો. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ હો ! (૧૪)

अस्तोपाधिसमस्तव्यस्तै
रूपैर्जगन्मयोऽसि विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १५ ॥

अस्त-उपाधि-समस्त-व्यस्तैः - સમષ્ટિ અને વ્યષ્ટિની ઉપાધિનો નાશ થયો છે તેવા; रूपैः - રૂપથી; जगन्मयः असि - આપ વિશ્વમાં વ્યાપેલા છો.

અસ્ત પામેલી સમષ્ટિ અને વ્યષ્ટિની ઉપાધિવાળા રૂપથી હે વિભો ! આપ સમગ્ર વિશ્વમાં વ્યાપેલા છો. હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ છે ! (૧૫)

करुणावरुणालय मयि दास उ-
दासस्तवोचितो न हि भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १६ ॥

करुणा-वरुण-आलय - કરુણાના વરુણ-આલય એટલે સાગર; मयि दासे - દાસ એવા મારા પ્રત્યે; तव उदासः - આપનું ઔદાસ્ય, આપની ઉદાસીનતા; न उचितः - ઉચિત નથી, યોગ્ય નથી.

હે કરુણાના સાગર ! ઉદાસ દાસ એવા મારા પ્રત્યે આપ ઉદાસીન હો (એ સ્થિતિ) ઉચિત નથી. હે સામ્બ ! હે સદાશિવ ! હે શંકર ! હે શંભુ ! આપનાં બે ચરણો એ મારું શરણ હો. (૧૬)

खलसहवासं विघटय घटय स-
तामेव सङ्गमनिशं भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १७ ॥

खलसहवासं - દુર્જનો સાથેનો મારો સમ્પર્ક અથવા સંબંધ; विघटय - દૂર કરો; अनिशं - સતત, અવિરતપણે; सतां एव संगतं घटय - સજ્જનોનો સંબંધ જ મારી સાથે જોડો, જોડવામાં નિમિત્ત બનો.

હે વિભુ ! આપ દુર્જનો સાથેના મારા સંબંધોને દૂર કરો અને નિરન્તર સજ્જનો સાથેનો જ મારો સંબંધ જોડી આપો. હે વિભુ ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ જ મારું શરણ હો ! (૧૭)

गरलं जगदुपकृतये गिलितं
भवता समोऽस्ति कोऽत्र विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १८ ॥

जगदुपकृतये - જગત પર ઉપકાર કરવા માટે, જગતનાં ભલા માટે; भवता गरलं गिलितं - આપે તો (સમુદ્રમંથનમાંથી નીકળેલ) હળાહળ ઝેરનું પાન કર્યું; अत्र कः त्वत्-समः अस्ति - આ બાબતમાં આપના સમાન કોણ છે ?

હે વિભુ ! જગતનાં ભલા માટે જ તો આપે (સમુદ્ર-મંથનમાંથી નીકળેલ) હળાહળ વિષનું પાન કર્યું ! આ બાબતમાં આપના સમાન કોણ છે ? (અર્થાત્, કોઈ જ નહીં). હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ હો ! (૧૮)

घनसारगौरगात्र प्रचुरज-
टाजूटबद्धगङ्ग विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ १९ ॥

घन-सार-गौर-गात्र - કપૂરના સમા ગૌર વર્ણના દેહધારી; प्रचुर-जटाजूट-बद्ध-गङ्ग - વિશાળ જટાજૂટમાં ગંગાને બાંધનાર.

હે વિભુ ! હે કપૂર સમા ગૌર(શ્વેત)વર્ણના દેહધારી ! હે વિશાળ જટાજૂટમાં ગંગાને બાંધનાર ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૧૯)

ज्ञप्तिः सर्वशरीरेष्वखण्डि-
ता या विभाति सा त्वं भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ २० ॥

सर्वशरीरेषु अखण्डिता ज्ञप्तिः - તમામ શરીરોમાં જે જ્ઞાનની અન્તર્ગત અનુભૂતિ રહેલી છે, જે ચૈતન્ય છે; सा त्वं - એ તો આપ જ છો.

હે વિભુ ! તમામ (જીવ-જગતનાં) શરીરોમાં જે જ્ઞાનની અન્તર્ગત અનુભૂતિ (= અન્તઃ-ચેતના) રહેલી છે, તે હે વિભુ ! આપ જ છો ! હે સામ્બ, સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૨૦)

चपलं मम हृदयकपिं विषय-
द्रुचरं दृढं बधान विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ २१ ॥

मम चपलं हृदयकपिं - મારા હૃદયરૂપી અત્યન્ત ચંચળ વાનરને; विषयद्रुचरं - (સંસારના) વિષયો રૂપી વૃક્ષમાં વિહરે; તેને दृढं बधान - દૃઢ રીતે બાંધી દો, સંયમમાં લાવી દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે વિભુ ! મારા હૃદયરૂપી અત્યન્ત ચંચળ વાનરને વિષયોરૂપી વૃક્ષમાં વિહરતો (રોકી સંયમમાં) દઢ બાંધી દો ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૨૧)

छाया स्थाणोरपि तव तापं
नमतां हरत्यहो शिव भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ।। २२ ।।

स्थाणोः अपि - સ્થાણુ એવા આપની; तव छाया - આપની છાયા; नमतां - આપને વંદન કરનારના; तापं हरति - (ત્રિવિધ) તાપને દૂર કરી દે છે. शिव भोः - હે કલ્યાણકારી દેવ !

સ્થાણુ એવા આપની છાયા પણ નમન કરનારાઓના ત્રિવિધ તાપ હરી લે છે, હે શિવ ભગવાન ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણદ્વય એ જ મારું શરણ હો ! (૨૨)

जय कैलासनिवास प्रमथग-
णाधीश भूसुरार्चित भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ।। २३ ।।

कैलासनिवास - હે કૈલાસ પર નિવાસ કરનારા પ્રભુ !; प्रमथ-गण-अधीश - ભૂતગણોના સ્વામી; भूसुर-अर्चित - પૃથ્વી પરના દેવો એટલે કે બ્રાહ્મણો વડે પૂજિત; जय - આપનો જય હો.

હે કૈલાસના નિવાસી ! હે ભૂતગણોના સ્વામી ! હે પૃથ્વી પરના દેવો એટલે કે બ્રાહ્મણોની અર્ચના પામનાર દેવ ! આપનો જય હો ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૨૩)

झणुतकझङ्किणुझणुतत्किटतक-
शब्दैर्नटसि महानट भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ।। २४ ।।

हे महानट - હે મહાનર્તક ! झणुतकझङ्किणुझणुतत्किटतक-शब्दैः - એવા (મૃદંગ તથા ઝાલરના) અવાજ સાથે; नर्तसि - આપ નર્તન કરો છો.

હે મહાનટ ! 'ઝણુતક - ઝંકિણુ - ઝણુતત્કિટતક' એવા (મૃદંગ તથા ઝાલરના) અવાજ સાથે આપ નર્તન કરો છો ! હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૨૪)

ज्ञानं विक्षेपावृतिरहितं
कुरु मे गुरुस्त्वमेव विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ।। २५ ।।

विक्षेप-आवृति-रहितं - વિક્ષેપ અને આવરણ વિનાનું; ज्ञानं मे कुरु - જ્ઞાન મારા હૃદયમાં પ્રેરો; त्वं एव मे गुरुः - આપ જ મારા ગુરુ છો !

વિક્ષેપ અને આવરણ વિનાનું જ્ઞાન, હે વિભુ ! આપ જ મારા (અન્તઃકરણમાં) પ્રેરો. આપ જ તો મારા ગુરુ છો. હે સામ્બ ! હે સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૨૫)

टङ्कारस्तव धनुषो दलयति
हृदयं द्विषामशनिरिव भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ।। २६ ।।

तव धनुषः टङ्कारः - આપના ધનુષ્યનો ટંકાર; अशनिः इव - વિજળીને માફક, વજ્રપાતના સમો; द्विषां हृदयं दलयति - શત્રુઓનાં હૃદયોને દળી નાખે છે, વિદારી દે છે, ભેદી નાખે છે.

હે વિભુ ! આપના ધનુષ્યનો ટંકાર વજ્રની માફક શત્રુઓનાં હૃદયોને વિદારી દે છે. હે સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં બે ચરણો એ જ મારું શરણ હો ! (૨૬)

ठाकृतिरिव तव माया बहिर-
न्तः शून्यरूपिणी खलु भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ।। २७ ।।

ठाकृतिः इव - 'ઠ'ની આકૃતિના જેવી; तव माया - આપની માયા; बहिरन्तः - બહાર અને અંદર; शून्यरूपिणी - શૂન્યરૂપા છે.

'ઠ'ની આકૃતિના જેવી આપની માયા બહાર અને અંદર શૂન્યરૂપા છે. હે વિભુ ! હે સામ્બ, સદાશિવ, શંકર, શંભુ ! આપનાં બે ચરણો એ જ મારું શરણ હો. (૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

डम्बरमम्बुरुहामपि दलय-
त्यनघं त्वदङ्घ्रियुगलं भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ २८ ॥

अम्बुरुहाम् - કમળોના, डम्बरम् - સમૂહને, अपि - પણ, त्वद् - આપના, अनघं - નિષ્પાપ, अङ्घ्रियुगलम् - ચરણકમળ, दलयति - દળી નાંખે છે.

હે પ્રભુ ! કમળોના સમૂહને પણ આપના નિષ્પાપ ચરણ-યુગલ દળી નાંખે છે. હે વિભુ ! સામ્બ ! સદાશિવ ! શંભુ ! શંકર ! આપનાં ચરણયુગલ એ જ મારું શરણ હો ! (૨૮)

ढक्काक्षसूत्रशूलद्रुहिण-
करोटीसमुल्लसत्कर भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ २९ ॥

ढक्का-अक्षसूत्र-शूल-द्रुहिण-करोटी-समुल्लसत् - ડમરૂ, રુદ્રાક્ષમાળા, શૂળ અને બ્રહ્માની ખોપરીથી શોભી રહેતાં.

હે વિભુ ! આપના હાથ ડમરૂ, રુદ્રાક્ષમાળા, શૂલ, બ્રહ્માના ખોપરીથી શોભી રહ્યા છે. હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર, આપનાં બે ચરણો એ જ મારું શરણ છે ! (૨૯)

णाकारगर्भिणी चेच्छुभदा
ते शरगतिर्नृणामिह भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३० ॥

इह - અહીં, આ સંસારમાં; नृणां - મનુષ્યોને માટે; ते शर-गतिः - આપનાં બાણોની ગતિ; ण-आकार-गर्भिणी चेत् शुभदा - અંદરથી ણ આકારની હોવાથી શુભદાયી છે.

હે વિભુ ! ણ આકાર જેની અંદર છે તેવી, આપનાં બાણોની ગતિ આ જગતના માનવોને માટે કલ્યાણદાયિની છે. હે સામ્બ ! સદાશિવ, શંકર, શંભુ, આપનાં બે ચરણો એ જ તો મારી ગતિ હો ! (૩૦)

तव मन्वतिसंजपतः सद्य-
स्तरति नरो हि भवाब्धिं भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३१ ॥

तव - આપનું; मन्वति-संजपतः - મનન અને અતિ ઉત્કટ જાપ કરતો; नरः - માનવ; भवाब्धिं तरति - સંસાર-સાગરને તરી જાય છે.

આપનું સતત મનન અને આપનો જાપ કરતો માનવ, અહીં આ જગતમાં ભવસાગરને તરત જ તરી જાય છે. હે પ્રભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનું ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૩૧)

थूत्कारस्तस्य मुखे भूया-
त्ते नाम नास्ति यस्य विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३२ ॥

थूत्कारः तस्य भूयात् - તેનો ધિક્કાર (ધૂત્કાર) હોજો, यस्य मुखे - જેના મુખે આપના નામનું (રટણ); नास्ति - ન હોય.

હે વિભુ ! ધિક્કાર (= ધૂત્કાર) હોજો તેનો, જેના મુખમાં આપનું નામ ન હોય (= આપના નામનું રટણ ન હોય); હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૩૨)

दयनीयश्च दयालुः कोऽस्ति म-
दन्यस्त्वदन्य इह वद भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३३ ॥

इह मदन्यः दयनीयः कः - અહીં મારા સિવાય અન્ય કોણ દયનીય છે ? (= દયાને પાત્ર છે ?) त्वदन्यः कः दयालुः - આપના સિવાય કોણ દયાળુ છે ?

આ જગતમાં મારા સિવાય કોણ દયનીય (= દયા કરવા પાત્ર) છે અને આપના સિવાય અન્ય કોણ દયાળુ છે, તે કહો. હે સામ્બ, સદાશિવ, શંકર, શંભુ, આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૩૩)

धर्मस्थापनदक्ष त्र्यक्ष गु-
रो दक्षयज्ञशिक्षक भो ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३४ ॥

त्र्यक्ष - त्रिनेत्र; धर्म-स्थापन-दक्ष - હે ધર્મના સ્થાપનમાં દક્ષ; गुरो - હે ગુરુ; दक्षयज्ञ-शिक्षक - દક્ષના યજ્ઞમાં (આપની ઘૃણા કરનારને) સજા કરનાર.

હે ધર્મના સ્થાપનમાં દક્ષ પ્રભુ ! હે ત્રિનેત્ર ! હે ગુરુ ! હે દક્ષના યજ્ઞમાં (આપની ઘૃણા કરનારને) શિક્ષા કરનાર ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર, આપનું ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૩૪)

ननु ताडितोऽसि धनुषा लुब्धधिया
त्वं पुरा नरेण विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३५ ॥

ननु - ખરેખર; लुब्धधिया - લોભી બુદ્ધિથી; पुरा - પૂર્વે; धनुषा - ધનુષ વડે; नरेण त्वं ताडितः असि - માનવે તારા પર ઘા કર્યો હતો. અહીં અર્જુને બધા બાણ ખૂટી ગયા પછી ધનુષ્યથી ભગવાન શિવ પર હુમલો કર્યો હતો તેનો સંદર્ભ છે.

ખરેખર, લોભી બુદ્ધિથી (= લોભવૃત્તિથી) પૂર્વે એક માનવે આપના પર ધનુષ વડે હુમલો કર્યો હતો, હે વિભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર, આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૩૫)

परिमातुं तव मूर्तिं नालम-
जस्तत्परात्परोऽसि विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३६ ॥

तव मूर्तिं परिमातुं - આપના સ્વરૂપનો પાર પામવામાં, न अलम् - કોઈ સમર્થ નથી; अजः (त्वं) - અજન્મા એવા આપ; परात् परः असि - પર કરતાં પણ પર છો.

આપ તો અજન્મા છો, હે વિભુ ! આપ પર કરતાં પણ પર છો, તેથી આપના સ્વરૂપનો પાર પામવામાં કોઈ સમર્થ નથી. હે સામ્બ ! સદાશિવ, શંભુ, શંકર ! (આપ જ) આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૩૬)

फलमिह नृतया जनुषस्त्वत्पद-
सेवा सनातनेश विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३७ ॥

हे विभु - હે વિભુ ! (हे) सनातनेश - હે સનાતન ઈશ્વર ! इह - આ સંસારમાં; जनुषः - માનવોને માટે; नृतया - નમ્રતા સાથે; त्वत्पदसेवा - આપનાં ચરણોની સેવા.

હે વિભુ ! મનુષ્યને માટે નમનભાવ સહ આપનાં ચરણોની સેવા એ જ તો અહીં સંસારમાં ફળરૂપ છે ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર, આપનું ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૩૭)

बलमारोग्यं चायुस्त्वद्गुण-
रुचितां चिरं प्रदेहि विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३८ ॥

बलम् - બળ आरोग्यम् - આરોગ્ય आयुः - આયુષ્ય; त्वद्-गुण-रुचिताम् - આપનાં ગુણોમાં રુચિ; प्रदेहि - આપો.

હે વિભુ ! આપ મને બળ, આરોગ્ય, આયુષ્ય અને આપના ગુણોમાંની રુચિ દીર્ઘકાળ માટે આપો. હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર, આપનાં બે ચરણો એ જ તો મારું શરણ છે ! (૩૮)

भगवन्भर्ग भयापह भूतप-
ते भूतिभूषिताङ्ग विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ३९ ॥

भगवन् - હે ભગવાન ! भर्ग - ભર્ગ (આ શિવનું એક નામ છે); भयावह - ભયોને દૂર કરનાર (હે) भूतपते - હે ભૂતપતિ ! भूतिभूषिताङ्ग - ભસ્મથી શોભતાં અંગોવાળા હે દેવ !

હે ભગવાન ! હે ભર્ગ ! હે ભૂતપતિ ! હે ભસ્મથી શોભતાં અંગોવાળા દેવ ! આપનું તેજ ભયોને દૂર કરનારું છે. હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનું ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૩૯)

महिमा तव न हि भाति श्रुतिषु हि-
मानीधरात्मजाधव भो ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

साम्ब सदाशिव शंभो शंकर

शरणं मे तव चरणयुगम् ॥ ४० ॥

तव महिमा - આપનો મહિમા; हि - ખરેખર; हिमानीधर - હિમાલય; आत्मजा - પુત્રી; धव - પતિ; श्रुतिषु न भाति - વેદવચનોમાં શોભતો નથી, અર્થાત્, શ્રુતિવચનો આપના મહિમાનું પૂરું વર્ણન કરવા સમર્થ નથી.

હે પ્રભુ ! વેદવચનોમાં પણ આપનો મહિમા પૂરેપૂરો શોભી ઊઠતો નથી, હે હિમાલયની પુત્રીના પતિ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૪૦)

यमनियमादिभिरङ्गैर्यमिनो

हृदये भजन्ति स त्वं भो ।

साम्ब सदाशिव शंभो शंकर

शरणं मे तव चरणयुगम् ॥ ४१ ॥

यमनियमादिभिः - યમ - નિયમ વગેરે સાથે; अङ्गैः - અંગો વડે; यमिनः - સંયમીજનો; (यं) हृदये भजन्ति - જેને હૃદયમાં ભજે છે; सः त्वं - એ આપ જ છો.

યમનિયમ વગેરે અંગોથી સંયમી જનો જેને હૃદયમાં ભજે છે, તે આપ જ છો. હે વિભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૪૧)

रज्जावहिरिव शुक्तौ रजतमि-

व त्वयि जगन्ति भान्ति विभो ।

साम्ब सदाशिव शंभो शंकर

शरणं मे तव चरणयुगम् ॥ ४२ ॥

रज्जौ अहिः इव - દોરડામાં સર્પની માફક; शुक्तौ रजतं इव - છીપલામાં ચાંદીની માફક; त्वयि जगन्ति भान्ति - આપનામાં તમામ લોક ભાસી રહ્યા છે.

દોરડામાં સર્પની માફક અને છીપલામાં રજતની માફક આપનામાં તમામ લોક ભાસી રહ્યા છે. હે વિભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૪૨)

लब्ध्वा भवत्प्रसादाच्चक्रं

विधुरवति लोकमखिलं भो ।

साम्ब सदाशिव शंभो शंकर

शरणं मे तव चरणयुगम् ॥ ४३ ॥

भवत्प्रसादात् - આપની કૃપાથી; चक्रं लब्ध्वा - ચક્રાકાર પૂર્ણરૂપ લાભીને (= મેળવીને); ચંદ્રને ક્ષયનો શાપ મળ્યો પછી ભગવાન શિવની આરાધના કરી એનો અહીં સંદર્ભ છે. विधुः अखिलं लोकं अवति - ચન્દ્ર સમગ્ર લોકનું રક્ષણ કરે છે.

આપની કૃપાથી ચક્રનો લાભ (ગોળ આકારનું રૂપ) પામીને ચંદ્ર સમગ્ર લોકનું રક્ષણ કરે છે. હે પ્રભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનું ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૪૩)

वसुधातद्धरतच्छयरथमौ-

र्वीशर पराकृतासुर भो ।

साम्ब सदाशिव शंभो शंकर

शरणं मे तव चरणयुगम् ॥ ४४ ॥

वसुधा-तद्-धर - પૃથ્વી અને તેને ધારણ કરનાર શેષનાગ, तत्छय - તે શેષનાગ ઉપર સૂઈ રહેનાર વિષ્ણુ એ જેના रथ-मौर्वी-शरः - રથ, ધનુષ્યની પણછ અને બાણ છે. ભગવાન શિવ જ્યારે ત્રિપુરાસુરનો નાશ કરવા ગયા ત્યારે પૃથ્વી એમનો રથ હતી, શેષનાગ ધનુષ્યની પણછ અને વિષ્ણુ તેમનું બાણ હતા. रथः क्षोणी यन्ता - વગેરે શિવમહિમ્નઃનો શ્લોક पराकृत-असुरः - અસુરનો પરાજય કરનાર.

પૃથ્વી તેને ધારણ કરનાર શેષનાગ અને તે શેષનાગ ઉપર સૂઈ રહેનાર વિષ્ણુ જેના (અનુક્રમે) રથ, ધનુષ્યની પણછ અને બાણ છે તેવા, હે અસુરોનો પરાજય કરનાર, સામ્બ, સદાશિવ, શંકર આપના ચરણદ્વય મારું શરણ હો. (૪૪)

शर्व देव सर्वोत्तम सर्वद

दुर्वृत्तगर्वहरण विभो ।

साम्ब सदाशिव शंभो शंकर

शरणं मे तव चरणयुगम् ॥ ४५ ॥

हे शर्व - હે શર્વ ! सर्वोत्तम देव - સર્વશ્રેષ્ઠ દેવ ! सर्वद - હે સર્વ (સમૃદ્ધિના) દાતા ! दुर्वृत्तगर्वहरण - દુષ્ટ જનોના ગર્વનું હરણ કરનાર.

હે શર્વ ! હે સર્વશ્રેષ્ઠ દેવ ! હે સર્વ સમૃદ્ધિના દાતા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે દુષ્ટોનો ગર્વ હરી લેનાર ! હે વિભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૪૫)

षड्रिपुषडूर्मिषड्विकारहर
सन्मुख षण्मुखजनक विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ४६ ॥

षड्रिपु - षडूर्मि-षड्विकार-हर - છ આધ્યાત્મિક શત્રુઓ (કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, અને મત્સર), છ ઊર્મિઓ (શોક, મોહ, જરા, મરણ, ક્ષુધા અને તૃષા), છ વિકારો (જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય અને વિનાશ)ના હરનાર; सन्मुख - સામે જ; षण्मुख-जनक - છ મુખોવાળા એટલે કાર્તિકેયના જનક.

છ (આધ્યાત્મિક) શત્રુઓ, છ ઊર્મિઓ અને છ વિકારના હરનાર; હે કાર્તિકેયના જનક ! હે સન્મુખ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૪૬)

सत्यं ज्ञानमनन्तं ब्रह्मे-
त्येतल्लक्षणलक्षित भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ४७ ॥

सत्यं ज्ञानं अनन्तं ब्रह्म - ''સત્ય, જ્ઞાન, અને અનન્તબ્રહ્મ ! इत्येतत् लक्षण-लक्षितः - હે, આ લક્ષણોથી લક્ષિત, ઓળખાતા.

'સત્ય - જ્ઞાન - અનન્ત - બ્રહ્મ' આ લક્ષણોથી ઓળખાતા હે પ્રભુ ! હે સામ્બ, સદાશિવ, શંકર, શંભુ ! આપનું ચરણદ્વય એ જ તો મારું શરણ હો ! (૪૭)

हाहाहूहूमुखसुरगायक-
गीतापदानपद्य विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ४८ ॥

हाहा-हूहू-मुख-सुर-गायक-गीतापदानपद्य - હાહા અને હૂહૂ નામના દેવોના ગાયકના મુખે જેના ગીતોના પદો ગવાય છે તેવા विभो - હે વિભુ ! साम्ब - વગેરે શ્લોક ૧ મુજબ. હાહા અને હૂહૂ નામના ગંધર્વો છે. જે દેવોની સભામાં ગાય છે.

હાહા અને હૂહૂ નામના દેવોના ગાયકના મુખે જેના ગીતોના પદો ગવાય છે તેવા હે વિભુ ! હે સામ્બ ! હે સદાશિવ ! હે શંકર ! આપના ચરણદ્વય મારું શરણ હો. (૪૮)

ळादिर्न हि प्रयोगस्तदन्त-
मिह मङ्गलं सदास्तु विभो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ४९ ॥

ळ आदि - ળ વગેરે, प्रयोगः - પ્રયોગ, न - નથી, तद् - તેના, अन्तम् - અંતની જેમ; मङ्गलं-मम्-पापं गलति इति मङ्गलम् - પાપને ગાળી નાંખે તે મંગલ, सदा - હંમેશ, अस्तु - થાવ.

'ળ' વગેરે પ્રયોગ (લૌકિક સંસ્કૃતમાં) નથી એવી રીતે મારા (मम्-પાપ પણ ગળી જાય-ન રહે તેવું) મંગલ હંમેશ થાવ. હે વિભુ ! હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર ! આપનાં બે ચરણો એ જ તો મારું શરણ છે ! (૪૯)

क्षणमिव दिवसान्नेष्यति त्वत्पद-
सेवाक्षणोत्सुकः शिव भो ।
साम्ब सदाशिव शंभो शंकर
शरणं मे तव चरणयुगम् ॥ ५० ॥

क्षणं-इव - ક્ષણની માફક, दिवसान् - દિવસોને, नेष्यति - પસાર કરી દે, त्वत्-पद-सेवा-क्षणोत्सुकः - આપનાં ચરણની સેવાના અવસર માટે ઉત્સુક.

હે શિવ ! હે વિભુ ! આપનાં ચરણોની સેવાના અવસર માટે ઉત્સુક જન એક ક્ષણ માફક દિવસો પસાર કરી દે છે. હે સામ્બ, સદાશિવ, શંભુ, શંકર, આપનાં બે ચરણો એ જ તો મારું શરણ હો ! (૫૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''सुवर्णमालास्तुतिः'' संपूर्णा ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં ''સુવર્ણમાલાસ્તુતિઃ'' સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ विष्णुपादादिकेशान्तरस्तोत्रम् ॥

लक्ष्मीभर्तुर्भुजाग्रे कृतवसति सितं यस्य रूपं विशालं
नीलाद्रेस्तुङ्गशृङ्गस्थितमिव रजनीनाथबिम्बं विभाति ।
पायान्नः पाञ्चजन्यः स दितिसुतकुलत्रासनैः पूरयन्स्वै-
र्निध्वानैर्नीरदौघध्वनिपरिभवदैरम्बरं कम्बुराजः ॥ १ ॥

लक्ष्मीभर्तुः - લક્ષ્મીપતિ શ્રીવિષ્ણુના भुजाग्रे - કરાગ્રે कृतवसति - વાસ કરનારું विशाले - વિશાળ અને सितं - ઉજ્જ્વળ એવું यस्य - જેનું रूपं - સ્વરૂપ છે, અને તેથી જે જાણેકે नीलाद्रेः - નીલ પર્વતના तुङ्गशृङ्गस्थिते - ઉત્તુંગ શિખર પર રહેલા रजनी-नाथ-बिम्बं - ચંદ્રનાં બિંબની इव - જેમ विभाति - શોભે છે, તથા જે दिति-सुत-कुल-त्रासनैः - દૈત્ય-કુળને ત્રાસ આપનાર અને नीरदौघ-ध्वनि-परिभवदैः - મેઘમંડળની ગર્જનાનો તિરસ્કાર કરનાર स्वैः - પોતાના निध्वानैः - નિનાદથી अम्बरं - આકાશને पूरयन् - ભરી દે છે. सः - તે कम्बुराजः - શંખાધિરાજ पाञ्चजन्यः - પાંચજન્ય नः - અમારું पायात् - રક્ષણ કરો. दिति-सुत-कुल - દિતિના પુત્રો, દૈત્યોનો પરિવાર.

જે પોતાનાં વિશાળ અને ઉજજવળ સ્વરૂપે લક્ષ્મીપતિના કરાગ્રે, જાણે કે નીલપર્વતનાં ઉત્તુંગ શિખર પર શોભતાં ચન્દ્રબિંબની જેમ વસી રહ્યા છે, અને વળી દૈત્યકુળને ત્રાસ આપનાર તથા મેઘમંડળની ગર્જનાઓનો તિરસ્કાર કરનાર પોતાના નિનાદથી જે આકાશને ભરી દે છે, તે શંખાધિરાજ પાંચજન્ય અમારું રક્ષણ કરો ! (૧)

आहुर्यस्य स्वरूपं क्षणमुखमखिलं सूरयः कालमेतं
ध्वान्तस्यैकान्तमन्तं यदपि च परमं सर्वधाम्नां च धाम ।
चक्रं तच्चक्रपाणेर्दितिजतनुगलद्रक्तधाराक्तधारं
शश्वन्नो विश्ववन्द्यं वितरतु विपुलं शर्म घर्मांशुशोभम्
॥ २ ॥

सूरयः - વિદ્વાનો क्षणमुखं - ક્ષણ (ઘડી, મુહૂર્ત) વગેરે अखिलं - અખિલ कालं - કાળને यस्य - જેનું स्वरूपं - સ્વરૂપ आहुः - કહે છે, यदपि च - અને વળી જે ध्वान्तस्य - અંધકારનો एकान्तं - સંપૂર્ણ अन्तं - અન્ત કરનારું એવું सर्वधाम्नां - સર્વ તેજનું परम् - પરમ धाम - ધામ છે, તથા दितिज-तनु-गलद्-रक्त-धाराक्तधारं - જેની ધાર દૈત્યોનાં શરીરોમાંથી ઝરતી રકતધારાઓથી ખરડાયેલી રહે છે, તેવું घर्मांशु-शोभं - સૂર્ય સમ શોભતું विश्ववन्द्यं - વિશ્વવંદ્ય, चक्रपाणेः - ચક્રપાણિ ભગવાન વિષ્ણુનું चक्रं - સુદર્શન ચક્ર नः - અમને विपुलं - વિપુલ शर्म - સુખ वितरतु - આપો. सूरयः - વિદ્વાનો, ઋષિઓ, ध्वान्त - અંધકાર घर्मांशुं - સૂર્ય. ક્યાંક धर्मांशु - ધર્મરૂપી કિરણવાળું એવું પાઠાંતર મળે છે, જે છાપભૂલ લાગે છે.

વિદ્વાનો ક્ષણ વગેરે સમસ્ત કાળને જેનું સ્વરૂપ કહે છે, અંધકારનો સંપૂર્ણ ઉચ્છેદ કરનારું એવું જે સર્વ તેજનું પરમ ધામ છે, અને જેની ધાર દૈત્યોનાં શરીરમાંથી ઝરતાં રક્તથી સદાયે ખરડાયેલી રહે છે એવું, ચક્રપાણિ ભગવાન વિષ્ણુનું વિશ્વવંદ્ય સુદર્શન ચક્ર અમને પુષ્કળ સુખ આપો ! (૨)

अव्यान्निर्घातघोरो हरिभुजपवनामर्शनाध्मातमूर्ते-
रस्मान्विस्मेरनेत्रत्रिदशनुतिवचः साधुकारैः सुतारः ।
सर्वं संहर्तुमिच्छोररिकुलभुवनं स्फारविस्फारनादः
संयत्कल्पान्तसिन्धौ शरसलिलघटावार्मुचः कार्मुकस्य
॥ ३ ॥

संयत्-कल्पान्त-सिन्धौ - યુદ્ધરૂપી પ્રલયકાળના સમુદ્રમાં हरि-भुज-पवन-अमर्शन-आध्मातमूर्तेः - શ્રીવિષ્ણુ ભગવાનની ભુજારૂપ પવનના રોષયુક્ત સંબંધથી સુસવાટા કરતું હોય એવું જેનું સ્વરૂપ છે, सर्वं - (જે) સમસ્ત अरि-कुल-भुवनं - શત્રુકુળરૂપી જગતનો संहर्तु - સંહાર કરવા इच्छोः - ઈચ્છે છે, शरसलिल-घटावार - જે બાણોરૂપી જળધારાઓ છોડે છે, વરસાવે છે અને विस्मेर-नेत्र-त्रिदश-नुतिवचः - વિસ્મિત નેત્રોથી દેવોનાં સ્તુતિવચનોથી અને साधुकारैः - ધન્યવાદોથી જે सुतारः - અત્યંત ઘેરો બને છે, એ कार्मुकस्य - (શ્રીવિષ્ણુના 'શાર્ઙ્ગરવ' નામના) ધનુષ્યરૂપી मुचः - મેઘનો निर्घातघोरः - અત્યંત ઘોર स्फार-विस्फार-नादः - ઘોર અને પ્રચંડ કડાકા કરતો ટંકાર अस्मान् - અમારું अव्यात् - રક્ષણ કરો !

ભગવાન શ્રીવિષ્ણુનાં ('શાર્ઙ્ગરવ' નામનાં) ધનુષ્યનો અત્યંત ઘોર મેઘ ટંકાર અમારું રક્ષણ કરો ! આ ટંકાર વિષ્ણુની ભુજારૂપ પવનના રોષયુક્ત સંબન્ધથી સુસવાટા મારે છે અને યુદ્ધરૂપી પ્રલયકાળના સમુદ્રમાં શત્રુકુળ રૂપી સમસ્ત જગતનો સંહાર કરવા ઈચ્છે છે, અને એટલે જ તે બાણોરૂપી જળધારાઓ વરસાવે છે. અત્યંત ઘોર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચંડ કડાકા કરતો આ ટંકાર વિસ્મિત નેત્રોવાળા દેવોનાં સ્તુતિવચનો અને ધન્યવાદોથી અતિ ઘેરો બને છે. (૩)

जीमूतश्यामभासा मुहुरपि भगवद्बाहुना मोहयन्ती
युद्धेषूद्धूयमाना झटिति तडिदिवालक्ष्यते यस्य मूर्तिः ।
सोऽसिस्त्रासाकुलाक्षत्रिदशरिपुवपुःशोणितास्वादतृप्तो
नित्यानन्दाय भूयान्मधुमथनमनोनन्दनो नन्दको नः
॥ ४ ॥

यस्य - જેનું मूर्तिः - સ્વરૂપ जीमूत-श्याम-भासा - મેઘશ્યામ કાંતિવાળા भगवद्बाहुना - ભગવાનના બાહુને લીધે मोहयन्ती - મોહ પમાડે છે, युद्धेषु - યુદ્ધોમાં मुहुरपि - વારંવાર झटिति - અતિ ઝડપથી उद्धूयमाना - ઉપર-નીચે જવાથી જે तडित् इव - વીજળી જેવું દેખાય છે. त्रास-आकुल-अक्ष-त्रिदश-रिपु-वपुः-शोणित-आस्वाद-तृप्तं - ભયથી વ્યાકુળ ચક્ષુવાળા અસુરોનાં શોણિતને ચાખવાથી જે તૃપ્ત થાય છે. (પાઠાંતર - दृप्तः - ગર્વિષ્ઠ બને છે.) અને જે मधु-मथन-मनो-नन्दनः - મધુ દૈત્યનો નાશ કરનાર શ્રી હરિનાં મનને પ્રસન્ન કરે છે सः - તે नन्दकः - (વિષ્ણુનું) 'નન્દક' નામનું ખડ્ગ नः - અમને नित्यानन्दाय - નિત્ય આનંદ આપનાર भूयात् - બનો. त्रिदश - દેવ त्रिदश-रिपु - દેવોના શત્રુ, અસુર.

ભગવાન વિષ્ણુનું 'નન્દક' નામનું ખડ્ગ અમને નિત્ય આનંદપ્રદ બની રહો ! આ ખડ્ગ મેઘની શ્યામકાંતિથી સોહતા ભગવાનના હાથમાં રહીને યુદ્ધમાં (શત્રુઓને) મોહ પમાડે છે, અને તે (શત્રુસંહાર માટે) ઉપર-નીચે વીંઝાય છે ત્યારે વારંવાર અતિઝડપે ચમકતી વીજળી જેવું દેખાય છે, અને ભયથી વ્યાકુળ થયેલ નેત્રોવાળા અસુરોનાં શરીરનાં રક્તને ચાખીને તૃપ્ત બને છે. (૪)

कम्राकारा मुरारेः करकमलतलेनानुरागाद्गृहीता
सम्यग्वृत्ता स्थिताग्रे सपदि न सहते दर्शनं या परेषाम् ।
राजन्ती दैत्यजीवासवमदमुदिता लोहितालेपनार्द्रा
कामं दीप्तांशुकान्ता प्रदिशतु दयितेवास्य कौमोदकी
नः ॥ ५ ॥

मुरारेः - મુરારિ ભગવાન વિષ્ણુના करकमलतलेन - કરકમળે अनुरागगृहीता - પ્રેમપૂર્વક ગ્રહણ કરેલી, कम्राकारा - મનોહર આકૃતિ - સ્વરૂપવાળી, अग्रे - અગ્રભાગે सम्यग्वृत्ता - સુડોળ અને या - જે परेषां - પારકાનું (પરપુરુષનું - શત્રુઓનું) दर्शनं - દર્શન सपदि - એકદમ - જરા પણ न सहते - સહન કરતી નથી. તથા જે दैत्य-जीव-आसव-मद-मुदिता - દૈત્યોના પ્રાણરૂપ આસવના મદથી મત્ત થઈને राजन्ती - રાચે છે અને વળી लोहिता-लेपन-आर्द्रा - રક્ત આલેપનથી ભીંજાયેલી છે (રક્ત સુશોભનના લેપથી ભીંજાયેલી, શત્રુઓનાં લોહીના લેપથી ભીંજાયેલી) એવી दीप्तांशुकान्ता - પ્રદીપ્ત કિરણોથી કાન્તિમતી अस्य - આ વિષ્ણુ ભગવાનની दयिता - પ્રિય પત્ની इव - જેવી कौमोदकी - કૌમોદકી ગદા नः - અમારી कामं - ઈચ્છાને प्रदिशतु - પૂર્ણ કરો !

મુરારિએ પોતાનાં કરકમળમાં જેને પ્રેમપૂર્વક ગ્રહણ કરી છે, જેની આકૃતિ મનોહર છે, અગ્ર ભાગે જે સુડોળ છે, જે પારકાનું (શત્રુઓનું) દર્શન જરા જેટલું પણ સહન કરતી નથી, દૈત્યોના પ્રાણરૂપ આસવના મદથી મત્ત થઈ જે રાચી રહી છે, જે રક્ત આલેપનથી ભીંજાયેલી છે અને પ્રદીપ્ત કિરણોથી કાન્તિમતી છે, એવી ભગવાન વિષ્ણુની પ્રિયપત્ની જેવી કૌમોદકી ગદા અમને મનવાંછિત ફળ આપો ! (૫)

यो विश्वप्राणभूतस्तनुरपि च हरेर्यानकेतुस्वरूपो
यं संचिन्त्यैव सद्यः स्वयमुरगवधूवर्गगर्भाः पतन्ति ।
चञ्चच्चण्डोरुतुण्डत्रुटितफणिवसारक्तपङ्काङ्कितास्यं
वन्दे छन्दोमयं तं खगपतिममलस्वर्णवर्णं सुपर्णम् ॥ ६ ॥

यः - જે विश्व-प्राण-भूतः - વિશ્વના પ્રાણરૂપ છે, तनुः - (શરીરે) નાનો अपि - હોવા છતાં પણ જે हरेः - વિષ્ણુ ભગવાનનું यान-केतु-स्वरूपः - વાહન અને એની ધ્વજાનું સ્વરૂપ છે. यं - જેને संचिन्त्य - સ્મરતાં एव - જ उरग-वधु-वर्ग-गर्भाः - સર્પોની સ્ત્રીઓના ગર્ભો स्वयं - જાતે જ पतन्ति - સ્રવી જાય છે, चञ्चत्-चण्ड-उरु-तुण्ड-त्रुटित-फणि-वसा-रक्तपङ्काङ्कित-आस्यं - તરફડતા વિશાળ અને ઉગ્રમુખોવાળા અને તૂટી પડેલા (કટકા થઈ ગયેલા) સર્પોની ચરબી અને રક્ત રૂપી કાદવથી ખરડાયેલું (જેનું) મુખ છે, तं - તે छन्दोमयं - વેદમય અને अमल-वर्ण-वर्णं - નિર્મળ સુવર્ણ વર્ણવાળા खगपतिं - પક્ષીરાજ सुपर्णं - ગરુડનો वन्दे - હું વંદન કરું છું.

જે વિશ્વના પ્રાણરૂપ છે, જે શરીરે નાનો હોવા છતાં ભગવાન વિષ્ણુનું વાહન અને તેમના ધ્વજનું સ્વરૂપ છે, જેનું સ્મરણ કરતાં જ સર્પિણીઓના ગર્ભો જાતે જ સ્રવી જાય છે, અને જેનું મુખ તરફડતા વિશાળમુખવાળા અને

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પ્રહારને કારણે) તૂટેલા સર્પોની ચરબી અને રક્તના કાદવથી ખરડાયેલું છે એવા વેદમય અને નિર્મળ સુવર્ણ વર્ણવાળા પક્ષીરાજ ગરુડને હું વંદન કરું છું. (૬)

विष्णोर्विश्वेश्वरस्य प्रवरशयनकृत्सर्वलोकैकधर्ता
सोऽनन्तः सर्वभूतः पृथुविमलयशाः सर्ववेदैश्च वेद्यः ।
पाता विश्वस्य शश्वत्सकलसुररिपुध्वंसनः पापहन्ता
सर्वज्ञः सर्वसाक्षी सकलविषभयात्पातु भोगीश्वरो नः
॥ ७ ॥

विश्वेश्वरस्य - જે વિશ્વેશ્વર विष्णोः - વિષ્ણુ ભગવાનની प्रवर-शयन-कृत् - ઉત્તમ શય્યા છે, सर्व-लोक-एक-धर्ता - જે સકલ વિશ્વનો એકમાત્ર ધારણકર્તા છે, अनन्तः - જે અનન્ત છે, सर्वभूतः - સર્વરૂપ છે, पृथु-विमल-यशाः - જેનો યશ નિર્મળ અને વિશાળ છે. च અને જે सर्ववेदैः - સર્વ વેદો દ્વારા वेद्यः - જાણી શકાય છે. विश्वस्य - વિશ્વનો पाता - રક્ષક છે. જે शश्वत् - નિરંતર सकल-सुर-रिपु-विध्वंसनः - સકલ અસુરોનો વિનાશ-કર્તા છે, पाप-हन्ता - પાપનાશક છે, सर्वज्ञः - જે સર્વજ્ઞ અને सर्व-साक्षी - સર્વસાક્ષી છે તે भोगीश्वरः - સર્પરાજ શેષનાગ सकल-विष-भयात् - સમગ્ર વિષના ભયમાંથી नः - અમારું पातु - રક્ષણ કરો.

ભગવાન વિષ્ણુની જે ઉત્કૃષ્ટ શય્યા છે, સકલ વિશ્વને જે એકમાત્ર ધારણ કરે છે, અને વળી જે અનન્ત, સર્વસાક્ષી અને વિમલ યશવાળા છે, સર્વ વેદો દ્વારા જેને જાણી શકાય છે, તથા જે વિશ્વના રક્ષક અને અસુરોનો નિરંતર વિનાશ કરનારા છે, જે પાપનાશક, સર્વજ્ઞ, અને સર્વસાક્ષી છે, તે સર્પરાજ શેષનાગ સમગ્ર વિષના ભયમાંથી અમારું રક્ષણ કરો. (૭)

वाग्भूगौर्यादिभेदैर्विदुरिह मुनयो यां यदीयैश्च पुंसां
कारुण्यार्द्रैः कटाक्षैः सकृदपि पतितैः संपदः स्युः समग्राः ।
कुन्देन्दुस्वच्छमन्दस्मितमधुरमुखाम्भोरुहां सुन्दराङ्गीं
वन्दे वन्द्यामशेषैरपि मुरभिदुरोमन्दिरामिन्दिरां ताम् ॥ ८ ॥

वाग् -भू-गौरी-आदि - વાણી, પૃથ્વી, ગૌરી વગેરે भेदैः - ભિન્ન ભિન્ન નામોથી मुनयः - મુનિઓ इह - અહીં જેને विदुः - જાણે છે, यदीयैः - જેના कारुण्य-आर्द्रैः - કરુણાભીના कटाक्षैः - કટાક્ષો पुंसां - મનુષ્યો પર सकृद् - એક વાર अपि - પણ જો पतितैः - પડે તો તેમને समग्राः - સમગ્ર संपदः - સંપત્તિ स्युः - પ્રાપ્ત થઈ જાય છે, कुन्द-इन्दु-स्वच्छ-मन्द-स्मित-मधुर-मुखाम्भो-रुहां - જેનું મુખકમળ મોગરા અને ચન્દ્ર જેવાં નિર્મળ અને મન્દ મન્દ સ્મિતથી મધુર લાગે છે तां - તેવી मुरभिद् - उरोमन्दिरां - શ્રીમુરારિનાં ઉરમંદિરમાં વસતી, अशेषैः - સર્વ દ્વારા वन्द्यां - વંદનીય सुन्दर-अङ्गी - સુંદર અંગવાળાં इन्दिरां - મહાલક્ષ્મીને वन्दे - હું વંદન કરું છું.

મુનિઓ જેમને 'વાણી' 'પૃથ્વી' 'ગૌરી' જેવા ભિન્ન ભિન્ન નામોથી ઓળખે છે, જેમના કરુણાભીના કટાક્ષો મનુષ્યો પર જો એક વાર પણ પડે તો તેમને સમગ્ર સંપત્તિ પ્રાપ્ત થઈ જાય છે, અને જેમનું મુખકમળ મોગરા અને ચન્દ્ર જેવાં નિર્મળ અને મન્દ સ્મિતથી મધુર લાગે છે તથા જે શ્રીમુરારિનાં ઉરમંદિરમાં વસી રહ્યાં છે તેવાં સર્વાંગસુન્દર સર્વવંદ્ય શ્રીમહાલક્ષ્મીને હું વંદન કરું છું. (૮)

या सूते सत्त्वजालं सकलमपि सदा संनिधानेन पुंसो
धत्ते या तत्त्वयोगाच्चरसचरमिदं भूतये भूतजातम् ।
धात्रीं स्थात्रीं जनित्रीं प्रकृतिमविकृतिं विश्वशक्तिं विधात्रीं
विष्णोर्विश्वात्मनस्तां विपुलगुणमयीं प्राणनाथां प्रणौमि
॥ ९ ॥

पुंसः- પરમ પુરુષ - પરમાત્માના संनिधानेन - સામીપ્યથી या - જે सकलमपि - સકલ सत्त्व-जालं - પ્રાણીસમૂહને सूते - જન્મ આપે છે, या - જે तत्त्वयोगात् - પરમતત્ત્વના યોગથી (પાઠાંતર सत्त्वयोगात् - સત્ત્વ ગુણના યોગથી) इदं - આ चरं - ચર અને अचरं - અચર भूतजातं - ભૂત-સમુદાયને भूतये - તેમની ઉન્નતિ સમૃદ્ધિ માટે धत्ते - ધારણ કરે છે, જે સર્વની धात्रीं - ધારક, स्थात्रीं - સ્થાપક, जनित्रीं - જનેતા, विधात्रीं - વિધાત્રી અને विश्वशक्तिं - વિશ્વશક્તિરૂપા છે तां - તેવી विपुल-गुणमयीं વિપુલગુણરૂપા, અને विश्वात्मनः - વિશ્વાત્મા विष्णोः - વિષ્ણુની प्राणनाथां - પ્રાણેશ્વરી, अविकृतिं - અવિકૃત प्रकृतिं - પ્રકૃતિને प्रणौमि - હું પ્રણામ કરું છું.

પરમ પુરુષ(પરમાત્મા)ના સાન્નિધ્યથી જે સકલ પ્રાણી સમૂહને જન્મ આપે છે, જે પરમતત્ત્વના(અથવા સત્ત્વ-ગુણના) યોગથી આ ચરાચર ભૂત સમુદાયને એમની ઉન્નતિ માટે ધારણ કરે છે, જે ધાત્રી, સ્થાપક, જનેતા, વિધાત્રી અને વિશ્વશક્તિ-સ્વરૂપા છે, તેવી વિપુલગુણમયી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વાત્મા વિષ્ણુની પ્રાણેશ્વરી અવિકૃત પ્રકૃતિ(રૂપલક્ષ્મી)ને હું પ્રણામ કરું છું. (૯)

येभ्योऽसूयद्भिरुच्चैः सपदि पदमुरु त्यज्यते दैत्यवर्गै-
र्येभ्यो धर्तुं च मूर्ध्ना स्पृहयति सततं सर्वगीर्वाणवर्गः ।
नित्यं निर्मूलयेयुर्निचिततरममी भक्तिनिघ्नात्मनां नः
पद्माक्षस्याङ्घ्रिपद्मद्वयतलनिलयाः पांसवः पापपङ्कम्
॥ १० ॥

येभ्यः - જેમની उच्चैः - ખૂબ असूयद्भिः - ઈર્ષ્યા કરવાથી दैत्यवर्गैः - દૈત્યવર્ગ सपदि - તત્કાળ उरु - પોતાનું મોટું पदं - પદ, સ્થાન त्यज्यते - ખોઈ બેસે છે, અને सर्व-गीर्वाण-वर्गः - સર્વદેવગણ येभ्यो - જેમને मूर्ध्ना - પોતાનાં મસ્તક પર धर्तुं - ધારણ કરવા માટે सततं - સતત स्पृहयति - સ્પૃહા કરે છે, अमी - એ पद्माक्षस्य - કમલનેત્ર શ્રીવિષ્ણુના अङ्घ्रिपद्म-द्वय-तल-निलयाः - બન્ને ચરણકમલનાં તળિયાની पांसवः - (પવિત્ર) રજ, भक्तिनिघ्नात्मनां - દૃઢ ભક્તિવાળા नः - અમારા निचिततरं - અત્યંત ગાઢ पापपङ्कं - પાપરૂપી કીચડને नित्यं - હંમેશાં निर्मूलयेयुः - નિર્મૂળ કરો.

કમળનયન ભગવાન શ્રીવિષ્ણુના બન્ને ચરણકમલની રજ દૃઢ ભક્તિવાળા એવા અમારા અતિશય ગાઢ પાપરૂપી કીચડને હંમેશને માટે નિર્મૂલ કરો. આ ચરણરજની અદેખાઈ કરવાથી દૈત્યસમૂહ તેમનાં ઉચ્ચ પદેથી ફેંકાઈ જાય છે અને આ જ ચરણરજને પોતાના મસ્તક પર ચડાવવા દેવગણ સદા સ્પૃહા કરે છે. (૧૦)

रेखा लेखादिवन्द्याश्चरणतलगताश्चक्रमत्स्यादिरूपाः
स्निग्धाः सूक्ष्माः सुजाता मृदुललिततरक्षौमसूत्रायमाणाः ।
दद्युर्नो मङ्गलानि भ्रमरभरजुषा कोमलेनाब्धिजायाः
कम्रेणाम्रेड्यमानाः किसलयमृदुना पाणिना चक्रपाणेः
॥ ११ ॥

चक्रपाणेः - ચક્રધારી ભગવાન વિષ્ણુના, चरण-तल-गता - ચરણતલે રહેલી, चक्र-मत्स्यादि-रूपाः - ચક્ર, મત્સ્ય વગેરેનાં ચિહ્નોવાળી, स्निग्धाः - મનોરમ, सूक्ष्माः - સૂક્ષ્મ, सुजाताः - સુસ્પષ્ટ, અને मृदु-ललित-तर-क्षौम-सूत्रायमाणाः - કોમળ લલિત રેશમના તાર જેવી, लेखादिवन्द्याः - દેવાદિ વડે વન્દનીય, તથા अब्धिजायाः - લક્ષ્મીજીના किसलय-मृदुना - કુંપળ જેવા કોમળ અને भ्रमर-भर-जुषा - ભ્રમરવૃંદથી સેવાતા कोमलेन - સુકોમળ कम्रेण - સુંદર पाणिना - હસ્ત વડે आम्रेड्यमानाः - વારંવાર પંપાળાતી रेखाः - રેખાઓ नः - અમને मङ्गलानि - મંગળ दद्युः - આપો. लेखादि - लेख - દેવ - દેવાદિ. आम्रेड्यमाना - પંપાળાતી.

ચક્રધારી ભગવાન શ્રીવિષ્ણુનાં ચરણતલમાં રહેલી રેખાઓ ચક્ર અને મત્સ્ય વગેરેના ચિહ્નોથી યુક્ત છે, દેવો વગેરે તેમને પ્રણામ કરે છે. આ મનોરમ, સૂક્ષ્મ, સુસ્પષ્ટ અને મૃદુલલિત રેશમના તાર જેવી રેખાઓને લક્ષ્મીજી પોતાના કુંપળ શા મૃદુ અને જેની આસપાસ ભ્રમરવૃંદ ગુંજન કરે છે તેવા કોમળ અને સુંદર હાથથી પંપાળી રહ્યાં છે. આવી આ રેખાઓ અમને (સર્વ પ્રકારનું) મંગલ આપી રહો ! (૧૧)

यस्मादाक्रामतो द्यां गरुडमणिशिलाकेतुदण्डायमाना-
दाश्च्योतन्ती बभासे सुरसरिदमला वैजयन्तीव कान्ता ।
भूमिष्ठो यस्तथान्यो भुवनगृहबृहत्स्तम्भशोभां दधौ नः
पातामेतौ पयोजोदरललिततलौ पङ्कजाक्षस्य पादौ ॥ १२ ॥

पङ्कज-अक्षस्य - કમળનેત્ર ભગવાન શ્રીવિષ્ણુનો यस्मात् (एकस्मात् पादात्) - એક પગ गरुडमणि-शिला-केतु-दण्डाय-मानात् - ગારુત્મત્ રત્નના ધ્વજદંડ જેવો હોઈ द्यां - સ્વર્ગનું आक्रमतः - આક્રમણ કરે છે, आश्च्योतन्ती - (ત્યારે) તેમાંથી વહેતી अमला - નિર્મળ सुर-सरित् - સુરગંગા, આકાશગંગા, कान्ता - ચમકતી वैजयन्ती इव - ધજા શી શોભે છે. तथा - અને अन्यः - બીજો પગ भूमिष्ठः - પૃથ્વી પર રહેલો છે. અને તે भुवन-गृह-बृहत् - स्तम्भशोभां - જગતરૂપી ભુવનનો વિશાળ સ્તંભ હોય તેમ શોભે છે. एतौ - આવાં पयोज-उदर-ललित-तलौ - કમળના મધ્યભાગ જેવાં સુંદર તળિયાવાળા એ पादौ - બન્ને ચરણો नः - અમારું, આપણું पायात् - રક્ષણ કરો.

કમળનેત્ર ભગવાન શ્રીવિષ્ણુનો ગારુત્મત્ રત્નના ધ્વજદંડ સમો એક પગ સ્વર્ગને વ્યાપી વળે છે અને તેમાંથી વહેતી નિર્મળ સુરગંગા - મંદાકિની ધ્વજાની જેમ ચળકે છે. તો ભગવાનનો બીજો પગ પૃથ્વી પર રહેલો છે અને તે જગતરૂપી ભુવનનો વિશાળ સ્તંભ હોય તેમ શોભે છે. પ્રભુના આવાં કમલના મધ્યભાગ જેવા સુંદર તળિયાવાળાં એ બન્ને ચરણો અમારું રક્ષણ કરો ! (૧૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

**आक्रामद्भ्यां त्रिलोकीमसुरसुरपती तत्क्षणादेव नीतौ
याभ्यां वैरोचनीन्द्रौ युगपदपि विपत्संपदोरेकधाम ।
ताभ्यां ताम्रोदराभ्यां मुहुरहमजितस्याञ्चिताभ्यामुमाभ्यां
प्राज्यैश्वर्यप्रदाभ्यां प्रणतिमुपगतः पादपङ्केरुहाभ्याम्
॥ १३ ॥**

त्रिलोकीं - ત્રણેય લોકનું आक्रामद्भ्यां - આક્રમણ કરતા, असुर-सुर-पती - અસુરરાજ બલિરાજાને અને દેવરાજ ઈન્દ્રને तत्क्षणात् - તે ક્ષણથી एव - જ, જેમણે युगपत् - એકીસાથે अपि - જ, विपत्-संपदोः - અનુક્રમે વિપત્તિ અને સંપત્તિનાં एक-धाम - એક ધામ नीतौ - બનાવ્યા, अजितस्य - અજિત (વિષ્ણુ) ભગવાનનાં એ ताम्र-उदराभ्यां - લાલ તળિયાંવાળા અને प्राज्य-ऐश्वर्य-प्रदाभ्यां - પ્રચુર ઐશ્વર્ય આપનારાં अञ्चिताभ्यां - સર્વ વડે પૂજાતાં पाद-पङ्के-रुहाभ्यां - બન્ને ચરણકમળને હું मुहुः मुहुः - વારંવાર प्रणति - નમસ્કાર उपगतः - કરું છું. (નોંધ - અહીં શ્રીવિષ્ણુના વામન અવતારનો સંદર્ભ છે. બલિરાજા વિરોચનના પુત્ર હોઈ वैरोचनी - કહેવાય છે.)

ત્રણેય લોકને વ્યાપવાની સાથે જે બન્ને ચરણોએ, તે ક્ષણે જ અસુરપતિ બલિરાજાને અને દેવરાજ ઈન્દ્રને એકીસાથે જ અનુક્રમે, વિપત્તિ અને સંપત્તિનાં એકધામ બનાવ્યાં તેવાં લાલ તળિયાંવાળાં અને પ્રચુર ઐશ્વર્ય આપનારાં સર્વપૂજ્ય, અજિત ભગવાનના બન્ને ચરણકમળોને હું વારંવાર વંદન કરું છું. (૧૩)

**येभ्यो वर्णश्चतुर्थश्चरणत उदभूदादिसर्गे प्रजानां
साहस्री चापि संख्या प्रकटमभिहिता सर्ववेदेषु येषाम् ।
प्राप्ता विश्वंभरा यैरतिविततनोर्विश्वमूर्तेर्विराजो
विष्णोस्तेभ्यो महद्भ्यः सततमपि नमोऽस्त्वङ्घ्रि-
पङ्केरुहेभ्यः ॥ १४ ॥**

प्रजानां - પ્રજાઓનાં आदिसर्गे - સર્જનના આદિકાળે येभ्यः - જે चरणतः - ચરણોમાંથી चतुर्थः - ચોથો वर्णः - વર્ણ (શૂદ્રવર્ણ) उद्भूत् - ઉત્પન્ન થયો છે. सर्व-वेदेषु - સર્વ વેદોમાં येषां - જેમની साहस्री - એક હજાર चापि - જેટલી संख्या - સંખ્યા प्रकटं - સ્પષ્ટ રીતે अभिहिता - કહેવાઈ છે, यैः - જેમના વડે विश्वंभरा - પૃથ્વી प्राप्ता - પ્રાપ્ત થઈ છે (પાઠાંતર व्याप्ता - વ્યાપ્ત), अति-वितत-तनोः - અતિ વ્યાપ્ત શરીરવાળા विश्वमूर्तेः - વિશ્વમૂર્તિ विराजः - વિરાટ विष्णोः - વિષ્ણુ ભગવાનનાં तेभ्यः - તે महद्भ्यः - મહાન अङ्घ्रिपङ्केरुहेभ्यः - ચરણકમળોને सततं अपि - સતત नमः - નમસ્કાર अस्तु - હો !

પ્રજાઓનાં સર્જનના આદિકાળે ભગવાનનાં ચરણોમાંથી ચોથો (શૂદ્ર) વર્ણ ઉત્પન્ન થયો છે. સર્વ વેદોમાં આ ચરણોની સંખ્યા હજાર છે, એમ સ્પષ્ટ જાહેર થયું છે. એમનાથી પૃથ્વી વ્યાપ્ત રહી છે (અથવા ઉત્પન્ન થઈ છે.). અતિવ્યાપક શરીરવાળાં, વિશ્વમૂર્તિ, વિરાટ વિષ્ણુ ભગવાનનાં આવાં મહાન ચરણકમળોને સતત નમસ્કાર હો ! (૧૪)

**विष्णोः पादद्वयाग्रे विमलनखमणिभ्राजिता राजते या
राजीवस्येव रम्या हिमजलकणिकालंकृताग्रा दलाली ।
अस्माकं विस्मयार्हाण्यखिलजनमनःप्रार्थनीया हि सेयं
दद्यादाद्यानवद्या ततिरुतिरुचिरा मङ्गलान्यङ्गुलीनाम्
॥ १५ ॥**

विष्णोः - ભગવાન વિષ્ણુનાં पाद-द्वय-अग्रे - બન્ને ચરણના અગ્રભાગે या - જે, विमल-नख-मणि-भ्राजिता - વિમલ નખરૂપી મણિથી ચમકીને राजते - શોભી રહી છે, તથા જે राजीवस्य - કમળની, हिम-जल-कणिका-अलंकृताग्रा - છેડા પર હિમજળનાં કણોથી અલંકૃત दलाली - પાંખડીઓ इव - જેવી रम्या - સુંદર છે, सा - ते, अखिल-जन-मनः-प्रार्थनीया - સર્વ જનો વડે ઈચ્છવા યોગ્ય (પાઠાંતર : अखिलमुनि-जनप्रार्थनीया - સર્વ મુનિજન વડે ઈચ્છવા યોગ્ય), अङ्गुलीनां - આંગળીઓની, आद्य - આદ્ય अनवद्य - નિર્દોષ અને अतिरुचिरा - અત્યંત મનોહર ततिः - પંક્તિ, अस्माकं - અમને विस्मय-अर्हाणि - આશ્ચર્યકારક मङ्गलानि - મંગલો दद्यात् - આપો !

ભગવાન વિષ્ણુનાં ચરણદ્વયના અગ્રભાગે વિમલ નખરૂપી મણિની ચળકતી આંગળીઓની જે પંક્તિ શોભી રહી છે, તે કમળને છેડે હિમજળનાં કણોથી સુશોભિત પાંખડીઓ જેવી રમણીય છે. સર્વ જનો (તેનાં દર્શન કે સ્પર્શને પામવા માટે) તેની કામના રાખે છે. આવી અતિમનોહર આ અનવદ્ય આંગળીઓની પંક્તિ અમને આશ્ચર્યકારક મંગલો આપી રહો ! (૧૫)

**यस्यां दृष्ट्वामलायां प्रतिकृतिममराः संभवन्त्यानमन्तः
सेन्द्राः सान्द्रीकृतेर्ष्यास्त्वपरसुरकुलाशङ्कयातङ्कवन्तः ।
सा सद्यः सातिरेकां सकलसुखकरीं संपदं साधयेन्न-
श्चञ्चच्चार्वंशुचक्रा चरणनलिनयोश्चक्रपाणेर्नखाली ॥ १६ ॥**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सेन्द्राः (स+इन्द्राः) - ઈન્દ્ર સહિત अमराः - દેવો, आनमन्तः - નમન કરતી વખતે જ્યારે अमलायां - નિર્મળ એવી यस्यां - જે(નખપંક્તિ)માં प्रतिकृतिं - (પોતાનાં) પ્રતિબિંબને दृष्ट्वा - જોઈને अपर-सुरकुल-शङ्कया-आतङ्कवन्तः - આ કોઈ બીજું દેવકુળ છે કે શું ? એવા ભયથી શંકા કરીને सान्द्रीकृत-ईर्ष्या - અત્યંત ઈર્ષ્યા પામે છે. चञ्चत्-चारु-अंशु-चक्रा - ઝળહળતાં સુંદર કિરણમંડલવાળી, सा - તે चक्रपाणेः - ચક્રધારી વિષ્ણુ ભગવાનનાં चरणनलिनयोः - ચરણકમળોની नखाली - નખપંક્તિ नः - અમને सकल-सुख-करीं - સકલ સુખદાત્રી सातिरेकां - પુષ્કળ संपदं - સંપત્તિ सद्यः - તુરત જ साधयेत् - આપો !

ભગવાન વિષ્ણુની નખપંક્તિને ઈન્દ્ર સહિત દેવો જ્યારે નમન કરે છે, ત્યારે તેમાં પડેલાં તેમનાં પ્રતિબિંબને જોઈને "આ બીજું કોઈ દેવકુળ છે કે શું ?" એવા ભયથી શંકા કરીને, તેઓ અત્યંત ઈર્ષ્યા પામે છે. ચક્રધારી વિષ્ણુનાં ચરણકમળોની ઝળહળતાં સુંદર કિરણમંડળવાળી તે નખપંક્તિ અમને સકલ સુખદાત્રી પુષ્કળ સંપત્તિ તુરત જ આપો ! (૧૬)

पादाम्भोजन्मसेवासमवनतसुरव्रातभास्वत्किरीट-
प्रत्युप्तोच्चावचाश्मप्रवरकरगणैश्चित्रितं यद्विभाति ।
नम्राङ्गनां हरेर्नो हरिदुपलमहाकूर्मसौन्दर्यहारि-
च्छायं श्रेयःप्रदायि प्रपदयुगमिदं प्रापयेत्पापमन्तम् ॥ १७ ॥

पादाम्भोजन्म-सेवा-समवनत-सुरव्रात-भास्वत्-किरीट-प्रत्युप्त-उच्चावच-अश्म-प्रवरकरगणैः - (ભગવાનનાં) ચરણકમળોની સેવા માટે નમી રહેલા દેવગણના મુકુટમાં જડેલા ચળકતા નાના મોટા મણિઓનાં કિરણોથી चित्रितं - જે વિવિધ રંગોની विभाति - શોભા ધારણ કરે છે, च्छायम् - અને જેની કાંતિ हरिदुपल-महाकूर्म-सौन्दर्य-हारि - નીલમણિ અને વિશાળ કાચબાની સુંદરતાને હરી લે છે, हरेः - ભગવાન વિષ્ણુનાં તે श्रेयःप्रदायि - કલ્યાણકારક, प्रपदयुगं - ચરણોનાં ફણા, नम्राङ्गानां - નમન કરી રહેલાં અંગોવાળા नः - અમારાં पापं - પાપનો अन्तं - નાશ प्रापयेत् - કરો.

જ્યારે ભગવાનનાં ચરણકમળોની સેવા માટે દેવગણ નીચે નમે છે, ત્યારે, તેમનાં મુકુટમાં જડેલા ચળકતા નાના-મોટા મણિઓની જે રંગબેરંગી શોભા ધારણ કરે છે, અને જેની કાંતિ, નીલમણિ તથા વિશાળ કાચબાની સુંદરતાને હરી લે છે (ઝાંખી પાડી દે છે), ભગવાન વિષ્ણુનાં તે કલ્યાણકારી ચરણોના ફણા, નમન કરી રહેલા અમારાં પાપોનો નાશ કરો ! (૧૭)

श्रीमत्यौ चारुवृत्ते करपरिमलनानन्दहृष्टे रमायाः
सौन्दर्याढ्येन्द्रनीलोपलरचितमहादण्डयोः कान्तिचोरे ।
सूरीन्द्रैः स्तूयमाने सुरकुलसुखदे सूदितारातिसंघे
जङ्घे नारायणीये मुहुरपि जयतामस्मदंहो हरन्त्यौ ॥ १८ ॥

रमायाः - લક્ષ્મી कर-परिमलन-आनन्द-हृष्टे જેમને પોતાના હાથથી પંપાળીને આનન્દથી રોમાંચિત થઈ ઊઠે છે, તેવા श्रीमत्यौ - શોભાયમાન અને चारुवृत्ते - સુંદર, સુડોળ તથા सौन्दर्य-आढ्य-इन्द्रनीलोपल-रचित-महादण्डयोः - સૌન્દર્યમંડિત ઈન્દ્રનીલ મણિના બનેલા બે મોટા દંડની कान्तिचोरे - કાંતિને જેઓ હરી લે છે, અને सुरीन्द्रैः - મુનિવરો (મહાન વિદ્વાનો) વડે જેમની સ્તુતિ થઈ રહી છે તેવી सुर-कुल-सुखदे - દેવસમૂહને સુખ આપનાર અને सूदित-अरातिसंघे - શત્રુકુળનો નાશ કરનાર, नारायणीये - નારાયણની તે પગની जङ्घे - બન્ને જંઘાઓ - જાંઘો, પીંડીઓ अस्मद्-अंहो - અમારાં પાપને हरन्ती - હરતી मुहुरपि - વારંવાર जयताम् - જય પામો !

ભગવાન શ્રીનારાયણના ચરણની બન્ને જાંઘો સુશોભિત અને સુંદર-સુડોળ છે. લક્ષ્મી પોતાના હસ્તથી તેમને પંપાળે છે અને આનંદથી રોમાંચિત થઈ ઊઠે છે, સૌન્દર્યમંડિત, ઈન્દ્ર નીલમણિના બનેલા બે મહાનદંડની કાંતિને હરનારી, મુનીન્દ્રો દ્વારા જેમની સ્તુતિ થઈ રહી છે એવી, દેવસમૂહને સુખદાયક તથા શત્રુકુળના સંહારક એ બન્ને જંઘાઓ અમારાં પાપને હરે છે, તેમનો વારંવાર જય થાઓ ! (૧૮)

सम्यक्साह्यं विधातुं सममिव सततं जङ्घयोः खिन्नयोर्ये
भारीभूतोरुदण्डद्वयभरणकृतोत्तम्भभावं भजेते ।
चित्तादर्शं निधातुं महितमिव सतां ते समुद्गायमाने
वृत्ताकारे विधत्तां हृदि मुदमजितस्यानिशं जानुनी नः
॥ १९ ॥

सततं - સતત खिन्नयोः - થાકેલી એવી એ जङ्घयोः - જાંઘોને सम्यक् - સમ્યક્ (યથાયોગ્ય અથવા પૂરતી) साह्यम् - સહાય विधातुं - કરવા માટે भारीभूत-उरुदण्ड-द्वय-भरणकृत-उत्तम्भभावम् - અત્યંત ભારે એવા બે સાથળો છે, તેને ધારણ કરવા માટે જાણે બે ટેકાઓ भजेते - હોય તેવા અને सतां - સજ્જનોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

महितं - કિંમતી चित्तादर्शे - ચિત્તદર્પણને નિધાતું - (સાચવવા) મૂકવા માટે इव - જાણે કે वृत्ताकारे - બે ગોળ समुद्गायमाने - દાબડા હોય તેવા, अजितस्य - અજિત, વિષ્ણુ ભગવાનના जानुनी - તે બન્ને ઢીંચણો, ઘૂંટણો नः - અમારાં हृदि - હૃદયમાં अनिशं - નિત્ય मुदं - આનંદ, હર્ષ विधत्ताम् - કરો, ઉપજાવો !

ભગવાન વિષ્ણુની જાંઘો જાણે કે સતત થાકેલી રહે છે, તેથી તેને પૂરતી સહાય કરવા માટે, અત્યંત ભારે એવા બે સાથળો છે. એ(સાથળો)ના જાણે કે બે ટેકાઓ હોય અને જેઓ સજ્જનોનાં અતિકિંમતી ચિત્તરૂપી દર્પણને સાચવવા માટે જાણે કે બે ગોળ દાબડા હોય એવા, અજિત ભગવાનનાં બન્ને ઘૂંટણો (ઢીંચણો) અમારાં હૃદયમાં નિત્ય આનંદ ઉપજાવો ! (૧૯)

देवो भीतिं विधातुः सपदि विदधतौ कैटभाख्यं मधुं चा-
प्यारोप्यारूढगर्वावधिजलधि ययोरादिदैत्यो जघान ।
वृत्तावन्योन्यतुल्यौ चतुरमुपचयं बिभ्रतावभ्रनीला-
वूरू चारू हरेस्तौ मुदमतिशयिनीं मानसे नो विधत्ताम् ॥ २० ॥

विधातुः - બ્રહ્માને सपदि - એકદમ भीतिं - ભય विदधतौ - પમાડી રહેલા मधुं - મધુ च - અને कैटभाख्यं - કૈટભ નામના आदिदैत्यौ - બે આદિ દૈત્યો आरूढगर्वौ - ગર્વિષ્ઠ બની ગયા હતા ત્યારે, देवः - ભગવાન વિષ્ણુએ अधि-जलधि - સમુદ્રની અંદર अपि - જ, ययोः - જે (સાથળો ઉપર) आरोप्य - ચડાવી એ બન્નેને जघान - માર્યા હતા, हरेः - વિષ્ણુના तौ - તે वृत्तौ - સુગોળ, अन्योन्यतुल्यौ - પરસ્પર એકસરખા, चतुरं - સુંદર उपचयं - પુષ્ટિ बिभ्रतौ - ધારણ કરતા अभ्रनीलौ - મેઘ જેવા શ્યામ ऊरू - સાથળો नः - અમારાં मानसे - મનમાં अतिशयिनीं - અતિશય मुदं - આનંદ विधत्ताम् - ઉપજાવો !

બ્રહ્માને એકદમ ભય પમાડનાર, અતિગર્વિષ્ઠ બનેલા મધુ અને કૈટભ નામના બે આદિ દૈત્યોને વિષ્ણુભગવાને પોતાના જે બે સાથળો ઉપર ચડાવી હણી નાખ્યા હતા, હરિના તે બન્ને સાથળો પરસ્પર એકસમાન અને સુગોળ તથા સુંદર રીતે પુષ્ટ છે. મેઘ જેવા શ્યામ એ બન્ને સાથળો અમારાં મનમાં અતિશય આનંદ ઉપજાવો. (૨૦)

पीतेन द्योतते यच्चतुरपरिहितेनाम्बरेणात्युदारं
जातालंकारयोगं जलमिव जलधेर्वाडवाग्निप्रभाभिः ।
एतत्पातित्यदान्नो जघनमतिघनादेनसो माननीयं
सातत्येनैव चेतोविषयमवतरत्पातु पीताम्बरस्य ॥ २१ ॥

जलधेः - સમુદ્રનાં जलं - જળ, वाडवाग्नि-प्रभाभिः - વડવાનલની પ્રભાથી જેમ શોભે તેમ, (ભગવાનનાં) चतुर-परिहितेन - સુંદર રીતે પહેરેલાં पीतेन अम्बरेण - પીતાંબરથી यत् - જે अति उदारं - અતિશય સુંદરતાથી द्योतते - શોભી રહ્યો છે, पीताम्बरस्य - પીતાંબરધારી વિષ્ણુનો एतत् - તે माननीयं - સન્માનનીય जघनं - જઘન, નિતંબ पातित्यदात् - પતિતપણાને લીધે अतिघनात् - અત્યંત ગાઢ બનેલા एनसः - પાપમાંથી नः - અમારાં, विषयं - વિષયોમાં પડી રહેલાં चेतः - ચિત્તને सातत्येन - સતત एव - જ पातु - બચાવો !

સમુદ્રનાં જળ જેમ વડવાનળની પ્રભાથી દીપી ઊઠે છે, એમ સુચારુ રીતે ધારણ કરેલાં પીતાંબરથી ભગવાન વિષ્ણુનો નિતંબ અત્યંત સોહામણો લાગે છે. પીતાંબરધારી હરિનો એ નિતંબ, વિષયોમાં સરી પડતાં અમારાં ચિત્તને પતનનાં કારણે અતિગાઢ બની રહેલાં પાપમાંથી સતત બચાવો ! (૨૧)

यस्या दाम्ना त्रिधाम्नो जघनकलितया भ्राजतेऽङ्गं यथाब्धे-
र्मध्यस्थो मन्दराद्रिर्भुजगपतिमहाभोगसंनद्धमध्यः ।
काञ्ची सा काञ्चनाभा मणिवरकिरणैरुल्लसद्भिः प्रदीप्ता
कल्यां कल्याणदात्री मम मतिमनिशं कम्ररूपा करोतु ॥ २२ ॥

त्रिधाम्नः - ત્રણેય લોકનું ધામ છે એવા ભગવાનને जघनकलितया - નિતંબ ઉપર પહેરેલા दाम्ना - કંદોરાથી એમનું अङ्गं - અંગ, यथा - જેવી રીતે अब्धेः - સમુદ્રની અંદર मध्यस्थः - વચ્ચે રહેલો, भुजग-पति-महाभोग-संनद्ध-मध्यः - નાગરાજ (વાસુકિ)ની વિશાળ કાયાથી વીંટળાયેલો मन्दर-अद्रिः - મંદરાચલ પર્વત શોભે એમ भ्राजते - શોભી રહ્યું છે, काञ्चन-आभा - સુવર્ણ જેવી પ્રભાવાળી, मणि-वर-किरणैः - શ્રેષ્ઠ મણિઓનાં કિરણોથી उल्लसद्भिः - પ્રકાશિત થઈ प्रदीप्ता - ઝળહળતી सा - તે काञ्ची - મેખલા (= કંદોરો) कल्याण-यात्री - કલ્યાણદાયિની અને कम्ररूपा - સુંદર આકારવાળી છે. તે મેખલા मम - મારી मतिं - બુદ્ધિને अनीशं - નિત્ય कल्यां - નિર્મળ करोतु - કરો.

ત્રણેય લોકનું ધામ એવા ભગવાને નિતંબ ઉપર જે કટિમેખલા ધારણ કરી છે, તેનાથી તેમનું અંગ સમુદ્રની મધ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રહેલા અને નાગરાજ વાસુકિની વિશાળ કાયાથી વીંટળાયેલા મંદર પર્વતની જેમ શોભી રહ્યું છે. ભગવાન વિષ્ણુની સુવર્ણ સમ કાન્તિમતી અને શ્રેષ્ઠ મણિઓનાં પ્રકાશિત કિરણોથી દીપી ઊઠતી, સુંદર આકૃતિવાળી, કલ્યાણદાત્રી આ મેખલા મારી બુદ્ધિને સદાય નિર્મળ કરો. (૨૨)

उन्नम्रं कम्रमुच्चैरुपचितमुदभूद्यत्र पत्रैर्विचित्रैः
पूर्वं गीर्वाणपूज्यं कमलजमधुपस्यास्पदं तत्पयोजम् ।
यस्मिन्नीलाश्मनीलैस्तरलरुचिजलैः पूरिते केलिबुद्ध्या
नालीकाक्षस्य नाभीसरसि वसतु नश्चित्तहंसश्चिराय
॥ २३ ॥

पूर्वं - પૂર્વ, उच्चैः उन्नम्रं - ઘણું જ ઊંચું અને विचित्रैः - અદ્દભુત पत्रैः - પાંખડીઓથી उपचितं - ભરપૂર, પ્રફુલ્લ તથા कमलज-मधुपस्य - બ્રહ્મારૂપી ભ્રમરનું आस्पदं - નિવાસસ્થાન બની રહેલું गीवार्ण-पूज्यं - દેવો વડે પૂજનીય એવું यत्र - જેમાં तत् - તે એક कम्रं - સુંદર पयोजं - કમળ अभूद् - ઉત્પન્ન થયું હતું, તેવા नीलाश्मनीलैः - ઈન્દ્રનીલ મણિની જેમ तरलरुचिजलैः - ઝબકતાં કાંતિરૂપી જળથી पूरिते - ભરાયેલા, नालीक-अक्षस्य - કમળનયન ભગવાન વિષ્ણુના तस्मिन् - તે नाभि-सरसि - નાભિ-સરોવરમાં केलिबुद्ध्या - ક્રીડા કરવાના ભાવથી नः - અમારો चित्तहंसः - ચિત્તરૂપી હંસ चिराय - લાંબા સમય સુધી वसतु - વાસ કરો !

પૂર્વે (કલ્પારંભે) ઘણું જ ઊંચું અને અદ્દભુત પાંખડીઓથી પ્રફુલ્લિત, બ્રહ્મારૂપી ભ્રમરનું નિવાસસ્થાન બની રહેલું દેવપૂજ્ય અતિ સુંદર એક (મહા) કમળ જેમાં ઉત્પન્ન થયું હતું, તે કમલનયન ભગવાનનું નાભિ-સરોવર ઈન્દ્રનીલ મણિ જેમ ઝળકતા કાંતિરૂપી જળથી પરિપૂર્ણ છે, તે(નાભિસર)માં ક્રીડા કરવાના ભાવથી મારો ચિત્તહંસ દીર્ઘકાળ સુધી વાસ કરો ! (૨૩)

पातालं यस्य नालं वलयमपि दिशां पत्रपङ्क्तीर्नगेन्द्रा-
न्विद्वांसः केसरालीर्विदुरिह विपुलां कर्णिकां स्वर्णशैलम् ।
भूयाद्गायत्स्वयंभूमधुकरभवनं भूमयं कामदं नो
नालीकं नाभिपद्माकरभवमुरु तन्नागशय्यस्य शौरेः ॥ २४ ॥

पातालं - પાતાળ यस्य - જેની नालं - નાળ, દાંડી છે, दिशां - દિશાઓનું वलयं - મંડળ अपि - જાણે કે (જેની) पत्रपङ्क्तीः - પાંખડીઓ છે, नगेन्द्राः - મહાસર્પો (જેનો) केसरालीः - કેસરગુચ્છ છે, स्वर्णशैलं - સુવર્ણ પર્વત મેરુ (જેની) विपुलां - વિશાળ कर्णिकां - કળી છે, गायत्-स्वयंभू-मधुकर-भवनं - (વેદ), ગાન કરતાં બ્રહ્મારૂપી ભ્રમરનું જે નિવાસસ્થાન છે અને જે भूमयं - સકલ ભૂમંડળમય છે - એમ विद्वांसः - વિદ્વાનો જે(કમળ)ને आहुः - વર્ણવે છે, તેવું नागशय्यः - શેષનાગની શય્યા પર રહેલા हरेः - નારાયણનાં नाभि-पद्माकर-भवं - નાભિ સરોવરમાં ઉત્પન્ન થયેલું उरु - વિશાળ नालीकं - કમળ नः - અમને कामदं - ઈચ્છિત ફળ આપનારું भूयात् - થાઓ ! पद्माकर - કમળો જેમાં ખીલે છે તે, સરોવર.

વિદ્વાનો વર્ણન કરે છે કે "પાતાળ (પ્રભુનાં નાભિ-કમળની) દાંડી છે, દિશામંડળ તેની જાણે કે પાંખડીઓ છે, સર્પરાજો તેના કેસર(પરાગ) ગુચ્છ છે, મેરુ પર્વત તેની વિશાળ કળી છે. વેદગાન કરી રહેલા બ્રહ્માનું નિવાસ સ્થાન એવું તે (કમળ) સકલ ભૂમંડળમય છે." શેષશાયી ભગવાન નારાયણનાં નાભિસરોવરમાં ઉત્પન્ન થએલું એ વિશાળ કમળ અમને મનવાંછિત ફળ આપો ! (૨૪)

आदौ कल्पस्य यस्मात्प्रभवति विततं विश्वमेतद्विकल्पैः
कल्पान्ते यस्य चान्तः प्रविशति सकलं स्थावरं जङ्गमं च ।
अत्यन्ताचिन्त्यमूर्तेश्चिरतरमजितस्यान्तरिक्षस्वरूपे
तस्मिन्नस्माकमन्तःकरणमतिमुदा क्रीडतात्क्रोडभागे
॥ २५ ॥

कल्पस्य - કલ્પના आदौ - પ્રારંભ यस्मात् - જેમાંથી विकल्पैः - અનેક વિકલ્પો સાથે एतद् - આ विततं - વિશાળ विश्वं - વિશ્વ प्रभवति - ઉત્પન્ન થાય છે; च - અને कल्पान्ते - કલ્પના અંતે यस्य - જેની अन्तः - અંદર सकलं - સકલ स्थावरं - સ્થાવર च - અને जङ्गमं - જંગમ એવું એ વિશ્વ प्रविशति - લય પામે છે, अत्यन्त-अचिन्त्यमूर्तेः - અત્યન્ત અચિન્ત્ય સ્વરૂપવાળા अजितस्य - ભગવાન અજિતના तस्मिन् - તે अन्तरिक्ष-रूपे - અન્તરિક્ષ રૂપી क्रोडभागे - ખોળામાં अस्माकं - અમારું अन्तः-करणं - અન્તઃકરણ मुदा - આનંદથી क्रीडताम् - ક્રીડા કરો !

ભગવાન અજિતનો ખોળો અન્તરિક્ષ રૂપ છે. કલ્પના આરંભે તેમાંથી અનેક વિકલ્પો સાથે આ વિશાળ વિશ્વ ઉત્પન્ન થાય છે અને કલ્પના અંતે તેની અંદર એ સકલ સ્થાવર-જંગમ વિશ્વ લય પામે છે. અત્યન્ત અચિન્ત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપવાળા અજિત ભગવાનના આ ખોળામાં અમારું અન્તઃકરણ આનંદપૂર્વક ક્રીડા કરો ! (૨૫)

कान्त्यम्भःपूरपूर्णे लसदसितवलीभङ्गभास्वत्तरङ्गे
गम्भीराकारनाभीचतुरतरमहावर्तशोभिन्युदारे ।
क्रीडत्वानद्धहेमोदरनलिनमहावाडवाग्निप्रभाढ्ये
कामं दामोदरीयोदरसलिलनिधौ चित्तमत्स्यश्चिरं नः
॥ २६ ॥

कान्ति-अम्भः-परिपूर्णे - કાન્તિરૂપી જળથી પરિપૂર્ણ, लसद्-असित-वलभी-भङ्ग-भास्वत्-तरङ्गे - ચળકતી શ્યામ ત્રિવલીના ભંગથી ચમકતા તરંગોવાળા, गम्भीर-आकार-नाभी-चतुरतर-महावर्त-शोभिनि - ગંભીર આકારવાળી નાભિરૂપી અતિ સુંદર ઘુમરીઓથી શોભતા उदारे - વિશાળ, અને आनद्धहेम-उदर-नलिन-महा-वाडव-अग्निप्रभा-आढ्ये - સોનેરી મધ્યભાગ ઉપર ધારણ કરેલાં કમળરૂપી મહાવડવાનલની પ્રભાવાળા, दामोदरीय-उदर-सलिलनिधौ - દામોદર શ્રીભગવાનનાં ઉદર રૂપી સમુદ્રમાં नः - અમારું चित्तमत्स्यः - ચિતરૂપી માછલું चिरं - લાંબા સમય સુધી कामं - યથેચ્છ क्रीडतु - ક્રીડા કરો !

શ્રીદામોદર ભગવાનનું ઉદર કાન્તિરૂપી જળથી પરિપૂર્ણ સમુદ્ર છે. તેમાં ચળકતી શ્યામ ત્રિવલીના ભંગથી ચમકતા તરંગો છે. ગમ્ભીર આકારવાળી નાભિરૂપી અતિસુંદર ઘુમરી-ઓથી તે વિશાળ સમુદ્ર શોભી રહ્યો છે. ભગવાનના સોનેરી મધ્ય ભાગ પર ધારણ કરાયેલાં કમળરૂપી મહાવડવાનલની પ્રભાથી તે દીપી રહ્યો છે. આવા સમુદ્રમાં અમારું ચિત્તરૂપી માછલું લાંબા સમય સુધી યથેચ્છ ક્રીડા કરો ! (૨૬)

नाभीनालीकमूलादधिकपरिमलोन्मोहितानामलीनां
माला नीलेव यान्ती स्फुरति रुचिमती वक्त्रपद्मोन्मुखी या ।
रम्या सा रोमराजिर्महितरुचिकरी मध्यभागस्य विष्णो-
श्चित्तस्था मा विरंसीच्चिरतरमुचितां साधयन्ती श्रीयं नः
॥ २७ ॥

नाभी-नालीक-मूलात् - (ભગવાનનાં) નાભિકમળનાં મૂળમાંથી ઉત્પન્ન થતી अधिक-परिमल-उन्मोहितानां - ગાઢ સુગંધથી મોહિત થયેલા अलीनां - ભ્રમરોની इव - જાણે કે नीला - નીલ माला - માળા હોય તેવી महित-रुचि-करी - અત્યંત શોભા વિખેરતી અને वक्त्र-पद्म-उन्मुखी - (ભગવાનનાં) વદનકમળ તરફ यान्ती - જવાથી या - જે स्फुरति - રોમાંચિત કરે છે તેવી विष्णोः - વિષ્ણુ ભગવાનના मध्य-भागस्य - મધ્યભાગે રહેલી सा - તે, रम्या - રમ્ય रोमराजिः - રોમરાજી, नः - અમારાં ચિત્તમાં સ્થિર થઈ ગઈ છે, તે श्रियं - લક્ષ્મી साधयन्ती - આપતી, चिरं - લાંબા સમય સુધી मा विरंसीत् - અમારો ત્યાગ ન કરો.

ભગવાનના મધ્યભાગે રમ્ય રોમરાજી શોભે છે. તે, ભગવાનનાં નાભિકમળનાં મૂળમાંથી પ્રસરતી ગાઢ સુગંધથી મોહિત થયેલા ભ્રમરોની નીલવર્ણી હાર જેવી લાગે છે. વળી, તે ભગવાનનાં મુખ-કમળ તરફ આગળ વધતી અત્યંત શોભા વિખેરી રહે છે અને રોમાંચિત કરે છે, તે અમારાં ચિત્તમાં સ્થિર થઈ ગઈ છે. આવી આ રોમરાજી લક્ષ્મી આપનારી છે. તે લાંબા સમય સુધી અમારો ત્યાગ ન કરો ! (અર્થાત્ ચિરકાળ અમારી પાસે રહો !) (૨૭)

संस्तीर्णं कौस्तुभांशुप्रसरकिसलयैर्मुग्धमुक्ताफलाढ्यं
श्रीवत्सोल्लासि फुल्लप्रतिनववनमालाङ्कि राजद्भुजान्तम् ।
वक्षः श्रीवृक्षकान्तं मधुकरनिकरश्यामलं शार्ङ्गपाणेः
संसाराध्वश्रमार्तैरुपवनमिव यत्सेवितं तत्प्रपद्ये ॥ २८ ॥

कौस्तुभांशु-प्रसर-किसलयैः - કૌસ્તુભ મણિની કિરણજાળ-રૂપી કુંપળોથી संस्तीर्णं - છવાયેલું मुग्ध-मुक्ता-फलाढ्यं - મોહક મોતીરૂપી ફળોથી સમૃદ્ધ, श्रीवत्सोल्लासि - શ્રીવત્સલાંછન રૂપી પુષ્પોથી ખીલેલું, फुल्ल-प्रतिनव-वनमालाङ्कि राजत् - પ્રત્યેક વનની પ્રફુલ્લિત વનમાલાથી અંકિત એવી भुजान्तं - ભુજાઓ રૂપી છેડાવાળું श्रीवृक्षकान्तं - શ્રી(લક્ષ્મી)રૂપી વૃક્ષોમાં મનોહર લાગતું, मधुकर-निकर-श्यामलं - ભ્રમરસમૂહથી શ્યામલ અને संसार-अध्व-श्रम-आर्तैः - સંસારના પથ પર(ચાલવા)ના શ્રમથી થાકેલા (ભક્તો) વડે यत् - જે सेवितं - સેવાયું છે તેવું, उपवनं - ઉપવન જેવું शार्ङ्गपाणेः - શ્રીવિષ્ણુનું वक्षः - વક્ષઃસ્થળ છે, હું तत् - તેને प्रपद्ये - શરણે જાઉં છું.

શાર્ઙ્ગપાણિ ભગવાન વિષ્ણુનું વક્ષઃસ્થળ જાણે કે ઉપવન છે. તેમાં કૌસ્તુભમણિની કિરણાવલિ રૂપી કુંપળો પથરાયેલી છે. મોહક મોતીરૂપી ફળથી તે સમૃદ્ધ બન્યું છે, શ્રીવત્સલાંછન-રૂપી પુષ્પો તેમાં ખીલી રહ્યાં છે, પ્રત્યેક વનની પ્રફુલ્લિત વનમાળાથી અંકિત એવી ભુજાઓ રૂપી છેડાઓથી તે શોભી રહ્યું છે. શ્રી (લક્ષ્મી)રૂપી વૃક્ષોથી તે મનોહર લાગે છે. ભ્રમર-સમૂહોથી તે શ્યામલ લાગે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સંસારના પથ પર દોડીને થાકેલા ભક્તો (અંતે) તેનું સેવન કરે છે. આવાં આ વક્ષ:સ્થળ રૂપી ઉપવનને હું શરણે જાઉં છું. (૨૮)

कान्तं वक्षो नितान्तं विदधदिव गलं कालिमा कालशत्रो-रिन्दोर्बिम्बं यथाङ्को मधुप इव तरोर्मञ्जरीं राजते यः । श्रीमान्नित्यं विधेयादविरलमिलितः कौस्तुभश्रीप्रतानैः श्रीवत्सः श्रीपतेः स श्रिय इव दयितो वत्स उच्चैः श्रियं नः ॥ २९ ॥

कालशत्रोः - કાળવિજયી ભગવાન શંકરના गलं - કંઠને, कालिमा - તેની કાળાશ જેમ શોભાવે છે, यथा - જેમ इन्दोः - ચંદ્રનાં बिम्बं - બિમ્બને अङ्कः - તેમાં રહેલો ડાઘ શોભાવે છે અને इव - જેમ मधुपः - ભમરો तरोः - વૃક્ષની मञ्जरीं - મંજરીને શોભાવે છે इव - તેમ જે वक्षः - ભગવાનના વક્ષ:સ્થળને नितान्तं - અત્યંત कान्तं - સુંદર विदधत् - બનાવી રહ્યું છે, અને જે कौस्तुभ-श्री-प्रतानैः - કૌસ્તુભમણિની શોભાના વિસ્તાર સાથે अविरल-मिलितः - ગાઢ રીતે મળેલું છે, તેવું श्रियः - લક્ષ્મીના दयितः - લાડકા वत्सः - પુત્ર इव - જેવું श्रीपतेः - શ્રીપતિ વિષ્ણુનું श्रीमान् - શોભાયમાન यः - જે, श्रीवत्सः - 'શ્રીવત્સ' નામનું ચિહ્‌ન राजते - શોભી રહ્યું છે, તે नः - અમારી श्रियं - લક્ષ્મીને उच्चैः - સમૃદ્ધ विधेयात् - બનાવો !

કાળવિજયી શિવના કંઠને જેમ તેમાં રહેલી કાલિમા સુંદર બનાવે છે, ચંદ્રબિમ્બને જેમ તેનું કલંક મનોહર બનાવે છે અને ભમરો જેમ વૃક્ષમંજરીને આકર્ષક બનાવે છે, તેમ શ્રીપતિ ભગવાનનાં વક્ષ:સ્થળને તેના પર આવેલું 'શ્રીવત્સ'-લાંછન સોહામણું બનાવતું શોભી રહ્યું છે. (ભગવાનની છાતી પર ઝૂલતા) કૌસ્તુભમણિની શોભાના વિસ્તાર સાથે તે ગાઢ રીતે મળી ગયું છે. તેવું લક્ષ્મીજીના પ્રિય પુત્ર જેવું આ ઝળહળતું 'શ્રીવત્સ'-લાંછન અમારી લક્ષ્મીને સમૃદ્ધ કરો ! (૨૯)

संभूयाम्भोधिमध्यात्सपदि सहजया यः श्रिया संनिधत्ते नीले नारायणोरःस्थलगगनतले हारतारोपसेव्ये । आशाः सर्वाः प्रकाशा विदधदपिदधच्चात्मभासान्यतेजां-स्याश्चर्यस्याकरो नो द्युमणिरिव मणिः कौस्तुभः सोऽस्तु भूत्यै ॥ ३० ॥

अम्भोधि-मध्यात् - સમુદ્રની મધ્યમાંથી यः - જે सहजया - પોતાની સાથે જ ઉત્પન્ન થયેલી श्रिया - લક્ષ્મીની संभूय - સાથે મળીને, हार-तारोपसेव्ये - હારરૂપી તારાઓથી સેવાતા नीले - નીલવર્ણા, नारायण-उरःस्थल-गगनतले - નારાયણનાં વક્ષ:સ્થળરૂપી આકાશમાં संनिधत्ते - સમીપ જ રહે છે, જે सर्वाः - સર્વ आशाः - દિશાઓને प्रकाशाः - પ્રકાશિત विदधत् - કરી રહ્યો છે अपि च - અને વળી જે आत्मभासा - પોતાની કાંતિ સાથે अन्य-तेजांसि - બીજાં તેજને પણ दधत् - ધારણ કરે છે, તેવો आश्चर्यस्य - આશ્ચર્યની आकरः - ખાણ સમો અને द्युमणिः - સૂર્ય इव - સમાન (તેજસ્વી) कौस्तुभः - કૌસ્તુભ મણિ नः - અમને भूत्यैः - સંપત્તિ આપનારો अस्तु - બની રહો !

ભગવાનનો કૌસ્તુભ મણિ સમુદ્રની મધ્યમાંથી શ્રીલક્ષ્મીજીની સાથે જ ઉત્પન્ન થયેલો છે, તેથી તે હારરૂપી તારાઓથી સેવાતા નારાયણનાં શ્યામ વક્ષ:સ્થલ રૂપી આકાશમાં પણ તેની સમીપ જ રહે છે. આ મણિ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે અને સાથે સાથે પોતાની કાંતિ સાથે અન્ય તેજને પણ ધારણ કરી રહ્યો છે. તે આશ્ચર્યોની ખાણ છે. સૂર્ય સમાન આ કૌસ્તુભ મણિ અમને સંપત્તિ આપનાર બની રહો ! (૩૦)

या वायावानुकूल्यात्सरति मणिरुचा भासमाना समाना साकं साकम्पमंसे वसति विदधती वासुभद्रं सुभद्रम् । सारं सारङ्गसंघैर्मुखरितकुसुमा मेचकान्ता च कान्ता माला मालालितास्मान्न विरमतु सुखैर्योजयन्ती जयन्ती ॥ ३१ ॥

वायौ - પવનમાં या - જે आनुकूल्यात् - અનુકૂળતાથી सरति - ડોલી રહી છે, मणिरुचा - મણિની કાંતિ સાથે समाना - સમાન રૂપે भासमाना - પ્રકાશી રહી છે, अंसे - ખભા પર साकम्पं - ઝૂલવાની साकं - સાથે वसति - (જે) વસી રહી છે, सुभद्रं - જે મંગળ वासुभद्रं - ઉત્તમ કલ્યાણ विदधती - કરે છે, सारङ्गसंघैः - ભ્રમરવૃંદના સંગ સાથે, सारं - સુંદર રીતે मुखरित-कुसुमा - જેનાં પુષ્પો ગુંજી રહ્યાં છે, मेचकान्ता - જેના છેડા શ્યામ છે અને मा-लालिता - લક્ષ્મીએ જેને લાડ લડાવ્યા છે તેવી जयन्ती - વૈજયન્તી माला - માલા अस्मान् - અમને सुखैः - સુખ योजयन्ती - આપવામાં न - ન विरमतु - અટકો !

(શ્રીવિષ્ણુ ભગવાનના) ખભા પર, પવનની અનુકૂળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુસાર ડોલતી અને મણિની કાંતિ સાથે પ્રકાશતી વૈજયન્તીમાલા ઝૂલી રહી છે. તે સર્વ પ્રકારનું ઉત્તમ કલ્યાણ કરનારી છે. તેનાં પુષ્પો ભ્રમરવૃંદોના મધુરા રવથી જાણે ગુંજન કરી રહ્યાં છે. અને જેને લક્ષ્મી પણ લાડ લડાવે છે, તેવી શ્યામલ છેડાવાળી આ માળા અમને સુખ પ્રદાન કરવામાં ન અટકો ! (૩૧)

हारस्योरुप्रभाभिः प्रतिनववनमालांशुभिः प्रांशुरूपैः
श्रीभिश्चाप्यङ्गदानां कवलितरुचि यन्निष्कभाभिश्च भाति ।
बाहुल्येनैव बद्धाञ्जलिपुटमजितस्याभियाचामहे त-
द्वन्धार्तिं बाधतां नो बहुविहतिकरीं बन्धुरं बाहुमूलम्
॥ ३२ ॥

हारस्य - હારની उरुप्रभाभिः - વિશાળ કાન્તિ વડે, प्रति-नव-वन-माला-अंशुभिः - પ્રત્યેક તાજી વનમાળાનાં કિરણો વડે प्रांशुरूपैः - વિસ્તાર પામીને અને अङ्गदानां - બાજુબંધોની श्रीभिः - શોભા વડે च - તથા कवलित-रुचि-यत्-निष्कभाभिः - વિવિધરંગી કંઠીઓની શોભાથી જે भाति - શોભે છે, तत् - તે अजितस्य - અજિત ભગવાનનો बन्धुरं - સુંદર बाहुमूलं - ભગવાનની ભૂજાનો મૂળ ભાગ, नः - અમારી बहु-विहति-करीं - અનેક પ્રકારનાં કર્મો કરાવતી बन्धार्तिं - (સંસારરૂપી) બંધનની પીડા बाधताम् - દૂર કરો, એમ बद्ध-अञ्जलि-पुटं - બે હાથ જોડી अभियाचामहे - પ્રાર્થના કરીએ છીએ.

અજિત ભગવાનના બાહુનો મૂળ ભાગ (બગલ) હારની વિશાળ કાંતિ અને પ્રત્યેક તાજી વનમાળાનાં ફેલાઈ રહેલાં કિરણોથી તથા વિવિધરંગી કંઠીઓની કાંતિથી શોભી રહ્યો છે. તે અનેક કર્મો કરાવતી, સંસારનાં બંધનની અમારી પીડા દૂર કરો, એમ અમે બે હાથ જોડી પ્રાર્થના કરીએ છીએ. (૩૨)

विश्वत्राणैकदीक्षास्तदनुगुणगुणक्षत्रनिर्माणदक्षाः
कर्तारो दुर्निरूपस्फुटगुणयशसां कर्मणामद्भुतानाम् ।
शार्ङ्गं बाणं कृपाणं फलकमरिगदे पद्मशङ्खौ सहस्रं
बिभ्राणाः शस्त्रजालं मम दधतु हरेर्बाहवो मोहहानिम्
॥ ३३ ॥

विश्वत्राण-एकदीक्षाः - જગતનું રક્ષણ કરવું, એ જ એકમાત્ર જેમનું વ્રત છે, तद्-अनुगुण-गुणक्षत्र-निर्माण-दक्षाः - અને તેને યોગ્ય ગુણવાળા ક્ષત્રિયોને ઉત્પન્ન કરવામાં જે સમર્થ છે, दुर्निरूप-स्फुट-गुण-यशसां - તથા જેનું વર્ણન ન થઈ શકે તેવા પ્રગટ ગુણ અને યશવાળા अद्भुतानां - અદ્‌ભુત कर्मणां - કર્મો कर्तारः - કરનારા છે, તેવા અને शार्ङ्गं बाणं - શાર્ઙ્ગ ધનુષ્ય, कृपाणं - તલવાર, फलकं - ઢાલ, अरिगदे - ચક્ર અને ગદા તેમ જ पद्मशङ्खौ - પદ્મ અને શંખ અને सहस्रं - હજારો शस्त्रजालं - શસ્ત્રોને बिभ्राणाः - જે ધારણ કરી રહ્યા છે, તે हरेः - વિષ્ણુ ભગવાનના बाहवः - બાહુઓ मम - મારા मोहहानिं - મોહનો નાશ विदधातु - કરો !

ભગવાન વિષ્ણુના બાહુઓ જગતનું રક્ષણ કરવાનું એકમાત્ર વ્રત ધારણ કરી રહેલા છે અને તે કાર્યને અનુરૂપ ક્ષત્રિયોનું નિર્માણ કરવા તે સમર્થ છે. વળી, જેનું વર્ણન ન થઈ શકે તેવાં વિશાળ ગુણ અને યશવાળાં અદ્‌ભુત કર્મો કરનારા છે. તે બાહુઓમાં શાર્ઙ્ગ ધનુષ્ય, તલવાર, ઢાલ, ચક્ર, ગદા, પદ્મ, શંખ અને હજારો આયુધો ધારણ કરાયેલાં છે. આ બાહુઓ અમારા મોહનો નાશ કરો ! (૩૩)

कण्ठाकल्पोद्गतैर्यः कनकमयलसत्कुण्डलोत्थैरुदारै-
रुद्योतैः कौस्तुभस्याप्युरुभिरुपचितश्चित्रवर्णो विभाति ।
कण्ठाश्लेषे रमायाः करवलयपदैर्मुद्रिते भद्ररूपे
वैकुण्ठीयेऽत्र कण्ठे वसतु मम मतिः कुण्ठभावं विहाय
॥ ३४ ॥

कण्ठ-आकल्प-उद्गतैः - કંઠે ધારણ કરેલાં આભૂષણોમાંથી નીકળતાં તેજ વડે आकल्प - આભૂષણ અને कनक-मय-लसत्-कुण्डल-उत्थैः - સુવર્ણનાં ઝળહળતા કુંડલોમાં પ્રસરતા उदारैः - વ્યાપક उद्योतैः - પ્રકાશથી શોભતા, अपि - વળી कौस्तुभस्य - કૌસ્તુભ મણિના उरुभिः - વિશાળ (તેજથી) उपचितः - ગાઢ બનીને જે चित्रवर्णः - અદ્‌ભુત રંગથી विभाति - શોભી રહ્યો છે, તેમ જ रमायाः - લક્ષ્મીના कण्ठाश्लेषे - આશ્લેષથી જેના પર करवलय-पदैः - તેનાં કંકણની मुद्रिते - મુદ્રા ઉપસી રહી છે તેવા वैकुण्ठीये - ભગવાનના भद्ररूपे - મંગળસ્વરૂપ कण्ठे - કંઠમાં मम - મારી मतिः - મતિ कुण्ठभावं - કુંઠા विहत्य - તજીને (= અસ્ખલિત) वसतु - વાસ કરો.

ભગવાન વિષ્ણુનો કંઠ આભૂષણોનાં તેજથી પ્રકાશી રહ્યો છે. તેના પર સુવર્ણ કુંડલોનો વિશાળ પ્રકાશ ફેલાઈ રહ્યો છે, તથા કૌસ્તુભ મણિનાં ગાઢ તેજથી તે અદ્‌ભુત વર્ણનો બની રહ્યો છે. લક્ષ્મીએ તેને આલિંગન આપ્યું છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી તેનાં કંકણની મુદ્રા તેના પર ઉપસી આવી છે. આવા કંઠમાં કુંઠા માત્ર તજીને, સતત, મારી મતિ વાસ કરો ! (૩૪)

पद्मानन्दप्रदाता परिलसदरुणश्रीपरीताग्रभागः
काले काले च कम्बुप्रवरशशधरापूरणे यः प्रवीणः ।
वक्त्राकाशान्तरस्थस्तिरयति नितरां दन्ततारौघशोभां
श्रीभर्तुर्दन्तवासोद्युमणिरघतमोनाशनायास्त्वसौ नः
॥ ३५ ॥

श्रीभर्तुः - લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુનો दन्तवासोद्युमणिः - હોઠરૂપી સૂર્ય, पद्मा-आनन्द-प्रदाता - કમળ રૂપી લક્ષ્મીને આનંદ આપે છે. परिलसत्-अरुण-श्रीपरित-अग्रभागः - તેનો અગ્રભાગ અરુણની શોભાથી (લાલ શોભાથી) વિલસે છે, च - અને काले काले - પ્રત્યેક કાળે कम्बु-प्रवर-शशधर-पूरणे - શ્રેષ્ઠ શંખરૂપી ચંદ્રને (પોતાની ફૂંકરૂપી તેજ-કળાથી) પૂરવામાં તે प्रवीणः - સમર્થ છે, वक्त्र-आकाश-अन्तरस्थः - વદનરૂપી ગગનમાં રહીને તે दन्त-तारौघ-शोभां-नितरां - દાંતરૂપી તારાઓની અત્યંત શોભાને પણ तिरयति - ઢાંકી દે છે. असौ - તે આ હરિનો હોઠ नः - અમારા अघ-तमो-नाशनाय - પાપરૂપી અંધકારનો નાશ કરનાર अस्तु - થાઓ !

લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુનો હોઠ સૂર્ય સમાન છે. સૂર્ય જેમ પદ્મ(કમળ)ને આનંદ આપે છે, તેમ આ હોઠ પદ્મા(લક્ષ્મી)ને આનંદ આપે છે. સૂર્યનો અગ્રભાગ તેના સારથિ અરુણથી શોભે છે, તેમ આ હોઠનો અગ્રભાગ પણ અરુણ (લાલ) શોભાથી વિલસે છે. પ્રત્યેક કાળે સૂર્ય ચંદ્રને પોતાની તેજકળાથી ભરી દે છે, તે જ રીતે ભગવાન પોતાના શ્રેષ્ઠ શંખને પોતાની ફૂંકથી ભરી દે છે. ગગનની મધ્યે રહી સૂર્ય તારાઓની સુંદર કાન્તિને ઝાંખી પાડે છે, તે જ રીતે વદન પર રહેલો આ હોઠ દાંતોની સુંદર શોભાને ઝાંખી પાડી દે છે. હરિનો આવો હોઠરૂપી સૂર્ય અમારાં પાપરૂપી અંધકારનો નાશ કરનાર થાઓ ! (૩૫)

नित्यं स्नेहातिरेकान्निजकमितुरलं विप्रयोगाक्षमा या
वक्त्रेन्दोरन्तराले कृतवसतिरिवाभाति नक्षत्रराजिः ।
लक्ष्मीकान्तस्य कान्ताकृतिरतिविलसन्मुग्धमुक्तावलिश्री-
र्दन्ताली संततं सा नतिनुतिनिरतानक्षतान्रक्षतान्नः
॥ ३६ ॥

स्नेह-अतिरेकात् - અત્યંત સ્નેહનાં કારણે, निजकमितुः - પોતાના પ્રિયતમ એવા ચન્દ્રનો नित्यं - નિત્ય विप्रयोग-अक्षमा - વિયોગ સહન કરવા જે અસમર્થ अलं - છે, તેથી वक्त्रेन्दोः - (ભગવાનના) મુખ-ચંદ્રની अन्तराले - મધ્યમાં इव - જાણે કે कृतवसतिः - વાસ કરી રહી હોય એવી नक्षत्र-राजिः - નક્ષત્રમાળા શી જે आभाति - જે શોભી રહી છે, તે कान्त-आकृतिः - સુંદર આકૃતિવાળી, अति-विलसन्-मुग्ध-मुक्तावलि-श्रीः અત્યંત તેજસ્વી મોહક મોતીઓની હારની શોભા ધારણ કરી રહેલી, लक्ष्मी-कान्तस्य - લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાનની अक्षतान् - અખંડ दन्ताली - દંતપંક્તિ नति-नुति-निरतान् - નમસ્કાર અને સ્તુતિમાં મગ્ન થયેલા नः - અમારું संततं - નિત્ય रक्षताम् - રક્ષણ કરો !

લક્ષ્મીપતિ ભગવાન વિષ્ણુની દંતપંક્તિ કમનીય આકારવાળી છે. તે અતિશય તેજસ્વી મોહક મોતીઓની હારની શોભા ધારણ કરી રહી છે. એમ લાગે છે કે જાણે પોતાના પ્રિયતમ ચન્દ્રનો નિત્ય વિયોગ સહન કરવા અસમર્થ નક્ષત્રમાળાએ ભગવાનના મુખચંદ્રમાં જ (દંતપંક્તિ રૂપે) વાસ કર્યો છે. આવી આ અખંડ દંતપંક્તિ, (ભગવાનના) નમસ્કાર અને સ્તવનમાં મગ્ન એવા અમારું હંમેશાં રક્ષણ કરો. (૩૬)

ब्रह्मन्ब्रह्मण्यजिह्मां मतिमपि कुरुषे देव संभावये त्वां
शंभो शक्र त्रिलोकीमवसि किममरैर्नारदाद्याः सुखं वः ।
इत्थं सेवावनम्रं सुरमुनिनिकरं वीक्ष्य विष्णोः प्रसन्न-
स्यास्येन्दोराम्रवन्ती वरवचनसुधाह्लादयेन्मानसं नः ॥ ३७ ॥

(हे) ब्रह्मन् - હે બ્રહ્મા ! देव - હે દેવ ! ब्रह्मणि - બ્રહ્મમાં अजिह्मां - નિષ્કપટ मतिं - બુદ્ધિને अपि - તો कुरुषे - સ્થિર કરો છો ને ? (हे) शंभो - હે શંભુ ! त्वां - આપને संभावये - હું સન્માનું છું. (हे) शक्र - હે ઈંદ્ર ! त्रिलोकीं - ત્રણેય લોકનું अवसि - તમે રક્ષણ કરો (જ) છો, પછી अमरैः - અન્ય દેવોની किं - શી જરૂર ? (हे) नारदाद्याः (मुनयः) - હે નારદ વગેરે મુનિઓ ! वः - તમે સહુ सुखं - સુખી છો ને ? इत्थं - આ પ્રકારે सेवावनम्रं - સેવા કરવા નમેલા सुर-मुनि-निकरं - દેવો અને મુનિઓના સમૂહને वीक्ष्य - જોઈ प्रसन्नस्य - પ્રસન્ન થયેલા विष्णोः - વિષ્ણુ ભગવાનના आस्य-इन्दोः - મુખચંદ્રમાંથી आम्रवन्ती - ઝરતી वर-वचन-सुधा - ઉત્તમ વચન-સુધા नः - અમારાં मानसं - મનને ह्लादयेत् - આનંદ આપો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હે બ્રહ્મા ! આપ આપની નિષ્કપટ બુદ્ધિને બ્રહ્મમાં સ્થિર કરો છો ને ? હે દેવશંભુ ! હું આપનું સન્માન કરું છું. હે ઈન્દ્ર ! તમે (એકલા જ) ત્રણેય લોકનું રક્ષણ કરો છો, પછી (અન્ય) દેવોની શી જરૂર છે ? હે નારદાદિ મુનિઓ ! આપ સહુને સુખ તો છે ને ?" આ પ્રકારે, સેવા કરવા નમેલા દેવો અને મુનિઓના સમૂહને જોઈ પ્રસન્ન થયેલા વિષ્ણુ ભગવાનના મુખચંદ્રમાંથી ઝરતું ઉત્કૃષ્ટ વચનામૃત અમારાં ચિત્તને આનંદ આપો ! (૩૭)

कर्णस्थस्वर्णकम्रोज्ज्वलमकरमहाकुण्डलप्रोतदीप्य-
न्माणिक्यश्रीप्रतानैः परिमिलितमलिश्यामलं कोमलं यत् ।
प्रोद्यत्सूर्यांशुराजन्मरकतमुकुराकारचोरं मुरारे-
र्गाढामागामिनीं नः शमयतु विपदं गण्डयोर्मण्डलं तत्
॥ ३८ ॥

मुरारेः - વિષ્ણુ ભગવાનનું यत् - જે गण्डयोः - બંન્ને ગાલનું मण्डलं - મંડળ અર્થાત્ ગંડસ્થલ છે, તે कर्णस्थ-स्वर्ण-क्रम-उज्ज्वल-मकर-महाकुण्डल-प्रोतदीप्यन्-माणिक्य-श्रीप्रतानैः - કાનમાં રહેલાં સુવર્ણનાં સુંદર પ્રકાશિત મકરાકૃતિ મોટાં કુંડળોમાં જડેલા ઝળહળતા માણેકની કાંતિના પ્રસારથી परिमिलितं - વ્યાપ્ત છે. તે अलि-श्यामलं - ભ્રમર જેવું શ્યામલ અને कोमलं - કોમળ છે. તથા प्रोद्यत्-सूर्यांशु-राजन्-मरकत-मुकुर-आकार-चोरं - ઉદય પામતા સૂર્યનાં કિરણોથી શોભતા મરકતમણિના આકારને હરનારું છે. तत् - તે ગંડમંડલ नः - અમારી आगामिनीं - આવનારી गाढां - ગાઢ विपदं - વિપત્તિને शमयतु - દૂર કરો !

મુરારિ ભગવાનનું બન્ને ગાલરૂપી જે ગંડસ્થલ છે, તે તેમના કાનમાં રહેલા સુવર્ણનાં સુંદર અને પ્રકાશિત મકરાકૃતિ મોટાં કુંડળોમાં જડેલા ઝળહળતા માણેકની કાંતિના પ્રસારથી છવાયેલું છે. તે ભ્રમર જેવું શ્યામલ અને કોમળ છે, તથા ઉદય પામતા સૂર્યનાં કિરણોથી ચમકતા મરકત મણિના આકારને હરનારું છે. આવું આ ગંડમંડળ અમારા પર (ભવિષ્યમાં) આવી પડનારી ગાઢ આપત્તિનું શમન કરો ! (૩૮)

वक्त्राम्भोजे लसन्तं मुहुरधरमणिं पक्वबिम्बाभिरामं
दृष्ट्वा दष्टुं शुकस्य स्फुटमवतरतस्तुण्डदण्डायते यः ।
घोणः शोणीकृतात्मा श्रवणयुगलसत्कुण्डलोस्रैर्मुरारेः
प्राणाख्यस्यानिलस्य प्रसरणसरणिः प्राणदानाय नः स्यात्
॥ ३९ ॥

मुरारेः - ભગવાન મુરારિના वक्त्र-अम्भोजे - વદનકમળમાં, पक्व-बिम्ब-अभिरामं - પક્વ બિમ્બફળ જેવા સુંદર मुहुः - વારંવાર लसन्तं - શોભાયમાન अधरमणि - મણિ જેવા અધરોષ્ઠને दृष्ट्वा - જોઈને, (तं) दष्टुं - તેને ચાખવા માટે (જાણે કે) शुकस्य - પોપટની तुण्डदण्डायते - ચાંચ દંડની જેમ स्फुटं - સ્પષ્ટ अवतरतः - ઊતરી આવી હોય એવું લાગતું यः - જે घोणः - (ભગવાનનું) નાક છે, તે श्रवणयुग-लसत्-कुण्डल-उस्रैः - કર્ણયુગલમાં ચળકતાં કુંડલોનાં કિરણોથી शोणीकृत-आत्मा - રક્તવર્ણનું લાગે છે. प्राण-आख्यस्य - પ્રાણ નામના अनिलस्य - વાયુના प्रसरण-सरणिः - આવાગમનનો માર્ગ બનેલું આ घोणः - નાક नः - અમને प्राण-दानाय - પ્રાણદાન કરનારું स्यात् - બનો !

ભગવાન મુરારિનાં વદનકમળમાં પક્વ બિંબફળ શો લાલ મનોહર અધર-મણિ વારંવાર શોભી રહ્યો છે. તેને જોઈને, તે ચાખવા માટે, જાણે કે પોપટની સુંદર (રતુંબડી) ચાંચ નીચે ઊતરી આવી હોય એવું તેમનું નાક લાગે છે, કારણ કે તેમના કર્ણયુગલમાં ચળકતાં કુંડલોનાં કિરણોથી તેનો વર્ણ લાલ બન્યો છે. પ્રાણ નામના વાયુના આવાગમનનો માર્ગ બનેલું આ નાક અમને પ્રાણદાન આપો ! (૩૯)

दिक्कालौ वेदयन्तौ जगति मुहुरिमौ संचरन्तौ रवीन्दू
त्रैलोक्यालोकदीपावभिदधति ययोरेव रूपं मुनीन्द्राः ।
अस्मानब्जप्रभे ते प्रचुरतरकृपानिर्भरं प्रेक्षमाणे
पातामाताम्रशुक्लासितरुचिरुचिरे पद्मनेत्रस्य नेत्रे ॥ ४० ॥

जगति - વિશ્વમાં दिक्-कालौ - દિશા અને કાળને वेद-यन्तौ - જણાવતા इमौ - આ બન્ને रवीन्दू - સૂર્ય અને ચન્દ્ર मुहुः - અનવરત संचरन्तौ - ભ્રમણ કરી રહ્યા છે અને તેઓ त्रैलोक्य-आलोक-दीपौ - ત્રણેય લોકને પ્રકાશિત કરનારા છે - તે બન્નેને मुनीन्द्राः - મુનિવરો ययोः - જેમનું रूपं - સ્વરૂપ एव - જ अभिदधति - કહે છે, पद्मनेत्रस्य - કમળનયન ભગવાનનાં તે अब्जप्रभे - કમળસમાન કાંતિવાળાં नेत्रे - બન્ને નેત્રો आताम्र-शुक्ल-असित-रुचि-रुचिरे - સહેજ રક્ત, શ્વેત અને શ્યામ આભાવાળાં છે. प्रचुर-तर-कृपानिर्भरम् - અતિશય પ્રચુર કૃપાથી પૂર્ણ ते - તે બન્ને નેત્રો प्रेक्षमाणे - (ભક્તોને) જૂએ. તેઓ अस्मान् - અમારું पाताम् - રક્ષણ કરો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વમાં દિશા અને કાળને જણાવતા આ બન્ને, સૂર્ય અને ચન્દ્ર, અનવરત ભ્રમણ કરી રહ્યા છે, અને ત્રણેય લોકને પ્રકાશિત કરતા દીપક જેવા છે. તે બન્નેને મુનિઓ જેમનું જ સ્વરૂપ કહે છે, તે કમળનયન ભગવાનનાં જ બન્ને નેત્રો છે. કમળ સમાન સુંદર આ નેત્રો સહેજ રક્ત, શ્વેત અને શ્યામ આભાવાળાં છે. અતિશય પ્રચુર કૃપાથી ભરપૂર એ નેત્રો (ભક્તોને) જૂએ છે. તેઓ અમારૂં (પણ) રક્ષણ કરો ! (૪૦)

पातात्पातालपातात्पतगपतिगतेर्भ्रूयुगं भुग्नमध्यं
येनेषच्चालितेन स्वपदनियमिताः सासुरा देवसंघाः ।
नृत्यल्लालाटरङ्गे रजनिकरतनोरर्धखण्डावदाते
कालव्यालद्वयं वा विलसति समया वालिकामातरं नः
॥ ४१ ॥

पतग-पति-गतेः - પક્ષીરાજ ગરુડ જેનું વાહન છે તેવા વિષ્ણુ ભગવાનનું भुग्न-मध्यं - મધ્ય ભાગે વક્ર એવું भ्रूयुगं - ભ્રમ્મર યુગલ (આંખોની બન્ને ભમ્મરો) वा - જાણે કે रजनिकर-तनोः - ચંદ્રમંડળના अर्धखण्ड-अवदाते - અર્ધ ખંડ જેવા ઉજ્જવળ लालाट-रङ्गे - લલાટરૂપી રંગમંચ પર वालिका-मातरं - કેશરૂપી માતાની समया - પાસે काल-व्याल-द्वयं - કાળરૂપી સર્પદ્વય विलसति - નાચી રહ્યું હોય એમ શોભે છે, येन - જેના इषत् - સહેજ चालितेन - ચાલવાથી, ફરકવાથી सासुराः - અસુરો સહિત देवसंघाः - દેવસંઘો स्वपद-नियमिताः પોતપોતાને સ્થાને સ્થિર રહે છે. (આવી આ બન્ને ભ્રમરોનું યુગલ) नः - અમને पाताल-पातात् - નરકમાં પડતાં पातात् - બચાવો !

ગરુડવાહન ભગવાન વિષ્ણુનાં બન્ને નેત્રોની મધ્યભાગે સોહામણી ભમરો જાણે કે ચંદ્રમંડળના અર્ધખંડ જેવા ઉજ્જવળ લલાટરૂપી રંગમંચ પર કેશપંક્તિરૂપી માતાની પાસે નાચી રહેલા બે કાળસર્પો જેવી શોભે છે. આ ભમરો સહેજ ફરકે છે, તેનાથી અસુરો સહિત દેવસંઘો પોતપોતાનાં સ્થાને અંકુશમાં રહી સ્થિર રહે છે. આવું આ ભ્રમરયુગલ અમને નરકમાં પડવાથી બચાવો ! (૪૨)

लक्ष्माकारालकालिस्फुरदलिकशशाङ्कार्धसंदर्शमील-
न्नेत्राम्भोजप्रबोधोत्सुकनिभृततरालीनभृङ्गच्छटाभे ।
लक्ष्मीनाथस्य लक्ष्यीकृतविबुधगणापाङ्गबाणासनार्ध-
च्छाये नो भूरिभूतिप्रसवकुशलते भ्रूलते पालयेताम्
॥ ४२ ॥

लक्ष्माकार-अलकालि-स्फुरद्-अलिक-शशाङ्कार्ध-मीलद्-नेत्राम्भोज-प्रबोध-उत्सुक-निभृततर-आलीन-भृङ्गच्छटाभे - લાંછન-કલંક જેવી લાગતી કેશપંક્તિથી, અર્ધચંદ્ર સમાન પ્રકાશતા લલાટથી બીડાયેલ નેત્રયુગ્મરૂપી કમળોનો પુનઃ વિકાસ થાય તે માટે ઉત્સુક થઈ શાંત બેઠેલી સુંદર ભ્રમરમાળા શી શોભતી, लक्ष्मी-नाथस्य - લક્ષ્મીપતિ ભગવાનની भ्रूलते - ભ્રૂકુટિ, लक्ष्यीकृत-विबुध-गण-अपाङ्ग-बाण-आसन-अर्धच्छाये - જાણે કે દેવગણોનું લક્ષ્ય કરી રહેલાં બાણોનું ધનુષ્ય હોય એવી લાગે છે. भूरि-भूति-प्रसवकुशलते - પ્રચુર સમૃદ્ધિ આપવામાં અતિ સમર્થ એવી તે (ભ્રૂકુટિ) नः - અમારું पालयेताम् - રક્ષણ કરો. (પાઠાંતર : भूरि-भूति-प्रसव-कुलशते - સેંકડો પ્રકારની સંપતિઓનાં કુળને ઉત્પન્ન કરનારી) अलिक - લલાટ, કપાળ.

ભગવાનનું લલાટ અર્ધચંદ્ર જેવું ઉજ્જવળ છે. તેમાં કેશપંક્તિ લાંછન-કલંક જેવી શોભે છે. આવા અર્ધચંદ્રરૂપી લલાટથી તેમનાં બન્ને નેત્રોરૂપી કમળ બીડાયેલાં છે. તેઓ પુનઃ ખીલી ઊઠે, તે માટે જાણે કે શાંતિથી બેઠી હોય એવી સુંદર માળાથી તેમની ભ્રૂકુટિ શોભી રહી છે. આ ભ્રૂકુટિ દેવગણોનું લક્ષ્ય કરી રહેલાં બાણોનાં ધનુષ્યની શોભા ધારણ કરે છે. લક્ષ્મીપતિની આવી ભ્રૂકુટિ અતિશય સમૃદ્ધિ ઉત્પન્ન કરવામાં સમર્થ છે, તે અમારું રક્ષણ કરો ! (૪૨)

रूक्षस्मारेक्षुचापच्युतशरनिकरक्षीणलक्ष्मीकटाक्ष-
प्रोत्फुल्लत्पद्ममालाविलसितमहितस्फाटिकैशानलिङ्गम् ।
भूयाद्भूयो विभूत्यै मम भुवनपतेर्भ्रूलताद्वन्द्वमध्या-
दुत्थं तत्पुण्ड्रमूर्ध्वं जनिमरणतमःखण्डनं मण्डनं च
॥ ४३ ॥

रूक्षस्मार-इक्षु-चापच्युत-शर-निकर-क्षीण-लक्ष्मी-कटाक्ष-प्रोत्फुल्लत्-पद्ममाला-विलसित-महित-स्फाटिक-ऐशानलिङ्गं - રૂક્ષ શેરડીરૂપી, કામદેવનાં ધનુષ્યમાંથી છૂટેલા બાણસમૂહથી ક્ષીણ બનેલા, લક્ષ્મીના કટાક્ષો રૂપી પ્રફુલ્લ માળાના વિલાસોથી, જેણે ભગવાન શિવના સ્ફટિક મણિનાં શિવલિંગની પૂજા કરી છે તેવું, भुवनपतेः - ભુવનપતિ ભગવાન વિષ્ણુની भ्रूलता-द्वन्द्व-मध्याद्-उत्थं - બન્ને ભમ્મરલતાની વચ્ચે પ્રગટ થયેલું तत् - તે ऊर्ध्वं - ઊર્ધ્વ पुण्ड्रं -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિલક મમ - મારા જનિ-મરણ-તમઃ-खण्डनं - જન્મ-મરણ રૂપી અંધકારનો નાશ કરનારું च - અને मण्डनं - શણગાર રૂપી भूयात् - બની રહો ! महित - પૂજાયેલું.

ભુવનપતિ ભગવાનની બન્ને ભમ્મરલતાઓની વચ્ચે જે ઊર્ધ્વ તિલક શોભે છે તે, કામદેવનાં રૂક્ષ શેરડી રૂપી ધનુષ્યમાંથી છૂટેલાં બાણોના સમૂહથી કંઈક ક્ષીણ-હળવા બનેલા લક્ષ્મીની કટાક્ષો રૂપી પ્રફુલ્લમાળાના વિલાસોથી ભગવાન શિવનાં સ્ફટિકમણિનાં લિંગની પૂજા કરતું હોય એવું લાગે છે. આવું શણગાર બનેલું એ તિલક મારાં જન્મ-મરણ રૂપી અંધકારનો નાશ કરો ! (૪૩)

पीठीभूतालकान्तं कृतमुकुटमहादेवलिङ्गप्रतिष्ठे
ललाटे नाट्यरङ्गे विकटतरतटे कैटभारेश्चिराय ।
प्रोद्घाट्यैवात्मतन्द्रीप्रकटपटकुटीं प्रस्फुरन्ती स्फुटाङ्गं
पट्वीयं भावनाख्यां चटुलमतिनटी नाटिकां नाटयेन्नः
॥ ४४ ॥

कैटभारेः - કૈટભાસુરનો નાશ કરનાર ભગવાન વિષ્ણુના, पीठीभूत-अलकान्ते - કેશના છેડાઓ રૂપી પાયાવાળા અને कृत-मुकुट-महादेव-लिङ्ग-प्रतिष्ठे - જેના મુકુટ પર મહાદેવનાં લિંગની પ્રતિષ્ઠા કરાઈ છે તેવા विकटतर-तटे - વિશાળ પટવાળા ललाटे - લલાટરૂપી नाट्यरङ्गे - નાટ્યમંચ ઉપર आत्म-तन्द्री-प्रकट-पटकुटीं - આત્મતન્દ્રારૂપી ખુલ્લા તંબુને प्रोद्घाट्य - ઉઘાડી નાખીને स्फुटाङ्गं - સ્પષ્ટ રીતે प्रस्फुरन्तीं - પ્રકાશતી भावनाख्यां - 'ભાવના' નામની नाटिकां - નાટિકાને नः - અમારી चटुल-मति-नटी - ચપલ બુદ્ધિરૂપી નટી चिराय - લાંબા સમય સુધી नाटयेत् - ભજવ્યા કરો ! पटकुटीं - તંબુ ભગવાનના લલાટ ઉપર સંપૂર્ણ ભાવયુક્ત બની અમારી ચંચળ બુદ્ધિ સ્થિર બનો, એવો ભાવાર્થ છે.

કૈટભારિ ભગવાન વિષ્ણુનું લલાટ જાણે કે એક વિશાળ રંગમંચ છે. તેના પાયાઓ (મસ્તક પરના) કેશના છેડા છે અને તેના મુકુટ પર મહાદેવનાં લિંગની પ્રતિષ્ઠા કરાઈ છે. આત્મતંદ્રારૂપી ખુલ્લા તંબુને ઉઘાડી નાખી સ્પષ્ટ રીતે પ્રકાશતી 'ભાવના' નામની નાટિકાને તે રંગમંચ પર અમારી ચપલ બુદ્ધિ રૂપી નટી લાંબા સમય સુધી ભજવ્યા કરો ! (૪૪)

मालालीवालिधाम्नः कुवलयकलिता श्रीपतेः कुन्तलाली
कालिन्द्यारुह्य मूर्ध्नो गलति हरशिरःस्वर्धुनीस्पर्धया नु ।
राहुर्वा याति वक्त्रं सकलशशिकलाभ्रान्तिलोलान्तरात्मा
लोकैरालोक्यते वा प्रदिशतु सततं साखिलं मङ्गलं नः
॥ ४५ ॥

अलिधाम्नः - ભમરાની હાર જેવી શ્યામ કાન્તિવાળા श्रीपतेः - લક્ષ્મીપતિ ભગવાનની कुन्तलाली - કેશપંક્તિ इव - જાણે કે कुवलय-कलिता - શ્યામ કમળોની माल-आली - માળાઓની હાર છે, नु - અથવા તો हरशिरः-स्वर्धुनी-स्पर्धया - શિવનાં મસ્તક પર રહેલી ગંગા સાથે સ્પર્ધામાં ઊતરી હોય એમ मूर्ध्नः - ભગવાનનાં મસ્તક પર आरुह्य - ચડીને कालिन्दी - યમુના નદી गलति - વહી રહી છે, वा - અથવા તો सकल-शशिकला-भ्रान्ति-लोकान्तर-आत्मा - પૂર્ણચન્દ્ર કલાની ભ્રાન્તિથી ચપલ બનેલા મનવાળો राहुः - રાહુ वक्त्रं - તેના મુખચંદ્ર પર याति - જઈ રહ્યો છે કે શું ? એમ लोकैः - લોકો या - જેના વિશે आलोक्यते - વિચાર કરી રહ્યા છે, તે કેશપંક્તિ नः - અમને सततं - સતત अखिलं - અખિલ मङ्गलं - મંગળ प्रदिशतु - આપો !

ભમરાની હાર જેવી શ્યામલ કાંતિવાળા ભગવાનની કેશપંક્તિ જોઈને લોકો વિચાર કરે છે કે "આ શું શ્યામ કમળોની માળાની હાર છે ? અથવા તો શિવમસ્તક પર રહેલી ગંગાની સ્પર્ધા કરવા માટે વિષ્ણુના મસ્તક પર યમુના ચડી રહી છે કે શું ? કે પછી પૂર્ણ ચન્દ્રકલાની ભ્રાન્તિથી આ રાહુ ભગવાનનાં મુખ (રૂપી ચંદ્ર) તરફ જઈ રહ્યો છે કે શું ?" - આવી આ કેશપંક્તિ અમને સમગ્ર મંગલ આપો ! (૪૫)

सुप्ताकाराः प्रसुप्ते भगवति विबुधैरप्यदृष्टस्वरूपा
व्याप्तव्योमान्तरालास्तरलमणिरुचा रञ्जिताः स्पष्टभासः ।
देहच्छायोद्गमाभा रिपुवपुरगरुप्लोषरोषाग्निधूम्याः
केशाः केशिद्विषो नो विदधतु विपुलक्लेशपाशप्रणाशम्
॥ ४६ ॥

भगवति - ભગવાન प्रसुप्ते - જ્યારે સૂઈ જાય છે ત્યારે सुप्ताकाराः - જેમનો આકાર સૂતેલા જેવો લાગે છે, विबुधैः - દેવો अपि - પણ अदृष्टरूपाः - જેનાં સ્વરૂપને જોઈ શકતા નથી, व्याप्त-व्योम-अन्तरालाः - આકાશના મધ્યભાગમાં જે વ્યાપ્ત છે, तरल-मणि-रुचा - જેઓ તરલ મણિની કાંતિ વડે रञ्जिताः - રંજિત છે, અને स्पष्टभासः - સ્પષ્ટ પ્રભાવાળા છે, તેથી देह-च्छाया-उद्गमाभा - જાણે કે દેહની (શ્યામલ) કાંતિ ઊગી ઊઠી હોય તેવા લાગે છે, रिपु-वपुगरु-प्लोष-रोष-अग्निधूम्याः - શત્રુનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરરૂપી અગરુધૂપને બાળનાર રોષરૂપી અગ્નિના ધૂમાડા જેવા છે, केशिद्विषः - કેશીસૂદન ભગવાન વિષ્ણુના તે केशाः - કેશ नः - અમારા विपुल-क्लेश-पाश-प्रणाशं - વિશાળ ક્લેશ રૂપી પાશનો નાશ विदधतु - કરો ! (પાઠાંતર तरल-जल-रुचा - તરલ જળની કાંતિ વડે).

કેશિસૂદન ભગવાન જ્યારે સૂતેલા હોય છે, ત્યારે તેમના કેશનો આકાર પણ સૂતેલા જેવો લાગે છે. એ કેશનું સ્વરૂપ દેવો પણ જોઈ શકતા નથી. તેઓ આકાશનાં અન્તરાલમાં વ્યાપી વળ્યા છે. તેઓ તરલમણિની કાંતિથી રંગાયેલા અને સ્પષ્ટ પ્રભાવાળા હોવાથી જાણે કે (ભગવાનના) દેહની (શ્યામલ) કાંતિ ઊગી ઊઠી હોય, તેવા લાગે છે. વળી, તેઓ શત્રુનાં શરીરરૂપી અગરુધૂપને બાળનાર રોષરૂપી અગ્નિના ધૂમાડા જેવા છે. તેવા એ કેશ અમારા વિશાળ ક્લેશરૂપી પાશનો નાશ કરો ! (૪૬)

यत्र प्रत्युप्तरत्नप्रवरपरिलसद्भूरिरोचिष्प्रतान-
स्फूर्त्यां मूर्तिर्मुरारेर्द्युमणिशतचितव्योमवद्दुर्निरीक्ष्या ।
कुर्वत्पारेपयोधि ज्वलदकृशशिखाभास्वदौर्वाग्निशङ्कां
शश्वन्नः शर्म दिश्यात्कलिकलुषतमः पाटनं तत्किरीटम्
॥ ४७ ॥

यत्र - જ્યાં (જેમાં) प्रत्युप्त-रत्न-प्रवर-परिलसत् - મઢેલાં ઉત્કૃષ્ટ રત્નોની ચળકતી भूरि-रोचिष्-प्रतान-स्फूर्त्यां - ગાઢ કાંતિના ફેલાતા ઝળહળાટથી मुरारेः - મુરારિ શ્રીવિષ્ણુનું मूर्तिः - શરીર, द्युमणि-शत-चित-व्योमवद् - સેંકડો સૂર્યોથી ખચિત આકાશની જેમ દુર્નિરીક્ષ્ય લાગે છે, અને જે पारे-पयोधि-ज्वलद् - સમુદ્રના તટ પર ઝળહળતાં अकृश-शिखा-भास्वद्-और्वाग्नि-शङ्कां - મહાન જ્વાળાથી પ્રકાશતા વડવાનલની શંકા कुर्वत् - ઉપજાવે છે, तत् - તે किरीटम् - (ભગવાનનો) મુકુટ कलि-कलुष-तमः-पाटनं - કલિયુગની મલિનતા રૂપ અંધકારનો નાશ કરનારો છે, એવો આ મુકુટ नः - અમને शश्वत् - નિરંતર शर्म - સુખ दिश्यात् - આપો !

અત્યંત ઉત્કૃષ્ટ રત્નો જડેલા હોવાથી જેમાંથી પ્રદીપ્ત ગાઢ પ્રભાનો ઝળહળાટ ચારે તરફ ફેલાય છે અને તેથી મુરારિ(ભગવાન વિષ્ણુ)નું શરીર, સેંકડો સૂર્યથી ખચિત આકાશની જેમ દુર્નિરીક્ષ્ય લાગે છે, તેવો ભગવાનનો મુકુટ છે. વળી, તે સમુદ્રતટે પ્રચંડ તેજશિખાઓથી પ્રજવલિત આ કોઈ વડવાનલ છે કે શું ? - એવી શંકા ઉપજાવે છે. કલિમલરૂપ અંધકારનો નાશ કરતો તે મુકુટ અમને શાશ્વત સુખ આપો ! (૪૭)

भ्रान्त्वा भ्रान्त्वा यदन्तस्त्रिभुवनगुरुरप्यब्दकोटीरनेकाः
गन्तुं नान्तं समर्थो भ्रमर इव पुनर्नाभिनालीकनालात् ।
उन्मज्जन्नूर्जितश्रीस्त्रिभुवनमपरं निर्ममे तत्सदृशं
देहाम्भोधिः स देयान्निरवधिरमृतं दैत्यविद्वेषिणो नः
॥ ४८ ॥

त्रि-भुवन-गुरुः - ત્રણેય ભુવનના ગુરુ એવા બ્રહ્મા अपि - પણ नाभि-नालीक-नालात् - ભગવાનનાં નાભિકમળની નાળમાં भ्रमर इव - ભ્રમરની જેમ अनेकाः - અનેક अब्द-कोटिः - કરોડ વર્ષો સુધી भ्रान्त्वा भ्रान्त्वा - ઉપર-નીચે ભમી ભમીને પણ अन्तं - તેનો અંત, છેડો गन्तुं - પામવા समर्थः - સમર્થ न - થયા ન હતા, અને पुनः - પછી ऊर्जितश्रीः - (તપ કરીને), સામર્થ્ય સંપત્તિ પામીને (તે જ બ્રહ્મા) उन्मज्जत् - તેમાંથી ઉપર આવીને तत्सदृशं - તેના જેવું જ अपरं - બીજું त्रिभुवनं - ત્રિભુવન निर्ममे - તેમણે રચ્યું હતું. दैत्य-विद्वेषिणः - દૈત્યશત્રુ (એવા ભગવાન વિષ્ણુ)નો सः - તે निरवधिः - અપાર देहाम्भोधिः - દેહસમુદ્ર नः - અમને अमृतं - અમૃત - અમરતા-મોક્ષ देयात् - આપો !

ભગવાનનાં નાભિકમળમાં, ત્રણેય ભુવનના ગુરુ બ્રહ્મા અનેક કરોડ વર્ષો સુધી, ભ્રમરની જેમ ઉપર-નીચે ભમી ભમીને પણ એનો અંત પામી શક્યા ન હતા અને પછી એ જ બ્રહ્માએ (તપ કરી) પોતાની સામર્થ્ય-સંપત્તિ પ્રાપ્ત કરીને, તેના જેવું જ આ બીજું ત્રિભુવન સર્જ્યું હતું. દૈત્યશત્રુ ભગવાનનો તે અપાર દેહ-સમુદ્ર અમને અમૃત (મોક્ષ) આપો ! (૪૮)

मत्स्यः कूर्मो वराहो नरहरिणपतिर्वामनो जामदग्न्यः
काकुत्स्थः कंसघाती मनसिजविजयी यश्च कल्कि-
र्भविष्यन् ।
विष्णोरंशावतारा भुवनहितकरा धर्मसंस्थापनार्थाः
पायासुर्मां त एते गुरुतरकरुणाभारखिन्नाशया ये ॥ ४९ ॥

मत्स्यः - મત્સ્ય कूर्मः - કૂર્મ, वराहः - વરાહ, नर-हरिण-पतिः - નૃસિંહ, वामनः - વામન, जामदग्न्यः - પરશુરામ, काकुत्स्थः - શ્રીરામ, कंसघाती - કંસારિ શ્રીકૃષ્ણ मनसिजविजयी - માર-જેતા બુદ્ધ च - અને यः - જે भविष्यन् - ભવિષ્યમાં થનારા

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कल्कि - કલ્કિ છે विष्णोः - ભગવાન વિષ્ણુના આ (દશ) अंशावताराः - અંશાવતારો भुवन-हित-कराः - જગતનાં કલ્યાણ માટેના અને धर्म-संस्थापन-अर्थाः ધર્મનાં સ્થાપન અર્થે છે ये - આવા જે અવતારો गुरु-तर-करुणा-भारखिन्नाशयाः - અત્યંત ગાઢ કરુણાથી ભરપૂર આશયવાળા છે ते - તેઓ मां - મારી पायासुः - રક્ષા કરો !

જગતનાં કલ્યાણ અર્થે અને ધર્મ-સંસ્થાપના માટે ભગવાન વિષ્ણુના – મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, શ્રીરામ, કંસશત્રુ શ્રીકૃષ્ણ, માર-વિજેતા બુદ્ધ અને ભવિષ્યમાં થનાર કલ્કિ- એ (દશ) અંશાવતારો છે. અત્યંત ગાઢ કરુણાથી ભરપૂર આશયવાળા, એ સર્વ અવતારો મારું રક્ષણ કરો ! (૪૯)

यस्माद्वाचो निवृत्ताः सममपि मनसा लक्षणामीक्षमाणाः
स्वार्थालाभात्परार्थव्यपगमकथनश्लाघिनो वेदवादाः ।
नित्यानन्दं स्वसंविन्निरवधिविमलस्वान्तसंक्रान्तबिम्ब-
च्छायापत्यापि नित्यं सुखयति यमिनो यत्तदव्यान्महो
नः ॥ ५० ॥

यस्मात् - જ્યાંથી मनसा - મન समं - સહિત वाचः - વાણી अपि - પણ निवृत्ताः - પાછી ફરે છે, वेदवादाः - વેદવચનો પણ स्वार्थ-अलाभात् - જેનો સ્વ-અર્થ-વાચ્યાર્થ યોગ્ય ન લાગવાથી लक्षणां - લક્ષણાનો ईक्षमाणाः - આશ્રય લે છે અને परार्थ-व्यपगम-कथन-श्लाघिनः - તેના સિવાયના સર્વ પદાર્થોથી ભિન્ન (એમ 'નેતિ નેતિ') કહી એ તત્ત્વની પ્રશંસા કરે છે नित्य-आनन्दं - જે નિત્ય આનંદરૂપ છે, स्वसंवित् - સ્વાનુભવરૂપ છે, निरवधिः - જેનો પાર પામી ન શકાય તેવું છે અને विमल-स्वान्त-संक्रान्त-बिम्ब-छायापत्या - પોતાનાં નિર્મલ અંતઃકરણમાં જેનાં બિમ્બની માત્ર છાયા જ પ્રતિબિમ્બિત થતી હોય છે अपि - છતાં તેનાથી પણ यत् - જે यमिनः - યોગીઓને नित्यं - હંમેશાં सुखयति - સુખ આપે છે, तद् - તે પરમ આત્મતત્ત્વ રૂપ महः - (બ્રહ્મ) તેજ नः - અમારૂં अव्यात् - રક્ષણ કરો.

જ્યાંથી મન સહિત વાણી પાછી ફરે છે, જેનો વાચ્યાર્થ યોગ્ય ન લાગવાથી વેદવચનો લક્ષણાનો (ગર્ભિત અર્થનો) આશ્રય લે છે અને ઈતર સર્વ પદાર્થો છે, તે તત્ત્વ સર્વથા ભિન્ન છે, એમ ('નેતિ નેતિ' કહી) જેના ગુણ ગાય છે, તે (વિષ્ણુનું) નિત્ય આનંદરૂપ, સ્વસંવેદ્ય, પાર ન પામી શકાય તેવું અને પોતાના નિર્મળ અંતઃકરણમાં જેનાં બિમ્બની માત્ર છાયા પડવા છતાં પણ યોગીઓને સુખ આપનારું (બ્રહ્મ), તે જ અમારું રક્ષણ કરો ! (૫૦)

નોંધ :- લક્ષણા - શબ્દનો સીધો અર્થ વાચ્યાર્થ કહેવાય છે. પણ ક્યારેક તે વાચ્યાર્થ અર્થ બંધ બેસતો ન લાગે ત્યારે પ્રયોજન કે રૂઢિના આધારે તેનો અનુરૂપ બીજો અર્થ કરવામાં આવે છે. શબ્દની આ શક્તિ લક્ષણા કહેવાય છે. અને એવો અર્થ લાક્ષણિક અર્થ કહેવાય છે. જેમકે 'ગંગામાં ઝૂંપડું છે.' એ વાક્યમાં ગંગાના પાણીમાં ઝૂંપડું એવો વાચ્યાર્થ થાય પણ તે બરાબર લાગતો નથી તેથી ગંગાકિનારે ઝૂંપડું એવો અર્થ શીતળતા - પવિત્રતા વગેરે પ્રયોજન દ્વારા નિશ્ચિત કરીએ છીએ. આ અર્થ લક્ષણાથી થયો કહેવાય. એ જ રીતે પરમ તત્ત્વ એવા વિષ્ણુના અનેક નામ છે. પણ માત્ર વાચ્યાર્થથી તે સંતોષ આપી શકતા નથી. એટલે ત્યાં લક્ષણાથી અર્થ કરાય છે.

आपादादा च शीर्षाद्वपुरिदमनघं वैष्णवं यः स्वचित्ते
धत्ते नित्यं निरस्ताखिलकलिकलुषे संततान्तःप्रमोदम् ।
जुह्वज्जिह्वाकृशानौ हरिचरितहविः स्तोत्रमन्त्रानुपाठै-
स्तत्पादाम्भोरुहाभ्यां सततमपि नमस्कुर्महे निर्मलाभ्याम्
॥ ५१ ॥

आ-पादात् - ચરણથી માંડી च - ને आ-शीर्षात् - મસ્તક સુધી वैष्णवं - વિષ્ણુ ભગવાનના इदं - આ अनघं - નિષ્પાપ વિમલ અને संतत - अन्तः-प्रमोदं - અન્તઃકરણને સતત આનંદ આપતા वपुः - શરીરનું यः - જે મનુષ્ય निरस्त-अखिल-कलि-कलुषे - કલિયુગના સમસ્ત દોષોથી મુક્ત થયેલા स्वचित्ते - પોતાનાં ચિત્તમાં नित्यं - સર્વદા धत्ते - ધ્યાન કરે છે. તથા जिह्वा-कृशानौ - જીભરૂપી અગ્નિમાં स्तोत्र-मन्त्र-अनुपाठैः - સ્તોત્રરૂપી મંત્રપાઠ સાથે हरि-चरित-हविः - હરિચરિત્રરૂપી હવિનો जुह्वत् - હોમ કરે છે, निर्मलाभ्यां - નિર્મળ એવાં तत्पादाम्भोरुहाभ्यां - તેનાં બન્ને ચરણ કમળોને सततं अपि - નિરંતર नमस्कुर्महे - અમે નમસ્કાર કરીએ છીએ. (कृशानु - અગ્નિ)

જે મનુષ્ય વિષ્ણુભગવાનનાં ચરણથી માંડીને મસ્તક સુધીનાં આવા નિર્મળ અને અંતઃકરણને સદા આનંદ આપતાં શરીરનું, કલિયુગના સમસ્ત દોષોથી મુક્ત થયેલા પોતાનાં ચિત્તમાં સતત ધ્યાન ધરે છે તથા જીભરૂપી અગ્નિમાં, સ્તોત્રો રૂપી મંત્રપાઠ સાથે હરિચરિત રૂપી હવિનો હોમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે, એનાં બન્ને નિર્મળ ચરણકમળોને અમે વંદન કરીએ છીએ. (૫૧)

मोदात्पादादिकेशस्तुतिमितिरचितां कीर्तयित्वा त्रिधाम्नः
पादाब्जद्वन्द्वसेवासमयनतमतिर्मस्तकेनानमेद्यः ।
उन्मुच्यैवात्मनैनोनिचयकवचकं पञ्चतामेत्य भानो-
र्बिम्बान्तर्गोचरं स प्रविशति परमानन्दमात्मस्वरूपम्
॥ ५२ ॥

त्रिधाम्नः - ત્રિવિધ લોકને પ્રકાશિત કરતા ભગવાનની इति रचितां - આ પ્રમાણે કરેલી पादादि - केश-स्तुतिं - ચરણ વગેરેથી માંડીને કેશ સુધીની સ્તુતિનું मोदात् - આનંદપૂર્વક कीर्तयित्वा - કીર્તન કરીને यः - જે ભક્ત पादाब्ज-द्वन्द्व-सेवा-समय-नत-मतिः - ભગવાનનાં બન્ને ચરણકમળની સેવા કરવાનાં વ્રતની ભાવનાથી, તેમને मस्तकेन - મસ્તક વડે आनमेत् - નમસ્કાર કરે છે, सः - તે आत्मना - પોતાની ભક્તિથી एनो-निचय-कवचकं- પાપપુંજરૂપી આવરણને उन्मुच्य - ભેદીને पञ्चतां एत्य - જ્યારે મૃત્યુ પામે છે ત્યારે भानोः - સૂર્યનાં बिम्बान्त-र्गोचरं - બિમ્બમાં રહેલાં परम-आनन्दं - પરમાનંદરૂપ आत्म-स्वरूपं - આત્મસ્વરૂપમાં प्रविशति - પ્રવેશ કરે છે.

ત્રણેય લોકને પ્રકાશિત કરતાં ભગવાન વિષ્ણુનાં ચરણથી માંડીને કેશ સુધી રચેલી આ પ્રકારની સ્તુતિનું જે આનંદપૂર્વક ગાન કરે છે અને પ્રભુનાં બન્ને ચરણકમળની સેવા કરવાની ભાવનાથી તેમને મસ્તક નમાવે છે, તે ભક્ત મૃત્યુ સમયે, આત્મભાવથી, પાપપુંજરૂપી આવરણને ભેદીને સૂર્યબિમ્બમાં રહેલાં પરમાનંદ રૂપ આત્મસ્વરૂપમાં પ્રવેશ કરે છે. (૫૨)

નોંધ :- કેટલીક પ્રતોમાં આ શ્લોક નથી.

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य श्रीमच्छंकरभगवतः कृतौ
''विष्णुपादादिकेशान्तस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય શ્રી શંકરાચાર્યની રચનામાં
''વિષ્ણુપાદાદિકેશાન્તસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ देवीचतुःषष्ट्युपचारपूजास्तोत्रम् ॥

उषसि मागधमङ्गलगायनै-
र्झटिति जागृहि जागृहि जागृहि ।
अतिकृपार्द्रकटाक्षनिरीक्षणै-
र्जगदिदं जगदम्ब सुखीकुरु ॥ १ ॥

उषसि - પ્રાતઃકાળમાં, मागधमङ्गलगायनैः - ભાટચારણોનાં મંગળ ગીતોથી, जगदम्ब - હે જગદંબા ! झटिति - એકદમ, जागृहि - જાગો, अतिकृपार्द्र - અત્યંત કૃપાથી આર્દ્ર, निरीक्षणैः - દષ્ટિપાતોથી, जगत् इदं - આ જગતને सुखीकुरु - સુખી કરો.

પ્રાતઃકાળમાં ભાટચારણોનાં મંગળ ગીતોથી હે માતા ! જલદી જાગો, જાગો, જાગો મા ! અત્યંત કૃપાથી આર્દ્ર દષ્ટિપાતોથી હે જગદંબા ! જગતને સુખી કરો. (૧)

कनकमयवितर्दिशोभमानं
दिशि दिशि पूर्णसुवर्णकुम्भयुक्तम् ।
मणिमयमण्डपमध्यमेहि मात-
र्मयि कृपयाशु समर्चनं ग्रहीतुम् ॥ २ ॥

कनकमय - સુવર્ણમય, वितर्दि - ચબુતરાથી, शोभमानं - શોભાયમાન, दिशि दिशि - દરેક દિશામાં, पूर्ण-सुवर्ण-कुम्भ-युक्तम् - પૂર્ણ સુવર્ણકુંભવાળા, मणिमय-मण्डप-मध्यम् - મણિમય મંડપની વચ્ચે, आशु - જલદી, एहि - આવો, मयि - મારા પરની कृपया - કૃપાને લીધે, समर्चनम् - પૂજા, ग्रहीतुम् - સ્વીકારવા.

(આંગણામાં) સુવર્ણમય ચબૂતરાથી સુશોભિત, દરેક દિશામાં પૂર્ણ સુવર્ણ કુંભોવાળા, મણિમય મંડપની મધ્યે હે માતા ! મારા પરની કૃપાને લીધે મારી પૂજા સ્વીકારવા આવો - બિરાજો. (૨)

कनककलशशोभमानशीर्षे
जलधरलम्बि समुल्लसत्पताकम् ।
भगवति तव संनिवासहेतो-
र्मणिमयमन्दिरमेतदर्पयामि ॥ ३ ॥

हे भगवति - હે ભગવતી ! कनककलशैः - સુવર્ણના કળશોથી, शोभमान-शीर्षम् - શોભાયમાન શિખરવાળું, जलधर-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लम्बि - (આકાશના) મેઘોને સ્પર્શતું કે અડકતું, समुल्लसत्पताकम् - ફરકતી પતાકાવાળું, एतत् - આ मणिमयमन्दिरम् - મણિજડિત મંદિર, तव - તમારા, संनिवासहेतोः - નિવાસ માટે, अर्पयामि - અર્પું છું.

હે ભગવતી ! સુવર્ણ કલશોથી શોભાયમાન શિખર-વાળું, આકાશના મેઘોને સ્પર્શતું, લહરાતી પતાકાઓવાળું આ મણિમય મંદિર આપના નિવાસ માટે અર્પું છું. (૩)

तपनीयमयी सुतूलिका
कमनीया मृदुलोत्तरच्छदा ।
नवरत्नविभूषिता मया
शिबिकेयं जगदम्ब तेऽर्पिता ॥ ४ ॥

तपनीयमयी - સુવર્ણમયી, सुतूलिका - ગાદી कमनीया - સુંદર मृदुलोत्तरच्छदा - કોમળ ઓછાડવાળી, नवरत्नविभूषिता - નવાં રત્નોથી શોભાયમાન, इयं - આ, शिबिका - પાલખી, હે जगदम्ब - હે જગદંબા ! ते अर्पिता - તમને અર્પણ કરી છે.

સુવર્ણમયી ગાદી છે અને સુંદર, કોમળ ઓછાડ બિછાવેલ છે તેવી નવરત્નોથી શોભાયમાન આ પાલખી હે જગદંબા ! મેં આપને અર્પણ કરી છે. (૪)

कनकमयवितर्दिस्थापिते तूलिकाढ्ये
विविधकुसुमकीर्णे कोटिबालार्कवर्णे ।
भगवति रमणीये रत्नसिंहासनेऽस्मि-
न्नुपविश पदयुग्मं हेमपीठे निधाय ॥ ५ ॥

कनकमय - સુવર્ણમયી, वितर्दिस्थापिते - ચોતરા પર સ્થાપેલા, तूलिकाढ्ये - ગાદીથી आढ्य - સમૃદ્ધ કે શોભતા, विविध-कुसुम-कीर्णे - જ્યાં વિવિધ પ્રકારનાં પુષ્પો વિખરાયેલાં છે તેવા, कोटि - કરોડો, बाल-अर्कवर्णे - બાલ સૂર્ય સમા વર્ણવાળા - એટલે કે તેજસ્વી, रत्नसिंहासने - રત્નનાં સિંહાસન પર, पद-युग्मम् - બે પગને हेमपीठे - સોનાની પીઠ પર निधाय - રાખીને, उपविश - બેસો, બિરાજો.

સુવર્ણમય ચોતરા પર સ્થાપેલ, ગાદીથી શોભતા, જ્યાં વિવિધ પ્રકારનાં પુષ્પો વેરયેલાં છે તેવા, કોટિ બાલસૂર્ય સમા તેજસ્વી આ રત્નસિંહાસન પર હે માતા ! આપ હેમપીઠ પર ચરણો મૂકીને બિરાજો. (૫)

मणिमौक्तिकनिर्मितं महान्तं
कनकस्तम्भचतुष्टयेन युक्तम् ।
कमनीयतमं भवानि तुभ्यं
नवमुल्लोचमहं समर्पयामि ॥ ६ ॥

હે भवानि - હે ભવાની ! मणि-मौक्तिक-निर्मितम् - મણિ અને મુક્તાફળથી બનવેલ, महान्तं - મહાન, અહીં મહામૂલા चतुष्टय - ચાર कनक-स्तम्भ - સોનાના થાંભલા, युक्त - વાળું, થી યુક્ત, कमनीयतमम् - સૌથી સુંદર, नवम्-નવો, उल्लोचम् - ચંદરવો, तुभ्यम् - આપને समर्पयामि - અર્પું છું.

હે ભવાનિ ! મણિ અને મુક્તાફળથી નિર્મિત, મહામૂલા ચાર સુવર્ણ સ્તંભોથી યુક્ત, સૌથી સુંદર એવો આ નવો ચંદરવો હું આપને અર્પું છું. (૬)

दूर्वया सरसिजान्वितविष्णु-
क्रान्तया च सहितं कुसुमाढ्यम् ।
पद्मयुग्मसदृशे पदयुग्मे
पाद्यमेतदुररीकुरु मातः ॥ ७ ॥

मातः - હે માતા ! दूर्वया - દૂર્વા, सरसिज - अन्वित - કમળથી યુક્ત, विष्णुक्रान्तया च सहितम् - તુલસીપત્રવાળાં, कुसुमाढ्यम् - પુષ્પોથી સભર, एतत् - આ, पाद्यम् - પાદ્ય, पद्म-युग्म-सदृशे - બે કમળ સમાં, पदयुग्मे - બે ચરણો પર उररीकुरु - સ્વીકારો, विष्णुकान्ता - તુલસી.

હે માતા ! દૂર્વા, કમળ અને તુલસીપત્રવાળાં તથા પુષ્પોથી સભર આ પાદ્ય આપનાં બે કમળ સમાન ચરણો પર સ્વીકારો. (૭)

गन्धपुष्पयवसर्षपदूर्वा-
संयुतं तिलकुशाक्षतमिश्रम् ।
हेमपात्रनिहितं सह रत्नै-
रर्घ्यमेतदुररीकुरु मातः ॥ ८ ॥

गन्धपुष्प - ચંદન, પુષ્પ, સુગંધી પુષ્પો, यव - જવ, सर्षप - સરસવ, दूर्वा - દૂર્વા, ધરો, संयुतम् - સાથેનું, तिल-कुश-अक्षत-मिश्रम् - તલ, કુશ અને અક્ષત (આખા ચોખા)થી મિશ્રિત, हेम-पात्र-निहितम् - સુવર્ણપાત્રમાં રાખેલ, रत्नैः सह - રત્નો સાથેનો, एतत् अर्घ्यम् - આ અર્ઘ્યને, उररीकुरु - સ્વીકારો.

ચન્દન, પુષ્પો, જવ, સરસવ, દૂર્વા તથા તલ, કુશ અને અક્ષત(ચોખા)થી મિશ્રિત, સુવર્ણપાત્રમાં રાખેલ રત્નો સહિતનો આ અર્ઘ્ય હે માતા ! તમે સ્વીકારો. (૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जलजद्युतिना करेण जाती-
फलतक्कोललवङ्गगन्धयुक्तैः ।
अमृतैरमृतैरिवातिशीतै-
र्भगवत्याचमनं विधीयताम् ॥ ९ ॥

हे भगवति - હે ભગવતી !, जलज-द्युतिना - કમળ સમી કાંતિવાળા, करेण - હાથથી, जातीफल - જાયફળ, तक्कोल-लवङ्ग-गन्धयुक्तैः - તક્કોલ (તજ) અને લવિંગની સુગંધવાળા, अमृत-अमृतैः - અમૃત સમાં જળથી अतिशीतैः - અત્યંત ઠંડા, आचमनम् - આચમન, विधीयताम् - કરો.

હે ભગવતી ! કમળની કાંતિવાળા હાથથી જાયફળ, તક્કોલ (તજ) અને લવિંગની સુગન્ધયુક્ત, અત્યંત શીતળ અમૃત સમા જળથી આપ આચમન કરો. (૯)

निहितं कनकस्य संपुटे
पिहितं रत्नपिधानकेन यत् ।
तदिदं जगदम्ब तेऽर्पितं
मधुपर्कं जननि प्रगृह्यताम् ॥ १० ॥

कनकस्य संपुटे - સુવર્ણના સંપુટમાં, निहित - રાખેલું रत्न-पिधानकेन - રત્નનાં ઢાંકણથી, पिहितम् - ઢાંકેલ, ते अर्पितम् - તને અર્પણ કરેલ तत् इदम् - તે આ, मधुपर्कम् - મધુપર્કને, हे जननि - હે મા ! प्रगृह्यताम् - સ્વીકાર કરો.

સુવર્ણના સંપુટમાં રાખેલ અને રત્નના ઢાંકણથી ઢાંકેલ તમને અર્પણ કરેલ આ મધુનો, હે જનની ! તમે સ્વીકાર કરો. (૧૦)

एतच्चम्पकतैलमम्ब विविधैः पुष्पैर्मुहुर्वासितं
न्यस्तं रत्नमये सुवर्णचषके भृङ्गैर्भ्रमद्भिर्वृतम् ।
सानन्दं सुरसुन्दरीभिरभितो हस्तैर्धृतं ते मया
केशेषु भ्रमरभ्रमेषु सकलेष्वङ्गेषु चालिप्यते ॥ ११ ॥

हे अम्ब - હે મા ! विविधैः पुष्पैः मुहुः वासितम् - વિવિધ પુષ્પોથી વારંવાર સુવાસિત કરેલ, एतत् - આ, चम्पक-तैलम् - ચંપકતેલ, ચંપાનાં પુષ્પોની સુગંધવાળું તેલ, रत्नमये - રત્નમય, सुवर्णचषके - સોનાની કૂપીમાં, न्यस्तम् - રાખેલું છે, भृङ्गैः भ्रमद्भिः वृतम् - જેની આસપાસ ભમરાઓ ઊડી રહ્યા છે તેવું, मया - મેં ते - તમારા માટે सुरसुन्दरीभिः - દેવાંગનાઓ વડે अभितः - સર્વ બાજુએથી हस्तैः - હાથોમાં રાખ્યું છે, તેને, सानन्दम् - આનંદપૂર્વક, भ्रमरभ्रमेषु - ભમરાઓનો ભ્રમ ઉપજાવતા केशेषु - કેશપાશમાં, सकलेषु अङ्गेषु - બધાં અંગો પર (मया - મારાથી) आलिप्यते - લેપ કરાય છે, માલિશ કરાય છે.

વિવિધ પુષ્પોથી વારંવાર સુવાસિત કરેલ ચંપક તેલ રત્નમય સુવર્ણકૂપીમાં રાખેલું છે, જેની સુવાસથી ભમરાઓ આજુબાજુ ઊડી રહ્યા છે તેવું, દેવાંગનાઓએ આનંદપૂર્વક હાથમાં રાખ્યું છે તે, ભ્રમરોનો ભ્રમ ઉપજાવતા તમારાં કાળા વાળમાં તથા સર્વ અંગો પર લેપ કરું છું. (૧૧)

मातः कुङ्कुमपङ्कनिर्मितमिदं देहे तवोद्वर्तनं
भक्त्याहं कलयामि हेमरजसा संमिश्रितं केसरैः ।
केशानामलकैर्विशोध्य विशदान्कस्तूरिकोदञ्चितैः
स्नानं ते नवरत्नकुम्भसहितैः संवासितोष्णोदकैः ॥ १२ ॥

हे मातः - હે મા ! कुङ्कुम-पङ्क-निर्मितम् - કંકુના રગડાથી બનાવેલ, हेम-रजसा - સુવર્ણરજ સાથે, केसरैः संमिश्रितम् - કેસર ભેળવેલ उद्वर्तनम् - ઉબટન भक्त्या - ભક્તિપૂર્વક (અર્પું છું.) केशान् - વાળને, आमलकैः - આમળાંથી, विशोध्य - ધોઈને, कस्तूरिकोदञ्चितैः - કસ્તૂરીથી યુકત, नवरत्न-कुम्भ-सहितैः - નવા રત્નકુંભમાં રાખેલ, संवासितोष्णोदकैः - સુગંધિત ઉષ્ણોદકથી, स्नानं - સ્નાન कलयामि - કલ્પું છું.

હે મા ! કુંકુમના પંકથી (રગડાથી) બનાવેલ, સુવર્ણરજ સાથેનું કેસર-મિશ્રિત ઉબટન તમારા શરીરે ભક્તિપૂર્વક ધારણ કરાવું છું, તથા કસ્તૂરીથી યુકત આમળાંથી આપના નિર્મળ કેશરાશિને ધોઈને નવા રત્નકુંભમાં રાખેલ સુવાસિત ઉષ્ણોદકથી, હે માતા ! તમારું સ્નાન કલ્પું છું. (૧૨)

दधिदुग्धघृतैः समाक्षिकैः
सितया शर्करया समन्वितैः ।
स्नपयामि तवाहमादरा-
ज्जननि त्वां पुनरुष्णवारिभिः ॥ १३ ॥

समाक्षिकैः - મધ સહિતનાં दधि-दुग्ध-घृतैः - દહીં, દૂધ અને ઘીવાળા, सितया शर्करया समन्वितैः - સફેદ સાકરવાળાં, उष्ण-वारिभिः - ગરમ પાણીથી, तव - તમને, अहम् - હું आदरात् - આદરપૂર્વક स्नपयामि - સ્નાન કરાવું છું.

મધ સહિતનાં અને દહીં, દૂધ, ઘીવાળા તથા સફેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાકરથી યુક્ત ઉષ્ણ જળથી હે જનની ! હું ફરી વાર આપને આદરપૂર્વક સ્નાન કરાવું છું. (૧૩)

एलोशीरसुवासितैः सकुसुमैर्गङ्गादितीर्थोदकै-
र्माणिक्यामलमौक्तिकामृतरसैः स्वच्छैः सुवर्णोदकैः ।
मन्त्रान्वैदिकतान्त्रिकान्परिपठन्सानन्दमत्यादरा-
त्स्नानं ते परिकल्पयामि जननि स्नेहात्त्वमङ्गीकुरु ॥ १४ ॥

एलोशीर-सुवासितैः - એલચી અને ઉશીર(વાળા)થી સુવાસિત, सकुसुमैः - ફૂલો સાથે, गङ्गादि-तीर्थोदकैः - ગંગા વગેરે તીર્થોનાં જળથી, माणिक्य-अमल-मौक्तिक-अमृतरसैः - માણેક અને સાચાં મોતીનાં અમૃતરસવાળાં, स्वच्छ - સ્વચ્છ, सुवर्णोदकैः - સુવર્ણોદક - સુવર્ણજળથી मन्त्रान् - મંત્રો वैदिक-तान्त्रिकान् - વૈદિક અને તાન્ત્રિક आनन्दम् - આનંદસહિત अत्यादरात् - અત્યંત આદરથી हे जननि - હે માતા ! ते स्नानम् - તમારાં સ્નાનની परिकल्पयामि - કલ્પના કરું છું स्नेहात् - સ્નેહપૂર્વક त्वम् - તમે अङ्गीकुरु - સ્વીકારો.

એલચી અને ઉશીર(વાળા)થી સુવાસિત, પુષ્પોથી યુક્ત, ગંગા વગેરે તીર્થોનાં જળથી, માણેક અને સાચાં મોતીના અમૃત રસવાળાં, સ્વચ્છ સુવર્ણોદકથી, વૈદિક અને તાંત્રિક મંત્રોને આનંદથી આદરપૂર્વક ઉચ્ચારતાં, હે મા ! હું તમારા સ્નાનની કલ્પના કરું છું. તમે સ્નેહપૂર્વક તેને સ્વીકારો. (૧૪)

बालार्कद्युति दाडिमीयकुसुमप्रस्पर्धि सर्वोत्तमं
मातस्त्वं परिधेहि दिव्यवसनं भक्त्या मया कल्पितम् ।
मुक्ताभिर्ग्रथितं सुकञ्चुकमिदं स्वीकृत्य पीतप्रभं
तप्तस्वर्णसमानवर्णमतुलं प्रावर्णमङ्गीकुरु ॥ १५ ॥

बालार्कद्युति - બાલ સૂર્ય સમાન કાંતિવાળા, दाडिमीय-कुसुम-प्रस्पर्धि - દાડમનાં ફૂલની સ્પર્ધા કરતાં, सर्वोत्तमम् - સૌથી ઉત્તમ, भक्त्या मया कल्पितम् - ભક્તિથી મારા વડે કલ્પિત, दिव्यवसनं - દિવ્ય વસ્ત્રને હે मातः હે મા ! त्वं - તમે परिधेहि - પહેરો, ધારણ કરો, मुक्ताभिः ग्रथितम् - મોતીથી ગૂંથેલ, पीतप्रभम् - પીળી પ્રભાવાળા, सुकञ्चुकं - સુંદર કંચુકને स्वीकृत्य - સ્વીકારીને, तप्तस्वर्ण-समान-वर्णम् - તપાવેલ સુવર્ણ સમાન વર્ણવાળા अतुलम् - અનુપમ, प्रावर्णं - ઉત્તરીય વસ્ત્રને अङ्गीकुरु - અંગીકાર કરો.

બાલસૂર્ય સમાન કાંતિવાળાં, દાડમનાં ફૂલની સ્પર્ધા કરતાં, (લાલ રંગનાં) સર્વોત્તમ, ભક્તિ વડે મેં કલ્પેલા દિવ્યવસ્ત્રને હે માતા ! તમે ધારણ કરો. મોતી-ગૂંથેલ, પીળી પ્રભાવાળા આ સુંદર કંચુકને સ્વીકારીને, તપેલ સોના સમા વર્ણવાળા, અનુપમ ઉત્તરીય વસ્ત્રનો તમે અંગીકાર કરો. (૧૫)

नवरत्नमये मयार्पिते
कमनीये तपनीयपादुके ।
सविलासमिदं पदद्वयं
कृपया देवि तयोर्निधीयताम् ॥ १६ ॥

नव-रत्न-मये - નવાં રત્નોથી મઢેલી, कमनीये - સુંદર, तपनीय-पादुके - સોનાની બે પાદુકાઓ, मया अर्पिते - મેં અર્પી છે, देवि - હે દેવી ! सविलासम् - વિલાસપૂર્વક, तयोः - તે(બંને પાદુકાઓ)માં, पद-द्वयम् - બંને પગ, कृपया - કૃપા કરીને, निधीयताम् - મૂકો.

નવાં રત્નોથી મઢેલી, કમનીય સોનાની પાદુકાઓ મેં અર્પી છે. હે દેવિ ! વિલાસપૂર્વક આપ કૃપા કરીને તેમાં બે ચરણો મૂકો. (તેને પહેરો). (૧૬)

बहुभिरगरुधूपैः सादरं धूपयित्वा
भगवति तव केशान्कङ्कतैर्मार्जयित्वा ।
सुरभिभिररविन्दैश्चम्पकैश्चार्चयित्वा
झटिति कनकसूत्रैर्जूटयन्वेष्टयामि ॥ १७ ॥

हे भगवति - હે ભગવતી ! बहुभिरगरुधूपैः - અગરુના અનેક ધૂપોથી, सादरम् - આદરપૂર્વક, धूपयित्वा - ધૂપ દઈને, तव - તમારા, केशान् - કેશપાશને, कङ्कतैः मार्जयित्वा - કાંસકીથી ઓળીને, सुरभिभिः अरविन्दैः - સુગંધિત કમળો વડે, च - અને, चम्पकैः - ચંપાનાં ફૂલોથી, अर्चयित्वा - અર્ચીને, પૂજીને झटिति - જલ્દીથી, कनक-सूत्रैः - સુવર્ણના દોરાથી, जूटयन् - ગૂંથીને, वेष्टयामि - અંબોડો વાળું છું.

હે ભગવતી ! અગરુના અનેક ધૂપોથી આદરપૂર્વક ધૂપ દઈને, આપના કેશરાશિને કાંસકાથી ઓળીને, સુગંધિત કમળો અને ચંપક પુષ્પોથી અર્ચના કરીને, સુવર્ણના દોરાથી ગૂંથીને હું ત્વરાથી અંબોડો વાળું છું. (૧૭)

सौवीराञ्जनमिदमम्ब चक्षुषोस्ते
विन्यस्तं कनकशलाकया मया तत् ।
तन्यूतं मलिनमपि त्वदक्षिसङ्गात्
ब्रह्मेन्द्राद्यभिलषणीयतामियाय ॥ १८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अम्ब - હે માતા ! सौवीराञ्जनम् - સુરમો, कनक-शलाकया - સોનાની સળીથી, मया - મેં विन्यस्तम् - મૂક્યો છે, (આપની) આંખે આંજેલ છે, तत् - તે, न्यूनम् - ન્યૂન, मलिनम् अपि - મેલો, મલિન હોવા છતાં, त्वदक्षिसङ्गात् - આપની આંખોના સંસર્ગને લીધે, ब्रह्मा-इन्द्र-आदि-अभिलषणीयताम् - બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દ્વારા પણ અભિલાષા કરવા યોગ્ય, इयाय - બન્યો છે.

હે માતા ! આ સૌવીરાંજન (સૂરમો) મેં સોનાની સળીથી આપની આંખોમાં આંજેલ છે, તે ન્યૂન તથા મલિન હોવા છતાં, તમારી આંખોના સંસર્ગને લીધે બ્રહ્મા; ઈન્દ્ર વગેરે દ્વારા પણ અભિલાષા કરવા યોગ્ય બન્યું છે. (૧૮)

मञ्जीरे पदयोर्निधाय रुचिरां विन्यस्य काञ्चीं कटौ
मुक्ताहारमुरोजयोरनुपमां नक्षत्रमालां गले ।
केयूराणि भुजेषु रत्नवलयश्रेणीं करेषु क्रमा-
त्ताटङ्के तव कर्णयोर्विनिदधे शीर्षे च चूडामणिम् ॥ १९ ॥

पदयोः - બે ચરણોમાં, मञ्जीरे - નૂપુર, निधाय - પહેરાવીને, कटौ - કેડ પર, रुचिरां - મનોહર, काञ्चीम् - કંદોરો, विन्यस्य - બાંધીને, उरोजयोः मुक्ताहारम् - વક્ષઃસ્થળ પર મોતીનો હાર, अनुपमाम् - અજોડ, नक्षत्रमालां - નક્ષત્રમાળા, गले - ગળામાં, भुजेषु - ભુજાઓમાં, केयूराणि - બાજુબંધ करेषु - હાથોમાં, रत्न-वलय-श्रेणीम् - રત્નકંકણની બંગડી, क्रमात् - અનુક્રમે, कर्णयोः - બે કાનમાં ताटङ्के - વાળી, शीर्षे - મસ્તકે, चूडामणिम् - ચૂડામણિ, विनिदधे - મૂકું છું.

બે ચરણોમાં નૂપુર પહેરાવીને, રમણીય મેખલાને કેડ પર બાંધીને, વક્ષઃસ્થળ પર મોતીનો હાર અને ગળામાં અનુપમ નક્ષત્રમાળા પહેરાવીને, ભુજાઓમાં બાજુબંધ, હાથમાં રત્નજડિત કંકણને, અનુક્રમે બે કાનમાં વાળી તથા મસ્તકે ચૂડામણિ ધારણ કરાવું છું. (૧૯)

धम्मिल्ले तव देवि हेमकुसुमान्याधाय फालस्थले
मुक्ताराजिविराजमानतिलकं नासापुटे मौक्तिकम् ।
मातर्मौक्तिकजालिकां च कुचयोः सर्वाङ्गुलीषूर्मिकाः
कट्यां काञ्चनकिङ्किणीर्विनिदधे रत्नावतंसं श्रुतौ ॥ २० ॥

हे देवि - હે દેવી ! धम्मिले - કેશરાશિમાં, વાળમાં, हेमकुसुमानि - સુવર્ણપુષ્પોને, आधाय - મૂકીને, फालस्थले - કપાળના સેંથામાં, मुक्ताराजि-विराजमान - મોતીના સમૂહથી શોભતું, तिलकं - તિલક આધાય - રચીને, नासापुटे - નાકમાં, मौक्तिकम् - મોતી (ની નથ્ય પહેરાવીને), कुचयोः - વક્ષઃસ્થળ પર, मौक्तिक-जालिकां - મોતીની જાળી, सर्वाङ्गुलीषु - બધી આંગળીઓમાં, ऊर्मिकाः - વીંટીઓ, कट्यां - કેડ પર, काञ्चन-किङ्किणीः - સોનાની ઘુઘરીઓ, श्रुतौ - કાનમાં, रत्नावतंसं - રત્નનું કર્ણાભૂષણ, विनिदधे - ધારણ કરાવું છું.

હે દેવી ! કેશરાશિમાં સુવર્ણપુષ્પો મૂકીને, સેંથામાં મોતીના સમૂહથી શોભતું તિલક રચીને, નાકમાં મોતીની નથ્ય, વક્ષઃસ્થળ પર મોતીની જાળી, બધી આંગળીઓમાં વીંટીઓ, કેડ પર સોનાની ઘુઘરીઓ અને કાનમાં હું રત્નનું કર્ણફૂલ ધારણ કરાવું છું. (૨૦)

मातः फालतले तवातिविमले काश्मीरकस्तूरिका-
कर्पूरागरुभिः करोमि तिलकं देहेऽङ्गरागं ततः ।
वक्षोजादिषु यक्षकर्दमरसं सिक्त्वा च पुष्पद्रवं
पादौ चन्दनलेपनादिभिरहं संपूजयामि क्रमात् ॥ २१ ॥

हे मातः - હે માતા ! तव अतिविमले - આપના અત્યંત નિર્મળ, फालतले - કપાળ પર, काश्मीर-कस्तूरिका-कर्पूर-अगरुभिः - કેસર, કસ્તૂરી, કપૂર, અને અગરુથી, तिलकं - તિલક, करोमि - કરું છું, ततः - ત્યારપછી, देहे अङ्गरागं - દેહ પર અંગરાગ (કરું છું), वक्षोजादिषु - વક્ષઃસ્થળ વગેરે પર, यक्ष-कर्दमरसं - કસ્તૂરી, કંકોલ, ચંદન અને કેસરમિશ્રિત લેપ, च - અને, पुष्पद्रव - પુષ્પનો રસ, सिक्त्वा - છાંટીને, લગાડીને, क्रमात् - અનુક્રમે चंदन-लेपन-आदिभिः - ચંદનના લેપ વગેરેથી, पादौ - બે ચરણને संपूजयामि - પૂજું છું.

હે માતા ! આપના અતિનિર્મળ કપાળ પર કેસર-કસ્તૂરી, કપૂર અને અગરુથી હું તિલક કરું છું; તથા દેહ પર અંગરાગ કરું છું; આપનાં વક્ષઃસ્થળ વગેરે પર કપૂર, અગરુ, કસ્તૂરી, કંકોલ, ચંદન અને કેસરમિશ્રિત લેપ તથા પુષ્પનો રસ લગાડીને આપનાં બે ચરણોને ચંદનના લેપ વગેરેથી, અનુક્રમે, પૂજું છું. (૨૧)

रत्नाक्षतैस्त्वां परिपूजयामि
मुक्ताफलैर्वा रुचिरैरविद्धैः ।
अखण्डितैर्देवि यवादिभिर्वा
काश्मीरपङ्काङ्किततण्डुलैर्वा ॥ २२ ॥

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रत्नाक्षतैः - રત્નરૂપી ચોખાથી, त्वां - તમને, परिपूजयामि પૂજું છું, वा - તથા, रुचिरैः - સુંદર, अविद्धैः - ન વીંધાયેલ, मुक्ताफलैः - મુક્તાફળથી, મોતીથી, अखण्डितैः यवादिभिः - ખંડિત ન થયાં હોય તેવાં જવ વગેરેથી, काश्मीर-पङ्काङ्कित - तण्डुलैः - કેસરના રગડાથી અંકિત ચોખાથી. परिपूजयामि - હું આપની પૂજા કરું છું.

હું રત્નાક્ષતોથી તમને પૂજું છું તથા વણવીંધાયેલ સુંદર મુક્તાફળથી, અખંડિત યવ વગેરેથી અને કેસરના રગડાથી અંકિત ચોખાથી હું આપની પૂજા કરું છું. (૨૨)

जननि चम्पकतैलमिदं पुरो
मृगमदोपयुतं पटवासकम् ।
सुरभिगन्धमिदं च चतुःसमं
सपदि सर्वमिदं परिगृह्यताम् ॥ २३ ॥

हे जननि - હે જનની ! पुरः આપની સમક્ષ, इदं - આ, चम्पकतैलं - ચંપાનાં ફૂલોથી સુવાસિત તેલ, मृगमदोपयुतं - મૃગની (નાભિમાંથી ઉત્પન્ન) કસ્તૂરી, पटवासकम् - સુવાસિત ચૂર્ણ, વસ્ત્રને સુગંધિત કરનાર ચૂર્ણ, सुरभि-गन्धम् - ગોરોચના चतुःसमम् - આ ચારેય સમ પ્રમાણમાં इदम् - આ, सपदि - એકદમ, सर्वम् इदम् - આ બધું, परिगृह्यताम् - સ્વીકારો.

હે જનની ! આ આપની સમક્ષ ચંપક પુષ્પોથી સુવાસિત તેલ છે, મૃગની (નાભિથી ઉત્પન્ન) કસ્તૂરી અને સુવાસિત ચૂર્ણ છે, તથા ગોરોચના ચારે સપ્રમાણ છે : આ બધું આપ એકદમ સ્વીકારો. (૨૩)

सीमन्ते ते भगवति मया सादरं न्यस्तमेत-
त्सिन्दूरं मे हृदयकमले हर्षवर्षं तनोति ।
बालादित्यद्युतिरिव सदा लोहिता यस्य कान्ती-
रन्तर्ध्वान्तं हरति सकलं चेतसा चिन्तयैव ॥ २४ ॥

हे भगवति - હે ભગવતી ! ते - તમારા, सीमन्ते - સેંથામાં, मया - મેં सादरं - આદરપૂર્વક, न्यस्तं - મૂક્યું છે, પૂર્યું છે, एतत् - આ, मे - મારા, हृदय-कमले - હૃદયકમળમાં, हर्षवर्षं - હર્ષની વર્ષા, तनोति - કરે છે, बाल-आदित्यद्युतिः-इव - ઊગતા સૂર્યની કાંતિ સમી, लोहिता - લાલાશવાળી, यस्य - જેની, कान्तिः - કાન્તિ છે, सकलं - સમગ્ર, अन्तर्ध्वान्तं - અંતઃકરણના અંધકારને, चेतसा - ચિત્તથી, चिन्तयैव - ચિંતન કરતાં જ, हरति - હરી લે છે.

હે ભગવતી ! આપના સેંથામાં મેં આદરપૂર્વક પૂરેલ સિન્દૂર મારા હૃદયકમળમાં હર્ષની વર્ષા કરે છે, જેની ઊગતા સૂર્ય સમી લાલાશવાળી કાંતિ ચિત્તથી ચિંતન કરતાં જ અંતઃકરણના સમગ્ર અંધકારને હરી લે છે. (૨૪)

मन्दारकुन्दकरवीरलवङ्गपुष्पै-
स्त्वां देवि संततमहं परिपूजयामि ।
जातीजपाबकुलचम्पककेतकादि-
नानाविधानि कुसुमानि च तेऽर्पयामि ॥ २५ ॥

हे देवि - હે દેવી ! मन्दार-कुन्द-करवीर-लवङ्ग-पुष्पैः - મંદાર, કુન્દ, કરેણ અને લવિંગનાં પુષ્પોથી त्वां - તમને संततं - સતત, परिपूजयामि - પૂજું છું, जाती-जपा-बकुल-चम्पक-केतकादि - જાઈ, જાસૂદ, બકુલ, ચંપો, કેતક વગેરે, नानाविधानि - વિવિધ પ્રકારનાં, कुसुमानि - પુષ્પો, ते - આપને, अर्पयामि - હું અર્પણ કરું છું.

હે દેવી ! મંદાર, કુન્દ, કરેણ અને લવિંગનાં પુષ્પોથી હું આપને સતત પૂજું છું અને જાઈ, જાસૂદ, બકુલ, ચંપો, કેતક વગેરે વિવિધ પ્રકારનાં પુષ્પો હું આપને અર્પણ કરું છું. (૨૫)

मालतीबकुलहेमपुष्पिका-
काञ्चनारकरवीरकेतकैः ।
कर्णिकारगिरिकर्णिकादिभिः
पूजयामि जगदम्ब ते वपुः ॥ २६ ॥

हे जगदम्ब - હે જગદંબા ! अहं - હું, मालती-बकुल-हेमपुष्पिका-काञ्चनार-करवीर-केतकैः - માલતી, બકુલ, અશોક, કાંચનાર, કરેણ, કેતક (વગેરે) પુષ્પોથી, कर्णिकार-गिरिकर्णिका-आदिभिः - કર્ણિકાર, ગિરિકર્ણિકા વગેરેથી, ते - તમારા, वपुः - શરીરને, पूजयामि - હું પૂજું છું.

હે જગદંબા ! હું આપનાં શરીરને માલતી, બકુલ, અશોક, કાંચનાર, કરેણ, કેતક, કર્ણિકાર, ગિરિકર્ણિકા વગેરે પુષ્પોથી પૂજું છું. (૨૬)

पारिजातशतपत्रपाटलै-
र्मल्लिकाबकुलचम्पकादिभिः ।
अम्बुजैः सुकुसुमैश्च सादरं
पूजयामि जगदम्ब ते वपुः ॥ २७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે જગદમ્બ - હે જગદંબા ! पारिजात-शतपत्र-पाटलैः - પારિજાત, સો પાંખડીવાળાં કમળ તથા ગુલાબોથી, मल्लिका-बकुल-चम्पकादिभिः - મલ્લિકા, બકુલ, ચંપક વગેરેથી, अम्बुजैः - કમળ, च - અને, सुपुष्पैः - સુપુષ્પોથી, ते वपुः - તમારા શરીરને, पूजयामि - હું પૂજું છું.

હે જગદંબા ! પારિજાત, સો પાંખડીવાળા કમળ, ગુલાબો, મલ્લિકા, બકુલ, ચંપક, કમળ અને સુપુષ્પોથી આદરપૂર્વક હું આપનું શરીર પૂજું છું. (૨૭)

लाक्षासंमिलितैः सिताभ्रसहितैः श्रीवाससंमिश्रितैः
कर्पूराकलितैः शिरैर्मधुयुतैर्गोसर्पिषा लोडितैः ।
श्रीखण्डागरुगुग्गुलुप्रभृतिभिर्नानाविधैर्वस्तुभि-
र्धूपं ते परिकल्पयामि जननि स्नेहात्त्वमङ्गीकुरु ॥ २८ ॥

लाक्षा-संमिलितैः - લાખ ભેળવેલ, सिताभ्र-सहितैः - કપૂરથી યુક્ત, श्रीवास-संमिश्रितैः - રાખ-મિશ્રિત, कर्पूर-आकलितैः - કપૂરમાં કાલવેલ, मधुयुतैः - મધવાળા, शिरैः - પિપળીમૂળવાળા, गोसर्पिषा-लोडितैः - ગાયનાં ઘીમાં હલાવેલ, श्रीखण्ड-अगरु-गुग्गुल-प्रभृतिभिः - ચંદન, અગરુ, ગુગળ વગેરે नानाविधैः वस्तुभिः - વિવિધ વસ્તુઓ સાથેના, धूपं - ધૂપની ते परिकल्पयामि - તમારા માટે રચના કરું છું, स्नेहात् - સ્નેહપૂર્વક, त्वं - તમે, अङ्गीकुरु - સ્વીકારો.

લાખ ભેળવેલ, કપૂરથી યુક્ત, શ્રીવાસ(રાખ)મિશ્રિત, કપૂરમાં કાલવેલ, મધવાળા પિપળીમૂળવાળા, ગાયનાં ઘીમાં હલાવેલ, ચંદન, અગરુ, ગુગળ વગેરે વિવિધ વસ્તુઓ સાથેના ધૂપની હું તમારા માટે રચના કરું છું. હે જનની ! આપ સ્નેહપર્વક તે સ્વીકારો. (૨૮)

रत्नालंकृतहेमपात्रनिहितैर्गोसर्पिषा लोडितै-
र्दीपैर्दीर्घतरान्धकारभिदुरैर्बालार्ककोटिप्रभैः ।
आताम्रज्वलदुज्ज्वलप्रविलसद्रत्नप्रदीपैस्तथा
मातस्त्वामहमादरादनुदिनं नीराजयाम्युच्चकैः ॥ २९ ॥

रत्न-अलंकृत-हेमपात्र-निहितैः - રત્નથી અલંકૃત સુવર્ણનાં પાત્રમાં રાખેલ, गोसर्पिषा-लोडितैः - ગાયનાં ઘીમાં બોળેલ, दीर्घतर-अन्धकार-भिदुरैः - અત્યંત ગાઢ અંધકારને ભેદી નાખનારા, बाल-अर्क-कोटिप्रभैः - કરોડો બાલસૂર્ય સમી પ્રભાવાળા, दीपैः - દીવાઓથી, आताम्र-ज्वलदुज्ज्वल-प्रविलसत् - સહેજ તામ્રવર્ણા, ઝળહળતા, ઝગમગાટ કરતા, વિલસતા, रत्नप्रदीपैः - રત્નના પ્રદીપોથી, હે मातः - હે માતા ! अहम् - હું, आदरात् - આદરપૂર્વક, अनुदिनं - રોજે રોજ, उच्चकैः - ઊંચા સ્વરે, અથવા ખૂબ, नीराजयामि - નીરાજના કરું છું, આરતી કરું છું.

રત્નથી અલંકૃત સુવર્ણપાત્રમાં રાખેલ, ગાયનાં ઘીમાં બોળેલ, અત્યંત ગાઢ અંધકારને ભેદી નાખનારા કરોડો બાલસૂર્ય સમી પ્રભાવાળા, દીવાથી તથા સહેજ તામ્રવર્ણાં ઝળહળતાં ઝગમગાટ કરતાં વિલસતાં રત્નના દીવાઓથી, હે માતા ! હું આદરપૂર્વક રોજ રોજ ઊંચે સ્વરે (અથવા ખૂબ) આપની નીરાજના કરું છું. (૨૯)

मातस्त्वां दधिदुग्धपायसमहाशाल्यन्नसंतानिकाः
सूपापूपसिताघृतैः सवटकैः सक्षौद्ररम्भाफलैः ।
एलाजीरकहिङ्गुनागरनिशाकुस्तुम्भरीसंस्कृतैः
शाकैः साकमहं सुधाधिकरसैः संतर्पयाम्यर्चयन् ॥ ३० ॥

मातः - હે માતા ! अर्चयन् - પૂજા કરતો, दधि-दुग्ध-पायस-महाशाली-अन्न-संतानिकाः - દહીં, દૂધ, પાયસ (દૂધપાક) મોટા દાણાવાળા ભાત, મલાઈ, सूप-अपूपसिताघृतैः संवटकैः - સૂપ, અપૂપ (પુડલા), સાકર અને ઘી સાથેનાં વડાં, सक्षौद्र-रम्भाफलैः - મધ સાથેનાં કેળાં, एलाजीरक-हिङ्गु-नागर-निशा-कुस्तुम्भरी - એલચી, જીરુ, હિંગ, નાગર (સ્નુહી નામનો એક છોડ), હળદર, કુસ્તુમ્ભરી (કસુંબાનું ફૂલ ?)થી વઘારેલ, सुधा-अधिकरसैः - અમૃતથી અધિક સ્વાદવાળા, शाकैः - શાકોથી, संतर्पयामि - તૃપ્ત કરું છું.

હે માતા ! પૂજા કરતો હું, દહીં, દૂધ, પાયસ (દૂધપાક), મોટા દાણાવાળા ભાત, મલાઈ, સૂપ, અપૂપ (પુડલા), સાકર અને ઘી સાથેનાં વડાં, મધ સાથે કેળાં, અને એલચી, જીરુ, હિંગ, નાગર (સ્નુહી નામનો છોડ), હળદર, કુસ્તુમ્ભરી (કસૂંબાનાં ફૂલ)થી વઘારેલ, અમૃતથી વધુ સ્વાદવાળાં વિવિધ શાકથી આપને તૃપ્ત કરું છું. (૩૦)

सापूपसूपदधिदुग्धसिताघृतानि
सुस्वादुभक्तपरमान्नपुरःसराणि ।
शाकोल्लसन्मरिचिजीरकबाह्निकानि
भक्ष्याणि भुङ्क्ष्व जगदम्ब मयार्पितानि ॥ ३१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स-अपूप-सूप-दधि-दुग्ध-सिता-घृतानि - અપૂપ, સૂપ, દહીં, દૂધ, સાકર, ઘીવાળાં, सुस्वादु-भक्त-परमान्न-पुरःसराणि - અત્યંત સ્વાદુ ભાત સાથે પરમ સ્વાદિષ્ઠ પકવાનો, शाक-उल्लसत्-मरिचि-जीरक-बाल्हिकानि - મરી, જીરું, કેસરવાળાં શાકથી મઘમઘતા, मया - મેં अर्पितानि - અર્પેલા, भक्षणाणि - ભક્ષ્યપદાર્થોને, હે जगदम्ब - હે જગદંબા ! भुङ्क्ष्व - આપ આરોગો.

અપૂપ, સૂપ, દહીં, દૂધ, સાકર, ઘીવાળાં સુસ્વાદુ ભાત સાથે પરમ સ્વાદિષ્ટ પકવાનો, મરી, જીરુ, કેસરવાળા શાકથી મઘમઘતા મેં આપેલા ભક્ષ્યપદાર્થોને, હે જગદંબા ! આપ આરોગો. (૩૧)

क्षीरमेतदिदमुत्तमोत्तमं
प्राज्यमाज्यमिदमुज्ज्वलं मधु ।
मातरेतदमृतोपमं पयः
संभ्रमेण परिपीयतां मुहुः ॥ ३२ ॥

इदम् - આ, उत्तमोत्तम् - ઉત્તમોત્તમ, क्षीरम् દૂધ છે, प्राज्यम् - પુષ્કળ, आज्यम् - ઘી છે, इदम् - આ, उज्ज्वलं - મધુરું (શબ્દશઃ ઊજળું) मधु - મધ છે. मातः - હે માતા ! एतत् - આ, अमृतोपमं - અમૃત સમું पयः - પાણી છે, संभ्रमेण - સંભ્રમપૂર્વક मुहुः - વારંવાર परिपीयताम् - પીઓ.

આ ઉત્તમોત્તમ ક્ષીર (દૂધ) છે, આ પુષ્કળ ઘી અને મધુરું (ઉજ્જવળ) મધ છે, આ અમૃત સમું પાણી છે : આપ સંભ્રમપૂર્વક એને વારંવાર પીઓ. (૩૨)

उष्णोदकैः पाणियुगं मुखं च
प्रक्षाल्य मातः कलधौतपात्रे ।
कर्पूरमिश्रेण सकुङ्कुमेन
हस्तौ समुद्वर्तय चन्दनेन ॥ ३३ ॥

हे मातः - હે માતા ! कलधौत-पात्रे - સોનારૂપાનાં પાત્રમાં, उष्णोदकैः - ગરમ પાણીથી, पाणियुगं - બંને હાથ, मुखं - મુખ, प्रक्षाल्य - ધોઈને, कर्पूर-मिश्रेण - કર્પૂરમિશ્રિત, सकुङ्कुमेन - કંકુ સાથેના चन्दनेन - ચંદનથી, हस्तौ समुद्वर्तय - બંને હાથે લેપ કરો.

હે માતા ! સોના-રૂપાનાં પાત્રમાં (રાખેલ), ગરમ જળથી આપ બંને હાથ તથા મોં ધોઈને, કપૂરમિશ્રિત કુંકુમ સાથેનાં ચંદનથી બંને હાથે લેપ કરી લો. (૩૩)

अतिशीतमुशीरवासितं
तपनीये कलशे निवेशितम् ।
पटपूतमिदं जितामृतं
शुचि गङ्गाजलमम्ब पीयताम् ॥ ३४ ॥

हे अम्ब - હે માતા ! अति-शीतम् - અત્યંત શીતળ, उशीर - વાળો કે ખસ, वासितं - સુવાસિત, तपनीये - સુવર્ણના, कलशे - કળશમાં, निवेशितं - રાખેલ કે મૂકેલ, पट-पूतम् - વસ્ત્રથી ગાળેલ, इदं - આ, जितामृतं - અમૃતને જીતી લેનારા, शुचि - પવિત્ર, गङ्गाजलम् - ગંગાજળને, पीयताम् - પીઓ.

હે અંબા ! અત્યંત શીતળ, ઉશીર(ખસ વાળા)થી સુવાસિત, સુવર્ણના કલશમાં રાખેલ, વસ્ત્રથી ગાળેલાં, અમૃતને જીતી લેનારાં એવાં પવિત્ર ગંગાજળનું આપ પાન કરો. (૩૪)

जम्ब्वाम्ररम्भाफलसंयुतानि
द्राक्षाफलक्षौद्रसमन्वितानि ।
सनारिकेलानि सदाडिमानि
फलानि ते देवि समर्पयामि ॥ ३५ ॥

जम्बु - आम्र - रम्भाफल-संयुतानि - જાંબુ, કેરી, કેળાં વગેરે, द्राक्षाफल-क्षौद्र-समन्वितानि - દ્રાક્ષ અને મધ સાથેનાં, सनारिकेलानि - નાળિયેર સાથેનાં, सदाडिमानि - દાડમ સાથેનાં, फलानि - ફળોને, ते - તમને, समर्पयामि - હું અર્પણ કરું છું.

જાંબુ, કેરી, કેળું વગેરે, દ્રાક્ષ, મધ સાથે નાળિયેર અને દાડમ વગેરે ફળો, હે માતા ! હું આપને અર્પણ કરું છું. (૩૫)

कूश्माण्डकोशातकिसंयुतानि
जम्बीरनारङ्गसमन्वितानि ।
सबीजपूराणि सबादराणि
फलानि ते देवि समर्पयामि ॥ ३६ ॥

हे देवि - હે દેવી ! कूश्माण्ड - કોળું, कोशातकि-संयुतानि - કોશાતકી સાથેનાં, जम्बीर-नारंग-समन्वितानि - બીજોરું, નારંગી સાથેનાં, सबादराणि - બોર સાથેનાં, सबीजपूराणि - બીજવાળાં, फलानि - ફળો, समर्पयामि - હું અર્પણ કરું છું.

હે દેવી ! કોળું, કોશાતકી, બીજોરું, નારંગી, બોર અને બીજવાળાં ફળો હું આપને અર્પણ કરું છું. (૩૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्पूरेण युतैर्लवङ्गसहितैस्तक्कोलचूर्णान्वितैः
सुस्वादुक्रमुकैः सगौरखदिरैः सुस्निग्धजातीफलैः ।
मातः कैतकपत्रपाण्डुरुचिभिस्ताम्बूलवल्लीदलैः
सानन्दं मुखमण्डनार्थमतुलं ताम्बूलमङ्गीकुरु ॥ ३७ ॥

हे मातः - હે માતા ! कर्पूरेण युतैः - કપૂરવાળાં, लवंग-सहितैः - લવિંગવાળાં, तक्कोलचूर्णान्वितैः - તજનાં ચૂર્ણવાળાં, सुस्वादु-क्रमुकैः - સ્વાદિષ્ઠ સોપારીવાળાં, सगौर-खदिरैः - ગૌરવર્ણ ખદીર(ખેર)ના કાથાવાળાં, सुस्निग्ध-जातीफलैः - સુસ્નિગ્ધ (કે મધુર) જાઈફળવાળાં, कैतक-पत्र-पाण्डु-रुचिभिः - કેતકીનાં પાન જેવી પાંડુવર્ણી કાંતિવાળાં, ताम्बूल-वल्ली-दलैः - તાંબૂલની વેલનાં પાંદડાંઓથી, अतुलं - અનુપમ, ताम्बूलं - પાનનું બીડું, मुख-मण्डनार्थं - મુખને શોભાવવા, अङ्गीकुरु - સ્વીકારો.

હે માતા ! કપૂરવાળાં, લવિંગ સાથે, તજના ચૂર્ણવાળાં, સ્વાદિષ્ઠ સોપારીવાળાં, ગૌરવર્ણ ખદિર(ખેર)ના કાથાવાળાં, સુસ્નિગ્ધ (કે મધુર) જાઈફળવાળાં, કેતકીનાં પાન જેવી પાંડુવર્ણી કાંતિવાળાં તાંબૂલની વેલ(નાગરવેલ)નાં પાંદડાંઓથી આપ આનંદપૂર્વક આપના મુખને શોભાવવા આ અનુપમ તાંબૂલ (પાનનું બીડું) સ્વીકારો. (૩૭)

एलालवङ्गादिसमन्वितानि
तक्कोलकर्पूरविमिश्रितानि ।
ताम्बूलवल्लीदलसंयुतानि
पूगानि ते देवि समर्पयामि ॥ ३८ ॥

हे देवि - હે દેવી ! एला-लवंगादि-समन्वितानि - એલચી, લવિંગ સાથેના, तक्कोल-कर्पूर-विमिश्रानि - તજ અને કપૂર મિશ્રિત, ताम्बूल-वल्ली-दलसंयुतानि - તાંબૂલની વેલનાં પાન સાથેનાં, पूगानि - સોપારી ते - આપને, समर्पयामि - અર્પણ કરું છું.

હે દેવી ! એલચી, લવિંગ સાથેના, તક્કોલ (કક્કોલ - સુગંધી દ્રવ્ય) મિશ્રિત, નાગરવેલનાં પાંદડાં સાથે સોપારી હું આપને અર્પણ કરું છું. (૩૮)

ताम्बूलनिर्जितसुतप्तसुवर्णवर्णं
स्वर्णाक्तपूगफलमौक्तिकचूर्णयुक्तम् ।
सौवर्णपात्रनिहितं खदिरेण सार्धं
ताम्बूलमम्ब वदनाम्बुरुहे गृहाण ॥ ३९ ॥

ताम्बूल-निर्जित-सुतप्त-सुवर्ण-वर्णं - તાંબૂલનાં પાને તપેલ સુવર્ણના વર્ણને જીતી લીધો છે તેવા, स्वर्णाक्त - સુવર્ણથી રંગાયેલ, पूगफल - સોપારી, मौक्तिक-चूर्ण-युक्त - મોતીનાં ચૂર્ણવાળાં, सौवर्णपात्र-निहितं - સોનાનાં પાત્રમાં રાખેલાં, खदिरेण - ખેર (ના કાથા) સાથેનાં, ताम्बूलं - પાનનાં બીડાંને, वदन-अम्बुरुहे - વદનકમળમાં, गृहाण - સ્વીકારો.

તાંબૂલપત્રે તપેલા સુવર્ણના પર્ણને જીતી લીધો છે તેવા, સુવર્ણથી રંગાયેલ સોપારી અને મોતીનાં ચૂર્ણવાળાં, સોનાનાં પાત્રમાં રાખેલાં, ખદિર (ખેર) સાથેનાં (આ) પાનનાં બીડાંને આપ આપના વદન-કમળમાં સ્વીકારો. (૩૯)

महति कनकपात्रे स्थापयित्वा विशालान्
डमरुसदृशरूपान्बद्धगोधूमदीपान् ।
बहुघृतमथ तेषु न्यस्य दीपान्प्रकृष्टा-
न्भुवनजननि कुर्वे नित्यमारार्तिकं ते ॥ ४० ॥

हे भुवनजननि - હે ભુવનજનની ! महति - મોટાં, कनक-पात्रे - સુવર્ણનાં પાત્રમાં, डमरु-सदृश-रूपान् ડમરુ જેવાં રૂપવાળાં, बद्ध-गोधूम-दीपान् - ઘઉં(ના ઢગલામાં વાટ મૂકીને બનાવેલા) દીવા છે, बहुघृतं - ઘણું ઘી, तेषु - તેમાં, न्यस्य - પૂરીને, प्रकृष्टान् दीपान् - ઉત્તમ દીવાઓને, नित्यं - રોજ, ते - તમારી, आरार्तिकम् - આરતી, कुर्वे - કરું છું.

હે ભુવનજનની ! સોનાનાં મોટાં પાત્રમાં ડમરુ સમાં રૂપવાળાં ઘઉં(નો ઢગલો કરીને વચ્ચે વાટ મૂકી છે તેવા)ના બનાવેલ દીવા છે, અને તેમાં ઘણું ઘી પૂરીને (આ) ઉત્તમ દીવાઓને મૂકીને હું તમારી આરતી રોજ કરું છું. (૪૦)

सविनयमथ दत्त्वा जानुयुग्मं धरण्यां
सपदि शिरसि धृत्वा पात्रमारार्तिकस्य ।
मुखकमलसमीपे तेऽम्ब सार्धं त्रिवारं
भ्रमयति मयि भूयात्ते कृपार्द्रः कटाक्षः ॥ ४१ ॥

धरण्यां - ધરતી પર, जानुयुग्मं - બે ઘૂંટણોને, सविनयं - વિનયપૂર્વક, दत्त्वा - રાખીને, सपदि - એકદમ, शिरसि - મસ્તક પર, आरार्तिकस्य पात्रं - આરતીનું પાત્ર, धृत्वा - ધારણ કરીને, हे अम्ब - હે માતા ! मुख-कमल-समीपे - મુખકમળની સમીપે કે આસપાસ, त्रिवारं - ત્રણ વાર, मयि भ्रमयति - ઘૂમાવતા મારા પર, ते - તમારો, कृपार्द्रः - કૃપાપૂર્ણ, कटाक्षः - કટાક્ષ, भूयात् - થાઓ, પડો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વી પર બે ઘૂંટણો વિનયપૂર્વક ટેકવીને, માથા પર એકદમ આરતીનું પાત્ર રાખીને આપનાં મુખ-કમળની આસપાસ ત્રણ ચાર વાર ફેરવીને, ઘૂમાવતા મારા પર આપનો કૃપાપૂર્ણ કટાક્ષ પડો. (૪૧)

अथ बहुमणिमिश्रैर्मौक्तिकैस्त्वां विकीर्य
त्रिभुवनकमनीयैः पूजयित्वा च वस्त्रैः ।
मिलितविविधमुक्तां दिव्यमाणिक्ययुक्तां
जननि कनकवृष्टिं दक्षिणां तेऽर्पयामि ॥ ४२ ॥

अथ - આ પછી, बहु-मणिमिश्रैः - ઘણાં બધાં મણિ-મિશ્રિત, मौक्तिकैः - મોતીને, विकीर्य - વિખેરીને, त्रिभुवन-कमनीयैः - ત્રણેય ભુવનોમાં કમનીય, वस्त्रैः - વસ્ત્રોથી, त्वां - તારી पूजयित्वा - પૂજા કરીને, मिलित-विविध-मुक्ता - વિવિધ મોતી ભેળવીને, दिव्य-माणिक्य-युक्तां - દિવ્યમાણેક સાથે, कनकवृष्टिं - સુવર્ણની મુઠ્ઠી ભરીને, जननि - હે માતા ! ते - આપને दक्षिणां - દક્ષિણા, अर्पयामि - અર્પું છું.

આ પછી, ઘણાં બધાં મણિમિશ્રિત મોતીને વિખેરીને અને ત્રિભુવનમાં (સૌથી) કમનીય વસ્ત્રોથી તમારી પૂજા કરીને, હે જનની ! વિવિધ મોતી ભેળવીને, દિવ્ય માણેક સાથે સુવર્ણની મુઠ્ઠી ભરીને હું આપને દક્ષિણા આપું છું. (૪૨)

मातः काञ्चनदण्डमण्डितमिदं पूर्णेन्दुबिम्बप्रभं
नानारत्नविशोभिहेमकलशं लोकत्रयाह्लादकम् ।
भास्वन्मौक्तिकजालिकापरिवृतं प्रीत्यात्महस्ते धृतं
छत्रं ते परिकल्पयामि शिरसि त्वष्ट्रा स्वयं निर्मितम् ॥ ४३ ॥

हे मातः - હે માતા ! काञ्चन-दण्ड-मण्डितम् - સુવર્ણદંડથી શોભતું, पूर्ण-इन्दु-बिम्ब-प्रभं - પૂર્ણ ચંદ્રનાં બિંબની કાંતિવાળું, नानारत्न-विशोभि - વિવિધ રત્નોથી શોભિત, हेमकलशं - સુવર્ણના કલશવાળું, लोक-त्रय-आह्लादकं - ત્રણેય લોકને આહ્‌લાદક, भास्वत् - ઝળહળતા, मौक्तिक-जालिका-परिवृतं - મોતીની જાળીથી ઘેરાયેલું, प्रीत्या - પ્રેમપૂર્વક, आत्महस्ते - પોતાના હાથમાં धृतं - ધારણ કરેલ, त्वष्ट्रा - ત્વષ્ટાએ, स्वयं - પોતે, निर्मितं - બનાવેલ, ते शिरसि - તમારાં મસ્તકે, परिकल्पयामि - હું રચું છું.

હે માતા ! સુવર્ણના દંડથી શોભતું, પૂર્ણચંદ્રનાં બિંબની કાંતિવાળું, વિવિધ રત્નોથી શોભિત સુવર્ણના કલશવાળું, ત્રણેય લોકને આહ્‌લાદક, ઝળહળતાં મોતીની જાળીથી આચ્છાદિત, પ્રેમપૂર્વક હાથમાં ધારણ કરેલ, સ્વયં ત્વષ્ટાએ બનાવેલ છત્રને, તમારા મસ્તકે રચું (ધરું) છું. (૪૩)

शरदिन्दुमरीचिगौरवर्णै-
र्मणिमुक्ताविलसत्सुवर्णदण्डैः ।
जगदम्ब विचित्रचामरैस्त्वा-
महमानन्दभरेण वीजयामि ॥ ४४ ॥

शरदिन्दु-मरीचिः - શરદઋતુનાં ચંદ્રકિરણો (જેવાં) गौरवर्णैः - ગૌરવર્ણવાળાં, मणि - મણિ, मुक्ता - મોતી विलसत् - શોભતા, सुवर्ण-दण्डैः - સુવર્ણદંડોવાળા, विचित्र-चामरैः - રંગબેરંગી ચામરોથી, जगदम्ब - હે જગદંબા ! अहं - હું, आनन्द-भरेण - આનંદથી હરખાઈને, वीजयामि - વીંઝણો ઢોળું છું.

હે જગદંબા ! શરદઋતુનાં ચંદ્રકિરણો સમાં ગૌરવર્ણા, મણિ, મોતીથી શોભતા સુવર્ણ દંડોવાળાં, રંગબેરંગી ચામરોથી, આનંદથી હરખાઈને હું આપને વીંઝણો ઢોળું છું. (૪૪)

मार्तण्डमण्डलनिभो जगदम्ब योऽयं
भक्त्या मया मणिमयो मुकुरोऽर्पितस्ते ।
पूर्णेन्दुबिम्बरुचिरं वदनं स्वकीय-
मस्मिन्विलोकय विलोलविलोचने त्वम् ॥ ४५ ॥

मार्तण्ड-मण्डल - સૂર્યમંડળ निभः - જેવું, यः - જે, अयं - આ, मणिमयः - મણિમય, मुकुरः - દર્પણ, मया - મેં भक्त्या - ભક્તિપૂર્વક, अर्पितः - અર્પ્યુ છે, पूर्णेन्दु-बिम्ब-रुचिरं - પૂર્ણચંદ્રનાં બિંબના જેવું સુંદર, स्वकीय - પોતાનું, वदनं - મુખ, हे विलोल-विलोचने - હે ચંચળ નેત્રવાળાં, जगदम्ब - જગન્માતા ! त्वम् - તમે, विलोकय - નિહાળો.

સૂર્યમંડળ સમું જે આ મણિમય દર્પણ મેં ભક્તિપૂર્વક આપને અર્પ્યું છે, તેમાં હે ચંચળ નેત્રોવાળાં, હે જગન્માતા ! આપ પૂર્ણચંદ્ર સમું મુખ નિહાળો. (૪૫)

इन्द्रादयो नतिनतैर्मुकुटप्रदीपै-
र्नीराजयन्ति सततं तव पादपीठम् ।
तस्मादहं तव समस्तशरीरमेत-
न्नीराजयामि जगदम्ब सहस्रदीपैः ॥ ४६ ॥

हे जगदम्ब - હે જગદંબા ! इन्द्रादयः - ઈન્દ્ર વગેરે, नति-नतैः - નમન કરવાથી નીચે વળેલા, मुकुटप्रदीपैः - મુગટના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(रत्न)प्रदीपोथी, तव - તમારાં पादपीठम् - પાદપીઠને, सतत - सतत, नीराजयन्ति - આરતી ઊતારે છે, तस्मात् - માટે, अहं - हुं, तव - તમારા, समस्त-शरीर - સમસ્ત શરીરની, सहस्र-दीपैः - હજારો દીવાઓથી, नीराजयामि - આરતી ઊતારું છું.

હે જગદંબા ! ઈન્દ્ર વગેરે દેવો નમન કરવાથી નીચે વળેલા મુગટના (રત્ન) પ્રદીપોથી સતત તમારા પાદપીઠની આરતી ઊતારે છે, માટે હું પણ તમારા સમસ્ત શરીરની આ હજારો દીવાઓથી આરતી ઊતારું છું. (૪૬)

प्रियगतिरतितुङ्गो रत्नपल्याणयुक्तः
कनकमयविभूषः स्निग्धगम्भीरघोषः ।
भगवति कलितोऽयं वाहनार्थं मया ते
तुरगशतसमेतो वायुवेगस्तुरंगः ॥ ४७ ॥

प्रियगतिः - પ્રિય ગતિવાળો, अतितुङ्गः - અત્યંત ઊંચો, પડછંદ, रत्न-पल्याण-युक्तः - રત્નના પલાણવાળો, कनकमय-विभूषः - સુવર્ણમય સાજવાળો, स्निग्धगम्भीरघोषः - સ્નિગ્ધ અને ગંભીર હણહણાટીવાળો, भगवति - હે ભગવતી ! ते - તમારા, वाहनार्थम् - વાહન માટે, अयं - આ, तुरग-शतसमेतः - સેંકડો ઘોડાઓ સાથેનો, वायुवेगः - વાયુવેગી, तुरंगः - ઘોડો, कलितः - કલ્પ્યો છે.

સુંદર ગતિવાળો, અત્યંત ઊંચો (પડછંદ), રત્નનાં પલાણવાળો, સુવર્ણમય સાજવાળો, સ્નિગ્ધ અને ગંભીર હણહણાટી કરતો, સેંકડો ઘોડાઓ સાથેનો, આ વાયુવેગી અશ્વ, હે ભગવતી ! મેં આપના વાહન માટે (સવારી માટે) કલ્પ્યો છે. (૪૭)

मधुकरवृतकुम्भन्यस्तसिन्दूररेणुः
कनककलितघण्टाकिङ्किणीशोभिकण्ठः ।
श्रवणयुगलचञ्चच्चामरो मेघतुल्यो
जननि तव मुदे स्यान्मत्तमातङ्ग एषः ॥ ४८ ॥

मधुकर-वृत - कुम्भ-न्यस्त-सिन्दूर-रेणुः - ભમરાઓ જેના કુંભસ્થળની આસપાસ ઘૂમે છે તેવો, સિન્દૂર રૂપી ધૂપવાળો (કપાળમાં સિન્દૂર લગાડેલો), कनक-कलित-घण्टा-किङ्किणी - બાંધેલ સોનાની ઘંટડીઓ અને ઘૂઘરીઓથી शोभिकण्ठः - શોભતા કંઠવાળો, श्रवणयुगल-चञ्चत्-चामरः - બંને કાનથી ચામર ઢોળતો, मेघतुल्यः - મેઘ સમો (શ્યામ), एषः - આ, मत्तमातङ्गः - મદોન્મત્ત ગજરાજ, तव - તમારી, मुदे - પ્રસન્નતા માટે, स्यात् - થાઓ.

ભમરાઓ જેના કુંભસ્થળની આસપાસ ઘૂમે છે તેવો, સિંદૂરરૂપી ધૂપવાળો (જેના કપાળમાં સિન્દૂર લગાડ્યું છે તેવો) બાંધેલ સોનાની ઘંટડીઓ અને ઘુઘરીઓથી શોભતા કંઠવાળો, બન્ને કાનથી ચામર ઢોળતો, મેઘ સમો (શ્યામ) આ મદોન્મત્ત ગજ, હે માતા ! આપને પ્રસન્ન કરવા માટે છે. (આપની પ્રસન્નતા માટે થાઓ) ! (૪૮)

द्रुततरतुरगैर्विराजमानं
मणिमयचक्रचतुष्टयेन युक्तम् ।
कनकमयममुं वितानवन्तं
भगवति ते हि रथं समर्पयामि ॥ ४९ ॥

હે भगवति - હે ભગવતી ! द्रुततर - અત્યંત વેગવાન, तुरगैः - ઘોડાઓથી, विराजमानं - શોભતો, मणिमय-चक्र-चतुष्टयेन युक्त - મણિજડિત ચાર ચક્રોવાળો, कनकमयं वितानवन्तं - સોનાના વિતાન (મંડપ કે ગાદી) વાળો, अमुं - આ, रथं - રથ, ते - આપને समर्पयामि - અર્પું છું.

હે ભગવતી ! અત્યંત વેગવાળા ઘોડાઓથી શોભિત, મણિમય ચાર ચક્રોવાળો, સોનાના વિતાન(મંડપ કે ગાદી)વાળો આ રથ આપને જ અર્પું છું. (૪૯)

हयगजरथपत्तिशोभमानं
दिशि दिशि दुन्दुभिमेघनादयुक्तम् ।
अतिबहु चतुरङ्गसैन्यमेत-
द्भगवति भक्तिभरेण तेऽर्पयामि ॥ ५० ॥

હે भगवति - હે ભગવતી ! हय-गज-रथ-पत्ति-शोभमानं - ઘોડા, હાથી, રથ અને પાયદળથી શોભતું, दिशि दिशि - દરેક દિશામાં, दुन्दुभि-मेघनाद-युक्त - દુન્દુભિઓથી મેઘ સમા નાદ ગજાવતું, अतिबहु - પુષ્કળ પ્રમાણમાં, एतत् - આ, चतुरंग-सैन्यं - ચતુરંગ સૈન્ય; હાથી, ઘોડા, રથ અને પાયદળ એ સૈન્યનાં ચાર અંગો કહેવાય છે, भक्तिभरेण - ભક્તિભાવપૂર્વક, ते - આપને, अर्पयामि - અર્પું છું.

હે ભગવતી ! ઘોડા, હાથી, રથ અને પાયદળથી શોભતું, દરેક દિશામાં દુન્દુભિઓથી મેઘ સમા નાદ ગજાવતું, પુષ્કળ પ્રમાણમાં આ ચતુરંગ સૈન્ય હું આપને ભક્તિભાવપૂર્વક અર્પણ કરું છું. (૫૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परिघीकृतसप्तसागरं
बहुसंपत्सहितं मयाम्ब ते विपुलम् ।
प्रबलं धरणीतलाभिधं
दृढदुर्गं निखिलं समर्पयामि ॥ ५१ ॥

परिघीकृत-सप्तसागरं - સાતસાગરોના પરીઘવાળો, बहुसंपत् सहितं - પુષ્કળ સંપત્તિ સાથેનો, विपुलं - વિશાળ, प्रबलं - પ્રબળ, धरणीतल-अभिधं - ધરણીતલ નામનો, दृढदुर्गं - દઢ એવો કિલ્લો, निखिलं - સમગ્ર, આખે આખો, समर्पयामि - સમર્પું છું.

હે માતા ! સાત સાગરોના પરીઘવાળો, પુષ્કળ સંપત્તિ સાથેનો, વિશાળ, પ્રબળ, ધરણીતલ નામનો આ દઢ એવો આખે આખો કિલ્લો હું આપને સમર્પું છું. (૫૧)

शतपत्रयुतैः स्वभावशीतै-
रतिसौरभ्ययुतैः परागपीतैः ।
भ्रमरीमुखरीकृतैरनन्तै-
र्व्यजनैस्त्वां जगदम्ब वीजयामि ॥ ५२ ॥

हे जगदम्ब - હે જગદંબા !, शतपत्रयुतैः - કમળવાળાં, स्वभावशीतैः - સ્વભાવથી શીતળ, अतिसौरभ्ययुतैः - અત્યંત સુગંધવાળાં, परागपीतैः - પરાગથી પીંગળા, भ्रमरी-मुखरीकृतैः - ભમરીઓ દ્વારા મુખર બનેલાં, ભમરીઓના ગણગણાટવાળા, अनन्तैः - અનંત, व्यजनैः - પંખાઓથી वीजयामि - હું પવન નાખું છું, વીંઝણો ઢોળું છું.

હે જગદંબા ! શતપત્ર(કમળ)વાળા, સ્વભાવથી શીતળ, અત્યંત સુગંધવાળા, પરાગથી પીંગળા, ભમરીઓ દ્વારા (આજુબાજુ ઘુમવાને લીધે) મુખર બનેલા, અનંત પંખાઓથી હું આપને પવન નાખું છું. (૫૨)

भ्रमरलुलितलोलकुन्तलाली-
विगलितमाल्यविकीर्णरङ्गभूमिः ।
इयमतिरुचिरा नटी नटन्ती
तव हृदये मुदमातनोतु मातः ॥ ५३ ॥

भ्रमर-लुलित - ભ્રમરો દ્વારા હલાવાયેલ लोल - ચંચળ, कुन्तलाली - આપની લટોના સમૂહમાં विगलित - વિખરાયેલ माल्य - માળાઓથી, विकीर्ण-रङ्गभूमिः - છવાયેલ રંગભૂમિ છે, તેવી, अतिरुचिरा - અત્યંત સુંદર, नटन्ती - નૃત્ય કરતી, इयम् - આ, नटी - નૃત્યાંગના, तव हृदये - તમારાં હૃદયમાં, मुदं - પ્રસન્નતા, आतनोतु - ફેલાવો.

હે માતા ! ભમરો દ્વારા હલાવાયેલી ચંચળ વાળની લટોના સમૂહમાં વિખરાયેલ માળાઓથી છવાયેલ રંગભૂમિ છે, તેવી અત્યંત સુંદર નૃત્ય કરતી આ નૃત્યાંગના આપનાં હૃદયમાં પ્રસન્નતા ફેલાવો. (૫૩)

मुखनयनविलासलोलवेणी-
विलसितनिर्जितलोलभृङ्गमालाः ।
युवजनसुखकारिचारुलीला
भगवति ते पुरतो नटन्ति बालाः ॥ ५४ ॥

हे भगवति - હે ભગવતી ! मुख-नयन-विलास-लोल-वेणी - મુખ અને નયનના વિલાસોથી હાલતા, ચંચળ ચોટલાઓની विलसित - વિલાસ-ચેષ્ટાઓથી, निर्जित-लोल-भृङ्ग-मालाः - ફરતી ભમરાઓની હારને જીતી લેનારી, युव-जन-सुखकारि - યુવાનોને સુખકારક, चारुलीलाः - સુંદર લીલાઓ કરનારી, बालाः - નવયુવાન સુંદરીઓ, ते - તમારી, पुरतः - સામે, नटन्ति - નૃત્ય કરી રહી છે.

હે ભગવતી ! મુખ અને નેત્રના વિલાસોથી હાલતા, ચંચળ ચોટલાઓની વિલાસ ચેષ્ટાથી આજુબાજુ ફરતી ભમરાઓની હારને જીતી લેનારી, યુવાનોને સુખકારક, સુંદર લીલાઓ કરનારી નવયુવાન સુંદરીઓ આપની સાથે નૃત્ય કરી રહી છે. (૫૪)

भ्रमदलिकुलतुल्यालोलधम्मिल्लभाराः
स्मितमुखकमलोद्यद्दिव्यलावण्यपूराः ।
अनुपमितसुवेषा वारयोषा नटन्ति
परभृतकलकण्ठ्यो देवि दैन्यं धुनोतु ॥ ५५ ॥

भ्रमद्-अलिकुल-तुल्य-आलोल-धम्मिल-भाराः - ઘૂમતા ભમરાઓના સમૂહ સમા ફરકતા કેશના ભારવાળી, स्मितमुख-कमलोद्यद्-दिव्यलावण्यपूराः - મુખકમલ પર સ્મિતથી દિવ્ય લાવણ્યનાં પૂર ઉમટ્યાં છે તેવી, अनुपमित-सुवेषा - અનુપમ સુંદર વેશવાળી, परभृत-कलकण्ठ्यः - કોકિલકંઠી वारयोषाः - વારાંગનાઓ, देवि - હે દેવી ! दैन्यं - દીનતાને धुनोतु - દૂર કરો.

ઘૂમતા ભમરાઓના સમૂહ સમા ફરકતા કેશના ભારવાળી, જેમનાં મુખકમળ પર સ્મિતથી દિવ્ય લાવણ્યનાં પૂર ઉમટ્યાં છે તેવી, અનુપમ અને સુંદર સ્વરવાળી, કોકિલકંઠી વારાંગનાઓ નૃત્ય કરે છે. હે દેવી ! આપ દૈન્ય(દીનતા)ને દૂર કરો. (૫૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

डमरुडिण्डिमझर्झरझल्लरी-
मृदुरवद्रगडद्रगडादयः ।
झटिति झाङ्कृताझाङ्कृतज्झाङ्कृतै-
र्बहुदयं हृदयं सुखयन्तु ते ॥ ५६ ॥

डमरु-डिण्डिम-झर्झर-झल्लरी - ડમરુ, ડિંડિમ, ઝણઝણતી ઝાલરો, मृदुरव-द्रगड-द्रगड-आदयः - મૃદુ અવાજ કરતા દ્રગડ દ્રગડ ગડગડતા નગારાઓ, झटिति - એકદમ, झाङ्कृत-झाङ्कृत-झाङ्कृतैः - ઝણ ઝણ ઝણ ઝંકૃત અવાજે, बहुदयं - અત્યંત દયાવાન, ते - તમારાં, हृदयं - હૃદયને, सुखयन्तु - સુખકારક થાઓ.

ડમરુ, ડિંડિમ, ઝણઝણતી ઝાલરો, મૃદુ અવાજ કરતાં દ્રગડ દ્રગડ ગડગડતાં નગારાઓથી તથા ઝણ ઝણ ઝણ ઝંકૃત અવાજે તમારા અત્યંત દયાવાન હૃદયને સુખકારક થાઓ ! (૫૬)

विपञ्चीषु सप्तस्वरान्वादयन्त्य-
स्तव द्वारि गायन्ति गन्धर्वकन्याः ।
क्षणं सावधानेन चित्तेन मातः
समाकर्णय त्वं मया प्रार्थितासि ॥ ५७ ॥

मातः - હે માતા ! विपञ्चीषु - વીણાઓ પર, सप्तस्वरान् - સાત સ્વરોને, वादयन्त्यः - વગાડતી, गन्धर्वकन्याः - ગંધર્વની કન્યાઓ, तव - તમારા, द्वारि - બારણે, गायन्ति - ગાય છે, क्षणं - ક્ષણવાર, सावधानेन चित्तेन - સાવધાન ચિત્તથી, त्वं - તમે, समाकर्णय - સાંભળો, मया - મારા વડે, (અહીં હું) प्रार्थिता असि - તમે પ્રાર્થિત છો, (હું તમને પ્રાર્થું છું.)

હે માતા ! ગંધર્વકન્યાઓ આપને દ્વારે વીણાઓ પર સપ્તસ્વરોને વગાડતી વગાડતી ગાય છે. આપ સાવધાન ચિત્તથી ક્ષણવાર સાંભળો. હું આપને પ્રાર્થના કરું છું. (૫૭)

अभिनयकमनीयैर्नर्तनैर्नर्तकीनां
क्षणमपि रमयित्वा चेत एतत्त्वदीयम् ।
स्वयमहमतिचित्रैर्नृत्तवादित्रगीतै-
र्भगवति भवदीयं मानसं रञ्जयामि ॥ ५८ ॥

हे भगवति - હે ભગવતી ! नर्तकीनां - નર્તકીઓનાં, अभिनय-कमनीयैः नर्तनैः - અભિનયથી કમનીય એવાં નર્તનોથી, क्षणमपि - ક્ષણવાર, त्वदीयं - તમારાં, चेतः - ચિત્તનું, रमयित्वा - મનોરંજન કરીને, स्वयं - પોતે, अहं - હું, अतिचित्रैः - વિવિધ પ્રકારનો, नृत्य-वादित्रगीतैः - નૃત્ય, વાજિંત્ર અને ગીતોથી ભગવતિ - હે ભગવતી ! भवदीयं - આપના, मानसं - મનનું, रञ्जयामि - રંજન કરું છું.

હે ભગવતી ! નર્તકીઓનાં અભિનયથી કમનીય એવાં નર્તનોથી હું આપનાં ચિત્તનું ક્ષણવાર મનોરંજન કરીને હું પોતે પણ જાતજાતનાં નૃત્ય, વાદ્યો અને ગીતોથી આપનાં મનનું રંજન કરું છું. (૫૮)

तव देवि गुणानुवर्णने
चतुरा नो चतुराननादयः ।
तदिहैकमुखेषु जन्तुषु
स्तवनं कस्तव कर्तुमीश्वरः ॥ ५९ ॥

हे देवि - હે દેવી ! तव - તમારા, गुणानुवर्णने - ગુણોનું વર્ણન કરવા, चतुरानन - आदयः - બ્રહ્મા વગેરે પણ, चतुरा नो - ચતુર નથી, तत् - તો इह - અહીં एकमुखेषु जन्तुषु - એક મુખવાળા જન્તુઓમાં, (તુચ્છ મનુષ્યોમાં) तव - તમારું, स्तवनं कर्तुं - સ્તવન કરવા માટે, कः - કોણ, ईश्वरः - સમર્થ છે ?

હે દેવી ! તમારા ગુણોનું વર્ણન કરવા ચતુરાનન (ચાર મુખોવાળા) બ્રહ્મા વગેરે પણ ચતુર નથી, તો પછી એક મુખવાળાં જન્તુઓમાં તમારું સ્તવન કરવા કોણ શક્તિમાન થાય ? (૫૯)

पदे पदे यत्परिपूजकेभ्यः सद्योऽश्वमेधादिफलं ददाति ।
तत्सर्वपापक्षयहेतुभूतं प्रदक्षिणं ते परितः करोमि ॥ ६० ॥

पदे पदे - પગલે પગલે, यत् - જે, परिपूजकेभ्यः - પૂજનારને, सद्यः - એકદમ, તરત अश्वमेधादि - અશ્વમેધ વગેરે (યજ્ઞોનું) फलं - ફળ, ददाति - આપે છે, तत् - તે सर्वपापक्षयहेतुभूतं - સર્વપાપોનો ક્ષય કરવામાં કારણભૂત, प्रदक्षिणं - પ્રદક્ષિણા, ते - તમારી, परितः - ચારે તરફ, करोमि - કરું છું.

પગલે પગલે પૂજનારને જે એકદમ અશ્વમેધ યજ્ઞ વગેરેનું ફળ આપે છે, તે સર્વપાપોનો ક્ષય કરવામાં કારણભૂત એવી પ્રદક્ષિણા હું આપની આસપાસ કરું છું. (૬૦)

रक्तोत्पलारक्तलताप्रभाभ्यां ध्वजोर्ध्वरेखाकुलिशाङ्किता-भ्याम् ।
अशेषवृन्दारकवन्दिताभ्यां नमो भवानीपदपङ्कजाभ्याम् ॥ ६१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रक्तोत्पल-आरक्त-लता-प्रभाभ्यां - લાલ કમળોથી લાલાશ-વાળી લતાઓની કાંતિવાળા, ध्वज-ऊर्ध्वरेखा - कुलिश- अङ्किता-भ्याम् - ધ્વજ, ઊર્ધ્વરેખા, કુલિશ (વજ્ર) વગેરે ચિહ્નોથી અંકિત, अशेषवृन्दारकवन्दिताभ्यां - સંપૂર્ણ દેવ-સમુદાયથી વંદિત, भवानी - પાર્વતીનાં, पदपङ्कजाभ्यां - ચરણકમળને नमः - નમસ્કાર હો !

રક્તોત્પલ (લાલ રંગનાં કમળ) લાલ લતાઓની કાંતિવાળા, ધ્વજ, ઊર્ધ્વરેખા, કુલિશ (વજ્ર) વગેરે ચિહ્નોથી અંકિત, સંપૂર્ણ દેવ-સમુદાયથી વંદન કરાતાં ભવાનીનાં ચરણકમળને નમસ્કાર હો ! (૬૧)

चरणनलिनयुग्मं पङ्कजैः पूजयित्वा
कनककमलमालां कण्ठदेशेऽर्पयित्वा ।
शिरसि विनिहितोऽयं रत्नपुष्पाञ्जलिस्ते
हृदयकमलमध्ये देवि हर्षं तनोतु ॥ ६२ ॥

हे देवि - હે દેવી !, चरणनलिनयुग्मम् - બે ચરણારવિંદને, पङ्कजैः - કમળોથી, पूजयित्वा - પૂજીને, कण्ठदेशे - કંઠમાં, कनककमलमाला - સુવર્ણ-કમળોની માળાને, अर्पयित्वा - અર્પીને, ते - તારા, शिरसि - મસ્તક પર, अयं - આ, रत्नपुष्पाञ्जलिः - રત્નપુષ્પોની અંજલિ, विनिहितः - રચી છે, हृदयकमलमध्ये - હૃદય-કમળમાં, हर्षं - આનંદ, तनोतु - ફેલાવો.

આપનાં બંને ચરણારવિંદને કમળોથી પૂજીને, કંઠદેશમાં સુવર્ણકમળની માળા અર્પીને, તમારા મસ્તકે ચડાવેલ આ રત્નપુષ્પોની અંજલિ, હે દેવી ! આપનાં હૃદય-કમળમાં આનંદ ફેલાવો ! (૬૨)

अथ मणिमयमञ्चकाभिरामे
कनकमयवितानराजमाने ।
प्रसरदगरुधूपधूपितेऽस्मि-
न्भगवति भवनेऽस्तु ते निवासः ॥ ६३ ॥

भगवति - હે ભગવતી ! मणिमय - મણિમય, मञ्चकाभि-रामे - મંચથી શોભાયમાન, कनकमय - वितान - राजमाने - સુવર્ણમય ચંદરવાથી દીપી ઊઠેલા; प्रसरत् - ફેલાતા, अगरुधूप-धूपिते - અગરુના ધૂપથી સુવાસિત, अस्मिन् - આ, भवने - ભવનમાં, ते - તમારો, निवासः - નિવાસ, अस्तु - થાઓ.

હે ભગવતી ! હવે મણિમય મંચથી શોભાયમાન, સુવર્ણમય ચંદરવાથી દીપી ઊઠેલા, અગરુના ધૂપથી સુવાસિત આ ભવનમાં આપનો નિવાસ થાઓ ! (૬૩)

एतस्मिन्मणिखचिते सुवर्णपीठे
त्रैलोक्याभयवरदौ निधाय हस्तौ ।
विस्तीर्णे मृदुलतरोत्तरच्छेदेऽस्मि-
न्पर्यङ्के कनकमये निषीद मातः ॥ ६४ ॥

हे मातः - હે માતા ! एतस्मिन् - આ, मणिखचिते - મણિ-જડિત, सुवर्णपीठे - સુવર્ણપીઠ પર, त्रैलोक्याभयवरदौ - ત્રૈલોક્યને અભય અને વરદાન આપનારાં આપના, हस्तौ - બે હાથને, निधाय - રાખીને, विस्तीर्णे - પાથરેલા, मृदुलतर-उत्तरच्छदे - અત્યંત કોમળ ઓછાડવાળા, पर्यङ्के - પલંગ પર, निषीद - આપ બેસો.

હે માતા ! આ મણિજડિત સુવર્ણપીઠ પર ત્રૈલોક્યને અભય અને વરદાન આપનારા આપના બે હાથ રાખીને, અત્યંત કોમળ ઓછાડવાળા, પાથરેલા આ સુવર્ણમય પલંગ પર આપ બેસો. (૬૪)

तव देवि सरोजचिह्नयोः पदयोर्निर्जितपद्मरागयोः ।
अतिरक्ततरैरलक्तकैः पुनरुक्तां रचयामि रक्तताम् ॥ ६५ ॥

हे देवि - હે દેવી ! सरोजचिह्नयोः - સરોજથી ચિહ્નિત, (કમળનાં ચિહ્નવાળા), पदयोः - બે પગમાં, निर्जित-पद्म-रागयोः - પદ્મરાગ - કમળનો રંગ અથવા પદ્મરાગ નામના મણિનો રંગ-જીતી લેનારા, अतिरक्ततरैः - અત્યંત લાલ, अलक्तकैः - અળતાથી, रक्ततां - લાલાશની, पुनरुक्तां-रचयामि - જાણે પુનરુક્તિ કરું છું.

હે દેવી ! આપના સરોજથી ચિહ્નિત (કમળના ચિહ્નવાળા) અને પદ્મરાગ (કમળનો રંગ અથવા પદ્મરાગ મણિ)ને જીતી લેનારા બે પગમાં હું અત્યંત લાલ અળતાથી લાલાશની જાણે પુનરુક્તિ કરું છું. (૬૫)

अथ मातरुशीरवासितं निजताम्बूलरसेन रञ्जितम् ।
तपनीयमये हि पट्टके मुखगण्डूषजलं विधीयताम् ॥ ६६ ॥

अथ - હવે, मातः - હે માતા ! उशीरवासितं - વાળાથી સુવાસિત, निज - આપના, ताम्बूल-रसेन - તાંબૂલના રસથી रञ्जितम् - રંગેલ, तपनीयमये पट्टके - સોનાની પાટ (કે બેઠક) પર, मुख-गण्डूषजलम् - મુખના કોગળાનું જળ (કે પાનની પિચકારી), विधीयताम् - છાંટો.

હવે હે માતા ! ઉશીર(વાળા)થી સુવાસિત, આપના તાંબૂલના રસથી રંજિત આપના મુખના કોગળાનું જળ (કે પાનની પિચકારી) સોનાની પાટ (કે બેઠક) પર છાંટો. (૬૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्षणमथ जगदम्ब मञ्चकेऽस्मि-
न्मृदुतलतूलिकया विराजमाने ।
अतिरहसि मुदा शिवेन सार्धं
सुखशयनं कुरु तत्र मां स्मरन्ती ॥ ६७ ॥

हे जगदम्ब - હે જગદંબા ! मृदुतर-तूलिकया - અત્યંત કોમળ રૂ(ની તળાઈ)થી, विराजमाने - શોભતા, अस्मिन् - આ, मञ्चके - મંચ કે પલંગ પર, अतिरहसि - અત્યંત એકાંતમાં, मुदा - આનંદથી, शिवेन सार्धं - શિવની સાથે, मां - મને (બાળકને) स्मरन्ती - યાદ કરતાં કરતાં, सुखशयनं कुरु - સુખેથી સૂઈ જાઓ.

હે જગદંબા ! અત્યંત કોમળ રૂ(ની તળાઈ)થી શોભતા આ પલંગ પર, અત્યંત એકાંતમાં, મને (બાળકને) યાદ કરતાં કરતાં, શિવની સાથે આપ સુખેથી સૂઈ જાઓ. (૬૭)

मुक्ताकुन्देन्दुगौरां मणिमयमुकुटां रत्नताटङ्कयुक्ता-
मक्षस्रक्पुष्पहस्तामभयवरकरां चन्द्रचूडां त्रिनेत्राम् ।
नानालंकारयुक्तां सुरमुकुटमणिद्योतितस्वर्णपीठां
सानन्दां सुप्रसन्नां त्रिभुवनजननीं चेतसा चिन्तयामि
॥ ६८ ॥

मुक्ता-कुन्द-इन्दु-गौरां - મોતી, કુંદ, ઈંદુ (ચંદ્ર) સમાન ગૌરવર્ણવાળા, मणिमय-मुकुटां - મણિમય મુગટવાળાં, रत्न-ताटंक-युक्तां - રત્નના કાનના વાળાવાળા, अक्षस्रक् - રુદ્રાક્ષની માળાવાળાં, पुष्पहस्तां - જેના હાથમાં પુષ્પો છે તેવાં, अभय-वर-करां - અભય અને વરદ મુદ્રાયુક્ત હાથવાળાં, चन्द्रचूडां - મસ્તકે ચંદ્રને ધારણ કરનારી, त्रिनेत्राम् - ત્રણ નેત્રોવાળાં, नाना-अलंकार-युक्तां - વિવિધ અલંકારોવાળાં, सुरमुकुटमणि-द्योतित-स्वर्णपीठां - દેવોના મુગટમણિઓથી ચમકતા સ્વર્ણપીઠવાળાં, सानन्दां - આનંદમાં મગ્ન, सुप्रसन्नां - સુપ્રસન્ન, त्रिभुवन-जननीम् - ત્રણેય ભુવનોનાં જનનીનું, चेतसा - મનથી, चिन्तयामि - ચિંતન કરું છું.

મોતી, કુંદ અને ઈન્દુ સમાન ગૌરવર્ણવાળાં, મણિમય મુગટવાળાં, રત્નના કાનના વાળાવાળાં, રુદ્રાક્ષની માળા-વાળાં, હાથમાં પુષ્પોવાળાં, અભય અને વરદ મુદ્રાયુક્ત હાથવાળાં, મસ્તકે ચંદ્રને ધારણ કરનારાં, ત્રણ નેત્રોવાળાં, વિવિધ અલંકારોવાળાં, દેવોના મુગટ-મણિઓથી ઝળહળતા સ્વર્ણપીઠવાળાં, આનંદમાં મગ્ન, સુપ્રસન્ન એવાં ત્રિભુવન-જનનીનું ચિંતન કરું છું. (૬૮)

एषा भक्त्या तव विरचिता या मया देवि पूजा
स्वीकृत्यैनां सपदि सकलान्मेऽपराधान्क्षमस्व ।
न्यूनं यत्तत्तव करुणया पूर्णतामेतु सद्यः
सानन्दं मे हृदयकमले तेऽस्तु नित्यं निवासः ॥ ६९ ॥

हे देवि - હે દેવી ! एषा - આ, तव - તમારી, पूजा - પૂજા, भक्त्या - ભક્તિપૂર્વક, मया - મેં, विरचिता - કરી છે, एनां - આને, सपदि - એકદમ, જલદી स्वीकृत्य - સ્વીકારીને, सकलान् - બધા, मे - મારા, अपराधान् - અપરાધોને, क्षमस्व - ક્ષમા કરો, न्यूनं - ખૂટતું, ન્યૂન, यत् - જે, तव - તમારી, करुणया - કરુણાથી, सद्यः - એકદમ, જલદી पूर्णतां - પૂર્ણતા, एतु - પામો, मे - મારા, हृदयकमले - હૃદયકમળમાં, ते - તમારો, नित्यं - નિત્ય, निवासः - નિવાસ, सानन्दं - આનંદપૂર્વક, अस्तु - હો !

હે દેવી ! મેં ભક્તિથી કરેલી આ પૂજાનો આપ જલદી સ્વીકાર કરો તથા મારા બધા અપરાધો માફ કરો. જે કંઈ (પૂજા દરમિયાન) ન્યૂન હોય તે આપની કરુણાથી એકદમ પૂર્ણતા પામો ! મારા હૃદય-કમળમાં આપનો આનંદપૂર્વક નિત્ય નિવાસ હો. (૬૯)

पूजामिमां यः पठति प्रभाते
मध्याह्नकाले यदि वा प्रदोषे ।
धर्मार्थकामान्पुरुषोऽभ्युपैति
देहावसाने शिवभावमेति ॥ ७० ॥

इमां - આ, पूजां - પૂજાને, यः - જે, प्रभाते - સવારે, मध्याह्नकाले - બપોરે, यदि वा - અથવા તો જો, प्रदोषे - પ્રદોષકાળે, સન્ધ્યાકાળે, पठति - પાઠ કરશે, पुरुषः - (તે) પુરુષ, धर्म-अर्थ-कामान् - ધર્મ, અર્થ અને કામને, अभ्युपैति - પામશે, देहावसाने - દેહના અવસાન સમયે, शिवभावम् - શિવભાવને, एति - પામશે, જશે.

જે આ પૂજાનો પ્રભાતના સમયે, મધ્યાહ્‌ન કાળે કે પ્રદોષકાળે (સંધ્યાકાળે) પાઠ કરશે, તે પુરુષ (આજીવન) ધર્મ, અર્થ અને કામ મેળવશે તથા દેહાવસાન થતાં શિવભાવને પામશે. (૭૦)

पूजामिमां पठेन्नित्यं पूजां कर्तुमनीश्वरः ।
पूजाफलमवाप्नोति वाञ्छितार्थं च विन्दति ॥ ७१ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इमां - આ, पूजां - પૂજાને, पठेत् - પાઠ કરે, नित्यं - રોજ, कर्तुं - કરવા માટે, अनीश्वरः - અશક્તિમાન, पूजाफलम् - પૂજાનું ફળ, अवाप्नोति - પ્રાપ્ત કરે છે, वाञ्छितार्थं - વાંછિત અર્થ, (પ્રયોજન) विन्दति - પ્રાપ્ત કરે છે.

(વિધિસર બધાં દ્રવ્યો સાથે) પૂજા કરવા અશક્તિમાન જે આ પૂજાનો નિત્ય પાઠ કરે, તે પૂજાનું ફળ મેળવે છે તથા ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરે છે. (૭૧)

प्रत्यहं भक्तिसंयुक्तो यः पूजनमिदं पठेत् ।
वाग्वादिन्याः प्रसादेन वत्सरात्स कविर्भवेत् ॥ ७२ ॥

यः - જે, भक्तिसंयुक्तः - ભક્તિપૂર્વક, प्रत्यहं - રોજે રોજ, इदं - આ, पूजनं - પૂજન, पठेत् - પાઠ કરે, वाग्वादिन्याः - સરસ્વતીની, प्रसादेन - કૃપાથી, वत्सरात् - એક જ વર્ષમાં, सः - તે, कविः - કવિ, भवेत् - બને.

જે રોજ રોજ ભક્તિપૂર્વક આ પૂજા કરે, તે વાગ્વાદિની (સરસ્વતી)ની કૃપાથી એક જ વર્ષમાં તે કવિ બને. (૭૨)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''देवीचतुःषष्ट्युपचारपूजास्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્યની રચનામાં
''દેવીચતુઃષષ્ટ્યુપચારપૂજાસ્તોત્રમ્'' સંપૂર્ણ.

॥ ॐ ॥

॥ शिवानन्दलहरी ॥

कलाभ्यां चूडालंकृतशशिकलाभ्यां निजतपः-
फलाभ्यां भक्तेषु प्रकटितफलाभ्यां भवतु मे ।
शिवाभ्यामस्तोकत्रिभुवनशिवाभ्यां हृदि पुन-
र्भवाभ्यामानन्दस्फुरदनुभवाभ्यां नतिरियम् ॥ १ ॥

મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : इयं नतिः मे हृदि पुनः भवतु । - મારા હૃદયમાં આ નમસ્કાર હો ! આ નમસ્કાર કોના પ્રત્યે ? शिवाभ्याम् - શિવ અને શિવા, એટલે કે શિવ અને પાર્વતી પ્રત્યે. कलाभ्याम् - એ બંનેની કલા (ચંદ્રકલા) પ્રત્યે. चूडालंकृत-शशि-कलाभ्याम् - ચંદ્રકળા વડે જેમનાં મસ્તક શોભી રહ્યાં છે. निजतपःफलाभ्याम् - મારાં પોતાનાં તપનાં ફળસ્વરૂપ. भक्तेषु प्रकटित-फलाभ्याम् - જેમણે ભક્તો પ્રત્યે ફળ પ્રકટ કર્યાં છે. अस्तोकत्रिभुवनशिवाभ्याम् - ત્રણેય ભુવનો માટે જે અઢળક કલ્યાણસ્વરૂપ છે. भवाभ्याम् - ભવ અને ભવા, એટલે કે શિવ અને પાર્વતી પ્રત્યે. आनन्द-स्फुरद्-अनुभवाभ्याम् - આનંદની સ્ફુરણાની અનુભૂતિસ્વરૂપ.

ચંદ્રકળા વડે શોભતાં મસ્તકવાળાં, મારાં પોતાનાં તપનાં ફળસ્વરૂપ, ભક્તો પ્રત્યે ફળ પ્રગટ કરનાર, ત્રણેય ભુવનો માટે જે અઢળક કલ્યાણ-સ્વરૂપ, અને આનંદની સ્ફુરણાની અનુભૂતિ સ્વરૂપ, એવાં શિવ અને પાર્વતી પ્રત્યે મારાં હૃદયમાં આ નમસ્કાર હો ! (૧)

गलन्ती शंभो त्वच्चरितसरितः किल्बिषरजो
दलन्ती धीकुल्यासरणिषु पतन्ती विजयताम् ।
दिशन्ती संसारभ्रमणपरितापोपशमनं
वसन्ती मच्चेतोहृदभुवि शिवानन्दलहरी ॥ २ ॥

(हे) शंभो, (तव) शिवानन्दलहरी विजयताम् - હે ભગવાન શંકર, આપની કલ્યાણમય આનંદની લહરી વિજયી હો ! त्वत्-चरित-सरितः - આપનાં ચરિત્રરૂપી સરિતામાંથી. गलन्ती - ગળી રહેલી. किल्बिष-रजः - પાપનાં રજકણોને. दलन्ती - દળી નાખતી. धी-कुल्या-सरणिषु-पतन्ती - બુદ્ધિરૂપી ઝરણાંઓના માર્ગમાં પડી રહેલી; संसार-भ्रमण-परितापोपशमनं दिशन्ती - સંસારનાં ભ્રમણના સંતાપોની શાંતિને સૂચવી રહેલી. मत्-चेतो-हृद-भुवि वसन्ती - મારાં ચિત્તરૂપી સરોવર-પ્રદેશમાં વસી રહેલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાં ચરિત્રરૂપી સરિતામાંથી ગળી રહેલી, પાપનાં રજકણોને દળી નાખતી, બુદ્ધિરૂપી ઝરણાંઓના માર્ગમાં પડી રહેલી, સંસારનાં ભ્રમણના સંતાપોની શાંતિને સૂચવી રહેલી, અને મારાં ચિત્તરૂપી સરોવર-પ્રદેશમાં વસી રહેલી આપની કલ્યાણમયની આનંદની લહરી વિજયી હો ! (૨)

त्रयीवेद्यं हृद्यं त्रिपुरहरमाद्यं त्रिनयनं
जटाभारोदारं चलदुरगहारं मृगधरम् ।
महादेवं देवं मयि सदयभावं पशुपतिं
चिदालम्बं साम्बं शिवमतिविडम्बं हृदि भजे ॥ ३ ॥

साम्बं शिवं हृदि भजे - અંબા, એટલે કે દેવી પાર્વતી સહિત શિવને હું હૃદયમાં ભજું છું. त्रयी-वेद्यम् - (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ, એ -) ત્રણેય વેદો દ્વારા જેમને જાણી શકાય છે. हृद्यम् - સુંદર. त्रिपुरहरम् - અસુરોનાં ત્રણ નગરોના વિનાશક. आद्यम् - આદ્ય, સૌપ્રથમ, પ્રાચીન, સનાતન. त्रिनयनम् - ત્રણ નેત્રોવાળા. जटा-भारोदारम् - જટાના ભાર વડે ભવ્ય. चलद्-उरगहारम् - ચંચળ સર્પોના હારવાળા; मृग-धरम् - ચંદ્રકળા ધરાવતા. सदय-भावम् - દયાભાવ સેવતા. चिदालम्बम् - જ્ઞાનના આલંબન - સ્વરૂપ; अतिविडम्बम् - સંપૂર્ણ સંહાર-સ્વરૂપ.

ત્રણેય વેદો દ્વારા જાણી શકાય તેવા, અસુરોનાં ત્રણ નગરોના વિનાશક, જટાના ભાર વડે ભવ્ય, ચંચળ સર્પોના હારવાળા, (સદા) દયાભાવ સેવતા, જ્ઞાનના આલંબન-સ્વરૂપ, સંપૂર્ણ સંહાર-સ્વરૂપ, એવા સુંદર, શાશ્વત, ત્રિનેત્ર દેવ, મહાદેવ, પશુપતિ, અને (સદાયે) પાર્વતીની સાથે જ રહેતા, - શિવને હું હૃદયમાં ભજું છું. (૩)

सहस्रं वर्तन्ते जगति विबुधाः क्षुद्रफलदा
न मन्ये स्वप्ने वा तदनुसरणं तत्कृतफलम् ।
हरिब्रह्मादीनामपि निकटभाजामसुलभं
चिरं याचे शंभो शिव तव पदाम्भोजभजनम् ॥ ४ ॥

(हे) शंभो, शिव, तव पदाम्भोज-भजनं चिरं याचे - હે શંભો, હે શિવ, આપનાં ચરણકમળની ભક્તિને હું સદા યાચું છું. क्षुद्र-फलदाः विबुधाः जगति सहस्रं वर्तन्ते - ક્ષુદ્ર ફળ આપનારા દેવો તો આ જગતમાં હજારોની સંખ્યામાં છે. तद्-अनुसरणं तत्कृत-फलं स्वप्ने वा न मन्ये - તેમને અનુસરવાનું અને તેમણે આપેલાં ફળને તો હું સ્વપ્નમાં પણ સ્વીકારતો નથી. हरि-ब्रह्मादीनां निकट-भाजां अपि असुलभम् - વિષ્ણુ, બ્રહ્મા વગેરે(દેવો)ને ભજનારાં માટે પણ દુર્લભ.

હે શિવ, હે શંભો, ક્ષુદ્ર ફળ આપનારા દેવો તો આ જગતમાં હજારોની સંખ્યામાં છે; તેમને અનુસરવાનું અને તેમણે આપેલાં ફળને તો હું સ્વપ્નમાં પણ સ્વીકારતો નથી; (અને તેથી) વિષ્ણુ-બ્રહ્મા વગેરે(દેવો)ને ભજનારા માટે પણ દુર્લભ, - એવાં આપનાં ચરણકમળની ભક્તિને હું સદા યાચું છું. (૪)

स्मृतौ शास्त्रे वैद्ये शकुनकविता गानफणितौ
पुराणे मन्त्रे वा स्तुतिनटनहास्येष्वचतुरः ।
कथं राज्ञां प्रीतिर्भवति मयि कोऽहं पशुपते
पशुं मां सर्वज्ञ प्रथित कृपया पालय विभो ॥ ५ ॥

પ્રથમ બે પંક્તિમાં, स्मृतौथी हास्येषु, - એ બધા શબ્દો સપ્તમી એકવચનમાં છે; એટલે ભક્ત એકરાર કરે છે કે એ બધી બાબતોમાં હું તો ઠોઠ-નિશાળિયો (अचतुरः) છું. અને તેથી - कथं राज्ञां मयि प्रीतिः भवति ? - રાજાઓને મારા પ્રત્યે પ્રેમ કેવી રીતે હોય ? ન જ હોય. અને પરિસ્થિતિ આવી છે ત્યારે, (हे) सर्वज्ञ, विभो, प्रथित, पशुं मां कृपया पालय - હે સર્વજ્ઞ, વિભુ, સુપ્રસિદ્ધ, પશુ સમાન મને કૃપા કરી રક્ષણ આપો !

સ્મૃતિ, વૈદક-શાસ્ત્ર, શુકનવિદ્યા, કવિતા, ગાનવિધિ, પુરાણ, મંત્ર, સ્તુતિ, નાટ્ય, હાસ્ય, - આ બધી બાબતોમાં હું તો ઠોઠ છું; અને તો પછી રાજાઓને તો મારા પ્રત્યે પ્રેમ હોય જ શાનો ? હે પશુપતિ, હું કોણ છું ? (પરિસ્થિતિ આવી છે ત્યારે) હે સર્વજ્ઞ વિભુ ! સુપ્રસિદ્ધ, પશુ સમાન મને કૃપા કરી રક્ષણ આપો ! (૫)

घटो वा मृत्पिण्डोऽप्यणुरपि च धूमोऽग्निरचलः
पटो वा तन्तुर्वा परिहरति किं घोरशमनम् ।
वृथा कण्ठक्षोभं वहसि तरसा तर्कवचसा
पदाम्भोजं शंभोर्भज परमसौख्यं व्रज सुधीः ॥ ६ ॥

घटः - ઘડો, मृत्पिण्डः- માટીનો પિંડ; अचलः પર્વત; पटः- વસ્ત્ર. घोर-शमनम् - ભયંકર વસ્તુઓનું શમન, એની શાંતિ. कण्ठ-क्षोभम् - ગળાની પીડા, સંતાપ, દુઃખ. तरसा - બળપૂર્વક; तर्क-वचसा - તર્કબદ્ધ વાણી વડે. शम्भोः पदाम्भोजं भज - ભગવાન શંભુનાં ચરણકમળનું સેવન કર. (हे) सुधीः परमसौख्यं व्रज - હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિશાળી (ભક્ત) ! પરમ સુખ પ્રાપ્ત કર. ઘોર-शमनम् - ભયંકર એવો યમ.

ઘડો હોય કે માટીનો પિંડ હોય, અણુ-ધુમાડો-અગ્નિ કે પર્વત હોય, વસ્ત્ર હોય કે તંતુ હોય : એ બધાં ભયંકર એવા યમનો શું પરિહાર કરી શકે છે ? તો પછી તું બળપૂર્વક તર્કબદ્ધ વાણીથી કંઠની પીડા નિરર્થક વેઠે છે; હે બુદ્ધિમાન (ભક્ત) ! શંભુનાં ચરણકમળનું સેવન કર, અને પરમ સુખની પ્રાપ્તિ કર. (૬)

मनस्ते पादाब्जे निवसतु वचः स्तोत्रफणितौ
करौ चाभ्यर्चायां श्रुतिरपि कथाकर्णनविधौ ।
तव ध्याने बुद्धिर्नयनयुगलं मूर्तिविभवे
परग्रन्थान्कैर्वा परमशिव जाने परमतः ॥ ७ ॥

(मे) मनः ते पादाब्जे निवसतु - મારું મન આપનાં ચરણકમળમાં વસી રહે; (मे) वचः स्तोत्र-फणितौ (निवसतु) - મારી વાણી આપનાં સ્તોત્રપઠનમાં મગ્ન રહે; (मे) करौ च (ते) अभ्यर्चायां निवसतु - મારા હાથ આપનાં પૂજનમાં સક્રિય રહે; (मे) श्रुतिः अपि कथा-कर्णन-विधौ (निवसतु) - મારા કાન આપની કથાનાં શ્રવણવિધિમાં તત્પર રહે; मे (बुद्धिः) तव ध्याने (निवसतु) - મારી બુદ્ધિ આપનાં ધ્યાનમાં લીન રહે; (मे) नयन-युगलं (ते) मूर्ति-विभवे (निवसतु) - મારાં બંને નેત્રો આપના મૂર્તિવૈભવમાં રાચતાં રહે : આ રીતે, પ્રથમ ત્રણ પંક્તિઓમાં, निवसतु - એ ક્રિયાસૂચક શબ્દ જોડવાનો રહે. છેલ્લી ચોથી પંક્તિમાં ભક્તનાં આવાં વલણનું પ્રયોજન આપવામાં આવ્યું છે : (हे) परमशिव अतः परं कैः वा परग्रन्थान् जाने ? હે સર્વોત્કૃષ્ટ શિવ, આનાથી વધારે શાના વડે હું ઉત્તમ સમૃદ્ધિરૂપ આપને જાણી શકું ?

મારું મન આપનાં ચરણકમળમાં વસી રહે; મારી વાણી આપનાં સ્તોત્રપઠનમાં મગ્ન રહે; મારા હાથ આપનાં પૂજનમાં સક્રિય રહે; મારા કાન આપની કથાનાં શ્રવણવિધિમાં તત્પર રહે; મારી બુદ્ધિ આપનાં ધ્યાનમાં લીન રહે; મારાં બંને નેત્રો આપનાં મૂર્તિવૈભવમાં રાચતાં રહે : હે પરમશિવ ! આનાથી વધારે શાના વડે હું સર્વોત્તમ સમૃદ્ધિરૂપ આપને જાણી શકું ? (૭)

यथा बुद्धिः शुक्तौ रजतमिति काचाश्मनि मणि-
र्जले पैष्टे क्षीरं भवति मृगतृष्णासु सलिलम् ।
तथा देवभ्रान्त्या भजति भवदन्यं जडमनो
महादेवेशं त्वां मनसि च न मत्वा पशुपते ॥ ८ ॥

शुक्तौ - છીપમાં; रजतम् - રૂપું, ચાંદી, काचाश्मनि - કાચ જેવા પત્થરમાં, मणिः - મણિ; पैष्टे जले - પીસી-ડખોળી નાખેલાં જળમાં, क्षीरम् - દૂધ; मृग-तृष्णासु - ઝાંઝવાંનાં જળમાં. देव-भ्रान्त्या - 'એ દેવ છે' એવી ભ્રમણાને કારણે : ભગવાન શિવ સિવાયના अन्यं भजति - અન્ય દેવોને ભજવાથી ભક્તને કેવી ભ્રાંતિની અનુભૂતિ થાય છે, એનું આ શ્લોકમાં નિરૂપણ છે.

હે પશુપતિ ! મહાદેવનાયે દેવ એવા આપને મનમાં ન સ્થાપીને જ્યારે કોઈ જડ ભક્ત આપના સિવાયના અન્ય દેવને 'એ દેવ છે' - એવી ભ્રમણામાં ભજે છે, ત્યારે તેની બુદ્ધિ છીપમાં ચાંદી, કાચ-પત્થરમાં મણિ, ડખોળાયેલાં જળમાં દૂધ અને ઝાંઝવાંમાં જળ જેવી આભાસી અનુભૂતિ કરે છે. (૮)

गभीरे कासारे विशति विजने घोरविपिने
विशाले शैले च भ्रमति कुसुमार्थं जडमतिः ।
समर्प्यैकं चेतःसरसिजमुमानाथ भवते
सुखेनावस्थातुं जन इह न जानाति किमहो ॥ ९ ॥

जडमतिः - જડબુદ્ધિ; कुसुमार्थम् - ફૂલની શોધમાં; गभीरे - ઊંડા; कासारे - સરોવરમાં, विजने घोरविपिने - નિર્જન અને ભયંકર જંગલમાં; विशाले - મોટા; शैले - પર્વતમાં; समर्प्य - સમર્પીને, चेतःसरसिजम् - મનરૂપી કમળ.

કોઈક જડબુદ્ધિ ભક્ત ફૂલની શોધમાં ઊંડા સરોવર પાસે, નિર્જન-ભયંકર જંગલમાં અને મોટા પર્વત પાસે જાય છે : હે ઉમાનાથ ! આપને પોતાનું મનરૂપી માત્ર એક કમળ સમર્પીને સુખ પામવાનું માણસને કેમ સૂઝતું નહીં હોય ! (૯)

नरत्वं देवत्वं नगवनमृगत्वं मशकता
पशुत्वं कीटत्वं भवतु विहगत्वादिजननम् ।
सदा त्वत्पादाब्जस्मरणपरमानन्दलहरी-
विहारासक्तं चेद्धृदयमिह किं तेन वपुषा ॥ १० ॥

नग-वन-मृगत्वम् - પર્વત, વન, મૃગના રૂપમાં, मशकता - મચ્છરનું રૂપ, कीटत्वम् - કીડાનું રૂપ, विहगत्वादि - પક્ષીઓ વગેરેનું રૂપ. हृदयं सदा त्वत्पादाब्ज-स्मरण-परमानन्द-लहरी-विहारासक्तं चेत् - જો (ભક્તનું) હૃદય જો આપનાં ચરણકમળનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણરૂપી પરમાનંદલહરીમાં વિહરવામાં આસક્ત હોય તો - तेन वपुषा इह किम् ? તો પછી તે શરીરની શી વિસાત ?

મનુષ્ય, દેવ, પર્વત, વન, મૃગ, મચ્છર, પશુ, કીડો કે પક્ષી - વગેરે રૂપે ગમે તે જન્મ હોય, પરંતુ જો (ભક્તનું) હૃદય આપનાં ચરણ-કમળનાં સ્મરણરૂપી પરમાનંદલહરીમાં સદા વિહરવા આસક્ત હોય, તો પછી તે તે શરીરની અહીં (સંસારમાં) શી વિસાત છે ? (૧૦)

बटुर्वा गेही वा यतिरपि जटी वा तदितरो
नरो वा यः कश्चिद्भवतु भव किं तेन भवति ।
यदीयं हृत्पद्मं यदि भवदधीनं पशुपते
तदीयस्त्वं शंभो भवसि भवभारं च वहसि ॥ ११ ॥

बटुः બાળક, બટુક, गेही - સંસારી, ગૃહસ્થ, यतिः जटी - જટાવાળો સંન્યાસી, तदितरः- એનાથી અન્ય કોઈક, यदीयं हृत्पद्मम् - જેનું હૃદયકમળ; भवद्-अधीनम् - આપને આધીન; तदीयः- તેનો, भवभारम् - સંસારનો ભાર.

બાળક હોય કે ગૃહસ્થ, જટાવાળો સંન્યાસી હોય કે તેનાથી ભિન્ન કોઈ ગમે તે (રૂપમાં) મનુષ્ય હોય, તો ભલે હોય; એથી શો (લાભ) થાય ? હે પશુપતિ ! જેનું હૃદયકમળ જો આપને આધીન હોય તો હે શંભુ ! આપ તેના બની રહો છો અને તેના સંસારના ભારને આપ જ ઊપાડી લ્યો છો ! (૧૧)

गुहायां गेहे वा बहिरपि वने वाद्रिशिखरे
जले वा वह्नौ वा वसतु वसतेः किं वद फलम् ।
सदा यस्यैवान्तःकरणमपि शंभो तव पदे
स्थितं चेद्योगोऽसौ स च परमयोगी स च सुखी ॥ १२ ॥

गुहायाम् - ગુફામાં; गेहे - ઘરમાં; बहिः- બહાર, अद्रि-शिखरे - પર્વતનાં શિખર પર, वह्नौ - અગ્નિમાં, फलम् - મહિમા, સાર્થકતા, પ્રાપ્તિ હોય.

રહેવાનું ગુફામાં હોય કે ઘરમાં, બહાર ક્યાંય વનમાં હોય કે પર્વતશિખર પર, જળમાં હોય કે અગ્નિમાં : કહો, રહેઠાણનો શો મહિમા ! (હકીકતમાં), જેનું અંતઃકરણ હે શંભુ ! આપનાં ચરણમાં સદા રહેલું હોય, તો પછી એ જ (સાચો) યોગ છે, એ જ (ભક્ત) શ્રેષ્ઠ યોગી છે અને એ જ (સાચો) સુખી છે. (૧૨)

असारे संसारे निजभजनदूरे जडधिया
भ्रमन्तं मामन्धं परमकृपया पातुमुचितम् ।
मदन्यः को दीनस्तव कृपणरक्षातिनिपुण-
स्त्वदन्यः को वा मे त्रिजगति शरण्यः पशुपते ॥ १३ ॥

जडधिया - જડ બુદ્ધિને કારણે, निजभजनदूरे भ्रमन्तम् - નિજ એટલે કે પોતાનાં - ભગવાન શંકરનાં - ભજનથી દૂર રખડતો; मदन्यः- મારા સિવાયનો, त्वदन्यः- આપના સિવાયનો; त्रिजगति - ત્રણ જગતમાં, शरण्य :- શરણસ્થાન.

આ અસાર સંસારમાં, જડ બુદ્ધિના કારણે, નિજ-ભજનથી દૂર રખડતા અંધ એવા મને પરમ કૃપા કરીને રક્ષણ આપવું (આપના માટે) યોગ્ય છે. મારા જેવો બીજો કોણ એવો દીન છે, જે આપની કૃપાનાં રક્ષણમાં અત્યંત કુશળ હોય ? અને હે પશુપતિ ! આ ત્રણેય જગતમાં આપના સિવાય અન્ય કયું શરણસ્થાન હોય ? (૧૩)

प्रभुस्त्वं दीनानां खलु परमबन्धुः पशुपते
प्रमुख्योऽहं तेषामपि किमुत बन्धुत्वमनयोः ।
त्वयैव क्षन्तव्याः शिव मदपराधाश्च सकलाः
प्रयत्नात्कर्तव्यं मदवनमियं बन्धुसरणिः ॥ १४ ॥

प्रभुः- સ્વામી, માલિક, અધિષ્ઠાતા. प्रमुख्यः- સૌથી મુખ્ય; क्षन्तव्याः- માફ કરવા જોઈએ, मद्-अवनम् - મારું રક્ષણ. बन्धु-सरणिः - બંધુ તરીકેની પદ્ધતિ, રીત, માર્ગ.

હે પશુપતિ ! આપ, ખરેખર, દીનજનોના સ્વામી અને પરમબંધુ છો; અને હું એ સર્વમાં સૌથી મુખ્ય છું; તો પછી આ બંને વચ્ચેના બંધુભાવનું તો પૂછવું જ શું ? હે ભગવાન શિવ ! મારા બધા જ અપરાધો આપે માફ કરવા જોઈએ, અને આપે પ્રયત્નપૂર્વક મારું રક્ષણ કરવું જોઈએ : બંધુભાવની આ જ (સાચી) રીત છે. (૧૪)

उपेक्षा नो चेत्किं न हरसि भवद्ध्यानविमुखां
दुराशाभूयिष्ठां विधिलिपिमशक्तो यदि भवान् ।
शिरस्तद्वैधात्रं न न खलु सुवृत्तं पशुपते
कथं वा निर्यत्नं करनखमुखेनैव लुलितम् ॥ १५ ॥

उपेक्षा नो चेत् - જો ઉપેક્ષા ન હોય તો. भवद्-ध्यान-विमुखाम् - આપનાં ધ્યાનથી વિમુખ, આપનાં ધ્યાનથી રહિત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાં ધ્યાન વિનાની; दुराशा-भूयिष्ठाम् - મહદંશે ખોટી અથવા ખરાબ આશાઓથી ભરેલી; विधि-लिपिम् - વિધિના હસ્તાક્ષર, तद् वैधात्रं शिरः- વિધાતાનું તે માથું. न खलु सुवृत्तं (इति) न - સુંદર નથી, એમ નહીં, એટલે કે સુંદર છે જ. निर्यत्नम् - કશા પણ યત્નો વગર. कर-नख-मुखेन - હાથના નખની અણીથી. एव - જ. लुलितम् - હલાવી નાખ્યું.

આપને જો મારી ઉપેક્ષા ન હોય તો, આપનાં ધ્યાનથી વિમુખ અને મહદંશે ખરાબ આશાઓથી ભરેલી, - એવી વિધાતાની લિપિને આપ દૂર કેમ કરતા નથી ? અને જો આપ એમ કરવા માટે અશક્ત હો, તો હે પશુપતિ ! વિધાતાનું તે મસ્તક, ખરેખર, સુંદર નથી એમ નહીં (અર્થાત્ સુંદર છે જ). આપે કેવી રીતે તેને, કશા પણ પ્રયત્નો વિના, હાથના નખની માત્ર અણી વડે જ હલાવી નાખ્યું ? (૧૫)

विरिञ्चिर्दीर्घायुर्भवतु भवता तत्परशिर-
श्चतुष्कं संरक्ष्यं स खलु भुवि दैन्यं लिखितवान् ।
विचार: को वा मां विशद कृपया पाति शिव ते
कटाक्षव्यापारः स्वयमपि च दीनावनपरः ॥ १६ ॥

विरिञ्चि :- બ્રહ્મા. तत्पर-शिरश्चतुष्कम् - તેમનાં તે શ્રેષ્ઠ ચાર મસ્તક, दैन्यम् - દીનતા; कटाक्षव्यापारः - કટાક્ષની પ્રક્રિયા; दीन-अवन-परः- દીનજનોનાં રક્ષણ માટે તત્પર, विशद - નિર્મળ, પવિત્ર.

બ્રહ્મા ભલે દીર્ઘાયુષી થાય; તેમનાં તે શ્રેષ્ઠ ચાર મસ્તકોનું આપે રક્ષણ કરવાનું છે; તેમણે જ, ખરેખર, આ જગતમાં દીનતાનું આલેખન કર્યું છે; હે પવિત્ર શિવ ! આપનો કોઈક વિચારમાત્ર મારું રક્ષણ કરે છે : અને આપના કટાક્ષોની પ્રક્રિયા પોતે જ દીનજનોનાં રક્ષણ માટે તત્પર હોય છે. (૧૬)

फलाद्वा पुण्यानां मयि करुणया वा त्वयि विभो
प्रसन्नेऽपि स्वामिन् भवदमलपादाब्जयुगलम् ।
कथं पश्येयं मां स्थगयति नमःसंभ्रमजुषां
निलिम्पानां श्रेणिर्निजकनकमाणिक्यमुकुटैः ॥ १७ ॥

भवद्-अमलपादाब्ज-युगलम् - આપનાં પવિત્ર ચરણકમળનું યુગલ, આપનાં પવિત્ર એવાં બે ચરણકમળ. निलिम्पानां श्रेणिः- દેવોની હાર, હારબંધ દેવો. नमःसंभ्रमजुषाम् - નમસ્કારની મુંઝવણવાળા; નમસ્કારની બાબતમાં મુંઝાઈ ગયેલા. मां स्थगयति - મને સ્થગિત કરી નાખે છે. निज-कनक-माणिक्यमुकुटैः - પોતાનાં સોના-માણેકનાં મુકુટો વડે.

પુણ્યોનાં ફળનાં કારણે કે મારા પ્રત્યેની આપની કરુણાને કારણે, અથવા હે વિભો ! આપ મારા પર પ્રસન્ન છો એ કારણે, આપનાં બન્ને પવિત્ર ચરણકમળનું દર્શન હું કેવી રીતે કરું ? નમસ્કારની બાબતમાં મુંઝાઈ ગયેલા હારબંધ દેવો, પોતાનાં સોના-માણેકનાં મુકુટો વડે મને સ્થગિત કરી નાખે છે. (૧૭)

त्वमेको लोकानां परमफलदो दिव्यपदवीं
वहन्तस्त्वन्मूलां पुनरपि भजन्ते हरिमुखाः ।
कियद्वा दाक्षिण्यं तव शिव मदाशा च कियती
कदा वा मद्रक्षां वहसि करुणापूरितदृशा ॥ १८ ॥

परमफलदः- ઉચ્ચ ફળ આપનાર. त्वन्मूलाम् - જેનાં મૂળમાં આપ છો; कियद् - કેટલું ? दाक्षिण्यम् - કૃપા, કરુણા, સભ્યતા. कियती - કેટલી ? करुणा-पूरित-दृशा - કરુણાથી ભરેલી આંખો વડે.

લોકોને ઉચ્ચ ફળ આપનાર આપ જ એક છો; જેનાં મૂળમાં આપ છો એવી દિવ્ય પદવી ધરાવનારા દેવો પણ તેમનાં મુખ વડે આપને જ ભજે છે : હે શિવ ! આપની કરુણા કેટલી બધી ? અને મારી આશા કેટલી ? અને કરુણા-પૂર્ણ આંખો વડે આપ ક્યારે મારું રક્ષણ કરશો ? (૧૮)

दुराशाभूयिष्ठे दुरधिपगृहद्वारघटके
दुरन्ते संसारे दुरितनिलये दुःखजनके ।
मदायासं किं न व्यपनयसि कस्योपकृतये
वदेयं प्रीतिश्चेत्तव शिव कृतार्थाः खलु वयम् ॥ १९ ॥

संसारे मदायासं किं न व्यपनयसि ? સંસાર પ્રત્યેના મારા આયાસને-પ્રયત્નને, આપ કેમ હઠાવી દેતા નથી ? दुराशा-भूयिष्ठे - મહદંશે ખરાબ આશાઓવાળો; दुरधिप-गृहद्वार-घटके - જેમાં દુષ્ટ અધિપતિઓનાં ગૃહદ્વાર ઘડવામાં આવ્યાં છે; दुरन्ते - અંત વિનાનો, અનંત; दुरित-निलये - અનિષ્ટોનું નિવાસસ્થાન; दुःख-जनके - દુઃખો જ ઉત્પન્ન કરનાર; कस्य उपकृतये - કોના ઉપકાર માટે ? वदेयम् - હું કહું, બોલું ? कृतार्थाः- ધન્ય, કૃતકૃત્ય.

મહદંશે ખરાબ આશાઓવાળા, દુષ્ટ અધિપતિઓનાં ગૃહદ્વાર જેમાં ઘડવામાં આવ્યાં છે અને અનિષ્ટોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવાસસ્થાન એવા આ સંસાર પ્રત્યેના મારા પ્રયત્નોને આપ કેમ હઠાવી દેતા નથી ? કોના ઉપકાર માટે હું એમ કહું કે હે શિવ ! આપનો જો પ્રેમ હશે તો અમે, ખરેખર, ધન્ય છીએ ? (૧૯)

सदा मोहाटव्यां चरति युवतीनां कुचगिरौ
नटत्याशाशाखास्वटति झटिति स्वैरमभितः ।
कपालिन् भिक्षो मे हृदयकपिमत्यन्तचपलं
दृढं भक्त्या बद्ध्वा शिव भवदधीनां कुरु विभो ॥ २० ॥

मोह-अटव्याम् - મોહથી ભરેલા જંગલમાં; कुच-गिरौ - સ્તનરૂપી પર્વતોમાં; नटति - નૃત્ય કરે છે; अटति - રખડે છે; झटिति - જલદી; स्वैरम् - સ્વેચ્છાએ; (हे) कपालिन् - હે ખોપરી-માળા ધારણ કરનાર ! (हे) भिक्षो - હે ભિક્ષુક, मे हृदयकपिम् - મારા આ હૃદયરૂપી વાનરને; अत्यन्त-चपलम् - ખૂબ જ ચપળ.

મારાં હૃદયરૂપી આ વાનર મોહપૂર્ણ જંગલમાં સદા ફર્યા કરે છે, યુવતીઓનાં સ્તનરૂપી પર્વતોમાં નૃત્ય કરે છે અને આશારૂપી ડાળીઓમાં સ્વેચ્છાએ આમતેમ આથડ્યા કરે છે. હે કપાલિન્ ! હે ભિક્ષુ ! અત્યંત ચપળ એવા મારા આ હૃદય-વાનરને, હે શિવ ! હે વિભો ! ભક્તિ વડે મજબૂત બાંધીને, આપને આધીન કરો ! (૨૦)

धृतिस्तम्भाधारां दृढगुणनिबद्धां सगमनां
विचित्रां पद्माढ्यां प्रतिदिवससन्मार्गघटिताम् ।
स्मरारे मच्चेतःस्फुटपटकुटीं प्राप्य विशदां
जय स्वामिन् शक्त्या सह शिव गणैः सेवित विभो ॥ २१ ॥

स्मरारे - હે કામદેવ-શત્રુ ! मच्चेतः-स्फुट-पट-कुटीं प्राप्य - મારાં ચિત્તરૂપી ઝુંપડીમાં આવીને; धृतिस्तम्भाधाराम् - ધીરજરૂપી થાંભલીઓના આધારવાળી; दृढ-गुण-निबद्धाम् - સદ્‌ગુણો વડે મજબૂત બાંધેલી; स-गमनाम् - ગતિશીલ, સક્રિય; पद्माढ्याम् - કમળો વડે વ્યાપ્ત. प्रतिदिवस-सन्मार्ग-घटिताम् - પ્રતિદિન સન્માર્ગ સાથે જ જોડાયેલી; विशदाम् - પવિત્ર;

હે કામદેવ-શત્રુ ! ધીરજરૂપી થાંભલીઓના આધારવાળી, સદ્‌ગુણો વડે મજબૂત બાંધેલી, ગતિશીલ અને પવિત્ર એવી, આ મારાં ચિત્તરૂપી ઝુંપડીએ આવીને, હે સ્વામિન્ ! હે વિભો ! ગણો વડે સેવાતા આપ, શક્તિની સાથે, જય પામો ! (૨૧)

प्रलोभाद्यैरर्थाहरणपरतन्त्रो धनिगृहे
प्रवेशोद्युक्तः सन्भ्रमति बहुधा तस्करपते ।
इमं चेतश्चोरं कथमिह सहे शंकर विभो
तवाधीनं कृत्वा मयि निरपराधे कुरु कृपाम् ॥ २२ ॥

धनि-गृहे - ધનવાનોનાં ઘરમાં; प्रलोभाद्यैः - જાત જાતનાં પ્રલોભનો વડે; अर्थाहरणपरतंत्रः - અન્યનાં ધનને પડાવી લેવામાં પરતંત્ર, વિવશ બનીને; प्रवेशोद्युक्तः - દાખલ થવા માટે તત્પર; એવો મારો ચિત્તરૂપી ચોર અનેક પ્રકારે ભમ્યા કરે છે.

જાત જાતનાં પ્રલોભનો વડે, અન્યનાં ધનને પડાવી લેવામાં પરતંત્ર, ઘૂસી જવા તત્પર અને ધનવાનનાં ઘરમાં ચોર, એવું મારું ચિત્ત, હે ચોરોના સ્વામી શંકર ! અનેક રીતે ભમ્યા કરે છે; આવા ચિત્તરૂપી ચોરને હું કેવી રીતે સહન કરી શકું ? એથી એ ચોરને તમને સોંપીને નિરપરાધી બનેલ મારા પર, હે શંકર ! કૃપા કરો. (૨૨)

करोमि त्वत्पूजां सपदि सुखदो मे भव विभो
विधित्वं विष्णुत्वं दिशसि खलु तस्याः फलमिति ।
पुनश्च त्वां द्रष्टुं दिवि भुवि वहन्पृश्निमृगता-
मदृष्ट्वा तत्खेदं कथमिह सहे शंकर विभो ॥ २३ ॥

सपदि - તરત જ; विधित्वम् - બ્રહ્માપણું; दिशसि - તમે આપો છો; पृश्नि-मृगतां वहन् - બાળમૃગનું સ્વરૂપ ધારણ કરતો; अदृष्ट्वा - આપનું દર્શન ન મળતાં,

હે પરમાત્મન્ ! હું તમારી તત્કાળ પૂજા કરું છું, એથી આપ સુખદાયી બની રહો; એ પૂજાનાં ફળરૂપે તમે સર્જકત્વ અને પાલકત્વ આપો છો; વળી, તમારાં દર્શન માટે સ્વર્ગમાં અને પૃથ્વી પર બાલમૃગનું સ્વરૂપ ધારણ કરવા છતાં, આપનું દર્શન ન મળતાં, દુઃખને હે શંકર ! હું કેવી રીતે સહન કરું ? (૨૩)

कदा वा कैलासे कनकमणिसौधे सह गणै-
र्वसञ्शंभोरग्रे स्फुटघटितमूर्धाञ्जलिपुटः ।
विभो साम्ब स्वामिन्परमशिव पाहीति निगद-
न्विधातॄणां कल्पान्क्षणमिव विनेष्यामि सुखतः ॥ २४ ॥

कदा (अहं) कैलासे गणैः सह शंभोः अग्रे वसन्.....इति निगदन्.....कल्पान् क्षणमिव सुखतः विनेष्यामि ? - ગણોની સાથે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંભુની સમક્ષ કૈલાસમાં વસતો હું....બોલતો.....વિધાતાઓના યુગોને, જાણે ક્ષણોની જેમ, સુખપૂર્વક, વિતાવીશ ? કેવો કૈલાસ ? कनक-मणि-सौधे - જ્યાં સુવર્ણ-મણિના પ્રાસાદો છે એવો; હું કેવો ? स्फुट-घटित-मूर्धाञ्जलि-पुटः- જેણે સ્પષ્ટ રીતે પોતાના મસ્તકની અંજલિ રચી છે, એવો. विधातॄणां कल्पान् - વિધાતાઓના યુગો; विनेष्यामि - વિતાવીશ.

જ્યાં સુવર્ણ અને મણિના મહેલો છે, એવા કૈલાસમાં, સ્પષ્ટ રીતે પોતાના મસ્તકની અંજલિ રચીને, ગણોની સાથે, શંભુની સમક્ષ, 'હે વિભો, સાંબ, સ્વામિન્, પરમશિવ, મારું રક્ષણ કરો' - એમ બોલતો હું, વિધાતાઓના યુગોને, ક્ષણની જેમ, સુખપૂર્વક, ક્યારે વિતાવીશ ? (૨૪)

स्तवैर्ब्रह्मादीनां जयजयवचोभिर्नियमिनां
गणानां केलीभिर्मदकलमहोक्षस्य ककुदि ।
स्थितं नीलग्रीवं त्रिनयनमुमाश्लिष्टवपुषं
कदा त्वां पश्येयं करधृतमृगं खण्डपरशुम् ॥ २५ ॥

त्वां (अहं) कदा पश्येयम् - હું આપને ક્યારે જોઈશ ? ક્યારે આપનાં દર્શન કરીશ ? नीलग्रीवम् - જેમની ડોક 'નીલ' (વાદળી) છે, નીલકંઠ, त्रिनयनम् - ત્રણ આંખોવાળા, ત્રિનેત્ર; उमा-श्लिष्ट-वपुषम् - પાર્વતી વડે જેમના શરીરને આલિંગન અપાયું, છે એવા, પાર્વતી-આલિંગિત શરીરવાળા; कर-धृत-मृगम् - પશુપતિ; मदकलमहोक्षस्य ककुदि स्थितम् - મધુર અવાજ કરતા પોઠિયા પર બેઠેલા; એ પોઠિયો 'मदकल' શા માટે હતો ? नियमिनां ब्रह्मादीनां जयजयवचोभिः स्तवैः गणानां केलीभिः- નિયમવાળા (વિશ્વનું સંચાલન કરતા) બ્રહ્મા વગેરેની, 'જય જય' એવા શબ્દોવાળી સ્તુતિ વડે અને ગણોની ક્રીડાને કારણે.

વિશ્વનું સંચાલન કરતા બ્રહ્મા વગેરે(દેવો)ની, 'જય જય' એવા શબ્દોવાળી સ્તુતિઓ અને ગણોની ક્રીડાને કારણે, મધુર અવાજ કરતા પોઠિયા પર બેઠેલા, પાર્વતી-આલિંગિત શરીરવાળા, નીલકંઠ, ત્રિનેત્ર, પશુપતિ અને 'ખંડપરશુ' - એવા આપનું હું ક્યારે દર્શન કરી શકીશ ? (૨૫)

कदा वा त्वां दृष्ट्वा गिरिश तव भव्याङ्घ्रियुगलं
गृहीत्वा हस्ताभ्यां शिरसि नयने वक्षसि वहन् ।
समाश्लिष्याघ्राय स्फुटजलजगन्धान्परिमला-
नलभ्यां ब्रह्माद्यैर्मुदमनुभविष्यामि हृदये ॥ २६ ॥

हे गिरिश, त्वां दृष्ट्वा कदा वा हृदये मुदं अनुभविष्यामि । - હે ગિરિશ, આપનાં દર્શન કરીને, હું હૃદયમાં આનંદ ક્યારે અનુભવી શકીશ ? ब्रह्माद्यैः अलभ्याम् - બ્રહ્મા વગેરે (દેવો) માટે પણ દુર્લભ; શું કરીને ? तव भव्यांघ्रियुगलं हस्ताभ्यां गृहीत्वा शिरसि नयने वक्षसि वहन् - આપનાં ભવ્ય ચરણયુગલને મારા બે હાથ વડે ગૃહીને તેમને મસ્તક-નેત્ર-છાતી પર ધારણ કરીને ધારણ કરતાં કરતાં; समाश्लिष्य - તેમને ભેટીને; स्फुट-जलज-गन्धान् परिमलान् आघ्राय - કમળની સ્પષ્ટ સૌરભને સૂંઘીને, સૂંઘતાં સૂંઘતાં.

હે ગિરિશ ! આપનાં દર્શન કરીને, આપનાં ભવ્ય ચરણયુગલને બે હાથ વડે ઊપાડીને તેમને (મારાં) મસ્તક-નેત્ર-છાતી પર ધારણ કરતાં કરતાં, તેમને ભેટીને અને કમળની સ્પષ્ટ સૌરભને સૂંઘતાં સૂંઘતાં, બ્રહ્મા વગેરે(દેવો)ને માટે પણ દુર્લભ એવો આનંદ હું ક્યારે અનુભવી શકીશ ? (૨૬)

करस्थे हेमाद्रौ गिरिश निकटस्थे धनपतौ
गृहस्थे स्वर्भूजामरसुरभिचिन्तामणिगणे ।
शिरःस्थे शीतांशौ चरणयुगलस्थेऽखिलशुभे
कमर्थं दास्येऽहं भवतु भवदर्थं मम मनः ॥ २७ ॥

अहं किमर्थं (तुभ्यं) दास्ये ? હું આપને શું દ્રવ્ય (ધન) અર્પણ કરું ? આવી મુંઝવણ ભકતને શા કારણે થાય છે ? हेमाद्रौ करस्थे - જ્યારે હિમાલય (આપના) હાથમાં જ છે; धनपतौ निकटस्थे - જ્યારે ખુદ ધનપતિ કુબેર આપની સમીપમાં જ છે; स्वर्भूजामरसुरभिचिन्तामणिगणे गृहस्थे - સ્વર્ગના સર્વ સુગંધી ચિંતામણિ - સમૂહો આપનાં ઘરમાં જ છે; शीतांशौ शिरःस्थे - જ્યારે ચંદ્ર આપના મસ્તક પર છે; अखिलशुभे चरणयुगलस्थे - જ્યારે સકળ શુભ આપનાં ચરણયુગલમાં જ છે, ત્યારે; भवतु - ભલે, કાંઈ વાંધો નહીં; मम मनः भवदर्थं (भविष्यति) - મારું ચિત્ત જ આપને અર્પણ કરવાનું દ્રવ્ય બની રહેશે !

જ્યારે હિમાલય આપના હાથમાં જ છે, ખુદ ધનપતિ કુબેર આપની સમીપમાં જ છે, સ્વર્ગનાં સર્વ સુગંધી ચિંતામણિ- સમૂહો આપના ઘરમાં જ છે, ચંદ્ર આપના મસ્તક પર છે, અને સમસ્ત શુભ આપનાં ચરણયુગલમાં જ છે ત્યારે, હે ગિરિશ ! આપને હું શું (કયું, કેટલું) દ્રવ્ય અર્પણ કરું ? ભલે, કશો વાંધો નહીં, મારા મનને જ હું આપને દ્રવ્ય તરીકે અર્પણ કરીશ ! (૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सारूप्यं तव पूजने शिव महादेवेति संकीर्तने
सामीप्यं शिवभक्तिधुर्यजनतासांगत्यसंभाषणे ।
सालोक्यं च चराचरात्मकतनुध्याने भवानीपते
सायुज्यं मम सिद्धमत्र भवति स्वामिन्कृतार्थोऽस्म्यहम्
॥ २८ ॥

हे शिव, महादेव, इति तव पूजने, संकीर्तने (मम) सारूप्यं (भवति) - હે શિવ, હે મહાદેવ, આપનાં પૂજન - સંકીર્તનમાં જ મારી 'સારુપ્ય' (પ્રકારની મુક્તિ) છે; शिव-भक्ति-धुर्यजनता-सांगत्य-संभाषणे-सामीप्यं - શિવભક્તિનાં જન-મિલન-સંભાષણમાં જ મારી 'સામીપ્ય' (પ્રકારની મુક્તિ) છે; चराचर-आत्मक-तनुध्याने सालोक्यं (भवति) - ચરાચરસ્વરૂપ એવા આપનાં શરીરનાં ધ્યાનમાં જ મારી 'સાલોક્ય' (પ્રકારની મુક્તિ) છે; मम सायुज्यं अत्र सिद्धं भवति - મારી 'સાયુજ્ય' (પ્રકારની મુક્તિ) અહીં જ સિદ્ધ થાય છે. हे स्वामिन्, अहं कृतार्थोऽस्मि - હે સ્વામિન્, હું તો ધન્ય છું, કૃતકૃત્ય છું !

'હે શિવ, હે મહાદેવ !' - એવાં પૂજન-સંકીર્તનમાં જ મારી 'સારુપ્ય' પ્રકારની મુક્તિ રહી છે; શિવભક્તિનાં યજન - મિલન - સંભાષણમાં જ મારી 'સામીપ્ય' પ્રકારની મુક્તિ રહી છે; હે ભવાનીપતિ ! ચરાચરસ્વરૂપ એવાં આપનાં શરીરનાં ધ્યાનમાં જ મારી 'સાલોક્ય' પ્રકારની મુક્તિ રહી છે; અને 'સાયુજ્ય' પ્રકારની મુક્તિ તો અહીં જ સિદ્ધ થઈ ગઈ છે : હે સ્વામિન્ ! હું તો ધન્ય થઈ ગયો ! (૨૮)

(નોંધ :- શ્લોક ૧ થી ૨૭ સુધી છંદ શિખરિણી હતો; હવે આ શ્લોકથી શ્લોક-૬૬ સુધી શાર્દૂલવિક્રીડિત છે.)

त्वत्पादाम्बुजमर्चयामि परमं त्वां चिन्तयाम्यन्वहं
त्वामीशं शरणं व्रजामि वचसा त्वामेव याचे विभो ।
वीक्षां मे दिश चाक्षुषीं सकरुणां दिव्यैश्चिरं प्रार्थितां
शंभो लोकगुरो मदीयमनसः सौख्योपदेशं कुरु ॥ २९ ॥

त्वत्पादाम्बुजं अर्चयामि - આપનાં ચરણકમળનું હું પૂજન કરું છું; परमं त्वां अन्वहं चिन्तयामि - 'પરમ' એવા આપનું હું હંમેશાં ચિંતન કરું છું; ईशं त्वां शरणं व्रजामि - ઈશ્વર એવા આપનાં શરણે હું જાઉં છું; (हे) विभो, वचसा त्वां एव याचे - હે વિભો ! વાણી વડે માત્ર આપની જ હું યાચના કરું છું; वीक्षां - દર્શન; चाक्षुषीम् - प्रत्यक्ष; मे चाक्षुषीं वीक्षां दिश - મને પ્રત્યક્ષ દર્શન આપો; કેવું દર્શન ? सकरुणाम् - કરુણામય; दिव्यैः चिरं प्रार्थिताम् - દેવો વડે દીર્ઘ સમયથી જેના માટે પ્રાર્થના કરવામાં આવે છે તેવું (દર્શન); मदीय-मनसः सौख्योपदेशं कुरु - મારાં મનને સુખનો ઉપદેશ આપો.

આપનાં ચરણકમળનું હું પૂજન કરું છું; 'પરમ' એવા આપનું હું હંમેશ ચિંતન કરું છું; ઈશ્વર એવા આપનાં શરણે હું જાઉં છું; હે વિભો ! વાણી વડે માત્ર આપની જ હું યાચના કરું છું; દેવો વડે લાંબા સમયથી જેની પ્રાર્થના કરવામાં આવી છે એવું આપનું કરુણામય પ્રત્યક્ષ દર્શન મને આપો. હે શંભો ! હે લોકગુરુ ! મારાં મનને સુખનો ઉપદેશ આપો ! (૨૯)

वस्त्रोद्धूतविधौ सहस्रकरता पुष्पार्चने विष्णुता
गन्धे गन्धवहात्मताऽन्नपचने बर्हिर्मुखाध्यक्षता ।
पात्रे काञ्चनगर्भतास्ति मयि चेद्बालेन्दुचूडामणे
शुश्रूषां करवाणि ते पशुपते स्वामिंस्त्रिलोकीगुरो ॥ ३० ॥

सहस्रकर-ता - સૂર્ય હોવું; वस्त्रोद्धूतविधौ सहस्र-करता - વસ્ત્રોને ઊતારી નાખવાની પ્રક્રિયામાં સૂર્ય હોવું; पुष्पार्चने विष्णुता - પુષ્પપૂજનની વિધિમાં વિષ્ણુ હોવું; गन्धवह - પવન, વાયુ; गन्धे गन्धवहात्मता - ગંધની બાબતમાં વાયુ હોવું; बर्हिर्मुख - અગ્નિ, अन्नपचने बर्हिर्मुखाध्यक्षता - અન્નની પાચનક્રિયામાં અગ્નિનું અધ્યક્ષ હોવું, એટલે કે અગ્નિ હોવું; काञ्चनगर्भता - સુવર્ણનો પર્વત, - મેરુ હોવું; (एवं) मयि चेत् - જો મારી બાબતમાં આ પ્રમાણે બને તો; हे बालेन्दुचूडामणे - મસ્તક પર બાલચંદ્ર ધારણ કરનાર ભગવાન શિવ ! ते शुश्रूषां करवाणि - હું આપની સેવા કરું.

વસ્ત્રોને ઊતારી નાખવાની પ્રક્રિયામાં જો આપ સૂર્ય બની રહો, પુષ્પપૂજનની વિધિમાં જો આપ વિષ્ણુ બની રહો, ગંધની બાબતમાં આપ વાયુ બની રહો, અન્નની પાચનક્રિયામાં જો આપ વૈશ્વાનર અગ્નિ બની રહો અને પાત્રની બાબતમાં જો આપ મેરુ પર્વત બની રહો, - મારી બાબતમાં જો આવી પરિસ્થિતિ હોય, તો હે પશુપતિ ! બાલેન્દુચૂડામણિ ! હે સ્વામિન્ ! હે ત્રૈલોક્યગુરુ ! હું આપની સેવા કરી શકું ! (૩૦)

नालं वा परमोपकारकमिदं त्वेकं पशूनां पते
पश्यन्कुक्षिगतांश्चराचरगणान्बाह्यस्थितान्रक्षितुम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्वामर्त्यपलायनौषधमतिज्वालाकरं भीकरं
निक्षिप्तं गरलं गले न गिलितं नोद्गीर्णमेव त्वया ॥ ३१ ॥

इदं एकं तु परमोकारकं न अलम् - પરંતુ પરોપકાર કરવા માટે આ એક જ (કાર્ય) આપના માટે પૂરતું નહોતું. મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : गले निक्षिप्तं गरलं त्वया न गिलितं, न उद्गीर्णं एव - ગળામાં રાખવામાં આવેલા ઝેરને આપ ન ગળી ગયા, ન એને બહાર કાઢી નાખ્યું. કેવું એ ઝેર ? सर्वामर्त्यपलायनौषधम् - સર્વ દેવોને પલાયનક્રિયામાં ઔષધરૂપ; अति-ज्वाला-करम् - અત્યંત દઝાડનારું, भीकरम् - ભયંકર. આવું ભગવાને શા માટે કર્યું ? चराचरगणान् कुक्षि-गतान् पश्यन् - જડચેતન સર્વ ભૂતોને પૃથ્વીના પેટાળમાં ગયેલા જોઈને, અને बाह्य-स्थितान् रक्षितुम् - જે ભૂતો બહાર રહ્યા હતા, તેમને રક્ષવા માટે.

પરંતુ પરોપકાર કરવા માટે આ એક જ (શ્લોક-૩૦માં ઉલ્લિખિત) કાર્ય આપના માટે પૂરતું નહોતું. (આપે આ કાર્ય પણ કર્યું :) જડચેતન સર્વ ભૂતોને પૃથ્વીના પેટાળમાં ગયેલાં જોઈને અને જે (ભૂતો) બહાર રહી ગયા હતા, તે સહુને રક્ષવા માટે, ગળામાં રાખવામાં આવેલા, સર્વ દેવોની પલાયનવિધિમાં ઔષધરૂપ, અત્યંત દઝાડનારા અને ભયંકર એવા એ ઝેર(કાલકૂટ)ને આપ ન ગળી ગયા, ન એને બહાર કાઢી નાખ્યું ! (૩૧)

ज्वालोग्रः सकलामरातिभयदः क्ष्वेलः कथं वा त्वया
दृष्टः किं च करे धृतः करतले किं पक्वजम्बूफलम् ।
जिह्वायां निहितश्च सिद्धघुटिका वा कण्ठदेशे भृतः
किं ते नीलमणिर्विभूषणमयं शंभो महात्मन्वद ॥ ३२ ॥

क्ष्वेलः- ઝેર(કાલકૂટ); કેવું ઝેર ? ज्वालोग्रः - અગ્નિની ઝાળ જેવું ઉગ્ર, सकल-अमर-अतिभयदः - સર્વ દેવો માટે અત્યંત ભયંકર. આ ઝેરને આપે જોયું (त्वया दृष्टः); करे च धृतः - પોતાના હાથમાં રાખ્યું; करतले पक्वजम्बूफलम् (इव) - હથેળીમાં જાણે કોઈ પાકું જાંબુનું ફળ હોય એમ; जिह्वायां निहितः - પછી તેને જીભ પર મૂક્યું; અને પછી सिद्धघुटिका वा कण्ठदेशे भृतः - જાણે કોઈ સિદ્ધ ઔષધ હોય એમ ગળામાં રાખ્યું; अयं नीलमणिः किं ते विभूषणम् - શું આ નીલમણિ આપના માટે આભૂષણ બન્યું ? हे महात्मन् शिव, वद - એ મહાત્મા શિવ ! કહો, બોલો !

અગ્નિની ઝાળ જેવું ઉગ્ર અને સર્વ દેવો માટે અત્યંત ભયંકર એવા એ (કાલકૂટ) વિષને આપે સૌપ્રથમ જોયું, પછી હથેળીમાં જાણે કોઈ પાકું જાંબુનું ફળ હોય તેમ હાથમાં લીધું; (પછી) તેને જીભ પર મૂક્યું; અને (છેવટે) કોઈ સિદ્ધ ઔષધ હોય તેમ તેને ગળામાં રાખ્યું : હે મહાત્મન્ શંભો ! કહો, કહો, શું (આ રીતે કંઠને નીલ બનાવતો) આ નીલમણિ આપના માટે આભૂષણરૂપ બની રહ્યો ? (૩૨)

नालं वा सकृदेव देव भवतः सेवा नतिर्वा नुतिः
पूजा वा स्मरणं कथाश्रवणमप्यालोकनं मादृशाम् ।
स्वामिन्नस्थिरदेवतानुसरणायासेन किं लभ्यते
का वा मुक्तिरितः कुतो भवति चेत्किं प्रार्थनीयं तदा
॥ ३३ ॥

भवतः सेवा नतिः नुतिः वा - સેવા, નમસ્કાર અને સ્તુતિ; आलोकनम् - દર્શન; मादृशाम् न अलम् - મારા જેવા (ભક્તો) માટે પર્યાપ્ત નથી. अस्थिरदेवता-अनुसरण - आयासेन किं लभ्यते - (અન્ય) દેવોનાં અસ્થિર એવાં અનુસરણના પ્રયાસોથી શું લાભ થાય ?

મારા જેવા (ભક્તો) માટે હે દેવ ! માત્ર એક વાર કરવામાં આવેલાં સેવા, નમસ્કાર, સ્તુતિ, પૂજા, સ્મરણ, કથાશ્રવણ અને દર્શન-(આ બધું પણ) પર્યાપ્ત નથી; અને હે સ્વામિન્ ! (અન્ય) દેવોનાં અસ્થિર એવાં અનુસરણના પ્રયાસોથી શું લાભ થાય ? ત્યારે તો અહીંથી (આ જગતમાંથી) મુક્તિ કેવી રીતે થાય, એ વિશે જ મારે પ્રાર્થના કરવાની રહે ! (૩૩)

किं ब्रूमस्तव साहसं पशुपते कस्यास्ति शंभो भव-
द्धैर्यं चेदृशमात्मनः स्थितिरियं चान्यैः कथं लभ्यते ।
भ्रश्यद्देवगणं त्रसन्मुनिगणं नश्यत्प्रपञ्चं लयं
पश्यन्निर्भय एक एव विहरत्यानन्दसान्द्रो भवान् ॥ ३४ ॥

हे पशुपते, तव साहसं किं ब्रूमः- હે પશુપતિ, આપના સાહસની તો અમે શું વાત કરીએ ? हे शंभो ईदृशं भवद्धैर्यं कस्यास्ति - આપના જેવું ધૈર્ય કોણ ધરાવે છે ? इयं आत्मनः स्थितिः अन्यैः कथं लभ्यते - આત્માની-પોતાની આવી સ્થિતિ અન્ય (ક્યા દેવો)એ પ્રાપ્ત કરી છે ? एक एव भवान् विहरति - માત્ર આપ એક જ વિહાર કરી રહ્યા છો. કેવા આપ ? निर्भयः - નિર્ભય; અને आनन्दसान्द्रः- આનંદથી સઘન, પ્રપૂર્ણ. શું કરતા ? लयं पश्यन् - પ્રલયને નિરખતાં. કેવો પ્રલય ? भ्रश्यद्देवगणम् -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવસમૂહો જેનાથી દૂર નાસી જાય છે, त्रसन्मुनिगणम् - મુનિસમુદાયોને ત્રાસરૂપ; नश्यत्प्रपञ्चम् - આ પ્રપંચ(સસાર, જગત)નો નાશ કરતો.

હે પશુપતિ ! આપનાં સાહસની અમે શી વાત કરીએ ? હે શંભો ! આપના જેવું, આવું ધૈર્ય કોણ ધરાવે છે ? આત્માની - પોતાની-આ સ્થિતિ બીજા (કયા દેવો)એ પ્રાપ્ત કરી છે ? દેવોના સમૂહોને નસાડનાર, મુનિસમુદાયોને ત્રાસરૂપ અને જગતનો નાશ કરનાર, પ્રલયને નિરખતાં છતાં નિર્ભય એવા આપ એક જ આનંદપૂર્ણ રહીને વિહાર કરી રહ્યા છો ! (૩૪)

योगक्षेमधुरंधरस्य सकलश्रेयःप्रदोद्योगिनो
दृष्टादृष्टमतोपदेशकृतिनो बाह्यान्तरव्यापिनः ।
सर्वज्ञस्य दयाकरस्य भवतः किं वेदितव्यं मया
शंभो त्वं परमान्तरङ्ग इति मे चित्ते स्मराम्यन्वहम् ॥ ३५ ॥

भवतः मया किं वेदितव्यम् - આપના વિશે મારે શું જાણવાનું રહે છે ? આપ કેવા છો ? योगक्षेम-धुरंधरस्य - (ભક્તોને) યોગક્ષેમ એટલે કે આજીવિકા અથવા ભરણપોષણ આપવામાં મોખરે; सकलश्रेयःप्रद-उद्योगिनः:- સઘળું કલ્યાણ આપવામાં પ્રવૃત્ત; दृष्टादृष्ट-मतोपदेश-कृतिनः:- દૃષ્ટ તેમજ દૃષ્ટ, - સર્વ પ્રકારના મતોનો ઉપદેશ આપવામાં કુશળ, बाह्यान्तरव्यापिनः - બહાર અને અંદર (સર્વત્ર) વ્યાપી રહેલા; परमान्तरङ्ग - परम+अन्तर्+अङ्ग - ભીતરમાં રહેલ પરમ અંશ.

ભક્તોનાં યોગક્ષેમ વિશે મોખરે, સઘળું કલ્યાણ આપવામાં પ્રવૃત્ત, દૃષ્ટ તથા અદૃષ્ટ સર્વ પ્રકારના મતોનો ઉપદેશ આપવામાં કુશળ, બહાર-અંદર (સર્વત્ર) વ્યાપી રહેલા, સર્વજ્ઞ અને દયાળુ, - એવા આપના વિશે મારે શું જાણવાનું રહે છે ? હે શંભો ! આપ મારા માટે પરમ અંતરંગ છો, - એ(હકીકત)ને હું હંમેશાં ચિત્તમાં સ્મરતો રહું છું. (૩૫)

भक्तो भक्तिगुणावृते मुदमृतापूर्णे प्रसन्ने मनः-
कुम्भे साम्ब तवाङ्घ्रिपल्लवयुगं संस्थाप्य संवित्फलम् ।
सत्त्वं मन्त्रमुदीरयन्निजशरीरागारशुद्धिं वह-
न्पुण्याहं प्रकटीकरोमि रुचिरं कल्याणमापादयन् ॥ ३६ ॥

મુખ્ય વાક્ય આ પ્રમાણે છે :- रुचिरं कल्याणं आपादयन् भक्तः (अहं) पुण्याहं प्रकटीकरोमि - સુંદર કલ્યાણ મેળવી આપતા 'પુણ્યાહ'ને એટલે કે 'માંગલિક દિવસ'ને ભક્ત એવો હું પ્રગટ કરું છું. भक्तिगुणावृते - ભક્તિના ગુણોથી ભરપૂર, मुदमृतापूर्णे - આનંદ-અમૃતથી પૂર્ણ, प्रसन्ने मनःकुम्भे - પ્રસન્ન એવા મનરૂપી કુંભ પર, संवित्फलं - પરમજ્ઞાનનું ફળ આપનાર, तव अंघ्रिपल्लवयुगं संस्थाप्य - આપનાં બે ચરણપલ્લવને સ્થાપીને; सत्त्वं मन्त्रम् उदीरयन् - સાત્ત્વિક મંત્રનો જપ કરતાં; निज-शरीरागार-शुद्धिं वहन् - પોતાના શરીરરૂપી ઘરની શુદ્ધિને ધારણ કરતો.

ભક્તિ-ગુણોથી ભરપૂર, આનંદ-અમૃતથી પૂર્ણ અને પ્રસન્ન એવાં મારાં મનરૂપી કુંભ પર પરમજ્ઞાનનું ફળ આપનાર આપનાં બે ચરણપલ્લવને સ્થાપીને, (આપનો) ભક્ત એવો હું, સાત્ત્વિક મંત્રને જપતાં અને મારા પોતાના શરીરરૂપી ઘરની શુદ્ધિ ધારણ કરતાં, સુંદર કલ્યાણ મેળવી આપનાર માંગલિક દિવસને પ્રકટ કરું છું. (૩૬)

आम्नायाम्बुधिमादरेण सुमनःसंघाः समुद्यन्मनो
मन्थानं दृढभक्तिरज्जुसहितं कृत्वा मथित्वा ततः ।
सोमं कल्पतरुं सुपर्वसुरभिं चिन्तामणिं धीमतां
नित्यानन्दसुधां निरन्तररमासौभाग्यमातन्वते ॥ ३७ ॥

आम्नाय-अम्बुधिम् - વેદોરૂપી સમુદ્રને, सुमनःसंघाः- સજ્જનોના સમૂહો; मन्थानं कृत्वा - મંથન કરીને; आदरेण - માનપૂર્વક; दृढ-भक्ति-रज्जु-सहितम् - દૃઢ ભક્તિરૂપી દોરડાની સહાયથી; धीमतां आतन्वते - બુદ્ધિશાળી મનુષ્યો માટે મેળવી આપે છે. सोमम् - ચંદ્ર; सुपर्व-सुरभिं कल्पतरुम् - સારી રીતે ગંઠાયેલું અને સુગંધી એવું કલ્પવૃક્ષ; नित्यानन्दसुधाम् - હંમેશ માટે આનંદામૃત, निरन्तर-रमा-सौभाग्यम् - હંમેશ માટે ટકી રહે એવી લક્ષ્મીનું સૌભાગ્ય.

સજ્જન-સમૂહો, મનને સક્રિય કરીને, વેદોરૂપી સમુદ્રનું દૃઢ ભક્તિરૂપી દોરડાની સહાયથી આદરપૂર્વક મંથન કરીને, અને પછી ખૂબ મથીને, બુદ્ધિશાળી મનુષ્યો માટે ચંદ્ર, સારી રીતે ગંઠાયેલું અને સુગંધી કલ્પવૃક્ષ, ચિંતામણિ, નિત્ય આનંદ આપતું અમૃત અને હંમેશાં ટકી રહે એવી લક્ષ્મીનું સૌભાગ્ય મેળવી આપે છે. (૩૭)

प्राक्पुण्याचलमार्गदर्शितसुधामूर्तिः प्रसन्नः शिवः
सोमः सद्गणसेवितो मृगधरः पूर्णस्तमोमोचकः ।
चेतःपुष्करलक्षितो भवति चेदानन्दपाथोनिधिः
प्रागल्भ्येन विजृम्भते सुमनसां वृत्तिस्तदा जायते ॥ ३८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्राक्-पुण्याचल-मार्ग-दर्शित-सुधा-मूर्तिः- પહેલાં જેમણે પુણ્ય-પર્વતના માર્ગે અમૃતનું મૂર્ત સ્વરૂપ દર્શાવ્યું છે, એવા. सद्गण-सेवितः- સજ્જન-સમૂહો વડે સેવિત; तमो-मोचकः- અંધકારમાંથી મુક્ત કરનાર; आनन्द-पाथोनिधि :- આનંદનો સાગર; चेतःपुष्कर-लक्षितः भवति चेत् - ચિત્તરૂપી કમળ વડે જો લક્ષિત થાય તો; प्रागल्भ्येन विजृम्भते - પ્રગલ્ભતાપૂર્વક ભરતી આવે છે;

પહેલાં જેમણે પુણ્ય-પર્વતના માર્ગે અમૃતનું સ્વરૂપ દર્શાવ્યું છે, એવા શિવ પ્રસન્ન હોય; સજ્જન-સમૂહો વડે સેવાતો ચંદ્ર પૂર્ણ અંધકારમાંથી મુક્તિ અપાવતો હોય; અને આનંદનો સાગર જો ચિત્તરૂપી કમળ વડે લક્ષિત હોય તો તેમાં પ્રગલ્ભતાપૂર્વક ભરતી આવે છે, અને ત્યારે શુદ્ધચિત્તવાળા(સજ્જનો)ની વૃત્તિ જાગૃત બને છે. (૩૮)

धर्मो मे चतुरङ्घ्रिकः सुचरितः पापं विनाशं गतं
कामक्रोधमदादयो विगलिताः कालाः सुखाविष्कृताः ।
ज्ञानानन्दमहौषधिः सुफलिता कैवल्यनाथे सदा
मान्ये मानसपुण्डरीकनगरे राजावतंसे स्थिते ॥ ३९ ॥

राजावतंसे मानसपुण्डरीकनगरे स्थिते कैवल्यनाथे सदा मान्ये (सति) - રાજાની શોભાવાળા માનસ-કમળનાં નગરમાં રહેલા કૈવલ્યનાથ (ભગવાન શંકર) જો સદાયે માન્ય હોય તો; चतुरंघ्रिकः मे धर्मः सुचरितः (भवति) - ચાર પગવાળો મારો ધર્મ સંપન્ન થાય છે; पापं विनाशं गतम् - પાપનો નાશ થાય છે; काम-क्रोध-मदादयः विगलिताः- કામ-ક્રોધ-મદ વગેરે ઓગળી જાય છે; कालाः सुखाविष्कृताः- સમસ્ત કાળ સુંદર રીતે આવિર્ભૂત થાય છે; ज्ञानानन्द-महौषधिः - જ્ઞાનાનન્દરૂપી મહા-ઔષધિ सुफलिता - સારી રીતે ફળીભૂત થાય છે.

રાજાની શોભાવાળા માનસ-કમળનાં નગરમાં રહેતા ભગવાન શંકર જો સદાયે માન્ય હોય, તો ચાર પગવાળો મારો ધર્મ સંપન્ન થાય છે, પાપ નાશ પામે છે, કામ-ક્રોધ-મદ વગેરે ઓગળી જાય છે, સમસ્ત કાળ સુંદર રીતે આવિર્ભૂત થાય છે અને જ્ઞાનાનંદરૂપી મહા ઔષધિ સારી રીતે ફળીભૂત થાય છે. (૩૯)

धीयन्त्रेण वचोघटेन कविताकुल्योपकुल्याक्रमै-
रानीतैश्च सदाशिवस्य चरिताम्भोराशिदिव्यामृतैः ।
हृत्केदारयुताश्च भक्तिकलमाः साफल्यमातन्वते
दुर्भिक्षान्मम सेवकस्य भगवन्विश्वेश भीतिः कुतः ॥ ४० ॥

પ્રથમ ત્રણ પંક્તિમાં એક રૂપક દ્વારા ભક્તિની સફળતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે, અને ચોથી પંક્તિમાં ભક્ત ભગવાનને કહે છે કે હે ભગવન્ विश्वेश सेवकस्य मम दुर्भिक्षात् भीतिः कुतः- તો પછી, હે ભગવન્ વિશ્વેશ ! મારા જેવા આ સેવકને દુષ્કાળનો ભય હોય જ શી રીતે ? हृत्केदारयुताः (मे) भक्ति-कलमाः- હૃદયરૂપી જળપૂર્ણ ખેતરમાં રહેલી મારી ભક્તિરૂપી કલમો; साफल्य-मातन्वते - જો સફળતાને પામે; એટલે કે જો મારી ભક્તિ સફળ થાય તો. सदाशिवस्य चरिताम्भो-राशि-दिव्यामृतैः- ભગવાન સદાશિવનાં ચરિત્રરૂપી સમુદ્રમાંના દિવ્ય અમૃત વડે, कविता-कुल्योपकुल्या-क्रमैः आनीतैः- કવિતારૂપી નાનીમોટી નદીઓના ક્રમથી લાવવામાં આવેલ. धीयंत्रेण - બુદ્ધિરૂપી યંત્રથી, અને वचो-घटेन - વાણીરૂપી ઘડા વડે.

બુદ્ધિરૂપી મંત્ર વડે, વાણીરૂપી ઘડાની સહાયથી, કવિતા-રૂપી નાની-મોટી નદીઓના ક્રમાનુસાર લાવવામાં આવેલ, ભગવાન સદાશિવનાં ચરિત્રરૂપી સમુદ્રમાંના દિવ્ય અમૃત વડે, હૃદયરૂપી જળપૂર્ણ ખેતરમાં રહેલ મારી ભક્તિની કલમો જો ફળવતી બને, તો પછી હે ભગવાન વિશ્વેશ ! મારા જેવા આ સેવકને દુષ્કાળનો ભય હોય જ શી રીતે ? (૪૦)

पापोत्पातविमोचनाय रुचिरैश्वर्याय मृत्युंजय
स्तोत्रध्याननतिप्रदक्षिणसपर्यालोकनाकर्णने ।
जिह्वाचित्तशिरोङ्घ्रिहस्तनयनश्रोत्रैरहं प्रार्थितो
मामाज्ञापय तन्निरूपय मुहुर्मामेव मा मेऽवचः ॥ ४१ ॥

पापोत्पात-विमोचनाय - પાપ કરવામાં મારી કૂદાકૂદને છોડાવવા માટે, रुचिरैश्वर्याय - મનપસંદ ઐશ્વર્યને માટે; नति - પ્રણામ, सपर्या-પૂજા, आलोकन - દર્શન, आकर्णने - સાંભળવામાં; अङ्घ्रि - ચરણ; प्रार्थितः- મને પ્રાર્થના કરવામાં આવી છે; मेऽवचः (मा भूः) - મારા પ્રત્યે તું મૌન ધારણ કરીશ નહીં.

હે મૃત્યુંજય ! જિહ્વા વડે સ્તુતિ, ચિત્તથી ધ્યાન, મસ્તક વડે નમસ્કાર, ચરણો વડે પ્રદક્ષિણા, હાથથી પૂજન, નયનોથી દર્શન, કાનથી શ્રવણમાં મને પ્રાર્થના કરવામાં આવી છે : તેથી મને અવારનવાર તમે આજ્ઞા આપતા રહો અને નિરૂપણ કરતા રહો-મારા પ્રત્યે નિરુત્તર ન બનશો. (૪૧)

गाम्भीर्यं परिखापदं घनधृतिः प्राकार उद्यद्गुण-
स्तोमश्चाप्तबलं घनेन्द्रियचयो द्वाराणि देहे स्थितः ।

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



विद्या वस्तुसमृद्धिरित्यखिलसामग्रीसमेते सदा
दुर्गातिप्रियदेव मामकमनोदुर्गे निवासं कुरु ॥ ४२ ॥

गांभीर्यम् - ગંભીરતા; ઊંડાણ; परिखा-पदम् - ખાઈનું સ્થાન; घन-धृतिः ગાઢ ધીરજ; प्राकारः - કોટ; उद्यद्गुणस्तोमः- ઉદય પામતા ગુણોનો સમૂહ; आप्तबलम् - સ્વજનોરૂપી શક્તિ; घनेन्द्रिय-चयः - ઘનિષ્ઠ ઈન્દ્રિયોનો સમૂહ; मामक-मनो-दुर्गे - મારા મનરૂપી કિલ્લામાં.

હે દુર્ગાદેવીના અતિપ્રિય દેવ, - શંકર ! મારા મનરૂપી કિલ્લામાં આપ નિવાસ કરો : આ કિલ્લો, - કે જ્યાં ગાંભીર્ય એ જ ખાઈ છે, ગાઢ ધીરજ એ જ પ્રાકાર (કોટ) છે, અને ઉદય પામતા ગુણોનો સમૂહ એ જ સ્વજનોરૂપી બળ છે, શરીરમાં રહેલો ઘનિષ્ઠ ઈન્દ્રિયોનો સમૂહ એ દ્વારો છે; વિદ્યા વસ્તુની સમૃદ્ધિ છે; આ રીતે બધી સામગ્રીઓથી યુક્ત છે. (૪૨)

मा गच्छ त्वमितस्ततो गिरिश भो मय्येव वासं कुरु
स्वामिन्नादिकिरात मामकमनःकान्तारसीमान्तरे ।
वर्तन्ते बहुशो मृगा मदजुषो मात्सर्यमोहादय-
स्तान्हत्वा मृगयाविनोदरुचितालाभं च संप्राप्स्यसि ॥ ४३ ॥

त्वं इतस्ततः मा गच्छ - તું અહીં-તહીં ન જા; मयि एव वासं कुरु - તું મારામાં જ નિવાસ કર. किरात - પર્વતોમાં શિકાર વગેરે કરીને જીવનનિર્વાહ કરતી ભીલ જેવી જાતિ; मामकमनः- कान्तारसीमान्तरे - મારાં મનરૂપી જંગલની સીમા ઉપર, मदजुषः - મદમસ્ત, મદોન્મત્ત, मात्सर्यमोहादयः - મોહ-મત્સર વગેરે; मृगया-विनोद-रुचितालाभम् - શિકાર કરવાના આનંદની રુચિનો લાભ; संप्राप्स्यसि - મેળવી શકશે.

હે સ્વામિન્, હે આદિ કિરાત ! તું અહીં-તહીં ક્યાંય ન જા; મારાં મનરૂપી જંગલની સીમા સમા મારામાં જ રહેવાનું રાખ : ત્યાં મદ-મત્સર વગેરે અનેક મદોન્મત્ત પશુઓ છે; તેમને હણીને તું શિકાર કરવાના તારા શોખની રુચિ સંતોષવાના લાભને સંપન્ન કરી શકીશ. (૪૩)

करलग्नमृगः करीन्द्रभङ्गो
घनशार्दूलविखण्डनोऽस्तजन्तुः ।
गिरिशो विशदाकृतिश्च चेतः-
कुहरे पञ्चमुखोऽस्ति मे कुतो भीः ॥ ४४ ॥

कर-लग्न-मृगः - હાથમાં લાગેલા મૃગવાળા, करीन्द्र-भङ्ग - હાથીનો નાશ કરનાર, घन-शार्दूल-विखण्डनः - ભયંકર વાઘના ટૂકડા કરનાર, अस्तजन्तुः - પ્રાણીઓનો અસ્ત કરનાર, गिरिशः - પર્વત પર રહેનાર, विशद्-आकृतिः - નિર્મળ આકૃતિવાળા, पञ्चमुखः - પાંચ મુખવાળા શંકર, ये - મારા चेतः - ચિત્તની कुहरे - બખોલમાં अस्ति - હોય તો પછી कुतः भीः - ડર ક્યાંથી હોય ?

હાથમાં લાગેલા મૃગવાળા, હાથીનો નાશ કરનાર, ભયંકર વાઘના ટૂકડા કરનાર, પ્રાણીઓનો (પ્રલયકાળે) અસ્ત કરનાર, પર્વત પર રહેનાર પાંચમુખવાળા (ભગવાન શંકર) જો મારા ચિત્તની બખોલમાં હોય તો પછી મને ડર ક્યાંથી હોય ? (૪૪)

નોંધ :- આ શ્લોકમાં વિયોગિની-નામક છંદ પ્રયોજાયો છે.

छन्दःशाखिशिखान्वितैर्द्विजवरैः संसेविते शाश्वते
सौख्यापादिनि खेदभेदिनि सुधासारैः फलैर्दीपिते ।
चेतःपक्षिशिखामणे त्यज वृथासंचारमन्यैरलं
नित्यं शंकरपादपद्मयुगलीनीडे विहारं कुरु ॥ ४५ ॥

(हे) चेतःपक्षिशिखामणे - હે ચિત્તરૂપી પક્ષીશ્રેષ્ઠ ! वृथा संचारं त्यज - નિરર્થક હરવા-ફરવાનું છોડી દે. अन्यैः अलम् - બીજું બધું બસ કર. नित्यं शंकर-पाद-पद्म-युगली-नीडे विहारं कुरु - ભગવાન શંકરનાં બે ચરણકમળનાં માળામાં જ હંમેશ વિહાર કર. शाश्वते छन्दःशाखिशिखान्वितैः द्विजवरैः संसेविते - શ્રેષ્ઠ વેદ-વૃક્ષોના શિખરે પહોંચેલા સર્વોત્તમ બ્રાહ્મણોએ જેનું નિત્ય સેવન કર્યું છે; सौख्यापादिनि - સુખપ્રદ; खेद-भेदिनि થાક ઊતારી નાખનાર; सुधासारैः फलैः दीपिते - અમૃતના સારસર્વસ્વરૂપ ફળથી દીપી રહેલા.

હે ચિત્તરૂપી પક્ષીશ્રેષ્ઠ ! તું નિરર્થક પરિભ્રમણ છોડી દે; બીજું બધું બંધ કર, અને શ્રેષ્ઠ વેદવૃક્ષોના શિખરે પહોંચેલા સર્વોત્તમ બ્રાહ્મણોએ જેનું નિત્ય સેવન કર્યું છે એવા, અમૃતના સારસર્વસ્વરૂપ ફળથી દીપી રહેલા, સુખપ્રદ અને થાક ઊતારી નાખનાર, ભગવાન શંકરનાં બે ચરણકમળના માળામાં જ હંમેશ વિહાર કર. (૪૫)

आकीर्णे नखराजिकान्तिविभवैरुद्यत्सुधावैभवै-
राधौतेऽपि च पद्मरागललिते हंसव्रजैराश्रिते ।
नित्यं भक्तिवधूगणैश्च रहसि स्वेच्छाविहारं कुरु
स्थित्वा मानसराजहंस गिरिजानाथाङ्घ्रिसौधान्तरे ॥ ४६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे मानस-राजहंस, गिरिजानाथांघ्रि-सौधान्तरे स्थित्वा रहसि स्वेच्छा-विहारं कुरु । - હે માનસરાજહંસ (મનરૂપી રાજહંસ) ! ગિરિજા એવાં પાર્વતીના નાથ, ભગવાન શંકરનાં ચરણરૂપી મહેલમાં ભક્તિરૂપી વધૂઓનાં વૃંદોની સાથે રહીને, નિરાંતે, એકાંતમાં, ઈચ્છા અનુસાર હંમેશાં વિહાર કર. नख-राजि-कान्ति-विभवैः उद्यत्सुधा-वैभवैः आकीर्णे-નખનાં અઢળક તેજ અને ઊભરાતાં અમૃતના વૈભવથી ભરપૂર; पद्मरागललिते आधौते - હીરાઓ વડે સુંદર અને સંપૂર્ણરીતે ધોળવામાં આવેલો; हंसव्रजैः आश्रिते - હંસોનાં વૃંદોએ જેમાં આશ્રય લીધો છે, તેવો;

હે માનસ-રાજહંસ ! નખનાં અઢળક તેજ અને ઊભરાતાં અમૃતના વૈભવથી ભરપૂર, હીરાઓ વડે સુંદર અને સંપૂર્ણરીતે ધોળવામાં આવેલા, અને હંસોનાં વૃંદોએ જેમાં આશ્રય લીધો છે એવા, - પાર્વતીપતિ ભગવાન શંકરનાં ચરણરૂપી મહેલમાં ભક્તિરૂપી વધૂઓનાં વૃંદોની સાથે રહીને, નિરાંતે, એકાંતમાં, ઈચ્છા અનુસાર, તું હંમેશાં વિહાર કર ! (૪૬)

शंभुध्यानवसन्तसङ्गिनि हृदारामेऽघजीर्णच्छदाः
स्रस्ता भक्तिलताच्छटा विलसिताः पुण्यप्रवालश्रिताः ।
दीप्यन्ते गुणकोरका जपवचःपुष्पाणि सद्वासना
ज्ञानानन्दसुधामरन्दलहरी संवित्फलाभ्युन्नतिः ॥ ४७ ॥

हृदारामे - મારા હૃદયરૂપી બગીચામાં; अघजीर्णच्छदाः- પાપરૂપી જૂનાં પાંદડાં, स्रस्ताः- ખરી પડયાં; पुण्य-प्रवाल-श्रिताः- પુણ્યરૂપી અંકુરો પર આશ્રિત; भक्ति-लता-च्छटाः- ભક્તિરૂપી વેલની છટા, विलसिताः- શોભી રહી છે; गुणकोरकाः दीप्यन्ते - સદ્‌ગુણની કળીઓ ચળકી રહી છે; मरन्द - ફૂલોનો રસ.

શંકરનાં ધ્યાનરૂપ વસંતનાં સંગવાળા હૃદયરૂપી બગીચામાં, પાપનાં જૂનાં પાંદડાં ખરી પડ્યાં છે; પુણ્યના અંકુરના આધારવાળી ભક્તિરૂપ લતાની છટા શોભી રહી છે; ગુણની કળીઓ ચળકી રહી છે; જપ કરવા માટેના શબ્દો એ જ પુષ્પો છે; અને શુભ-વાસના એ જ જ્ઞાનાનન્દ-અમૃતરસની લહરી છે; અને પરમજ્ઞાન એ ફળોનો આવિષ્કાર છે. (૪૭)

नित्यानन्दरसालयं सुरमुनिस्वान्ताम्बुजाताश्रयं
स्वच्छं सद्द्विजसेवितं कलुषहृत्सद्वासनाविष्कृतम् ।
शंभुध्यानसरोवरं व्रज मनोहंसावतंस स्थिरं
किं क्षुद्राश्रयपल्वलभ्रमणसंजातश्रमं प्राप्स्यसि ॥ ४८ ॥

(हे) मनोहंसावतंस ! स्थिरं शंभु-ध्यान-सरोवरं व्रज । હે મનરૂપી હંસશ્રેષ્ઠ ! ભગવાન શંકરનાં ધ્યાનરૂપી સ્થિર સરોવરમાં જા ! क्षुद्राश्रय-पल्वल-भ्रमण-संजातश्रमम् किं प्राप्स्यसि ? - ક્ષુદ્ર આશ્રય સમા ખાબોચિયામાં આથડવાથી ઉત્પન્ન થતો થાક શા માટે પામે છે ? नित्यानन्द-रसालयम् - નિત્ય આનંદના રસનું ધામ; सुरमुनि-स्वान्ताम्बुजाताश्रयम् - દેવો અને મુનિઓનાં હૃદય-જળ માટેનું આશ્રયસ્થાન; सद्-द्विज-सेवितम् - સજ્જનોરૂપી પંખીઓ વડે સેવાતું. कलुष-हृत्सद्वासना-आविष्कृतम् - ડહોળાયેલાં હૃદયની શુભ વાસનાઓનો જેમાં આવિષ્કાર થયો છે.

હે મનરૂપી હંસશ્રેષ્ઠ ! ક્ષુદ્ર આશ્રય સમા ખાબોચિયામાં આથડવાથી ઉત્પન્ન થતો થાક શા માટે પામે છે ? (એના કરતાં તો) નિત્ય આનંદ-રસનાં ધામ સમા, દેવો અને મુનિઓનાં હૃદયજળ માટેનાં આશ્રયસ્થાન સમા, ડહોળાયેલાં હૃદયની શુભ વાસનાઓ જેમાં આવિષ્કૃત થઈ છે, સજ્જનોરૂપી પંખીઓ જેનું સેવન કરે છે, એવા ભગવાન શંકરનાં ધ્યાનરૂપી સ્થિર સરોવરમાં તું જા ! (૪૮)

आनन्दामृतपूरिता हरपदाम्भोजालवालोद्यता
स्थैर्योपघ्नमुपेत्य भक्तिलतिका शाखोपशाखान्विता ।
उच्चैर्मानसकायमानपटलीमाक्रम्य निष्कल्मषा
नित्याभीष्टफलप्रदा भवतु मे सत्कर्मसंवर्धिता ॥ ४९ ॥

मे भक्ति-लतिका नित्याभीष्ट-फल-प्रदा भवतु - ભક્તિની મારી વેલ હંમેશ અભીષ્ટ ફળ આપનારી બની રહો ! आनन्दामृत-पूरिता - આનંદરૂપી અમૃતથી ભરેલી; हरपदाम्भोजालवालोद्यता - ભગવાન શંકરનાં ચરણકમળરૂપી ક્યારડાવાળી; शाखोप-शाखान्विता - નાની-મોટી અનેક ડાળીઓવાળી; निष्कल्मषा - કાદવ - વિહોણી; सत्कर्म-संवर्धिता - સત્કર્મો વડે સંવૃદ્ધિ પામતી; उपघ्नः- રક્ષણ, ટેકો; स्थैर्योपघ्नमुपेत्य - સ્થિરતા અને ટેકો મેળવીને; उच्चैः मानस-कायमान-पटलीं आक्रम्य - મન અને શરીરમાંના અભિમાનના સમૂહ પર જોરદાર આક્રમણ કરીને.

આનંદરૂપી અમૃતથી ભરેલી, ભગવાન શંકરનાં ચરણકમળરૂપી ક્યારડાવાળી, સ્થિરતા અને ટેકો પામીને નાની-મોટી અનેક ડાળીઓવાળી, મન અને શરીરમાંનાં અભિમાનના સમૂહ પર જોરદાર આક્રમણ કરીને ગંદકી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહોણી બનેલી અને સત્કર્મો વડે સંવર્ધન પામેલી મારી ભક્તિ-લતા હંમેશ અભીષ્ટ ફળ-આપનારી બની રહો ! (૪૯)

संध्यारम्भविजृम्भितं श्रुतिशिरःस्थानान्तराधिष्ठितं
सप्रेमभ्रमराभिराममसकृत्सद्वासनाशोभितम् ।
भोगीन्द्राभरणं समस्तसुमनःपूज्यं गुणाविष्कृतं
सेवे श्रीगिरिमल्लिकार्जुनमहालिङ्गं शिवालिङ्गितम् ॥ ५० ॥

श्री-गिरिमल्लिकार्जुनमहालिङ्गम् (अहं) सेवे । શ્રી ગિરિમલ્લિકાર્જુનમહાલિંગને હું સેવું છું, પૂજું છું; शिवालिङ्गितम् - પાર્વતીજી વડે આલિંગન પામેલું; संध्यारम्भविजृम्भितम् - સંધ્યાના આરંભકાળે વિકાસ પામતું; श्रुतिशिरः-स्थानान्तराधिष्ठितम् - વેદોનાં મસ્તક પર અધિષ્ઠિત; सप्रेम-भ्रमराभिरामम् - પ્રેમાળ ભ્રમરો વડે સુંદર; असकृत्-सद्वासना-शोभितम् - શુભ વાસનાઓ વડે સતત શોભતું; भोगीन्द्र-आभरणम् નાગેન્દ્રનાં આભૂષણવાળું; समस्तसुमनः-पूज्यम् - સર્વ સજ્જનોનું પૂજ્ય; गुणाविष्कृतम् - સદ્ગુણો વડે આવિષ્કૃત.

સંધ્યાના આરંભકાળે વિકાસ પામતાં, વેદોનાં મસ્તક પર અધિષ્ઠિત, પ્રેમાળ ભ્રમરો વડે સુંદર, શુભ વાસનાઓ વડે સતત શોભતાં, નાગેન્દ્રનાં આભૂષણવાળાં, સહુ સજ્જનોનું પૂજ્ય, સદ્ગુણો વડે આવિષ્કૃત અને પાર્વતીજી વડે આલિંગન પામી રહેલાં એ શ્રીગિરિમલ્લિકાર્જુનમહાલિંગને હું સેવું છું. (૫૦)

भृङ्गीच्छानटनोत्कटः करिमदग्राही स्फुरन्माधवा-
ह्लादो नादयुतो महासितवपुः पञ्चेषुणा चादृतः ।
सत्पक्षः सुमनोवनेषु स पुनः साक्षान्मदीये मनो-
राजीवे भ्रमराधिपो विहरतां श्रीशैलवासी विभुः ॥ ५१ ॥

મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : सः श्रीशैलवासी विभुः साक्षात् मदीये मनो-राजीवे विहरताम् । - શ્રીશૈલમાં વસતા તે સાક્ષાત્ ભગવાન શંકર મારાં મન-કમળમાં વિહાર કરતા રહો ! भृंगीच्छानट-नोत्कटः- ભમરીઓનાં ઈચ્છાનૃત્ય વડે મત્ત; करि-मदग्राही - હાથીના મદવાળા; स्फुरन्माधवाहलादः- ચળકતાં મધના આનંદવાળા; नादयुतः નાદ-યુક્ત; महासितवपुः- અત્યંત શ્વેત શરીરવાળા; पञ्चेषुणा आदृतः - કામદેવ વડે માન પામેલા; सुमनोवनेषु सत्पक्षः- સજ્જનોના સમુદાયમાં સારા પક્ષવાળા; भ्रमराधिपः- ભ્રમરોના સ્વામી.

ભમરીઓના ઈચ્છા-નૃત્ય વડે મત્ત, હાથીના મદવાળા, ચળકતાં મધના આનંદવાળા, નાદ-યુક્ત, અત્યંત શ્વેત શરીરવાળા, કામદેવ વડે માન પામેલા, સજ્જનોના સમુદાયમાં સારા પક્ષવાળા અને ભ્રમરોના સ્વામી, - એવા શ્રીશૈલમાં વસતા તે સાક્ષાત્ ભગવાન શંકર મારાં મન-કમળમાં વિહાર કરતા રહો ! (૫૧)

कारुण्यामृतवर्षिणं घनविपद्ग्रीष्मच्छिदाकर्मठं
विद्यासस्यफलोदयाय सुमनःसंसेव्यमिच्छाकृतिम् ।
नृत्यद्भक्तमयूरमद्रिनिलयं चञ्चज्जटामण्डलं
शंभो वाञ्छति नीलकंधर सदा त्वां मे मनश्चातकः ॥ ५२ ॥

(हे) शंभो, नीलकन्धर, मे मनश्चातकः सदा त्वां वाञ्छति । - હે નીલકંઠ ભગવાન શંકર, મારું મનરૂપી ચાતક સદા આપને ઝંખે છે. कारुण्यामृत-वर्षिणम् - કરુણાનાં અમૃતની વર્ષા કરતા; घन-विपद्-ग्रीष्मच्छिदाकर्मठम् - ઘેરી વિપત્તિરૂપી ગ્રીષ્મનો અંત લાવવામાં કર્મઠ; विद्यासस्य-फलोदयाय - વિદ્યારૂપી ધાન્ય-ફળની ઉત્પત્તિ માટે; सुमनः - સજ્જનો વડે. संसेव्यम् - સેવા પામતા; इच्छाकृतिम् - ઈચ્છા પ્રમાણે આકાર ધારણ કરતા; नृत्यद्-भक्त-मयूरम् - જેમની સમક્ષ ભક્તોરૂપી મયૂરો નાચી રહ્યાં છે; अद्रि-निलयम् - પર્વત-નિવાસી; चञ्चत्-जटा-मण्डलम् - જેમની વિશાળ જટા ફરફરી રહી છે.

હે નીલકંઠ ભગવાન શંકર, મારું મનરૂપી ચાતક આપને સદા આવાં સ્વરૂપમાં ઝંખે છે : કરુણાનાં અમૃતની વર્ષા કરતા, ઘેરી વિપત્તિરૂપી ઉનાળાનો અંત લાવવામાં કર્મઠ, વિદ્યારૂપી ધાન્ય-ફળની ઉત્પત્તિ માટે સજ્જનો વડે સેવા પામતા, ઈચ્છા પ્રમાણે આકાર ધારણ કરતા, જેમની સમક્ષ ભક્તોરૂપી મયૂરો નૃત્ય કરી રહ્યાં છે અને જેમની વિશાળ જટા ફરફરી રહી છે એવા પર્વત-નિવાસી ! (૫૨)

आकाशेन शिखी समस्तफणिनां नेत्रा कलापी नता-
नुग्राहिप्रणवोपदेशनिनदैः केकीति यो गीयते ।
श्यामां शैलसमुद्भवां घनरुचिं दृष्ट्वा नटन्तं मुदा
वेदान्तोपवने विहाररसिकं तं नीलकण्ठं भजे ॥ ५३ ॥

तं नीलकण्ठं (अहं) भजे । - તે ભગવાન નીલકંઠને હું ભજું છું. वेदान्तोपवने - વેદાન્તનાં ઉપવનોમાં. विहार-रसिकम् - વિહાર કરવામાં રસિક; शैलसमुद्भवां घनरुचिं श्यामां दृष्ट्वा मुदा नटन्तम् - અત્યંત લાવણ્યવાળાં અને શ્યામા એવાં પર્વતપુત્રીનાં દર્શને સહર્ષ નાચી ઊઠતા; शिखी कलापी केकी इति यः गीयते । - જેમનું મયૂર તરીકે ગાન કરવામાં આવે છે. आकाशेन - આકાશ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે; समस्त-फणिनां नेत्रा - સમગ્ર સર્પોના નેતા વડે; नतानुग्राहि-प्रणवोपदेश-निनदैः- પ્રણામ કરતા ભક્તોના ઓંકાર-ઉપદેશના નાદ વડે.

જેમનું આકાશ વડે 'શિખી' (મયૂર) તરીકે, સમગ્ર સર્પોના નેતા વડે 'કલાપી' (મયૂર) અને પ્રણામ કરતા ભક્તોના ઓમ્કાર - ઉપદેશના નાદ વડે 'કેકી' (મયૂર), - એ રીતે ગાન કરવામાં આવે છે, અત્યંત લાવણ્યવાળાં અને શ્યામા એવાં પર્વતપુત્રીનાં દર્શને જે સહર્ષ નાચી ઊઠે છે અને જે વેદાંતનાં ઉપવનોમાં વિહારના રસિક છે, - એવા તે નીલકંઠ ભગવાનને હું ભજું છું. (૫૩)

संध्या घर्मदिनात्ययो हरिकराघातप्रभूतानक-
ध्वानो वारिदगर्जितं दिविषदां दृष्टिच्छटा चञ्चला ।
भक्तानां परितोषबाष्पविततिर्वृष्टिर्मयूरी शिवा
यस्मिन्नुज्ज्वलताण्डवं विजयते तं नीलकण्ठं भजे ॥ ५४ ॥

यस्मिन् उज्वल-ताण्डवं विजयते, तं नीलकण्ठं भजे । જેમાં ઉજ્જવળ તાંડવ-નૃત્ય જય પામે છે, તેવા ભગવાન નીલકંઠને હું ભજું છું. જ્યારે સંધ્યાનો સમય છે; घर्म-दिनात्ययः - ઉનાળાના દિવસોનો અંત આવ્યો છે; हरि-कराघात-प्रभूतानक-ध्वानः- ભગવાન વિષ્ણુના હાથે વગાડવામાં આવતા ઢોલનો મોટો અવાજ હોય છે; वारिद-गर्जितम् - વાદળાંનાં ગર્જન હોય છે; दिविषदां चञ्चला दृष्टिच्छटा - દેવોની ચંચળ દૃષ્ટિની છટા હોય છે; भक्तानां परितोष-बाष्प-विततिः वृष्टिः- ભક્તોનાં સંતોષનાં આંસુઓનો ધોધમાર વરસાદ ચાલુ હોય, शिवा मयूरी (भवति) - પાર્વતીજી (સ્વયં) મયૂરી બની રહેતાં હોય !

જ્યારે સંધ્યાનો સમય છે, ઉનાળાના દિવસોનો અંત આવ્યો હોય છે, ભગવાન વિષ્ણુના હાથે વગાડવામાં આવતા ઢોલનો પ્રચંડ અવાજ હોય છે; વાદળાંનાં ગર્જન ચાલી રહ્યાં હોય છે, દેવો ચંચળ છટાપૂર્વક જોઈ રહ્યા હોય; ભક્તોનાં સંતોષનાં આંસુઓનો ધોધમાર વરસાદ ચાલુ હોય, અને (સ્વયં) પાર્વતીજી મયૂરી બની (નાચી) રહ્યાં હોય, - એવું જેનું ઉજ્જવળ તાંડવ-નૃત્ય જય પામે છે, તે ભગવાન નીલકંઠને હું ભજું છું. (૫૪)

आद्यायामिततेजसे श्रुतिपदैर्वेद्याय साध्याय ते
विद्यानन्दमयात्मने त्रिजगतः संरक्षणोद्योगिने ।
ध्येयायाखिलयोगिभिः सुरगणैर्गेयाय मायाविने
सम्यक्ताण्डवसंभ्रमाय जटिने सेयं नतिः शंभवे ॥ ५५ ॥

सा इयं नतिः शंभवे (अस्तु) - આ પ્રણામ ભગવાન શંભુ પ્રત્યે હો ! आद्याय - જે આદ્ય છે, સૌપ્રથમ છે; अमित-तेजसे - અઢળક તેજવાળા; श्रुतिपदैः वेद्याय - વેદ-મંત્રો વડે જાણી શકાય તેવા; साध्याय - જીવનનું જે પરમ સાધ્ય છે; विद्यानन्द-मयात्मने - જેમનો આત્મા વિદ્યાના આનંદથી પૂર્ણ છે; त्रिजगतः संरक्षणोद्योगिने - ત્રણેય જગતનાં સંરક્ષણ માટે જેઓ (સતત) પ્રયત્નશીલ રહે છે; अखिल-योगिभिः ध्येयाय - સર્વ યોગીજનોનાં જે ધ્યેયરૂપ છે; सुरगणैः गेयाय - દેવસમૂહો વડે જેમનાં ગીતો ગવાય છે; मायाविने - માયાવી; सम्यक्-ताण्डव-संभ्रमाय - જેમને સમુચિત તાંડવનૃત્યના સંભ્રમ થાય છે; जटिने - જટાવાળા.

આદ્ય, અઢળક તેજવાળા, વેદ-મંત્રો વડે જેમને જાણી શકાય છે, જે (જીવનનું પરમ) સાધ્ય છે, જેમનો આત્મા વિદ્યાના આનંદથી પૂર્ણ છે, ત્રણે ય જગતનાં સંરક્ષણ માટે જે (સતત) પ્રયત્નશીલ રહે છે, સર્વ યોગીજનોનાં જે ધ્યેયરૂપ છે, દેવસમૂહો વડે જેમનાં ગીતો ગવાય છે, જેમને સમુચિત તાંડવનૃત્યનો સંભ્રમ થયો છે, તેવા માયાવી અને જટાવાળા, - એવા ભગવાન શંભુ પ્રત્યે (અમારા) આ પ્રણામ હો ! (૫૫)

नित्याय त्रिगुणात्मने पुरजिते कात्यायनीश्रेयसे
सत्यायादिकुटुम्बिने मुनिमनःप्रत्यक्षचिन्मूर्तये ।
मायासृष्टजगत्त्रयाय सकलाम्नायान्तसंचारिणे
सायंताण्डवसंभ्रमाय जटिने सेयं नतिः शंभवे ॥ ५६ ॥

सा इयं नतिः शंभवे - આ પ્રણામ ભગવાન શંભુ પ્રત્યે હો ! કેવા ભગવાન ? नित्याय - નિત્ય; त्रिगुणात्मने - (સત્ત્વ, રજસ્ અને તમસ્ - એ) ત્રણેય ગુણથી સભર; पुरजिते - ત્રિપુરવિજયી; कात्यायनी-श्रेयसे - પાર્વતીજીનાં કલ્યાણસ્વરૂપ; सत्याय - સત્યસ્વરૂપ; आदि-कुटुम्बिने - સૌપ્રથમ ગૃહસ્થાશ્રમી; मुनिमनः-प्रत्यक्ष-चिन्मूर्तये - મુનિજનોનાં મન માટે જે જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ છે; माया-सृष्ट-जगत्-त्रयाय - જેમણે માયા વડે ત્રણેય જગતનું સર્જન કર્યું છે; सकलाम्नायान्त-संचारिणे - સર્વ વેદોની અંદર જે સંચાર કરી રહ્યા છે; सायं-ताण्डव-संभ्रमाय - સાંજનાં તાંડવનૃત્યનો જેમને સંભ્રમ થયો છે; जटिने - જટાવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સત્ત્વ, રજસ્ અને તમસ્ - એ) ત્રણેય ગુણોથી સભર, મુનિજનોનાં મન માટે જે જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ છે, જેમણે માયા વડે ત્રણેય જગતનું સર્જન કર્યું છે, સર્વ વેદોની અંદર જે સંચાર કરી રહ્યા છે, સાંજના તાંડવ-નૃત્ય માટે જેમને સંભ્રમ થયો છે, તેવા - નિત્ય, ત્રિપુરવિજયી, પાર્વતીજીનાં કલ્યાણ-સ્વરૂપ, સત્યસ્વરૂપ, સૌપ્રથમ ગૃહસ્થાશ્રમી, અને જટાવાળા, - એવા ભગવાન શંભુ પ્રત્યે (અમારા) આ પ્રણામ હો ! (૫૬)

नित्यं स्वोदरपूरणाय सकलानुद्दिश्य वित्ताशया
व्यर्थं पर्यटनं करोमि भवतः सेवां न जाने विभो ।
मज्जन्मान्तरपुण्यपाकबलतस्त्वं शर्व सर्वान्तर-
स्तिष्ठस्येव हि तेन वा पशुपते ते रक्षणीयोऽस्म्यहम्
॥ ५७ ॥

स्वोदरपूरणाय - પોતાનું પેટ ભરવા માટે, वित्ताशया सकलान् उद्दिश्य - સઘળાં ધનની આશાના ઉદ્દેશથી; अन्तर-पुण्य-पाक-बलतः- હૃદયમાંનાં પુણ્યોના પાકની શક્તિ વડે; मा मज्जन् - મારામાં પ્રવેશીને; सर्वान्तरः - સહુના અંતરમાં રહેલા. (હે) पशुपते, अहं ते रक्षणीयः अस्मि । - હે પશુપતિ, આપે મારું રક્ષણ કરવાનું છે.

સઘળાં ધનની આશાના ઉદ્દેશથી, પોતાનું પેટ ભરવા માટે, હું રોજ નિરર્થક પરિભ્રમણ કરું છું, (પણ) હે વિભો, આપની સેવાને હું જાણતો નથી, સહુનાં અંતરમાં રહેલા આપ, હે શર્વ, હૃદયમાંનાં પુણ્યોના પાકની શક્તિ વડે મારામાં પ્રવેશીને આપ ત્યાં ઊભા જ છો, તો હે પશુપતિ ! તે કારણે આપે મારું રક્ષણ કરવાનું છે. (૫૭)

एको वारिजबान्धवः क्षितिनभोव्याप्तं तमोमण्डलं
भित्त्वा लोचनगोचरोऽपि भवति त्वं कोटिसूर्यप्रभः ।
वेद्यः किं न भवस्यहो घनतरं कीदृग्भवेन्मत्तम-
स्तत्सर्वं व्यपनीय मे पशुपते साक्षात्प्रसन्नो भव ॥ ५८ ॥

वारिज-बान्धवः - જળમાં જન્મનાર અર્થાત્ કમળનો બંધુ એવો સૂર્ય एकः - એક જ છે अपि - છતાં પણ क्षिति-नभो-व्याप्तम् - પૃથ્વી અને આકાશમાં વ્યાપેલ तमोमडिलम् - અંધકારના મંડલને भित्त्वा - ભેદીને लोचन-गोचरः - દૃષ્ટિગોચર भवति - થાય છે. त्वम् - આપ कोटि-सूर्य-प्रभः - કરોડો સૂર્યની કાન્તિવાળા છો તો પછી वेद्यः - જાણી શકાય તેવા किम् - શા માટે न भवसि - થતા નથી मे - મારા तमः - અંધકાર किदृक् - એવો તે કેવો घनतरम् - અત્યંત ગાઢો भवेत् - હશે ? (કે જેથી તમે દેખાતા નથી ?) तत् - તે सर्वम् - સઘળા(અંધકાર)ને व्यपनीय - દૂર કરીને पशुपते - હે પશુપતિ ! साक्षात्-प्रसन्नः - સાક્ષાત્ પ્રસન્ન भव - થાવ.

કમળનો બંધુ સૂર્ય એક છે છતાં પૃથ્વી અને આકાશમાં વ્યાપેલા અંધકારના મંડલને ભેદીને દૃષ્ટિગોચર થાય છે. આપ કરોડો સૂર્યની કાન્તિવાળા છો પછી જાણી શકાય તેવા શા માટે થતા નથી ? મારો અંધકાર એવો તે કેવા અત્યંત ગાઢો હશે (કે આપ દેખાતા નથી.) તે સઘળા અંધકારને દૂર કરી હે પશુપતિ ! આપ સાક્ષાત પ્રસન્ન થાવ (અને મને દર્શન આપો). (૫૮)

हंसः पद्मवनं समिच्छति यथा नीलाम्बुदं चातकः
कोकः कोकनदप्रियं प्रतिदिनं चन्द्रं चकोरस्तथा ।
चेतो वाञ्छति मामकं पशुपते चिन्मार्गमृग्यं विभो
गौरीनाथ भवत्पदाब्जयुगलं कैवल्यसौख्यप्रदम् ॥ ५९ ॥

कोकः - ચક્રવાક પક્ષી; कोकनद-प्रियम् - કમળને જે પ્રિય છે, તે સૂર્ય; चिन्मार्ग-मृग्यम् - જ્ઞાનમાર્ગ વડે શોધવા યોગ્ય.

હંસ જેમ કમળવનને, ચાતક જેમ કાળાં વાદળાંને, ચક્રવાક જેમ સૂર્યને અને ચકોર-પક્ષી જેમ ચંદ્રને ઝંખે છે, તેમ જ હે વિભો, હે પશુપતિ, હે પાર્વતીનાથ, હું પણ જ્ઞાનમાર્ગ વડે શોધવા યોગ્ય અને મોક્ષનું સુખ આપનાર, જેને હું મારું પોતાનું સમજું છું એવાં આપનાં બે ચરણકમળને ઝંખી રહ્યો છું. (૫૯)

रोधस्तोयहृतः श्रमेण पथिकश्छायां तरोर्वृष्टितो
भीतः स्वस्थगृहं गृहस्थमतिथिदीनः प्रभुं धार्मिकम् ।
दीपं संतमसाकुलश्च शिखिनं शीतावृतस्त्वं तथा
चेतः सर्वभयापहं व्रज सुखं शंभोः पदाम्भोरुहम् ॥ ६० ॥

श्रमेण रोधस्तोयहृतः पथिकः- થાકને કારણે તરસ્યો થયેલો મુસાફર; वृष्टितः भीतः - વરસાદથી ભયભીત, संतमसाकुलः- ઘેરા અંધકારથી વ્યાકુળ; शीतावृतः- ઠંડીથી ઘેરાયેલો; शिखिनम् - અગ્નિને;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાકને કારણે તરસ્યો થયેલો મુસાફર જેમ વૃક્ષનાં છાંયડે જાય, વરસાદથી ભયભીત થયેલો અતિથિ જેમ સ્વસ્થ ઘરવાળા ગૃહસ્થ પાસે જાય, ગરીબ માણસ જેમ ધાર્મિક સ્વામી પાસે જાય, ઘેરા અંધકારથી વ્યાકુળ માણસ દીવા પાસે જાય, અને ઠંડીમાં ઘેરાયેલો માણસ અગ્નિ પાસે જાય, - તેમ હે (મારાં) ચિત્ત ! તું પણ સર્વ ભયનો નાશ કરનાર એવાં ભગવાન શંભુનાં ચરણકમળને સુખપૂર્વક પામી રહે ! (૬૦)

अङ्कोलं निजबीजसंततिरयस्कान्तोपलं सूचिका
साध्वी नैजविभुं लता क्षितिरुहं सिन्धुः सरिद्वल्लभम् ।
प्राप्नोतीह यथा तथा पशुपतेः पादारविन्दद्वयं
चेतोवृत्तिरुपेत्य तिष्ठति सदा सा भक्तिरित्युच्यते ॥ ६१ ॥

अंकोलम् - (અંકોલ) એ નામનું વૃક્ષ; अयस्कान्तोपलम् - લોહચુંબકને; सूचिका-સોય; नैजविभुम् - પોતાના જ પતિને; क्षितिरुहम् - વૃક્ષને; सरिद्वल्लभम् - સમુદ્રને. સાચી, સંનિષ્ઠ ભક્તિ કોને કહેવાય, એની વ્યાખ્યા, આ શ્લોકમાં દુન્યવી જીવનનાં કેટલાંક ઉદાહરણો દ્વારા, આપવામાં આવી છે.

અંકોલ-વૃક્ષનાં પોતાનાં બીજનો સમૂહ જેમ સ્વાભાવિક રીતે જ તે વૃક્ષને પામી રહે છે, સોય જેમ લોહચુંબકને, સાધ્વી-સ્ત્રી જેમ પોતાના જ પતિને, લતા જેમ વૃક્ષને, નદી જેમ સમુદ્રને, - એ જ રીતે, જો ચિત્તવૃત્તિ સદા પશુપતિ-ભગવાન શંકરનાં ચરણકમળમાં જઈને સ્થિર થાય, - તો તેને જ (સાચી, સંનિષ્ઠ) ભક્તિ કહેવાય. (૬૧)

आनन्दाश्रुभिरातनोति पुलकं नैर्मल्यतश्छादनं
वाचाशङ्खमुखे स्थितैश्च जठरापूर्तिं चरित्रामृतैः ।
रुद्राक्षैर्भसितेन देव वपुषो रक्षां भवद्भावना-
पर्यङ्के विनिवेश्य भक्तिजननी भक्तार्भकं रक्षति ॥ ६२ ॥

पुलकं - રોમહર્ષ; आतनोति - આપે છે; छादनम् - આવરણ, વસ્ત્રો; चरित्रामृतैः- જીવનચરિત્રરૂપી અમૃત વડે; वाचाशंखमुखे स्थितैः - વાણીરૂપી શંખનાં મુખ પર રહેલ; जठरापूर्तिम् - ઉદરપૂર્તિ, પેટ ભરવાનું, भसितेन - ભસ્મ વડે; भवद्भावनापर्यंके विनिवेश्य - આપના પ્રત્યે સેવેલી સદ્ભાવનારૂપી પથારીમાં પ્રવેશીને; भक्तिजननी भक्तार्भकं रक्षति - ભક્તિરૂપી માતા પોતાનાં ભક્તરૂપી બાળકનું રક્ષણ કરે છે.

આનંદાશ્રુ વડે રોમહર્ષ આપે છે, નિર્મળતા વડે વસ્ત્રો, વાણીરૂપી શંખના મુખ પર રહેલાં (આપનાં) જીવનચરિત્રરૂપી અમૃત વડે ઉદરપૂર્તિ, અને રુદ્રાક્ષ તથા ભસ્મ વડે, હે દેવ ! દેહનું રક્ષણઃ (આ રીતે) આપના પ્રત્યે સેવેલી સદ્ભાવનારૂપી પથારીમાં પ્રવેશીને, ભક્તિરૂપી માતા પોતાના ભક્તરૂપી બાળકનું રક્ષણ કરે છે. (૬૨)

मार्गावर्तितपादुका पशुपतेरङ्गस्य कूर्चायते
गण्डूषाम्बुनिषेचनं पुररिपोर्दिव्याभिषेकायते ।
किंचिद्भक्षितमांसशेषकवलं नव्योपहारायते
भक्तिः किं न करोत्यहो वनचरो भक्तावतंसायते ॥ ६३ ॥

भक्तिः किं न करोति ? - ભક્તિ શું નથી કરી શકતી ? અરે, એ તો બધું જ કરી શકે છે; पशुपतेः मार्गावर्तितपादुका अंगस्य कूर्चायते । માર્ગમાં મળી આવેલી ભગવાન પશુપતિની પાદુકા (પણ) શરીર માટે દાઢી બની જાય છે. पुररिपोः गण्डूषाम्बुनिषेचनं दिव्याभिषेकायते । - એ ત્રિપુરારિના કોગળાનાં જળનું સિંચન (પણ) દિવ્ય અભિષેક બની જાય છે; किंचिद्भक्षितमांसशेषकवलं नव्योपहारायते । - તેમણે ખાધેલા થોડા માંસનો કોળિયો (પણ) નવો-તાજો ઉપહાર બની જાય છે. અને સૌથી આશ્ચર્યકારક તો એ હકીકત છે કે અહો, वनचरः (अपि) भक्तावतंसायते । - અહો ! કોઈ જંગલી (માણસ કે જાનવર પણ) સર્વોત્તમ ભક્ત બની જાય છે.

માર્ગમાં મળી આવેલી ભગવાન પશુપતિની પાદુકા (પણ) શરીર માટે દાઢી બની જાય છે; એ ત્રિપુરારિના કોગળાનું જળસિંચન (પણ) દિવ્ય અભિષેક બની જાય છે; તેમણે ખાધેલા થોડા માંસનો કોળિયો (પણ) નવો-તાજો ઉપહાર બની જાય છે : ભક્તિ શું નથી કરી શકતી ? અરે, જંગલી (માણસ કે જાનવર પણ) સર્વશ્રેષ્ઠ ભક્ત બની જાય છે ! (૬૩)

वक्षस्ताडनमन्तकस्य कठिनापस्मारसंमर्दनं
भूभृत्पर्यटनं नमत्सुरशिरःकोटीरसंघर्षणम् ।
कर्मेदं मृदुलस्य तावकपदद्वन्द्वस्य किं वोचितं
मच्चेतोमणिपादुकाविहरणं शंभो सदाङ्गीकुरु ॥ ६४ ॥

मृदुलस्य तावक-पद-द्वन्द्वस्य इदं कर्म किं वा उचितम् ? - આપનાં સુકોમળ ચરણકમળનું આ કર્મ શું યોગ્ય છે ? अन्तकस्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वक्षस्ताडनम् - યમ છાતી ફૂટે તે; कठिनापस्मारसंमर्दनम् - ભારે વાઈ આવવાનું સંમર્દન; भूभृत्पर्यटनम् - રાજાની રખડપટ્ટી; नमत्सुर-शिरःकोटीर-संघर्षणम् - નમી રહેલા દેવોના મસ્તક પર ઈન્દ્રનો સંઘર્ષ; हे शंभो, मच्चेतोमणिपादुकाविहरणं सदा अंगीकुरु - હે ભગવાન શંભુ ! મણિ જેવા મારા ચિત્તરૂપી પાદુકાના વિહારનો આપ હંમેશાં સ્વીકાર કરો.

યમ છાતી ફૂટે તે, ભારે વાઈ આવવાનું સંમર્દન, રાજાની રખડપટ્ટી, નમી રહેલા દેવોના મસ્તક પર ઈન્દ્રનો સંઘર્ષ : આપનાં સુકોમળ ચરણકમળનું આ (બધું) કાર્ય શું યોગ્ય છે ? હે ભગવાન શંભુ ! મણિ જેવા મારા ચિત્તરૂપી પાદુકાના વિહારનો આપ હંમેશાં સ્વીકાર કરો. (૬૪)

वक्षस्ताडनशङ्कया विचलितो वैवस्वतो निर्जराः
कोटीरोज्ज्वलरत्नदीपकलिकानीराजनं कुर्वते ।
दृष्ट्वा मुक्तिवधूस्तनोति निभृताश्लेषं भवानीपते
यच्चेतस्तव पादपद्मभजनं तस्येह किं दुर्लभम् ॥ ६५ ॥

वक्षस्ताडनशङ्कया वैवस्वतः विचलितः (भवति) - છાતી કૂટવાની શંકાના કારણે મનુ-વૈવસ્વત પલાયમાન થઈ જાય છે; निर्जराः- દેવો, कोटीरोज्ज्वल-रत्नदीप-कलिका-नीराजनं कुर्वते - ઈન્દ્રનાં ઉજ્જવળ રત્નદીપની જ્યોતની આરતી ઊતારે છે; (इदं सर्वं) दृष्ट्वा मुक्तिवधूः निभृताश्लेषं तनोति । - (આવું બધું) જોઈને મુક્તિરૂપી યુવતી છૂપી રીતે આશ્લેષ કરી રહે છે. હે ભવાનીપતે, यत् च इतः तव पाद-पद्म-भजनं, तस्य इह किं दुर्लभम् ? - હે ભગવાન ભવાનીપતિ, અહીં (આ સંસારમાં) આપનાં ચરણકમળની ભક્તિ માટે શું દુર્લભ છે ?

છાતી કૂટવાની શંકાને કારણે મનુ-વૈવસ્વત ચલાયમાન થઈ જાય છે, દેવો ઈન્દ્રનાં ઉજ્જવળ રત્નદીપની જ્યોતની આરતી ઊતારે છે, અને (આ બધું) જોઈને મુક્તિરૂપી યુવતી છાનુંમાનું આશ્લેષ કરી રહે છે : હે ભગવાન ભવાનીપતિ, અહીં (આ સંસારમાં) આપનાં ચરણકમળની ભક્તિ માટે શું દુર્લભ છે ? (મતલબ કે કશું જ નહીં.) (૬૫)

क्रीडार्थं सृजसि प्रपञ्चमखिलं क्रीडामृगास्ते जना
यत्कर्माचरितं मया च भवतः प्रीत्यै भवत्येव तत् ।
शंभो स्वस्य कुतूहलस्य करणं मच्चेष्टितं निश्चितं
तस्मान्मामकरक्षणं पशुपते कर्तव्यमेव त्वया ॥ ६६ ॥

क्रीडार्थम् अखिलं प्रपञ्चं सृजसि - ક્રીડાને માટે આપ આ સમસ્ત સંસારનું સર્જન કરો છો; जनाः ते क्रीडामृगाः- મનુષ્યો આપની ક્રીડા માટેનાં પશુઓ છે; मामक-रक्षणम् - મારું રક્ષણ.

(માત્ર) ક્રીડા માટે જ સમસ્ત સંસારનું આપ સર્જન કરો છો; (સહુ) મનુષ્યો આપની ક્રીડા માટેનાં પશુઓ છે; હું જે કાંઈ કર્મ કરું છું, તે આપની પ્રીતિ માટે જ હોય છે; હે ભગવાન શંભો ! મારી ચેષ્ટા-માત્ર નિશ્ચિત રીતે મારા કુતૂહલનું કારણ છે : તેથી હે પશુપતિ ! આપે તો મારું રક્ષણ જ કરવાનું છે. (૬૬)

बहुविधपरितोषबाष्पपूर-
स्फुटपुलकाङ्कितचारुभोगभूमिम् ।
चिरपदफलकाङ्क्षिसेव्यमानां
परमसदाशिवभावनां प्रपद्ये ॥ ६७ ॥

परम-सदाशिवभावनां (अहं) प्रपद्ये - ભગવાન સદાશિવની પરમ સદ્‌ભાવનાને હું પામી રહું ! बहुविध-परितोष-बाष्प-पूर-स्फुट-पुलकाङ्कित-चारु-भोग-भूमिम् - અનેક પ્રકારના સંતોષનાં આંસુઓનાં પૂર વડે જેનો સુંદર ઉપભોગ-પ્રદેશ રોમહર્ષિત થયો છે; चिर-पद-फल-कांक्षि-सेव्यमानाम् - જેને મોક્ષનાં ફળની આકાંક્ષાથી સેવવામાં આવે છે તે.

અનેક પ્રકારના સંતોષનાં આંસુઓનાં પૂર વડે જેનો ઉપભોગ-પ્રદેશ રોમહર્ષિત થયો છે અને જેને મોક્ષનાં ફળની આકાંક્ષાથી સેવવામાં આવે છે, તેવી, ભગવાન શિવની પરમ સદ્‌ભાવનાને હું પામું છું. (૬૭)

(નોંધ :- આ શ્લોકથી શ્લોક નં. ૭૮ સુધી અન્ય છંદો પ્રયોજાયા છે.)

अमितमुदमृतं मुहुर्दुहन्तीं
विमलभवत्पदगोष्ठमावसन्तीम् ।
सदय पशुपते सुपुण्यपाकां
मम परिपालय भक्तिधेनुमेकाम् ॥ ६८ ॥

(हे) सदय पशुपते, मम एकां भक्तिधेनुं परिपालय । - હે દયાળુ ભગવાન પશુપતિ ! ભક્તિરૂપી મારી આ એકમાત્ર ગાયને રક્ષણ આપો ! अमित-मुद्-अमृतं - અમાપ આનંદામૃતને. मुहुः दुहन्तीम् - સતત દૂઝતી; विमलभवत्पदगोष्ठं आवसन्तीम् - આપનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર ચરણરૂપી ગમાણમાં રહેતી; सुपुण्य-पाकाम् - સારાં પુણ્યોનાં પરિપાક સમી.

હે દયાળુ ભગવાન પશુપતિ ! અમાપ આનંદામૃતને સતત દૂઝતી, આપનાં ચરણરૂપી ગમાણમાં રહેતી, અને સારાં પુણ્યોના પરિપાક સમી, ભક્તિરૂપી મારી આ એકમાત્ર (અનન્ય) ગાયને રક્ષણ આપો ! (૬૮)

जडता पशुता कलङ्किता
कुटिलचरत्वं च नास्ति मयि देव ।
अस्ति यदि राजमौले
भवदाभरणस्य नास्मि किं पात्रम् ॥ ६९ ॥

कुटिल-चरत्वम् - કુટિલ આધાર; राजमौले - હે સર્વશ્રેષ્ઠ રાજા ! भवदाभरणस्य पात्रम् - આપનાં આભૂષણની યોગ્યતા.

હે દેવ ! જડતા, પશુતા, કલંકીપણું, કુટિલ આધાર વગેરે (દુર્ગુણો) મારામાં નથી; અને હે સર્વશ્રેષ્ઠ રાજન્ ! જો (એ બધું) કદાચ હોય, તો પણ આપનું આભૂષણ બનવાની શું મારી યોગ્યતા નથી ? (૬૯)

अरहसि रहसि स्वतन्त्रबुद्ध्या
वरिवसितुं सुलभः प्रसन्नमूर्तिः ।
अगणितफलदायकः प्रभुर्मे
जगदधिको हृदि राजशेखरोऽस्ति ॥ ७० ॥

रहसि - એકાંતમાં; अरहसि - એકાંતમાં નહીં, જાહેરમાં; वरिवसितुम् - અર્ચવા-પૂજવા માટે, પ્રણામ કરવા માટે; अगणित-फल-दायकः- અસંખ્ય ફળ આપનાર; जगदधिकः- જગતથી ક્યાંય વધારે (મૂલ્યવાન); राजशेखरः- સર્વોત્તમ રાજા.

જાહેરમાં, એકાંતમાં અને સ્વતંત્રબુદ્ધિથી પૂજવા માટે તો એ પ્રસન્નમૂર્તિ (ભગવાન શંકર) સુલભ છે; અને અસંખ્ય ફળ આપનાર તે સર્વોત્તમ રાજા અને પ્રભુ તો મારા હૃદયમાં જગત કરતાં ક્યાંય વધારે (મૂલ્યવાન) છે ! (૭૦)

आरूढभक्तिगुणकुञ्चितभावचाप-
युक्तैः शिवस्मरणबाणगणैरमोघैः ।
निर्जित्य किल्बिषरिपून्विजयी सुधीन्द्रः
सानन्दमावहति सुस्थिरराजलक्ष्मीम् ॥ ७१ ॥

शिव-स्मरण-बाण-गणैः- શિવસ્મરણરૂપી બાણોના સમૂહો વડે; अमोघैः- હંમેશાં સફળ, आरूढ-भक्ति-गुण-कुंचित-भाव-चाप-युक्तैः ('બાણસમૂહો'નું વિશેષણ) એ બાણોને ભક્તિભાવરૂપી ધનુષ્ય (ચાપ) પર ચઢાવવામાં આવ્યાં છે; અને ધનુષ્યની પણછ (ગુણ) પણ ઊંડી ભક્તિ(आरूढभक्ति)ની છે; આવા ધનુષ્ય પર આવી પણછવાળાને ખેંચવામાં આવે છે (કુંચિત). આ બાણસમૂહો વડે કોને કયા શત્રુઓને જીતવાના છે ? किल्बिष-रिपून् निर्जित्य - પાપરૂપી શત્રુઓને જીતીને; सुधीन्द्रः - શ્રેષ્ઠ બુદ્ધિશાળી ભક્ત; सुस्थिर-राज-लक्ष्मीम् - અત્યંત સ્થિર એવી રાજલક્ષ્મીને; सानन्दम् - આનંદપૂર્વક.

ઊંડી ભક્તિરૂપી પણછ ખેંચીને ભાવરૂપી ધનુષ્ય પર ચઢાવેલાં, શિવસ્મરણરૂપી સદા-સફળ બાણોના સમૂહો વડે, પાપરૂપી શત્રુઓને જીતીને, વિજયી બનેલો શ્રેષ્ઠ બુદ્ધિશાળી (ભક્ત) આનંદપૂર્વક સ્થિર રાજલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. (૭૧)

ध्यानाञ्जनेन समवेक्ष्य तमःप्रदेशं
भित्त्वा महाबलिभिरीश्वरनाममन्त्रैः ।
दिव्याश्रितं भुजगभूषणमुद्वहन्ति
ये पादपद्ममिह ते शिव ते कृतार्थाः ॥ ७२ ॥

ध्यानाञ्जनेन समवेक्ष्य - ધ્યાનરૂપી આંજણ (આંખમાં) આંજ્યા પછી જોઈને; तमःप्रदेशं भित्त्वा - અંધકારપૂર્ણ જગ્યાને ભેદીને; ये (भक्ताः) महाबलिभिः ईश्वर-नाम-मंत्रैः इह ते पादपद्मं उद्वरन्ति । અત્યંત શક્તિવાળા ઈશ્વરના મંત્રો વડે અહીં આ સંસારમાં, જે (ભક્તો) આપનાં ચરણકમળને ઊંચકે છે; दिव्याश्रितम् - દેવોએ જેનો આશ્રય લીધો છે, અને भुजगभूषणम् - સર્પોનાં આભૂષણને ધારણ કરતાં (હે) શિવ, તે (भक्ताः) कृतार्थाः । હે ભગવાન શિવ, તે (ભક્તો) ધન્ય છે !

ધ્યાનરૂપી આંજણ આંજ્યા પછી જોઈને, અંધકારપૂર્ણ જગ્યાને ભેદીને, દેવોએ જેનો આશ્રય લીધો છે અને સર્પોનાં આભૂષણને ધારણ કરતાં આપનાં ચરણકમળને જેઓ (ભક્તો) ઊંચકે છે, તે (ભક્તો) હે ભગવાન શિવ ! ધન્ય છે ! (૭૨)

भूदारतामुदवहद्यदपेक्षया श्री-
भूदार एव किमतः सुमते लभस्व ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

केदारमाकलितमुक्तिमहौषधीनां
पादारविन्दभजनं परमेश्वरस्य ॥ ७३ ॥

भूदारताम्-भू - पृथ्वी, दृ - 'ચીરવું', भूदार - પૃથ્વીને ચીરનાર-ખોદનાર તે વરાહ-(ભૂંડ અથવા ગેંડા)વરાહપણાને, उदवहत् - ધારણ કર્યું, यद्-अपेक्षया - જેની અપેક્ષાએ, જેને માટે, श्रीभूदार - વરાહ-અવતારી ભગવાન વિષ્ણુ, एव - જ, किम् अतः - શું તેથી ? सुमते - હે સદ્‌બુદ્ધિવાન્, लभस्व - (તું) પામ, મેળવ, પ્રાપ્ત કર, केदारम् - ક્યારાને, आकलितमुक्तिमहा-ओषधीनाम् - ધારેલી (મનમાં વિચારેલી) અથવા રચેલી-વાવેલી મુક્તિરૂપી મહાન ઔષધિઓ (દવા અથવા વેલીઓ)ના, पाद-अरविन्द-भजनं - ચરણ-કમળનાં ભજન (એટલે સેવનને) परमेश्वरस्य - પરમશિવના.

જે (પૃથ્વી)ને (ખોદવા) માટે (વિષ્ણુએ) વરાહપણું ધારણ કર્યું, તે તો શ્રીવરાહ જ (ઠર્યા) (ભૂંડપણું ધારણ કર્યું, તે તો ભૂંડ જ ઠર્યા !). એથી શું (મળ્યું) ? તું તો હે સદ્‌બુદ્ધિમાન, મુક્તિરૂપી મહાન ઔષધિ જેમાં રોપી છે એવા ક્યારારૂપી પરમેશ્વરનાં ચરણ-કમળનાં ભજનને જ પ્રાપ્ત કર. (૭૩)

आशापाशक्लेशदुर्वासनादि-
भेदोद्युक्तैर्दिव्यगन्धैरमन्दैः ।
आशाशाटीकस्य पादारविन्दं
चेतःपेटीं वासितां मे तनोतु ॥ ७४ ॥

(भवतः) पादारविन्दं मे चेतः-पेटीं वासितां तनोतु । - (આપનું) ચરણકમળ મારી ચિત્તરૂપી પેટીને સુવાસિત કરી રહો ! आशाशाटीकस्य - આશારૂપી વસ્ત્રો જેણે પરિધાન કર્યાં છે; अमन्दैः दिव्यगन्धैः - અઢળક વહેતી દિવ્ય સુગંધ વડે; आशा-पाश-क्लेश-दुर्वासनादि-भेदोद्युक्तैः - આશાનાં પાશ, કલેશ, દુર્વાસના વગેરેને ભેદવા માટે પ્રયત્નશીલ.

(ભક્તનાં) આશાપાશ, કલેશ, દુર્વાસના વગેરેને ભેદવા માટે પ્રયત્નશીલ એવી અઢળક વહેતી દિવ્ય સુગંધ વડે, જેણે આશારૂપી વસ્ત્રો ધારણ કર્યાં છે, - એવાની મારી ચિત્તરૂપી પેટીને (આપનાં) ચરણકમળ સુવાસિત કરી રહો ! (૭૪)

कल्याणिनं सरसचित्रगतिं सवेगं
सर्वेङ्गितज्ञमनघं ध्रुवलक्षणाढ्यम् ।
चेतस्तुरङ्गमधिरुह्य चर स्मरारे
नेतः समस्तजगतां वृषभाधिरूढ ॥ ७५ ॥

हे स्मरारे, समस्त-जगतां नेतः वृषभाधिरूढ, - હે કામશત્રુ, વૃષભ પર આરૂઢ એવા સમસ્ત જગતના નેતા, ભગવાન શંકર ! (મે) चेतस्तुरंगं - (મારા) ચિત્તરૂપી અશ્વ પર अधिरुह्य चर - પલાણીને આપ ફરો ! कल्याणिनम् - કલ્યાણપૂર્ણ, ભદ્ર, મંગલ. चित्रगतिम् - સરસ અને સુંદર ગતિવાળો; सर्वेङ्गित-ज्ञम् - બધાં હલનચલનનો જાણકાર; ध्रुवलक्षणाढ्यम् - સ્થિર લક્ષણોથી ભરપૂર.

હે કામશત્રુ, વૃષભ પર આરૂઢ એવા સમસ્ત જગતના નેતા (ભગવાન) શંકર ! કલ્યાણપૂર્ણ, સરસ-સુંદર ગતિવાળા, સર્વ હલનચલનના જાણકાર, સ્થિર લક્ષણોથી ભરપૂર, વેગવાન અને નિષ્પાપ, - એવા (મારા) ચિત્તરૂપી અશ્વને પલાણીને (એના પર બેસીને), આપ (સર્વત્ર) ફરતા રહો ! (૭૫)

भक्तिर्महेशपदपुष्करमावसन्ती
कादम्बिनीव कुरुते परितोषवर्षम् ।
संपूरितो भवति यस्य मनस्तटाक-
स्तज्जन्मसस्यमखिलं सफलं च नान्यत् ॥ ७६ ॥

कादम्बिनी - વાદળાંઓનું વૃંદ; महेश-पद-पुष्करं - ભગવાન શંકરનાં ચરણકમળમાં. आवसन्ती - વસી રહેલા; परितोषवर्षं करोति - સંતોષનો વરસાદ વરસે છે; मनस्तटाकः - મનરૂપી તળાવ; तज्जन्मसस्यम् - તેમાંથી ઊગતું ધાન્ય;

ભગવાન શંકરનાં ચરણકમળમાં વસી રહેલી ભક્તિ, વાદળાંનાં વૃંદની જેમ, સંતોષનો વરસાદ વરસે છે; જે(ભક્ત)નું મનરૂપી તળાવ તેના વડે પૂરેપૂરું ભરાઈ જાય છે, તેમાંથી (તેના કારણે) ઊગતું બધું જ ધાન્ય સફળ છે, બીજું કશું જ (સફળ) નહીં ! (૭૬)

बुद्धिः स्थिरा भवितुमीश्वरपादपद्म-
सक्ता वधूर्विरहिणीव सदा स्मरन्ती ।
सद्भावनास्मरणदर्शनकीर्तनादि
संमोहितेव शिवमन्त्रजपेन विन्ते ॥ ७७ ॥

विन्ते - જાણે છે, સમજે છે, માને છે, ईश्वरपाद-पद्म-सक्ता (बुद्धिः) - ભગવાન શંકરનાં ચરણકમળમાં આસક્ત;

સ્થિર બનવા માટે ભગવાન શંકરનાં ચરણકમળમાં આસક્ત થયેલી (ભક્તની) બુદ્ધિ, (પતિને) સદા સ્મરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલી વિરહિણી વધૂની જેમ, શિવમંત્રના જપ વડે, જાણે સંમોહિત થઈ ગઈ હોય તેમ, સદ્‌ભાવના - સ્મરણ - દર્શન - કીર્તન વગેરેનું જ્ઞાન પામે છે. (૭૭)

सदुपचारविधिष्वनुबोधितां
सविनयां सुहृदं समुपाश्रिताम् ।
मम समुद्धर बुद्धिमिमां प्रभो
वरगुणेन नवोढवधूमिव ॥ ७८ ॥

(हे) प्रभो, इमां मम बुद्धिं समुद्धर - હે પ્રભો ! મારી આ બુદ્ધિનો ઉદ્ધાર કરો ! सदुपचारविधिषु अनुबोधिताम् - સારા ઉપચારવિધિઓમાં બોધ પામેલી; सुहृदं समुपाश्रिताम् - સન્મિત્રના આશ્રયે રહેલી; वरगुणेन - વરના ગુણ વડે, શ્રેષ્ઠ ગુણ વડે; वरगुणेन - એ શબ્દ શ્લિષ્ટ છે, દ્વિ-અર્થી છે; नवोढवधूम् - તાજી (હમણાંજ) પરણેલી વહુ.

હે પ્રભો ! વરના ગુણ વડે, હમણાં જ પરણેલી વહુની જેમ, - સારા ઉપચારવિધિઓમાં બોધ પામેલી, વિનયપૂર્ણ, અને સન્મિત્રના આશ્રયે રહેલી મારી આ બુદ્ધિનો શ્રેષ્ઠ ગુણ વડે આપ ઉદ્ધાર કરો ! (૭૮)

नित्यं योगिमनःसरोजदलसंचारक्षमस्त्वत्क्रमः
शंभो तेन कथं कठोरयमराड्वक्षःकवाटक्षतिः ।
अत्यन्तं मृदुलं त्वदङ्घ्रियुगलं हा मे मनश्चिन्तय-
त्येतल्लोचनगोचरं कुरु विभो हस्तेन संवाहये ॥ ७९ ॥

त्वत्क्रमः - આપનો ક્રમ, આપની પગલાં પાડવાની પદ્ધતિ; नित्यं योगिमनःसरोज-दल-संचारक्षमः - હંમેશાં યોગીજનોનાં મન-કમળદલમાં સંચાર કરવા માટે યોગ્ય; तेन (त्वत्क्रमेन) कथं कठोरयमराड्वक्षःकवाट-क्षतिः (कृता) ? તેણે યમરાજની કઠોર છાતીનાં દ્વારને કેમ તોડી નાખ્યાં ? मे मनः अत्यन्तं मृदुलं त्वदंघ्रियुगलं हा चिन्तयति - અરે, મારું મન તો આપનાં અત્યંત સુકોમળ ચરણ-યુગલનું ચિંતન કરે છે; (तस्मात्) (हे) विभो, एतद् (त्वदंघ्रियुगलं) लोचनगोचरं कुरु - હે પ્રભો ! તેથી (હું વિનંતી કરું છું કે) તે (આપનાં ચરણયુગલ)નું મને દર્શન કરાવો. (अहं तद्) हस्तेन संवाहये - હું મારા હાથ વડે એને તળાંસીશ, એનું સંવાહન કરીશ, આપની પગચંપી કરીશ.

હે ભગવાન શંભો ! આપનો (નિયમિત) ક્રમ તો યોગીજનોનાં મન-કમલદલમાં સંચાર કરવાનો હોય છે, તો પછી તેણે યમરાજની કઠોર છાતીનાં બારણાંને કેમ તોડી નાખ્યાં ? અરે, મારું મન તો આપનાં અત્યંત સુકોમળ ચરણયુગલનું ચિંતન કરે છે, તેથી હે પ્રભો ! તેનું મને દર્શન કરાવો, (જેથી મારા) હાથ વડે એની ચંપી કરી શકું ! (૭૯)

एष्यत्येष जनिं मनोऽस्य कठिनं तस्मिन्नटानीति म-
द्रक्षायै गिरिसीम्नि कोमलपदन्यासः पुराभ्यासितः ।
नो चेद्दिव्यगृहान्तरेषु सुमनस्तल्पेषु वेद्यादिषु
प्रायः सत्सु शिलातलेषु नटनं शंभो किमर्थं तव ॥ ८० ॥

एषः (मे भक्तः) जनिं एष्यति - આ (મારો ભક્ત) જન્મ પામશે; अस्य मनः कठिनं (अस्ति) - એનું મન કઠોર છે; तस्मिन् (अहं) अटानि - તેમાં (તે ભક્તનાં મનમાં) હું પરિભ્રમણ કરું, इति (विचार्य) એવું વિચારીને, मद्रक्षायै (त्वया) पुरा गिरिसीम्नि कोमलपदन्यासः अभ्यासितः - મારાં રક્ષણ માટે (આપે) અગાઉ પર્વત-સીમાઓમાં કોમળ પગલાં ભર્યાં હતાં. नो चेत् - જો એમ ન હોત તો; दिव्यगृहान्तरेषु वेद्यादिषु सुमनस्तल्पेषु प्रायः सत्सु (अपि) - દિવ્ય નિવાસોમાં પુષ્પ-પથારીઓ મહદંશે હોવા છતાં; हे शंभो, शिलातलेषु तव नटनं किमर्थं (भवति) ? - હે શંભો ! શિલાઓ પર આપનું નાટ્ય શા માટે હોય ?

''આ (મારો ભક્ત) જન્મ પામશે, એનું મન કઠોર છે, તો તેમાં હું પરિભ્રમણ કરું'' - એમ (વિચારીને), આપે મારા રક્ષણ માટે, અગાઉ, પર્વત-પ્રદેશોમાં પગલાં ભર્યાં હતાં. જો (ખરેખર) એમ ન હોત તો, દિવ્ય નિવાસોમાં પુષ્પપથારીઓ મહદંશે હોવા છતાં, હે શંભો ! આપનું નાટ્ય શિલાઓ પર શા માટે ? (૮૦)

कंचित्कालमुमामहेश भवतः पादारविन्दार्चनैः
कंचिद्ध्यानसमाधिभिश्च नतिभिः कंचित्कथाकर्णनैः ।
कंचित्कंचिदवेक्षणैश्च नुतिभिः कंचिद्दशामीदृशीं
यः प्राप्नोति मुदा त्वदर्पितमना जीवन्स मुक्तः खलु
॥ ८१ ॥

त्वदर्पितमनाः यः मुदा ईदृशीं दशां प्राप्नोति, सः खलु जीवन्मुक्तः (अस्ति) - આપનામાં મનને અર્પણ કરીને, જે (ભક્ત) આનંદપૂર્વક આવી દશા પ્રાપ્ત કરે છે, તે, ખરેખર, 'જીવન્મુક્ત' છે. भवतः पादारविन्दार्चनैः कंचित् कालम् - થોડો સમય આપનાં ચરણકમળનાં અર્ચનમાં; ध्यानसमाधिभिः नतिभिः च कंचित्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(कालम्) - (આપનાં) ધ્યાન, સમાધિ અને નમસ્કારોમાં થોડો (સમય); कथा-आकर्णनैः कंचित् (कालम्) - આપની કથાઓ સાંભળવામાં થોડો (સમય); अवेक्षणैः नुतिभिः च कंचित् कंचित् (कालम्) - આપનાં દર્શન અને આપની સ્તુતિઓમાં થોડો (સમય).

હે ઉમામહેશ ! પોતાના મનને આપને અર્પણ કરીને, જે (ભક્ત) આનંદપૂર્વક આવી દશા પ્રાપ્ત કરે છે, તે, ખરેખર, જીવન્મુક્ત છે : આપનાં ચરણકમળનાં અર્ચનોમાં, આપનાં વિશેનાં ધ્યાન- નમસ્કારોમાં અને સમાધિમાં, આપની કથા સાંભળવામાં, અને આપનાં દર્શન તથા આપની સ્તુતિઓમાં કેટલોક (થોડો) સમય (ગાળવાની દશા). (૮૧)

बाणत्वं वृषभत्वमर्धवपुषा भार्यात्वमार्यापते
घोणित्वं सखिता मृदङ्गवहता चेत्यादि रूपं दधौ ।
त्वत्पादे नयनार्पणं च कृतवांस्त्वद्देहभागो हरिः
पूज्यात्पूज्यतरः स एव हि न चेत्को वा तदन्योऽधिकः
॥ ८२ ॥

त्वद्-देहभागः हरिः त्वत्पादे नयनार्पणं कृतवान् - આપના દેહનો (થોડો) ભાગ (ધારણ કરનાર) વિષ્ણુએ આપનાં ચરણમાં પોતાનાં નેત્રને અર્પણ કર્યું; તેનું શું પરિણામ આવ્યું ? પ્રથમ બે પંક્તિમાં જણાવવામાં આવેલાં અનેક રૂપો તે (વિષ્ણુ) ધારણ કરી શક્યા. અને તેથી, स एव पूज्यात् पूज्यतरः (अभवत्) - તે જ પૂજ્ય કરતાં યે સવિશેષ પૂજ્ય બની શક્યા; न चेत् तदन्यः कः वा अधिकः (भवेत्) ? - એમ ન હોત તો, તેમનાથી બીજો કોણ અધિક (મહાન) હોઈ શકે ?

આપના દેહનો (થોડો) ભાગ ધારણ કરનાર વિષ્ણુએ આપનાં ચરણમાં પોતાનાં નેત્રને અર્પણ કર્યું, તેથી તે બાણ, વૃષભ, અર્ધા શરીરમાં પત્ની, ભૂંડ, સખી, મૃદંગનું વહવાપણું - વગેરે (અનેક) રૂપોને, હે આર્યાપતિ ! ધારણ કરી શક્યા; (અને તેથી) તેઓશ્રી પૂજ્ય કરતાં પણ અધિક પૂજ્ય બની શક્યા : એવું ન હોત તો, તેમના કરતાં બીજો કોણ અધિક (મહાન) હોઈ શકે ? (૮૨)

जननमृतियुतानां सेवया देवतानां
न भवति सुखलेशः संशयो नास्ति तत्र ।
अजनिममृतरूपं साम्बमीशं भजन्ते
य इह परमसौख्यं ते हि धन्या लभन्ते ॥ ८३ ॥

जनन-मृति-युतानां देवतानां सेवया - જન્મ અને મૃત્યુવાળા દેવોની સેવા કરવાથી; अजनिम् - અજન્માપણું, જન્મમુક્તિ.

જેમને જન્મ-મૃત્યુ લાગેલાં છે, એવા (બીજા) દેવોની સેવા કરવાથી, લેશમાત્ર પણ સુખ મળતું નથી; અને તે બાબતમાં (જરા પણ) શંકા નથી; જે (ભક્તો) સામ્બ (પાર્વતીજી સાથેના) ઈશ્વર(શિવ)ને ભજે છે, તેમને અહીં (આ સંસારમાં) જન્મમુક્તિ, અમૃતરૂપ અને પરમસૌખ્યનો લાભ મળે છે, અને તેઓ જ, ખરેખર, ધન્ય છે ! (૮૩)

(નોંધ :- હવે આ શ્લોકથી, છેક છેલ્લા ૯૫મા શ્લોક સુધી માલિની, શાર્દૂલવિક્રીડિત, શાલિની, વૈતાલીય, ઉપજાતિ, વસંતતિલકા વગેરે વિવિધ છંદો પ્રયોજાયા છે.)

शिव तव परिचर्यासंनिधानाय गौर्या
भव मम गुणधुर्यां बुद्धिकन्यां प्रदास्ये ।
सकलभुवनबन्धो सच्चिदानन्दसिन्धो
सदय हृदयगेहे सर्वदा संवस त्वम् ॥ ८४ ॥

परिचर्यासंनिधानाय - પરિચર્યા (સેવા) અને સાંનિધ્ય માટે; गुणधुर्यां बुद्धिकन्यां प्रदास्ये - ગુણોની બાબતમાં શ્રેષ્ઠ એવી, મારી બુદ્ધિનું હું કન્યાદાન કરીશ.

હે શિવ, હે ભવ, આપનાં તથા ગૌરીનાં સેવા-સાંનિધ્ય માટે હું ગુણસમૃદ્ધ એવી મારી બુદ્ધિનું કન્યાદાન કરીશ. હે દયાળુ, સકલભુવનબંધુ અને સત્-ચિત્-આનંદના સાગર ! આપ સદા - સર્વદા મારા હૃદયગૃહમાં વાસ કરો ! (૮૪)

जलधिमथनदक्षो नैव पातालभेदी
न च वनमृगयायां नैव लुब्धः प्रवीणः ।
अशनकुसुमभूषावस्त्रमुख्यां सपर्यां
कथय कथमहं ते कल्पयानीन्दुमौले ॥ ८५ ॥

जलधि-मथन-दक्षः સમુદ્રમંથનમાં હોંશિયાર; पातालभेदी - પાતાળને ભેદવા સમર્થ; वनमृगयायां नैव लुब्धः, नैव प्रवीणः - વનમાં શિકાર કરવાનો મને લોભ નથી, તેમ તેમાં હું પ્રવીણ નથી. अशन-कुसुम-भूषा-वस्त्र-मुख्यां ते सपर्यां अहं कथं कल्पयानि, (इति) कथय - જેમાં ભોજન - પુષ્પ - અલંકાર - વસ્ત્રો વગેરે મુખ્ય હોય, એવી આપની પૂજાની હું રચના પણ શી રીતે કરી શકું ? - એ (આપ જ) કહો, चन्द्रमौले - હે ચંદ્રમૌલિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રમંથનમાં હું હોંશિયાર નથી, પાતાળને ભેદવાની મારી શક્તિ નથી, વનમાં શિકાર કરવાનો મને શોખ નથી, અને એમાં હું પ્રવીણ પણ નથી : (તો પછી) હે ભગવાન ચંદ્રમૌલિ ! આપ જ કહો કે જેમાં ભોજન - પુષ્પ - અલંકાર વસ્ત્રો વગેરે મુખ્ય ગણાતાં હોય, એવી (આપની) પૂજાની રચના પણ હું શી રીતે કરી શકું ? (૮૫)

पूजाद्रव्यसमृद्धयो विरचिताः पूजां कथं कुर्महे
पक्षित्वं न च वा किटित्वमपि न प्राप्तं मया दुर्लभम् ।
जाने मस्तकमङ्घ्रिपल्लवमुमाजाने न तेऽहं विभो
न ज्ञातं हि पितामहेन हरिणा तत्त्वेन तद्रूपिणा ॥ ८६ ॥

किटित्वम् - ભૂંડનું રૂપ; अंघ्रिपल्लवम् - ચરણપલ્લવ; हे उमाजाने - હે ઉમાપતિ ! पूजाद्रव्यसमृद्धयः विरचिताः - પૂજાદ્રવ્યની સમૃદ્ધિ તો રચી દીધી.

પૂજાદ્રવ્યની સમૃદ્ધિ તો રચી દીધી, (પરંતુ) અમે આપની પૂજા કેવી રીતે કરી શકીએ ? (કારણ કે) પક્ષી તેમ જ ભૂંડનું દુર્લભ રૂપ હું પ્રાપ્ત કરી શક્યો નથી : હે વિભો ! હે ઉમાપતિ ! આપનાં મસ્તક અને ચરણપલ્લવનું અમને જ્ઞાન નથી અને તે તો તદ્રૂપ બનેલા બ્રહ્મા અને વિષ્ણુ પણ તાત્ત્વિક સ્વરૂપમાં જાણી શક્યા નથી ! (૮૬)

अशनं गरलं फणी कलापो
वसनं चर्म च वाहनं महोक्षः ।
मम दास्यसि किं किमस्ति शंभो
तव पादाम्बुजभक्तिमेव देहि ॥ ८७ ॥

गरलं अशनम् - વિષરૂપી ભોજન; फणी कलापः - સર્પરૂપી કંઠહાર; वसनं चर्म - (ગજ) ચર્મ રૂપી વસ્ત્ર; वाहनं महोक्षः - નંદી રૂપી વાહન. किं किं दास्यसि ? - (મને) (આ સર્વમાંથી) આપ શું શું આપશો ? मम किं अस्ति ? (આમાં) મારું શું છે ? तव पादाम्बुजभक्तिम् एव (मे) देहि - મને તો આપનાં ચરણકમળની માત્ર ભક્તિ જ આપો !

વિષરૂપી ભોજન, સર્પરૂપી કંઠ-હાર, (ગજ) ચર્મરૂપી વસ્ત્ર, નંદીરૂપી વાહનઃ (આ સર્વમાંથી) આપ મને શું શું આપશો ? (આમાં) મારું શું છે ? (એના કરતાં તો) હે શંભો ! મને તો આપનાં ચરણકમળની માત્ર ભક્તિ જ આપો ! (૮૭)

यदा कृताम्भोनिधिसेतुबन्धनः
करस्थलाधःकृतपर्वताधिपः ।
भवानि ते लङ्घितपद्मसंभव-
स्तदा शिवार्चास्तवभावनक्षमः ॥ ८८ ॥

हे शिव, ते अर्चास्तवभावनक्षमः अहं तदा भवानि - હે શિવ, ત્યારે હું આપનાં અર્ચન - સ્તુતિ - ભક્તિ માટે (લાયક) સમર્થ બની શકું. ક્યારે ? यदा कृताम्भोनिधि-सेतु-बन्धनः - જ્યારે હું સમુદ્ર પર સેતુ બાંધી શકું; (यदा) करस्थलाधः-कृतपर्वताधिपः - (જ્યારે) મારી હથેળીમાં હિમાલયને લાવી શકું, અને (यदा) लंघितपद्मसंभवः - (જ્યારે) હું બ્રહ્માની અવહેલના કરી શકું.

જ્યારે હું સમુદ્ર પર સેતુ બાંધી શકું, મારી હથેળીમાં હિમાલયને લાવી શકું અને બ્રહ્માની અવહેલના કરી શકું, - ત્યારે, હે શિવ ! આપનાં અર્ચન - સ્તુતિ - ભક્તિ (વગેરે) માટે હું લાયક બની શકું ! (૮૮)

नतिभिर्नुतिभिस्त्वमीश पूजा-
विधिभिर्ध्यानसमाधिभिर्न तुष्टः ।
धनुषा मुसलेन चाश्मभिर्वा
वद ते प्रीतिकरं तथा करोमि ॥ ८९ ॥

नतिभिः નમસ્કારો વડે; नुतिभिः - સ્તુતિઓ વડે; मुसलेन - મુશળ વડે; अश्मभिः - પત્થરો વડે.

હે ઈશ્વર ! નમસ્કારો વડે, સ્તુતિઓ વડે, પૂજાવિધિઓ વડે, ધ્યાન અને સમાધિઓ વડે આપ પ્રસન્ન થયા નહીં : ધનુષ વડે, મુશળ વડે, પત્થરો વડે, - આપની પ્રીતિ મળી શકે ? કહો, તો તે પ્રમાણે હું કરું ! (૮૯)

वचसा चरितं वदामि शंभो-
रहमुद्योगविधासु तेऽप्रसक्तः ।
मनसाकृतिमीश्वरस्य सेवे
शिरसा चैव सदाशिवं नमामि ॥ ९० ॥

ते उद्योगविधासु अप्रसक्तः (अहम्) - આપનાં કર્મક્રિયાકાંડમાં મારું મન ચોંટતું નથી. તેથી अहं वचसा शंभोः चरितं वदामि - વાણી વડે હું ભગવાન શંભુનું ચરિત્ર વર્ણવું છું, मनसा ईश्वरस्य आकृतिं सेवे - મનથી હું ઈશ્વરની મૂર્તિનું ધ્યાન ધરું છું; અને शिरसा चैव सदाशिवं नमामि - અને મસ્તક વડે હું સદાશિવને પ્રણામ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હે ભગવાન !) આપનાં કર્મક્રિયાકાંડમાં મારું મન ચોંટતું નથી, તેથી વાણી વડે હું શંભુનું ચરિત્ર વર્ણવું છું, મનથી હું ઈશ્વરની મૂર્તિનું ધ્યાન ધરું છું અને મસ્તક વડે હું ભગવાન સદાશિવને પ્રણામ કરું છું. (૯૦)

आद्याविद्या हृद्गता निर्गतासी-
द्विद्या हृद्या हृद्गता त्वत्प्रसादात् ।
सेवे नित्यं श्रीकरं त्वत्पदाब्जं
भावे मुक्तेर्भाजनं राजमौले ॥ ९१ ॥

हृद्गता आद्या अविद्या निर्गता आसीत् - હૃદયમાં રહેલી આદિ અવિદ્યા બહાર નીકળી ગઈ; हृद्या विद्या हृद्गता (अभवत्) - આનંદપ્રદ વિદ્યા હૃદયમાં વસી ગઈ. त्वत्प्रसादात् - (હે ભગવાન !) આપની કૃપાથી. श्रीकरम् - સમૃદ્ધિદાયક; मुक्तेः भाजनम् - મોક્ષનાં પાત્ર.

હે શ્રેષ્ઠ રાજન્ ! આપની કૃપાથી સૌ પ્રથમ, હૃદયમાં રહેલી આદિ અવિદ્યા બહાર નીકળી ગઈ અને પછી આનંદપ્રદ વિદ્યા હૃદયમાં વસી ગઈ : આપનાં સમૃદ્ધિદાયક ચરણકમળને હું હંમેશાં સેવું છું અને મોક્ષનાં પાત્ર(થવા)ની ભાવના રાખું છું. (૯૧)

दूरीकृतानि दुरितानि दुरक्षराणि
दौर्भाग्यदुःखदुरहंकृतिदुर्वचांसि ।
सारं त्वदीयचरितं नितरां पिबन्तं
गौरीश मामिह समुद्धर सत्कटाक्षैः ॥ ९२ ॥

दुरितानि-દુરિતો, પાપો, અનિષ્ટો; दुरक्षराणि - ખરાબ અક્ષરો, શબ્દો; दूरीकृतानि - (મેં) દૂર કરી નાખ્યા, છોડી દીધાં. હે गौरीश, सत्कटाक्षैः इह मां उद्धर - હે પાર્વતીપતિ ! આપના શુભકટાક્ષો વડે અહીં મારો ઉદ્ધાર કરો. सारं त्वदीयचरितं नितरां पिबन्तम् - આપના સારરૂપ ચરિત્રનું ખૂબ જ પાન કરતો.

પાપો, ખરાબ શબ્દો, દુર્ભાગ્ય, દુઃખ, અહંકાર, ખરાબ વાણી, વગેરેનો મેં ત્યાગ કરી નાખ્યો છે, અને તેથી હે પાર્વતીપતિ ! આપનાં સારસર્વસ્વ એવાં ચરિત્રનું ખૂબ જ પાન કરી રહેલા એવા, - મારો આ સંસારમાં આપના શુભકટાક્ષો વડે ઉદ્ધાર કરો ! (૯૨)

सोमकलाधरमौलौ
कोमलघनकंधरे महामहसि ।
स्वामिनि गिरिजानाथे
मामकहृदयं निरन्तरं रमताम् ॥ ९३ ॥

મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : मामक-हृदयं स्वामिनि गिरिजानाथे निरन्तरं रमताम् - સ્વામી એવા પાર્વતીપતિ ભગવાન શંકરમાં મારું હૃદય નિરંતર રમણ કરતું રહો ! सोमकलाधरमौलौ - જેમનાં મસ્તક પર ચંદ્ર શોભા આપે છે; कोमलघनकंधरे - નીલકંઠ, महामहसि - મહાતેજસ્વી.

જેમનાં મસ્તક પર ચંદ્ર શોભા આપે છે. એવા મહાતેજસ્વી અને નીલકંઠ ભગવાન પાર્વતીપતિમાં મારું હૃદય નિરંતર રમણ કરતું રહો ! (૯૩)

सा रसना ते नयने
तावेव करौ स एव कृतकृत्यः ।
या ये यौ यो भर्गं
वदतीक्षेते सदार्चतः स्मरति ॥ ९४ ॥

આ શ્લોકમાં વાક્યો આ પ્રમાણે ગોઠવવાનાં રહે છે : या भर्ग सदा वदति, सा एव रसना । 'भर्ग' એટલે કે ભગવાન શિવનું જે સદા રટણ કરે છે, તે જ સાચી જીભ છે; ये (भर्ग) सदा ईक्षेते, ते एव नयने । - જે તેમનું સદા દર્શન કરે છે, તે જ સાચાં બે નેત્રો છે; यौ (भर्ग) सदा अर्चतः, तौ एव करौ - જે તેમનું સદા અર્ચન કરે છે, તે જ સાચા બે હાથ છે; यः (भर्ग) सदा स्मरति, स एव कृतकृत्यः - જે તેમનું સદા સ્મરણ કરે છે, તે જ ખરો કૃતકૃત્ય (ધન્ય) છે.

ભગવાન શિવનું જે સદા રટણ કરે છે, તે જ (સાચી) જીભ છે; જે સદા તેમનું દર્શન કરે છે, તે જ ખરાં બે નેત્રો છે; જે સદા તેમનું અર્ચન કરે છે, તે જ આદર્શ બે હાથ છે; અને જે સદા તેમનું સ્મરણ કરે છે, તે જ (ભક્ત) હકીકતમાં ધન્ય છે ! (૯૪)

अतिमृदुलौ मम चरणा-
वतिकठिनं ते मनो भवानीश ।
इति विचिकित्सां संत्यज
शिव कथमासीद्गिरौ तथा वेशः ॥ ९५ ॥

विचिकित्सा - આશંકા, અનિશ્ચિતતા; मम चरणौ अतिमृदुलौ - મારાં ચરણો અત્યંત સુકોમળ છે; ते मनः अतिकठिनम् - તારું મન તો અત્યંત કઠોર છે; इति विचिकित्सां संत्यज । એવી આશંકાનો ત્યાગ કરો, હે ભવાનીપતિ ઈશ્વર ! तथा वा ईशः कथं गिरौ आसीत् ? - અને તો પછી, તે ઈશ્વર પર્વત (કૈલાસ)માં કેમ હતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે ભવાનીપતિ ઈશ્વર ! મારાં ચરણો અત્યંત સુકોમળ છે, અને તારું મન તો ખૂબ જ કઠોર છે ! એવી આશંકાનો ત્યાગ કરો : (મારી મુશ્કેલી એ છે કે) તો પછી, તે ઈશ્વર પર્વત(કૈલાસ)માં કેમ (રહેતા) હતા ? (૯૫)

धैर्याङ्कुशेन निभृतं
रभसादाकृष्य भक्तिश्रृङ्खलया ।
पुरहर चरणालाने
हृदयमदेभं बधान चिद्यन्त्रैः ॥ ९६ ॥

पुरहर - ત્રિપુરારી, શિવ; रभसात् - બળપૂર્વક, દઢ રીતે; धैर्याङ्कुशेन - ધૈર્યરૂપી અંકુશથી; आकृष्य - ખેંચી રાખીને; हृदयमद-इभम् - હૃદયના મદરૂપી હાથીને; चरणालाने - ચરણે બંધન બાંધી; चिद्यन्त्रे - ચિત્તરૂપી યંત્રથી, बधान - બાંધી દો, વશમાં લો.

હે ત્રિપુરારિ ! ભક્તિ રૂપી બેડીથી; ધૈર્યરૂપી અંકુશથી ખેંચી રાખીને; હૃદયના મદરૂપી હાથીને ચરણે બંધન કરી, ચિત્તરૂપી યન્ત્રથી દઢતા અને બળપૂર્વક વશમાં લો. (૯૬)

प्रचरत्यभितः प्रगल्भवृत्त्या
मदवानेष मनःकरी गरीयान् ।
परिगृह्य नयेन भक्तिरज्ज्वा
परम स्थाणुं पदं दृढं नयामुम् ॥ ९७ ॥

मदवान् एषः मनःकरी - મદમસ્ત એવો મનરૂપી હાથી; प्रगल्भवृत्त्या - બેકાબૂ વૃત્તિથી; अभितः - ચારેય બાજુ, આમતેમ; प्रचरति - ભટકે છે; नयेन - વિવેકપૂર્વક, વિવેકથી; भक्तिरज्ज्वा - ભક્તિરૂપી દોરડાથી (સાંકળથી); परिगृह्य - પકડીને, વશમાં લઈને; स्थाणुं दृढं नय - તેને સ્થિર અને દઢ બાંધો.

હે પરમ ! હે પરમેશ્વર ! મનરૂપી આ મદમસ્ત અને બળવાન હાથી, બેકાબૂ વૃત્તિથી આમતેમ ચારેય બાજુ ભટકી રહ્યો છે. તેને યુક્તિપૂર્વક વિવેકથી, ભક્તિરૂપ સાંકળથી (= દોરડાથી) પગલે દઢ બાંધો. (૯૭)

सर्वालंकारयुक्तां सरलपदयुतां साधुवृत्तां सुवर्णां
सद्भिः संस्तूयमानां सरसगुणयुतां लक्षितां लक्षणाढ्याम् ।
उद्यद्भूषाविशेषामुपगतविनयां द्योतमानार्थरेखां
कल्याणीं देव गौरीप्रिय मम कविताकन्यकां त्वं गृहाण
॥ ९८ ॥

हे देव, हे गौरीप्रिय - હે ગૌરીના પ્રિય શિવ ભગવાન ! सर्वालङ्कारयुतां - તમામ અલંકારોથી શણગારેલી; सरल-पद-युतां - સરળસીધાં (કલાત્મક) પગલાં પાડતી; साधुवृत्तां - સાધુવૃત્તા; सुवर्णां - સુ-વર્ણા; सद्भिः संस्तूयमानां - સજ્જનો (અથવા, વિદ્વાનો) જેની સ્તુતિ કરે છે તેવી; लक्षणाढ्यां लक्षितां અનેક લક્ષણોથી ગરવી અને સમૃદ્ધ; उद्यद्-भूषाविशेषां - વિશિષ્ટ ભૂષણોથી ચમકતી; उपगतविनयां - ખીલેલા વિનયથી યુક્ત; द्योतमानार्थ-रेखां - જેમાં અર્થની રેખાઓ ચમકી રહી છે તેવી; मम कविता-कन्यकां - મારી કવિતારૂપી કન્યાનું; त्वं गृहाण - તમે ગ્રહણ કરો.

હે ગૌરીના પ્રિય શિવ ભગવાન્ ! તમામ અલંકારોથી શણગારેલી, સરળ સીધાં પગલાં પાડતી, સાધુવૃત્તા (= અત્યન્ત સંસ્કારી), સુ-વર્ણા, સજ્જનો જેની સ્તુતિ કરે છે તેવી, અનેક લક્ષણોથી ગરવી અને સમૃદ્ધ, વિશિષ્ટ ભૂષણોથી ચમકતી; ખીલેલા વિનયથી યુક્ત, જેમાં અર્થની રેખાઓ ચમકી રહી છે તેવી, જેમાં અર્થની રેખાઓ દીપી ઊઠી છે તેવી, કલ્યાણકારી મારી આ કવિતા રૂપી કન્યાનું આપ ગ્રહણ કરો. (૯૮)

(નોંધ – આ શ્લોકના મોટા ભાગના શબ્દો વિવાહમાં કન્યા-દાન કરાતી કન્યા અને કવિતા-કામિનીને એકસાથે લાગુ પડે છે.)

इदं ते युक्तं वा परमशिव कारुण्यजलधे
गतौ तिर्यग्रूपं तव पदशिरोदर्शनधिया ।
हरिब्रह्माणौ तौ दिवि भुवि चरन्तौ श्रमयुतौ
कथं शंभो स्वामिन्कथय मम वेद्योऽसि पुरतः ॥ ९९ ॥

परमशिव - પરમ કલ્યાણ કરનાર ! कारुण्यजलधे - હે કરુણાના સાગર ! तिर्यग्रूपं गतौ - (આકાશમાં ઊડતાં) પક્ષીનું રૂપ ધારણ કરેલા; तौ हरिब्रह्माणौ - તે વિષ્ણુ અને બ્રહ્મા; तव पदशिरोदर्शनधिया - આપનાં ચરણો અને મસ્તકનાં દર્શનના ઉદ્દેશથી (= તમારાં પૂર્ણ દર્શનની વાંછાથી); श्रमयुतौ दिवि भुवि चरन्तौ - ભારે શ્રમ લઈને પણ સ્વર્ગ અને પૃથ્વી પર વિહરી રહ્યા છે; स्वामिन् - હે સ્વામી ! ममपुरतः - મારી દષ્ટિ સમક્ષ; कथं वेद्यः असि - શી રીતે ઓળખીશ ? कथय - તે કહો.

હે પરમકલ્યાણદાતા, હે કરુણાના સાગર ! (આકાશમાં ઊડતાં) પક્ષીઓનું રૂપ ધારણ કરેલા વિષ્ણુ અને બ્રહ્મા આપનાં ચરણો અને મસ્તકનાં દર્શનના અભિલાષથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(= આપનાં પૂર્ણ દર્શનની વાંછાથી) ભારે શ્રમ લઈને પણ સ્વર્ગ અને પૃથ્વી પર વિહરી રહ્યા છે (ત્યારે), હે સ્વામી ! હે શંભુ ! આપ મારી દૃષ્ટિ સમક્ષ (= મારા જેવા સામાન્ય માનવભક્તની સમક્ષ) હશો ત્યારે, હે પ્રભુ ! શી રીતે ઓળખીશ, તે કહો. (૯૯)

स्तोत्रेणालमहं प्रवच्मि न मृषा देवा विरिञ्चादयः
स्तुत्यानां गणनाप्रसङ्गसमये त्वामग्रगण्यं विदुः ।
माहात्म्याग्रविचारणप्रकरणे धानातुषस्तोमव-
द्धूतास्त्वां विदुरुत्तमोत्तमफलं शंभो भवत्सेवकाः ॥ १०० ॥

स्तुत्यानां गणनाप्रसंगसमये - સ્તુતિને પાત્ર દેવોની ગણના સમયે; विरिञ्चादयः - બ્રહ્માજી વગેરે; त्वां अग्रगण्यं विदुः - આપને અગ્રગામી ગણે છે; अहं स्तोत्रेण अलं प्रवच्मि - મારા સ્તોત્રથી સાચા ભાવે આપની સ્તુતિ કરું છું; न मृषा - તે વૃથા નથી; माहात्म्याग्र - विचारणा-प्रकरणे - મહત્તાની, શ્રેષ્ઠતાની વિચારણાની બાબતમાં. धानास्तुषः-स्तोमवत्-ચોખાના ફુશકાના ઢગલાની જેમ છોડી દેવાયેલા; भवत्सेवकाः - આપના સેવકો; त्वां उत्तमोत्तमफलं विदुः - આપને સર્વોત્તમ ફળ આપનાર તરીકે જાણે છે.

હે શંભુ ! સ્તુતિને પાત્ર દેવોની ગણનાના પ્રસંગે, બ્રહ્મા વગેરે દેવો આપને જ અગ્રગામી ગણે છે (= જાણે છે). મહત્તાની, શ્રેષ્ઠતા(= અગ્રગણ્યતા)ની બાબતમાં આપને જ અગ્રગામી તરીકે જાણે છે. (તેથી) આ સ્તોત્રથી હું આપની સાચા ભાવે સ્તુતિ કરું છું તે યોગ્ય જ છે, વ્યર્થ નથી, (કારણ), મહત્તાની શ્રેષ્ઠતાની બાબતમાં આપના સેવકો આપને જ (પોતાની સ્તુતિના) સર્વોત્તમ ફળ આપનાર તરીકે જાણે છે, હે પ્રભુ ! (૧૦૦)

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ ''शिवानन्दलहरी'' संपूर्णा ॥

આ રીતે, શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્પૂજ્યપાદ શ્રીગોવિન્દના શિષ્ય
શ્રીશંકરાચાર્યની રચનામાં ''શિવાનન્દલહરી'' સંપૂર્ણ.

॥ ॐ ॥
॥ सौन्दर्यलहरी ॥

शिवः शक्त्या युक्तो यदि भवति शक्तः प्रभवितुं
न चेदेवं देवो न खलु कुशलः स्पन्दितुमपि ।
अतस्त्वामाराध्यां हरिहरविरिञ्च्यादिभिरपि
प्रणन्तुं स्तोतुं वा कथमकृतपुण्यः प्रभवति ॥ १ ॥

यदि - જો, शिवः - શિવ, शक्त्या - શક્તિ, युक्तो - સાથે, भवति - હોય (તો), प्रभवितुम् - (સર્જનાદિ ક્રિયા) કરવા, शक्तः - શક્તિમાન થાય, नो चेत् - એમ ન હોય તો (એકલા), स्पन्दितुम् - (જરાય) હલનચલન કરવા, अपि - પણ, कुशलः - સમર્થ, न - ન (થાય), अतः - તેથી, हरि-हर-विरिञ्च्यादिभिः - હરિ, હર અને બ્રહ્મા વગેરે વડે, अपि - પણ, आराध्याम् - આરાધના કરવા યોગ્ય, त्वाम् - તમને, प्रणन्तुम् - પ્રણામ કરવા, वा - અથવા, स्तोतुम् - સ્તવન કરવા, अकृतपुण्यः - પુણ્ય કર્યા વિનાનો માણસ, कथम् - કેવી રીતે, प्रभवति - શક્તિમાન થાય ?

જો શિવ શક્તિ સાથે હોય તો (સર્જનાદિ ક્રિયા) કરવા શક્તિમાન થાય. (પણ) જો એમ ન હોય તો (એકલા) શિવ (જરાય) હલન ચલન કરવા પણ સમર્થ ન (થાય), તેથી હરિ, હર અને બ્રહ્મા વગેરે વડે પણ આરાધના કરવા યોગ્ય આપને પ્રણામ કરવા કે સ્તુતિ કરવા, પુણ્ય કર્યા વિનાનો માણસ કેવી રીતે શક્તિમાન થાય ? (૧)

तनीयांसं पांसुं तव चरणपङ्केरुहभवं
विरिञ्चिः संचिन्वन्विरचयति लोकानविकलम् ।
वहत्येनं शौरिः कथमपि सहस्रेण शिरसां
हरः संक्षुभ्यैनं भजति भसितोद्धूलनविधिम् ॥ २ ॥

तव - આપનાં, चरण-पङ्केरुह-भवम् - ચરણ કમળે રહેલી, तनीयांसम् - થોડી, पांसुम् - રજને, संचिन्वन् - એકઠી કરીને, विरिञ्चि - બ્રહ્મા, लोकान् - (ચૌદ) લોકોને, अविकलम् - વિહ્વળ થયા વિના, विरचयति - સર્જે છે, सहस्रेण - હજારો, शिरसा - મસ્તક વડે, कथमपि - કષ્ટથી, शौरिः - શેષનાગ, एनम् - એને, वहति - ધારણ કરે છે, हरः - મહાદેવ, एनम् - એનું, संक्षुभ्य - ચૂર્ણ કરીને, भसित-उद्धूलन-विधिम् - ભસ્મ ચોળવાની વિધિ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાં ચરણકમળમાં રહેલી થોડી રજને એકઠી કરીને, બ્રહ્મા (ચૌદ) લોકોને વિહ્વળ થયા વિના સર્જે છે, હજારો મસ્તક વડે શેષનાગ એને ધારણ કરે છે, મહાદેવ એનું ચૂર્ણ કરીને, ભસ્મ ચોળવાની વિધિ કરે છે. (૨)

अविद्यानामन्तस्तिमिरमिहिरद्वीपनगरी
जडानां चैतन्यस्तबकमकरन्दस्रुतिझरी ।
दरिद्राणां चिन्तामणिगुणनिका जन्मजलधौ
निमग्नानां दंष्ट्रा मुररिपुवराहस्य भवति ॥ ३ ॥

अविद्यानाम् - અજ્ઞાની માટે, अन्तः-तिमिर-मिहिर-द्वीप-नगरी - અંદરના અંધકારને હરનાર સૂર્યનગરી જેવા છો, जडानाम् - મૂર્ખ મનુષ્યો માટે, चैतन्य-स्तबक-मकरन्द-स्रुति-झरी - ચૈતન્ય ગુચ્છના મધુના ઝરણા સમાન, दरिद्राणाम् - નિર્ધન માટે, चिन्तामणि-गुणनिका - ચિન્તામણિના હાર સમાન, जन्म-जलजः - જન્મ (મરણ) રૂપી (સંસાર) સાગરમાં, निमग्नानाम् - ડૂબેલા માટે, मधुरिपु-वराहस्य - વિષ્ણુના વરાહ અવતારની, दंष्ट्रा - દાઢ (સમાન), भवति - છો.

(આપ) અજ્ઞાની માટે અંદરના અંધકારને હરનાર સૂર્યનગરી (જેવાં છો). મૂર્ખ મનુષ્યો માટે ચૈતન્ય-ગુચ્છનાં મધુનાં ઝરણાં (સમાન છો), નિર્ધન માટે ચિન્તામણિના હાર, અને જન્મ (મરણ)રૂપી (સંસાર) સાગરમાં ડૂબેલા માટે વિષ્ણુના વરાહ અવતારની દાઢ (સમાન) છો. (૩)

त्वदन्यः पाणिभ्यामभयवरदो दैवतगण-
स्त्वमेका नैवासि प्रकटितवराभीत्यभिनया ।
भयात्त्रातुं दातुं फलमपि च वाञ्छासमधिकं
शरण्ये लोकानां तव हि चरणावेव निपुणौ ॥ ४ ॥

हे लोकानाम् - હે લોકોને, शरण्ये - શરણ કરવા યોગ્ય, त्वदन्यः - આપના સિવાયનો, देवगणः - દેવતા-ગણ, पाणिभ्याम् - (કેવળ) હાથથી, एव - જ, अभय-वरदः - અભય અને વર આપનાર (છે), त्वम् - આપ, एका - એકા, एव - જ, वर-अभीति-अभिनया - વરદાન અને અભયનો (માત્ર) અભિનય કરનાર, न असि - નથી, भयात् - ભયથી, त्रातुम् - રક્ષણ કરવા, च - અને, वाञ्छा समधिकम् - ઈચ્છાથી અધિક, अपि - પણ, फलम् - ફળ, दातुम् - આપવા, तव - આપનાં, चरणौ - બંને ચરણ, एव - જ, निपुण - નિપુણ (છે.)

હે લોકોને શરણ કરવા યોગ્ય ! આપના સિવાયનો દેવતા- ગણ (કેવળ) હાથથી જ અભય અને વર આપનાર (છે). તમે એક જ વરદાન અને અભયનો (માત્ર) અભિનય કરનાર નથી. ભયથી રક્ષણ કરવા અને ઈચ્છાથી અધિક પણ ફળ આપવામાં આપનાં બંને ચરણ જ નિપુણ છે. (૪)

हरिस्त्वामाराध्य प्रणतजनसौभाग्यजननीं
पुरा नारी भूत्वा पुररिपुमपि क्षोभमनयत् ।
स्मरोऽपि त्वां नत्वा रतिनयनलेह्येन वपुषा
मुनीनामप्यन्तः प्रभवति हि मोहाय महताम् ॥ ५ ॥

प्रणत-जन-सौभाग्य-जननीम् - ભક્તોનાં સૌભાગ્યની માતા (એવાં), त्वाम् - આપને, आराध्य - આરાધીને, पुरा - પહેલાં, नारी - નારી (મોહિનીસ્વરૂપે), भूत्वा - થઈને, हरिः - વિષ્ણુએ, पुर-रिपुम् - ત્રિપુરારિને, क्षोभम् - ક્ષોભ, अनयत् - પમાડ્યો હતો, स्मरः - કામદેવ, अपि - પણ, रति-नयन-लेह्येन - રતિનાં નયનથી પીવા યોગ્ય, वपुषा - શરીરથી, त्वाम् - આપને, नत्वा - નમીને, महताम् - મોટા, मुनीनाम् - મુનિઓના, अपि - પણ, अन्तः मोहाय - અંતઃકરણને મોહ પમાડવા, प्रभवति - શક્તિમાન થાય છે.

ભક્તોનાં સૌભાગ્યનાં માતા (એવાં) આપને આરાધીને પહેલાં નારી (મોહિની-સ્વરૂપે) થઈને વિષ્ણુએ ત્રિપુરારિને ક્ષોભ પમાડ્યો હતો. કામદેવ પણ રતિનાં નયનથી પીવા યોગ્ય શરીરથી આપને નમીને મોટા મુનિઓનાં પણ અંતઃકરણને મોહ પમાડવા શક્તિમાન થાય છે. (૫)

धनुः पौष्पं मौर्वी मधुकरमयी पञ्च विशिखा
वसन्तः सामन्तो मलयमरुदायोधनरथः ।
तथाप्येकः सर्वं हिमगिरिसुते कामपि कृपा-
मपाङ्गात्ते लब्ध्वा जगदिदमनङ्गो विजयते ॥ ६ ॥

हे हिमगिरि सुते - હે હિમાલય-પુત્રી ! पौष्पम् - પુષ્પનું, धनुः - ધનુષ્ય, मधुकर-मयी - ભ્રમરમય, मौर्वी - દોરી, પણછ पञ्च - પાંચ, विशिखा - બાણ, सामन्तः - મંત્રી, वसन्तः - વસંતઋતુ, आयोधन-रथः - યુદ્ધરથ, मलय-मरुत् - મલય પવન, तथापि - છતાં તે - આપની, अपाङ्गात् - તિરછી નજરથી, कामपि - અવર્ણનીય, कृपाम् - કૃપાને, लब्धा - મેળવીને, एकः - એકલો, अनङ्गः - કામદેવ, इदम् - આ, सर्वम् - સારાંયે, जगत् - જગતને, विजयते - જીતે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે હિમાલયપુત્રી, પુષ્પનું ધનુષ્ય, ભમરમય દોરી (પણછ), પાંચ બાણ, મંત્રી વસંતઋતુ, યુદ્ધરથ મલયપવન, (આ બધું) છતાં આપની તિરછી નજરથી અવર્ણનીય કૃપા મેળવીને, એકલો કામદેવ આ સારાંયે જગતને જીતે છે. (૬)

क्वणत्काञ्चीदामा करिकलभकुम्भस्तननता
परिक्षीणा मध्ये परिणतशरच्चन्द्रवदना ।
धनुर्बाणान्पाशं सृणिमपि दधाना करतलैः
पुरस्तादास्तां नः पुरमथितुराहोपुरुषिका ॥ ७ ॥

क्वणत्-काञ्ची-दामा - રણકાર કરતી કટિમેખલા, करि-कलभ-कुम्भ-स्तन-नता - હાથીનાં બચ્ચાનાં કુંભસ્થળ જેવાં સ્તનથી નમેલ, मध्ये - કેડમાં, परिक्षीणा - પાતળા, परिगत-शरच्चंद्र-वदना - શરદપૂનમના ચન્દ્ર જેવા મુખધારી, करतलैः - હાથમાં ધનુષ્ય, बाणान् - બાણ, पाशम् - પાશ, अपि - અને, सृणिम् - અંકુશ, दधाना - ધારણ કરનાર, पुरमथितुः - ત્રિપુરારી (મહાદેવની), आहो - અહંકારરૂપી, पुरुषिका - મહાબલવતી શક્તિ, नः - અમારી, पुरस्तात् - આગળ ને આગળ (દરેક પ્રવૃત્તિમાં નિયામિકા) હો !

રણકાર કરતી કટિમેખલા, હાથીનાં બચ્ચાનાં કુંભસ્થળ જેવાં સ્તનથી નમેલ, કેડમાં પાતળાં, શરદ પૂનમના ચન્દ્ર જેવા મુખધારી, હાથમાં ધનુષ્ય, બાણ, પાશ અને અંકુશ ધારણ કરનાર, ત્રિપુરારિ(મહાદેવ)ની અહંકારરૂપી મહાબલવતી શક્તિ, આ મારી આગળ ને આગળ (દરેક પ્રવૃત્તિમાં નિયામિકા) હો ! (૭)

सुधासिन्धोर्मध्ये सुरविटपिवाटीपरिवृते
मणिद्वीपे नीपोपवनवति चिन्तामणिगृहे ।
शिवाकारे मञ्चे परमशिवपर्यङ्कनिलयां
भजन्ति त्वां धन्याः कतिचन चिदानन्दलहरीम् ॥ ८ ॥

सुधा-सिन्धोः - સુધાસાગરની, मध्ये - મધ્યમાં, सुर-विटपि-वाटी-परिवृते - પારિજાત વૃક્ષનાં ઉપવનથી વીંટળાયેલા, नीप-उपवन-वति - કદંબનાં ઉપવનવાળા, मणिद्वीपे - મણિદ્વીપના, चिन्तामणि-गृहे - ચિન્તામણિ-ગૃહમાં, शिवाकारे - શિવરૂપી, मञ्चे-- પલંગમાં, परम-शिव-पर्यङ्क-निलयाम् - પરમ શિવના ખોળામાં બેઠેલ, चिदानन्द-लहरीम् - ચૈતન્ય અને આનંદની લહરી (સમાન), त्वाम् - આપને, कतिचन - કોઈ, धन्याः - ધન્ય (ભક્તો જ), भजन्ति - ભજે છે.

સુધાસાગરની મધ્યમાં પારિજાત વૃક્ષનાં ઉપવનથી વીંટળાયેલાં કદંબનાં ઉપવનવાળા મણિદ્વીપનાં ચિન્તામણિ-ગૃહમાં, શિવરૂપી પલંગમાં, પરમશિવના ખોળામાં બેઠેલ ચૈતન્ય અને આનંદની લહરી (સમાન) આપને કોઈ ધન્ય (ભક્તો જ) ભજે છે. (૮)

महीं मूलाधारे कमपि मणिपूरे हुतवहं
स्थितं स्वाधिष्ठाने हृदि मरुतमाकाशमुपरि ।
मनोऽपि भ्रूमध्ये सकलमपि भित्त्वा कुलपथं
सहस्रारे पद्मे सह रहसि पत्या विहरसे ॥ ९ ॥

मूलाधारे - મૂલાધાર(ચક્ર)માં, महीम् - પૃથ્વીને, मणिपूरे - મણિપૂર(ચક્ર)માં, कम् - જળને, अपि - અને, स्वाधिष्ठाने - સ્વાધિષ્ઠાન(ચક્ર)માં, स्थितम् - રહેલ, हुतवहम् - અગ્નિને, हृदि - હૃદયમાં (અનાહત-ચક્રમાં), मरुतम् - વાયુને, उपरि - તેથી આગળ, भ्रूमध्ये - ભમરોની મધ્યમાં (આજ્ઞા-ચક્રમાં), मन - મનને (એ પ્રમાણે ક્રમિક રીતે), सकलम् अपि - સારાંયે, कुलपथम् - કુલ (શક્તિ)માર્ગને, भित्त्वा - ભેદીને, सहस्रारे - સહસ્રદલ, रहसि - એકાંતમાં, पत्या - પતિ, सह - સાથે, विहरसि - વિહાર કરો છો.

મૂલાધાર(ચક્ર)માં પૃથ્વીને, મણિપુર(ચક્ર)માં જળને અને સ્વાધિષ્ઠાન(ચક્ર)માં રહેલ અગ્નિને, હૃદયમાં (અનાહત-ચક્રમાં) વાયુને, તેથી આગળ ભમરોની મધ્યમાં (આજ્ઞા-ચક્રમાં) મનને, (એ ક્રમિક રીતે) સારાંયે કુલ(શક્તિ) માર્ગને ભેદીને, સહસ્રદલ-કમલમાં એકાંતમાં (આપ) પતિ સાથે વિહરો છો. (૯)

सुधाधारासारैश्चरणयुगलान्तर्विगलितैः
प्रपञ्चं सिञ्चन्ती पुनरपि रसाम्नायमहसः ।
अवाप्य स्वां भूमिं भुजगनिभमध्युष्टवलयं
स्वमात्मानं कृत्वा स्वपिषि कुलकुण्डे कुहरिणि ॥ १० ॥

चरण-युगल-अन्तर्विगलितैः - બે ચરણમાંથી વહેતી, सुधा-धारा-आसारैः - અમૃતધારાની વર્ષાથી, प्रपञ्चम् - નાડીમાર્ગને, सिञ्चन्ती - સીંચતા, रसा-आम्नाय-महसः - તેજસ્વી ચન્દ્રના પ્રદેશમાંથી, पुनः - ફરી, स्वां - પોતાની, भूमिम् - સ્થિતિને, प्राप्य - મેળવીને, अध्युष्ट-वलयम् - સાડાત્રણ ગૂંચળારૂપે રહેલા, भुजग-निभम् - સર્પની જેમ, आत्मानम् - પોતાની જાતને, कृत्वा - ગોઠવીને (આપ), कुलकुण्डे - કુલકુંડની, कुहरिणि - ગુફામાં, स्वपिषि - સૂઓ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ચરણમાંથી વહેતી અમૃત-ધારાની વર્ષાથી નાડીમાર્ગને સીંચતા તેજસ્વી ચન્દ્રના પ્રદેશમાંથી ફરી પોતાની સ્થિતિને મેળવીને, સાડા ત્રણ ગુંચળારૂપે રહેલા સર્પની જેમ પોતાની જાતને ગોઠવીને, આપ કુલકુંડની ગુફામાં સૂઓ છો. (૧૦)

चतुर्भिः श्रीकण्ठैः शिवयुवतिभिः पञ्चभिरपि
प्रभिन्नाभिः शंभोर्नवभिरपि मूलप्रकृतिभिः ।
चतुश्चत्वारिंशद्वसुदलकलाश्रत्रिवलय-
त्रिरेखाभिः सार्धं तव शरणकोणाः परिणताः ॥ ११ ॥

वसुदल - અષ્ટ-દલ, कलाश्र - ષોડશ-દલ, त्रिवलय - ત્રણ વલય (ચક્રો), त्रिरेखाभिः - ત્રણ રેખાઓ, सार्धम् - સાથે (અને બિંદુ એવા), शम्भोः - શંભુથી, प्रभिन्नाभिः - ભિન્ન (અલગ રહેલ), नवभिः अपि मूलप्रकृतिभिः - નવમૂલ પ્રકૃતિઓ (મૂલ ત્રિકોણો) (નિમ્નશિરોબિંદુવાળા), चतुर्भिः - ચાર, श्रीकण्ठे - શ્રીકંઠમાં (અને ઊર્ધ્વ શિરોબિંદુવાળા), पञ्चभिः - પાંચ, शिवयुवतिभिः - શિવ યુવતીઓ સાથે (મળીને), तव - આપના, शरणकोणा - (મૂલ) નિવાસ (એવા શ્રી-ચક્રના), चतुश्चत्वारिंशत् - ચુમાલીસ બને છે.

અષ્ટદલ, ષોડશદલ, ત્રણ વલય, ત્રણ રેખાઓ સાથે શંભુથી ભિન્ન એવી નવમૂલ પ્રકૃતિ, ચાર શ્રીકંઠમાં પાંચ શિવયુવતીઓ સાથે મળીને આપના નિવાસ એવા શ્રીચક્રના ચુમાલીસ તત્ત્વો બને છે. (૧૧)

त्वदीयं सौन्दर्यं तुहिनगिरिकन्ये तुलयितुं
कवीन्द्राः कल्पन्ते कथमपि विरिञ्चिप्रभृतयः ।
यदालोकौत्सुक्यादमरललना यान्ति मनसा
तपोभिर्दुष्प्रापामपि गिरिशसायुज्यपदवीम् ॥ १२ ॥

हे तुहिन-गिरि-कन्ये - હે હિમાલય-પુત્રી, त्वदीयम् - આપના (અતિમોહક), सौन्दर्यम् - સૌન્દર્યને, तुलयितुम् - વર્ણવવા, विरञ्चि-प्रभृतयः - બ્રહ્મા વગેરે, कवीन्द्राः - ઉત્તમ સૂરિઓ, कथमपि - માંડ માંડ, कल्पन्ते - શક્તિમાન થાય છે, यत् - જેને, आलोक्य - જોઈને, औत्सुक्यात् - ઉત્સુકતાથી, अमरललनाः - દેવાંગનાઓ, तपोभिः - તપ વડે, दुष्प्रापाम् - દુષ્પ્રાપ્ય, मनसा - મનથી, गिरिश-सायुज्य-पदवीम् - મહાદેવ સાથે સાયુજ્ય-પદ, यान्ति - પામે છે.

હે હિમાલયપુત્રી, આપનાં સૌન્દર્યને વર્ણવવા બ્રહ્મા વગેરે ઉત્તમ સૂરિઓ માંડ માંડ શક્તિમાન થાય છે, જેને જોઈને ઉત્સુકતાથી દેવાંગનાઓ તપ વડે પણ દુષ્પ્રાપ્ય મનથી મહાદેવ સાથે સાયુજ્ય પદ પામે છે. (૧૨)

नरं वर्षीयांसं नयनविरसं नर्मसु जडं
तवापाङ्गालोके पतितमनुधावन्ति शतशः ।
गलद्वेणीबन्धाः कुचकलशविस्रस्तसिचया
हठात्त्रुट्यत्काञ्च्यो विगलितदुकूला युवतयः ॥ १३ ॥

तव - આપના, अपाङ्गा-आलोके - દૃષ્ટિ-માર્ગમાં, पतितम् - પડેલ (આવેલ), नर्मसु - નર્મમર્મ બાબત, जडम् - અતિમંદ, नयन-विरसं - નેત્રકટાક્ષાદિમાં રસહીન, वर्षीयांसम् - વૃદ્ધ, नरम् - માણસની (પાછળ), गलद्-वेणी-बन्धाः - છુટી ગયેલ અંબોડાવાળી, कुच-कलश-विस्रस्त-सिचया - સ્તનકલશ પરથી સરી પડેલ વસ્ત્રવાળી, हठात् - પરાણે, त्रुट्यत्-काञ्च्यः - તૂટી પડેલ મેખલાવાળી, विगलित-दुकूला - સરી પડેલ રેશમી વસ્ત્રવાળી, युवतयः - યુવતીઓ, शतशः - સેંકડોની સંખ્યામાં, हठात् - આપોઆપ, अनुधावन्ति - દોડી જાય છે.

આપના દૃષ્ટિમાર્ગમાં પડેલ, નર્મમર્મ બાબત અતિમંદ નેત્રકટાક્ષાદિમાં રસહીન વૃદ્ધ માણસની પાછળ છુટી ગયેલ અંબોડાવાળી, સ્તનકલશ પરથી સરી પડેલ વસ્ત્રવાળી, તૂટી પડેલ આપોઆપ મેખલાવાળી, સરી પડેલ રેશમી વસ્ત્રવાળી યુવતીઓ સેંકડોની સંખ્યામાં આપોઆપ દોડી જાય છે. (૧૩)

क्षितौ षट्पञ्चाशद्द्विसमधिकपञ्चाशदुदके
हुताशे द्वाषष्टिश्चतुरधिकपञ्चाशदनिले ।
दिवि द्विःषट्त्रिंशन्मनसि च चतुःषष्टिरिति ये
मयूखास्तेषामप्युपरि तव पादाम्बुजयुगम् ॥ १४ ॥

क्षितौ - પૃથ્વીમય, मूलाधारे - મૂલાધાર-ચક્રમાં, षट्पञ्चाशत् - છપ્પન, उदके - જળમય (મણિપૂર)ચક્રમાં, द्विसमधिक-पञ्चाशत् - બાવન, हुताशे - અગ્નિમય (સ્વાધિષ્ઠાન-ચક્રમાં), द्वाषष्टिः - બાસઠ, अनिले - વાયુમય (અનાહત-ચક્રમાં), चतुरधिक-पञ्चाशत् - ચોપન (વિશુદ્ધિ-ચક્રમાં), दिवि - આકાશમય, द्वि-षट्त्रिंशत् - બોતેર (આત્મ-ચક્રમાં), मनसि - મનોમય, चतुःषष्टिः - ચોસઠ, इति - એમ કુલ (ત્રણસો સાઠ દેવતાઓ), ये - જે, मयूखाः - કિરણો છે, तेषाम् - તેનાથી, उपरि - ઉપર, तव - આપનાં, पाद-अम्बुजयुगम् - બે ચરણકમળ બિરાજે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃથ્વીમય મૂલાધાર-ચક્રમાં છપ્પન, જળમય (મણિપૂર-ચક્રમાં) બાવન, અગ્નિમય (સ્વાધિષ્ઠાન-ચક્રમાં) બાસઠ, વાયુમય (અનાહત) ચક્રમાં ચોપન, આકાશમય (વિશુદ્ધિ-ચક્રમાં) બોંતેર, (આજ્ઞા-ચક્રમાં ભ્રૂમધ્યમાં) મનોમય ચોસઠ એમ (કૂલ ત્રણસો સાઠ દેવતાઓનાં) જે કિરણો છે, તેનાથી ઉપર આપનાં બે ચરણકમળ બિરાજે છે. (૧૪)

शरज्ज्योत्स्नाशुद्धां शशियुतजटाजूटमकुटां
वरत्रासत्राणस्फटिकघटिकापुस्तककराम् ।
सकृन्न त्वा नत्वा कथमिव सतां संनिदधते
मधुक्षीरद्राक्षामधुरिमधुरीणाः फणितयः ॥ १५ ॥

शरद्-ज्योत्स्ना-शुद्धाम् - શરદની ચાંદની જેવા ધવલ, शशियुत-जटाजूट-मकुटाम् - ચન્દ્રયુક્ત જટાજૂટના મુગટધારી, वर-त्रास-त्राण-स्फटिक-घटिका-पुस्तककराम् - હાથમાં વરદાન અને અભય(ની મુદ્રા) (તથા) સ્ફટિકમાળા અને પુસ્તકધારી, त्वाम् - આપને, सकृत् - એક વાર, नत्वा - નમન કરીને, सताम् - સત્પુરુષોની, भणितयः - વાણી (વચનો), मधु-क्षीर-द्राक्षा-मधुरिम-मधुरीणाः - મધ, દૂધ, દ્રાક્ષનાં અતિમાધુર્યને ધારણ કરવા સમર્થ, कथम् इव - કેમ, न - ન, संनिदधते - બને ?

શરદની ચાંદની જેવા ધવલ, ચન્દ્રમુખી, જટાજૂટના મુગટધારી, હાથમાં વરદાન અને અભયની મુદ્રા તથા સ્ફટિમાળા અને પુસ્તકધારી આપને એક વાર નમન કરીને, સત્પુરુષોની વાણી (વચનો) મધ, દૂધ અને દ્રાક્ષનાં અતિમાધુર્યને ધારણ કરવા સમર્થ કેમ ન બને ? (૧૫)

कवीन्द्राणां चेतःकमलवनबालातपरुचिं
भजन्ते ये सन्तः कतिचिदरुणामेव भवतीम् ।
विरिञ्चिप्रेयस्यास्तरुणतरशृङ्गारलहरी-
गभीराभिर्वाग्भिर्विदधति सतां रञ्जनममी ॥ १६ ॥

ये - જે, कतिचित् - કેટલાક, सन्तः - સંતો, कवीन्द्राणाम् - શ્રેષ્ઠ કવિઓનાં, चेतः - અંતઃકરણરૂપી, कमल-वन-बालातप-रुचिम् - કમલવન પર પડતા બાળ સૂર્યના જેવાં (ઝળહળતા), भवतीम् - આપને, भजन्ति - ભજે છે, તે विरिञ्चि-प्रेयस्याः - સરસ્વતીની, तरुणतर-शृंगार-लहरी-गभीराभिः - પૂર્ણયૌવન સભર શૃંગારની લહરી (ધારા) જેવી ગંભીર (ઊંડા), वाग्भिः - વાણી (ની શૈલી) વડે, सताम् - વિદ્વાનો(ની સભા)ને, रञ्जनम् - આનંદ, विदधति - આપે છે.

જે કેટલાક સંતો શ્રેષ્ઠ કવિઓનાં અંતઃકરણરૂપી કમલવન પર પડતા બાળસૂર્યના જેવા (ઝળહળતા) આપને ભજે છે, તેઓ સરસ્વતીની પૂર્ણયૌવનસભર શૃંગારની લહરી (ધારા) જેવી ગંભીર વાણી(ની શૈલી) વડે વિદ્વાનોની સભાને આનંદ આપે છે. (૧૬)

सवित्रीभिर्वाचां शशिमणिशिलाभङ्गरुचिभि-
र्वशिन्याद्याभिस्त्वां सह जननि संचिन्तयति यः ।
स कर्ता काव्यानां भवति महतां भङ्गिरुचिभि-
र्वचोभिर्वाग्देवीवदनकमलामोदमधुरैः ॥ १७ ॥

हे जननि - હે મા ! यः - જે शशिमणि-शिलाभङ्ग-रुचिभिः - ચન્દ્રકાન્ત મણિના ટુકડા જેવી કાંતિવાળી, वाचाम् - વાણીને, सवित्रीभिः - પ્રેરનારી, वशिन्याद्याभिः - વશિની વગેરે શક્તિઓ, सह - સાથે, त्वाम् - આપનું, संचिन्तयन्ति - સારી રીતે ચિંતન કરે છે, सः - તે, वाग्देवी-वदन-कमल-आमोद-मधुरैः - સરસ્વતીનાં વદન-કમળની સુગંધથી મધુર, भङ्गि-रुचिभिः - (નિરૂપણ) શૈલીથી મનોહર, वचोभिः - પદોથી યુક્ત, महताम् - મહા, काव्यानाम् - કાવ્યોનો, कर्ता - કર્તા, भवति - થાય છે.

હે મા ! જે ચન્દ્રકાન્ત મણિના ટુકડા જેવી કાંતિવાળી, વાણીને પ્રેરનારી, વશિની વગેરે શક્તિઓ સાથે આપનું સારી રીતે ચિન્તન કરે છે, તે સરસ્વતીનાં વદનકમળની સુગંધથી મધુર (નિરૂપણ) શૈલીથી મનોહર પદોથી યુક્ત મહાકાવ્યોનો કર્તા બને છે. (૧૭)

तनुच्छायाभिस्ते तरुणतरणिश्रीसरणिभि-
र्दिवं सर्वामुर्वीमरुणिमनि मग्नां स्मरति यः ।
भवन्त्यस्य त्रस्यद्वनहरिणशालीननयनाः
सहोर्वश्या वश्याः कति कति न गीर्वाणगणिकाः ॥ १८ ॥

ते - આપની, तरुणतरणि-श्री-सरणिभिः - બાળસૂર્યની શોભાના સમૂહ જેવી, तनु-च्छायाभिः - શરીરની કાંતિથી, सर्वाम् - સારીયે, उर्वीम् - પૃથ્વી (અને), दिवम् - સ્વર્ગને, अरुणिम् -લાલિમામાં, निमग्नाम् - ડૂબેલા, यः - જે, स्मरति - ચિન્તવે છે, अस्य - તેના, त्रस्यत्-वनहरिण-शालीन-नयनाः - ભયભીત હરણ જેવા શરમાળ નયનોવાળી, कति कति - કેટકેટલી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गीर्वाण-गणिकाः - દેવોની ગણિકાઓ, उर्वश्या - ઉર્વશીની, सह - સાથે, वश्याः - (આધીન) વશ, न भवन्ति - થતી નથી ?

આપની બાળસૂર્યની શોભાના સમૂહ જેવી શરીરની (લાલ) કાંતિથી સારીયે પૃથ્વી અને સ્વર્ગને લાલિમામાં ડૂબેલ જે (આપને) ચિન્તવે છે, તેનાં ભયભીત હરણ જેવાં શરમાળ નયનોવાળી કેટકેટલી દેવોની ગણિકાઓ ઉર્વશીની સાથે વશ (આધીન) થતી નથી ? (૧૮)

मुखं बिन्दुं कृत्वा कुचयुगमधस्तस्य तदधो
हरार्धं ध्यायेद्यो हरमहिषि ते मन्मथकलाम् ।
स सद्यः संक्षोभं नयति वनिता इत्यतिलघु
त्रिलोकीमप्याशु भ्रमयति रवीन्दुस्तनयुगाम् ॥ १९ ॥

हे हरमहिषि - હે મહાદેવનાં પટ્ટરાણી, बिन्दुम् - બિન્દુને, मुखम् - મુખરૂપે, कृत्वा - ગણીને, तस्य अधः - તેની નીચે, कुचयुगम् - સ્તનયુગલ (અને), तद् अधः - તેની નીચે, हर-अर्धभागम् - હરના અર્ધભાગ (અર્થાત્ ત્રિકોણરૂપ), ते - આપની, मन्मथ-कलाम् - કામકલાનું, यः - જે (સાધક), इति - આ પ્રમાણે ધ્યાન કરે છે, सः - તે, सद्यः - તરત જ, वनिताः - સ્ત્રીઓને, अतिलघु - રમત માત્રમાં, संक्षोभं - સંક્ષોભ, जनयति - પમાડે છે, अपि - અને, रवि-इन्दु-स्तनयुगाम् - સૂર્ય અને ચન્દ્ર રૂપી સ્તન-યુક્ત, त्रिलोकीम् - ત્રણેય લોકને, अपि - પણ, आशु - થોડી વારમાં, भ्रमयति - ડોલાવે છે.

હે મહાદેવનાં પટ્ટરાણી ! બિન્દુને મુખ ગણીને, તેની નીચે સ્તનયુગલ (અને) તેની નીચે હરના અર્ધભાગ (અર્થાત્ ત્રિકોણરૂપ) આપની કામકલાનું જે (સાધક) આ પ્રમાણે ધ્યાન કરે છે, તે તરત જ વનિતાઓને રમત માત્રમાં ક્ષોભ પમાડે છે અને સૂર્ય અને ચન્દ્રરૂપી સ્તન યુક્ત ત્રણેય લોકને પણ થોડી વારમાં ડોલાવે છે. (૧૯)

किरन्तीमङ्गेभ्यः किरणनिकुरुम्बामृतरसं
हृदि त्वामाधत्ते हिमकरशिलामूर्तिमिव यः ।
स सर्पाणां दर्पं शमयति शकुन्ताधिप इव
ज्वरप्लुष्टान्दृष्ट्या सुखयति सुधाधारसिरया ॥ २० ॥

अङ्गेभ्यः - (પોતાનાં) અંગોનાં, किरण-निकुरुम्ब-अमृतरसम् - કિરણસમૂહરૂપી અમૃતરસને, किरन्तीम् - રેલાવતા, हिमकर-शिलामूर्तिम् इव - ચન્દ્રકાન્ત પથ્થરમાંથી ઘડેલી મૂર્તિ રૂપે, हृदि - હૃદયમાં, त्वाम् - આપનું, आधत्ते - ધ્યાન કરે છે, स - તે, शकुन्त-अधिप - ગરુડ જેમ, सर्पाणाम् - સર્પોનું, दर्पम् - ગર્વ, शमयति - શમન કરે છે (તેમ), सुधा-धार-सिरया - અમૃત વરસાવતી નાડીની જેવી, दृष्ट्या - (કેવળ) નજરથી, ज्वरप्लुष्टान् - તાવથી બળું બળું થતાને, सुखयति - સુખી કરે છે (સ્વસ્થ બનાવે છે).

(પોતાનાં) અંગોનાં કિરણસમૂહરૂપી અમૃતરસને રેલાવતા ચન્દ્રકાન્ત પથ્થરમાંથી ઘડેલી મૂર્તિરૂપે હૃદયમાં જે આપનું ધ્યાન કરે છે, તે ગરુડ જેમ સર્પોના ગર્વનું શમન કરે છે જે (તેમ) અમૃત વરસાવતી નાડી જેવી દૃષ્ટિથી તાવથી બળું બળું થતાને સુખી કરે છે (સ્વસ્થ બનાવે છે). (૨૦)

तटिल्लेखातन्वीं तपनशशिवैश्वानरमयीं
निषण्णां षण्णामप्युपरि कमलानां तव कलाम् ।
महापद्माटव्यां मृदितमलमायेन मनसा
महान्तः पश्यन्तो दधति परमाह्लादलहरीम् ॥ २१ ॥

तटित्-लेखा-तन्वीम् - વિદ્યુલ્લેખા સમી પાતળી, तपन-शशि-वैश्वानरमयीम् - સૂર્ય, ચન્દ્ર અને અગ્નિમય, महा-पद्म-अटव्याम् - મહાન કમળનાં વનમાં, कमलानाम् - કમળ(ચક્રો)ની, उपरि - ઉપર, निषण्णाम् - બિરાજતી, तव - આપની, कलाम् - કલાનું, मृदित-मल-मायेन - અશુદ્ધિ અને માયાથી મુકત, मनसा - મન વડે, पश्यन्तः - જોતાં, महान्तः - મહાપુરુષો, परम-आह्लाद-लहरीम् - અખંડ આનંદની લહરી, दधति - મેળવે છે.

વિદ્યુલ્લેખા સમી પાતળી, સૂર્ય, ચન્દ્ર અને અગ્નિમય, મહાન કમળનાં વનમાં કમલ ચક્રોની ઉપર બિરાજતી આપની કલાને અશુદ્ધિ અને માયાથી મુક્ત મન વડે જોતા મહાપુરુષો અખંડ આનંદની લહરી મેળવે છે. (૨૧)

भवानि त्वं दासे मयि वितर दृष्टिं सकरुणा-
मिति स्तोतुं वाञ्छन्कथयति भवानि त्वमिति यः ।
तदैव त्वं तस्मै दिशसि निजसायुज्यपदवीं
मुकुन्दब्रह्मेन्द्रस्फुटमुकुटनीराजितपदाम् ॥ २२ ॥

हे भवानि - હે ભવાની, त्वम् - આપ, दासे - દાસ (એવા), मयि - મારા પર, सकरुणाम् - દયામય, दृष्टिम् - દૃષ્ટિ, वितर - વિતરો, इति - એમ, स्तोतुम् - સ્તવન કરવા, वाञ्छन् - ઈચ્છતો, यदा - જ્યારે, भवानि त्वम् - ભવાની ! આપ, इति यः - એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ, कथयति - કહે છે, तदा - ત્યારે, एव - જ, त्वम् - આપ, तस्मै - તેને, मुकुन्द-ब्रह्मा-इन्द्र-स्फुट-मुकुट-नीराजित-पदाम् - વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર આદિ દેવતાઓના ચમકતા મુગટથી ઝળહળતી (નીરાજિત બનાવાયેલી), निज-सायुज्य-पदवीम् - આપ (સાથેની) સાયુજ્ય (અભેદ)ની પદવી, दिशसि - આપો છો.

''હે ભવાનિ ! આપ દાસ (એવા) મારા ઉપર દયામય દૃષ્ટિ વિતરો'', એમ સ્તવન કરવા ઈચ્છતા જયારે 'ભવાની આપ' એટલું જ જે (ભક્ત) કહે છે, ત્યારે જ આપ તેને વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર આદિ દેવતાઓના ચમકતા મુગટથી ઝળહળતી (નીરાજિત બનાવાયેલી) આપ (સાથે)ની સાયુજ્ય (અભેદ)ની પદવી આપો છો. (૨૨)

त्वया हृत्वा वामं वपुरपरितृप्तेन मनसा
शरीरार्धं शंभोरपरमपि शङ्के हृतमभूत् ।
यदेतत्त्वद्रूपं सकलमरुणाभं त्रिनयनं
कुचाभ्यामानम्रं कुटिलशशिचूडालमकुटम् ।। २३ ।।

यद् - જે, एतत् - આ, त्वद्-रूपम् - આપનું રૂપ, सकलम् - બધી કલાથી પૂર્ણ, अरुणाभम् - અરુણરંગી, त्रिनयनम् - ત્રણ નેત્રયુક્ત, कुचाभ्याम् - બે સ્તનથી, आनम्रम् - જરા નમેલ, कुटिल-शशि-चूडाल-मकुटम् - મુકુટ ઉપર વક્ર ચન્દ્રવાળું (છે) (તેથી), शङ्के - હું માનું છું કે, त्वया - આપે, वामम् - ડાબું, वपुः - શરીરને, हृत्वा - હરીને, अपरितृप्तेन - અસંતોષી, मनसा - મનથી, शम्भोः - શંભુના, अपरम् - બીજું (જમણું), अपि - પણ, शरीरार्धम् - શરીરનો અર્ધોભાગ, हृतम् - હરી લીધો, अभूत् - છે.

જે આ આપનું રૂપ બધી કલાથી પૂર્ણ, અરુણરંગી, ત્રણ નેત્રયુક્ત, બે સ્તનથી જરા નમેલ, મુકુટ પર વક્ર ચન્દ્રવાળું છે, તેથી હું ધારું છું કે આપે ડાબાં શરીરને હરીને, અતૃપ્ત મનથી, શંભુનો શરીરનો બીજો અર્ધો ભાગ (જમણો) પણ હરી લીધો છે. (૨૩)

जगत्सूते धाता हरिरवति रुद्रः क्षपयते
तिरस्कुर्वन्नेतत्स्वमपि वपुरीशस्तिरयति ।
सदापूर्वः सर्वं तदिदमनुगृह्णाति च शिव-
स्तवाज्ञामालम्ब्य क्षणचलितयोर्भ्रूलतिकयोः ।। २४ ।।

धाता - બ્રહ્મા, जगत् - જગતને, सूते - ઉત્પન્ન કરે છે, हरिः - વિષ્ણુ, अवति - રક્ષણ કરે છે, रुद्रः - મહાદેવ, क्षपयते - વિનાશ કરે છે, एतत् - આ બધાંને, निराकुर्वन् - અદશ્ય (વિલીન) કરીને, ईशः - ઈશ, स्वम् - પોતાના, वपुः - શરીરને, अपि - પણ, तिरयति - વિલીન કરી દે છે, सदा-पूर्वः - સદા જેના પૂર્વ (પદમાં) છે (તેવા), शिव - (આપની), क्षण-चलितयोः - સહેજ ખેંચાયેલી, भ्रू-लतिकयोः - ભ્રૂલતાઓ (દ્વારા મળતી), तव - આપની, आज्ञाम् - આજ્ઞાને, अवलम्ब्य - અનુસરીને, तद् इदम् सर्वम् - આ બધા પર, अनुगृह्णाति - અનુગ્રહ કરે છે.

બ્રહ્મા જગત ઉત્પન્ન કરે છે, હરિ રક્ષણ કરે છે, રુદ્ર વિનાશ કરે છે. આ બધાંને અદશ્ય (વિલીન) કરીને, ઈશ (મહાદેવ) પોતાના શરીરને પણ વિલીન કરી દે છે. સદા જેમાં પૂર્વ (પદમાં) છે (તેવા) શિવ (આપની) સહેજ ખેંચાયેલી ભ્રૂલતાઓ દ્વારા મળતી આપની આજ્ઞાને અનુસરીને આ બધા પર અનુગ્રહ કરે છે (ઉત્પન્ન કરે છે). (૨૪)

त्रयाणां देवानां त्रिगुणजनितानां तव शिवे
भवेत्पूजा पूजा तव चरणयोर्या विरचिता ।
तथाहि त्वत्पादोद्वहनमणिपीठस्य निकटे
स्थिता ह्येते शश्वन्मुकुलितकरोत्तंसमुकुटाः ।। २५ ।।

हे शिवे - પાર્વતી, तव - આપનાં, चरणयोः - ચરણે, विरचिता - ધરેલી, पूजा - પૂજામાં, त्रि-गुण-जनितानाम् - ત્રણ ગુણથી ઉત્પન્ન થતાં, त्रयाणाम् - ત્રણ, देवानाम् - દેવોની, पूजां - પૂજા, भवेत् - થઈ જાય છે, तथाहि - તેથી, मुकुलित-कर-उत्तंस-मुकुटाः - પોતાના જોડેલા હાથ વડે પોતાના મુગટને શોભાવતા, एते - તે (દેવો), त्वत्-पाद-उद्वहन-मणि-पीठस्य - આપના ચરણને ધારણ કરનાર બાજોઠની, निकटम् - પાસે, शश्वत् - હંમેશાં ઊભા રહે છે.

હે પાર્વતી, આપનાં ચરણે ધરેલી પૂજામાં ત્રણ ગુણથી ઉત્પન્ન થનારા ત્રણ દેવોની પૂજા થઈ જાય છે, તેથી પોતાના જોડેલા હાથ વડે પોતાના મુગટને શોભાવતા તે (દેવો) આપનાં ચરણને ધારણ કરનાર બાજોઠની પાસે હંમેશાં ઊભા રહે છે. (૨૫)

विरिञ्चिः पञ्चत्वं व्रजति हरिराप्नोति विरतिं
विनाशं कीनाशो भजति धनदो याति निधनम् ।
वितन्द्री माहेन्द्री विततिरपि संमीलितदृशा
महासंहारेऽस्मिन्विहरति सति त्वत्पतिरसौ ।। २६ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे सति - હે સતી, अस्मिन् - આ, महासंहारे - મહા (પ્રલયના) સંહારમાં, विरिञ्चिः - બ્રહ્મા, पञ्चत्वम् - મરણ, व्रजति - પામે છે, हरिः - વિષ્ણુ, विरतिम् - શાંતિ (મરણ), प्राप्नोति - મેળવે છે, कीनाशः - યમરાજા, विनाशम् - વિનાશ, व्रजति - પામે છે, धनदः - કુબેર, निधनम् - મરણ, याति - પામે છે, विन्द्री - સતત જાગૃત, माहेन्द्री - ઈન્દ્રની, दृशा - આંખોની, विततिः - હારમાળા, अपि - પણ, संमीलित - (સદા માટે) મીંચાઈ જાય છે, असौ - આ, त्वत्पतिः - આપના પતિ, एव - જ, विहरति - આનંદથી વિહાર કરે છે.

હે સતી, આ મહા (પ્રલયના) સંહારમાં બ્રહ્મા મરણ પામે છે, વિષ્ણુ શાંતિ (મરણ) પામે છે, યમરાજા વિનાશ પામે છે, કુબેર મરણ પામે છે. સતત જાગૃત ઈન્દ્રની આંખોની હારમાળા (સદા માટે) મીંચાઈ જાય છે આ આપના પતિ જ પછી (આનંદથી) વિહાર કરે છે.

जपो जल्पः शिल्पं सकलमपि मुद्राविरचना
गतिः प्रादक्षिण्यक्रमणमशनाद्याहुतिविधिः ।
प्रणामः संवेशः सुखमखिलमात्मार्पणदृशा
सपर्यापर्यायस्तव भवतु यन्मे विलसितम् ॥ २७ ॥

जल्पम् - (મારું) બોલવું, जपः - જપ, सकलम् - સારુંયે, अपि - યે, शिल्पम् - આગળ વગેરેનું હલન ચલન, मुद्रा विरचनां - મુદ્રાઓની રચના, भवतु - થાઓ, गतिः - ગતિ (રખડપટ્ટી), प्रादिक्षिण्य-क्रमणम् - પ્રદક્ષિણા, अशनादि - જમવું વગેરે (પોષણની ક્રિયા), आहुतिविधिः - આહુતિ, संवेशः - શયનાદિ ક્રિયા, प्रणामम् - પ્રણામ, अखिलम् - સર્વ, सुखम् - સુખ, आत्म-अर्पण-दृशा - આત્માર્પણ દૃષ્ટિવાળા, मे - મારી (સર્વ), विलसितम् - ક્રિયા, तव - આપની, सपर्या-पर्यायः - પૂજાનો પર્યાય, भवतु - બની રહો.

મારું બોલવું જપ, (અને) સારુંયે આંગળાં વગેરેનું હલન ચલન મુદ્રા થાઓ. ગતિ (રખડપટ્ટી) પ્રદક્ષિણા, જમવું વગેરે (પોષણની ક્રિયા) આહુતિ, શયનાદિ ક્રિયા પ્રણામ (આ) સર્વ સુખ, આત્માર્પણ દૃષ્ટિવાળા (થાઓ) : આમ મારી સર્વક્રિયા આપની પૂજાનો પર્યાય (પ્રકાર) થાઓ. (૨૭)

सुधामप्यास्वाद्य प्रतिभयजरामृत्युहरिणीं
विपद्यन्ते विश्वे विधिशतमखाद्या दिविषदः ।
करालं यत्क्ष्वेलं कवलितवतः कालकलना
न शंभोस्तन्मूलं तव जननि ताटङ्कमहिमा ॥ २८ ॥

हे जननि - હે માતા ! विश्वे - જગતમાં प्रतिभय-जरा-मृत्यु-हरिणीम् - ભયંકર વૃદ્ધાવસ્થા અને મૃત્યુને હરનાર सुधाम् - અમૃતને अपि - પણ आस्वाद्य - પીને विधि-शतमख-आद्याः - બ્રહ્મા, ઈન્દ્ર વગેરે विश्वे - બધા दिविषदः - દેવો विपद्यन्ते - નાશ પામે છે. करालं - ભયંકર यत् - જે क्ष्वेडम् - કાતિલ ઝેરનો कवलितवतः - કોળિયો કરનાર शंभोः - શિવને काल-कलना - કાળનું ઓસાણ (પણ) न - નથી तन्मूलम् - તેનું મૂળ तव - આપના ताटङ्कमहिमा - કર્ણાભરણનો મહિમા છે.

હે જનની ! ભયંકર વૃદ્ધાવસ્થા અને મૃત્યુને હરનાર, અમૃતને પણ પીને બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવો નાશ પામે છે. ભયંકર જે કાતિલ ઝેર એનો કોળિયો કરનાર શિવને કાળનું ઓસાણ (પણ) નથી, તેનું મૂળ આપનાં કર્ણાભરણનો મહિમા છે. (૨૮)

किरीटं वैरिञ्चं परिहर पुरः कैटभभिदः
कठोरे कोटीरे स्खलसि जहि जम्भारिमुकुटम् ।
प्रणम्रेष्वेतेषु प्रसभमुपयातस्य भवनं
भवस्याभ्युत्थाने तव परिजनोक्तिर्विजयते ॥ २९ ॥

જ્યારે (બ્રહ્મા વગેરે) एतेषु - આ બધા प्रणम्रेषु - પ્રણામ કરતા હતા ત્યારે प्रसभम् - એકદમ उपयातस्य - આવી પહોંચેલા भवस्य - શિવને (આવકારવા) अभ्युत्थाने - (આપ) ઊભા થયા ત્યારે तव - આપના परिजन-उक्ति - (નીચેના) સેવકોનાં વચનોનો विजयते - જય થાઓ वैरिञ्चम् - બ્રહ્માના किरीटम् - મુગટથી परिहर - દૂર રહેજો (તમારાં ચરણ) पुरः - આગળ (નમેલા) कैटभ-भिदः - કૈટભને હણનાર (વિષ્ણુ)ના कठोरे - કઠોર कोटीरे - મુગટની न स्खलसि - ઠેસ ન આવે जम्भारि-मुकुटम् - ઈન્દ્રના મુગટને जहि - જાળવજો.

જ્યારે (બ્રહ્મા વગેરે) આ બધા (દેવો) પ્રણામ કરતા હતા, ત્યારે એકદમ આવી પહોંચેલા શિવને (આવકારવા) (આપ) ઊભા થયાં ત્યારે આપના (નીચેના) સેવકોનાં વચનોનો જય થાઓ ! 'બ્રહ્માના મુગટથી દૂર રહેજો (તમારા ચરણ) આગળ (નમેલા) વિષ્ણુના મુગટની ઠેસ ન આવે. ઈન્દ્રના મુગટને જાળવજો.' (૨૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वदेहोद्भूताभिर्घृणिभिरणिमाद्याभिरभितो
निषेव्ये नित्ये त्वामहमिति सदा भावयति यः ।
किमाश्चर्यं तस्य त्रिनयनसमृद्धिं तृणयतो
महासंवर्ताग्निर्विरचयति नीराजनविधिम् ॥ ३० ॥

हे नित्ये - हे नित्य ! स्वदेह-उद्भूताभिः - પોતાના દેહમાંથી ઉત્પન્न अभितः - બધી બાજુ घृणिभिः - પ્રકાશમાન अणिमाद्याभिः - અણિમા વગેરેથી निषेव्ये - સેવન કરવા યોગ્ય त्वाम् - આપને अहम् - હું (તારાં દૈવી રૂપથી અભિન્ન) છું इति - એમ यः - જે (સાધક) भावयति - (ભાવના કરે છે.) त्रिभुवन-समृद्धिम् - ત્રણ ભુવનની સમૃદ્ધિને तृणयतः - તૃણ જેમ માનતા तस्य - તેની महा-संवर्त-अग्निः - મહાપ્રલયકાળનો અગ્નિ नीराजन-विधिम् - આરતીનો વિધિ विरचयति - કરે (એમાં) किम् - શું आश्चर्यम् - નવાઈ.

હે નિત્ય ! પોતાના દેહમાંથી ઉત્પન્ન (અને) બધી બાજુથી પ્રકાશમાન અણિમા વગેરેથી સેવન કરવા યોગ્ય આપને હું (આપનાં દૈવીરૂપથી અભિન્ન) છું, એમ જે (સાધક) ભાવના કરે છે, (તેવા) ત્રણ ભુવનની સમૃદ્ધિને તૃણ જેમ માનતા તેની મહા પ્રલયકાળનો અગ્નિ આરતી ઊતારે (એમાં) શી નવાઈ ? (૩૦)

चतुःषष्ट्या तन्त्रैः सकलमतिसन्धाय भुवनं
स्थितस्तत्तत्सिद्धिप्रसवपरतन्त्रैः पशुपतिः ।
पुनस्त्वन्निर्बन्धादखिलपुरुषार्थैकघटना-
स्वतन्त्रं ते तन्त्रं क्षितितलमवातीतरदिदम् ॥ ३१ ॥

तत् तत् - તે તે (નિયત) सिद्धि-प्रसव-परतन्त्रैः - સિદ્ધિ (જે) ઉત્પન્ન કરવા પરતંત્ર चतुःषष्ट्या - ચોસઠ तन्त्रैः - તંત્રો વડે सकल-भुवनम् - સારા યે બ્રહ્માંડને अतिसंधाय- મોહ પમાડીને पशुपतिः - શિવ स्थितः - (નિરાંતે) બેઠા હતા ત્યારે पुनः - ફરી त्वत्-निर्बन्धात् - આપના આગ્રહથી अखिल-पुरुषार्थैक-घटना-स्वतंत्रम् - બધા પુરુષાર્થોને સિદ્ધ કરવા માટે સમર્થ તે આપનું इदम् - આ तंत्रम् - તંત્રને क्षितिलम् - પૃથ્વી પર अवातीतरत् - અવતારિત કર્યું.

તે તે (નિયત) સિદ્ધિ (જે) ઉત્પન્ન કરવા પરતંત્ર ચોસઠ તંત્રો વડે સારાંયે બ્રહ્માંડને મોહ પમાડીને શિવ નિરાંતે બેઠા હતા, ત્યારે ફરી આપના આગ્રહથી બધા પુરુષાર્થોને સિદ્ધ કરવા માટે સમર્થ આપનું આ તંત્ર પૃથ્વી પટ પર અવતારિત કર્યું. (૩૧)

शिवः शक्तिः कामः क्षितिरथ रविः शीतकिरणः
स्मरो हंसः शक्रस्तदनु च परामारहरयः ।
अमी हृल्लेखाभिस्तिसृभिरवसानेषु घटिता
भजन्ते वर्णास्ते तव जननि नामावयवताम् ॥ ३२ ॥

हे जननि - હે માતા ! शिवः - શિવ शक्तिः - શક્તિ कामः - કામ क्षितिः - પૃથ્વી अथ - તથા रविः - સૂર્ય शीत-किरणः - ચન્દ્ર स्मरः - સ્મર-કામદેવ हंसः - હંસ शक्रः - ઈન્દ્ર तदनु च - તે પછી વળી परा - પરા मार - કામદેવ हरयः - વિષ્ણુ (અંતમાં) अमी - આ वर्णाः - વર્ણોના (ત્રણ સમુદાયો) तिसृभिः - ત્રણની સાથે (તેમના પોતપોતાના) अवसानेषु - અંતમાં (અલગપણે) घटिता - જોડાઈને तव - આપનાં नाम-अवयवतां - નામનાં અવયવો (રૂપ) भजन्ते - બને છે.

હે માતા, શિવ શક્તિ, કામ, પૃથ્વી તથા સૂર્ય, ચન્દ્ર, કામ, હંસ અને શક્ર, તે પછી વળી પરા સ્મર-કામદેવ હરિ આ વર્ણોના (ત્રણ સમુદાયો) ત્રણ હલ્લેખાઓની સાથે (તેમના પોતપોતાના) અંતમાં (અલગ પણે જોડાઈને) આપનાં નામનાં અવયવો (રૂપ) બને છે. (૩૨)

નોંધ : આ બાબત મતમતાંતર છે : સાધારણ રીતે અહીં (૧) इशकलह्रीं (૨) इसक इल क्लीम् (૩) लवकलह्रीम् - આ ત્રણ હલ્લેખાઓનો ઉલ્લેખ છે, તેમ મુખ્ય ભાષ્યકારોનું કહેવું છે.)

स्मरं योनिं लक्ष्मीं त्रितयमिदमादौ तव मनो-
र्निधायैके नित्ये निरवधिमहाभोगरसिकाः ।
भजन्ति त्वां चिन्तामणिगुणनिबद्धाक्षवलयाः
शिवाग्नौ जुह्वन्तः सुरभिघृतधाराहुतिशतैः ॥ ३३ ॥

हे नित्ये - હે નિત્યા દેવી निरवधि-महाभोग-रसिकाः - અનંત (અસીમ) પરમ ભોગ માટે રસિક एके - કેટલાક (આપના સાધકો) तव - આપના मनोः - મન્ત્રની आदौ - આગળ स्मर - (કલીંબીજ), योनिं - યોનિ-બીજ અને लक्ष्मीम् - લક્ષ્મી (શ્રીં-બીજ) એ त्रितय - ત્રણ निधाय - મૂકીને शिवाग्नौ - શિવના (ત્રિકોણના) અગ્નિમાં सुरभि-घृत-धारा-आहुति-शतैः - સુરભિ (કામધેનુ ગાય)નાં ઘીની ધારાઓની સેંકડો આહુતિઓ વડે जुहवन्तः - હોમ કરતાં (અને) चिन्तामणि-गुण-निबद्ध-अक्ष-वलयाः - ચિન્તામણિના મણકાને પરોવીને બનાવેલી અક્ષમાલા સાથે त्वाम् - આપને भजन्ति - ભજે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે નિત્યા દેવી ! અનંત (અસીમ) પરમ ભોગ માટે રસિક કેટલાક (આપના સાધકો) આપના મન્ત્રની આગળ સ્મર (ક્લીંબીજ) યોનિ (હ્રીંબીજ) અને લક્ષ્મી (શ્રીંબીજ) એ ત્રણ મૂકીને શિવાના ત્રિકોણરૂપ અગ્નિમાં સુરભિ(કામધેનુ ગાય)નાં ઘીની ધારાઓની સેંકડો આહુતિઓ વડે હોમ કરતાં (અને) ચિન્તામણિના મણકાને પરોવીને બનાવેલી માળા સાથે આપને ભજે છે. (૩૩)

शरीरं त्वं शंभोः शशिमिहिरवक्षोरुहयुगं
तवात्मानं मन्ये भगवति नवात्मानमनघम् ।
अतः शेषः शेषीत्ययमुभयसाधारणतया
स्थितः संबन्धो वां समरसपरानन्दपरयोः ॥ ३४ ॥

हे भगवति - હે ભગવતી ! शशि-मिहिर-वक्षोरुह-युगम् - ચન્દ્ર અને સૂર્યનાં બે સ્તનવાળું शम्भोः - શંકરનું शरीरम् - (વિરાટ) શરીર त्वम् - આપ (છો) तव - આપનો आत्मानम् - આત્મા अनघम् - (નિરુપાધિક રીતે) દોષરહિત नवात्मानम् - નવાત્મા (શંભુને) मन्ये - હું માનું છું. अतः - એ કારણે शेषः - શેષ ગૌણ (અને) शेषी - મુખ્ય इति - એવો अयम् - આ उभय-साधारण-तया - બંનેમાં એકસરખો समरस-परानन्दयोः - પરમ આનંદ બાબત સમાન રસયુકત वाम् - આપના બંનેનો सम्बन्धः - સંબંધ स्थितः - (સમાનપણે) રહેલો છે.

હે ભગવતી ! ચન્દ્ર અને સૂર્યનાં બે સ્તનવાળું શંકરનું (વિરાટ) શરીર આપ (છો). આપનો આત્મા (નિરુપાધિક રીતે) દોષરહિત નવાત્મા(શંભુ)ને હું માનું છું. એ કારણે શેષ (ગૌણ) અને શેષી (મુખ્ય), એવો આ બંનેમાં એકસરખો, પરમ આનંદ બાબત સમાન રસયુક્ત આપના બંનેનો સંબંધ (સમાનપણે) રહેલો છે. (૩૪)

मनस्त्वं व्योम त्वं मरुदसि मरुत्सारथिरसि
त्वमापस्त्वं भूमिस्त्वयि परिणतायां न हि परम् ।
त्वमेव स्वात्मानं परिणमयितुं विश्ववपुषा
चिदानन्दाकारं शिवयुवति भावेन बिभृषे ॥ ३५ ॥

हे शिवयुवति - હે શિવનાં યુવાન પત્ની ! त्वम् मनः - આપ મન त्वं व्योम - તમે આકાશ છો त्वम् मरुत् असि - આપ વાયુ છો मरुत्सारथिः असि - (આપ) અગ્નિ છો; त्वम् आपः - આપ=પાણી (છો) त्वम् भूमिः - આપ પૃથ્વી (છો) त्वयि परिणतायाम् - જ્યારે તમે (તમારી જાતને) (આ રીતે) રૂપાંતરિત કરેલ છે (ત્યારે) हि - ખરેખર परम् - (બીજું કાંઈ) અધિક न - નથી विश्ववपुषा - વિશ્વ(બ્રહ્માંડ)ના રૂપમાં आत्मानम् - પોતાની જાતને परिणमयितुम् - પ્રકટ (વ્યક્તિ) કરવા માટે(ની ઈચ્છાથી) त्वम् - આપ (મનથી વિચારીને) भावेन - ભાવથી चिदानन्दाकारम् - ચિત્ (ચૈતન્ય) અને આનંદરૂપને बिभृषे - ધારણ કરો છો.

હે શિવનાં યુવાન પત્ની ! આપ મન (છો), આપ આકાશ છો, આપ વાયુ (છો), (આપ) અગ્નિ (છો), આપ પાણી (છો), આપ પૃથ્વી (છો), જ્યારે તમે (તમારી જાતને આ રીતે) રૂપાંતરિત કરેલ છે, ત્યારે, ખરેખર, આથી બીજું કંઈ અધિક નથી : પોતાની જાતને વિશ્વ (બ્રહ્માંડના) રૂપમાં ફેરવવા, પોતાની જાતને પ્રકટ કરવા માટે આપ (મનમાં વિચારીને) ભાવથી ચૈતન્ય અને આનંદ રૂપને ધારણ કરો છો. (૩૫)

तवाज्ञाचक्रस्थं तपनशशिकोटिद्युतिधरं
परं शंभुं वन्दे परिमिलितपार्श्वं परचिता ।
यमाराध्यन्भक्त्या रविशशिशुचीनामविषये
निरालोकेऽलोके निवसति हि भालोकभुवने ॥ ३६ ॥

तव - આપના आज्ञा-चक्रस्थम् - આજ્ઞા-ચક્રમાં રહેલા तपन-कोटि-द्युतिहरम् - કરોડો સૂર્યના પ્રકાશને હરનાર परचिता - પરા ચિત્ (ચિત્-શક્તિ) સાથે परिमिलित-पार्श्वम् - જેનું (ડાબું) પડખું સંયોજાયેલું છે તેવા यम् - જેની भक्त्या - ભક્તિથી आराधयन् - આરાધના કરતો (સાધક) रवि-शशि-शुचीनाम् - સૂર્ય, ચન્દ્ર અને અગ્નિની अविषये - પહોંચથી પર निरालोके - (તેમના) પ્રકાશ વિનાના अलोके - લોકથી પર भालोकभवने - તેજોલોકના (ઝળહળતા) પ્રદેશમાં निवसति - નિવાસ કરે છે (તે) परम् - સર્વોત્તમ शंभुम् - શંકરને वन्दे - હું વંદન કરું છું.

આપનાં આજ્ઞા ચક્રમાં રહેલા કરોડો સૂર્યના પ્રકાશને હરનાર પરા-ચિતિ (ચિત્-શક્તિ) સાથે જેનું ડાબું પડખું સંયોજાયેલું છે તેવા, જેની ભક્તિપૂર્વક આરાધના કરતો (સાધક) સૂર્ય, ચન્દ્ર અને અગ્નિની પહોંચથી પર, પ્રકાશ વિનાના, લોકથી પર તેજોલોકના (ઝળહળતા) પ્રદેશમાં નિવાસ કરે છે, (તે) સર્વોત્તમ શંભુને હું વંદન કરું છું. (૩૫)

विशुद्धौ ते शुद्धस्फटिकविशदं व्योमजनकं
शिवं सेवे देवीमपि शिवसमानव्यवसिताम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ययोः कान्त्या यान्त्याः शशिकिरणसारूप्यसरणे-
विधूतान्तर्ध्वान्ता विलसति चकोरीव जगती ॥ ३७ ॥

ते - આપનાં विशुद्धौ - વિશુદ્ધિ-ચક્રમાં શુદ્ધ-સ્ફટિક-विशदम् - શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ (અને) व्योमजनकम् - આકાશને ઉત્પન્ન કરનાર शिवम् - શિવને अपि - તેમ જ શિવ-समान-व्यवसिताम् - શિવની સમાન પ્રવૃત્તિ કરતી देवीम् - દેવીને सेवे - ભજું છું शशि-किरण-सारूप्य-सरणिम् - ચન્દ્રકિરણની સમાન સ્થાન (કક્ષા) પામતી द्वयोः - જે બંનેની कान्त्या - કાંતિ વડે विधूत-अन्तः-ध्वान्ता - અંતરનો અંધકાર દૂર થતાં जगती - વિશ્વ चकोरी - ચન્દ્રનાં કિરણોથી આનંદિત થતી ચકોરીની इव - જેમ विलसति - આનંદ પામે છે.

આપનાં વિશુદ્ધિ-ચક્રમાં શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ (અને) આકાશને ઉત્પન્ન કરનાર શિવને, તેમ જ શિવની સમાન પ્રવૃત્તિ કરતી દેવીને હું ભજું છું. ચન્દ્રકિરણની સમાન સ્થાન (કક્ષા) પામતી જે બંનેની કાંતિ વડે અંતરનો અંધકાર દૂર થતાં વિશ્વ (ચન્દ્રનાં કિરણોથી આનંદિત થતી) ચકોરીની જેમ આનંદ પામે છે. (૩૭)

समुन्मीलत्संवित्कमलमकरन्दैकरसिकं
भजे हंसद्वन्द्वं किमपि महतां मानसचरम् ।
यदालापादष्टादशगुणितविद्यापरिणति-
र्यदादत्ते दोषाद्गुणमखिलमद्भ्यः पय इव ॥ ३८ ॥

(અનાહત-ચક્રના) समुन्मीलत्-संवित्-कमल-मकरन्द-एकरसिकम् - संवित् (જ્ઞાન) રૂપી વિકસતા કમલના મધના રસિક (પ્રેમી) महताम् - મહાપુરુષોના मानस-चरम् - મનરૂપી સરોવરમાં વિહરતા यद्-आलापात् - જેના (પરસ્પરના) આલાપ (કલરવ) માંથી अष्टादश-गुणित-विद्या-परिणतिः - અઢાર વિદ્યાઓનો આવિર્ભાવ થયો છે અને यत् - જે अद्भ्यः - પાણીમાંથી पयः - દૂધની इव - જેમ दोषात् - દોષમાંથી સંપૂર્ણ गुणम् - ગુણને आदत्ते - ગ્રહણ કરે છે. (એવા શિવ અને શિવારૂપ) हंसद्वन्द्वम् किमपि - હંસના અપૂર્વ યુગ્મને भजे - હું ભજું છું.

અનાહત-ચક્રના સંવિત્ (જ્ઞાન) રૂપી વિકસતાં કમલના મધના રસિક, મહાપુરુષોનાં મન રૂપી સરોવરમાં વિહરતા, જેના (પરસ્પરના) આલાપ(કલરવ)માંથી અઢાર વિદ્યાઓનો આવિર્ભાવ થયો છે (અને) જે પાણીમાંથી દૂધની જેમ દોષમાંથી સંપૂર્ણ ગુણને ગ્રહણ કરે છે, (એવાં) શિવ ને શિવારૂપ હંસના અપૂર્વ યુગલને હું ભજું છું. (૩૮)

तव स्वाधिष्ठाने हुतवहमधिष्ठाय निरतं
तमीडे संवर्तं जननि महतीं तां च समयाम् ।
यदालोके लोकान्दहति महति क्रोधकलिते
दयार्द्रा या दृष्टिः शिशिरमुपचारं रचयति ॥ ३९ ॥

हे जननि - હે માતા ! यद् - જેના (સંવર્તેશ્વર શિવની) क्रोधकलिते - ક્રોધપૂર્ણ महति - મોટી (કઠોર) आलोके - દૃષ્ટિ लोकान् - (બધા) લોકોને दहति - બાળતી (ભસ્મ કરતી) હોય ત્યારે (સમયા-શિવાની) दयार्द्रा - દયાભીની दृष्टिः - નજર शिशिरम् - શીતલ उपचारम् - ઉપચાર, ઉપાય रचयति - બને છે (તે) तव - આપના स्वाधिष्ठाने - સ્વાધિષ્ઠાન-ચક્રમાં हुतवहम् - અગ્નિ તત્ત્વનું अधिष्ठाय - અધિષ્ઠાન કરી રહેલાં तं - તે संवर्तम् - સંવર્તેશ્વર રૂપી ચન્દ્ર तथा - અને ताम् - તે महतीम् - વિરાટ समयाम् - સમયા(દેવી)ની इडे - હું સ્તુતિ કરું છું.

હે માતા, જે(સંવર્તેશ્વર શિવ)ના ક્રોધપૂર્ણ મોટી કઠોર દૃષ્ટિ બધા લોકને ભસ્મ કરતી હોય ત્યારે (સમયા શિવાની) દયાભીની નજર શીતલ ઉપચાર (ઉપાય) બને છે, તે આપના સ્વાધિષ્ઠાન- ચક્રમાં અગ્નિતત્ત્વનું અધિષ્ઠાન કરી રહેલા તે સંવર્તેશ્વરરૂપી ચન્દ્ર તથા તે વિરાટ સમયા(દેવી)ની હું સ્તુતિ કરું છું. (૩૯)

तडित्वन्तं शक्त्या तिमिरपरिपन्थिस्फुरणया
स्फुरन्नानारत्नाभरणपरिणद्धेन्द्रधनुषम् ।
तव श्यामं मेघं कमपि मणिपूरैकशरणं
निषेवे वर्षन्तं हरमिहिरतप्तं त्रिभुवनम् ॥ ४० ॥

तिमिर-परिपन्थि-स्फुरणया - અંધકારના વિરોધી (પ્રકાશની) સ્ફુરણાની शक्त्या - શક્તિથી तडित्वन्तम् - વીજળીયુક્ત (કુંડલિનીના) स्फुरत्-नाना-रत्न-आभरण-परिणद्ध-इन्द्रधनुषम् - ચમકતાં જુદાં જુદાં (રંગના) રત્નાભરણને લીધે ઈન્દ્રધનુષમાં પરિણમતા हर-मिहिर-तप्तम् - હર (અગ્નિ) અને સૂર્ય વડે તપેલા त्रिभुवनम् - ત્રણ ભુવન ઉપર वर्षन्तम् - વર્ષતા तव - આપના मणिपुर-एकशरणम् - મણિપુર-ચક્ર એક જ જેનો આશ્રય છે તેવા कमपि - અપૂર્વ श्यामम् - શ્યામ मेघम् - મેઘને निषेवे - હું ભજું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધકારના વિરોધી(પ્રકાશ)ની સ્ફુરણાની શક્તિથી વીજળીયુક્ત (કુંડલિનીના) ચમકતા જુદાં જુદાં રત્નાભરણને લીધે ઈન્દ્રધનુષમાં પરિણમતા હર (અગ્નિ) અને સૂર્ય વડે તપેલા ત્રણ ભુવન ઉપર વર્ષતા આપના મણિપૂર ચક્ર એ એક જ જેનો આશ્રય છે તેવા અપૂર્વ શ્યામ મેઘને હું ભજું છું. (૪૦)

तवाधारे मूले सह समयया लास्यपरया
नवात्मानं मन्ये नवरसमहाताण्डवनटम् ।
उभाभ्यामेताभ्यामुदयविधिमुद्दिश्य दयया
सनाथाभ्यां जज्ञे जनकजननीमज्जगदिदम् ॥ ४१ ॥

लास्यपरया - લાસ્ય નૃત્ય કરવા પરાયણ समयया - દેવી સમયા सह - સાથે नव-रस-महा-ताण्डव-नटं - નવરસ-યુકત મહાતાંડવના નટ नवात्मानम् - નવાત્મા શિવને उदयविधिम् - સર્જનવિધિને उद्दिश्य - ઉદ્દેશીને मन्ये - હું માનું છું दयया - દયાથી एताभ्याम् - આ उभाभ्याम् - બંને सनाथाभ्याम् - નાથ (શિવ અને શિવા) વડે जनक-जननी-मत् - પિતા અને માતાવાળું इदम् - આ जगत् - જગત जज्ञे - ઉત્પન્ન થયું છે.

લાસ્ય નૃત્ય કરવા પરાયણ દેવી સમયા સાથે નવરસ-યુક્ત મહાતાંડવના નટ નવાત્મા શિવને હું આપનાં મૂલાધાર-ચક્રમાં માનું છું. સર્જનવિધિને ઉદ્દેશીને દયાથી આ બંને નાથ (શિવ અને શિવા) વડે પિતા અને માતાવાળું આ જગત ઉત્પન્ન થયું છે. (૪૧)

गतैर्माणिक्यत्वं गगनमणिभिः सान्द्रघटितं
किरीटं ते हैमं हिमगिरिसुते कीर्तयति यः ।
स नीडेयच्छायाच्छुरणशबलं चन्द्रशकलं
धनुः शौनासीरं किमिति न निबध्नाति धिषणाम् ॥ ४२ ॥

हे हिमगिरिसुते - હે હિમાલય-પુત્રી ! माणिक्यत्वम् - માણેક (લાલ) પણાને गतैः - પામેલા गगन-मणिभिः - સૂર્યો વડે सान्द्र-घटितम् - ખીચોખીચ જડેલ तव - આપના हैमम् - સોનાના किरीटम् - મુગટની च - જે कीर्तयति - સ્તુતિ કરે છે सः - તે (એવી) धिषणाम् - બુદ્ધિ (છાપ) किम् - કેમ न - ન निबध्नाति - થાય કે (તે મુગટમાં) नीडेय-छाया-च्छुरण-शबलम् - જડેલા (વિવિધ) રત્નોના પ્રસરતા પ્રકાશથી વિવિધરંગી બનેલ चन्द्रशकलम् - બીજનો ચન્દ્ર (એ જાણે) शौनासीरम् - ઈન્દ્રનું धनुः - ધનુષ્ય હોય ?

હે હિમાલય-પુત્રી ! માણેક(લાલ)પણાને પામેલા સૂર્યો વડે ખીચોખીચ જડેલા આપના સોનાના મુગટની જે સ્તુતિ કરે છે, તેને એવી બુદ્ધિ (છાપ) કેમ ન થાય કે (તે મુગટમાં) જડેલાં રત્નોના પ્રસરતા પ્રકાશથી વિવિધરંગી બનેલ બીજનો ચન્દ્ર એ જાણે ઈન્દ્રનું ધનુષ્ય હોય ? (૪૨)

धुनोतु ध्वान्तं नस्तुलितदलितेन्दीवरवनं
घनस्निग्धश्लक्ष्णं चिकुरनिकुरम्बं तव शिवे ।
यदीयं सौरभ्यं सहजमुपलब्धुं सुमनसो
वसन्त्यस्मिन्मन्ये वलमथनवाटीविटपिनाम् ॥ ४३ ॥

हे शिवे - હે પાર્વતી ! तुलित-दलित-इन्दीवर-वनम् - ખીલેલાં નીલકમળની ઉપમા-યોગ્ય घन-स्निग्ध-श्लक्ष्णम् - ગાઢ ગુંથેલ ચમકતા અને મુલાયમ तव - આપનો चिकुर-निकुरम्बम् - કેશકલાપ नः - અમારા ध्वान्तम् - (અંદરના) અંધકારને धुनोतु - દૂર કરો मन्ये - હું માનું છું કે यदीयम् - જેનું सहजम् सौरभ्यम् - સ્વાભાવિક સુગંધ उपलब्धुम् - મેળવવા वलमथन-वाटी-विटपिनाम् - વલને મારનાર (ઈન્દ્ર)ના બગીચાનાં વૃક્ષોનાં सुमनसः - પુષ્પો अस्मिन् - તેમાં वसन्ति - વસે છે.

હે પાર્વતી ! ખીલેલાં નીલકમળની ઉપમા-યોગ્ય ગાઢગૂંથેલ ચમકતો અને મુલાયમ આપનો કેશકલાપ અમારા (અંદરના) અંધકારને દૂર કરો ! હું માનું છું કે જેની સ્વાભાવિક સુગંધ મેળવવા વલને મારનાર(ઈન્દ્ર)ના બગીચાનાં વૃક્ષોનાં પુષ્પો તેમાં વસે છે. (૪૩)

तनोतु क्षेमं नस्तव वदनसौन्दर्यलहरी-
परीवाहः स्रोतःसरणिरिव सीमन्तसरणिः ।
वहन्ती सिन्दूरं प्रबलकबरीभारतिमिर-
द्विषां वृन्दैर्बन्दीकृतमिव नवीनार्ककिरणम् ॥ ४४ ॥

तव - આપના वदन-सौन्दर्य-लहरी-परीवाह-स्रोतः-सरणिः - મુખનાં સૌન્દર્યની લહરીના પૂરના પ્રવાહના માર્ગ इव - જેવો सिन्दूरं वहन्ती - સિન્દૂરને ધારણ કરતો प्रबल-कबरी-भार-तिमिर-द्विषाम् - ગાઢ કેશના સમૂહરૂપી (ગાઢ) અંધકારમય શત્રુઓના સમૂહ इव - જાણે કે नवीन-अर्क-किरणम् - ઊગતા સૂર્યના (લાલ) કિરણને बन्दीकृतम् - બંદીવાન બનાવેલું હોય (તેવો લાગતો) सीमन्त-सरणिः - સેંથાનો માર્ગ नः - અમારું क्षेमम् - કલ્યાણ तनोतु - ફેલાવો (ઉત્પન્ન કરો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આપનાં સૌન્દર્યની લહરીનાં પૂરના પ્રવાહના માર્ગ જેવો, સિન્દૂરને ધારણ કરતો, ગાઢ કેશના સમૂહરૂપી (ગાઢ) અંધકારમય શત્રુઓના સમૂહ વડે જાણે કે ઊગતા સૂર્યનાં (લાલ) કિરણને બંદીવાન બનાવેલું હોય (તેવો લાગતો) સેંથાનો માર્ગ અમારું કલ્યાણ ફેલાવો ! (૪૪)

अरालैः स्वाभाव्यादलिकलभसश्रीभिरलकैः
परीतं ते वक्त्रं परिहसति पङ्केरुहरुचिम् ।
दरस्मेरे यस्मिन्दशनरुचिकिञ्जल्करुचिरे
सुगन्धौ माद्यन्ति स्मरदहनचक्षुर्मधुलिहः ॥ ४५ ॥

दरस्मेरे - મંદ સ્મિત કરતાં (શ્વેત) दशन-रुचि-किंजल्क-रुचिरे - કમળતંતુઓ જેવા ચમકતા દાંતની (પંક્તિના) તેજથી મનોહર सुगन्धौ - સુગંધી (એવા આપના) यस्मिन् - જે (મુખ)-માં स्मर-दहन-चक्षुः-मधु-लिहः - કામદેવને ભસ્મ કરનાર(શિવ)ની આંખો રૂપી ભમરાઓ माद्यन्ति - મદવિહ્‌વળ બને છે (તે) स्वाभाव्याद् - સ્વાભાવિક રીતે अलकैः - વાંકડિયા अलि कलभ-सश्रीभिः - બાલ ભમરાઓની શોભા ધારણ કરતા अलकैः - કેશ વડે परीतम् - ઘેરાયેલું ते આપનું वक्त्रम् - મુખ पङ्केरुहरुचिम् - કમળની શોભાની परिहसति - હાંસી ઊડાવે છે.

મંદસ્મિત કરતા (શ્વેત), કમળતંતુ જેવા ચમકતા દાંતની (પંક્તિના) તેજથી મનોહર સુગંધી (એવા આપનાં) જે(મુખ)માં કામદેવને ભસ્મ કરનાર(શિવ)ની આંખો રૂપી ભમરાઓ મદવિહ્‌વળ બને છે, (તે) સ્વાભાવિક રીતે જ વાંકડિયા બાલભમરાઓની શોભા ધારણ કરતાં કેશ વડે ઘેરાયેલું આપનું મુખ કમળની શોભાની હાંસી ઊડાવે છે. (૪૫)

ललाटं लावण्यद्युतिविमलमाभाति तव यद्-
द्वितीयं तन्मन्ये मुकुटघटितं चन्द्रशकलम् ।
विपर्यासन्यासादुभयमपि संभूय च मिथः
सुधालेपस्यूतिः परिणमति राकाहिमकरः ॥ ४६ ॥

तव - આપનું यद् - જે ललाटम् - કમળને लावण्य-द्युति-विमलम् - સૌન્દર્યના તેજથી સ્વચ્છ आभाति - ચળકે છે तद् - તે मुकुट-घटितम् - મુગટ સાથે જોડાયેલ द्वितीयम् - બીજી चन्द्रशकलम् - ચન્દ્રરેખા (છે) मन्ये - (એમ, હું માનું છું) विपर्यासे न्यासात् - (એકબીજાની ઉપર) ઉલટાવીને ગોઠવવાના કારણે (તે) उभयम् - બંને अपि - પણ संभूय - પરસ્પર જોડાઈને (જાણે કે) सुधा-लेप-स्यूतिः - અમૃતરસ ઝરતા राका-हिमकरः - પૂર્ણિમાના ચંદ્રરૂપે परिणमति - પરિણમે છે.

આપનું જે લલાટ સૌન્દર્યનાં તેજથી સ્વચ્છ ચળકે છે, તે મુગટ સાથે જોડાયેલ બીજી ચન્દ્રરેખા છે, એમ હું માનું છું (એકબીજાની ઉપર) ઉલટાવીને ગોઠવવાને કારણે (તે) બંને પણ પરસ્પર જોડાઈને (જાણે કે) અમૃતરસ ઝરતા પૂર્ણિમાના ચન્દ્ર રૂપે પરિણમે છે. (૪૬)

भ्रुवौ भुग्ने किंचिद्भुवनभयभङ्गव्यसनिनि
त्वदीये नेत्राभ्यां मधुकररुचिभ्यां धृतगुणम् ।
धनुर्मन्ये सव्येतरकरगृहीतं रतिपतेः
प्रकोष्ठे मुष्टौ च स्थगयति निगूढान्तरमुमे ॥ ४७ ॥

भुवन-भय-भंग-व्यसनिनि - હે (સકલ) જગતના ભયના નાશ માટે તત્પર उमे - પાર્વતી ! किंचित् - સહેજ भुग्ने - ચડેલી भ्रुवौ - બંને ભવાંને रतिपतेः - કામદેવનું धनुः - ધનુષ્ય मन्ये - માનું છું. (જેની આપના) मधुकर-रुचिभ्याम् - ભમરા જેવી સુંદરતાવાળા (શ્યામ) नेत्राभ्याम् - બે નેત્રો વડે धृतगुणम् - પણછ બાંધવામાં આવી છે (તે કામદેવે) सव्येतर-कर-गृहीतम् - ડાબા હાથે ધારણ કરેલ છે (અને તેથી તેના) प्रकोष्ठे - કાંડા च - અને मुष्टौ - (વાળેલી) મુઠ્ઠી निगूढान्तरम् स्थगयति - મધ્યભાગમાં ઢાંકી દે છે.

હે (સકલ) જગતના ભયના નાશ માટે તત્પર ઉમા ! (આપનાં) સહેજ ચડેલ બંને ભવાંને કામદેવનું ધનુષ્ય હું માનું છું. ભમરા જેવી સુંદરતાવાળા આપનાં (શ્યામ) બે નેત્રો વડે પણછ બાંધવામાં આવી છે. (તે કામદેવે) ડાબા હાથે ધારણ કરેલ છે (અને તેથી તેનાં) કાંડા અને (વાળેલી) મુઠ્ઠી મધ્યભાગમાં ઢાંકી દે છે. (૪૭)

अहः सूते सव्यं तव नयनमर्कात्मकतया
त्रियामां वामं ते सृजति रजनीनायकतया ।
तृतीया ते दृष्टिर्दरदलितहेमाम्बुजरुचिः
समाधत्ते सन्ध्यां दिवसनिशयोरन्तरचरीम् ॥ ४८ ॥

तव - આપનું सव्यं - જમણું नयनम् - નેત્ર अर्कात्मकतया - સૂર્યાત્મક હોવાને લીધે अहः - દિવસ सूते - રચે છે, તે આપનું वामम् - ડાબું (નેત્ર) रजनीनायक-तया - ચન્દ્રાત્મક હોવાને લીધે त्रियामां - રાત્રિ सृजति - સર્જે છે. (જ્યારે) दर-दलित-हेमाम्बुज-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रुचिः - સહેજ ખીલેલાં સુવર્ણકમળ જેવું તે આપનું તૃતીયા - ત્રીજું दृष्टिः - નેત્ર दिवस-निशयोः - દિવસ અને રાત્રિની વચ્ચે ફરતી संध्याम् - સંધ્યા समाधत्ते - સર્જે છે.

આપનું જમણું નયન સૂર્યાત્મક હોવાને લીધે દિવસ રચે છે, આપનું ડાબું (નેત્ર) ચન્દ્રાત્મક હોવાને લીધે રાત્રિ સર્જે છે, (અને) સહેજ ખીલેલાં સુવર્ણકમળ જેવું આપનું ત્રીજું નેત્ર દિવસ અને રાત્રિની વચ્ચે ફરતી સંધ્યા સર્જે છે. (૪૮)

विशाला कल्याणी स्फुटरुचिरयोध्या कुवलयैः
कृपाधाराधारा किमपि मधुराभोगवतिका ।
अवन्ती दृष्टिस्ते बहुनगरविस्तारविजया
ध्रुवं तत्तन्नामव्यवहरणयोग्या विजयते ॥ ४९ ॥

ते - આપની दृष्टिः - દષ્ટિ विशाला - વિશાળ (સર્વગ્રાહી) कल्याणी - કલ્યાણ (મંગલ) કરનારી स्फुट-रुचिः - સ્પષ્ટ ચમકતી છે कुवलयैः - નીલકમલો વડે (સામે રહીને) अयोध्या - લડાઈ ન કરી શકાય તેવી (સ્પર્ધા ન થઈ શકે તેવી) कृपाधारा-आधारा - દયાની વૃષ્ટિની ધારા (છે) किमपि - અપૂર્વ (રીતે) मधुरा - મધુર भोग-वतिका - ભોગ માણનારી (પોતાના ભક્તોનું) अवन्ती - રક્ષણ કરનારી बहु-नगर-विस्तार-विजया - (બીજાં) ઘણાં નગરોના વિસ્તારને જીતી લેનારી ध्रुवम् - ખરેખર तत्तत् नाम-व्यवहरण-योग्या - તે તે નામો વડે નિર્દેશ કરવા યોગ્ય विजयते - વિજય પામે છે.

આપની દષ્ટિ વિશાળ (સર્વગ્રાહી), કલ્યાણ કરનારી, સ્પષ્ટ ચમકતી, નીલકમલો વડે (સામે રહીને) લડાઈ ન કરી શકાય તેવી, (સ્પર્ધા ન થઈ શકે તેવી), દયાની વૃષ્ટિની ધારા, અપૂર્વ રીતે મધુર, ભોગ માણનારી, (ભક્તોનું) રક્ષણ કરનારી, બીજાં ઘણાં નગરોના વિસ્તારને જીતી લેનારી, ખરેખર, તે તે નામો વડે નિર્દેશ કરવા યોગ્ય હોવાથી વિજય પામે છે. (૪૯)

(નોંધ :- આ શ્લોકમાં વિશાલા, અયોધ્યા, મધુરા, વગેરે નગરીનાં નામો પ્રકારાન્તરે હોઈ શ્લોકની ખૂબી વિશેષ પામી શકાય તેમ છે.)

कवीनां संदर्भस्तबकमकरन्दैकरसिकं
कटाक्षव्याक्षेपभ्रमरकलभौ कर्णयुगलम् ।
अमुञ्चन्तौ दृष्ट्वा तव नवरसास्वादतरला-
वसूयासंसर्गादलिकनयनं किंचिदरुणम् ॥ ५० ॥

कवीनाम् - કવિઓની सन्दर्भ-स्तबक-मकरन्द-एक-रसिकम् - (રસસભર) રચનાઓના પુષ્પગુચ્છના મધ(મીઠા રસ)ના રસિક (આપના) कर्णयुगलम् - કર્ણયુગલ (બંને કાન) नव-रस-आस्वाद-तरलौ - નવ રસોના આસ્વાદ માટે તત્પર (ઉત્સુક) कटाक्ष-व्याक्षेप-भ्रमर-कलभौ - કટાક્ષ ફેંકતાં (અને) બાલ ભ્રમર (જેવા બીજાં બે નેત્રો) अमुञ्चन्तौ - ત્યજતાં નથી તે दृष्ट्वा - જોઈને तव - આપનું अलिक-नयनम् - ત્રીજું નેત્ર असूया-संसर्गात् - ઈર્ષ્યાભાવ (પામતાં) किंचित् - સહેજ अरुणम् - લાલ (બનેલું) છે.

કવિઓની (રસસભર) રચનાઓના પુષ્પગુચ્છના મધના રસિક (આપના) કર્ણયુગલ (બંને કાન), નવેય રસોના આસ્વાદ માટે તત્પર ઉત્સુક કટાક્ષથી ફેંકતા (અને) બાલભ્રમર (જેવાં બીજાં બે નેત્રો) ત્યજતાં નથી, તે જોઈને આપનું ત્રીજું નેત્ર ઈર્ષ્યાભાવ (પામતાં) સહેજ લાલ બનેલું છે. (૫૦)

शिवे शृङ्गारार्द्रा तदितरजने कुत्सनपरा
सरोषा गङ्गायां गिरिशचरिते विस्मयवती ।
हराहिभ्यो भीता सरसिरुहसौभाग्यजननी
सखीषु स्मेरा ते मयि जननि दृष्टिः सकरुणा ॥ ५१ ॥

हे जननि - હે મા ! ते दृष्टिः - આપની દષ્ટિ शिवे - શિવ પર शृङ्गारार्द्रा - સ્નેહથી આર્દ્ર तद् इतरजने - અન્ય લોકો પ્રતિ कुत्सन-परा - તિરસ્કારભરી गंगायाम् - ગંગા પ્રતિ सरोषा - રોષ પૂર્ણ गिरिश-चरिते - મહાદેવનાં ચરિત્ર બાબત विस्मयवती - વિસ્મયપૂર્ણ हराहिभ्यः - મહાદેવના સર્પોથી भीता - ભયભીત सरसिरुह-सौभाग्य-जननी - કમળનાં સૌન્દર્યને સર્જનારી सखीषु - સખીઓ પ્રતિ स्मेरा - સ્મિતપૂર્ણ मयि - (આપનાં ભક્ત) મારાં પ્રત્યે सकरुणा - દયાથી ભરેલી છે.

હે મા ! આપની દષ્ટિ શિવ પર સ્નેહથી આર્દ્ર, અન્ય લોકો પ્રત્યે તિરસ્કારભરી, ગંગા પ્રતિ રોષપૂર્ણ, મહાદેવનાં ચરિત્ર બાબત વિસ્મયપૂર્ણ, મહાદેવના સર્પોથી ભયભીત, કમળના સૌન્દર્યને સર્જનારી, સખીઓ પ્રત્યે સ્મિતપૂર્ણ, (આપના ભક્ત) મારા પ્રત્યે દયાથી ભરેલી છે. (૫૧)

गते कर्णाभ्यर्णं गरुत इव पक्ष्माणि दधती
पुरां भेत्तुश्चित्तप्रशमरसविद्रावणफले ।
इमे नेत्रे गोत्राधरपतिकुलोत्तंसकलिके
तवाकर्णाकृष्टस्मरशरविलासं कलयतः ॥ ५२ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે गोत्रा-धर-पति-कुल-उत्तंस-कलिके - હે પર્વતોના રાજા-(હિમાલય)નાં કુળની ઉત્તમ કળી, कर्ण-अभ्यर्णम् - કાન સુધી गते - પહોંચેલી गरुत - પીંછા इव - જેવી पक्ष्माणि - પાંપણો दधती - ધારણ કરતી पुराणाम् - ત્રિપુરને भेत्तुः - નાશ કરનાર (શિવ)ના चित्त-प्रशम-रस-विद्रावण-फले - ચિત્તની ગાઢ શાંતિને ચલિત (ક્ષુબ્ધ) કરનારી तव - આપની इमे नेत्रे - આ બે આંખો कर्ण-आकृष्ट-स्मर-शर-विलासम् - કાન સુધી ખેંચેલ (દોરીવાળા) કામદેવનાં (ધનુષ્ય ઉપરનાં) બાણ જેવો વિલાસ कलयतः - બનાવે છે.

હે પર્વતોના રાજા(હિમાલય)નાં કુળની ઉત્તમ કળી! કાન સુધી પહોંચેલી પીંછા જેવી પાંપણો ધારણ કરતી, ત્રિપુરનો નાશ કરનાર(શિવ)નાં ચિત્તની ગાઢ શાંતિને ચલિત (ક્ષુબ્ધ) કરનારી, આપની બે આંખો કાન સુધી ખેંચેલ (દોરી વાળા) કામદેવનાં (ધનુષ્ય ઉપરનાં) બાણ જેવો વિલાસ બનાવે છે. (૫૨)

विभक्तत्रैवर्ण्यं व्यतिकरितलीलाञ्जनतया
विभाति त्वन्नेत्रत्रितयमिदमीशानदयिते ।
पुनः स्रष्टुं देवान्द्रुहिणहरिरुद्रानुपरता-
न्रजः सत्त्वं बिभ्रत्तम इति गुणानां त्रयमिव ॥ ५३ ॥

હે ईशानदयिते - હે શિવની પ્રિયા व्यतिकरित-लीला-अञ्जनतया - લીલાથી અંજન લગાડેલ હોવાથી विभक्त-त्रैवर्ण्यम् - વિભક્ત (થઈને પ્રકટ થયેલા) ત્રણ રંગોવાળા रजः सत्त्वं तमः - રજસ્, સત્ત્વ અને તમસ્ इति - એવા गुणानाम् त्रयम् - ત્રણ ગુણોને इव - જાણે बिभ्रत् - ધારણ કરતી હોય (અને એ રીતે મહાપ્રલય સમયે) उपरतान् - નાશ પામેલા दुहिण-हरि-रुद्रान् - બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર (એ) देवान् - દેવોને पुनः - ફરી स्रष्टुम् - સર્જવા इदम् - આ त्वन्नेत्र-त्रितयम् - આપનાં ત્રણ નેત્રો विभाति - પ્રકાશી રહ્યાં છે.

હે શિવની પ્રિયા! લીલાથી અંજન લગાડેલ હોવાથી, વિભાજિત થઈને ત્રણ રંગોવાળાં, સત્ત્વ, રજસ્, અને તમસ્ એવા ત્રણ ગુણોને જાણે ધારણ કરતાં હોય (અને એ રીતે મહાપ્રલય સમયે) નાશ પામેલા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર (એ) દેવોને ફરીથી સર્જવા આ આપનાં ત્રણ નેત્રો પ્રકાશી રહ્યા છે. (૫૩)

पवित्रीकर्तुं नः पशुपतिपराधीनहृदये
दयामित्रैर्नेत्रैररुणधवलश्यामरुचिभिः ।
नदः शोणो गङ्गा तपनतनयेति ध्रुवममुं
त्रयाणां तीर्थानामुपनयसि संभेदमनघम् ॥ ५४ ॥

હે पशुपति - पराधीन - हृदये - શિવને પરાધીન (આસક્ત) હૃદયવાળાં દેવી, नः पवित्रीकर्तुम् - અમને પવિત્ર કરવા માટે (આપ આપના) अरुण - धवल - श्याम - रुचिभिः - લાલ-ધવલ અને શ્યામ (ત્રણ રંગવાળા) दयामित्रैः - દયાપૂર્ણ नेत्रैः - નેત્રો વડે शोणः नदः गङ्गा तपनतनया - શોણનદ, ગંગા અને યમુના इति - એમ त्रयाणाम् - ત્રણ तीर्थानाम् - તીર્થો (પવિત્ર પાણીના પ્રવાહો)ના अनघम् - પુણ્યશાળી (પાપરહિત) अमुम् - આ संभेदम् - સંગમને ध्रुवम् - ચોક્કસ उपनयसि - રચો છો.

હે શિવને પરાધીન (આસક્ત) હૃદયવાળાં દેવી! અમને પવિત્ર કરવા માટે (આપ આપનાં) લાલ, ધવલ અને શ્યામલ (ત્રણ) રંગવાળાં દયાપૂર્ણ નેત્રો વડે શોણનદ, ગંગા અને યમુના, એમ ત્રણ તીર્થો(પાણીના પ્રવાહો)ના પુણ્યશાળી (પાપ-રહિત) આ સંગમને ચોક્કસ રચો છો. (૫૪)

निमेषोन्मेषाभ्यां प्रलयमुदयं याति जगती
तवेत्याहुः सन्तो धरणिधरराजन्यतनये ।
त्वदुन्मेषाज्जातं जगदिदमशेषं प्रलयतः
परित्रातुं शङ्के परिहृतनिमेषास्तव दृशः ॥ ५५ ॥

હે धरणिधर-राजन्यतनये - હે પર્વતરાજ-પુત્રી सन्तः - સંતો तव - આપનાં निमेष - उन्मेषाभ्याम् - આંખોનાં મીંચાવાં અને ઊઘડવાથી जगति - જગતમાં प्रलयम् - પ્રલય (અને) उदयम् - ઉત્પત્તિ याति - થાય છે. इति - એમ आहुः - કહે છે त्वद् उन्मेषात् - આપની આંખના ઉન્મેષથી इदम् - આ जगत् - જગતને प्रलयतः - પ્રલયથી अशेषम् - નિઃશેષ परित्रातुम् - બચાવવા तव - આપની दृशः - આંખો परिहत-निमेषाः - નિમેષ વિનાની (એમ) शङ्के - હું ધારું છું.

સંતો આપનાં આંખોનાં મીંચાવા અને ઊઘડવાથી, જગતમાં પ્રલય અને ઉત્પત્તિ થાય છે, તેમ કહે છે, (પણ) આપની આંખના ઉન્મેષથી આ જગતને પ્રલયથી નિઃશેષ બચાવવા આપની આંખો નિમેષ-વિનાની (થઈ છે, એમ) હું ધારું છું. (૫૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तवापर्णे कर्णेजपनयनपैशुन्यचकिता
निलीयन्ते तोये नियतमनिमेषाः शफरिकाः ।
इयं च श्रीर्बद्धच्छदपुटकवाटं कुवलयं
जहाति प्रत्यूषे निशि च विघटय्य प्रविशति ॥ ५६ ॥

હે अपर्णे - હે પાર્વતી ! तव - આપના कर्णे-जप-नयन-पैशुन्य-चकिताः - આપના કાન (ખૂબ પાસે હોવાથી) કહી દે (એવી લાંબી) આંખોની ચુગલી કરવાના ભયવાળી शफरिकाः - માછલીઓ अनिमेषाः - અનિમેષ (આંખે) नियतम् - સતત तोये - પાણીમાં निलीयन्ते - છુપાઈ રહે છે च - અને इयम् - આ श्री - સૌન્દર્યની દેવી बद्ध-च्छद-पुट-कवाटम् - કમાડ રૂપી પાંખડીઓ બંધ હોય તેવા कुवलयम् - નીલકમલને प्रत्यूषे - સવારે जहाति - છોડી દે છે च - અને निशि - રાત્રે विघटय्य - પાછી ખોલીને प्रविशति - (તે નીલકમલમાં) પ્રવેશ કરે છે.

હે પાર્વતી ! આપના કાન (ખૂબ પાસે હોવાથી) કહી દે (એવી લાંબી) આંખોની ચુગલી કરવાના ભયવાળી માછલીઓ અનિમેષ (નયને) સતત પાણીમાં છુપાઈ રહે છે અને શ્રી (સૌન્દર્યની દેવી) કમાડરૂપી પાંખડીઓ બંધ હોય તેવા નીલકમલને સવારે છોડી દે છે અને રાતે પાછી ખોલીને (તે નીલકમલમાં) પ્રવેશ કરે છે. (૫૬)

दृशा द्राघीयस्या दरदलितनीलोत्पलरुचा
दवीयांसं दीनं स्नपय कृपया मामपि शिवे ।
अनेनायं धन्यो भवति न च ते हानिरियता
वने वा हर्म्ये वा समकरनिपातो हिमकरः ॥ ५७ ॥

હે शिवे - હે પાર્વતી ! दर-दलित-नीलोत्पल-रुचा - થોડાં ખીલેલાં નીલકમલની શોભા ધારણ કરતા द्राघीयसा - અતિશય લાંબા दृशा - નજર વડે दवीयांसम् - ખૂબ દૂર (રહેલા) दीनम् - અસહાય माम् - અને अपि - પણ स्नपय - સ્નાન કરાવો अनेन - એથી अहम् - હું धन्यः - ધન્ય भवति - થઈશ च - અને इयता - આટલાથી તે આપને (કોઈ) हानिः - નુકસાન न - નથી हिमकरः - ચન્દ્ર वने - જંગલ પર वा - અથવા हर्म्ये - મહેલ પર सम-कर-निपातः - સમાન ભાવે કિરણો વેરતો હોય છે.

હે પાર્વતી ! થોડાં ખીલેલાં નીલકમલની શોભા ધારણ કરતી અતિશય લાંબી નજર વડે, ખૂબ દૂર (રહેલા) અને અસહાય એવા મને પણ સ્નાન કરાવો. એથી હું ધન્ય બનીશ અને આટલાથી આપને કોઈ હાનિ નથી. ચન્દ્ર જંગલ અથવા મહેલ પર સમાનભાવે કિરણો વેરતો હોય છે. (૫૭)

अरालं ते पालीयुगलमगराजन्यतनये
न केषामाधत्ते कुसुमशरकोदण्डकुतुकम् ।
तिरश्चीनो यत्र श्रवणपथमुल्लङ्घ्य विलस-
न्नपाङ्गव्यासङ्गो दिशति शरसंधानधिषणाम् ॥ ५८ ॥

હે अग-राजन्य-तनये - હે પર્વતરાજ-પુત્રી ! (આપના) श्रवणपथं-उल्लङ्घ्य - કાન (સુધીના) પ્રદેશને પાર કરીને (પહોંચતી) तिरश्चीनः - ત્રાંસી બનેલી अपाङ्ग-व्यासङ्गः - (દીર્ઘમયી) નજર यत्र - જ્યાં शर-संधान-धिषणाम् - ચડાવેલા બાણની બુદ્ધિ दिशति - ઉત્પન્ન કરે છે (એવું) अरालम् - વક્ર पालीयुगम् - કર્ણપ્રદેશનું યુગલ केषाम् - કોના (મનમાં) कुसुमशर-कोदण्ड-कुतुकम् - કામદેવનાં ધનુષ્ય હોવાનું કુતૂહલ आधत्ते - ઉત્પન્ન કરતું નથી ?

હે પર્વતરાજ-પુત્રી ! આપના કાન (સુધીના) પ્રદેશને પાર કરીને (પહોંચતી) ત્રાંસી બનેલી નજર જ્યાં ચડાવેલા બાણની બુદ્ધિ ઉત્પન્ન કરે છે, (એવું) તે આપનું કર્ણપ્રદેશનું યુગલ કોના (મનમાં) કામદેવનાં ધનુષ્ય હોવાનું કુતૂહલ ઉત્પન્ન કરતું નથી ? (૫૮)

स्फुरद्गण्डाभोगप्रतिफलितताटङ्कयुगलं
चतुश्चक्रं मन्ये तव मुखमिदं मन्मथरथम् ।
यमारुह्य द्रुह्यत्यवनिरथमर्केन्दुचरणं
महावीरो मारः प्रमथपतये सज्जितवते ॥ ५९ ॥

मन्ये - હું માનું છું કે स्फुरद्-गण्ड-आभोग-प्रतिफलित-ताटङ्क-युगलम् - ચળકતા ગાલપ્રદેશ પર પ્રતિબિંબિત થતા તાટંક (કાનના અલંકાર)ની જોડથી तव - આપનું इदम् - આ मुखम् - મુખ चतुश्चक्रम् - ચાર પૈડાવાળો मन्मथ-रथम् - કામદેવનો રથ છે यम् आरुह्य - જેના પર ચઢીને महावीर - મોટા વીર मार - કામદેવે (એક વાર) अर्क-इन्दु-चरणम् - સૂર્ય અને ચન્દ્રના પૈડાવાળાં अवनि-रथ - પૃથ્વીરૂપી રથમાં (યુદ્ધ માટે) सज्जितवते - સજ્જ થયેલા प्रमथपतये - શંકરની સામે द्रुह्यति - દ્રોહ કર્યો હતો - મેદાને પડયો હતો.

હું માનું છું કે ચળકતા ગાલપ્રદેશ પર પ્રતિબિંબિત થતાં તાટંક(કાનના અલંકાર)ની જોડથી આપનું આ મુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચાર પૈડાવાળો કામદેવનો રથ છે, જેના પર ચઢીને મોટા વીર કામદેવે સૂર્ય અને ચન્દ્રનાં ચક્રવાળા પૃથ્વીરૂપી રથમાં યુદ્ધ માટે સજ્જ થયેલા શંકરની સામે દ્રોહ કર્યો હતો, મેદાને પડ્યો હતો. (૫૯)

सरस्वत्याः सूक्तीरमृतलहरीकौशलहरीः
पिबन्त्याः शर्वाणि श्रवणचुलुकाभ्यामविरलम् ।
चमत्कारश्लाघाचलितशिरसः कुण्डलगणो
झणत्कारैस्तारैः प्रतिवचनमाचष्ट इव ते ॥ ६० ॥

હે शर्वाणि - હે મહાદેવ-પત્ની ! अमृतलहरी - कौशल-हरीः - અમૃત-લહરીનાં (પૂરને) પાછળ રાખી દેનારી सरस्वत्याः - સરસ્વતીની सूक्तीः - સૂક્તિઓ श्रवण-चुलुकाभ्याम् - કાનરૂપી અંજલિઓ વડે अविरलम् - સતત पिबन्त्याः - પીતા चमत्कार-श्लाघा-चलित-शिरसः - (તે સૂક્તિઓની) સુંદરતાની પ્રશંસામાં મસ્તક ડોલાવતાં આપનાં કુંડલોનો સમૂહ तारैः - મોટા रणकारैः - રણકારો વડે इव - જાણે प्रतिवचनं - પ્રત્યુત્તર, હોંકારો आचष्ट - આપે છે.

હે મહાદેવ-પત્ની ! અમૃતલહરીનાં (પૂરને) પાછળ રાખી દેનારી સરસ્વતીની સૂક્તિઓ કાનરૂપી અંજલિઓ વડે સતત પીતાં, (તે સૂક્તિઓની) સુંદરતાની પ્રશંસામાં મસ્તક ડોલાવતાં આપનાં કુંડલોનો સમૂહ મોટા રણકારો વડે જાણે પ્રત્યુત્તર, હોંકારો આપે છે. (૬૦)

असौ नासावंशस्तुहिनगिरिवंशध्वजपटि
त्वदीयो नेदीयः फलतु फलमस्माकमुचितम् ।
वहत्यन्तर्मुक्ताः शिशिरकरनिःश्वासगलितं
समृद्धया यत्तासां बहिरपि च मुक्तामणिधरः ॥ ६१ ॥

હે तुहिन-गिरि-वंश-ध्वज-पटि - હે હિમાલય-વંશનાં ધ્વજા પતાકા ! त्वदीयः - આપનો नासावंशः - વાંસ જેવી નાસિકા अस्माकम् - અમને उचितम् - યોગ્ય फलम् - ફળ नेदीयः - તરત જ फलतु - આપો (ફલિત કરો) चः - જે शिशिरतर-निःश्वास-घटिताः - (આપના) ખૂબ ઠંડા નિઃશ્વાસો વડે સ્થાપિત अन्तर्-मुक्ताः - અંદર મોતીની (ભસ્મ)ને वहति - વહે છે च - અને बहिः - બહાર अपि - પણ समृद्ध - (મોતીઓની) સમૃદ્ધિને मुक्तामणिधरः - મોતીઓને અને મણિઓને (નાસાભરણ રૂપે) ધારણ કરે છે.

હે હિમાલય-વંશની ધ્વજા પતાકા ! આપની વાંસ જેવી નાસિકા અમને યોગ્ય ફળ તરત જ આપો (ફલિત કરો), જે (આપના) ખૂબ ઠંડા નિઃશ્વાસો વડે સ્થાપિત અંદરનાં મોતીની (ભસ્મને) વહે છે અને બહાર પણ સમૃદ્ધિ-રૂપે મોતીઓને (નાસાભરણ રૂપે) ધારણ કરે છે. (૬૧)

प्रकृत्या रक्तायास्तव सुदति दन्तच्छदरुचेः
प्रवक्ष्ये सादृश्यं जनयतु फलं विद्रुमलता ।
न बिम्बं तद्बिम्बप्रतिफलनरागादरुणितं
तुलामध्यारोढुं कथमिव विलज्जेत कलया ॥ ६२ ॥

હે सुदति - હે સુંદર દાંતવાળાં ! तव - આપના प्रकृत्या - સ્વભાવથી रक्तायाः - લાલ रुचेः - હોઠની શોભાનું सादृश्यम् - સમાનતા प्रवक्ष्ये - (હમણાં) કહીશ. विद्रुम-लता - વિદ્રુમની લતા फलम् - ફળ जनयतु - ઉત્પન્ન કરે છે (પછી તેને સમાન બને) बिम्बम् - બિંબફળ (એની સાથે સમાનતા ધરાવતું) न - નથી (કારણ કે) त्वद्-बिम्ब-प्रतिफलन-रागात् - આપનાં બિંબ (રૂપ મૂળ સ્વરૂપ)નાં પ્રતિબિંબના કારણે લાલ બનેલ તે कलया - સહેજ પણ तुलाम् - તુલનામાં अध्यारोढुम् - ઊભા રહેતાં कथमिव - શું न लज्जेत - લજ્જા નહિ પામે ?

હે સુંદર દાંતવાળાં (મા) ! સ્વભાવથી લાલ આપના હોઠની શોભાની સમાનતા (હમણાં) કહીશ : વિદ્રુમની લતા (જો) ફળ ઉત્પન્ન કરે (પછી તેને સમાન બને) બિમ્બફળ (એની સાથે સમાનતા ધરાવતું) નથી, (કારણકે) આપનાં બિંબ (રૂપ મૂળ સ્વરૂપ)નાં પ્રતિબિંબના કારણે લાલ બનેલ તે સહેજ પણ તુલનામાં ઊભા રહેતાં શું લજ્જા નહિ પામે ? (૬૨)

स्मितज्योत्स्नाजालं तव वदनचन्द्रस्य पिबतां
चकोराणामासीदतिरसतया चञ्चुजडिमा ।
अतस्ते शीतांशोरमृतलहरीमाम्लरुचयः
पिबन्ति स्वच्छन्दं निशि निशि भृशं काञ्जिकधिया ॥ ६३ ॥

तव - આપનાં वदन-चन्द्रस्य - મુખચન્દ્રની स्मित-ज्योत्स्ना-जालम् - સ્મિત રૂપી જ્યોત્સ્નાને पिबताम् - પીતાં चकोराणाम् - ચકોર (પક્ષીઓ)ને अति-रसतया - અતિશય મીઠાશને લીધે चञ्चु-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जडिमा - ચાંચમાં જડતા (તૃપ્તિ) आसीत् - થઈ ગઈ अतः - એટલે (બીજો રસ ચાખવાની ઈચ્છાથી) अम्ल-रुचयः - ખાટા રસની રુચિને લીધે (તે ચકોરો) शीतांशोः - ચન્દ્રના अमृतलहरीम् - અમૃતરસને (આ) काञ्जिक-धिया - કાંજી છે એમ માનીને निशि निशि - દર રાત્રિએ स्वच्छन्दम् - યથેચ્છ भृशम् - ખૂબ पिबन्ति - પીએ છે.

આપનાં મુખચન્દ્રની સ્મિતરૂપી જ્યોત્સ્નાને પીતાં ચકોર (પક્ષીઓ)ને અતિશય મીઠાશને લીધે ચાંચમાં જડતા (તૃપ્તિ) થઈ ગઈ, એટલે (બીજો રસ ચાખવાની ઈચ્છાથી), ખાટા રસની રુચિને લીધે, (તે ચકોરો) ચન્દ્રના અમૃતરસને, '(આ) કાંજી છે' એમ માનીને દર રાત્રિએ યથેચ્છ ખૂબ પીએ છે. (૬૩)

अविश्रान्तं पत्युर्गुणगणकथाम्रेडनजपा
जपापुष्पच्छाया तव जननि जिह्वा जयति सा ।
यदग्रासीनायाः स्फटिकदृषदच्छच्छविमयी
सरस्वत्या मूर्तिः परिणमति माणिक्यवपुषा ॥ ६४ ॥

हे जननि - હે મા ! जपापुष्प-च्छाया - જાસુદનાં પુષ્પ જેવા રંગવાળી पत्युः - (આપના) પતિના अविश्रान्तम् - સતત गुण-गण-कथा-आम्रेडन-जपा - ગુણ-સમૂહની કથાનો વારંવાર જપ કરનારી सा - આ तव - આપની जिह्वा - જીભ जयति - જય પામે છે यद् - જેના अग्रासीनायाः - અગ્રભાગમાં બેઠેલ स्फटिक-दृष-रुच्छदच्छवि-मयी - સ્ફટિકના પથ્થરના સ્વચ્છ તેજવાળી सरस्वत्याः - સરસ્વતીની मूर्तिः - મૂર્તિ (લાલ) माणिक्य-वपुषा - માણેકના રૂપમાં परिणमति - ફેરવાઈ જાય છે.

હે મા ! જાસુદનાં પુષ્પ જેવા રંગવાળી, પતિના સતત ગુણસમૂહની કથાનો વારંવાર જપ કરનારી, આ આપની જીભ જય પામે છે, જે(જીભ)ના અગ્રભાગમાં બેઠેલ સ્ફટિકના પથ્થરના સ્વચ્છ તેજવાળી સરસ્વતીની મૂર્તિ (લાલ) માણેકના રૂપમાં ફેરવાઈ જાય છે. (૬૪)

रणे जित्वा दैत्यानपहृतशिरस्त्रैः कवचिभि-
र्निवृत्तैश्चण्डांशत्रिपुरहरनिर्माल्यविमुखैः ।
विशाखेन्द्रोपेन्द्रैः शशिविशदकर्पूरशकला
विलीयन्ते मातस्तव वदनताम्बूलकवलाः ॥ ६५ ॥

हे मातः - હે મા ! रणे - યુદ્ધમાં दैत्यान् - દૈત્યોને जित्वा - જીતીને निवृत्तैः - પાછા ફરેલા अपहृत-शिरस्त्रैः - શિરસ્ત્રાણ (ટોપને) ઊતારેલા कवचिभिः - કવચ ધારણ કરનાર चण्डांश-त्रिपुरहर-निर्माल्य-विमुखैः - ત્રિપુરારિ મહાદેવના નિર્માલ્ય (ભાગ) ચંડ (નામના શિવના ગણને અર્પિત કરેલો છે તેવા) विशाख-इन्द्र-उपेन्द्रैः - કાર્તિકેય, ઈન્દ્ર અને વિષ્ણુ शशि-विशद-कर्पूर-शकलाः - જેમાં ચન્દ્ર જેવા સફેદ કપૂરના ટૂકડા છે તેવા तव - આપનાં वदन-ताम्बूल-कवलाः - મુખના (ચાવેલા) નાગરવેલના પાનના અંશની (વિજયના સરપાવ તરીકે આતુરતાથી) विलीयन्ते - અપેક્ષા રાખે છે.

હે મા ! યુદ્ધમાં દૈત્યોને જીતીને પાછા ફરેલા, શિરસ્ત્રાણ (ટોપ) ઊતારેલા, કવચ ધારણ કરનાર, ત્રિપુરારિ મહાદેવનો નિર્માલ્ય (ભાગ) ચંડ (નામના શિવના ગણને અર્પિત કરેલો છે તેવા) કાર્તિકેય, ઈન્દ્ર અને વિષ્ણુ, જેમાં ચન્દ્ર જેવા સફેદ કપૂરના ટૂકડા છે, તેવાં આપનાં મુખનાં (ચાવેલા) નાગરવેલનાં પાનના અંશની (વિજયના સરપાવ તરીકે આતુરતાથી) અપેક્ષા રાખે છે. (૬૫)

विपञ्च्या गायन्ती विविधमपदानं पशुपते-
स्त्वयारब्धे वक्तुं चलितशिरसा साधुवचने ।
तदीयैर्माधुर्यैरपलपिततन्त्रीकलरवां
निजां वीणां वाणी निचुलयति चोलेन निभृतम् ॥ ६६ ॥

त्वया - (જ્યારે) આપ (સરસ્વતીનાં વીણાવાદનને) साधुवचने - સારાં વચનોથી चलितशिरसा - મસ્તક ડોલાવીને वक्तुम् - બોલવા आरब्धे - તૈયાર થયા ત્યારે तदीयै - આપનાં (વચનોના) माधुर्यैः - માધુર્યથી अपलपित-तन्त्री-कलरवाम् - જેના મધુર સુરોને ઝાંખા પાડી દેવામાં આવ્યા છે તેવી निजाम् - પોતાની वीणाम् - વીણાને पुररिपोः - શિવના विविधम् - વિવિધ अपदानम् - પરાક્રમ ગાથાઓને विपञ्च्या - વીણા સાથે गायन्ती - ગાતી વાણી (સરસ્વતી દેવી) (ક્ષોભથી તેને ઢાંકવાના) चौलेन - વસ્ત્ર વડે निचुलयति - ઢાંકી દે છે.

જ્યારે આપ (સરસ્વતીનાં વીણાવાદનને) સારાં વચનોથી, મસ્તક ડોલાવીને બોલવા તૈયાર થયા, ત્યારે આપનાં (વચનોનાં) માધુર્યથી, જેના મધુર સુરોને ઝાંખા પાડી દેવામાં આવ્યા છે તેવી, પોતાની વીણાને શિવની વિવિધ પરાક્રમ-ગાથાઓને, વીણા સાથે ગાતી વાણી (સરસ્વતી દેવી) ક્ષોભથી તેને વસ્ત્ર વડે ઢાંકી દે છે. (૬૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે મિશ્રિત થયેલી कीर्तिम् - કીર્તિની इव - જેવા बिम्ब-अधर-रुचिभिः - બિંબફળ જેવા (બાલ) હોઠનાં તેજથી अन्तः - અંદર (વચ્ચેના ભાગમાં) शबलिताम् - વિવિધરંગી स्तम्बेरम-दनुज-कुम्भ-प्रकृतिभिः - ગજાસુરના ગંડસ્થળમાંથી ઉત્પન્ન થયેલાં मुक्तामणिभिः - મોતીઓથી समारब्धाम् - બનાવેલી अमलाम् - સ્વચ્છ (શ્વેત) हार-लतिकाम् - હારનો (આપના) कुच-आभोगः - સ્તનનો પ્રદેશ वहति - ધારણ કરે છે.

હે માતા ! ત્રણ પુરો જીતી લેનાર(શિવ)ની પરાક્રમ સાથે મિશ્રિત થયેલી કીર્તિના જેવા, બિંબફળ જેવા હોઠના તેજથી અંદર (વચ્ચેના ભાગમાં) વિવિધરંગી, ગજાસુરનાં ગંડસ્થળમાંથી ઉત્પન્ન થયેલાં મોતીઓથી બનાવેલી સ્વચ્છ (સફેદ) હારને (આપના) સ્તનનો પ્રદેશ ધારણ કરે છે. (૭૪)

तव स्तन्यं मन्ये धरणिधरकन्ये हृदयतः
पयःपारावारः परिवहति सारस्वतमिव ।
दयावत्या दत्तं द्रविडशिशुरास्वाद्य तव य-
त्कवीनां प्रौढानामजनि कमनीयः कवयिता ॥ ७५ ॥

हे धरणिधरकन्ये - હે પર્વતપુત્રી ! तव - તમારું स्तन्यम् - દૂધ इव - જાણે हृदयतः - હૃદયમાંથી सारस्वतः - સારસ્વત (કાવ્ય)ના पयःपारावारः - દૂધનો સાગર परिवहति - વહે છે (એમ) मन्ये - હું માનું છું. यत् - જે दयावृत्या - દયાવાળાં (આપે) दत्तम् - આપેલ तव - આપનો (તે દૂધનો) आस्वाद्य - આસ્વાદ લઈને द्रविड-शिशुः - દ્રવિડ બાળક (એવો હું - શંકરાચાર્ય) प्रौढानाम् - મહાન कवीनाम् - કવિઓને (પણ) कमनीयः - સુંદર (લાગે તેવી) कवयिता - કવિતા કરનારો अजनि - બની ગયો છું.

હે પર્વતપુત્રી ! તમારું દૂધ જાણે કે હૃદયમાંથી સારસ્વત (કાવ્ય)ના દૂધનો સાગર વહે છે, (એમ) હું માનું છું, જે દયાવૃત્તિથી આપેલ (દૂધનો) આસ્વાદ લઈને દ્રવિડ બાળક (એવો હું શંકરાચાર્ય) મહાન કવિઓને પણ સુંદર (લાગે તેવી) કવિતા કરનારો બની ગયો છું. (૭૫)

हरक्रोधज्वालावलिभिरवलीढेन वपुषा
गभीरे ते नाभीसरसि कृतसङ्गो मनसिजः ।
समुत्तस्थौ तस्मादचलतनये धूमलतिका
जनस्तां जानीते तव जननि रोमावलिरिति ॥ ७६ ॥

हे अचलतनये - હે પર્વતપુત્રી ! जननि - મા ! हर-क्रोध-ज्वाला-आवलिभिः - મહાદેવના ક્રોધની જ્વાળાના સમૂહ વડે अवलीढेन - ઘેરાયેલા वपुषा - શરીરથી मनसिजः - કામદેવે ते - આપના गभीरे - ઊંડા नाभि-सरसि - નાભિરૂપી સરોવરમાં (ડુબકી મારી) कृतसङ्गः - સંપર્કમાં આવતાં तस्मात् - તેમાંથી धूम-लतिका - ધુમાડાની (પાતળી) સેર समुत्तस्थौ - ઉત્પન્ન થઈ ताम् - તેને तव- આપની रोमावलिः - (નાભિ આસપાસની) રોમાવલિ (છે) इति - એમ जनः - લોકો जानीते - જાણે છે.

હે પર્વતપુત્રી ! મા ! મહાદેવના ક્રોધની જ્વાળાના સમૂહ વડે ઘેરાયેલા શરીરથી કામદેવે આપના ઊંડા નાભિરૂપી સરોવરમાં (ડુબકી મારી), તેના સંપર્કમાં આવતાં, તેમાંથી ધુમાડાની (પાતળી) સેર ઉત્પન્ન થઈ, તેને આપની (નાભિ આસપાસની) રોમાવલિ (છે), એમ લોકો જાણે છે. (૭૬)

यदेतत्कालिन्दीतनुतरतरङ्गाकृति शिवे
कृशे मध्ये किंचिज्जननि तव यद्भाति सुधियाम् ।
विमर्दादन्योन्यं कुचकलशयोरन्तरगत
तनूभूतं व्योम प्रविशदिव नाभिं कुहरिणीम् ॥ ७७ ॥

शिवे जननि - હે પાર્વતી મા ! यत् - જે तव - આપની कृशे मध्ये - પાતળી કેડ ઉપર कालिन्दी-तनुतर-तरङ्ग-आकृति - યમુનાનાં ઘણાં નાનાં મોજાં જેવાં સ્વરૂપવાળું किञ्चित् - કાંઈક भाति - શોભે છે. तद् - તે (રોમાવલિ) कुच-कलशयोः - બે સ્તનરૂપી કલશની अन्तरगतम् - વચ્ચે રહેલું तनूभूतम् - ખૂબ અલ્પ व्योम - આકાશ (બંને સ્તનોના) अन्योन्यम् - પરસ્પર विमर्दात् - દબાણથી इव - જાણે કે नाभिं कुहरिणीम् - નાભિરૂપી દરમાં प्रविशत् - પ્રવેશ કરતું (હોય તેમ) सुधियाम् - વિદ્વાનોને (ભાસે છે.)

હે પાર્વતી મા ! જે આપની પાતળી કેડ ઉપર યમુનાનાં ઘણાં નાનાં મોજાં જેવાં સ્વરૂપવાળું કાંઈક શોભે છે, તે (રોમાવલિ) બે સ્તનરૂપી કળશની વચ્ચે રહેલું ખૂબ અલ્પ આકાશ (બંને સ્તનોનાં) પરસ્પર દબાણથી, જાણે કે નાભિરૂપ દર(ગુફા)માં પ્રવેશ કરતું (હોય તેમ) વિદ્વાનોને (લાગે છે.) (૭૭)

स्थिरो गङ्गावर्तः स्तनमुकुलरोमावलिलता-
कलावालं कुण्डं कुसुमशरतेजोहुतभुजः ।
रतेर्लीलागारं किमपि तव नाभिर्गिरिसुते
बिलद्वारं सिद्धेर्गिरिशनयनानां विजयते ॥ ७८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે गिरिसुते - હે પાર્વતી ! तव - આપની नाभिः - નાભિ (આ રીતે વર્ણવી શકાય :) स्थिरः गङ्गावर्तः - સ્થિર (ગતિહીન થયેલ) ગંગાની ઘૂમરી (છે) स्तन-मुकुल-रोमावलि-लता-कलावालम् - સ્તનરૂપી કળીથી યુક્ત રોમાવલિની લતા(ને ઊગવાનો) સહજ ક્યારો (છે) कुसुमशर-तेजः हुतभुजः कुण्डम् - કામદેવના તેજ રૂપી અગ્નિને (સાચવવાનો) કુંડ (છે.) रतेः किमपि लीलागारम् - રતિનો અવર્ણનીય લીલામંડપ (છે) गिरिश-नयनानाम् - મહાદેવની આંખો (વડે મેળવવાની) (યોગ) सिद्धेः - સિદ્ધિની बिलद्वारम् - ગુફાનું (પ્રવેશ) દ્વાર છે. (તેનો) विजयते - જય થાય છે.

હે પાર્વતી ! આપની નાભિ (આ રીતે વર્ણવી શકાય :) સ્થિર-ગતિહીન ગંગાની ઘૂમરી (છે), સ્તનરૂપી કળીથી યુક્ત રોમાવલિરૂપી લતા(ને ઊગવાનો) સહેજ ક્યારો (છે), રતિનો અવર્ણનીય લીલામંડપ (છે), મહાદેવની આંખો (વડે મેળવવાની) (યોગ)સિદ્ધિની ગુફાનું પ્રવેશદ્વાર (છે). (તેનો) વિજય થાય છે. (૭૮)

निसर्गक्षीणस्य स्तनतटभरेण क्लमजुषो
नमन्मूर्तेर्नारीतिलक शनकैस्त्रुट्यत इव ।
चिरं ते मध्यस्य त्रुटिततटिनीतीरतरुणा
समावस्थास्थेम्नो भवतु कुशलं शैलतनये ॥ ७९ ॥

હે शैलतनये - હે પર્વતપુત્રી ! હે नारीतिलक - હે નારીશ્રેષ્ઠ ! निसर्ग-क्षीणस्य - સ્વભાવથી જ ક્ષીણ (પાતળી) (છે, તેથી) स्तन-तट-भरेण - સ્તનતટના ભારથી क्लम-जुषः - થાક અનુભવતી नमन् मूर्तेः - નમી ગયેલ આકારવાળી (નાભિ) इव - જાણે त्रुटचत - તૂટી જાય તેવી (લાગે છે) त्रुटित-तटिनी-तीर-तरुणा - જેની સ્થિરતા તૂટેલા નદીતટ પરના વૃક્ષની समावस्था-स्थेम्नः - સમાન અવસ્થાવાળી છે. (એવી) તે આપની मध्यस्य - (પાતળી) કેડનું चिरम् - ચિરકાલ कुशलम् - કુશલ भवतु - થાઓ.

હે પર્વતપુત્રી ! હે નારીશ્રેષ્ઠ ! સ્વભાવથી જ ક્ષીણ (પાતળી છે, તેથી) થાક અનુભવતી, નમી ગયેલ આકારવાળી (નાભિ) અને ધીમેથી તૂટી જાય તેવી (લાગે છે), જેની સ્થિરતા તૂટેલા નદીતટ પરનાં વૃક્ષની સમાન અવસ્થાવાળી છે, (એવી) આપની (પાતળી) કેડનું ચિરકાલ કુશલ થાઓ ! (૭૯)

कुचौ सद्यः स्विद्यत्तटघटितकूर्पासभिदुरौ
कषन्तौ दोर्मूले कनककलशाभौ कलयता ।
तव त्रातुं भङ्गादलमिति वलग्नं तनुभुवा
त्रिधा नद्धं देवि त्रिवलि लवलीवल्लिभिरिव ॥ ८० ॥

હે देवि - હે દેવી ! कनक-कलश-आभौ - સુવર્ણકળશ જેવા कलयता - બનાવેલા सद्यः स्विद्यत्-तट-घटित-कूर्पास-भिदुरौ - એ જ સમયે (તરત જ) બાજુના ભાગમાં પ્રસ્વેદવાળા અને ચોળીને ભેદતા दोर्मूले - બાહુમૂળને कर्षन्तौ - સ્પર્શતા (ઘસાતા) तव - આપના कुचौ - બે સ્તનોના (ભાર) વડે भङ्गात् - ભાંગી પડતી अलम् त्रातुम् - રોકવા માટે तनुभुवा - કામદેવ इव - જાણે કે त्रिवलि - ત્રિવલિરૂપે लवलीवल्लिभिः - લવલીની વેલ વડે त्रिधा - ત્રેવડી રીતે (કેડ) वलग्नम् - કેડ नद्धम् - બાંધેલ છે.

હે દેવી ! સુવર્ણકળશ જેવા બનાવેલ (અને) એ જ સમયે (તરત) બાજુના ભાગમાં પ્રસ્વેદવાળા અને ચોળીને ભેદતા, બાહુ મૂળને સ્પર્શતા (ઘસાતા) આપનાં બે સ્તનોના (ભાર) વડે ભાંગી પડતા રોકવા માટે કામદેવે જાણે કે ત્રિવલિરૂપે લવલીની વેલ વડે, ત્રેવડી રીતે, કેડ બાંધેલ છે. (૮૦)

गुरुत्वं विस्तारं क्षितिधरपतिः पार्वति निजा-
न्नितम्बादाच्छिद्य त्वयि हरणरूपेण निदधे ।
अतस्ते विस्तीर्णो गुरुरयमशेषां वसुमतीं
नितम्बप्राग्भारः स्थगयति लघुत्वं नयति च ॥ ८१ ॥

હે पार्वति - હે પાર્વતી ! क्षितिधरपतिः - પર્વતરાજ (હિમાલયે) हरणरूपेण - દહેજ (દાયજા) રૂપે नितम्बाद् - પોતાના ઢોળાવ-પ્રદેશમાંથી आच्छिद्य - લઈને गुरुत्व - ભારેપણું विस्तारम् - વિસ્તાર त्वयि - આપને निदधे - આપેલ છે. अतः - તેથી તે - આપના अयम् - આ विस्तीर्णः - વિસ્તૃત (અને) गुरुः - ભારે नितम्ब-प्राग्भारः - નિતંબનો પ્રદેશ अशेषाम् - સારીયે वसुमतीम् - પૃથ્વીને (નજરથી) स्थगयति - સ્થગિત (ઢંકાવાથી અદૃશ્ય) અને लघुत्वम् - હળવી नयति - બનાવે છે.

હે પાર્વતી ! પર્વતરાજ (હિમાલયે) દહેજરૂપે પોતાના ઢોળાવ પ્રદેશમાંથી લઈને, ગુરુત્વ (ભારેપણું અને) વિસ્તાર આપને આપેલ છે, તેથી આપના આ વિસ્તૃત (અને) ભારે નિતંબનો પ્રદેશ સારીયે પૃથ્વીને (નજરથી) સ્થગિત (ઢંકાવાથી અદૃશ્ય કરે છે) અને હળવી બનાવે છે. (૮૧)

करीन्द्राणां शुण्डान्कनककदलीकाण्डपटली-
मुभाभ्यामूरुभ्यामुभयमपि निर्जित्य भवति ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुवृत्ताभ्यां पत्युः प्रणतिकठिनाभ्यां गिरिसुते
विजिग्ये जानुभ्यां विबुधकरिकुम्भद्वयमपि ॥ ८२ ॥

हे गिरिसुते - હે પર્વતપુત્રી ! उभाभ्याम् - બંને उरुभ्याम् - ઊરુઓ વડે करीन्द्राणाम् - ઉત્તમ હાથીઓની शुण्डान् - સૂંઢ (અને) कनक-कदली-काण्ड-पटलीम् - સુવર્ણની કેળના સ્તંભો उभयम् - બંનેને अपि - પણ निर्जित्य - જીતીને भवति - આપે सुवृत्ताभ्याम् - સુડોળ पत्युः - પતિને प्रणति-कठिनाभ्याम् - (વારંવાર) પ્રણામ કરવાથી કઠિન બનેલા जानुभ्याम् - બંને ઘૂંટણ વડે विबुध-करि-कुम्भ-द्वयम् - દેવોના હાથી(ઐરાવત)ના બંને કુંભ(ગંડ)સ્થળોને अपि - પણ विजिग्ये - જીતી લીધા છે.

હે પર્વતપુત્રી ! બંને ઊરુઓ વડે ઉત્તમ હાથીઓની સૂંઢ (અને) સુવર્ણ-કેળના સ્તંભો બંનેને પણ જીતીને આપે સુડોળ (અને પતિને વારંવાર) પ્રણામ કરવાથી કઠિન બનેલા બંને ઘૂંટણ વડે દેવોના હાથી(ઐરાવત)ના બંને કુંભ(ગંડ)સ્થળોને પણ જીતી લીધા છે. (૮૨)

पराजेतुं रुद्रं द्विगुणशरगर्भौ गिरिसुते
निषङ्गौ जङ्घे ते विषमविशिखो बाढमकृत ।
यदग्रे दृश्यन्ते दशशरफलाः पादयुगली-
नखाग्रच्छद्मानः सुरमुकुटशाणैकनिशिताः ॥ ८३ ॥

हे गिरिसुते - હે પર્વતપુત્રી ! रुद्रम् - મહાદેવને पराजेतुम् - (યુદ્ધમાં) હરાવવા विषमविशिखः - (એકીસંખ્યા પાંચ બાણવાળા) કામદેવે તે આપની द्विगुणशरगर्भौ - જેમાં (કામદેવથી) બમણાં બાણ છે તેવાં निषङ्गे - બે ભાથાંરૂપ, बाढम् - ખરેખર अकृत - બનાવેલ છે. यदग्रे - જે (ભાથાના) अग्रे - અગ્રભાગમાં सुर-मुकुट-शाण-एक-निशिताः - દેવોના મુગટરૂપી સરાણ ઉપર અણીદાર બનાવેલા पाद-युगली-नखाग्र-च्छद्मानः - (આપનાં) પાદયુગલના નખના અગ્રભાગોરૂપી दश - દશ (બાણની અણી જેવા) शरफलाः - ફણાઓ दृश्यन्ते - દેખાય છે.

હે પર્વતપુત્રી ! મહાદેવને યુદ્ધમાં હરાવવા (એકીસંખ્યાનાં પાંચ) બાણવાળા કામદેવે આપની બે જાંઘને કે જેમાં (કામદેવથી) બમણાં બાણ છે, તેવાં બે ભાથાંરૂપ, ખરેખર, કરી, જે (ભાથાના) અગ્રભાગમાં દેવોના મુગટરૂપી સરણ ઉપર અણીદાર બનાવેલા (આપના) પાદયુગલનાં નખના અગ્રભાગો રૂપી દશ (બાણની અણી જેવા) ફણાઓ દેખાય છે. (૮૩)

श्रुतीनां मूर्धानो दधति तव यौ शेखरतया
ममाप्येतौ मातः शिरसि दयया धेहि चरणौ ।
ययोः पाद्यं पाथः पशुपतिजटाजूटतटिनी
ययोर्लाक्षालक्ष्मीररुणहरिचूडामणिरुचिः ॥ ८४ ॥

हे मातः - હે મા ! यौ - જેને श्रुतीनाम् - श्रुति(વેદ)ના मूर्धानः - સર્વોચ્ચ ભાગ (ઉપનિષદો) (પોતાના મસ્તક પર) शेखरतया - મુગટ તરીકે दधति - ધારણ કરે છે ययोः - જેનું पाद्यम् - પગ ધોવાનું पाथः - જળ पशुपति-जटाजूट-तटिनी - મહાદેવના જટાજૂટમાં રહેલી નદી (ગંગા) છે ययोः - જેની लाक्षालक्ष्मीः - અળતાની (બાલ) શોભા अरुण-हरि-चूडामणि-रुचिः - હરિનાં મુગટમણિની લાલ શોભા (છે) एतौ - એ तव - આપનાં चरणौ - બે ચરણો दयया - કૃપાપૂર્વક मम - મારાં शिरसि - મસ્તક ઉપર अपि - પણ धेहि - મૂકો.

હે મા ! જેને વેદના સર્વોચ્ચ ભાગ (ઉપનિષદો) (પોતાના મસ્તક પર) મુગટ તરીકે ધારણ કરે છે, જેનું પગ ધોવાનું જળ મહાદેવનાં જટાજૂટમાં રહેલી નદી (ગંગા) છે, જેની અળતાની (બાલ) શોભા હરિના મુગટમણિની લાલ શોભા છે, તે આપનાં બે ચરણો કૃપાપૂર્વક મારાં મસ્તક પર પણ મૂકો. (૮૪)

नमोवाकं ब्रूमो नयनरमणीयाय पदयो-
स्तवास्मै द्वन्द्वाय स्फुटरुचिरसालक्तकवते ।
असूयत्यत्यन्तं यदभिहननाय स्पृहयते
पशूनामीशानः प्रमदवनकङ्केलितरवे ॥ ८५ ॥

नयन-रमणीयाय - આંખો માટે રમણીય (અને) स्फुट-रुचि - रस-अलक्तकवते - ચળકતા સુંદર અળતાના લેપવાળા तव - આપના अस्मै - આ पदयोः द्वन्द्वाय - ચરણયુગલને (માટે) नमोवाकम् - નમસ્કારની વાણી ब्रूमः - બોલીએ છીએ. यद्-अभिहननाय - જેના દ્વારા (પોતાને) પ્રહાર (થાય તેમ) स्पृहयते - ઈચ્છતા (આપના) प्रमदवन - कङ्केलि-तरवे - પ્રમદવનનાં કંકેલિ વૃક્ષની पशूनाम् ईशानः - પશુપતિ अत्यन्तम् - ભારે असूयति - અદેખાઈ કરે છે.

આંખો માટે રમણીય (અને) ચળકતા, સુંદર અળતાના લેપવાળા આપનાં આ ચરણયુગલને (માટે) નમસ્કારની વાણી અમે બોલીએ છીએ, જેના દ્વારા (પોતાને) પ્રહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(થાય તેમ) ઈચ્છતા (આપના) પ્રમદવનના કંકેલિવૃક્ષની પશુપતિ (મહાદેવ) ભારે અદેખાઈ કરે છે. (૮૫)

मृषा कृत्वा गोत्रस्खलनमथ वैलक्ष्यनमितं
ललाटे भर्तारं चरणकमले ताडयति ते ।
चिरादन्तःशल्यं दहनकृतमुन्मूलितवता
तुलाकोटिक्वाणैः किलिकिलितमीशानरिपुणा ॥ ८६ ॥

हे जननि - હે મા ! मृषा - ખોટું गोत्रस्खलनम् - અન્ય સ્ત્રીનું નામ લેતાં अथ वैलक्ष्यनमितम् - શરમથી નમેલા મુખવાળા भर्तारम् - પતિને જ્યારે ते - આપે चरणकमलम् - ચરણકમલથી ललाटे - લલાટ પર ताडयति - પ્રહાર કર્યો, ત્યારે (અગાઉ ભસ્મ કરતી વખતે) चिरात् - લાંબા સમયના दहनकृतम् - બાળવાને લીધે ઉત્પન્ન થયેલા अन्तःशल्यम् - હૃદયનાં શલ્યને उन्मूलितवता - ઉન્મૂલિત થતાં શિવના શત્રુ (કામદેવે જાણે કે આપના ઝાંઝરના) तुला-कोटि-क्वाणैः - અગ્રભાગના રણકાર વડે किलिकिलितम् - (પોતાના વિજય-ધ્વનિની) ચિચિયારી કરી.

હે મા ! અન્ય સ્ત્રીનું ખોટું નામ લેતાં, શરમથી નમેલા મુખવાળા પતિને જ્યારે આપે ચરણકમલથી લલાટમાં પ્રહાર કર્યો, ત્યારે (અગાઉ ભસ્મ કરતી વખતે ઉત્પન્ન થયેલા) લાંબા સમયના બાળવાને લીધે ઉત્પન્ન થયેલા હૃદયનાં શલ્ય(દુઃખ)ને ઉન્મૂલિત થતાં, શિવના શત્રુ (કામદેવે) જાણે કે આપનાં ઝાંઝરના સમગ્ર ભાગના રણકાર વડે (પોતાના વિજયધ્વનિની) ચિચિયારી કરી. (૮૬)

हिमानीहन्तव्यं हिमगिरिनिवासैकचतुरौ
निशायां निद्राणं निशि चरमभागे च विशदौ ।
वरं लक्ष्मीपात्रं श्रियमतिसृजन्तौ समयिनां
सरोजं त्वत्पादौ जननि जयतश्चित्रमिह किम् ॥ ८७ ॥

हे जननि - હે મા ! त्वत्-पादौ - આપનાં બે ચરણ કમળને जयतां - જીતી લે इह - એમાં किम् - શું चित्रम् - આશ્ચર્ય ? (કમળ) हिमानीहन्तव्यम् - બરફથી કરમાઈ જાય (અને) (ચરણ) हिमगिरि-निवास-एक-चतुरौ - હિમગિરિમાં જ નિવાસ કરવામાં નિપુણ (કમળ) निशायां - રાત્રે निद्राणम् - બિડાઈ જાય (અને ચરણ) निशि - રાત્રે च - અને चरमभागे च - દિવસે પણ विशदौ - સ્પષ્ટ (પ્રકાશે) (કમળ) परम् - કેવળ लक्ष्मीपात्रम् - (થોડી) શોભાનું પાત્ર (અને ચરણ) समयिनाम् - ભક્તોને श्रियम् अति-सृजन्तौ - અઢળક શોભા આપનારાં છે.

હે મા ! આપનાં બે ચરણ કમળને જીતી લે તેમાં શું આશ્ચર્ય ? કમળ બરફથી કરમાઈ જાય (અને ચરણ) હિમગિરિમાં જ નિવાસ કરવામાં નિપુણ. કમળ રાત્રે બિડાઈ જાય (અને ચરણ) રાત્રે અને દિવસે પણ સ્પષ્ટ (રીતે પ્રકાશે), કમળ કેવળ થોડી શોભાનું પાત્ર, (અને ચરણ) ભક્તોને અઢળક શોભા આપનારાં છે. (૮૭)

पदं ते कीर्तीनां प्रपदमपदं देवि विपदां
कथं नीतं सद्भिः कठिनकमठीकर्परतुलाम् ।
कथं वा बाहुभ्यामुपयमनकाले पुरभिदा
यदादाय न्यस्तं दृषदि दयमानेन मनसा ॥ ८८ ॥

हे देवि - હે મા ! कीर्तीनाम् - કીર્તિના पदम् - નિવાસ विपदाम् - દુઃખને अपदम् - દૂર કરવાવાળા અને यद् - જે उपयमनकाले - વિવાહ-સમયે पुरभिदा - શિવે कथंचिद् - માંડ માંડ (કાળજીથી) दयमानेन - કરુણાપૂર્ણ मनसा - મનથી बाहुभ्याम् - બે હાથ વડે आदाय - લઈને दृषदि - પથ્થર (ક્ષેત્રપાલ) પર न्यस्तम् - મૂકેલ, તે આપના प्रपदम् - પગના અગ્રભાગને सद्भिः - સારા લોકો (કવિઓ) વડે कठिन-कमठी-कर्पर-तुलाम् - કાચબાની કઠણ પીઠની બરોબરીમાં कथम् - કેમ नीतम् - મૂકયું હશે ?

હે મા ! કીર્તિના નિવાસરૂપ, દુઃખને દૂર કરવાવાળા અને વિવાહ-સમયે શિવે માંડ માંડ (કાળજીથી) કરુણાપૂર્ણ મનથી બે હાથ વડે લઈને પથ્થર (ક્ષેત્રપાળ) પર મૂકેલ આપના પગના અગ્રભાગને સારા લોકો(કવિઓ)એ કાચબાની કઠણ પીઠની બરોબરીમાં કેમ મૂક્યું હશે ? (૮૮)

नखैर्नाकस्त्रीणां करकमलसंकोचशशिभि-
स्तरूणां दिव्यानां हसत इव ते चण्डि चरणौ ।
फलानि स्वःस्थेभ्यः किसलयकराग्रेण ददतां
दरिद्रेभ्यो भद्रां श्रियमनिशमह्नाय ददतौ ॥ ८९ ॥

हे चण्डि - હે ચંડી ! दरिद्रेभ्यः - ગરીબ લોકોને अनिशम् - કાયમ (અને) अह्नाय - તરત જ भद्राम् - કલ્યાણકારી श्रियम् - સંપત્તિ ददतौ - આપતાં તે આપનાં चरणौ - બે ચરણ, नाक-स्त्रीणाम् - સ્વર્ગની સ્ત્રીઓનાં कर-कमल-संकोच-शशिभिः - હાથ રૂપી કમળને સંકોચ પમાડતા (અનેક) ચન્દ્રો જેવા नखैः - (પગના અંગુઠાના) નખ વડે इव - જાણે કે किसलय-कर-अग्रेण - કુંપળ રૂપી આંગળીઓ વડે स्वःस्थेभ्यः - સ્વર્ગમાં વસનારાંઓને (ઈચ્છિત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

फलानि - ફળો ददताम् - આપનાર दिव्यानाम् तरूणाम् - કલ્પવૃક્ષોને हसतः - હસી કાઢે છે.

હે ચંડી ! ગરીબ લોકોને કાયમ અને તરત જ કલ્યાણકારી સંપત્તિ આપતાં આપનાં બે ચરણ, સ્વર્ગની સ્ત્રીઓના હાથરૂપી કમળને સંકોચ પમાડતા (અનેક) ચન્દ્રો જેવા (પગના અંગુઠાના) નખ વડે જાણે કે કુંપળરૂપી આંગળીઓ વડે સ્વર્ગમાં વસનારાંઓને (ઈચ્છિત) ફળો આપનાર કલ્પવૃક્ષોને હસી કાઢે છે. (૮૯)

ददाने दीनेभ्यः श्रियमनिशमाशानुसदृशी-
ममन्दं सौन्दर्यप्रकरमकरन्दं विकिरति ।
तवास्मिन्मन्दारस्तबकसुभगे यातु चरणे
निमज्जन्मज्जीवः करणचरणः षट्चरणताम् ॥ ९० ॥

दीनेभ्यः - દીન જનોને आशा-अनुसदृशीम् - ઈચ્છાને અનુરૂપ अनिशम् - હંમેશ श्रियम् - લક્ષ્મી ददाने - આપતાં अमन्दम् - સારી રીતે सौन्दर्य-प्रकर-मकरन्दम् - સૌન્દર્યનાં પૂર રૂપી પુષ્પમધુને विकिरति - વહેવડાવતાં मन्दार-स्तबक-सुभगे - મંદાર પુષ્પોના ગુચ્છ જેવા પવિત્ર अस्मिन् - આ तव - આપનાં चरणे - ચરણમાં निमज्जन् - મગ્ન બનતો मज्जीवः - મારો જીવ करणचरणः - પોતાની (છ) ઈન્દ્રિયોરૂપી ચરણ સાથે षट्-चरणताम् - (છ ચરણવાળા) ભ્રમર રૂપને यातु - પામો !

દીન જનોને ઈચ્છાને અનુરૂપ હંમેશ લક્ષ્મી આપતાં, સારી રીતે સૌન્દર્યનાં પૂરરૂપી પુષ્પ-મધુને વહેવડાવતાં (અને) મંદાર પુષ્પોના ગુચ્છ જેવા પવિત્ર આ આપનાં ચરણમાં મગ્ન બનતો મારો જીવ પોતાની (છ) ઈન્દ્રિયોરૂપી ચરણ સાથે (છ ચરણવાળા) ભ્રમર રૂપને પામો ! (૯૦)

पदन्यासक्रीडापरिचयमिवारब्धुमनसः
स्खलन्तस्ते खेलं भवनकलहंसा न जहति ।
अतस्तेषां शिक्षां सुभगमणिमञ्जीररणित-
च्छलादाचक्षाणं चरणकमलं चारुचरिते ॥ ९१ ॥

हे चारुचरिते - હે સુંદર ગતિવાળાં (દેવી) ! ते - આપનાં भवन-कलहंसा - ભુવનના કલહંસો पदन्यास-क्रीडा-परिचयम् इव - જાણે કે તાલબદ્ધ પગલાં પાડવાની ક્રિયા શીખવામાં आरब्धमनसः - શરુઆત કરવાની ઈચ્છાવાળા (અને એ) खेलम् - ક્રીડામાં ભૂલ કરતા अतः - તેથી तेषाम् - તેઓને सुभग-मणि-मञ्जीर-रणित-च्छलात् - મણિયુક્ત મનોહર ઝાંઝરના ઝંકારનાં બહાનાં હેઠળ शिक्षाम् - શિક્ષા आचक्षाणम् - આપતાં ते - આપનાં चरणकमलम् - ચરણકમલને न वहति - છોડતા નથી.

હે સુંદર ગતિવાળાં દેવી ! આપના ભુવનના કલહંસો, જાણે કે તાલબદ્ધ પગલાં પાડવાની ક્રિયા શીખવામાં શરુઆત કરવાની ઈચ્છાવાળા અને એ ક્રીડામાં ભૂલ કરી (છે), એથી તેઓને મણિયુક્ત મનોહર ઝાંઝરના ઝંકારનાં બહાનાં હેઠળ શિક્ષા આપતાં, આપનાં ચરણ-કમળને છોડતા નથી. (૯૧)

गतास्ते मञ्चत्वं द्रुहिणहरिरुद्रेश्वरभृतः
शिवः स्वच्छच्छायाघटितकपटप्रच्छदपटः ।
त्वदीयानां भासां प्रतिफलनरागारुणतया
शरीरी शृङ्गारो रस इव दृशां दोग्धि कुतुकम् ॥ ९२ ॥

द्रुहिण-हरि-रुद्र-ईश्वर-भृतः - બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઈશ્વર, એ આપના સેવકો ते - આપના मञ्चत्वम् - પલંગ गताः - બન્યા છે, (જ્યારે પોતાના) स्वच्छ-च्छाया-घटित-कपट-प्रच्छद-पटः - સ્વચ્છ (ગૌર) વર્ણથી ઓછાડ રૂપ બનેલા शिवः - શિવ त्वदीयानाम् - આપનું भासाम् - તેજ प्रतिफलनराग-अरुणतया - પ્રતિબિંબિત થવાથી લાલ રંગ(વાળું વસ્ત્ર થવા)ને કારણે इव - જાણે કે शरीरी - મૂર્તિમાન शृङ्गारः - શૃંગાર રસ હોય તેમ दृशाम् - આંખોને कुतुकम् दोग्धि - આનંદ આપે છે.

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઈશ્વર, એ આપના સેવકો પલંગ બન્યા છે, (જ્યારે પોતાના) સ્વચ્છ (ગૌર) વર્ણથી ઓછાડરૂપ બનેલા શિવ આપનું તેજ પ્રતિબિંબિત થવાથી લાલ રંગ(વાળું વસ્ત્ર થવા)ને કારણે, જાણે કે મૂર્તિમાન શૃંગાર રસ હોય, તેમ આંખોને આનંદ આપે છે. (૯૨)

अराला केशेषु प्रकृतिसरला मन्दहसिते
शिरीषाभा चित्ते दृषदुपलशोभा कुचतटे ।
भृशं तन्वी मध्ये पृथुरुरसिजारोहविषये
जगन्त्रातुं शंभोर्जयति करुणा काचिदरुणा ॥ ९३ ॥

केशेषु - કેશોમાં अराला - વાંકી मन्दहसिते - મંદ મંદ મુસ્કાનમાં प्रकृति-सरला - સ્વાભાવિક રીતે, સરલ चित्ते - ચિત્તમાં शिरीष-आभा - શિરીષની કાન્તિસમાન कुचतटे - વક્ષસ્થળમાં दृशद्-उपल-शोभा - પથ્થરની (કઠણતા જેવી) શોભાવાળી, मध्ये - મધ્યભાગમાં तन्वी - પાતળી उरसिजारोहविषये - વક્ષસ્થળના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયમાં પૃથુ - વિસ્તરવાળી કાચિદ્ - કોઈક અરુણા - લાલરંગની પ્રેમાળ એવી શંભો - શંકર ભગવાનની કરુણા - કરુણા જગત્ - જગતનું ત્રાતુમ્ - રક્ષણ કરવા માટે જયતિ - વિજય પામે છે.

કેશોમાં વાંકી (વળાંકવાળી), મંદ મંદ મુસ્કાનમાં સ્વાભાવિક રીતે સરળ, ચિત્તમાં શિરીષની કાન્તિ સમાન, વક્ષસ્થળમાં પથ્થરની (કઠિનતાની) શોભાવાળી, મધ્યભાગમાં પાતળી, વક્ષસ્થળના વિષયમાં વિસ્તારવાળી, કોઈક પ્રેમાળ એવી ભગવાન શંકરની કરુણા જગતનું રક્ષણ કરવા માટે વિજય પામે છે. (૯૩)

कलङ्कः कस्तूरी रजनिकरबिम्बं जलमयं
कलाभिः कर्पूरैर्मरकतकरण्डं निबिडितम् ।
अतस्त्वद्भोगेन प्रतिदिनमिदं रिक्तकुहरं
विधिर्भूयो भूयो निबिडयति नूनं तव कृते ॥ ९४ ॥

कलङ्कः - ચન્દ્રમાં રહેલ કલંક कस्तूरी - કસ્તૂરી (છે) कलाभिः - (ચન્દ્રની) કલાઓ રૂપી कर्पूरैः - કપૂર(ની ગોટીઓ) વડે निबिडितम् - ભરેલો मरकत-करण्डम् - મરકતમણિનો દાબડો એ जलमयम् - જળમય એવું रजनिकर-बिम्बम् - ચન્દ્રનું બિંબ (છે) अतः - તેથી प्रतिदिनम् - રોજ त्वद्भोगेन - આપના (વડે) ઉપભોગથી रिक्तकुहरम् - ખાલી તળિયાવાળા इदम् - આને तव कृते - આપના માટે नूनम् - ખરેખર भूयः भूयः - ફરી ફરી विधिः - બ્રહ્મા निबिडयति - ભરી દે છે.

ચન્દ્રમાં (રહેલ) કલંક કસ્તૂરી (છે), (ચન્દ્રની) કલાઓ રૂપી કપૂર(ની ગોટીઓ) વડે ભરેલો મરકત મણિનો દાબડો એ જળમય એવું ચન્દ્રનું બિંબ છે, તેથી રોજ આપના (વડે) ઉપભોગથી ખાલી તળિયાવાળા આને આપના માટે, ખરેખર, ફરી ફરી બ્રહ્મા ભરી દે છે. (૯૪)

पुरारातेरन्तःपुरमसि ततस्त्वच्चरणयोः
सपर्यामर्यादा तरलकरणानामसुलभा ।
तथा ह्येते नीताः शतमखमुखाः सिद्धिमतुलां
तव द्वारोपान्तस्थितिभिरणिमाद्याभिरमराः ॥ ९५ ॥

पुरारातेः - શિવના अन्तःपुरम् - અન્તઃપુરમાં (વસતા પટરાણી) છો ततः - તેથી तच्चरणयोः -આપનાં ચરણોની सपर्या-मर्यादा - સેવાની તક तरल-करणानाम् - ચંચળ ઈન્દ્રિયોવાળાં (જીવો) માટે असुलभा - સુલભ નથી, तथा માટે हि - જ एते - આ शतमख-मुखा अमराः - ઈન્દ્ર વગેરે દેવો तव - આપના द्वारोपान्त-स्थितिभिः - નિવાસનાં દ્વાર નજીક રહેલી अणिमाद्याभिः - અણિમા વગેરે (સિદ્ધિઓ વડે) अतुलाम् - અજોડ સિદ્ધિને नीताः - પામેલા છે.

આપ શિવના અન્તઃપુરમાં (વસતાં પટરાણી) છો, તેથી આપનાં ચરણોની સેવાની તક ચંચળ ઈન્દ્રિયોવાળા (જીવો) માટે સુલભ નથી, માટે જ આ ઈન્દ્ર વગેરે દેવો આપના નિવાસનાં દ્વાર નજીક રહેલી અણિમાદિ સિદ્ધિઓ વડે અજોડ સિદ્ધિને પામ્યા છે. (૯૫)

कलत्रं वैधात्रं कतिकति भजन्ते न कवयः
श्रियो देव्याः को वा न भवति पतिः कैरपि धनैः ।
महादेवं हित्वा तव सति सतीनामचरमे
कुचाभ्यामासङ्गः कुरबकतरोरप्यसुलभः ॥ ९६ ॥

हे सति - હે સતી ! हे सतीनाम् अचरमे - હે સતીઓમાં શ્રેષ્ઠ ! कति कति - કેટકેટલા कवयः - કવિઓ वैधात्रम् - વિધાતાનાં कलत्रम् - પત્ની(દેવી સરસ્વતી)ની न भजन्ते - ઉપાસના કરતા નથી ? कैरपि - કેટલાક (થોડાક) धनैः - ધનથી अपि - પણ कः - કોણ ? देव्याः - દેવી श्रियः - લક્ષ્મીના पतिः - પતિ न भवति - થતા નથી ? महादेवम् - શિવને हित्वा - છોડીને तव - આપનાં कुचाभ्याम् - સ્તનોનું आसङ्गः - આલિંગન कुरबक-तरोः - કુરબકવૃક્ષને अपि - પણ असुलभः - સુલભ નથી.

હે સતી ! સતીઓમાં શ્રેષ્ઠ ! કેટકેટલા કવિઓ વિધાતાનાં પત્ની(દેવી સરસ્વતી)ની ઉપાસના કરતા નથી ?, કેટલાક (થોડાક) ધનથી કોણ લક્ષ્મીના પતિ થતા નથી (પણ) મહાદેવને છોડીને આપનાં સ્તનોનું આલિંગન કુરબકવૃક્ષને પણ સુલભ નથી. (૯૬)

गिरामाहुर्देवीं द्रुहिणगृहिणीमागमविदो
हरेः पत्नीं पद्मां हरसहचरीमद्रितनयाम् ।
तुरीया कापि त्वं दुरधिगमनिःसीममहिमा
महामाया विश्वं भ्रमयसि परब्रह्ममहिषि ॥ ९७ ॥

हे परब्रह्ममहिषि - હે પરબ્રહ્મનાં પટરાણી ! आगमविदः - શાસ્ત્રના જાણકારો द्रुहिण-गृहिणीम् - બ્રહ્માની પત્ની (તરીકે) गिराम् देवीम् - વાણીની દેવી કહે છે हरेः - વિષ્ણુની પત્ની તરીકે पद्माम् - લક્ષ્મી (અને) हर-सहचरी - મહાદેવની સહચરી (તરીકે) પર્વતપુત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે. (પરંતુ) त्वम् - આપ તો दुरधिगम-निःसीम-महिमा - જેના અસીમ મહિમાને પાર પામી શકાતો નથી તેવાં काऽपि - અલૌકિક तुरीया - ચોથી महामाया - મહામાયારૂપે विश्वम् - વિશ્વને भ्रमयसि - ભ્રમિત કરો છો.

હે પરબ્રહ્મનાં પટ્ટરાણી ! શાસ્ત્રના જાણકારો બ્રહ્માની પત્ની (તરીકે) વાણીની દેવી કહે છે, વિષ્ણુની પત્ની તરીકે લક્ષ્મી (અને) મહાદેવની સહચરી તરીકે પર્વતપુત્રી કહે છે. (પરંતુ) આપ તો જેના અસીમ મહિમાનો પાર પામી શકાતો નથી તેવાં અલૌકિક ચોથી મહામાયા રૂપે વિશ્વને ભ્રમિત કરો છો. (૯૭)

कदा काले मातः कथय कलितालक्तकरसं
पिबेयं विद्यार्थी तव चरणनिर्णेजनजलम् ।
प्रकृत्या मूकानामपि च कविताकारणतया
कदा धत्ते वाणीमुखकमलताम्बूलरसताम् ॥ ९८ ॥

हे मातः - હે મા ! (કૃપા કરી) कथय - કહો કે विद्यार्थी - વિદ્યા મેળવવા ઈચ્છતો હું कदा काले - ક્યારે कलित-अलक्तक-रसम् - અળતાના રસથી યુક્ત तव - આપનાં चरण-निर्णेजन-जलम् - ચરણોને પખાળેલું જળ પીશ यद् - જે वाणी-मुखकमल-ताम्बूल-रसताम् - વિદ્યાની દેવી (સરસ્વતીનાં મુખકમલના (થૂંકેલા) તામ્બૂલ(પાત્ર)ના રસને आधत्ते - ધારણ કરે છે. (કારણ કે) प्रकृत्या - સ્વભાવથી (જન્મથી) मूकानाम् - મૂંગા લોકોને अपि - પણ कविता-कारण-तया - કવિતાનું કારણ બને છે.

હે મા ! કહો કે વિદ્યા મેળવવા ઈચ્છતો હું, ક્યારે અળતાના રસથી યુક્ત આપનાં ચરણોને પખાળેલું જળ પીશ ? જે વિદ્યાની દેવીનાં (સરસ્વતીનાં) મુખકમલના (થૂંકેલા) પાનના રસને ધારણ કરે છે, (કારણ કે તે) સ્વભાવથી (જન્મથી) મૂંગા લોકોને માટે પણ કવિતાનું કારણ બને છે. (૯૮)

सरस्वत्या लक्ष्म्या विधिहरिसपत्नो विहरते
रतेः पातिव्रत्यं शिथिलयति रम्येण वपुषा ।
चिरं जीवन्नेव क्षपितपशुपाशव्यतिकरः
परानन्दाभिख्यं रसयति रसं त्वद्भजनवान् ॥ ९९ ॥

त्वद्भजनवान् - આપનો ભક્ત विधि-हरि-सपत्नः - બ્રહ્મા અને વિષ્ણુનો ઈર્ષ્યાપાત્ર બની (અનુક્રમે) सरस्वत्या - સરસ્વતી (અને) लक्ष्म्या - લક્ષ્મી સાથે विहरति - વિહાર કરે છે (વિદ્યાવાન અને સંપત્તિવાન થાય છે) रम्येण - સુંદર वपुषा - શરીરથી रतेः - રતિની पातिव्रत्यम् - પતિવ્રતાપણાને शिथिलयति - શિથિલ (ચલિત) કરે છે. क्षपित-पशु-पाश-व्यतिकरः - જેના પશુ (મર્ત્ય) તરીકેના પાશ(અજ્ઞાન)નો સંબંધ નાશ પામ્યો છે તેવા (અને) चिरम् जीवन् एव - લાંબું જીવતો परानन्द अभिख्याम् - પરમાનંદ નામના રસને रसयन्ति - માણે છે.

આપનો ભક્ત બ્રહ્મા અને વિષ્ણુનો ઈર્ષ્યાપાત્ર બની, (અનુક્રમે), સરસ્વતી અને લક્ષ્મી સાથે વિહાર કરે છે : સુંદર શરીરથી રતિના પતિવ્રતાપણાને શિથિલ (ચલિત) કરે છે, જેના પશુ (મર્ત્ય) તરીકેના પાશ(અજ્ઞાન)નો સંબંધ નાશ પામ્યો છે, તેવો (અને) લાંબું જીવતો પરમાનંદ નામના રસને માણે છે. (૯૯)

प्रदीपज्वालाभिर्दिवसकरनीराजनविधिः
सुधासूतेश्चन्द्रोपलजललवैरर्घ्यरचना ।
स्वकीयैरम्भोभिः सलिलनिधिसौहित्यकरणं
त्वदीयाभिर्वाग्भिस्तव जननि वाचां स्तुतिरियम् ॥ १०० ॥

हे जननि - હે મા ! त्वदीयाभिः - આપની (આપનામાંથી ઉત્પન્ન થતી) वाग्भिः - વાણી વડે तव - આપની वाचाम् - વાણીની इयम् - આ स्तुतिः - સ્તુતિ (ખરેખર) प्रदीप-ज्वालाभिः - પ્રદીપની જવાળાઓ વડે दिवसकर-नीराजन-विधिः - સૂર્યની આરતીનો વિધિ (છે.) चन्द्र-उपल-जल-लवैः - ચન્દ્રકાંત મણિનાં જળબિંદુઓ વડે सुधासूतेः - ચન્દ્રને (આપવામાં આવતાં) અર્ઘ્યનું અર્પણ (છે) (અને) स्वकीयैः - પોતાના अम्भोभिः - જળ વડે सलिलनिधि-सौहित्यकरणम् - સમુદ્રને પ્રસન્ન કરવા સમાન (છે.)

હે મા ! આપની (આપનામાંથી ઉત્પન્ન થતી) વાણી વડે આપની વાણીની આ સ્તુતિ (ખરેખર) પ્રદીપની જવાળાઓ વડે સૂર્યની આરતી કરવાનો વિધિ (છે). ચન્દ્રકાન્ત મણિનાં જળબિંદુઓ વડે ચન્દ્રને (આપવામાં આવતા) અર્ઘ્યનું અર્પણ છે (અને) પોતાનાં જળ વડે સમુદ્રને પ્રસન્ન કરવા સમાન છે. (૧૦૦)

इति श्रीमतपरमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रीमच्छंकरभगवतः कृतौ
''सौन्दर्यलहरी'' संपूर्णा ॥

આ રીતે શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ગોવિન્દ ભગવત્ પૂજ્યપાદના શિષ્ય
શ્રી શંકરાચાર્ય ભગવાનની કૃતિ
''સૌન્દર્યલહરી'' સમાપ્ત થયું.

॥ ॐ ॥

॥ त्रिपुरसुन्दरीवेदपादस्तोत्रम् ॥

वेदपादस्तवं वक्ष्ये देव्याः प्रियचिकीर्षया ।
यथामति मतिं देवस्तन्नो दन्तिः प्रचोदयात् ॥ १ ॥

देव्याः - દેવીને प्रियचिकीर्षया - પ્રિય કરવાની ઈચ્છાથી यथामति - મતિ પ્રમાણે वेदपादस्तवं - વેદપાદનાં સ્તોત્રને वक्ष्ये - કહું છું तद् दन्तिः - તે ગણપતિ नः - અમારી मतिं - મતિને प्रचोदयात् - પ્રેરો !

દેવીને પ્રિય કરવાની ઈચ્છાથી હું મતિ પ્રમાણે વેદપાદના-સ્તોત્રને કહું છું. તે ગણપતિ અમારી બુદ્ધિને પ્રેરો ! (૧)

अकिंचित्करकर्मभ्यः प्रत्याहृत्य कृपावशात् ।
सुब्रह्मण्यः स्तुतावस्यां तन्नः षण्मुखः प्रचोदयात् ॥ २ ॥

अकिंचित्करकर्मभ्यः - કંઈ ન કરનારાં કર્મવાળા પાસેથી પણ कृपावशात् - કૃપાને વશ થઈને प्रत्याहृत्य - પાછા આવીને सुब्रह्मण्यः षण्मुखः - સુબ્રહ્મણ્ય એવા છ મુખવાળા, કાર્તિકેય अस्यां - આ स्तुतौ - સ્તુતિમાં प्रचोदयात् - મતિને પ્રેરો.

કંઈ ન કરનારાં કર્મવાળા પાસેથી પણ કૃપાવશ થઈને, સુબ્રહ્મણ્ય એવા ષણ્મુખ (કાર્તિકેય), પાછા આવીને, આ સ્તુતિમાં મતિને પ્રેરો ! (૨)

अकारादिक्षकारान्तवर्णावयवशालिनी ।
वीणापुस्तकहस्ताव्यात्प्रणो देवी सरस्वती ॥ ३ ॥

अकारादि-क्षकारान्त-वर्णावयवशालिनी - 'अ'થી માંડીને 'क्ष' સુધીના વર્ણરૂપી અવયવવાળાં वीणापुस्तकहस्ता - વીણા અને પુસ્તક જેમના હાથમાં છે તેવાં દેવી-सरस्वती - દેવી સરસ્વતી अव्यात् - રક્ષણ કરો !

'अ'કારથી માંડીને 'क्ष' સુધીના વર્ણરૂપી અવયવ-વાળાં, વીણા અને પુસ્તક જેમના હાથમાં છે તેવાં, દેવી સરસ્વતી અમારું રક્ષણ કરો ! (૩)

या वर्णपदवाक्यार्थगद्यपद्यस्वरूपिणी ।
वाचि नर्तयतु क्षिप्रं मेधां देवी सरस्वती ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

या - જે वर्ण-पद-वाक्यार्थ-गद्य-पद्य-स्वरूपिणी - વર્ણ, પદ, વાક્યનો અર્થ, ગદ્ય અને પદ્ય સ્વરૂપ वाचि - વાણીમાં क्षिप्रं - તરત જ देवी-सरस्वती - દેવી સરસ્વતી मेधां - બુદ્ધિ-પ્રતિભાને नर्तयतु - નૃત્ય કરાવો !

જે વર્ણ, પદ, વાક્યનો અર્થ, ગદ્ય અને પદ્ય (એટલે કે સંપૂર્ણ વાઙ્મય)-સ્વરૂપ છે, તે દેવી સરસ્વતી વાણીમાં બુદ્ધિ પ્રતિભાને તરત જ નૃત્ય કરાવો ! (૪)

उपास्यमाना विप्रेन्द्रैः सन्ध्यासु च तिसृष्वपि ।
सद्यः प्रसीद मे मातः सन्ध्याविद्ये सरस्वती ॥ ५ ॥

विप्रेन्द्रैः - શ્રેષ્ઠ બ્રાહ્મણો વડે तिसृषु-अपि-सन्ध्यासु - ત્રણે સન્ધ્યાઓમાં उपास्यमाना - ઉપાસના કરાતાં, सन्ध्याविद्ये-सरस्वती-मातः - સન્ધ્યાની વિદ્યા-સ્વરૂપ હે સરસ્વતી માતા मे - મારા ઉપર सद्यः - જલદી प्रसीद - પ્રસન્ન થાઓ !

શ્રેષ્ઠ બ્રાહ્મણો વડે ત્રણેય પ્રકારની સન્ધ્યાઓમાં ઉપાસના કરાતાં, સન્ધ્યાની વિદ્યાસ્વરૂપ હે સરસ્વતી માતા ! તમે મારા ઉપર જલદી પ્રસન્ન થાઓ (૫)

मन्दा निन्दालोलुपाहं स्वभावा-
देतत्स्तोत्रं पूर्यते किं मयेति ।
मा ते भीतिर्हे मते त्वादृशाना-
मेषा नेत्री राधसा सूनृतानाम् ॥ ६ ॥

स्वभावात् - સ્વભાવથી જ मन्दा - મંદ મતિની निन्द-लोलुपा - નિંદામાં લાલચવાળી નિંદાની લોલુપ એવી मया - મારાથી किम् - શું एतत् - આ स्तोत्रम् - સ્તોત્ર पूर्यते - પૂરું થશે ? એવો भीतिः - ભય मा ते - તને થાવ નહિ हे मते - હે મારી બુદ્ધિ ! त्वादृशानाम् - તારા જેવીઓની एषा - આ (માતા) राधसी - પોતાની શક્તિ વડે (રાધસ્=શક્તિ) सुनृतानाम् - સત્યો તરફ नेत्री - દોરી જનારી છે.

"સ્વભાવથી જ મંદ મતિની અને નિંદામાં લાલચવાળી એવી મારાથી શું આ સ્તોત્ર પૂરું થશે ?" એવો ભય (હે મારી બુદ્ધિ) ! તેને થાવ નહિ. કારણ આ (માતા) પોતાની શક્તિ વડે સત્યો તરફ દોરી જનારી છે. (૬)

तरङ्गभ्रूकुटिकोटिभङ्ग्या तर्जयते जराम् ।
सुधामयाय शुभ्राय सिन्धूनां पतये नमः ॥ ७ ॥

तरङ्गभ्रूकुटिकोटिभङ्ग्या - તરંગરૂપી ભ્રૂકુટિનાં છેડાથી जराम् - વૃદ્ધાવસ્થાને तर्जयते - તિરસ્કાર કરે છે તે सुधामयाय - સુધામય शुभ्राय - શ્વેત सिन्धूनां पतये - સમુદ્રોના પતિને नमः - નમસ્કાર હો !

તરંગરૂપી ભ્રૂકુટિના છેડાથી વૃદ્ધાવસ્થાનો જે તિરસ્કાર કરે છે, તે સુધામય શ્વેત સમુદ્રોના પતિ(ક્ષીરસાગર)ને નમસ્કાર હો ! (૭)

तस्य मध्ये मणिद्वीपः कल्पकारामभूषितः ।
अस्तु मे ललितावासः स्वस्तिदा अभयंकरः ॥ ८ ॥

तस्य - તેની मध्ये - વચ્ચે कल्पकारामभूषितः - કલ્પવૃક્ષોના બગીચાથી શોભિત मणिद्वीपः - મણિદ્વીપ मे - મારી ललितावासः - લલિતકળાનો આવાસ स्वस्तिदा - કલ્યાણકારક अभयंकरः - અભય આપનારો अस्तु - થાઓ.

તે(ક્ષીરસમુદ્ર)ની વચ્ચે કલ્પવૃક્ષના બગીચાથી શોભિત મણિદ્વીપ છે, (જ્યાં) મારી લલિતાકળાનો આવાસ કલ્યાણકારક અને અભય આપનારો થાઓ ! (૮)

कदम्बमञ्जरीनिर्यद्वारुणीपारणोन्मदैः ।
द्विरेफैर्वर्णनीयाय वनानां पतये नमः ॥ ९ ॥

कदम्बमञ्जरी-निर्यद्-वारुणीपारणोन्मदैः - કદંબની મંજરીઓમાંથી ઝરતી મદિરાથી મદવાળા द्विरेफैः - ભમરાઓથી वर्णनीयाय - વર્ણન કરી શકાય તેવા वनानां पतये - શ્રેષ્ઠ વનને नमः - નમસ્કાર હો !

કદંબની મંજરીમાંથી ઝરતી મદિરાનાં પાનથી મદવાળા ભમરાઓથી વર્ણવી શકાય તેવાં શ્રેષ્ઠ વનને નમસ્કાર હો ! (૯)

तत्र वप्रावलीलीलागगनोल्लङ्घिगोपुरम् ।
मातः कौतूहलं दद्यात्संहार्यं नगरं तव ॥ १० ॥

तत्र - ત્યાં वप्रावली-लीला-गगन-उल्लङ्घि-गोपुरम् - કોટના સમૂહની લીલાથી ગગનને ઓળંગી જતા ગોપુરવાળું सहार्यं - આકર્ષક तव नगरम् - તમારું નગર कौतुहलं - કુતૂહલ दद्यात् - આપો !

ત્યાં કોટના સમૂહની લીલાથી ગગનને ઓળંગી જતા ગોપુરવાળું, આકર્ષક તમારું નગર અમને કુતૂહલ આપો (ઉપજાવો) ! (૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मकरन्दझरीमज्जन्मिलिन्दकुलसंकुलाम् ।
महापद्माटवीं वन्दे यशसा संपरीवृताम् ॥ ११ ॥

मकरन्द - મધ झरी - ઝરણું मज्जद् - ડૂબકી મારતાં मिलिन्द-कुल - ભમરાના સમૂહથી संकुलाम् - સંકુલ, છવાયેલ यशसा - યશથી संपरीवृताम् - ચારે તરફથી ઘેરાયેલ महापद्माटवीं - મહા-કમળ-વનને वन्दे - હું વંદન કરું છું.

મધના ઝરણામાં ડૂબકી મારતાં ભમરાના સમૂહથી છવાયેલ, યશથી ચારે તરફ ઘેરાયેલ મહા-કમળ-વનને હું વંદન કરું છું. (૧૧)

तत्रैव चिन्तामणिधोरणार्चिभि-
र्विनिर्मितं रोपितरत्नशृङ्गम् ।
भजे भवानीभवनावतंस-
मादित्यवर्णं तमसः परस्तात् ॥ १२ ॥

तत्रैव - ત્યાં જ चिन्तामणि-धोरण-अर्चिभिः-विनिर्मितम् - ચિંતામણિના ઉગ્ર કિરણોથી બનાવેલ रोपितरत्नशृङ्गम् - જેના પર રત્નનું શિખર આરોપિત છે તેવું आदित्यवर्णम् - સૂર્ય સમા વર્ણવાળું तमसः परस्तात् - અંધકારને પેલે પાર भवानी-भवन-अवतंसम् - ભવાનીનાં ભવનરૂપી અવતંસ (કાનનું ઘરેણું) भजे - હું ભજું છું.

ત્યાં જ ચિંતામણિનાં ઉગ્ર (તેજસ્વી) કિરણોથી રચેલું આરોપિત શિખરવાળું સૂર્ય સમા વર્ણવાળું, અંધકારને પેલે પાર ભવાનીનાં, ભવનરૂપી અવતંસ (=કાનનું ઘરેણું)ને હું ભજું છું. (૧૨)

मुनिभिः स्वात्मलाभाय यच्चक्रं हृदि सेव्यते ।
तत्र पश्यामि बुद्धया तदक्षरे परमे व्योमन् ॥ १३ ॥

मुनिभिः - મુનિઓ વડે स्वात्मलाभाय - પોતાના આત્માનાં કલ્યાણ માટે यत् - જે चक्रं - ચક્રને हृदि - હૃદયમાં सेव्यते - સેવાય છે तत्र - ત્યાં बुद्धया - બુદ્ધિથી तत्त - તે अक्षरे - અક્ષર परमे - પરમ व्योमन् - વ્યોમને पश्यामि - હું જોઉં છું.

મુનિઓ વડે પોતાના આત્માનાં કલ્યાણ માટે જે ચક્ર હૃદયમાં સેવાય છે, તેને ત્યાં બુદ્ધિથી અક્ષર એવા પરમ વ્યોમને હું જોઉં છું. (૧૩)

पञ्चब्रह्ममयो मञ्चस्तत्र यो बिन्दुमध्यगः ।
तव कामेशि वासोऽयमायुष्मन्तं करोतु माम् ॥ १४ ॥

पञ्चब्रह्ममयः - પાંચ બ્રહ્મમય यो - જે बिन्दुमध्यगः - બિંદુની વચ્ચે રહેલ છે मञ्च - મંચ છે तत्र - ત્યાં तव - તમારો अयम् वासः - આ વાસ છે હે कामेशि - હે કામેશી ! माम् - મને आयुष्मन्तं करोतु - આયુષ્માન બનાવે !

પાંચ બ્રહ્મમય (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વર અને મહેશ્વર એ) જે બિંદુની વચ્ચે રહેલ મંચ છે, ત્યાં હે કામેશી ! તમારો આ વાસ, મને આયુષ્યમાન બનાવે ! (૧૪)

नानारत्नगुलुच्छालीकान्तिकिम्मीलितोदरम् ।
विमृशामि वितानं तेऽतिश्लक्ष्णमतिलोमशम् ॥ १५ ॥

नानारत्न - વિવિધ રત્નો गुलुच्छाली - ગુચ્છના સમૂહ कान्तिकिम्मीलित-उदरम् - જેની અંદર અવર્ણનીય કાંતિ ભળી છે अतिश्लक्ष्णम् - અત્યંત કોમળ अतिलोमशम् - અત્યંત રૂંછાંવાળા वितानम् - ચંદરવાનું विमृशामि - હું ચિંતન કરું છું.

વિવિધ રત્નોના ગુચ્છોના સમૂહથી જેની અંદર અવર્ણનીય કાંતિ ભળી છે. તેવા અત્યંત કોમળ, અતિશય રૂંછાવાળા ચંદરવાનું હું ચિંતન કરું છું. (૧૫)

पर्यङ्कतल्पोपरि दर्शनीयं
सबाणचापाङ्कुशपाशपाणिम् ।
अशेषभूषारमणीयमीडे
त्रिलोचनं नीलकण्ठं प्रशान्तम् ॥ १६ ॥

पर्यङ्कतल्प-उपरि - પલંગના ગાલીચા ઉપર दर्शनीयम् - દર્શનીય सबाण-चाप-अङ्कुश-पाशपाणिम् - હાથમાં બાણ, ચાપ, અંકુશ અને પાશવાળા अशेषभूषारमणीयम् - સંપૂર્ણ ભૂષણોથી રમણીય त्रिलोचनम् - ત્રણ નેત્રવાળા प्रशान्तम् - અત્યંત શાંત नीलकण्ठम् - નીલકંઠને ईडे - હું સ્તવું છું.

પલંગના ગાલીચા પર દર્શનીય, હાથમાં બાણ, ચાપ, અંકુશ અને પાશવાળા, સંપૂર્ણ ભૂષણોથી રમણીય, ત્રણ નેત્રવાળા, અત્યંત શાન્ત, નીલકંઠને હું સ્તવું છું. (૧૬)

जटारुणं चन्द्रकलाललाम-
मुद्वेललावण्यकलाभिरामम् ।
कामेश्वरं कामशरासनाङ्कं
समस्तसाक्षिं तमसः परस्तात् ॥ १७ ॥

जटारुणं - જટાથી અરુણ चन्द्रकलाललामं - ચંદ્રકલાથી શોભાયમાન उद्वेल-लावण्य-कला-अभिरामम् - અમર્યાદ લાવણ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાથી રમણીય कामशरासनाङ्कम् - ખોળામાં કામ-શરના ભાથાંવાળા, समस्तसाक्षिम् - સમસ્ત(વિશ્વ)ના સાક્ષી तमसः परस्तात् - અંધકારને પેલે પાર રહેલા कामेश्वरम् - કામેશ્વરને ईडे - હું સ્તવું છું.

જટાથી અરુણ (કાંતિવાળા), ચન્દ્રકલાથી શોભાયમાન, અમર્યાદ લાવણ્ય-કલાથી રમણીય, ખોળામાં કામ-શર (=કામદેવના તીર)નાં ભાથાંવાળા, સમસ્ત(વિશ્વ)ના સાક્ષી, અંધકારને પેલે પાર રહેલા, કામેશ્વરને હું ભજું છું. (૧૭)

तत्र कामेशवामाङ्के खेलन्तीमलिकुन्तलाम् ।
सच्चिदानन्दलहरीं महालक्ष्मीमुपास्महे ॥ १८ ॥

तत्र - ત્યાં कामेशवाम-अङ्के - કામેશના ડાબી બાજુનાં શરીરમાં खेलन्तीम् - ખેલતાં अलिकुन्तलाम् - વાળમાં ભમરાઓ (ઊડી રહ્યા) છે તેવાં सच्चिदानन्दलहरीम् - સત્-ચિત્ આનંદની લહરીરૂપ महालक्ष्मीम् - મહાલક્ષ્મીને उपास्महे - અમે ઉપાસીએ છીએ.

ત્યાં કામેશના ડાબી બાજુનાં શરીરમાં ખેલતાં, વાળમાં (સુગન્ધિને લીધે) ભમરાઓ (ઊડી રહ્યા) છે તેવાં, સત્-ચિત્-આનંદની લહરીરૂપ મહાલક્ષ્મીને અમે ઉપાસીએ છીએ. (૧૮)

चारुगोरोचनापङ्कजम्बालितघनस्तनीम् ।
नमामि त्वामहं लोकमातरं पद्ममालिनीम् ॥ १९ ॥

चारुगोरोचनापङ्क-जम्बालित-घन-स्तनीम् - चारु - સુંદર गोराचनापङ्क - ગોરોચનાના (સાગથી બનેલા) કાદવથી जम्बालित - કાદવવાળાં અહીં 'છવાયેલ' એવો અર્થ વધુ સારો घनस्तनी - ભરાવદાર સ્તનવાળાં पद्ममालिनीम् - પદ્મમાલિની लोकमातरम् - લોકોનાં માતા त्वाम् - તમને अहं - હું नमामि - નમું છું.

સુંદર ગોરોચના(ના રગડાથી બનેલા) કાદવથી છવાયેલ ભરાવદાર સ્તનવાળાં પદ્મમાલિની (=કમળની માળા ધારણ કરનારાં) (ત્રણેય) લોકોનાં માતા એવાં તમને હું નમું છું. (૧૯)

शिवे नमन्निर्जरकुञ्जरासुर-
प्रतोलिकामौलिमरीचिवीचिभिः ।
इदं तव क्षालनजातसौभगं
चरणं नो लोके सुधितां दधातु ॥ २० ॥

हे शिवे - હે શિવે ! नमन् - નમસ્કાર કરતા निर्जर - દેવો कुञ्जर - શ્રેષ્ઠ असुर - અસુરો प्रतोलिका - હારમાળાના मौलि - મુગટમણિ मरीचि - કિરણોરૂપી वीचिभिः - તરંગો દ્વારા क्षालन-जात-सौभगं - પ્રક્ષાલનથી સૌભાગ્યવાળું બનેલું तव - તમારું चरणम् - ચરણ लोके - લોકમાં सुधितां - સારી બુદ્ધિ दधातु - આપો.

હે શિવે ! નમસ્કાર કરતા શ્રેષ્ઠ દેવો, અસુરોની હારમાળાના મુગટમણિનાં કિરણોરૂપી તરંગો દ્વારા, પ્રક્ષાલનથી સુભગ બનેલું આ તમારું ચરણ લોકોમાં અમને સારી બુદ્ધિ આપો. (૨૦)

कल्पस्यादौ कारणेशानपि त्री-
न्स्रष्टुं देवि त्रीन्गुणानादधानाम् ।
सेवे नित्यं श्रेयसे भूयसे त्वा-
मजामेकां लोहितशुक्लकृष्णाम् ॥ २१ ॥

कल्पस्य - કલ્પની आदौ - શરૂઆતમાં त्रीन् - ત્રણ करणेशान् - કારણોના ઈશ્વરોને स्रष्टुम् - સર્જવા માટે त्रीन् गुणान् - ત્રણ ગુણોને आदधानाम् - ધારણ કરતાં एकाम् - એક लोहितशुक्ल-कृष्णाम् - લાલ, શ્વેત અને કાળાં अजाम् - અજા त्वाम् - તમને भूयसे - ખૂબ श्रेयसे - કલ્યાણ માટે नित्यं - રોજ सेवे - સેવું છું.

કલ્પની શરૂઆતમાં, ત્રણ કારણો (સર્જન, પાલન, સંહાર)ના ઈશ્વરો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)ને સર્જવા માટે, ત્રણ ગુણોને ધારણ કરતાં, એક, લાલ (રજસ્) શ્વેત (સત્ત્વ) અને કાળાં (તમસ્) રૂપ અજા (પ્રકૃતિ) એવાં તમને ખૂબ કલ્યાણ માટે રોજ સેવું છું. (૨૧)

केशोद्भूतैरद्भुतामोदपूरै-
राशावृन्दं सान्द्रमापूरयन्तीम् ।
त्वामानम्य त्वत्प्रसादात्स्वयंभू-
रस्मान्मायी सृजते विश्वमेतत् ॥ २२ ॥

केशोद्भूतैः - કેશરાશિથી ઉદ્ભવતા अद्भुत-आमोद-पूरैः - અદ્ભુત સુગંધના પૂરથી आशावृन्दम् - આશા (દિશા કે આશા)નાં વૃન્દને सान्द्रम् - ગાઢ રીતે आपूरयन्तीम् - ભરી દેતાં त्वाम् - તમને आनम्य - નમીને त्वत्-प्रसादात्-अस्मात् - તમારી આ કૃપાથી मायी - માયાવી स्वयम्भूः - સ્વયંભુ एतत् - આ विश्वम् - વિશ્વને सृजते - બનાવે છે.

કેશરાશિથી ઉદ્ભવતા અદ્ભુત સુગંધનાં પૂરથી આશા (=દિશાઓ કે આશાઓ)નાં વૃન્દને ગાઢ રીતે ભરી દેતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને નમીને તમારી આ કૃપાથી માયાવી સ્વયંભૂ આ વિશ્વને સર્જે છે. (૨૨)

अर्धोन्मीलद्यौवनोद्दामदर्पां
दिव्याकल्पैरर्पयन्तीं मयूखान् ।
देवि ध्यात्वा त्वां पुरा कैटभारि-
विश्वं बिभर्ति भुवनस्य नाभिः ॥ २३ ॥

दिव्य-आकल्पैः - દિવ્ય અલંકારોથી अर्ध - અડધા उन्मीलद् - ઊઘડેલાં यौवनोद्दामदर्पा - ઉદ્દામ યૌવનના દર્પવાળાં मयूखान् - કિરણોને अर्पयन्तीम् - અર્પતાં त्वाम् - તમારું पुरा - પહેલાં ध्यात्वा - ધ્યાન કરીને भुवनस्य नाभिः - ભુવનના નાભિ એવા कैटभारिः - કૈટભ (નામના અસુર)ના દુશ્મન विश्वं बिभर्ति - વિશ્વને ધારણ કરે છે.

દિવ્ય અલંકારોથી અડધા ઊઘડેલાં ઉદ્દામ યૌવનના દર્પવાળાં કિરણોને અર્પતાં તમારું પહેલાં ધ્યાન ધરીને, ભુવનના નાભિ (રૂપ) કૈટભ (નામના અસુર)ના શત્રુ (=શ્રીહરિ) વિશ્વને ધારણ કરે છે. (૨૩)

कल्हारश्रीमञ्जरीपुञ्जरीतिं
धिक्कुर्वन्तीमम्ब ते पाटलिम्ना ।
मूर्तिं ध्यात्वा शाश्वतीं भूतिमाय-
न्निन्द्रो राजा जगतो य ईशे ॥ २४ ॥

हे अम्ब ! - હે માતા कल्हारश्री - કલ્હાર-શ્વેતકમળની શોભા मञ्जरीपुञ्जरीतिं - મંજરીઓનાં પુંજની શૈલી કે ગતિને पाटलिम्ना - ગુલાબી આભાથી धिक्कुर्वन्तीम् - તિરસ્કારતી ते - તમારી मूर्तिं - મૂર્તિનું ध्यात्वा - ધ્યાન ધરીને शाश्वतीम् - શાશ્વત भूतिं - સમૃદ્ધિને आयन् - મેળવીને यः-इन्द्रो राजा - જે ઈન્દ્ર રાજા जगतः ईशे - જગત પર શાસન કરે છે.

હે માતા ! શ્વેતકમળની શોભા તથા (આમ્ર)મંજરીઓના પુંજની રીતિ (ગતિ કે શૈલી)ને ગુલાબી આભાથી તિરસ્કાર કરતી તમારી મૂર્તિનું ધ્યાન ધરીને, શાશ્વત સમૃદ્ધિને પામીને, જે ઈન્દ્ર રાજા જગત પર શાસન કરે છે, (તે હું જાણું છું.) (૨૪)

देवतान्तरमन्त्रौघजपश्रीफलभूतया ।
जापकस्तव देव्यन्ते विद्यया विन्दतेऽमृतम् ॥ २५ ॥

देवतान्तर - બીજા દેવતાઓ मन्त्रौघ - મન્ત્રસમૂહ जपश्री - જપની સમૃદ્ધિથી फलभूतया - ફળની સમૃદ્ધિથી तव - તમારો जापकः - જાપક देवि अन्ते - હે દેવી ! અંતે विद्यया - વિદ્યાથી अमृतम् - અમૃત विन्दते - પામે છે.

બીજા દેવતાઓ, મન્ત્રસમૂહ, જપની સમૃદ્ધિ (અહીં 'સિદ્ધિ' લઈએ તો વધુ સારું) (તપ વગેરેનાં) ફળની સમૃદ્ધિથી, તમારો જાપક હે દેવી ! અન્તે (શ્રી)વિદ્યાથી અમૃત મેળવે છે. (૨૫)

पुंस्कोकिलकलक्वाणकोमलालापशालिनि ।
भद्राणि कुरु मे मातर्दुरितानि परासुव ॥ २६ ॥

पुंस्कोकिल - પુંસ્કોકિલ कल - ટહુકાના क्वाण - મધુર ધ્વનિથી પણ कोमलालापशालिनि - વધુ કોમળ આલાપ કરનારાં हे मातः - હે માતા मे - મારું भद्राणि - કલ્યાણ कुरु - કરો दुरितानि - પાપોને परासुव - દૂર કરો.

નર કોકિલના ટહુકાના કલધ્વનિ કરતાં પણ વધુ કોમળ આલાપ કરનારાં હે માતા ! મારું કલ્યાણ કરો (તથા) પાપોને દૂર કરો. (૨૬)

अन्तेवासिन्नस्ति चेत्ते मुमुक्षा
वक्ष्ये युक्तिं मुक्तसर्वैषणः सन् ।
सद्यः साक्षात्सुन्दरीं ज्ञप्तिरूपां
श्रद्धाभक्तिध्यानयोगादवेहि ॥ २७ ॥

अन्तेवासिन् - હે અંતેવાસી ! ते - તારી मुमुक्षा - મોક્ષ પામવાની ઈચ્છા चेत् - જો अस्ति - હોય मुक्तसर्वैषणः - બધી એષણાઓથી મુક્ત सन् - હોવા છતાં युक्तिं - યુક્તિ वक्ष्ये - કહું છું साक्षात् - સાક્ષાત્ श्रद्धाभक्ति-ध्यानयोगात् - શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાનયોગથી ज्ञप्तिरूपाम् सुन्दरीम् - જ્ઞપ્તિરૂપી સુંદરીને सद्यः - જલદી अवेहि - જાણ.

હે અંતેવાસી ! જો તારી મોક્ષ પામવાની ઈચ્છા હોય તો સર્વ એષણાઓથી મુક્ત થયો હોવા છતાં, યુક્તિ કહું છું કે શ્રદ્ધા, ભક્તિ અને જ્ઞાનયોગથી જ્ઞપ્તિ (=બુદ્ધિ)રૂપ (મહાત્રિપુર) સુંદરીને જાણી લે. (૨૭)

षोढान्यासादिदेवैश्च सेविता चक्रमध्यगा ।
कामेशमहिषी भूयः षोडशी शर्म यच्छतु ॥ २८ ॥

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

षोढा - છ પ્રકારના न्यासादि - ન્યાસ વગેરેથી देवैः च - દેવોથી सेविता - સેવાતાં चक्रमध्यगा - ચક્રની વચ્ચે રહેલાં कामेशमहिषी - કામેશનાં મહિષી षोडशी - ષોડશી भूयः-शर्म - અત્યંત કલ્યાણ यच्छतु - આપે.

છ પ્રકારના ન્યાસ વગેરેથી દેવો વડે સેવાતાં, ચક્રની વચ્ચે રહેલાં, કામેશનાં મહિષી (પટરાણી) ખૂબ કલ્યાણ આપે. (૨૮)

शान्तो दान्तो देशिकेन्द्रं प्रणम्य
तस्यादेशत्तारकं मन्त्रतत्त्वम् ।
जानीते चेदम्ब धन्यः समानं
नातः परं वेदितव्यं हि किंचित् ॥ २९ ॥

शान्तः - શાન્ત दान्तः - દાન્ત, (જીતેન્દ્રિય) (એવો શિષ્ય) देशिकेन्द्रम् - શ્રેષ્ઠ આધ્યાત્મિક ગુરુને प्रणम्य - પ્રણામ કરીને तस्य - તેના आदेशात् - આદેશથી तारकं मन्त्रतत्त्वम् - તારે તેવું મન્ત્રતત્ત્વ चेत् - જો जानीते - જાણી લે તો धन्यः - ધન્ય (થાય છે) अतः परं-समानम् - એને પાર (એને) સમાન किञ्चित् हि - કંઈ જ ન वेदितव्यम् - જાણવા જેવું નથી.

શાન્ત, દાન્ત (એવો શિષ્ય) શ્રેષ્ઠ આધ્યાત્મિક ગુરુને પ્રણમીને, તેના આદેશથી (ભવસાગર) તારે એવું મન્ત્ર-તત્ત્વ જાણી લે, તો ધન્ય (થાય છે) એને પાર, (એને) સમાન, કંઈ જ જાણવા જેવું નથી. (૨૯)

त्वमेव कारणं कार्यं क्रिया ज्ञानं त्वमेव च ।
त्वामम्ब न विना किंचित्त्वयि सर्वं प्रतिष्ठितम् ॥ ३० ॥

त्वमेव - તમે कारणम् - કારણ છો कार्यम् - કાર્ય क्रिया - ક્રિયા ज्ञानं - જ્ઞાન त्वमेव - તમે જ છો હે अम्ब - હે માતા ! त्वाम् विना - તમારા વિના न किञ्चित् - કંઈ નથી सर्वं - બધું त्वयि प्रतिष्ठितम् - તમારામાં પ્રતિષ્ઠિત છે.

તમે જ કારણ છો, (જગતરૂપ) કાર્ય છો, (યજ્ઞ-યાગાદિ) ક્રિયા છો, જ્ઞાન પણ તમે જ છો; હે માતા ! તમારા વિના કંઈ નથી. બધું તમારામાં પ્રતિષ્ઠિત છે. (૩૦)

परागमद्रीन्द्रसुते तवाङ्घ्रि-
सरोजयोरम्ब दधामि मूर्ध्ना ।
अलंकृतं वेदवधूशिरोभि-
र्यतो जातो भुवनानि विश्वा ॥ ३१ ॥

अद्रीन्द्रसुते - પર્વતરાજનાં પુત્રી ! तव - તમારા वेदवधूशिरोभिः - વેદરૂપી વધૂનાં મસ્તકોથી अङ्घ्रिसरोजयोः - ચરણકમળના अलङ्कृतम् - અલંકૃત परागम् - પરાગને मूर्ध्ना - મસ્તકથી दधामि - હું ધારણ કરું છું यतः - જે(પરાગ)થી विश्वा भुवनानि - બધાં ભુવનો जातः - જન્મ્યાં છે.

હે પર્વતરાજનાં પુત્રી ! વેદરૂપી વધુનાં મસ્તકોથી અલંકૃત તમારાં ચરણ-કમળના પરાગને હું મસ્તકથી ધારણ કરું છું, જે(પરાગ)થી બધાં ભુવનો જન્મ્યાં છે. (૩૧)

दुष्टान्दैत्यान्हन्तुकामां महर्षी-
न्शिष्टानन्यान्पातुकामां कराब्जैः ।
अष्टाभिस्त्वां सायुधैर्भासमानां
दुर्गां देवीं शरणमहं प्रपद्ये ॥ ३२ ॥

दुष्टान् दैत्यान् - દુષ્ટ દૈત્યોને हन्तुकामाम् - હણવા ઈચ્છતાં महर्षीन् - મહર્ષિઓ अन्यान् शिष्टान् - બીજા શિષ્ટ લોકોને पातुकामाम् - રક્ષવા ઈચ્છતાં सायुधैः - આયુધોવાળાં अष्टाभिः कराब्जैः - આઠ કરકમળોથી भासमानां - દેદીપ્યમાન दुर्गां देवीं - દુર્ગા દેવીને शरणम् - શરણે अहं प्रपद्ये - હું જાઉં છું.

દુષ્ટ દૈત્યોને હણવા ઈચ્છતાં તથા મહર્ષિઓને અને બીજા શિષ્ટ માણસોને રક્ષવા ઈચ્છતાં, આયુધોવાળાં આઠ કરકમળોથી દેદીપ્યમાન દુર્ગા દેવીને શરણે હું જાઉં છું. (૩૨)

देवि सर्वानवद्याङ्गि त्वामनादृत्य ये क्रियाः ।
कुर्वन्ति निष्फलास्तेषामदुग्धा इव धेनवः ॥ ३३ ॥

सर्व-अनवद्य-अङ्गि - અનિંદનીય સર્વ અંગોવાળાં देवि - હે દેવી ! त्वाम् - તમારો अनादृत्य - અનાદર કરીને ये - જે લોકો क्रिया - ક્રિયાઓ कुर्वन्ति - કરે છે तेषाम् - તેમની (ક્રિયાઓ) अदुग्धा इव धेनवः - દૂધ ન આપનારી ગાયો જેમ निष्फलाः - નિષ્ફળ सन्ति - છે.

હે અનિંદનીય સર્વ અંગોવાળાં દેવી ! તમારો અનાદર કરીને જે (લોકો) (યજ્ઞયાગાદિ) ક્રિયાઓ કરે છે, તેમની (ક્રિયાઓ) દૂધ ન આપનારી ગાયો જેમ નિષ્ફળ છે. (૩૩)

नाहं मन्ये दैवतं मान्यमन्य-
त्वत्पादाब्जादम्बिके कुम्भजाद्याः ।
ये ध्यातारो भक्तिसंशुद्धचित्ताः
परामृतात्परिमुच्यन्ति सर्वे ॥ ३४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे अम्बिके - હે અંબિકે ! अहं - હું त्वत् पादाब्जात् - તમારાં ચરણકમળ કરતાં अन्यत् - બીજા કોઈ मान्यम् - માનનીય दैवतम् - દેવતાને न मन्ये - માનતો નથી कुम्भजाद्याः - કુંભજ (અગત્સ્ય અને વસિષ્ઠ) જેમાં પ્રથમ છે તેવા भक्तिसंशुद्धचित्ताः - ભક્તિથી શુદ્ધ ચિત્તવાળા ये ध्यातारः - જે ધ્યાન કરનારા છે, (તેઓ) सर्वे - બધા परामृतात् - પરમ અમૃતથી परिमुच्यन्ति - મુક્તિ પામે છે.

હે અંબિકે ! હું તમારાં ચરણ-કમળ કરતાં બીજાં કોઈ માનનીય દેવતાને માનતો નથી; કુંભજ (=અગત્સ્ય અને વસિષ્ઠ) જેમાં અગ્રગણ્ય છે તેવા ભક્તિથી શુદ્ધ ચિત્તવાળા જે ધ્યાન કરનારાઓ છે, (તેઓ) બધા પરમ અમૃતથી મુક્તિ પામે છે. (૩૪)

कुर्वाणोऽपि दुरारम्भांस्तव नामानि शांभवि ।
प्रजपन्नेति मायान्तमति मृत्युं तराम्यहम् ॥ ३५ ॥

हे शांभवि - હે શાંભવી ! दुरारम्भान् - (કાર્યોના) ખોટા આરંભો कुर्वाणः - કરનારા अपि - પણ तव नामानि - તમારાં નામોને प्रजपन् - જપતાં જપતાં मायान्तम् - માયાનો અંત एति - પામે છે अहं - હું अति मृत्युं - હું અતિમૃત્યુને तरामि - તરી જાઉં છું.

હે શાંભવી (=શંભુનાં પત્ની) ! (કાર્યોના) ખોટા આરંભો કરનાર, પણ તમારાં નામોને જપતાં જપતાં, માયાનો અંત પામે છે. હું અતિમૃત્યુને (અનુચિત મૃત્યુને) તરી જાઉં છું. (૩૫)

कल्याणि त्वं कुन्दहासप्रकाशै-
रन्तर्ध्वान्तं नाशयन्ती क्षणेन ।
हन्तास्माकं ध्यायतां त्वत्पदाब्ज-
मुच्चतिष्ठ महते सौभगाय ॥ ३६ ॥

कल्याणि - હે કલ્યાણી ! त्वम् - તમે कुन्द-हास-प्रकाशैः - કુન્દ પુષ્પ જેવાં હાસ્યના પ્રકાશથી क्षणेन - ક્ષણવારમાં अन्तः-ध्वान्तम् - હૃદયના અંધકારના नाशयन्ती - નાશ કરતાં हन्त - હાશ ! त्वत्पदाब्जम् - તમારાં ચરણકમળનું ध्यायताम् - ધ્યાન કરતાં अस्माकम् - અમારા महते सौभगाय - મહાન સૌભાગ્ય માટે उच्चतिष्ठ - ઉત્કૃષ્ટ રીતે રહો.

હે કલ્યાણી ! તમે કુન્દપુષ્પ જેવાં હાસ્યના પ્રકાશથી ક્ષણવારમાં હૃદયના અંધકારનો નાશ કરતાં હાશ ! એવા તમારાં ચરણકમળનું ધ્યાન ધરતાં, અમારાં મહાન સૌભાગ્ય માટે ઉત્કૃષ્ટ રીતે રહો ! (૩૬)

तितीर्षया भवाम्भोधेर्हयग्रीवादयः पुरा ।
अप्रमत्ता भवत्पूजां सुविद्वाँसो वितेनिरे ॥ ३७ ॥

पुरा - પહેલા भवाम्भोधेः - સંસાર-સાગરને तितीर्षया - તરવાની ઈચ્છાથી अप्रमत्ताः - અપ્રમત્ત (રહીને) हयग्रीवादयः - હયગ્રીવ વગેરે सुविद्वाँसः - મોટા વિદ્વાનો भवत्-पूजां - આપની પૂજાને वितेनिरे - સારી રીતે વિસ્તારી.

પહેલાં સંસાર-સાગરને તરવાની ઈચ્છાથી અપ્રમત્ત (રહીને) હયગ્રીવ વગેરે મોટા વિદ્વાનોએ આપની પૂજાને સારી રીતે વિસ્તારી. (૩૭)

मद्वश्या ये दुराचारा ये च सन्मार्गगामिनः ।
भवत्याः कृपया सर्वे सुवर्यन्तु यजमानाः ॥ ३८ ॥

ये - જેઓ मद्वश्याः - મને વશ રહેનારા च - અને ये - જેઓ सन्मार्गगामिनः - સારા માર્ગે જનારા છે सर्वे - બધા यजमानाः - યજમાનો भवत्याः - આપની कृपया - કૃપાથી सुवर्यन्तु - શ્રેષ્ઠ બનો.

જેઓ મને વશ રહેનારા છે અને જેઓ સારા માર્ગે જનારા છે, તે બધા યજમાનો આપની કૃપાથી શ્રેષ્ઠ બનો ! (૩૮)

श्रीचक्रस्थां शाश्वतैश्वर्यदात्रीं
पौण्ड्रं चापं पुष्पबाणान्दधानाम् ।
बन्धूकाभां भावयामि त्रिनेत्रां
तामग्निवर्णां तपसा ज्वलन्तीम् ॥ ३९ ॥

श्रीचक्रस्थाम् - શ્રીચક્રમાં સ્થિર, शाश्वत ऐश्वर्यदात्रीम् - શાશ્વત ઐશ્વર્યને આપનારાં पौण्ड्रं - પૌંડ્ર (શેરડીનું) चापम् - ચાપ पुष्पबाणाम् - પુષ્પનાં બાણોને दधानाम् - ધારણ કરતાં बन्धुकाभाम् - બન્ધુક પુષ્પ જેવી આભાવાળાં अग्निवर्णाम् - અગ્નિ સમા વર્ણવાળાં तपसा - તપથી ज्वलन्तीम् - ઝળહળતાં तां - તે त्रिनेत्राम् - ત્રણ નેત્રોવાળાં (દેવી) भावयामि - કલ્પું છું.

શ્રીચક્રમાં સ્થિર, શાશ્વત ઐશ્વર્ય આપનારાં, શેરડીનું ધનુષ્ય અને પુષ્પનાં બાણને ધારણ કરનારાં, બન્ધુક પુષ્પ જેવી આભાવાળાં, અગ્નિ સમા વર્ણવાળાં, તપથી ઝળહળતાં તે ત્રણ નેત્રવાળાં(દેવી)ને હું (મનથી) કલ્પું છું. (૩૯)

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भवानि तव पादाब्जनिर्णेजनपवित्रताः ।
भवामयप्रशान्त्यै त्वामपो याचामि भेषजम् ॥ ४० ॥

भवानि - હે ભવાની ! तव - તમારાં पादाब्ज-निर्णेजन-पवित्रिताः - ચરણકમળનાં પ્રક્ષાલનથી પવિત્ર બનેલાં भेषजम् अपः - ઔષધરૂપ જળને ભવ-આમય-પ્રશાન્ત્યૈ - ભવરોગની શાંતિ માટે त्वाम् - તમારી પાસે याचामि - યાચના કરુંછું.

હે ભવાની ! તમારાં ચરણકમળનાં પ્રક્ષાલનથી પવિત્ર બનેલાં ઔષધરૂપ જળને ભવ-રોગની શાંતિ માટે હું તમારી પાસે યાચના કરું છું. (૪૦)

चिदानन्दसुधाम्भोधेस्तवानन्दलवोऽस्ति यः ।
कारणेशैस्त्रिभिः साकं तद्विश्वमुपजीवति ॥ ४१ ॥

चिदानन्द-सुधा-अम्भोधेः - ચિદાનન્દરૂપી સુધાસાગરનો यः - જે तव आनन्दलवः - તમારા આનંદનો કણ अस्ति - છે तद् - તેના આધારે त्रिभिः - ત્રણેય कारणेशैः - કારણેશો साकम् - સાથે विश्वम् - વિશ્વ उपजीवति - જીવે છે.

ચિદાનન્દરૂપી સુધા-સાગરનો જે તમારા આનંદનો કણ છે, તેના આધારે ત્રણેય કારણેશો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) સાથે વિશ્વ જીવે છે. (૪૧)

नो वा यागैर्नैव पूर्तादिकृत्यै-
र्नो वा जप्यैर्नो महद्भिस्तपोभिः ।
नो वा योगैः क्लेशकृद्भिः सुमेधा
निचाय्येमां शान्तिमत्यन्तमेति ॥ ४२ ॥

नो वा यागैः - યજ્ઞોથી નહીં, पूर्तादिकृत्यैः न एव - પૂર્ત વગેરે કૃત્યોથી પણ નહીં नो वा जप्यैः - જપોથી પણ નહીં महद्भिः - મોટા तपोभिः - તપોથી પણ નહીં नो वा क्लेशकृद्भिः-योगैः - ક્લેશ કરનારા યોગોથી પણ નહીં सुमेधा - સારી મેધાવાળો एनाम् - આ(જગદંબા)ને निचाय्य - નિશ્ચય કરીને शान्तिम् - શાંતિને एति - અત્યંતપણે પામે છે.

યાગોથી નહીં, પૂર્ત (વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવવાથી મળતું પુણ્ય)થી પણ નહીં, જપોથી નહીં, મહાન તપોથી પણ નહીં, ક્લેશકર યોગો (અષ્ટાંગયોગ, હઠયોગ, લયયોગ વગેરે)થી પણ નહીં; સારી મેધાવાળો (ભક્ત) આ(જગદંબા)નો નિશ્ચય કરીને (જાણીને) શાંતિને અત્યંતપણે પામે છે. (૪૨)

प्रातः पाहि महाविद्ये मध्याह्ने तु मृडप्रिये ।
सायं पाहि जगद्वन्द्ये पुनर्नः पाहि विश्वतः ॥ ४३ ॥

हे महाविद्ये - હે મહાવિદ્યા ! प्रातः - સવારે पाहि - રક્ષો तु - અને...પણ मध्याह्ने - બપોરે मृडप्रिये - હે મૃડ(શિવ)ની પ્રિયા पाहि - રક્ષણ કરો जगद्वन्द्ये - હે જગતનાં વંદનીય ! सायं पाहि - સાંજે नः - અમને विश्वतः - ચારે તરફ पुनः - ફરીથી पाहि - રક્ષણ કરો.

હે મહાવિદ્યા ! તમે (અમને) સવારે, અને બપોરે પણ હે મૃડ (=શિવ)નાં પ્રિયા (=પાર્વતી) ! આપ રક્ષો, હે જગતમાં વંદનીય ! સાંજે અમને ચારે તરફથી ફરીથી આપ રક્ષો ! (૪૩)

बन्धूकाभैर्भानुभिर्भासयन्ती
विश्वं शश्वत्तुङ्गपीनस्तनार्धा ।
लावण्याब्धेः सुन्दरि त्वं प्रसादा-
दायुः प्रजाँरयिमस्मासु धेहि ॥ ४४ ॥

बन्धूकाभैः - બન્ધૂક પુષ્પની જેવા ચમકતા भानुभिः - સૂર્યોથી विश्वं - વિશ્વને भासयन्ती - પ્રકાશિત કરતાં शश्वत् - શાશ્વત, નિત્ય तुङ्ग-पीन-स्तन-अर्धा - ઉત્તુંગ અને ભરાવદાર સ્તનાર્ધવાળાં लावण्याब्धेः - લાવણ્યના સમુદ્રરૂપ हे सुन्दरि - હે સુન્દરી ! त्वम् - તમે प्रसादात् - કૃપાથી आयुः - આયુષ્ય प्रजाः - પ્રજાઓ रयिम् - ધન अस्मासु - અમારામાં धेहि - રાખો.

બન્ધૂક પુષ્પ જેવી આભાવાળા સૂર્યોથી વિશ્વને શાશ્વત નિત્યકાળે પ્રકાશિત કરતાં, ઉત્તુંગ અને ભરાવદાર સ્તનાર્ધવાળાં, લાવણ્યના સમુદ્રરૂપ હે સુન્દરી ! તમારી કૃપાથી તમે અમારામાં આયુષ્ય, પ્રજાઓ અને ધન રાખો (=અમને આયુષ્ય, પ્રજા અને ધન આપો) ! (૪૪)

कर्णाकर्णय मे तत्त्वं या चिच्छक्तिरितीर्यते ।
त्रिर्वदामि मुमुक्षूणां सा काष्ठा सा परा गतिः ॥ ४५ ॥

मे - મારા तत्त्वम् - તત્ત્વને कर्णाकर्णय - કાનેથી સાંભળીને या - જે चिच्छक्तिः - ચિત્‌શક્તિ इतीर्यते - પ્રાપ્ત થાય છે त्रिर्वदामि - હું ત્રણ વાર કહું છું (કે) मुमुक्षूणाम् - મુમુક્ષુ માણસો માટે सा काष्ठा - તે પરાકાષ્ઠા છે सा - તે परा गतिः - પરમગતિ છે.

મારાં તત્ત્વને કાનેથી સાંભળીને, જે ચિત્‌શક્તિ પ્રાપ્ત થાય છે, તે હું ત્રણ વાર કહું છું કે તે મુમુક્ષુ માણસો માટે તે પરાકાષ્ઠા છે, તે જ પરમશક્તિ છે. (૪૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वाग्देवीति त्वां वदन्त्यम्ब केचि-
ल्लक्ष्मीर्गौरीत्येवमन्येऽप्युशन्ति ।
शश्वन्मातः प्रत्यगद्वैतरूपां
शंसन्ति केचिन्निविदो जनाः ॥ ४६ ॥

हे अम्ब - हे માતા ! केचित् - કેટલાક त्वाम् - તમને वाग्देवी इति - વાગ્દેવી એમ वदन्ति - કહે છે अन्य - બીજા लक्ष्मीः गौरी - લક્ષ્મી, ગૌરી इति एवम् - એમ આ પ્રમાણે उशन्ति - કામના કરે છે, ઈચ્છે છે हे मातः - હે માતા ! केचित् - કેટલાક निविदः - અત્યંત જાણનારા जनाः - માણસો शश्वत् - કાયમ, प्रत्यक् अद्वैतरूपाम् - અંદરથી અદ્વૈતરૂપિણી शंसन्ति - સ્તવે છે.

હે માતા ! કેટલાક તમને 'વાગ્દેવી' (=સરસ્વતી), એમ કહે છે, બીજા કેટલાક 'લક્ષ્મી' 'ગૌરી' એવાં નામે પણ તમને ઈચ્છે છે, હે માતા ! કેટલાક અત્યંત જ્ઞાની માણસો તમને શાશ્વત પ્રત્યક્ (અંદરથી) અદ્વૈતરૂપિણી રૂપે સ્તવે છે. (૪૬)

ललितेति सुधापूरमाधुरीचोरमम्बिके ।
तव नामास्ति यत्तेन चिह्वा मे मधुमत्तमा ॥ ४७ ॥

हे अम्बिके - હે અંબિકા ! ललिता इति - લલિતા એમ सुधापूर-माधुरी-चोरम् तव-यत्-नाम-अस्ति - અમૃતનાં પૂરની મધુરતાને ચોરી લેનારું તમારું જે નામ છે तेन - તેનાથી मे - મારી जिह्वा - જીભ मधुमत्तमा - અત્યંત વધુ મધવાળી છે.

હે અંબિકા ! 'લલિતા' એમ અમૃતનાં પૂરની મધુરતાને ચોરી લેનારું તમારું જે નામ છે, તેનાથી મારી જીભ અત્યંત મધવાળી (સૌથી મીઠી બની) છે. (૪૭)

ये संपन्नाः साधनैस्तैश्चतुर्भिः
शुश्रूषाभिर्देशिकं प्रीणयन्ति ।
सम्यग्विद्वाञ्शुद्धसत्त्वान्तराणां
तेषामेवैतां ब्रह्मविद्यां वदेत ॥ ४८ ॥

ये - જેઓ चतुर्भिः साधनैः - (શમ, દમ વગેરે) ચાર સાધનોથી संपन्नाः - સંપન્ન હોય છે तैः - તે (સાધનોથી) शुश्रूषाभिः - સેવાઓ વડે आदेशिकम् - ઉપદેષ્ટા ગુરુને प्रीणयन्ति - પ્રસન્ન કરે છે. सम्यग्विद्वान् - સાચો વિદ્વાન शुद्धसत्त्वान्तराणाम् - શુદ્ધસત્ત્વવાળાઓમાં तेषाम् - તેમને एव - જ एताम् - આ ब्रह्मविद्याम् - બ્રહ્મવિદ્યાને वदेत - કહે !

જેઓ (શમ, દમ વગેરે) ચાર સાધનોથી સંપન્ન હોય, તે (સાધનો)થી (શારીરિક, માનસિક, આર્થિક વગેરે) સેવાઓ વડે ઉપદેષ્ટા ગુરુને પ્રસન્ન કરે છે. સાચો વિદ્વાન શુદ્ધ સત્ત્વવાળાઓમાં તે (શમદમાદિ સાધન સંપદ્‌વાળા)ઓને જ આ (શ્રીવિદ્યારૂપ) બ્રહ્મવિદ્યા કહે ! (૪૮)

अभिचारादिभिः कृत्यां यः प्रेरयति मय्युमे ।
तव हुंकारसंत्रस्ता प्रत्यक्कर्तारमृच्छतु ॥ ४९ ॥

उमे - હે ઉમા ! अभिचारादिभिः - અભિચાર વગેરેથી यः - જે मयि - મારા તરફ कृत्याम् - કૃત્યાને प्रेरयति - પ્રેરે છે तव - તમારા हुंकारसंत्रस्ता - હુંકારથી ભયભીત થયેલી प्रत्यक्कर्तारम् - (કૃત્યા) ઉત્પન્ન કરનાર તરફ ऋच्छतु - જાઓ !

હે ઉમા ! અભિચાર વગેરેથી જે મારા તરફ કૃત્યા (અભિચારથી ઉત્પન્ન થતી વિનાશકારિણી શક્તિ) પ્રેરે છે, તમારા હુંકારથી ભયભીત થયેલી તે (કૃત્યા) ઉત્પન્ન કરનાર તરફ જાઓ ! (૪૯)

जगत्पवित्रि मामिकामपाहराशु दुर्जराम् ।
प्रसीद मे दयाधुने प्रशस्तिमम्ब नः स्कृधि ॥ ५० ॥

जगत्पवित्रि - જગતને પવિત્ર કરનારાં दुर्जराम् - ચિરયુવાન એવા मामिकाम् - મારાપણાની વૃત્તિને आशु - જલદી अपाहर - લઈ લ્યો हे दयाधुने - હે દયાનાં નદી એવાં अम्ब - મા मे प्रसीद - મારા પર પ્રસન્ન થાઓ ! नः - અમારી प्रशस्तिम् - પ્રશસ્તિને स्कृधि - સ્વીકારો.

હે જગતને પવિત્ર કરનારાં, ચિરયુવાન એવી મામિકા (આ મારું છે, આ મારું છે, તેવી 'મમત્વ'વૃત્તિ)ને જલદી લઈ લ્યો, હે દયાનાં સરિતા એવાં મા ! મારા પર પ્રસન્ન થાઓ, અમારી પ્રશસ્તિને સ્વીકારો ! (૫૦)

कदम्बारुणमम्बाया रूपं चिन्तय चित्त मे ।
मुञ्च पापीयसीं निष्ठां मा गृधः कस्य स्विद्धनम् ॥ ५१ ॥

हे मे चित्त - હે મારાં ચિત્ત ! कदम्बारुणम् - કદંબ સમાં અરુણ अम्बायाः - અમ્બાનાં रूपम् - રૂપનું चिन्तय - ચિંતન કર पापीयसीं - અત્યંત પાપિણી निष्ठाम् - નિષ્ઠાને, વૃત્તિને मुञ्च - ત્યજી દે कस्यस्विद् धनं - કોઈના ધનની मा गृधः - લાલસા રાખીશ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે મારાં ચિત્ત ! કદંબ સમાં અરુણ અંબાનાં રૂપનું તું ચિંતન કર, અત્યંત પાપિણી એવી વૃત્તિને ત્યજી દે, કોઈનાં ધનની લાલસા રાખીશ નહિ (૫૧)

भण्डभण्डनलीलायां रक्तचन्दनपङ्किलः ।
अङ्कुशस्तव तं हन्याद्यश्च नो द्वेषते जनः ॥ ५२ ॥

भण्डभण्डनलीलायाम् - ભંડ(=ભંડાસુર)ને भण्डन - મારવાની લીલાયામ્ - રમતમાં रक्तचन्दनपङ्किलः - રાતા ચંદનનાં પંકવાળો છે (લોહીથી ખરડાયેલાં ચંદનના પંકવાળો છે) તેવો तव - તમારો अङ्कुशः - અંકુશ यः - જે जनः - માણસ नो - અમારો द्वेषते - દ્વેષ કરતો હોય तम् - તેને हन्यात् - હણે.

ભંડ(=ભંડાસુર)ને મારવાની રમતમાં રાતાં ચંદનના પંકવાળો (કે લોહીથી ખરડાયેલાં ચંદનના પંકવાળો) તમારો અંકુશ જે માણસ અમારો દ્વેષ કરતો હોય તેને હણે ! (૫૨)

रे रे चित्त त्वं वृथा शोकसिन्धौ
मज्जस्यन्तर्वच्म्युपायं विमुक्त्यै ।
देव्याः पादौ पूजयैकाक्षरेण
तत्ते पदं संग्रहेण ब्रवीम्योम् ॥ ५३ ॥

रे रे चित्त - અરે અરે ચિત્ત ! त्वं वृथा - નકામું शोकसिन्धौ - શોકસાગરમાં मज्जसि - ડૂબે છે विमुक्त्यै - મુક્તિ માટે अन्तः उपायम् - અંતરંગ ઉપાય वच्मि - કહું છું देव्याः पादौ - દેવીનાં બે ચરણોનું एकाक्षरेण - એક અક્ષરથી પૂજય - પૂજન કર तत् पदम् - તે પદ ते - તને संग्रहेण - ટૂંકમાં ब्रवीमि - કહું છું ओम् - 'ઓમ' (એ) છે.

અરે અરે ચિત્ત ! તું નકામું શોકાસાગરમાં ડૂબે છે, મુક્તિ માટે હું તને અંતરંગ ઉપાય કહું છું. દેવીનાં બે ચરણોનું એક અક્ષરથી પૂજન કર, તે પદ તને ટૂંકમાં કહું છું: (તે શબ્દ) ઓમ્ (એ) છે. (૫૩)

चञ्चद्बालातपज्योत्स्नाकलामण्डलशालिने ।
ऐक्षवाय नमो मातर्बाहुभ्यां तव धन्वने ॥ ५४ ॥

हे मातः - હે માતા ! चञ्चत् - લહેરાતા बालातप - કોમળ તડકારૂપી ज्योत्स्नाकला - જ્યોત્સ્નાની કલાનાં मण्डलशालिने - મંડલવાળા तव बाहुभ्याम् - તમારા બે હાથના ऐक्षवाय धन्वने - શેરડીના ધનુષ્યને नमः - નમસ્કાર હો !

હે માતા ! લહેરાતા કોમળ તડકારૂપી જ્યોત્સ્નાકલાના મંડપવાળા (=સૌમ્ય છતાં વિનાશક હોવાથી ઉગ્ર) તમારા બે હાથમાં રહેલા શેરડીનાં (સાંઠાનાં) ધનુષ્યને નમસ્કાર હો ! (૫૪)

तामेवाद्यां ब्रह्मविद्यामुपासे
मूर्तैर्वेदैः स्तूयमानां भवानीम् ।
हन्त स्वात्मत्वेन यां मुक्तिकामो
मत्वा धीरो हर्षशोकौ जहाति ॥ ५५ ॥

ताम् - તે एव - જ आद्याम् - આદ્યા ब्रह्मविद्याम् - બ્રહ્મવિદ્યા मूर्तैः वेदैः स्तुयमानाम् - મૂર્ત વેદોથી સ્તુતિ કરાતાં भवानीम् - ભવાનીની उपासे - હું ઉપાસના કરું છું हन्त - હાશ यां - જેને मुक्तिकामः - મુક્તિની કામના કરનાર धीरः - ધીરપુરુષ स्वात्मत्वेन - આત્મારૂપે मत्वा - માનીને हर्षशोकौ - હર્ષ અને શોકને जहाति - છોડી દે છે.

હું તે જ આદ્યા બ્રહ્મવિદ્યા, મૂર્તવેદોથી સ્તુતિ કરાતાં ભવાનીની ઉપાસના કરું છું, હાશ ! જેને મુક્તિની કામના કરનાર ધીરપુરુષ આત્મારૂપે માનીને હર્ષ અને શોકને છોડી દે છે. (૫૫)

शरणं करणवाण्यम्ब चरणं तव सुन्दरि ।
शपे त्वत्पादुकाभ्यां मे नान्यः पन्था अयनाय ॥ ५६ ॥

हे सुन्दरि - હે સુંદરી ! तव - તમારા चरणम् - ચરણનું शरणं - શરણ करवाणि - હું કરું त्वत् - તમારી पादुकाभ्यां - પાદુકાઓના शपे - સોગંદ ખાઉં છું अयनाय - (મોક્ષમાર્ગે) જવા માટે अन्यः - બીજો पन्थाः - રસ્તો न - નથી.

હે સુંદરી ! હું તમારાં ચરણનું શરણ કરું (એવી મારી ઈચ્છા છે), તમારી પાદુકાઓનાં સોગંદ ખાઉં છું. (મોક્ષમાર્ગે) જવા માટે બીજો કોઈ રસ્તો નથી. (૫૬)

रत्नच्छत्रैश्चामरैर्दर्पणाद्यै-
श्चक्रेशानीं सर्वदोपाचरन्त्यः ।
योगिन्योऽन्याः शक्तयश्चाणिमाद्या
यूयं पात स्वस्तिभिः सदा नः ॥ ५७ ॥

रत्नच्छत्रैः - चामरैः दर्पणाद्यैः - રત્ન, છત્ર, ચામર અને દર્પણો વગેરેથી चक्रेशानीं - ચક્રનાં અધિષ્ઠાત્રી (દેવી)ને सर्वदा -

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંમેશાં उपाचरन्त्य: - સેવતી अन्या: योगिन्य: - અન્ય યોગિનીઓ અને अणिमाद्या: शक्तय: - અણિમા વગેરે શક્તિઓ यूयं न: - અમને सदा - હંમેશાં स्वस्तिभि: - કલ્યાણોથી पात - રક્ષણ કરો.

રત્ન, છત્ર, ચામર, દર્પણ વગેરેથી હંમેશ ચક્રનાં અધિષ્ઠાત્રી (મહાત્રિપુરસુન્દરી)ને સેવતી અન્ય યોગિનીઓ અને અણિમા વગેરે શક્તિઓ, તે (બધી) અમારું કલ્યાણોથી સદાય રક્ષણ કરે. (૫૭)

दरिद्रं मां विजानीहि सर्वज्ञासि यत: शिवे ।
दूरीकृत्याशु दुरितमथा नो वर्धया रयिम् ॥ ५८ ॥

मां - મને दरिद्रं - ગરીબ विजानीहि - જાણો यत: - કેમ કે हे शिवे - હે શિવા ! सर्वज्ञा असि - તમે સર્વજ્ઞ છો आशु - જલદી दुरितम् - પાપને दूरीकृत्य - દૂર કરીને अथ - પછી न: - અમારાં रयिम् - ધનમાં वर्धय - વૃદ્ધિ કરો.

મને ગરીબ જાણો કેમ કે હે શિવા ! તમે સર્વજ્ઞ છો, જલદી પાપને દૂર કરીને પછી અમારાં ધનમાં વૃદ્ધિ કરો ! (૫૮)

महेश्वरि महामन्त्रकूटत्रयकलेवरे ।
कादिविद्याक्षरश्रेणिमुशन्तस्त्वा हवामहे ॥ ५९ ॥

महेश्वरि - હે મહેશ્વરી ! महामन्त्रकूटत्रयकलेवरे - હે મહામન્ત્રનાં ત્રણ કૂટ(શિખર)રૂપ શરીરવાળાં ! कादिविद्या - કાદિવિદ્યાના अक्षरश्रेणिं - અક્ષરની હારમાળામાં उशन्त: - રહેનાર त्वां - તમારું हवामहे - આવાહન કરીએ છીએ.

હે મહેશ્વરી ! હે મહામન્ત્રના ત્રણ કૂટ(શિખર)રૂપ શરીરવાળાં ! કાદિવિદ્યાના અક્ષરોની હારમાળામાં રહેનાર તમારું અમે આવાહન કરીએ છીએ. (૫૯)

નોંધ :- कादिविद्या - તંત્રશાસ્ત્રનો ह्रीं कएलई ह्रीं हसकहलह्रीं सकलह्रीं - મંત્ર. આ મંત્રમાં આદિમાં ॐ ह्रीं श्रीं બીજાં લગાડવાથી 'ત્રિકૂટ' મન્ત્ર બને છે.

मूलाधारादूर्ध्वमन्तरश्चरन्तीं
भित्त्वा ग्रन्थीन्मूर्ध्नि निर्यत्सुधार्द्राम् ।
पश्यन्तस्त्वां ये च तृप्तिं लभन्ते
तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥ ६० ॥

मूलाधाराद् - મૂલાધાર ચક્રથી ऊर्ध्वम् - ઊંચા अन्त:-चरन्तीम् - અંદર ફરનારી, ग्रन्थीन् भित्त्वा - ગ્રન્થિઓને ભેદીને मूर्ध्नि - મસ્તકમાં सुधार्द्राम् - સુધાથી આર્દ્ર निर्यत् - પાછી ફરતી त्वां - તમને पश्यन्त: - જોનારા ये - જેઓ तृप्तिं लभन्ते - તૃપ્તિ મેળવે છે (च પાદપૂરણ છે) तेषां - તેમને शाश्वती - શાશ્વત शान्तिः - શાંતિ इतरेषाम् - બીજાઓને न - નહીં.

મૂલાધાર ચક્રથી ઊંચે (સહસ્રાર ચક્ર તરફ) અંદર ફરનારાં, ગ્રંથિઓને (ઈડા, પિંગલા, સુષુમ્ણા વગેરેને) ભેદીને, મસ્તકમાં સુધા(સહસ્રારના રસ)થી આર્દ્ર બનીને (કુંડલિની-રૂપ) પાછાં ફરતાં તમને જોનારા જેઓ તૃપ્તિ મેળવે છે, તેમને શાશ્વત શાન્તિ (મળે) છે, બીજાઓને નહીં. (૬૦)

मह्यं द्रुह्यन्ति ये मातस्त्वद्ध्यानासक्तचेतसे ।
तानम्ब सायकैरेभिरव ब्रह्मद्विषो जहि ॥ ६१ ॥

त्वत् - તમારાં ध्यानासक्तचेतसे - ધ્યાનમાં આસક્ત ચિત્તવાળા मह्यं - મારો ये - જેઓ द्रुह्यन्ति - દ્રોહ કરે છે हे अम्ब - હે માતા ! तान् - તે ब्रह्मद्विष: - બ્રહ્મના દ્વેષીઓનો एभि: - આ सायकै: - બાણોથી अवजहि - નાશ કરો.

તમારાં ધ્યાનમાં આસક્ત ચિત્તવાળા મારો જે દ્વેષ કરે છે, હે માતા ! તે બ્રહ્મના દ્વેષીઓનો આ બાણોથી નાશ કરો. (૬૧)

त्वद्भक्तानामम्ब शान्तैषणानां
ब्रह्मिष्ठानां दृष्टिपातेन पूतः ।
पापीयानप्यावृत: स्वर्वधूभि:
शोकातिगो मोदते स्वर्गलोके ॥ ६२ ॥

शान्तैषणानाम् - શાંત એષણાઓવાળા ब्रह्मिष्ठानाम् - બ્રહ્મ જાણનારા त्वद्-भक्तानां - તમારા ભક્તોના दृष्टिपातेन - દષ્ટિપાતથી पूत: - પવિત્ર થયેલો पापीयान् अपि - પાપી હોવા છતાં स्वर्वधूभि: - સ્વર્ગાંગનાઓથી आवृत: - વીંટળાયેલો शोकातिग: - શોકને ઓળંગી ગયેલો स्वर्गलोके - સ્વર્ગલોકમાં मोदते - આનંદ કરે છે.

શાંત એષણાઓવાળા, બ્રહ્મ જાણનારા, તમારા ભક્તોના દષ્ટિ-પાતથી પવિત્ર થયેલો, પાપી હોવા છતાં, સ્વર્ગાંગનાઓથી વીંટળાયેલો, શોકને ઓળંગી ગયેલો તે સ્વર્ગલોકમાં આનંદ કરે છે. (૬૨)

सन्तु विद्या जगत्यस्मिन्संसारभ्रमहेतव: ।
भजेऽहं त्वां यया विद्वान्विद्ययामृतमश्नुते ॥ ६३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संसारभ्रमहेतवः - સંસારના ભ્રમ માટે હેતુરૂપ विद्याः - વિદ્યાઓ अस्मिन् - આ जगति - જગતમાં सन्तु - ભલે હોય अहं - હું त्वाम् - તમને भजे - ભજું છું यया - જે विद्यया - વિદ્યાથી विद्वान् - વિદ્વાન अमृतम् - અમૃત अश्नुते - આસ્વાદે છે.

સંસારના ભ્રમ માટે હેતુરૂપ વિદ્યાઓ આ જગતમાં ભલે હોય, હું (તો) તમને ભજું છું, જે (શ્રી)વિદ્યાથી વિદ્વાન અમૃત આસ્વાદે છે. (૬૩)

विद्वन्मुख्यैर्विद्रुमाभं विशाल-
श्रोणीशिञ्जन्मेखलाकिङ्किणीकम् ।
चन्द्रोत्तंसं चिन्मयं वस्तु किंचि-
द्विद्धि त्वमेतन्निहितं गुहायाम् ॥ ६४ ॥

विद्वन्मुख्यैः - અગ્રગણ્ય વિદ્વાનો વડે (જાણેલ) विद्रुमाभम् - વિદ્રુમની આભાવાળું विशाल - વિશાળ શ્રેણી - શ્રેણી પર शिञ्जत् - રણકતી मेखलाकिङ्किणीम् - મેખલાની ઘૂઘરીવાળું चन्द्रोत्तंसं - ચંદ્રરૂપી-શિરોભૂષણવાળું चिन्मयम् - ચિન્મય किंचित् - અલૌકિક वस्तु - વસ્તુ (છે) त्वम् - તમે एतत् - એને गुहायाम् - (હૃદયરૂપી) ગુફામાં निहितम् - રહેલ विद्धि - જાણો !

અગ્રગણ્ય વિદ્વાનો વડે (જાણેલ) વિદ્રુમની આભાવાળું વિશાળ, શ્રેણી પર રણકતી મેખલાની ઘૂઘરીવાળું, ચંદ્રરૂપી શિરોભૂષણવાળું ચિન્મય અલૌકિક વસ્તુ (તત્ત્વ) છે; તમે એને (હૃદયરૂપી) ગુફામાં રહેલ જાણો ! (૬૪)

न विस्मरामि चिन्मूर्तिमिक्षुकोदण्डशालिनीम् ।
मुनयः सनकप्रेष्ठास्तामाहुः परमां गतिम् ॥ ६५ ॥

इक्षुकोदण्डशालिनीम् - શેરડીના ધનુષ્યવાળી चिन्मूर्ति - ચિન્મૂર્તિને न विस्मरामि - હું ભૂલતો નથી सनकप्रेष्ठाः - સનક વગેરે અત્યંત પ્રિય मुनयः - મુનિઓ ताम् - તેને परमां - પરમ गतिम् - ગતિ आहुः - કહે છે.

શેરડીના ધનુષ્યવાળી જ્ઞાનમય મૂર્તિને હું ભૂલતો નથી. સનક વગેરે પ્રિય મુનિઓ તેને પરમ ગતિ કહે છે. (૬૫)

चक्षुःप्रेङ्खत्प्रेमकारुण्यधारां
हंसज्योत्स्नापूरहृष्यच्चकोराम् ।
यामाश्लिष्यन्मोदते देवदेवः
सा नो देवी सुहवा शर्म यच्छतु ॥ ६६ ॥

चक्षुः-प्रेङ्खत् - નેત્રમાં આંદોલિત प्रेमकारुण्यधाराम् - પ્રેમ અને કારુણ્યની ધારાવાળી हंसज्योत्स्नापूर - (પરમ)હંસ માટે જ્યોત્સ્નાનાં પૂર સમી हृष्यत्-चकोराम् - ચકોરને આનંદિત કરતી याम् - જેને आश्लिष्यन् - આશ્લેષીને देवदेवः - દેવાધિદેવ मोदते - આનંદ કરે છે, આનંદિત થાય છે सा - તે सुहवा - સુહવા देवी - દેવી नो - અમને शर्म - સુખ यच्छतु - આપો.

નેત્રમાં આંદોલિત (અહીં 'તરંગિત' લઈએ તો સારું લાગે) પ્રેમ અને કારુણ્યની ધારાવાળાં (પરમ)હંસ માટે જ્યોત્સ્નાનાં પૂર સમાં, (હંસ = પરમાત્માની ચાંદની સમાં), (મન કે આત્મારૂપી) ચકોરને આનંદિત કરનારાં, જેને આશ્લેષીને દેવાધિદેવ (મહાદેવ) આનંદ કરે છે, તે સુહવા (=સારી રીત આહ્વાન કરેલ, સારી રીતે જેનો હોમ કર્યો છે તેવાં) દેવી ! સુખ (કે આશીર્વાદ) આપો ! (૬૬)

मुञ्च वञ्चकतां चित्त पामरं चापि दैवतम् ।
गृहाण पदमम्बाया एतदालम्बनं परम् ॥ ६७ ॥

हे चित्त - હે ચિત્ત वञ्चकताम् - છેતરપીંડીને मुञ्च - છોડી દે दैवतम् - દેવતા(ઓ) अपि - પણ पामरम् - પામર છે अम्बायाः पदं - પદને, ચરણને गृहाण - સ્વીકાર एतत् - આ परम् - શ્રેષ્ઠ आलम्बनम् - આલંબન છે.

હે ચિત્ત ! તું છેતરપીંડીને છોડી દે, દેવતા(ઓ) પણ પામર છે. તું અંબાનાં ચરણને સ્વીકાર (=તેને શરણે જા), આ જ શ્રેષ્ઠ આલંબન છે. (૬૭)

का मे भीतिः का क्षतिः किं दुरापं
कामेशाङ्कोत्तुङ्गपर्यङ्कसंस्थाम् ।
तत्त्वातीतामच्युतानन्ददात्रीं
देवीमहं निर्ऋतिं वन्दमानः ॥ ६८ ॥

का मे भीतिः - મને કયો ભય છે ? का क्षतिः - કઈ ભૂલ છે ? किं दुरापम् - શું પ્રાપ્ત કરવું મુશ્કેલ છે ? अहं - હું कामेश- કામેશના, કામના ઈશ એટલે શિવના अङ्क - ખોળા उत्तुङ्ग - ઉત્તુંગ पर्यङ्क - પલંગમાં संस्थाम् - બેઠેલાં तत्त्वातीताम् - તત્ત્વથી પણ અતીત, પર अच्युताम् - (કદી) ચ્યુત ન થનારાં आनन्द-दात्रीम् - આનંદ આપનારાં निर्ऋतिं देवीं - નિઋતિ દેવીને वन्दमानः - વંદન કરતો (વંદન કરું છું).

મને કયો ભય છે ? (મારી) કઈ ભૂલ છે ? (મને) શું પ્રાપ્ત કરવું મુશ્કેલ છે ? હું કામેશ(શિવ)ના ખોળારૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તુંગ પલંગમાં બેઠેલાં, (પરમ) તત્ત્વને અતીત (અતિક્રમી રહેલાં), (કદી) ચ્યુત ન થનારાં, આનંદ આપનારાં, નિર્ઋતિ દેવીને વંદન કરું છું. (૬૮)

चिन्तामणिमयोत्तंसकान्तिकञ्चुकिताननने ।
ललिते त्वां सकृन्नत्वा न बिभेति कुतश्चन ॥ ६९ ॥

चिन्तामणिमय - ચિન્તામણિમય उत्तंस - શિરોભૂષણની कान्ति - કાન્તિથી कञ्चुकिताननने - છવાયેલ વદનવાળાં હે ललिता - હે લલિતે त्वाम् - તમને सकृत् - એક વાર नत्वा - નમ્યા પછી कुतश्चन - ક્યાંય પણ ન बिभेति - ડરતો નથી.

ચિંતામણિમય શિરોભૂષણની કાંતિથી છવાયેલ વદનવાળાં હે લલિતા ! તમને એક વાર (પણ) નમ્યા પછી (ભક્ત) ક્યાંય પણ (કશાયથી) ડરતો નથી. (૬૯)

तारुण्योत्तुङ्गितकुचे लावण्योल्लासितेक्षणे ।
तवाज्ञयैव कामाद्या मास्मान्प्रापन्नरातयः ॥ ७० ॥

तारुण्य-उत्तुङ्गित-कुचे - તારુણ્યને કારણે ઉત્તુંગ સ્તનવાળાં लावण्य-उल्लासित-इक्षणे - લાવણ્યથી પ્રસન્ન નેત્રોવાળાં तव - તમારી आज्ञया - આજ્ઞાથી कामाद्याः - કામદેવ જેમાં અગ્રેસર છે તેવા अरातयः - દુશ્મનો अस्मान् - અમને मा प्रापन् - ન મેળવે (અમારી પાસે ન આવે) !

હે તારુણ્યને લીધે ઉત્તુંગ સ્તનવાળાં, હે લાવણ્યથી પ્રસન્ન નેત્રોવાળાં (માતા) ! તમારી આજ્ઞાથી કામદેવ જેમાં અગ્રેસર છે એવા દુશ્મનો અમને ન મેળવે ! (અમારી પાસે ન આવે) ! (૭૦)

आकर्णाकृष्टकामास्त्रसंजातं तापमम्ब मे ।
आचामतु कटाक्षस्ते पर्जन्यो वृष्टिमानिव ॥ ७१ ॥

हे अम्ब - હે માતા ! आकर्ण-आकृष्ट - કાન સુધી ખેંચેલ कामास्त्र - કામદેવના અસ્ત્રથી संजातम् - ઉત્પન્ન થયેલ मे - મારા तापम् - તપને वृष्टिमान् - વૃષ્ટિ કરનાર (શબ્દશઃ વૃષ્ટિવાળો) पर्जन्यः - પર્જન્ય इव - જેવો ते कटाक्षः - તમારો કટાક્ષ आचामतु - આચમન કરી જાઓ !

હે માતા ! કાન સુધી ખેંચેલ કામદેવનાં અસ્ત્રથી ઉત્પન્ન થયેલ મારા તાપને, વૃષ્ટિ કરનાર પર્જન્ય જેવો તમારો કટાક્ષ આચમન કરી જાઓ ! (૭૧)

कुर्वे गर्वेणापचारानपारा-
न्यद्यप्यम्ब त्वत्पदाब्जं तथापि ।
मन्ये धन्ये देवि विद्यावलम्बं
मातेव पुत्रं बिभृतास्वेनम् ॥ ७२ ॥

हे अम्ब - હે માતા ! यद्यपि - જો કે गर्वेण - ગર્વને લીધે अपारान् - અપાર अपचारान् - અપચારો, દોષો कुर्वे - કરું છું तथापि - પણ त्वत्पदाब्जम् - તમારું ચરણકમળ विद्यावलम्बम् - વિદ્યાનું અવલંબન मन्ये - માનું છું हे धन्ये देवि - હે ધન્યે દેવી ! एनम् - આ पुत्रम् - પુત્રને मातेव - માતાની જેમ बिभृत - પોષણ કરો.

હે માતા ! જો કે ગર્વને લીધે અપાર દોષો હું કરું છું, તો પણ તમારા ચરણ-કમળને વિદ્યાનું અવલંબન માનું છું. હે ધન્ય દેવી ! આ પુત્રને માતાની જેમ પોષો (કે ધારણ કરો) ! (૭૨)

यथोपास्तिक्षतिर्न स्यात्तव चक्रस्य सुन्दरि ।
कृपया कुरु कल्याणि तथा मे स्वस्तिरायुषी ॥ ७३ ॥

हे कल्याणि - હે કલ્યાણી ! हे सुन्दरि - હે સુંદરી ! यथा - જે રીતે तव चक्रस्य - તમારા ચક્રની उपास्ति-क्षतिः - પૂજામાં ક્ષતિ न स्यात् - થાય નહીં मे आयुषी - મારા આયુષ્યનું स्वस्ति - કલ્યાણ થાય तथा - તેમ कृपया - કૃપા કરીને कुरु - કરો !

હે કલ્યાણી ! હે સુન્દરી ! જે રીતે તમારાં (શ્રી)ચક્રની ઉપાસનામાં ક્ષતિ ન થાય (અને) મારા આયુષ્યનું કલ્યાણ થાય, તેમ કૃપા કરીને કરો ! (૭૩)

चक्रं सेवे तारकं सर्वसिद्धयै
श्रीमन्मातः सिद्धयश्चाणिमाद्याः ।
नित्या मुद्रा शक्तयश्चाङ्गदेव्यो
यस्मिन्देवा अधि विश्वे निषेदुः ॥ ७४ ॥

श्रीमन्मातः - હે શ્રીમાતા ! सर्वसिद्धयै - સર્વ સિદ્ધિ માટે तारकं - તારક, તારનારા चक्रं - ચક્રને सेवे - સેવું છું. यस्मिन् - જેનાં सिद्धयः च अणिमाद्याः - અણિમા વગેરે સિદ્ધિઓ नित्या मुद्राः - નિત્ય મુદ્રાઓ शक्तयः च अङ्गदेव्यः - શક્તિઓરૂપ અંગની દેવીઓ विश्वे देवाः - બધા દેવો अधि निषेदुः - રહેલાં છે.

હે શ્રીમાતા ! સર્વ સિદ્ધિ માટે (ભક્તોને) તારનારા (શ્રીયંત્ર)ને હું સેવું છું, જેમાં અણિમા વગેરે (અષ્ટ) સિદ્ધિઓ, નિત્ય (સર્વસંક્ષોભિણી, ખેચરી વગેરે) મુદ્રાઓ, (અનંગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિની વગેરે) શક્તિઓ રૂપ અંગની દેવીઓ (તથા) બધા દેવો રહેલાં છે. (૭૪)

सुकुमारे सुखाकारे सुनेत्रे सूक्ष्ममध्यमे ।
सुप्रसन्ना भव शिवे सुमृडीका सरस्वती ॥ ७५ ॥

सुकुमारे - હે સુકુમારી ! सुखाकारे - હે સુખાકારા ! सुनेत्रे - હે સુનેત્રી ! सूक्ष्ममध्यमे - હે પાતળી કેડવાળાં सुमृडीका - હે સારી દયાવાળાં, सरस्वती - સરસ્વતી એવાં शिवे - હે શિવા ! सुप्रसन्ना - સુપ્રસન્ન भव - થાઓ ! (૭૫)

હે સુકુમારી ! હે સુખાકારા ! હે સુનેત્રી ! હે પાતળી કેડવાળાં ! સારી દયાવાળાં, સરસ્વતી એવાં હે શિવા ! તમે પ્રસન્ન થાઓ ! (૭૫)

विद्युद्वल्लीकन्दलीं कल्पयन्तीं
मूर्तिं स्फूर्त्या पङ्कजं धारयन्तीम् ।
ध्यायन्हि त्वां जायते सार्वभौमो
विश्वा आशाः पृतनाः संजयञ्जयन् ॥ ७६ ॥

विद्युद्वल्ली - વિદ્યુલ્લતારૂપી कन्दलीम् - ધજાને कल्पयन्तीं - સજતી स्फूर्त्या - સ્ફૂર્તિથી पङ्कजं - કમળને धारयन्तीम् - ધારણ કરતાં त्वां - તમને, તમારું ध्यायन् - ધ્યાન કરતો विश्वाः आशाः - બધી દિશાઓ पृतनाः - સેનાઓને संजयञ्जयन् - જીતતો જીતતો सार्वभौमो जायते - સાર્વભૌમ થાય છે.

વિદ્યુલ્લતારૂપી ધજાને સજતાં, સ્ફૂર્તિથી કમળને ધારણ કરતાં તમારું ધ્યાન ધરતો (સાધક) બધી દિશાઓને અને સેનાઓને જીતતો જીતતો સાર્વભૌમ (સમ્રાટ) થાય છે. (૭૬)

अविज्ञाय परां शक्तिमात्मभूतां महेश्वरीम् ।
अहो पतन्ति निरयेष्वेके चात्महनो जनाः ॥ ७७ ॥

अहो - અરે ! आत्मभूतां - આત્મભૂત पराम् - પરા शक्तिं - શક્તિ महेश्वरीम् - મહેશ્વરીને अविज्ञाय - જાણ્યા વિના एके - કેટલાક च - પાદપૂરણ आत्महताः - આત્માને હણનારા, આત્મઘાતી जनाः - માણસો निरयेषु - નરકમાં पतन्ति - પડે છે.

અરે ! આત્મભૂત પરાશક્તિ એવાં મહેશ્વરીને જાણ્યા વિના કેટલાક આત્મઘાતી માણસો નરકમાં પડે છે. (૭૭)

सिन्दूराभैः सुन्दरैरंशुवृन्दै-
र्लाक्षालक्ष्म्यां मज्ज्यन्तीं जगन्ति ।
हेरम्बाम्ब त्वां हृदा लम्बते य-
स्तस्मै विशः स्वयमेवानमन्ते ॥ ७८ ॥

सिन्दूराभैः - સિંદૂરની આભાવાળા सुन्दरैः - સુંદર अंशुवृन्दैः - કિરણસમૂહોથી जगन्ति - જગતને, ભુવનોને लाक्षालक्ष्म्याम् - અળતાની શોભામાં मज्जयन्तीम् - ડૂબાડતી त्वाम् - તમને हेरम्बाम्ब - હેરંબ(ગણેશ)નાં માતા ! यः - જે हृदा - હૃદયથી लम्बते - અવલંબે છે तस्मै - તેને विशः - પ્રજાઓ स्वयमेव - જાતે જ आनमन्ते - નમે છે.

સિંદૂરની આભાવાળાં, સુન્દર કિરણસમૂહોથી ભુવનોને અળતાની શોભામાં ડૂબાડતાં તમને હે હેરમ્બ(=ગણેશ)નાં જનની ! જે ભક્ત હૃદયથી અવલંબે છે, તેને પ્રજાઓ પોતાની જાતે જ નમે છે. (૭૮)

तव तत्त्वं विमृशतां प्रत्यगद्वैतलक्षणम् ।
चिदानन्दघनादन्यन्नेह नानास्ति किंचन ॥ ७९ ॥

प्रत्यक् - આંતરિક રીતે अद्वैतलक्षणम् - અદ્વૈતનાં લક્ષણવાળા तव - તમારા तत्त्वम् - તત્ત્વને विमृशताम् - વિચાર કરનારાઓ માટે चिदानन्दघनात् - ચિદાનન્દ-ઘન સિવાય अन्यत् - બીજું इह - અહીં किंचन - કંઈ પણ नाना - વિવિધ પ્રકારનું न अस्ति - નથી.

આંતરિક રીતે અદ્વૈતનાં લક્ષણવાળા તમારા તત્ત્વનો વિચાર કરનારાઓ માટે ચિદાનન્દઘન (તમારા) સિવાય બીજું કંઈ નથી. અહીં વિવિધ પ્રકારનું (કે ભેદવાળું) કંઈ પણ નથી. (બધું અભેદ જ છે). (૭૯)

कण्ठात्कुण्डलिनीं नीत्वा सहस्रारं शिवे तव ।
न पुनर्जायते गर्भे सुमेधा अमृतोक्षितः ॥ ८० ॥

हे शिवे - હે શિવા ! कण्ठम् - કંઠમાંથી कुण्डलिनीं - કુંડલિનીને तव - તમારાં (નિવાસરૂપ) सहस्रारम् - સહસ્રાર-કમળમાં नीत्वा - લઈ જઈને सुमेधाः - સારી મેધાવાળો अमृतोक्षितः - અમૃતથી તરબતર થયેલો गर्भे - ગર્ભમાં पुनः - ફરી વાર न जायते - જન્મતો નથી.

હે શિવા ! કંઠમાંથી કુંડલિનીને તમારાં (નિવાસરૂપ) સહસ્રાર કમળમાં લઈ જઈને સારી મેધાવાળો (=જ્ઞાની), અમૃતથી તરબતર થયેલો (શબ્દશઃ, ભીંજાયેલો કે છંટાયેલો) (સાધક) ગર્ભમાં ફરી વાર જન્મતો નથી. (૮૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(નોંધ: - કુંડલિની જ્યારે સહસ્રાર-પદ્મ સાથે સંકળાય ત્યારે સહસ્રારપદ્મનો રસ ઝમે છે, જે અમૃત છે. આ યોગની પ્રક્રિયા છે.)

त्वत्पादुकानुसंधानप्राप्तसर्वात्मतादृशि ।
पूर्णाहंकृतिमत्यस्मिन्न कर्म लिप्यते नरे ॥ ८१ ॥

त्वत् - તમારી पादुकानुसंधान - પાદુકા સાથે અનુસંધાનથી प्राप्तसर्वात्मतादृशि - સર્વાત્મભાવની દૃષ્ટિ પામેલ पूर्णाहंकृति-मति - જેનો અહંકાર પૂર્ણ થઈ ગયેલ તેવા अस्मिन् - આ नरे - માણસમાં कर्म - કર્મ न लिप्यते - લેપાતું નથી.

તમારી પાદુકા સાથે અનુસંધાનથી સર્વાત્મભાવની દૃષ્ટિ પામેલ, જેનો અહંકાર પૂર્ણ થઈ ગયેલ છે તેવા આ માણસમાં (=સાક્ષાત્કાર કરેલ સાધકમાં) કર્મ લેપાતું નથી. (=એવા સાધકને કર્મબંધન પ્રાપ્ત થતું નથી.) (૮૧)

तवानुग्रहनिर्भिन्नहृदयग्रन्थिरद्रिजे ।
स्वात्मत्वेन जगन्मत्वा ततो न विजुगुप्सते ॥ ८२ ॥

हे अद्रिजे - હે અદ્રિતનયા (પાર્વતી) ! तव - તમારા अनुग्रह - અનુગ્રહથી निर्भिन्नहृदयग्रन्थिः - જેની હૃદય-ગ્રંથિ ભેદાઈ ગયેલ છે (તેવો માણસ) जगत् - જગતને स्वात्मत्वेन - સ્વાત્મત્વથી (=આત્મભાવે) मत्वा - માનીને ततः - ત્યારપછી न विजुगुप्सते - જુગુપ્સા કરતો નથી.

હે અદ્રિતનયા (=પાર્વતી) ! તમારા અનુગ્રહથી જેની હૃદય-ગ્રંથિ ભેદાઈ ગઈ છે (તેવો માણસ) જગતને સ્વાત્મત્વ (આત્મભાવે) માનીને, ત્યારપછી જુગુપ્સા કરતો નથી. (૮૨)

कदा वसुदलोपेते त्रिकोणनवकान्विते ।
आवाहयामि चक्रे त्वां सूर्याभां श्रियमैश्वरीम् ॥ ८३ ॥

कदा - ક્યારે वसुदलोपेते - વસુદલવાળા त्रिकोणनव-कान्विते - નવ ત્રિકોણોવાળા चक्रे - ચક્રમાં सूर्याभाम् - સૂર્યની આભાવાળી ऐश्वरीम् - ઐશ્વરી श्रियम् - શ્રી એવી त्वाम् - તને (તારું) आवाहयामि - આવાહન કરું ?

ક્યારે વસુદલવાળા (આઠ દલવાળા), નવ ત્રિકોણો-વાળા (પાંચ શક્તિ-ત્રિકોણ, ચાર-શિવ ત્રિકોણવાળા) ચક્રમાં (શ્રીયંત્રમાં) સૂર્યની આભાવાળાં ઐશ્વરી શ્રી એવાં તમારું આવાહન કરું ? (૮૩)

ह्रीमित्येकं तावकं वाचकार्णं
यज्जिह्वाग्रे देवि जागर्ति किंचित् ।
को वायं स्यात्कामकामस्त्रिलोक्यां
सर्वेऽस्मै देवा बलिमावहन्ति ॥ ८४ ॥

हे देवि - હે દેવી ! ह्रीम् - હ્રીમ્ એવો एकं - એક तावकं - તમારો, वाचकार्णं - વાચકવર્ણ यत्-किंचित् - જે કંઈ પણ जिह्वाग्रे - જીભના ટેરવે जाग्रर्ति - જાગે છે वा - અથવા त्रिलोक्याम् - ત્રણેય લોકમાં कामकामः - કામકામ, સાર્થક अयम् - આ कः - કોણ अस्ति - છે अस्मै - જેને માટે (શબ્દશઃ એને માટે) सर्वे देवाः - બધા દેવો बलिम् - બલિ आवहन्ति - લાવે છે.

હે દેવી ! હ્રીમ્ એવો તમારો એક વર્ણ જે કંઈ પણ જીભના ટેરવા જાગે છે, અથવા ત્રણેય લોકમાં સાર્થક આ કોણ છે, જેને માટે બધા દેવો બલિ લાવે છે ? (બધા દેવો જેને માટે બલિ લાવે છે, એ 'હ્રીમ્' બીજ સિવાય અન્ય કોઈ નથી). (૮૪)

नाकस्त्रीणां किन्नरीणां नृपाणा-
मप्याकर्षी चेतसा चिन्तनीयम् ।
त्वत्पाणिस्थं कुङ्कुमाभं शिवे यं
द्विष्मस्तस्मिन्प्रति मुञ्चामि पाशम् ॥ ८५ ॥

नाकस्त्रीणाम् - સ્વર્ગની એટલે કે દેવોની સ્ત્રીઓને किन्नरीणाम् - કિન્નરીઓને नृपाणाम् अपि - રાજાઓને પણ आकर्षी - આકર્ષનાર चेतसा - ચિત્તથી चिन्तनीयम् - ચિંતન કરવા લાયક त्वत्पाणिस्थं - તમારા હાથમાં રહેલ कुङ्कुमाभम् - કુંકુમ (કે કેસર)ની આભાવાળા पाशम् - પાશને हे शिवे - હે શિવા ! यम् - જેનો અમે द्विष्मः - દ્વેષ કરીએ છીએ तस्मिन् - તેમના પ્રત્યે मुञ्चामि - છોડું છું.

દેવોની સ્ત્રીઓને, કિન્નરીઓને, રાજાઓને પણ આકર્ષનાર, ચિત્તથી ચિંતન કરવા લાયક, તમારા હાથમાં રહેલ કુંકુમ (કે કેસરની) આભાવાળા પાશને હે શિવ ! જેનો અમે દ્વેષ કરીએ છીએ, તેમના પ્રત્યે છોડું છું. (૮૫)

नूनं सिंहासनेश्वर्यास्तवाज्ञां शिरसा वहन् ।
भयेन पवमानोऽयं सर्वा दिशोऽनुविधावति ॥ ८६ ॥

नूनम् - ખરેખર सिंहासनेश्वर्याः - સિંહાસન (પર અધિષ્ઠિત) ઈશ્વરી तव - તમારી आज्ञां - આજ્ઞાને शिरसा - મસ્તકથી वहन् -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠાવતો भयेन - ભયથી अयम् - આ पवमानः - પવન सर्वाः - બધી दिशः - દિશાઓમાં अनुविधावति - પાછળ દોડે છે.

ખરેખર, સિંહાસન(પર અધિષ્ઠિત) ઈશ્વરી એવાં તમારી આજ્ઞાને મસ્તકથી ઊઠાવતો આ પવન ભયથી સર્વ દિશાઓમાં પાછળ દોડે છે. (૮૬)

त्रिकलाढ्यां त्रिहृल्लेखां द्विहंसस्वरभूषिताम् ।
यो जपत्यम्ब ते विद्यां सोऽक्षरः परमः स्वराट् ॥ ८७ ॥

त्रिकलाढ्याम् - ત્રણ કલાઓથી સમૃદ્ધ त्रिहल्लेखाम् - ત્રણ હૃલ્લેખાવાળી द्विहंस-स्वरभूषिताम् - બે હંસ-સ્વરથી ભૂષિત ते - તમારી विद्याम् - વિદ્યાને यः - જે जपति - જપે છે अम्ब - માતા सः - તે अक्षरः - અક્ષર (ક્ષર ન થાય તેવો) परमः - પરમ स्वराट् - સ્વરાટ છે.

ત્રણ કલાઓથી સમૃદ્ધ, ત્રણ હૃલ્લેખાવાળી, બે હંસ-સ્વરથી ભૂષિત તમારી વિદ્યાને જે જપે છે, હે અંબા ! તે અક્ષર છે, તે પરમ સ્વરાટ્ છે. (૮૭)

दारिद्र्याब्धौ देवि मग्नोऽपि शश्व-
द्वाचा याचे नाहमम्ब त्वदन्यम् ।
तस्मादस्मद्वाञ्छितं पूरयैत-
दुषा सा नक्ता सुदुघेव धेनुः ॥ ८८ ॥

हे देवि - હે દેવી ! दारिद्र्याब्धौ - દારિદ્રના સમુદ્રમાં मग्नः - ડૂબેલો अपि - હોવા છતાં शश्वत् - કાયમ वाचा - વાણીથી त्वद् अन्यम् - તમારાથી અન્યને हे अम्ब - હે માતા ! अहं - હું न याचे - હું યાચતો નથી तस्मात् - તેથી अस्मत् - અમારું વાંછિત उषा - સવારે सा - એ नक्ता - સાંજે सुदुघेव - સારી રીતે દૂધ આપનારી धेनुः - ગાયની इव - જેમ पूरय - પૂર્ણ કર.

હે દેવી ! દારિદ્રના સમુદ્રમાં ડૂબેલો હોવા છતાં કાયમ વાણીથી હે માતા ! હું તમારા સિવાય અન્યને યાચતો નથી. તેથી અમારું વાંછિત સવારે અને સાંજે સારી રીતે દૂધ આપતી ગાય માફક પૂર્ણ કરો. (૮૮)

यो वा यद्यत्कामनाकृष्टचित्तः
स्तुत्वोपास्ते देवि ते चक्रविद्याम् ।
कल्याणानामालयः कालयोगा-
त्तं तं लोकं जयते तांश्च कामान् ॥ ८९ ॥

वा - અથવા यः - જે यद्यत् - જે જે कामनाकृष्ट - કામનાઓથી આકર્ષિત चित्तः - ચિત્તવાળો ते - તમારી चक्रविद्याम् - ચક્રવિદ્યાને हे देवि - હે દેવી ! कल्याणानाम् - કલ્યાણોનું आलयः - ઘર એવો તે कालयोगात् - કાળયોગે तं तं लोकम् - તે તે લોકને અને तां च कामान् - તે કામનાઓને जयते - જીતે છે.

અથવા તો જે (વ્યક્તિ) જે જે કામનાઓથી આકર્ષિત ચિત્તવાળો તારી ચક્રવિદ્યાને સ્તુતિ કરીને ઉપાસે છે, હે દેવી ! કલ્યાણોનું ઘર એવો તે (માણસ) કાળયોગે તે તે લોકને અને તે કામનાઓને જીતે છે. (૮૯)

साधकः सततं कुर्यादैक्यं श्रीचक्रदेहयोः ।
तथा देव्यात्मनोरैक्यमेतावदनुशासनम् ॥ ९० ॥

साधकः - સાધક सततम् - સતત श्रीचक्रदेहयोः - શ્રીચક્ર અને દેહનું ऐक्यम् - ઐક્ય तथा - અને देव्या - દેવી સાથે आत्मनः ऐक्यम् - આત્માનું ઐક્ય कुर्यात् - કરે एतावद् - આટલું अनुशासनम् - અનુશાસન છે.

સાધક સતત શ્રીચક્ર અને દેહનું ઐક્ય તથા દેવી સાથે આત્માનું ઐક્ય કરે (સાધે), આટલું અનુશાસન છે. (=આટલો-ઉપદેશ છે). (૯૦)

हस्ताम्भोजप्रोल्लसच्चामराभ्यां
श्रीवाणीभ्यां पार्श्वयोर्वीज्यमानाम् ।
श्रीसंम्राज्ञि त्वां सदालोकयेयं
सदा सद्भिः सेव्यमानां निगूढाम् ॥ ९१ ॥

हस्त-अम्भोज - હસ્ત-કમળોથી प्रोल्लसत् - હાલતાં चामराभ्याम् - ચામરોથી श्रीवाणीभ्याम् - શ્રી અને વાણી દ્વારા पार्श्वयोः - બે પડખે वीज्यमानाम् - જેને વીંઝણો નખાય છે તેવાં सदा - હંમેશાં सद्भिः - સજ્જનો વડે सेव्यमानाम् - સેવાતાં निगूढाम् - નિગૂઢ એવાં त्वाम् - તમને श्रीसंम्राज्ञि - હે શ્રી સમ્રાજ્ઞિ ! सदा - હંમેશાં आलोक्येयम् - નિહાળું.

હસ્તકમળોથી હાલતાં ચામરોથી શ્રી અને વાણી દ્વારા બે પડખે જેને વીંઝણો નખાય છે તેવાં હંમેશાં સજ્જનો વડે સેવાતાં, નિગૂઢ એવાં તમને હે શ્રીસમ્રાજ્ઞિ ! હંમેશાં નિહાળું (એવી મારી અંતરેચ્છા છે) ! (૯૧)

इष्टानिष्टप्राप्तिविच्छित्तिहेतुः
स्तोतुं वाचां क्लृप्तिरित्येव मन्ये ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्वद्रूपं हि स्वानुभूत्यैकवेद्यं
न चक्षुषा गृह्यते नापि वाचा ॥ ९२ ॥

इष्टानिष्ट - ઈષ્ટ કે અનિષ્ટ प्राप्तिविच्छित्ति - પ્રાપ્તિ અને વિયોગનો હેતુ (એવાં તમને) स्तोतुम् - સ્તુતિ કરવા માટે वाचां - વાણીની क्लृप्तिः - કલ્પના છે इति - એમ एव - જ मन्ये - માનું છું त्वद्रूपं - તમારું રૂપ हि - તો स्वानुभूत्यैकवेद्यम् - એકમાત્ર સ્વાનુભૂતિથી જાણી શકાય તેવું છે चक्षुषा - આંખોથી न गृह्यते - ગ્રહણ કરી શકાતું નથી नापि वाचा - વાણીથી પણ નહિ.

ઈષ્ટ કે અનિષ્ટ, પ્રાપ્તિ કે વિયોગનો હેતુ (એવાં તમને) સ્તુતિ કરવા માટે વાણીની કલ્પના છે (=વાણીથી તમારી સ્તુતિ શક્ય નથી), એમ જ હું માનું છું. તમારું રૂપ તો એક-માત્ર સ્વાનુભૂતિથી જ જાણી શકાય એવું છે, (તે) આંખોથી ગ્રહણ કરી શકાતું નથી, વાણીથી પણ નહિ. (૯૨)

हरस्वरैश्चतुर्वर्गपदं मन्त्रं सबिन्दुकम् ।
देव्या जपत विप्रेन्द्रा अन्या वाचो विमुञ्चथ ॥ ९३ ॥

हे विप्रेन्द्राः - હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! हरस्वरैः - હરસ્વરો સાથે सबिन्दुकम् - બિંદુ સહિત चतुर्वर्गपदं - ચતુર્વર્ગના પદરૂપ देव्याः - દેવીના मन्त्रम् - મંત્રને जपत - જપો अन्या - બીજી वाचः - વાણી विमुञ्चथ - છોડી દો.

હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! હર (શિવના) સ્વરો સાથે, બિંદુ સાથે ચતુર્વર્ગનાં પદરૂપ દેવીના મંત્રને જપો, બીજી વાણી છોડી દો. (૯૩)

यस्ते राकाचन्द्रबिम्बासनस्थां
पीयूषाब्धिं कल्पयन्तीं मयूखैः ।
मूर्तिं भक्त्या ध्यायते हृत्सरोजे
न तस्य रोगो न जरा न मृत्युः ॥ ९४ ॥

राकाचन्द्रबिम्बासनस्थाम् - પૂર્ણિમાના ચંદ્રનાં બિંબ પર બેઠેલી मयूखैः - કિરણોથી पीयूषाब्धिं - અમૃતસમુદ્રને कल्पयन्तीम् - સીંચતી मूर्तिं - મૂર્તિનું हृत्सरोजे - હૃદયકમળમાં यः - જે ध्यायते - ધ્યાન કરે છે तस्य - તેને रोग - રોગ न - નથી न जरा - વૃદ્ધાવસ્થા નથી न मृत्युः - મૃત્યુ નથી.

જે ભક્ત પૂર્ણિમાના ચંદ્રબિંબ પર બિરાજેલી, કિરણોથી અમૃતસમુદ્રને સીંચતી મૂર્તિનું હૃદય-કમળમાં ધ્યાન કરે છે, તેને રોગ નથી થતો, વૃદ્ધાવસ્થા નથી આવતી, મૃત્યુ નથી થતું. (૯૪)

तुभ्यं मातर्योऽञ्जलिं मूर्ध्नि धत्ते
मौलिश्रेण्या भूभुजस्तं नमन्ति ।
यः स्तौति त्वामम्ब चिद्वल्लिवाचा
तं धीरासः कवय उन्नयन्ति ॥ ९५ ॥

यः - જે तुभ्यम् - તમને मूर्ध्नि - મસ્તક પર अञ्जलिं - અંજલિ धत्ते - ધારણ કરે છે तम् - તેને भूभुजः - રાજાઓ मौलिश्रेण्या - મસ્તકની હારમાળાથી नमन्ति - નમે છે हे अम्ब - હે માતા ! हे चिद्वल्लि - હે ચિદ્વલ્લી ! त्वाम् - તમને यः - જે वाचा - વાણીથી स्तौति - સ્તવે છે तम् - તેને धीरासः - ધીર कवयः - બુદ્ધિમાનો उन्नयन्ति - માન આપે છે.

જે તમને મસ્તક પર અંજલિ ધારણ કરે છે (=માથે હાથ જોડે છે), તેને રાજાઓ મસ્તકની હારમાળાથી નમે છે. હે ચિદ્વલ્લી ! તમને જે વાણીથી સ્તવે છે, તેને ધીર બુદ્ધિમાનો માન આપે છે. (ઊંચો માને છે.) (૯૫)

वैरिञ्चोघैर्विष्णुरुद्रेन्द्रवृन्दै-
र्दुर्गाकालीभैरवीशक्तिसंघैः ।
यन्त्रेशि त्वं वर्तसे स्तूयमाना
न तत्र सूर्यो भाति न चन्द्रतारकम् ॥ ९६ ॥

वैरिञ्चोघैः - બ્રહ્માના સમૂહોથી विष्णुरुद्र-इन्द्र-वृन्दैः - વિષ્ણુ, રુદ્ર અને ઈન્દ્રનાં વૃંદોથી दुर्गा-काली-भैरवी-शक्ति-संघैः - દુર્ગા, કાલી, ભૈરવી અને શક્તિના સમુદાયોથી हे यन्त्रेशि - શ્રીયંત્રનાં અધિષ્ઠાત્રી त्वम् - તમે स्तूयमाना - સ્તુતિ કરાતાં वर्तसे - રહે છે तत्र - ત્યાં सूर्यः - સૂર્ય चन्द्रतारकम् - ચંદ્ર કે તારાઓ न भाति - પ્રકાશતા નથી.

બ્રહ્મા વગેરે,- વિષ્ણુ, રુદ્ર, અને શિવનાં વૃંદો વડે, દુર્ગા, કાલી, ભૈરવી અને શક્તિના સમુદાયો વડે હે શ્રીયંત્રનાં અધિષ્ઠાત્રી ! તમારી સ્તુતિ કરાતી રહે છે, ત્યાં (તમારા ધામમાં) સૂર્ય, ચંદ્ર કે તારાઓ પ્રકાશતા નથી (એ તમારા પ્રકાશ પાસે સૂર્ય વગેરે ઝાંખા છે, એ બધા તમારા પ્રકાશતી પ્રકાશિત છે). (૯૬)

भूत्यै भवानि त्वां वन्दे सुराः शतमखादयः ।
त्वामानम्य समृद्धाः स्युरायो धामानि दिव्यानि ॥ ९७ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हे भवानि - હે ભવાની ! त्वाम् - તમને भूत्यै - સમૃદ્ધિ માટે वंदे - વંદન કરું છું शतमखादयः - શતમખ (=ઈન્દ્ર) વગેરે सुराः - દેવો त्वाम् - તમને आनम्य - નમીને रायः - ધનનાં दिव्यानि - દિવ્ય धामानि - ધામ स्युः - થાય છે.

હે ભવાની ! તમને સમૃદ્ધિ માટે વંદન કરું છું. ઈન્દ્ર વગેરે દેવો તમને નમીને ધનનાં દિવ્ય ધામ થાય છે. (૯૭)

पुष्पवत्पुल्लताटङ्कां प्रातरादित्यपाटलाम् ।
यस्त्वामन्तः स्मरत्यम्ब तस्य देवा असन्वशे ॥ ९८ ॥

पुष्पवत् पुल्लताटङ्काम् - પુષ્પથી યુક્ત ખીલેલ કર્ણાભરણવાળી प्रातरादित्यपाटलाम् - સવારના સૂર્ય જેવી ગુલાબી त्वाम् - તમને यः - જે स्मरति - સ્મરે છે हे अम्ब - હે માતા ! तस्य - તેને देवाः - દેવો असन्वशे - વશ થાય છે.

પુષ્પથી યુક્ત ખીલેલ કર્ણાભરણવાળી, સવારના સૂર્ય જેવાં ગુલાબી એવાં તમને જે સ્મરે છે, હે માતા ! તેને દેવો વશ થાય છે. (૯૮)

वश्ये विद्रुमसंकाशां विद्यायां विशदप्रभाम् ।
त्वामम्ब भावयेद्भूत्यै सुवर्णां हेममालिनीम् ॥ ९९ ॥

हे वश्ये - હે વશ થવા યોગ્ય ! विद्रुमसंकाशाम् - વિદ્રુમ જેવી विद्यायाम् - વિદ્યામાં विशदप्रभाम् - વિશદપ્રભાવાળાં सुवर्णाम् - સારા વર્ણવાળાં हेममालिनीं - સુવર્ણમય માળાવાળાં अम्ब - હે માતા ! भूत्यै - સમૃદ્ધિ માટે त्वाम् - તમારું भावये - ચિંતન કરું છું.

હે વશ થવા યોગ્ય ! વિદ્રુમ જેવી વિદ્યામાં વિશદ પ્રભાવાળાં, સારા વર્ણવાળાં, સુવર્ણમય માળાવાળાં, હે માતા ! હું સમૃદ્ધિ માટે તમારું ચિંતન કરું છું. (૯૯)

वामाङ्कस्थामीशितुर्दीप्यमानां
भूषावृन्दैरिन्दुरेखावतंसाम् ।
यस्त्वां पश्यन्संततं नैव तृप्तः
तस्मै च देवि वषडस्तु तुभ्यम् ॥ १०० ॥

ईशितुः - ઈશ્વરના वामाङ्कस्थाम् - ડાબા ખોળામાં બેઠેલાં भूषावृन्दैः - આભૂષણોનાં સમૂહથી दीप्यमानाम् - દેદીપ્યમાન इन्दुरेखावतंसाम् - ચંદ્રરેખારૂપ કર્ણાભૂષણવાળાં त्वाम् - તમને संततम् - સતત पश्यन् - નિહાળતો न एव तृप्तः - તૃપ્ત થતો નથી तस्मै - તેને માટે देवि - હે દેવી ! तुभ्यम् - તમારા માટે वषड् - વષડ્ अस्तु - હો.

ઈશ્વરના ડાબા ખોળામાં બેઠેલાં, આભૂષણોના સમૂહથી દેદીપ્યમાન, ચંદ્રરેખારૂપ કર્ણાભૂષણવાળાં, તમને સતત નિહાળતો જે તૃપ્ત થતો નથી. તેને માટે હે દેવી ! તમારા માટેનો વષડ્ હો ! (તમારો વષટ્કાર તેનું કલ્યાણ કરો) ! (૧૦૦)

नवनीपवनवासलालसोत्तरमानसे ।
शृङ्गारदेवते मातः श्रियं वासय मे कुले ॥ १०१ ॥

नवनीपवनवास - નવાં નીપવનમાં વાસ માટે लालसोत्तरमानसे - લાલસાવાળા ઉત્તમ મનવાળાં ! शृङ्गारदेवते - શૃંગારદેવતા मातः - હે માતા ! मे - મારા कुले - કુળમાં श्रियम् - લક્ષ્મીને वासय - વસાવો.

નવાં નીપવનમાં વાસ માટે લાલસાવાળા ઉત્તમ મનવાળાં ! શૃંગારદેવતા હે માતા ! મારા કુલમાં લક્ષ્મીને વસાવો ! (=લક્ષ્મીનો વાસ કરાવો) ! (૧૦૧)

भक्त्याभक्त्या वापि पद्यावसन-
श्रुत्या स्तुत्या चैतया स्तौति यस्त्वाम् ।
तस्य क्षिप्रं त्वत्प्रसादेन मातः
सत्याः सन्तु यजमानस्य कामाः ॥ १०२ ॥

भक्त्या-अभक्त्या - ભક્તિથી કે અભક્તિથી वापि - અથવા पद्यावसानश्रुत्या - સ્તોત્રની સમાપ્તિ સુધી, શ્રવણ સુધી स्तुत्या - સ્તુતિથી चेतसा - ચિત્તથી यः - જે त्वाम् - તમને स्तौति - સ્તુતિ કરે છે हे मातः - હે માતા ! तस्य - તે यजमानस्य - યજમાનની कामाः - કામનાઓ त्वत् प्रसादेन - તમારી કૃપાથી क्षिप्रम् - તરત જ सत्याः सन्तु - સંપન્ન થાઓ ! સાચી થાવ.

ભક્તિથી કે અભક્તિથી કે સ્તોત્રની સમાપ્તિ સુધી શ્રવણથી, સ્તુતિથી કે ચિત્તથી, જે તમારી સ્તુતિ કરે છે, હે માતા ! તે યજમાનની કામનાઓ તમારી કૃપાથી તરત જ સંપન્ન થાઓ ! (૧૦૨)

बालिशेन मया प्रोक्तमपि वात्सल्यशालिनोः ।
आनन्दमादिदंपत्योरिमा वर्धन्तु वाङ्गिरः ॥ १०३ ॥

मया - મેં बालिशेन - બાલિશે प्रोक्तम् - કહ્યું હોવા છતાં वात्सल्यशालिनः - વાત્સલ્યવાળા आदिदम्पत्योः - આદિ દંપતીના आनन्दम् - આનંદને इमा - આ वा - અથવા अङ्गिरः - અંગિરાઓને वर्धन्तु - વધારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં બાલિશે કહેલું હોવા છતાં (આ સ્તોત્ર) વાત્સલ્યવાળાં એવાં આદિ દંપતી(=શિવ અને પાર્વતી)ના આનંદને અથવા આ અંગિરાઓની વૃદ્ધિ કરો (૧૦૨)

माधुरीसौरभावासचापसायकधारिणीम् ।
देवीं ध्यायन्पठेदेतत्सर्वकामार्थसिद्धये ॥ १०४ ॥

माधुरीसौरभावास - માધુર્ય અને સુગંધના વાસરૂપ चापसायकधारिणीम् - બાણ અને ધનુષ્ય ધારણ કરનારાં देवीम् - દેવીનું ध्यायन् - ધ્યાન ધરતો सर्वकामार्थसिद्धये - સર્વકામનાઓ અને અર્થની સિદ્ધિ માટે एतत् - આનો पठेत् - પાઠ કરે.

માધુર્ય અને સુગંધના વાસરૂપ અને બાણ અને ધનુષ્યને ધારણ કરનારાં દેવીનું ધ્યાન ધરતો (ભક્ત) સર્વકામનાઓ અને અર્થની સિદ્ધિ માટે આ(સ્તોત્ર)નો પાઠ કરે ! (૧૦૪)

स्तोत्रमेतत्प्रजपतस्तव त्रिपुरसुन्दरि ।
अनुद्वीक्ष्यं भयाद्दूरं मृत्युर्धावति पञ्चमः ॥ १०५ ॥

हे त्रिपुरसुन्दरि - હે ત્રિપુરસુંદરી ! तव - તમારા एतत् - આ स्तोत्रम् - સ્તોત્રને प्रजपतः - જપતા (ભક્ત)ને अनुद्वीक्ष्य - જોઈ,ને भयात् - ભયથી पञ्चमः - પાંચમું मृत्युः - મૃત્યુ दूरं - દૂર धावति - દોડે છે.

હે ત્રિપુરસુંદરી ! તમારાં આ સ્તોત્રને જપતા(ભક્ત)ને જોઈને ભયથી પાંચમું મૃત્યુ દૂર ભાગે છે (=શબ્દશઃ દોડે છે) ! (૧૦૫)

यः पठति स्तुतिमेतां विद्यावन्तं तमम्ब धनवन्तम् ।
कुरु देवि यशस्वन्तं वर्चस्वन्तं मनुष्येषु ॥ १०६ ॥

हे अम्ब - હે માતા ! हे देवि - હે દેવી ! यः - જે एताम् - આ स्तुतिम् - સ્તુતિનો पठति - પાઠ કરે છે तम् - તેને मनुष्येषु - મનુષ્યોમાં विद्यावन्तम् - વિદ્યાવાન धनवन्तम् - ધનવાન यशस्वन्तम् - યશસ્વી वर्चस्वन्तम् - બળવાન कुरु - કરો.

હે માતા ! હે દેવી ! જે આ સ્તુતિનો પાઠ કરે છે, તેને મનુષ્યોમાં વિદ્યાવાન, ધનવાન, યશસ્વી અને બળવાન કરો ! (૧૦૬)

ये शृण्वन्ति स्तुतिमिमां तव देव्यनसूयकाः ।
तेभ्यो देहि श्रियं विद्यामुद्वर्च उत्तनूबलम् ॥ १०७ ॥

ये - જે देव्यनसूयकाः - દેવીની અસૂયા ન કરનારા तव - તમારી इमाम् - આ स्तुतिम् - સ્તુતિને शृण्वन्ति - સાંભળે છે तेभ्यः - તેમને श्रियम् - લક્ષ્મી विद्याम् - વિદ્યા उत् - અને वर्चः - वर्चस् उत्तनूबलम् - ઉત્તમ શારીરિક બળ देहि - આપો.

દેવીની અસૂયા ન કરનારા જે ભક્તો તમારી આ સ્તુતિને સાંભળે છે, તેમને લક્ષ્મી, વિદ્યા, અને ઉત્તમ વર્ચસ્વ અને શારીરિક બળ આપો. (૧૦૭)

त्वामेवाहं स्तौमि नित्यं प्रणौमि
श्रीविद्येषां वच्मि संचिन्तयामि ।
अध्यास्ते या विश्वमाता विराजो
हृत्पुण्डरीकं विरजं विशुद्धम् ॥ १०८ ॥

या - જે विराजः - વિરાટ विश्वमाता - વિશ્વમાતા विरजम् - રજોગુણ રહિત विशुद्धम् - વિશુદ્ધ हृत्पुण्डरीकम् - હૃદયરૂપ કમળમાં अध्यास्ते - વિરાજે છે त्वाम् - તને एव - જ अहम् - હું नित्यम् - નિત્ય स्तौमि - સ્તવું છું प्रणौमि - પ્રણામ કરું છું श्रीविद्येशाम् - શ્રીવિદ્યાની ઈશ્વરીને वच्मि - (માટે) બોલું છું संचिन्तयामि - ચિંતન કરું છું.

જે વિરાટ વિશ્વમાતા રજોગુણસહિત વિશુદ્ધ હૃદયરૂપી કમળમાં બિરાજે છે એવી તને હું નિત્ય સ્તવું છું, પ્રણામ કરું છું શ્રીવિદ્યાની ઈશ્વરીને બોલું છું, ચિંતન કરું છું. (૧૦૮)

शंकरेण रचितं स्तवोत्तमं
यः पठेज्जगति भक्तिमान्नरः ।
तस्य सिद्धिरतुला भवेद्ध्रुवा
सुन्दरी च सततं प्रसीदति ॥ १०९ ॥

यः - જે भक्तिमान् - ભક્તિમાન नरः - માણસ शंकरेण रचितम् - શંકરે રચેલા स्तवोत्तमम् - ઉત્તમસ્તોત્રનો पठेत् - પાઠ કરે છે तस्य - તેને अतुला - અતુલ सिद्धिः - સિદ્ધિ भवेत् - મળે છે (થાય છે) च - અને ध्रुवा - ચોક્કસ सुन्दरी - સુંદરી सततम् - સતત प्रसीदति - પ્રસન્ન થાય છે.

જે ભક્તિમાન માણસ શંકરે રચેલા ઉત્તમ સ્તોત્રનો પાઠ કરે છે તેને અતુલ સિદ્ધિ મળે છે અને (ત્રિપુર) સુંદરી ચોક્કસ પ્રસન્ન થાય છે. (૧૦૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यत्रैव यत्रैव मनो मदीयं
तत्रैव तत्रैव तव स्वरूपम् ।
यत्रैव यत्रैव शिरो मदीयं
तत्रैव तत्रैव पदद्वयं ते ॥ ११० ॥

यत्रैव - જ્યાં यत्रैव - જ્યાં मदीयम् - મારું मनः - મન હોય तत्रैव - ત્યાં तत्रैव - ત્યાં तव स्वरूपम् - તારું સ્વરૂપ છે यत्रैव-यत्रैव - જ્યાં જ્યાં मदीयम् - મારું शिरः - મસ્તક तत्रैव-तत्रैव - ત્યાં ત્યાં ते - તારાં पदद्वयम् - બે ચરણો છે.

જ્યાં જ્યાં મારું મન છે, ત્યા ત્યાં તારું સ્વરૂપ છે, જ્યાં જ્યાં મારું મસ્તક છે, ત્યાં ત્યાં તારાં બે ચરણો છે. (૧૧૦)



इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य
श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतौ
''त्रिपुरसुन्दरीवेदपादस्तोत्रम्'' संपूर्णम् ॥

આ રીતે શ્રીમત્ પરમહંસપરિવ્રાજકાચાર્ય
ભગવત્ પૂજ્યપાદ શ્રી ગોવિન્દના શિષ્ય
શ્રી શંકરાચાર્યની કૃતિ
''त्रिपुरसुन्दरीवेदपादस्तोत्रम्'' પૂર્ણ થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ॐ ॥

॥ श्लोकानुक्रमणिका ॥

अ

अकण्ठेकलङ्का० १२६
अकारादिक्षकारान्त० ३०१
अकिंचित्करकर्मभ्यः ३०१
अकिंचनार्तिमार्जनं २१
अक्षतैर्धवलैर्दिव्यै० २०१
अखण्डे सच्चिदानन्दे ८४
अगाधेऽत्र संसारपङ्के १७१
अगौरनेत्रैः १५६
अग्रे वह्निः पृष्ठे भानू १८५
अग्रे वह्निः १८५
अङ्कोलं निजबीज० २६५
अङ्गं गलितं १८४
अङ्गं हरेः पुलक १५०
अच्युतं केशवं राम ५६
अच्युतं केशवं सत्य ५६
अच्युतस्याष्टकं यः ५८
अजं रुक्मिणीप्राण ६६
अजं शाश्वतं १०३
अज्ञानपङ्कपरिमग्न० १००
अट्टहासभिन्न ७२
अतिमृदुलौ मम चरणौ २७२
अतिविपिदाम्बुधि ७६
अतिशीतमुशीरवासितं २४१
अथ कथमपि २०८
अथ बहुमणिमिश्रैः २४३
अथ मणिमयमञ्च० २४७
अथ मातरुशीरवासितं २४७
अद्राक्षमक्षीण १५४
अनाथो दरिद्रो जरारोग ४६
अनाद्यन्तमाद्य १२३
अन्तःकरणविशुद्धिं २१०
अन्तेवासिन्नस्ति ३०५
अन्धस्य मे हृतविवेक १४८
अन्नपूर्णे सदापूर्णे ११४
अपारकारुण्य १५४
अभिचारादिभिः कृत्यां ३०९
अभिनयकमनीयै० २४६
अमितमुदमृतं २६६
अमू ते वक्षोजावमृत० २९३
अम्भोधरश्यामल ६७
अयं दानकालस्त्वहं १२५
अयःस्पर्शे लग्नं १६०
अयि मधुरे ७६
अरण्ये न वा स्वस्य ७०
अरहसि रहसि २६७
अराला केशेषु प्रकृतिस० २९८
अरालैः स्वाभाव्यादलि० २८६
अरालं ते पालीयुगल० २८९
अर्थमनर्थं १८७
अर्धोन्मीलद्यौवन० ३०५
अलकानन्दे परमानन्दे ११८
अलक्षलक्ष ८०
अलक्ष्यलक्ष ८०
अविज्ञाय परां शक्ति० ३१४
अविद्यानामन्तस्तिमिर० २७५
अविनयमपनय ३२
अविश्रान्तं पत्युर्गुण० २९१
अवीरासनस्थै० १८०
अव्यान्निर्धात २१७
अशनं गरलं फणी २७१
अशेषब्रह्माण्डप्रलय० १६२
असारे संसारे २५२
असिन्धुप्रकोपै० १८०
असीतासमेतै० १८०
असूनायम्यादौ ५९
असौ नासावंशस्तुहिन० २९०
अस्तोकस्तोमशस्त्रै० २१०
अहं निर्विकल्पो २४
अहः सूते सव्यं तव २८६
अहिमिव जनयोगं १००
अहो मृतं स्वनं ८०

आ

आकर्णाकृष्टकामास्त्रसंजातं ३१३
आकाशश्विकुरायते ९७
आकाशेन शिखी समस्त० २६२
अकीर्णे नखराजिकान्ति० २६०
आकृतिसाम्याच्छाल्म० १७
आक्रामद्भ्रयां त्रिलोकी २२१
आखण्डलमदखण्डन० २०८
आगत्य मृत्युंजय चन्द्र० १९९
आगमप्रणवपीठिका० ९१
आचार्येभ्यो लब्ध १८९
आत्मा त्वं गिरिजा ८५, ११
आदावादिपितामहस्य ७४
आदिक्षान्त समस्त० ११२
आदिक्षान्तामक्षर० १०५
आदित्यसोमवरुण ५३
आदौ कर्मप्रसङ्गा० १२७
आदौ कल्पस्य २२४
आदौ विजित्य विषयान् ९९
आद्या विद्या हृद्गता २७२
आद्यायामिततेजसे २६३
आनन्दामृतपूरिता २६१
आनन्दाश्रुभिरातनोति २६५
आनीतेनातिशुभ्रेण २०१
आपत्सु मग्नः स्मरणं ११०
आपादादा च शीर्षात् २३३
आमीलिताक्ष० १५०
आम्नायाम्बुधिमादरेण २५८
आयुर्नश्यति पश्यतां १३१
आरूढभक्तिगुण० २६७
आलेपवन्तं १५५
आशापाशक्लेशदुर्वा० २६८
आशापाशक्लेशविना० १०७
आहुर्यस्य स्वरूपं २१७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इ

इति गिरिवरपुत्री० १४५
इति प्रेमभारेण १७५
इति श्रीभवानि १३८
इति हरिरखिल ६१
इतीमां महच्छ्री० १३९
इत्थं स्तोत्रं १९८
इदं तु नर्मदाष्टकं ८०
इदं ते युक्तं वा परमशिव २७३
इन्द्रादयो नतिनतै० २४३
इन्द्राद्यास्त्रिदशाः ८१
इभचर्माम्बर २०८
इमं सुस्तवं प्रात ५०
इष्टानिष्टप्राप्तिविच्छित्तिहेतुः ३१६
इष्टाविशिष्टमतयो० १५१

ई

ईश गिरीश २०९
ईशत्वनामकलुषा १३३
ईशानादिपदं शिवैक० १४१

उ

उदञ्चद्भुजावल्लरी० ४९
उद्धृतनग ३३
उद्यद्भानुसहस्र १५
उन्नम्रं कम्रमुच्चै० २२४
उपासकानां त्व० १५७
उपासकानां यद्० १५४
उपासते यं १५६
उपास्यमाना विप्रेन्द्रैः ३०२
उपेक्षा नो चेत्किं २५२
उभया दिव्यसु० २०९
उर्वीसर्वजनेश्वरी ११३
उषसि मागधमङ्गल० २३४
उष्णोदकैः पाणियुगं २४१

ऊ

ऊरीकुरु मामज्ञम० २०९

ऋ

ऋषिवरमानसहंस २०९
ऋक्षाधीशकिरीट २०९

ऌ

ऌवर्णद्वन्द्वमवृन्त० २०९

ए

एकं सदिति श्रुत्या २१०
एकान्ते सुखमास्यतां ३१
एकीकृत्यानेक १९५
एकेन चक्रमपरेण १४८
एकेन मुद्रां १५५
एको वारिजबान्धवः २६४
एको वेणुधरो ८३
एणाङ्कानलभानु० १४०
एतच्चम्पकतैलमम्ब २३६
एतत्पठेदष्टकमिष्टदं ६८
एतत्पवनसुतस्य २८
एतस्मिन्मणिखचिते २४७
एतावदेव जननि १३२
एषा भक्त्या तव २४८
एष्यत्येष जनिं मनोऽस्य २६९
एलालवङ्गादिसमन्वितानि २४२
एलाशुण्ठीसहितं २०४
एलोशीरसुवासितैः २३७
एवमेव परापूजा ८५

ऐ

ऐक्यं निजभक्तेभ्यो २१०

ओ

ओतं प्रोतं १९७
ओमिति तव निर्देष्ट्री २१०
ओमित्येतद्यस्य बुधै० १६३

औ

औदास्यं स्फुटयति २१०

क

कंचित्कालमुमामहेश २६९
कचे चन्द्ररेखं कुचे १७३
कण्ठप्रान्तावसज्ज० २२७
कण्ठाकल्पोद्गतैर्यः ३१४
कदम्बमञ्जरीनिर्यद्वा० ३०२
कदम्बवनचारिणीं ३९
कदम्बवनमध्यगां ४०
कदम्बवनवासिनीं ३९
कदम्बवनशालया ४०
कदम्बारुणमम्बाया ३०९
कदम्बसूनकुण्डलं ३५
कदा काले मातः कथय ३००
कदा वसुदलोपेते ३१५
कदा वा कैलासे २५४
कदा वा त्वां दृष्ट्वा गिरिश २५५
कदा वा भवत्पादपोतेन १७३
कदा वा हृषीकाणि साम्यं १७३
कदाचित्कालिन्दी ३७
कनककलशशोभमान० २३४
कनकमयवितर्दिशो० २३४
कनकमयवितर्दिस्थापिते २३५
कन्याभिः कमनीय० १४३
कफव्याहतोष्ण १२२
कमले कमलाक्ष १५३
कम्राकारा २१८
करचरणकृतं वाक् ११
करलग्नमृगः करीन्द्रभङ्गो २६०
करस्थे हेमाद्रौ गिरिश २५५
कराग्रेण स्पृष्टं २९२
करिवरमौक्तिक ७७
करीन्द्राणां शुण्डान्कनक० २९५
करुणावरुणालय २११
करोमि त्वत्पूजां सपदि २५४
कर्णस्थस्वर्णकम्रो० २२९
कर्णाकर्णय मे तत्त्वं ३०८
कर्पूरचूर्णं कपिलाज्यपूतं २०३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्पूरेण युतैर्लवङ्गसहितै०	२४२
कलङ्कः कस्तूरी	२९९
कलत्रं धनं	६९
कलत्रं वैधात्रं कति कति	२९९
कलरवनूपुर	७८
कलाभिरिन्दो०	१५४
कलाभ्यां चूडालंकृत०	२४९
कल्पद्रुमैरभिमतप्रति-	१३४
कल्पलतामिव फलदां	११८
कल्पस्यादौ कारणेशानपि	३०४
कल्पोपसंहतिषु	१३५
कल्याणवृष्टिभिरिवा०	१३२
कल्याणि त्वं कुन्द०	३०७
कल्याणिनं सरसचित्रगतिं	२६८
कल्लोलोल्लसितामृताब्धि०	१४०
कल्हारश्रीमञ्जरीपुञ्जरीतिं	३०५
कल्हारोत्पलमल्लिका०	१४२
कवीनां संदर्भस्तबक०	२८७
कवीन्द्राणां चेतःकमल०	२७८
कस्तूरीतिलका०	६७
कस्तूरीतिलकाञ्चिते	३
कस्त्वं कोऽहं	१८६
का ते कान्ता कस्ते	१८३
का ते कान्ताधनगत	१८४
कान्तं कारणकारणं	६३
कान्तं वक्षो नितान्तं	२२६
कान्त्यम्भःपूरपूर्णे	२२५
कान्त्या निन्दित	१५६
कामं क्रोधं	१८७
का मे भीतिः का क्षतिः	३१२
कारुण्यामृतवर्षिणं	२६२
कालभैरवाष्टकं	७२
कालाम्बुदालिललितो०	१५१
कालिकातिमिरकुन्त-	९२
काशीक्षेत्रं शरीरं	१४
काशी धन्यतमा	८२
काश्यां हि काशते	१४
किं ब्रूमस्तव साहसं	२५७
किं यानेन धनेन	१३१
किरन्तीमङ्गेभ्यः	२७९
किरीटं वैरिञ्चं परिहर	२८१
किरीटोज्ज्वलत्सर्व	६५
कुकर्मी कुसङ्गी कुबुद्धिः	४५
कुचाञ्चितविपञ्चिकां	४०
कुचौ सद्यः स्विद्यत्तट	२९५
कुञ्चितैः कुन्तलैः	५७
कुण्डलत्रिविधकोण०	९०
कुतो वीची	७५
कुरुते गङ्गा	१८५
कुर्वाणोऽपि दुरारम्भांस्तव	३०७
कुर्वे गर्वेणापचारा०	३१३
कूश्माण्डकोशातकिसंयु०	२४१
कूश्माण्डवार्ताकपटोलि०	२०३
कृच्छ्रैः कोटिशतैः	८३
कृपापाङ्गालोकं वितर	१६०
कृपापारावारः	३७
कृपापारावारां	७६
कृष्ण गोविन्द हे	५७
केवलमतिमाधुर्य	२०४
केशोद्भृतैरद्भुतामोदपूरैः	३०४
कैलासशैलविनिवास	५५
कैलासाचल	११२
कैलासे कमनीयरत्नखचिते	१९९
कोटीराङ्गदरत्न	४२
कोऽयं देहे देव	१९६
कोशानेतान्पञ्च	१९३
कोशेषु पञ्चस्वधि०	१४
को ह्येवान्यादात्मनि	१९६
क्रीडार्थं सृजसि	२६६
कणत्काञ्चीदामा करि०	२७६
कणत्किङ्किणीनूपुरो	१३६
कणद्रत्नमञ्जीर	१७६
क्षणमथ जगदम्ब	२४८
क्षणमिव दिवसान्नेष्यति	२१६
क्षत्रत्राणकरी	११३
क्षमामण्डले	६९
क्षितौ षट्पञ्चाशद्०	२७७
क्षिप्रं लोके यं भजमानः	१६५
क्षीरमेतदिदमुत्तमोत्तमं	२४१
क्षुद्व्याधिश्च चिकित्स्यतां	३१
क्षेत्रज्ञत्वं प्राप्य	१९४
क्षोणी यस्य रथो	९६
ख	
खलसहवासं विघटय	२११
ग	
गगनधुनीविमलजलै०	२०५
गङ्गातीरमनुत्तमं	८२
गङ्गाष्टकमिदं पुण्यं	७५
गङ्गास्तोत्रमिदं भवसारं	११९
गजवदनस्कन्दधृते०	२०२
गणेशाभिमुख्याखिलैः	१३८
गणेशैर्ग्रहैरम्ब	१७१
गतं तदेव	७९
गतास्ते मन्नत्वं	२९८
गते कर्णाभ्यर्णं गरुत	२८७
गतैर्माणिक्यत्वं गगनमणि	२८५
गन्धपुष्पयवसर्षप०	२३५
गन्धर्वामर	४३
गन्धसारधनसार०	८९
गभीरे कासारे	२५१
गरलं जगदुपकृतये	२११
गर्भान्तः स्थाः प्राणिन	१६४
गलद्दानगण्डं मिलद्भृङ्गषण्डं	१२३
गलन्ती शंभो	२४९
गले रेखास्तिस्रो	२९२
गाम्भीर्यं परिखापदं	२५९
गिरामाहुर्देवीं	२९९
गिरीशं गणेशं	१०२
गीर्देवतेति	१५२
गुडदधिसहितं	२००

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुणाकरं सुखाकरं ३५
गुरुचरणाम्बुज १८८
गुरुत्वं विस्तारं क्षिति० २९५
गुरुस्त्वं शिवस्त्वं १३९
गुरोरष्टकं यः ७०
गुहायां गेहे वा बहिरपि २५२
गेयं गीतानाम १८७
गोपालं प्रभुलीला ६२
गोपीमण्डलगोष्ठी ६२
गोविन्दादधिकं ९७
गोविन्दाष्टकमेतत् ६४
गौरीविलासभवनाय ५५

घ

घटो वा मृत्पिण्डो० २५०
घनसारगौरगात्र २११
घृतक्षीरद्राक्षामधुमधुरिमा १५८

च

चक्रं सेवे तारकं ३१३
चक्रस्थेऽचपले ४२
चक्षुः प्रेङ्खत्प्रेमकारुण्य० ३१२
चञ्चद्वालातपज्यो० ३१०
चतुःषष्ट्या तन्त्रैः २८२
चतुर्भिः श्रीकण्ठैः २७७
चतुश्चत्वारिंशद्विलसदुप० २०७
चन्द्रापीडानन्दितमन्द० १०५
चन्द्रार्कानल ११३
चन्द्रोद्भासितशेखरे १३०
चपलं मम हृदयकपिं २११
चम्पकपङ्कजकुरवक० २०२
चरणनलिनयुग्मं २४७
चलत्कुन्तलान्त० १३८
चाञ्चल्यारुणलोचनां ३
चाम्पेयगौरार्ध ६७
चारुगोरोचनापङ्क० ३०४
चारुस्थितं सोम १५५
चिताभस्मालेपो ११०
चिदंशं विभुं १२०
चिदानन्दसान्द्राय ५०
चिदानन्दसुधाम्भोधे० ३०८
चिन्तामणिमयोत्तंस० ३१३

छ

छत्रं चामरयोर्युगं ११
छन्दः शाखिशिखान्वितै० २६०
छन्नेऽविद्यारुपपटेनैव १६८
छाया स्थाणोरपि २१२

ज

जगज्जालमेतत्त्वयैवाम्ब १७४
जगत्कर्मधीरान्वचो० १७४
जगत्त्रयीख्यात समस्त० २०१
जगत्पवित्रि मामिका० ३०९
जगत्सूते धाता हरिरवति २८०
जगदम्ब विचित्रमत्र १११
जगन्नाथ मन्नाथ १२४
जगन्मातर्मातस्तव १०९
जटारुणं चन्द्रकलाललामं ३०३
जटिली मुण्डी १८४
जडता पशुता २६७
जननमृतियुतानां २७०
जननि चम्पकतैलमिदं २३९
जपो जल्पः शिल्पं २८१
जम्बीरनीराञ्चितश्रृङ्गबेर २४१
जय कैलासनिवास २१२
जरेयं पिशाचीव १२२
जलच्युताच्युता० ४७
जलजद्युतिना करेण २३६
जलधिमथनदक्षो २७०
जलान्तकेलि ४७
जाग्रत्स्वप्नसुषुप्तिषु ८
जाग्रद्दृष्ट्वा स्थूल १९२
जीमूतश्यामभासा २१८
ज्वलत्कोटिबालार्क० १३६
ज्वालोग्रः सकलामरा० २५७

झ

झणत्क्वणत्कङ्कण ६७
झणुतकझङ्किणु० २१२

ज्ञ

ज्ञप्तिः सर्वशरीरेष्व० २११
ज्ञांशीभूतान्प्राणिन १६७
ज्ञानं विक्षेपावृतिरहितं २१२

ट

टङ्कारस्तव धनुषो २१२

ठ

ठाकृतिरिव तव २१२

ड

डमरुडिण्डिमजर्झर० २४६
डम्बरमम्बुरुहामपि २१३

ढ

ढक्काक्षसूत्रशूलद्रुहिण० २१३

ण

णाकारगर्भिणी २१३
णानेत्येवं यन्मनुमध्यस्थित० १६५

त

तज्ज्ञानं प्रशमकरं ९९
तडित्वन्तं शक्त्या २८४
तटिद्वर्णे वस्त्रे ९३
तटिल्लेखातन्वीं २७९
तटिद्वाससं नील ६४
तत्त्वार्थमन्तेवस० १५५
तत्र कामेशवामाङ्गे ३०४
तत्र वप्रावलीलीला ३०३
तत्रैव चिन्तामणिधो० ३०२
तथान्ये विकल्पेषु १७२
तनीयांसं पांसुं २७४
तनुच्छायाभिस्ते २७८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तनोतु क्षेमं नस्तव २८५
तपनीयमयी सुतूलिका २३५
तप्तस्वर्णच्छायजटा० १६५
तरङ्गभ्रुकुटीकोटिभङ्गया ३०२
तरङ्गसङ्गसैकता ४७
तरुणारुणमुखकमलं २६
तव चेन्मातः स्रोतः स्नातः ११८
तव जलममलं येन ११७
तव तत्त्वं विमृशतां ३१४
तव देवि गुणानुवर्णने २४६
तव देवि सरोजचिह्नयोः २४७
तव मन्वतिसंजपतः २१३
तव स्तन्यं मन्ये २९४
तव स्वाधिष्ठाने २८४
तव हितमेकं वचनं १८
तवाज्ञाचक्रस्थं २८३
तवाधारे मूले सह २८५
तवानुग्रहनिर्भिन्न० ३१५
तवापर्णे कर्णेजपनयन २८९
तस्य मध्ये मणिद्वीपः ३०२
तस्मै नमः परमकारण ५१
तामेवाद्यां ब्रह्म० ३१०
ताम्बूलनिर्जितसुतप्त० २४२
तारुण्योत्तुङ्गितकुचे ३१३
तावत्सर्वं सत्यं १९७
तितीर्षया भवाम्भोधे० ३०७
तुभ्यं मातर्योऽञ्जलिं ३१७
तेजःस्तोमैरङ्ग० १६४
त्रयाणां देवानां २८०
त्रयीवेद्यं हृद्यं २५०
त्रिकालाढ्यां त्रिहल्लेखां ३१६
त्रैविष्टपरिपुवीरघ्नं ६२
त्यक्त्वा गृहे रतिमधो ९९
त्यक्त्वा ममाहमिति ९९
त्यक्त्वैषणात्रय ११०
त्वत्तीरे मणिकर्णिके ८१
त्वत्तीरे मरणं ८३
त्वत्तो जगद्भवति १०४
त्वत्प्रभुजीवप्रिय० १७
त्वत्पादाम्बुजमर्चयामि २५६
त्वत्पादुकानुसंधान० ३१५
त्वदम्बुलीन ७९
त्वदन्यः पाणिभ्यामभय० २७५
त्वदन्यः शरण्यः १२५
त्वदन्यस्मादिच्छाविषय० १६१
त्वद्भक्तानामम्ब ३११
त्वदीयं सौन्दर्यं तुहिन० १६२
त्वदीयं सौन्दर्यं निरति० २७७
त्वदुन्मेषलीलानुबन्धा १७३
त्वमर्कस्त्वमिन्दु० १३८
त्वमाचामोपेन्द्र ९३
त्वमेको लोकानां २५३
त्वमेव कारणं कार्यं ३०६
त्वमेवासि दैवं परं १७७
त्वया हत्वा वामं २८०
त्वयि मयि चान्यत्रैको १८६
त्वामेवाहं स्तौमि ३१९

थ

थूत्कारस्तस्य मुखे २१३

द

ददाने दीनेभ्यः २९८
दद्याद्दयानुपवनो १५१
दधिदुग्धघृतैः २३६
दध्याज्यादिद्रव्यक० १६५
दयनीयश्च दयालुः २१३
दरिद्रं मां विजानीहि ३११
दशाङ्गं धूपं ९४
दक्षप्रजापतिमहा ५२
दामोदर गुणमन्दिर ३३
दारिद्र्याब्धौ देवि ३१६
दिक्कालौ वेदयन्तौ २२९
दिग्धस्तिभिः १५३
दिनयामिन्यौ सायं प्रातः १८४
दिव्यधुनीमकरन्दे ३२
दुःखाम्भोधिगतो ८२
दुग्धैर्मध्वाज्ययुक्तै० १२९
दुराशाभूयिष्ठे दुरधि० २५३
दुष्टान्दैत्यान्हन्तुकामां ३०६
दूरीकृतसीतार्तिः २७
दूरीकृतानि दुरितानि २७२
दूर्वया सरसिजान्वित० २३५
दृगन्ते विलोला १७४
दृशा द्राधीयस्या २८९
दृश्यादृश्यविभूति० ११२
दृष्टा गीतास्वक्षरतत्त्वं १९४
देवतान्तरमन्त्रौघ० ३०५
देवराजसेव्यमान ७१
देवि सर्वानवद्याङ्गि ३०६
देवि सुरेश्वरि भगवति ११७
देवी सर्वविचित्र ११३
देवो भीतिं विधातुः २२३
देहाभिमानं परिहृत्य १९
देहं प्राणमपीन्द्रियाण्य० ८७
दैवतानि कति १५६
द्रुततरतुरगैर्विराज० २४४
द्वन्द्वैकत्वं यच्च १९५

ध

धनुः पौष्पं मौर्वी २७५
धम्मिल्ले तव देवि २३८
धर्मसेतुपालकं ७१
धर्मस्थापनदक्ष २१३
धर्मो मे चतुरङ्घ्रिकः २५९
धाम्नां धाम प्रौढरुचीं १६६
धीयन्त्रेण वचोघटेन २५९
धुनोतु ध्वान्तं नस्तुलित० २८५
धृतिस्तम्भाधारां दृढ० २५४
धेनुकारिष्टहा० ५७
धैर्याङ्कुशेन निभृतं २७३
ध्यात्वा चित्ते शिवाख्यं १२९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ध्यानाञ्जनेन समवेक्ष्य २६७
ध्वनिध्वंसवीणालयो० ४९

न

नखानामुद्योतैर्नव० २९३
नखैर्नाकस्त्रीणां २९७
नग्नो निःसङ्गशुद्ध० १२९
न च प्राणसञ्ज्ञो २३
न जानामि दानं ४४
न जानामि पुण्यं ४५
न तातो न माता ४४
नतिभिर्नुतिभिस्त्वमीश २७१
नतेतरातिभीकरं २०
ननु ताडितोऽसि २१४
न पुण्यं न पापं २३
न भूमिर्न चापो १०३
न भोगे न योगे ७०
नमः शिवाभ्यां कलिना० ११५
नमः शिवाभ्यां जगदी० ११५
नमः शिवाभ्यां जटिलं० ११६
नमः शिवाभ्यां नवयौव० ११४
नमः शिवाभ्यां परमौष० ११५
नमः शिवाभ्यां पशुपा० ११६
नमः शिवाभ्यां रथवा० ११५
नमः शिवाभ्यां विषमे० ११६
नमः शिवाभ्यां वृषवा० ११४
नमः शिवाभ्यां सरसो० ११४
नमः शिवाभ्यामतिसु० ११५
नमः शिवाभ्यामशुभाप० ११५
नमः सच्चिदानन्द १७७
न मन्त्रं नो यन्त्रं १०८
नमस्कारोऽष्टाङ्ग ९५
नमस्ते नमस्ते १०३
नमस्ते नमस्ते १७८
नमस्ते सुमित्रासुपुत्रा० १८१
न मे मृत्युशङ्का २३
न मे रागद्वेषौ २३

न मोक्षस्याकाङ्क्षा ११०
नमो गौरीशाय २०६
नमो भक्तियुक्तानुरक्ताय १७८
नमोवाकं ब्रूमो २९६
नमोवाकमाशास्महे १७३
नमो विश्वकर्त्रे १७८
नमोऽस्तु नालीक १५२
नम्राङ्गाणां भक्तिमतां १६३
नरं वर्षीयांसं २७७
नरत्वं देवत्वं नगवन० २५१
नरातङ्कोट्टङ्कः ६०
नलिनीदलगतजल० १८२
नवजलदद्युति ७७
नवनीपवनवास० ३१८
नवरत्नमये मयार्पिते २३७
न विस्मरामि चिन्मू० ३१२
नवीनार्कभ्राजन्मणि० १५९
न वै प्रार्थ्यं ३८
न शक्नोमि कर्तुं १२६
नाकस्त्रीणां किन्नरीणां ३१५
नागररामठयुक्तं २०५
नागेन्द्रहाराय १२
नादे नारद० ४३
नानाकारैः शक्तिकदम्बैः १०७
नानाच्छिद्रघटोदर० ८७
नानायोगिमनीन्द्र १६
नानारत्नगुलुच्छालीका० ३०३
नानारत्नविचित्र १११
नानाहेमविचित्राणि २०१
नाभीनालीकमूलात् २२५
नाराधितासि विधिना ११०
नारायण करुणामय ३३
नारीस्तनभरनाभीदेशं १८२
नालं वा परमोपकारकमिदं २५६
नालं वा सकृदेव देव २५७
नासन्न सन्न सदसन्न १००
नाहं प्राणो नैव १९७

नाहं मन्ये दैवतं ३०६
निजे मानसे मन्दिरे १७७
नितान्तकान्तदन्त० २१
नित्यं योगिमनःसरोज० २६९
नित्यं स्नेहातिरेकात् २२८
नित्यं स्वोदरपूरणाय २६४
नित्यः शुद्धो निष्कल १०६
नित्यमेव नियमेन जल्पतां ९२
नित्यानन्दकरी १११
नित्यानन्दरसालयं २६१
नित्याय त्रिगुणात्मने २६३
निमेषोन्मेषाभ्यां प्रलयमुदयं २८८
निरञ्जनस्य किं ८५
निर्मलस्य कुतः ८४
निर्लेपस्य कुतो ८४
निवासः कैलासे १६१
निवृत्तिः प्रतिष्ठा च १७१
निसर्गक्षीणस्य २९५
निहितं कनकस्य २३६
नीराजनं निर्मलदीप्ति० २०६
नूनं सिंहासनेश्चर्या० ३१५
नो वा यागैर्नैव ३०८
नो शक्यं स्मार्तकर्म १२९

प

पञ्चब्रह्ममयो मन्त्रस्तत्र ३०३
पञ्चाक्षरं पावन १९
पञ्चास्त्र शान्त पञ्चास्य २००
पतितोद्धारिणि जाह्नवि ११७
पदं ते कीर्तीनां २९७
पदन्यासक्रीडापरि० २९८
पदे पदे यत्परिपूजकेभ्यः २४६
पदे पदे सर्वतमोनिकृन्तनं २०६
पद्मकान्तिपदपाणि० ९१
पद्मानन्दप्रदाता २२८
पद्मावदातमणि ५२
पयोम्भोधेर्द्वीपात् ९३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परब्रह्मापीडः ३८
परागमद्रीन्द्रसुते ३०६
पराजेतुं रुद्रं द्विगुण० २९६
परात्मानमेकं १०२
परित्यक्ता देवा १०९
परिधीकृतसप्तसागरं २४५
परिमातुं तव मूर्ति २१४
पर्यङ्कतल्पोपरि ३०३
पवित्रं चरित्रं १७९
पवित्रीकर्तुं नः पशुपति० २८८
पशुं वेत्सि चेन्मां १२६
पशूनां पतिं पापनाशं १०२
पश्यञ्शुद्धोऽप्यक्षर १९२
पश्यञ्शृण्वन्नत्र १९२
पातात्पातालपातात् २३०
पातालं यस्य नालं २२४
पादाम्भोजन्मसेवा २२२
पापोत्पातविमोचनाय २५९
पायाद्भक्तं स्वात्मनि १९८
पारिजातशतपत्रपाटलै० २३९
पीठीभूतालकान्तं २३१
पीतेन द्योतते २२३
पुनरपि जननं १८६
पुनरसदङ्गे पुण्यतरङ्गे ११८
पुंनागनीलोत्पलकुन्द० २०६
पुंनागमल्लिकाकुन्द० २०५
पुंस्कोकिलकलक्काण० ३०५
पुरः प्राञ्जलीनाञ्जनेया० १७६
पुरंदरपुरन्ध्रिका० ४१
पुरारातेरन्तःपुरमसि २९९
पुष्पवत्फुल्लताटङ्कां ३१८
पूजाद्रव्यसमृद्धयो विर० २७१
पूजामिमां पठे० २४८
पूजामिमां यः २४८
पूर्णस्यावाहनं ८४
पृथिव्यां तिष्ठन्यो ५९
पृथिव्यां पुत्रास्ते जननि १०९
पौरोहित्यं रजनिचरितं १३१
प्रकाशज्जपारक्तरत्न० ४९
प्रकृत्या रक्तायास्तव २९०
प्रचण्डप्रतापप्रभावा० १७९
प्रचरत्यभितः प्रगल्भवत्त्या २७३
पञ्चामात्रं प्रापितसंविन्निज० १६७
प्रजेशं रमेशं महेशं ४५
प्रणम्यासकृत्पादयास्त ६५
प्रणामं भवाब्धे ६५
प्रत्यहं भक्तिसंयुक्तो २४९
प्रत्याहारध्यानसमाधि० १०५
प्रत्याहारप्राणनिरोधा० १६७
प्रदक्षिणा ह्यनन्तस्य ८५
प्रदीपज्वालाभि० ३००
प्रदीप्तरत्नोज्ज्वल ६८
प्रपञ्चसृष्ट्युन्मुख ६८
प्रभूता भक्तिस्ते यदपि १६०
प्रभो शूलपाणे १०३
प्रभुस्त्वं दीनानां खलु २५२
प्रलोभाद्यैरर्थाहरण० २५४
प्रसीद प्रसीद प्रचण्ड १८१
प्रह्लादनारदपराशर १४९
प्राक्पुण्याचलमार्ग० २५८
प्राणानायम्योमिति १८९
प्राणायामं प्रत्याहारं १८७
प्राणो वाहं वाक् १९६
प्रातःकाले भावविशुद्धः १०७
प्रातः पाहि महाविद्ये ३०८
प्रातः समुत्थाय शिवं ६
प्रातः स्तुवे २९
प्रातः स्मरामि खलु ७
प्रातः स्मरामि गणनाथ १
प्रातः स्मरामि भवभीतिमहा० ४
प्रातः स्मरामि भवभीतिहरं० ५
प्रातः स्मरामि रघुनाथ २४
प्रातः स्मरामि ललिता २८
प्रातः स्मरामि हृदि २
प्रातर्नमामि गिरिशं ५
प्रातर्नमामि चतुरानन १
प्रातर्नमामि तमसः २
प्रातर्नमामि तरणीं ७
प्रातर्नमामि मनसा ४
प्रातर्नमामि रघुनाथ २५
प्रातर्नमामि ललिता २९
प्रातर्भजामि भजता ५
प्रातर्भजामि मनसां २
प्रातर्भजामि रघुनाथ २४
प्रातर्भजामि ललिता २८
प्रातर्भजामि शिवमेक ६
प्रातर्भजामि सवितार ७
प्रातर्भजाम्यभयदं १
प्रातर्लिङ्गमुमापतेरहरहः २०७
प्रातर्वदामि ललिते २९
प्रातः श्रये श्रुतिनुतां २५
प्रातर्वदामि वचसा २५
प्राप्तं पदं प्रथमतः १५१
प्रियगतिरतितुङ्गो २४४
प्रौढोऽहं यौवनस्थो १२८

फ

फलमिह नृतया २१४
फलाद्वा पुण्यानां २५३

ब

बटुर्वा गेही वा २५२
बद्ध्वा गले यमभटा १४८
बन्धूकाभैर्भानु० ३०८
बहुभिरगुरुधूपैः २३७
बहुविधपरितोष० २६६
बलमारोग्यं चायु० २१४
बाणत्वं वृषभत्वमर्धवपुषा २७०
बालस्तावत्क्रीडासक्तः १८३
बालार्कद्युतिदाडिमी० २३७
बाल्यादिष्वपि जाग्रदादिषु ८८
बाल्ये दुःखातिरेका० १२७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



बालिशेन मया प्रोक्तमपि ३१८
बाह्वन्तरे मधुजितः १५०
बीजस्यान्तरिवाङ्कुरो ८६
बुद्धिः स्थिरा भवितु० २६८
ब्रह्मन्ब्रह्मण्यजिह्मां २२८
ब्रह्माण्डं खण्डयन्ती ७३
ब्रह्मा विष्णू रुद्र १९२
ब्रह्मेन्द्ररुद्रमरुदर्क १४५
ब्रह्मेशाच्युत ४२
ब्रह्मैवाहमिदं जगच्च ८

भ

भक्तिर्महेशपद० २६८
भक्तो भक्तिगुणावृते २५८
भक्त्याभक्त्या वापि ३१८
भगवति तव तीरे ७५
भगवति भवलीला ७३
भगवद्गीता किंचिदधीता १८५
भगवन्भर्ग भयापग २१४
भज गोविन्दं १८२
भजे व्रजैकमण्डलं ३४
भण्ड भण्डनलीलायां ३१०
भद्रारूढं भद्रमारा० १६४
भवानि तव पादाब्ज० ३०८
भवानि त्वं दासे २७९
भवानि स्तोतुं त्वां १५८
भवानी भवानी भवानी १४०
भवाब्धावपारे ४४
भवोत्तापाम्भोधौ ७८
भस्माङ्गरागकृत ५२
भागीरथि सुखदायिनि ११७
भानुकोटिभास्वरं ७१
भास्वन्मौक्तिकतोरणे २००
भुक्तिमुक्तिदायकं ७१
भुजङ्गप्रयातं पठे० १२३
भुजङ्गप्रयातं परं १८१
भुजाश्लेषान्नित्यं २९२
भुजे सव्ये वेणुं ३७
भुवो भरावतारकं ३५
भूतसङ्घनायकं ७२
भूत्यै भवानि त्वां वन्दे ३१७
भूदारतामुदवह० २६७
भूरम्भांस्यनलोऽनिलो० ८८
भूरिभारधरकुण्डलीन्द्र ९०
भो भुवनेश्वरि पुण्ये ११९
भृङ्गीच्छानटनोत्कटः २६२
भ्रमदलुलितलोल० २४५
भ्रमदलिकुल २४५
भ्रान्त्वा भ्रान्त्वा यदन्त २३२
भ्रुवौ भुग्ने किंचिद्भ्र० २८६

म

मकरन्दझरीमज्ज० ३०३
मज्जन्मातङ्ग ७४
मञ्जीरे पदयोर्निधाय २३८
मणिमुकुरे निष्पटले २०२
मणिमौक्तिकनिर्मितं २३५
मणिस्यूतताटङ्कशो० १७२
मत्तो मारो यस्य १६६
मत्समः पातकी नास्ति १११
मत्स्यः कूर्मो वराहो २३२
मत्स्यादिभिरवतारैः ३३
मद्वश्या ये दुराचारा ३०७
मधुकरवृतकुम्भ० २४४
मधुवनचारिणि ७६
मध्याह्ने मणि० ८३
मनस्ते पादाब्जे २५१
मनस्त्वं व्योम त्वं २८३
मनोजगर्वमोचनं ३४
मनोज्ञरम्भावनखण्ड० २०४
मनो निवृत्तिः १४
मनोबुद्ध्यहंकार २३
मन्दाकिनीसलिल० १२
मन्दा निन्दालोलुपाहं ३०२
मन्दारकुन्दकरवीर० २३९
मन्दारमल्लीकरवीर० २००
मन्दारमाला ६७
मम न भजनशक्तिः २०५
ममाद्यदेवो १५४
मलापहारि ४६
महति कनकपात्रे २४२
महागणेशपञ्चरत्न० २२
महागभीर ७९
महादेव देवेश १२५
महान्तं विश्वासं तव १६०
महामन्त्रराजान्तबीजं १७२
महाम्भोधेस्तीरे ३७
महायोगपीठे तटे ६४
महायोगपीठे परि० १२०
महारत्नपीठे १७६
महिमा तव न हि माति २१४
महीं मूलाधारे कमपि २७६
महेन्द्रादिर्देवो ५९
महेशं सुरेशं १०२
महेश्वरि महामन्त्रकूट० ३११
मह्यं द्रुह्यन्ति ये ३११
मा कुरु धनजन १८४
मा गच्छ त्वमितस्ततो २६०
माणिक्यकेयूरकिरीट० २०२
माणिक्यपादुकाद्वन्द्वे २०२
मातः काञ्चनदण्ड० २४३
मातः कुङ्कुमपङ्कनिर्मि० २३६
मातः फालतले २३८
मातर्जाह्नवि ७५
मातस्त्वां दधिदुग्ध० २४०
माता च पार्वती ११४
माधुरीसौरभावास० ३१९
मार्गावर्तितपादुका २६५
मार्ताण्डमण्डलनिभो २४३
मालतीवकुलहेम० २३९
मालालीवालिधाम्रः २३१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मुक्ताकुन्देन्दुगौरां २४८
मुक्तातपत्रं शशिकोटि० २०२
मुक्ताहारलसत्कि० १५
मुखं बिन्दुं कृत्वा २७९
मुखनयनविलास० २४५
मुखे ते ताम्बूलं १५८
मुग्धा मुहुर्विदधती १५०
मुञ्च वञ्चकतां चित्त ३१२
मुदा करात्तमोदकं २०
मुदिताय मुग्ध० १५७
मुनिभिः स्वात्मलाभाय ३०३
मुरारिकाय कालिमा ४६
मूढ जहीहि १८२
मूर्तामूर्ते पूर्व० १९७
मूर्तिच्छायानिर्जित० १६५
मूलाधारादुत्थितवीथ्या १०६
मूलाधारादूर्ध्वमन्त० ३११
मूलं तरोः केवल १९
मृणालीमृद्वीनां तव २९२
मृत्स्नामत्सीहेति ६१
मृषा कृत्वा गोत्रस्खल० २९७
मृषान्यो मृषान्यः १७१
मेधावी स्यादिन्दुवतंसं १६६
मोदात्पादादिकेश २३४
मोहध्वस्त्यै वैणिक० १६४
मौक्तिकचूर्णसमेतै० २०५

य

यं ब्रह्माख्यं १९०
यं विज्ञानज्योतिषं १९८
यः पठति स्तुतिमेतां ३१९
यः श्लोकपञ्चकमिदं २९
यक्षस्वरूपाय जटाधराय १३
यतः सर्वं जातं ५८
यत्कटाक्षसमुपासना० १५२
यत्र प्रत्युप्तरत्न २३२
यत्सौख्याम्बुधिलेश ९
यत्रैव यत्रैव मनो ३१९
यथा बुद्धिः शुक्तौ २५१
यथोपास्तिक्षतिर्न ३१३
यदन्नादिभिः पञ्चभिः १६९
यदा कृताम्भोनिधि० २७१
यदा तदा यथा तथा ३६
यदा धर्मग्लानिः ६०
यदा मत्समीपं १७७
यदावर्णयत्कर्णमूले १७६
यदेतत्कालिन्दीतनुतर० २९४
यद्यद्वेद्यं तत्तदहं १९०
यद्यद्वेद्यं वस्तु १९०
यमनियमादिभिरङ्गै० २१५
यमेकाक्षरं निर्मलं ५०
यशो मे गतं ७०
यस्ते प्रसन्ना० १५७
यस्ते राकाचन्द्रबिम्बा० ३१६
यस्मादन्यन्नास्त्यपि १८९
यस्मादाक्रामतो द्यां २२०
यस्माद्वाचो निवृत्ताः २३३
यस्यां दृष्ट्वामलायां २२१
यस्याः कुक्षौ लीनमखण्डं १०६
यस्याज्ञानादेव नृणां १६७
यस्यातर्क्यं स्वात्म० १९४
यस्या दाम्ना २२३
यस्यामिदं कल्पित० १४
यस्यामोतं प्रोतमशेषं १०७
यस्यासन्धरणीजला० ९८
यस्यैकांशादित्थ० १८८
यस्यैव स्फुरणं सदात्मकम० ८७
यः श्लोकपञ्चकमिदं पठते ३२
यः श्लोकपञ्चकमिदं प्रयतः २५
या तिर्यङ्नरदेवता ९
यावत्पवनो निवसति १८३
यावद्वित्तोपार्जनसक्त १८२
या वर्णपदवाक्यार्थ० ३०१
या वायावानुकूल्यात् २२६
या सूते सत्त्वजालं २१९
युक्त्यालोड्य व्यास १९५
येन ज्ञातेनैव समस्तं १६६
येनापादितमङ्गजाङ्गभसितं ९६
येनाविष्टो यस्य १९३
येभ्यो वर्णश्चतुर्थः २२१
येभ्योऽसूयद्भिरुच्चैः २२०
ये शृण्वन्ति स्तुतिमिमां ३१९
येषां हृदये गङ्गाभक्तिः १११
ये संपन्नाः साधनै० ३०९
यैषा रम्यैर्मत्तमयूरा० १६८
योगक्षेमधुरंधरस्य २५८
योगरतो वा भोगरतो १८५
योगानन्दकरी ११२
योऽयं देहे चेष्टयिता० १९५
यो वा यद्यत्कामना० ३१६
यो विश्वप्राणभूत० २१८

र

रक्तोत्पलारक्तलता० २४६
रज्जावहिरिव शुक्तौ २१५
रणत्क्षुद्रघण्डानिनाद० ४९
रणे जित्वा दैत्यानपहृत० २९१
रत्नैश्छत्रैश्चामरैर्द० ३१०
रत्नपादुकाप्रभा० ७२
रत्नाक्षतैस्त्वां २३८
रत्नालंकृतहेमपात्र० २४०
रत्नैः कल्पितमासनं १०
रथारूढो ३८
रथ्याकर्पटविरचित १८६
रम्भाचूतकपित्थकण्टक० २०४
रागामुक्तं १९८
राजान्नं मधुरान्वितं २०३
राहुग्रस्तदिवाकरेन्दुसदृशो ८७
राक्षसक्षोभितः ५७
रूक्षस्मारेक्षुचाप २३०
रेखा लेखादिवन्याः २२०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



रे रे चित्त त्वं वृथा ३१०
रोगं शोकं तापं पापं ११८
रोधस्तोयहृतः २६४

ल

लक्ष्माकारालकालि० २३०
लक्ष्मीनृसिंहचरणाब्ज १४९
लक्ष्मीपते कमलनाथ १४८
लक्ष्मीभर्तुर्भुजाग्रे २१७
लक्ष्मीमुज्ज्वलयामि १४३
लक्ष्मीमौक्तिकलक्ष० १४४
लक्ष्ये योगिजनस्य १४१
लक्ष्येषु सत्स्वपि कटाक्ष० १३४
लग्नं सदा भवतु मात० १३५
लपन्नच्युतानन्त १२२
लब्ध्वो भवत्प्रसाद० २१५
लब्ध्वा सकृत्त्रिपुरसुन्दरि १३३
लम्बत्सपिङ्गलजटा ५२
ललाटं लावण्यद्युति० २८६
ललितेति सुधापूर० ३०९
लसच्चन्द्रिकास्मेर १७६
लसत्कुण्डलामृष्ट १२१
लसत्तरङ्गसङ्ग ४७
लसत्तारहारामति० १७२
लसद्वृत्तमुत्तुङ्ग० १३७
लाक्षासंमिलितैः २४०
लीलालब्धस्थापितलुप्ता० १०५

व

वक्त्रं धन्याः संसृति० १६४
वक्त्राम्भोजे लसन्तं २२९
वक्षस्ताडनमन्तकस्य २६५
वक्षस्ताडनशङ्कया २६६
वचसा चरितं वदामि २७१
वरमिह नीरे कमठो ११९
वयसि गते १८३
वर्तित्रयोपेतमखण्डदीप्त्या २०३
वसन्ते सानन्दे कुसुमि० १६२
वसिष्ठकुम्भोद्भव० १३
वसुधातद्धरतच्छ० २१५
वस्त्रोद्धूतविद्यौ सहस्रकरता २५६
वश्ये विद्रुमसंकाशां ३१८
वहत्यम्ब स्तम्बेरम० २९३
वाक्यार्थश्च विचार्यतां ३१
वाग्देवीति त्वां ३०९
वाग्भूगौर्यादिभेदैः २१९
वानरनिकराध्यक्षं २७
वामाङ्कस्थामीशितु० ३१८
वारणाननमयूरवाहमुख० ९१
वाराणसीपुरपते ५४
वार्धक्ये चेन्द्रियाणां १२८
विजातीयैः पुष्पैः ९४
विज्ञानांशो यस्य १९६
विदग्धगोपिका ३६
विदेशेषु मान्यः ६९
विधेरज्ञानेन द्रविण १०८
विद्युदुद्योतवत्प्र० ५७
विद्युद्वल्लीकन्दलीं ३१४
विद्रावितशेष १५४
विद्वन्मुख्यैर्विद्रुमाभं ३१२
विधात्री धर्माणां त्वमसि १५९
विना यस्य ध्यानं ६०
विनोदाय चैतन्यमेकं १७०
विपञ्चीषु सप्तस्वरा० २४६
विपञ्च्या गायन्ती २९१
विभक्तत्रैवर्ण्य व्यतिकरित० २८८
विभुं वेणुनादं ६६
विराजन्मन्दारद्रुम० १५८
विरिञ्चिः पञ्चत्वं २८०
विरिञ्चिमुख्यामरबृन्द० २०६
विरिञ्चिर्दीर्घायुर्भवतु २५३
विरिञ्च्यादिभिः पञ्चभिः १६९
विरिञ्च्यादिरूपैः १७०
विरूपाक्ष विश्वेश १२५
विवादे विषादे प्रमादे ४५
विशालश्रीखण्डद्रवमृग० १६२
विशालनीलोत्पल ६७
विशाला कल्याणी २८७
विशुद्धं परं सच्चिदा० १७५
विशुद्धं शिवं १२०
विशुद्धमुक्ताफलजालरम्यं २०१
विशुद्धौ ते शुद्धस्फटिक० २८३
विश्वं दर्पणदृश्यमाननग० ८६
विश्वं पश्यति कार्यकारण० ८८
विश्वत्राणैकदीक्षा० २२७
विश्वानन्दपितुस्तस्य ८५
विश्वामरेन्द्र १५०
विश्वेश विश्वभवनाशक ५५
विष्णवे जिष्णवे ५६
विष्णुब्रह्मसुराधिप० ९८
विष्णुर्यस्य सहस्र० ९७
विष्णोः पादद्वयाग्रे २२१
विष्णोर्विश्वेश्वरस्य २१९
विष्णवाद्याश्च पुरत्रयं ९६
विहाररासखेद ४७
वीणानादनिमीलिता० ४३
वीताखिलविषयेच्छं २६
वृन्दावनभुवि ६३
वृषो वृद्धो यानं १६१
वेदपादस्तवं वक्ष्ये ३०१
वेदान्तवाक्येषु १९
वेदान्तैश्चाध्यात्मिक १९३
वेदो नित्यमधीयतां ३०
वैरिञ्चोघैर्विष्णुरुद्रेन्द्र० ३१७
व्यालम्बिनीभिः १५७

श

शंकरेण रचितं स्तवोत्तमं ३१९
शंभुध्यानवसन्तसङ्गिनि २६१
शंभो महेश १०४
शतपत्रयुतैः स्वभावशीतैः २४५
शत्रौ मित्रे पुत्रे बन्धौ १८६
शब्दब्रह्ममयी ४४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शम्बरवैरिशरातिग० २७
शरच्चन्द्रबिम्बाननं ६५
शरणं करवाण्यम्ब ३१०
शरण्ये वरेण्ये १३९
शरज्ज्योत्स्नाशुद्धां २७८
शरत्पूर्णचन्द्र० १३७
शरदिन्दुमरीचिगौर० २४३
शरीरं कलत्रं १२२
शरीरं त्वं शंभोः २८३
शरीरं सुरूपं ६९
शरीरेऽतिकष्टे रिपौ १७०
शरीरे धनेऽपत्यवर्गे १७०
शरेष्वेव नासा १७४
शर्व देव सर्वोत्तम २१५
शश्वन्नश्वरमेव विश्व ९
शान्तो दान्तो देशिकेन्द्रं ३०६
शान्त्यैरनन्यमति १००
शिरीषप्रसूनोल्लस० १३७
शिलापि त्वदङ्घ्रिक्षमा १७८
शिवं नित्यमेकं १७५
शिवः शक्तिः कामः २८२
शिवः शक्त्या युक्तो २७४
शिव तव परिचर्या० २७०
शिवाकान्त शंभो १०२
शिवाय गौरीवदना० १२
शिवाष्टकमिदं पुण्यं ५३
शिवे नमन्निर्जरकुञ्ज० ३०४
शिवेशानतत्पूरुषा० १२४
शिवे शृङ्गारार्द्रा २८७
शीतलं मधुरं स्वच्छं २०३
शुक्तौ रजतप्रतिभा १७
शुभपुलिने ७७
शूलटङ्कपाश ७१
शैलेन्द्रादवतारिणी ७४
शौरिं सत्यगिरं ९७
श्रद्धाभक्तिध्यान १९४
श्रिया शातकुम्भद्युति १२१
श्रियाश्लिष्टो विष्णुः ५८
श्रीगन्धं धनसारकुङ्कुमयुतं २०१
श्रीचक्रस्थां शाश्वतै० ३०७
श्रीमत्पयोनिधिनिकेतन १४५
श्रीमत्प्रसन्नशशि ५१
श्रीमत्यौ चारुवृत्ते २२२
श्रीमत्सुन्दरनायकीं १६
श्रीमन्त्राक्षरमालया १४४
श्रीमन्महेश्वर कृपामय ५५
श्रीविद्यां शिववाम० १६
श्रीविद्ये शिववाम० ४२
श्रुतीनां मूर्धानो २९६
श्रुतीनामगम्ये १३९
श्रुत्यै नमोऽस्तु १५२
श्लोकत्रयमिदं पुण्यं लोक० २
श्लोकत्रयमिदं भानोः ७
श्लोकत्रयमिदं पुण्यं सदा १
श्वपाको जल्पाको भवति १०९

ष

षडङ्गादिवेदो ६९
षडाधारपङ्केरुह० १३६
षड्रिपुषडूर्मि २१५
षोढान्यासादिदेवैश्च ३०५

स

संध्या घर्मदिनात्ययो २६३
संध्यारम्भविजृम्भितं २६२
संपत्कराणि सकलेन्द्रिय० १३५, १५२
संपूर्णं जगदेव नन्दनवनं १०१
संभूयाम्भोधिमध्यात् २२६
संसारकूपमतिघोर १४६
संसारघोरगहने १४७
संसारजालपतितस्य १४६
संसारदावदहना० १४६
संसारभीकरकरीन्द्र १४६
संसारवृक्षमखबीज १४७
संसारसर्पविषदिग्ध १४६
संसारसागरनिमज्जन १४७
संसारसागरविशाल १४७
संसारसृष्टिघटना ५२
संसारे जनितापरोगसहिते २०७
संस्तीर्णं कौस्तुभांशु २२५
सकुङ्कुमविलेपना० ४१
सङ्गः सत्सु विधीयतां ३०
सचूर्णं ताम्बूलं ९४
सच्छायैर्वरकेतकी० १४३
सत्तामात्रं केवल १९७
सत्यं ज्ञानं शुद्धं १९३
सत्यं ज्ञानमनन्तं नित्यं ६१
सत्यं ज्ञानमनन्तं २१६
सत्यपि भेदापगमे ३२
सत्सङ्गत्वे निःसङ्गत्वं १८३
सदा तृप्तान्नं ९४
सदा मोहाटव्यां चरति २५४
सदा राम...पिबन्त० १७९
सदा राम...पिबन्न० १८०
सदा सेव्यः कृष्णः ९५
सदुपचारविधिष्वनु० २६९
सदैव नन्दिनन्द० ४८
सदैव पादपङ्कजं ३५
सनत्कुमार ८०
सन्तु विद्या जगत्यस्मिन् ३११
स पुण्यः स गण्यः १७९
सपर्णामाकीर्णां १५९
सबिन्दुसिन्धु ७९
समं देवि स्कन्दद्विपवदन २९३
समस्तगोपनन्दनं ३६
समस्तलोकशंकरं २१
समाकुञ्च्य मूलं १७०
समानोदितानेक १२०
समारभ्य मूलं गतो १७१
समुद्यत्सहस्रार्कबिम्बा० १७२
समुन्मीलत्संवित्कमल० २८४
सम्यक्साह्यं २२२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



पुस्तकालय
129354
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

सरसिजनिलये १५३
सरस्वत्याः सूक्तीरमृत० २९०
सरस्वत्या लक्ष्म्या ३००
सर्वं दृष्ट्वा स्वात्मनि १९१
सर्वज्ञतां सदसि १३४
सर्वज्ञो यो यश्च १८९
सर्वत्रास्ते सर्वशरीरी १९१
सर्वत्रैकः पश्यति १०१
सर्वाङ्गे धनसार० १४२
सर्वात्मत्वमिति स्फुटीकृ० ८८
सर्वालंकारयुक्तां २७३
सवित्रीभिर्वाचां २७८
सविनयमथ दत्वा २४२
सहस्रं वर्तन्ते जगति २५०
साधकः सततं कुर्यादैक्यं ३१६
सापूपसूपदधि २४०
साम्बो नः कुलदैवतं ९६
सा रसना ते नयने २७२
सारूप्यं तव पूजने २५६
सिन्दूराभैः सुन्दरै० ३१४
सीमन्ते ते भगवति २३९
सुकुमारे सुखाकारे ३१४
सुखतः क्रियते १८७
सुगन्धपुष्पप्रकरैः २००
सुधाधारासारैश्चरण० २७६
सुधामप्यास्वाद्य २८१
सुधासिन्धुसारे १७४
सुधासिन्धोर्मध्ये २७६
सुनासापुटं सुन्दर० १२१
सुनासापुटं सुन्दरभ्रूललाटं १३८
सुप्ताकाराः प्रसुप्ते २३१
सुरत्नाङ्गदैरन्वितं १२१
सुरमन्दिरतरु १८५
सुशोणाम्बराबद्ध० १३७
सृष्ट्वा सर्वं स्वात्म० १९३
सोमकलाधरमौलौ २७२
सौधे रत्नमये नवोत्पल० २०७
सौवर्णे नवरत्नखण्ड० १०
सौवीराञ्जनमिदमम्ब २३७
स्तवं पाण्डुरङ्गस्य ६६
स्तवैर्ब्रह्मादीनां २५५
स्तुतिं ध्यानमर्चां १२६
स्तुवन्ति ये १५३
स्तोत्रं त्रिसंध्यं शिवपार्व० ११६
स्तोत्रमेतत्प्रजपतः ३१९
स्तोत्रेणालमहं प्रवच्मि २७४
स्तोष्ये भक्त्या १८८
स्थित्वा स्थाने सरोजे १३०
स्थिरो गङ्गावर्तः २९४
स्नानव्याकुलयोषित् ६३
स्नात्वा प्रत्यूषकाले १२८
स्फुरत्कौस्तुभालंकृतं ६५
स्फुरद्गण्डभोगप्रति० २८९
स्फुरन्नानारत्नस्फटिक० १६१
स्फुरन्निष्ठुरालोल ५०
स्मरं योनिं लक्ष्मीं २८२
स्मेरचारुमुखमण्डलां ९०
स्मरेत्प्रथमपुष्पिणीं ४०
स्मितज्योत्स्नाजालं २९०
स्मृतौ शास्त्रे वैद्ये २५०
स्रक्चन्दनवनितादीन् १७
स्वदक्षजानु० १५५
स्वदेहोद्भूताभिर्घृणि० २८२
स्वभक्ताग्रगण्यैः १७७
स्वभक्तेषु संदर्शिताकार १२१
स्वयंप्रकाशमानस्य ८५
स्वशक्त्यादिशक्त्यन्त० १२४
स्वसेवासमायात० १२४
स्वानन्दभावे परितुष्टि १९
स्वापस्वप्नौ जाग्रदवस्थापि १६८

ह

हंसः पद्मवनं समिच्छंति २६४
हंसैरप्यतिलोभनीय १४१
हन्तारं मदनस्य नन्दयसि १४२
हन्तुः पुरामधिगल १३३
हन्तेतरेष्वपि १३४
हयगजरथपत्तिशोभमानं २४४
हर त्वं संसारं ३८
हरक्रोधज्वालावलिभि० २९४
हरस्वैश्चतुर्वर्गपदं ३१७
हरिपदपाद्यतरङ्गिणि ११७
हरिस्त्वामाराध्य २७५
हरे राम सीतापते १८०
हस्ताम्भोजप्रोल्लस० ३१६
हारनूपुरकिरीट० ८९
हारस्योरुप्रभाभिः २२७
हाहाहूहूमुखरगायक० २१६
हा हेत्येवं विस्मयमीयु० १६८
हिङ्गूजीरकसहितं २०४
हित्वा हित्वा १९१
हिमाद्रेः संभूता १५९
हिमानीहन्तव्यं २९७
हिमाम्बुवासितैस्तोयैः २००
हृदम्भोजे कृष्णः ९३
हृद्यं वेदान्तवेद्यं १३०
हे चन्द्रचूड मदनान्तक ५४
हे नीलकण्ठ वृषभध्वज ५४
हे पार्वतीहृदयवल्लभ ५४
हे विश्वनाथ शिव ५४
ह्यम्भोराशौ संसृतिरूपै १६६
ह्रींकारत्रयसंपुटेन मनुना १४४
ह्रींकारत्रयसंपुटेन महता १३६
ह्रींकारमेव तव नाम गृणन्ति १३३
ह्रींकारमेव तव नाम तदेव १३५
ह्रींकाराङ्कितमन्त्र० १४१
ह्रींकारेश्वरि तप्तहाटक० १४३
ह्रीं ह्रीमिति प्रतिदिनं १३५
ह्रीमित्येकं तावकं वाच० ३१५

ळ

ळादिर्न हि प्रयोगस्तदन्तमिह २१६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત સેવા સમિતિની મહત્ત્વાકાંક્ષી યોજના

આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી

શ્રી આદિ શંકરાચાર્યના સંસ્કૃતમાં પ્રકાશિત થયેલા કુલ ૧૦ ગ્રંથો છે. તે સહુને ગુજરાતી અનુવાદ અને જરૂરી પ્રસ્તાવના તથા નોંધ સાથે મૂકવાની મહત્ત્વાકાંક્ષી યોજના સંસ્કૃત સેવા સમિતિએ આરંભી છે.

આ યોજનામાં આ પ્રકારના કુલ ૧૨ ગ્રંથો પ્રકાશિત કરી શકાય તેમ છે. તેમાં પ્રથમ ગ્રંથ માટે સંસ્કૃત સેવા સમિતિને શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ, જૂનાગઢ તરફથી અનુદાન મળેલ છે.

સંસ્કૃત સેવા સમિતિ એક સાર્વજનિક ટ્રસ્ટ છે અને તેની પાસે સરકારના ઈન્કમટેક્ષ વિભાગનું ૮૦જીનું પ્રમાણપત્ર છે. આથી દાન આપનારને નિયમાનુસાર કરમાં રાહત મળે છે.

હવે બાકીના ગ્રંથો માટે સમાજના ધર્મ અને સંસ્કૃતપ્રેમી વર્ગને સહાય માટે આગળ આવવા સેવા સમિતિ વિનંતી કરે છે. દાતાઓની ઈચ્છા અનુસાર તેમનો પરિચય વગેરે ગ્રંથમાં આપવામાં આવશે.

સંસ્કૃત સેવા સમિતિ
(ટ્રસ્ટીમંડળ)

'વાલમ', એલ-૧૧૧, સ્વાતંત્ર્ય સેનાની નગર,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૭૪૭૯૯૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત સેવા સમિતિ

''વાલમ'' એલ-૧૧૧, સ્વાતંત્ર્ય સેનાની નગર,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : ૭૪૭૯૬૧૦

૧.	કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્-સંપાદક-ડૉ. ગૌતમ પટેલ, અનુવાદક-શીલા રાજન્ હરિવલ્લભદાસ	૧૦-૦૦
૨.	વિવેક ચૂડામણિ-આચાર્ય ભાઈશંકર પુરોહિત (ત્રીજી આવૃત્તિ)	૨૦-૦૦
૩.	રામાયણ-અયોધ્યાકાંડ-ડૉ. રાજેન્દ્ર નાણાવટી (ત્રીજી આવૃત્તિ)	૧૦-૦૦
૪.*	ઊરુભંગ-ડૉ. રાજેન્દ્ર નાણાવટી	૮-૦૦
૫.*	સંસ્કૃત સાહિત્યનો પરિચયાત્મક ઈતિહાસ, સંપાદક-ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિનોદ મહેતા, ગદ્યવિભાગ (જૂજ નકલો બાકી છે)	૧૫-૦૦
૬.	પદ્યવિભાગ	૧૦-૦૦
૭.	નાટ્ય વિભાગ	૧૫-૦૦
૮.*	ત્રણે વિભાગ એક સાથે પાકું પુંઠું	૩૬-૦૦
૯.	કેન ઉપનિષદ-ડૉ. ગૌતમ પટેલ, ડૉ. બી. જી. ચંદારાણા	૪-૦૦
૧૦.	કુમારસંભવ-સર્ગ ૩-ડૉ. ગૌતમ પટેલ, અરવિંદ જોષી	૨૦-૦૦
૧૧.*	મહાભારત સભાપર્વ-એક અધ્યયન-ડૉ. વસંત પરીખ	૧૦-૦૦
૧૨.	મહાભારત સભાપર્વ-મૂળ ગ્રંથ, અનુવાદ અને અભ્યાસનોંધ-ડૉ. વસંત પરીખ	૩૦-૦૦
૧૩.	ઉત્તમરામચરિત (બીજી આવૃત્તિ)-ડૉ. રમેશ બેટાઈ	૮-૦૦
૧૪.	કુમારસંભવ ૫ (અંગ્રેજી)-ડૉ. રાજેન્દ્ર નાણાવટી, પ્રા. વિનોદ મહેતા	૨-૦૦
૧૫.	ઈશાવાસ્ય ઉપનિષદ-ડૉ. ગૌતમ પટેલ	૫-૦૦
૧૬.	Scriptures Analysed (Veda, Upanishad and Gita)-Vadilal Lallubhai Mehta	૨૦-૦૦
૧૭.*	રઘુવંશ-સર્ગ ૧ થી ૬ (બીજી આવૃત્તિ) - ડૉ. ગૌતમ પટેલ, પ્રા. વિજય પંડ્યા	૧૦-૦૦
૧૮.	મહાકવિ કાલિદાસ-ડૉ. ગૌતમ પટેલ	૧૫-૦૦
૧૯.	Kalidasa-G. C. Jhala (Deluxe Ed.)	૫૦-૦૦
	(Ordinary Ed.)	૨૫-૦૦
૨૦.	કાલિદાસ વંદના-ડૉ. હરિવલ્લભ ભાયાણી	૫-૦૦
૨૧.*	છાયાશાકુન્તલ-જે. ટી. પરીખ, સંપા. ડૉ. રાજેન્દ્ર નાણાવટી	૫-૦૦
૨૨.*	નીતિશતક-આચાર્ય કપિલરાય દવે, પ્રા. નીરા ભટ્ટ	૧૦-૦૦
૨૩.*	રથ્યાસુ જમ્બુવર્ણાનામ્-ડૉ. હર્ષદેવ માધવ	૨-૦૦
૨૪.*	શિવમહિમ્નસ્તોત્ર-પ્રા. જગદીશભાઈ જોષી	૨-૫૦
૨૫.*	પ્રાસ્તાવિકવિલાસ-આચાર્ય નટવરલાલ યાજ્ઞિક, પ્રા. વિનોદ મહેતા	૮-૦૦
૨૬.	પંચતંત્ર (બીજી આવૃત્તિ)-ડૉ. ગૌતમ પટેલ, ડૉ. વિજય પંડ્યા	૮-૦૦
૨૭.	ગુરુગીતા-ગિરીશભાઈ શાહ	૫-૦૦
૨૮.	ભારતીય સંસ્કાર પરંપરા અને આપણે-ડૉ. હરિવલ્લભ ભાયાણી	૫-૦૦
૨૯.	કિરાતાર્જુનીયમ્-ડૉ. રાજેન્દ્ર નાણાવટી	૭-૦૦
૩૦.*	Kalidasa's Raghuvamsham-Chapter XIV — Dr. Shuchita Mehta	૧૦-૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧.★	હર્ષચરિત-૧-૨, ડૉ. પટેલ, પ્રા. દેસાઈ અને ડૉ. ડી. જી. વેદિયા	૧૫-૦૦
૩૨.	મનુસ્મૃતિ (અધ્યાય-૭)-સંપાદક : પ્રા. કપિલરાય દવે, પ્રા. દેસાઈ, ડૉ. વેદિયા અને ડૉ. પંડ્યા	૧૨-૦૦
૩૩.	ઋચામાધુરી (ઋગ્વેદના મંત્રોનો સાનુવાદ સંગ્રહ) -ડૉ. હરિવલ્લભ ભાયાણી	૫-૦૦
૩૪.	દશકુમારચરિત (સાતમો ઉચ્છ્વાસ)-ડૉ. ગૌતમ પટેલ	૫-૦૦
૩૫.★	દશકુમારચરિત (છઠ્ઠો ઉચ્છ્વાસ) -ડૉ. ગૌતમ પટેલ, ડૉ. વિજય પંડ્યા	૮-૦૦
૩૬.	વિરાટપર્વ-ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, ડૉ. જયદેવ જાની	૨૦-૦૦
૩૭.★	ગંગાલહરી-ડૉ. ગૌતમ પટેલ, ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. નીલા રાવલ	૮-૦૦
૩૮.	સંવેગ-દ્રુમ-કંદલી-વિમલાચાર્ય વિરચિત, સંપાદક-ગીરીશકુમાર પરમાનંદ શાહ	
૩૯.	ઋતુસંહાર અમરકીર્તિની ટીકા સાથે (સંપાદિકા-નીલમ પટેલ) સમશ્લોકી અનુવાદ-ધીરૂભાઈ પરીખ અને સંપાદક ડૉ. ગૌતમ પટેલ	૪૦-૦૦
૪૦.	અમનસ્કયોગ લેખક-ગોરક્ષનાથ English by Prof. G. C. Bhagwat, Gujarati Translation by Dr. Shuchita Mehta	૧૦-૦૦

શ્રી દુલેરાય રતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ) પ્રેરિત

સંસ્કૃત સાહિત્ય સુધા શ્રેણી★

૪૧.★	મહાકવિ વાલ્મીકિ	પ્રા. જયાનંદ દવે
૪૨.★	મહાકવિ વ્યાસ	ડૉ. શાંતિકુમાર પંડ્યા
૪૩.★	મહાકવિ ભાસ	ડૉ. ઊર્મી સમીર શાહ
૪૪.★	મહાકવિ કાલિદાસ	ડૉ. ગૌતમ પટેલ
૪૫.★	મહાકવિ શુદ્રક	ડૉ. વસંત પરીખ
૪૬.★	મહાકવિ બાણ	ડૉ. વિજય પંડ્યા
૪૭.★	મહાકવિ ભવભૂતિ	ડૉ. ગૌતમ પટેલ, ડૉ. વિજય પંડ્યા
૪૮.★	મહાકવિ ભારવિ	ડૉ. જશવંતી દવે
૪૯.★	મહાકવિ માઘ	ડૉ. હર્ષદેવ માધવ
૫૦.★	મહાકવિ જગન્નાથ	ડૉ. રશ્મિ મહેતા

૫૧.	મેઘદૂત (પાંચભાષામાં)-ડૉ. ગૌતમ પટેલ	૫૦૦-૦૦
૫૨.	આદિ શંકરાચાર્ય-ડૉ. ગૌતમ પટેલ, ડૉ. ઊર્મિ સમીર શાહ	૨૫૦-૦૦
૫૩.	છાન્દોગ્યોપનિષદ્દીપિકા-છંદોગ્યોપનિષદ્નું સાયણાચાર્ય વિરચિત ભાષ્ય	૨૦૦-૦૦
૫૪.	"Japamala" (A Selection of Vedic Mantras), Translated by Dr. Rajendra Nanavati	૭-૦૦
૫૫.	"Kumarasambhavam" of Kalidasa with the commentary of Vallabhadeva (Pages 450) Edited by Dr. Gautam Patel	૧૫૦-૦૦
૫૬.	Asvina in the Rigveda and Other Indological Essays by Prof. G. C. Jhala	૧૨૦-૦૦

પ્રાપ્તિસ્થાન :

વિદ્યાર્થી બુક ડીપો
પુલ નીચે, ગાંધી રોડ
અમદાવાદ.

પાર્શ્વ પ્રકાશન
નીશાપોળના નાકે, રિલીફ રોડ,
ઝવેરીવાડ, અમદાવાદ.

★ આ નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
129354
गुरुकुल कांगड़ी विश्वविद्यालय



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

RA
पुस्तकालय
गुरुकुल काँगड़ी विश्वविद्यालय, हरिद्वार
890
वर्ग संख्या पटेल-आ
आगत संख्या 129354
पुस्तक विवरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित ३० वें दिन यह पुस्तक पुस्तकालय में वापस आ जानी चाहिए अन्यथा ५० पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा ।

R890,PAT-A
129354

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GURUKUL KANGRI LIBRARY
Signature Date
Access No. Saurabh 8/6/13
Class No.
Cat No. 10/7/13
Tag etc.
E.A.R.
Recomm. by. DONATION
Data Ent. by 10/6/13
Checked

ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ

ડૉ. ગૌતમ વાડીલાલ પટેલનો જન્મ ૪ ઓગસ્ટ, ૧૯૩૬ના રોજ અમદાવાદ મુકામે થયો. તેઓ ગુજરાત રાજ્યની સંસ્કૃત સાહિત્ય અકાદમી તથા અમદાવાદની સંસ્કૃત સેવા સમિતિના અધ્યક્ષ છે. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષપદેથી ૧૯૯૬માં નિવૃત્ત થયા.

સંસ્કૃત ભાષા તથા સાહિત્યના અદ્વિતીય ઉપાસક તથા ચારેય વેદના પારંગત પ્રજ્ઞાચક્ષુ બ્રહ્મલીન સ્વામી શ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ ઉદાસીનના તેઓ પ્રિય શિષ્ય છે.

રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પરિસંવાદો તથા અધિવેશનોમાં ઉપસ્થિત રહી તેઓએ અભ્યાસપૂર્ણ લેખો તથા શોધપત્રો રજૂ કર્યા છે અનેં આ લેખો તથા શોધપત્રો, મૌલિક્તા તથા રજૂઆતને કારણે વિદ્વદ્જનોમાં સારા એવાં પ્રમાણમાં પ્રશસ્તિ પામ્યા છે. ફિલાડેલ્ફીઆ, ન્યૂયોર્ક, બૉસ્ટન, વિન્ડસર, ચિકાગો, ઓક્સફર્ડ, કેમ્બ્રિજ, પારીસ, લાયડન, વિયેના ઇત્યાદિ વિશ્વની વિખ્યાત વિદ્યાપીઠોની તેમણે મુલાકાત લીધી છે અને અનેક સ્થળે મનનીય વ્યાખ્યાનો આપ્યા છે.

એમના પૂ. ગુરુદેવ સ્વામી શ્રી ગંગેશ્વરાનંદની જેમ જ તેઓએ પણ સંસ્કૃત ભાષા તથા સાહિત્યના દરેક પાસાઓનો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. વેદ, ઉપનિષદ, ભગવદ્ગીતા, ભાગવત તથા ત્રણે આચાર્યોના દર્શનના અભ્યાસ સાથે ભાસ, કાલિદાસ, ભવભૂતિ તથા જગન્નાથ જેવા સાહિત્ય સ્વામીઓની કૃતિઓનું પણ મનન કર્યું છે. ગુજરાતી, અંગ્રેજી, હિન્દી તથા સંસ્કૃત ભાષાઓમાં લગભગ ૮૪ ગ્રંથોનું તેઓએ નિર્માણ કર્યું છે.

મહાકવિ કાલિદાસના 'કુમારસંભવમ્' પરની વલ્લભદેવની ટીકા, છાંદોગ્ય ઉપનિષદ પરનું સામણાચાર્યનું ભાષ્ય 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', 'આદિ શંકરાચાર્ય', 'વેદનો વારસો-વૈભવ', 'ઋક-સુક્ત-મંજૂષા', 'યોગેશ્વર ગંગેશ્વરાનંદ' આદિ એમની કેટલીક પ્રશસ્ય ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ કૃતિઓ છે.

વિયેનામાં યોજાયેલ આઠમી વિશ્વ સંસ્કૃત પરિષદમાં 'સંસ્કૃત સાહિત્ય' વિભાગના તથા કલકત્તા ખાતે યોજાયેલ અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યાના ૩૮મા અધિવેશનમાં 'ધર્મ તથા દર્શન' વિભાગના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી.

સંસ્કૃત ભાષા તથા સાહિત્યના પ્રસાર-પ્રચાર કાર્યમાં એકરત રહેવાના ઉપલક્ષ્યમાં ભારતના રાષ્ટ્રપતિએ તેમને 'CERTIFICATE OF HONOUR - SANSKRIT' પ્રદાન કરી તેમનું બહુમાન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar